शुभसंग्रह-भाग आठमो

वर्ष २३ मुं
ग्रंथांक
२५३-२५६

विविध ग्रंथमाला

सं० १९८९
कार्तिकथी
महा

વાર્ષિક રૂ. ૪) પાકાં પૂઠાં ૫) પો૦ માફ.
તંત્રી ભિક્ષુ–અખંડાનંદ.

शुभसंग्रह–भाग ८मो

(उपयोगी १६१. लेखो)

વાંચનાર ભાઈબહેનોને સૂચના:-
ઉપયોગી પુસ્તકો અને લેખો ધ્યાનપૂર્વક વાંચવા-
વિચારવા ઉપરાંત બીજાં મનુષ્યો પણ તે વાંચે
અથવા સાંભળે તેમ કરશો; તો તેથી
પણ તમને લાભજ થશે.

सस्तुं साहित्य वर्धक कार्यालय

अमदावाद
ભદ્ર પાસે

છૂટક રૂ. ૧।।।, માર્ગવ્યય જુદું

मुंबई–२
કાલબાદેવી

वर्ष २३ मुं
ग्रंथांक
२५८–२५६

विविध ग्रंथमाला

सं० १९८९
कार्तिकथी
महा

વાર્ષિક રૂ. ૪) પાકાં પૂઠાં ૫) પો૦ માફ.
તંત્રી ભિક્ષુ—અખંડાનંદ.

शुभसंग्रह—भाग ८ मो

(उपयोगी १६१ लेखो)

વાંચનાર ભાઈબહેનોને સૂચના:–
ઉપયોગી પુસ્તકો અને લેખો ધ્યાનપૂર્વક વાંચવા-
વિચારવા ઉપરાંત બીજાં મનુષ્યો પણ તે વાંચે
અથવા સાંભળે તેમ કરશો; તો તેથી
પણ તમને લાભજ થશે.

सस्तुं साहित्य वर्धक कार्यालय

अमदावाद
ભદ્ર પાસે

છૂટક રૂ. ૧॥, માર્ગવ્યય જુદું

मुंबई—२
કાલબાદેવી

"વિવિધ ગ્રંથમાળા" સળંગ અંક ૨૫૩ થી ૫૬, વર્ષ ૨૩ મું-૧૯૮૯

शुभसंग्रह-भाग आठमो

(ઉપયોગી ૧૬૯ લેખો)

सस्तु साहित्य वर्धक कार्यालय तरफथी

સંપાદક અને પ્રકાશક, ભિક્ષુ-અખંડાનંદ

અમદાવાદ અને મુંબઈ-૨



છૂટક મૂલ્ય ૧॥, પો૦ જુદું

પૃષ્ઠ ૬૨૪, પ્રત ૪૫૦૦, આસો-૧૯૮૯

અમદાવાદ "સસ્તુ સાહિત્ય મુદ્રણાલય"માં
ભિક્ષુ-અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત.

"પ્રકાશકનું નિવેદન" તથા "શુદ્ધિપત્ર" આ પુસ્તકનાં છેવટ-નાં પૃષ્ઠોમાં છપાયું છે તે વાંચકોને વાંચી લેવા વિનંતિ છે.

सामान्य अनुक्रमणिका

विषयवार अनुक्रमणिका

૧–ધાર્મિક અને આધ્યાત્મિક

૨–સામાજિક

ક્રમાંક	વિષય	પૃષ્ઠાંક

૩-શિક્ષણ

૪-ઐતિહાસિક

૫-વૈદક

૬-ચરિત્ર-વાર્તા

૭–પુસ્તકો અને વાચન

૮–કાવ્યો

૯–હાસ્ય

૧૦–સાયન્સ, વિજ્ઞાન

૧૧–પ્રકીર્ણ

શુભસંગ્રહ-ભાગ ૮ મો

૧-રમતારામની રમુજી નોંધ

(લેખકઃ-શ્રી. રમતારામ)

એ તે દાન કે મોટું હંબગ ?!

થોડા દિવસ પહેલાં એક ગાંધીની દુકાને ગયો, ત્યાં અચાનક મારી દૃષ્ટિ પસ્તીના એક કાગળ પર પડી ! બોગસ ચેરીટીઝ (દાનનાં હંબગ) એવું મોટા અક્ષરોવાળું મથાળું વાંચતાં, એ છાપું વાંચવાની જિજ્ઞાસાએ ઉછાળો માર્યો !! તા. ૫ મી ઑગસ્ટ ૧૯૩૨નું એ 'ધી ડેલી હેરોલ્ડ' નામનું છાપું હતું. 'હંબગ દાન'વાળો ફકરો વાંચ્યો, અને તેમાં શું લખ્યું હતું ?!

× × × ×

વેલાતના એ છાપામાં લખ્યું હતું કે, આપણા આખા દેશમાં ઠેર ઠેર દાનને નામે હંબગ ચલાવનારી સંસ્થાઓ ઉભરી નીકળી છે, અને તેના પાખંડી સંચાલકો પ્રજાના હજારો પાઉંડ લૂંટી, પોતાનાં ગજવાં તર કરે છે !! નિર્ધન કુટુંબો અને નિરાધાર નાનાં બાળકોને જમાડવા અને કપડાં વગેરે આપવા માટે એક સંસ્થાએ "દાન"ને નામે ૧૦૦૦ પાઉન્ડ યાને ૧૫૦૦૦ રૂપિયા એકઠા કર્યા. આમાંથી બાળકોને શું મળ્યું, તે જાણો છો ? ચાલો આગળ !

× × × ×

"ફ-ક-ત, એ-ક-સો પા-ઉં-ડ" બાળકોના લાભ માટે વાપરવામાં આવ્યા !! શું સમજ્યા ?! સેંકડે દસ ટકા !! અને બાકીના ૯૦૦ પાઉંડનું શું થયું ? ખાસ્સા મજાના ૩૦૦ પાઉંડ તો ફંડ ઉઘરાવનારાઓ 'કમિશન' તરીકે હજમ કરી ગયા ! બીજા ૩૦૦ પાઉંડ 'ઑફિસ ખર્ચ' ખાતે ચીતરાઇ ગયા !! આવી બોગસ સંસ્થાઓની ઑફિસમાં અને ફંડ ઉઘરાવનારાઓમાં પણ કાકા, મામા, માસીનાઓની કેવી ભરતી થાય, તે ક્યાં કોઇથી અજાણ્યું છે ?!

× × × ×

હવે બાકી રહ્યા ૪૦૦ પાઉંડ ! આમાંથી રોકડા બાણુ જેવા સો પાઉંડ તો ગરીબ બાળકો માટે ધડાક દેતાને ખરચી નાખવામાં આવ્યા !! બાકીના ૩૦૦ પાઉંડમાંથી કાંઇક પ્રાથમિક ખર્ચમાં ગયા અને કાંઇક અંતિમ ખર્ચ માટે શિલિકમાં રહ્યા—કહો કે, એ પણ 'ઑફિસ ખર્ચ' ખાતે ખવાઇ જવાના રહ્યા !! આવાં ફંડોના કોઇ

ભાગ્યેજ ભાવ પૂછે છે, એટલે ઑફિસ બંધ થાય તો સંચાલકો માટે ચાંઆંઉં કરી જવાના રહ્યા !!! સમજ્યા ને તમે ?!

× × × ×

ઉપરોક્ત હંબગની પોલીસે તપાસ ચલાવી, પણ 'ઑડીટ' કરેલો હિસાબ અને સીલીક-સરવાયું બતાવ્યું, એટલે બિચારી લાચાર બની ગઈ !! કહે છે કે, દાનને નામે આવાં હંબગો ના ચાલે તેને માટે વેલાતમાં અસરકારક કાયદો કાઢવાનો વિચાર ચાલે છે, અને પોલીસ આવી પાખંડી બોગસ સંસ્થાઓને દેશને ખૂણે ખૂણેથી શોધીને તેની ભાનસાન ઠેકાણે લાવવા માગે છે !! આ સેવક સરકાર અને પોલીસને તેમના કામમાં ફતેહ ઇચ્છે છે !!! કેમ તમારો શું મત છે ?!

× × × ×

મિ. એડીટર ! વેલાતની વાત તો જાણે કે જાણી; પણ આપણે ત્યાં શું ચાલે છે ?! કાઠિયાવાડમાં એક 'ધર્માદા કામ' માટે લૉટરી નીકળેલી. તેનો રિપોર્ટ વાંચતાં જણાયું કે, તેને રૂ. ૧૦,૦૦૦) મળ્યા હતા. તેમાંથી બેએક હજાર 'ધર્માદા કામ' માટે રહ્યા, અને બાકીના ?! બાકીના કમિશન, ઑફિસ ખર્ચ, હેંડબીલો, પોસ્ટરો વગેરેમાં વપરાઇ ગયા !! આ તો જેના રિપોર્ટો બહાર પડે છે એની વાત થઇ ! પણ જે સદાવ્રતો, મંદિરો, મઠો, મસીદો કે દરગાહોના અહેવાલો બહાર પડતા નથી એમાં તો કેટલા પૈસા આવ્યા, અને કોણે કેટલા પૈસા ક્યાં વાપર્યા તેના ભાવે કોણ પૂછે છે ?! આ બધુંય દાન અને ધર્મને નામે !! સમજ્યા કે સાહેબ ?!

× × × ×

આ લખતાં લખતાં કેટલાય બનાવો નજર સામે નાચવા લાગે છે ! મુંબઇનો એક જાણીતો વકીલ, પોતે 'ગુજરાતનાં સંકટ નિવારણ'ને નામે એકઠા કરેલા ફંડનો, કમિટિના સભ્યો જાહેર છાપાંમાં ચર્ચા લખીને હિસાબ માગે છે, છતાં દીકરો દાદજ આપતો નથી !! કેટલાકોયે તો 'રેલસંકટ'ના નામે એકત્ર કરેલાં નાણાંના કોઇને હિસાબજ આપ્યા નથી !!! આ હરામખોર લૂંટારાઓ સારી રીતે જાણે છે કે, પ્રથમ તો દાન દેનારાઓને પોતાના પૈસાનો સદુપયોગ કે દુરૂપયોગ થયો તેની તપાસ કરવાની ટેવજ હોતી નથી !

બીજું ટીકાકારો થોડી વાર ટેં ટેં કરીને એની મેળે રહી જશે: અને કોઇ લાલચુ હશે તો, તેના મોંમાં 'કોળિયો' દઇને ડૂચો મારીશું !!

ત્રીજું આજકાલની જંજાળી દુનિયા એવી તો ભૂલકણા સ્વભાવની છે કે, થોડો વખત ડૂબકી મારીને, નવું નાટક, નવા પડદા, નવી સીનેરી અને નવા લેબાશમાં નવું ધતીંગ ચલાવીશું તોય કોઈ ભાવ નહિ પૂછે !!!

આમ બાબત છે, મારા મહેરબાન! જ્યાં પ્રજા બેદરકાર, ભોળી કે અજ્ઞાન હોય, અને પ્રજાને દોરવનારાઓ આંધળા કે સ્વાર્થી હોય ત્યાં ધર્મ-દાન-કેળવણી-લોકહિત કે સંકટનિવારણને નામે હમેશાં આમજ ચાલે!! સમજ્યાને?! એમ બાબત છે! આ પાપ તો એવાં છે કે જેનો વેલાતની જેમ આખી દુનિયાની સરકારો અને પોલીસ જાગે અને કાયદા ઘડી લાલ ડોળા બતાવે, ત્યારે અંત આવે!! ચાલો, હવે આ વાતનો આપણે અંત લાવીએ; નહિતર પેલા દાનધર્મને નામે લૂંટ ચલાવનારાઓ એકબીજાને આંખના ઇસારા કરી, ટકોર કરશે કે, ભલેને દીકરો ટકટક કર્યા કરે; આપણે તો હાલતું હોય એમ હાંકયે રાખો ને!!

× × × ×

ગાંડો! તદ્દન ગાંડો!!

ગાંડળના એક સેવાભાવી ભાઇએ પોતાની બધી મિલ્કત પાંજરાપોળને સમર્પણ કરી દીધી, અને પોતે પોતાનો બધો સમય પાંજરાપોળની સેવા કરવા પાછળ ગાળવા લાગ્યા! આ સેવાભાવી બંધુએ તો બિચારાએ ધારેલું કે, હવે હું મારૂં જીવન શાંતિથી પરોપકારના કામમાં ગાળીને જીવનનો લહાવો લઇશ! પણ ન્હોય બાપજી! આજકાલ ખરા સેવાભાવીઓના કરતાં, પારકા દાનનાં નાણાંની વહીવટી સત્તા ભોગવનારાઓના ઘમંડ ઓર પ્રકારના હોય છે!! અને તેમને રીઝવવા એ કાંઇ સહેલી વાત ન્હોય?!

× × × ×

કહે છે કે, સર્વસ્વનું સમર્પણ કરી ચૂકેલા એ ગોંડળવાસી સેવાભાવી ભાઇ પ્રત્યે સંસ્થાના સંચાલકો થઇને ફરનારા ભાઇઓ સત્તાનો દોર ચલાવી, અપમાનભરેલી રીતે તોછડાઇથી વર્તે છે!! પોતાના ગેરવહીવટ ને ગોટાળા બહાર પાડવાની બીકે આ સેવાભાવી ભાઇને હાંકી કાઢવાનાએ પ્રયત્ન થતા સંભળાય છે!! આ સેવાભાવી બિરાદર બિચારો ભોપાળાં ફોડતાં શરમાય છે!! અરે ગાંડો! તદ્દન ગાંડો!! બા, હું તો કહું છું કે, સેવાભાવીઓએ બને ત્યાં સુધી સહન કરવું, અને સડાને સુધારવા બને તેટલા પ્રયત્નો કરી છૂટવા! પણ જો સત્તામદમાં અંધ બનેલાઓ નજ સુધરે તો, બંડખોર બનીને એમનાં ભોપાળાં ફોડી નાખવાં!! જુલમ કરનારના જેટલોજ મૂંગે મોઢે જુલમ સહન કરનારો નમાલો પણ પાપી ગણાતો હોવાથી, ખરા સેવાભાવીએ તો આત્મશાંતિ ને જનહિત કાજે, જાલીમોની સામે બળવો કરવોજ રહ્યો!!! શું સમજ્યા?! સાચું કહું છું!!!

(તા. ૨૭-૧૧-૧૯૩૨ના "આર્યપ્રકાશ"માંથી)

૨-અબજોનું નુકસાન અટકાવવાની યોજના

(લેખકઃ-શ્રી. યદુનંદન)

હિંદુ સમાજનો આજે જે કચ્ચરઘાણ વળેલો દેખાય છે તે તેની ધર્મઘેલછાનુંજ પરિણામ છે. એ ઘેલછાનો એટલી બધી હદ સુધી અતિરેક થઇ ગયો છે કે તેને જોઇને ઘણા બુદ્ધિશાળી માણસો કાં તો નાસ્તિક બની જાય છે કે પછી સમાજમાંથી ધર્મનું નામનિશાનજ ઉડાવી મૂકવા માટે સામાજિક ક્રાંતિની હિમાયત કરનારા બંડખોર બની જાય છે.

ધર્મની ઢાલ નીચે

તેમ કરવામાં બુદ્ધિમાનોનો કોઇ પણ માણસ વાંક કાઢી શકે તેમ નથી; કેમકે સમાજમાં ધરમના નામની ઢાલ નીચે જેટલા ઢોંગ, આડંબર, અત્યાચાર, અનાચાર અને બદકામો કરી શકાય છે તેટલાં બીજા કશાથી કરી શકાતાં નથી. અને તેમ છતાં તેની ઓછામાં ઓછી નિંદા કે ટીકા થાય છે. કેમકે ગમે તેવા બુરામાં બુરા કાર્યને પણ ધર્મનું આવરણ ઓઢાઢવામાં આવે એટલે તે કાર્ય પ્રશંસનીય થઇ પડે છે.

ગીતાવચન પ્રમાણે-

એટલે ગીતાકારે ગાયું છે તેમ,

"હવે હિંદુ સમાજમાંથી સત્ય વસ્તુનો લોપ થઇ રહ્યો છે, દુષ્કૃત્યો પારાવાર વધી પડયાં છે અને ધર્મનું સ્વરૂપ પણ અધર્મ-માં પલટાઇ ગયું છે." એટલે એવો સમય તો જરૂર આવી પહોંચ્યો છે કે જયારે દેશનાં સમજદાર હિંદુ સ્ત્રીપુરુષોએ ધર્મના વર્તમાન સ્વરૂપનો વિચાર કરીને તેમાં ભરાઇ ગયેલા તમામ કચરાને સળગાવી મૂકવા તત્પર બનવું જોઇએ. એ કાર્યમાં જેટલો વિશેષ વિલંબ, તેટલું સમાજને વિશેષ નુકસાન થવાનું છે, એ હવે તો નવજુવાનોએ ખાસ સમજી જવાની જરૂર છે.

અંદર અંદર મતભેદ

ખોટી અને સાંકડી ધાર્મિક અંધશ્રદ્ધાએ હિંદુ સમાજને સંખ્યાબંધ ટુકડાઓમાં વહેંચી નાખ્યો છે. અને વિશેષ અજાયબ થવા જેવું તો એ છે કે, એ બધી વિભાગણી-એ બધા ટુકડા-વિનાકારણે ખોટા મમતથીજ થયેલા છે. બધા ધાર્મિક મતમતાંતરો-નો અભ્યાસ કરીએ તો સહજે સમજી શકાય કે, એ મતભેદને માટે જરા પણ અવકાશ નજ જણાય. કેમકે દરેક સંપ્રદાય, મત કે પંથવાળા છેવટે તો એકજ માન્યતાવાળા હોય છે. બધા ઇશ્વરની આખરી સત્તા સ્વીકારે છે. સ્વર્ગ-નરકની કલ્પનામાં માને છે, પુન-ર્જન્મ ને નશીબવાદમાં સામાન્ય રીતે શ્રદ્ધા ધરાવે છે, તેમ છતાં

આટલા બધા મતભેદો શા માટે હોવા જોઇએ?

કેવળ અંધશ્રદ્ધા

એ બધા ઝઘડાઓનાં મૂળ શોધીએ તો કેવળ ધાર્મિક અંધશ્રદ્ધા અને ધર્મના પડછાયા પાછળ આંખો મીંચીને અક્કલનો સદુપયોગ કર્યા વિના દોડાદોડી કરવાની વૃત્તિમાંજ એ તમામ તકરારો વસેલી દેખાય છે. ધર્મને નામે આવી મારામારીઓ ચાલે, આવાં ધતીંગો પોષાય, આવા કુસંપો વધે એ કેવું કહેવાય? દરેક પોતાના ધર્મગ્રંથનેજ સાચો મનાવવા મથે, એટલેથીજ તેને સંતોષ થતો હોત તો ઠીક, પણ બીજાના ગ્રંથને તે પાછો ખોટો ઠરાવવા પણ એટલોજ મક્કમ રહે. પોતે જે રીતે ઈશ્વરની આરાધના કરે છે તેજ માર્ગે મોક્ષ મળવાનો છે, એમ માને ત્યાંસુધી તો કદાચ કોઇને ઓછો વાંધો હોય; પણ બીજાઓ તો જે માર્ગે ચાલે છે તે ખોટા છે, અવૈદિક છે એમ કહેવાનો દાવો કરી ઝઘડા સળગાવે ત્યારે તે સમાજને માટે આપત્તિરૂપ થઇ પડે છે. અને તેથી વિનાકારણે ધર્મના નામે અનેક મતમતાંતરો ચાલે છે, તથા ઝઘડાઓ વધ્યા કરે છે.

ભિક્ષાનો રોગ

ધાર્મિક અંધશ્રદ્ધા માત્ર સમાજના ટુકડા કરવામાંજ આટલો બધો મોટો ભાગ ભજવે છે એમ પણ નથી; પરંતુ તેમાંથી ભીખનો એક નવો રોગ જન્મ્યો છે. એ રોગને ખોટી રીતે ધાર્મિક સ્વરૂપ અપાયું છે, અને તેથી સમાજને દર વર્ષે અબજોનું નુકસાન થાય છે. જો એ રકમ સમાજનાં રચનાત્મક કાર્યો માટે વપરાય તો સરકારની મદદ વિના કેળવણીના પ્રચારનું તેમજ રાષ્ટ્રને ઉપયોગી એવી અનેક સદ્ધર સંસ્થાઓની સ્થાપનાનું કામ અતિશય સરળ થઈ પડે. આ મુદ્દો અત્યારની આર્થિક અવદશામાં ખાસ મહત્ત્વનો છે એ વિસરવું ઘટતું નથી.

અબજોના ભોગ!

સમાજની ઉપર અબજો રૂપિયાનો બીનઉત્પાદક બોજો કેવી રીતે પડે છે તે જોવા જેવું છે.

સામાન્ય રીતે માનવામાં આવે છે તેમ, ઓછામાં ઓછા ૫૦ લાખ બાવાઓનો બોજો સમાજને માથે છે. એ બાવાઓ ચડસ, ભાંગ, ગાંજો વગેરે છૂટથી ઉડાવે છે; ઉપરાંત કાળી રોટી અને દૂધપાક એમનાં પ્રિય ભોજન મનાય છે. તે લક્ષમાં લઇએ તો એમનું મહિને હિવસે માથાદીઠ કમીમાં કમી ૨૦ રૂપીઆનું ખર્ચ સમાજ ભોગવે છે. એ રકમ નાનીસુની નથી. તેમના વાર્ષિક ખર્ચનો એ દૃષ્ટિએ હિસાબ કરીએ તો એક અબજ ને વીસ કરોડ રૂપિયા એ બહાને દેશ વેડફી મારે છે.

બીજો ખર્ચ

આ રકમમાં મંદિરો પાછળ અને ધર્મને નામે બ્રાહ્મણસમાજને અપાતી ભીખ પાછળ વેડફી નાખવામાં આવતી રકમોનો ઉમેરો કરીએ તો તેનો કુલ સરવાળો ઓછામાં ઓછો બેથી અઢી અબજ જેટલો તો સાધારણ રીતેજ થવા જાય છે. હિંદીઓ જગતમાં ગરીબમાં ગરીબ છે. એમની સરેરાશ વાર્ષિક આવક ઓછામાં ઓછી છે. તેની સાથે આ ગંજાવર રકમનો થતો દુરૂપયોગ જોવા જઇએ તો લાખો માણસોની આવક કરતાં પણ વિશેષ થાય છે.

એ કેમ પોષાય?

જે દેશમાં ઓછામાં ઓછા ચાર કરોડ માણસોને બે વખત પેટ ભરીને ખાવાનું મળતું ન હોય, જે દેશમાં કરોડો માણસો લગભગ નવસ્ત્રાં જેવાં ફરતાં હોય, જ્યાં નિર્ધનતાને લીધે દેશની સંખ્યાબંધ બ્હેનોને શરીર વેચવાનું અધમમાં અધમ કામ કરવું પડતું હોય, તે દેશમાં ધર્મને નામે થતા આવા ભયંકર આર્થિક અતીરેકને જેમ બને તેમ વેળાસર અટકાવવો એ દરેક સુશિક્ષિત માણસની પવિત્રમાં પવિત્ર ફરજ લેખાવી જોઇએ.

માનવશક્તિનો નાશ

અને આ તો હજી એકજ બાજુનો વિચાર થયો; પણ જે ભિખારીઓ, બાવા અને ભૂદેવો કેવળ ધાર્મિક ભીખ પર આધાર રાખીને મફતના મલીદા ઉડાવી તાગડધીન્ના કરે છે તેમને બીન-ઉત્પાદનની અસહ્ય સ્થિતિમાંથી ઉગારી લઇ, ઉત્પાદનના સાચા રચનાત્મક માર્ગે મૂક્યા હોય તો તેમાંથી દેશને અર્થલાભ થાય તેનો સરવાળો તો ચોંકાવનારોજ થઇ પડે તેમ છે. એ રકમ નાની સુની ન થાય, પણ અબજોનીજ થવા જાય; અને લાખો માનવીઓની શક્તિની અત્યારે જે બરબાદી થઇ રહી છે તેનો સદુપયોગ થાય તે જુદોજ.

રચનાત્મક કાર્યની જરૂર

આ અવદશા ટાળવા અને સમાજને આર્થિક લાભની દશાએ સદ્ધર અને સુવ્યવસ્થિતિએ મૂકવા માટે આવાં માતબર રચનાત્મક કાર્યોની અત્યારે સૌ કરતાં વિશેષ જરૂર છે. તે કામ આજે સહેલાઇથી થઇ શકે તેમ છે. સુધારાની વાતો કરનારાઓ ન્યાતોને કે સમાજને સુધારવાની લોલુપતામાંથી ઉગરી જઇ, આવા સંગીન કાર્ય માટે સંઘો અને સમાજો સ્થાપે તો તેનું માતબર પરિણામ અલ્પ કાળમાં આવી શકે.

સૌનો સાથ

આવા સમાજોપયોગી કાર્યમાં વળી સૌનો સાથ મળી શકે એ લાભ છે. આવાં કાર્યોમાં સરકાર વાંધો લઇ ન શકે, સરકારી નોકરો પણ તેમાં ફાળો પુરાવી શકે, મહાસભાવાદી હોય કે મૉડરેટ

મતનો હોય તે પણ તેમાં બેલાશક ભળી શકે. આમ જે કાર્યમાં સૌનો લાભ છે અને સૌનો સાથ મળી શકે તેમ છે, તેવાં કાર્યો આજે ઉપાડવાની અનિવાર્ય જરૂર છે. સમાજના સભ્ય મનુષ્યો આ વાત પર વેળાસર ધ્યાન આપે એ તેથી ઘણુંજ જરૂરનું છે.

(તા. ૨૪-૧-૧૯૩૨ના અઠવાડિક "મુંબઈ સમાચાર"માંથી)

૩-મૂડીવાદીઓની અપ્રમાણિકતા અને પોકળતા

(લેખકઃ-શ્રી. રહસ્યખોજ)

જાહેર જીવનના ગોટાળા

જાહેર જીવનના ઝળહળાટ પાછળ ઘણીયે વાર અપ્રમાણિકતા અને બદચાલ માલૂમ પડે છે. જાહેર જીવન વીતાવનારાઓની આવી ગેરવર્તણુક સામે ઘણાએ ગુસ્સાના સખુનો ઉચ્ચાર્યા છે; પરંતુ હાલહવાલ એના એ છે. દાખલાતરીકે જર્મનીમાં બર્લિનના મેયર જી. બોએસને એમની ઑફિસમાંથી ગેરવર્તણુક માટે હકાલી કાઢવામાં આવ્યા હતા. એમની ગેરવર્તણુક જ્યુરીએ જાહેર કરી હતી, અને બોએસને ગુનેગાર ઠરાવવામાં આવ્યા તો લાંચ ખાધાતું તહોમત પણ એમના પર ઢાલવવામાં આવ્યું હતું.

કાળી કથની

સોવીએટ જેવા દેશમાં પણ આ પ્રકારનો સડો કોઇક વાર દેખાઇ આવે છે. લોકશાસનના ઉજળા નામ છતાં આ શાસન હેઠળ રાજદ્વારી સડાઓ જીવતા થયા છે. લોકશાસનને બટ્ટો લગાડે એવી કાળી કહાણી ઠેરઠેર આજે કાને અથડાય છે. લોકપ્રિય સરકારની નપુંસકતા પર ઘણા ટીકાનાં તીર છોડે છે. આ ટીકાકારો દલીલ કરે છે કે "લોકશાસન વિચારહીન છે. બેપરવા છે-જાહેર કિસ્સાઓની બદબો પણ લોકશાસન સહન કરી લે છે." વળી કેટલાક ટીકાકારો આગળ વધી એમ જાહેર કરે છે કે "લોકશાસન એ એક ભ્રમ છે. સામાન્ય મતાધિકારની વાતો પણ એટલીજ પોકળ છે." તેઓ એમ પણ લોકોને મનાવવા માગે છે કે, સરમુખત્યારી અને ફેસીઝમ આવા લોકશાસનના સડાને દૂર રાખે છે. જૂના વખતની શાસનપદ્ધતિ ઘણી કાબેલ અને પ્રમાણિક હતી, એવું પણ લખતાં આ ટીકાકારો અચકાતા નથી. "જૂના જમાનામાં શાસકવર્ગને અમલ કેમ ચલાવવો તે બરોબર આવડતું હતું. એ બાબતની તે વર્ગે તાલીમ લીધી હતી. આ સાથે 'દેશભક્તિ' 'ઇમાન' 'ઇજત' વગેરે સિદ્ધાંતો પણ સંકળાઇ જતા અને શાસકવર્ગ એની ફરજ અદા કરવામાં પાછો પડતો નહિ." પરંતુ આ તો એક પ્રકારનું

મૂડીવાદનું પ્રચારકાર્ય છે એમ જરૂર આપણને લાગ્યા વિના નહિ રહે.

અમેરિકાની ભૂખ

જ્યારે કોઇ આપખુદ સરકાર પોતાનો અમલ ચલાવતી ત્યારે પણ અપ્રમાણિક અને બીજા રાજદ્વારી સડાઓ કાંઈ એ સાથે જોડાએલા નહોતા એમ માનવું એ ભૂલભરેલું છે. પરંતુ છડેચોક જાહેર રીતે આવા સડાઓ પેસી શકતા નહિ. લોકશાસન હેઠળ તો ઘણીયે વાર જાહેર ગેરવર્તણુક દેખા દે છે. આવી ગેરવર્તણુક જાહેરમાં આવતાં એની શિક્ષા કરનાર કાયદાઓ જૂના વખતમાં મોજુદ હતા. આવો કોઇ કેસ ઉભો થાય તો એનો એ હેવાલ છાપાં-ઓમાં પ્રગટ કરવામાં આવતો નહોતો અને આજે તો એક નાના બનાવને પણ જબ્બર રીતે જાહેર કરવામાં આવે છે. એ હકીકત પર તો આજનાં છાપાંઓ રળી ખાય છે. ખાસ કરીને અમેરિકામાં તો આવા કિસ્સાઓની ભૂખ જનતામાં ખૂબજ જોવામાં આવે છે.

લૂંટારાઓની દુનિયા

ચીનમાં હાનના વંશ વખતે ઇ. સ. ૧૨૦ વર્ષ પહેલાં અફ્સરી હોદ્દા માટે ખાસ પરીક્ષા લેવામાં આવતી; જેમાં સાહિત્યનો વિષય ખાસ હતો, પરંતુ ધીરે ધીરે આ પદ્ધતિએ રસ્તો માપ્યો અને ઓગણીસમી સદીમાં શ્રીમંતોએ નાણાં પાથરી હોદ્દા મેળવવા માંડયા અને આ રીતે સડો પેસવા માંડયો. તે પછી ચીનમાં તો મૂડીવાદી શાસકવર્ગે સ્વાર્થ માટે કાળું શોષણ આદર્યું. રશિયામાં જ્યારે મહાન પીટર રાજ્ય કરતો હતો ત્યારે શાહજાદા મેનશીકોવ અને બીજા અમલદારોએ જાહેર ફંડના પૈસા પર સાફ લૂંટ ચલાવી હતી. લગભગ ૫,૦૦૦,૦૦૦ ડૉલર જેટલા પૈસા મેનશીકોવે પોતાના ખિસ્સામાં નાખ્યા. પીટરે મેનશીકોવને આ બાબતમાં સખ્ત ધમકાવ્યો તે છતાં એનું કાંઇ પરિણામ આવ્યું નહિ. આજ ચોરી પર જનરલ યાગુઝીનસ્કીએ પીટરને કહી સંભળાવ્યું કે "આપણે બધાજ લૂંટ ચલાવીએ છીએ, ફેર એટલોજ કે કેટલાક એ કામ છડેચોક કરે છે અને કેટલાક છુપી રીતે."

એના એ હાલ

પંદરમા લૂઇએ પણ ધઉંને હાથ કરી લોકોને લૂંટવાનો ધંધો કર્યો હતો. ૧૭૬ માં જ્યારે આ 'ધઉં' સંબંધે પ્રજામાં ચકચાર ચાલી ત્યારે બધાએ એના કારણભૂત તરીકે રાજાના મહેલ તરફ આંગળી ચીંધી એટલે બધી જીભોને તાળાં લાગી ગયાં. રશીઆના નીકોલાસ બીજાના વખતમાં ગ્રાંડ ડયુક સરજીયસ પર 'રેડ ક્રોસ ફંડ'ની ચોરીનું આળ મૂકવામાં આવ્યું હતું. આ વેળાએ રૂસો–જાપાનીસ લડાઇનાં પડઘમ ગાજતાં હતાં. ફ્રાન્સમાં પણ અપ્રમાણિકતા મોજુદ હતી. પહેલા નેપોલિયનના અમલ તળે અફસરો

છચોક માલની ઉઠાંગરી કરતા.

મૂડીવાદનો પંજો

ઓગણીસમી સદીમાં ગ્રેટબ્રિટનમાં કેટલાક સત્તાધીશો પાર્લામેન્ટને આંગળીને ટેરવે નચાવતા. 'હાઉસ ઑફ કૉમન્સ'ના સભ્યોની ચૂંટણી પણ જમીનદારોના હાથમાં હતી. ૧૭૯૦ ની ૪ થી માર્ચે પાર્લામેન્ટના સુધારાવધારા બાબે જોન ફલડે કહી સંભળાવ્યું હતું કે, ૮,૦૦૦,૦૦૦ જેટલી વસ્તીમાં ૬,૦૦૦ થી ૮,૦૦૦ જેટલાએજ 'હાઉસ ઑફ કૉમન્સ'ના સભ્યો માટે મત આપવો જોઇએ. આમ મતદારોના પ્રશ્નમાં પણ બદચાલ પેસવા લાગી. મત મેળવવા માટે નાણાંની થેલીઓ ખોલી દેવામાં આવી. આ રીતિ સામે ઘણાએ ઝબાન ફેંકી. આખરે "હાઉસ ઑફ કૉમન્સ"ને ચૂંટણીની પ્રથામાં ફેરફાર કરવો પડયો. ૧૮૩૨માં પાર્લામેંટમાં આને અંગેનું બીલ પસાર થઈ ગયું, છતાં લાંચરૂશ્વત નાસી ન ગઈ. જમીનદારોએ એના ભાડુતોને હકાલી કાઢયા, અને જેઓ વિરુદ્ધ મત આપે તેવા દુકાનદારોનો જમીનદારોએ બહિષ્કાર કર્યો. એજ કારણથી ઉદ્યોગપતિઓએ કામદારોને નીકાલબહાર કર્યાં. છેવટે ૧૮૭૨ માં પોતાના માનસની વિરુદ્ધ જઇને પણ "હાઉસ ઑફ કૉમન્સે" ખુલ્લી ચૂંટણીને નાબુદ કરવાનો મત ફેંકયો. ગમે તે પાર્ટી સત્તા મેળવે છતાં ચૂંટણી વગેરેના કઢંગા રીતરિવાજોમાં લગીરે ફરક પડયો નહિ. પ્રજાના પૈસા હજમ કરી જવાની કહાણીઓ પણ ઘણી બહાર આવી છે. ૧૭૧૯થી ૧૭૨૦ સુધી લશ્કરના જનરલ પેમાસ્તર અર્લ લીંકને ૪૭૩,૧૨૭ પાઉંડ હાથથી પસાર કર્યા હતા, પરંતુ એનો હિસાબ એમણે આપ્યોજ નહોતો. આવા તો અનેક દાખલાઓ સમજવામાં આવ્યા છે.

હોદ્દાની પોકળતા

'પીઅરેજ'નો હોદ્દો પણ શ્રીમંતોનેજ એનાયત કરવામાં આવતો. ઈસ્ટ ઇંડિયા કંપનીના મોટા કંત્રાકટરો વગેરેને આ માન સહેલાઇથી મળી જતું. ઓગણીસમી સદીની ઉષા પહેલાં આવા એકસો પીઅરો સર્જવામાં આવ્યા હતા. 'હાઉસ ઑફ કૉમન્સ'માં પણ આવા શખ્સોજ બેસતા. ૧૮૩૧ માં બધા મળી ૩૫૮ સભ્યોમાંથી ચાર આઇરીશ 'પીઅર' હતા, ૯૮ 'પીઅર'ના પુત્રો હતા, અને ૧૫૫ એ પીઅરોના સગાસંબંધીઓ હતા. બાકીના ૬૨ સભ્યોને ઇસ્ટ ઇંડિયા કંપની સાથે સંબંધ હતો. બીજા ૩૪ સભ્યો પશ્ચિમ હિંદ સાથેના ધંધામાં ઉતરેલા હતા. અને બાકીના બેંકરો, ઉદ્યોગપતિઓ વગેરે હતા અને આ કિલ્લેબંધીને સોંસરવી ભેદી લાંચ અને સડા દાખલ થઇ ગયા. જયારે ૧૮૩૨માં રેલ્વેના રસ્તાના હક વિષેનું બીલ રજુ કરવામાં આવ્યું હતું ત્યારે "હાઉસ ઑફ લૉર્ડ્સ" એની વિરુદ્ધ પડયું અને તેને રદ કર્યું. અને તાજુબીની

વાત એ છે કે બરાબર બીજેજ વર્ષે આ 'બીલ' બંને હાઉસે પસાર કર્યું હતું. આ વલણ પાછળનું રહસ્ય શું હતું? કારણ એ હતું કે, રેલ્વેના ડિરેક્ટરોએ પહેલાં કરતાં ત્રણગણું નાણું લોર્ડસને ચુકાવી આપવાનું કબૂલ કર્યું હતું. લંડન અને બરમીંગહામ રેલ્વે કંપનીએ ૨૫૦,૦૦૦ પાઉંડને બદલે ૭૫૦,૦૦૦ પાઉંડ વધારવાનું કબૂલ કર્યું હતું. આ ઉપરાંત રેલ્વે કંપનીઓને પોતાનું કામ સાધવા માટે બાદશાહી રકમ ખર્ચવી પડી હતી. ત્યારબાદ પાર્લામેન્ટે જમીન સુધારવા બદલ મોટી રકમ ધીરી, અને જમીનદારોએ એના ભાડુતો પર આ દેવાની ધુંસરી લગાવી દીધી.

જબ્બર ગોટાળા

સામ્રાજ્યવાદી જર્મનીમાં પણ લાંચનું કામ મોળું નહોતું. એનાં સાંસ્થાનિક ખાતાંઓમાં આ બદીએ ઘર ઘાલ્યું હતું. ફ્રાંસ તો ઘણાએ દાખલા આપણી સમક્ષ રજુ કરે છે. ૧૮૯૦ ના પનામાના ગોટાળાની વાત જગજાહેર છે. પનામા કેનલ કંપનીમાં કેટલુંએ નાણું રોકવામાં આવ્યું હતું, પરંતુ એ બધો પૈસો ડાયરેક્ટરોની ફી વગેરેમાં વેડફાઇ ગયો હતો. જાપાને પણ આવા કઢંગા રંગ અનુભવ્યા છે. થોડાજ વખત પહેલાં ૪૪ શખ્સોને જેમાંના કેટલાક રેલ્વેના મિનિસ્ટરો, પાર્લામેન્ટના સભ્યો હતા, તેઓ પર લાંચ લીધાનું તહોમત મૂકવામાં આવ્યું હતું. ઈજારા મેળવવા માટે લાંચ ધરવામાં આવ્યાના દાખલાઓ પણ સંભળાય છે. એટલે મૂડીવાદી સમાજ આમ લાંચ અને અપ્રમાણિકતાના પાયા પર સાબુત રહે છે. જ્યાં જ્યાં નજર કરો ત્યાં ત્યાં ઉપર જણાવ્યા તેવા પ્રકારના અનેક કિસ્સાઓ બહાર આવે છે.

(તા. ૯-૧-૧૯૩૨ ના "હિંદુસ્થાન"માંથી)



૪-ધર્મગુરુઓ! હવે ખસી જાઓ.

(લેખકઃ—ધૂળ ખંખેરનાર)

આપણા સમાજને અધોગતિએ પહોંચાડનાર આપણા ધર્મગુરુઓ છે. ધર્મને બહાને તેઓ ઘેર ઘેર જે ત્રાસ ને કેર વર્તાવે છે તે અવર્ણનીય છે. વગરમહેનતે પારકે પૈસે તાગડધિન્ના કરનારા આ ધર્મગુરુઓ સમાજને ભારરૂપ છે. તેઓને પરમાત્માના અંશ તરીકે આલેખવામાં આવે છે, તેઓ જે કહે એજ સત્ય એટલુંજ નહિ પણ તેઓના બોલની વિરુદ્ધ જવું કે ટીકા સરખી પણ કરવી એ પાપ મનાય છે; અને વિશેષમાં, તેઓની વિરુદ્ધ વર્તનારને તુચ્છકારી કાઢવામાં આવે છે. તેઓ પૈકી કેટલાક ખુદ પોતાની જાતને ભાવિક ભક્તો તરફથી "ભગવાન" કહેવડાવવાનો ફાંકો રાખે છે. આવા પ્રકારના ધર્મગુરુઓની સત્તા શું જોહુકમી ને આપખુદી નથી?

રાજ્યતંત્રના સાચા સલાહકાર ને રાજ્યતંત્રના પ્રધાન તરીકે તેઓએ સતત 'સેવા' કરી છે. પરરાજ્ય સાથે પોતાના રાજ્યના વિસ્તાર અને વિસમૃદ્ધિ કાજે સંધિ અને વિગ્રહનો અમલ કરવા તેઓ દૂત ને એલચીનું કાર્ય પણ કરતાં અચકાતા નહિ. મઠ, પાઠશાળા અને વિદ્યાલયદ્વારા આચાર્ય તરીકે અસંખ્ય વિદ્યાર્થીઓને પોતાની દેખરેખ ને સંભાળ નીચે વિદ્યા સંપાદન કરાવવા શિક્ષક અને વાલીની 'ફરજ' બજાવનારા આ 'પ્રભુના એજંટો' પૂજાતા પણ ખરા. ફિલસૂફી, તત્ત્વજ્ઞાન ને ધર્મના પ્રચારકાર્યમાં તેઓ નવી નવી શોધ કર્યા કરતા હતા. જ્યારે જ્યારે રાજાના દરબારમાં વિદ્વાનોની પરિષદ ભરાય ત્યારે ત્યારે વાદવિવાદ ને સંવાદમાં તેઓ ઉત્સાહથી અગ્રગણ્ય પાઠ ભજવતા. આયુર્વેદના નિયમિત અધ્યયનને અંગે તેઓ અસાધ્ય રોગોના રામબાણ ઇલાજ જાણતા હતા અને વૈદ્યકશાસ્ત્રમાં પણ તેઓ પ્રવીણ હતા. આ પ્રમાણે રાજ્યતંત્રની સાથે ધર્મગુરુઓનો ગાઢ સંબંધ હતો એટલે રાજાઓ કરતાં પણ રાજ્યમાં તેઓની સત્તા વધારે પ્રબળ ને મહત્ત્વની હતી; તેથી ઘણી વખત ધર્મગુરુઓના જોહુકમી અમલમાં રાજાઓ તો નામનાજ રાજા કહેવાતા હતા.

યુગે યુગે નવીન સુધારા થતા જાય છે, અને પૂર્વે પછાત ગણાતા દેશો હાલ પ્રગતિને અનુસરી સમૃદ્ધિમય બનતા જાય છે; ત્યારે આપણે પુરાતન કાળની આપણી ઉત્કૃષ્ટ કારકિર્દીનું ફક્ત સ્મરણ કર્યા કરવું એ આળસ, નબળાઇ ને અજ્ઞાનપણું દર્શાવે છે. એક સમયે સારાયે યુરોપખંડમાં ધર્મગુરુઓની એકહથ્થુ, આપખુદી ને જોહુકમી સત્તા પ્રચલિત હતી. રોમન સામ્રાજ્યથી માંડી લગભગ ૧૯ મા સૈકા સુધી રોમના પોપની સત્તા યુરોપખંડમાં ખૂણે ખૂણે પ્રસરાયલી હતી. જેમ જેમ પ્રજાસત્તાક રાજ્યના ડંકા વાગતા ગયા, તેમ તેમ પોપ-

ની સત્તા શિથિલ થવા માંડી. ઇંગ્લેંડમાંથી સને ૧૪૩૩માં હેન્રી આઠમા-એ પોપની સત્તાને પાણીચું આપ્યું. ૧૭૮૯ની ફ્રાન્સની મહાન રાજ-ક્રાંતિએ પોપની સત્તાને ઉથલાવી પાડવાને જે બીજ રોપ્યાં એનાં ઉંડાં મૂળ યુરોપના બીજા દેશોમાં ધીરેધીરે ઉતરવા માંડયાં, અને ૧૯૧૮માં ઝારના પતન પછી રશિયાએ બોલ્શેવિઝમની સ્થાપના કરી ધર્મગુરુઓને સદાને માટે તિલાંજલી આપી. સને ૧૯૩૧ માં રાજાની સત્તા સામે બંડ ઉઠાવી રાજા અને જેસ્યુઇટસ ધર્મગુરુઓને સ્પેન-માંથી નાસી છૂટવાની ફરજ પાડી. આ પ્રમાણે, હાલમાં આખાયે યુરોપખંડમાં એકે એવો દેશ નથી કે જ્યાં ધર્મગુરુઓની અસલની જોહુકમી, એકહથ્થુ ને આપખુદી સત્તા રાજ્યતંત્ર સાથે જોડાયેલી હોય કે સામાજિક બંધારણમાં ઉપરીપણું કેળવતી હોય.

પરતંત્ર હિંદમાં, પરદેશી નોકરશાહીની સરખામણીમાં આપણા ધર્મગુરુઓની સત્તા અત્યંત પ્રબળ છે, અને તેઓની હાકલ ઘેર ઘેર પ્રસરેલી હોય છે. કહેવાતા આપણા કેટલાક ધર્મગુરુઓના અનુયાયીમાં પુરુષો કરતાં સ્ત્રીઓની સંખ્યા વધારે પ્રમાણમાં હોય છે. પુરુષો પૈકી પણ વૃદ્ધ ને વાનપ્રસ્થ ભોગવનારાઓની સંખ્યાજ વધુ હોય છે. વળી સ્ત્રીઓ પૈકી વિધવા સ્ત્રીઓની સંખ્યા સૌથી વધારે હોય છે. "સાપ ગયા ને લીસોટા રહ્યા"ની કહેવત મુજબ આપણા કેટલાક ધર્મગુરુઓમાં નથી પુરાતની ફિલ્સૂફી, નથી કાયદાનું કે તત્ત્વવિદ્યાનું જ્ઞાન કે નથી સામાન્ય વિદ્વત્તા. હવે તો ગાગરભટ્ટ બની કથા લલકારવામાં, રામલીલાની ભવાઇ ભજવવા-માં, નાટકી કીર્તન કરવામાં અને બનાવટી આખ્યાન આપવામાં એમની હોંશિયારી ને બાહોશપણું સર્જાયેલાં છે. જેમને આસને બેસે એમના અતિશયોક્તિથી ગુણ ગાવામાં એમનું જ્ઞાન સમાયેલું હોય છે. એમની જીહ્વામાંથી સદાને માટે મધુ શબ્દોજ બહાર નીકળી આવે છે. કારણ કે સામા માણસનાં ખોટાં વખાણ કર-વાનો જાણે તેમણે ઇજારો લીધો હોય છે. એવું કહેવામાં આવે છે કે કહેવાતા આપણા ધર્મગુરુઓ પૈકી કેટલાક કુકર્મના કાળા માર્ગે નિર્દોષ અબળાઓને દોરે છે. એવા કેટલાક દંભી ને દુષ્ટ ધર્મગુરુઓથી ચેતતા રહી, તેઓનું સદાને માટે નિકંદન કરવા સમજુ સ્ત્રીપુરુષોએ તત્પર થવું જોઇએ; એટલુંજ નહિ પણ નિર્દોષ સ્ત્રીઓને એમના ક્રૂર ને કુકર્મી પંજામાંથી ઉગારવી જોઇએ. એવું સાંભળવામાં આવે છે કે, કાળા ચાંલ્લાવાળા કેટલાક ધર્મગુરુઓ યોગસાધનાનો ખોટો ઢોંગ કરી મેલી વિદ્યાનો દુરૂપયોગ કરી અણસમજુ સ્ત્રી-પુરુષોને લૂંટી ખોટે માર્ગે દોરે છે. કેટલાક કુટુંબમાં અમુક ચોક્કસ ધર્મગુરુને "ગુરુ" તરીકે માનવાની ને પૂજવાની પ્રથા પ્રચ-લિત છે ત્યાં એવા "ગુરુ" નું ધાર્યુંજ થાય છે; વગરકારણે અને

વગરકામે અવારનવાર ઘરમાં મહેમાન થઇ ગુંદરની માફક ચોંટી રહે છે, અને કુટુંબને ભારરૂપ બને છે. જે કુટુંબમાં સ્ત્રીઓની સંખ્યા વધુ હોય ત્યાં એવા "ગુરુ"ને સંઘરવા ઉચિત નથી. એવા "ગુરુ"ઓનો સમાજમાંથી જડમૂળથી નાશ થાય તોજ સૌથી લાભકારક છે.

ધર્મને નામે કેટલાક ધર્મગુરુઓનો પરિચય અને સંગ કરવો કેવળ મૂર્ખાઇભરેલું છે. કારણ કે આધુનિક જમાનામાં દરેક પ્રકારના સાહિત્યનાં પુસ્તકો થોડી કિંમતમાં સહેલાથી મળી શકે છે; એટલે જેણે ધર્મનુંજ જ્ઞાન સંપાદન કરવું હોય તેણે ધાર્મિક પુસ્તકો જાતે વાંચી લેવાં અગર તો કોઇ સગાં-સંબંધી કે સ્નેહી પાસે વંચાવીને સાંભળવાં વધારે સલાહભરેલું છે. આ પ્રમાણે વાપરેલો પૈસો અને પસાર કરેલો સમય કેટલાક દંભી ને કુકર્મી ધર્મગુરુઓની પાછળ બગાડેલા વખત અને ખર્ચેલા ધન કરતાં હજાર દરજ્જે ઉત્તમ છે.

જ્યારે હિંદ દિવસે દિવસે વધારે ને વધારે બેકાર અને ગરીબ થતું જાય છે; જ્યારે દુનિયાના કોઇ પણ દેશ કરતાં તે સૌથી વધારે કંગાલ છે; જ્યારે હિંદમાં કારખાનાંના મજૂરો દુનિયાના કોઇ પણ કારખાનાના મજૂરો કરતાં વધારે મજૂરી કરે છે અને પ્રમાણમાં સૌથી ઓછી રોજી મેળવે છે; જ્યારે હિંદનો ખેડુત જગતના કોઇ પણ ખેડુત કરતાં વધારે મહેનતુ ને કાબેલ છે; છતાં પ્રમાણમાં સૌથી ગરીબ છે એટલુંજ નહિ પણ અહોનિશ કામ ને મહેનત કર્યા છતાં સદાને માટે દેવામાં ગરકાવ થએલો હોય છે; ત્યારે આપણા કેટલાક ધર્મગુરુઓ ફક્ત એકની એક જૂની પુરાણી કથા કે આખ્યાન કહીને કે દરેક વિષયની કચુમ્બર કરી શ્રોતાજનોને કોઇ પણ ઉપાયે ખુશ કરવાનું ધ્યેય રાખી, પ્રવચન આપી કે કશુંજ ના કરી, વગરમહેનતે ને વગરમજૂરીએ પારકાને પૈસે તાગડધિન્ના કરી મોજમજાહ ઉડાવે છે અને સમાજને ભારરૂપ રહે છે. જ્યાંસુધી આપણે આપણા કેટલાક ધર્મગુરુઓના કુકર્મી આચરણ, અયોગ્ય વર્તન, ને અણઘટતી વર્તણુક સામે તેમજ તેઓની પરજીવી ખુશામતીઆ ને ગુંદરીઆ જીંદગી સામે બંડ ઉઠાવીશું નહિ ત્યાંસુધી નિર્દોષ સ્ત્રીપુરુષોનું જીવન વધારે દુઃખી થશે, આપણો સમાજ વધારે ને વધારે અધોગતિએ પહોંચશે, અને આપણો દેશ વધારે ને વધારે પછાત રહેશે.

("નવયુગ" માસિકના એક અંકમાંથી)



૫-आदर्श नागरिक

(લેખકઃ-શ્રી. રસિકલાલ વીણુ, બી. એ.)

પશ્ચિમનું આદર્શ નાગરિકત્વ એટલે બુદ્ધિપૂર્વક (?) મત આપવાની સમજણ, અને દેશના કહેવાતા કાનૂનોનું વ્યવહારૂ પાલન; પરિણામે કહેવાતા આદર્શ નાગરિકના અંગત વ્યવસાયોને વ્યાવહારિક નીતિ સિવાય બીજી રીતે પ્રજાજીવન સાથે જાણે સંબંધજ નથી એમ માની લેવાયું છે. આજનો આદર્શ નાગરિક પૈસાથી કે સત્તાથી પોતાના અન્યાયોને ઉજળા બતાવી શકે તો એના નાગરિકત્વને લાંછન ન લાગે. આ પરિસ્થિતિની પાછળ કેટલી બધી ભયંકરતાઓ છે ?

આપણો મીલમાલેક હજારોનાં લોહી પીતો હોય, આપણો રાજ્યનીતિજ્ઞ પોતાની સત્તાના જોરે લાખોના જાનમાલની હોડ કરતો હોય, જુદ્દાણાંઓ છુપાવી દેશને ભારેમાં ભારે હાનિ પહોંચાડતો હોય અને એ રીતે પોતાની પાપી સત્તા ટકાવતો હોય, આપણો સેનાપતિ ગરીબ ખેડૂતોનાં બાવડાંના બળે રોટલા મેળવતો હોય, છતાં એજ ખેડૂતનાં બાળબચ્ચાંને કકડતી ઠંડીમાં કે વરસતા વરસાદમાં એકની એક ઝુંપડીમાંથી હાંકી કાઢતો હોય; આપણો વકીલ ન્યાય અપાવવાને નામે બુદ્ધિનો વ્યભિચાર કરતો હોય; શાંતિ સ્થપાવવાને બદલે કુટુંબો તારાજ કરતો હોય; તોપણ આપણે એ બધાને સમાજના પોષક અને આવશ્યક તારણહાર માનીએ. એ એમની નાગરિકત્વની વ્યાખ્યાને લાંછન ન લગાડે! કેવી વિષમતા!

ત્યારે આદર્શ નાગરિકત્વની વ્યાખ્યા કરીએ. શ્રી. મશરૂવાળાનો "જીવન સિદ્ધાંત" એજ આદર્શ નાગરિકનાં લક્ષણ. આદર્શ નાગરિકનું જીવન, વ્યક્તિ અને સમાજનાં પારસ્પરિક "ધારણ, પોષણ અને સત્ત્વસંશુદ્ધિ" કરે. સમાજજીવનના પાયાને ઢીલા કરે, તે જીવનમાં અશાંતિ અને ઝેર ભેળે, અને તેની યોગ્ય ઉત્ક્રાન્તિ થતી અટકાવે, તેમાં વિલંબ કરે, તે આદર્શ નાગરિક નથી.

એવા નાગરિકના ઘડતરમાં જે જે તત્ત્વો ફાળો આપી શકે, તેનો હવે વિચાર કરવો ઉચિત ધારૂં છું. માતાપિતાના સંસ્કાર અને કેળવણીની સંસ્કારિતા-એ બે બળો વ્યક્તિના ઘડતરમાં ઘણાં અગત્યનાં છે. માતાપિતાની જવાબદારીનો વિચાર અહીં માંડી વાળીશું; પરંતુ કેળવણી કેટલે અંશે એવા નાગરિકત્વમાં ફાળો આપી શકે, તે વિષે વિચારીએ.

આદર્શ કેળવણીને શાસ્ત્રકારોએ **सा विद्या या विमुक्तये** કહી. એનું ધ્યેય મુક્તિ. એટલે એ કેળવણી શરીર અને આત્મા બેઉને વિષે વિવેકયુક્ત મર્યાદાવાળી દૃષ્ટિ રાખે, પોતાના ધ્યેયને ભૂલી

ન જાય; વ્યક્તિ અને સમષ્ટિના શ્રેય અને પ્રેયમાં આવશ્યક સદ્‌ગુણો-નું સામંજસ્ય સાધે-અર્થાત્ એ કેળવણી પ્રત્યેક વ્યક્તિને જીવનને વિષે નિશ્ચિત દૃષ્ટિબિંદુજ આપે છે. જયાંસુધી દૃષ્ટિબિંદુની સમાનતા નથી, ત્યાં સુધીજ વ્યક્તિગત જીવનમાં વિગ્રહ.

આજની કેળવણીને તો નથી ધ્યેય, નથી વિવેક કે નથી જીવન-ને વિષે નિશ્ચિત દૃષ્ટિ. આજની કેળવણી એટલે મૂર્ખાઈભરેલી બુદ્ધિની કસરત. એ કેળવણીકારની પોતાનીજ નિશ્ચિત દૃષ્ટિ નથી, તો શિષ્યની કયાંથી હોય ? આ કેળવણી મનુષ્યને માત્ર બુદ્ધિવાળું પ્રાણીજ માને છે. મનુષ્યઆત્માનાં બીજાં લક્ષણો, તેની હાર્દિક લાગણીઓ, અંતઃકરણ વગેરે બાબતો કેવળ વિસારી મૂકે છે. પરિણામે આજની કેળવણી પામેલા આપણે બુદ્ધિ-દૈત્યો બનીએ છીએ, અને આપણા માનવજીવનની સાર્થકતાને આવશ્યક બીજા ગુણો અણખીલ્યાજ પડી રહે છે.

આજે આપણી કેળવણીનું ધ્યેય સૌની દૃષ્ટિએ, માત્ર ધનપ્રાપ્તિ અને તેના વડે ભૌતિક ઉપભોગો સિવાય બીજું શું છે ? એ કેળ-વણી નિર્માલ્ય, ઓજસરહિત, બેકારી અને પ્રમાદ વધારનારી છે. આ કેળવણીએ હૃદય વગરના, લોહીચૂસણીઆ માનવપ્રાણીઓની વૃદ્ધિ કરી છે; આત્મત્યાગી, પોતાનું સર્વસ્વ સમાજહિતને માટે જતું કરનાર "આદર્શ નાગરિકો" તૈયાર નથી કર્યા અને જે મહા-પુરુષો આજે આપણે જોઇએ છીએ, તેઓએ પોતાની મહત્તા આ કેળવણીએ આપેલા સંસ્કારો ભૂંસીનેજ મેળવી છે.

આ કેળવણી, એ બુદ્ધિના જોરેજ માત્ર પોતાનો "દૈવી હક્ક" રોટલો મેળવવા માટે છે એમ કહેનારા, એમ વર્તનારા, સ્ટુઅર્ટો ઉભા કર્યા છે. તેઓ હાડકાંના હરામ થાય તોયે, દુનિયા તેમની અણછાજતી જરૂરતો પૂરી ન પાડે તે તેમનાથી સહેવાતું નથી. એવી એમની હરામખોરીને દુનિયાએ-સમાજે સ્વીકારી લઈ, પ્રશંસાપાત્ર બનાવવી જોઇએ, એમ એ બુદ્ધિજીવીઓ માને છે; મનાવવા મથે છે.

તોયે ખરૂં પૂછો તો આજે સમાજનો ભૂખમરો, બેકારી, દુઃખ અને અસંતોષ બીજા ગુનાઓ, આવાજ હાડકાં ભાગલા માણસોને આભારી છે. દુનિયાને ઉપયોગી એવું કાંઇ પણ ન પેદા કરનાર-તેમાં મદદ ન કરનાર-"નાગરિક" બટકું રોટલો ખાય તો તેટલા પૂરતો પણ તે ચોર ઠરે છે. પોતાને માટે સમાજ જે કાંઇ કરે તેથી બમણું કરીને તે સમાજને આપે એવીજ એની તો તૈયારી હોવી જોઇએ.

પણ આજની બુદ્ધિજીવી જનતા—દાકતરની દવાઓ પીવામાં સુખ માને છે—શરીરમહેનત કરી સુખી અને આરોગ્ય રહેવામાં

દુઃખ માને છે. કેટલીક વાર એમજ માની લેવાય છે કે, મનુષ્ય-સ્વભાવનેજ એ પ્રમાણે નિષ્ક્રીય રહેવું ગમે છે, પણ સાચું એ છે કે, જીવનનું સાચું દૃષ્ટિબિંદુ ન હોય-જે પ્રમાણે આજે ઘણું ખરૂં છે-ત્યારેજ આવું બને છે. શરીરમહેનતમાં જે નૈસર્ગિક સુખ છે, જે અમોલ આનંદ તંદુરસ્ત મહેનત દરમિયાન અને તે પછી મળે છે, તે માત્ર મોટરમાં બેસી શહેરોના ઘીચ લત્તાઓમાં ફરવામાં કે બગીચાઓમાં જવામાં પણ નથી મળતો. આપણે કેટલા અંધ બન્યા છીએ કે, શરીર તરફ, પંપાળીને જાળવી રાખવાની કોઇ વસ્તુ હોય તેમ, વર્તીએ છીએ. સાધનોમાં સાચું સુખ નથી; સુખ તો હૃદયમાં વસે છે. અને શરીરમહેનતને અવગણી ખોરાક પચાવવા ફરવા જવું પડે, ફ્રુટ સોલ્ટ જેવી દવાઓ પીવી પડે, એનો અર્થ એટલોજ કે કટાઈ જવું, શક્તિહીન બનવું, આત્મહત્યા કરવી. આવા નાગરિકો બીજું તો શું કરે, સિવાય કે પોતા અને સમાજ પ્રત્યે અન્યાયો. પોતાની શારીરિક શક્તિઓ ઘસી નાખનાર નાગરિક પાપી છે.

આપણા આદર્શ નાગરિકો તૈયાર કરનારાં પુસ્તકો તો જુઓ! કેવાં બીભત્સ! આપણા બાળકો અને ભાઇઓનાં હાથમાં બીજાઓથી અજાણે કેવી કેવી નવલો જઇ પડે છે તે તો વિચારો! અને શાળાના અભ્યાસક્રમના ઢંગધડા કેટલા? તેમાં 'ધ્યેય'ને આવશ્યક અને પોષક કેટલું?

હવે આપણા શિક્ષક! કેવા પેટભરૂ, સંકુચિત, યંત્રવત્! એમનાં ખાનગી જીવન કેટલાં સ્વાર્થમય, જડ, આદર્શહીન! એમનો વિદ્યાર્થી સાથેનો સંબંધ કેટલો અહૃદય, પશુતુલ્ય! અને બંનેની દૃષ્ટિ—અનર્થમૂલક!

એથીયે વધારે અગત્યનો પ્રશ્ન બ્રહ્મચર્યનો છે. આપણી કેળવણીમાં બ્રહ્મચર્યનું તો નામેય સાંભળ્યું યાદ નથી. એટલે એનો અર્થ એટલોજ કે, શિક્ષક અને વિદ્યાર્થીના અંગત અને આંતર-જીવનમાં બન્ને બિલકુલ રસ લેતા નથી; એમ માની લે છે કે એ એમનું ક્ષેત્ર નથી.

એટલે જ્યાંસુધી શિક્ષકની દૃષ્ટિ જીવન વિષે નિશ્ચિત ન બને અને શિક્ષણ એનું આજીવન કાર્ય ન બને ત્યાં સુધી કેળવણીના દેદાર સુધરવાના નથી. એવો શિક્ષક તો સ્વેચ્છાએ કરીને ગરીબ રહે અને એ ગરીબીને આભૂષણરૂપ લેખે; શરીરમહેનતને ન અવગણે; પણ ઈશ્વરનો આશીર્વાદ ગણે. એનું વલણ ભૌતિકજ ન હોય, આધ્યાત્મિક હોય.

આદર્શ નાગરિકો તૈયાર કરવાના બીજા પ્રયત્નો "ગુરુકુલે" કર્યાં છે. એ ગુરુકુલમાં આજીવન કાર્યકરો નથી, નિશ્ચિત ધ્યેય

નથી. હેતુની સાથે ધ્યેય ફેરવાય; કાર્યકરોને મમત્વ નથી. માત્ર જુવાનીમાં આર્થિક ઉન્નતિના પગથીઆરૂપ અથવા વૃદ્ધાવસ્થામાં રોટલાનું સ્થાન; એવું એ બની રહે છે. એવી કેળવણીમાં પશ્ચિમના ડહોળાએલા રંગો પૂરેલા છે. નથી એમાં ઉપયોગી એવી શરીરમહેનત કે ઉદ્યોગો. માબાપો પાસે માસિક કે વાર્ષિક રકમ લઈ રોટલાનો ખર્ચ કાઢયો એટલે બસ. પણ એવા ગુરુકુળે વ્યાખ્યાતા, પ્રચારક અથવા સંકુચિત ધાર્મિક મનોદશા સિવાય શું તૈયાર કર્યું ? સમાજની વચ્ચે નાગરિકત્વનો આદર્શ રજુ કરતો, સ્વાવલંબી અને સંસ્કારી નાગરિક કયારે તૈયાર કર્યો ? અહીં બ્રહ્મચર્ય વિષે કેટલોક વિચાર થાય છે ત્યારે ભાવિજીવન વિષે ઘણોજ થોડો. પરિણામ લગભગ એનું એ.

ત્યારે 'આદર્શ નાગરિક'ને તૈયાર કરનારી સંસ્થા કેવી હોય ? એને કેવી કેળવણી મળવી જોઇએ ? આ સમસ્યા ઉકેલવી રહી.

એ કેળવણી ભાડુતી માસ્તરોથી અપાતી પાંચ કલાકની નહિ હોય; એ કેળવણીનો સંબંધ ચોવીસે કલાકનો હોય. એના કેળવણીકારના વિશિષ્ટ ગુણો વિષે ઉપર કહ્યુંજ છે. એની કેળવણી કેવળ પુસ્તકીઆ નહિ હોય, પણ ચારિત્રને ઘડનારી, શરીરમહેનતને પ્રાધાન્ય આપનારી, સમાજના સુખને પોષક, એવાજ ઉદ્યોગોને સંગ્રહનારી હોય. એ કેળવણીમાં શિક્ષક શિષ્યનો સંબંધ હૃદયનો હોય. એમાં જડતાને બદલે વિશાળતા હોય; એ વિશાળતામાં સત્યની પૂજા હોય. એ કેળવણી માત્ર અમુક માન્યતાઓ ઠસાવી દેવાનેજ ન અપાય, પણ મનુષ્યની સ્વાભાવિક એવી વિવેકબુદ્ધિને જાગ્રત કરી હૃદયની લાગણીઓ કેળવનારી હોય. સૌથી વિશેષ અગત્યનું લક્ષણ તો એ કે, એ કેળવણીથી પોતાનીજ શરીરમહેનતથી રોટલાના પ્રશ્નનો નિવેડો લાવી, સંસ્કારી નાગરિક સમાજની વચ્ચે રહી પોતાનો આદર્શ રજુ કરે.

જો બીજી યોગ્યતાઓ વ્યક્તિના નાગરિકત્વને આવશ્યક છે, તો એથી વધારે અગત્યની ઉપર જણાવી તે છે. જે નાગરિક સમાજના "ધારણ, પોષણ અને સત્વસંશુદ્ધિ"ને કોઇ પણ રીતે હાનિકર્તા નીવડે, તે સાચો નાગરિક નથી, સમાજવિઘાતક છે.

લેખક પોતે એવી કેળવણી વિષે આછાં સ્વપ્ન સેવી રહ્યો છે. પ્રભુ એની ઇચ્છા પૂર્ણ કરો.

(તા. ૮-૧-૧૯૩૧ના "બે ઘડી મોજ"ના દીપોત્સવી અંકમાંથી)

૬–સંસ્કૃતિનાં કારખાનાં

(લેખકઃ—શ્રી. કૉલેજીઅન)

મૂડીવાદ ઉપર ઉતરેલી કાળી આફતે આજે આર્થિક અને રાજકીય ક્ષેત્રમાં વર્ગવિગ્રહને વધુ ભીષણ બનાવ્યો છે; એટલુંજ નહિ, તેના પડઘા સંસ્કૃતિ ઉપર પણ સીધા પડયા છે. આજે કામદારો અને વર્ગવિગ્રહમાં કામદારોની પડખે ઉભેલા બુદ્ધિજીવીઓ જોઇ શકે છે કે કલા, વિજ્ઞાન, પત્રકારિત્વ અને કેળવણી, તેમજ જાહેર જનતાના માનસને સર્જતી દરેક વસ્તુઓનો ઉપયોગ સામ્રાજ્યવાદીઓ તેમના જાલીમ શોષણના સત્યને છુપાવવાને માટે, અને તેમની સત્તાના સિંહાસનને સ્થિર રાખવાને માટે જરૂરી જુઠાણાનો પ્રચાર કરવામાંજ વાપરે છે.

મૂડીવાદ આજ પતનને માર્ગે વેગથી જઇ રહ્યો છે. તેનો આત્મા ક્યારનોય હણાઈ ગયો છે. તેની ચેતના તેના શરીરને છોડીને ચાલી ગઈ છે. આજે સામ્રાજ્યનાં પાટનગરોમાં ક્ષુધાથી પીડાતા લોક રોટલીની બૂમો મારે છે. આજે કામધંધા વગર લાખ્ખો કામદારો આથડે છે. સામ્રાજ્યની જનતા ઉપર ભૂખની ભૂતાવળો ઉતરી છે. અમેરિકાનું પાટનગર ન્યૂયોર્ક લ્યો, કે બ્રિટિશ સામ્રાજ્યનું પાટનગર લંડન લ્યો; વિશ્વનાં સ્વર્ગ ગણાતાં આ સ્થાનોમાં કામ શોધતાં કામદારોનાં ટોળાંનાં વર્તુલો દરેક ક્ષણે મોટાં બનતાં જાય છે. આ સ્થળોએ સામ્રાજ્યવાદી સરકારતંત્ર આર્થિક આફતને અટકાવવાનો ખાલી દંભ કરે છે; જ્યારે બીજી બાજુથી આ મહાશય જાલીમ જંગની તૈયારી કરે છે. આ કટોકટીનો કાળ છે. જેને આંખો છે અને જે જોઈ શકે છે તેઓ જોઈ શકતા હશે કે, આજે મૂડીવાદ ગુપ્ત તેમજ જાહેર રીતે સંસ્કૃતિને સર્જતાં શસ્ત્રો પોતાના ભાંગતા દેહને ટકાવવા માટે યોજી રહ્યો છે.

આજે દેવાળો, શિક્ષણસંસ્થાઓ, સવારે અને સાંજે પ્રસિદ્ધ થતાં વર્તમાનપત્રો, માસિકો અને રેડિયો મૂડીવાદી પ્રચારનાં મોટાં-મશીન બન્યાં છે. આજે પ્રભુનાં પ્રાર્થનામંદિરોને અસત્યો ઉચ્ચારવાના અખાડા બનાવવામાં આવ્યાં છે. શાળાઓમાં અવળું અને અહિતકર શિક્ષણ આપવામાં સામ્રાજ્યવાદી માનસ ઉપર અવળી અસર કરવાની યોજના કરવામાં આવી છે. વર્તમાનપત્રો, આજે કામદારસમૂહની બેકારી સંબંધી, આવતી યાદવાસ્થળી સંબંધી, અને રૂશિયા સંબંધી અસત્યોના પ્રચાર માટેજ વપરાઇ રહ્યાં છે. જ્યારે સોવિયેટ રૂશિયામાં આ સર્વ વસ્તુઓ સમાજ-જીવનને ઉંચું બનાવવા માટે યોજાઇ રહી છે, ત્યારે જગતમાં જુઠાણાં ફેલાવવા માટે આ વસ્તુઓનો સીધો ઉપયોગ થઇ રહ્યો છે.

સામ્રાજ્યવાદીઓ તેમ કરે એમાં જરા પણ નવાઇ નથી. ઇતિહાસનો એ ક્રમ છે. વર્ગીય સમાજરચનામાં શાસકવર્ગ હમેશાં સંસ્કૃતિનાં સાધનો વડે પોતાનો કડક કાબુ ચિરંજીવ રાખવા મથે છે. સત્તાનાં સિંહાસનો સ્થિર રાખવાને માટે આજ સાધનો-નો ઉપયોગ કરે છે. શાસિત સમુદાયને રાજકીય કે આર્થિક લાભથી વંચિત રાખે છે, એટલુંજ નહિ પણ તેમનાં જીવન સારાં સંસ્કારી ન બને તેટલા માટે ખાસ કાળજી રાખે છે. કામદારો કદીયે ઉંચે ન આવે તેટલા માટે તેઓ અત્યારથીજ આક્રમણ કરી રહ્યા છે. તેઓ કમાણી ઉપર કાપ મૂકવાને યત્ન કરી રહ્યા છે; પણ એ ઉપરાંત તેઓએ આજે પ્રજાસ્વાતંત્ર્યના પડદાને પણ ચીરી નાખીને કામદાર વર્ગના સાહિત્ય ઉપર પ્રખર અંકુશ મૂકયો છે. સામ્રાજ્યવાદી પોલીસ કામદારસમૂહની સભાઓ તોડી નાખે છે, અને તે મૂડીવાદીઓ કામદાર નેતાઓ ઉપર વ્યવસ્થિત વેર લે છે. આ સર્વ કરપીણ કામનો એકજ ઉદ્દેશ હોય છે અને તે સત્તાને સ્થિર રાખવાનો–તેમના શાસનને શાશ્વત કરવાનો.

આજની શિક્ષણસંસ્થાઓ જુઓ. સરકારી શાળાઓમાં કોઇ પણ શિક્ષકની હિંમત નથી કે તે સામ્રાજ્યવાદના શોષણ સામે શબ્દ ઉચ્ચારી શકે. આ ત્રાસ આટલેથી નથી અટકતો. જો કોઇ વિદ્યાર્થી યુવાન ચળવળમાં ભાગ લે તો તેઓને શાળામાંથી તરતજ વિદાય લેવી પડે છે. પૂનાના ચાર વિદ્યાર્થીઓને યુવકસંઘના સભ્ય હોવા બદલ ફરગ્યુસન કૉલેજના પ્રિન્સિપાલ મહાજનીએ વિદ્યાલયનો ત્યાગ કરવાની ફરજ નથી પાડી? આપણી શિક્ષણસંસ્થાઓ અને વિદ્યાલયો આજે સામ્રાજ્યવાદના સીધા અંકુશ નીચે મુકાયેલાં છે. આ શાળાઓ આપણા વિદ્યાર્થીગણને મૂડીવાદી સંસ્કૃતિની તાલીમ આપી રહી છે. તેમનામાં માલીકીપણાની ભાવના બીજ રોપી રહી છે–તેમનામાં સામ્રાજ્યવાદની ભક્તિ વાવી રહી છે.

વર્તમાનપત્રો જુઓ. આજે વર્તમાનપત્રો દરેક ઘટનાને મૂડીવાદી દૃષ્ટિબિંદુએ વિલોકીને આલેખે છે. શા માટે ન આલેખે? વર્તમાનપત્રોના તંત્રીઓ માલીકની મોરલી નીચે નાચવાને માટે બંધાયેલા હોય છે. વર્તમાનપત્રો આજે મૂડીવાદી પ્રચારનાં મોટાં કારખાનાં બન્યાં છે. સામ્યવાદી રૂશિયા સંબંધી જુઠાણાની જાળ ત્યાંજ ઉભી કરવામાં આવી છે; એટલુંજ નહિ પણ કામદાર સમૂહ-નાં લક્ષ્યબિંદુને વિપ્લવી માર્ગથી વેગળે ખસેડવાને, અદાલતના કેસો અને ડિટેકટીવ નવલકથાઓથી પાનાંઓ ખાસ ભરવામાં આવે છે. વર્તમાનપત્રો આજની સંસ્કૃતિમાં આવો ભાગ ભજવે છે. સમાજના જીવનને શ્રેયસ્કર તે કંઈજ આપતાં નથી. આજે સમાજજીવનના ઘડતરમાં ફાળો આપવાને બદલે દુઃખના દાવાનળને

તે સળગતો રાખે છે.

ધર્મસંસ્થાઓ જુઓ; વહેમ વધારવાના તે મોટા અખાડા છે. દરેક જગ્યાએ અજ્ઞાન અને આત્માનાં ખોટાં ધતીંગોને ફેલવવાનાં તે મુખ્ય ધામ છે. ધર્મ એ આજે આમવર્ગને માટે સ્વર્ગની ઇમારત ઉભી કરીને આધ્યાત્મિક નશો પાઇ રહ્યું છે. કામદારો પોતાનું હિત વિસરી જાય, કામદારો આજે ઉત્થાનનો ખરો માર્ગ વેગળો ખસેડે તેટલા માટે ધર્મનું તૂત ઉભું કરવામાં આવે છે; અને મદાન્ધ સંપત્તિવાનોનું આ 'રોબોટ' માલદાર સંસ્કૃતિના ગુણ ગાવામાં સારોય સમય પસાર કરે છે.

મૂડીવાદીઓ આજે રમતના અખાડાનો પણ આવોજ ઉપયોગ કરી રહ્યા છે. આજે ચતુરંગી ક્રીક્રેટ મેચ કોમીવાદને વધારવાનું સારૂં સાધન થઇ પડયું છે. પુનાની શરત મધ્યમ વર્ગના માનવીઓના ખિસ્સા પર કાપ મૂકવાનો એક સુંદર માર્ગ છે. એટલુંજ નહિ પણ મૂડીવાદી સંસ્કૃતિનાં શરીરકસરતનાં આ સાધનો આનંદના અખાડા બન્યા છે. જાતીય ભેદથી મૂડીવાદે રમતોને પણ રંગી છે. કોમીદ્વેષનું કાજળ મૂડીવાદે ક્રીક્રેટ ઉપર પણ લગાડયું છે. અને આ પ્રમાણે આ આનંદના ક્ષેત્રમાં પણ મૂડીવાદી સંસ્કૃતિ પોતાની દષ્ટિએજ શાસન કરે છે.

ચિત્રપટ અને રેડિયો એ આ જીર્ણ પામતી સંસ્કૃતિએ પોતાના પ્રચારને માટે અસ્તિત્વમાં આણેલાં આધુનિક સાધનો છે. અહીં લેખકો ઉપર મૂડીવાદીઓ સીધો સીતમ ચલાવે છે. આધુનિક સંસ્કૃતિને પોષે તેવાં ચિત્રપટ લખવાની મૂડીવાદ લેખકમંડળને આજ્ઞા કરે છે. કદાચ જો કોઇ લેખક બુદ્ધિયુક્ત રીતે આ સંસ્કૃતિની ઉપેક્ષા કરતું આલેખન કરે તો તેના ઉપર સેન્સરનો ક્રોધ ઉતરે છે.

આ યુગના ચિત્રપટમાં કામદારસમૂહનું કરુણ ચિત્ર તમને કદીય નજરે નહિ પડે. હાલના સીનેમાપટ ઉપર ખેડૂત જનતા ઉપર ગુજરતો સીતમ તમે જોવા નહિ પામો. આધુનિક રૂપેરી પડદા ઉપર બેકાર જીવનનાં કરુણ દશ્યો કદી પણ નહિ દેખાય. કારણ? આ દશ્યો મૂડીવાદીઓ બતાવવા ના પાડે છે; એટલુંજ નહિ પણ રેડિયો ઉપર પણ લોકસમૂહનો સીધો બહિષ્કાર થાય છે. સાંજે પથરાતા રેડિયો સંગીતમાં તમો સામ્રાજ્યવાદી સંસ્કૃતિ સામે એક અક્ષર પણ નહિ સાંભળી શકો. જ્યારે આમવર્ગના પેટમાં ક્ષુધાની આગ સળગે છે ત્યારે સંગીતની સુખદ લહરીઓથી વિલાસ કરતા મૂડીવાદીઓ તેમના રેડિયો ઉપર અટ્ટહાસ્ય કરી રહ્યા છે.

વીસમી સદીમાં મૂડીવાદી સંસ્કૃતિ એ સામ્રાજ્યવાદી સંસ્કૃતિ છે. અમેરિકનો આજે પરદેશમાં પોતાની મૂડી રોકે છે. સાથે સાથે તેઓ અમેરિકન ફિલ્મો મોકલે છે. અમેરિકન ગન-બોટ અને

પાદરીઓ પછી ત્યાં પગલાં મૂકે છે. ક્યુબા, હૈટી, ચીન અને ફીલિપ્પાઇન્સમાં અમેરિકન મૂડીવાદીઓ શાળાઓ સ્થાપે છે કે જેથી મધ્યમ વર્ગનાં બાલકો અમેરિકન સંસ્કૃતિને જીવનમાં ઉતારીને પોતાનાં કચડાતાં બાંધવોનો સ્વાતંત્ર્ય જંગ વિસરી જાય. આમ એશિયાના આ પરાધીન મુલકોમાં યુરોપીય સંસ્કૃતિના નામે આ પીળી પ્રજાના પ્રચંડ શોષણના સંચાને શરૂ કરવામાં આવે છે.

આજે સૃષ્ટિની સપાટી પર બે સંસ્કૃતિઓનું સંઘર્ષણ શરૂ થઈ ગયું છે. એક બાજુ આજ મરૂં, કાલ મરૂં કરતી મૂડીવાદી સંસ્કૃતિ અને બીજી બાજુ સમાજવાદી સંસ્કૃતિએ આલમના ચોગાન-માં પરસ્પર પડકાર કર્યો છે. બન્ને સંસ્કૃતિઓ વચ્ચેના ભેદ હવે ચોખ્ખા દીસતા જાય છે. જગતના ઈતિહાસમાં આજે પહેલીજ વાર સમૂહસંસ્કૃતિ ઉત્પન્ન થાય છે. કાળની કીતાબ ઉપર પહેલી-જ વાર આજે સમૂહસંસ્કૃતિનાં સર્જન થાય છે. આજે સોવિ-યેટ શાસનમાં સમગ્ર શ્રમજીવી સમૂહ નવી સંસ્કૃતિનાં સર્જન કરી રહ્યો છે. આમવર્ગની ખરી આઝાદીની ભૂમિકા ઉપર આજે સૃષ્ટિના છઠ્ઠા ભાગ ઉપર કાળ કંઇ નવાજ અક્ષરો આલેખી રહ્યો છે. ત્યારે મૂડીવાદી સાહિત્ય, સંગીત, સિનેમા અને કલા આજે છેલ્લો શ્વાસજ લઇ રહ્યું હોય તેમ દેખાય છે. એક બાજુ સમાજ-વાદી સંસ્કૃતિ સમાજજીવનને ઉંચે ચઢાવવા યત્ન કરે છે, ત્યારે બીજી બાજુ મૂડીવાદી સંસ્કૃતિ સમાજના આધુનિક સંતાપને ચીરંજીવ રાખવા માટે અપાર યત્નો આદરે છે.

(“નવયુગ” માસિકના એક અંકમાંથી)

૭–લોકસાહિત્ય

(લેખિકાઃ–સૌ. તારાબહેન માણેકલાલ પ્રેમચંદ)

આપણા સમાજમાં નિરક્ષરતાનું પ્રમાણ મોટું છે છતાં પણ આર્યસંસ્કૃતિ કાંઇક અંશે જળવાઇ રહી છે તેનાં કારણોમાંનું એક મુખ્ય કારણ લોકસાહિત્ય છે. શહેરોમાં નવા રૂપાંતરમાં ભાષણો અને લેન્ટર્ન સ્લાઇડઝ દેખાય છે; જ્યારે હજુસુધી પણ ગામડામાં તો લોકકથાઓ અને લોકગીતોજ છે. શ્રદ્ધાળુ સ્ત્રી–પુરુષો દિવસમાં એકાદ કલાક તો કથાશ્રવણમાં ગાળેજ, કે જેથી તેમને ઇતિહાસ ઇત્યાદિ સાહિત્યનું જ્ઞાન નિયમિત મળ્યા કરે. કેટલાક પરદેશીઓ આપણા દેશમાં આવે છે ત્યારે આશ્ચર્યચકિત થાય છે અને પ્રશ્નો પૂછે છે કે, તમારા દેશમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ બહુ થોડું છે અને તેમાં-

એ સ્ત્રીઓનું તો ખાસ કરીને માત્ર બે કે ત્રણ ટકાજ છે; છતાં પણ ઘણી સ્ત્રીઓ તેમના કાર્યમાં વ્યવહારકુશળ હોય છે તેનાં શું કારણો ?


અક્ષરજ્ઞાન એ ઘણીજ અગત્યની વસ્તુ છે અને અક્ષરજ્ઞાનથી દરેક ક્ષેત્રમાં સ્વતંત્રપણે કામ કરવામાં મોટી સગવડતા થાય છે; તોપણ તેની સાથે સાથે લોકસાહિત્ય અને લોકગીતો જળવાઇ રહે અને ઉપયોગ કરીએ તો તેનો અમૂલ્ય લાભ ન ગુમાવીએ. તેજસ્વી પ્રજાજીવન ઘડવામાં લોકસાહિત્યને કેળવણીનું મોટુ અંગ ગણી શકાય.

ગામડાંઓમાં રાત્રિવેળાએ અને ખાસ કરીને અજવાળી રાત્રે ફળિયામાં બેસીને વયોવૃદ્ધ પુરુષ કે સ્ત્રી ટોળાથી વિંટળાઇને જ્યારે વીરરસ કે કરુણરસની કથાઓ કહે છે ત્યારે જે આનંદ અને ઉત્સાહ સમાજ અનુભવે છે, તેવો આનંદ વ્યવસ્થાપૂર્વક ગોઠવાયેલાં ભાષણોમાં ક્વચિતજ મળે છે; અને તે આનંદ અનુભવતાં જે જીંદગીભરની છાપ નાનાં, કુમળી વયનાં, બાળકો પર પડે છે તેનો તો આપણને અનુભવ હોય તોજ ખ્યાલ આવે. મોટાં શહેરોમાં પણ માળાઓના ખુલ્લા સ્વચ્છ ચોકમાં રાત્રે પરવારીને કુટુંબો ભેગાં મળીને લોકસાહિત્યનો શોખ કેળવે તો સમૂહમાં જ્ઞાન સાથે આનંદ મેળવવાની ભાવના કેળવાય.

શહેરોની અંદર આપણે ગરબાઓ કરીએ છીએ તે કાંઇ ગામડાના રાસની તોલે ન આવે; નાની બાળાઓ બોલતાંચાલતાં શીખે ત્યારથીજ તેની શેરીમાં રમતાં રમતાં રાસડા શીખે છે. એટલે ઉંમર થતાં ગરબા તેને કુદરતી આવડે છે. નવરાત્રિમાં ગરબા ઉત્સવ થાય છે ત્યારે તે ગરબાઓનો ભાવ બાળાઓના અંતરમાં ઉતરેલો હોય છે એટલે ફરતી વખતે બધા અવયવો ભાવથી ભીના હોય છે અને પ્રેક્ષકોને પ્રેરણા પૂરે છે. મધરાતે જ્યારે ખૂબ રસ જામે છે ત્યારે પ્રેક્ષકોને મુગ્ધ કરે છે.

આપણું લોકસાહિત્ય ઘણું બહોળું અને વિશાળ છે તેને જો આપણે જાળવી રાખીએ તો મોંઘું ધન જાળવ્યું ગણાય.

(જુલાઇ-૧૯૩૧ના "શારદા"માંથી)



૮–સ્ત્રીઓનું વાચન

(લેખકઃ–શ્રી. સીતારામ જે. શર્મા)

(૧)

આપણા દેશમાં એક તો સ્ત્રીકેળવણી નામની, લગભગ સેંકડે બે ટકા જેટલી છે; તેમાં પણ બે ચાર ચોપડીથી વિશેષ આગળ વધેલી બહેનોની સંખ્યા તો ઘણીયે ઓછી છે. આ ઓછી સંખ્યામાંથી શાળા છોડયા પછી વાચનનું 'વ્યસન' જેમને વળગેલું હોય તેવી બહેનો તો તેથીએ ઓછી છે.

નિર્ધનતા અને નિરક્ષરતાએ આ દેશને ભયંકર નુકસાન કર્યું છે. દરેક માણસ બધીજ બાબતમાં સંપૂર્ણ જ્ઞાન ધરાવતા હોતા નથી, પરંતુ જ્ઞાનની જુદી જુદી કક્ષાઓમાં પારંગત એવા લેખકોનાં લખેલાં પુસ્તકોના સહવાસથી મનુષ્ય ધારે તેટલું જ્ઞાન ફુરસદે મેળવી શકે છે. આમ પુસ્તકો મનુષ્યનાં મહાન મિત્રો છે; પરંતુ પરદેશી તંત્રે આપણને પરાધીન બનાવ્યા, નિર્માલ્ય બનાવ્યા, નિરાધાર અને નિર્ધન બનાવ્યા; એટલુંજ નહિ પણ કેળવણીની ઓછામાં ઓછી સગવડો રાખીને આપણામાં અજ્ઞાનનાં અંધારાં ઢાલવ્યાં. ગરીબાઇને લીધે માણસને મહેનતમજૂરી પાછળ એટલું રોકાવું પડે છે કે તેને વાંચતાં આવડતું હોય છતાં તેને વાંચવા નવરાશજ મળી શકે નહિ. અને કવચિત કોઇ ગમે તેમ કરીને ફુરસદ મેળવે તો તેને માટે પુસ્તકાલયનું સાધનજ કયાંય ન મળે!

આમ છતાં પણ મનુષ્યોમાં જ્ઞાનની તરસ તો હમેશાં રહ્યાજ કરે છે; એટલે કથાવાર્તાનું શ્રવણ કરવાની રીત દાખલ થયેલી. પરંતુ કથાકારોએ માત્ર ધર્મને નામે પૌરાણિક ગપ્પાં ચલાવી આમજનતાના માનસને વહેમનાં વાદળોથી ઢાંકી દઇ, અજ્ઞાનજનિત અંધશ્રદ્ધાનો તેમાં સંભાર ભરી દીધો; આથી યુગપલટો થતાં જનતાને એવી કથાઓનાં શ્રવણથી કંટાળો આવવા લાગ્યો, અને તેને સ્થાને જ્ઞાનપ્રાપ્તિનાં નવીન સાધન સાંપડયાં નહિ; પરિણામે જૂના વહેમો જડ થતા ગયા અને સમાજ સ્થિતિસ્થાપક થઇ ગયો!

સમાજમાં સ્ત્રીઓનું સ્થાન અપૂર્વ છે. બાળક જન્મે ત્યારથી બોલતુંચાલતું થાય ત્યાંસુધી તે માતાના ખોળામાંજ ઉછરે છે. મોટું થવા પછી પણ તેને પિતા કરતાં માતાના સહવાસમાં વિશેષ રહેવું પડે છે. એટલે સ્ત્રીઓની અજ્ઞાન દશાનો પ્રત્યાઘાત સમાજમાં પડે છે. પરિણામે સમાજ પ્રગતિશીલ બની શકતો નથી. આથી સ્ત્રીઓમાં કેળવણીનો તેમજ જ્ઞાનનો પ્રચાર થવાની ખાસ જરૂર છે; પરંતુ તે તરફ ન તો પરદેશી સરકારે ધ્યાન દીધું કે નહિ સમાજના આગેવાન દેશજનોએ લક્ષ આપ્યું. આ દશામાં આપણે અંધારાં ઉલેચવાનાં રહ્યાં!

આદ્દિયુગના માણસે પોતાની આસપાસનાં તમામ કુદરતી તત્ત્વોમાં ઈશ્વરી ચમત્કાર કલ્પીને સંતોષ માન્યો. તે પછી મનુષ્યનું જ્ઞાન કુદરતી તત્ત્વોના સંબંધમાં ઘણુંજ વધ્યું છે. ખગોળ, ભૂગોળ, ભૂસ્તર, પ્રાણીવિદ્યા વગેરેનું શાસ્ત્રીય જ્ઞાન અત્યાર સુધીમાં માનવજાતિમાં ઘણુંજ પ્રચાર પામ્યું છે; પરંતુ હિંદુસ્થાનમાં કેળવણીના અભાવને લીધે કરોડો સ્ત્રીપુરુષો હજુયે આદ્દિયુગના માણસોની માફક ચારે તરફ પ્રભુનો ચમત્કારજ માનીને સંતોષ માને છે! જ્યાં માતાપિતાજ સૂર્ય, ચંદ્ર, તારા, સાગર, પૃથ્વી, ધૂળ, પથ્થર, કાંકરા, પહાડ, નદીઓ, વરસાદ, વીજળી, અનાજ, વાયુ, પાણી, જગતની ઉત્પત્તિ અને તેનો વિકાસઃ એને લગતું જરાયે જ્ઞાન ધરાવતાં ન હોય તો તે પોતાનાં બાળકોને શું સમજાવી શકે?

એટલે જે થોડીઘણી સ્ત્રીઓ વાંચી જાણે છે તેમણે શું વાંચવું એ મહત્ત્વનો પ્રશ્ન છે.

તેના નિર્ણય ઉપર આવવા માટે અત્યારે સ્ત્રીઓ શું વાંચે છે તે જાણવાની જરૂર છે.

(૨)

ખાસ કરીને મુંબાઈ, મદ્રાસ, કલકત્તા, કરાંચી, સુરત, અમદાવાદ જેવાં શહેરોમાં શ્રીમંતવર્ગની અને મધ્યમ વર્ગની સ્ત્રીઓ ઓછામાં ઓછું ઘરકામ કરે છે. મધ્યમ વર્ગની સ્ત્રીઓને તો રસોઇ પણ કરવાની હોય છે; પરંતુ શ્રીમંત વર્ગની સ્ત્રીઓને તો રસોઇઆ અને ચાકરનોકરોની એટલી બધી સગવડ હોય છે કે, તેમને ઘરકામ માટે જરાયે હાથપગ હલાવવો પડતો નથી; ત્યારે મધ્યમ વર્ગની સ્ત્રીઓને માત્ર રસોઈનુંજ કામ કરવાનું હોય છે. આ બન્ને વર્ગની સ્ત્રીઓમાં સામાન્ય રીતે શિક્ષણનું પ્રમાણ ઠીક છે. અને એમને ફુરસદ ઘણી તેથી તેમનામાં વાચનનો શોખ વધતો જાય છે.

પરંતુ એ વાચન વ્યવસ્થા વિનાનું હોય છે. કોઇ કલાકોના કલાકો પુસ્તકો પાછળ ગાળે છે, તો કોઇ જ્યારે જ્યારે ઉર્મિ આવે ત્યારે થોડોક વખત વાંચી લે છે. કેટલાંક વળી એક પુસ્તકને સળંગ વાંચવા જેટલી ધીરજ રાખી શકતાં નથી હોતાં, તો કોઇક માત્ર બાહ્યાડંબર માટેજ કોઇક કોઈક માસિક કે પુસ્તકમાં ડોકિયાંજ કરે છે.

તેમ છતાં એ વર્ગની સ્ત્રીઓ વાંચે છે એ વાત તો ખરીજ છે; પણ એમનું વાચન વિષયોની નજરે વિશાળ કે વૈવિધ્યવાળું હોતું નથી. મોટે ભાગે પ્રત્યેક સ્ત્રી નવલકથા વાંચવાનુંજ પસંદ કરે છે. મારો અનુભવ તો ત્યાં સુધી કહેવડાવે છે કે, તેમને નવલકથાઓનું એટલું બધું વ્યસન વળગેલું હોય છે અને તેના કેફમાંજ તેઓ એટલાં બધાં મસ્ત રહે છે કે, બીજા કોઇ પણ વિષયનું પુસ્તક વાંચવાનો તેમને વારંવાર આગ્રહ કરો, છતાં તે કદી એ વાંચશે નહિ.

ત્યારે વાર્તાનું પુસ્તક નહિ મળે તો માસિકો અથવા દિવાળીનાં ખાસ પ્રકાશનોના આગલા પાછલા અંકો શોધી શોધીને પણ તેઓ પોતાના મનને લાગેલું વ્યસન પૂરૂં કરવા પ્રયત્ન કરશે.

આ દોષ એકલા સ્ત્રીવર્ગનોજ નથી. પુરુષોના સામાન્ય વર્ગનો મોટો ભાગ એજ વ્યસનથી પીડાય છે. વડોદરા રાજ્યમાં વાચનાલયો અને પુસ્તકાલયોનું પ્રમાણ ઠીક ઠીક છે. એ રાજ્યનાં કેટલાંક ગામોમાં જઇને મેં પુસ્તકાલયના વ્યવસ્થાપકો દ્વારા તપાસ કરી છે, તે ઉપરથી જણાયું છે કે, સ્ત્રીઓમાં તો ત્યાં વાચનનો શોખજ હજી જન્મવો બાકી છે, અને પુરુષવાચકો મોટે ભાગે નવલકથાઓજ વાંચવા લઈ જાય છે!

નવલકથાના વાચનનો આ શોખ કેટલી હદ સુધી વધ્યો છે, તે જાણવા માટે થોડાંક સ્વાનુભાવનાં ઉદાહરણ આપવાં ઠીક થઇ પડશે.

(૧) અમદાવાદમાં મારા પાડોશમાંની એક કિશોરી કન્યા હાઇસ્કૂલમાં અભ્યાસ કરતી હતી. તેને નવલકથાના વાચનનો એટલો શોખ હતો કે, બપોરે શરૂ કરેલું ૩૦૦ પાનાંનું પુસ્તક રાત્રે પૂરૂં કરી નાખી, બીજે દિવસે ૪૦૦ પાનાંના પુસ્તકની માગણી કરે. મેં એક વખત અતિ આગ્રહ કરીને એ બહેનને 'સ્ત્રી હિતોપદેશ'નો ખાસ અંક વાંચવા આપ્યો, પણ બીજે દિવસે એમાંનું એક પણ પાનું વાંચ્યા વિના પેલી બહેન એ મને આપી ગઇ. આમ અતિપ્રયત્ને પણ એનામાં વિવિધ વિષયો તરફ સમભાવ પ્રકટી શકયો નહિ, તેમ નવલકથાના વાચનનો શોખ એનામાંથી ઘટયો નહિ.

(૨) મુંબઈમાં એક સ્ત્રીમિત્રને વાંચવા ખૂબ જોઇએ;—કેમકે બીજું કંઈ કામ નહિ—પણ તે નવલકથાજ. એમને સસ્તા સાહિત્યનાં 'શુભ સંગ્રહ,' 'આદર્શ દૃષ્ટાંતમાળા,' 'ભારતનાં સ્ત્રી રત્નો' જેવાં પુસ્તકો વંચાવવાનો મેં ઘણો આગ્રહ કરી જોયો છે, અને તેમાં હું હમેશાં નિષ્ફળજ નીવડયો.

(૩) મારા એક મિત્રે વળી પોતાનાં પત્ની 'ગુણસુંદરી'માં આવતા જગતની સ્ત્રીઓને લગતા ખબરો વાંચે તો તે માટે ઇનામની રીત દાખલ કરી હતી, છતાં ત્રણ રૂપિયાના ઇનામની લાલચ પણ મારાં મિત્રપત્નીને ડગાવી શકી નહોતી!

(૩)

આમ વાચનનો શોખ સ્ત્રીઓમાં ખીલતો જતો હોવા છતાં, તેઓ નવલકથાના સાંકડા વર્તુળમાંથી બહાર નીકળીને જીવનમાં ઉપયોગી એવા વિવિધ જ્ઞાનનાં પુસ્તકો વાંચતા થાય તેમ કરવાની જરૂર એમને સમજાવવી ઘટે છે.

એ કામ રાષ્ટ્રના વિદ્વાનોનું, તંત્રીઓનું અને સમાજસેવકોનું છે; પરંતુ દુર્ભાગ્યે આપણાં સામયીક પત્રો ચલાવનારા તંત્રીઓ

પણ શૃંગારની અને લાગણીની સાથે થોડોક વખત રમત રમે તેવા ભાવની વાર્તાઓના સાહિત્યના પ્રચારમાં સંતોષ માનવાની મનોદશાને હજી પૂર્ણાંશે છોડી શક્યા નથી. ગુજરાતનાં જાણીતાં માસિકોમાં જો સામાન્ય વાર્તાસાહિત્ય ઓછું થાય, પ્રચારની નજરે વાર્તાઓ, સંવાદો, નાટકો વગેરે લખાવવામાં કે લખવામાં અને પ્રસિદ્ધ કરવામાં આવે, સ્ત્રીઓને જીવનમાં ઉપયોગી થઇ પડે તેવા વિષયોનું જ્ઞાન મેળવવાની અને તેમ કરવામાં રહેલી એમની જવાબદારીનું આગ્રહપૂર્વક ભાન કરાવવામાં આવે તો ઘણું કરી શકાય; પરંતુ દેશહિતની ખાતર પણ કેટલાક લેખકોને પ્રચારકની કોટીમાં 'ઉતરી પડવું' ગમતું નથી. એમને તો પોતાની ટુંકી વાર્તાઓમાં અને નાટકમાં કલા ખીલવવાનો 'અભખરો' છે, પછી એ કલા રાષ્ટ્રનાં વર્તમાન નારી કે નરજીવનને આગળ વધવામાં મદદ કરે છે કે પાછળ ઘસડી જાય છે, તે વિચારવાની પરવા નથી. જ્યાં સ્થિતિ આમ છે ત્યાં પછી સુફળની આશા ક્યાંથી રાખી શકાય!

તેથી ગુજરાતની જે થોડીઘણી બહેનો વાંચી જાણે છે તેમને મારી આગ્રહપૂર્વકની ભલામણ છે કે, તેમણે 'નવલકથા'ના વ્યસનના કેફમાંથી ઉગરી જવું અને રાષ્ટ્રનાં સ્વતંત્ર નાગરિક તરીકે, માતા તરીકે, પત્ની તરીકે અથવા 'ગૃહિણી' તરીકે તેમની ઉપર જે જે જવાબદારીઓ રહેલી છે, તે જવાબદારીઓને સમજણપૂર્વક અદા કરી શકાય તે માટે, વિધવિધ જ્ઞાનનાં પુસ્તકો વાંચવાની ટેવ પાડવી.

આ કામમાં વાચનાલયો અને પુસ્તકાલયોના વહીવટ કરનારાઓ ખૂબ મદદ કરી શકે, ઉપરાંત શિક્ષણવર્ગો અને ભાષણો દ્વારા પણ જુદાંજુદાં સ્ત્રી મંડળો પોતાનાં સભાસદોમાં આ વિચાર દાખલ કરી શકે. આવાં મંડળો હવે 'પતિભક્તિ' 'સતી' અને એવી જાતના જીર્ણ વિષયો પર ઉપદેશ આપવાનું છોડતાં જાય અને સમાજમાં તેમજ રાષ્ટ્રમાં સ્ત્રીઓનું જે મહત્ત્વભર્યું સ્થાન છે તે સમજી, એ સ્થાનને તેઓ બરાબર શોભાવે તેવા માર્ગે તેમને વાળવાના સુપ્રયાસ કરતાં જાય એ જરૂરતું છે.

વડોદરા રાજ્યનાં પુસ્તકાલય ખાતાના મદદનીશ વ્યવસ્થાપક શ્રી. મોતીભાઇ ન. અમીન જનતામાં વાચનનો શોખ વધે તે માટે ઘણા સમયથી વ્યવહારૂ પ્રયોગ કરી રહ્યા છે. હમણાં તેમણે વડોદરા રાજ્ય ઉપરાંત ગુજરાત અને કાઠીઆવાડના જુદા જુદા વિભાગોમાં નાનાં ગામોમાં ફરતાં પુસ્તકાલયોની પેટીઓ દ્વારા જ્ઞાનપ્રચારની વ્યવસ્થા શરૂ કરી છે, તેમાં જો કે 'સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય'નાં ૮૫ પુસ્તકો મૂકવામાં આવે છે, તેમ છતાં એ પુસ્તકો નવલકથાઓ કરતાં વધુ ઉપયોગી અને જ્ઞાનદાતા છે તોપણ, એ ૮૫ પુસ્તકોમાંથી કેટલાંય ગાળી કાઢીને નવાં ઉમેરવાં જેવાં છે, એ બાબત

તરફ વ્યવસ્થાપક મહાશયનું ધ્યાન દોરવા સાથે આવી પ્રવૃત્તિઓ વિશાળ ધોરણે ઉપાડી લેવાની જરૂર હોઇ, ગુજરાતી હિંદુ સ્ત્રી મંડળ, ભગિની સમાજ, વનિતા વિશ્રામ અને સેવાસદન જેવી સ્ત્રી-સંસ્થાઓ, ઉપરાંત સમાજસેવા કરતી બીજી સંસ્થાઓ એ દિશામાં પોતાનું લક્ષ પણ આપે તે જરૂરનું છે.

("નવયુગ" માસિકના એક અંકમાંથી)

૯-केटलाक डाह्या अने दिवाना

(કુદરતનું એક રહસ્ય)

(૧)

જવાબદાર અ એ વ વિષે ક્ર સમક્ષ કહ્યું:—એ જ્ઞાની અને સલાહ લેવા યોગ્ય તો ખરો! પણ જરા......ચક્રમ છે. મિયાંભાઇના નાડાની પેઠે પકડી સો પકડી. ગમે તેમ બહુ બોલી નાખે છે, ને ખિજાઇને જેમનું તેમ બારી મારે, એટલીજ ખામી; વા જોઇને સૂપડું મૂકતો નથી.

આ વાત મેં મારી સગી આંખે સાંભળી ને હૈયે જોઇ; એટલે લખવાનું મન થયું. કારણ કે મને ગળાના કાકડા સુધીની ખાતરી છે કે વાચકોને એ મધ જેવું મીઠું લાગશે.

પહેલા પ્રકારના ડાહ્યા

૧-મહાન સિકંદરનો સિકંદર પાધરો, જેથી તેણે ગમે તેમ આડાઅવળા પાસા નાખ્યા, છતાં પોબાર પડયા એટલે દુનિયાએ ડાહ્યો માન્યો; પણ તેના કૃત્યથી જગતે શું લાભ મેળવ્યો! જયાં જુઓ ત્યાં લોહીની નીક! 'હરામીના બે ભાગ' (અથવા લાઠી તેની ભેંસ) એ ન્યાયે પાશવી બળ ઉપર મુસ્તાક બની જગતનેજ રંજાડયું. કેમ ખરૂં ને!

૨-મહાન નેપોલિયન. જેણે પાશવી બળથી યુરોપને પાદાક્રાંત કરી છિન્નભિન્ન કરી નાખ્યો, અને ફ્રાન્સનું મહારાજ્ય સ્થાપ્યું; એથી તે પણ ડાહ્યો ગણાયો. આજે પણ સર્વ જગત તેની વીરતાની મુક્તકંઠે પ્રશંસા કરે છે, છતાં તેની જોહુકમી તેની જીંદગીભર ટકી શકી ખરી? ચંગીસ, તૈમુર અને નાદીર એજ કોટિના વિજયી ને ડાહ્યા ન હતા!!

૩-તર્કવાચસ્પતિ ચાર્વાક ડાહ્યો. કારણ કે તે અગાધ તર્ક અને વકતૃત્વશક્તિને લીધે વાદવિવાદમાં એવી વ્યાપ્તિ-પર્યાપ્તિ ગોઠવતો કે પ્રતિપક્ષીઓના મોંએ તાળાં દેવાતાં. અરે! તે એટલે સુધી કે અનંત બ્રહ્માંડની નિયામક શક્તિ, જે વિશ્વંભૂ, તેને પણ અવગણી, દુષ્કૃત્યો વડે પણ પશુવત્ સંસારના ઉપભોગ ભોગવતાં શીખવ્યું.

ઇતિહાસમાં એવા કેટલાય ડાહ્યા, પોતપોતાના જમાનામાં થઇ માનપાન પામી ગયા છે, અને કેટલાકે તો ભલે કે બૂરે નામે પણ યુગાન્તર કરીને કીર્તિ મેળવી છે. કેમકે સમાજને ભાવતી પ્રવૃત્તિ લઇ તેના પ્રવાહેજ તણાયા હતા. આજે પણ એવા કયાં નથી ? જુઓઃ-

બીજા પ્રકારના ડાહ્યા

૪-વાઘ અને સત્તાધીશો ડાહ્યા; કેમકે તેમને મોંએ કોઇ કહી શકતું નથી, અને કહેવા જાય તો ચમત્કાર દેખાડીજ દે. ખરૂં જોતાં સમાજ તેનાથી ડરે છે ને માનપાન આપે છે.

૫-શિયાળવૃત્તિ ચિબાવલા—અરે ! મુત્સદ્દી પણ ડાહ્યા; કેમકે છલ, પ્રપંચ ને ભેદનીતિથી સામાનાં રક્તમાંસ ચૂસી પોતાનો સ્વાર્થ સાધી લે છે, છતાં એ વાત બહાર પડવા દેતા નથી અને 'વાહ વાહ' કહેવડાવે છે. પારકાં છોકરાંને જતિ કરતાં વાર લગાડતા નથી.

(૨)

પહેલા પ્રકારના ગાંડા

૧-અભણ ખેડુત ગાંડો કે તે બિચારો જેમનો વા વાય તેમ સૂપડું મૂકતાં છતાં તેમને કયાં ખબર છે, કે મારી મહેનત ઉપર શાહીવાદી ને મૂડીવાદી તાગડધિન્ના કરે છે, જ્યારે મને પેટપૂરતો રોટલો પણ મળતો નથી.

૨-કામદારો ગાંડા કે જે પોતાનાં બુદ્ધિ અને બાહુબળથી દ્રવ્યનું ઉત્પાદન કરતાં છતાં, 'ઘરનાં છોકરાં ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો' ! તેમ મૂડીવાદીઓને ઘીકેળાં કરાવી પોતે કુટુંબસહ દુઃખી થાય છે.

૩-ઇશુ ખ્રિસ્ત અને સૉક્રેટીસ જેવા ગાંડા, કે જે દુનિયાના (લોભ લાલચ અનીતિ અને અજ્ઞાન વગેરેના) પ્રવાહની સામે થઇને હાથે કરી કમોતે મુવા.

૪-દયાનંદ સરસ્વતી ગાંડો કે જે દુનિયાના પ્રવાહ સામે થઈ જ્યાં ત્યાં હાડછેડ હાડછેડ બન્યો; એટલુંજ નહિ પણ સુરતમાં કિલ્લાના મેદાનમાં જાતિભાઇઓ પાસેજ કડવું પીરસી પોતાનું માથું ફોડાવ્યું; અને પોલિસ અમલદારે રક્ષણ માગવા કહ્યું ત્યારે જવાબ દીધો કે, બાળકબુદ્ધિવાળાં મારાં ભાઇભાંડુઓ સામેજ ફરિયાદ આપી સજા કરાવું !

૫-સ્કૉટલેન્ડનો રોબિન હુડ ગાંડો કે જે બળીઆ સાથે બાથ ભીડી સ્વતંત્રતા નહિ તો મૃત્યુને પણ ભેટયો.

૬-મહમદ તઘલખ ગાંડો કે જેણે સોનારૂપાના ચલણને બદલે કાગળની નહિ પણ તાંબાપિત્તળની કરન્સી નોટો કાઢી; પણ તે ફાવ્યો નહિ.

૭-છપ્પનનો બળવો અને શીખ વિગ્રહમાં સ્વાતંત્ર્યસંગ્રામ કરનારા ગાંડા, કારણુ તેમના પાસા અવળા પડયા; જ્યારે તેમની સાથે દગો રમી દેશદ્રોહ કરનાર ડાહ્યા; કારણુ કે પ્રજાને ભોગે શાહી-વાદી બની અમનચમન ઉડાવ્યું.

આટલા શહીદો ગણાવ્યા; હવે તત્ત્વવેત્તા પ્રતિ નજર કરીશું.

બીજા પ્રકારના ગાંડા

૧–પંડિત કાલિદાસ ગાંડો, કે તે જે ડાળીપર બેઠો હતો તેનેજ થડમાંથી કાપવા મંડયો અને બ્રાહ્મણુ છતાં ગુણિકાનો સંસર્ગ રાખી મેળવેલી દોલત ખવરાવી દીધી.

૨–સર આઇઝેક ન્યૂટન ગાંડો કે જેણે મોટી બિલાડીને જવા સારૂં મોટું ને નાનીને જવા સારૂ નાનું એમ બે બાકોરાં દિવાલમાં પાડી, બે કિંમતી કાચ ભાંગ્યા. તે બેવકૂફને એટલું પણુ ના સૂઝયું કે, મોટા બાકોરામાંથી નાની પણુ જઇ શકશે. વળી એથી વધીને આગળ બીજો પ્રસંગ કહું. સગડીએ તાપતાં તેનું પાટલૂન સળગવા માંડયું તે જોઇ પોતે તરત ચોળીને હોલવી ન નાખતાં રસોડામાંથી રસોઇઆને આવતાં સુધી ઠંડે પેટે બળવા દીધું ને દાઝયો પણુ ખરો!

આ ઉપરાંત જગતમાં એવાં અનેક ઉદાહરણુ મળશે. છત્રપતિ શિવાજી ફાવ્યો માટે ડાહ્યો; પણુ તેના જેવોજ સાહસિક ઉમાજી, પેશ્વાઇ ખાલસા થતાં સ્વરાજ્ય પુનઃ સ્થાપિત કરવા મથેલો તેને કોઇ ઓળખે છે? આ ઉપરથી (લોકસમૂહની બુદ્ધિ કેટલી ઉંડી છે તેનું) સત્ય એજ તરી આવે છે કે, ફાવેલા તે ડાહ્યા અને હારેલા તે ગાંડા! અર્થાત્ દાના તે દિવાના ને દિવાના તે દાના!

કમલાવાળા પીળુંજ દેખે ને?

સમાજ! (અરે, જ્ઞાનવિકાસના વાચક! તું પોતે પણુ સમાજમાં કયાં નથી?)તારી આવીજ કદરદાની કે! તું તારી સેવાને ખાતર સાચા શહીદ થનારને અવગણે છે; જ્યારે તારા રક્તપિપાસુને માન આપે છે, આપતી આવી છે ને હજી આપતી જાય છે! પણુ આમાં તારી કૃતજ્ઞતા છે કે કૃતઘ્નતા!

ભૂલ્યો, ભૂલ્યો; 'ચમત્કાર ત્યાંજ નમસ્કાર' એ કથની ભૂલ્યો. હું પણુ થોડેઘણે અંશે દિવાનો ખરો ને!

પણુ યાદ રાખજેઃ—

'બનિયા ચોરે પળી પળી, ઔર રામ ઉપાડે કુપ્પાં.'

'રાજા દંડે તે સૌ કો જાણે, ગ્રહ દંડે તે કોઇ ના જાણે.'

માટે ચેતતો રહેજે! હાથનાં કર્યાં હૈયે ના વાગે!!

તારૂં આ વર્તન જોઇને મને પેલું નાટકનું વાકય યાદ આવે છેઃ-

'દુનિયાનાં ઉંધાં ચશમાં ડાહ્યા દિવાના લાગે.'

કહેશે કંઇ! આ ખરૂં કે તારૂં ખરૂં?

પણ હું તો છે ને તે એકજ સૂત્ર ભણ્યો છું:—
निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु ।
लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम् ॥
अद्यैव वा मरणमस्तु युगान्तरे वा ।
न्यायात्पथः प्रविचलन्ति पदं न धीराः ॥१॥ (નીતશતક)
અને એવા સાધુચરિતને સતાવનારો શું મેળવશે ?

"તુલસી હાય ગરીબકી, હરસેં સહી ન જાય;
મુવે ઢોરકે ચામસે, લોહા ભસ્મ હો જાય."

લિ૦ તારી ગણત્રીમાં થોડેઘણે અંશે દિવાનો
("જ્ઞાનવિકાસ"ના એક અંકમાંથી)

૧૦-સાહિત્યનો હૃદય સાથે સંબંધ

(પં. ચતુરસેનજી શાસ્ત્રીના લેખપરથી પ્રયોજક:-શ્રી. ભીમાશંકર શર્મા)

એકજ વાક્યમાં હું એમ કહી શકું છું કે, સાહિત્ય એ હૃદયનું ભોજન છે. મનુષ્યો સિવાયનાં પ્રાણીઓ પણ હૃદય ધરાવે છે, પરંતુ તેઓ પોતાનાં હૃદયોને સાહિત્યનું ભોજન જમાડી શકતાં નથી; જ્યારે વિવેચનાશક્તિ ધરાવનાર મનુષ્ય પ્રાણી, પોતાની કોઇ સ્થૂલ ઇંદ્રિય અથવા અવયવમાં આંદોલન ઉત્પન્ન કર્યા વગર, કેવળ જ્ઞાન-તંતુઓનાં સૂક્ષ્મ આંદોલનો દ્વારાજ, આનંદનો સાર સાહિત્યદ્વારા પ્રાપ્ત કરી લે છે.

મનુષ્યસમાજે વાત કરવાનો અસ્ખલિત પ્રવાહ સેંકડો વર્ષોના વિકાસ અને આવશ્યકતાઓના આધારે પ્રાપ્ત કરેલો છે. મનુષ્યજાતિના પ્રારંભિક જીવનમાં વાર્તાલાપનું પ્રાબલ્ય હોવાની બાબત પર હું વિશ્વાસ રાખી શકતો નથી; પરંતુ જેમ જેમ મનુષ્યની સામાજિકતા-માં વૃદ્ધિ થઇ, જીવનનિર્માણ અને જીવન પછીના અસ્તિત્વના નિર્માણ પર તેનું પ્રભુત્વ થયું; તેમ તેમ મનુષ્યને બહુજ વિચાર કરવો પડયો. એકના વિચારો બીજાને કહીને વિચારોને પરિષ્કૃત કરવા પડયા અને ત્યાર પછી તેમને સ્થિર અથવા અપરિવર્તનશીલ કરવા પડયા. સાહિત્યની ઉત્પત્તિનાં મૂળકારણો આજ છે.

આ લેખના મુખ્ય વિષય પર આવતાં પહેલાં હૃદય શું છે, એ વાતનો પણ ગંભીરતાથી વિચાર કરવાની આવશ્યકતા છે. શરીર-નિર્માણ-કલાની દૃષ્ટિથી હૃદય માંસપેશીઓનું એક પોલાણયુક્ત યંત્ર છે. તે ઉદરગહ્વર (પેટરૂપી ખીણ)ની ડાબી બાજુએ અને ફેફસાંની વચ્ચે સ્થિત છે, તેના ઉપર પાતળી ચામડીનું માત્ર એક આવરણ છે. આનું નામ હૃત્પિંડ છે અને તે ચાર ભાગોમાં વિભક્ત

છે. દક્ષિણ અને વામ કોષ્ઠ તથા દક્ષિણ અને વામ ઉદર. દક્ષિણ તરફ જે કોષ્ઠ છે તેની આસપાસ અને ઉદરની સાથે તેનો સંયોગ છે; એવીજ રીતે વામ ઉદરની સાથે વામ કોષ્ઠનો સંયોગ છે. પરંતુ ડાબી બાજુના બંને કક્ષોનો અને જમણી બાજુના બંને કક્ષોનો પ્રત્યક્ષ સંયોગ નથી. વામકક્ષની ધમની દ્વારા લોહી વહીને દક્ષિણ કક્ષમાં દાખલ થાય છે. શરીરમાં ઊર્ધ્વ અને ઊર્ધ્વ દેશની કૈશિક નાળી નામની નાની નાની શિરાઓ અથવા નાડીઓમાં તે મળેલું છે. હૃત્પિંડની લંબાઇ લગભગ પાંચ ઈંચ, પહોળાઇ સાડાત્રણ ઈંચ અને જાડાઈ અઢી ઈંચ છે. યુવાન મનુષ્યનું હૃદય વજનમાં ૪–૫ નવટાંક થાય છે, અને વૃદ્ધાવસ્થામાં તેનું વજન ઓછું થાય છે.

હૃત્પિંડની ડાબી બાજુની ફેફસાંની ધમની દ્વારા લોહી વહેવાનું શરૂ કરે છે; અને ત્યારપછી ફેફસાંની કૈશિકાનળી અને શિરા સમૂહો-દ્વારા હૃત્પિંડની ડાબી બાજુએ પાછું આવે છે. આથી સ્પષ્ટ જણાય છે કે, શરીરમાં શોણિત અથવા રુધિર બે માર્ગોમાં થઇને પ્રવાહિત થાય છે. એક નાનો અને બીજો મોટો. હૃદયની ડાબી બાજુએ થઇને ફેફસામાં અને ત્યાંથી હૃદયની ડાબી બાજુએ જનારો માર્ગ નાનો છે; બીજો હૃદયની ડાબી બાજુએથી પ્રવાહિત થઇને આખા શરીરમાં સંચાલિત થઇને હૃદયની જમણી બાજુએ પાછો આવે છે. આ માર્ગ મોટો માર્ગ છે. પરંતુ વાસ્તવમાં, રકત–સંચાલન–પ્રણાલી એકજ છે. કારણ કે સમગ્ર શોણિતપ્રવાહ એકજ વાર ફેફસાંની અંદરથી પ્રવાહિત થાય છે. હૃદયમાં પ્રત્યેક ક્ષણે લગભગ ૨ થી ૩ નવટાંક જેટલું રકત કાયમ હોય છે. હૃદયના વારંવાર સંકોચન અને વિસ્ફારણ થવાથી એટલુંજ નવું રકત હૃદયમાં આવે છે અને જતું રહે છે. આ સંકોચન–વિસ્ફારણના પ્રતાપે શરીરની મુખ્ય ધમની અને નાડીઓ વગેરે સર્વદા રકતપૂર્ણ રહે છે; અને એજ મનુષ્યજીવનનો–શરીરના બંધારણની દૃષ્ટિએ હૃદયનો–આટલો ઇતિહાસ છે. મનુષ્યના મૃત શરીરને કાપ્યા પછી હૃત્પિંડનો ૪–૫ નવટાંક વજનનો માંસનો લોચો હાથમાં લઇને તપાસવામાં આવે, અને ત્યારપછી એ બાબત પર વિચાર કરવામાં આવે કે, માંસના આજ પિંડે પૃથ્વીપર અનેક ભયાનક મહાયુદ્ધો કર્યાં; મહાનરમેધ કર્યા અને મહાન્ નગરો, દેશો, પ્રાંતો, રાજ્યો, મહારાજ્યો નિર્માણ કર્યાં છે. પૃથ્વીની મનુષ્યજાતિનો ઇતિહાસ એટલે આજ કઃપદાર્થ અથવા અપદાર્થ માંસના ટુકડાના ઉત્પાતોનો ઇતિહાસ છે; તો આપણને અવશ્યમેવ આશ્ચર્યના સમુદ્રમાંજ ડૂબી જવું પડે.

માનવ–હૃદયમાં પ્રવૃત્તિ અને ઇંદ્રિયોના સંપર્કથી વખતોવખત જે સ્ફુર્તિ ઉત્પન્ન થતી રહી છે તેને મનુષ્ય, પોતાની રીતે ભવિષ્ય કાળમાં સ્થિર રાખવા માટે પરંપરાથી કહેતો અથવા લખતો આવ્યો

છે; અને આજે આ ઘટનાઓ તથા વિષયોને જોકે હજારો વર્ષ વ્યતીત થઈ ગયાં છે, તથાપિ એ અમર ઘટનાઓ જાણે આજેજ ઘટી હોય એવી તાજી જણાય છે.

શકુન્તલાનું આખ્યાન વાંચતી વેળાયે આપણે એ વાતને ભૂલી જઇએ છીએ કે, આજે એ ઘટનાને લાખો વર્ષ વ્યતીત થઇ ગયાં છે. આજે પણ આપણે શકુન્તલાને પ્રશાંત તપોવનમાં મુગ્ધા તપસ્વી કુમારિકા અને ત્યાર પછી પ્રેમમગ્ન યુવતીના રૂપમાં જોઇએ છીએ. 'રામલીલા'માં શ્રીરામની બાલમૂર્તિ અને 'રાસલીલા'માં શ્રીકૃષ્ણનાં બાલ્યચરિત્રોનાં અસંખ્ય ચિત્રો અને કાવ્યોને જોઇ-વાંચીને આપણને એમ લાગે છે કે, જાણે તેઓ કોઇ દિવસ વૃદ્ધજ થયા નહોતા!

એજ પ્રમાણે ભીષ્મ અને દ્રોણનાં નામોચ્ચારની સાથે ક્ષણવારમાં શ્વેત-કેશ-યુક્ત વિશિષ્ટ માનવમૂર્તિઓ આપણાં માનસ-ચક્ષુઓ સમક્ષ દેખાય છે અને તે મનમાં ચિરસ્થાયિની થઇને રહે છે. એ સર્વ વાસ્તવમાં સાહિત્યનોજ ચમત્કાર છે. તે કાળના સાહિત્યમાં જે લીટીઓ એક વાર ખેંચાઈ ગઇ, તે એવી તો અમીટ થઇ ગઇ છે કે, કાળનો પ્રભાવ પણ તેમને નથી જૂની બનાવી શકતો કે નથી તેમને ભૂંસી નાખી શકતો.

એમાં તો લેશમાત્ર પણ સંદેહ નથી કે, સાહિત્યનું નિર્માણ એવાંજ હૃદયોવડે થયેલું છે, જેમનાં મસ્તિક પૂર્ણ વિકાસને પ્રાપ્ત થયેલાં હતાં; તથાપિ કેવળ મસ્તિષ્કશક્તિનું પ્રાધાન્ય સાહિત્યને ચિરકાળ જીવિત રાખી શક્યું નહિ. જો આપણે સાહિત્યની આ દૃષ્ટિએ શોધ કરીએ કે, તેના કયા અંશોમાં હાર્દિક ભાવોનું પ્રાબલ્ય છે અને કયામાં મસ્તિષ્કના ભાવોનું પ્રાબલ્ય છે; તો એ જોઇને આપણને આશ્ચર્ય થશે કે, મસ્તિષ્કની પ્રબળ ભાવનાથી પરિપૂર્ણ સાહિત્ય તો અલ્પ કાળમાંજ નષ્ટ થઇ ગયું છે. અને એવી પ્રકારના સાહિત્યની ચર્ચા કેવળ ઇતિહાસની સહાયતા માટેજ કરવામાં આવતી દૃષ્ટિગોચર થાય છે. આથી વિપરીત સાહિત્યના જે અંશોમાં હાર્દિક ભાવનાઓ ઉન્નત અને વિકસિત છે, તે અંશો નિત્ય નવીન રૂપરંગ ધારણ કરનાર તથા ચિરવિકસિત પુષ્પદલની પેઠે, એવાજ તાજા, એવાજ ખીલેલા અને એવાજ રસ-ગંધ-યુક્ત રહેલા છે. તેમને જોઇને જોનારને એવોજ ભાસ થાય છે કે, જાણે તેમનું નિર્માણ આજેજ થયેલું છે!

આપણે એ વાતનો સ્વીકાર કરવીજ પડશે કે, સમાજ અને સંસ્કૃતિ અથવા સભ્યતા પર સાહિત્યનો બહુજ મોટો પ્રભાવ છે; અને એનું કારણ એજ છે કે, સમાજ અને સભ્યતાનું નિર્માણ માનવ-હૃદયની મૃદુલ ભાવનાઓ અને વાસનાઓનું કાર્ય છે, અને

તેનું નિર્માણ હૃદયના સાહિત્યની સહાયતા વડેજ કરવામાં આવેલું છે.

કોમળ કલ્પનાઓ અને મધુર ભાવનાઓ દ્વારા કવિ જે સજીવ સાહિત્યસૃષ્ટિનું નિર્માણ કરે છે, અને એ પ્રકારનું સાહિત્ય જ્યારે માનવ-હૃદયની સાથે સીધું ટક્કર ખાય છે; ત્યારે આપણને એમજ લાગે છે કે, હૃદયનું સમસ્ત જ્ઞાનમય અસ્તિત્વ તેમાંજ લીન થઇ જાય છે. ત્યાર પછી એજ હૃદય ઈંદ્રિયો પર મનદ્વારા શાસન કરાવે છે.

કવિત્વને ઉત્કર્ષ આપવામાં, પવિત્ર વિચારધારાના સ્રોતને વહાવવામાં અને હૃદયને અસંત શીઘ્ર આકર્ષવામાં, વેદના બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે. એથી જે કવિના આત્મામાં, સ્વરમાં, ભાવમાં, કલ્પનામાં સર્વત્ર વેદના છે, દર્દ છે તે કવિ, સમાજને એવું સાહિત્ય અર્પણ કરશે, કે જેના વાચન, મનન અને નિદિધ્યાસન વડે પવિત્રતા, કોમળતા અને ગંભીરતાનો સાર્વજનિક ઉદય થશે. જો સર્વસાધારણમાં પવિત્રતા, કોમળતા અને ગંભીરતા એ ગુણત્રયનો સ્વાભાવિક ઉદય થઇ જાય, તો એમ સમજી લેવું કે, એ માનવ-સમાજ માનવશ્રેણીમાં પરમોન્નત પદ પ્રાપ્ત કરી ચૂકયો છે. પરંતુ સમાજના દુર્ભાગ્યયોગે યદિ જેની સ્વરલહરીમાંથી વેદના ટપકતી હોય એવો કવિ પ્રાપ્ત ન થયો, તો પછી માનવહૃદયના એ કોમળ ભાવો મનુષ્યને શૃંગાર તરફજ દોરી જશે; અને જો તેમ થયું તો-સમાજ શૃંગારમાં નિમગ્ન થઇ ગયો તો-તે સ્થિતિમાં તેના સંયમ-જીવનની આશા રાખવી વ્યર્થ છે. જેમ જેમ ભાવગાંભીર્ય અને સૂક્ષ્મ દર્શનની વૃદ્ધિ થતી જશે, તેમ તેમ શૃંગાર ગહન અને તેની સાથે નગ્ન અથવા નિરંકુશ થતો જશે.

જેનો જન્મ અને વિકાસ મોગલોના વૈભવ અને ઉત્થાનની સાથે થયેલો છે, એવા ઉર્દૂ સાહિત્યનો વિચાર કરો. એ સાહિત્ય વેદનારહિત, ઉન્મત્ત શૃંગાર, આનંદ અને સુખનો અથાગ સમુદ્ર બની ગયો. આ સાહિત્યરૂપી સાગરમાં મોગલ-જાતિ, મોગલ-સામ્રાજ્ય, મોગલ-તખ્ત, મોગલ-રાજસત્તા; ટુંકામાં મોગલોનો યશ, વૈભવ અને અસ્તિત્વ સર્વસ્વ ડૂબી ગયું ! એમાં લેશમાત્ર પણ સંદેહ નથી કે, મોગલોના પતન અને દિલ્હીના તખ્તના વિધ્વંસનું ઉત્તરદાયિત્વ તત્કાલીન ઉર્દૂ-ફારસી સાહિત્યજ છે; કે જેમાં શરાબ, પ્રેમોન્માદ અને માશૂકની મેંહદી સિવાય બીજું કાંઇ પણ નહોતું. બળવાના ભાગ્યહીન દિવસોમાં મોગલ ખાનદાનની શાહજાદીઓ ૧૧ વર્ષની અવસ્થામાં અને શાહજાદાઓ ૧૪ વર્ષની અવસ્થામાં પ્રેમપાઠ પઢવા, અભિનય કરવા અને પતિત થવા લાગતા હતા. બીજી તરફ સાઠ સાઠ સિત્તેર સિત્તેર વર્ષના રાજદ્વારી પુરુષો, ચાવડી બજારના કોઠાઓ પર અને જ્યાં ત્યાં એવા અડ્ડાઓ પર યુવતીઓને પોતાની પૂર્ણ શક્તિથી ચૂમ્યા કરતા હતા.

શરાબ અને શરીરત અથવા બદમાશી તો જાણે ઉર્દૂ સાહિત્યની મૂર્તિમતી પ્રતિભા હતી. એ સાહિત્યે મોગલોને નામર્દ, રોગી, શક્તિહીન, કર્તવ્યહીન અને રાજહીન બનાવી દીધા.

મધ્યકાળના સંસ્કૃત-સાહિત્યને લ્યો. પુરાણોમાં લગભગ પ્રત્યેક દેવતાને વ્યભિચાર-લિપ્ત બતાવવામાં આવેલા છે. બ્રહ્માનું સ્વપુત્રીગમન, વિષ્ણુનો વૃન્દા સાથે વ્યભિચાર, શ્રીકૃષ્ણનું ગોપી-રમણ; મહાદેવનું કુત્સિત રૂપમાં સ્ત્રીઓની પાસે જવું વગેરે; અને ઋષિવર્ગોમાં, પરાશર મુનિનો કુમારિકા ધીવર કન્યા સાથે નૌકામાં વ્યભિચારકર્મ પ્રયોગ, કુમારિકા કુન્તીનું અનેક દેવતાઓના સહવાસ દ્વારા અનેક સંતાનો ઉત્પન્ન કરવાનું કર્મ; વગેરે કથાઓ હદ ઉપરાંત ગંદી અને હૃદયને કુત્સિત કરનારી છે. શિવપુરાણમાં એક સ્થળે લખ્યું છે કે, મહાદેવ અને સતી(પાર્વતી)ના લગ્નસમયે સતીનું મુખદર્શન કરવા માટે વૃદ્ધ બ્રહ્મા બહુજ આતુર થયા હતા; પરંતુ સતીનું મનોહર મુખ અવગુંઠન વડે આચ્છાદિત હોવાથી તેના દર્શનનો લાભ મળી શકે તેમ નહોતો; એ જોઇને બ્રહ્માએ એક યુક્તિ કરી. તેમણે લગ્નવેદિકામાં કેટલાંક લીલાં લાકડાં નાખી દીધાં, જેથી લગ્નમંડપમાં સર્વત્ર ધૂમાડો ભરાઇ ગયો. આ અવ્યવસ્થાનો લાભ લઇને બુઢ્ઢાજીએ સતીનો ઘુંઘટ દૂર હઠાવીને તેમનું મોઢું જોઇ લીધું! એક વાર જોઇને ન ધરાતાં તેનું વારંવાર અવલોકન કર્યું; જેના પરિણામે તેમનું મન ચંચળ બની ગયું અને તેનું તિરસ્કરણીય વિપરીત પરિણામ પણ આવ્યું! બ્રહ્માની એ ચાલાકી, એ વ્યગ્રતા અને એ પતન મહાદેવના જોવામાં આવી જતાં તેઓ ક્રોધાયમાન થઇને ત્રિશૂલ લઇ ધસ્કી બુઢ્ઢાજીને મારવા દોડયા. છેવટે અન્ય ઋષિઓએ મહાદેવને સમજાવીને તથા અનુનયવિનય કરીને શાન્ત કર્યા અને તેમના હાથમાંનું ત્રિશૂલ પાછું મુકાવ્યું!

વૃન્દાની કથામાં—જાલંધરવધ આખ્યાનમાં—પણ એવીજ મલિનતા જોવામાં આવે છે. ટૂંકામાં એ કથા એટલીજ છે કે, વૃન્દાના સતીત્વના પ્રતાપથી જાલન્ધર મરતો નહોતો, તેથી ભગવાન શ્રી વિષ્ણુએ તેની ગેરહાજરીનો લાભ લઇને તથા જાલંધરનું રૂપ ધારણ કરીને વૃન્દાના સતીત્વનો નાશ કર્યો. ઇન્દ્રે ગૌતમ ઋષિની પત્ની અહલ્યાને છળથી ભ્રષ્ટ કરી હતી; જ્યારે રજનીકાન્ત ચંદ્ર મહારાજે પોતાની ગુરુપત્ની પર બળાત્કારપ્રયોગ કર્યો હતો! જેમને બહુસંખ્ય હિંદુસમાજ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન તરીકે પૂજી રહ્યો છે, તે રસેશ્વર કૃષ્ણચંદ્રે તો એટલાં બધાં અદ્દભુત, લોકમર્યાદા અને લોકનીતિ વિરુદ્ધ કાર્યો કર્યાં હતાં કે, એ સર્વના ઉલ્લેખને માટે એક ખાસ લેખ લખવામાં આવે તોપણ, તેમનો પાર પામી શકાય કે નહિ, એ વિષે સંદેહજ રહે છે!

ઉપર વર્ણવેલું સાહિત્ય ધાર્મિક સાહિત્યના નામથી જનસમાજમાં પ્રચલિત થયેલું છે. પરંતુ એના પ્રચારથી સર્વસામાન્ય જનતાનાં હૃદયમાં પાપવાસનાની કેવી ભયાનક પ્રવૃત્તિ દૃઢમૂલ થઇ ગઈ છે, એ વાતનો વિચારશીલ સજ્જનોએ ગંભીરતાથી વિચાર કરવો જોઇએ. ધર્માચાર્યો પોતાને શ્રીકૃષ્ણના પ્રતિનિધિ અને પોતાની શિષ્યાઓને રાધા તરીકે ઓળખાવીને તથા તેમને રાધા અને કૃષ્ણના પ્રેમરહસ્યના પાઠો પઢાવીને, તેઓ સ્ત્રીઓના હૃદયમાં કેવા પ્રકારના કુત્સિત ભાવો જાગ્રત કરી શકે છે, એ બાબતનું જ્વલંત ઉદાહરણ 'ગોવિંદ-ભવન-કાંડ' છે.*

એવા મલિન સાહિત્યમાં દેવતાઓ અને ઋષિઓની પેઠે કેટલાક મહાપુરુષોનાં પાપકૃત્યોની પણ હિમાયત કરવામાં આવેલી છે. આ બાબતનાં ઉદાહરણ તરીકે હું વાચકવૃંદને શકુંતલા અને દુષ્યંતની વિશ્વવિખ્યાત અને મનોહર કથા સૂચવું છું. લેખકના મંતવ્યાનુસાર આ કથાના જેવી પાપકથા સંસારમાં બીજી કોઇ હોઈજ શકતી નથી. આ કથાની મૂલઘટના—જેના આધારે કવિકુલતિલક કાલિદાસે પોતાના 'અભિજ્ઞાન શાકુંતલ' નામક નાટકની રચના કરેલી છે-નીચે મુજબ છેઃ—

"દુષ્યંત નામનો રાજા મૃગયા ખેલતો ખેલતો થાકી જવાથી વિશ્રાંતિ અર્થે કણ્વ ઋષિના આશ્રમમાં જાય છે અને ત્યાં વિશ્રામ કરવાની ઇચ્છા ધરાવે છે. આશ્રમમાં ઋષિ નથી, તેમની પાલિતા ધર્મપુત્રી કુમારી શકુંતલા છે. તે (શકુંતલા) તે કાળના સૌથી પવિત્ર ધર્મ, અતિથિ-સત્કારનું આચરણ કરે છે. પરંતુ દુષ્યંત પોતાના અતિથિધર્મથી સર્વથા વિપરીત, પોતાનો સત્કાર કરનારી એક ઋષિકન્યા પર પાપદૃષ્ટિ નાખે છે; માત્ર એટલેથીજ ન અટકતાં, તે (દુષ્યંત) તેને (શકુંતલાને) ફસાવીને તેના કૌમાર્યનો પણ નાશ કરે છે અને પછી પોતાની રાજધાનીમાં ચાલ્યો જાય છે. કણ્વ બહારથી આવીને એ બધી ઘટના જાણે છે છતાં તે શાંત રહે છે; અને શકુંતલાને દુષ્યંત પાસે મોકલી દે છે. પરંતુ દુશ્યંત તેનો સ્વીકાર કરવાને બદલે સામાન્ય લંપટ પુરુષની પેઠે કહે છે કે, ચાલ હટ અહીંથી. હું તને ઓળખતો પણ નથી! તું કોઇ દુશ્ચરિત્રા અને ગળેપડુ સ્ત્રી લાગે છે!"

આ પાપકથાને પવિત્રતાનો ઓપ ચઢાવવા માટે કવિસમ્રાટ્ કાલિદાસજીએ 'દુર્વાસા-શાપ' અને 'ગાંધર્વ-વિવાહ'ની કલ્પિત સૃષ્ટિ ઉત્પન્ન કરી દીધી; બસ, એટલામાંજ બધું ખલાસ થઇ ગયું.

* 'ગોવિંદ-ભવન'ના વિશેષ રહસ્યને જાણવા માટે 'નાટક-સિનેમા અને પાખંડ પ્રકાશ' ની ૧૯૨૯-૩૦ ની ફાઇલમાં 'ગોવિંદ ભવનના ગોટાળા' નામક લેખમાળા જુઓ. પ્રયોજક

આવા પ્રકારનાં કવિકલ્પિત આખ્યાનો યદ્યપિ ધાર્મિક આખ્યાનો તરીકે તો નથીજ લેખાતાં, પરંતુ તેમની પ્રાચીનતા અને ગૌરવના પ્રતાપે તે સમાજના ચારિત્ર્ય પર બહુજ પ્રભાવ પાડે છે.

× × × ×

કોઇ પણ ભાષાના ઉદીયમાન સાહિત્યમાં યદિ ઉદ્દંડ સાહિત્યના હૃદયને મલિન કરનારા ભાવો ભરવામાં આવે, તો સાહિત્યસેવકોનું એ કાર્ય તે ભાષાભાષી જનતાના સર્વનાશમાંજ આવે, એમાં લેશમાત્ર પણ સંદેહ નથી.

જો કોઇ પણ ભાષાના સાહિત્યમાં માનવહૃદયની વીરતા, દયા, સહાનુભૂતિ અને કરુણાના ભાવોને ઉત્તેજિત કરનારા વિષયો-એ વિષયો પર લખાયલા ગ્રંથો નહિ હોય, તો તે ભાષાનું સાહિત્ય તે ભાષાભાષી જનતાની જાતીયતાનો, એક ભયાનક અને ગુપ્ત (ન જોઇ શકાય એવા) શસ્ત્રની પેઠે, સર્વનાશ કરી દેશે.

એ વાત પણ પ્રકટ છે કે, કોઇ પણ ભાષાના વિદ્વાન પુરુષો કરતાં તે ભાષાભાષિણી સ્ત્રીઓનો અધિકાર સ્વાભાવિકજ વિશેષ હોય છે. એનો અર્થ એ છે કે, પુરુષો તો સ્વભાષા અથવા માતૃ-ભાષા ઉપરાંત સંસારની બીજી ભાષાઓ પણ જાણતા હોય છે, તેથી તેમની વિચારશ્રેણી પર અન્ય ભાષાઓના વિદ્વાનોનો પ્રભાવ પડવો સહજ છે; જ્યારે સ્ત્રીઓનો મોટો ભાગ સ્વભાષા સાથેજ સંબંધ ધરાવતો હોવાથી તેઓ મૌલિક ભાવનાઓથી પૂર્ણ હોય છે. એ ઉપરાંત માનવહૃદયના સ્વાભાવિક ગુણો દયા, લજ્જા, પરોપકાર, ત્યાગ અને પ્રેમ, પુરુષો કરતાં સ્ત્રીઓમાં વિશેષરૂપે જોવામાં આવે છે. એવી દશામાં જે હળવું અને સરળભાષાયુક્ત સાહિત્ય સ્ત્રીસમાજ-ની પાસે પહોંચે છે, તેના ઉત્પાદકો પર સ્ત્રીઓની ઉપર વર્ણવેલી કોમળ અને સ્વાભાવિક ભાવનાઓને સંસ્કૃત કરવાની ગંભીર જવાબ-દારી રહેલી હોય છે. સ્ત્રીઓના હાથમાં જનારા એ હળવા સાહિત્ય-ના ઉત્પાદકો, જો પોતાની જવાબદારી યથાર્થ રીતે નહિ સમજે, તો તે સાહિત્યના અવલોકનથી સ્ત્રીઓ દેવી થવાને બદલે રાક્ષસી અથવા પિશાચિની થઇ જશે. સમાજના કલ્યાણ અર્થે આપણને એવા સાહિત્યની આવશ્યકતા છે, કે જે આપણાં હૃદયોને વીર, સાહસી, ત્યાગી, બલિદાન અર્થે ઉત્કંઠિત અને નમ્ર કિંતુ પવિત્ર ભાવના-ઓથી યુક્ત બનાવે. ઉપનિષદો અને દર્શનશાસ્ત્રોના સાહિત્યે એક વાર આર્યજનતાને ઋષિપદ આપ્યું હતું. ભારતમાં એક એવો પણ કાળ હતો, કે જ્યારે પથ્થર ફોડનારાઓ, હળ ખેડનારાઓ અને વસ્ત્ર-વ્યવસાય કરનારાઓ, અધ્યાત્મ તત્ત્વના જ્ઞાતા હતા. એથી સર્વથા વિપરીત આજનો યુગ છે કે જેમાં રાજાથી લઇને રંક સુધી અને વિદ્વાનથી લઇને મૂર્ખ સુધી હલકામાં હલકી શ્રેણીનું અધ્યાત્મજ્ઞાન

પણ ધરાવતો નથી.

વીરતા, જીવનરૂપી પાંસળીનું હાડકું છે; ખાસ કરીને જાતિઓને માટે તો વીરતા એ હૃદયનું એક ભૂષણ છે. એટલા માટેજ વીરતાયુક્ત અથવા વીરતાપ્રેરક સાહિત્યની આજે સમાજને ખાસ જરૂર છે.

રાજપૂતાનાના ઇતિહાસમાંથી આપણને થોડુંક એવું સાહિત્ય ઉપલબ્ધ થાય છે, જેણે હજારો મનુષ્યોનાં હૃદયોમાં વીરતાની ભાવનાઓનો ઉદય કર્યો હતો. જે સમયે વીરતા અને પરાર્થ આત્મબલિદાન, રાજપૂત જાતિના જીવનવ્યવસાય સમાન લેખાતાં હતાં, તે વેળાએ વીરતાને ઉત્તેજન આપનારી એક નવીન જાતિજ તૈયાર થઇ ગઇ હતી, જેને ચારણ અથવા ભાટના નામથી ઓળખવામાં આવતી હતી. આ ચારણ જાતિએ ૧૧ મી સદીથી લઇને ૧૮ મી સદીના છેવટના ભાગ સુધીના કાળમાં જે સાહિત્યનું નિર્માણ કર્યું છે, તેનો જો આજે સંગ્રહ કરવામાં આવે અને તેને તેના સંશોધિત સ્વરૂપમાં આધુનિક જનતા તેને સમજી શકે એટલા માટે પ્રકાશિત કરવામાં આવે; તો તે, આજના રાષ્ટ્રીય જાગૃતિના વાતાવરણમાં ભારતીય જનતાને વીરતાના ભાવોથી ભરી દેવા માટે પર્યાપ્ત છે, એવી મારી દૃઢ માન્યતા છે.

મારી માન્યતા અનુસાર વીરતા, સાહસની પરાકાષ્ઠાનુંજ નામ છે. વીરતાને માટે શારીરિક બળ એક સાધન અવશ્ય છે, પરંતુ કેવળ શારીરિક શક્તિ પ્રાપ્ત કરવા માત્રથી વીરતા આવી જાય છે એમ નથી. આના ઉદાહરણ તરીકે હું મારા અનુભવમાં આવેલી એક ઘટનાનો અત્રે ઉલ્લેખ કરવાનું ઉચિત ધારૂં છું.

એ દિવસે કોર્ટમાં મારે કાંઇક કામ હતું. ત્યાં જઇને જોયું તો, અદાલતના કમ્પાઉંડમાં લોકોની મોટી ભીડ જામી હતી. પોલીસ તથા તેમના ઉપરી અમલદારો પણ જલદી જલદી આવાગમન કરી રહ્યા હતા. પહેરાવાળાઓ પણ બહુ સાવચેતીથી પહેરો ભરી રહ્યા હતા. જાણે કે કોઇ વરિષ્ટ અમલદાર અથવા ગવર્નર કે વાઇસરોય આવવાનો હોય, એવુંજ ત્યાંની ધમાલ જોઇને અનુમાન કરી શકાતું હતું.

"શું આજે અહીં વાઇસરૉય સાહેબ આવવાના છે?" મેં ત્યાં એકઠા થયેલા લોકોને પૂછ્યું.

"નહિ, આજે પેલા કાળા લૂંટારાનો કેસ છે, જેણે ગઇકાલે નદીના પૂલ પર પોલીસ પર ગોળી મારી હતી." એક માણસે ખુલાસો કર્યો.

તેને જોવાની મારી ઉત્કંઠા વધી; એક ધીમો અવાજ થયો. હજારો માણસોએ સ્તંભિત થઇને જોયું કે, એક તદ્દન દુબળો પાતળો, કાળા રંગનો, ઠીંગણા કદનો, ખુલ્લા શરીરવાળો અને રૂમાલ વડે પોતાના મોઢાને છુપાવેલો માણસ સખ્ત બેડીઓના કારણથી

ધીમે ધીમે ચાલતો, સાંકળો વડે બંધાયલો; બીજા ચાર જવાનોની સાથે હથિયારબંધ પોલીસના સખ્ત પહેરા નીચે અદાલતમાં દાખલ થઇ રહ્યો હતો.

"તેં કેટલાંક ખૂન કર્યાં છે?" માજીસ્ટ્રેટે તેને પૂછ્યું.

"એંશીથી ઉપર" તેણે બેદરકારીથી જવાબ દીધો.

"કેટલી લૂંટફાટો કરી છે?" માજીસ્ટ્રેટે બીજો સવાલ પૂછ્યો.

"દોઢસોથી વધારે." તેણે કહ્યું.

"આ કામો માટે તું પીસ્તોલ ક્યાંથી મેળવે છે?" માજીસ્ટ્રેટે ત્રીજો સવાલ પૂછ્યો.

"કંપની બાગમાંનાં વૃક્ષો પરથી મળી આવે છે. પાકનો ઇજારો લઇ લઇએ છીએ, રાત્રે રિવોલ્વરોની જાણે વૃષ્ટિ થાય છે. એજ બંદૂકોની મદદથી હું લૂંટફાટ કરૂં છું."

"તારા સાથીઓ અથવા મદદગારો કોણ કોણ છે?"

"ઘણાય છેઃ જજો છે, વકીલો છે, બૅરિસ્ટરો છે; અંગ્રેજો છે, મુસલીમો છે, હિંદુઓ છે; પોલિસના સિપાહીઓ ને ઑફિસરો છે; શું બધાનાં નામ આપવાં પડશે?"

મૃત્યુ–અને તે પણ ફાંસીની મારફત થનારા મૃત્યુ–ના માર્ગ પર ઉભો રહીને એ અભણ, દુર્બળ કુરૂપ અને નગણ્ય ધાડપાડુ જે વેળાએ નાનાં બાળકોની પેઠે નિશ્ચિત ભાવથી ગૌરાંગ માજીસ્ટ્રેટ સમક્ષ ઉપર જણાવેલ વાણીવિનોદ કરી રહ્યો હતો, તે વેળાયે મારા મનમાં તેને છાતી સાથે લગાડવાની ઇચ્છા ઉત્તરોત્તર પ્રબળ થઇ રહી હતી. છેવટે મેં થોડાંક સહાનુભૂતિનાં અશ્રુઓ તો તેને અવશ્ય સમર્પિત કર્યાં.

શું ઉપર વર્ણવેલા ડાકુનું હૃદય 'વીર' કહેવડાવાને યોગ્ય નહોતું? એજ હૃદયની વિવેચના કરવાનો મારો આશય હતો. એક સમયે ભારતમાં હૃદયની એજ શક્તિ સામ્રાજ્ય ભોગવી રહી હતી; એ હૃદયને કાળના વીર કવિઓ–ચારણો–ના ઉત્સાહપ્રેરક તથા વીરતા-ઉદ્દીપક કાવ્યસાહિત્યનો પૌષ્ટિક ખોરાક પણ મળતો હતો. તેઓ એ વીર સાહિત્યની યોજના તીક્ષ્ણ તલવારોની ધાર પર ઉભા રહીને કરતા હતા, એમ કહેવામાં આવે તો તેમાં અતિશયોક્તિ નથી.

સંક્ષેપમાં કહેવાનું તાત્પર્ય એજ છે કે, આપણે સમસ્ત દેશ અને જાતિનાં હૃદયોને પવિત્ર, વીર અને કર્મનિષ્ઠ બનાવનાર સાહિત્યનોજ પ્રચાર કરવો જોઇએ; જેના અવલોકન તથા મનનના પ્રતાપે મનુષ્યમાત્રના હૃદયમાં ઉક્ત સદ્‌ગુણ-ત્રિપુટીનો ઉદ્‌ભવ થાય. આશા છે કે, નૂતન વર્ષના માંગલિક પ્રસંગે ગુર્જર સાહિત્યોદ્યાનના રસિક જનો ગુર્જર ગિરાના સાહિત્યસર્જનમાં વીરતાપ્રેરક સાહિત્યના

સર્જનનો આદર્શ સદૈવ પોતાનાં માનસચક્ષુએ સમક્ષ રાખી પોતાના કર્તવ્યનું પાલન કરી દેખાડશે. ×

(તા. ૮-૧૧-૧૯૩૧ ના "એ ઘડી મોજ"ના દીપોત્સવી અંકમાંથી)

૧૧-शाळाशिक्षण अने बर्नार्ड शो

સવાલજવાબરૂપે

(અનુવાદકઃ-શ્રી. માધવસિંહ કૃષ્ણદાસ ભીમાણી)

સવાલ—નિશાળમાં તમારો પ્રિય વિષય કયો હતો? નિશાળ છોડયા પછી કયા વિષયે તમારા જીવન પર સવિશેષ અસર કરી છે?

જવાબ—નિશાળમાંનો કોઈ પણ વિષય મને પ્રિય ન હતો. મને તો એ નિશાળરૂપી ભયંકર કેદખાનાની બહારજ રાખતા.

સવાલ—તમારી પ્રિય રમત કઈ હતી?

જવાબ—ખાસ કોઈ ન હતી, છતાંય ઘોંઘાટભરેલી ને મારામારીવાળી રમતો રમવી મને ઘણી ગમતી.

સવાલ—વિદ્યાર્થીજીવનમાં કયા પુસ્તકે તમારા મગજ પર છાપ પાડી છે?

જવાબ—નિશાળના ચળવાતાં પુસ્તકો સિવાયનાં અનેક પુસ્તકો મેં વાંચ્યાં છે. મને યાદ છે ત્યાં સુધી નાનપણમાં "અરેબીઅન નાઇટ્સ" ને એવીજ જાતની ચોપડીઓમાં મને ઘણો રસ પડતો.

સવાલ—તમે તમારા શિક્ષકને સતાવતા ખરા?

જવાબ—ના. કારણ કે ૧૫ વર્ષની વયે મેં નિશાળ છોડી દીધી હતી.

સવાલ—તમારૂં વિદ્યાર્થીજીવન તમને પાછું લાધે એવી કામના તમારા મનમાં કોઇ વાર જન્મે છે ખરી?

જવાબ—સજા ભોગવી છૂટેલો માણસ બીજી વાર સજા ભોગવવાનું પસંદ કરે ખરો? જે છોકરાઓ ઘરમાં રહેવા કરતાં અથવા બહાર ફરવા કરતાં નિશાળે જવું વધુ પસંદ કરે છે, તેઓ માબાપ કરતાં શિક્ષકથી વધુ ડરતા હોય છે.

સવાલ—પરીક્ષા માટે ચિંતાતુર રહેવું આવશ્યક છે ખરૂં?

× આ લેખમાં મેં કેટલેક સ્થળે મૂળ લેખમાંની હિંદી ભાષા સાથેજ સંબંધ ધરાવનારી વિગતોને છોડી દીધી છે અને કેટલેક સ્થળે તેમને ગુજરાતી ભાષા સાહિત્યની પરિસ્થિતિનું રૂપાન્તર આપવાનો પ્રયાસ કરેલો છે. મૂળલેખકનાં સર્વે મંતવ્યો સાથે હું સંમત છું, એમ માની લેવાની ભૂલ સાહિત્યકારોએ ન કરવી. પ્રયોજક

જવાબ—જરાય નહિ. બીજાઓ ઇંતેજાર રહી પોતાના મગજને નુકસાન કેમ પહોંચાડતા હશે તેની મને નવાઇ થાય છે. મેં તો પરીક્ષા માટે ચિંતા ન કરી મારું મગજ બચાવ્યું છે. હું તો હાલની કેળવણીનીજ વિરુદ્ધ છું.

સવાલ—વિદ્યાર્થીઓને અત્યારે જે છૂટાપણું આપવામાં આવે છે તે અગાઉના કરતાં વધારે સારું છે?

જવાબ—એ બાબતની મને ખબર નથી. મારા વખતમાં હદબહાર સખ્તાઇ નહોતી, કે નહોતું હદબહાર છૂટાપણું. કોઇ વેળા અમને વાંચવાનું ને કોઇ વેળા શાન્ત બેસવાનું કહેવામાં આવતું. તેમ ન કરતા તો માર પડતો અથવા નિશાળમાં વધુ રોકાવું પડતું.

સવાલ—હમણાંની કેળવણીમાં તમને કયાં ખામી લાગે છે?

જવાબ—હમણાંની કેળવણી બાળકોને જંગલી જનાવર ગણીને તેમને કેળવે છે. મોટે ભાગે નિર્દય રીતે ભણાવવામાં આવે છે અને ગોખણપટ્ટીવાળી બાબતોનેજ મુખ્યત્વે અભ્યાસક્રમમાં સ્થાન અપાય છે. પણ ખરૂં જોતાં તો જીવનમાં ઉપયોગી નીવડે એવાજ વિષયો નિશાળમાં શીખવવા જોઇએ.

સવાલ—પ્રાથમિક કેળવણી લઈ લીધા બાદ ઉચ્ચતર કેળવણીની દરેક જણને જરૂર ખરી?

જવાબ—તેનો આધાર તો તમો ઉચ્ચતર કેળવણી કોને કહો છો તેના પર રહે છે. મારો મત છે કે, એવી કેળવણી અપાવી જોઇએ, કે જેથી માણસ ઉદ્યમી બને ને ઉદ્યોગોમાં ફાવી શકે અને જેથી તે ભવિષ્યમાં ભૂખે ન મરે. આ પ્રકારની કેળવણી અત્યારે પણ જે દેશોમાં અપાય છે તે દેશો સુખી છે.

સવાલ—કન્યાકેળવણી કેવી હોવી જોઇએ? છોકરીઓને કેટલી ઉંમર સુધી ભણાવવી જોઇએ?

જવાબ—પુરુષ ને સ્ત્રીનાં કાર્યક્ષેત્રો તો જુદાંજ છે; છતાં પુરુષે અમુક અંશે સ્ત્રીનું ને સ્ત્રીએ અમુક અંશે પુરુષનું કાર્ય શીખવું ઘટે કે જેથી એકબીજાની ગેરહાજરીમાં જીવનવ્યવહાર સરળતાથી ચાલી શકે.

("નવચેતન"ના એક અંકમાંથી)

૧૨–રશિયાનાં ક્રાન્તિકારી નાટકો અને ફિલ્મો

(મૂળલેખિકા:–શ્રીમતી અગ્નેસ સ્મૈડલે)

ઇંગ્લાંડના સુપ્રસિદ્ધ વિચારક બર્ટ્રેન્ડ રસલ એક ઠેકાણે લખે છે કે "ચીનની પેઠે રશિયા પણ કલાકારો–આર્ટીસ્ટોનો દેશ છે. હું કેવળ કેળવાયલા આર્ટીસ્ટોની વાતો કરતો નથી, છતાં આ દેશોના ઉચ્ચ કોટિના આર્ટીસ્ટ અત્યંત પ્રશંસાને પાત્ર છે. રશિયા અને ચીન, એ બન્ને દેશની સામાન્ય જનતાના જીવનમાં કલા અને સૌંદર્યે ઘર કર્યું છે. રશિયન ખેડુતો અને ચીની મજૂરોના હૃદયમાં કલાને માટે સ્થાન છે. તેઓ એવાં તો સારાં ગ્રામ્યગીતો રચે છે, જે શ્રવણ કરતાં આપણું હૃદય ડોલવા માંડે."

ઑસ્ટ્રીયા, જર્મની આદિ દેશોના લોકો જેમને રશિયન નાટકો અને ફિલ્મો જોવાનો અવસર અવારનવાર પ્રાપ્ત થયા કરે છે, તેઓ આ વાતનું સમર્થન કરી શકે. અમને રશિયન ફિલ્મ, રશિયન નાટકો, રશિયન સાહિત્ય અને રશિયન ગ્રામ્ય નૃત્ય જોવાનું ખૂબ મળે. રશિયાનું ઉચ્ચ કોટિનું સાહિત્ય આજે સર્વ દેશોમાં, જ્યાં કલા અને સૌંદર્યનું સન્માન છે, ત્યાં વંચાય છે. રશિયાની ફિલ્મોના જેવી ફિલ્મો આજે યુરોપ, અમેરિકા અને એશિયામાં પણ મળી નથી શકતી. રશિયન ફિલ્મોમાં "પૌટૈમકિન" આજે જગતની સર્વોત્તમ ફિલ્મ ગણાય છે. જર્મની અને અમેરિકામાં એની નકલ કરવાના ખૂબ પ્રયત્નો કરવામાં આવ્યા, પરંતુ અસલ તે અસલ અને નકલ તે નકલ રહી. મેકસીમ ગોર્કીની લખેલી "મધર" કિંવા "માતા" નામની ફિલ્મનું સૌંદર્ય અને રચનાકૌશલ્ય અજોડ છે. આની પહેલાં કાઉન્ટ લીઓ ટૉલસ્ટોયની "પાલી કુશ્ક" નામની દુઃખાન્ત ફિલ્મ પણ અતિ હૃદયવિદારક અને પ્રભાવશાલી સિદ્ધ થઇ ચૂકી હતી.

રશિયન ગ્રામ્ય ગીતોમાં વિષાદનો જે મર્મ મળી આવે છે અને તેમના નાટ્યમંદિરોનાં ગાયનો જેનો અવાજ એક વાર સાંભળ્યા પછી ફરી ભુલાતો નથી, તે આ વાતનું પ્રબળ પ્રમાણ છે કે રશિયાની જનતા કલાપ્રેમી છે. જેઓએ રશિયાના ખેડુતો અને મજૂરોને કામથી નિવૃત્ત થયા પછી આરામને વખતે ગાતાં–વગાડતાં જોયા અથવા સાંભળ્યા હશે, તેઓ તે દૃશ્યને જીવનભર નહિ ભૂલશે. રશિયાનાં ગ્રામ્ય–વાજીંત્રોની મધુરતા શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી મૂકે છે. રશિયન નૃત્ય પણ મોહક હોય છે. તે જોનારના હૃદયના તાર ઝણઝણાવી મૂકે છે.

લગભગ બે વર્ષ પૂર્વે રશિયાની એક સુપ્રસિદ્ધ નટી શ્રીમતી લ્યૂતેસચરસ્કી સાથે વાતચીત કરવાની મને તક મળી હતી. એ

સોવિયેટ સરકારના કેળવણી વિભાગના મંત્રીનાં ધર્મપત્ની થાય છે.

એ સુંદર, મિષ્ટભાષી અને પ્રભાવશાળી મહિલા છે. એનો હાવભાવ, ચાલઢાલ, શિક્ષા-સંસ્કૃતિ સર્વમાંથી રશિયાપણું ટપકે છે. રશિયામાં આજે સાહિત્ય અને નાટકકલાનો રશિયાના ખેડૂતો અને મજૂરોની કેળવણી તેમજ સંસ્કૃતિ સાથે ઘણો ગાઢ સંબંધ છે. આજકાલ રશિયામાં એવાં કેટલાંયે સુશિક્ષિત સ્ત્રી-પુરુષો મળી આવશે, જેઓ રશિયાના સાધારણ જનસમૂહ સાથે એટલાં હળીમળી ગયાં છે કે તેઓમાં અને સામાન્ય લોકોમાં જરા પણ ફરક જણાતો નથી. તેઓ પોતાને મોટા અને ખેડુત-મજૂરોને નાના સમજતા નથી; રશિયામાં સામ્યવાદ પ્રચલિત છે.

રશિયામાં મજૂરોની અસંખ્ય ક્લબો છે. રશિયાનો ખેડુત અને મજૂર સમાજ સારાં સારાં નાટકો જોવા માટે ઘણો ઉત્કંઠિત રહે છે. આથી ત્યાં ક્લબો અને ક્લબના નાટક-વિભાગની સંખ્યા વધતીજ જાય છે. આ ક્લબો દ્વારા રશિયાનું ઉચ્ચ કોટિનું સાહિત્ય દૃશ્ય-કાવ્યના રૂપમાં ગરીબમાં ગરીબ મનુષ્યના કાને પણ જાય છે. સાથે સાથે તેમને શિક્ષણ પણ મળે છે. રશિયાની રાજનૈતિક ક્રાન્તિના કારણે રશિયન ખેડુતો અને મજૂરો પોતાની શક્તિ પીછાનતા થયા છે, તેમજ પોતાના માનવ અધિકારો પણ જાણી ગયા છે. તેઓની આ જાગૃતિ ક્રાન્તિકારી નાટકોના પ્રચારમાં બહુ સહાયક સિદ્ધ થઇ છે. ક્રાન્તિ પછી થીએટરોમાં જનાર માણસો પણ બદલાઇ ગયા છે.

પહેલાં ધનવાનો અને વ્યાપારીઓ પોતાની કુરુચિપૂર્ણ વાસનાઓને તૃપ્ત કરવાને સુંદર નાઝનીઓના નગ્ન જાંગો જોઇને પોતાના ગંદા મનને બહેલાવવા થીએટરોમાં જતા હતા, પરંતુ રશિયામાંથી એ જમાનો સદાને માટે ચાલ્યો ગયો છે. હવે તો ત્યાં ખેડૂતો અને મજૂરો પોતાનાં જાડાં વસ્ત્રો પહેરી નાટકો જોવા જાય છે અને પોતાના જીવનના પ્રશ્નો નાટકના રૂપમાં જુએ છે. રશિયન પ્રજાને ક્રાંતિકારી નાટકો જોવાનો શોખ છે; કે જેના માટે પોતાનું જીવન અર્પણ કરવા આજે પણ તૈયાર છે.

શ્રીમતી લ્યૂનેસચરસ્કી કહે છે કે, રશિયાનાં નાટકો અને સાહિત્યમાં હવે 'રિયાલિઝમ'(વાસ્તવિક જીવન)ને જેમનું તેમ રજુ કરવાની પ્રવૃત્તિ વખણાય છે. ક્રાન્તિ અગાઉ રશિયન નાટકકારો પોતાનાં નાટકોમાં પૃથ્વીના દેખાવો છોડીને સ્વર્ગના દેખાવો બતાવ્યા કરતા હતા, જે તેમની કલ્પનામાંજ ફક્ત વિદ્યમાન હતા! પરંતુ આજે તેની આવશ્યકતા નથી રહી. ગોર્કી આ નવીન જાગૃતિનો નેતા છે. ગોર્કી ક્રાન્તિના આગલા યુગનો લેખક છે, પરંતુ એનો દેહ અને આત્મા ઉભય રશિયાનાં ગામોમાં ઉછર્યાં છે. આથી એ મજૂરો

અને ખેડૂતોના જીવનની મુશ્કેલીઓ, તેમની અજ્ઞાનતા તથા જ્ઞાન-પિપાસાને સારી રીતે પીછાને છે.

ધનવાનોના ભ્રષ્ટ આત્માઓ જે વ્યસનોત્સવો અને કામોદ્દીપક વાતો માટે આતુર રહે છે, તે માટે ખેડુતો કે મજૂરો ઉત્સુક રહેતા નથી; અને ન તો એ વસ્તુઓ તેઓનાં હૃદય અને આત્માની પ્યાસને બુઝાવી શકે છે. રશિયાની જનતા આ પૃથ્વીના જીવતાજાગતા પ્રશ્નોને નાટકના રૂપમાં જોવા ઇચ્છે છે. તેઓ આ નવા સંસારનાં દૃશ્યો, જેને લાવવા તેમના પૂર્વજોએ સંગ્રામ કર્યો અને જેના માટે તેઓ પોતે પણ પોતાનું જીવન અર્પણ કરી રહ્યા છે, તે જોવા ઉત્સુક છે. તેઓ કેવળ રશિયાનાંજ નહિ, પણ અન્ય દેશોની ક્રાન્તિનાં નાટકો જોવાના શોખીન છે. ચીનનાં આ કોટીનાં નાટકો પણ ત્યાં બતાવવામાં આવે છે.

"ચીનની સિંહગર્જના" એ નામનું ચીનની ક્રાન્તિનું નાટક રશિયન પ્રજાને બહુ પ્રિય છે.

મોસ્કોમાં સોવિયેટ સરકારની એક રાજનૈતિક જાગૃતિપ્રચારક સંસ્થા છે; તેનો મોસ્કોનાં નાટ્યગૃહો સાથે ઘનિષ્ઠ સંબંધ છે. આ સંસ્થાએ નાટકવાળાઓને ખેડુતો અને મજૂરોના સંસર્ગમાં આવવા માટે અધિક પ્રયત્ન કરવાની ભલામણ કરી છે. નાટકો તથા ફિલ્મોના પ્રબંધ, સંચાલન ઇત્યાદિમાં સાધારણ જનતા–ખેડુતો અને મજૂરોને અધિકાધિક લાવવા માટે પણ આજ્ઞા આપવામાં આવી છે. રશિયાનાં નાટ્યગૃહો સામાન્ય જનતાના શિક્ષણ અને સંસ્કૃતિના અંગ બને એ આ સંસ્થાનો ઉદ્દેશ છે.

ગોર્કીની "માતા" નામની ફિલ્મનો મુકાબલો કરી શકે એવી હાલ તો કોઇ ફિલ્મ સંસારભરમાં મોજૂદ નથી. 'કવિ અને ઝાર' નામની ફિલ્મ પણ સરસ છે.

હિંદુસ્થાનમાં રશિયાની ફિલ્મો બતાવવામાં આવતી નથી, એટલે આપણને તેનો કાંઇ ખ્યાલ આવી ન શકે. આ ફિલ્મો સામાજિક અને રાજનૈતિક દૃષ્ટિબિંદુથી તો ક્રાન્તિકારી છેજ, પણ સાથેસાથે કલાની દૃષ્ટિએ પણ ક્રાન્તિકારી છે.

જે ફિલ્મો જનતાની ખરાબમાં ખરાબ વાસનાઓ તૃપ્ત કરવા બનાવવામાં આવે છે, તેનાથી આ ફિલ્મો સાવ જુદી છે.

રશિયાની ફિલ્મોમાં ઉચ્ચ કોટિની કલા વિદ્યમાન છે; કેમકે તે ધનવાનો માટે નથી, બલ્કે તે લાખો ખેડુતો અને મજૂરોની જાગૃતિ માટેજ બહાર પાડવામાં આવે છે.

કેટલાકો બલ્કે ઘણાઓ એમ કહેતા ફરે છે કે "ભાઇ શું કરીએ ? જનતાને આવું જોઇએ છે." પણ ખરૂં પૂછો તો જનતાનો ખ્યાલ કરવામાં આવતો નથી, પરંતુ ફિલ્મ બનાવનારની કુરુચિનો

ખ્યાલ કરવામાં આવે છે.

જર્મનીમાં જ્યારે રશિયન ફિલ્મો બતાવવામાં આવે છે, ત્યારે ટિકિટ ખરીદવા માટે લોકો તૂટી પડે છે. આ જબ્બર ધસારો રશિયન ફિલ્મની લોકપ્રિયતા બતાવે છે.

જે દેશ ધનવાનોના હાથમાં છે, તેમાં નવીન કલાની ઉન્નતિ થઇ શકતી નથી. જ્યાં લગી આ લોકો, જે બીજાની મહેનત પર મોજ કરી રહ્યા છે, તેમને દૂર કરવામાં ન આવે અને કલાની પ્રતિષ્ઠા સાધારણ જનતાની રુચિના આધારે નહિ કરવામાં આવે, ત્યાં લગી નાટકો તથા ફિલ્મોની ઉન્નતિની આશા રાખવી વૃથાજ છે. એક સામ્યવાદી સમાજ કેટલી ઉચ્ચ કોટિની કલાનું નિર્માણ કરી શકે છે અને સંસાર સામે કેવી રીતે એક નવીન આદર્શ ઉપસ્થિત કરી શકે છે, એ આપણને રશિયાનાં નાટકો અને ફિલ્મો બતાવી રહ્યાં છે.

("નવચેતન" ના એક અંકમાંથી)

૧૩–સાધુઓનો સાધુ !!

(લેખકઃ-ઝવેરી મૂળચંદ આશારામ વૈરાટી)

એક સાધુએ સાધના સાધવા અને ઇશ્વરને પ્રાપ્ત કરવા ઘણાં કઠિન તપ તપવામાં થિબેટની એક ગુફામાં છ વર્ષ ગાળ્યાં. અને પ્રાર્થના કરી કે, હે પ્રભુ! મને મારા આદર્શ સમો કોઇ ઉત્તમ મહાપુરુષ બતાવો કે જેનું અનુકરણ કરી હું મારી સાધનામાં આગળ વધું.

જે દિવસે તે આવું ચિંતન કરતો હતો તેજ રાત્રે એક દેવદૂત તેની પાસે આવ્યો અને બોલ્યો કે, જો સદ્ગુણી અને પવિત્રતામાં સૌના મુગટમણિ બનવાની તારી ઇચ્છા હોય તો પેલો મસ્ત બારોટ કે જે કવિતા ગાતો અને ભિક્ષા માગતો જ્યાં ત્યાં હડધૂત થાય છે અને હડસેલા ખાય છે તેનું અનુકરણ કર. આ સાંભળી જેણે કઠિન તપશ્ચર્યા કરી છે તેવો પેલો સાધુ મનમાં ખૂબ ગુસ્સે થયો. પણ દેવદૂતનું વચન છે તેમ માની ગુસ્સામાં ને ગુસ્સામાં પેલા બારોટની શોધમાં નીકળ્યો. અને એ બારોટને શોધી કાઢી બોલ્યો કે, અલ્યા બારોટ! તેં એવાં તે શાં સત્કર્મ કર્યાં છે કે ઈશ્વર તારા ઉપર આટલા બધા પ્રસન્ન છે?

બારોટે આ સાધુને નમન કર્યું અને ઉત્તર આપ્યો કે, પવિત્ર મહાત્મા! મારી મશ્કરી કરો નહિ. મેં કાંઇ સત્કર્મ કર્યાં નથી. મેં કાંઇ તપશ્ચર્યા કરી નથી. મેં કાંઇ પ્રાર્થના કરી નથી. હું તો માત્ર

કવિતા ગાઉં છું અને લોકોને આનંદ આપું છું. તેમ કરતાં જે કાંઇ ટુકડો રોટલો મળે છે તે ખાઈ સંતોષ માનું છું. તે સાધુએ ફરી તેને આગ્રહપૂર્વક કહ્યું:–ના ના! તેં કાંઇ સત્કાર્ય જરૂર કર્યું હોવું જોઈએ. બારોટે પ્રત્યુત્તર વાળતાં કહ્યું: "મહારાજ! કાંઇ સત્કાર્ય કર્યું હોય તેમ મારી જાણમાં નથી."

આથી સાધુએ ફરી તેને પૂછ્યું: ત્યારે કહે જો! તું ભિક્ષુક શી રીતે બન્યો? શું તેં ઉડાઉપણે તારા પૈસા ખર્ચી નાખ્યા? કે વ્યસનીપણામાં તારી આ હાલત થઇ?"

બારોટ કહેવા લાગ્યો કે, મેં ઉડાઉપણામાં પૈસા ખરચી નાખ્યા નથી કે વ્યસનીપણાના લીધે હું ભિક્ષુક બન્યો નથી. પરંતુ એક દિવસ મેં એક ગરીબ સ્ત્રીને દુઃખી ચહેરે ગાભરી ગાભરી આમ-તેમ દોડતી જોઇ. એની તપાસ કરતાં મને જણાયું કે, તેનો પતિ અને તેનાં સંતાનો દેવું ભરવાને ગુલામ તરીકે વેચાઇ ગયાં હતાં અને બેલીઅલના કેટલાક માણસો તેને પણ પોતાના કબજામાં લેવા ચાહતા હતા. કારણ કે તે બહુ ખૂબસુરત હતી. પરંતુ મેં તેને મારે ઘેર લઇ જઇને તેમના પંજામાંથી બચાવી. અને મારી મિલ્કત મેં તેના લેણદારોને આપી. તેના પતિ તથા સંતાનોને લેણદારના પંજામાંથી મુક્ત કર્યાં અને તે બાઇને તેના પતિ અને સંતાનો ભેગી મેળવી આપી. આમ મારાં આજીવિકાનાં સાધનો જવાથી હું કવિતા ગાઇ લોકોને રંજન કરૂં છું અને જે કાંઇ ટુકડો રોટલો મળે છે તે મેળવી આનંદ માનું છું; પણ તેથી શું! બીજા કોઇએ આમ નહિ કર્યું હોય?

આ સાંભળી પેલા સાધુની આંખમાંથી દડદડ આંસુ પડવા લાગ્યાં. અને તે બારોટને ભેટી પડયો અને બોલવા લાગ્યો કે, મારી જીંદગીમાં મેં તારા જેટલું કાર્ય કર્યું નથી. તું ખરેખરો આદર્શ સાધુ છે.

("સંદેશ"ના એક દીપોત્સવી અંકમાંથી)



૧૪-બર્નાર્ડ શોના થોડાક વિચારો

લેખકઃ-કાન્તિલાલ ચીમનલાલ પરીખ

બર્નાર્ડ શૉ આપણા જમાનાના વિખ્યાત નાટયકાર છે. પણ એક નાટકકાર કરતાં વિશેષ તેઓ એક સમર્થક વિચારક છે અને નાટયકલાનો ઉપયોગ પણ એમણે એમની ફિલસૂફી અને વિચારો વ્યક્ત કરવાના સાધન તરીકેજ કર્યો છે. જીવનનો પોતાનો વાજબી લાગતો દૃષ્ટિકોણ જગતને આપવો, જોખમકારક રૂઢિઓ અને પ્રથાને ખુલ્લી પાડવી, મનુષ્યજાતિનાં સુખ અને સંપત્તિમાં પોતાનો ફાળો આપવો વગેરે એમના જીવનનાં ધ્યેય છે, અને તે સિદ્ધ કરવા એમની કલાનો સાધન તરીકે ઉપયોગ કરે છે. આધુનિક જીવનનાં દંભ અને ડોળ પારખવાની એમનામાં ચપળ બુદ્ધિ છે અને તેમને વ્યક્ત કરતાં ન સંકોચાય એવી એમનામાં હિંમત છે.

પોતાના દૃષ્ટિકોણમાં બધી રીતે પ્રગટ પુરુષ કહેવાય તેવા બર્નાર્ડશૉ છે. એઓ સમાજવાદી છે, અને સમાજવાદનો પ્રચાર કરતી ફેબીઅન સોસાયટીના તેઓ આગળ પડતા એક સભ્ય છે. એઓ સંપૂર્ણ પુરુષની આશા રાખે છે અને માને છે કે, એવો એક દિવસ આવશે જ્યારે પૂર્ણ પુરુષોની માનવજાત, બધી શક્તિઓ સંપૂર્ણપણે વિકસી હોય એવી જાત, પૂર્ણ જગતનો વારસો લેશે. એમણે સીધી અને પરોક્ષ રીતે સ્વતંત્રતા, સહિષ્ણુતા અને સામાન્ય બુદ્ધિના પક્ષ માટે ઘણું કર્યું છે.

આવા એક મહાન જગત વિચારકની વિચાર પ્રસાદી અત્રે આપવા યત્ન કર્યો છે.

માણસ પોતાના વર્તન માટે દરેક કારણ આપે છે, પણ એક કારણ આપતો નથી; પોતાના ગુના માટે પ્રત્યેક બહાનું આપે છે, પણ એક બહાનું આપતો નથી; પોતાની સહીસલામતી માટે પ્રત્યેક બચાવ આપે છે, પણ એક (બહુ જરૂરી બાબતનો) બચાવ આપતો નથી અને તે એની કાયરતાનો.

સદ્‌ગુણ દુર્ગુણથી દૂર રહેવામાં નહિ પણ એની ઇચ્છા સરખીય નહિ કરવામાં સમાયલો છે.

આપણા માનવબંધુઓ પ્રત્યે ખરાબમાં ખરાબ પાપ તો તેમને ધિક્કારવામાં નહિ પણ તેમના પ્રત્યે ઉદાસીન રહેવામાં છે અને આજ અમાનુષિતાનું તત્ત્વ છે.

જેનો પ્રભુ (સર્વવ્યાપક નહિ પણ માત્રગગનમાં વસતો હોય એવા આદમીથી સાવચેત રહેજો.

આપણે આપણા બાપ કરતાં સારા છીએ, આપણા બાપ

આપણા દાદા કરતાં સારા હતા અને આમ પ્લેટોના દિવસ સુધી લઇ જઇએ તો આજનું જગત પ્લેટોએ ચીતર્યું છે તેના કરતાં વધારે સારૂં કે વધારે ખરાબ કેમ નથી?

જે કરી શકે છે તે (તો કર્યાજ) કરે છે, જે કરી શકતો નથી તેજ (બીજાઓને) ઉપદેશે છે.

ત્રીસ વર્ષ નીચેની વયનો કોઇ પણ પુરુષ જેને આજની સમાજવ્યવસ્થાનું જ્ઞાન હોય છતાં તે બળવાખોર હોય તો સમજજો કે, તે ઉતરતી પંક્તિનો છે.

દોલત પેદા કર્યા વિના તેનો ઉપભોગ કરવાના અધિકાર કરતાં આપણને સુખ પેદા કર્યાવિના તેનો ઉપભોગ કરવાનો વિશેષ અધિકાર નથી.

જેણે કદી આશા કરી નથી તે કદી નિરાશ થતો નથી.

કરકસર પ્રત્યેનો પ્રેમ બધા સદ્ગુણનું મૂળ છે.

કૃપા કરી યાદ રાખજો કે, તમારાં નીતિસૂત્રો એ તો તમારી કેવળ ટેવો છે. બીજા માણસો તમારાથી જુદી ટેવો રાખે તેથી તેને અનીતિમાન કહેશો નહિ. પ્રવૃત્તિજ એક જ્ઞાનપ્રાપ્તિનો રસ્તો છે.

જ્યારે એક માણસને કંઇક કહેવાનું હોય તો મુશ્કેલી તેને કહેવામાં નહિ પણ તેને કહેતો અટકાવવામાં ઘણી વાર હોય છે.

જે લક્ષણો અમુક વર્ગના માણસને વિખ્યાત બનાવે (છે) તે (લક્ષણો) બીજા વર્ગના માણસોનો નાશ કરે છે.

તમે પૈસા કમાઓ એટલે તરતજ બધા લોક તમને સદ્ગૃહસ્થ કહેવાનું કાવત્રું રચશે.

પંડિત એટલે ગોખણપટ્ટીથી વખત વીતાવનાર આળસુ. એના ખોટા જ્ઞાનથી ચેતતા રહેજો. (કેમકે એકલા) અજ્ઞાન કરતાં (એવાનું જ્ઞાન) વધારે ભયંકર છે.

પોતે ન કમાયો હોય એવા પૈસા આપે તે બીજા લોકોની મહેનત પરજ ઉદાર છે.

આપણા સમયમાં તો તેજ સદ્ગૃહસ્થ છે, કે જેની પાસે એક મૂર્ખની પેઠે ખર્ચવા જેટલા પૈસા છે એટલે કે જે પેદા કર્યા વિના ખર્ચે છે.

જ્યારે તમે તમારી અગત્યનું માપ તમારી આવક પરથી કાઢો છો ત્યારે તમારાથી વધારે તવંગર તેમજ વધારે ગરીબ એવા બન્ને પ્રકારના માણસોનો તમે વિચાર કરો છો?

જ્યારે પૈસા કેટલાકને માટે મૂલ વગરના થાય એટલા સોંઘા બને અને બીજાઓ માટે અસાધારણ મોંઘા થાય ત્યારે તે શાપરૂપ બને છે.

દુર્ગુણ એ જીવનનો વ્યય છે.

સઘળું મનુષ્યવર્તન નજીવી વસ્તુઓ માટે આત્માના રોજના

અને પ્રત્યેક કલાકના વેચાણ સિવાય બીજું શું છે?

દાંત દુઃખતા હોય એવો શખસ સાબૂત દાંતવાળા દરેક શખસને સુખી ધારવાની ભૂલ કરે છે; તેવીજ ભૂલ ગરીબાઇથી ઘવાયલો પુરુષ તવંગરને સુખી ધારવામાં કરે છે.

આદર્શ પત્ની તેજ છે કે જે આદર્શ પતિને ગમે તેજ કરે, બીજું નહિ.

વિપ્લવોએ જુલમનો બોજો કદી હજી હળવો કર્યો નથી. તેમણે તે કેવળ એક ખભેથી બીજા ખભા પરજ ફેરવ્યો છે.

જ્યાં જ્ઞાનનો અભાવ છે ત્યાં અજ્ઞાન પોતાને વિજ્ઞાન કહેવડાવે છે. પૈસા એ જગતમાં અગત્યની વસ્તુ થઇ શકે છે, પણ તે સાચી અને સફળ વ્યક્તિના અથવા પ્રજાકીય નીતિના પાયારૂપે વપરાતી હોવી જોઇએ.

એક જંગલી પુરુષ લાકડા અને પથ્થરની પ્રતિમાઓને વંદે છે, જયારે એક સંસ્કારી પુરુષ માંસ અને રુધિરની પ્રતિમાઓને વંદે છે.

જયારે માણસ વાઘને મારવા માગે છે ત્યારે તેને તે **રમત** કહે છે, અને જયારે વાઘ એને મારવા માગે છે ત્યારે તે એને **ઘાતકીપણું** કહે છે. ન્યાય અને ગુના વચ્ચેનો તફાવત આથી ભાગ્યેજ વિશેષ છે.

સિપાઇઓ સિવાય જેનો અમલ થઇ શકે નહિ એવી રાજદ્વારી યોજના થઈ શકે નહિ.

આધુનિક સદ્‌ગૃહસ્થ અવશ્ય પોતાના દેશનો દુશ્મન હોય છે. યુદ્ધમાં પણ તે સ્વદેશને બચાવવાને લડતો નથી, પણ શિકાર કરવાની પોતાની સત્તા પરદેશીને હાથ જતી અટકાવવા માટેજ લડે છે. હાડકાના ટુકડા માટે લડતા બે કૂતરા જે અર્થમાં પ્રાણીઓના ચાહનાર છે તેજ અર્થમાં આવા લડવૈયા સ્વદેશભક્ત હોય છે.

આપણા આદર્શો પણ જૂના વખતના દેવોની પેઠે આપણી પાસે નિરંતર બલિદાન માગે છે.

જેઓએ પોતાની જાતને મદદ કરી છે તેજ બીજાઓને મદદ કરવાનું અને તેમના હકને માન આપવાનું જાણે છે.

એક મૂર્ખનું મગજ તત્વજ્ઞાનને મૂર્ખાઈમાં, વિજ્ઞાનને વહેમમાં, અને કલાને મિથ્યાવાદમાં સમાવે છે.

("ભાગ્યોદય"ના એક અંકમાંથી સેજ વધઘટ સાથે)



૧૫–રક્તથી રંગાયેલું ધન

(લેખકઃ—શ્રી. 'મૂર્તિભંજક')

ભિખારી—એ શબ્દજ કેટલો ધૃણાજનક છે! પણ તિરસ્કાર દર્શાવવા માટે કે ઉપહાસ કરવા માટે વપરાતા આ શબ્દના ઉપયોગ વિષે જરા ઉંડો વિચાર કરવાની જરૂર છે. સામાન્ય અને સરળ વ્યાખ્યા લઇએ તો એમ કહી શકાય કે, ભિખારી એટલે જે પોતાના જીવનનિર્વાહ માટે અન્યના ઉપર આધાર રાખે તે. આ વ્યાખ્યા પ્રમાણે જરા સમાજને વિલોકીએ તો શિક્ષકો, સાધુઓ, સંતો, મહંતો, મહાત્માઓ એ કોટીમાં આવી જાય છે; એટલુંજ નહિ પણ ઘણાં ભદ્રજનોની કોટી પણ ભિખારીના વર્તુલમાં ભળી જાય છે. જે કોઈ વ્યક્તિ પોતાના જીવનનિર્વાહ માટે અન્યના ઉપર આધાર રાખે તે ભિખારી છે. આ દૃષ્ટિએ પેલો લોહીચૂસતો શાહુકાર, નિષ્ઠુર જમીનદાર કે દયાહીણ સંપત્તિવાન પણ આજ કોટીમાં સમાઇ જાય છે. કારણ કે મનુષ્યજીવનની જરૂરીઆતોના ઉત્પાદનમાં તેઓ જરાયે સહાય આપતા નથી. માત્ર શ્રમજીવી ખેડુતો અને મજૂરોએ ઉત્પન્ન કરેલા ધનમાંથી મોટો હિસ્સો પડાવી (લેવામાં અને તેમને લૂંટવામાં તથા રોગીષ્ટ બનાવવાના કામમાં મદદ કરી પૈસો ભેગો કરવામાં) તેઓ આનંદ કરે છે.

આ પરિસ્થિતિનું સીધું કારણ આપણી સમાજરચના છે. સ્વીટ્ઝરલેન્ડમાં બેસીને હિંદનો શેઠ મોજ અને વિલાસ માણી શકે છે; યુક્ત પ્રાંતના જમીનદારો કોલંબો જઇ તંદુરસ્તી અને તાકાત મેળવી શકે છે. આ વ્યક્તિઓની સંપત્તિ કામદારો અને ખેડુતો ખૂબ જહેમત કરી ઉભી કરી રહ્યા છે. આ પરિસ્થિતિ સામે આંખમીચામણાં કરવાથી કંઇજ અર્થ નહિ સરે. ઉત્પાદનની પદ્ધતિમાં રહેલા અન્યાયને તમો અળગો નથી કરી શકતા.

આજે આ અન્યાયનો ભોગ માત્ર આમવર્ગ નથી. સુંદર અને સ્વચ્છ મકાનોમાં રહેતા મધ્યમવર્ગ ઉપર પણ કાળમુખી બેકારીએ સંતાપના શાપ ઉતાર્યા છે. મધ્યમવર્ગના સંતાપ પણ તેટલાજ ઉગ્ર છે. તેઓ તો તેમની નજીવી મિલ્કત અને મોહમય સ્વમાન ગુમાવી બેસે છે, એટલુંજ નહિ પણ દિલે દુઃખ વેઠીને પણ બેંકમાં નાણું જમા કરનારા આ વર્ગને બેકારીનાં દર્દની તીવ્ર વેદના સહન કરવી બહુ કઠણ થઇ પડે છે.

બેકારીના સમયમાં આ કમનસીબ વ્યક્તિઓને મહાપરાણે જીવન ગુજારવું પડે છે. તેમનું બચાવેલું સર્વ ધન સ્વાહા થઇ જાય છે. આ વર્ગને પોતાનો મોભો જાળવતાં પોતાની મિલ્કત

ગીરો મૂકવી પડે છે; એટલુંજ નહિ પણ કઈ ક્ષણે તેઓ રસ્તામાં રઝળતા થઇ જશે તેની ચિંતા કરતા થકા તેઓ બહુ દુઃખી જીવન ગાળે છે. આ સમુદાય નથી માગી શકતો કે નથી કોઇની પાસે હાથ ધરી શકતો.

આમ હોવા છતાં સંતાપથી દરરોજ સુકાતા આ વર્ગના યુવાનો કવચિત્ કવચિત્ માલેતુજાર થવાનાં સ્વપ્નાં ધરાવે છે. એ શું અજાયબી જેવું નથી?

અત્યારે લાખો લોકોનો સતત ભૂખમરો એ સામાન્ય થઇ પડયો છે તોપણ આપણી સમાજરચનાને બહુ સુંદર તરીકે વર્ણવવામાં આવે છે, એટલુંજ નહિ પણ સંપત્તિવિહોણા બનેલા સમુદાયને ભિખારીના નામથી સંબોધવામાં આ સંપત્તિવાન સમુદાયને ખાસ આનંદ થાય છે!

પણ આ સંપત્તિવાન સમુદાયની સંપત્તિ કયાંથી આવી? શું આ સંપત્તિ આકાશથી ઉતરી હતી? શું પરમકૃપાળુ પરમાત્મા આ હીરા–માણેક અને સોનાના પહાડ કંઈ જાતે આપવા આવ્યા હતા? આ અળખામણા થઇ પડેલા પ્રશ્ન પર જરા ઉંડી વિચારણા કરીએ તો જણાશે કે, શ્રમજીવી જનતાના રક્ત પર આ દોલતના ડુંગરો ઉભા થયા છે. જમીનદારો અને માલેતુજારોની સંપત્તિ કામદારસમૂહના લોહી ઉપર રચાયેલી છે. આ વસ્તુ ઉપર તમો આંખ આડા કાન કરી શકો નહિ. સમાજવ્યવસ્થાના પાયા નીચે રહેલો અન્યાય અત્યારે જોરશોરથી પોકાર કરી રહ્યો છે. આ અન્યાયી સમાજરચનાના પરિણામે શ્રીમંતોનાં સુખ વધતાંજ જાય છે; જયારે આમવર્ગ વધુ ને વધુ ચુસાતો જાય છે.

પેલે દિવસે શ્રીમંતની એક ગાર્ડન પાર્ટીમાં જવાનું નિમંત્રણ લેખકને મળ્યું હતું. જયારે એક બાજુ આમવર્ગને અન્નના વાખા પડતા હતા ત્યારે અહીં રંગરાગ ઉડી રહ્યા હતા. અહીં એક રેલ્વેનો વડો અધિકારી પણ આવ્યો હતો. કેટલાંય કુટુંબોને રસ્તામાં રખડતાં કરી આ મનુષ્યે કંપનીનો નફો કાયમ રાખ્યો હતો. નફો એ આ વ્યક્તિતું જીવનધ્યેય હતું. પછી કામદારો રસ્તામાં રઝળીને મરી જાય કે આપઘાત કરે તેની જરાયે પરવા આ મનુષ્યને ન હતી. તેણે મને અતિ ગર્વથી કહ્યું કે "આ વર્ષે માત્ર પાંચ લાખનો નફો ઉત્પન્ન થશે." આ વ્યક્તિ જયારે આ શબ્દો ઉચ્ચારતી હતી, ત્યારે મારા મગજમાં બેકાર કામદારોના સંતાપ મગજમાં ઘોળાતા હતા. આ અમલદારની પ્રવૃત્તિએ અનેકોના ઘરમાં ક્ષુધા અને સંતાપ વર્ષાવ્યા હતા. આ અમલદારે અનેક રીતે કરવાનાં કામ વધારી દીધાં હતાં. આ પ્રમાણે તેણે 'નફો' ચીરંજીવ રાખ્યો હતો.

આ વ્યક્તિ એક અઠંગ દાનવીર ગણાતી. કેટલાંય ફંડમાં તેણે

સારી રકમ આપી હતી. આ રકમ આપતી વખતે આ દાનવીર દાતાએ જો લખ્યું હોત કે "આ રકમ કામદારોના રક્તમાંથી ઉત્પન્ન થઇ છે" તો યોગ્યજ ગણાત. આના કરતાં વધુ સુંદર તો "મારા કામદારોને ઓછો પગાર આપી આ પૈસા હું ફંડમાં આપું છું" એમ લખ્યું હોત તોપણ ચાલત.

સંભવ છે કે, તે ભાઇ દાનવૃત્તિમાં પ્રમાણિકપણે માનતા હોય; પણ મારો ઉદ્દેશ તે સદ્‌ગૃહસ્થ(?)ની દાનવૃત્તિ ઉપર ટકોર કે ટીકા કરવાનો જરાયે નથી. હું જે કહું છું તે એ છે કે, આવી વ્યક્તિઓએ પોતાના ઉત્પાદનના સાધનની ઉંડી સમીક્ષા કરવી જોઇએ. પૈસાદારના ખજાનામાં ખડકાયલા પૈસાઓ કયા માર્ગે આવે છે તેનો વિચાર કરવાની ખાસ જરૂર છે. સંભવ છે કે, સંપત્તિવાનો તો આ નફાના ઉત્પાદનમાં રહેલા અન્યાય અને નિર્દયતાને નહિ સ્વીકારે, પણ સમાજના શ્રમજીવી સમુદાયે તો દાનવૃત્તિનો દંભ તરતજ પારખી લેવો જોઇએ.

પેલી શિક્ષણસંસ્થાઓ દર વર્ષે મદદગારોની લાંબી નામાવલી બહાર પાડે છે. આ મદદના મૂળ વિષે ઉંડા ઉતરીએ તો માલમ પડશે કે, કોઇ જગ્યાએ કામદારોએ કે ખેડુતોએ આ ધન ઉત્પન્ન કર્યું છે. જમીનદારો કે સંપત્તિવાનોએ આજની સમાજ-રચનાના અન્યાયી કાયદાઓના પ્રતાપે આ ધન તેમની પાસેથી લૂંટી લીધું છે અને હવે આ લૂંટાયેલા ધનનો અમુક ભાગ તેઓ દાન તરીકે શિક્ષણસંસ્થાઓ, દવાખાનાંઓ તેમજ પુસ્તકાલયો પછવાડે ખર્ચે છે.

એવા રક્તથી રંગાયેલા પૈસાવડે આજે દાનવૃત્તિનો દંભ ચાલ્યા કરે છે. આપણી સઘળી જાહેર પ્રવૃત્તિઓ, આપણાં સેવાશ્રમો, વનિતા વિશ્રામો, અનાથાલયો, કેળવણીમંડળો અને સદાવ્રતો રક્તથી રંગાયેલા ધન ઉપર નભે છે—જીવે છે—અને વિકાસ પામે છે.

અનેકને આ વસ્તુ નહિ સમજાય. રક્તથી રંગાયેલા ધન વિષેની કલ્પના કેટલાક નહિ સ્વીકારે. કેટલાક આ વસ્તુ માનવા ચોખ્ખી ના પાડે. સંભવ છે કે, આવી સમાજને ઉપયોગી ગણાતી પ્રવૃત્તિઓ વ્યક્તિના હિતની છે એમ ગણાવી આ આક્ષેપનો જવાબ આપવાનો યત્ન કરવામાં આવે. અનેક સંતો પોકારે છે કે, ઈશ્વરની પ્રાર્થના અમો કરતા હોવાથી બીજાની મહેનતે ઉત્પન્ન કરેલું અન્ન ખાવાનો અમારો અધિકાર છે. સાધુઓ અહાલેક પુકારે છે કે સૃષ્ટિમાં કોઇ પણ પ્રકારનો શ્રમ કર્યા વિના ઉત્પાદનમાં હિસ્સો પડાવવાનો અમારો સનાતન હક્ક છે. પણ આ સાધુસમુદાયને મળતી મદદ વિષે પણ જો આપણે ક્ષણભર વિચાર કરીશું તો તેમને પણ આ રક્તથી રંગાયેલા પૈસાની પ્રતીતિ થશે. મઠ અને મંદિર બના-

વનારા ધનવાનોનું ધન કામદારોની મહેનતથી ઉત્પન્ન થયું છે કે વેપારની છેતરપંડીમાંથી જન્મ્યું છે, એ વાતની કોઇ ના પાડી શકે તેમ નથી. વિચારક ટૉલસ્ટોય પણ કહે છે કે "કોઈ પ્રમાણિક પુરુષ કદી પણ પૈસાદાર થઇ શકે નહિ, કારણ કે સંપત્તિનો પાયોજ અપ્રમાણિકતા અને રક્તશોષણ ઉપર રચાયેલો છે."

("નવયુગ" માસિકના એક અંકમાંથી)

૧૬–नवयुवकों को ऋषियों का सन्देश*

(અનુવાદક-શ્રી. વ્યૌહાર રાજેન્દ્રસિંહ)

મૈં ઇસ સુંદર સ્થાન મેં થોડે હી દિન પહલે આયા હૂં. મૈં ઇસ હિમાલય-ગૃહ મેં એક યાત્રી બન કર આયા હૂં. મૈં આયા હૂં આપકા આશીર્વાદ પાને કે લિયે, ઔર આપને મુઝે અનેક આશીર્વાદ દિયે હૈં. યહ આશ્રમ એક પરિવાર હૈ-એક આધ્યાત્મિક પરિવાર હૈ. જીવન કે ભિન્ન-ભિન્ન કાર્યક્ષેત્રોં મેં કાર્ય કરને કે લિયે આપ જા રહે હૈં. આપકે ઇસ ગમન કે અવસર પર મૈં આપકો ક્યા ભેંટ દૂં? મૈં એક પ્રેમપુષ્પ આપકો ભેંટ કરતા હૂં. યહ વહ પુષ્પ હૈ, જિસે કહતે હૈં 'મુઝે મત ભૂલો.' યહ મૈં તુમમેં સે પ્રત્યેક કો ભેંટ કરતા હૂં. મેરા નામ ઔર સ્વરૂપ ભૂલ જાઓ. નામ તથા રૂપ માયા-જાલ હૈ, પરંતુ ઉસ સંદેશ કો મત ભૂલો, જો મૈંને તુમકો અનેક રૂપોં મેં દિયા હૈ. મેરે ઓઠોં ને ઇસિ સંદેશ કા બહુત ટૂટી-ફૂટી ભાષા મેં ઉચ્ચારણ કિયા હૈ, પરંતુ યહ સંદેશ મેરા નહીં, બલ્કિ બડે-બડે ઋષિયોં કા વહ આદેશ હૈ, જિસ પર ભારત કી આશા તથા સંસાર કી બડી-ભારી આશા નિર્ભર હૈ.

ઋષિ અમર હૈં તથા ઉનકે સંદેશ ભી અમર હૈં; ક્યોંકિ ઉનમેં નવીન-ભારત કે લિયે અનંત મૂલ્ય કી વસ્તુ હૈ. નવીન સંસાર મેં રાષ્ટ્ર કા પુનર્ગઠન ઔર શક્તિ-સંચાર કરને કે લિયે ઋષિયોં કે સંદેશ કી અત્યંત આવશ્યકતા હૈ. મૈં કેવલ તુમસે યહ કહના ચાહતા હૂં કિ દેખો, તુમ ઉન સંદેશોં પર સત્યતાપૂર્વક દઢ રહો. ઋષિયોં કે સંદેશોં કા પ્રચાર યદિ ન હુઆ, તો યહ આશ્રમ અપને મહાન્ ધ્યેય કો કભી પૂરા ન કર સકેગા. હમેં ભવિષ્ય કો પ્રબલ બનાના ચાહિયે. નવીન સંસ્કાર કે નયે વિજ્ઞાન તથા સામાજિક ઔર આર્થિક શક્તિયોં કા અધ્યયન કરના ચાહિયે; પરંતુ સાથ-હી-સાથ અપને આદર્શોં કા અધ્યયન કર કે વર્તમાન

* શક્તિ-આશ્રમ કે ગ્રીષ્મ-અધિવેશન કે અન્તિમ દિન મેં દિયા હુઆ સાધુ વાસ્વાની કા એક ભાષણ.

સમસ્યાઓં મેં ઉનકા ઉપયોગ કરના ભી આવશ્યક હૈ, જિસસે ભારત એક શકિતશાલી રાષ્ટ્ર બન સકે. ઋષિયોં કે સંદેશ કો ભુલાના માનો આત્મા કો ભૂખોં મારના હૈ. યહ સંદેશ એક ચિત્ર તથા એક પ્રાચીન રીતિ કે દ્વારા પ્રકટ કિયા ગયા હૈ. પ્રત્યેક દેશ ને અપના આદર્શ કિસી ચિત્ર યા કલા કી કિસી મૂર્તિ કે રૂપ મેં હી મૂર્તિમાન કિયા હૈ. વર્તમાન રાષ્ટ્રોં કે ઇતિહાસ મેં જર્મની ને બડા ભાગ લિયા હૈ. મહાયુદ્ધ કે પહલે મૈં જર્મની મેં થા. બર્લિન કે મુખ્ય દ્વાર પર મૈં ક્યા દેખતા હૂં ? એક વિશાલ સ્ત્રી-મૂર્તિ વિજ્ઞાન કે ચિહ્ન-સ્વરૂપ ખડી હુઈ હૈ. જર્મની કા આદર્શ વિજ્ઞાન ઔર વૈજ્ઞાનિક સંસ્કૃતિ હૈ. જર્મની સબ દેશોં સે અધિક વૈજ્ઞાનિક દેશ રહા હૈ ઔર અબ ભી હૈ.

વિજ્ઞાન કી દૃષ્ટિ બહુત વિશાલ હૈ, ઔર યદિ હમ અપને દેશ કો મહાન્ બનાના ચાહતે હૈં, તો હમેં ભી વિજ્ઞાન કા અધિક અધ્યયન કરના પડેગા. વિજ્ઞાન કા દર્શન મહાન્ હૈ, કિંતુ વહ પર્યાપ્ત નહીં હૈ; ક્યોંકિ વિજ્ઞાન કા દુરૂપયોગ વિનાશક કાર્યોં મેં ભી કિયા જા સકતા હૈ. અગલે યુદ્ધ કે લિયે વૈજ્ઞાનિક લોગ નઇ-નઇ જહરીલી ગૈસેં તથા ઔજાર બના રહે હૈં. વિજ્ઞાન ઈશ્વર કા ભી અસ્ત્ર હો સકતા હૈ ઔર શૈતાન કા ભી.

પ્રાચીન ગ્રીસ ભી એક મહાન્ દેશ થા. પાંચવીં-છઠવીં શતાબ્દી મેં ઉસકી પ્રતિભા કા વિકાસ હુઆ થા. મેરાથન નામક સ્થાન મેં ફારસ-નિવાસિયોં ને ગ્રીકોં સે કઠિન પરાજય પાઈ થી. વે ગ્રીસ કો જિતને કે લિયે બડી સંખ્યા મેં ઉસપર ચઢ દૌડે થે. ગ્રીક લોગ બહુત થોડે હોતે હુએ ભી દેશપર મર-મિટને કો તૈયાર થે. માનવ-ઇતિહાસ મેં સંખ્યા કોઈ ચીજ નહીં. શકિત સે હી વિજય હોતી હૈ, સંખ્યા સે નહીં. ગ્રીક લોગ દેશભકિત કે સૂત્ર મેં બંધે હુએ થે, ઇસ લિયે ઉન્હોંને ફારસનિવાસિયોં કો માર ભગાયા. ગ્રીસ એક સ્વાતંત્ર્યપ્રિય દેશ કે નામ સે પ્રસિદ્ધ હૈ. અપની ઉન્નતિ કે સમય ઉસને પ્લેટો ઔર સુકરાત સરીખે ઋષિ, યૂરીપડીસ તથા એરિસ્ટોફેનીજ સરીખે નાટયકાર ઉત્પન્ન કિયે. ગ્રીસ મેં પેરીક્લીસ સરીખે રાજનીતિજ્ઞ ભી થે. ઉસને ગ્રીસ કે ઇતિહાસ મેં જો સ્થાન પ્રાપ્ત કિયા હૈ, વહ સંસાર કે ઇતિહાસ મેં બહુત કમ લોગોં ને કિયા હૈ. ભારત કે ઇતિહાસ કે દો ભિન્ન-ભિન્ન યુગોં મેં દો મહાપુરુષોં ને અપની શકિત કી છાપ લગાઇ હૈ; વે થે શ્રીરામચન્દ્ર ઔર અશોક. પશ્ચિમ મેં પેરિક્લીસ સે ભી અધિક જિસ એક વ્યક્તિ ને અપની ઇચ્છાશકિત કા સફલ પ્રયોગ કિયા, વહ થા લેનિન. વર્તમાન રૂસ લેનિન કે રૂપ કા પ્રતિબિંબમાત્ર હૈ. પ્રાચીન ગ્રીસ ભી પેરીક્લીસ કા ઉસી પ્રકાર અનુવર્તી થા. પેરીક્લીસ ને એથેન્સ નગર કો એક વિશાલ

પૈમાને પર બસાયા થા. ઉસને ફીડિયાસ નામક એક બડે કલાકુશલ શિલ્પી કો ઇસ કાર્ય મેં નિયુક્ત કિયા થા. ઇસ કલા-વિશારદ ને એથેના નામક દેવી કી એક મૂર્તિ નિર્મિત કી થી. યહી દેવી એથેન્સ નગરકી અધિષ્ઠાત્રી થી. વહ દેવી પ્રાચીન ગ્રીસ કી આત્મા કા પ્રતીક હૈ. વહ ઉસ સૌન્દર્ય કે આદર્શ કી મૂર્તિ હૈ, જિસે ગ્રીસ દેશ જીવન કા સબસે બડા આદર્શ સમઝતા થા. સૌન્દર્ય મેં ભી આધ્યાત્મિકતા છિપી હુઇ હૈ. સૌન્દર્ય હમેં ઇશ્વર-શક્તિ કે સાન્નિધ્ય મેં ઉપસ્થિત કરતા હૈ, કિન્તુ ક્યા સૌન્દર્ય સે ભી બઢ કર કોઇ આદર્શ હૈ?

ભારત કે ઋષિયોં ને અપના દર્શન એક મૂર્તિ કે રૂપ મેં પ્રકટ કિયા હૈ, વહ હૈ સરસ્વતી કી મૂર્તિ. સરસ્વતી જ્ઞાન ઔર સંસ્કૃતિ કી દેવી હૈ. શક્તિ-આશ્રમ ઉસી સંસ્કૃતિ કી શાલા હૈ, શક્તિ કી શિક્ષા કા કેન્દ્ર હૈ. સચ્ચી સંસ્કૃતિ કા ચિહ્ન હૈ સરલતા. સરસ્વતી કિતની સરલ તથા સ્વાભાવિક હૈ! શક્તિ-આશ્રમ કો ભી સરલ જીવન કા કેન્દ્ર હોના ચાહિયે. યહાં કે નિવાસિયોં કો ખાન-પાન, વેશ-ભૂષા તથા આચાર-વ્યવહાર મેં સરલતા કા પાલન કરના ચાહિયે. ઇસસે ભી મહત્ત્વપૂર્ણ એક બાત હૈ, ઔર વહ હૈ આન્તરિક સરલતા. તુમ જ્ઞાન કે ઉપાસક હો, ઉસકી ઉત્તરોત્તર વૃદ્ધિ અવશ્ય કરો, કિન્તુ યાદ રહે કિ વહ તુમકો અભિમાની ન બનાવે. સીધે-સાદે પરિધાન મેં વેષ્ટિત સરસ્વતી દેવી નમ્રતા ઔર સરલતા કી મૂર્તિ હૈ, યહી આન્તરિક સરલતા હૈ. આજકલ કે નવયુવક અપને હૃદય મેં વિદ્યા કા અભિમાન લે કર કાલેજ સે નિકલતે હૈં, યહી કારણ હૈ કિ વે કુછ નહીં કર પાતે. વે દેશ કી દીન-હીન જનતા કે સાથ મિલના-જુલના અપની શાન કે ખિલાફ સમઝતે હૈં. જ્ઞાન કા ક્ષેત્ર બહુત વિશાલ હૈ. જિતના હી અધિક જાનો, યહ વિચાર ઉતના હી અધિક દૃઢ હોતા જાતા હૈ કિ હમને કિતના કમ જ્ઞાન પાયા હૈ. સચ્ચા જ્ઞાન હમકો વિનમ્ર બનાતા હૈ-**'विद्या ददाति विनयम्।'**

મૈંને કહા થા કિ ઋષિયોં કા આદર્શ એક ક્રિયા યા રીતિ મેં ભી છિપા હુઆ હૈ; વહ ક્રિયા હૈ અગ્નિદીપન. યહ ક્રિયા મેરે લિયે બહુત હી અર્થપૂર્ણ હૈ. મૈં એક અગ્નિપૂજક હૂં. જબ મૈં જ્યોતિ યા અગ્નિશિખા કે દર્શન કરતા હૂં, મેરી આંખોં મેં પ્રેમાશ્રુ ભર આતે હૈં, ઔર મૈં પ્રાર્થના કરતા હૂં-"પ્રભુ! વહ શક્તિ દીજિયે, જિસસે મૈં નવયુવકોં કો યહ સંદેશ દે સકૂં- "જ્યોતિ કે પુત્ર બનો!" નવયુવકો, તુમ નવયુવક કહલાતે હો, કિન્તુ તુમમેં સે બહુતસે ઠંડે પડ ગયે હૈં-શક્તિહીન, ક્રિયાહીન ઔર જીવનવિહીન બન ગયે હૈં. તુમ ભૌતિકતા કી પૂજા કરને લગે હો-ઊપરી સાંસારિકતા કે ચેલે બન ગયે હો. ઇસ જડ જગત મેં

ભી તુમસે અધિક ચૈતન્યતા હૈ. પ્રભુ ઇસ આશ્રમ કો ઐસા આશીર્વાદ દે કિ તુમ્હારે હૃદય મેં ફિર સે નવજીવન કી જ્યોતિ જાગ્રત હો. શક્તિ કી સંતાન બનો. શક્તિ કા મતલબ કેવલ શારીરિક શક્તિ નહીં હૈ. ઉસકી આવશ્યકતા અવશ્ય હૈ, કિન્તુ કેવલ વહી કાફી નહીં હૈ. શક્તિ સે મતલબ કેવલ માનસિક શક્તિ નહીં હૈ. વહ ભી આવશ્યક હૈ, કિન્તુ પર્યાપ્ત નહીં. શક્તિ કા અર્થ હૈ બલ–શરીર ઔર મનકા બલ, ઇચ્છા ઔર આત્મા કા બલ. અગ્નિ-શિખા શક્તિ કા ચિહ્નસ્વરૂપ હૈ, ઇસ લિયે મૈં કહતા હૂં કિ અગ્નિ કે ઉપાસક બનો. ભારત કો અગ્નિમય હૃદયોં કી આવશ્યકતા હૈ. ઐસે યુવકોં કી જરૂરત હૈ, જિનકે દિલોં મેં ભારત કે દુઃખ ઔર પરાધીનતા કો દેખ કર આગ જલ રહી હો. યદિ ભારત કે પ્રત્યેક પ્રાન્ત મેં ઐસે થોડે હી યુવક નિકલ આવેં, જિનકે હૃદયોં મેં યહ જ્વાલા જલતી હો, તો સમઝ લો કિ દેશ કે લિયે કુછ આશા બાકી હૈ.

એક અત્યંત છોટી કવિતા હૈ, પરંતુ વહ નવયુવકોં કે લિયે આદેશપૂર્ણ હૈ. કવિતા કા નામ હૈ 'નવયુવક ઔર ઋષિ.' એક નવયુવક એક ઋષિ કે પાસ આતા હૈ. વહ આતા હૈ જીવન કા સાર સમઝને કે લિયે. જીવન કહાંસે, કૈસે ઔર ક્યોં હોતા હૈ ? ઇસ પ્રશ્ન કી સમસ્યા સે ઉસ નવયુવક કે મન મેં બહુત ઉથલ–પુથલ હોતી હૈ. જીવન કે ઇસ પ્રશ્ન સે વહ નવયુવક બહુત ઘબરાતા હૈ, ઔર સંદેહ કરતા હૈ કિ કોઇ ભી અપને ઘર કી ચહારદિવારી મેં બૈઠ કર ઇસ જટિલ પ્રશ્ન કો હલ નહીં કર સકતા. વહ નવયુવક અપને છોટેસે કમરે સે બાહર નિકલ કર ઋષિ કે પાસ ઇસ જીવન કે જટિલ પ્રશ્ન કો હલ કરાને લિયે આતા હૈ. ઋષિ ઉસે અનેકોં બાતેં બતલાતે હૈં, જિનકા ઉલ્લેખ કરને કા યહ અવસર નહીં હૈ. ઉનમેંસે કેવલ તીન ઉત્તમ–ઉત્તમ વિચાર મૈં તુમ લોગોં સે કહ દેના ચાહતા હૂં. ઋષિ ઉસ નવયુવક સે કહતે હૈં–"(૧) વહી ધન્ય હૈ, જો ઈશ્વર કો નમન કરતા હૈ; (૨) વહી ધન્ય હૈ, જો સમય કે સેતુ પર દૃઢતા સે કદમ રખતા હૈ ઔર (૩) વહી ધન્ય હૈ, જો નમ્રતાપૂર્વક પ્રાર્થના કર કે કહતા હૈ કિ મૈં અપને કો આપ પર બલિદાન કર દૂં."

(૧) વહી ધન્ય હૈ, જો ઇશ્વર કો નમન કરતા હૈ. ઇસી ઉપદેશ મેં સચ્ચી સંસ્કૃતિ ઔર ધૈર્ય છિપા હુઆ હૈ. વહ શાન્તિ ઔર આદરપૂર્વક એક ઈશ્વર કો નમન કરતા હૈ. સંસ્કૃતિ દિખાવા નહીં હૈ, ધર્મ ભડભડ કરને કી વસ્તુ નહીં હૈ ઔર આધ્યાત્મિકતા વાદ–વિવાદ કે લિયે નહીં હૈ. ધર્મ કો એક દિખાવટ કી વસ્તુ મત બનાઓ, કિંતુ જીવન મેં અત્યંત શાંતિપૂર્વક ઈશ્વર કે ઢૂંઢને કે લિયે પ્રવેશ કરો.

(૨) ધન્ય વહી હૈ, જો સમય કે સેતુપર દૃઢતા સે કદમ રખતા

હૈ. પરસ્પર વિશ્વાસ રખો, ભારત પર તથા મનુષ્યતા પર વિશ્વાસ રખો. અવિશ્વાસી મત બનો ઔર સત્યતાપૂર્વક સમય પર ચલો. ભારત ઉન્નત હોગા ઔર અપના ધ્યેય પ્રાપ્ત કરેગા.

(૩) વહી ધન્ય હૈ, જો નમ્રતાપૂર્વક પ્રાર્થના કર કે કહતા હૈ કિ મૈં અપનેકો આપ પર બલિદાન કર દૂં. ઈશ્વર તુમ્હેં આશીર્વાદ દે કિ તુમ અપના જીવન દીનોં કી સેવા મેં વ્યતીત કરો ઔર ઇસી પ્રાચીન રાષ્ટ્ર કા પુનઃ સંગઠન કરો. ઈશ્વર ઔર ઋષિયોં કો ધન-દૌલત, હો-હલ્લા ઔર દિખાવટ, ઉત્તેજના તથા વ્યર્થ બકવાદ નહીં ચાહિયે; ઉનકો આવશ્યકતા હૈ સેવા કે શાન્ત શસ્ત્ર કી. ઈશ્વર ઔર ઋષિ તુમ્હેં આશીર્વાદ દેં, જિસસે તુમ શાન્ત સેવા કે સાધન બન સકો. ક્યોંકિ ભારત કા પુનર્જન્મ કેવલ ચુપચાપ સેવા ઔર નિત્યજીવન કે છોટે-છોટે કામોં મેં આત્માર્પણ કે દ્વારા હી હોગા, ન કિ દિખાવટ ઔર હલ્લા મચાનેવાલે કામોં સે. નિઃસ્વાર્થ સેવા સે હી સ્વર્ગીય મનુષ્યતા કા નવીન નિર્માણ હોગા.*

(ઑકટોબર-૧૯૩૧ના "વિશાલ ભારત"માંથી)

૧૭-પાવાગઢ

(લેખકઃ-શ્રી. અંબાલાલ મહાસુખરામ શાહ)

(ગુજરાતનો પ્રાચીન ડુંગર પાવાગઢ અને તેના પર આવેલા ઐતિહાસિક દુર્ગો અને જોવા લાયક સ્થળોનું વર્ણન કરતા અતિરસ-ભર્યા પ્રવાસની ટૂંકી નોંધ)

પાવાગઢનો ડુંગર એ ગુજરાતની પૂર્વસરહદ પર ગોધરા અને વડોદરાની મધ્ય લાઇનમાં આવેલું રમ્ય સ્થાન છે. પાવાગઢનો ઐતિહાસિક કિલ્લો પ્રાચીન કામની અમૂલ્ય કારીગરીનો એક ઉત્તમ નમૂનો છે. પંદરમા સૈકામાં રજપૂત રાજ્યના અમલની આખરે અને મોગલ રાજ્ય અમલનાં થોડાંક વર્ષ પૂર્વે ગુજરાતના એ અજિત દુર્ગ મુસલમાન બાદશાહ મહમદ બેગડાએ બાર વરસની અથાગ મહેનત અને નાણાં તેમજ માણસોની અસાધારણ ખુવારી પછી જીત્યો હતો. પાંચસો વર્ષ બાદ અત્યારે પણ આ દુર્ગ જોનારને તેની પ્રાચીન સમૃદ્ધિ અને જાહોજલાલીનો સારો ખ્યાલ આવી શકે છે.

પાવાગઢના આ દુર્ગમાં છેલ્લો રાજા પતાઇરાવળ રાજ્ય કરતો હતો અને તેની ઉપર કાલિકા માતાનો કોપ થવાથી તથા તેમણે આપેલા શાપથી મુસલમાન બાદશાહ તે જીતવા સમર્થ થયો હતો.

પાવાગઢના પ્રવાસે જનાર મુસાફરને માટે રેલ્વેરસ્તે બે માર્ગ

છેઃ—એક તો વડોદરાને રસ્તે અને બીજો ગોધરા થઇને. મુંબઇથી જનાર મુસાફરને વડોદરા ખાતે ટ્રેન બદલી સવારના ૬ અથવા સાંજના ૬ વાગતાની લોકલ મારફતે ચાંપાનેર રોડ જંકશને ઉતરી ત્યાંથી પાવાગઢની ટ્રેન પકડવી પડે છે, જ્યારે ગોધરા રસ્તે આવનારને પણ ચાંપાનેર રોડ ઉતરવું પડે છે. હમણાં વળી ગુજરાત રેલ્વેએ એક નવી લાઇન નાખેલી છે તે પણ ચાંપાનેર જંકશને ભેગી મળે છે. ચાંપાનેર રોડથી પણ ગુજરાત રેલ્વે કંપનીએ પાવાગઢ અને ત્યાંથી શિવરાજપુર સુધી ટ્રેન લંબાવી છે. આ ટ્રેન શિવરાજપુર ખાતે ફીલીક નિકસન કંપનીએ ખોદેલી બોકસાઈટ નામની કાચી ધાતુ ખેંચી લાવવા માટે બાંધવામાં આવેલી છે. ચાંપાનેર રોડથી પાવાગઢ ૧૫ માઇલ થાય છે. સાંજની ટ્રેનમાં વડોદરેથી જનારને સાત વાગે ચાંપાનેર ઉતર્યા પછી ૮ વાગે ગુજરાત રેલ્વેની ટ્રેનમાં બેસી ૯ાા વાગે પાવાગઢના સ્ટેશને ઉતરવું પડે છે. સ્ટેશન પર ઉતર્યા પછી અર્ધો માઇલ દૂર ડુંગરની તળેટીમાં આવેલા ગામમાં જઈ ત્યાં પંડયાને ત્યાં રાતના ઉતરવું પડે છે. સ્ટેશનેથી ચાલી ગામના દરવાજામાં દાખલ થતાં પહેલાં દરવાજા બહાર જુમ્મા મસ્જિદ દેખાય છે. આ મસ્જિદ એક ભવ્ય દેખાવની અને એને બંધાયાને પાંચસો વર્ષ પસાર થવા છતાં હજુ પણ આબેહૂબ ચિત્તાકર્ષ લાગે છે.

એમ કહેવાય છે કે, આ મસ્જિદ તે રાજપૂત રાજ્યના જમાનામાં એક ભવ્ય જૈન મંદિર હતું. પાછળથી તેમાં મસ્જિદને બંધબેસતો કેટલોક ફેરફાર કરવામાં આવ્યો હતો. મસ્જિદના મુખ્ય મકાનમાં થાંભલાની એક જંગી હાર જોવામાં આવે છે અને તેની સંખ્યા ૨૭૫ જેટલી છે. મસ્જિદના આ સ્થંભો અને કારીગરીનો નમુનો એક ઉત્તમ પ્રકારની પ્રાચીન હુન્નરકળાનો અચ્છો ચિતાર આપે છે. મસ્જિદમાં એક ફકીર રહે છે.

મસ્જિદ મૂકીને આગળ આવતાં હાલમાં વસતા ગામમાં દાખલ થવાનો દરવાજો છે. ગામની આસપાસનો કિલ્લો જો કે ભાંગી તૂટી હાલતમાં છે તોપણ તેના દરવાજા અને બાંધણી જોતાં તે સેંકડો વરસ અગાઉ કેવો ઉત્તમ સ્થિતિ ધરાવતો હશે તેનો સહેજે ખ્યાલ આવી શકે છે. આ કિલ્લો રાજપૂત રાજ્યના જમાનાનાં રાજકુટુંબનાં મહેલાત માટે વપરાતો હતો એમ કહેવામાં આવે છે.

પાવાગઢ એ ગુજરાત અને આખા હિંદમાં "કાલિકા" માતાના મંદિર માટે મશહુર હોવાથી દર વર્ષે લાખો યાત્રીઓ માતાનાં દર્શનાર્થે જાય છે. આ દિવ્ય સ્થાન ખરેખર એક ચમત્કારિક સ્થાન છે એમાં તો શકજ નથી. પાવાગઢનો ડુંગર દરિયાની સપાટીથી આશરે ૭૫૦૦ ફીટની ઉંચાઇએ આવેલો છે. સાત હજાર ફીટની ઉંચાઇ પર સરોવર આવેલું છે. સવારના ૭ વાગતાં આ તલાવ ઉપર ફર-

નારને જે ઠંડી પવનની લહેરોનો આસ્વાદ મળે છે તે અનુભવ્યા પછી એમ લાગશે કે, સાચું સ્વર્ગ આજ છે.

આ ડુંગર ઉપર સાંજના પાંચ વાગ્યા પછી કોઇ પણ યાત્રાળુને રહેવાની મનાઇ છે, એ ખાસ નોંધવા જેવું છે. બીજાં ઘણાં સ્થળો પર આવો હુકમ ક્વચિતજ માલૂમ પડે છે.

ઉનાળાની ઋતુમાં આ ડુંગરપર ચઢવા માટે યાત્રાળુઓને પરોઢના ૪ વાગતાં શરૂઆત કરવી પડે છે. ગઢ ઉપર કુલ્લે સાત દરવાજા છે. ગઢમાં દાખલ થવાનો પહેલો દરવાજો પહાડની તળેટીમાં અને ગામને પાદરે એ ત્રણ ખેતર છેટે છે. પહેલો દરવાજો અટક દરવાજાને નામે ઓળખાય છે. તે દરવાજો હાલમાં સરકાર તરફથી સમરાવવામાં આવે છે. પહેલો દરવાજો પ્રવેશ કર્યા પછી આશરે અર્ધો માઇલ ગઢ ઉપર ચઢયા બાદ બીજો દરવાજો આવે છે. બીજો દરવાજો પસાર કરતાં ડાબા હાથપર "ગંગા" અને "જુમના" નામની બે તોપો ભાંગેલી હાલતમાં પડેલી છે. ત્યાંથી આગળ વધતાં વળી એક માઇલ ઉપર ચઢતાં ત્રીજો દરવાજો આવે છે. તે દરવાજો બુઢિયા દરવાજાને નામે ઓળખાય છે.

એમ કહે છે કે, જ્યારે પાવાગઢને બાર વર્ષથી મુસલમાન લશ્કરે ઘેરો નાખ્યો હતો ત્યારે કિલ્લામાંનું અનાજ ખૂટી જવા આવ્યું હતું તે વખતે પતાઇ રાવળે પોતાના ભાણેજને પોઠો સાથે છુપે રસ્તે અનાજ લેવા મોકલ્યો હતો. ભાણેજને મુસલમાન બાદશાહે પોતાના પક્ષમાં લીધો અને અનાજની પોઠો મુસલમાન લશ્કરને ભરી તેઓ આ દરવાજા સુધી આવી પહોંચ્યા. આ દરવાજા પર એક આંધળો દરવાન હતો. તેને દરવાજો ખોલવા કહેતાં તેણે પોતાનું ડહાપણ વાપરી પોઠ ઉપર ભાલાનો ઘા કરતાં દગો સમજાઇ ગયો અને તે પછી મુસલમાન લશ્કર આ કિલ્લામાં સખ્ત ખુનામરકી પછી દાખલ થવા પામ્યું. આ દરવાજાની અંદર લાખો મણ મકાઇ ભરી રાખવા માટે નવલખા કોઠારને નામે જાણીતું મકાન છે. આ કોઠારમાંજ ડુંગરમાંથી ઝરણનું પાણી મેળવવા માટે ઉત્તમ કુંડ બાંધેલા છે. કોઠારમાં બે કુંડ છે. આ કુંડમાંનું પાણી ખરા મધ્યાહ્નકાળે પણ મુંબાઇનાં બનાવટી બરફ નાખેલાં પાણી કરતાં ઉત્તમ અને કુદરતી ઠંડક ભરેલું શીતળ જળ છે. તે પીતાંને વાર માણસનું મન તૃપ્ત થાય છે. મુંબાઇના સહેલાણીઓએ ધારાપુરી અને એનેરેકેનેરીની ગુફાઓમાં જોયેલું હોવાથી તે વાત તેઓ સહેજે સમજી શકશે. આ મથકે થોડીક વિશ્રાન્તિ લીધા બાદ આગળ ચઢતાં ઉભો ચઢાવ હોવાથી ગમે તેવા મજબૂત માણસને પણ નાકે દમ આવ્યા સિવાય રહેતો નથી. પાંચમો દરવાજો વટાવ્યા પછી એક જબરજસ્ત ખીણ આવે છે અને પંદરેક કદમ જેટલી પહોળી આ ખીણ ઉપર હાલમાં

લોખંડનો પૂલ બાંધેલો છે; પણ તેની અગાઉ લાકડાનાં પાટીઆં વગેરે નાખી મૂકેલાં રહેતાં. જો કોઇ માણસ ખીણ પરથી પસાર થતાં નીચે નજર કરે તો તેને જમીન તો દેખાયજ નહિ એટલી ઉંડી ખીણ છે. આ ખીણ વટાવ્યા પછી ઉપર જતાં છઠ્ઠો અને સાતમો દરવાજો પસાર કર્યા પછી સપાટ મેદાન આવે છે અને કેટલીક ઝાડ-પાન અને લીલોતરી તેમજ જાનવર ચરતાં જોવામાં આવે છે. અત્રે જૈનોનાં કેટલાંક મંદિર આવેલાં છે. એક મંદિર હમણાં સુધરાવેલું છે.

ત્યાંથી આશરે અર્ધો માઇલ ઉપર ચઢતાં દૂધીઉં તળાવ આવે છે. આ તળાવમાં સ્નાન કરતાં માણસનો અર્ધો થાક ઉતરી જાય છે.

તલાવમાં સ્નાન કર્યા પછી માતાજીના મંદિરમાં જવા માટેનો ૨૪૫ પગથીઆં કોતરીને બનાવેલો રસ્તો છે.

આ પગથીઆં ચઢીને ઉપર જતાં દેવળનો બુરજ આવે છે. દર-વાજામાં દાખલ થઇ ચોગાનમાં બૂટ કાઢી પછી યાત્રાળુ મહાકાળીના મંડપમાં દાખલ થાય છે. મંડપમાં દાખલ થતાંજ સન્મુખ કાલિકાની મૂર્તિ નજરે પડે છે. કાળીની બાજુમાં મહાકાળીની મૂર્તિ છે, અને બીજી તરફ બહેચરાજીની આંગી છે. આ મંદિરની ઉપર અગાશીમાં સદનશા પીરની કબર આવેલી છે.

આ પીરની કબર માતાજીના દેવળ ઉપર કેવી રીતે થવા પામી તે વાત ઘણી અજાયબભરેલી છે. ત્યાંના પૂજારી એમ કહે છે કે, સુધનવા નામના એક રજપૂત માજીના પરમ ભક્ત હતા. અને પાવાગઢના પતાઇ રાવળનો નાશ થયા પછી મુસલમાનો જ્યારે હિંદુ દેવળોનો વિનાશ કરવા મંડયા ત્યારે કાલકા માતા જમીનમાં સમાઇ જવા માંડયાં. ભક્ત સુધનવાએ તે વખતે માતાજીને કરગ-રીને વિનંતિ કરી કે, પતાઇ રાવળની ભૂલ માટે તમે લાખો મનુષ્યો-ને દર્શનનો લાભ મળતો શા માટે બંધ કરો છો? આટલી વાતો થતામાં માતાજી ગરદન સુધી જમીનમાં ઉતરી ગયાં હતાં. માતા-જીએ ભક્તની કાકલૂદીભરેલી અરજ ઉપરથી ત્યાં રહેવાનું કબૂલ કર્યું; પણ મંદિરને મુસલમાનો ભ્રષ્ટ ન કરે તેટલા માટે પોતાના ભક્તને અગાશી પર જઇ બાંગ પોકારવા હુકમ કર્યો. ભક્ત સુધનવાએ તે પ્રમાણે દેવળની અગાશીમાં ઉભા રહી બાંગ પોકારી અને તે પછી તેઓ અદ્દશ્ય થયા અને તે જગા પર ફક્ત ફૂલનો ઢગલો બની ગયો. મુસલમાનો બાંગ સાંભળી ત્યાં આવ્યા અને તે જગા પર સદન પીરની કબર બનાવી. એ રીતે પાવાગઢના ડુંગર પર ચંડિકા અને પીરનું એકજ સ્થાન હસ્તીમાં આવ્યું હતું, એમ કહેવાય છે.


પાવાગઢના છેક ઉપરની ટોચ પર દર્શન કરી યાત્રીઓ નીચે ઉતરતાં બુઢીઆ દરવાજામાંથી નીકળ્યા પછી પડોશમાં આવેલા ખાપરા ઝવેરી નામના તે જમનાના જાણીતા લૂંટારૂઓનું મથક આવેલું

છે ત્યાં જાય છે. ખાપરા ઝવેરીનો મહેલ–જોકે ઘણો ભાગ તો તૂટી ગયેલો છે પણ તે છતાં અત્યારે મોજુદ રહેલાં બાંધકામ જોતાં આપણને અજાયબી ઉપજ્યા સિવાય રહેતી નથી કે, આ લૂંટારૂઓએ પોતાને છુપાઇ ભરાઈ રહેવા માટે આવું અજાયબ બાંધકામ કેવી રીતે ઉભું કર્યું હશે. અત્યારના મકાનમાં કમતીમાં કમતી ૧૦૦થી વધારે પગથીઆં ઉતરવાનું છે; પણ તેમાં પછીનું ઉંડાણમાં ઉતરવાનો માર્ગ તો સરકારે પૂરી દીધેલો છે. આ મહેલની પાડોશમાંજ વિશ્વામિત્રી નદીનું મૂળ છે ત્યાંથી નદીનું ઝરણુ એક ઉંડા ધોધમાં પડી આગળ વહે છે.

ટેકરીની છેક ટોચેથી ડુંગરની તળેટી તરફ નજર નાખતાં પાવાગઢના આ દુર્ગના મહાભારત બાંધકામનો ખ્યાલ આવી શકે છે. પશ્ચિમના મુલકમાં બેલ્જીઅમમાં આવેલા લીજ અને નામુરના કિલ્લા જેમ અજિત ગણાતા હતા, તેમ ગુજરાતના બે અજિત કિલ્લા પાવાગઢ અને જુનાગઢ હતા. મહમદ બેગડાએ આ બન્ને દુર્ગ જીતી કબજો કરવાથીજ તેનું નામ ગુજરાતના ઇતિહાસમાં મહમદ બેગડા તરીકે વિખ્યાત છે.

પાવાગઢના આ સાતે કિલ્લાનાં બાંધકામ જોતાં આપણને એમજ લાગ્યા વિના રહેશે નહિ કે, અત્યારે યાંત્રિક અને વિદ્યુત્ શક્તિના જમાનામાં પણ આવો એકજ કિલ્લો બાંધવો હોય તો તે માટે વર્ષોનાં વર્ષો વીતી જાય અને લાખો નહિ બલ્કે કરોડોનો ખર્ચ કરતાં ઘણા બાંધવામાં અતિશય મુશ્કેલી ખમવી પડે; તો પ્રાચીન કાળમાં, જ્યારે પ્રગતિના ચાલુ જમાનાનાં સાધનો અને સામગ્રી નહોતી તે જમાનામાં તે વખતના કારીગરો અને એનજીનીઅરોએ કેવી રીતે કામ લીધું હશે ?

(તા. ૧૪–૪–૧૯૨૯ના "બે ઘડી મોજ"માંથી)



૧૮–અદ્‌ભુત મકાનો બાંધતી કીડીઓ

નાના પ્રાણી વિષે 'મોટી' વાતો

(લેખિકાઃ—કુ. બહેન નોશાકરી પીલાં)

પ્રત્યેક વ્યક્તિએ કીડીને તો જોઇ હશે. અન્ય પ્રાણી કરતાં એનું કદ બહુ નાનું છે, પરંતુ કદ તપાસતાં એ ઘણીજ ચંચળ અને જોરાવર છે. અને પ્રાચીન સમયથીજ પુખ્ત વિચારમાં અને શ્રમ ખેંચવામાં કીડીને નમુના તરીકે હજીયે બતાવવામાં આવે છે.

અન્ય પ્રાણીની પેઠે કીડીઓને પણ માથું, શરીર, પગ અને પાંખો છે. માથામાં બે બે આંખો છે, જેથી એ પોતાનો માગ શોધી લે છે અને કાર્ય કરે છે; એ સિવાય કોઇકમાં ત્રણ પણ આંખો હોવાનું જણાએલ છે. એ ત્રીજી આંખથી તેઓ બહુ છેટેની ચીજો બરાબર જોઇ શકે છે. કીડીને એક મોં અને જીભ છે. એ કદાચ વિસ્મયની વાત લાગશે. મોં વડે એ ખોરાકને કરડે છે અને ચૂસે છે. વળી મોં આગળ બે સુંઢ છે, જેથી તેઓ ખોરાકની સુગંધ લઈ શકે છે. એમને ૭ પગ તથા ૭ પાંખો છે. મનુષ્ય જેમ જૂનાં વસ્ત્ર બદલી નવીન ધારણ કરે છે, તેમ કીડીઓ પણ વખત આવ્યે પોતાના શરીર ઉપરનું પડ વારંવાર બદલે છે.

મધમાખોનીજ પેઠે કીડીઓ ટોળીમાં વસે છે. એમાં કેટલાક નર અને કેટલીક માદાઓ હોય છે. અને તેમનાથી પછી કીડીઓનો ઉપદ્રવ થાય છે. નર અને માદા કીડીઓની આસપાસ સખ્ત પહેરો રાખે છે કે તેઓ અન્ય સ્થળે નાસી ન જાય. પોતાની ટોળીમાંથી એક પણ કીડી ભાગી ન જાય એ સારૂ ચોક્કસ નર-માદા કીડીઓ સિપાઇ તરીકે કાર્ય કરે છે, જેઓ ખબર કર્યા વગર નાસી જતી કીડીઓને ત્રણ ચાર ભેગી મળી પગ તથા પાંખ વડે પોતાના સ્થળે ખેંચી લાવે છે. લાલ અને ભૂરા રંગની કીડીઓ ખેતરમાં અને વાડીમાં, તથા પીળી અને લાકડાંમાં રહેતી કીડીઓ લાંબા સમય સુધી એકજ સ્થળમાં પડી રહે છે.

કીડીઓ પોતાનાં ઇંડાં નાની નાની કોથળીમાં મૂકીને તે કોથળીઓ છૂટી રહેવા દે છે; કોઇ ચીજ સાથે બાંધીને ફરતાં નથી. જ્યારે કોથળીમાંથી બચ્ચાં ઉત્પન્ન થાય છે ત્યારે તેઓ રેશમના કીડાની પેઠે પોતાને માટે એક કોશેટા જેવું બનાવે છે તેમાં તેઓ રહે છે, અને તેમાંજ બચ્ચાં મોટાં થાય છે. યુરોપ ખંડમાં એ દડીઓનો માણસો ઉપયોગ કરે છે અને પાળેલાં પંખીઓને ખવરાવવાના ઉપયોગમાં આવે છે. કેટલાક લોકો એ દડી ઉપરજ આજીવિકા ચલાવે છે. સીયામ દેશમાં લોકો એ ઈંડાંની કરી બનાવી

ભારે હોંશથી ખાય છે.

કીડીઓ પોતાના રહેવાના સ્થાનાર્થે રસ્તા, ઓરડા અને ગેલેરીઓ બાંધે છે. અને એ કામ માટે અસંખ્ય કીડીઓ કડીઆ તરીકે કામે વળગે છે. થોડીક કીડીઓ પ્રથમ પોતાનાં જડબાંથી ધૂળ ખોદી કાઢે છે. એ ધૂળને બીજી કીડીઓ વરસાદના પાણી સાથે મેળવીને ભેગું કરે છે. આ મેળવીને બનાવેલી લાહીને બીજી કીડીઓ ઘાસનાં તણખલાં અને અનાજની ડાળીઓ ઉપર પાથરે છે અને તેને સૂકાવા દે છે. સુકાએલી માટીના થાંભલા અને મહેરાબ બને છે; થાંભલાની વચ્ચેની જગાઓમાં બીજી ભીની માટી ગોઠવીને જુદા જુદા ભાગમાં ગોઠવે છે અને તેમાં વળી નાના નાના ઓરડા બનાવે છે. ગૃહમાં પ્રવેશ થવા એક બાકોરૂં બનાવે છે. આ ઘર બાંધવાનું કામ તેઓ મુખ્યત્વે કરીને રાત્રે કરે છે. કોઇક કીડીઓ કેવળ સુથારનુંજ કામ કરે છે. તેઓ ઝાડની અંદર વસે છે અને તેને અંદરથી પોકળ બનાવે છે, અને બારીક બારીક ઓરડાઓ બનાવે છે. આફ્રિકા દેશની કીડીઓ પોતાના માળા ભઠ્ઠીની માફક માટીના બનાવે છે. ત્યાંના જંગલી લોકો એ માળાને પોતાના ઉપયોગમાં લે છે. આફ્રિકામાં બીજા પ્રકારની એક કીડી જોવામાં આવે છે. તેઓ પોતાનાં માથાં ઉપર જાણે છત્રી ઓઢી હોય એવી વસ્તુ મૂકી એવી તો સરખી ચાલી જાય છે કે મનુષ્યજાતિ ભાગ્યે તેમ ચાલી શકે. બીજી કીડી ત્યાં સફેદ જોવામાં આવે છે. આ કીડીઓ પોતાના માળા ખાણના પરાના જેવા બનાવે છે, અને તે ઘણું કરીને સાતથી આઠ ફુટ ઉંચા હોય છે. અને હેઠળથી દસથી બાર ફીટ ઘેરાવામાં હોય છે. એવા માળા કોઇક વીસ ફુટ ઉંચા અને ત્રીસથી ચાલીસ ફીટ ઘેરાવામાં હોય છે. આ માળાઓ એટલા સુંદર હોય છે કે, વીસમી સદીની આ સુધરેલી દુનિયા પણ બનાવી શકે નહિ. આ માળાઓ કીડી જેવાં સૂક્ષ્મ પ્રાણીઓએ શી રીતે બાંધ્યાં હશે તેનો ખ્યાલ થાય છે ત્યારે મનુષ્યજાતિએ ઈજીપ્ત દેશમાં બનાવેલી પીરામીડ જે આજે પણ દુનિયાની અજાયબી લેખવામાં આવે છે તે પણ આ માળાઓ આગળ કંઇ વિસાતમાં નથી એમ લાગે છે. એજ દેશમાં લીલી કીડી હસ્તિ ધરાવે છે. તેઓ વૃક્ષનાં પાંદડાં એક જાતની ચીકણી વસ્તુથી જોડી અંદર પોતાના માળા બનાવે છે.

નોર્વે દેશની કાળી કીડીઓના માળા પાંચ ફીટ ઉંચા હોય છે. તેઓ પોતાના માળા સડેલાં લાકડાં, પાંદડાં અને વૃક્ષની છાલમાંથી બનાવે છે. ત્યાંના લોકો એ કીડીઓનો ઉપયોગ કરે છે. એક શીશામાં અર્ધ પાણી ભરી તેનું મોં તે કીડીઓના માળામાં ખોસે છે. સઘળી કીડીઓ શીશામાં ચાલી જાય છે અને પાણીમાં ડૂબી મરી

જાય છે. એ કીડીવાળા પાણીને ઉકાળી એક જાતનો એસીડ બનાવે છે, જેનો તેઓ "સરકા" તરીકે ઉપયોગ કરે છે.

બીજાં પ્રાણીઓની પેઠે કીડીઓ પણ બધો ખોરાક ખાય છે. ખાસ કરીને એફીસ નામક ઝીણાં જંતુઓ એને અધિક પ્રિય છે. એ એફીસ જંતુઓને પેટ આગળથી બે સુંઢ હોય છે અને એ સુંઢમાં એક પ્રકારનો મીઠો રસ ચાલુ વહે છે, જે કીડીઓ ચૂસે છે. ચોમાસાની ઋતુમાં કીડીઓ એફીસને પોતાના માળામાં લાવી રાખે છે. મોટી સંખ્યામાં આ જંતુઓને ભેગાં કરી વૃક્ષનાં પાંદડાં ઉપર મેલી છાંડે છે. બીજી કીડીઓ એ રખે લઇ નાસી જાય એવા હેતુથી પોતાનું સ્થાન ઝાડ આગળજ રાખે છે. આ "એફીસ"ને લીધે કીડીઓ વચ્ચે ઘણી વાર મારામારી થાય છે.

આફ્રિકા દેશમાં એક પ્રકારની કીડી વસે છે. તેઓ ટોળાં-બંધ થઇને ફરવા જાય છે અને માર્ગમાં જીવતું યા મુવેલું પ્રાણી નજરે પડે તેનું ભક્ષણ કરી જાય છે. જોકે તેઓ નાની છતાં એટલી મોટી સંખ્યામાં પોતાની મંજલ કાપે છે કે મોટા મોટા સાપો ઉપર હુમલો કરી ઝટ તેને મારી નાખી ખાઇ જાય છે. તેઓ એટલી તો સમજદાર હોય છે કે, જે પ્રાણીનો ભોગ કરવા ધારે છે તેઓની પાંખ પ્રથમ ખાઇ જાય છે. એક પ્રકારની બીજી કીડીઓ છે જે બે ત્રણ વર્ષે કોણ જાણે કયાંયથી ફૂટી નીકળે છે. તેઓ આવે છે ત્યારે લોકો પોતાનાં ઘર ખુલ્લાં મૂકે છે. કેમકે તેઓ સઘળાં બારીક જંતુઓને ખાઈ જઇ જંતુઓનો નાશ કરે છે.

વરસાદની ઋતુમાં કીડીઓથી બહાર નીકળી શકાતું ન હોવાથી તેઓ આખાં ચોમાસાનો ખોરાક આગળથી ભરી રાખે છે. આ ઉપરથી નામીચો હકીમ સુલેમાન મનુષ્યજાતિને શિખામણ આપતાં કહે છે કે "ઓ આળસુ માણસ ! તું કીડીઓની આગળ જા. તેમના માર્ગ જો અને તે ઉપરથી ડહાપણ લે." કીડીઓ એક દેશ છોડીને બીજા દેશમાં જાય છે ત્યારે દેખાવ જોવા લાયક થઈ પડે છે. કેમકે તેઓ મોટી સંખ્યામાં થઇ હવામાં ઉડે છે, અને તેથી ક્ષણીક વેળા આકાશ કાળું બની જાય છે. આવી રીતે ઉડી આવીને તેઓ ખુલ્લા મેદાનમાં આવીને પડે છે. જર્મનીમાં એક વેળા તેઓ મોટી સંખ્યામાં ભેગી થઇ એક ઉંચા સ્થંભના આકારમાં અજાયબી જેવી રીતે ઉડી હતી.

હિંદુસ્તાનમાં ઝીણી લાલ કીડીઓ ઘણી દૃષ્ટિએ પડે છે. તેઓ એટલી તો બારીક હોય છે કે, દસ બાર મળી ભાગ્યે એકાદ દાણાને ઉંચકી શકે છે. તેઓ બે જુદી હારમાં ચાલે છે. એક હાર પોતાના માળામાં અનાજ લઇને જાય છે, જયારે બીજી હાર બહાર અનાજ લેવા ધસે છે. જેનાં મોંમાં બોજો હોતો નથી તેઓ

બોજાવાળી કીડીઓને હંમેશાં સામી ભેટ આપે છે-જાણે ખોરાક મેળવવા માટે તેઓને અભિનંદન આપે છે. એકાદ શિકાર હાથથી છટકી જતાં તેઓ નિરાશ થતી નથી, પરંતુ અનેક વાર મથન કરી તેને પોતાના માળામાં લઈ ગયા સિવાય તેઓ નિરાંતે બેસતી નથી; ખાસ કરી મિઠાશવાળી ચીજો પ્રતિ તેઓ વિશેષ આકર્ષાય છે. કર્નલ સાઇકસે એ કીડીઓ ઉપર પોતાના પ્રયોગો અજમાવ્યા છે જે ઉપરથી તે એવું કહે છે કે, કીડીઓ ઘણી પ્રેરણાબુદ્ધિ ધરાવે છે. એક દૃષ્ટાંત અહીં ટાંકવું રસિક થઈ પડશે. કર્નલ સાઈકસ દિવાલથી સહેજ આઘે એક 'સાઇડબોર્ડ' ઉપર મિઠાઇ મૂકી છાંડતો હતો; અને કીડીઓ તેની ઉપર ન તૂટી પડે એટલા સારૂ ટેબલના પાયા પાણીમાં પલાળી રાખતો. એમ છતાં મિઠાઇ ઉપર વારંવાર હજારો કીડીઓ ધસારો કરતી. આ ઉપદ્રવ અટકાવવા એણે બીજો ઇલાજ કામે લગાડયો. એણે પાયા ઉપર ટરપીંટનાઇ લગાડયું, પણ તોયે એ કીડીઓ મિઠાઈ ભણી ગયા વિના ન રહી. તપાસ કરતાં જણાયું કે, કીડીઓ દિવાલ ઉપર ચઢી સાઇડ બોર્ડની સપાટી બરાબર સઘળી ભેગી થઇને ત્યાંથી લાંબી ફ્લાંગ મારીને આવતી હતી. આ ઉપરથી કર્નલ સાઇકસે સાઇડબોર્ડ દિવાલથી જરા છેટે કરી. થોડા દિવસ એથી કીડીઓ જણાઇ નહિ. પરંતુ અંતે એ મહેનતુ પ્રાણીઓ પોતાના ઉદ્યોગથી ત્યાં પણ પહોંચી વળી. આ ઝીણાં લેખાતાં પ્રાણીઓ પણ આ રીતે માણસને ઘણી વાર જાતજાતનું શિક્ષણ આપે છે. કીડીઓ સાઇડ-બોર્ડ ઉપર કેમ આવી એનો ખ્યાલ કર્નલ સાઇકસ કરતો હતો એટલામાં એક કીડીને સપાટી ઉપરથી દિવાલ ચઢતાં જોઇ અને લગભગ એક ફુટ જેટલો કૂદકો મારી સાઇડબોર્ડ ઉપર એ ગઇ અને એજ રીતે બધી આવતી જણાઈ હતી.

હિંદુ લોકો દાન અને પુણ્ય માની કીડીઓના દર આગળ અને માળામાં ખાંડ ભભરાવે છે. કેમકે તેઓ એવી માન્યતા ધરાવે છે કે, જે ઘરમાં લાલ કીડીઓ વસે છે તે ઘરમાં આબાદી પ્રસરાએલી રહે છે. લાલ કીડીઓ સફેદ કીડીઓની શત્રુ હોઇ તેને જુએ ત્યાંથી છુંદે છે અને તેથી એ મનુષ્યજાતિના મિત્ર તરીકે ગણાએલ છે.

અમેરિકા ખંડના પેરૂ નામક દેશમાં મોટી કીડીઓ છે. તે એક ઇંચ લાંબી અને પીળા તથા કાળા રંગની હોય છે. ત્યાંના લોકોને એ કીડી ઉપયોગી છે. તેઓ ઘરનાં જીવજંતુ ખાઇ જાય છે. આફ્રિકાની સફેદ કીડીઓ ત્યાંના લોકોને ખૂબ ત્રાસજનક છે; કેમકે તેઓ ધાતુ અને પથ્થર સિવાય બીજી તમામ વસ્તુ તથા સરસામાનનો નાશ કરી નાખે છે. પોતાના માળાથી જે ઘર લૂંટવાનું હોય છે ત્યાંસુધી માટીની એક ગેલેરી બાંધે છે અને તેની તળેટીમાંથી

અસંખ્ય કીડીઓ નુકસાની કરવા ઉતરી પડે છે. કેવળ ચોવીસ કલાકમાં તો સઘળો માલ, લાકડકામ, લૂગડાંલત્તાં આદિ અનેક ચીજોનો તેઓ નાશ કરી નાખે છે. ગેરન્ડા દેશમાં શેરડીના ખેતરમાં કીડીઓ બહુ ત્રાસ આપે છે. એક વેળા બાર માઇલની ફરતી જમીન ઉપરની તમામ શેરડીનો તેમણે નાશ કર્યો હતો.

મનુષ્યજાતિ જેમ એકમેકની ઉપર ચઢાઇ લઇ જાય છે અને લડી મરે છે, તેમ જુદી જુદી જાતની કીડીઓ એકમેક સાથે લડાઇ કરે છે. જ્યારે તેઓ અનાજ લેવા જાય છે ત્યારે અત્યંત ખૂનખાર લડાઇ જામે છે, અને તે વેળા સેંકડો કીડીઓની એ લડાઇમાં કાપાકાપી થઇ જાય છે. વળી એવું પણ સમજાયું છે કે, હલકા કુળની કીડીઓને, ઉંચમાં ખપતી કીડીઓ લડવાડ કરીને પોતાને ઘેર કામ કરવા માટે તેમને ઉપાડી લાવે છે. અલબત્ત, મોટી કીડીઓને તેઓ પકડી લાવતાં નથી, પણ તેમનાં બાળકોને તો જરૂર ઉપાડી લાવે છે. તેઓ તેને પાળે છે અને મોટાં થતાં કામ કરાવે છે.

કીડીઓ મનુષ્યજાતિને આટલી બધી કંટાળો આપે છે; જ્યારે એજ કીડીઓને માથે એક પ્રાણી છે, જે કીડીઓનો નાશ કરે છે. તે પ્રાણીનું નામ "કીડીઓનો નાશ કરનાર" (એન્ટ-ઇટર) એવું છે. એ પ્રાણી પોતાના પંજામાંથી કીડીઓના માળા તોડી-ચીરીને પોતાનું લાંબુ મોં માંહે ખોસે છે અને ખાસી દોઢેક ફુટ જેટલી જીભ બહાર ખેંચીને ઉભું રહે છે. કીડીઓ તે જાનવરની જીભને કીડો સમજી મોટી સંખ્યામાં તૂટી પડે છે. તે કીડીઓ જીભ ઉપર બેસે છે તેવુંજ તે જાનવર જીભને મોંમાં ખેંચી લઇ કીડીઓને ગળી જાય છે. એ પ્રમાણે અસંખ્ય કીડીઓને તે ગળી જાય છે. જ્યાં કીડીઓનો ઉપદ્રવ મોટો હોય તે સ્થળે નળના પાણીમાં ખાંડ પળાલી તેમાં સહેજ "સોમલ" નાખીને છાછરી થાળીમાં મૂકવું. મીઠાશને લીધે કીડીઓ તેની ઉપર તૂટી પડશે અને તુરત મરી જશે; એટલુંજ નહિ પણ કદાચ ફરી ત્યાં આવવાની પણ હિંમત નહિ કરે. કીડીઓ પ્રત્યેક વાત એકબીજાં આગળ કરે છે અને તે અનેકોએ સ્વીકારેલી વાત છે. અપવાદ તરીકે એક કીડીને કંઇ હાથ લાગે તો પળવારમાં એ બીજીને બોલાવી લાવશે અને તેની પૂંઠે બીજી પણ આવતીજ જણાય છે.

સ્ત્રી, પોતાનાં સંતાન ઉપર પ્રીતિ રાખે છે, તેમ કીડીઓનો પણ તેનાં બાળક પર પ્રેમ હોય છે. નિત્ય તેઓ, જ્યાં ખોરાક મળતો હોય ત્યાં પોતાના બાળકને સાથે લઇ જાય છે. જો એકાદ બચ્ચું મરી ગયું, અગર કકડા થઇ ગયા તો તે પ્રત્યેક કકડા તેની મા વીણી લાવે છે. કોઇ માદા કીડી મરણ પામે છે તો ઘણાક દિવસ સુધી તેનું શરીર ચૂસ્યા કરે છે અને અનેક ઇલાજો તેને

ફરી સજીવન કરવા અજમાવે છે. જો કોઇક કીડી પોતાનો માળો મૂકીને બીજા માળામાં ભરાય છે તો તેને બહાર કાઢી મૂકી શિક્ષા કરે છે. તેઓ એકબીજાને માળાની બહાર મદદ કરે છે ખરી, પરંતુ પોતાના માળામાં કોઈને પણ પ્રવેશ કરવા દેતી નથી. દરેક પોતાનું કામ વહેંચી લે છે. જો એકાદ કીડી કામ કરવા આળસ કરે તો તેને શિક્ષા કરવામાં આવે છે. ત્રણ ચાર કીડી મળી તેના ટુકડા કરી મૂકે છે. કીડીઓ મોટી સંખ્યામાં છતાં મનુષ્યની પેઠે માંહોમાંહે પીખાતી નથી તેનું મૂળ કારણ એ કે, તેઓમાં ડીસીપ્લીન અનુશાસન-અને સંપ બહુ છે. મનુષ્ય જેવી બુદ્ધિવાન જાતિ એનું અનુકરણ કરે તો કેટલો ફાયદો થાય? એક માણસની પેઠે કીડીઓ જે દાણો લઇ જાય છે તે પોતા માટેજ નહિ, પણ આખી ટોળી માટે હોય છે. પોતાનો માલ છતાં કદીયે તેઓ એકલી ખાઇ જતી નથી. જે કામ એક કીડી કરે છે તે આખી ટોળી માટેજ હોય છે. જો કંઇ સંકટ આવી પડે તો તેઓ ગભરાતી નથી, પણ સાથે મળી તેમાંથી છટકવાની યુક્તિ શોધી કાઢે છે. જો તેમના માળા તોડી પાડવામાં આવે તો કેવળ બીજા બેજ દિવસમાં અગાઉ કરતાં વિશેષ સુંદર માળા બનાવી દે છે. કીડી જેવાં નાનાં પ્રાણી કેવું ચપળતાથી કામ કરે છે તે દૃષ્ટાંત લક્ષમાં લઇ મનુષ્યજાતિ પણ સાર ગ્રહણ કરે એજ આ લેખ પૂર્ણ કરતાં મારી અંતરપ્રાર્થના છે.

(તા. ૭-૪-૧૯૨૯ના "એ ઘડી મોજ"માંથી)



૧૯–હોળી

(લેખકઃ–શ્રી. ઠાકોરલાલ પ્રાણશંકર ત્રિવેદી)

હિંદુ લોકોના તહેવારોની રચના પ્રાચીન ઋષિઓએ મોટા વિચારથી કરેલી હોય છે. તેની રચના શોક–દુઃખને ભુલાવનારી અને હર્ષ ઉત્પન્ન કરાવનારી હોય છે. હિંદુઓને માથે આપત્તિઓ પડવામાં બાકી રહી નથી, પણ આ પવિત્ર જાતિએ દુઃખના દિવસોને સ્મારકચિહ્નો બનાવ્યાં નથી, એજ હિંદુ જાતિની શ્રેષ્ઠતા છે.

તહેવારો ક્યારથી ચાલ્યા આવે છે, તેનો વિચાર કરવો મુશ્કેલ છે; પણ જ્યારે બીજા દેશ અજ્ઞાનના અંધકારમાં હતા, ત્યારે ભારત સભ્યતાના ઉચ્ચ શિખર પર શોભતું હતું. તહેવારોમાં ધાર્મિક ભાવના પણ હોય છે. તહેવારોથી પ્રતિવર્ષે નવી જાગૃતિ ઉત્પન્ન થાય છે અને પ્રાચીનથી વર્તમાન સુધીનો સંબંધ જોડાયેલો રહે છે. હોળીનો ઉત્સવ આનંદકારી છે, પરંતુ કેટલીક જગાએ તે ગેરલાભ કરનાર થઇ પડે છે. હાલને ગેરલાભકારી હોલિકોત્સવ અસલના ઉત્સવનું વિકૃત રૂપ છે.

હવા અશુદ્ધ હોય તો મૅલેરિયા, પ્લેગ વગેરે વ્યાધિઓ દેશમાં ઉત્પન્ન થાય છે; માટે હમેશાં હવા શુદ્ધ કરવી જોઇએ. હવા શુદ્ધ કરવાનો ઉત્તમ ઉપાય યજ્ઞ છે. આપણા ઋષિઓ આ માટેજ દરરોજ અગ્નિહોત્ર કરતા.

હોલિકા એવા પ્રકારનો યજ્ઞ છે કે એક સમયે એકજ દિવસે તે યજ્ઞ ધાર્મિક સ્વરૂપે આખા દેશમાં દરેક સ્થળે થાય. આ યજ્ઞ વડે પૂર્ણ આરોગ્ય પ્રાપ્ત કરી શકાય, પણ દુર્ભાગ્યની વાત એ છે કે, તે આશા પૂર્ણ થઇ શકતી નથી. કારણ એજ કે તેમાં પીંપર ખાખરો આદિ રોગનિવારણ ઔષધિઓને બદલે રોગ ફેલાવનારી ચીજો વપરાય છે.

મોટા મોટા વિજ્ઞાનીઓનો એવો મત છે કે, વસંતઋતુમાં આનંદ ભોગવ્યા સિવાય લોહી બરાબર ફરી શકતું નથી, તેથી હોળીનો બીજો દિવસ તે આનંદ ભોગવવાનો ઠરાવવામાં આવ્યો; પરંતુ તે આનંદને બદલે તિરસ્કૃત કાર્યો થતાં જોવામાં આવે છે. જળક્રીડાને બદલે કાદવ–કીચડના છાંટા ઉડાવવામાં આવે છે, એજ આપણાં દુર્ભાગ્યની નિશાની !

હોળી કરવી એટલે અધમ વાસનાઓનો નાશ કરી નિષ્પાપી જીવન બનાવવું.

ઉપર મુજબ હોળી કરવાની જરૂરીઆત જોયા પછી તેને વિષેની પુરાણોક્ત આખ્યાયિકાનો કાંઇક ઉલ્લેખ કરીએ.

(૧) હિરણ્યકશ્યપને હોલિકા નામે એક બહેન હતી. ભક્ત

પ્રહ્લાદને રામનામ મુકાવવા માટે હિરણ્યકશ્યપે મારી નાખવાને અનેક પ્રયત્નો કર્યાં તેમાં જ્યારે તે નિષ્ફળ નીવડ્યો ત્યારે, તેણે પોતાની બહેન હોલિકાને બોલાવી. હોલિકા અગ્નિમાં બળી શકતી ન હતી તેથી એવું ઠરાવવામાં આવ્યું કે, તેણીએ પ્રહ્લાદને ખોળામાં લઇ અગ્નિમાં બેસવું અને પ્રહ્લાદને બાળી મૂકવો.

આવી રીતે ભક્ત પ્રહ્લાદને બાળી મૂકવાનો હોવાથી દૈવી પ્રકૃતિનાં મનુષ્યો અત્યંત દિલગીર થયાં અને તેમણે તે દિવસે ઉપવાસ કર્યો. આસુરી પ્રકૃતિનાં મનુષ્યોએ તે દિવસે ઉત્પાત-યુક્ત આનંદથી વીતાડ્યો. સંધ્યાકાળે હોલિકાએ પ્રહ્લાદને લઇ અગ્નિપ્રવેશ કર્યો, પરંતુ રામ રાખે તેને કોણ ચાખે? અર્થાત્ હોલિકા બળી ગઇ અને પ્રહ્લાદ જીવતો બહાર નીકળ્યો; એટલે સંધ્યાકાળે દૈવ પ્રકૃતિનાં ભક્તજનોએ ભોજન કર્યું. આ દિવસ ફાગણ સુદ ૧૫નો હતો.

(૨) મહાદેવજીએ પોતાના ત્રીજા નેત્ર વડે કામદેવને આ દિવસે બાળી ભસ્મ કરેલો તેથી અધમ વાસનાના નાશ અર્થે આ દિવસ સ્મારકચિહ્ન તરીકે ગણાયો.

(૩) કૃષ્ણ પરમાત્માએ માસી પૂતનાનો વધ પણ આજ દિવસે કરેલો અને એ રાક્ષસીના શબને ફાગણ માસની પૂર્ણિમાએ અગ્નિદાહ દેવાયલો.

આ ત્રણ પ્રસંગોને અનુસરી ફાગણ સુદ ૧૫ હોલિકોત્સવ તરીકે ઉજવવાનું નિર્માણ થયું. પ્રહ્લાદ તરફની સહાનુભૂતિના ચિહ્ન તરીકે તે દિવસે ઉપવાસ થવા લાગ્યો અને આસુરી ચિહ્ન તરીકે લોકો તોફાન કરવા લાગ્યા.

("ભાગ્યોદય" માસિકના એક અંકમાંથી)



૨૦—દોઢસો વર્ષ પહેલાંની હિંદની હાલત

(લેખકઃ-શ્રી. છોટુરાવ બાપુરાવ પ્રધાન)

છત્રપતિ મહારાજા શિવાજીના સમયમાં લોકો કેટલા સુખી હતા અને સોંઘવારી હતી તે નીચેની બિના પરથી સ્પષ્ટ જણાઇ આવે છેઃ-

ધંધાનું નામ	માસિક પગાર		રૂ.આ.પા.
સુતાર	,,	,,	... ૨-૯-૩
લુહાર	,,	,,	... ૧-૪-૪
લક્કડ-ફોડા	,,	,,	... ૦-૯-૩
પરચુરણ કામ કરનાર	,,	,,	... ૧-૨-૨
રસોઇયો	,,	,,	... ૧-૧૦-૪
પાણી ભરનાર	,,	,,	... ૦-૧૧-૩

ઉપલા પગારો દરરોજના નહિ પરંતુ દર માસ દીઠના છે,

ધાન્ય તથા ઈતર વસ્તુઓના ભાવ

ધાન્ય	દર મણે	રૂ.આ.પા.	ધાન્ય	દર મણે	રૂ.આ.પા.
ઘઉં	,,	૦-૪-૯	ઘી	,,	૨-૧૦-૦
જવ	,,	૦-૩-૨	તેલ	,,	૨-૦-૦
જુવાર	,,	૦-૨-૪	ગોળ-સાકર	,,	૧-૬-૪
ચોખા મધ્યમ	,,	૦-૮-૦	નિમક	,,	૦-૬-૪
,, ઉત્તમ	,,	૧-૦-૦	હળદર	,,	૦-૪-૦
તુવર દાળ	,,	૦-૪-૯	ખાદી	દર વાર	૦-૧-૭
કણીક	,,	૦-૬-૦	ચામડાંના પટા	,,	૦-૪-૦
મગની દાળ	,,	૦-૭-૨			

તે વખતે એક લઠ્ઠ માણસને સંપૂર્ણ ઘી-સાકર સાથે એક માણસને દર માસે સીધું લેતાં જે ખર્ચ થતો તે.........

કણીક ૨૫ શેરના ૦-૩-૭, દાળ ૫ શેરના ૦-૦-૫, ઘી ૧ શેરના ૦-૧-૦, નિમક ૧ શેરના ૦-૦-૨, કુલ રૂ. ૦-૫-૨

તે ઉપરાંત તેલ મરી મસાલો વગેરેનો ખર્ચ ૧૦ પાઇ ગણતાં છત્રપતિ શિવાજીના સમયમાં એક લઠ્ઠ જુવાન માણસનો દર માસે ૦-૬-૦ માં ઉત્તમ રીતે ઉદર-નિર્વાહ ચાલતો.

ઘી-સાકર ખાતાં પતિપત્ની અને ત્રણ બાળકો મળીને પાંચ મનુષ્યના એક કુટુંબને—ભલે એકજ કમાનાર હોય તોપણ તેના આખા કુટુંબને દર માસે રૂ. ૧ા ખર્ચ થતો. કેટલી સસ્તાઇ! મજૂર—કેવળ શ્રમ અને કષ્ટનું કામ કરનારો—જેના અંગમાં કળાકૌશલ્યનો છાંટો પણ નથી તે—છત્રપતિ શિવાજી મહારાજની કારકિર્દી દરમિયાન દર માસે રૂ. ૧-૧૪-૦ કમાતો, અને તેમાંથી

રૂ. ૧૧ નો ખર્ચ ઉદરનિર્વાહમાં જતાં રૂ. ૦-૧૦-૦ કપડાંલત્તાં સારૂ સહેલાઇથી સિલક રાખી શકતો. માત્ર તે વખતે એક રૂપિયો નજર આગળ કરવા કેટલો શ્રમ વેઠવો પડતો હશે, તે વાત તો ધ્યાનમાં લેવા જેવી ખરી ! અંગ્રેજોએ આ દેશના રાજવહીવટની લગામ હાથમાં લીધી ત્યારથી મોંઘવારી દિન ઉગ્યે વધતી જતી જણાય છે. જોકે આવક પણ વધી છે, પરંતુ ખર્ચ કરતાં આવકનું પ્રમાણ બહુ ઓછું હોવાથી કરોડો હિંદીઓ નાગા અને ભૂખ્યા રહે છે. (તા. ૧૪-૪-૧૯૨૯ ના "બે ઘડી મોજ"માંથી)

૨૧-પ્રાર્થના

(લેખકઃ—શ્રી. રવીન્દ્રનાથ ટાગોર)

ઉપનિષદ્ ભારતવર્ષના બ્રહ્મજ્ઞાનની વનસ્પતિ છે. એ માત્ર સુંદર શ્યામલ છાયામય છે એમ નથી, એ કરુણ પણ છે. એમાં સિદ્ધિ એ કાંઈ ચાતુર્યનાં પલ્લવ છે એમ નથી, એમાં તપસ્યાની કઠોરતા ઉંચું મોં રાખી ઉભી છે. એ ગગનભેદી દઢ અટલતામાં એક મધુર ફૂલ વિકસ્યું છે. એનો ગંધ આપણને વ્યાકુળ કરી મૂકે છે. એ ફૂલ તે મૈત્રેયીનો પ્રાર્થનામંત્ર.

યાજ્ઞવલ્કય જ્યારે ગૃહત્યાગ કરવાને સમયે પોતાની બે પત્નીને પોતાની સમસ્ત સંપત્તિ અર્પણ કરી દઈ જવાને તૈયાર થાય છે ત્યારે મૈત્રેયી પ્રશ્ન કરે છે કે, ભલા કહો તો, આ સૌ લઇને શું હું અમર થઇશ ? યાજ્ઞવલ્કય કહે છે કે ના, એમ તો નહિ. ઉપકરણ વસ્તુનું જેવું જીવન તેવુંજ તારૂં થશે. સંસારી જેવી રીતે પોતાનાં ઘરબાર, ઢોરઢાંકર, આહારવિહારથી સ્વચ્છંદે જીવન ગાળે છે એજ રીતે તું પણ તારૂં જીવન ગાળી શકશે.

મૈત્રેયી બીજીજ પળે બોલી ઉઠે છે કે, **येनाऽहं नाऽमृता स्याम् किमहं तेन कुर्याम्।** જેનાવડે અમર ના થાઉં તેને લઇને તે હું શું કરૂં ? આ તો કાંઇ કઠોર જ્ઞાનની વાત નથી. એ તો કંઇ વિચાર વડે, ધ્યાન વડે કઈ વસ્તુ નિત્ય, કઇ અનિત્ય એનો વિવેક માગતી નથી. એના મનમાં તો એકજ કસોટી છે. તે ઉપર સંસારના સમસ્ત ઉપકરણને એક વાર ઘસી જોઇ, એ બોલી ઉઠે છે કે, મારે જોઇએ છે એ તો એ ન હોય !

ઉપનિષદ્‌માં સમસ્ત પુરુષઋષિઓની જ્ઞાનગંભીર વાણીમાં એકજ સ્રીકંઠનું આ એકજ વ્યાકુળ વાકય ગાજી ઉઠે છે. એનો ધ્વનિ લીન થઇ જતો નથી; એ ધ્વનિ એના મેઘચંદ્ર શાંતસ્વરની અંદર એક અપૂર્વ અશ્રુપૂર્ણ માધુર્ય જાગતું કરી રાખે છે. માનવ-

જાતિમાં પુરુષ છે એનો સાક્ષાત્કાર ઉપનિષદ્‌માં વિવિધ ભાવે પામીએ છીએ. એ સમે અકસ્માત્ એક ખૂણેથી દેખાઇ આવે છે કે, માનવ-જાતિમાં જે નારી છે તે પણ સૌંદર્ય વિસ્તારીને ઉભી રહી છે.

આપણી આંતર–પ્રકૃતિની અંદર એક નારી પણ છે. આપણો બધો સંઘરો આપણે તેની પાસે લાવી મૂકીએ છીએ. આપણે ધન લાવીને કહીએ છીએ કે આ લ્યો. કીર્તિ લાવીને કહીએ છીએ કે આ સંઘરો. આપણી પુરુષપ્રકૃતિ સમસ્ત જીવનપ્રાણ પણ પરિશ્રમ કરી કયાંથી કયાંથી કેટલું કેટલું શું શું આણી દે છે, એનો કંઇ પાર નથી. સ્ત્રીપ્રકૃતિને કહે છે કે એ વડે ઘર સજાવો, સારી રીતે ઘરસંસાર ચલાવો. એમ તમે સુખમાં રહો. આપણા અંતર-ની તપસ્વિની હજીયે સ્પષ્ટ રીતે બોલી શકતી નથી, જે એ બધાથી મને લાભ શો? વખતે એમ પણ હોય કે મને જે જોઇએ છે એ મળ્યું છે એમ પણ સમજતી હોય; પણ તોય સૌ મળી ગયું એમ એનું મન માનતું નથી. વખતે એમ પણ માનતી હોય જે પામવા-નું પરિણામ હજીયે વધવું જોઇએ—પૈસા વધારે જોઇએ, કીર્તિ વધારે જોઇએ, શક્તિ આથી વધારે ના મળે તો ચાલે નહિ; પણ એ વધારેનો અંત નથી. પણ ખરી રીતે તો એ અમૃતને ચાહ્ય છે અને આ બધાં ઉપકરણ તો અમૃત ન હોય, એ વાત એને એક દિવસ સમજવી જોઇશે. જીવનના આ ઢગલાબંધ સંઘરાને એક બાજુએ ઠેલી મેલીને એક દિવસે એક પળે એને બોલી ઉઠવું પડશે કે **येनाऽहं नाऽमृता स्याम् किमहं तेन कुर्याम्।**

પણ મૈત્રેયી! આહ જે 'જેના વડે અમર ના થાઉં એને લેઇને તે હું શું કરૂં?' એનો અર્થ શો? અમર થવાનો અર્થ તે શું આ પાર્થિવ શરીરને અનંત કાળ સુધી વહ્યા જવું તે? અથવા મૃત્યુની પછી કોઇ રૂપે જન્માંતરમાં અથવા અવસ્થાંતરમાં બેસી રહેવું તે? મૈત્રેયી આ શરીરની અમરતા ચાહતી નથી કે આત્માની અનિત્યતા સંબંધે એને કોઇ ચિંતા નથી એ વાત તો નક્કી. ત્યારે એ કેવા રૂપે અમર થવા ચાહે છે?

એ તો એમ કહે છે કે, સંસારમાં તો આપણે એકની અંદર થઇને બીજામાં જઇએ છીએ, કોઇ રીતે સ્થિર થઇ શકતા નથી. આપણા મનના વિષયો પણ સરી જાય છે, આપણું મન પણ સરી જાય છે, જેને આધારે આપણું ચિત્ત છે એ આધારને છોડીએ ત્યારે તે સંબંધે આપણું મૃત્યુ થાય; એવી રીતે એક મૃત્યુની અંદર થઇને બીજા મૃત્યુમાં જઇએ છીએ. એ મૃત્યુની પરંપરાનો કંઈ પાર નથી.

ત્યારે આપણું મન એવા કશાકને ચહાય છે, જે એનાથી પછી એને ખસવું પડે નહિ, જે પામ્યે એ બોલી શકે કે આ વિના મારે બીજું કશું જોઇતું નથી, જેને પામ્યા પછી ફરી છોડાછોડીની

વાતજ ઉઠે નહિ ! એમ થાય તો તો મૃત્યુના હાથને એકી વારે ઠેલી શકાય. એવું કયું માણસ છે, કયું ઉપકરણ છે જેની સામે જોઇને આપણે બોલી શકીએ કે મારા જીવનનું ભાથું મળી ગયું, હવે બીજા કશાની દરકાર નથી ?

એટલા માટે તો સ્વામીએ છોડેલી સમસ્ત વિષયસંપત્તિ ઠેલી કાઢીને મૈત્રેયી બોલી ઉઠે છે કે, આ સૌ લેઇને તે હું શું કરૂં ? મારે તો અમૃત જોઇએ.

ઠીક, ઉપકરણ તો અમૃત નહિ; ત્યારે અમૃત તે શું ? અમૃત તે શું, એ આપણે જાણીએ છીએ; પૃથ્વીમાં એકે વાર એનો સ્વાદ પામ્યા નથી એવું તો કાંઇ નથી. જો ના પામ્યા હોત તો એને માટે રડી ઉઠત નહિ. આપણે સંસારના સૌ વિષયોમાં કેવળ એનેજ શોધતા ફરીએ છીએ, એતું કારણ એ કે, પળે પળે એ આપણો સ્પર્શ કરી જાય છે.

મૃત્યુની અંદર આ અમૃતનો સ્પર્શ આપણે ક્યાં પામીએ છીએ ? જ્યાં આપણો પ્રેમ છે ત્યાં. એ પ્રેમમાંજ આપણે અનંતનો સ્વાદ પામીએ છીએ. પ્રેમજ સીમાની અંદર અસીમતાની છાયા પાડી જૂનાને નવું કરી રાખે. મૃત્યુનો કોઈ રીતે સ્વીકાર ના કરે. સંસારના વિચિત્ર વિષયોની અંદર આ જે પ્રેમનો આભાસ દેખી શકીને મૃત્યુની પારના પરમ પદાર્થનો પરિચય પામીએ એવું સ્વરૂપ તે પ્રેમસ્વરૂપ. એ જાણવા પામીએ-એ પ્રેમનેજ જ્યારે પરિપૂર્ણરૂપે પામવાને માટે આપણા અંતરાત્માની સત્ય આકાંક્ષાને આવિષ્કાર કરીએ, આપણા સમસ્ત ઉપકરણને અનાયાસેજ ઠેલી કાઢી બોલવા પામીએ જે **येनाऽहं नामृता स्याम् किमहं तेन कुर्याम्।**

આ વાણી જ્યારે રમણીને મુખેથી નીકળી છે ત્યારે કેવી સ્પષ્ટ, કેવી સત્ય, કેવી મધુર બની નીકળે છે ! સમસ્ત તર્ક-સમસ્ત યુક્તિને છેદી કેમ અનાયાસેજ જાગી ઉઠી છે ! અરે મારે ઘરબાર કશુંય જોઇતું નથી. મારે તો પ્રેમજ જોઇએ—કેવું આ રોવું !

મૈત્રેયીનું આ સરળ રોવું પ્રાર્થના રૂપ ધારણ કરીને જે જાગ્રત થઈ ઉઠ્યું છે એના જેવી આશ્ચર્યરૂપ પરિપૂર્ણ પ્રાર્થના જગતમાં બીજે ક્યાંય કદીએ સંભળાઇ છે ? સમસ્ત માનવહૃદયની એકાંત પ્રાર્થના આ રમણીના વ્યાકુળ કંઠે સદાને માટે સુંદર વાણી પામી છે. એજ પ્રાર્થના આપણાં દરેકની એકમાત્ર પ્રાર્થના હોય અને એજ પ્રાર્થના વિશ્વમાનવના વિરાટ ઇતિહાસમાં જુગે જુગાન્તરે ઉચ્ચારાતી આવે છે.

येनाऽहं नाऽमृता स्याम् किमहं तेन कुर्याम् । એમ બોલી ઉઠીને એ બ્રહ્મવાદિની તરતજ હાથ જોડીને ઉભી થઈ ગઇ ને આંસુભરી આંખે આકાશ તરફ મોં કરી બોલી ઉઠી: **असतो मा**

सद्गमय। तमसो मा ज्योतिर्गमय। मृत्योर्माऽमृतं गमय। आविरावीर्म एधि रुद्र यत्ते दक्षिणं मुखं तेन माम् पाहि नित्यम्।

ઉપનિષદ્‌માં આપણે પુરુષને કંઠેથી ગંભીર અનુભવની અનેક વાણી પામ્યા છીએ, પણ સ્ત્રીકંઠેથી તો આ એકજ ગંભીર પ્રાર્થના પામીએ છીએ. સાચી રીતે આપણને શું જોઇએ છીએ, શું લેવું છે એનો એકાગ્ર અનુભવ તો પ્રેમકાતર રમણીહૃદયમાંથીજ અતિ સહેજે પામીએ છીએઃ–હે સત્ય! સમસ્ત અસત્યમાંથી કાઢીને મને તારી મધ્યે લેઇ જા, નહિ તો મારો પ્રેમ બંદીખાને રહી જશે; હે અમૃત! નિરંતર મૃત્યુમાંથી કાઢીને મને તારી મધ્યે લઈ જા, નહિ તો મારો પ્રેમ રાત્રે રખડતા પ્રવાસીની પેઠે નિરાધાર રહી રખડતો રહેશે. હે પ્રકાશ! તું મારી પાસે પ્રકાશિત થા તોજ મારો સમસ્ત પ્રેમ સાર્થક થશે. **आविरावीर्म एधि** હે આવિઃ હે પ્રકાશ! તું તો ચિરપ્રકાશ! પણ તું એક વાર મારો થા. મારો થઇ પ્રકાશ પામ, મારામાં તારો પ્રકાશ પૂર્ણ થાઓ! હે રુદ્ર, હે ભયાનક! પાપના અંધકારમાં વિરહરૂપે તું દુઃસહ રુદ્ર **यत्ते दक्षिणं मुखं** તારૂં જે પ્રસન્ન સુંદર મુખ તે મને દેખાડ. **तेन मां पाहि नित्यम्** એ દેખાડી-ને મારી રક્ષા કર, મને બચાવ, મને નિત્યકાળની પેઠે બચાવ–તારો જે પ્રેમનો પ્રકાશ, જે પ્રસન્નતા, એજ મારા અનંતકાળનું પરિત્રાણ!

હે તપસ્વિની મૈત્રેયી! આવ, સંસારને ઉપકરણે પીડાતા હૃદય મધ્યે તારા બે પવિત્ર ચરણ આજે સ્થાપન કર–તારી એ અમૃતની પ્રાર્થના તારા મૃત્યુહીન કંઠે મારા હૃદયમાં ઉચ્ચારી દે. નિત્યકાળ શી રીતે રક્ષા પામી શકાય એનો લેશમાત્ર સંદેહ મારા મનમાં ના રહે. (જાન્યુઆરી–૧૯૩૨ના "ચિત્રમય જગત"માંથી)



૨૨-માનવતાનો અસ્વીકાર

(લેખકઃ-શ્રી. ગોવિંદજી એચ. મલવાડિયા)

કુદરતખોળે રમતાં વ્યોમવિહારી નિર્દોષ પંખીડાં, વનરાજીમાં વિચરતાં નાનાવિધ વનચરો, ઉંડાં-આછાં જળાશયોમાંનાં કોટયવધિ જીવજંતુઓ સૌ સૌના ઇચ્છિત સ્થળે વિચરે છે. ઈશ્વરોપાર્જિત સ્વતંત્રતા ભોગવવા સામે તેઓ માટે કોઇ અંતરાય ઉભો નથી. કોઇ પણ વર્ણભેદ, જાતિભેદ કે રંગભેદ તેમની સ્વતંત્રતા છીનવી લેતો નથી; સિવાય કે જ્યાં સ્વાર્થસાધનાની અકુદરતી તાલાવેલી હોય. કોયલને તેના બાંધેલા માળામાંથી બળાત્કારે હાંકી કાઢવામાં કાગડો ન્યાયી છે એમ કહેવાની કોઇની હિંમત નથી.

પ્રાણીમાત્રમાં મનુષ્ય સર્વશ્રેષ્ઠ છે; કારણ તેની પાસે બુદ્ધિ છે. એ બુદ્ધિ વડે તે ધર્મપાલન કરી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ સાધી શકે છે. આમ છતાં કોયલ-કાગડાના જેવી સ્વાર્થસાધનાના હેતુવાળી વર્ગ અને વર્ણભેદની લડાઇઓ તેણે ઓછી આદરી નથી. એજ માનવપ્રાણીઓના કહેવાતા ઉચ્ચ વર્ગે તેનાજ જેવા એક મહામોટા વર્ગનો, તેમને અસ્પૃશ્ય માની-મનાવી જન્મસિદ્ધ હક્ક ઝૂંટવી લીધો છે; અને તે પણ વિશ્વબંધુત્વનો જગતને બોધ આપનાર ખુદ ભારતવર્ષમાં! હિંદુધર્મ જેવા ઉદાર ધર્મમાં તેનાજ ધર્મબંધુઓ સામે આ યુગમાં અમાનુષિ અંતરાય હસ્તિ ધરાવે છે, એ હિંદુધર્મના પ્રાચીન ગૌરવરવિને રોધી રહેલા પ્રચંડ રાહુ સમાન છે.

ભારતવર્ષ આઝાદી માગે છે, સ્વતંત્રતાના તેના જન્મસિદ્ધ હક્કનો ઉપભોગ માગે છે, ન્યાય માગે છે. ભારતવર્ષનો વિશાળ જનસમૂહ-હિંદુ-સમાજ-તેનાજ ધર્મબંધુઓના મોટા વર્ગનો, સ્વતંત્ર રીતે મનુષ્યમાત્રને સ્પર્શ કરવાનો અમાનુષી રીતે ઝૂંટવી લીધેલો હક્ક આપી દેવાને હઠીલો બન્યો છે. ન્યાય, નીતિ, ધર્મ અને માનવતાનું આમાં દેવાળું રહ્યું નથી? પરાણે લદાયેલી આ વર્ષોજૂની ગુલામીની જંજીરમાંથી તેમને મુક્તિ આપવાને હિંદમાતાના કેટકેટલા સપુતોએ હિંદુ સમાજને પડકાર્યો. ભક્ત નરસૈંયો, સંત કબીર, નાનક ને તુકરામ; સ્વામી દયાનંદ સરસ્વતી; અખો ને નર્મદ આદિથી માંડી પૂજ્ય ગાંધીજી આદિ અનેક મહાપુરુષોએ જીવંત મનુષ્યોનાં જીવનધનને ભસ્મીભૂત કરી નાખનારી આ ભીષણ હોળીનું ભાન કરાવ્યું. તેમાં અકારણ દેવાતાં અણમૂલ બલિદાનોની રક્તશેર પ્રતિ આંગળી ચીંધી; તેમના કર્ણભેદી ચીત્કાર પ્રતિ કાન માંડવા વિનવ્યા; પોલી પ્રતિષ્ટાની મારામારીમાં દિનપ્રતિદિન જર્જરિત બની ધસી પડતા સમાજદુર્ગનો સંગઠનશક્તિથી જીર્ણોદ્ધાર કરવા હિંદુ-

સમાજને હાકલ કરી; પણ...હિંદુ સમાજે તે જોવા કે સાંભળવાની હજુય દરકાર ન કરી તે નજ કરી. શું ભારતવર્ષ જાગે છે?

જનસમાજમાં ભેળાવાનો 'અસ્પૃશ્યો' સામેનો કારમો અંતરાય તેની પાછળ ભડભડી રહેલા દાવાનળમાં તેમનાં આજીવિકાનાં સાધનો આંતરી બેઠો છે. સ્પૃશ્ય સમાજે નિર્મિત કરી આપેલા ઘૃણાત્મક ધંધાઓ તેમની ગમે એટલી અનિચ્છા છતાં કર્યેજ છૂટકો છે. પરિણામે ભૂખમરો, કંગાલિયત, લાચારી અને બેકારીના ફણિધરો તેમને ભરખી રહ્યા છે. થોડાક અપવાદો સિવાય ગમે એવી લાયકાત ધરાવનારને માટે પણ તે માત્ર અસ્પૃશ્ય વર્ગનો હોવાના ગુન્હા (?) ખાતર નોકરી, ધંધો, વ્યાપાર કે ઉદ્યોગનાં દ્વાર બંધ થઇ જાય છે!

પ્રાણીમાત્રનું જેમાં અહિત સમાયું હોય એવા કોઈ પણ કાર્યને કોઇ ધર્મે ધર્મકાર્ય નથી માન્યું. અન્યની કનિષ્ઠ સ્થિતિનો ગેરલાભ લઇ તેને છૂંદી નાખવો–તેના પર વંશપરંપરા વૈર લેવું એમાં ધર્મ, નીતિ, વિવેક કે માનવતાનું નિકંદન વસ્યું છે. દીનહીન દશાના ભોગ બનેલા આ માનવસમુદાયને ઉચ્ચતાના જુલ્મી પંજા વડે ચગદી મારવામાં કયે ખૂણે 'ધર્મ' રહ્યો છે? વૃક્ષઘટાને કલ્લોલથી ભરી દેવાના કુદરતી હક્કનો ઉપભોગ કરતાં નિર્દોષ પંખીડાં પ્રત્યે વૃક્ષછાંયે બેઠેલા કોઇ પારધિને ચીડ ચઢે, અને "મારા વિચારમાં વિક્ષેપ નાખનાર તમે કોણમાત્ર?" એવા અભિમાનમાં તેઓને ગોફણથી ફટકાવી કાઢી વિજેતાનો આનંદ માણે, અને કદાચ માની લે કે મેં મારો ધર્મ બજાવ્યો; તો જગત તેને જે કહે તેજ ઉક્તિ આજના કહેવાતા ધર્મરક્ષકોને અચૂકપણે લાગુ પાડી શકાશે. કારણ સ્પષ્ટ છે. પેલાં પક્ષીઓએ જેમ કોઇનો ગુન્હો નથી કર્યો તેમ પેલા હતભાગી માનવોએ પણ જગતમાં જન્મ લેવાનો કંઇ ગુન્હો નથી કર્યો. માનવધર્મનું અહીં પાલનજ ક્યાં રહ્યું?

ધર્મધુરંધરો અને શાસ્ત્રપારંગતો તરીકે મનાતાં પામર પૂતળાંઓ આજના ક્રાન્તિયુગમાં પણ અસ્પૃશ્યતા ટકાવી રાખવાની હિમાયત કરી માનવતાનો સ્વીકાર કરવાની ના પાડે છે. બુદ્ધિનો બહિષ્કાર કરી ઉચ્ચતાના ઇજારાનાં ઘેનમાં પડેલાઓને કોણ શીખવે કે, તેઓ ઈશ્વરનું અપમાન કરી રહ્યા છે? હિંદુધર્મ જેવા ઉદાર ધર્મને જીવંત અને જ્વલંત રાખનારાં વિશ્વબંધુત્વનાં સૂત્રો આજે પણ અમરનાદ સંભળાવી રહ્યાં છે; સ્વાર્થાંધતાના ઘનપ્રહારે બહેરાં ઢસ બનેલાં એ કર્ણપડળોને વેધીને એ અમરનાદને અંતરમાં ઉતરવાનો માર્ગ પેલા ઉચ્ચતાના તુચ્છ આંડબરે રૂંધી નાખ્યો છે. આ વાતાવરણ વચ્ચે ઘડાયેલું ભયંકર માનસ હિંદના અજ્ઞાન પણ ધર્મપ્રેમી જનસમૂહને અવળે માર્ગે દોરી રહ્યું છે. સ્મૃતિ સ્પષ્ટ કહે છે કે, બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈશ્ય, એ ત્રણ વર્ણોવાળા દ્વિજ કહેવાય છે. અને ચોથી

એક શૂદ્ર જાતિ છે. પાંચમી કોઇ જાતિ નથી.

વિદ્યા ભણી શકે અને ભણાવી શકે બલ્કે બ્રાહ્મણોચિત ષટ્-કર્મ કરવાવાળો પુરુષ બ્રાહ્મણ કહેવાતો, પોતાની રક્ષા કરવા ઉપરાંત પારકાની રક્ષા કરી શકે એવો ક્ષત્રિય કહેવાતો અને બુદ્ધિચાતુર્યનો ઉપયોગ-જે વ્યાપારઉદ્યોગમાં અનિવાર્ય છે-કરી જાણનાર વૈશ્ય કહેવાતો અને એ ત્રણમાંથી એક પણ જે ન કરી શકે તેજ શૂદ્ર કહેવાતો. પરંતુ જ્ઞાતિ અને પાંતિના ઉભરાઇ જતા રાફડા તરફ જોતાં કહ્યા વિના નજ રહી શકાય કે, ગુણકર્માનુસાર રોપાયેલાં સુંદર વર્ણવૃક્ષને આજે એવું તો વિકૃત અને વિપરીત કરી નાખવામાં આવ્યું છે કે હિંદુધર્મશાસ્ત્રોપરત્વેની માનની લાગણી ઓછી થયા વિના ન રહે. પરંતુ આમાં શાસ્ત્ર કે શાસ્ત્રકારનો દોષ નથી; દોષ માત્ર તેનો અવળો અર્થ ઘટાવી શ્રદ્ધાળુઓ પાસેથી પોતાનું કામ કાઢી લેનાર કહેવાતા ધર્મરક્ષકોનો છે. સમાજચક્રને સુવ્યવસ્થિત ચલાવવાની ભાવનાવાળા જ્ઞાતિવ્યવસ્થાપકોનો ઉદ્દેશ આજના સ્વાર્થસાધુઓનાં દંભી કૃત્યોથી માર્યો ગયો. સાપ ગયા ને લીસોટા રહ્યા. વેદકાળમાં બ્રાહ્મણયોનિમાં જન્મ લેનાર બ્રાહ્મણોચિત કર્મો કરવામાં નિષ્ફળ જતાં તે નહોતો પૂજાતો. શૂદ્રયોનિમાં જન્મ લેવા છતાં જો તે યોગ્ય હોય તો વેદ ભણી શકતો—ભણાવી શકતો. જાબાલ અને સત્યકામનું દૃષ્ટાંત તેની સાક્ષી પૂરી રહે છે.

અને આજે બ્રાહ્મણયોનિમાં જન્મ લેનાર ભલે પછી તે દાસત્વ કરે, કૃષિકાર બને, બ્રાહ્મણ કોણ અને બ્રાહ્મણનાં કર્મ શાં એનો સ્વપ્ને પણ વિચાર ન કરે અને એટલેથીજ ન અટકતાં જૂઠ, ચોરી, વ્યભિચાર, બળાત્કાર, નિંદા આદિ દુર્ગુણોથી પરિપૂર્ણ હોવા છતાં તે બ્રાહ્મણ કહેવાય છે! શું ચારિત્ર્યહીન અને નીતિભ્રષ્ટ મનુષ્ય, પછી તેણે ગમે તેવી ઉચ્ચ જ્ઞાતિમાં જન્મ લીધો હોય તેને નીચ ન માનવો એ હડહડતો અન્યાય નથી? સમાજમાં બનતા બનાવો પ્રતિ નજર નાખો. ગટર, સંડાસ કે ખુલ્લા રસ્તામાંથી 'તરતના જન્મેલા બાળકની લાશ' કેટલી મળી આવે છે? ધણીપણાનો ઇજારો લઇ બેઠેલાઓના ત્રાસથી કેટલી નિર્દોષ યુવતીઓએ ગ્યાસલેટ છાંટી બળી મરી આપઘાત કર્યા? કેટલી નીતિપૂર્ણ પણ રૂપવતી સ્ત્રીઓ પર બળાત્કાર થયા? કેટલા મવાલીઓએ કેટલા નિર્દોષોનાં ખૂન કર્યાં? કેટલાએ દગાફટકાથી પારકી મિલકત હજમ કરી? કેટલાએ પોતાનાં વાક્ચાતુર્યથી ભોળા લોકોના ખિસ્સા પર કાતર ચલાવી?

કોઇ સમાજસુધારક, ધર્મરક્ષક, કે ઉચ્ચતાના ઇજારદારે આનો સરવાળો કીધો છે? આ પાપ છે કે પુણ્ય એ પોતાનું કોરૂં મગજ કરી અંતરમાં ઉતાર્યું છે? પાપી દુષ્ટ મલિન કૃત્યો કરનાર-કરાવ-

નાર અને તેમાં કારણરૂપ બનનાર ઉચ્ચ, અને પેલો અંત્યજ, માત્ર તે જ્ઞાતિમાં જન્મ લેવાના 'ગુના' માટે અસ્પૃશ્ય! આનું નામ દંભની પરાકાષ્ઠા નહિ? ઉચ્ચતાનાં અંધારાં પડળ દૂર કરી નર્યાં ચક્ષુએ નિહાળો કે, આપણા પગ નીચે આપણા વિનાશની ભઠ્ઠી સળગી રહી છે! માણસ જેવા પેલા અસ્પૃશ્ય મનાયેલા માણસને તેનો મનુષ્યોચિત–પરસ્પર સ્પર્શ કરવાનો–હક્ક આપવામાં આપણે પરમાત્માની નજરમાં અન્યાયી નહિ પણ ન્યાયી દેખાઇશું. એથી ધર્મ રસાતળ ન જતાં રક્ષાશે; સમાજમાં ભેળાવા સામેનો અંતરાય દૂર થતાં રોજીનું કંઈક સાધન મેળવવા તેઓ શક્તિશાળી બનશે અને ભૂખમરામાંથી રાહત મેળવી શકવા માટે અંતરના આશીર્વાદ દેશે. પોતાના દેશબાંધવો પ્રત્યેની ફર્જ–ધર્મ હજુ પણ હિંદુ સમાજ ન સ્વીકારે?

પ્રત્યેક રાષ્ટ્ર તેનું રાષ્ટ્રધન ખર્ચાઇ ખૂટી ન જાય—છિન્નવિછિન્ન થઈ જવા ન પામે—તેની અતિશય કાળજી રાખે છે. રાષ્ટ્રના હુન્નરઉદ્યોગને સજીવન રાખનારો વર્ગ—મજૂરવર્ગ—એજ તેનું રાષ્ટ્રધન. એ વર્ગ જેટલો નિરૂદ્યમી અને બેકાર હોય તેટલો તે રાષ્ટ્રને માથે ભારરૂપ ગણાય છે. દેશના દારિદ્રયમાં વધારો કરવામાં આવો વર્ગ આડકતરી રીતે કારણભૂત મનાય છે. આવા બેકારો ફરજિયાત કે મરજિયાત જ્યાં સુધી એક રાષ્ટ્રમાં બેઠા હોય ત્યાં સુધી તેની આર્થિક ઉન્નતિ અલબત્ત અશક્ય છે. જેને માટે ફરજિયાત બેકારી લદાયેલી છે એવી પ્રજાનો એક મહામોટો સમૂહ હિંદમાં હસ્તિ ધરાવે છે. એ વર્ગ તે પેલો મનાયેલો અસ્પૃશ્ય વર્ગ. તેના સ્પર્શથી બીજો ઉચ્ચ કહેવાતો વર્ગ અભડાઈ જાય એવી જડ ભાવનાને અંગે તેના માટે, જાહેર બાંધકામ કારખાનાં કે એવાંજ જ્યાં રોજીનાં સાધનો મેળવી શકાતાં હોય એવાં સ્થળોમાં સ્થાન હોતું નથી. પરિણામે બેકારી અને ભૂખમરાનાં સંકટોની શૃંખલા તેમના ગળે ફરજિયાત નાખવામાં આવે છે. હિંદમાં ઘર કરી બેઠેલી કંગાલિતને આગ્રહપૂર્વક પોષવામાં આવે છે, એમ કહેવાને આના કરતાં વિશેષ સબળ કારણ કયું છે? આકડાનું દૂધ દેખાવમાં કેટલું બધું સુંદર હોવા છતાં તેમાં રહેલા વિષની પ્રતીતિ તો તેનું પાન કરનારનેજ થાય ને? ઉપરથી દેખાતી સુંદર પરંતુ પરિણામે વિષયુક્ત વસ્તુના વ્યસનમાં હિંદે ઘણું ગુમાવ્યું છે. એટલેજ ઉપરથી સુંદર દેખાતી રૂઢિ, પ્રથા કે રિવાજને તેના સારાસારનો વિચાર કરી દફનાવવી કે પોષવી એનો નિર્ણય કરી લેવાનો ધર્મ હિંદે ભૂલવો જોઇતો નથી. આવો અદીઠ સડો જ્યાં સુધી કોઈ પણ રાષ્ટ્રના મૂળમાં ઘર કરી બેઠો હોય ત્યાં સુધી તેની ઉન્નતિની આશા આકાશકુસુમવત્ છે. રાષ્ટ્રીય વિકાસને આડે આવતી આવી

કોઇ પણ વિઘાતક પ્રણાલિ, રૂઢિ કે રિવાજને કોઇ પણ બહાને જીવંત રાખીને 'અમે અમારો ધર્મ સાચવીએ' એવા મોટાઇના ઘેનમાં ફૂલ્યા કરવું એ 'મૂર્ખાઓના સ્વર્ગ'માં રાચવા જેવુંજ છે.

અસ્પૃશ્યતાથી એ વર્ગની કેટલી હદે શારીરિક અધોગતિ થઇ રહી છે, એનો વિચાર પણ બાજુએ મૂકી શકાય એવો નથી. અંત્યજવાસ ગામ, ફળિયાં કે કસ્બાની બહાર હોઇ જ્યાં ગામનો ગંદવાડ એકઠો થતો હોય એવાંજ સ્થળો તેમને માટે મુકરર કરવામાં આવેલાં હોય છે. એટલે એની તંદુરસ્તી પર કેટલી ગંભીર અસર થવા પામે છે, એ સામાન્ય સમજમાં ઉતરી શકે એવી વાત છે. તેમને પીવાને ચોખ્ખું પાણી મળતું નથી. જાહેર જળાશયો પરનો પેલો અમાનુષિક ઇજારો તેમને ત્યાં જવાને અટકાવે છે; એટલે તેમના નસીબમાં તો જ્યાં ઢોરોને પાણી પીવા લાયકનાં સ્થળો હોય તેમાંથીજ પાણી ભરી પીવું પડે છે. કેટલેક સ્થળે જો અંત્યજોની વધુ વસ્તી હોય તો જુદા કૂવા હોય છે, પણ તેની સરખામણી તો ઘઉંમાંના કાંકરા સાથેજ કરી શકાય. આમાં વિચિત્રતાની અવધિ રહી છે. પાણી જે અશુદ્ધ વસ્તુને શુદ્ધ બનાવનાર છે તે અશુદ્ધ શી રીતે બની શકે? પારસમણિના સ્પર્શથી લોઢું કંચન બને છે, પણ કથીર નથી બની જતું. તો પછી પેલા 'અસ્પૃશ્ય'ના સ્પર્શથી પાણી અશુદ્ધ બને છે, એમ માનવામાં કેટલી ગલીચ મનોદશા રહી છે! જળાશયોમાં પાકતાં જંતુઓ, માછલીઓ, તેમાં અહોરાત્ર રહે છે. તેમનું આહારસ્થાન પણ પાણીજ છે, અને મળત્યાગનું સ્થાન પણ તેજ છે. શું પાણીમાં વસતા જીવોનાં સૂક્ષ્મ સડી જતાં શરીરો અને તેણે જીવિતાવસ્થામાં કરેલા મળત્યાગથી પાણી અશુદ્ધ નથી બની જતું? કોઇ મોટા સર્પ કે દેડકાના શરીરને તો મરણ બાદ બહાર કાઢી કૂવાને ગાળી કાઢવામાં આવે છે; પણ તળાવ કે નદી વિષે કેમ? જો આ બાધ ન નડતો હોય તો પેલા માણસના સ્પર્શમાત્રથીજ પાણી અશુદ્ધ બની જાય છે, એવા બહાના હેઠળ તેને તેની તંદુરસ્તીની પણ દરકાર કર્યા વિના મેલાં પાણી પીવાની ફરજ પાડવી એ આપખુદી–જુલમજહાંગીરીને કોની સાથે સરખાવવી? 'અહિંસા પરમોધર્મ'નું બૂમરાણ કરનારાઓને કોણ સમજાવે કે તેઓ જીવતાં મનુષ્યોને દુભવી રહ્યા છે, જીવતા છતાં તેને મૃતઃપ્રાય સ્થિતિમાં રગદોળી રહ્યા છે? આંખે આવેલાં અંધારપડળો ભેદીને દૂરસુદૂર દૃષ્ટિ ફેંકો. શું દેખાય છે? જગત પ્રાણીઓનું જૂથમાત્ર હોઈ સર્વ પોતપોતાનો હક્ક ભોગવવા સ્વતંત્ર છે. તો પછી આનું નામ કુદરતનું ઘોર અપમાન નથી?

અસ્પૃશ્યતા અકુદરતી હોઇ, ઉચ્ચનીચના ભેદ વિના હિંદુમાત્રને પોતાના ધર્મબંધુઓ ગણી તેમને માન આપવાવિષયક પદાર્થ-

પાઠો જો પાઠયપુસ્તકોમાં દાખલ કરવામાં આવે તો કેળવણી લેતાં દરેક બાળકોનાં માનસ ભ્રાતૃભાવના સોનેરી રંગે રંગાવાની જરૂર આશા રાખી શકાય. પરંતુ તે પહેલાં શિક્ષકો કે જેઓ મોટે ભાગે ઉચ્ચતાના આડંબરી હોય છે તેમના પ્રતિ સખત અંકુશ રાખવાની જરૂર પડશે. કેળવણી ખાતું આ પ્રશ્ન પોતાનો બનાવે અને શકય એટલા દરેક પ્રયત્નો આદરે તો હિંદને કપાળે ચોંટેલી આ કાળી ટીલી અવશ્ય ભૂંસી શકાય. હિંદુસ્થાનમાં સાઠ લાખ 'સાધુઓ' બેઠા છે છતાં ઉચ્ચનીચનો ભેદ ટાળવાના પ્રચારકાર્યને માટે ભારતવર્ષને પ્રચારકોની ખોટ પડે છે એ મહદ્ આશ્ચર્યની વાત છે. પરંતુ એ દિન કયાં કે આજના ગંજેરી સાધુઓ મટી તેઓ સાચા 'સાધુ' બને ?

(તા. ૨૯-૧૦-'૩૨ના "મુંબઇ સમાચાર"ના દીપોત્સવી અંકમાંથી)

૨૩–તીર્થોના પંડાઓ

(લેખકઃ-શ્રી. શિવનારાયણ અગ્રવાલ)

ગત ભાદરવા માસના 'ગંગા' નામના હિંદી માસિકમાં ડૉકટર રામકૃષ્ણ શર્મા, જી. પી. સી. નો 'તીર્થોના પંડાઓ' એ મથાળા નીચે એક લેખ છપાયો છે, તેમાં તેઓ લખે છે કેઃ-

"વીસમી સદીના અંગ્રેજી જાણનાર સજ્જનોની દૃષ્ટિએ આપણાં તીર્થસ્થાનોની કશીજ કિંમત રહી નથી. હાલમાં કોઇ એવીજ પ્રથા ચાલી પડી છે કે છોકરાઓ સ્કૂલ-કૉલેજમાં પ્રવેશ કરતાંજ પોતાના ધાર્મિક રીતરિવાજો વિરુદ્ધ તર્કવિતર્ક કરવામાં ખૂબ ધ્યાન આપવા મંડી જાય છે."

ડૉકટર સાહેબે 'અંગ્રેજી જાણનાર સજ્જનો' ઉપર કરેલા આ આક્ષેપ કેટલે દરજ્જે ન્યાયસંગત છે, તે બાબતનો વિચાર અમે આ લેખમાં કરીશું.

અમારી સમજ પ્રમાણે અંગ્રેજી જાણનાર સજ્જનોને તીર્થ-સ્થાનોની વિરુદ્ધ દર્શાવવામાં તેમને ઘોર અન્યાય કરવામાં આવે છે. તેઓ પોતાનાં તીર્થસ્થાનો પ્રત્યે કોઇ પણ ધર્મપ્રેમી જેટલાંજ શ્રદ્ધા–ભક્તિ રાખે છે. તેનું પ્રત્યક્ષ પ્રમાણ તો એ છે કે, તેઓ પોતાનાં ધર્મસ્થાનોને પ્રાચીનકાળના જેવાંજ પવિત્ર જોવા ઇચ્છે છે. તીર્થસ્થાનોમાં આજકાલ જે અન્યાય અને દુરાચાર થઇ રહ્યા છે તેને ખુલ્લા કરીને જનતાની આંખો ઉઘાડે છે અને ત્યાંની ખરાબી-ઓને દૂર કરવાનો પ્રયત્ન કરે છે. અંગ્રેજી જાણનાર સજ્જનો તીર્થસ્થાનોની વિરુદ્ધ નથી, પરંતુ ત્યાંના પૂજારીઓ, મઠાધીશો,

મહંતો અને પંડાઓની ચરિત્રભ્રષ્ટતાની વિરુદ્ધ છે. અંગ્રેજી ભણેલાઓ તો એ વાતની વિરુદ્ધ છે કે, આપણાં તીર્થસ્થાનોની લાખો રૂપિયાની સાર્વજનિક સંપત્તિનો ઉપભોગ, તેમના પૂજારીઓ અને પંડાઓ પોતાની બાપદાદાની જાગીર માનીને કરે છે અને તે પણ માત્ર પોતાના એશઆરામમાંજ કરે છે. આ પૂજારીઓનાં ચરિત્ર કેટલાં ગંદાં અને નિંદ્ય હોય છે કે તેને માટે અહીં પ્રમાણ આપવાની જરૂર નથી. એ લોકોનાં કાળાં કરતૂતો વર્તમાનપત્રોમાં દરરોજ પ્રસિદ્ધ થતાં રહ્યાં છે, કે જે વાંચીને હિંદુઓને માથું નીચું નમાવી લેવું પડે છે. આ લોકોનાં ચારિત્ર જોઇને જો તેમને પાપની સાક્ષાત્ પ્રતિમાઓ કહેવામાં આવે તોપણ અતિશયોક્તિ નથી. કયું પાપ એવું છે કે જે આ લોકો નથી કરતા? વ્યભિચાર, રંડીબાજી, જુગાર, બેઇમાની, વિશ્વાસઘાત, મદિરાપાન અને યાત્રાળુઓ ઉપર અત્યાચાર—એમાંથી એક પણ તેમણે બાકી રાખ્યું નથી અને તેમ છતાંયે પોતાને ધર્મગુરુ અને સ્વર્ગના ઇજારદાર માની બેઠા છે અને લોકો પાસે પોતાની ચરણપૂજા કરાવે છે. એમનાં ચરિત્ર જોઇનેજ મહાત્મા ગાંધીજીએ કહ્યું છે કે, આજકાલનાં ઘણાંખરાં દેવાલયોની અવસ્થા વેશ્યાલયોથી પણ ખરાબ છે. આવા ચારિત્રભ્રષ્ટ લોકોના હાથમાં રહેવાથી આપણાં તીર્થસ્થાનોની જે દુર્દશા થઇ રહી છે તે જનતાથી અજાણ નથી. આવી સ્થિતિમાં જો અંગ્રેજી ભણેલા સજ્જનો, તીર્થસ્થાનો અને તેમના પંડા-પૂજારીઓ વિરુદ્ધ હોય તો તેમાં તેમનો કશો દોષ નથી. દોષ તો એ અત્યાચારીઓનો છે કે જેઓ ભયંકર પાપો કરવા છતાંયે તીર્થસ્થાનોના સર્વાધિકારી બની બેઠા છે. દોષ તો એ નિર્બળ અને અકર્મણ્ય હિંદુસમાજનો છે, કે જે પોતાના ધર્માચાર્યોનાં આવાં કાળાં કરતૂતો જોવા છતાંયેમૌન જાળવે છે અને તેમની વિરુદ્ધ એક અક્ષર પણ બોલવાની હિંમત કરી શકતો નથી. પરંતુ જેઓ તેમની વિરુદ્ધ બોલે છે, તેમને ધર્મદ્રોહી અને આર્યસમાજી વગેરે બતાવીને તેમની અવગણના કરે છે.

આ સંબંધમાં અમારા એક મિત્રની નજરોનજર જોયેલી એક ઘટનાનો ઉલ્લેખ કરી દેવો અપ્રાસંગિક નથી.

એ ઘટના નાથદ્વારાની છે. ઘણેભાગે જેમ પ્રત્યેક તીર્થસ્થાનમાં જોવામાં આવે છે તેમ ત્યાં પણ ગરીબ અને ધનવાનને માટે દર્શનનાં અલગ અલગ સ્થાન નક્કી કરેલાં છે. ગરીબ લોકો એક ચોકમાં ઉભા રહીને દૂરથીજ દર્શન કરવા પામે છે અને અમીર-ધનવાન લોકોને દેવસ્થાનની તદ્દન પાસે પહોંચાડી દેવામાં આવે છે. તે દિવસે મંદિરમાં કોઇ ઉત્સવ હતો. દર્શન કરનારાઓની ખૂબ ભીડ હતી. દર્શનને માટે લોકો એકબીજા ઉપર પડાપડી કરતા હતા. બળવાન નિર્બળોને હઠાવીને આગળ જતા હતા, પણ

પંડા અને પોલીસોના ડંડા ખાઇને પાછા હઠતા હતા. ધનવાનોના રસ્તામાં ભીડ ઓછી હતી. તેઓમાં કેટલાક ધનવાન ગુજરાતીઓ પોતાની સ્ત્રીઓ સાથે હતા. એક સિંધી મહાશય પણ હતા. સિંધી મહાશય સાથે તેમની સ્ત્રી અને એક ઘણીજ સુંદર પંદર વર્ષની વિધવા હતી. તેમની પાસે મારા મિત્ર પણ ઉભા હતા. તેવામાં એક હૃષ્ટપુષ્ટ પંડો ત્યાં આવ્યો. તેણે પેલા લોકો તરફ જોઇને કહ્યું કે, તમે આ રીતે કયાં સુધી ઉભા રહેશો ? એકસાથે બધાં જઇને દર્શન કરવાનું તો અશકય છે. તમે એકે એકે જઇ શકશો. ચાલો, હું પહેલાં સ્ત્રીઓને દર્શન કરાવી આવું. એમ કહીને એ પંડાએ ઝટ લઇને પેલી યુવતીને પોતાની બથમાં લીધી અને તેને લઇને અંધારી ગલીમાં આગળ ધસ્યો. પેલા પંડાએ એ યુવતીને પોતાની બથમાં લઇને શું કર્યું તે મારા મિત્રે નજરોનજર જોયું. આ બનાવથી તેમને એટલો બધો સંતાપ અને તિરસ્કાર થયો કે તેઓ બિચારા દર્શન કર્યા વિનાજ પોતાને ઉતારે પાછા ફર્યા.

આ તો એક સામાન્ય બનાવ છે. આથી તો કેટલાયેગણા વધારે શરમજનક બનાવો આપણે વર્તમાનપત્રોમાં વાંચ્યા કરીએ છીએ. તેથી જો આવાં તીર્થસ્થાનોનું મૂલ્ય અંગ્રેજી ભણેલાઓની નજરે ઓછું હોય તો તે કાંઇ લજ્જા અથવા પશ્ચાત્તાપ કરવા યોગ્ય વાત હોય એમ મને તો લાગતું નથી.

ધાર્મિક રીતરિવાજોની વિરુદ્ધ તર્કવિતર્ક કરવા એ પણ અંગ્રેજી ભણેલાઓ માટે શરમાવનારી વાત ન કહેવાય અને એટલા માટેજ આપણે તેમને ધર્મદ્રેષી કહી શકીએ નહિ. અમે તો ઘણે ભાગે અંગ્રેજી ભણેલા સજ્જનોએજ ધર્મને વધારે સાથ આપેલો જોયો છે. હિંદુ ધર્મ ઉપર જ્યારે કંઇ સંકટ આવી પડે છે ત્યારે તેની રક્ષા માટે અમે તો અંગ્રેજી ભણેલાઓ અને હિંદુ સમાજ જેમના પ્રત્યે હલકી દૃષ્ટિએ જુએ છે તેવાઓનેજ આગળ ધપતા જોયા છે. ધર્મ ઉપર જયારે હુમલા થાય છે ત્યારે પોતાને સાચા ધર્માત્મા કહેવરાવનાર મહાશયો તો મોટેભાગે ઘરમાં સંતાઇ રહેતા-જ જણાય છે. અંગ્રેજી ભણેલાઓને ધર્મનો આડંબર દેખાડતાં નથી આવડતું. તેઓ પોતાનો વિશ્વાસ અંતરમાંજ રાખે છે. ધર્મનું ગૌરવ વધારનારા રીતરિવાજોથી તો અંગ્રેજી ભણેલાઓ કદી પણ વિરુદ્ધ વર્તન કરતા નથી. હિંદુ ધર્મના સુપ્રસિદ્ધ સોળ સંસ્કારો ઉપર, સનાતનીઓની આંખોમાં ખૂંચતા આર્યસમાજીઓ જેટલું વધારે જોર આપે છે, તેટલું કોઇ પણ સનાતની નહિ દેતો હોય. હા, અંગ્રેજી ભણેલાઓ એવા રીતરિવાજોની વિરુદ્ધ અવસ્ય તર્ક કરે છે કે જેની આ સમયમાં કંઇ ઉપયોગિતા સાબીત થતી નથી અને જેનો કંઇ અર્થજ નથી. જે બિલકુલ નકામું અને બીન-

જરૂરી છે તેનો ત્યાગ કરવાને અથવા તેમાં સમયાનુકૂળ ફેરફાર કરવા માટે જો અંગ્રેજી ભણેલાઓ તર્ક કરે છે તો તેમાં કંઈ ખોટું કામ નથી. જે રીતરિવાજો સમાજના લાભને માટેજ કરવામાં આવ્યા હોય તેનાથી જો અત્યારે નુકસાન થઈ રહ્યું હોય, અને તે સમાજને અધઃપતનના ખાડામાં નાખતા હોય તો તેનો પરિત્યાગ નહિ કરતાં તેમને માત્ર બાપદાદા પાળતા આવ્યા છે એટલાજ ખાતર પાળવામાં આવ્યા કરે તો તો તે આપણી મૂર્ખતાનુંજ લક્ષણ છે. સંભવ છે કે, જે સમયે તે રીતરિવાજો શરૂ થયા હોય તે સમયે તેઓ લાભપ્રદ થયા હોય; પરંતુ હવે સમયના પરિવર્તનની સાથે સાથે તેનાથી થનારી હાનિઓ જોઇને પણ આપણે તેમાં પરિવર્તન ન કરીએ અને પોતાને મોટાભા માન્યા કરીએ તો તે આપણી અજ્ઞાનતા નહિ તો બીજું શું છે?

ડૉક્ટર સાહેબ લખે છેઃ—"મેં પણ કૉલેજની હવા ખાધી હતી, મને પણ તીર્થોમાં જવાનો તિરસ્કાર હતો અને હું તીર્થોના પંડાઓને બહુ હલકી નજરે જોતો હતો."

ડૉક્ટર સાહેબની આ હલકી નજર, પંડાઓ પ્રત્યે ઉંચી દૃષ્ટિ કેવી રીતે થઇ ગઇ અને તેઓ શ્રદ્ધાળુ ક્યારના થયા તેનું કારણ પણ બહુ વિચિત્ર છે. અને તે એ છે કે, ડૉક્ટર સાહેબને કાશીની યાત્રામાં કોઇ પંડાએ પોતાના ઘરમાં ઉતાર્યા અને ત્રણ દિવસ સુધી તેમને ખૂબ આરામ આપ્યો.

પરંતુ ડૉક્ટર સાહેબને એક પંડાએ ત્રણ દિવસ સુધી પોતાને ઘેર ઉતારો આપી આરામ આપ્યો તેટલાજ કારણે બીજા લોકો પણ પંડાઓના ભક્ત બની જાય અને તેમને તીર્થોને માટે આવશ્યક માનવા લાગે એ તો અસંભવિત છે. તીર્થસ્થાનોને માટે પંડાઓ આવશ્યક છે, એ તો કદાચ અમે પણ મંજુર કરી લઇએ, કેમકે નવાં સ્થાનોની સંપૂર્ણ માહિતી મેળવવા માટે એક ભોમિયાની જરૂર તો રહે છે. પરંતુ અંગ્રેજી ભણેલાઓનાં પંડાઓના વિરોધમાં બીજાં પણ કારણો છે. તેમને ચારિત્રહીન, દુર્ગુણોની ખાણ, ધર્મનાં તત્ત્વોથી સાવ અજ્ઞાન અને નિરક્ષર ભટ્ટાચાર્યો જાણવા છતાંયે ધર્મગુરુ માનીએ, તેમના ચરણ પૂજીએ અને તેમને મોંમાગ્યા પૈસા આપવામાં સ્વર્ગપ્રાપ્તિ માનીએ, તો તે અમારી બેવકૂફીજ છે.

પંડાઓ યાત્રીઓને તેમને ત્યાં ઉતારે અને આરામ આપે છે તો તેમાં શી મોટી વાત થઇ ગઈ? જો તેઓ એટલું પણ ન કરે તો તેમનો વેપાર કેમ કરીને ચાલે? ચાલાક વેપારી જો પોતાના ગ્રાહકોને મીઠી વાણી અને આદરસત્કારથી નહિ સંતોષતાં તેની સાથે કટુતાપૂર્ણ વ્યવહાર કરે તો ફરી તેને ત્યાં જશે પણ કોણ? આશ્ચર્યની વાત છે કે, ડૉક્ટર સાહેબ શિક્ષિત હોવા છતાં પણ આ

સામાન્ય વાત પણ સમજી શકયા નથી.

ડૉકટર સાહેબ લખે છે કે "આ પંડાઓને ત્યાં કોઇ નક્કી કરેલા નોકરો નથી હોતા કે નથી હોતી કોઇ વાતની જબરજસ્તી. તમારી શ્રદ્ધા પ્રમાણે આપવું હોય તે આપો."

પંડાઓ એટલા બેવકૂફ નથી કે પોતાના માટે નોકરો યોજીને પોતાની આવકને અમુક હદમાંજ બાંધી રાખે. જો તેઓ તેમ કરે તો તો પછી કહેવાનીજ શી વાત? પરંતુ એમ કરવાથી તો તેઓ પોતાના પગ ઉપરજ કુહાડી મારે ને! ધ્યાન રાખવા જેવી વાત છે કે, તેઓ જે કંઇ યાત્રાળુઓ પાસેથી લે છે, તે મહેનત કરનાર તરીકે નહિ પરંતુ દાનરૂપે લે છે અને તે એમ સમજાવીને કે, તેમને જેટલું વધારે આપવામાં આવશે તેટલું વધારે પુણ્ય થશે. આ બહાના હેઠળ તેઓ જમીનદારો અને મોટા મોટા ધનવાનો પાસેથી હજારો-લાખોની સંપત્તિ ભેગી કરે છે. ભાડુતી માણસો દ્વારા તેઓ આટલા બધા પૈસા ત્રણ જન્મમાં પણ મેળવી શકે નહિ. હવે રહી જોર જબરજસ્તીની વાત. જો તેનો અનુભવ ડૉકટર સાહેબને ના થયો હોય તો કોઇ આશ્ચર્યની વાત નથી. જ્યારથી પંડાઓ વિરુદ્ધ હિલચાલ શરૂ થઇ છે, ત્યારથી તેઓ પણ કંઇક જાગ્રત થઇ ગયા છે અને ભણેલાગણેલા યાત્રીઓની સાથે તેમનો વ્યવહાર જોર જબરજસ્તીનો નહિ પણ સભ્યતાપૂર્ણ રહે છે. તેમની બળજોરીના શિકાર તો ધર્મભકત ભોળાભલા અશિક્ષિત ગામડીઆ ધનાઢય અને અંધશ્રદ્ધાળુ મારવાડી, ગુજરાતી અને ભાટીઆઓ કે જેઓ ધર્મભીરુતા અથવા અજ્ઞાનને લીધે તેમને કોઇ પણ પ્રકારે પૈસા આપીને સંતોષવામાં પોતાના ધર્મપાલનની પારાકાષ્ઠા અને સ્વર્ગપ્રાપ્તિ માને છે. જ્યારે આવાં ધર્મપ્રાણ પ્રાણીઓ તેમની ચુંગલમાં ફસાય છે તે વખતની તેમની મજેદાર મન લોભાવનારી વાતો સાંભળવા લાયક હોય છે અને કદી એવા ધર્મજ્ઞો સાથે કોઇ નવયુવતી અથવા તરુણી વિધવા હોય તો તે સમયે તેમનું જવાહીર પ્રગટી નીકળે છે અને પ્રસંગ મળતાં એ લોકો કેવા કેવા અનર્થ કરી દે છે તેનો પ્રત્યક્ષ અનુભવ તો જેને વીતી હોય તેજ જાણે છે.

જે પંડાઓ પૈસાદાર છે, જેઓ પોતાના ઉદાર યજમાનોનાં દાન વડે લખપતિ અને જાગીરદાર બનેલા છે, તેમના ચારિત્રનું તો પૂછવુંજ શું? તેમનાં દર્શન જેવા તેવા યજમાનો માટે તો દુર્લભજ હોય છે. તેમના નોકરચાકરજ બધું કામકાજ કરાવે છે. ધાર્મિક ક્રિયા કરાવનારા પણ એવા થોડા પગારના નોકરોજ હોય છે, કે જેઓ સંસ્કૃત શ્લોકોના શુદ્ધ ઉચ્ચાર પણ કરી શકતા નથી. મુખ્ય પંડા મહાશય તો પોતાના રંગરાગ અને આમોદપ્રમોદમાંજ મસ્ત રહે છે; તેમને સહેલસપાટા, નાચગાન અને પોતાની વારવનિતા.

ઓમાંથી બહુ થોડી ફુરસદ મળે છે. તેનું આગમન તો માત્ર તેજ વખતે થાય છે કે જયારે કોઇ બહુ ભારે ધનવાન યજમાન અથવા કોઇ રાજારાણી પધારેલાં હોય.

અમારા કહેવાનો આશય એવો નથી કે, તીર્થોમાં સારા પંડાઓ છેજ નહિ. છે, પરંતુ બહુજ ઓછા. સેંકડે ત્રણ ચાર ટકાજ એવા નીકળશે, કે જેમને ધર્મ અને કર્તવ્યનું ભાન હોય અને સારા ચારિત્રવાળા હોય. બાકીના બધા તો પંડાઓના નામને કલંકિત કરનારાજ મળી આવશે. એવી સ્થિતિમાં જો અંગ્રેજી ભણેલા સજ્જનો પંડાઓને નીચી નજરે જુએ તો કંઇ પાપ કરતા નથી પરંતુ ઠીકજ કરે છે.

અંતમાં અમને એ જોઇને કંઇક સંતોષ છે કે ડૉકટર સાહેબે પણ સ્વીકાર્યું છે કે, પંડાઓમાં સુધારો થવાની આવશ્યકતા છે અને તે એ કે, તેમણે ચારિત્રવાન થવું જોઇએ. અમે તે માટે ડૉકટર સાહેબના કૃતજ્ઞ છીએ.

(નવેમ્બર-૧૯૩૨ ના "ચાંદ"માંથી અનુવાદિત)

૨૪–મૃત્યુ પછીનું જીવન

(મૂળ લેખકઃ-ડૉ૦ રામચરિત્ર કુંવર)

ભારતવર્ષમાં પ્રૉ૦ બી. ડી. ઋષિ પરલોકવિષયક બાબતોના અદ્વિતીય જાણકાર છે. આ વિષયનો અભ્યાસ કરવા માટે તેમણે કેટલાંયે વર્ષોથી સતત મહેનત કરી છે. વિદેશોમાં પણ તેઓ આ વિષયની કૉન્ફરન્સમાં ભારતના પ્રતિનિધિ તરીકે ગયા છે. પ્રસંગોપાત તેઓ વર્તમાનપત્રો અને માસિકોમાં લેખો પણ લખે છે. નીચેનો લેખ "અમૃત બજાર પત્રિકા"માં છપાયલા "લાઇફ બિયોન્ડ ધ વેઇલ" (પર્દા પાછળનું જીવન) નામના તેમના લેખનો છાયાનુવાદ છે.

બહુ ઓછા માણસો મૃત્યુ પછીના જીવનની બાબતમાં તપાસ કરે છે. લોકો પોતપોતાના ધર્મ પ્રમાણે મરેલ વ્યક્તિને બાળી દેવામાં કે દાટી દેવામાંજ તેના પ્રત્યેની પોતાની ઇતિકર્તવ્યતા સમજે છે. કેટલાક લોકો શ્રાદ્ધ, વર્ષી અને તર્પણ કરીને સંતોષ માને છે; તો કેટલાક તેમના સ્મારક તરીકે તેમની મૂર્તિઓ અથવા કોઇ વસ્તુ બનાવે છે. પરંતુ કોઇ પણ મૃત્યુ અને પરલોકના રહસ્યને સમજવાનો પ્રયત્ન કરતું નથી.

પરલોક-વિજ્ઞાનના જિજ્ઞાસુઓએ આ વિષયમાં ઘણું જ્ઞાન પ્રાપ્ત કર્યું છે. અને તે મૃતાત્મા સંબંધીના વર્તમાન જ્ઞાનમાં ક્રાંતિ મચાવે તેવું છે. આ જ્ઞાન પરલોકમાં રહેલા મૃતાત્માઓ દ્વારા

પ્રાપ્ત કરેલું છે, પરંતુ સાચા બનાવો ઉપરથી નિશ્ચિત કરવામાં આવ્યું છે. આ બનાવોને તર્ક અને બુદ્ધિની કસોટીએ ચઢાવવામાં આવેલા છે. અનેક દેશોમાં એકજ પ્રકારનું વર્ણન મળી આવે છે તે તેની સત્યતાની સાબીતી છે. એનાથી એ પણ જણાય છે કે, જેના દ્વારા બધાં વર્ણનો–વિગતો મળે છે તે મધ્યસ્થોની માત્ર કલ્પનાજ નથી. તેની સચ્ચાઇ તો એ બાબતથી જણાય છે કે, કે કોઇ મૃતાત્માની પારલૌકિક શક્તિ તેની પાર્થિવ દુન્યવી શક્તિઓને બરાબર મળતી આવે છે. જો એ બાબતો નક્કી જણાય છે તો તેના પારલૌકિક વર્ણનમાં અવિશ્વાસનું કંઇજ કારણ રહેતું નથી.

મૃતાત્માના સંસારનું વર્ણન સમજતા પહેલાં મૃતાત્મા શું ચીજ છે, એ સમજી લેવું જોઇએ. એ હિંદુઓનો આત્મા જેની અનિશ્ચિત અને અવર્ણનીય પરિભાષા છે અને જેનું કોઇ રૂપ અને હાથપગ નથી–અત્રે મૃતાત્માનો અર્થ આકાશસ્થ વ્યક્તિ છે કે જેના વિચાર, પ્રવૃત્તિ અને ગુણ અવગુણ પહેલાંની જેમજ રહે છે–મૃતાત્માનું રૂપ અને હાથપગ પહેલાંની પેઠેજ હોય છે. તેથીજ મૃતાત્માની છબી પાર્થિવ શરીરને મળતી આવે છે, અને ભૂલ સિવાય ઓળખી શકાય છે. આ મૃત વ્યક્તિના આત્માની છબી નથી હોતી, પરંતુ તેના આકાશસ્થ શરીરની હોય છે કે જે તેને પૃથ્વી ઉપર જણાતું હતું તેજ પ્રમાણે જણાય છે. આવી વિગતો પૃથ્વીના પ્રત્યેક ભાગના મૃતાત્માઓ આપે છે.

તેઓ કહે છે કે, તેઓ જાણે ઉંઘી જતા હોય તેમ તેમને કોઇ પણ પ્રકારનું દુઃખ મૃત્યુસમયે થતું નથી. કોઇ પણ વ્યક્તિ મરણ પહેલાં પાંચ મિનિટ પહેલાં તે જેવી હતી તેવીજ પરલોકમાં ગયા પછી પણ રહે છે. તેના વિચાર, પ્રેમ, સ્મરણશક્તિ અને ગુણ અવગુણ પૂર્વવતજ રહે છે. રોગનું વાદળ હટી જાય છે અને મૃત વ્યક્તિ પોતાના બદલાયલા જીવનને દુઃખ વિનાનું અને આનંદમય જુએ છે. એક મૃતાત્માએ એક વખત કહ્યું: "અમને અમારા બદલાયલા જીવનનો સાપ કાંચળી ઉતારતો હોય તેવો અનુભવ થાય છે. × × ×" મૃતાત્મા પોતાના દુન્યવી મિત્રો અને સંબંધીઓને જુએ છે અને તેમને પોતાના મૃત્યુ માટે શોક પાળતાં જોઇને દુઃખી થાય છે. તેઓ પોતાના અસ્તિત્વનો પરિચય પૃથ્વીના જીવોને અનેક પ્રકારે આપે છે, પરંતુ થોડા સમય પછી તે પોતાના પ્રયત્નોની નિષ્ફળતાનો અનુભવ કરે છે. કેમકે સ્થૂળશરીરધારી પાર્થિવ જીવને મૃતાત્માનો સ્પર્શ અનુભવાતો નથી. તેના શરીરમાં હાથપગ પહેલાંની જેમ રહે છે; પરંતુ અંગભંગ રહેતાં નથી. એક લંગડો અથવા આંધળો આદમી પરલોકમાં લંગડો કે આંધળો રહેતો નથી. અસ્ત્રશસ્ત્રના ઘાનાં ચિહ્નો તેના શરીર ઉપર નથી રહેતાં. સ્થૂલ-

શરીર અદૃશ્ય શરીરમાં ફેરવાઈ જાય એ જ મૃત્યુ છે. આ ફેરફાર પછી અદૃશ્ય વ્યકિત પાર્થિવ કર્મો અનુસાર ત્યાં અનુભવો પ્રાપ્ત કરે છે. તે પોતાના શોકમગ્ન સંબંધીઓને સાંત્વના આપે છે, સાથે સાથે નવી પરિસ્થિતિને અનુકૂળ બની જાય છે.

આ સંદેશા, પરિવર્તનની શરૂઆતના અનુભવોનું જ્ઞાન કરાવે છે. કોઈ કોઇ વાર તેઓ પોતાના દૂર રહેતા સંબંધીઓને ત્યાં જાય છે અને તે સંબંધીઓ આશ્ચર્યચકિત થાય છે. કોઈ કોઇ વાર તેઓ સંબંધીઓને મળવાની ઉત્કટ ઈચ્છાને આધીન થઇને સાકાર શરીર ધારણ કરે છે. મૃતાત્માઓને પરલોકના સાત તળો-(પ્લેઇન્સ)માંથી કોઇ પણ એક તળ ઉપર રહેવું પડે છે. આ તળોની નક્કી હદ બતાવવી કઠિન છે, પરંતુ એમ જણાયું છે કે એ તળો પૃથ્વીની ચારે તરફ વૃત્તાકારરૂપે રહેલાં છે. એક મૃતાત્મા પોતાના તળ ઉપરથી બીજા તળમાં જઇ શકે છે, પરંતુ રહેવાનું તો તેને પોતાના જ તળમાં હોય છે. પૃથ્વીથી પરલોક કેટલે દૂર છે તે પાર્થિવ માપથી કહી શકાય તેમ નથી. પરંતુ તેઓ પોતાના માપથી કોઇ કોઈ વાર અંતર બતાવી દે છે. પરલોકમાં દાખલ થયા પછી તેમને આ પૃથ્વીનાં કર્મો અનુસાર કોઇ ને કોઇ રૂપે સુખદુઃખ ભોગવવાં પડે છે. ત્યાંની સજાઓ બહુ કઠોર હોય છે. ત્યાં ન્યાય કરવાને માટે ન્યાયાધીશ કે ન્યાયસભા હોતાં નથી. ન્યાયના કાયદા બધા ઉપર આપોઆપ લાગુ થાય છે. ત્યાં એક દુષ્ટ અને એક સાધુ એકસાથે રહી શકતા નથી, તેમનાં જુદાં જુદાં નિવાસસ્થાન હોય છે. જો ન્યાયનો વહેવાર એવો ન હોય તો ઈશ્વરના રાજયમાં ન્યાયજ હોઇ શકે નહિ અને તેની શકિતનો દુરૂપયોગ થાય. મૃતાત્માઓ કહે છે કે, સત્ય અને ન્યાય આ દુનિયામાં છે એમજ નહિ, પરંતુ પરલોકમાં પણ તેનું અખંડ રાજય છે. દંડ માત્ર સુધારણાની દષ્ટિએ થાય છે. દુષ્ટ આત્માઓ આધ્યાત્મિક ઉન્નતિ માટે પવિત્ર આત્માઓ પાસે શિક્ષણ લે છે. મહાન આત્માઓ કોઇ પણ પ્રકારના લોભ સિવાય નીચ આત્માઓને શિક્ષણ આપે છે અને તેમાં આનંદનો અનુભવ કરે છે. પરલોકમાં નવા આવનારાઓ ત્યાં પણ પોતાની પહેલાંની ધારણા વિરુદ્ધ, પૃથ્વીની પેઠેજ ઘણીખરી બાબતો બનતી જોઇને આશ્ચર્યચકિત થાય છે. આ આશ્ચર્યનું એજ કારણ છે કે, તેઓ પહેલાં પરલોકની પરિસ્થિતિથી તદ્દન અજ્ઞાન રહે છે. તેથી જો પરલોક વિષેના જ્ઞાનનો સામાન્ય લોકોમાં પ્રચાર થાય, તો ઘણોજ ઉપકાર થાય અને લોકોને નવા વાતાવરણમાં જવા છતાં પણ કોઇ પ્રકારનું આશ્ચર્ય ન થાય.

અદૃશ્ય આત્માઓ કોઈ મહાન નેતાની દેખરેખમાં રહે છે, કે જેને હિંદુઓ મૃતાત્મા ગુરુ અને બીજાઓ 'ગવર્નર' કહે છે. તેઓ

તેની આજ્ઞાનું ઉલ્લંઘન કરી શકતા નથી. જો તેઓ કોઇ પણ પ્રકારની તેની આજ્ઞાની અવગણના કરે છે તો તેમને સખ્ત સજા ભોગવવી પડે છે. સામાન્ય રીતે તેઓ કર્તવ્યભ્રષ્ટ નથી હોતા, કેમકે ત્યાંની દેખરેખ બહુ કડક છે. તે આત્માઓના ભલા માટેજ સખત નિરીક્ષણ રહે છે, અને અનેક શિક્ષાઓમાં તેને આ દુનિયામાં મોકલવો એ પણ એક શિક્ષા છે. મૃતાત્માઓ અહીં આવવાનું પસંદ કરતા નથી. તેઓને કર્તવ્યભ્રષ્ટ થતાં અહીં આવવું પડે છે. કેટલાક મૃતાત્માઓ કહે છે કે, તેમને ભોજન અને કપડાંની પણ જરૂર પડે છે. તેમનાં કપડાં બહુ સૂક્ષ્મ વસ્તુઓનાં બનેલાં હોય છે કે જેથી તેમનો દેહ બને છે. શૂન્ય આકાશમાં દુન્યવી પદાર્થોની તો ગેરહાજરીજ હોય છે તેથી તેમનાં શરીર પાર્થિવ પરમાણુઓથી બનતાં નથી. તેઓ આ ચીજો (કપડાં વગેરે) સાથે વિચિત્ર રૂપે જોડાયલા રહે છે, અને એ ચીજો કોઇ સમાલોચક પૂછી શકે તેમ તેમને ખરીદવી પડતી નથી. આ વર્ણનના તારતમ્યને ચાલુ રાખવું અશક્ય છે; કેમકે પ્રસંગવશાત્ ઘણા પ્રશ્નો ઉઠી શકે છે અને તેના જવાબ મૃતાત્માઓ ઘણે ભાગે આપતા નથી. મૃતાત્માઓની છબીઓથી જણાય છે કે, તેઓ વસ્ત્ર વગેરે આવશ્યક વસ્તુઓથી સજાયલા રહે છે, કેમકે એમ ન હોય તો તેઓ છબીમાં નાગા દેખાય.

તેઓ કેટલોક સમય આરામ પણ કરે છે. મરણ બાદ થોડા કલાક પછીજ મૃતાત્મા તરફથી સમાચાર મળ્યા છે તેથી જણાય છે કે, તેમના આરામના સમયનો અંદાજ કાઢવો મુશ્કેલ છે. આરામ પછી તેઓ કામ કરે છે અને તે મરણ પહેલાંની પ્રવૃત્તિને અનુસરીને નક્કી થાય છે. તેઓ કામમાં એટલા જોડાયલા રહે છે કે તેમને કોઇ મિત્ર સાથે વાત કરવાનો પણ સમય મળતો નથી. પરલોકમાં જીવન નિયમિતપણે વ્યતીત થાય છે. તેમની ઉપરનું તળ બહુજ સુંદર છે. તેની તુલના પૃથ્વી સાથે કોઇ પણ પ્રકારે થઇ શકે તેમ નથી. આ વિષયમાં તેમનું વર્ણન ઘણુંજ વિશ્વાસપાત્ર છે; કેમકે તેમને બન્ને તળોનો અનુભવ હોય છે. તેમના દૈનિક જીવનની હકીકત તેમણે વખતોવખત આપેલા સંદેશાથી માલમ પડે છે. કોઇ કોઇ વાર તેઓ દૈનિક જીવનની કહાણી વિસ્તૃત રૂપે કહે છે.

કેટલાક મૃતાત્માઓએ વર્ણવ્યું છે કે, તેઓ હમેશાં પ્રાતઃકાળમાં ઉઠે છે, પરમેશ્વરની પ્રાર્થના કરે છે, મંદિરમાં જાય છે, પુસ્તકો વાંચે છે, ભોજન કરે છે અને ઘણોખરો સમય ધ્યાનમાં ગાળે છે. કોઇ કોઇ નિયમિતપણે પોતાની પ્રાર્થના ઉપરાંત ગુરુને ત્યાં પ્રાર્થના અને પૂજાને માટે જાય છે. એમ જણાય છે કે, તેઓ ઘણો ખરો સમય આધ્યાત્મિક વાતોમાંજ ગાળે છે અને કોઇ

જગ્યાએ જવા માટે ગુરુની આજ્ઞા લે છે. બધાનાં દૈનિક જીવન એકસરખાં નથી હોતાં, તેમને પોતપોતાની પહેલાંની યોગ્યતા પ્રમાણે કામ કરવું પડે છે. મોટા મોટા રાજનીતિજ્ઞો જેઓ પાર્થિવ જીવનમાં રાજકાર્યમાં રોકાયલા રહે છે, તેઓ માત્ર પ્રાર્થના અને જપમાંજ મચ્યા રહેતા નથી. તેઓ પોતપોતાના દેશની ઉન્નતિને માટે કોઇ કામમાં લાગ્યા રહે છે. એક જાતના સમાચાર અનેક દેશોને મળ્યા છે કે, મોટા મોટા નેતાઓ પોતાના દેશની ઉન્નતિના પ્રયત્નોમાં રહે છે. લૉર્ડ કિચનરે ઇંગ્લેંડની ઉન્નતિની બાબતમાં પોતાની ઇચ્છા પ્રગટ કરી હતી અને પોતાના દેશવાસીઓને ચેતતા રહેવાની સૂચના આપી હતી. તેઓ આ સંસારનાં કાર્યો ઉપર પોતાનો પ્રભાવ પાડી શકે છે. ધાર્મિક વિચાર અને પ્રવૃત્તિ ઘણા દિવસ સુધી બદલાતી નથી; તેથી હિંદુ મૃતાત્મા પોતાના સમાચારમાં મંદિર અને મુસલમાન મૃતાત્મા મસીદ લખે છે. પરલોકના સમાચારોથી જણાય છે કે, પરલોકની પણ એક બીજી પૃથ્વી છે અને આ પૃથ્વીની ઘણીખરી ચીજો ત્યાં પણ હયાત છે. ત્યાં પણ આ દુનિયાની પેઠે ઘર, સ્કૂલ, બગીચા, ઈત્યાદિ છે. ઉપરના તળમાં રહેનારા નીચે રહેનારાઓની ઉન્નતિના પ્રયત્નો કરે છે અને મૃતાત્માઓ કહે છે કે, તેમને સ્વર્ગીય આનંદનો અનુભવ થાય છે. લિંગભેદ ત્યાં પણ મોજુદ છે, પરંતુ અહીં છે તેવા સ્વરૂપમાં નહિ. ત્યાં લગ્ન અને સંતાનોત્પત્તિ હોતાં નથી. ત્યાંની વસ્તી અહીંનાં મરણોથી વધે છે. નીચ પ્રવૃત્તિવાળા મૃતાત્મા આ સંસારમાં આવવાનો પ્રયત્ન કરે છે. તેઓ સર્વશક્તિમાન અને સર્વજ્ઞ નથી, તથાપિ તેમની શક્તિ આ પૃથ્વીની સરખામણીમાં વિશેષ છે. તેઓ એક જગાએથી બીજી જગાએ ઘણી સહેલાઇથી જઇ શકે છે, પરંતુ એકજ વખતે બે જગાએ રહી શકતા નથી. બાળકો મોટાં થાય છે અને ઘરડાઓ જુવાન થાય છે. પ્રેમથી બે આત્માઓ એકઠા થાય છે અને તેઓ બન્ને એકસાથે રહે છે. આ દુનિયાનો પક્ષપાત, ધર્મકટ્ટરતા, અને ધર્માંધતા ધીમે ધીમે નાબુદ થાય છે. કોઇ વાર ખૂની માણસ બદલો લેવાનો પ્રયત્ન કરે છે. સાથે સાથે બે ભાઇઓની મિત્રતાના ખબર પણ મળ્યા છે, કે જેઓ અહીં એકબીજાના શત્રુ હતા. તેઓ પોતાના પૂર્વજીવન વિષે નથી જાણતા અને એ પ્રશ્નોના ઉત્તરમાં તેઓ એ બાબતમાં પોતાની અશક્યતા પ્રકટ કરે છે. તેઓ પરમેશ્વરના અસ્તિત્વનું વર્ણન કરે છે; પરંતુ એમ નથી કહેતા કે તેમણે તેને જોયો છે. તેઓ પરમેશ્વરને સર્વ કાર્યોનાં કારણ માને છે અને તેને મળવાનો પ્રયત્ન કરે છે. નિરીશ્વરવાદી પોતાના એ જાતના વિશ્વાસને માટે સજા પામતો નથી, પરંતુ તે બીજી દુનિયાની ઘટનાઓ અને મહાન વ્યક્તિઓના અનુભવો

જોઇને ચકિત થઇ જાય છે. પરલોકની વિશાળતાને લીધે તેનું કોઇ વિસ્તૃત વર્ણન આપી શકાતું નથી અને આપણે ન જોયેલી જગાના સંક્ષિપ્ત વર્ણનથીજ સંતોષ માનવો પડે છે.

(નવેમ્બર-૧૯૩૨ ના "ચાઁદ" માસિકમાંથી અનુવાદિત)

૨૫-अग्निदेवनो कोप-ए देवने प्रार्थो.

(ઉડતી નજર ફેંકનાર નથુભાઇ)

જેમ લોકો હવે જૂના જમાનાથી કંટાળ્યા છે, પ્રાચીનતા સામે અણગમો રાખે છે તેમ કુદરતને પણ જૂનાં જાળાં સાફ કરવાનાં ગમતાં હોય એવા બનાવો એક બે દિવસમાં બની ગયા છે. ને તે માટે કુદરત અગ્નિદેવની સહાય લે છે. ઇટાલીમાં સુવિખ્યાત પુસ્તકાલય બળી ગયું ને કેટલાક અમૂલ્ય પ્રાચીન ગ્રંથો નાશ પામ્યા છે. વળી, એક હજાર વર્ષનો પુરાણો જર્મન કિલ્લો પણ નાશ પામ્યાના સમાચાર મળ્યા છે ને તે સાથે આજે એવી ખબર આવી છે કે, જોહાનીસબર્ગમાં યુનિવર્સિટીની લાઇબ્રેરી પર અગ્નિદેવનો કોપ ઉતર્યો ને કેટલાંક અમૂલ્ય પુસ્તકોનો ભોગ લીધો. આમ હમણાં હમણાં અનેક પુસ્તકાલયો બળે છે એ જાણીને મને ખેદ થાય છે; કેમકે જ્ઞાનવૃદ્ધિ માટે પુસ્તકાલયો અનેકને જીવનની જરૂરિયાત સમાં થઇ પડે છે.

× × × ×

પણ છતાં અગ્નિનો કોપ ઉતારવાનો ઉપાય છે. મહાભારતના જમાનામાં લાખાભુવન બળ્યું ને પાંચે પાંડવને અગ્નિજાળ લાગી ત્યારે ભીમે અગ્નિને જણાવ્યું હતું કે, અગ્નિ કાકા! એક માના આ પાંચ પુત્રોને છોડો તો હું તમને એક માના સો પુત્રો આપું; પણ ભીમે ભૂલ એ કરી કે, આ વાકય તે ત્રણ વાર બોલ્યો એટલે અગ્નિકાકાએ ત્રણ વાર એક માના સો પુત્રો-એટલે એવા ત્રણસોના ભોગની માગણી કરી. ભીમે વિચાર્યું કે "દેખા જાયગા; ઇસમેં કયા?" એમ કરી એણે પોતાનો ને ભાઇઓનો જાન બચાવ્યો અને વૈશંપાયન કહે છે તે પ્રમાણે વખત જતાં, ભીમે ત્રણસોનો ભોગ આપ્યો. આજ રીતે હવે જ્યારે કોઇ પુસ્તકાલય બળે ત્યારે અગ્નિકાકાને પ્રાર્થના કરવી કે, આ પુસ્તકો બચાવો તો એકજ જાતનાં પુસ્તકોનો સેટ આપને ધરાવું, ને પછી સમય મળે તો, ગજરામારૂ, ગુલબકાવલી ને સદેવંત સાવળીંગા વગેરે પુસ્તકોનો આખો 'સેટ' તેમના જડબામાં ધરી દેવો.

("હિંદુસ્થાન અને પ્રજામિત્ર"માંથી)

२६–परोपकाररुपी पकवान!

(અરદેશર શાવકશા ઘોંડીના લેખ સેજ ટુંકાવીને)

આ બહોળી સૃષ્ટિ ઉપર દયા, અને પરોપકારના કેટલા પૂજારીઓ હસ્તી ધરાવી ગયા છે અને હાલમાં હસ્તી ધરાવે છે? માયા, દયા, ઇનસાનિયત અને પરોપકારનું પચરંગી પકવાન પણ ચાલો જરા પહેલાં આપણા તબીબરાજો પર નિગાહ નાખીએ! મુંબઇના સાચ્ચા સ્વભોગી પરોપકારી તબીબરાજોમાં ડૉ૦ બ્લેની અને ડૉ૦ બહાદૂરજી જેવા નામાંકિત નરોનાં નામો સદા સરફરાજ છે! ડૉ૦ બ્લેની કેવો ઇનસાનિયતનો એક આઇનો હતો! અને અંતે એક મહાપરોપકારી જીવન ગાળી દુઃખીઓનો આ દિલાવર દાદખાહ તેઓનાં સુખસગવડ ખાતર સઘળું ખોઇખર્ચી ગરીબીમાં માર્ગે લાગ્યો તે માલીકની મહેફીલમાં જઇ વસવા કાજે!

હવે ભરજુવાનીમાં સદાની શાંતિમાં પોઢેલો પારસી કોમનો પેલો બહાદૂર બેટો ડૉ૦ બહાદૂરજી! અજલ તેને આંગણે કેમ આવી પુગી તે તો તમો જાણોછની? એક દરદી પર દયા કરી તેને દુઃખમાં રાહત આપવા જતાં! કેવો સાચો સ્વભોગ! અરે! એવા તો કાંઇ દાખલાઓ મોજુદ છે ને છેલ્લો ભલા પરદુઃખભંજન તબીબ ડૉ૦ મુનસફનો! એ બધા જુવાન જીવો દુઃખીઆની દાદ લેવા જતાંજ, દુઃખદરદો દૂર કરવાની કોશેશ કરતાંજ કજાના કાતીલ ભોગો થઇ પડયા.

હવે એક જૂના જમાનાના અંગ્રેજ તબીબરાજ ડૉ૦ જોન ફોધરગીલની દિલાવરીના દાખલાઓ સુણો! વળી આ તબીબરાજ તો કાંઇ અજબ દિલાવર દિલગુરદો ધરાવતો હતો! માયા–દયાનો ગોયા દરિયાવ તેના દિલમાં દાદારજીએ ભર્યો હતો! એક દિવસે લંડનમાં એક વાખાના મારેલા પાદરીએ બાઇડી છોકરાં છૈયાં સાથે લંડનમાં મુકામ કીધો; પણ પેલા કહે તેમ ગરીબનાં નસીબજ ગરીબ! એક જબુન ઉડતો રોગ એકાએક ફાટી નીકળ્યો અને બાપડાની બાઇડી અને પાંચ બાળકો તેના સપાટામાં સપડાઇ ગયાં! હવે વાસી શું પડે કે કુત્તા ખાય તેવી હાલત! એટલે તબીબોને બોલાવી તેઓની ફી ક્યાંથી જાંસે! અંતે એક માયાળુ મિત્ર તેની મદદે આવ્યો! "ચાલ ચાલ, મુંઝાઇને શું કરે છે? હું ફી આપનાર છું! તું તારે ચાલ ડૉ૦ ફોધરગીલની પાસે." ચાલુ મૂકયું ડૉ૦ ફોધરગીલની પાસે! તબીબરાજે હકીકત સુણીને પછી પ્રિસ્ક્રિપશનોનાં મોટાં મોટાં બિલાડાંઓ ચીતરવા માંડયાં ને બધી સલાહો ને સૂચનાઓ આપી! જતી વખતે ફી આપવા હાથ લંબાવ્યો તો

કહે જે "આ એ આપણું કામ નહિ! વારૂ લાવો તમારૂં એડ્રેસ આપો!" પછી દરરોજ જ્યાં સુધી તેઓ સર્વે સાજાં થયાં નહિ ત્યાં સુધી આ તબીબરાજ ત્યાં ફેરો મારતોજ રહ્યો ને તે બી એક અર્ધાની હાંસલ વગર! આની તરફ આ હેશાનનો કેમ અને કેવી રીતે બદલો વાળવો તેના વિચારમાં પાદરીજી તો પડયા ને જેમ તેમ કરજ કરીને તે તબીબને તેની છેલ્લી મુલાકાત વખતે આપવા માટે એક સારી જેવી રકમ એકઠી કરી અને તે તેની છેલ્લી મુલાકાત વખતે તેના અસંખ્ય હેશાનોના એક અદના બદલા તરીકે નજર કીધી તો ઓ! તે લેવા બદલ ઉપરથી તે તબીબે એક-બે નહિ મગર દશ ગીનીઓ તેના હાથમાં સેરવી દીધી આ શબ્દો સાથેઃ-

"સહેજ બી ઓસકાતા ના! આપની સેવામાં સેવક સદા તૈયાર છે!" એ તબીબ જબરો બા!

હવે આપણા આ તબીબરાજ કેઠા વનસ્પતિવિદ્યાના બી જબરા શોખીન! અંતે ફળદ્રૂપ જમીનનો ટુકડો લેવાનું સાટું તબીબરાજે મુકરર કીધું! પણ જ્યારે ફોધર ગીલકાકાને માલમ પડયું કે, આ તેઓએ લેવા કહાડેલી જમીન ખેડી તેની પેદાયશ પર એક ગરીબડું કુટુંબ કળેવળે પોતાનું ગુજરાન કરતું હતું અને તે જમીનનું જેમ તેમ કરી માસિક ભાડું આપતું હતું ત્યારે તેઓએ તુરતજ સાટું રદ કીધું એવું જણાવીને કે "પારકાને કષ્ટ દેનાર કદી સંતોષનું સુખ મેળવી શકતો નથી." એટલુંજ નહિ, પણ ઉપરથી એક એવી તો નાદર રકમની તેઓને ભેટ કરી કે એક વારના આ ભાડુતી જમીન ખેડનારાંઓ તેજ જમીનના માલેક બન્યા! કેમ શું ધાર્યું?

બીજો એક ભલો તબીબ ડૉ૦ હગ સ્મીથ કદી પણ એક ઉતરતા દરજ્જાના પાદરી, નાના નાના ઓહ્દા ભોગવતા શખ્સો કે જાહેર ખેલાડીઓ પાસેથી એક ફૂટી બદામ વટીક લેતો નહિ. તે હરહમેશ કહેતો:-"એ બિચારાઓ પાસે હોય શું જે આપે?"

એવોજ દયાળુ દિલગુરદો એક ડૉ૦ વિલ્સન પણ ધરાવતો હતો. એક વખતે એક માંદગીને બિછાને પટકાઇ પડેલા મુફલેસ પાદરી અને તેના ભૂખે મરતા કુટુંબની કરુણારસિક કહાણી તેના કાને આવી કે તુરતજ તેણે પોતાના એક મિત્રના હાથમાં પચાસ પાઉંડ મૂક્યા અને તે પેલા પાદરીને માયાકુળ શુકનો સાથે ભેટ કરવા જણાવ્યા ને તે કોણે આપ્યા હતા તે નહિ કહેવાની સખ્ત તાકીદ કીધી. "વારૂ વિલ્સન," પેલા મિત્રે કહ્યું "હું સવારે જઈશ!" "ઓ નહિ નહિ! તું અત્યારેજ જઇને આપી આવવાની મારીપર મોટી મહેરબાની કર! ખ્યાલ કર કે આ રકમથી તેના ઉપરનો દરદનો બોજો કેટલો કમતી થઇ જશે ને તે આખી રાત

નચિંતાઇથી ગાળશે ! ચાલ, જા તો જલદી !"

હવે પેલી જગમશહુર વાર્તા "ધી વિકાર ઑફ વેકફિલ્ડ"નો કવિ કલમકશ ડૉ૦ ગોલ્ડસ્મીથ ! તે બી ખિસ્સાં ખાલી છતાં દયાળુ દિલગુરદો ધરાવતો હતો જો ! એક ચોક્કસ દિવસે તેણે દરજીને બિલ ચૂકવવાનો વાયદો આપ્યો, પણ તે અગાઉ એક ગરીબ મિત્ર આવીને દુઃખનાં રોદણાં રડતાં, લાગલી કે બિલની ચાલીસ પાઉંડની રકમ તેને કાઢી આપી ને પછી દરજીને કહે જે "બા, મારા એક મિત્રને મુશ્કેલીમાં જો હું નહિ મદદ કરૂં તો ઇન્સાન નહિ પણ હેવાન કહેવાઉં સમજ્યો !" બાપડો દરજી આવ્યો તેવોજ ગયો !

પેલા અંગ્રેજી સાહિત્યના સિતારાસમ ડૉ૦ જોનસનને તો તમે ઓળખોછની ? કોઈ દહાડો ડૉ૦ જોનસનની ડીક્ષનરી હાથમાં ધરી છે કે બિરાદર ? જરૂર ધરજો, કાંઇ શીખવાનું મળશે ! ત્યારે આ ડૉ૦ જોનસન તો કોઇ જબરો બુઢ્ઢો બા ! જેટલું પહાડી દિલ તેટલોજ દિલગુરદો બી દેખો કહું ! આંધળાં, લૂલાં, ખુંધાંખોડાં, લાચાર બેચારોની ઘેરમાં કેથી મસમોટી ધર્મશાળા વસાવેલી દેખું ! એક દિવસે કોઈ એક બાપડી બુઢિયાને તેણે બેહાલ રસ્તાની વચોવચમાં પડેલી જોઇ. દયાથી દાઝી જઇ લાગલી તેને ખાંધે મારી ઘેરે લાવ્યો, મેનીજ મદારત કીધી, ને સાજીતાજી કરીને રવાના કરી. વાર્ષિક ૩૦૦ પાઉંડના પેન્શનમાંથી ચોકતા ના–ફક્ત ૨૦૦ પાઉંડજ જોનસન કાકા સખાવત અને પરોપકાર પાછળ વાપરતા. સખાવત બાબે તે હરહંમેશ કહેતો કેઃ—

અરે બિચારા ગોલ્ડસ્મીથને ઘડી ઘડીએ તે કેમ આફતોમાંથી ઉગારી લેતો તે તો તમોને માલમ છેની ? ખચીતજ ડૉ૦ જોનસનના નીચલા શબ્દો કંજુસ કન્નાસોને ગોખી રાખવા જેવા છેઃ-

કવિરાજ બાયરન બી જબરો દિલાવર જો ! વેનીસમાં તેના વસવાટ દરમિયાન એક મોચીનું મકાન બળીને ખાખરાખ થઇ ગયું. બાયરને ઘટતી જુસતેજો બાદ તુરતાતુરત તેને માટે એક નવું મકાન પોતાની ગીરોથી ઉભું કરવાનો હુકમ આપ્યો અને ઉપરથી તે પોતાનો ધંધો નવેસરથી શરૂ કરે તે માટે એક નાદર રકમ બી બક્ષીસ કરી ! કયું કાવરાજને કયસી બજાઇ ?

મહાન શહેનશાહ બોનાપાર્ટ બી બડો દયાળુ ને દિલસોજ હતો. ફ્રાંસનાં તમામ દેવળોમાં તેણે ગરીબ ગુરબાંઓ માટે પોતાની મુસીબતો દર્શાવનારી અરજીઓ નાખવા કાજે ખાસ પેટીઓ મુકાવી હતી ! તેઓ અરજીઓ નાખતા કે તુરત તેનો ઘટતો નિકાલ થતો ને તે બી બડેખાંઓની ખરખુશામદ ને ટાણા ટપલા ખમ્યા વિના !

એક દિવસે મોસ્યુંલ કોંટડ પોલીગ્નેક નામનો તેનો એક અમલદાર કે જેના પર તેની માયામહેરબાની વિશેષ હતી તેની દગલ-

બાજીથી તે નેપોલિયનની ખફગીમાં આવી પડયો અને તેને પરહેજ કરવામાં આવ્યો. બીજા દિવસે તેની પરણેતર માડામ પોલીગ્નેક રડતી કૂટતી શહેનશાહ સલામતની રહેમની આરજુ કરતી ગઇ. "ના૦ શહેનશાહ ! તમો ધારો છો તેટલો એ ગુનેહગાર નહિ હશે ?" તેણી પટપટી. "ઓ એમ કે ?" ખિસ્સામાંથી એક કાગજ ખેંચી કાઢતાં બોનાપારટે ચલાવ્યું " જુઓની બાનુ, આ કાગજ અને તેની નીચેની સહી એ બંને તમારા ખાવીંદનાં છે કે કોઇ બીજાનાં?" તેણીએ તે કાગજ લઇને જોયું ને તુરતજ ફિક્કી મારી ગઇ અને બેભાન બની તૂટી પડી ! જ્યારે તે બેભાનીમાંથી બિદાર થઇ ત્યારે માયાથી તેણીના હાથોમાં પેલું કાગજ મૂકતાં બોનાપાર્ટ પટપટયો. " લ્યો બાનુ આ કાગજ ! એજ ફક્ત તમારા ખાવીંદનો ગુનાહ પૂરવાર કરનારી કાયદાપૂર્વક સહાદત છે ! લ્યો, એને પેલી સગડીમાં બાળી નાખો !" આફ્રીન ! તેણીએ તે કાગજ લીધું ને તુરતજ તેનો નિકાલ કીધો કે પોલીગ્નેકને પુરાવાની ગેરહાજરીમાં છોડી દેવામાં આવ્યો; જો કે તેના અપરાધની શિક્ષા તો ત્રણ લાકડે લટકવાની હતી ! તેની જીંદગી તો બચી મગર અલબત્તાં તેની આગલી આબરૂ યા પ્રતિષ્ઠા પર તો પાણીજ ફરી વળ્યું ! મહાન શહેનશાહ બોનાપાર્ટની ત્યારે તમે આ ઉદારતા જોઇ !

રોમનો શહેનશાહ ઑગસ્ટસ શહેનશાહતના એક નામાંકિત નર નામે પુબલીઅસ વીદીઅસ પોલીઓ સાથે એક દિવસ ખાણું લેતો હતો તેવામાં પોલીઓના એક ગુલામે એક અતિ કિંમતી વાઝ તોડી નાખ્યું કે ગુલામો સામેના તે વખતના ક્રૂર કાયદાઓ અનુસાર પોલીઓએ તે ગુલામને પોતાના એક ખાસ તળાવમાં પાળેલા મગરના ભક્ષણ અર્થે તેને નાખવાની શિક્ષા ફરમાવી ! ખુદ શહેનશાહ વટીક પણ આવા અસલવારીના ક્રૂર કાયદાઓની સામે થઈ શકે એમ નહિ હતું ! વળી તે અગાઉની પોલીઓને સર્વ વાતે સમજાવવાની તેણે વ્યર્થ કોશીશ કરી હતી. છેવટે તેને એક બાજુ પરની મેજ પર મૂકેલા તમામ કિંમતી વાઝો મંગાવી તેઓ દરેકને એક પછી એક તોડી નાખ્યા ! હવે શહેનશાહને તે કરે તે પણ શું ? પોલીઓ શરમીંદો પડી ગયો અને પેલા ગુલામની જીંદગી બચી.

એક દિવસે એક ગૃહસ્થ સેંટ જેમ્સીસ પેલેસમાં ખાણું લઈ ઉતર્યા બાદ દાદર પરથી મજબૂત ઝીકાઇ ગયો અને તેનું માથું એક બારણા સાથે અફડાઇ જતાં તે બેફામ બની ગયો ! જ્યારે તે હોંશીઆર થયો તો જોય છે શું કે બુઝોરોગ દમામદાર દેખાવનો એક દિલસોજ ગૃહસ્થ ઘણીજ સંભાળથી તેના માથા પર માયાથી મલમપટો કરી રહ્યો હતો. મલમપટો થઇ રહેવા બાદ પેલો બાપડો ઉપકાર માનવા ગયો તો ડોળા કાઢી તેને લાગલો થથરાવીજ

નાખ્યો ! પણ ત્યારે એ મલમપટો કરનાર માયાળુ ગૃહસ્થ હતો તે બી કોણ ? કોઇજ નહિ ફક્ત જ્યોર્જ ધી સેકંડ કિંગ ઓફ ઈંગ્લંડ !

ફ્રેડરીક ધી ગ્રેટ એક દિવસ એક પોતાના અમલદારને દિલગીર દેખી પૂછ્યું: "બોલ બોલ, તું હમેશાં બળેલો જળેલો કેમ જણાયછ? કહી દે જોઉં તો મિત્રો વચે ભેદભરમો નહિ હોવા જોઇએ !" પછી તુરતજ પાછું પોતેજ ઉમેર્યું "તારૂં કેટલું બે હજાર ક્રાઉનનું કરજ છે કે ?" તે બાપડાએ હામાં જવાબ આપ્યો ! તુરતજ પોતાની પાસે પડેલી એક ટેબલ પરથી ફ્રેડરીકે સોનાના સિક્કાઓથી ઠસોઠસ ભરેલી એક પર્સ ઉપાડી તેને ભેટ કીધી, "લે આ. એમાંથી તારૂં કરજ ભરજે !" પછી વળી એક બીજી પર્સ બી તેને ભેટ કીધી.

એક ગરીબ પાદરી કે જેને ત્યાં તે વારંવાર મુસાફરી દરમિયાન ઉતારો લેતો તેનું ૮૦૦ ક્રાઉનનું કરજ તેણે ફીટાડી આપ્યું અને ઉપરથી તેનાં બાળબચ્ચાંઓને જાતિદેખરેખ હેઠળ શીખાડી-ભણાવીને પાર ઉતાર્યાં ને ઉંમરે પુગતાં વળી પરણાવી બી આપ્યાં !

ફ્રેડ્રીકની સેનામાં અગાઉ કામ કરી ગયેલો એક શૂરવીર સિપાઇ બચ્ચો વારંવાર તેને ફરી પાછો લશ્કરમાં નોકરીએ લગાડવા ફ્રેડ્રીકનું માથું-ભેજું ખાઇ જતો હતો. બસ, તે તો તેનો અગાઉનો લેફ્ટેનંટ કરનલનોજ હોદ્દો માગતો હતો-બીજી વાતજ નહિ ! ઘણું બી સમજાવ્યું કે "હાલ તરત તારે લાયકની કાંઇ જગા ફાજલ નથી." પણ જ્યારે સમજાવેલો સમજ્યોજ નહિ ત્યારે અંતે કંટાળીને તેને ત્યાં આવવાની સખ્ત તાકીદ કીધી. થોડા વખતમાં ફ્રેડ્રીક સામે કોઇએ કડકમાં કડક કવિતા લખી અને હંમેશના શાંત સ્વભાવના ફ્રેડ્રીકનો પિત્તો આમ અણધારેલા અપમાનથી ઉકળી આવ્યો અને તુરતજ તે લખનાર શખસને પકડી તેની સમક્ષ લાવનાર આસામીને તે પચાસ સોનાના સિક્કાનું ઇનામ આપશે એવું જાહેર કર્યું. બીજા દિવસે લાગલો કે પેલોજ ધનચક્કર તેની આગળ આવી ઉભો. "કેમરે વળી, કાંય ફુટી નીકળ્યો ?" તેણે અજાયબી અને કચવાટ સાથે પૂછ્યું. "નામવર ! આપે જે કડક કવિતા તમો સામે લખવામાં આવી હતી તેના લખનારને પકડી પાડનારને પચાસ સોનાના સિક્કાનું ઇનામ આપવા માટે જણાવ્યું છે ની ?" ઠંડે કલેજે તેણે ચલાવ્યું. "હા કેમ ! તેનું શું ?" "ત્યારે તો નામવર, તે ઇનામ મને આપવા સિવાય તમારો છૂટકોજ નથી!" "પણ કાંય ?" ફ્રેડરીકે ગુંચવાઇને સવાલ નાખ્યો. "કારણ નામવર, એ કડક કવિતાનો લખનાર સેવક ખુદબખુદ પોતે છે ! આપ નામવર ભલેને મને શિક્ષા કરો પણ મારાં ભૂખે મરતાં બાપડી છોકરાંને પેલું જાહેર કરેલું ઈનામ નહિ આપો

મારા મહેરબાન?" ફ્રેડ્રીક તો બહુ લાલ પીળો થઇ ગયો. તુરતજ તેણે એક રૂકકો ચરરર ચીતરી કહાડયો ને પછી પેલાને આપતાં કહ્યું "લે, આય રૂકકો લઇને સ્પાનડોના કિલ્લાના કમાન્ડર પાસે જા! ત્યાં બીજાઓ ભેગા કેદ કરવાની મેં તુંને શિક્ષા ફરમાવી છે!" "જેવી આપ નામવરની મરજી; પણ પેલું ઇનામ વિસરતા ના!" "વારુ, ઉભો રહે! પેલા કમાન્ડરને આ રૂકકો આપજે પણ તેને સખ્ત તાકીદ કરજે કે, ખાણું લીધા અગાઉ તે ઉઘાડીને મુદ્દલજ વાંચવો નહિ એવી મારી આજ્ઞા છે!" ગરીબ બાપડો! તે તો ફ્રેડ્રીકના હુકમ અનુસાર સ્પાનડોના કિલ્લા પર ગયો અને વીલે મોઢે પેલો રૂકકો પેલા કિલ્લાના રખેવાલને પેલી તાકીદ સાથે આપ્યો અને પછી બંને સાથે ખાણું લેવા બેઠા! ખાણું શું ખાય તેનું કપાળ! પેલા બિચારાના પેટમાં તો કલેજી બી નહિ હતી! અંતે દુઃખેપાપે ખાણું ખતમ થયું કે પેલો રૂકકો ઉઘેડીને પેલા રખેવાલે લાગલો કે વાંચ્યો! તો એ એવું તે શું રૂકકામાં હતું કે પેલો કિલ્લાનો રખેવાલ પેલા કમબખ્તને બધો મુબારકબાદીપર મુબારકબાદી આપવા લાગ્યો? તે રૂકકો નીચે મુજબ હતોઃ—

"આ રૂકકો લાવનાર શખ્સને મેં સ્પાનડોના કિલ્લાનો આજથી કમાન્ડર નીમેલો હોવાથી તારે તુરતજ તેને ઓહ્દાનો સર્વે અખ્તયાર આપી દેવો અને તારે પોટર્સડેમના કિલ્લાનો અખ્તયાર લેવો, કે જ્યાં આગળ જવામાં તુંને જાસ્તી ફાયદોજ થશે. આ નવા રખેવાળની સ્ત્રી તેમજ બાળકો જે વખ્ત જાય છે તેમાં પચાસ સોનાના સિક્કાઓ સાથે તેની પુંઠે આવી ચઢશે!" પેલો રૂકકો લાવનાર તો ફાટીજ ગયો ને પેલો રખેવાલ તે બી તેની નવી ફેરબદલીથી ઘણો ખુશીખુશી થઇ ગયો! યા ખોદા! પેલા બાપડાએ શું ધાર્યું અને શું થઇ ગયું? શિક્ષા બદલ કિલ્લાની રખેવાળી મળી ને વળી ઉપરથી પચાસ સોનાના સિક્કા! એ તે ઈનસાનિયત! એ તે એક દયાળુ દિલગુરદાનો પવિત્ર પરોપકાર!

હવે આ તો શહેનશાહોની વાત થઈ; પણ ગરીબ ગુરબાંઓ પણ કેવો સખી દિલગુરદો દાખવે છે તેનો લ્યો પ્રિય વાચક, આ એક દાખલો! ફ્રેંચ બળવાની એક વરસ અગાઉ પેરીસની એક ગરીબડી નોકરડીને ૧૫૦૦ પાઉંડની લોટરી લાગી. તેણી તુરતજ ત્યાં આગળના દેવળના પાદરી પાસે ગઇ અને બસો સોનાના સિક્કાઓ ગરીબગુરબાંઓને ખેરાત કરવા તેમના હાથમાં સેરવી દીધા. "નસીબે ફક્ત મને એટલાજ ખાતર નીહાલ કીધી છે કે જેથી હમારાં ગરીબ ભાઇબંધોને મદદગાર થઇ પડું!" તેણીએ જણાવ્યું.

આવોજ એક બીજો દાખલો અત્રે આપવો ઠીક થઇ પડશે! લીઓ ખાતે રહેતો એક અંગ્રેજ ગૃહસ્થ શરત રમતાં હારી જવાથી

મોટી તંગીમાં આવી પડયો. તુરતજ તેના એક વફાદાર નોકરે તેના હાથમાં નાણાંની એક થેલી લાવીને મૂકતાં માયાથી કહ્યું કે "લ્યો સાહેબ! તમારા જાતભાઇઓનું મેં નીમક ખાધું છે તો પછી આટલી મદદ એક તેઓનાજ જાતભાઇને કરવામાં કશું પણ ખોટું નથી!" તેના શેઠે તે રકમમાંથી પોતાનું સઘળું કરજ ફીટાડયું ને પાછળથી તે રકમ ઉપરાંત એક બીજી સારી જેવી રકમ પોતાને તે નોકરને તેની ઉદારતાના બદલામાં ભેટ કીધી!

જંગે મયદાન બી આવા દાખલાઓથી ખાલી નથી જો! લ્યો આ એક દાખલો!

ઓસ્ટ્રીઆના આર્ચડયુક ચાર્લ્સના લશ્કરે એક ખૂનખાર લડાઇમાં હારી જઇ મયદાને જંગમાંથી નાસવા માંડયું. ખુદ જખ્મી વીરલાઓને પણ મયદાને જંગથી ઉઠાવી જવાની વાત કરી નહિ! એવીજ એક સિપાઇઓની ટુકડી મેદાન છોડી ભાગતી હતી; પણ તરતજ આર્ચડયુકે પોકાર કર્યો કે, "ખબરદાર! ભાગો છો કયાં? આ જખ્મી વીરલાઓને દુશ્મનોની દયા પર નાખી ને! એમને સાથે કેમ લેતા નથી?" "નામવર! તે નહિ બની શકે એમ છે!" તે ટુકડીના વડાએ જવાબ દીધો. "આ જખ્મીઓને ઘસડી જવા માટે ઘોડાઓ ફાજલ નથી અને જેઓ છે તેઓને તોપો ઘસડવાના કામમાં લીધા છે!" "તોપ!" તે બરાડયો "એક ઇન્સાનના અમૂલ્ય જાનથી શું તોપો જયાદા છે? છોડી નાખો તોપો ઘસડનારા એ ઘોડાઓને ને તેઓનો ઉપયોગ આ જખ્મી વીરલાઓને સહીસલામત ઉઠાવી જવાના કામમાં કરો! ફિકર નહિ. પડતી મૂકો તોપોને! એક સિપાઇ બચ્ચાના જાન આગળ એવી એક તો શું પણ પચાસ તોપો પડતી મૂકવાની પરવા ના કરો!' અને તેમ કરવામાં આવ્યું! જયારે શત્રુના લશ્કરના વડાને આર્ચડયુકની આ દિલાવરીની ખબર થઇ ત્યારે તેણે તમામ જીતેલી તોપો ફરી એક વાર તે આર્ચડયુકને સોંપી દેવાને પોતાના લશ્કરને હુકમ કર્યો. એમજ છે! એક સારા દાખલાની નકલ હડહડતો હરીફ પણ કરે છે!

એરેગોનના રાજા આલફાન્સો ધી ગ્રેટ એક દિવસે પોતાના ખજાનચી પાસે દરબારમાં ૧૦૦૦૦ સોનાના ક્રાઉનો મંગાવ્યા. તેની નજદીક ઉભેલા એક દરબારીથી બોલી પડાયું: "યા ખોદા! દશ હજાર સોનાના ક્રાઉનો! જો મારી પાસે હોય તો મારી સારી જીંદગી સુખમાં ગાળું!" આલફાન્સોએ જેવું તે સાંભળ્યું કે તરત દશ હજાર સોનાના ક્રાઉનો તેને ભેટ કરી દીધા.

જયોર્જ ધી ફોર્થ બી જબરો સખી બા! જયારે તે પ્રિન્સ ઓફ વેલ્સ હતો ત્યારે એકાએક તે છુપા વેશમાં દોડતો આવીને

પોતાના એક ઓળખીતા પાસે લાગલો કે ૮૦૦ પાઉંડ ઓકાવી ગયો! પાછળથી કોથળામાંથી બિલાડી બહાર પડી કે, આ ૮૦૦ પાઉંડ તો એક ગરીબ ભૂખે મરતા, લાચાર, નિરાધાર સિપાઈ બચ્ચાને આફતોમાંથી ઉગારવા પાછળ તેણે વગે લગાડયા હતા.

કૉન્સ્ટેબલ ડ મોંટમોરેનસી એક બહુ ઉદાર જીગરનો આસામી હતો. ત્રણ હજાર પીસ્ટલોની તેને બેસેડ રમતાં શરત મારી તે જોઇ એક બિચારા ગરીબડાથી બોલી પડાયું "કેટલી નાદર રકમ! મને મળે તો હું કેવો સુખી થાઉં?" તે શરત જીત્યો ને પેલા ગરીબડા તરફ ફરતાં પોકાર્યું "લે બિરાદર! આ રકમ! આ શરત મેં તારે ખાતરજ મારી હતી!"

હવે એક ગરીબ બાપડા હબસીને વિસારી મૂકવો ઘટારત નથી! આ ગરીબડા હબસીએ એક લંગડા લૂલા યુરોપિયન સેલરને રસ્તામાં ભીખ માગતાં દીઠો અને લાગલા કે પોતાના મેલા ખિસ્સામાંથી ત્રણ અર્ધી પેની અને એક ફાર્ધીંગની પેલાને ખેરાત કીધી! ને વળી તેને દુઃખી હાલત જોઇ હૈયું ઉભરાઇ આવવાથી પોતાના ફાટેલા જેકેટના છેડા વડે આંખો લૂછતાં ચાલુ મૂક્યું, પણ એક દુઃખીને મદદ કરવાના સાચા સુખ ને સંતોષ સાથે!

એવા તો અસંખ્ય દાખલાઓ આજે બી મોજુદ છે. પનોતી પારસી કોમના પ્રતાપી પરદુઃખભંજન પહેલા સર જમશેદજી જીજીભાઇ બેરોનેટ કેવા આજે બી તેઓની હાતમ દિલની અમર યાદ પોતાની પાછળ મેલી ગયા છે! × × × × ×

("સાંજ વર્તમાન"ના એક પનોતી અંક ઉપરથી)



૨૭-लक्ष्मण-परशुराम संवाद

(લેખકઃ-શ્રી. ક. ગિ. કોઠારી)

(પરશુરામજીના જીવનમાં શૌર્યની, બાહુબળની, કઠોરતાની અને ઋષિકુળમાં જન્મવા છતાં ક્ષાત્રતેજની ઘણી અદ્ભુત વાતો આવે છે, અને તેમાંથી ઘણું શીખવાનું મળે છે; પણ તેઓનું તેજ શ્રીરામચંદ્રજીમાં લીન થવાનો જે પ્રસંગ આવે છે, અને જનક વિદેહીના દરબારમાં તેમની અને લક્ષ્મણજીની વચ્ચે જે રસિક, બોધક તેમજ કટાક્ષમય સંવાદ થાય છે, તે તો ખરેખર ઓર આનંદ ઉપજાવે છે. બુદ્ધિવાદનો તે નાદર નમુનો છે, અને ખરા ક્ષત્રિયવીર લક્ષ્મણજીની નીડરતા તથા ઉદારચિત્ત શ્રીરામચંદ્રજીની ધીરજ અને શાંતિ ઉપર તે અજબ પ્રકારનો પ્રકાશ પાડે છે.)

(૧)

પરશુરામજીનું આગમન

સીતાસ્વયંવર વખતે જનક રાજાના દરબારમાં ઘણા બળવાન ગણાતા રાજા મહારાજાઓ તથા મહાબલીષ્ટ ગણાતો રાવણ પણ શિવધનુષ્ય ભાંગવામાં જ્યારે નિષ્ફળ નીવડ્યા, ત્યારે ગુરુ વિશ્વામિત્રની આજ્ઞાથી શ્રીરામચંદ્રજીએ તે ધનુષ્યના, જેમ એક સડેલું લાકડું ભાંગતા હોય, તેમ એક ઝટકાની સાથે કટકા કરી નાખ્યા! આ બનાવથી આખી સભામાં વાહવાહના પોકારો થઈ રહ્યા; પણ જે રાજામહારાજાઓ સીતાજીને પરણવાની હોંશથી આવ્યા હતા, તે ચંદ્ર ઉગતાં જેમ તારા નિસ્તેજ બની જાય છે, તેમ ઝંખવાણા પડી ગયા! પણ આ શિવધનુષ્ય, કે જે અતિ સુવિખ્યાત હતું, અને જેના વડે કેટલીયે જાતનાં પરાક્રમો થવા પામ્યાં હતાં, તે ભાંગવાના ખબર જાણીને સકળ બ્રહ્માંડમાં પણ એક જાતનો હાહાકાર થઈ રહ્યો; અને તે સમાચાર મળતાં પરશુરામજી પણ જનક વિદેહીના દરબારમાં જ્યાં સ્વયંવરમંડપ હતો, ત્યાં આવી ચઢ્યા.

પરશુરામજીનું આગમન થવાના સમાચાર વીજળીને વેગે ફેલાઈ જતાં, બાજપક્ષીને દેખીને જેમ પારેવાં ગભરાય છે, તેમ બધા રાજાઓ સંકોચ પામીને થરથરવા લાગ્યા! પરશુરામજીનું શરીર ગૌર હતું, શરીરે ભસ્મ લગાવી હતી, કપાળમાં ત્રિપુંડ્ર હતું, ચંદ્રમા જેવાં મુખકમળ ઉપર મોટી જટા બિરાજી રહી હતી, અને શિવધનુષ્ય ભાંગવાના ખબરથી ચઢેલા ભારે ક્રોધને કારણે, મોઢા તથા નેત્રમાં લાલી આવી ગઈ હતી. તેમની ગરદન વિશાળ ને મજબૂત હતી, પવિત્ર જનોઇ ઉપર મૃગચર્મ ધારણ કર્યું હતું, કમ્મર ઉપર બાણનાં ભાથાં હતાં અને ખંભે ધનુષ્ય હોવાની સાથે, હાથમાં

પરશુ-કુઠાર-કુહાડો પણ હતો! તેમની ભ્રૂકુટીઓ વાંકી વળી ગઈ હતી, અને તેમને જોતાં તેઓ રીસેથી ભરેલા અને ઘણા ક્રોધાયમાન થયા હોય, એવો તરતજ ભાસ થતો હતો. તેમનો વેષ કેટલેક અંશે બ્રાહ્મણ જેવો શાંત હતો, પણ તેમના જીવનનાં કર્મો તો ઘણાં કઠોર હતાં! ઋષિમુનિનું શરીર ધારણ કરીને વીરરસ પોતેજ જાણે કે સાક્ષાત્ હાજર થયો હોય એવો તેમનો દેખાવ હતો.

પરશુરામજીનો ક્રોધ

વિકરાળ સ્વરૂપમાં પરશુરામજીને આવેલા જોઇને ભયભીત થએલા બધા રાજામહારાજાઓ એકદમ સફાળા ઉભા થઈ ગયા; અને તેમને કોઇ પૂછે તે પહેલાંજ પોતાનાં તેમજ પોતાના પિતાનાં નામ આપીને દંડવત્ પ્રણામ કરવા લાગી ગયા! આ વખતે પરશુરામજી અમસ્થા કોઈની સામે નજર ફેંકતા, તો તે બિચારો એમજ જાણતો કે, હવે મારૂં આવી બન્યું! આ વખતે જનકરાજા પણ ત્યાં આવી પહોંચ્યા, અને પોતે પગે લાગી, સીતાજીને પણ બોલાવીને તેમને પગે લગાડયાં. પરશુરામજીએ તેમને આશિષ આપી, એટલે મનમાં ગભરાયેલી દાસી સીતાજીને તરતજ ત્યાંથી ઘરમાં લઇ ગઇ. એટલામાં વિશ્વામિત્ર ઋષિ આવીને તેમને મળ્યા અને તેમણે રામ-લક્ષ્મણની દશરથના પુત્ર તરીકે ઓળખ કરાવતાં, તે બે ભાઇઓ પણ પરશુરામજીને પગે લાગ્યા, અને તેમણે રાજી થઇને આશીર્વાદ આપ્યા. શ્રીરામચંદ્રજીનું કામદેવના મદને પણ ઉતારી પાડે એવું સુંદર સ્વરૂપ પરશુરામજી થોડીક વાર તો જોઈ જ રહ્યા!

પરશુરામજી બધી વાત તો જાણતા હતા, અને તેમના મનમાં ક્રોધનો અગ્નિ ભડભડ બળતો હતો; છતાં અજાણ્યા થઇને તેમણે પૂછ્યું કે, આ બધું શું છે? અને આ રાજા-મહારાજાઓ વગેરેની આટલી બધી ભીડ શેની થઈ છે? જનકરાજાએ નિખાલસ દિલે બધા સમાચાર કહ્યા, અને સીતાસ્વયંવર અર્થે બધા નરેશો આવ્યા હતા એમ જણાવ્યું. આ વાત સાંભળીને પરશુરામજીએ જ્યાં ભાંગેલા ધનુષ્યના ટુકડા પડયા હતા, ત્યાં નજર ફેંકી અને એકદમ ક્રોધ કરીને (ક્રોધને હવે તેઓ મનમાં સમાવી શકયા નહિ!) તેઓએ પૂછ્યું કે, હે જડ બુદ્ધિના જનક! આ ધનુષ્ય કોણે તોડયું? હે મૂઢ! જલદી મને તે માણસ બતાવ, નહિતર તારા આખા રાજ્યને હું ઉથલાવી નાખીશ. ઘણા ભયને કારણે જનકરાજા કાંઇ જવાબ આપી શકયા નહિ; એટલે સ્વયંવરમાં નિરાશ થયેલા રાજાઓ હવે જનકનું રાજ્ય ઉજ્જડ થશે એમ માનીને મનમાં રાજી થવા લાગ્યા! નિર્માલ્ય અને બાયલા લોકો હમેશાં પારકે હાથે કોઇને કુટાતો જોઇને બહુ રાજી થાય છે! પરશુરામજીનો ક્રોધ જોઇને દેવતાઓ, ઋષિ-મુનિઓ અને નગરવાસી સકળ નરનારીઓ ત્રાસી ગયાં, અને ભયથી

ધ્રૂજવા લાગ્યાં. સીતાજીનાં માતાજીના મનમાં પણ શોક થવા લાગ્યો, અને તેમને તો એમજ થયું કે, વિધાતાએ બધી સુધરેલી બાજી બગાડી દીધી ! ભૃગુપતિ શ્રીપરશુરામજીના સ્વભાવની વાત સીતાજીના જાણવામાં આવતાં, તેમને પણ એક ઘડી એક કલ્પ જેવી વીતવા લાગી ! કુઠારધારી પરશુરામજીના ક્રોધથી આ પ્રકારે સર્વત્ર ભય અને ત્રાસની છાયા પથરાઇ ગઇ, પણ હર્ષ કે શોક જેને અસર કરી શકતા નથી, એવા શ્રીરામચંદ્રજી તો તદ્દન શાંતજ રહ્યા.

શ્રીરામે સંપૂર્ણ શાંતિથી જવાબ આપ્યો કે, હે નાથ ! આ શિવધનુષ્ય ભાંગવાવાળો કોઇ તમારો દાસજ હોવો જોઇએ. આપના આ દાસને તેથી શી આજ્ઞા છે તે ફરમાવો. આ વચન સાંભળીને ક્રોધાયમાન થયેલા મહારોષવાળા પરશુરામજી બોલી ઉઠયા કે, દાસ તો જે સેવકાઈ યાને ચાકરી કરે તે કહેવાય. જે દુશ્મનના જેવાં કામ કરે તે દાસ શાનો ? સાંભળો, એ રામ ! આ ધનુષ્યબાણુ જેણે તોડયું હશે, તેને હું સહસ્રાર્જુન કરતાં પણ મારો મોટો દુશ્મન માનું છું; માટે એ માણસને આ બધામાંથી જુદો પાડીને મને બતાવો, નહિતર આ રાજાઓના આખા સમૂહનો હું ઘાણ કાઢી નાખીશ !

(૨)

રસિક, દિલ બહેલાવનારો સંવાદ !

પરશુરામજીનાં આવાં ક્રોધી રૂવાબવાળાં વચન સાંભળીને લક્ષ્મણજી હસી પડયા, અને તેઓ વધારે ચીડાય અને તેમનું અપમાન થાય એવાં વચનો બોલવા લાગ્યા. પરશુરામજી તથા લક્ષ્મણજીનો આખો સંવાદ વાંચતાં દિલમાં ખરેખર ઓર આનંદ થાય છે, અને આ રસિક, બોધક તેમજ દિલ બહેલાવનારો સંવાદ લોકોમાં વારંવાર વંચાય એ હેતુથીજ, આ લેખ લખવામાં આવ્યો છે એમ કહું તો તે સત્યથી વેગળું નથી. આ સંવાદ એ ક્ષાત્રતેજ અને નીડરતાનો સુંદર નમુનો છે, અને આપણા દેશને આજે તેનીજ જરૂર છે. હવે આપણને પોમલા ભગતની કે સ્વાર્થી પેટ ભારાઓની કથાવાર્તાઓનું કામ નથી !

લક્ષ્મણજી—હે ગુસાંઈ ! અમે બાળકપણમાં આવાં ઘણાંય ધનુષ્યો તોડી નાખ્યાં છે, અને તેમાં તમે કોઇ વખતે ગુસ્સો કર્યો નથી; ત્યારે આ રદ્દી જેવા ધનુષ્ય માટે તમને આટલી બધી શું માયા લાગી છે કે, તેને તોડવા માટે આટલા બધા ક્રોધાયમાન થઇ જાઓ છો?

પરશુરામજી—એય રાજાના કુંવર ! તું જરા સંભાળીને બોલ. આ કાંઇ જેવું તેવું ધનુષ્ય નથી, આ તો શિવધનુષ્ય છે અને આખું જગત તે જાણે છે.

લક્ષ્મણજી—(પોતાને ગુસ્સાની કાંઇ અસરજ ન થઇ હોય તેમ હસીને બોલ્યા) હે દેવ ! અમે તો જાણીએ છીએ કે, ધનુષ્ય

તો બધાંય સરખાંજ હોય. રામચંદ્રજીએ તો ભોળપણથી આ ધનુષ્યને નવું ધાર્યું હતું, પણ તે તો છેક જરીપુરાણું અને સડેલું છે! તેઓ તેને અડકયા ત્યાંજ તેના ટુકડા થઇ ગયા!× એ ધનુષ્ય તોડવાથી તમને કયો મોટો લાભ થઇ ગયો છે, કે કયું મોટું પૃથ્વીનું રાજ્ય મળી ગયું છે? આમાં તે તમે આટલો બધો ક્રોધ શા માટે કરો છો?

પરશુરામજીએ પોતાની કુહાડી—પરશુ તરફ નજર કરીને કહ્યું કે, હે શઠ! તને મારા પ્રભાવની ખબર નથી. તને બાળક જાણીને હું મારતો નથી. તું એમ નહિ જાણતો કે, હું ફક્ત મુનિ–ઋષિજ છું. હું બાળબ્રહ્મચારી અને અતિ ક્રોધી છું, અને ક્ષત્રિય કુળનો નાશ કરવાવાળો છું, એ આખું જગત જાણે છે. મારાં ભુજબળથી ઘણી વાર પૃથ્વીને રાજા વગરની કરીને મેં તેનું દેવ દેવતાઓને દાન કર્યું છે. હે રાજકુમાર! મારો આ કુહાડો જોયો છે? તેના વડે મેં સહસ્રાર્જુનની ભુજાઓ કાપી નાખી છે, મારો કુહાડો ગર્ભિણીના ગર્ભ ગાળી નાખે એવો અતિ ઘોર, કઠોર છે. ગરબડ કરીશ તો તારાં માબાપ દીકરા વગરનાં થઇ જશે–તું માર્યો જઇશ.

લક્ષ્મણજી—(હસતાં હસતાં મૃદુતાથી બોલ્યા) ઓહો મુનિરાજ! તમે તો ઘણા (અભિ)માની અને મોટા શૂરવીર ભટ જણાઓ છો. તમે મને વારંવાર તમારો કુહાડો બતાવો છો, એટલે તમે તો એમજ ધારતા હશો કે, તમારી ફૂંકથી આ પહાડ ઉડી જશે! આ કાંઇ રીસામણીનું ઝાડ નથી કે જેને આંગળી બતાવતાં તેનાં પાંદડાં ખરી જાય કે બીડાઇને કરમાઇ જાય! તમારા કુહાડા, બાણભાથાં, ધનુષ્ય વગેરે જોઇને મેં જે વાજબી હતું તે કહ્યું; પણ સાથે તમે બ્રાહ્મણીયા જનોઇ પણ ધારણ કરી છે, માટે જ હે પરશુરામ! તમે જે બોલો છો તે હું શાન્તિથી રીસ નહિ ચડાવતાં સાંભળું છું. અમારા (ક્ષત્રિય) કુળના રિવાજ પ્રમાણે

× જનક રાજાએ ધનુષ્ય ઉપાડવાની શરત કરી હતી, પણ રામચંદ્રજીએ તો તેને તોડી નાખ્યું હતું. લક્ષ્મણજીએ તેના ખુલાસારૂપે પૌરાણિક ભાવના રજુ કરતાં કહ્યું છે કે, તે સડેલું હતું, અને શ્રીરામચંદ્રજીના પવિત્ર તીર્થ જેવા હાથોનો સ્પર્શ થતાં, તે તેમાં લય પામી ગયું. તીર્થમાં જેમ પાપનો નાશ થાય છે, તેમ રામનો હાથ અડકતાં તે પાપી ધનુષ્ય તૂટીને નાશ પામી ગયું. એ ધનુષ્યથી પરશુરામે પોતાની માતાનું મસ્તક કાપ્યું હતું. શિવજીએ પરમ ધાર્મિક ત્રિપુરાસુરને તેના વડે માર્યો હતો. પરશુરામે એકવીસ વખત તેનાથી પૃથ્વીને નક્ષત્રી કરી હતી. આ બધી હત્યાઓનાં પાપ તે ધનુષ્યમાં હતાં, જેથી પાપના પુંજ (ઢગલા) રૂપ તે ધનુષ્ય રામનો તીર્થરૂપ હાથ લાગતાંજ ભાંગી ગયું!

અમે દેવતા, બ્રાહ્મણ, ભક્તજન અને ગાય ઉપર શૂરવીરતા બતાવતા નથી. કારણ કે તેને હરાવવાથી અમારી અપકીર્તિ થાય, અને જો તેને મારી નાખીએ તો પાપ બેસે. બ્રાહ્મણ તરીકે તમે અમને મારો તોય અમે તમારે પગેજ પડીએ; (મજાકમાં!) પણ હે પરશુરામજી! તમારી જીભજ કરોડો કુહાડા જેવી છે, છતાં તમે આ ધનુષ્ય બાણ ને કુહાડો ધારણ કરીને, આટલો બધો ભાર શું કામ નકામો ધારણ કરો છો? એ શસ્ત્રો જોઇને મારાથી કાંઇક અનુચિત બોલાઈ ગયું હશે, પણ તે તમે ક્ષત્રિય છો એમ ધારીને!

પરશુરામજી—(આ મેણાંટોણાંથી બળીજળીને વિશ્વામિત્ર કૌશિક ઋષિ તરફ ફરીને કહેવા લાગ્યા કે) હે ઋષિ! આ બાળક મંદમતિ લાગે છે! તે બહુ કુટીલ છે, તેનું મોત આવ્યું લાગે છે. દશરથ રાજાના ભાનુકુળમાં તે કલંકસમાન છે. તે બિલકુલ નફ્ટ, અંકુશ વગરનો, બુદ્ધિહીન અને ફાટેલા મિજાજનો લાગે છે. તે ઘડીકમાં કાળનો કોળિયો થઇ જશે, એ તમે નક્કી કરી માનજો. જો તમે તેને બચાવવા માગતા હો તો, તમે તેને મારાં બળપ્રતાપ તથા ક્રોધની માહિતી આપો!

લક્ષ્મણજી—(મજાકમાં ઉડાવતાં ટાણો મારીને કહેવા લાગ્યા) અહો મુનિ! તમારા સુયશની વાત તમે બેઠા બીજાને કહેવાની કયાં જરૂર રહે એમ છે? તમે તમારે મોઢેથીજ અનેક વાર બહુ બહુ રીતે તમારી બડાઇ ગાઇ બતાવી છે! તેમ છતાં તમને જો હજુ સંતોષ ન થતો હોય તો હજુ જરા વધારે "સ્વમુખે સ્વગુણાનુવાદ" કરો! નકામા રીસ ચઢાવીને મનમાં દુઃખ સહન ન કરો! તમે તો મોટા વીર ને ધીર પુરુષ છો, એટલે તમે નકામી ગાળો દો છો તે શોભતું નથી. શૂરવીર માણસ પોતાના પરાક્રમની વાતો પોતાને મોઢેથી કહેતો નથી અને દુશ્મન સામે ઉભો હોય છતાં બકવાદ કર્યા કરવો એ તો કાયરનું કામ છે. તમને કાળજ અહીં બોલાવી લાવ્યો લાગે છે, એટલેજ તમે મારી સામે આમ ગમે તેમ બોલ્યા કરો છો.

પરશુરામજી—(લક્ષ્મણજીનાં કઠોર વચન અને આહ્વાન આપનારાં મેણાં ટોણાં સાંભળીને લાલચોળ થઇ ગયા અને ભયંકર બનેલી ભુજામાં કુહાડો લઇને કહેવા લાગ્યા કે,) બસ, હવે મને કોઇ દોષ દેશો નહિ. કારણ કે કડવાં વચન બોલનારો બાળક વધ કરવાને—મારી નાખવાનેજ યોગ્ય છે. તને બાળક જાણીને મેં બહુ સાંભળી લીધો, પણ હવે તો તારૂં મોતજ આવ્યું છે.

વિશ્વામિત્ર—(વચ્ચે બોલી ઉઠયા કે,) હે મુનિ! તમે અપરાધ ક્ષમા કરો, તમે સાધુ પુરુષ છો, અને બાળકના ગુણદોષ ધ્યાનમાં ન લેવા એ સાધુનો ધર્મ છે.

પરશુરામજી—મને ગુસ્સો વ્યાપ્યો છે, અને મારા હાથમાં

પરશુ છે, સામે મારો ગુરુદ્રોહી અપરાધી ઉભો છે. મને જવાબ આપે તો તેને માર્યા વગર છોડું નહિ; પણ હે વિશ્વામિત્ર કૌશિક! તમારી શીલતા ને શાંતિને ખાતર હું તેને જવા દઉં છું; નહિતર હમણાંજ થોડી મહેનતે આ કુહાડેથી તેને મારીને મારા ગુરુના ઋણમાંથી મુક્ત થઇ જાઉં!

વિશ્વામિત્ર—(મનમાં હસીને કહેવા લાગ્યા કે) આ મુનિને સત્પુરુષ દુશ્મન જેવા લાગે છે; અને જેણે સડેલાં લાકડાંની માફક જબરજસ્ત શિવધનુષ્યના ટુકડા કરી નાખ્યા, તેના પ્રભાવને પણ આ મૂર્ખ જાણી શકતો નથી!

લક્ષ્મણજી—(વધારે ચીડવવાની ખાતર વ્યંગમાં બોલ્યા કે,) ઓહો મુનિ! શું તમારૂં શીલ અને શું તમારૂં ચારિત્ર્ય! જગતમાં તે કોઈનાથી કયાં અજાણ્યું છે? તમે માબાપના ઋણમાંથી તો (બાપના હુકમથી માને મારીને) મુક્ત થઇ ગયા છો; પણ હજુ શિવ-ગુરુના ઋણમાંથી મુકત થયા નથી, તેથી તમારો જીવ બહુ મુંઝાતો હશે! આ ઋણને ઘણા દિવસ થવાથી તેની ઉપર વ્યાજ પણ બહુ ચઢી ગયું હશે, એટલે મારી મારફત એ ઋણ ચૂકવવાનો તમારો વિચાર જણાય છે! ત્યારે તો હવે વ્યવહારૂ વાણીમાં કહું તો મારે તમને કોથળી છોડીને નાણાં આપવાં પડશે!

લક્ષ્મણજીએ બીજી વખત લડવાનું ચેલેન્જ આપ્યું! આ કડવાં વચન સાંભળીને પરશુરામજીએ એકદમ પોતાનો કુહાડો ઉઠાવ્યો, અને ત્યાં મળેલા લોકોમાં હાહાકાર થઇ ગયો!

લક્ષ્મણજી (પણ તપી ગયા અને કહેવા લાગ્યા કે)—હે ભૃગુવર પરશુરામજી! તમે મને તમારો કુહાડો દેખાડો છો, પણ રાજદ્રોહી હોવા છતાં બ્રાહ્મણ જાણીને હું તમને બચાવું છું. તમે આજસુધી દેવતા અને બ્રાહ્મણ તરીકે ઘણી ધામધૂમ કરી છે, પણ તમને ઘેરા રણજંગમાં હજુ કોઈ સુભટ-બળવાન શૂરવીરનો ભેટો થયો નથી લાગતો—શેરને માથે સવાશેર મળ્યો નથી લાગતો!

(૩)
રામચંદ્રજી વચ્ચે પડયા.

આ પ્રમાણે મામલો બહુજ બહેકી ગયો, અને "આ ઠીક નથી થતું—આ ઠીક નથી થતું" એમ લોકો પોકારવા લાગ્યા; એટલે લક્ષ્મણજીને બાજુએ ખસેડીને શ્રીરામચંદ્રજી વચ્ચે પડયા. પરશુરામજીના ક્રોધાગ્નિમાં લક્ષ્મણજીના કટાક્ષમય માર્મિક જવાબો ઘીની આહુતિ જેવા થઇ પડતાં ભડકો વધુ થતો જોઇ શ્રીરામચંદ્રજી ઘણી શાંતિથી જળની વૃષ્ટિ જેવા મધુર શબ્દો બોલવા લાગ્યા.

રામચંદ્રજી—હે નાથ! એ તો બાળક છે, હજુ તો તેના મોઢામાં દાંતે દુધિયા છે, માટે તેની ઉપર કૃપા કરો. જો તે આપનો

પ્રભાવ જાણતો હોત તો આપની સામે આવો વાદવિવાદ કરે ખરો? જો બાળક કાંઇ ગેરવાજબી કરે તોપણ ગુરુ, માતા અને પિતા તો રીસ નહિ ચડાવતાં મનમાં હસીનેજ મોજ માને. તમે તો ક્ષમાવાળા, ધૈર્યવાન અને જ્ઞાની છો; માટે તેને બાળક અને સેવક જાણી માફ કરો.

રામચંદ્રજીનાં શીતળ વચનથી પરશુરામજીનો ક્રોધ જરાતરા શાંત થયો, પણ ત્યાં લક્ષ્મણજીએ કંઇ ધીમે સાદે મશ્કરી કરી અને તેઓ હસી પડયા! આ જોઇને વળી પાછો પરશુરામજીનો પિત્તો ઉછળ્યો, અને તેમના ગુસ્સાનો પાર ન રહ્યો

પરશુરામજી—હે રામ! આ તારો ભાઇ મહા પાપી છે; તેનું શરીર ગોરૂં છે, પણ તેનું મન તો કાળું મસ છે. તેનું મોઢું દુધિયા દાંતવાળું નથી, પણ તે મોતને બોલાવતું જણાય છે. તમે તો સારા છો, પણ એ તો ટેડો મિજાજી છે, અને હું તેને ઘડીકમાં મારી નાખીશ, એ પણ તે મૂર્ખો સમજતો નથી!

લક્ષ્મણજી—(વળી પાછા હસીને કહેવા લાગ્યા કે,) હે મુનિ! ક્રોધ એ પાપનું મૂળ છે, તેને વશ થનારા લોકો અનુચિત કર્મો કરે છે, અને ગુસ્સાવાળાઓ દુનિયાની રીતથી ઉલટા ચાલે છે. હે મુનિરાજ! હું તમારો દાસ છું, માટે હવે ક્રોધ તજીને મારી ઉપર દયા કરો. (વળી મશ્કરીમાં) જુઓને! જાણે કે આ ધનુષ્ય ભાંગ્યું છે, એ તો હવે કાંઇ તમે ગમે તેટલો ગુસ્સો કરશો તોય સંધાશે નહિ. આપ આસને બિરાજો, નકામા તમારા પગ દુઃખતા હશે! તેમ છતાં તમને એ ધનુષ્ય બહુ પ્રિય હોય તો કોઇ ગુણી-(કારીગર અથવા સાયન્ટિસ્ટ) ને બોલાવીને તેનો ઉપાય કરો!

લક્ષ્મણજી આ પ્રમાણે ટેડાઇથી વાત કરતા હતા, જેથી જનક રાજા પણ મનમાં ડરવા લાગ્યા, અને ઇશારેથી વધારે મજાક નહિ કરવાનું જણાવવા લાગ્યા. લોકો તો બિચારા થરથર કંપતા હતા, અને મનમાં કહેતા હતા કે, આ નાનો રાજકુમાર તો ભારે કરે છે!

ક્રોધથી માણસ પોતાના શરીરનેજ બાળે છે, અને તેથી તેનીજ શક્તિઓનો નાશ થાય છે. પરશુરામજી પણ લક્ષ્મણજીની નીડરતા અને નિર્ભય વાણીને લીધે ગુસ્સામાં બળ્યા કરતા હતા, અને તેથી સ્વાભાવિક રીતે તેમનું પોતાનુંજ બળ ક્ષીણ થતું જતું હતું; તેમ છતાં તેમનો ગુસ્સો માતો નહોતો!

પરશુરામજી—હે રામ! બસ, હવે બહુ થઇ; તારા ભાઇને બચાવવો હોય તો બચાવ. તે મલિન મનનો છે. ગોરૂં શરીર હોય છતાં મન મેલું હોય તો, એ તો ઝેરથી ભરેલા સોનાના ઘડા જેવું ગણાય!

આ સાંભળીને વળી પાછા લક્ષ્મણજી હસી પડયા. કારણ કે ઉપરનો દાખલો લક્ષ્મણજીના કરતાં પરશુરામને વધારે લાગુ પડતો હતો. પણ રામચંદ્રજીએ તરતજ લક્ષ્મણજી સામે આંખ કાઢી, તેથી મોટા ભાઇના માનની ખાતર લક્ષ્મણજી, ઉલટી વાણી બોલવાનું છોડીને, જ્યાં ગુરુ વિશ્વામિત્ર બેઠા હતા ત્યાં ચાલ્યા ગયા. અને આ પ્રમાણે લક્ષ્મણજી સાથેનો આશ્ચર્યજનક સંવાદનો મોટો ભાગ પૂરો થયો.

શ્રીરામચંદ્રજી સાથે ટપાટપી

શ્રીરામચંદ્રજી—(બે હાથ જોડીને ઘણુંજ શાંત અને શીતળ વચનથી કહેવા લાગ્યા કે) હે નાથ! તમે સહજ સુજાણ છો; માટે તમારે બાળકનાં વચન કાને (મનમાં) લેવાં જોઇએ નહિ. ઝેરી જાનવરો અને બાળકો સરખાંજ હોય છે. તેઓ સાધુ અને શયતાન વચ્ચે કાંઇ ફરક સમજતાં નથી. વળી હે નાથ! એણે (લક્ષ્મણજીએ) તમારૂં કોઇ કાર્ય બગાડયું નથી. તમારો ખરો અપરાધી (ધનુષ્ય તોડનાર) તો હું છું; માટે ક્રોધ કરવો હોય તો મારી ઉપર કરો, અને હત્યા કરવી હોય તોપણ કૃપા કરીને મારી કરો. હે મુનિનાયક! તમારો ગુસ્સો ઉતરે એવો ઉપાય બતાવો તો, આ સેવક કહો તે કરવા તૈયાર છે.

પરશુરામજી—હે રામ! તમેજ કહોને કે મારો ગુસ્સો તે કેમ શાંત થાય? તમારો ભાઇ તો હજુ મારી સામે તાકીને જોઇ રહ્યો છે! તેના ગળામાં મારો કુહાડો ન મારૂં તો મારો ગુસ્સો પણ શું કામનો? મારા કુહાડાનો ઘોર નાદ સાંભળીને ભલભલી રાજાની રાણીઓના પણ ગર્ભ સ્ત્રવી જાય છે; પણ મારો કુહાડો હાથમાં હોવા છતાં, પેલો રાજકુમાર હજુ જીવતો બેઠો છે, તેથી રીસમાં મારી છાતી બળી જાય છે, અને ગળું રૂંધાઇ જાય છે! અરે, આજે મારો દી' વાંકો બેઠો છે, નહિતર મારો સ્વભાવ એમ કેમ ફરી જાય, અને મારા મનમાં વળી દયા શેની આવે?

લક્ષ્મણજી (વળી પાછા ટહુકો કરીને બોલી ઉઠયા કે,)—અહોહો આજે તો આપને બહુ દુઃખ થતું હશે! આપ તો દયા અને કૃપાની મૂર્તિ છો, અને બોલો છો ત્યાં તો જાણે ફૂલ ઝરે છે, ને પુષ્પની વૃષ્ટિ થાય છે! જો તમને દયા આવવાથી આપનાં બધાં ગાત્ર બળતાં હોય, તો પછી જ્યારે તમને ગુસ્સો આવે ત્યારે પ્રભુ તમારા શરીરને બચાવે!

પરશુરામજી—જો જનક! આ બાળક ઘણો હઠીલો લાગે છે, અને તેનું આજે મોત આવ્યું લાગે છે. એને નાનાંમોટાંનો વિવેક નથી. માટે તારે તેને જમપુરીમાં જવા દેવો ન હોય, તો તેને મારી આંખ આગળથી દૂર કર!

લક્ષ્મણજી—(બળતામાં ઘી હોમવા હસીને બોલ્યા કે) અરે પરશુરામજી! તમે મને આંખથી દૂર કરવાનું શાને માટે કહો છો? તમે તમારી આંખોજ બંધ કરો ને? એટલે પછી તમે કોઇને દેખશો નહિ!

પરશુરામજી—(લક્ષ્મણ જેવા નીડર, હાજરજવાબીને કાંઇ ઉત્તર આપી શકયા નહિ, એટલે રામ તરફ ફરીને બોલ્યા અને ક્રોધના આવેશમાં તેમને ઉઘડા લઇને કહેવા લાગ્યા કે,) જો રામ! તું પણ ભારે શઠ લાગે છે! તારો ભાઈ મને કડવાં વચનો કહે છે અને તું દાંભિક વિનય કરીને, બે હાથ જોડી મીઠાં મીઠાં વચનો વડે છળ કરીને મને છેતરે છે! ચાલ, આવ, મારી સાથે લડાઇ કર; નહિતર તેં જે રામનામ ધારણ કર્યું છે, તે છોડી દે! તું શિવનો દ્રોહી છે, માટે છળ છોડીને મારી સાથે લડ, નહિતર તને અને તારા ભાઇને મારી નાખીશ.

(૪)

આમ મિજાજ જોઇને, પરશુરામજીએ લક્ષ્મણને છોડી રામચંદ્ર સાથે ટપાટપી કરવા માંડી! બસ, તેમણે તો ગુસ્સામાં પોતાનો કુહાડો ઉગામ્યો, એટલે રામચંદ્રજીએ હસીને પોતાનું માથું નીચું નમાવ્યું. લક્ષ્મણજીને બદલે તમને મારી ઉપર ગુસ્સો આવ્યો હશે, અને જગતનો એ કાયદો છે કે, બીજના વાંકાટેડા ચંદ્રને રાહુ નડતો નથી, પણ પૂનમના શાંત ચંદ્રને ગ્રહણ નડે છે. માટે હે ગુસાંઇ! આપની રીસ કોઇ રીતે ઉતરતી હોય તો આપને જે યોગ્ય લાગે તે કરો. તમારા પરશુ આગળ મારૂં આ મસ્તક તૈયાર છે! હે વિપ્રવર! પ્રભુ અને સેવકની વચ્ચે તે વળી કાંઇ લડાઈ હોય ખરી? તમારો વિચિત્ર વેશ જોઇને લક્ષ્મણજીએ કાંઈ કહ્યું, તેમાં એ બાળકને શું દોષ દેવો? તમને કુહાડો, બાણ તથા ધનુષ્ય સાથે જોયા, તેથી તમે કોઇ ક્ષત્રિય હશો એમ ધારીને એ છોકરાને ગુસ્સો આવ્યો. તમારા નામથી તેણે તમને ઓળખ્યા નહિ, એટલે તમને ક્ષત્રિય ધારીને અમારા કુળની રીત પ્રમાણે (નીડરતાથી) તેણે જવાબ દીધા. જો તમે યથાર્થ ઋષિ-મુનિના વેશમાં આવ્યા હોત, તો જરૂર તે બાળક આપના પગની રજ પોતાને માથે ચઢાવત. તે અજાણ્યો હોવાથી તેની ભૂલ માફ કરો. બ્રાહ્મણના હૃદયમાં તો દયાજ જોઇએ. અમારી ને તમારી બરોબરી કયાંથી થાય? કયાં માથું અને કયાં પગ? જુઓને! મારૂં નામ તો ફકત 'રામ' છે, જયારે આપનું નામ તો 'પરશુરામ' છે. હે દેવ! અમારા ક્ષત્રિયમાં તો માત્ર એક ધનુષનો (શૂરવીરતાનો)જ ગુણ છે, પણ તમારામાં તો નવ ગુણ છે. (બ્રાહ્મણોમાં નમ્રતા, તપ, સંતોષ, ક્ષમા, શીલ, ઇંદ્રિયદમન, જ્ઞાન, દાન અને દયા એ નવ

ગુણો હોવા જોઇએ, એમ ધર્મશાસ્ત્ર કહે છેઃ આજે આવા બ્રાહ્મણો કેટલા હશે ?!) માટે હે વિપ્રવર! તમે અમારો અપરાધ ક્ષમા કરો. અમે તો તમારાથી સર્વ રીતે હારેલા છીએ.

શ્રીરામે આ પ્રમાણે ઘણાજ નમ્રભાવે પરશુરામજીને સંતોષ આપવા માંડયો; પણ તેમાં તેઓ પરશુરામને વારંવાર વિપ્ર-બ્રાહ્મણ કહેતા હતા, તેથી વળી પાછો તેમને ચટકો લાગ્યો!

પરશુરામજી—(ગુસ્સે થઇને રામને) જા, બસ, તું પણ તારા ભાઇ જેવો વાંકો છે! નફટ! તું મને બ્રાહ્મણ બ્રાહ્મણ કહ્યા કરે છે, પણ હું કેવો બ્રાહ્મણ છું તે, હું તને હમણાંજ કહું છું! જો, બ્રાહ્મણો અગ્નિહોત્રી હોય છે, તો મારો અગ્નિહોત્ર શું છે, તે સાંભળ! મારૂં ધનુષ્ય, એ ઘી હોમવાનો સ્રુવ છે, અને બાણ એ આહુતિ છે. મારો ક્રોધ એ યજ્ઞનો અગ્નિ છે, ચતુરંગ સેનાનાં લાકડાં હું તેમાં હોમું છું, રાજામહારાજા એ મારા યજ્ઞ માટેનાં બલિદાનમાં દેવાનાં પશુઓ છે, અને તેને મારા આ કુહાડાથી કાપીને, મેં ઘણાએ સમર (યુદ્ધ) યજ્ઞ કર્યા છે. હે મૂર્ખા! તને મારા પ્રભાવની ખબર નથી, તેથીજ તું મને બ્રાહ્મણ બ્રાહ્મણ કહ્યા કરે છે! તેં આ ધનુષ્ય તોડયું છે, તેથી તારા મગજમાં બહુ રાઈ ચઢી છે! જાણે જગત જીતી લીધું હોય એવું તને અભિમાન આવી ગયું છે!

રામચંદ્રજી—(ઠંડે કલેજે કહેવા લાગ્યા કે,) હે મુનિ! તમે જરા વિચાર કરો. મારી ભૂલ બહુ નાની છે; પણ તમને ગુસ્સો બહુ ભારી ચઢયો છે. આ જરીપુરાણું ધનુષ્ય હાથ અડકાડતાંજ તૂટી ગયું તેમાં મારે અભિમાન કરવા જેવું શું છે? હે ભૃગુનાથ પરશુરામજી! જો અમારે અભિમાનજ બતાવવું હોય તો આ દુનિયામાં એવો કોઇ સુભટ, ભડવીર નથી કે જેની પાસે અમે માથું નમાવીએ. દેવ હોય, રાક્ષસ હોય, રાજા હોય કે લડવૈયો હોય, અને તે સમાન બળવાળો હોય કે વધુ બળવાળો હોય, છતાં જો તે અમને ચેલેન્જ-આહ્વાન આપે તો, ભલેને તે કાળ કે યમરાજા હોય તોપણ અમે તેની સાથે લડયા વગર રહીએ નહિ. ક્ષત્રિયશરીર ધારણ કરવા છતાં જે લડાઇથી સંકોચાય કે ડરે, તે પામર અને કુળને કલંક લગાડનારો છે. મારાં કુળની આત્મશ્રદ્ધાની ખાતર નહિ, પણ હું ખરૂંજ કહું છું કે, રઘુવંશનો કુમાર રણજંગમાં કાળથી પણ ડરતો નથી. તેમ છતાં હે મુનિ! બ્રાહ્મણવંશની એ પ્રભુતા છે કે, જેઓ અભય-નીડર હોય તે પણ તમારાથી ડરે છે, યાને મરણીયા ક્ષત્રિયો પણ હમેશાં પૂજ્ય બ્રાહ્મણોથી બીતા રહે છે.


જ્ઞાનચક્ષુ ઉઘડયાં.

લક્ષ્મણજીએ કાંઇક કડવી, છતાં રસિક તથા માર્મિક ભાષામાં જે વચનો સંભળાવ્યાં હતાં તેજ ભાવ શ્રીરામચંદ્રજીએ મીઠી,

મધુરી તથા શાંત વાણીમાં કહી સંભળાવ્યો, જેથી પરશુરામજીનાં જ્ઞાનચક્ષુ ઉઘડી ગયાં. ક્રોધથી તેમનામાં જે ક્ષાત્રતેજ હતું તે હરાઈ ગયું હતું. અને અવતારરૂપ ગણાતા શ્રીરામના શાંત તેમજ ગૂઢ મર્મવાળા બોધક શબ્દો સાંભળવાથી તેમના હૃદયમાં બ્રાહ્મણ-ગુણ પ્રગટયો, અને તેમનાં હૃદયચક્ષુ અને જ્ઞાનચક્ષુ ખુલતાં, તેઓ શ્રીરામનો શું પ્રભાવ છે તે જાણી શકયા. તેમણે તેથી રામચંદ્રજીને ધનુષ્ય ધારણ કરવાનું કહ્યું, અને શ્રીરામના અતુલિત પ્રભાવથી પરશુરામના મનમાં જે થોડો ઘણો વિસ્મય હતો તે પણ દૂર થયો. તેમનાં ગાત્રો પ્રેમથી પ્રફુલ્લિત થઈ ગયાં અને બે હાથ જોડી, શ્રીરામની સ્તુતિ કરીને પરશુરામજી વન વિષે સીધાવી ગયા. તેમનું તેજ શ્રીરામચંદ્રજીમાં લીન થઈ ગયું.

પરશુરામજીનું આખું જીવન ઘણી ઘણી અદ્દભુત વાતોથી ભરપૂર છે, પણ તેમાં કેટલીક વહેમી વાતો પણ હોવાથી માત્ર ઉપર-નો રસિક, બોધક તેમજ દિલને આનંદ આપનારો સંવાદજ વાચકવર્ગ પાસે રજુ કરી, 'આર્યપ્રકાશ'નાં ખાસ આકર્ષણ તરીકે 'રામાયણ–મહાભારત'નાં રત્નો રજુ કરવાની જે જાહેરાત કરવામાં આવી હતી, તેને અનુસરીને, ઈશ્વરેચ્છા હશે તો બીજા વિષયો હું હવે પછી રજુ કરીશ. ઇત્યોમ્.

(તા. ૩, ૧૦, ૧૭ તથા ૨૪મી જુલાઇ–૧૯૩૨ના "આર્યપ્રકાશ"માંથી)



૨૮–રાત્રિની અદ્‌ભુત સમૃદ્ધિ

(લેખકઃ–શ્રી. દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર)

(૧)

કુદરતનાં રમણીય અને ભવ્ય દૃશ્યો જોવા માટે આપણે દૂર-દૂરની મુસાફરી કરીએ છીએ. કોઇ કોઇ વાર એ રસ આપણી પાસે જીવનાં જોખમો પણ ખેડાવે છે; પણ જ્યાં છીએ ત્યાંજ આપણી પૃથ્વી કરતાં અનંતગણી તેજસ્વી સૃષ્ટિ આપણે માથે ચળકતી છતાં એના સૌંદર્ય તરફ નિહાળવાની ઘણાખરાની બુદ્ધિ પણ થતી નથી, એ કેટલું આશ્ચર્ય ! કોહિનૂર જેવા હીરા પોતાની પાસે રાખવા માટે રાજાઓ કેટલા લડયા છે, લક્ષ્મીપુત્રોએ કેટલાં કાવતરાં કર્યાં છે ! પણ પૃથ્વીના કોઇ પણ રત્ન કરતાં જેમની કાન્તિ હજારગણી વધારે છે એવા આકાશના તારા પોતાના કરવા આપણે જરા સરખી તસ્દી નથી લેતા એ કેટલું આશ્ચર્ય ! જહાજમાં બેઠાં આપણા પગ તળેના સાગરનું ગાંભીર્ય ધ્યાનમાં આણી આપણે ગંભીર થઇ જઇએ છીએ, અને આપણને ગૂઢાતિગૂઢ વિચાર આવે છે. કોઇ પણ મહાસાગરની ઊંડાઇ જેની આગળ ગોષ્પદ સમાન પણ ન ગણાય, એવા અનંત ગંભીર આકાશને માથા પર વિસ્તરેલું જોવા છતાં માણસ છીછરો ને છીછરોજ રહી જાય છે એ કેટલું આશ્ચર્ય !

પ્રાચીનકાળમાં તારાઓનું આપણને જ્ઞાન હતું, એના કરતાં હજારગણું જ્ઞાન છેલ્લાં સો વરસમાં આપણે મેળવ્યું છે; પણ પ્રાચીન કવિઓએ તારાઓ વિષે જેટલું કાવ્ય લખ્યું છે તેનો હજારમો ભાગ પણ આજના કવિઓને સ્ફૂર્યો નથી એ કેટલું આશ્ચર્ય છે !

અથવા આશ્ચર્ય શાનું ? માણસની કલ્પનાનાં સર્વોચ્ચ ઉડ્ડયનો જ્યાં થાકી જાય ત્યાં તારાસૃષ્ટિની પ્રથમ ઝાંખી શરૂ થાય છે. માણસની કલ્પનાશક્તિ કરતાં તારાઓનું વાસ્તવિક રહસ્ય દરેક રીતે ઊંડું છે. વિશ્વરૂપદર્શનથી અર્જુન જેટલો અસ્વસ્થ થયો એના કરતાં અધિક અસ્વસ્થ થવાનું કારણ ચૂપચાપ સળગતા રાતના તારા આપણને આપી રહ્યા છે. જ્યાંસુધી આપણે તારાઓના વિસ્તારની શોધ કરી ન હતી ત્યાં સુધી આપણને 'અનંત' શબ્દનો ખ્યાલજ ન હતો. આકાશનું ઉંડાણ, તેમજ મનુષ્યહૃદયનું ઉંડાણ કાળના ઉંડાણ જેટલુંજ અનંત છે, એનો દરરોજ નવોનવો સાક્ષાત્કાર થતો જાય છે. અને આજના જ્ઞાન કરતાં આવતી કાલનું જ્ઞાન એકાએક હજારગણું વધતાં છતાં આપણે હજી એ જ્ઞાનસાગરના કિનારા પરજ છીએ, એમ કહેવું પડે છે. અને અંતે પ્રતીત થાય છે કે, અનંતની કલ્પના કરવા માટે પણ જ્ઞાનની આ: શોધ અનંત·

કાળ સુધી ચલાવવી જોઇશે.

પ્રકાશની ગતિ એક સેકંડે એક લાખ, છાશી હજાર, ચારસો વીસ માઇલની છે. મુંબઈથી ન્યૂયૉર્કનું અંતર જેમ આપણે ઈંચ, આંગળ કે દોરાથી માપતા નથી, માઈલથી માપીએ છીએ, તેમ પ્રકાશની ગતિનો વિચાર કરતી વખતે નાનામાં નાનો એકાંક (યુનિટ) માઇલનો ન ગણાતાં ઉપર બતાવેલી ગતિએ પ્રકાશ એક વર્ષ સુધી એટલે કે ત્રણ કરોડ અગીઆર લાખ, ચાર હજાર સેકંડ સુધી દોડીને જેટલું અંતર કાપે તેટલા માઇલનો ગણાય છે. આ ૫,૭૯,૮૪૦ કરોડ માઈલનું અંતર એ તારાઓનું અંતર માપવાનો એક હાથ છે. આ અંતરને તારાજ્યોતિષમાં 'તેજોવત્સર' કહે છે. આકાશના મુખ્યમુખ્ય તારા આપણે ત્યાંથી કેટલા દૂર છે, એ ખગોળશાસ્ત્રીઓ માપી શક્યા છે. દક્ષિણ તરફના જય-વિજય તારા તો આપણે માટે નજીકમાં નજીકના ગણાય. એ કેવળ ૪૩ તેજોવત્સર દૂર છે; જ્યારે આજકાલ સવારે પૂર્વ તરફ પૂરજોશમાં ઉગનાર સ્વાતિનું અંતર ૧૩૬ તેજોવત્સર છે.

એનો અર્થ એ થયો કે, સવારે ઉઠતાંવેંત સ્વાતિનો જે તાજગી-ભર્યો પ્રકાશ આપણને મળે છે તેને સ્વાતિથી નીકળ્યે ૧૩૬ વરસ થયાં છે. સ્વાતિનો ફોટો લઇ જો એમાંથી ત્યાંની કંઇ માહિતી મળી શકતી હોય તો તે નાના ફડનવીસના વખતની અથવા ફ્રાન્સના વિપ્લવના વખતની માહિતી ગણાય.

રાત્રે ઉત્તર તરફ આપણે ધ્રુવને જોઇએ છીએ. એ પ્રકાશ ૬૫ વરસનો વાસી છે એટલે કે આજે રાત્રે જે પ્રકાશને ધ્રુવ તરીકે આપણે ઓળખીએ છીએ તે ગાંધીજીના જન્મના અરસામાં ત્યાંથી નીકળ્યો હતો, અને દર સેકંડે ૧,૮૬,૪૨૦ માઇલને પ્રચંડ વેગે દોડતો અહીં આવી પહોંચ્યો છે. તારાઓનો પ્રકાશ ઝબૂકઝબૂક થાય છે તે અમસ્થો નહિ!

તારાઓના પ્રકાશમાં જો તારાઓ પરનું આખું દશ્ય આપણે જોઇ શકતા હોઇએ તો આપણને સેંકડો, હજારો અને લાખો વરસનો જૂનો ઇતિહાસ પ્રત્યક્ષ–આપણી નજર આગળ ભજવાતો જોઇશું. પૃથ્વીનું તેજ પણ બીજા ગ્રહ કે તારા પર ચંદ્રની પેઠે દેખાતું હોય અને ત્યાંના લોકો એ પ્રકાશમાં અહીંનો આખો ઇતિ-હાસ જોઈ શકતા હોય તો આપણો જૂનો ઇતિહાસ પણ આજે પ્રત્યક્ષ ભજવાતો એમને દૃષ્ટિગોચર થવો જોઇએ.

આવા અદ્દભુત પ્રકાશની લીલા રોજ ને રોજ આપણને જોવા મળે છે, તો તેને વિષે આપણે સહેજસાજ જાણી લઇએ તો નિર્દોષ આનંદ મેળવવા ઉપરાંત આપણે ઈશ્વરને જાણી શકતા નથી, એ ભાન પણ તાજું કરી શકીએ અને આપણા જીવનવ્યવહારમાં

નમ્રતા અને ઉદારતા આણી શકીએ. શિયાળાના દિવસોમાં રાત્રે આઠ વાગે અને સવારે ચારપાંચ વાગે જ્યારે વ્યવહારનાં કામમાંથી આપણે મુક્ત હોઇએ છીએ ત્યારે જો આકાશ તરફ જોઇશું તો આપણને જાતજાતના પૃથ્વી પર જેની કલ્પના ન થાય એવા આનંદો મળશે. દર પખવાડિયે એવો આનંદ લૂંટવાને વાચકોને આમંત્રીએ છીએ.

(૨)

અંધારી રાત્રિએ જ્યારે બધાજ તારા પ્રગટ થયેલા હોય છે ત્યારે આકાશ વધારે ઉંડું લાગે છે અને એની શોભા કાંઇક ઓરજ હોય છે. આજકાલ સાંજે ચાંદરણું હોય છે તેથી આકાશના નાના-નાના તારા ચળાઇ જાય છે. મોટામોટા ધીકતા તારા હોય તેટલાજ દેખાય છે. એક રીતે એ સારૂં છે. તારાની સમૃદ્ધિમાં શિખાઉ માણસ મુંઝાઇ જાય છે. ચાંદરણાએ ગાળી કાઢેલા મુખ્ય મુખ્ય તારાઓ ઓળખવા સહેલા. આપણે રાત્રે સાડાસાત આઠ વાગ્યે આકાશ નિહાળીશું. ખરૂં જોતાં પૂર્વ દિશા તરફ નવાનવા તારાઓનું સરઘસ આવતું જોવાનો આનંદ વિશેષ હોય છે, પણ પ્રથમ પશ્ચિમ તરફ જરાક નજર નાખીએ તો ઠીક. કેમકે ત્યાં શુક્ર અને શનિ બન્ને આથમવાની તૈયારી કરી રહ્યા છે. આપણે જરાક મોડા પડયા તો બન્ને જણા પશ્ચિમ ક્ષિતિજમાં ડૂબી જવાના. શનિનું આખું નામ શનશ્ચર છે; કેમકે એ બહુ ધીમો ચાલે છે. એને સૂરજની આસપાસ એક પ્રદક્ષિણા પૂરી કરતાં આપણાં ઓગણત્રીસ વર્ષ જોઇએ છે. થોડાક દિવસ પહેલાં શુક્ર શનિથી બહુ દૂર નીચે હતો, પણ એ ઉતાવળે ચડતોચડતો શનિની નજીક આવવા લાગ્યો છે. શુક્રશનિ ચળકે છે ખૂબ, પણ એ કાંઇ તારા નથી. એ સૂરજની આસપાસ ફરનારા ગ્રહો છે. ગ્રહો તારાની પેઠે ઝબૂકતા નથી, પણ આથમતી વખતે કે ઊગતી વખતે વાતાવરણની અસરને લીધે ઝબૂકતા હોય એવું લાગે છે. એજ કારણે શુક્ર આથમતી વખતે લાલ દેખાય છે—જાણે મોટો થયેલો મંગળ.

કોઇ પણ ક્ષણે જે આકાશ આપણને દેખાય છે તેજ આકાશ બીજે દિવસે એજ ઠેકાણે ચાર મિનિટ વહેલું આવે છે. જે તારો આજે આઠ વાગે ઉગે કે આથમે તે આવતી કાલે આઠમાં ચાર મિનિટ બાકી હોય ત્યારેજ ઉગતો કે આથમતો હોય. આટલી એક વસ્તુ ધ્યાનમાં રાખવાથી ઘણી વાતો એની મેળે સ્પષ્ટ થશે. આકાશના તારા રોજ પૂર્વમાં ઉગીને પશ્ચિમ તરફ આથમે છે, એ એમની ગતિ સાચી નથી. આપણી પૃથ્વી પશ્ચિમથી પૂર્વ તરફ ભમરડા માફક ફરે છે તેથી આખું આકાશ પૂર્વથી પશ્ચિમ તરફ જતું હોય એમ લાગે છે. છતાં આપણે તો આકાશની વાતો

કરતી વખતે આકાશની ગતિનો જે ભાસ થાય છે તે જાણે સાચો હોય એવી રીતે બોલીશું.

આજકાલ પશ્ચિમ તરફ શ્રવણ આથમતો જોવાની ખાસ ખુબી છે. શ્રવણ નક્ષત્ર નિતાન્ત સુંદર છે. આકાશગંગાને કાંઠે એના ત્રણ તારા એક લીટીમાં હોય છે. એમાં વચલો ચળકતો તારો તે પિતૃભક્ત શ્રવણ. એની બે બાજુ ઉપર બે તારા છે તે એનાં માતપિતા. કાવડ લઇને ગંગાને કિનારે આવ્યો ત્યાં દશરથનું બાણ એને વાગ્યું. એ ત્રણ તારાનેજ બાણ ગણીએ અને એ કઇ દિશા-એથી આવ્યું છે એ તપાસવા જો જમણી તરફ નજર ફેરવીએ તો બરાબર એ ત્રણ તારાની દિશામાં મોટો ચળકતો તારો દેખાશે; એનું નામ અભિજિત. અંગ્રેજીમાં અભિજિતને 'વેગા' કહે છે. ખરૂં જોતાં આપણે એને દશરથ કહેવો જોઇએ. દશરથના બાણથીજ શ્રવણ ગતપ્રાણ થયો હતો ને! શ્રવણને અંગ્રેજીમાં ઍાલ્ટેર કહે છે.

પશ્ચિમ તરફ જોવાનું છોડી દઇ આપણે જમણી બાજુ ઉત્તર તરફ વળીએ, ત્યાં ધ્રુવ દેખાશે. ધ્રુવ બરાબર ઉત્તર તરફ હંમેશ એ ને એજ ઠેકાણે હોય છે. નકશાની ચોપડીમાં અમદાવાદના કે તમારા ગામના જે અક્ષાંશ બતાવ્યા હોય તેટલાજ અંશ ધ્રુવનો તારો તમારા ક્ષિતિજથી ઉંચો હોય છે. અગાસી ઉપર એકાદ ગોળ મેજ જેવું કંઇ રાખી એના પૃષ્ઠભાગથી ધ્રુવ કેટલા અંશ ઉંચો છે એ માપી લેવું અને ગેઝીટિયરમાં આપણા સ્થાનના અક્ષાંશ કેટલા છે એ જોઇ લેવું; બંને બરાબર હોવાજ જોઇએ. ધ્રુવ જો સાંજે ન ઓળખી શકાય તો સવારે પાંચ વાગે ઉઠીને આપણે ધ્રુવના સમા-ચાર કાઢીશું. અત્યારે સાંજે તો ધ્રુવને માથે એક વાંકોચૂંકો 'એમ' પોતાના ટાંટિયા ફેલાવીને ઉભો છે એને જોઇશું. એના બન્ને ખભા સરખા ઊંચા નથી. એકાદ આરામખુરશી આપણે બાજુથી જોતા હોઈએ તેવો આ 'એમ' દેખાય છે. અંગ્રેજીમાં એ નક્ષત્રમંડળને 'કેસીઓપીઆ' કહે છે; અને 'લેડીઝ ચેર' પણ કહે છે. આપણે ત્યાં એને માટે જૂનું નામ નથી. એક મિત્ર કહે છે કે, ઉત્તરધ્રુવ તે શેષશાયી ભગવાન વિષ્ણુ અને 'કેસીઓપીઆ' તે લક્ષ્મી છે. બાળ-શાસ્ત્રી જાંભેકરે એનું નામ પાડયું શર્મિષ્ઠા. આપણે ત્યાં યયાતિ, શર્મિષ્ઠા અને દેવયાનીની વાર્તા છે; તેમ ગ્રીક પુરાણોમાં પર્સ્યુસ, એન્ડ્રોમીડા અને કેસીઓપીઆની વાર્તા છે; પણ કેસીઓપીઆને આપણે શર્મિષ્ઠા ન કહેતાં દેવયાની કહીએ તો શું ખોટું ? દેવોનું યાન-વાહન તે આ આરામખુરશી.

દેવયાનીને જોઇને આપણે પૂર્વ તરફ વળીશું; કેમકે ત્યાં મૃગ-નક્ષત્ર ઉગે છે. મૃગનક્ષત્ર ઓળખવાને જરા કલ્પનાશક્તિ વાપરવી જોઇએ. આકાશ જાણે કાચનો એક મોટો ઘુમ્મટ છે. એના ઉપર

એક હરણ દોડે છે. એના ચાર પગની ચાર ખરી આપણે નીચેથી જોઇ શકવાના. ખરીના ચાર તારા છે. મૃગ ઉત્તર તરફ દોડે છે. એના પેટમાં ત્રણ તારાનું એક બાણ છે. મૃગના ચાર પગમાંનો ઉત્તર તરફનો એટલે કે આગળનો જમણો પગ ઠીકઠીક ચળકે છે. એનેજ આર્દ્રા કહે છે. પાછળના પગમાંથી ડાબો વધારે ચળકે છે. પાછળના બે પગ વચ્ચે પણ લગભગ બાણ પાસે તારાનું એક ઝૂમખું છે. એ દોડનાર હરણનું પૂંછડું કલ્પાય, અને આગળના બે પગ વચ્ચે પણ જરા બહાર આડે આવેલું ઝૂમખું તે માથું.

ખરૂં જોતાં તારાની માહિતી સાથે એની આકૃતિ આપવી જોઇએ; પણ આપણે અહીં આકૃતિ દોર્યા વગર શબ્દો મારફતેજ બધું સમજી લેવાના છીએ. એમાં કહેનાર અને સાંભળનાર બંનેની શક્તિની કસોટી છે.

(તા. ૬-૧૨-૩૧ તથા તા. ૨૦-૧૨-૩૧ના "નવજીવન"માંથી)

૨૯–વિશ્વ અને કાળ

अणोरणीयान् महतो महीयान्। (કઠ, ૨-૨૦)

તમામ નાની વસ્તુઓના કરતાં નાનો અને મોટી વસ્તુઓના કરતાં મોટો, આવું પરમાત્માના સ્વરૂપની બાબતમાં વર્ણન કર્યું છે. આવી આ સૌથી નાની વસ્તુ ને સૌથી મોટી વસ્તુ કયી, એ બાબતમાં આજ સુધીની શાસ્ત્રીય શોધ પ્રમાણે આનો આપણે વિચાર કરીએ.

પ્રથમ આપણે સૌથી નાની વસ્તુ તરફ જોઇએ. કોઇ પણ પદાર્થ એ નાના અણુઓનો બનેલો હોય છે, એ આપણે જાણીએ છીએ. કોઇને લાગતું હશે કે, આપણે પદાર્થના જે નાના નાના કણ જોઇએ છીએ તેજ અણુ છે; પણ એમ નથી. લાખો અણુનો આ કણ બનેલો હોય છે. અણુ આપણે જોઇ શકતા નથી. પાણીના એક અણુનો વ્યાસ એક અઢાર અબજાંશ ઇંચ હોય છે! ઘાસલેટ તેલની બાટલી ભરીને પાણી લઇએ તો તેમાં આશરે ૨૫ કરોડ પરાર્ધ અણુ હોય છે! આ અણુઓને એકબીજાની સાથે જોડી દઇને તેની સાંકળ કરીએ તો પૃથ્વીની આસપાસ તેના ૨૭ કરોડ આંટા થશે, અને પૃથ્વીની સપાટી પર પાથરીએ તો દર ચોરસઇંચ જમીનપર સવાકરોડ અણુ થશે. અણુની ગતિ પણ તેવીજ હોય છે. સાધારણતઃ ઘરમાંની હવામાં તેમની ગતિ દરસેકંડે ૫૦૦ યાર્ડ હોય છે. પદાર્થોમાં જે ગુણ હોય છે તેજ તેના અણુઓમાં પણ હોય છે.

આવો આ નાનકડો અણુ તેના કરતાંય સૂક્ષ્મ એવા પરમા-

ણુઓનો બનેલો હોય છે. અણુનો ભંગ થતાં તેના પરમાણુ બને છે. આવા પરમાણુ ૯૨ પ્રકારના છે. આવી રીતે અણુના કરતાં પરમાણુ નાનો હોય છે.

આટલો આ સૂક્ષ્મ પરમાણુ તે પણ તેનાથી બારીક એવા વિદ્યુત્કણોનો બનેલો હોય છે. વિદ્યુત્ બે પ્રકારની છે. ધનવિદ્યુત્ ને ઋણવિદ્યુત. આથી વિદ્યુત્કણોના પણ ધનવિદ્યુત્કણ અને ઋણવિદ્યુત્કણ આવા બે પ્રકાર છે. ધનવિદ્યુત્કણને આપણે પુરુષકણ ને ઋણવિદ્યુત્કણને પ્રકૃતિકણ આવી સંજ્ઞા આપીશું.

દરેક પરમાણુમાં મધ્યભાગે પુરુષકણ હોઇ તેની આસપાસ પ્રકૃતિકણ ફરતા રહે છે. સૂર્યની આસપાસ જેમ ગ્રહ ફરે છે, તેમ પુરુષકણની આસપાસ પ્રકૃતિકણ નિયમિત રીતે ફરતા હોય છે! તે દરસેકંડે કેટલાક અબજ વાર પુરુષકણની આસપાસ ફરે છે. ઉપર જેમ આકાશસ્થ ગોળાના પ્રમાણમાં મોકળી જગોજ બહુ છે, તેમ પરમાણુઓમાં વિદ્યુત્કણોના પ્રમાણમાં ખાલી જગોજ બહુ હોય છે! એટલે બ્રહ્માંડ ને પરમાણુ આ બન્ને સ્પજની પેઠે સચ્છિદ્ર પદાર્થ છે.

૯૨ પ્રકારના પરમાણુ છે ને તે પ્રત્યેકના ગુણધર્મ જુદા જુદા હોય છે; પરંતુ નિરનિરાળા પ્રકારના પરમાણુઓમાંના પ્રકૃતિકણ લઇએ તો તે માત્ર એકજ જાતના હોય છે! એટલે એકજ મૂળભૂત પદાર્થમાંથી તમામ પ્રકારના પરમાણુ બનેલા છે! હૈડ્રોજનમાં એક પુરુષકણ ને તેની આસપાસ એકજ પ્રકૃતિકણ ફરતો હોય છે. હેલિયમમાં બે પ્રકૃતિકણ ને લિથિયમમાં ત્રણ પ્રકૃતિકણ હોય છે. જીવસૃષ્ટિનો મુખ્ય ઘટક કાર્બન છે. એના એક પરમાણુમાં ૬ પ્રકૃતિકણ હોય છે. એનો અર્થ ૬ પ્રકૃતિકણુવાળા પરમાણુ જીવસૃષ્ટિને આવશ્યક છે. આપણાં જીવનને આધારભૂત એવા પ્રાણવાયુના એક પરમાણુમાં ૮ પ્રકૃતિકણ હોય છે. આ પ્રમાણે ૯૨ પર્યંત પ્રકૃતિકણુવાળા નિરનિરાળા પ્રકારના પરમાણુ છે. છેવટના યુરેનિયમમાં ૯૨ પ્રકૃતિકણ હોય છે. સૃષ્ટિરચનામાં આ સરળ ગણિત કેટલું ઉપયોગમાં આણ્યું છે! આ ઉપરથી વિધાતા મહાન ગણિતી દેખાય છે, એવા ઉદ્‌ગાર શાસ્ત્રજ્ઞો કાઢે છે! એમાં જો કે તે વિધાતા પ્રત્યક્ષ નથી દેખાતો, તોપણ તેની કૃતિ એમાં ખાસ દેખાય છે!

કોઇ પણ પદાર્થ લઇએ-એમાં આપણું શરીર આવ્યુંજ-તો તે અણુઓનો બનેલો હોય છે. અણુઅણુમાં ખાલી જગો હોય છે. અણુ પોતે પરમાણુઓનો બનેલો હોય છે, ને પરમાણુ પરમાણુમાં સુદ્ધાં ખાલી જગો હોય છે. પરમાણુમાં પુરુષકણ ને તેની આસપાસ પ્રકૃતિકણ એકસરખા અતિશય વેગથી ફરતા હોય છે ને તેમનામાં સુદ્ધાં મોકળી જગો હોય છે. આ પ્રમાણે જે ઉપર ચાલ્યું છે તેજ

નીચે ચાલ્યું છે! પિંડે તે બ્રહ્માંડે! આ વિદ્યુત્કણ વસ્તુતઃ વીજળીના કણ ન હોઈ વિદ્યુત્લહરી છે; એટલે વસ્તુમાત્ર વિદ્યુત્સ્વરૂપ છે—અર્થાત્ વસ્તુમાત્ર તેજોમય છે. એનો અર્થ સર્વ સૃષ્ટ પદાર્થ તેજમાંથી ઉત્પન્ન થયા હોઇને તે તેજોમય છે.

આ પ્રમાણે સર્વ સૃષ્ટિ એકજ મૂળભૂત તત્ત્વમાંથી ઉત્પન્ન થઇ છે ને તે તત્ત્વ તેજોમય છે, એવો શાસ્ત્રજ્ઞોનો નિર્ણય છે. બુદ્ધિગમ્ય જ્ઞાનની મજલ ક્યાં સુધી પહોંચી છે, એ આ ઉપરથી લક્ષમાં આવશે.

આ તેજમાંથી ઉત્પન્ન થયેલા ૯૨ પ્રકારના તત્ત્વોના ગુણધર્મની બાબતમાં સામાન્યતઃ વિચાર કરીએ તોપણ મન આશ્ચર્યચકિત થઇ જાય છે. ૯૨ પ્રકારના પરમાણુ લઇએ તો તે વજનમાં હલકા ભારે હોય છે. હૈડ્રોજનનો પરમાણુ સૌથી હલકો ને યુરેનિયમનો પરમાણુ સૌથી ભારે વજનનો હોય છે. આ પરમાણુભારનો ગુણધર્મની સાથે આશ્ચર્યકારક સંબંધ છે. તમને પરમાણુનું વજન સમજાયું કે તેના ગુણધર્મ તમારાથી સહજમાં કહી શકાશે. હૈડ્રોજનથી તે યુરેનિયમ પર્યંતના પરમાણુઓને આ ક્રમ પ્રમાણે માંડવાથી તેમના ગુણધર્મમાં કેવો નિયમિત રીતે વિકાસ થતો જાય છે અથવા કેટલાક ગુણધર્મ કેવા નિયમિત રીતે ઓછા ઓછા થતા જાય છે ને એમ હોવા છતાંય આડી રેષામાંનાં તત્ત્વો પરિણામમાં એકબીજાથી કેવી ભિન્નતા પામે છે ને ઉભી રેષામાંનાં તત્ત્વો પરિણામમાં કેવાં એકરૂપ હોય છે વગેરે બાબતોનો અભ્યાસ અત્યંત રમણીય છે. આવી રીતે મૂળતત્ત્વોના ગુણધર્મમાં આશ્ચર્યકારક સુસંગતિવ્યવસ્થા ને નિયમબદ્ધતા હોવાને લીધે સ્કન્દ, ગાલ્લ ને સર્માણ્ય, આ તત્ત્વોનો શોધ લાગ્યો; એટલુંજ નહિ પણ એનો શોધ લાગ્યા પહેલાં તેમનો પરમાણુભાર અને તેમના ગુણધર્મ વગેરે શાસ્ત્રજ્ઞોએ બીનચૂક કહી નાખ્યાં! ઉપર નેપ્ચ્યુન ને પ્લ્યુટો આ ગ્રહોનો શોધ ગણિતની સહાયતા વડે લાગ્યો ને તેમનાં સ્થાન ગતિ વગેરે પ્રથમથીજ નિશ્ચિત કરી નાખ્યાં; એના કરતાંય આ વધુ આશ્ચર્યકારક નહિ કે?

અદૃશ્ય એવા પરમાણુઓમાંથીજ આપણું શરીર બનેલું છે. હવા જાતે પરમાણુમય હોવાને લીધે આપણે પરમાણુઓમાંજ રહીએ છીએ ને હાલચાલ્ કરીએ છીએ. પરમાણુઓને લીધેજ આપણું અસ્તિત્વ છે. એમની રચના અને ગુણધર્મની બાબતમાં ઉપર પ્રમાણે વિચાર કરતાં આ પરમાણુઓ ગમે ત્યારે અને ગમે તેવી રીતે યદૃચ્છાથી ઉત્પન્ન થયા એમ માની શકાય કે? તેમની રચનામાં કોઇનો ખુલ્લેખુલ્લો હાથ નથી દેખાતો કે? તેમના અજબ ગુણધર્મનો વિચાર કરતાં તેમની પછવાડે રહેલી ઉચ્ચ બુદ્ધિનો તમને ભાસ નથી થતો કે? અને તે છતાં પણ શું માનવોએ પોતાનીજ બુદ્ધિનો ઘમંડ રાખવો?

આવી રીતે આપણે નાની વસ્તુઓનો એટલે અણુપરમાણુ અને વિદ્યુત્કણોનો ક્રમવાર વિચાર કર્યો. હવે મોટી વસ્તુઓનો એટલે પૃથ્વી, ગ્રહ, સૂર્ય, તારા, આકાશગંગા, તેજોમેઘ ને વિશ્વનો ક્રમવાર વિચાર કરીએ. કેમકે મોટામાં મોટી વસ્તુ તે વિશ્વ એ ખુલ્લુંજ છે.

આપણે જે પૃથ્વીપર રહીએ છીએ તે પૃથ્વી એ એક ગ્રહ હોઈ તે પોતાની આસપાસ તેમજ સૂર્યની આસપાસ ફરતી રહે છે. બુધ, શુક્ર, પૃથ્વી, મંગળ, એક ભગ્ન ગ્રહના ૮૦૦ ટુકડા, ગુરુ, શનિ, હર્શલ, નેપ્ચ્યુન ને પ્લ્યુટો આ દશ ગ્રહ છે. તેઓ પોતાની આસપાસ તેમજ સૂર્યની આસપાસ ફરતા હોય છે. પૃથ્વીને જેવો ૧ ચંદ્ર છે તેવા મંગળના ૨, ગુરુના ૯, શનિના ૯, હર્શલના ૪ અને નેપ્ચ્યુનનો ૧. આવા ૨૬ ચન્દ્ર છે. સૂર્ય, દશ ગ્રહ, ૨૬ ચન્દ્ર, ધૂમકેતુ ને ઉલ્કા, આ બધાની મળીને સૂર્યમાળા બનેલી છે.

આ સૂર્યમાળા તે આકાશગંગામાંનો એક ભાગ છે. આકાશગંગામાંનો શુભ્ર પટ્ટો આશરે ૨૦ અંશ પહોળાઇનો હોઇ એનાથી તારકામય આકાશના બે ભાગ પડેલા દેખાય છે. આકાશગંગા એ વિશ્વનો એક ભાગ હોઇ એમાં સૂર્યમાળા, ઇતર તારા તેમજ તારકાપુંજ છે. આ આકાશગંગા એકાદ પૈડા જેવી છે. આકાશગંગાના શુભ્ર પ્રકાશનો જે પટો દેખાય છે તે તેની અંદરના તારાઓના એકત્ર થએલા પ્રકાશને લીધે દેખાય છે. આપણે આકાશગંગામાં હોવાને લીધે આ પ્રકાશમય પટ્ટા આપણને દેખાય છે. તેવીજ રીતે દર સેકંડે ૧૨ માઇલને વેગે આખી સૂર્યમાળા અભિજિત્ તારા તરફ જાય છે. સૂર્યમાળારૂપી જહાજમાં બેસીને આપણે બધા એ તારા તરફ ચાલ્યા જઇએ છીએ ! વચમાંજ એકાદ તારાની સાથે અથડાઇ પડી આપણી સૂર્યમાળા ભાંગી જશે કે શું, એવી બીક રાખવાનું કારણ નથી. તારાઓના પ્રમાણમાં ખાલી જગો એટલી વિશાળ છે કે, આવી રીતે બે તારાઓ સામસામે અથડાવા લગભગ અશક્ય છે. આ પ્રમાણે આપણી સૂર્યમાળા આ તારા તરફ જાય છે એ જોઇને, આ તારો એજ જગન્નિયંતાનું વાસ્તવ્યસ્થાન હશે, એમ એક પાશ્ચાત્ય શાસ્ત્રજ્ઞને લાગ્યું !

આકાશગંગાની બહાર આકાશમાં ઠેકઠેકાણે પ્રકાશના જે સફેદ પુંજ દેખાય છે એને તેજોમેઘ કહે છે. એ વિશ્વના જુદાજુદા ભાગ છે, જે વિષે બાબતમાં આગળ ઉપર કહેવામાં આવશે.

આપણો સૂર્ય પણ એ તારાઓ પૈકીજ એક છે અથવા એ તારાઓ કહેવાય છે તે પણ સૂર્યો છે. નરી આંખે દેખાતા તારાઓની સંખ્યા આશરે ૭ હજાર છે. દૂરદર્શકમાંથી આશરે ૧૨ કરોડ તારા દેખાય છે. પણ હવે બીજું એક બહુજ મોટું દૂરદર્શક યંત્ર બનાવવામાં આવે છે. એમાંથી દોઢ અબજ તારા દેખાશે, એવો

અંદાજ છે. ફોટોગ્રાફીની મદદથી તારાઓની સંખ્યા ૫ અબજની નિર્ણિત થઇ છે. વિશ્વની વિશાળતાનો વિચાર કરીને ગણિત વડે તેમજ અનુમાન વડે વિશ્વમાંના તમામ તારાઓની સંખ્યા ૨ કરોડ પરાર્ધ હશે, એવું શાસ્ત્રજ્ઞોએ નક્કી ઠરાવ્યું છે!

તારા તેજોમેઘમાંથી ઉત્પન્ન થાય છે. તેજોમેઘ એટલે વિરલ ને ઉષ્ણુ એવા વાયુઓનો સમૂહ. તેજોમેઘના ધવલ પુંજકો આપણને આકાશમાં દેખાય છે, એ ઉપર કહેલુંજ છે.

હવે આપણે આકાશસ્થ ગોલોના આકારના પ્રમાણુ સંબંધી વિચાર કરીએ. પૃથ્વીની આસપાસ ફરનારા ચંદ્રનો વ્યાસ ૨૧૬૦ માઇલ છે. પૃથ્વીનો વ્યાસ આશરે ૮૦૦૦ માઇલિ હોઇ તેનો પરીઘ ૨૫૦૦૦ માઇલિ છે. પૃથ્વીના આકારનું પ્રમાણ ચંદ્રના કરતાં ૪૮–ગણું છે. બુધ, મંગળ ને પ્લૂટો, આ ગ્રહ પૃથ્વીના કરતાં નાના છે. શુક્ર પૃથ્વીના કરતાં સહેજ નાનો છે. બાકીના ગ્રહ પૃથ્વીના કરતાં મોટા હોઈ એમાંનો સૌથી મોટો ગ્રહ ગુરુ એ પૃથ્વીના કરતાં ૧૩૦૦ ગણો મોટો છે. સૂર્ય પૃથ્વીના કરતાં તેરલાખ ગણો મોટો છે. કેટલાક તારા સૂર્યના કરતાં નાના તો કેટલાક મોટા છે. આર્દ્રા નક્ષત્રમાંનો યોગતારો આકારમાં સૂર્યના કરતાં અઢી કરોડગણો છે તો બીજો એક તારો ત્રણ કરોડગણો મોટો છે.

આકાશસ્થ ગોલોનાં વજનો વિષે વિચાર કરતાં પૃથ્વીનું વજન ૮૪ હજાર પરાર્ધ ખાંડી છે. સૂર્યનું વજન પૃથ્વીના વજનથી ૩ લાખ ૩૨ હજાર ગણું વધારે છે! સાધારણતઃ તારાઓનું વજન સૂર્યના વજન કરતાં $\frac{1}{5}$થી ૧૦ ગણાપર્યંત હોય છે. તથાપિ એક તારાનું વજન સૂર્યના કરતાં ૧૪૦ ગણું તો બીજા એકનું ૧૦૦૦ ગણું જણાઈ આવ્યું છે!

પૃથ્વી તેમજ બીજા ગ્રહો પરપ્રકાશિત છે; સૂર્ય અને બીજા તારા સ્વપ્રકાશિત છે. સૂર્યનું તેજ ૩ ખર્વ પરાર્ધ મીણબત્તીઓના તેજના જેટલું છે! મૃગનક્ષત્રમાંના વ્યાધ નામના તારાનું તેજ સૂર્યના કરતાં ૨૬ ગણું છે. એક તારાનું તેજ સૂર્યના કરતાં પાંચલાખ-ગણું છે. સૂર્યના કરતાં ઓછા તેજવાળા તારા પણ પુષ્કળ છે.

સૂર્ય અને તારાઓની ઉષ્ણુતા પણુ તેવીજ હોય છે. લાલસર આ દેખાતા તારાઓની ઉષ્ણુતા સાધારણતઃ ઉકળેલા પાણીથી ચૌદગણી, પીળાશ પડતા તારાઓની ૨૮ ગણી, સૂર્ય જેવા સફેદ દેખાતા તારાઓની ૫૫ ગણી ને નીલસર રંગના તારાઓની ૪૦૦ ગણી હોય છે; તથાપિ બીજા એક તારાની ઉષ્ણુતા સૂર્યની ઉષ્ણુતાના કરતાં ૬ હજાર ગણી છે!

હવે આપણે તેમનાં છેટાં સંબંધે વિચાર કરીએ. સૂર્યથી

બુધ ૩॥ કરોડ માઇલ, શુક્ર ૬॥। કરોડ માઇલ, પૃથ્વી ૯॥ કરોડ માઇલ, મંગળ ૧૪॥ કરોડ માઇલ, ભગ્ન ગ્રહ ૨૫॥। કરોડ માઇલ, ગુરુ ૪૮॥ કરોડ માઇલ, શનિ ૮૮॥ કરોડ માઇલ, હર્શલ ૧॥। અબજ માઇલ, નેપ્ચ્યૂન ૨॥। અબજ માઇલ ને પ્લ્યૂટો ૩॥। અબજ માઇલ છેટે છે.

તારાઓનાં છેટાં કલ્પનાતીત છે. પ્રકાશકિરણનો વેગ દર સેકંડે ૧ લાખ ૮૬ હજાર માઇલ છે. આટલા વેગથી સૌના કરતાં નજીકના તારા પરનો પ્રકાશ અહીં આવવાને ૪૩ વર્ષ લાગે છે! આથી સૌથી નજીકનો તારો ૪૩ પ્રકાશવર્ષને અંતરે છે, એમ આપણે કહીએ છીએ. આ છેટું ૨॥ શંકુ માઇલ થાય છે! ને તે સૂર્ય તેમજ પૃથ્વી વચ્ચેના અંતરના કરતાં ૨॥ લાખ ગણું છે. મૃગ-માંનો વ્યાધ તારો આના કરતાં બમણે છેટે છે. આપણી આકાશ-ગંગામાંનો સૌથી નજીકનો તારકાપુંજ ૧૮૪૦૦ પ્રકાશવર્ષ (૧ પરાર્ધ માઇલ) જેટલા છેટા પર છે. આકાશગંગામાંનો બિલકુલ દૂરનો તારકપુંજ ૧૮૫૦૦૦ પ્રકાશ વર્ષ (૧૦ પરાર્ધ માઇલ) છેટે છે. આપણે જે આકાશગંગામાં રહીએ છીએ, એનો વ્યાસ ૨ લાખ ૨૦ હજાર પ્રકાશવર્ષો (૧૩ પરાર્ધ માઇલ) છે. એક આડો લંબ-વર્તુળ કાઢો ને તે આકાશગંગા છે એમ માનો. એના આડા વ્યાસ-પર, મધ્યથી જમણી તરફ ⅔ અંતર પર એક બિંદુ કાઢો. અહીં આપણી સૂર્યમાળા છે. મધ્યથી આ અંતર પચાસ હજાર પ્રકાશવર્ષ (૩ પરાર્ધ માઇલ) છે.

આ આકાશગંગા એ એક તેજોમેઘજ છે. તેજોમેઘના અણુ અતિશય વેગથી ફરતા હોય છે ને તેજોમેઘ ઘટ્ટ થઇને તેના તારા બને છે. આવી રીતે મહાપદ્મ વર્ષ પહેલાં આપણો આ સૂર્યરૂપી તારો જન્મ્યો.

આ સૂર્યની પાસે થઇને (તોપણ અબજાવધિ માઇલને છેટેથી) એક તારો જતો હતો. એના આકર્ષણને લીધે સૂર્યને ભરતી આવી ને તેના ભાગ દૂર ફેંકાઇ ગયા ને આવી રીતે ગ્રહ અસ્તિત્વમાં આવ્યા. એટલે આપણી પૃથ્વી એ મૂળ સૂર્યનોજ ભાગ હોઇ તે આ પ્રમાણે અલગ થઇ જતાં પૃથ્વીને રૂપે તેને સ્વતંત્ર અસ્તિત્વ મળ્યું. સૂર્યથી દૂર હોવાને લીધે તેને ક્રમે ક્રમે દ્રવરૂપ ને ઘનરૂપ પ્રાપ્ત થયું. આ પ્રમાણે ૨ અબજ વર્ષ પહેલાં આપણી પૃથ્વી જન્મી.

આકાશગંગા એ વિશ્વનો એક ભાગ થયો. આવા કેટલાય ભાગ છે. તારાઓ અસ્તિત્વમાં આવ્યે લગભગ ૧ શંકુ વર્ષ થયાં. ત્યાર પહેલાં એક પ્રચંડ તેજોમેઘ અખિલ વિશ્વની જગોમાં વ્યાપી રહ્યો હતો. તે અતિશય વેગથી ફરતો હોવાને લીધે તેના જુદા જુદા ભાગ થઇ અનેક તેજોમેઘ બન્યા. તેજોમેઘમાંથી ક્રમે ક્રમે તારા

ઉત્પન્ન થયા ને હજી પણ થાય છે. જેવા આપણા તેજોમેઘમાં એટલે આકાશગંગામાં તારા છે તેવાજ તમામ તેજોમેઘમાં છે. આપણે જે તારા જોઇએ છીએ તે તો આકાશગંગામાંના સૂર્યની નજીકનાજ તારા જોઇએ છીએ. બીજા તેજોમેઘમાંના તારા આપણે જોઈ શકતા નથી. દૂરદર્શક યંત્રમાંથી તેમાંના થોડાક દેખાય છે. પરંતુ તેજોમેઘના શુભ્ર રંગના પુંજકો દેખાય છે તે તેજોમેઘમાંના તારાઓનો પ્રકાશ એકત્ર થયાને લીધે દેખાય છે. એ એક પ્રચંડ આદ્ય તેજોમેઘનું વય શાસ્ત્રજ્ઞોએ ૧ થી ૨ જલધી વર્ષ જેટલું ઠરાવ્યું છે! અર્થાત્ ૧-૨ જલધી વર્ષ પહેલાં વિશ્વમાં આ એકજ તેજોમેઘ હતો. બીજું કંઇ નહોતું.

આપણા ધાર્મિક વિધિમાં આપણે નીચે પ્રમાણે કાલગણના કરીએ છીએઃ—

श्रीमद्भगवतो महापुरुषस्य विष्णुराज्ञया प्रवर्तमानस्य अद्य ब्रह्मणो द्वितीये परार्धे विष्णुपदे श्रीश्वेतवाराहकल्पे वैवस्वत मन्वतरे अष्टाविंशे युगचतुष्के कलियुगे प्रथम चरणे- ઈત્યાદિ. આ કાળગણના પ્રમાણે બ્રહ્મદેવનું આયુષ્ય તેમનાં સો વર્ષ. એ પૈકી ૫૦ વર્ષ થયાં. હમણાં ૫૧ મા વર્ષનો ૧ લો દિવસ ચાલુ છે. આ દિવસને શ્વેતવારાહકલ્પ આવી સંજ્ઞા છે. આ કલ્પના ૧૪ મન્વંતરો પૈકી ૭ મન્વંતરો પૂરા થઇ સાતમો વૈવસ્વત મન્વંતર ચાલુ છે. મન્વંતરના ૭૧ મહાયુગ પૈકી, ૨૮ મા મહાયુગમાંના કલિયુગનું ૧ લું ચરણ હમણાં ચાલે છે. (વિષ્ણુપુરાણ ૧-૩) માનવી ૪ અબજ ૩૨ કરોડ વર્ષનો બ્રહ્મદેવનો જે દિવસ તે હમણાં ચાલુ છે, તેનો પૂરો મધ્યાહ્ન એટલે સાત મન્વંતરો પણ હજી થયા નથી. **(ગીતારહસ્ય-પ્રકરણ ૮ મું)**

૪ અબજ ૩૨ કરોડ આ સંખ્યાને બેએ ગુણો, એટલે બ્રહ્મદેવના એક અહોરાત્રનાં માનવી વર્ષ નીકળશે. એને ૩૬૦ વડે ગુણવાથી બ્રહ્મદેવના એક વર્ષનાં માનવી વર્ષો આવશે. એને ૧૦૦ એ ગુણવાથી ૩ જલધી માનવી વર્ષો એ બ્રહ્મદેવનું એકંદર આયુષ્ય નીકળે છે. એ પૈકી અર્ધું આયુષ્ય ગયું એટલે ૧॥ જલધી વર્ષો ગયાં. ૧-૨ જલધી વર્ષ પૂર્વે આપણો આદ્ય તેજોમેઘ અસ્તિત્વમાં આવ્યો. આથી વિષ્ણુપુરાણમાંનું આ ગણિત ને હમણાંના શાસ્ત્રજ્ઞોની શોધો એ આશ્ચર્યકારક રીતે મળતાં આવે છે.

વિશ્વની રચના આવી છે. સાબુના ફીણના ફુગાની અંદરના ગોળાકાર પોકળના જેવું આ વિશ્વ છે. પૈડાંના આકારની આપણી આકાશગંગા એ આ પોકળીમાંનો એક તેજોમેઘ છે. એની આસપાસ મોકળી જગા છે. એનાથી આગળ પુનઃ તેજોમેઘ ને તેની આસપાસ

પુનઃ મોકળી જગો છે. આ પ્રમાણેના ક્રમથી તેજોમેઘ અને મોકળી જગો, આવી વિશ્વની રચના છે. દૂરદર્શકની મદદથી આવા આશરે ૨૦ લાખ તેજોમેઘની શોધ હાથ લાગી છે. એ તેજોમેઘ વચ્ચેનું અંતર સરાસરી ૨૦ લાખ પ્રકાશવર્ષ (૧૨૦ પરાર્ધ માઇલ) છે. આ પ્રમાણે બધી બાજુએ ૧૪ કરોડ પ્રકાશવર્ષ (૮૪૦૦ પરાર્ધ માઇલ) પર્યંત દૂરદર્શકની મજલ ગઇ છે. વિશ્વ મર્યાદિત હોઇ એકંદર વિશ્વની ત્રિજ્યા ૮ ખર્વ ૪ અબજ પ્રકાશવર્ષ (૫૦ લાખ પરાર્ધ માઈલ) હોઇ વિશ્વનો પરીઘ ૫ નિખર્વ પ્રકાશવર્ષો (૩ કરોડ પરાર્ધ માઇલ) હશે, એવું શાસ્ત્રજ્ઞોનું અનુમાન છે!

પૃથ્વી અને બીજા ગ્રહ સૂર્યમાંથી થયા. સૂર્ય તેમજ ઇતર તારા તેજોમેઘમાંથી થયા. સર્વ તેજોમેઘ એક પ્રચંડ વિશ્વવ્યાપી તેજોમેઘમાંથી થયા. આ આદ્ય તેજોમેઘ ઉત્પન્ન થયા પહેલાં શું હતું? કહે છે કે, એ અવ્યક્તમાંથી ઉત્પન્ન થયો! ૧૧ જલધી વર્ષ પહેલાં શું હતું ને વિશ્વના મધ્યથી ૫૦ લાખ પરાર્ધ માઇલથી આગળ શું હશે, એની શી કલ્પના કરવી? આ પૃથ્વીમાતાના પ્રપિતામહને કોણે ને શા સારૂ ઉત્પન્ન કર્યાં એ કોણ કહી શકે?

૧૧ જલધી વર્ષ પૂર્વે એક પ્રચંડ તેજોમેઘ અસ્તિત્વમાં આવ્યો. એમાંથી નાના નાના તેજોમેઘ બનીને આશરે ૧ શંકુ વર્ષ પૂર્વે તારા જન્મવા લાગ્યા. એમાં આપણો સૂર્ય ૮ મહાપદ્મ વર્ષ વયનો છે. ૨ અબજ વર્ષ પહેલાં આપણી પૃથ્વી જન્મી. પૃથ્વી પરની જીવસૃષ્ટિનું વય આશરે ૩૦ કરોડ વર્ષનું છે. માનવજાતિનું વય ૩ લાખ વર્ષનું છે. વૈદિક સંસ્કૃતિ ૮ હજાર વર્ષોની છે. જ્યોતિઃશાસ્ત્રનું વય ૩ હજાર વર્ષોનું છે. દિવ્યદૃષ્ટિ દેનારા દૂરદર્શકનું વય ૩૦૦ વર્ષનું છે.

એમાં જીવસૃષ્ટિ ને માનવોની ઉત્પત્તિસંબંધે આપણે થોડોક વિચાર કરીએ. પૃથ્વી ઠંડી પડતાં પડતાં જીવસૃષ્ટિને માફક આવે એવું ઉષ્ણતામાન થયા પછી, ૩૦ કરોડ વર્ષ પહેલાં જીવસૃષ્ટિ ઉત્પન્ન થવા લાગી. વિશ્વની નિયમબદ્ધતા ને કાર્યકારણભાવ જોતાં જીવસૃષ્ટિ એકાએક નિર્માણ થવા લાગી, એમ માની શકાતું નથી. જડ સૃષ્ટિમાંથીજ તે ઉત્પન્ન થવા લાગી ને પ્રત્યેક પરમાણુમાં આવી શક્તિ સુપ્તાવસ્થામાં હશે, એમ શાસ્ત્રજ્ઞો કહે છે. પ્રાણીશાસ્ત્રવેત્તા કહે છે કે, જીવસૃષ્ટિનો આરંભ સમુદ્રમાં થયો. આમ છે તો, શરીરમાંનાં મૂળતત્ત્વો અને સમુદ્ર તેમજ તેના પરની હવામાંનાં મૂળતત્ત્વો એકજ હોવાં જોઇએ અને વસ્તુસ્થિતિ તેવીજ છે. આપણા શરીરમાં જે મૂળતત્ત્વો છે, તેજ સમુદ્રનું પાણી અને હવા એ એમાં મળીને છે. જડ સૃષ્ટિની ઉત્ક્રાન્તિ થતાં થતાં સમુદ્રનું પાણી ને હવામાંનાં મૂળતત્ત્વો પ્રથમ ઉત્પન્ન થયાં. ને જડ સૃષ્ટિની ઉત્ક્રાંતિનું કાર્ય આગળ

ચાલીને, તેને જીવસૃષ્ટિની ઉત્ક્રાન્તિનું સ્વરૂપ મળ્યું. આવો શાસ્ત્રોનો નિર્ણય છે. પ્રથમ સમુદ્રમાં એક પેશીનો પ્રાણી ઉત્પન્ન થયો ને તેની ઉત્ક્રાન્તિ થતાં થતાં તેની પરિણતિ મનુષ્યપ્રાણીમાં થઇ. સૃષ્ટિની જે ઉત્ક્રાન્તિને લીધે સમુદ્રમાંનો એકપેશી પ્રાણી ઉત્પન્ન થયો તે ઉત્ક્રાન્તિ પણ કેટલાંય કરોડ વર્ષપર્યંત ચાલુ રહી હશે!

આપણે જીવસૃષ્ટિ ને જડસૃષ્ટિ આવો ભેદ કરીએ છીએ ને જીવસૃષ્ટિને અધિક મહત્ત્વ આપીએ છીએ; પરંતુ આ વિશ્વમાં જીવ-સૃષ્ટિ આ નિયમ ન હોઇ અપવાદ છે. અતિશય ઉષ્ણતાને લીધે, તેજોમેઘમાં અથવા એમાંના તારાઓમાં પરમાણુ એક ઠેકાણે રહી શકતા નથી. આથી તેજોમેઘમાં તેમજ સૂર્યાદિ તારાઓમાં જીવસૃષ્ટિ હોવી શકય નથી. જીવસૃષ્ટિ ફક્ત ગ્રહો ઉપરજ શકય છે. તે ગ્રહ તેમ-ના સૂર્યથી બહુ નજીક અથવા બહુ દૂર હોય તો તેના પર સુદ્ધાં જીવ-સૃષ્ટિ શકય નથી હોતી. સૂર્યની નજીકના બુધ ગ્રહ ઉપર દ્રવરૂપ પદાર્થ ઉકળતા હોય છે, તો દૂરનાં નેપચ્યૂન–પ્લ્યૂટોપર તે બરફની પેઠે ઘટ્ટ બને છે. આથી ત્યાં જીવસૃષ્ટિ હોવી શકય નથી. વિશ્વના પ્રમાણમાં જીવસૃષ્ટિ બહુજ થોડી હોવી જોઇએ. મંગળ ઉપર જીવસૃષ્ટિ હોવી જોઇએ, આ અનુમાન સુદ્ધાં ભૂલવાળું દેખાય છે. મંગળ ઉપરની કલ્પિત નહેરો મોટા દૂરદર્શકમાંથી દેખાતી નથી. ફોટોગ્રાફ લેતાં તેમાં પણ તે આવી નથી. પૃથ્વી સિવાય ઈતરત્ર વનસ્પતિ અથવા પ્રાણી છે, એને માટે હજી ખાત્રીલાયક પુરાવો મળ્યો નથી!

પૃથ્વી પર જીવસૃષ્ટિ હજી બીજા એક મહાપદ્મ વર્ષ સુધી રહેશે, એવો શાસ્ત્રજ્ઞોનો નિર્ણય છે. પૃથ્વીના હમણાંના વયના કરતાં તેનું બાકી રહેલું આયુષ્ય ૫૦૦ ગણું છે, અને માનવપ્રાણીના ગત કાલના કરતાં તેનો ભાવી કાલ ૩૦ લાખ ગણો છે. જેને સો વર્ષનું આયુ-ષ્ય છે એવા એકાદા છોકરાના ગતકાળના કરતાં ભાવી આયુષ્યકાળ ૩૦ લાખ ગણો છે, એ તમને સમજાય તો તે છોકરાનો જન્મ થયે ૧૮ મિનિટ થઇ છે, એમ તમે કહેશો. માનવજાતિના ગતકાલના કરતાં, તેનો ભાવી કાલ ૩૦ લાખગણો હોવાથી માનવી શતવર્ષ આયુષ્યના પ્રમાણમાં માનવજાતિનો જન્મ થયે ૧૮ જ મિનિટ થઇ છે, એમ કહી શકાય. બાળક જન્મ્યું નહિ ત્યાં તો તેનો આટલો ઉપદ્રાપ! આગળ જતાં એ કરે એ ખરૂં!

સૂર્યાદિ સૃષ્ટ પદાર્થનું આકારમાન, વજન, અંતર ઇત્યાદિ જે પદ્ધતિ વડે નિર્ણિત કરે છે તે પદ્ધતિનું વર્ણન અત્રે કર્યું નથી. કારણ કે એમાં બહુ વિસ્તાર થઇને સર્વસાધારણ વાચકવર્ગને એ વિષય ચિત્તાકર્ષક લાગશે નહિ. વિશ્વ અને કાળ એ અનંત નથી, પણ મર્યાદિત છે, એ બાબતમાં પ્રમાણો પણ એજ કારણથી અત્રે આપ્યાં નથી.

વિશ્વ અને કાળના અંતિમ સ્વરૂપની બાબતમાં વિચાર કરતાં કરતાં આધુનિક શાસ્ત્રોએ હમણાં હમણાં ખૂબજ મજલ મારી છે. એ બધી અહીં કહેવી એ અતિશય ઉંડા પાણીમાં જવા જેવું હોય તો પણ એનું દિગ્દર્શન કર્યા સિવાય આ વિષય પૂર્ણ ન થાય. વિશ્વની ઉત્પત્તિ સંબંધે કહેતાં, વિશ્વમાંના સૃષ્ટ પદાર્થ તેજમાંથી થયા એટલુંજ કહ્યું, ને તે તેજ અવ્યક્તમાંથી ઉત્પન્ન થયું એમ પણ કહ્યું, પણ અવ્યક્ત એટલે જો શૂન્ય તો તેમાંથી જે થયેલું તે પણ શૂન્યજ હોવું જોઇએ.

આ અવ્યક્તનુંજ સ્વરૂપ નક્કી કરવાનો આધુનિક શાસ્ત્રે હમણાં હમણાં પ્રયત્ન કર્યો છે; સૃષ્ટ પદાર્થ તેજોમય હોઇ આ તેજ અવકાશમાં ને કાળમાં હોય છે. કાળ સંબંધી આપણી કલ્પનાઓ ખોટી છે. અવકાશ ને કાળ બન્ને મળીને એક અખંડિત તત્ત્વ છે. અવકાશ જે પ્રમાણે લંબાઇ, પહોળાઇ ને ઉંચાઇથી પરિમિત છે, તે પ્રમાણે આ અખંડિત તત્ત્વ લંબાઇ, પહોળાઇ, ઉંચાઇ ને કાલ વડે પરિમિત છે. ને આ પ્રમાણે કાલ એ અવકાશનુંજ ચોથું પરિમાણ છે. અવકાશ ને કાલમાંથી ઉત્પન્ન થયેલા આ અખંડિત તત્ત્વનું વિકૃત સ્વરૂપ એજ તેજ ને એમાંથી થયેલા સૃષ્ટ પદાર્થ છે! આ વિકૃત સ્વરૂપ અર્થાત્ કેવળ ભાસમાન હોવાથી, વિશ્વ એટલે પોકળ અવકાશ, ને મોકળા કાળમાંથી થયેલું અખંડિત તત્ત્વ! આ પ્રમાણે વિશ્વ એટલે કંઇ નહિ—શૂન્ય—માયા! શાસ્ત્ર માયાપર્યંત આવી પહોંચ્યું! એનાથી આગળ તે જઇ શકશે ખરૂં કે?

(નવેમ્બર-૧૯૩૨ના "ચિત્રમય જગત"માંથી)



૩૦–વિજ્ઞાન અને ખગોળ

(લેખકઃ—ડૉકટર ધારસી ગુલાબચંદ સંઘાણી)

પાશ્ચિમાત્ય વિદ્વાનોના સાહસ અને પરિશ્રમથી વિજ્ઞાન દ્વારા અનેક દિશામાં પ્રકાશ પડવા લાગ્યો છે. વિજ્ઞાન દ્વારા થએલી શોધખોળથી માલૂમ પડે છે કે, આ સૃષ્ટિ બહુજ અગાધ, ભવ્ય અને મહાન ચમત્કારથી ભરપૂર છે. વિદ્વાનમંડળ શોધખોળ કરતું કરતું આગળ ને આગળ ધપતું જાય છે અને તે કયાં જઇ અટકશે તે આજે કલ્પી શકાય તેમ નથી. રસાયનશાસ્ત્ર અને ભૂસ્તરવિદ્યામાં જેમ અનેકવિધ શોધો થએલી છે, તેમ ખગોળશાસ્ત્ર સંબંધી પણ ઘણું જાણવાનું મળ્યું છે.

વિજ્ઞાન કહે છે કે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ ને વનસ્પતિનું વર્ગીકરણ કરવામાં આવે તો મૂળતત્ત્વો એંસી છે, એમ હમણાં સુધી જણાય છે. વળી તે આગળ વધીને જણાવે છે કે, આ મૂળ તત્ત્વોનું અસલ મૂળ આકાશમાં વાદળી જેવો દેખાતો ચમકતો નિહારિકાનો વાયુનો ગોળો છે અને તેમાંથી આ બધું ઉત્પન્ન થયેલું છે. નિહારિકાના વાયુના ગોળામાંથી પ્રથમ સૂર્ય ઉત્પન્ન થયો, સૂર્યમાંથી ગ્રહો ઉત્પન્ન થયા અને ગ્રહમાંથી ઉપગ્રહ એટલે ચંદ્ર ઉત્પન્ન થયા છે. સૂર્યને હમણાં આઠ ગ્રહો છે. સૂર્યથી નજીકમાં નજીક ગ્રહ એ બુધનો તારો છે અને તે સૂર્યથી આઠકરોડ સિત્તેર લાખ માઇલ દૂર છે. સૂર્યથી સૌથી દૂરનો ગ્રહ નેપ્ચ્યુન છે. તે સૂર્યથી ત્રણ અબજ માઇલ દૂર છે. આપણી પૃથ્વી સૂર્યથી નવ કરોડ ત્રીસ લાખ માઇલ દૂર છે અને તે તેની આસપાસ ફર્યા કરે છે. દિવસ અને રાતનો વિધવિધ આનંદ આપવા માટે પૃથ્વી પોતાની ધરી આસપાસ દર કલાકે એક હજાર માઇલની ઝડપે ફરે છે અને હોળી–દિવાળીના તહેવારની મઝા ચખાડવા તે સૂર્યની આસપાસ કલાકના સાઠ હજાર માઇલની ઝડપે પ્રદક્ષિણા કરે છે.

સૂર્યનો પરિવાર હમણાં આઠ ગ્રહોનો છે. આઠ કરતાં વધારે ગ્રહ છે કે નહિ અને પહેલાં આઠજ ગ્રહ હતા કે ન્યૂનાધિક હતા તે કોઇ કહી શકે એમ નથી. એક વખત ચંદ્ર પૃથ્વીની બહુજ નજીક હતો તે વખતે ચંદ્ર અને પૃથ્વી ઉભયની ગતિ વધારે હતી. વધારે ગતિને કારણે પૃથ્વી પર માત્ર ત્રણ કલાકનોજ દિવસ હતો. પરંતુ આ વાત તો અનંત યુગોના પહેલાંની છે. જેમ પૃથ્વી સૂર્યની આસપાસ પોતાનું બાળક ચંદ્રને લઇ પ્રદક્ષિણા કરે છે, તેમ સૂર્ય પણ પોતાના પરિવાર સહિત એક શૌરી (હરકયુલિસ) નામના તારા તરફ ધસડાતો જાય છે; પણ આ વાતમાં સત્ય હકીકત શું છે તે

કોઇ જાણતું નથી.

આકાશ સંબંધી જરા આપણે વિચાર કરીએ તો તે તુરત જણાઈ આવશે કે, તેની આદિ અને અંતને આપણી કલ્પનાશક્તિ પણ શોધી શકતી નથી અને બુદ્ધિ વિચાર દોડાવતાં દોડાવતાં પણ થાકી જાય છે. આ પ્રમાણે આકાશ કલ્પનાતીત છે એટલે કે તે અનાદિ અને અનંત છે. આ અનંત અવકાશમાં સર્વ સ્થાને અસંખ્ય નિહારિકાના વાયુના ગોળાઓ પણ ગતિમાન છે. કારણ કે આ સૃષ્ટિમાં કોઈ પણ પદાર્થ સ્થિર નથી. બધું ચંચળ અને ગતિમાનજ છે. આ નિહારિકા(નેબ્યુલ)ના વાયુના ગોળામાંથી સૂર્યાદિ તમામ ચીજો ઉત્પન્ન થએલી છે.

જેમ એક પાણીના હોજમાં કાણું હોય અને તેનો દાટો ઉઘાડતાં તમામ પાણી બહાર નીકળવા કાણા તરફ દોડે છે અને પરિણામે હોજના કાણા પાસે પાણીનાં કુંડાળાંઓ અને ચક્ર જેવા વમળ થાય છે, વમળને ફરવાની દિશા પણ એકસરખીજ હોય છે અને હોજ ખાલી થતાં અવાજ થાય છે, તે પ્રમાણે નિહારિકાના વાયુ પણ ફરે છે અને હોજની માફક એક ધરી પર ઉત્પન્ન થાય છે. પશ્ચાત્ નિહારિકાના વાયુના ગોળાની ગતિ પ્રતિદિન વધતી જાય છે. લાખો વર્ષ પછી એટલી તો ત્વરિત ગતિ થાય છે કે તે ગોળો બળવા લાગી જાય છે. આ બળતો ગોળો તે સૂર્ય કહેવાય છે. સૂર્ય બન્યા પછી તે એટલી બધી ઝડપથી ગતિ કરે છે કે તેમાંથી બળતા કેટલાક નક્કર ટુકડા છૂટા પડી જાય છે; પણ તે વધારે દૂર જઇ શકતા નથી. ગુરુત્વાકર્ષણના બળથી તે ખેંચાઈ રહે છે અને અમુક સ્થળે પહોંચ્યા પછી સૂર્યના અને પોતાના એમ ઉભયના બળના પરિણામે આ ટુકડા સૂર્યની આસપાસ પ્રદક્ષિણા કરવા લાગી જાય છે. આ ટુકડાઓ ગ્રહ કહેવાય છે. ગ્રહમાંથી પણ ગ્રહની ગતિ પ્રમાણે કેટલાક ટુકડા નીકળી પડે છે તે ઉપગૃહ યાને ચંદ્ર કહેવાય છે અને તેઓ ગૃહની પ્રદક્ષિણા કરે છે. આપણી પૃથ્વીને તો એકજ ચંદ્ર છે; પરંતુ બૃહસ્પતિના ગ્રહને આવા આઠ ચંદ્રમા છે. ચંદ્રમા પોતે તો નિસ્તેજ છે, પરંતુ સૂર્યનો પ્રકાશ તે પર પડી આવર્તન પામી આપણી તરફ આવે છે તેને આપણે ચંદ્રમાના તેજ તરીકે ઓળખીએ છીએ.

સૂર્ય, નિહારિકાના વાયુના ગોળામાંથી બને છે; તેમ બીજી રીતે પણ તેની ઉત્પત્તિ થાય છે. આકાશમાં ચળકતા તારાઓ એ બધા તારાઓ નથી. જેનું તેજ સ્થિર છે તે તો માત્ર ગ્રહ છે અને જેનું તેજ ટમટમે છે તે તારાઓ એટલે બધાએ સૂર્ય છે. આવા સૂર્યો પણ આકાશમાં અગણિત-અસંખ્ય છે, કલ્પનાતીત કાળથી ઉત્પન્ન થએલા અનેક ઓલવાઇ ગએલા સૂર્યો પણ આકાશમાં

અસ્તિત્વ ધરાવે છે. આવા મૃત સૂર્યોની સંખ્યા પણ ઘણી મોટી છે અને તેઓ અનંત આકાશમાં ફર્યાજ કરે છે. કયાં જઇ અટકે? આકાશ તો અનંત છે. ઓલવાઇ ગએલા સૂર્યો એકબીજા તરફ ગતિ કરવા માંડે છે. પ્રતિદિન ગતિ વધારતાં વધારતાં સેંકડો વર્ષ સુધી ગતિ કર્યાજ જાય છે. આખરે બંને વચ્ચે અથડામણ થાય છે. અથડામણુ વખતે ગતિ એકદમ બંધ પડે છે. પરિણામે બેહદ ગરમી ઉત્પન્ન થતાં તેમાંથી એક નવો સૂર્ય ઉત્પન્ન થાય છે, અને તે ગતિ કરવા મંડી જાય છે.

નિહારિકાના ગોળામાંથી કે બે મૃત ઓલવાઇ ગએલા સૂર્યોના અથડામણમાંથી સૂર્ય, ગ્રહ અને ઉપગ્રહ ઉત્પન્ન થાય છે અને પછી એકબીજાની આસપાસ પ્રદક્ષિણા કરવા લાગી જાય છે. તેમાંનું કશુંએ આકસ્મિક નથી; બધુંએ કુદરતના શાશ્વત નિયમોને આધારેજ થાય છે. એક કારણ તો ગુરુત્વાકર્ષણ છે, અને અન્ય કારણો અવશ્ય છે પણ હજુ શોધાયાં નથી.

આપણી પૃથ્વીને સાત ગતિ છે—(૧) તે પોતાની ધરી આસપાસ ફરે છે. (૨) તે સૂર્યની આસપાસ પ્રદક્ષિણા કરે છે અને (૩) તે સૂર્ય સાથે ઘસડાતી જાય છે. બાકીની ચાર ગતિ ન સમજાય તેવી છે.


અનંત આકાશમાં ચાલતા કોઇ પદાર્થને અટકાવી શકે તેવું કાંઇ નથી, પરંતુ એકે ગતિમાન પદાર્થ ન મળે ત્યાંસુધી તે મૂળ વેગથી અને મૂળદિશા તરફ ગતિ કર્યેજ જાય છે. પૃથ્વી સૂર્યમાંથી છટકી, ગુરુત્વાકર્ષણના બળથી તે ખેંચાઇ રહી અને સૂર્ય તેમજ પોતાના બળના પરિણામે તે સૂર્યની આસપાસ ફરવા લાગી. આ ચક્રગતિ કયાં સુધી રહેશે? તે કોઇ કહી શકે તેમ નથી. સૂર્યની આસપાસ ફરતાં ૧૬૮૦૦૦ વર્ષમાં એક સેકંડનો ફેર આવે છે અને પૃથ્વી કાંઇક નીચે ઉતરતી જતી હોય એમ જણાય છે; પણ સ્પષ્ટ ફેરફાર જણાવાને અસંખ્ય વર્ષો જોઇએ. વિજ્ઞાન માને છે કે, ગમે તે સમયે કોઇ પણ રીતે પૃથ્વીનો નાશ થશે. વખતે તે પાછી સૂર્યમાં જઇ પડે અથવા કોઇ અન્ય ગ્રહ કે ધૂમકેતુ સાથે અથડાતાં તેનું કાંઇક નવું સ્વરૂપ થવા પામે; પણ નામ તેનો નાશ એ તો અવશ્ય, પછી ભલે નાશ અસંખ્યાત વર્ષ પછી થાય.

પૃથ્વીથી ચંદ્ર ૨,૪૦,૦૦૦ માઇલ છે અને સૂર્ય ૯૩૦૦૦૦૦૦ માઇલ દૂર છે. પૃથ્વીનો વ્યાસ ૧૦૦૦૦૦૦ માઇલ છે. દરેક તારા પૈકી (આલ્ફા સેન્ટાઉરી) નરતુરંગનો તારો પૃથ્વીથી ૨૬ અબજ માઇલ દૂર છે તે કેવડો મોટો હશે અને વ્યાસ કેવડો હશે? બીજો એક તારો કે જેના સંબંધમાં કેટલુંક જાણવામાં આવ્યું છે તેનું નામ (કેનોપસ) અગસ્ત્યનો તારો (સૂર્ય) છે. આ તારો સૂર્યથી

દશલાખ ગણો મોટો છે અને સૂર્ય પૃથ્વીથી પંદર લાખ ગણો મોટો છે. આ પ્રમાણે અગસ્ત્યનો તારો (સૂર્ય) કેટલો મોટો હશે! આ તો કહી દર્શક તારા (સૂર્યો)ની વાત, પણ અનંત અવકાશમાં અસંખ્ય અદર્શક તારાઓ છે તે પૈકી સૌથી નજીક તારો એટલો તો દૂર છે કે તેના પ્રકાશને આપણી પૃથ્વીપર આવતાં સાડાત્રણ વર્ષ લાગે છે. પ્રકાશ પ્રતિસેકંડ ૧૮૬૦૦૦ માઇલની ગતિ કરે છે. સાડાત્રણ વર્ષની સેકંડ કાઢી જે રકમ આવે તેને ૧૮૬૦૦૦ થી ગુણીએ તો તે રકમગણા ક્રોડ અબજ જેટલી થશે. આટલા માઇલ તે અદર્શક તારા પૈકી નજીકમાં નજીકનો તારો દૂર છે તો પછી અન્ય તારાઓની શી વાત કરવી! આવા એકબીજાથી મોટા અસંખ્ય તારા (સૂર્યો) આકાશમાં છે, છતાં આકાશમાં દર્શક તારાઓ તો માત્ર બિંદુસમાનજ દેખાય છે. તારાઓનો ખ્યાલ આપણી કલ્પનામાં આવી શકતો નથી તો અનંત આકાશ કે જેમાં આવા કલ્પનાતીત અસંખ્ય તારાઓ છે તે આકાશનો ખ્યાલ તો શી રીતે આવે!

દુનિયાની સ્થિતિ પળે પળે બદલાતી જાય છે. નામ તેનો નાશ તો છેજ, પણ પૃથ્વીની આયુષ્યમર્યાદ આપણી આયુષ્યમર્યાદાના મુકાબલામાં એટલી બધી છે કે આપણે તેને અનંત કે શાશ્વત કહીએ છીએ. પૃથ્વી જે આકાશમાં માત્ર એક બિંદુસમાન છે તેની આવી અજબ સ્થિતિ છે તો પછી તેના કરતાં અસંખ્યગણા આયુષ્યવાળા અન્ય તારાઓની તો વાતજ શી કરવી! ખરેખર, સૃષ્ટિ બહુજ ભવ્ય, અદ્દભુત અને અકલિત છે. ત્રણ વીશીનું પામર માણસનું આયુષ્ય તદ્દન નહિજ જેવું છે; પણ મનુષ્યો સમજે છે કયાં? અસાર સંસારને જાણ્યા છતાં ક્રોધ, માન, માયા અને લોભજન્ય અત્યાચારને તજે છે કયાં? મળેલ ચાર દિવસની ચાંદરણી દરમિયાન બનતી શક્તિએ પ્રાણીમાત્રની સેવા કરે તેજ ખરો મનુષ્ય જાણવો.

("જીવનકલા"ના એક અંકમાંથી)



૩૧–અન્યાયની પાઇ પણ અંગેઅંગે ફૂટી નીકળે

શહેનશાહ જહાંગીરની ઉંઘ, કોણ જાણે કેમ, પણ એકદમ ઉડી ગઈ. પલંગમાં પડી રહેવાને બદલે તે ધીમે ધીમે બહાર આવ્યો. રાત્રિ નિઃશબ્દ હતી, હજી હમણાંજ પહેરગીરે બારના ટકોરા માર્યા હતા.

પાસેના એક દિવાનખાનામાં ઝળહળતી જ્યોત બળતી હતી. શહેનશાહે કુતૂહલવશ તે દિવાનખાના તરફ પગ ઉપાડ્યા.

ચોપડાના ઢગલા વચ્ચે, મહેસુલી અમલદાર, કંઇક ગહન ચિંતામાં બેઠો હતો. શહેનશાહનાં ધીમાં પગલાં સાંભળવા જેટલી પણ એને શુદ્ધિ ન હતી, સામ્રાજ્યને માથે અણધારી આફત આવી પડી હોય અને એને દૂર કરવાના ઉપાય ચિંતવતો હોય તેમ તે ધ્યાનમગ્ન હતો.

જહાંગીર થોડી વાર સુધી આ દૃશ્ય જોઇ રહ્યો. અધિકારીઓમાં આવા મહેનતુ અને ખંતીલા માણસો છે તે જાણી તેને અભિમાન ઉપજ્યું.

"કેમ, કંઈ બહુ ચિંતામાં છો ?" જહાંગીર બોલ્યો.

અમલદારે ઉઠીને શહેનશાહનું સ્વાગત કર્યું. પોતાની ચિંતાનું કારણ બતાવતાં મહેસુલી અધિકારીએ કહ્યું: "ગયા વરસ કરતાં આ વર્ષે મહેસુલની આવકના આંકડા થોડા વધારે લાગ્યા, તેથી મેં જાતે જ એ બાબતની તપાસ કરવાનો નિશ્ચય કર્યો."

"આ વર્ષે મહેસુલ વધુ આવ્યું છે, એ હું જાણું છું; પણ એ કેમ બન્યું તે નથી જણાયું." જહાંગીરે અમલદારનું સમર્થન કર્યું.

"એ કારણ શોધવા માટેજ આ ઉજાગરો કરૂં છું. ચોપડાં બધાં ઉથલાવી ચૂક્યો, કયાંઇ ખાસ ફેર ન દેખાયો. વરસ પણ કંઇ બહુ સારૂં ન હતું." મહેસુલી વજીરે મુદ્દાની વાત કહેવા માંડી.

"તો હિસાબમાં ભૂલ–ચૂક થઇ હશે."

"એ પણ તપાસ્યું. સરવાળા–બાદબાકી બરાબર લાગ્યા."

"તો પછી તમે જાણો ને તમારૂં કામ જાણે–મહેસુલ તો વધ્યું છે ને ? એમાં ચિંતા જેવું શું છે ? રાત્રિ બહુ વીતી છે. માટે હવે એ બધું કાલ ઉપર રાખો" જહાંગીરે કંટાળીને મોં ફેરવ્યું.

આવક વધે છે એ સાચું છે; પણ એ જ સામ્રાજ્યને માટે એક ચિંતાનું કારણ છે. મહેસુલની ખોટ ખમી લેવાય, પણ અન્યાયની જો એક પાઇ ખજાનામાં આવે તો આખી શહેનશાહતને અંગે અંગે ફૂટી નીકળે !" મહેસુલી વજીરે પોતાના ઉદ્વેગનો ઇતિહાસ ધીમે ધીમે રજુ કરવા માંડયો: "અને નામવર, આ બાબતમાં પણ એવુંજ બન્યું છે. ખેડુતોની પેદાશ માત્ર નામનીજ છે. વેપારીની જકાતમાં પણ કંઇ ખાસ વધારો નથી થયો; પણ હકીકત એવી બની છે કે,

ગઇ સાલ તાપ પુષ્કળ પડયો અને એ તાપને લીધે ગંગા-જમના જેવી ભરચક વહેતી નદીઓનાં નીર પણ સૂકાતાં ચાલ્યાં. પાણી સૂકાઇ જવાથી કાંઠાની જમીન કોરી પડી. વાઘરીઓએ એ જમીનમાં વાડા કર્યા અને એ વાડા પેટે સરકારી તિજોરીમાં એમણે થોડાં નાણાં ઉમેર્યાં. મહેસુલના વધારાનું આ છૂપું રહસ્ય છે."

"નદીઓ સુકાઇ-પાણી આઘાં ગયાં—મહેસુલ વધ્યું—" વજીર-ની ચિંતાએ બાદશાહના દિલ ઉપર ચિંતાનો ચેપ ચોંટાડયો. તે થોડી વાર સુધી એના એજ શબ્દોનું રટણ કરી રહ્યો.

"નદીનાં પાણી સૂકાય એ તો ખુદાઇ ખોફ ગણાય ! એ ખોફ વહોરીને મહેસુલની મોજ માણનાર શહેનશાહત કયાં સુધી ટકી રહે ? એ અન્યાયનો પૈસો છે. મારી તિજોરીમાં એવી એક પાઇ પણ નહિ જોઇએ." જહાંગીરી હૂકમ જેવો શહેનશાહે પોતાનો નિર્ણય સંભળાવી દીધો. વજીરની ચિંતા સાવ નજીવી ન હતી, એમ પણ તે જોઇ શકયો.

"એ ગરીબ માણસોને મહેસુલ પરત કરો અને મારા તરફથી કહેજો કે, તેઓ પાક પરવદિગારને અહોનિશ બંદગી કરી ગંગા-જમના જેવી નદીઓને એ કાંઠામાં ભરપૂર રાખવા વિનવે. મહેસુલનો વધારો નહિ, પણ આ ન્યાયવૃત્તિ એજ શહેનશાહતનો મૂળ પાયો છે." જહાંગીરે જતાં જતાં ઉચ્ચાર્યું.

મોગલ બાદશાહોના અદલ ઈન્સાફના એક અનુકરણીય દષ્ટાંત તરીકે આ પ્રસંગ ઇતિહાસગ્રંથોમાં અને લોકજીહ્વા ઉપર અમર સ્થાન પામી રહ્યો છે.

(કેવળ જકાતને માટે પોતાને બંદરેથી દેશમાં કરોડો રૂપિયાનો પરદેશી માલ ઠાલવનારા આપણા રાજવીઓ કે તેમના રાજ્યમંત્રીઓ એ વાતનો કયાં વિચાર કરે છે કે, એ બંદરી જકાતની આવક એ વસ્તુતઃ દેશમાંથી ઉલેચી ઉલેચીને પરદેશી માલની કિંમત તરીકે તેમને હાથે પરદેશ મોકલાતા કરોડો રૂપિયા ઉપર તેમને માત્ર એક ટકો કે બે ટકા આડત છે ? એ અન્યાયનું નાણું છે એમ તેઓ કયારે સમજશે ? 'અન્યાયની એક પાઇ પણ ન ખપે' એવો સૂર તેમના અંતરમાંથી કયારે નીકળશે ?)

(તા-૫-૧૦-૧૯૩૨ ના "જય સ્વદેશી"માંથી)

૩૨–कायदो अने गरीबाइ

(લેખકઃ–શ્રી, નયનસુખલાલ હરિલાલ પંડયા.)

(એવા વિકટ સંજોગો ઘણી વાર આવે છે કે જ્યારે ગરીબ માણસ નાણાંને અભાવે કાયદાની બારીકીઓ વચ્ચે મરી રહે છે. આવાઓની જાણને માટે મુંબઇના એક 'કાયદા મંડળ'ના મંત્રી આ લેખમાં અગત્યની માહિતી આપે છે.)

છેલ્લાં લગભગ આઠ વર્ષથી ઉપર લખેલું મંડળ ધી ઓમ્બે લીગલ એડ સોસાયટી મુંબાઇમાં કાર્ય કરતું આવ્યું છે. જાહેર પ્રજાની ખાતર, આ મંડળ સંબંધી જરૂર માહિતી આપતી તકતીઓ હાઇકોર્ટમાં તથા બીજી કોર્ટમાં મૂકવામાં આવી છે. તે છતાં મંડળના કાર્યની માહિતી જનતામાં વિશેષ પ્રવર્તાય તે ઇચ્છવા યોગ્ય છે.

કાયદાની મદદ લેનાર માણસ "ગરીબ" હોવો જોઇએ એમ ઉપર લખ્યું. પણ "ગરીબ" કોને કહેવો? આ સવાલથી સહેજ આશ્ચર્ય થશે. પણ તેના જવાબની જરૂર છે. જે મનુષ્યને ખાવાપીવાનું ના મળતું હોય, જે ધંધારોજગાર વિનાનો થઇ ગયો હોય, જે નાણાંની મુશ્કેલીમાં આવી ગયો હોય તેને ગરીબ ગણવો અને માત્ર તેને જ કાયદા બાબત જરૂરી સલાહ મફત આપવી. જો એવો આશય આ મંડળનો હોત તો જે મનુષ્યોને તે મદદગાર થયું છે તેને તે મદદગાર થઇ શકત નહિ. મતલબ કે, મંડળ માત્ર ઉપર લખેલી વ્યક્તિઓનેજ "ગરીબ" ગણતું નથી; પણ તે ઉપરાંત, જે કોઇ વ્યક્તિને કાયદાની મદદની જરૂર પડે અને "તે પ્રકારની મદદ મેળવવા માટે" તેની પાસે નાણાંનું સાધન પૂરતું ના હોય તો તેને "ગરીબ" ગણીને, કાયદાની મફત સલાહ આપે છે. દાખલાતરીકે કોઇ મનુષ્ય કાયદાની એવી મુશ્કેલીમાં આવી પડે કે તેનું નિરાકરણ કરવા હાઇકોર્ટનો આશરો લેવાની જરૂર પડે. આ મનુષ્ય પાસે પોતાનો સાધારણ ગૃહસંસાર ચલાવવાની શક્તિ અને સાધન હોય, પણ હાઇકોર્ટમાં સોલીસીટર બારીસ્ટર રોકી ખર્ચ કરવાનું તદ્દન અશકય હોય. આ પ્રકારના ઘણા દાખલાઓ હોય છે. આવા સંજોગોમાં હાઇકોર્ટનું ખર્ચ વહોરી લેવું તેના કરતાં પોતાનો હક જતો કરવો તે વધારે ડહાપણભરેલું છે, એમ સ્વભાવિક રીતે વિચાર આવે. પરિણામે ન્યાય મેળવવો ગજા ઉપરાંત ખર્ચાળુ હોવાથી ન્યાય મળતો બંધ થાય છે, અન્યાય થવામાં ઉત્તેજન મળે છે. કારણ કે સામો પક્ષ ધનવાન હોય તો ગરીબ વ્યક્તિને દુઃખ આપી તેની ગરીબાઇનો, ન્યાયની બીક વગર લાભ લે છે. આવા ઘણા દાખલાઓ બનવાથી, સમાજમાં અસંતોષ વધે છે અને ન્યાયની અદાલતો નિરર્થક અથવા હાંસીપાત્ર થાય છે.

આ પ્રમાણે નાણાં બને અને ગરીબને ન્યાય મળે અને ન્યાયની અદાલત સમક્ષ ગરીબ અને તવંગર સરખે દરજ્જે ઉભા રહી ન્યાય મેળવી શકે એ ઉદ્દેશથી એ મંડળ સ્થાપવામાં આવ્યું છે અને તેજ ઉદ્દેશથી એ આટલાં વર્ષોથી કામ કરતું આવ્યું છે. જે કોઇને કાયદાની મદદ જોઇતી હોય, જે કોઇ પોતાના કાયદા પ્રમાણે શું હક છે અથવા પોતાને શિર જવાબદારી છે તે સમજવા માગતા હોય, પણ જે નાણાંની તંગીને લીધે તે સલાહ મેળવવા અસમર્થ હોય તેની સેવા મંડળ કરે છે. મંડળની ઑફિસ કોટમાં, નં. ૧૧૦, મેડોઝ સ્ટ્રીટમાં આવી છે. કાયદાની મદદ મેળવનારે મંડળે તૈયાર કરેલી અને છપાવેલી પ્રશ્નાવલી વાંચી સઘળા પ્રશ્નોનો જવાબ આપવાનો છે. પ્રશ્નો મુખ્યત્વે બે પ્રકારના હોય છે. એક તો અરજ કરનારની નાણાં સંબંધી સ્થિતિ બાબત, અને બીજા પ્રશ્નો, તેને કાયદાની સલાહ જોઇએ તેના સંજોગો બાબત. પ્રશ્નાવલીના જવાબ આપતાં કાંઇ સમજણ જોઇએ તો તે તેને પૂરી પાડવામાં આવે છે.

પ્રશ્નાવલી તેના જવાબ સાથે, મંડળની કમિટિ સમક્ષ મૂકવામાં આવે છે. જો કમિટિને જવાબ ઉપરથી, અથવા વિશેષ તપાસ કરવાની જરૂર જણાય તો વિશેષ તપાસ કરતાં ખાત્રી થાય કે, અરજદારની અરજ શુદ્ધ નિષ્ઠાવાળી છે અને અરજદાર પાસે જે પ્રકારનાં કાયદાનાં પગલાં લેવાં જોઇએ તે પગલાં લેવાનું ખર્ચ કરવાનું પૂરતું સાધન નથી તો મંડળના મેમ્બરોમાંથી એક મેમ્બરને તે અરજદારનું કામ કરવાનું સોંપવામાં આવે છે. અને તે મેમ્બર પાસે જવાનું અરજદારને કહેવામાં આવે છે.

ત્યાર બાદ તે સભાસદ, જેમ ધનવાન અસીલનું કામ કરે તેજ પ્રમાણે પોતાની મહેનત બદલ એક પાઇ પણ લીધા વગર તે અરજદારનું કાયદાનું કામ કરે છે. કોર્ટમાં દાવો કરવાનો હોય તો દાવા-અરજી વગર ફીએ ઘડી આપે છે. જવાબ દાખલ કરવાનો હોય તો વગર ફીએ જવાબ તૈયાર કરે છે. સામા પક્ષ સાથે પત્રવ્યવહાર કરવાનો હોય તો તે પ્રમાણે જ કરે છે. ટુંકામાં, ગરીબ પૈસાદારનો તફાવત તદ્દન બાજુએ મૂકે છે અને પહેલેથી છેલ્લે સુધી તેનું કામ મફત કરે છે. આ પ્રમાણે હોવાથી ગરીબ માણસને અત્યંત રાહત મળે છે અને સામો પક્ષકાર ગમે તેવો ધનવાન હોય તોપણ તેની સામે સરખી પાંતીએ ન્યાયની અદાલત સમક્ષ ઉભો રહી શકે છે.

ન્યાયની અદાલતોમાં ન્યાય મેળવવા માટે સરકારે જાતજાતની કોર્ટ ફી અથવા કર નક્કી કર્યા છે, તે કરો અથવા ફી અરજદારે ભરવી જોઇએ છે, પણ વકીલ બારીસ્ટરો અને સોલીસીટરોનાં બીલોથી જે ત્રાસ થાય છે તેમાંથી ગરીબ માણસને મંડળ બચાવી લે છે.

મુંબાઇમાં મંડળ સ્થાપ્યા પછી, તેનાથી થતા લાભ અને

પ્રજાસેવા થતી જોઇ, કલકત્તામાં પણ એવી સંસ્થા સ્થાપવામાં આવી છે. કલકત્તાના મંડળના માનદ સેક્રેટરી મિ૦ રતનમોહન ચેટરજી સોલીસીટર છે અને તેઓ મુંબઈના મંડળને અનુસરીને કલકત્તાનું મંડળ ચલાવે છે. એવુંજ મંડળ કરાંચીમાં સ્થાપવાનો પ્રયત્ન જારી છે. મુંબાઇમાં વકીલ, બારીસ્ટરો અને સોલીસીટરોમાંથી ઘણાઓ મંડળના સભાસદ થઇ, ઉપર પ્રમાણે સમાજની સેવા કરતા આવ્યા છે. આશા છે કે, તેજ પ્રમાણે અન્ય સ્થળોના કાયદાશાસ્ત્રીઓ પણ પોતાની ફરજ સમજી, આવાં મંડળો સ્થાપી, પોતાના કાયદાના જ્ઞાનને તથા હિંદીત્વને જરૂર શોભાવશે.

(૧૯૩૨ના "મુંબઇ સમાચાર"ના દિવાળી અંકમાંથી)

३३–बे विद्वान पुरुषो

(લેખકઃ—શ્રી. ખલીલ ગીબ્રાં)


એક વાર પ્રાચીન અફખર શહેરમાં બે વિદ્વાન પુરુષો રહેતા હતા. જેઓ એકબીજાની વિદ્વત્તાને ધિક્કારતા અને વગોવતા. કારણ કે તેમાંનો એક દેવોની હસ્તીનો ઇનકાર કરતો અને બીજો તેમાં માનનારો હતો.

એક દહાડો એ બન્ને બજારમાં મળ્યા, અને પોતાના અનુયાયીઓની વચ્ચે દેવોના અસ્તિત્વ અથવા અનસ્તિત્વ વિષે વિવાદ કરવા લાગ્યા. અને કલાકો સુધી ચર્ચા કર્યા પછી તેઓ જુદા પડ્યા.

તે દહાડે સાંજે પેલો નાસ્તિક મંદિરમાં ગયો અને યજ્ઞવેદી સમીપ દંડવત્ પડી ગયો અને પોતાની ભૂતકાળની અસ્થિરતા માફ કરવા દેવોને તેણે પ્રાર્થના કીધી.

અને તે જ સમયે બીજો વિદ્વાન પુરુષ જે દેવોની હસ્તિની હિમાયત કરતો હતો, તેણે પોતાનાં ધર્મપુસ્તકો બાળી નાખ્યાં. કારણ કે તે નાસ્તિક થઈ ગયો હતો.

(૧૯–૧૧–૩૨ ના "ફૂલછાબ"નું મુખપૃષ્ઠ)



૩૪–कल्याण

(લેખક:-શ્રી. "શિવ")

પુરાને ઇતિહાસોં, પુરાણોં ઔર અન્ય ગ્રંથોં સે પતા લગતા હૈ કિ કિસી જમાને મેં મનુષ્ય પ્રાપ્ત ભોગસુખોં કો છોડ કર પરમાત્મસુખ કે લિયે લાલાયિત થા. ઉસને અપને જીવન કા ઉદ્દેશ્ય હી, માન રક્ખા થા. આત્મા કો જાનના પરમાત્મા કો પ્રાપ્ત કરના. ગર્ભાધાન–કાલ સે ઇસીકે લિયે તૈયારી હોતી થી ઔર જીવનભર ઇસીકી શિક્ષા દી જાતી થી. બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ ઔર સંન્યાસ યે ચાર આશ્રમ ઔર બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તથા શૂદ્ર યે ચાર વર્ણ મનુષ્ય કે ઇસ અંતિમ ધ્યેય કી પ્રાપ્તિ કે લિયે હી બનાયે ગયે થે ઔર ઇનકી સુવ્યવસ્થાપૂર્ણ પદ્ધતિ મનુષ્ય કો ક્રમશઃ પરમાત્મા કી ઓર લે જાતી થી. શિક્ષા કા ઉદ્દેશ્ય હી થા, મનુષ્ય કો પૂર્ણ સુખ કી પ્રાપ્તિ કે સાધન બતલા દેના !

× × × ×

સમય ને પલટા ખાયા, મનુષ્ય કી દૃષ્ટિ નીચે ઉતરી, ધ્યેય-પદાર્થ નીચી શ્રેણી કા હો ગયા, અબ તો યહાંતક હુઆ કિ ભોગ-સુખ હી જીવન કા લક્ષ્ય સમઝા જાને લગા. અપના સુખ યા દેશ કા સુખ જો છોટે દાયરે મેં હૈ, વહ અપને સુખ કે લિયે યત્નવાન હૈ; જો બડે દાયરે મેં હૈ વહ દેશ કે સુખ કે લિયે ચેષ્ટા કર રહા હૈ. ઇસકે અંદર ભી નિજ સુખ કી ઇચ્છા તો છિપી હૈ હી. ફિર ઉસ સુખ કા સ્વરૂપ કયા હૈ? ખૂબ ધન હો, સમ્માન હો, સત્તા હો, અધિકાર હો, પ્રભુત્વ હો, ઇનકી પ્રાપ્તિ કે લિયે ચાહે જિસ સાધન કા પ્રયોગ કરના પડે, ચાહે જિસ ઉપાય સે કામ લિયા જાય; ઝૂઠ, કપટ, છલ, દ્રોહ, હિંસા કિસીકે લિયે રૂકાવટ નહીં, કામ હોના ચાહિયે, સફલતા મિલની ચાહિયે. આશ્ચર્ય તો ઇસી બાત કા હૈ કિ મરણધર્મા મનુષ્ય દૂસરે કો લૂટ કર, માર કર સ્વયં સુખશાંતિ સે જીના ચાહતા હૈ.

× × × ×

પરંતુ કયા કિયા જાય! વિદ્યાલય, વિશ્વવિદ્યાલય, આશ્રમ, મઠ, મંદિર, સભી જગહ યહી શિક્ષા મિલર હી હૈ કિ બસ, ધનવાન બનો, અધિકાર પ્રાપ્ત કરો, સત્તા લાભ કરો, ઈસિ લોક કા સુખ હી સુખ હૈ, યહાં કા અધિકાર હી જીવન કા લક્ષ્ય હૈ; યહ ન હુઆ તો જીવન વૃથા ગયા. પરિણામ પ્રત્યક્ષ હૈ. આજ ચારોં ઓર અધિકારી લડાઇ શુરુ હો રહી હૈ, લોગોં કે જીવન દુઃખમય બન ગયે હૈં; કોઈ અધિકારપ્રાપ્તિ કે લિયે વ્યાકુલ હૈ તો કોઈ અધિકાર–રક્ષા કે લિયે. ભગવાન કે લિયે વ્યાકુલ હોનેવાલે રૈદાસ

ચમાર ઔર સજના કસાઇ શાયદ કોઈ નહીં; પરંતુ મંદિરપ્રવેશ સભી ચાહતે હૈં ઔર જિન્હેં મંદિર યા મંદિર મેં સ્થિત ભગવાન કી મૂર્તિ મેં તનિક ભી શ્રદ્ધા નહીં હૈ વે હી લોગ સબકો મૂર્તિ કે સામને લે જાને પર તુલે હુએ હૈં. કયા કહા જાય! હમારા તમામ જીવન હી બાહ્ય હો ગયા, બાહ્ય વસ્તુઓં કે લિયે—ઇંદ્રિય-ભોગોં કે લિયે બિક ગયા. માંસ કે ટુકડોં કે લિયે ચીલ-કૌઓં કી-સી લડાઇ હોને લગી.

× × × ×

કિસી જમાને મેં પરમાત્મા કી પ્રાપ્તિ કે લિયે તપ હોતે થે. આજ ભોગોં કી પ્રાપ્તિ કે લિયે હોતે હૈં! કભી ભગવાન કે પ્રતિ આત્મસમર્પણ હોતા થા, આજ ભોગોં કી પ્રતિમા પૂજી જાતી હૈ! કભી દેહાત્મબોધ છોડ કર બ્રહ્માત્મબોધ કિયા જાતા થા; અબ બ્રહ્માત્મબોધ કી અનાવશ્યકતા સમઝી જા કર ઉસ માર્ગ કે પથિકોં કો ભી દેહાત્મબોધ કી શિક્ષા દી જાતી હૈ. બડેબડે મનીષી, તપસ્વી, સંયમી પુરુષ ભી આજ ભોગોં કી પ્રાપ્તિ કરને કરાને કે લિયે જીવન કી ઔર ધર્મ કી બાજી લગાયે બૈઠે હૈં, ઔર ઇસીકો ધર્મ સમઝા જા રહા હૈ! ઇસ ભોગપરાયણતા-ઇંદ્રિયસુખપરતા કા પરિણામ કયા હોતા હૈ? મનુષ્યોં મેં રાક્ષસી ભાવોં કા ઉદય, દ્વેષ, હિંસા-પ્રતિહિંસા કા પ્રાબલ્ય, ઘોર અશાંતિ ઔર સુખ કે નામ પર દુઃખપૂર્ણ જીવન-યાપન.

× × × ×

ઇસકા પ્રત્યક્ષ પ્રમાણ ભોગ-સુખ ઔર ભૌતિક સત્તા-સામર્થ્ય સે સંપન્ન સમુન્નત કહાનેવાલે દેશોં કી ભીતરી દશા હૈ. પરંતુ ઇસ દશા કો ભી દેખના હોગા ઈશ્વરાભિમુખી જ્ઞાનસંપન્ન ભારતીય નેત્રોં સે. હમને યે નેત્ર ખો દિયે, કમ સે કમ હમારે નેત્રોં પર જાલે છા ગયે. ઇસીસે હમ વિપરીતદર્શી હો રહે હૈં. વહાં કી સભી બાતેં હમેં અચ્છી લગતી હૈં ચાહે વહ બુરી સે બુરી હોં. ઐસા જાદુ છાયા હૈ કિ ઉસને હૃદય કો હી 'પરાયા' બના દિયા. ઇસીકે પરિણામસ્વરૂપ આજ હમ વહાં કે અનાચાર મેં સદાચાર, પાપ મેં પુણ્ય, સ્વાર્થાંધતા મેં દેશભક્તિ, અવનતિ મેં ઉન્નતિ, અધર્મ મેં ધર્મ ઔર પતન મેં ઉત્થાન કા વિપરીત દૃશ્ય દેખ રહે હૈં, ઔર સબ ઓર ઉસીકે પ્રવર્તન કી અંધચેષ્ટા મેં તત્પર હૈં.

× × × ×

જહાં સુખ હૈ હી નહીં, વહાં સુખ કો ખોજના વૈસા હી હૈ જૈસા તપ્ત મરુભૂમિ મેં જલ સમઝ કર ભટકના. ભગવાન શ્રીકૃષ્ણ ને તો ઇસ જગત કો 'અનિત્ય' ઔર 'અસુખ' અથવા 'દુઃખાલય' ઔર 'અશાશ્વત' બતલાયા હૈ. ઔર ઇસકે પ્રત્યેક પદાર્થ મેં

'જન્મ-મૃત્યુ-જરા-વ્યાધિ' રૂપ દુઃખ-દોષ દે કર ઇસસે વૈરાગ્ય કરને કી આજ્ઞા દી હૈ ઔર વૈસા બન કર હી જગન્નાટક કે સૂત્રધાર ભગવાન કી આજ્ઞાનુસાર અપને અપને સ્વાંગ કે અનુકૂલ અભિનય કરને કો નિષ્કામ કર્મ બતલાયા હૈ. આજ હમ ભગવાન શ્રીકૃષ્ણ કી આજ્ઞા માન કર લડને મરને કો તો પ્રસ્તુત હૈં પરંતુ ભોગેચ્છા છોડ કર વૈરાગ્ય ગ્રહણ કરને કે લિયે જરા ભી તૈયાર નહીં. ફલ-સ્વરૂપ નિષ્કામ કર્મયોગ કે સ્થાન પર વિકર્મ-પાપકર્મ હોતે હૈં. ભોગસુખેચ્છા સે પ્રેરિત હો કર રાગદ્વેષવશ કિયે જાનેવાલે અસત્ય કપટ ઔર હિંસાયુક્ત કર્મ પાપ ન હોંગે તો ક્યા હોંગે? પાપ કા ફલ દુઃખ હોતા હૈ; ઉસીકા ભોગ ભી હમ ખૂબ ભોગ રહે હૈં. આશ્ચર્ય ઔર ખેદ તો યહ હૈ કિ ગીતા કી દુહાઇ દે કર મનમાને આચરણ કિયે જા રહે હૈં.

× × × ×

આજ જો કુછ હો રહા હૈ ઇસકે અધિકાંશ મેં ન જ્ઞાન હૈ, ન નિષ્કામ કર્મ હૈ ઔર ન ભક્તિ હૈ. જ્ઞાન મેં પ્રધાન બાધા હૈ દેહાભિમાન કી, સો ઉસકો ખૂબ બઢાયા જા રહા હૈ. નિષ્કામ કર્મ-યોગ મેં પ્રધાન બાધક હૈ સ્વાર્થબુદ્ધિ, જિસકી વૃદ્ધિ કે લિયે પ્રત્યેક સંપ્રદાય ઔર દલ જોરોં કે સાથ સંગઠિત હો રહે હૈં ઔર ભક્તિ મેં પ્રધાન પ્રતિબંધક હૈ શરણાગતિ મેં કમી-ભગવાન પર પૂર્ણ નિર્ભર ન હોના, સો યહ ભી પ્રત્યક્ષ હી હૈ. સચ્ચા જ્ઞાની, સચ્ચા નિષ્કામકર્મી ઔર સચ્ચા ભક્ત કભી છલ, કપટ, દંભ, અસત્ય, અન્યાય ઔર હિંસા આદિ કા અવલંબન નહીં કર સકતા..

× × × ×

ક્યોંકિ જ્ઞાન કે સાધન મેં દેહાત્મબુદ્ધિ કા-શરીર મેં 'મૈં' બુદ્ધિ કા ત્યાગ કરના પડતા હૈ, ઉસકે લિયે આત્મા શરીર સે ઉસી પ્રકાર અલગ હૈ, જિસ પ્રકાર દૂસરે શરીરોં સે હમારા શરીર. યહ સ્થિતિ પ્રાપ્ત હોને પર અર્થાત્ દેહાત્મબુદ્ધિ કે છૂટ જાને પર પાપકર્મ નહીં બન સકતે. ઈસી પ્રકાર સ્વાર્થબુદ્ધિ કે પરિત્યાગ હો જાને પર ઈશ્વરાર્થ કિયે જાનેવાલે નિષ્કામ કર્મ ભી પાપયુક્ત નહીં હો સકતે. ઔર ભગવદ્ભક્તિ મેં તો મનુષ્ય ભગવાન કે શરણ હી હો જાતા હૈ, ઉસ અવસ્થા મેં ઉસકે દૂષિત ભાવોં કા ત્યાગ સ્વા-ભાવિક હી હોતા હૈ. જહાં દુષ્કર્મ હોતે હૈં, સફલતા કે લિયે શાસ્ત્રવિરુદ્ધ કર્મોં કા, પાપોં કા આશ્રય લિયા જાતા હૈ; વહાં જ્ઞાન, નિષ્કામ કર્મ ઔર ભક્તિ કા સ્વપ્ન દેખના મોહમાત્ર હૈ.

× × × ×

ઇસ મોહ કા ભગ્ન હોના આવશ્યક હૈ, પરંતુ હો કૈસે? અજ્ઞાનજનિત ભોગલોલુપતા કે અંધકાર ને હમારે જ્ઞાન કો ઢંક

લિયા હૈ ઔર ચારોં ઓર સે ઇસ અંધકાર કો ઔર ભી ઘન કરને કા અથક પ્રયત્ન હો રહા હૈ. ઇસ અંધકાર કી ઘનતા કો હી જ્ઞાન કા પ્રકાશ કહા જાતા હૈ. મનુષ્ય કી બુદ્ધિ આજ ઉલ્લૂ ઔર ચમગીદડ કી દૃષ્ટિ જૈસી હો ગયી હૈ, જૈસી ઇન પક્ષિયોં કો દિન મેં અંધેરા ઔર રાત કો પ્રકાશ દીખતા હૈ, વૈસે હી હમેં ભી આજ અંધકાર મેં હી પ્રકાશ કા ભ્રમ હો રહા હૈ. ઇસીસે હમ 'કામોપભોગપરાયણ' હો કર સૈંકડોં આશા કી ફાંસિયોં મેં બંધે હુએ કામક્રોધાદિ સાધનોં સે 'કામભોગાર્થ' 'અન્યાયપૂર્વક અર્થપ્રાપ્તિ' કે ઉપાયોં મેં લગ રહે હૈં. મોહ ને હમેં ઘેર લિયા હૈ, અભિમાન ને હમેં અંધા કર દિયા હૈ, લોભ ને હમારી વૃત્તિ કો બિગાડ દિયા હૈ, મદ ને હમેં ઉન્મત્ત બના દિયા હૈ, ઇસીસે આજ હમ 'અહંકાર-બલ-દર્પ-કામ-ક્રોધ' કા આશ્રય લે કર 'સર્વભૂતસ્થિત' ભગવાન કે સાથ દ્વેષ કરને લગે હૈં. ઇન આસુરી ભાવોં કા પરિણામ નરક કી યંત્રણાએં ઔર અધમ ગતિ કે સિવા ઔર ક્યા હો સકતા હૈ?

ઉપાય ક્યા હૈ? ઉપાય હૈ ભગવદારાધન! જિન લોગોં કો ભગવાન મેં કુછ ભી વિશ્વાસ હૈ વે સબકી ઐસી બુદ્ધિ હોને કે લિયે ભગવાન સે સરલ શ્રદ્ધાયુક્ત અકૃત્રિમ પ્રાર્થના કરેં. ઉઠતે હુએ ભગવદ્વિશ્વાસ કો અપને શુભ આચરણ ઔર સચ્ચી ભક્તિ કે દ્વારા ફિર જમાવેં. ભગવતશ્રદ્ધા કે સુખતે હુએ વૃક્ષ કી જડ કો સચ્ચી નિર્ભરતા કી અશ્રુજલધારા સે સીંચે. આપ્તવચનોં પર શ્રદ્ધા કરેં, ઋષિમુનિયોં કો ભ્રાંત માનના છોડ દેં. જીવન કો તપ-સંયમ સે પૂર્ણ બના કર ભગવત્કૃપા કા આશ્રય ગ્રહણ કરેં. અટલ વિશ્વાસ તથા પરમ શ્રદ્ધા કે સાથ ભગવાન કે ચરણોં કી સેવા કરેં ઔર ઉનકે પવિત્ર નામ કા જપ કરેં.

× × × ×

મનુષ્ય કો સાવધાન હો કર યહ સોચના ચાહિયે કિ યહાં સભી ભોગ-સુખ અનિત્ય હૈં, વીજલી કી ભાંતિ ચંચલ હૈં. શરીર કચ્ચે ઘડે કે સમાન અચાનક જરા સી ઠેસ લગતે હી નષ્ટ હો જાનેવાલા હૈ, ઇસ લિયે ભોગોં સે મન હટા કર ભગવાન મેં પ્રેમ કરેં. ભગવાન કે લિયે હી જગત કે સારે કાર્ય કરેં. જગત કે લિયે ભગવાન કો કભી નહીં ભુલાયા જાય. ભગવાન કે લિયે જગત કો છોડના પડે તો આપત્તિ નહીં, પરંતુ જગત કે લિયે ભગવાન કભી ન છૂટેં. યદિ મનુષ્ય ઇસ પ્રકાર નિશ્ચય કર લે તો ફિર જગત કે છોડને કી ભી જરૂરત નહીં પડતી, સારા જગત ભગવન્મય હી તો હૈ.

हरिरेव जगत्, जगदेव हरिः।

("કલ્યાણ"ના એક અંકમાંથી)

३५-मिस्टर और कनिस्टर की बातचीत

(લેખક:-શ્રી. આર. એસ. ટી.)

મિસ્ટર—આપને અખબારોં મેં દેખા હોગા કિ વિલાયત મેં પાગલોં કી સંખ્યા બહુત બઢ રહી હૈ ઔર વહાં કે અસ્પતાલોં મેં જગહ કમ પડ ગઈ હૈ.

કનિસ્ટર—ક્યા કોઇ કહે ? વહાં પાગલ જ્યાદા યહાં અન્ધે જ્યાદા.

મિસ્ટર—યહ ભી અખબાર મેં દેખા થા કિ સલામ ન કરને કી વજહ સે કિસી ભલે આદમી પર એક અંગરેજ ને ગેંદ ખેલનેવાલી થાપી મારને કે લિયે ઉઠાઈ થી.

કનિસ્ટર—જહાં તક મુઝે યાદ પડતા હૈ, યહ કિસ્સા લૈન્સડાઉન કા હૈ. ખૈર, કહીં કા હો, મેરી તો રાય યહ હૈ કિ યદિ થાપી ઉઠાઈ થી તો જમા દેના ચાહિયે થા.

મિસ્ટર—વાહ, આપને ખૂબ કહા ! યહ ભી કોઇ બાત હૈ, યહ કહાં કી સભ્યતા હૈ ?

કનિસ્ટર—આપને ઇસ મામલે મેં ભી અપના પુરાના 'સભ્યતા' કા રાગ અલાપના શુરૂ કર દિયા. સભ્યતા ક્યા હૈ ? વહી સભ્યતા હૈ જો કુછ કિ સભ્ય આદમી કરે.

મિસ્ટર—તો ફિર પહલે યહ સવાલ ઉઠેગા કિ સભ્ય મનુષ્ય હમ કિસે કહ સકતે હૈં.

કનિસ્ટર—મેરી સમઝ સે ઉસે જો દૂસરોં કો અસભ્ય સમઝે.

મિસ્ટર—આપકી રાય તો નિરાલી હોતી હી હૈ, લેકિન મેરી સમઝ સે એક કાનૂન બના દેના ચાહિયે કિ કોઈ ભી ઐસા બર્તાવ હિંદુસ્તાનિયોં કે સાથ ન કર સકે.

કનિસ્ટર—ઔર યદિ કરે......

મિસ્ટર—તો ઔર ક્યા, સજા.

કનિસ્ટર—ખૂબ કહા ! તો ક્યા હિંદુસ્તાનિયોં કો મારનેપીટને, ગાલી દેને કી વજહ સે અંગરેજોં કો સજાયેં હુઆ કરેં ? તબ તો અંગરેજ ઇસી ભર કે હુએ. દિન મેં સૈકડોં ગિરફતારિયાં હુઆ કરેંગી.

મિસ્ટર—હાં, ખૂબ યાદ આયા ! ઉસ રોજ આપ ક્યા કહ રહે થે ? અંગરેજી કે કૌન કૌન શબ્દોં કે આપ ખિલાફ થે ?

કનિસ્ટર—હોગા ભી.

મિસ્ટર—નહીં, બતલા દીજિયે.

કનિસ્ટર—ખૈર, સુનિયે, 'પ્રિન્સિપલ' (સિદ્ધાંત) શબ્દ યહ આજતક મેરી સમઝ મેં નહીં આયા. આપ જો ચાહેં સો કરેં.

આપકા 'પ્રિન્સિપલ' (સિદ્ધાંત) આપકી સહાયતા કરેગા.

મિસ્ટર—કૈસે ?

કનિસ્ટર—જૈસે આપ શામ કો બૈઠે શરાબ પી રહે હૈં ઔર કિસી ગાંધી ટોપીવાલે ને મના કિયા તો આપ કહ સકતે હૈં કિ યહ આપકા 'સિદ્ધાંત' હૈ કિ દિનભર કામ કરને કે બાદ આપકો મનોરંજન કરના ચાહિયે.

મિસ્ટર—અચ્છા. દૂસરા કૌન શબ્દ હૈ ?

કનિસ્ટર—દૂસરા શબ્દ 'અંતઃકરણ' હૈ. યહ ભી બડે માર્કે કા શબ્દ હૈ. યહ ભી મનુષ્ય કી બડી સહાયતા કરતા હૈ. ચાહે જિતના અચ્છા કામ હો ઔર આપ ન કિયા ચાહતે હોં તબ કહ દીજિયે કિ આપકે અંતઃકરણ કે ખિલાફ હૈ. લોગોં કા મુંહ બંદ હો જાયગા. જૈસે કોઈ આપસે કહે કિ કેવલ સ્વદેશી હી ચીજેં આપ ખરીદા કરેં તો આપ કહ સકતે હૈં કિ આપકા અંતઃકરણ ઇસ પર રાજી નહીં હોતા હૈ કિ સિર્ફ હિંદુસ્તાનિયોં કા હી ફાયદા હો. ઔર સુનિયે. અંગરેજી ભાષા કે યે દો શબ્દ "થેંક યુ" (મૈં આપકા કૃતજ્ઞ હૂં) અમૂલ્ય હૈં. યદિ આપકા રૂમાલ જમીન પર ગિર પડા ઔર કિસીને ઉઠા દિયા તબ ભી "થેંક યુ" સે કામ ચલ જાયગા. ઔર યદિ કિસીને આપકી જાન બચા લી તબ ભી વહી શબ્દ દોહરા દીજિયે ઔર ભૂલ જાઇએ કિ કિસીને કોઇ આપકી સેવા કી થી. કૃતજ્ઞતા કે મૈલ સે મનુષ્ય કો ધો કર સાફ કર દેને કે લિયે યે દો શબ્દ ફિનાયલ કા કામ કરતે હૈં.

મિસ્ટર—રહને ભી દીજિયે, બિલકુલ નયે માને આપને બતલાયે, કભી ભી નહીં સુના થા.

કનિસ્ટર—આપ તો જાનતે હી હૈ કિ મુઝે અંગરેજી નહીં માલૂમ હૈ. હાં, અંગરેજી ફેશન કા પૂજારી અવશ્ય હૂં—મૂંગ કી ગલી ખિચડી નહીં હજમ હોતી હૈ, હંટલી પામર કે બિસ્કુટ દર્જનોં ચટ કર જાતા હૂં. જિન અંગરેજી શબ્દોં કે અર્થ મૈંને બતલાયે ઉનકે અસલી અર્થ ચાહે જો હોં; પર અબ ઉનકા પ્રયોગ હોતા ઇન્હીં અર્થોં મેં હૈ.

મિસ્ટર—અભી થોડે હી દિન હુએ, મૈંને એક અખબાર મેં દેખા થા કિ કિસી પશ્ચિમીય દેશ મેં (નામ ભૂલ ગયા) એક કમેટી ઇસ બાત કા પતા લગાને કે લિયે બૈઠી થી કિ કયા મોટે આદમી અધિક ચરિત્રવાન્ હોતે હૈં ? કમેટી ને ભી ઇસી રાય કા સમર્થન કિયા હૈ.

કનિસ્ટર—કમેટી કી કોઇ જરૂરત નહીં થી. યદિ મુઝસે કોઇ પૂછતા તો ફૌરન મૈં બતલા દેતા !

મિસ્ટર—આપકો કૈસે માલૂમ થા ?

કનિસ્ટર—દેખિયે ન, પુલિસ મેં બહુત કમ મોટે આદમી હોતે હૈં.

મિસ્ટર—વાહ ! આપને તો ગજબ કિયા.

કનિસ્ટર—ગજબ કયા કિયા ? યહ પુરાના સિદ્ધાંત હૈ. 'જૂલિયસ સીઝર' નામક નાટક મેં શૈકસપિયર ને યહ રાય 'સીઝર' કે મુંહ સે પ્રકટ કરવાઈ હૈ. ઔર દેખિયે, મોટે આદમી દૌડને સે મજબૂર, વૈસે હી એક બોઝ ઉનકી ટાંગોં પર હૈ. કિસીકે ઘર મેં સેંધ લગાને સે મજબૂર! એક પૂરે દરવાજેભર કી જગહ હો તબ નિકલ પાવેં, જેલખાને જાને સે મજબૂર, સોચતે હૈં કિ ઝલરા-રોટી કા સામના કરના પડેગા, ભૂખોં મર જાયંગે—ઔર યદિ કહીં કિસી અંગરેજ કૈદી કી સેવા કરની પડી તો ઔર આફત, દિન-રાત ગાલિયોં ઔર ઠોકરોં કી બૌછાર. અબ ઉધર મહાત્મા ગાંધી કો દેખિયે—કિતને દુબલે-પતલે શરીર, કિતના જીર્ણ-શીર્ણ ? પર જો કુછ કિયા વહ કોઇ ઔર શાયદ હી કર સકે. હંસતે રહે, મીઠી મીઠી બાતેં કરતે રહે ઔર વહ પાસા ફેંકા કિ કોઇ મૈન્ચેસ્ટર ઔર લંકાશાયરવાલોં કે દિલ સે પૂછો, દુબલે આદમિયોં સે ઇશ્વર બચાવે.

મિસ્ટર—આપ ઇધર-ઉધર કી તો બાતેં કરતે હૈં, પર આજકલ રાજનૈતિક બાતેં નહીં કરતે હૈં.

કનિસ્ટર—આજકલ વે બાતેં કરના જેલખાને જાને કા રાસ્તા સાફ કરના હૈ, અગર મજાક મેં હી કોઇ બાત મુસલમાનોં કે ખિલાફ મુંહ સે નિકલ જાય તો 'ઇસ્લામ ખતરે મેં હૈ' કી આવાજ સૂબેભર મેં ગૂંજને લગે. એક બેચારી છોટીસી તખતી ને કાનપુર મેં કયા આફત પૈદા કર દી ! ઔર અગર કોઇ બાત ગવર્નમેન્ટ કે ખિલાફ મુંહ સે નિકલે તો બસ દૂસરે હી દિન 'બડે ઘર' કી હવા ખાના પડે. ઉસકે બાદ ફિર અખબારોં મેં બહસ શુરૂ હો કિ સજા ગાંધી-અરવિન સમઝૌતે કે ખિલાફ હૈ યા નહીં, ચાહે ખિલાફ હો યા મવાફિક, ચક્કી મુઝે પીસના પડે. ઐસે સમઝૌતે અકસર હુઆ કરતે હૈં. ઉસ રોજ વાયસરાય ને અપની સ્પીચ મેં કહા થા કિ જેલ કે દારોગોં કો ભી સિખાના ચાહિયે કિ અગર ચોટ વગૈરહ લગ જાય યા કોઇ બિમારી એકદમ સે હો જાય તો જબ તક કોઇ ડૉકટર આયે તબ તક ઉસકી રોકથામ કી જા સકે. મૈં બહુત ઇસકે મુવાફિક નહીં હૂં.

મિસ્ટર—ઇસમેં આપકા કયા નુકસાન હૈ ?

બાળકોને માટે ત્યાં ખાસ સાહિત્ય તૈયાર કરવામાં આવ્યું છે. તેમાં પણ મુડીવાદનાં અનિષ્ટો, કામદારોની કમનસીબ હાલત અને તે દૂર કરવા માટે સમાજવાદની સ્થાપના, આ બાબતો મુખ્યત્વે ચર્ચી હોય છે. આ સાહિત્યમાં મોટા મોટા રાજાઓનાં કે શ્રીમંતોનાં કે ધર્મગુરુઓનાં ભભકદાર, સામાન્ય માણસને આંજી નાખે એવાં, કે તેમની મહત્તાને આગળ પાડે એવાં વર્ણનો કે ચિત્રોને સ્થાન નથી. આ સાહિત્યમાં તો આપખુદ મુડીદારો, રાજાઓ અને સત્તાઓની સામે થયેલા કામદાર વર્ગનું હૂબહૂ ચિત્ર રજુ કરવામાં આવે છે. જે જે દેશોમાં જે જે પ્રસંગે કોઇ પણ અમુક પક્ષ કે વર્ગની સ્થાપિત સત્તા સામે બળવો થયો હોય તે તે પ્રસંગોનાં ચિત્રો અને પ્રસંગો આપ્યા હોય છે.

અહીંના બાલસાહિત્યની જેમ તેમાં આકાશી પરીઓની કે પાતાળની પ્રેમદાઓની કે જાદુઇ ઘોડાની કે રાજાને સાત રાણીઓ હતી, તેમાં એક માનેતી અને છ અણમાનેતી એવી અર્થ વગરની વાર્તાઓ, કે બાળકોને ભડકાવનારી અને બચપણથીજ તેમનામાં ભૂતપ્રેતની બીક દાખલ કરનારી ભૂતપ્રેતની વાર્તાને સ્થાન નથી. તેમ તેમાં નસીબ ઉપર આધાર રાખવાથી બધું થાય છે, પુરુષાર્થની કાંઈ કિંમત નથી, નસીબજ બળવાન છે, ઇશ્વરજ બધાંનો કર્તાહર્તા અને સરમુખત્યાર છે, આ જગત ખોટું છે, આ જીંદગી કાંઈ કામની

નથી, આ દેહ નાશવંત છે, પરલોકજ સાચો છે, વગેરે અવળી રીતે સમજાએલી અને મનુષ્યના જીવનની ઘાતક તેમજ જીવનને પુરુષાર્થ-હીન, ઉત્સાહહીન અને આનંદહીન બનાવનારી આખ્યાયિકાઓને પણ સ્થાન નથી.

પણ મૂડી મજુરીના ઝઘડાને તેમાં સ્થાન છે, કામદારોના સંગઠનથી ધારેલી સિદ્ધિ મેળવી શકાય છે એવું તેમાં બતાવવામાં આવ્યું છે. પુરુષપ્રયત્ન કરવાથી મનુષ્ય આગળ વધી શકે છે, સમાજની રચના ઈશ્વરકૃત નથી તેમ ફેરફાર ન થઇ શકે એવી નથી, પણ મનુષ્યકૃત છે, અને ફેરફાર થઇ શકે એવી છે; માટે લમણે હાથ દઇ નસીબને દોષ ન દેતાં પુરુષાર્થ કરવાનો તેમાં ઉપદેશ છે.

વહેમોને બદલે તેમાં વિજ્ઞાનથી થતા લાભની વાતો કરવામાં આવી છે. યંત્ર ખરાબ છે એવી દલીલ તેમાં નથી થતી, પણ યંત્રની માલેકી વ્યક્તિગત આવી પડવાથી મૂડીવાદની ઉત્પત્તિ થાય છે અને એ મૂડીવાદના નાશ માટે યંત્રોની-કારખાનાંઓની માલેકી, વ્યક્તિની નહિ પણ રાજ્યની-સમાજની હોવી જોઇએ; એવું તેમાં દર્શાવવામાં આવ્યું છે. આવા પ્રકારનું સાહિત્ય સોવીએટ રશિયાનાં બાળકોને માટે તૈયાર કરવામાં આવે છે.

'ધ રેડ કૉર્નર બુક' એ આ પ્રકારના સાહિત્યનો એક સુંદર નમુનો ગણી શકાય. આ આપણે ત્યાં દર વર્ષે બાળકો માટે પ્રસિદ્ધ થતા ખાસ અંક જેવો અંક છે. ૧૧૦ પાનાના આ ગ્રંથમાં આશરે ૨૦ જેટલા વિષયોનો, કેટલાંય ચિત્રો સાથે સમાવેશ કરવામાં આવેલો છે. તેમાંના માત્ર બે વિષયોનો કાંઇક ખ્યાલ આપવાથી એ ગ્રંથ વિષે વાચકને ચોક્કસ વિચાર આવશે.

પ્રથમ તો 'જગત તરફ દૃષ્ટિ' નામની સચિત્ર ૧૩૨ લીટીની કવિતા છે. તેમાં કારખાનાનો મુડીદાર માલેક મજૂરોના પરસેવાથી ઉત્પન્ન થતા નફામાંથી મોજશોખ કરે છે અને મજૂરો અને તેનાં સ્ત્રી બાળકો પેટ પૂરતું ખાવા નથી પામતાં તેથી કંગાલ અને દુઃખી હાલત ભોગવે છે તેનું વર્ણન છે. સાથોસાથ મુડીદારો અને મજુરો વચ્ચે ચાલતી લડતનું હૃદયદ્રાવક વર્ણન પણ છે. સિપાઇઓ કામદારોને મારે છે, કોઇને જેલમાં નાખે છે, કોઇને દેશપાર કરે છે તેના પણ દેખાવો છે અને પછી મજુરોના હાથમાં રાજ્યની સત્તા આવતાં તમામ લોકો કેવા સુખી થયા છે, કેટલા તંદુરસ્ત બન્યા છે તેની વાત આપેલી છે.

'શા માટે?' નામની વાર્તામાં પોલ નામનો એક નાનો માબાપ વગરનો છોકરો વર્કહાઉસ (એક પ્રકારનું અનાથાશ્રમ)માં રહે છે, તે દરેક વસ્તુનું કારણ જાણુવા ઇંતેજાર હોય છે. તે એક દહાડો ચીઢાઇને વર્કહાઉસમાંથી બહાર જાય છે. ત્યાં તેને એક કુકડી મળે

છે. પોલ આ કુકડીને પૂછે છે કે, તારાં ઇંડાં કયાં જાય છે? અને તે કોણ ખાય છે? તેના જવાબમાં કુકડી કહે છે કે તે શહેરમાં જાય છે અને પૈસાદાર માણસો તે ખાય છે. પોલ પૂછે છે કે શામાટે મને કોઇ દહાડો એક પણ ઇંડુ ખાવા નથી મળતું? જવાબમાં કુકડી કહે છે કે તારી પાસે ઇંડુ ખરીદવાના પૈસા નથી.

આ ઉપરથી પોલ એવો પ્રશ્ન કરે છે કે, શામાટે મારી પાસે પૈસા નથી? આ પ્રશ્નનો ઉત્તર કુકડી આપી શકતી નથી, એટલે તે રીસે ભરાય છે અને પોલ ત્યાંથી એક ગાય પાસે જાય છે. ગાય પણ તેના પ્રશ્નનો ઉત્તર આપી શકતી નથી. તે પછી તે આગળ વધી ખેતરમાં જાય છે. ત્યાં ધાન્યનાં કણુસલાં જોવામાં આવે છે. તેને તે પ્રશ્ન પૂછે છે. તેના જવાબમાં કણુસલું કહે છે કે, જગતની બધી ચીજો પૈસાદાર માણસોજ મેળવી શકે છે.

ત્યાંથી પોલ એક ઘૂડ પાસે જાય છે; અને તેને પોતાનો પ્રશ્ન ફરીથી પૂછે છે. ઘૂડ ચીઢાઇને કહે છે કે "માણસો આટલા બધા મૂર્ખ શા માટે છે?" આ પ્રશ્નમાં બધા પ્રશ્નો સમાઇ જાય છે. પોલ કહે છે કે, શું માણસો સાચેસાચ મૂર્ખ છે? ઘૂડ ચીઢાઇને બોલી ઉઠે છે: 'હા. આટલું નથી સમજતો? તારા વર્કહાઉસમાં જે લોકો કામ કરે છે તેને સારૂં ખાવાપીવાનું અને ઓઢવાનું મળતું હશે? પોલે ના પાડી. ઘૂડે કહ્યું કે, એનો અર્થ તો એમજ થયો કે એ લોકો બીજાને માટે કામ કરે છે. અને બીજાના લાભને માટે કામ કરવું એનું નામ મૂર્ખાઇ નહિ તો બીજું શું?

પોલ પૂછે છે કે ગરીબ માણસો મૂર્ખા શામાટે છે? ઘૂડે અતિશય ચીઢાઇને કહ્યું કે આ પ્રશ્ન તો હું વર્ષોથી વિચારૂં છું, પણ મને તેનો ઉત્તર જડયો નથી. થોડાં વરસ પછી આવજે. પોલ કાંઇક પૂછવા જતો હતો, પણ ઘૂડે કહ્યું કે કોયલ પાસે જા.

પોલ કોયલ પાસે ગયો અને તેને બધી વાત કરી. આ સાંભળી કોયલ હસી પડી અને બોલી: "હજારો માણસો તારા જેવા મુંઝાએલા અને દુખી છે અને આવોજ પ્રશ્ન પૂછી રહ્યા છે. જમીનને કાન લગાડ અને શું સંભળાય છે તે મને કહે.

પોલે જમીનને કાન લગાડયો અને કહ્યું કે, એક છોકરૂં તેની મા પાસે ખાવાનું માગી રહ્યું છે અને ભૂખ્યું હોવાથી રડે છે. એક નાનો છોકરો કહે છે કે, આ ગરમીના દિવસોમાં આ ઘરમાં તો ગુંગળાઇ જવાય છે. શામાટે પૈસાદારનાં છોકરાંઓની પેઠે હું દરિયાકિનારાની ઠંડી લહેરો ન લઇ શકું? એક માણસ કહે છે કે, શામાટે પૈસાદારો બધી મોજ ભોગવે છે અને મજુરોને કશુંજ મળતું નથી? અને બે અવાજો એકી સાથે બોલી ઉઠે છે—આ બધું શામાટે? શામાટે?

પોલ પૂછે છે કે, આ બધા અવાજ કોના છે? કોયલ કહે છે કે, એ બધા ગુલામો છે-તારાજ કુટુંબીઓ છે. જેમ જેમ તું મોટો થઇશ તેમ તેમ આવા હજારો સવાલો સાંભળીશ. એ સવાલો પૂછનારાની સંખ્યા વધતી જશે અને ત્યાર પછી એ સવાલનો ઉત્તર મળશે અને તે પછી કામદારોની ભૂખ અને દુઃખનો અંત આવશે.

પણ આ બધું કયારે બનશે? પોલે પ્રશ્ન કર્યો.

કોયલે કહ્યું કે "ચોક્કસ તો હું ન કહી શકું. પણ એ સમયને બહુ વાર નથી. અને એ સમય જલદી લાવવા માટે તું જે પ્રશ્નો પૂછે છે તેવા પ્રશ્નો પૂછયા કર. ગરીબોને માટે આ દુનિયા આટલી બધી ખરાબ એટલા માટે છે કે શ્રીમંતો લોભી સ્વાર્થી અને અદેખા છે. ગરીબોની પાસે જઇને પૂછયા કર કે શામાટે તમે સખ્ત મજુરી કરવા છતાં સૂકો રોટલો ખાઓ છો? અને આળસુ શ્રીમંતો ઘીમાં બોળેલી રોટલી ખાય છે? શામાટે તમારાં બાળકો ફિક્કાં, માંદાં અને માયકાંગલાં છે, અને શ્રીમંતોનાં છોકરાં હૃષ્ટપુષ્ટ, ગુલાબી અને તંદુરસ્ત છે? શા માટે આખી જીંદગી કામ કર્યા પછી તમારે વર્ક હાઉસમાં જવું પડે છે? શામાટે વધારે આળસુ શ્રીમંતોની વૃદ્ધાવસ્થામાં સારી સંભાળ લેવાય છે?"

થોડી વાર અટકીને કોયલ બોલી: "પણ શ્રીમંતો તારાપર જુલમ કરશે. તારો અવાજ દાબી દેશે, તું મોટો થઇશ એટલે તને કેદમાં નાખશે કે જેથી તારો અવાજ કોઇ સાંભળી ન શકે. પણ તને અનેક સાથીઓ મળી રહેશે. જા, આગળ વધ." આમ કહી કોયલ ઉડવા લાગી.

"પણ એક સવાલનો જવાબ આપતાં જાઓ. ઘૂડે તો ૮૦ વરસ સુધી રાહ જોવાનું કહ્યું છે. મારા પ્રશ્નના જવાબ માટે આટલી બધી વાર લાગશે?" પોલે પ્રશ્ન કર્યો.

"એનો આધાર માણસો ઉપર છે." કોયલ ઉડતાં ઉડતાં બોલી: "કદાચ માણસોને ડાહ્યાં થતાં ૮૦ વરસ લાગશે, તમે અને તમારા સાથીઓ પ્રશ્નો પૂછયા કરશો તો ૫૦ વરસ પણ લાગે, સ્વતંત્રતા અને સુખનો દિવસ ૨૦ કે ૧૦ વર્ષમાં પણ આવે. કદાચ કાલે પણ આવે." આટલું કહી કોયલ ઉડી ગઇ.

("શારદા" માસિકમાંથી)

૪૧–कामदारोनी कंगालियत

(લેખક:—શ્રી. અજીઝ બેગ)

કંગાલિયત તે ઘરની રાણી હોય છે! અંધારાં તે ઘરનાં સૈનિકો હોય છે! ભૂખમરાના પડછંદ તે ઘરના આભાસ જેવા પડઘા હોય છે, જ્યાં ચોવીસે કલાક હવા–ઉજાસને બહાર રાખવા માટે ભૂખમરો ચોકી કરતો હોય છે! એવી કારમી કોટડીઓ.

કાળી કોટડીઓ! કેવો શબ્દ! જાણે સદીઓથી માર ખાઇ એ શબ્દ પણ કાળો બની ગયો હોયને!...

ઇંગ્લેન્ડમાં એવી કાળી કોટડીઓ છે. કામદારો, ગરીબો અને શ્રમજીવીઓને રહેવા માટેની આ કોટડીઓમાં કંગાલિયતની બિરાદરી સાધતા તેઓ જીંદગી બસર કરે છે; જ્યારે આપણે બધા ટેસ્ટ મેચ, ઘોડાની શર્તોના કપ, પીંગપોન્ગની 'ચેમ્પીઅનશીપ' બોકસરોની કુસ્તીઓ વિષેની મોટી મોટી વાતો કરી રહ્યા હોઇએ છીએ!...બીજી બાજુ કારમી કંગાલિયત નિર્દયતાપૂર્વક મશ્કરી કરતી હોય છે!

બ્રિટનની એ કંગાલ કોટડીઓમાં રહેનારાઓનાં કેવાં જીવન હોય છે એ વિષે બી. બી. સી. એ ઘણીયે વાર રેડીઓ દ્વારા ઝબાન ફેંકી છે. થોડાજ સમય પહેલાં મિ૦ ચેમ્બરલેઇને આ ઉજાસ વિનાની કાળી કોટડીઓ વિષે લોકોમાં થોડાક સુંદર લાગતા શબ્દો ફેંકયા હતા.

આ કાળી હવાઉજાસવિહોણી કોટડીઓ કેવી હોય છે? કામદારોના નિશ્વાસોના કાળા પડઘા જેમાંથી સંભળાય છે, જેમાં એકથી વધુ આદમીઓ ખીચોખીચ રીતે રહેતા હોય છે, જેમાં રહેવા સૂવા માટેની એટલી તંગાશ હોય છે કે ન પૂછો વાત. એમાં બ્રિટનનો કામદાર વર્ગ રહેતો હોય છે.

આવી કાળી કોટડીઓ વિષે આજથી ૭૦ વર્ષ પહેલાં લંડનમાં ભારે અવાજ ઉઠાવવામાં આવ્યો હતો. સમાજને આ હાલત આબાદ સ્પર્શી ગઇ. વર્તમાનપત્રોએ સુધારા માટે પોકાર કર્યો. ત્રીસ વર્ષ બાદ લંડનના 'સન્ડે ક્રોનીકલ' નામક પત્રના એક લેખક મિ૦ રોબર્ટ બ્લેચફર્ડ અને તેના ચિત્રકાર મિ૦ વિલિયમ પામર આ અનિષ્ટ સામે ઝુંબેશ ઉઠાવવા લાગ્યા. પોતાના પત્રમાં વાણી અને ચિત્રોથી આ બે પુરુષોએ સુધારા માટે ચાલુ પોકારો કર્યા. મેન્ચેસ્ટરના મજદૂરોનાં કંગાળ રહેઠાણો સુધારવા આ પ્રમાણે જબરજસ્ત પ્રચારકાર્ય ચાલુ રાખ્યું.

રૉબર્ટ બ્લેચફર્ડ પોતાના એક લેખમાં લખે છે કે "અમે અમારા કાર્યમાં ઘણા પરિપૂર્ણ હતા; અને એ કંગાલ રહેઠાણો વિષે પૂરેપુરી હકીકતો, આંકડા અને તેને લગતા લેખો અને ચિત્રો આપતા

હતા." આ બધી હકીકતો જેને વાંચવી હોય તો તેઓને ૧૮૮૯ના 'સન્ડે ક્રોનીકલ'ની ફાઇલો તપાસી જોવાથી બરાબર માલૂમ પડશે.

૪૩ વર્ષ પૂર્વે આ બધાં આંદોલનો બન્યાં. લોઇડ જોર્જે લખેલા જમીનસુધારા અને ગ્રહ વિષેના પુસ્તકોના સંબંધમાં તેણે લંડનનાં વર્તમાનપત્રોમાં છ વર્ષ પહેલાં લેખો લખ્યા હતા. એ પુસ્તકોમાં કાળી કોટડીઓ વિષે ચિતાર આપવામાં આવ્યો હતો.

હજી એ કાળી કોટડીઓ નજરસામે તરવરે છે. મિ૦ ચેમ્બરલેઇન અને બી. બી. સી.ની ઝબાન એ વાતો તાજી કરી આપે છે. એ કાળી કોટડીઓ હજીએ લંડનમાં નજરે પડે છે. કામદારોની કાળી હાલત જોનારને સ્પર્શે છે. અમે એ અનિષ્ટોને ટાળવા જે ઝુંબેશ જગાવી હતી તે તો એકદમ બેઅસર બની રહી. હજીએ એ કાળી કોટડીઓ અસ્તિત્વ ધરાવે છે, એનો ઉદ્ધાર હજી થયો નથી.

એ વિષે ખુબાખુબ લખવામાં આવ્યું. ચાલીસ વર્ષ પહેલાં મોજશોખમાં-અયશઆરામમાં મહાલતા લોકો મેન્ચેસ્ટરની એ કાળી કોટડીઓ ઉપર નજર નાખતા; મોં બગાડતા; ચહેરા ઉપર કરુણ ભાવો આણતા અને લાગણીભીના બની જતા. પછી બોલતાઃ "આવા કંગાળ શહેરને તો જલાવી નાખવું જોઇએ." પણ કંઇયે થયું નથી.

પણ આજે તો એ કાળી કોટડીઓ કે જ્યાં હવાઉજાસને સ્થાનજ નથી, જ્યાં ચોવીસે કલાક અંધારાં અને ભેજવાળા વાતાવરણે ઘર કર્યાં હોય છે તેમાં વધારે માનવીઓ સીકડાઇ સીકડાઇને રહે છે. આગળ એક કોટડીમાં બે માનવી રહેતાં તો આજે ત્યાં પાંચ કે સાત મનુષ્યો રહે છે. આપણે જાણીએ છીએ કે આવાં કંગાળ સ્થળોને હઠાવી નાખવાં જોઇએ; પણ રસ્તે ચાલતો આદમી પુકારી ઉઠે છેઃ "ત્યારે જે લોકો આ મકાનોને પાડી નાખવાની વાતો કરે છે તેઓ શામાટે નવાં નથી બંધાવી આપતા?"

પણ 'તેઓ' કોણ છે?...નવાં ઘર કોણ બાંધી આપે? હવાઉજાસ વગરનાં ઘરો પાડી નાખવાનું કામ કોનું છે? 'તેઓ' શામાટે તેમ કરતા નથી?

કોઇ પણ રસ્તે જતો માણસ આવા પ્રશ્નોની પરંપરાને પકડીને આગળ વિચાર ચલાવશે તો તેને માલૂમ પડશે કે 'મિલ્કત અને તેનું વ્યાજ' આમાં મુખ્ય ભાગ ભજવે છે. મિલોમાં, કારખાનાંઓમાં કામ કરનારા ગરીબ મજદૂરોને એ કાળી કોટડીઓમાં કંગાલીઅતના આશરે પડી રહેવું પડે છે. મજદૂરો આ કાળાં મકાનોને છોડી કેવી રીતે દે?—તેમના પગાર વધારે હોતા નથી. બીજે સારે સ્થળે રહેવા જવું એટલે વધારે ભાડું ભરવું જોઇએ. જો પગાર

વધારવાની વાતો કરવામાં આવે તો મીલમાલેકો અથવા પૈસાદારો તેને 'સમાજવાદી'ની ઉપાધિ આપી દેશે અને તેને બેકાર બનાવશે.

જ્યાંસુધી આપણા આજના કાયદા અને સમાજનાં કારણો અસ્તિત્વમાં રહેશે ત્યાં સુધી ગરીબ અને તવંગરી તો રહેવાનાંજ. ત્યાં સુધી ગરીબોને કાળી કોટડીઓમાં રહેવાનુંજ છે. ત્યાં સુધી બેકારી અને ભૂખમરો તો રહેવાનોજ—ત્યાં સુધી આ કાળી કોટડીઓ તો રહેવાનીજ.

૧૯૧૪–૧૮ નું યુદ્ધ ભોગ વિના જીતાયું નથી. સુંદર શબ્દો વાપરી લોકોમાં વાતો કરી આપણે આ કાળી કોટડીઓનો નાશ કરી નવી નથી સર્જાવી શકવાના. જાહેર જનતા બોલશેઃ "ઓહ! બિચારા ગરીબ લોકો ! આવી કાળી કોટડીઓને 'તેઓ' શા માટે સુધરાવતા નથી ?" પણ આ 'તેઓ' કોણુ છે? એનો ભેદ હજી સમજાતો નથી. અને આ કાળી કોટડીઓ તો ચાલુજ રહેવાની.

આ કાળી કોટડીઓ તો બ્રિટનને માથે મોટું કલંક છે. અને આ કાળી કોટડીઓ મીટાવવી એ રાષ્ટ્રીય ફરજ છે. જ્યારે યુદ્ધની શરૂઆત થઇ ત્યારે આપણી ઉપર કર નંખાયા—આપણને પૈસા આપવા પડયા અને એ રાષ્ટ્રીય કાર્યને અટકાવવા કોઇ પણ તૈયાર નહોતું ...જે લોકોએ ૧૯૧૪ અને ૧૯૧૮ ની વચ્ચેનાં જે કારમાં અને ભયંકર ચાર વર્ષ આબાદ રીતે વીતાવી નાખ્યાં તે લોકો હવે આપણા રાષ્ટ્રીય મજદૂરોને હવા–ઉજાસ વિહોણી કાળી કોટડીઓનું કલંક ના મીટાવી શકે ?—એ કેટલી કરુણ અને શરમભરી વાત છે ! !

જો સરકારની ઇચ્છા હોય તો આ પ્રશ્ન જરૂર હાથમાં લેવાય, અને લોકો તેને જરૂર ટેકો આપેજ. આ કાળી કોટડીઓના પ્રશ્ન કરતાં પણ વધારે અગત્યના પ્રશ્નો આપણી સમક્ષ ઉકેલ માટે પડેલા છે. આ પ્રશ્નોનો વહેલા અગર મોડા આપણે પોતે સામનો તો કર્યેજ છૂટકો !

એક મિત્ર મારૂં ધ્યાન ખેંચતા શબ્દો કાઢે છે કે, આપણે મોટરોને ચલાવવા માટે સુંદર રસ્તા તૈયાર કરાવીએ છીએ; એની પાછળ ખર્ચવા માટે પુષ્કળ પૈસા આપણને મળે છે; પણ કાળી કોટડીઓ વિષે ...?... મોટરો માટેના રસ્તાઓનો પ્રશ્ન જમીન વિષેની વિનીતાની નાનકડી પત્રિકામાં ચર્ચાતો જોવામાં આવે છે; પણ કાળી મજદૂરોની કોટડીઓ ? તેનું શું ?

આસપાસ ગામડાની ગલીઓ હોય એવું એક ખેતર એક આદમી ધરાવતો હોય છે. તે ખેતરને જો તે વેચી શકતો હોય તો તેને તેના એક એકરના ૫૦ પાઉંડ પણ પુરા મળે નહિ; પણ સ્થાનિક સત્તાવાહીઓ એને 'મોટરનો રસ્તો' બનાવી નાખે છે, અને ખેતરની કિંમત ૧૦ ગણી બનાવી દે છે.

જ્યારે ખેતરની કિંમત આ પ્રમાણે વધી જાય છે અને સ્થાનિક સત્તાવાહીઓ કે જેણે રસ્તો તૈયાર કરાવ્યો હોય છે તેઓએ પણ જ્યારે જ્યારે કામદારો એ ઝુંપડાં બાંધવાની માગણી કરી ત્યારે તેની પાસેથી એક વારના દશ રૂપિયા તરીકેની કિંમત માંગવામાં આવી હતી.

જમીનના માલીકના લોભ વિષેનો ઉલ્લેખ એ નાનકડી પત્રિકામાં કરવામાં આવ્યો છે. જે લોકો આનો બરાબર અભ્યાસ કરશે તેમને માલૂમ પડશે કે જમીનમાલીકોના લોભને જરાયે થોભ નથી. કામદારોને આરામથી રહેવા માટે ચોખ્ખી હવાઉજાશ મળે એવાં ઘરો તૈયાર કરાવવા માટે તેઓ જરા પણ તૈયાર નથી; તેઓ તો પોતાને માટે મોટરના રસ્તાઓજ તૈયાર કરાવે છે.

એક દાખલો ભુલાય એમ નથી. એક ખડતલ કામદાર આદમી કાળી કોટડીમાં જીંદગી જીવે છે: તેની સ્ત્રી અને તેનાં બે બાળકો ઇસ્પિતાલમાં છે. તેઓ સખ્ત રીતે બિમાર છે. ખુલ્લી અને ચોખ્ખી હવાને અભાવે તેઓને રોગે ઝડપી લીધાં હતાં. પણ એને માટે મ્યુનિસિપાલિટીએ કંઇ કર્યું નહિ ! !

૧૪ વર્ષ થઇ ગયાં એ યુદ્ધને પસાર થયે!—અને યુદ્ધે જઇ આવનારા વીરનરો માટે ઇંગ્લંડ હવે તદ્દન નાલાયક છે. આપણે મોટર પાછળ જે ખર્ચ કરીએ છીએ તેમાં જરાક ઓછો ખર્ચ કરીએ તો ચલાવી શકાય. મજદૂરોનાં કંગાળ ઝુંપડાઓને સુધારવાની આ અગત્ય છે.

ઉપર વર્ણવેલા એક મજદૂર જેવા અનેક મજદૂરો અહીં વસે છે. જેનાં બાળબચ્ચાંઓ જોઇતાં ચોખ્ખાં હવાપાણી અને રહેઠાણના અભાવે તેઓ ચીમળાઇ જાય છે. જ્યારે પૈસાદારો તેની સામે જોવાની ફુરસદ પણ દાખવતા નથી.

આપણા રાષ્ટ્રીય ખર્ચો ઉપર નજર નાખીએ. ૩૧૯,૦૦૦,૦૦૦ પાઉન્ડ જેટલી જંગી રકમ આપણે સનદી નોકરોને આપી દઇએ છીએ. ૧૯૦ લાખની રકમ વડે તો એકજ વખતે મજદૂરો માટે સારાં ઘરો જરૂર બનાવી શકાય.

નવાં વહાણો—જહાજો બંધાવવા બ્રિટન પાસે પૈસા છે—નવીન રસ્તા, નવીન શાહી મંઝીલ જેવી ઇમારતો બાંધવા માટે પુષ્કળ રકમો બ્રિટન ખર્ચી શકે છે; પણ સારાય બ્રિટનને મજદૂરી પુરી પાડી તેના તંત્રને ટકાવી રાખવામાં પરસેવો પાડતા મજદૂરોને પોષવાનું બ્રિટન ભૂલી જાય છે. તેમનાં કંગાળ ઘરો ઉપર નીગાહ સરખી કરવાની તેને ફૂરસદ નથી. કાળી કોટડીમાં વસનારા મજદૂરો માટે મુક્તિનાં નાણાં તો છેવટે પણ યાદ નથી આવતાં.

આ પ્રશ્ન ઘણોજ અગત્યનો છે. એમાં તો બ્રિટનના ભલા કામદારોના ભાવીનો પ્રશ્ન સંકડાયેલો છે. બ્રિટનના મજદૂરની કંગાલ

હાલત તેમના ઉદ્યોગની કક્ષા બતાવે છે.

આજની કાળી કોટડીઓ તો ઝેરી સર્પના ફુંફાડા જેવી છે, એ બ્રિટનવાસી બરાબર જાણે છે. તો પછી એ કાળી કોટડીઓના નાશની જરૂર છે. મજદૂરો માટે નવીન ચાલીઓ તૈયાર કરવાની જરૂર છે.

મિસિસ બ્રાઉનિંગનું ગીત યાદ આવે છે? સિત્તેર વર્ષ પહેલાંનો એનો રણકો આજેયે આપણી સમક્ષ વાસ્તવિક નગ્ન સત્ય રજુ કરે છે:

"બાલુડાં રડતાં ટળવળે, તું સાંભળ; ભાઇ!"

...અને હવે ૧૯૩૩ ચાલે છે. હજીયે એ મજદુરોનાં બાળકો આપણને રડતાંજ જણાય છે. રડતાં નહી પણ મરતાં આપણે જોઇ શકીએ છીએ:

એ દુઃખો કયી રીતે નીવારી શકાય? માત્ર લાગણીભીની વાતો કરવાથી કે નીશ્વાસ નાખ્યાથી નહી! જયાંસુધી સરકારને આની અસર નહી થાય ત્યાં સુધી સરકાર કાંઇ બોલશે નહી. મજદુરો, ક્ષુધાર્તો જાગશે ત્યારે? બ્રીટનની સરકાર તેમની સમક્ષ અત્યારે તો બહેરી છે.

ચાલીસ વર્ષ પહેલાં સ્કોટલેંડ અને ઉત્તર ઇંગ્લેંડના લોકોનો સાદ સ્થાન ભોગવતો હતો—પણ આજે? અત્યારે તો આ કાળી કોટડીઓનાં અનિષ્ટો નિવારવા માટે કોઇનું ધ્યાન ત્યાં જતું નથી.

જ્યાં કંગાલિયત મજદુરોનાં બાળકોની ક્રૂર હાંસી કરી રહી હોય, જ્યાં અંધારાં અને તેજ 'પોતાનાજ મિજાજને બ્હેલાવતા હોય ત્યાં મજદુરોની શક્તિ કેવી રીતે તન્દુરસ્ત બની શકે?.........

એ કાળી કોટડીનો નાશ કરો!

(દૈનિક "હિંદુસ્થાન" માંથી)



૪૨-एक महान अमेरिकन व्यापारी, धनवान, दातार अने धर्मात्मा जोन वानमेकर

(લેખકઃ—શ્રી. માસ્તર બિસ્મિલ)

એને બાળવયમાં પોતાના પિતાના કૃષિકારના ધંધામાં મજદૂર બની સમાન માટીના સુંડલા ઉપાડવા પડતા હતા. પણ ધીમે ધીમે તેણે એવી પ્રગતિ સાધી કે તે અમેરિકાનો પોસ્ટ માસ્તર જનરલ બની ગયો. અને તેની દોલતનું અનુમાન સને ૧૮૯૦ માં દોઢ કરોડ સૉવરેન કરવામાં આવતું હતું. તે દુનિયામાં સૌથી મોટો નામાંકિત વેપારી હતો; એટલે સુધી કે આ બાબતમાં નામાંકિતથી પણ આગળ વધી ગયો. તે સને ૧૮૩૭ ના જુલાઇની ૧૧મીએ ચેમ્બર્સ બર્ગમાં જન્મ્યો હતો. સરકારી શાળામાં થોડુંક શિક્ષણ મેળવ્યા બાદ તેણે પુસ્તકાવલોકનથી પોતાની કાબેલિયત વધારી. હજી બાળકજ હતો કે તેના પિતાના નાનકડા કારખાનામાં કામ કરવું પડતું. પછી એક બુકસેલરને ત્યાં અઠવાડિક સવા સૉવરેનના પગારે નોકર રહ્યો. જો કે પગાર તદ્દન ઓછો હતો, પરંતુ બાળક હોવાના સબબે તે એટલામાં રાજી રાજી હતો. અને જ્યારે પગાર મળતો ત્યારે તેનો આનંદ માતો નહિ. સને ૧૮૫૬ માં તેના પિતાએ ઇન્ડિયાનામાં નિવાસપરિવર્તન કરી એક નાના ખેતરમાં ખેડ કરવા માંડી. જોન વાનમેકર પોતાના વતનથી પગપાળો ચાલી ફિલાડેલ્ફિયા આવ્યો અને સને ૧૮૫૭માં તેણે "મનુષ્યમાત્રનું પત્ર" નામનું એક માસિક કાઢ્યું. તત્પશ્ચાત્ તેણે યંગ મેન્સ ક્રાશ્ચિયન એસોસિયેશન સ્થાપવામાં ઉત્સાહભેર ભાગ લીધો. સને ૧૮૫૯ માં જોન વાનમેકર નેશનલ બૉડીનો સેક્રેટરી અને એજ મંડળની એક શાખાનો પ્રેસિડન્ટ ચુંટાયો. સને ૧૮૬૧ માં શ્વસુરની સહાયથી તેણે વેપાર શરૂ કર્યો અને વધતાં વધતાં શાહ સોદાગર બનવા પામ્યો. જે કારખાનાનો તે માલેક છે, તે પોતાની ભવ્યતા અને શાનને લીધે જગતમાં અજોડ લેખાય છે. તે અસંખ્ય એકર જમીન રોકે છે અને પચીસ હજાર નોકર ધરાવે છે. મજકુર કારખાનાના વાર્ષિક વેપારની થાપણ અઢી કરોડ સૉવરેન હોવાનો અડસટ્ટો કાઢવામાં આવે છે, જેમાં તેને દશ લાખ સૉવરેનનો વાર્ષિક ચોખ્ખો નફો મળે છે. કારખાનામાં જ્યાં ચાર પાંચ હજાર માણસ કામ કરે છે, ઘણીજ તેજ વીજળીની રોશની છે, જે માણસ બાળવયમાં ઈંટો બનાવવા માટે માટી ઉપાડતો હતો તે દ્રવ્ય અને શ્રીમંતાઇના કારણે વિશ્વવિખ્યાત બની રહ્યો છે. તેજ બાળક જે પુસ્તક વેચનારની દુકાનપર એટલા ઓછા પગારે નોકર હતો કે આજકાલ એટલો પગાર પોસ્ટ ઑફિસમાં વાસીદું વાળનાર

સ્ત્રીઓને આપવામાં આવે છે, હવે અમેરિકાનો પોસ્ટ માસ્તર જનરલ છે. વિગ્રહ દરમ્યાન ક્રીશ્ચિયન કમિશન કાયમ કરનારાઓ પૈકી એક એ પણ હતો. અને લોકહિત અને ધાર્મિક તથા પરમાર્થી કાર્યો કરવામાં સ્વ. એચ. સ્ટુઅર્ટનો જમણો હાથ હતો. સને ૧૮૬૮ માં તે નગરના દક્ષિણ પશ્ચિમ વિભાગમાં મિશનરીનું કામ કરવા નિયુક્ત થયો. તેનો પગાર એક સાધારણ કલાર્કથી પણ ઓછો હતો, અને તેની રવિવારની નિશાળ તંબુમાં થતી. જોન વાનમેકરને શિક્ષણ માટે બાળકોને એકત્ર કરવામાં ઘણી વિટંબણાઓ વેઠવી પડતી હતી. ભૂખ્યા અને દરિદ્ર બાળકોનાં મૂર્ખ માબાપ તેને પથ્થર મારતાં હતાં. એજ ભાગમાં એણે લાલ પથ્થરની ઘણી આલીશાન ઇમારતો બનાવી દીધી છે. જેમાંનું એકનું નામ પવિત્ર દેવળ અને બીજાનું નામ સન્ડે સ્કુલ (રવિવારની સ્કુલ) રખાયું છે. આ શાળામાં ત્રણ હજાર વિદ્યાર્થીઓ શિક્ષણ લે છે, અને ત્રણસો શિક્ષકો છે. દેવળને લગતી પણ એક બાઇબલ સોસાયટી છે, જેમાં પણ સ્ત્રીપુરુષ વિદ્યાર્થીઓની એક હજારથી અધિક સંખ્યા* છે. આ બાળકોને ધાર્મિક અને પરમાર્થિક કાર્યો કરવા તૈયાર કરવામાં આવે છે. અને તેમનીજ મારફત અનાજ, કોલસા અને અન્ય વસ્તુઓ ગરીબોમાં વહેંચવામાં આવે છે. દેવળ અને શાળાનું પ્રતિ અઠવાડીએ જોન નિરીક્ષણ કરે છે.

પ્રથમ શાળાનાં બાળકો ને પછી દેવળના હાજરીનોને સંબોધદાયક વચનો તે સંભળાવે છે. પ્રાર્થના પૂરી થયા પછી તે નાના મોટા તમામ વિદ્યાર્થીઓ તથા શિક્ષકો સાથે મળી ઘેર પાછો આવે છે. તાત્પર્ય એ કે કર્મ અને વચને તે એક સાચો ખ્રિસ્તી બન્યો છે. પરમાર્થનાં કાર્યો ઉદારતા, અને નોકરો પરત્વેના સદ્વર્તને તેના નામને ન માત્ર અમેરિકામાં, બલ્કે આટલાંટીક મહાસાગરના સમસ્ત દેશોમાં પણ સુપ્રતિષ્ઠિત અને વિખ્યાત બનાવી દીધો. સને ૧૮૮૮ સુધી વારંવાર તેને કોંગ્રેસની મેમ્બરી અથવા મેયરના ઓદ્ધાનો ઉમેદવાર બનવાની દરખાસ્તો કરવામાં

---

* અમેરિકાની આતો એકજ શાળાની વાત છે. ધાર્મિક અને પરોપકારી શિક્ષણની આવી તો ત્યાં કમમાં કમ દસવીસ શાળાઓ હશે. પણ અમેરીકા કરતાં સાત ગણી સંખ્યાવાળા હિંદુસ્થાનમાં અથવા તો અમેરીકાથી ચાર ગણા હિંદુઓવાળી હિંદુ જનતામાં એવી એક પણ શાળા છે? ભલે મોટમોટાં નામ અપાય, પણ શિક્ષણ અવળે માર્ગે દોરવનારૂ હિંદુ બડેખાંઓ સ્થાપક ચાલક હોય; અથવા દુર્દશા વધારનારૂ હોય છતાં પણ જ્યાં તેને સારૂં ગણી ગણાવી શકાય અને બડેખાંમાં અથવા સેવક રત્નમાં ખપી શકાય; જ્યાં આવાં આવાં અંધારાં ચાલી રહ્યા હોય ત્યાં ખરી વસ્તુ સ્થિતિની સાથે સ્નાન સૂતકજ ક્યાંથી હોય! **ખરાબ ભિક્ષુ**

આવતી રહી, પરંતુ તેણે રાજકીય વર્તુલમાં દાખલ થવું ન સ્વીકાર્યું. મજકુર સાલના આખરમાં તેણે પ્રેસિડન્ટની ચુંટણીમાં ઉત્સાહભેર ભાગ લીધો, જેનું પરિણામ એ આવ્યું, કે બેન્જામીન હેરીસન પ્રેસિડન્ટ ચુંટાયો. આ પ્રેસિડન્ટે કોંગ્રેસના ઉદ્ઘાટન સાથેજ મિ. જૉન વાનમેકરને અમેરિકાનો પોસ્ટ માસ્તર જનરલ મુકરર કર્યો. તે સમયથી આ પંક્તિઓ લખાયાના સમયપર્યંત તેણે તે ખાતામાં ઘણા સુધારાવધારા કરાવ્યા, તથાપિ તેના બહુસંખ્ય મિત્રોનો તેના રાજકીય ક્ષેત્રોમાં દાખલ થવા પ્રત્યે અણગમો છે. તેમના ધારવા પ્રમાણે તે લોકકલ્યાણ અને પરમાર્થી કાર્યોમાં મંડયો રહીનેજ સારી પેઠે સ્વદેશસેવા બજાવી શકશે. વિરોધી પાર્ટીના મેમ્બરો તેનાં દરેક કાર્ય અને નીતિરીતિ પર સખ્ત નુક્તેચીની કરવા તત્પર રહે છે. પોસ્ટ માસ્તર જનરલના ઓદ્ધાથી રિટાયર થતાંજ તેના શુભ અને લાભદાયક કાર્યો પર ન તેના મિત્રો બલ્કે વિરોધીઓએ પણ પ્રશંસાના ઉદ્ગારો કાઢીને તેને માન આપ્યું છે.

૪૩-પ્રમાણિકતાની જરૂર

(લેખકઃ—શ્રી. અહમદ હાજી અબ્દુલ્લાહ પટેલ)

જગતભરની વેપારી આલમ પર તમો દૃષ્ટિ નાખશો તો સેંકડે પચાસ ટકા જેટલા વેપારી એવા જણાશે કે જે અપ્રમાણિકપણાના માર્ગે દોરવાઈ જઇને છેતરપીંડીથી પોતાનો વેપાર ચલાવી રહ્યા હોય છે; અને કોઇ કોઇ તેમાં ફાવી પણ જાય છે, છતાં તેઓ કદાચ પ્રમાણિકપણા અને સુનીતિથી વેપાર કરતા હોત તો ઘણીજ પ્રગતિ કરી શકયા હોત.

વેપારમાં પ્રમાણિકપણાની નીતિ પાશ્ચિમાત્ય લોકોમાં ઘણું કરીને જોવામાં આવે છે. તેઓ આટલી બધી પ્રગતિ કરી શકયા તેનું મૂળ કારણ ખરૂં જોતાં તેઓની પ્રમાણિકતાજ છે. બતાવવું કંઇ અને આપવું કંઈ, તોલમાં ઓછું આપવું કે અજાણ્યા મનુષ્ય પાસેથી એકના દોઢા દામ ઓકાવવા એ પદ્ધતિ આજના હિન્દી વેપારીવર્ગમાં ચાલી રહી છે. એવા વેપારીઓ જો કે નફો પણ મેળવે છે; પરંતુ પરિણામે તેઓ નીતિવાન વેપારીઓની બરોબરી કરી શકતા નથી.

પ્રમાણિકપણું એ એક એવી વસ્તુ છે કે દરેક કાર્યમાં-હુન્નરઉદ્યોગ ઇત્યાદિમાં સામાવાળાઓ ઉપર એટલી સચોટ છાપ પાડે છે કે ગ્રાહક કદાપિ છેતરાઇ જવાનો ભય રાખતો નથી.

વેપારમાં કોઇ પણ મુખ્ય વસ્તુ હોય તો તે માત્ર પ્રમાણિકપણુંજ છે; કેમકે તેના વડેજ વેપારી પોતાની ઉન્નતિ કરી શકે છે. બનવા જોગ છે કે કદાચ પ્રમાણિકપણાથી પ્રથમ તો તમોને નિષ્ફળતાજ મળે; પરંતુ ટુંક વખતમાંજ ગ્રાહકોનો તમારા પર વિશ્વાસ એવો મજબૂત બંધાઇ જશે કે ગ્રાહકો કંઇ પણ ભાવતાલ કર્યા વગર એક નાના બાળકદ્વારા ખરીદી કરાવવા લેશ પણ અચકાશે નહિ; અને તેની ખાત્રી તો હરકોઈ વેપારી કરી શકે છે. તે છતાં વાસ્તવિક રીતે વેપારી એટલો બધો અધીરો હોય છે કે ગ્રાહકનું પોતાની દુકાનેથી ખાલી હાથે પાછા ફરવું તે નિહાળી શકતો નથી અને બે-ચાર આના ઓછાવત્તા કરીને સોદો પતાવવાનો પ્રયત્ન કરે છે.

બીજી તરફ વેપારમાં "એકજ ભાવ" રાખનારા વેપારીઓ વધારે સારી પ્રગતિને પંથે વિચરતા દૃષ્ટિગોચર થાય છે. એકજ ભાવની પદ્ધતિ રાખવાથી વેપારનો કાર્યક્રમ એટલો સરળ થઇ પડે છે કે એક વખત ભાવ કરી લીધા પછી ગ્રાહકને જરૂરત હોય તો ખરીદી કરે છે, યા ચાલ્યો જાય છે. અને એકી વખતે ઘણા ગ્રાહકોને વેપારી જલદીથી પતાવી શકે છે; સમયનો વ્યય થતો અટકે છે, અને વેપારીને ભાવતાલ માટે ગ્રાહક સાથે માથાફોડ કરવાની લેશ પણ જરૂરત રહેતી નથી.

ઉપરાંત વેપાર કરનારાઓએ ધ્યાન રાખવું જોઇએ કે ગ્રાહકને ખરાબ માલ અને ભેળસેળ કરેલો માલ અપાય નહિ. તેમ કરવાથી ગ્રાહકનો તમારા પરનો વિશ્વાસ એકદમ ઉઠી જશે. બીજી વખતે ગ્રાહક તમારી પાસે આવવાનો વિચાર નહિ કરે. સારાને સારો અને ખરાબને ખરાબ માલ કહીને વેચાણ કરનારા વેપારીઓની દુકાને અન્ય દુકાનો કરતાં ગ્રાહકોનો વધારે દરોડો પડતો રહે છે.

ઉપરોક્ત બાબતોને લક્ષમાં રાખી વેપારમાં તે મુજબ વર્તન કરનાર લોકોજ તેમાં રહેલ ચમત્કારિક શક્તિઓને અનુભવી શકે છે, એટલુંજ નહિ પણ લોકોમાં પ્રમાણિક ગણાઇ, પોતાના વેપારમાં સફળતા પ્રાપ્ત થવા ઉપરાંત મહાન ખુદા અને તેના રસૂલના ગુનેગાર થતાં બચે છે.



૪૪-કેટલાંક વચનામૃત

ઈશ્વરપૂજાનો સર્વોત્તમ ઉપાય

મનુષ્યોએ પોતાના સમાજની તથા દેશની દુર્ગતિ દૂર કરવાનો પ્રયત્ન કરવો અને તેને ઉન્નત બનાવવાને બની શકે તેટલો ભોગ આપવો, એજ ઈશ્વરપૂજાનો સર્વોત્તમ ઉપાય છે.

(સમ્રાટ્ અકબર)

અસત્યની આફતો

આ એક પ્રાચીન વદંતિ છે કે, એક અસત્ય બીજાં અડધો ડઝન અસત્યો બોલવાની ફરજ પાડે છે. અને તેને ખબર પડે તે પૂર્વે પરિસ્થિતિ મુશ્કેલ બની જાય છે. પરંતુ સંકટનો પાર અહીંજ આવતો નથી.

(માર્ગરેટ સેન્ડસ્ટર)

પ્રમાણિકતાનાં પરિણામ

પચાસ વર્ષોમાં મેં પ્રમાણિકતા અને સદ્‌વહેવારનાં પરિણામો જોયાં છે. સફળ માણસોનો નેવુ ટકા ભાગ તેમની પ્રામાણિકતા માટે સુપ્રસિદ્ધ છે, અને જેમણે તેથી વિરુદ્ધ માર્ગ લીધો હતો તેઓ નાશ પામ્યા છે.

(બોસ્ટનના મેયર હાર્ટ)

રાક્ષસ થવાની રીત

જે માણસ ધનનેજ સર્વસ્વ માની ભેગું કર્યે જાય છે, પણ સન્માર્ગે વાપરતો નથી, તે માણસ રાક્ષસ છે.

ભૂતળને ભારરૂપ

જે લોકો સદા ધન સંઘરવાતુંજ સમજે છે અને કીર્તિની પરવા કરતા નથી, તેઓ ભૂતળને ભારરૂપ છે.

અજાણ્યાઓનાજ ખપમાં

જે માણસ સ્વધર્મ અને પરોપકારનો વિચાર નહિ કરતાં ધનના ઢગલાજ ખડકયે જાય છે તે ઢગલા અજાણ્યાઓનેજ ખપ આવે છે.

ઉત્તમ પુરુષો કાર્યને છોડતા નથી.

નીચ માણસો વિઘ્નના ભયથી કાર્યનો આરંભ કરતા નથી; મધ્યમ માણસો કાર્યનો આરંભ કરે છે, પણ વિઘ્ન આવતાં છોડી દે છે અને ઉત્તમ પુરુષો તો કાર્યનો આરંભ કર્યા પછી વારંવાર વિઘ્ન પડે તો પણ કાર્યને છોડતા નથી-એટલે કે વિઘ્નનો ઉપાય કરે છે.

(ભર્તૃહરિ)

૪૫–आ ते सेवको के मोटा पगारदारो ?

(લેખકઃ—શ્રી. કલ્યાણરાય ન. જોશી)

આ યુગમાં સાર્વજનિક લોકોપકારક અનેક સંસ્થાઓ, મંડળો, સમિતિઓ, સેવાસમાજો, સેવામંડળો, સેવાસંઘો, આમ વિધવિધ દિશાએ પ્રગતિના શિખરે પહોંચવા માટે સ્થપાએલી હોય છે. એ સંસ્થાઓમાં તેના ચાલકોએ કેવી રીતે નાણાં ખરચવાં જોઇએ અગર તો આવી સંસ્થાઓમાં જાણ્યે અજાણ્યે પણ કેટલીક વખત હદ ઉપરાંત ખર્ચ થાય છે, એ માટે આ લેખમાં લેખક 'યુવક'ના વાચકોને ડોકિયું કરાવે છે. લેખનો આશય કોઇનાયે પ્રત્યે ટીકા, કટાક્ષ કે પરોક્ષ રીતે નિંદાનો નથી, એટલે કોઇ પણ વ્યક્તિ કે સંસ્થા લેખ વાંચ્યા પછી પોતાને માથે પાઘડી પહેરી ન બેસે એવી વિનંતિ છે.–તંત્રી

આ યુગમાં સાર્વજનિક જીવન ગાળવાની ધગશ ઘણા યુવાનો-ને અને યુવતીઓને થાય છે, એ દેશના હિતની વાત ગણાય. ઠેકાણે ઠેકાણે સેવા સમિતિ, સેવક મંડળ, સેવા સમાજ, સેવકસંઘનાં પાટીઆં અને હસ્તપત્રો ચોઢેલાં જોવામાં આવે છે. પ્રજાસેવક, રાષ્ટ્ર-સેવક, જ્ઞાતિસેવક, ગામસેવક, જિલ્લાસેવક વગેરે સેવકોના બિલ્લા લગાડી ઘણા યુવાનો અને યુવતીઓ વિચરે છે. એ પણ નવા યુગની જાગૃતિ ગણાય. પરંતુ એ સેવાના આદર્શ પાછળ જે ત્યાગ જોઇએ તેની નીપજ એટલી બધી ઓછા પ્રમાણમાં હોય છે કે દર વર્ષે સેવકનો ફાલ જે ઉગી નીકળે છે તે મોટા ફાલને જોઇતો ત્યાગ એ ઓછી નીપજમાંથી મળી શકતો નથી. સેવકોના બિલ્લા બનાવી, પાટીઆં કોતરાવી, હેન્ડબીલ છપાવી તૈયાર કરી શકાય; પણ એવું ખાતર કે એવી ખેડ હજુ લોકનેતાએ નથી શોધી કાઢયાં. કે જેના પ્રભાવથી ત્યાગની નીપજમાં એકદમ વૃદ્ધિ થાય. એટલે આ બાબત શું કરવું તેનો વિચાર સેવકો પકવનારી સંસ્થાઓએ ઝટ કરી લેવો જોઇએ.

સાચા ત્યાગ વગરના સેવકો બહુ ભારરૂપ બનવા લાગ્યા છે. જે ગુજરાતમાં સાંજે મોળીઆ સાથે ખાવાનું દૂધ પણ ખાનારાની સંખ્યાના પ્રમાણમાં રોજનું રોજ ખરીદાય છે; કેટલેક ઘેર તો ખાનારાનાં જુદાં જુદાં પાત્રોમાંજ ખરીદી આણવામાં આવે છે તે ગુજરાતમાં સેવાસમાજોથી અઢળક ખર્ચ કેમ ચલાવી લેવામાં આવતા હશે, તે સમજી શકાતું નથી.

કામ શું કરવું છે, તેની દિશા કે તેનું માપ નક્કી કર્યા વગર સેવક મંડળ ઉભું થાય, પાટીઆં કોતરાય છાપાંઓ છપાય, નોટપેપરો

અને કવરો છપાય, ખુરશી ટેબલો ખરીદાય, ઉંચા પ્રકારની ફાઇલો ખરીદાય, ખાદીની ખોળવાળા સવામણ રૂના ગાદી તકીઆ ખરીદાય; સિપાઇ, પટાવાળા રોકી લેવાય; સાઇકલ ખરીદાય અને સેવક મંડળમાં કામ કરી થાકી જનારનો થાક ઉતારવા ચાહ કોફી બનાવવાનાં સાહિત્યો પણ ઓફિસમાં ગોઠવાઇ જાય. એ બધું કામની દિશા જાણ્યા પહેલાંજ થાય છે. ઓફિસ કાઢશું એટલે કામ કામને લાવશે. એક વાર સમાન આદર્શવાળાં યુવાન–યુવતીઓને ભેગાં થવાનું સ્થાન ઉભું કરશું. એટલે ફળદ્રૂપ મગજમાંથી કામ તો ઉભરાયાજ કરશે. આ નીતિથી અનેક સંસ્થાઓ ચોમાસાનાં અળસીઆંની પેઠે ઉભરાય છે. એ શક્તિનો અને દ્રવ્યનો અપવ્યય અટકાવવા ખરા સેવકોએ બીજાં સેવકમંડળો કાઢવાં પડશે.

સાચાં સેવકમંડળોની કાર્યવાહી તપાસીશું તો ત્યાં પણ પશ્ચિમની ખર્ચાળ નીતિ તો અક્ષરશઃ પળાતી હોય છે. આપણને પ્રચારકાર્યની કિંમત સમજાઇ નથી. પશ્ચિમમાં દરેક કાર્ય વાસ્તે એક છાપખાનું હોય છે. આપણને સમયની કિંમત નથી. આઠ આના ગાડીના બચાવી રૂપીઆનું કામ બગાડીએ છીએ. આપણે ખોટી રીતે વિઘાતક ત્યાગ વેઠીએ છીએ. ચાર આનાના ચાહ-બિસ્કીટ બચાવી સેંકડો રૂપીઆની કિંમતની મગજની પ્રેરણાઓ ગુમાવીએ છીએ. આપણને સ્ત્રીઓના સ્વચ્છ સહવાસની કિંમત નથી. ધર્મ અને નીતિની કમાણી માટે આરોગ્યપ્રદ સ્ત્રીઓના સહવાસને આપણે જતો કરીએ છીએ. આવી વિચારસંકલનાથી હાલના સેવકો કામ કરી રહ્યા છે તેથી એમના વહિવટ ખૂબજ ખર્ચાળ બની રહ્યા છે. ચિઠ્ઠીઓ પહોંચાડવાનું કે સંદેશા લઇ જવાનું કામ પંદર રૂપીઆનો ચપરાશી કરી શકે તે કામ યુવાન સમાજસેવકો સાઇકલ અને ગાડીઓના પચ્ચીસ પચાસને ખર્ચે કરે છે. પગારદાર મુનિમ ૫૦) રૂપીઆનો માસિક પગાર લઇ જે હિસાબની સ્વચ્છતા રાખે છે તેની અર્ધી સ્વચ્છતાવાળા હિસાબો આપણા સેવકો સેંકડો રૂપીઆને ખર્ચે રાખે છે.

એક સારો પગારદાર સજ્જન ગૃહસ્થ જે જાતની ગાડી ઘોડાની સગવડ નથી ઇચ્છતો તે બીનપગારદાર સેવકો ઇચ્છે છે. સામાન્ય ગૃહસ્થની ચાહ બે આનામાં પતતી હોય તો સેવકની ચાહ આઠ આને પતે છે. ગૃહસ્થી ટપાલમાં કાગળ લખે ત્યારે વિચાર કરે છે કે અમુક કામ માટે હમણાં તરત કાગળ લખવાની જરૂર નથી. બે કામ ભેગાં થશે ત્યારે કાગળ લખીશું; ત્યારે દેશના સેવકો તો મગજના કિસ્સાનો પ્રચાર કરવા તારથીજ કામ કરે છે. પોતાના પ્રયાસનો કાર્યક્રમ છાપખાનામાં છપાય, તે ટપાલમાં વહેંચાય, પછી પ્રવાસની તારીખો બદલાય એટલે નવા કાગળો લખાય, પછી

જવાનું તદ્દન બંધ રહે એટલે તારો કરવામાં આવે અને ગામડામાં તો ટેકસી દોડાવી ખબર આપવામાં આવે, એ ખર્ચનો ખ્યાલ તો જેમણે સેવાસમિતિના હિસાબો તપાસ્યા હોય તેનેજ આવી શકે. જ્યારે તે હિસાબની ચોખવટ માટે સેવકોને પૂછવામાં આવે ત્યારે તરતજ ઉત્તર મળે કે સેવકોનો હિસાબ પગારદાર નોકર જેવો હોવાની આશા કેમ રાખી શકાય!!

કોઇ સેવા સમિતિમાં-ઍન્ટી રૂમમાં-ચુડેલના વાંસા જેવી ઓરડીમાં ડોકીઉં કરશું તો શું જણાશે? સેંકડો રૂપીઆ ખર્ચી છપાવેલા રિપોર્ટો, સેવકોના મોઢાનાં ચિત્રો, જાહેર ખબર જેવાં હેન્ડબીલો અને દિવાલપત્રોના ઢગલા પડયા હોય છે. તે છપાઇને તૈયાર થતાં પહેલાં તેની જરૂરીઆત મટી ગઇ હોય છે. એટલે તે પુસ્તકો બહાર આવતાં પહેલાં બાળી નાખવાં પડે છે. આવું છાપખાનાનું લખલૂટ ખર્ચ ડાહ્યા સેવકો કરી રહ્યા છે!

ગામમાં સુંદર વાચનાલય હોય, સુંદર પુસ્તકાલય હોય, સારૂં ક્રીડાંગણ હોય છતાં સેવક સમિતિને સરસ પુસ્તકાલય, અને સરસ ટેનિસ ગ્રાઉન્ડ બંધાવવાં જોઇએ. આ સેવકો મંદિરની બહાર જાય તો તેમની મિનિટો વ્યર્થ ગઇ ગણાય. આવાં અયોગ્ય ખર્ચ એટલાં બધાં થાય છે કે તેને પહોંચી વળવા ફંડ ફાળા કરવા પડે છે. વેપારી વર્ગ શરમે શરમે ધર્માદાની-સદાવ્રત જેવા ગરીબોનાં ખાતાંની-રકમોમાંથી પૈસા ભરે છે અને આ અણુસમજુ સેવકો નિભાવે છે. બિચારાં ગરીબને ભોજન મળતું હોય કે ઢોરને ઘાસચારો મળતો હોય તે ફંડમાંથી આવા સેવકો નભાવવા, એ દેશ ઉપર આવેલી જબરી આફત છે. સદાવ્રતનો તો હિસાબ પણ માગી શકાય, પણ સેવક મંડળના ફંડના હિસાબ થોડા માગી શકાય? તે મંડળે છપાવી નાખેલો હિસાબ સાચોજ ગણવો ઘટે.

આ જબરી આફત જબરા ઉપાયો માગી રહી છે. યુવાનો, આ ચિત્ર તમને અતિશયોક્તિભરેલું લાગશે, પણ તેના ઘણા રંગ તો જરૂર સાચા લાગશેજ. ખરી વાત છે કે આપણા દેશને પ્રચારકાર્યમાં નાણાં ખર્ચવાની સમજ નથી. બીજા દેશની સરખામણીમાં આપણા જાહેર જીવનના ખર્ચો તદ્દન કમી છે તે વધવા જોઇએ. પણ આપણા દેશમાં મહાત્મા ગાંધીજી ખર્ચાળ ખોરાકને પણ કાઢી નાખવાનો બોધ આપી રહ્યા છે, ત્યાં વળી અયોગ્ય માર્ગે ખર્ચ કરી કહેવાતા પ્રચારના ઢોંગ શા? દાળ, ભાત, રોટલી શાક એટલો ખોરાક પણ આપણા દેશને ભારે પડે છે, ત્યાં કારણ વગરના ગાડી, ઘોડા ને ટેકસીનાં ધતીંગ શાં? આવા સેવક થવાનો વિચાર આવે ત્યારે પગારદાર નોકર થવું એ દેશને વધારે હિતકર છે.

(તા. ૮-૨-૩૩ના "હિંદુ"માંથી

૪૬–अमेरिका अने युरोपमां वैदिक धर्म अने संस्कृति

ઉપરના વિષય ઉપર ગયા શુક્રવારે વૈદિક મિશનરી પં. જૈમિની મહેતાએ પ્રેમાભાઈ હૉલમાં પ્રૉફેસર સ્વામીનારાયણના પ્રમુખપદે ભાષણ કર્યું હતું, જેમાં તેમણે અમેરિકા અને યુરોપમાંના વૈદિક ધર્મ અને સંસ્કૃતિનો પોતાને થયેલો અનુભવ કહ્યો હતો. પંડિતજીએ જણાવ્યું હતું કે આપણી શાળાઓમાં એવું શિક્ષણ આપવામાં આવે છે કે જેથી આપણને હિંદુ ધર્મ ઉપર પ્રેમ કે ભાવ ઉત્પન્ન થતો નથી. પરદેશીઓ આપણાં વેદાન્ત અને સંસ્કૃતિથી મુગ્ધ થઇ જાય છે છતાં આપણને તે તરફ આકર્ષણ થતું નથી.* વિલિયમ આર્થર લખે છે કે, ભારત ઉપર સૌથી મોટો ઉપકાર દયાનંદ સરસ્વતીએ કર્યો છે. તેમના સત્યાર્થ પ્રકાશનો અનુવાદ કર્નલ ઓલકોટે કર્યો છે અને તેથી યુરોપિયનો આશ્ચર્ય પામ્યા છે. પ્રાચીન અવશેષોને જમીનમાંથી ખોદી કાઢનારાઓને કેટલાક વખત ઉપર રાજા ઉત્તાનપાદના વખતનો સોનાનો સિક્કો મળી આવ્યો હતો, જે હજારો વર્ષનો જૂનો છે. તેની એક બાજુ ચંદ્રનું ચિત્ર હતું જે તે રાજા ચંદ્રવંશનો હતો એમ જણાવે છે. યુરોપિયનો કહે છે કે અમેરિકા કોલંબસે ખોળી કાઢ્યો, પણ ૫ હજાર વર્ષ પહેલાં અહીંના રાજાઓ ત્યાં રાજ્ય કરતા હતા અને તે વખતના અવશેષો ત્યાંની ભૂમિમાંથી મળી આવે છે. એક વખત ત્યાંથી શ્રીકૃષ્ણની મૂર્તિ મળી આવી હતી.

પાશ્ચાત્ય લોકોને આપણી સંસ્કૃતિ અને વેદાંત તરફ સારો ભાવ છે અને ઘણા મોટા માણસો તેનો અભ્યાસ કરે છે. અમેરિકામાં એક ભાષણ કરવા માટે શ્રી. જગદીશચંદ્ર બોઝને રૂ. ૩૧૦૦૦ અને શ્રી. સરોજીની નાયડુને રૂ ૧૫ હજાર મળેલા તેથી અહીંની સંસ્કૃતિ તરફ તે લોકોને કેટલું માન છે તે જણાઇ આવે છે. પરંતુ આપણા પ્રચારકો મોટાં શહેરોમાંજ જાય છે. નાનાં શહેરોમાં હિંદ વિષે ઘણુંજ અજ્ઞાન છે. બોસ્ટન નજીકના એક ગામમાં મને એક ગોરો મળેલો. તેણે કહેલું કે, હિંદમાં તો બધા નાગાઓજ વસે છે! મેં કહ્યું કે તમે તે શાથી જાણ્યું? તેણે કહ્યું કે મેં સિનેમામાં જોયું! ખરી વાત એ હતી કે હરદ્વારના કુંભ મેળા વખતે છ હજાર નાગા બાવાઓનું સરઘસ નીકળ્યું હતું જેની તે ફિલ્મ હતી. અહીંના ખ્રિસ્તી મીશનરીઓ આવાં સરઘસ અને હોળી વખતે કાદવ કીચડથી લડવાની જે રમતો થાય છે તેના ફોટાઓ પાડી ત્યાં પ્રચાર કરે છે અને અહીં ખ્રિસ્તી ધર્મ ફેલાવવા માટે ફંડો ભેગાં કરે છે.

ધીમે ધીમે ત્યાં વૈદિક ધર્મ સંબંધી જ્ઞાન વધતું જાય છે. ન્યુયૉર્કથી ૪૮ માઇલ દૂર આવેલા એક ગામના ધનવાન ગૃહસ્થે વૈદિક ધર્મના પ્રચાર+ માટે એક 'ટ્રસ્ટ' કર્યું હતું.

સ્વામી યોગાનંદે અમેરિકાના વ્હાઈટ હાઉસમાં ભાષણ આપ્યું હતું, જે વખતે પ્રેસીડન્ટ કેલવીન કુલીજ× પણ હાજર રહ્યા હતા. હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રોફે. લાકવેલે જણાવ્યું હતું કે અમારી યુનીવર્સીટીમાં પતંજલિ યોગશાસ્ત્રનું શિક્ષણ અપાય છે અને હું કહીશ કે અમેરિકાનું સઘળું ધન તાજવાના એક પલ્લામાં મૂકીએ અને બીજી બાજુ પતંજલી યોગશાસ્ત્ર મૂકીએ તો યોગશાસ્ત્રનું તાજવું નમે.*

બાદ તેમણે ડચ ગીઆનાના ગવર્નર અને સરકારે આર્ય સંસ્કૃતિ તરફ જે ભારે સન્માન બતાવ્યું હતું તે વર્ણવ્યું છે.

યુરોપમાં પણ હિંદુ સંસ્કૃતિ તરફ સારૂં સન્માન બતાવાય છે. તે સબંધમાં તેમણે ડૉ. રવીન્દ્રનાથ ટાગોરને બર્લીન વગેરેમાં મળેલા આવકારનો ઉલ્લેખ કર્યો હતો.

પ્રમુખે ઉપસંહાર કરતાં જણાવ્યું હતું કે પરદેશો જે તરફ આકર્ષાય છે તેવી આર્ય સંસ્કૃતિ તરફ આપણે બેદરકાર રહેવું જોઇએ નહિ.

(તા. ૧૦-૨-૩૩ના "હિંદુ"માંથી)



* + × * આપણા દેશમાં તો હિંદુ ગ્રેજ્યુએટો પણ ધૂળ પથરા ભણીને એવા ભ્રમણ ચંદ્ર બની ગયા છે કે આવા તેવા ધર્મગ્રંથો-ના નામથી પણ બિચારા સુગાઇ જાય છે. ખરાબ ભિક્ષુ

૪૭-स्वस्तिक

(લેખક—રા. હિંમતલાલ ચુ. શાહ)

(૧)

પ્રભો ! મારી જીર્ણ પર્ણકુટીની બહાર બેઠો બેઠો તારી આ- રાધના અર્થે કુમકુમના સાથીઆ ચીતરૂં છું.

સંવતો, સનો ને શકો વહી જશે, અનન્તકાળના સમુદ્રો ગાજી ઉઠશે-ટુંકામાં જીવનમાં બધું સમાઇ જશે ને જીવન જોડે અદૃશ્ય થશે ત્યાં સુધી આશાએ ને વિશ્વાસે મારા હાથ કામ કર્યા કરશે.

મારા સ્વસ્તિકની હારે હારે પિતા ! પધારજે; ને નાથ ! સાદા કે નિર્જીવ પણ ભક્તિભીના બળને સન્માનજે.

કારણ કે—

તારા વિહોણો હું જળ વિનાની માછલી સમો છું.

(૨)

દૂર દૂર ક્ષિતિજની યે પેલી પાર ઉભી થયેલી ભીંતોવાળા, અનંત આભને મસ્તકે ચડી ઉભેલા તારા મહાલયમાં મેં પગલી માંડી. વરસો સુધી આથડયો, નયનોનાં નીર ખૂટયાં ત્યાં સુધી નિહાળ્યું.

ભાંગ્યાતૂટયા લાગતા એક પથ્થર ઉપર અવાચ્ય લિપિના અદૃષ્ટ અક્ષરો કોતરેલા હતા.

ભૂરા આકાશમાં ભમતા પંખીને પૂછયું: “ આ શું ? ”

દૈવની ખંજરીશા રણકારમય સૂરે ગીત ગાતું પંખી ઉડી ગયું.

વૃક્ષને પૂછયું: “ આ શું ? ”

કાળના કાતીલ પ્રહારે કંપતું હોય તેમ વૃક્ષ કંપ્યું.

મેં કહ્યું: “ કશું ન દીઠું. ”

જિજ્ઞાસુ ને અસંતુષ્ટ એવો હું વળી પાછો અંદર ગયો.

શરીરની શક્તિઓ સિંચી અને ઉરની ભક્તિ રેડી એ અક્ષરો ઉકેલવા પ્રયત્ન કર્યો. મેં વાંચ્યું:—

“ પક્ષીને પૂછીશ ના; વૃક્ષને પૂછીશ ના; અનંતનો અણુ અનંતનું ભાન નથી કરાવી શકતો. ”

મેં કહ્યું ‘ બધું દીઠું. ’

(૩)

તારા ઓરડાના ખૂણેખુણામાં નાથ ! મેં તને શોધ્યો. અનંત શૂન્યતામાં હું આથડયો. નીરવ ને નિસ્પંદ નિઃસ્તબ્ધતા પડી હતી,

કાળું ઘોર અંધારૂં; તું જડયો ના.

દીવો નીચે મૂકી, લમણે હાથ દઇ બેઠો. મારા મોં ઉપર તેજ પાથરી દીપક અટ્ટહાસ્ય કરી રહ્યો હતો, શિખા ઉપર ભેદક ને દાહક હાસ્ય દીઠું.

હું સમજ્યોઃ—

અંધકારમાં તું નથી, તેજમાં તું નથી; અંધકાર અને તેજ એ તો તારી પોપચીના પલકારા છે.

(૪)

નાથ! ત્યારે શું હું તને ઓળખી શકયો જ ના?

અજ્ઞાનતાને લીધે—હે સર્વવ્યાપી! તારાં દર્શનની કેટલી અમૂલ્ય પળો મેં ગુમાવી દીધી છે?

વીજળી ચમકી ને મેં કહ્યું: "વાદળ અથડાયાં."

પર્ણો હસ્યાં ને મેં કહ્યું: "પવન આવ્યો."

આજે મારી મૂર્ખતા ઉપર હું હસું છું, ને રડું છું. તારાં દર્શનની કેટલી અમૂલખ પળો મેં ગુમાવી?

(૫)

તારા સિવાય અમે-નાથ! ચેતનવિભૂતિહીણા છીએ.

સંસારના પટ ઉપર કંપતી દોડતી અનેક કાર્યસરિતાઓ, તારા વિના નાથ! નિરંકુશ અને નિરાદર્શ બની છે. અંતબિંદુવિહોણા અમે નાથ! વિરાટમંથનમાં પડી અજ્ઞાની બન્યા છીએ, અંધ બન્યા છીએ, ધૈર્ય ખોઇ બેઠા છીએ ને વીરતા ગુમાવી રહ્યા છીએ; માયાની બંસીને સૂરે મર્કટની જેમ નાચીએ છીએ.

તારા સિવાય નાથ! અમે જીવતાં મુડદાં છીએ.

(૬)

આકાશ નવલખ આંખે રૂએ છે નાથ! તારા વિના.

(૭)

ગગનગામી કો હિમાચ્છાદિત ગિરિશૃંગે દેવ! તારૂં મંદિર છે, સેંકડો પૂજારીઓ તારી દિવ્ય પ્રતિમાની આરતી ઉતારે છે, ઘોર ઘંટારવ દિગન્તમાં વ્યાપી રહે છે. અભકતો એ સાંભળે છે ને કર્ણપ્રિય માધુર્યથી વિવશ થઇ, ઝાકળભર્યા, ગીતભર્યા, નૂતનશ્રીભર્યા, સત પંથે દોડે છે, ચોગમ ગાજતા સૂર વિભ્રમ પેદા કરે છે ને અભકતો તેને વશ થાય છે.

ઘંટારવ ગાજે છે, પૂજાપુષ્પની સુરભિ આવે છે, દેવત્વની જ્યોતથી ફૂટતાં અજવાળાં દૂર દૂર દેખાય છે.

ભોગી તેથી લોભાય છે, લલચાય છે ને તારા મંદિર પ્રતિ નાથ! ઉતાવળા, હાંફતા, વિહ્વળ બની નાસે છે. તારા મંદિર

આગળ આવે છે ને સ્વ, સુરભિ અને તેજ શોધે છે.

તને નથી શોધતા ને તું નથી જડતોઃ તું નથી જડતો ને કંઇ નથી જડતું.

(૮)

જગતજન સામે લાચારીભર્યાં લોચન પાથરી શા માટે અશ્રુ-મૌક્તિક વેરૂં ?

કોઈ કોઇને કોઇ પ્રકારે, કોઇ કાળે ઓળખી શકતું નથી. અલ્પતામાં અભિમાનની ફુંક મારી માનવ અલ્પને વિરાટ બનાવે છે. એ વિરાટને છેલ્લે બિંદુએ બેસી એ લોકો મને માપે છે.

પિતા ! શા માટે એવાની આગળ હું આંસું ઢોળું ?

દેવાધિદેવ! તારે ચરણે ગોઠવેલું એક આંસુ મને અખંડ સંગીતનો અકથ્ય આનંદ આપશે, વિરાટ્‌નાં દર્શનની અગમ્ય મુગ્ધતા પાશે, ઉઘડતા પ્રભાતની ભભકભરી તાઝગી આપશે ને અનંત અખંડ પ્રેરણાનાં દાન કરશે.

શા માટે જગતજન સામે લાચારીભર્યાં લોચન પાથરૂં ?

(૯)

હે દેવ ! ભૂગોળ ને ખગોળનાં બે વિશાળ તુંબડાંવાળા તારા વિરાટ વીણામંત્રમાંથી તારી પ્રભુતાના પાવનકારી, મુગ્ધકર ગીત-ધ્વનિ ગાજી ઉઠો. પિતા! તારા ઉદાત્ત ગીતધ્વનિને જગતજન હૃદયપાત્રમાં ઝીલો ને ભ્રમિતાવસ્થાના મહાનલમાં બળતાં પ્રાણીઓ એ અમૃતરસ ઘુંટડે ને ઘુંટડે પીઓ!

આંખો ભરતું હતું. મેં દીવો લીધો ને તને શોધ્યો.

પિતા ! તારા અદ્‌ભુત વીણાયંત્રમાંથી તારા ગહન ગીતના અનાહત સૂર દિગન્તમાં વ્યાપી રહો !

(૧૦)

ઓ નવરંગી પુષ્પની મધુર સુરભિ ! ઓ પંખીના મંજુલ ધ્વનિ ! ઓ નિર્જન વનની અમાપ ગહનતા ! ઓ ગિરિરાજની ભવ્ય ગંભીરતા ! ઓ સરિતાની રમ્ય શીતળતા ! ઓ સમુદ્રના કાવ્યમય ગર્જન ! ઓ પ્રભુ !

(૧૧)

આકાશમાંથી અસહ્યતાના સળગતા અંગાર વરસે છે ને વિષ-મતાના વાયુની પ્રબળ ફુંકો ફુંકાય છે ત્યારે દીનાનાથ ! તારી આશાએ હું નતમસ્તકે બેઠો છું.

અંગારથી હું દાઝું છું ને ફુંકોથી હું વધારે ને વધારે સળગું છું; તોપણુ નાથ ! તું અમૃતસંજીવનની આશાએ હું બેઠો છું.

(૧૨)

જગત ચાલ્યા જ કરે છે.

નવરંગી વસ્ત્રો પહેરી, કો સહેલાણી અપ્સરાસમી ઉષા મલપતે વદને પધારે છે. સૂર્યનારાયણનાં સોનેરી કિરણો ઓઢી ગરવાં પગલાં ભરતાં દિવસ પધારે છે, સંક્રાન્તિકાળની ગમગીની મોંએ ચોપડી સંધ્યા આવે છે ને કોઇ વખત રૂપેરી, તો કોઇ વખત કાળી સાડી સજી રજની પધારે છે. જીવો પ્રવૃત્તિ માંડે છે ને સંકેલે છે.

આ વિશાળ કલશોર વચ્ચે શાન્ત–પ્રશાન્ત, રૂઢાસની કોઈક દેખાય છે.

એ કોઈક તે તું—સર્વવ્યાપી દેવ ! તે તું.

(૧૩)

પિતા ! તું હાસ્ય છેઃ તું કરુણા છે.

(૧૪)

જ્યારે અનેક આશાઓ એક આશામાં પરિણમે, અનેક લક્ષ્યો કેન્દ્રિત થઇને એકત્વ સાધે, ષડ્ રિપુઓ પરાજિત થાય, સૂક્ષ્મમાં સર્વ દેખાય ને સર્વમાં તું મૂર્તિમંત થાય ત્યારે દેવ ! વિજયદુદુંભિ બજાવતો તું પધારજે.

મારા નિર્મળ શરીરગૃહમાં ગોઠવેલા હૃદયસિંહાસને તને પધરાવીશ ને જીવનના પૂજનથાળમાંથી વિશુદ્ધ કાર્યોનાં ફૂલડાંથી તારી પૂજા કરી મહત્તાનાં, તારી મહાનુભાવતાનાં, તારી પ્રબળતાનાં ગીતો ગાતો નિરંતર રહીશ—જીવીશ.

(૧૫)

હે રાજરાજેશ્વર ! કેટલાંક માનવીઓ લોલુપતાઓ અને બુદ્ધિવાદના શ્મશાનમાં તારી સાધના કરે છે–તારી સન્મુખ બેસી શ્રદ્ધાથી પૂજન નથી કરતાં. ભવાટવિની ભૂલેલી વિભૂતિઓ દેવ ! તને ત્યજી તારા પડછાયાને પૂજે છે.

પણ—

હે નિરંજન ! બિચારા નથી જાણતા કે તું દલીલોથી સિદ્ધ થાય અને ઉદાસીનતાથી બંધાઇ જાય તેવો નથી !

(૧૬)

પ્રભો ! પૂછું ?

કામોદ્દીપક આંખ, લાલ હોઠ, ગોરા ગાલ, ભરાવદાર નિતંબ અને ઉછળતી છાતીવાળી સનમ તે તુંજ છે, એમ કહી કેટલાક કવિઓ ગીત ગાય છે ત્યારે તું હસે છે ? તારાં લોચન કાળી

સાડીની ચળકતી કોર જેવાં નખરાળાં છે?

દયાને પાત્ર તું, કવિ, પેલી સનમ કે પછી હું?

(૧૭)

લક્ષ્મીના મહામૂલા નૂપુરના રણુકાર મને ગમે છે, સ્વજનનાં વહાલ મને આર્દ્ર બનાવે છે; પરંતુ હે કલ્યાણમય! તું મને સર્વોચ્ચ જણાય છે અને તેથીજ ધનનાશથી મને વિભ્રમિત થવા ન દેજે, સ્વજનવિહોણા મુજ એકલા જીવનને કાળીચૌદશના સ્મશાનના ઘોર સાજ સજાવી ન દેજે.

(૧૮)

તને ત્યજીને કોને પૂજૂં?

હે પ્રભુ!

મારે હાથે થતાં તારાં પૂજન લાચારીનાં ન હો! ઉપભોગની આશાથી પ્રગટેલા સ્વાર્થના કાદવથી ખરડાએલાં ન હો!

તારાં પૂજન પૂજન હો—આદર્શ ને ઉદ્દેશ.

(૧૯)

વિશ્વપિતા! તારી કરણી મારી મનોભાવના હો! તારી મનોભાવના મારી કરણી હો! મારી મનોભાવના તારી કરણી હો! મારી કરણી તું હો-પિતા તું હો!

(૨૦)

અભિલાષાઓનાં વાદળાં છવાયાં છે અને અનેક આશાઓની વીજળી, સફળતા—નિષ્ફળતાના ગડગડાટ કરતી સળગી ઉઠે છે, ભ્રમણાના વંટોળ ચઢે છે ને શમે છે, કર્મનો વરસાદ વરસે છે.

પણ આશાઓ અને અભિલાષાઓ એક બનો. અભિલાષાઓ મને ભ્રમિત કરો ના, આશાઓ મને માર્ગચ્યુત બનાવો ના. આશાઓ અને અભિલાષાઓનું એકત્વ સાધેલું સ્વરૂપ તારા પ્રતિ ગતિમાન હો!

(૨૧)

સર્વ ઇંદ્રિયો તારા પ્રતિ દોડે, સર્વ શક્તિઓ તને ભજે, અંગનો અણુએ અણું તારા પતિતપાવન નામનો ઘોષ કરે, ત્યારે ઓ પિતા! તું મારી પાસે આવજે. હું તારાં પૂજન કરીશ.

એ પહેલાં આવતો ના.

હું તને ઓળખી શકીશ નહિ ને જીવનની અમૂલખ લહાણસમાં તારાં પૂજન કરી શકીશ નહિ.

માટે પિતા!

તે પહેલાં તું આવતો ના.

(૨૨)

આ શી વિચિત્રતા છે, નાથ!

શોધું છું સત્ય તો જડે છે અસત્યઃ શોધું છું દયા, તો જડે છે ક્રૂરતાઃ શોધું છું પ્રેમ તો જડે છે દંભ.

(૨૩)

તિરસ્કારના વરસતા વરસાદમાંથી, અસત્યના અંધકારથી વિંટળાયલો હું કુદરતના કંટકમય પંથ ઉપર નિર્લેપ અને નિશ્ચલ રહી આગળ વધું છું ત્યારે દયામય! તારાં દર્શનની ઝાંખી થાય છે.

એ ઝાંખીમાં સત્યનો પ્રકાશ છે, દયાની સુરખી છે, પ્રેમનાં ભવ્ય ગાન છેઃ

એ સંગીતમય સૌરભભર્યા પ્રકાશ! તું મને ઉજાળ!

(૨૪)


પ્રભુના એ દૂત! અખંડ, અવિનાશી અને અનુપમ એવા ભવ્ય શાન્તિપ્રદેશના એ ફીરસ્તા! શા માટે દૂર ઉભો છે? તારા હસ્તસ્પર્શથી હું દાઝીશ એમ માને છે? તારાં દર્શને હું થરથરીશ એમ માને છે? તારી તો હું પ્રતીક્ષા કરી રહ્યો છું. તારા વરદ હસ્તમાં આગ કેવી? તારાં ઉદ્ધારક દર્શનમાં ભય કેવો? પ્રભુના એ દૂત! આવ, અખંડ, અવિનાશી અને અનુપમ એવા ભવ્ય શાન્તિપ્રદેશના એ ફીરસ્તા! હું તને વધાવું છું, સન્માનું છું.

તું મને મૃત્યુ પછીના પ્રદેશમાં લઇ જા, મેં તે દીઠો નથી.

(૨૫)

આવશ્યકતાઓની સિદ્ધિએ કર્મની સરિતાઓ સુકાઇ ગઇ છે, દિલમાં દયા હોવા છતાં કંગાળ દુઃખીઓના અભાવે દયા વાંઝણી રહે છે ને જ્યાં તારા પડછાયાનો પ્રકાશ વિસ્તરે છે એવા સ્વર્ગમાંથી પ્રભો! તું મને ખેંચી લેજે ને દુઃખીઆનાં આંસુ લૂછવાનો લાભ મળે છે તેવા નરકમાં નાખી દેજે.

(મે-૧૯૩૨ ના "નવચેતન"માંથી)



૪૮–आफत् धर्म

મુદ્રણાલયમાં આ લેખ માટે બંધએસતાં બીઆં ન મળતાં મથાળું આમ (આફતધર્મ) કરવું પડયું છે.

ચાણુકયથી ઉલટે પગલે ચાલી ચાર્વાકે જગતમાં નાસ્તિકવાદ ફેલાવવા માંડયો અને

દેહ મરણાન્તે બળે : મોઘું થયું છે ઘી :
દેવું કરીને માનવી : ભરી કટોરા પી :

કહી જગતભરમાં 'આફત ધર્મ' ફેલાવવા માંડયો.

ત્યાર બાદ પૃથ્વીરાજે સ્વભત્રીજી સંયુક્તા સાથે સંવનન-શાદી કરી, જયચંદ્રને હલકો પાડવા એ સંપ્રદાયના ભક્ત બનવા નિર્ધાર્યું.

રૉબર્ટ ક્લાઇવે અમીચંદ જેવા બેવફા ધૂર્તને ઠગવા, વૉટસન સાહેબની સહીનું બિલાડું પેલા દસ્તાવેજ પર ચીતરી એ ધર્મનું પાલન કર્યું.

એક વખત પૂનામાં નજરકેદ થતાં નાના ફડનવિસે 'લઘુશંકા કરવા જવા' ને નામે 'છૂમંતર' થઇ જવામાં આફત્ ધર્મ પાળ્યો!

રણજિતસિંહના વંશજોએ ઇસાઈ સંપ્રદાય સ્વીકારીને આગામી આફતને ટાળવા, આફત ધર્મની વેદી પર સ્વ-શીખ સંપ્રદાયને હોમ્યો.

—અને વીસમી સદીમાં?

*

સંકટસમયે સાંકળ ખેંચવાની રેલ્વેની સૂચના, માનવ દુનિયાના વ્યવહારમાં અનુસરે છે જ ને !

સ્થિતિચુસ્ત સનાતનીઓ અંત્યજો-શૂદ્રોને મંદિરમાં પ્રવેશતા અટકાવવા બૂમ બરાડા મારી થૂંક ઉડાડે છે, અને ખોખરા સાદે હાંફતા હાંફતા પણ બખાળા કાઢે છે, તે શા માટે ?

સામાજિક ક્રાન્તિવાદીઓ જૂનું એટલું જડ અને નવું એટલું 'અપ-ટુ-ડેટ' કહી ભાવતું ભોજન આરોગી લેવા સોએ સો ટકા સાહસ ખેડે છે, એ શા સારૂ?

પુરુષો 'સફાચટ મૂછિયા' અને સ્ત્રીઓ 'કાકપક્ષમ કેશા' બની મૂછ અને ચોટલાને હજામના અસ્ત્રાનો ને કાતરનો ભેટો થવા દેવાની ઉદારતા દર્શાવે છે તેનો શો હેતુ હશે ?

સ્નેહલગ્નની વિધવાઓ દેહલગ્નાભિલાષી 'લગ્ને લગ્ને વરરાજા'ઓને સ્વશરીરના સ્વામી બનાવે છે તેનું શું કારણ હશે ?

હવેલીના મહારાજો પચાસ વર્ષ પૂર્વે જેને 'ધર્માચરણ વિરુદ્ધ' ગણતા, તેનેજ પોતાના આદર્શ-દાખલાથી 'કાલધર્માનુસાર' જણાવે છે: એ કોયડાનો ઉકેલ શો ?

વેપારીઓ 'સેલ'નું દદામું ઠોકી-નફો ચઢાવી ભાવ ઘટાડે; વૈદ-ડાક્તરો માત્રા-ઇન્જેક્શનની મહામાત્રા અજમાવે; વકીલો વગર 'ફી'એ ફક્ત નામની ખાતરજ ઉભા કરેલા ઝઘડામાં ઝઝૂમે;

વિદ્યાવિક્રેતાઓ અયોગ્ય-અસમર્થ-અશક્ય જ્ઞાનને વિદ્યાર્થી—મગજમાં રેડવા અભિનય કરે; સાહિત્યકલમબાજો પ્રજાને પસંદ પડે તેવું ગમે તે પ્રકારનું સાહિત્ય સર્જે-વેચે ને પ્રચાર પણ કરે; વહુ વરને ને સાસુને વશ રાખવાના ભગીરથ પ્રયત્ન આદરે; દલાલો દસ્તુરી ને મૂડી, પણ હોઇયાં કરી 'અબી બોલ્યા અબી ફોક' કરી નાખે એ નીતિ કઇ કહેવાય? કસાઇને ઘેર કળશી અને ધર્મીને ઘેર ભૂખમરો, ગભરૂ બાળકો વૃદ્ધ માતાપિતા પહેલાં અકાળે મરણ પામે; વગેરે શું બતાવે છે? આફત્ ધર્મના નિશાનડંકા કે અન્ય કાંઇ ?

આ આફત્ ધર્મ ગરીબની ઝુંપડીથી માંડી અમેરિકાના મહાનગર ન્યુયૉર્ક સુધી ફેલાયલો દૃષ્ટિગોચર થાય છે. પય-પાન કરતા બાળકથી માંડી ઘરેડો તાણુતા ઘરડાઓને પણ એણે છોડયા નથી. વર્ણ-વય કે લિંગના ભેદને પણ એણે જાણ્યો નથી.

અય મજહબે આફત્! તારાં વખાણુ કરવા મહામુનિ વ્યાસજી કે કવિકુલગુરુ કાલિદાસ પણ સમર્થ નહોતા બન્યા, તો પછી આ 'હું' તે કોણ માત્ર? ભાઇ-ભાઇમાં, 'વહુ-વર'માં પિતા-પુત્રમાં, ને શેઠ-સેવકમાં: સર્વત્ર તારો જયજયકાર છે! સત્ય, પ્રામાણિકતા, સરલતા, શિષ્ટાચાર, નીખાલસતા અને ઇમાનને તો તું 'ખ્વાબ' રૂપ બનાવે છે! શ્રમ, ખંત, ગણત્રી, વ્યાવહારિકપણું વગેરે તારી પાસે બુદ્ધાં-બુદ્ધાં બની જાય છે! કુદરતક્રમ તને બાધ કરતો નથી. તારો મુરીદ, ચોર હોય તો શાહુકાર ગણાય છે, દંભી કાબેલ લેખાય છે; શાખવાળો અકિંચન રહે છે, ટેકીલો પણ અણુનમ મટી જઈ નમી પડે છે, અને શીલથી માંડી સર્વેને તું લીલામમાં ખરીદી શકે છે.

એવા એવા મહાન્ સદ્‌ગુણો-ધારી એક બનેલા ઓ આફત્ ધર્મ! તને મારા અને અમારા કોટિ કોટિ નમસ્કાર છે!!

*

એક શિક્ષકે પોતાના ક્લાસના વિદ્યાર્થીઓ સાથે ફોટો પડાવ્યો; અને પછી તેની જરૂરિયાત માટેની સમજ પાડતાં વિદ્યાર્થીઓને કહેવા માંડયું:

'છોકરાઓ! ધારો કે તમે મોટા થયા; પછી તમારૂં આજનું જીવન તમે શી રીતે યાદ લાવી શકશો? અગર જો આવો ફોટો તમારા ઘરમાંય હોય, તો તો તરત જ તમને ખ્યાલ આવે કે 'આ રહ્યો વિનોદ, કે જે હાલ સીનેમા-મેનેજર બન્યો છે; પેલો રહ્યો ચંદુ, કે જે હાલ દાક્તર થયો છે; અને આ તો મધુ, કે જે હમણાં જ ન્યાયાધીશ બન્યા છે; વળી... ... ..."

પણ શિક્ષક આગળ બોલે તે પહેલાં તો એક ખૂણામાંથી અવાજ આવ્યો કે 'આ રહ્યા વચ્ચે બેઠેલા શિક્ષક, કે જે હાલ મરણુ પામ્યા છે...!' (માઘ-૧૯૮૯ના "સેવા"માંથી)

૪૯-સાવિત્રી

(લેખકઃ-શ્રી. જગન્નાથ મિશ્ર ગૌડ, "કમલ")

(૧)

સદિયાં બીતીં કિંતુ ન ભૂલી તેરી ચરિત કહાની,
તુ ને કરની કર દિખલાયી જો કરને કો ઠાની.
તેરે વ્રત સે વિધિ-વિધાન બદલા હૈ સતી સયાની,
નતમસ્તક હૈ વિશ્વ આજ ભી સુન યહ કથા પુરાની.
થા પાવન તેરા જીવન તૂ શ્રેષ્ઠ સતી કહલાયી,
નિજ સતીત્વ-બલ સે તૂને ખોયી સુહાગ-નિધિ પાયી.

(૨)

એક સતી નારી કા આંસૂ કૈસે નિષ્ફલ જાતા,
ભય થા કહીં ન ધર્મરાજ કો યહ પાતક લગ જાતા.
સમ્ભવ થા ન તોડના પતિ સે નિર્મલ નાતા,
કર્મ-રૈખ રચ અસમંજસ મેં અબ થે ચતુર વિધાતા.
તૌભી હુઇ પરીક્ષા, હૈં સાક્ષિણી શક્તિયાં સારી,
મિલા વિજય તુઝકો, નભને કી પુષ્પ-વૃષ્ટિ,-બલિહારી.

(૩)

સત્યદાન દુર્દિન કે કારણ થા કેવલ વનવાસી,
તૂ તો થી પર એક ઉસીકે મધુર પ્રેમકી પ્યાસી.
આયુ અલ્પ સુન સત્યવાન કી દુખી હુએ પુરવાસી,
પિતા ઔર જનની ને ભી ધારણ કી એક ઉદાસી.
તેરે મન કે ભાવોં મેં ન હુઆ કિંચિત્ પરિવર્તન,
તપસી કો હી બના લિયા તૂને અપના જીવન-ધન.

(૪)

તૂ થી સત્યવતી તેરા કૈસે સુહાગ શુભ સોતા,
તેરે લિયે વ્યર્થ પુરજન પરિજનકા મન થા રોતા.
જિસકા રક્ષક સ્વયં સત્ય ઉસકા અનિષ્ટ કયા હોતા,
કભી સૂખતા નહીં વિમલ ઉસકે જીવન કા સોતા.
જગે પુનઃ વહ સત્ય-પ્રતિષ્ઠા જલે તેજ કી જ્વાલા,
સાવિત્રી, ફૈલા દે જગ મેં પુનઃ દિવ્ય ઉજિયાલા.

("મહિલા" માસિકના એક અંકમાંથી)

૫૦-रती एक साची

સમજણ વિના રે સુખ નહિ તુજને રે,
વસ્તુ ગતિ કેમ કરી ઓળખાય;
આપમાં દિસે રે આપણો આત્મા રે,
તેણે કાંઈ જીવપણું નહિ જાય. સમજણ-ટેક.

રવિ રવિ કરતાં રે રજની નહિ મટે રે,
અંધારૂં ઉગ્યાં પૂંઠે રે જાય;
હૃદય રવિ ઉગે રે નિજગુરુ જ્ઞાનથી રે,
થનાર જે હોય તે સહેજે રે થાય. સમજણ-૧

જળ જળ કરતાં રે તરસ તો નવ ટળે રે,
એમ મહાજ્ઞાનિ બોલે છે રે મુખ;
પ્રેમરસ પીતાં રે તરત તૃષ્ણા ટળે રે,
ભોજન કહેતાં રે ન ભાંગે ભૂખ. સમજણ-૨

પારસમણિ વિના રે જે પથરા મળે રે,
તેણે કાંઈ કાંચન તો નવ થાય;
સમજણ વિના રે સાધન જે કરે રે,
તેણે કાંઈ જીવપણું નહિ જાય. સમજણ-૩

દશ મણ અગ્નિ રે લખીએ કાગળે રે,
તે લઈ રૂમાં જોઈ અપાય;
એણી ઉખસાએ રે રૂ નથી દાઝતું રે,
રતી એક સાચી એ પ્રગટ તે થાય. સમજણ-૪

જીવપણું મટશે રે અનહદ ચિંતવે રે,
એ તો વાણી રહિત છે રે વિચાર,
જે જે નર સમજ્યા રે તે તો ત્યાં શમ્યા રે,
અખો કહે ઉતરે આ ભવપાર. સમજણ-૫

૫૧-ભીલોનો નાશ

(લેખકઃ-શ્રી. કાલીદાસ આર્ય)

[શ્રી. કાલીદાસ આર્ય છેલ્લાં ૭-૮ વર્ષથી ગુજરાતી ભીલ વસ્તીમાં રાતદિવસ કામ કરી રહ્યા છે. આ લેખમાં લેખક રામભક્ત ભીલોની દશાનું એક કરુણ ચિત્ર રજુ કરે છે. લેખક આર્યકુમાર મહાસભા દ્વારા ચાલતા ભીલઆશ્રમ અમૃતપુરાના મુખ્યાધિષ્ઠાતા છે. છેલ્લા દશકામાં દક્ષિણ ગુજરાતના સેંકડો ભીલોમાં ભીલઆશ્રમને લીધેની પ્રવૃત્તિને લઇને નવચેતન આવ્યું છે, તેઓ વ્યસનોમાંથી મુક્ત થતા જાય છે, વૈદિક ધર્મના સંસ્કારો ઝીલી રહ્યા છે, ધીમે ધીમે કરજદાર મટતા જાય છે.]

સ્વામી રામતીર્થ કહે છેઃ-'તમારાં ગગને ઉડતાં ઉંચાં ઉંચાં મંદિરો અને તેમાં તમારા બનાવેલા પથ્થરના નારાયણો અને વિષ્ણુઓ તમારા અંતરાત્માને શાન્તિ આપનાર નથી. ગરીબ નારાયણોની અને મહેનતુ વિષ્ણુઓની યથાર્થ કદર થતી નથી. તેમને પૈસા આપી ધંધે લગાડતા નથી. તે ધર્મ અધોગતિએ જાય તેમાં શી નવાઇ? માટે એ કૃષ્ણને મંદિરમાં ગોંધી ન રાખતાં ઝાડમાં, પહાડમાં, પશુમાં સર્વત્ર બિરાજેલો જોશો તો તેની કંઇ ઓર મઝા આવશે.'

એક જમાનો હતો, કે જ્યાં ભીલોએ પોતાની વીરતાનો સાચો પરિચય દેશને આપ્યો હતો. દેશ તથા જાતિરક્ષાના ધર્મયુદ્ધમાં તેઓએ સર્વસ્વ હોમી દીધું હતું. વીર ભીલોનાં રામબાણ તીરના કારમા સુસવાટાથી હજારો વિધર્મીઓ અને દુશ્મનોની છાતીઓ વિંધાઇ જતી હતી. ભીલનું નામ સાંભળતાંજ દુશ્મનોના હાંજા ગગડી જતા હતા. શ્રીરામચંદ્રજીના વખતથી ભીલોનો ઇતિહાસ વીરતાથી ભરેલો છે. આજે જેને આપણે જંગલી, કાળિપરજ કે રાનીપરજ તરીકે સંબોધીએ છીએ તેનાજ પૂર્વજોએ પ્રતાપ-મહારાણા પ્રતાપની ટેક સાચવવામાં મુખ્ય ભાગ ભજવ્યો છે. પોતાની નાનકડી ઝુંપડીઓમાં પ્રતાપને આશ્રય આપ્યો છે. અરવલ્લીની ખીણોમાં રહી દુશ્મનોનો કચ્ચરઘાણ વાળ્યો છે.

એ વખતે અને એ પછી પણ ભીલોનાં નાનાં મોટાં ઘણાં રાજ્ય હતાં અને હાલ પણ છે. આ રીતે ભીલ જાતિ એક બહાદુર લડાયક વીર અને રાજકર્તા જાતિ છે. ગામ કે સીમની ચોકી તેઓનીજ હતી. જંગલોના રસ્તામાં તેઓ થાણાં (નાકાં) નાખી પડેલા છે, અને આ રીતે ચોકી કરે છે. હજુ પણ ભીલનું નામ સાંભળી શહેરી પ્રજા થરથરી ઉઠે છે. આ જાતિની અત્યારે શી દશા છે?

ગુજરાતનાં જંગલો ભીલોથી ખીચોખીચ ભરેલાં છે. દાર-

તાડીનાં વ્યસનમાં ફસાઇ પાયમાલ થઇ રહ્યા છે. અક્ષરજ્ઞાન વગરના રહેવાથી શાહુકારોએ તેમનું સર્વસ્વ પડાવી લીધું છે. હિંદુ ધર્મનો ઉપદેશ કરનારાઓના અભાવે હિન્દુપણાને ભૂલતા આવ્યા છે. આ તકનો લાભ બીજા ધર્મવાળાઓ છૂટથી લઇ રહ્યા છે. પાંચ હજાર માઇલ દૂર વસનારા ગોરા પાદરીઓ અને મડમો જંગલોમાં મિશનનાં થાણાં નાખી તેમને અક્ષરજ્ઞાન આપવાના બહાના હેઠળ તેમને વટલાવી રહ્યાં છે. જે ગઇ કાલના સાચા રામભક્તો હતા, જે રામબાણ વાપરવામાં નિપુણ હતા, જે રામબાબાની જય જય પોકારતા હતા, જે રામબાબાની આણ માનનાર હતા, તે આજે ચોટલી કપાવી, પાણીમાં ઉભા રહી, ઇસુની સમક્ષ પ્રતિજ્ઞા લઇ રહ્યા છે. ક્યાં છે સાચા રામભક્તો ? ક્યાં છે શ્રીગોપાળકૃષ્ણના સાચા ગોપાલો ? જે ભીલો ગાયને પવિત્ર અને પૂજ્ય માની તેની રક્ષા માટે લોહીની નદીઓ વહેવડાવતા હતા તેજ ભીલો અત્યારે ગોભક્ષક બની રહ્યા છે. અત્યારે હિંદુઓનો ભગવાન તો મંદિરોમાં અને મઠોમાં ભરાઇ બેઠો છે. હિંદુ ધર્મના ધર્માચાર્યોને મોજશોખ અને વૈભવ ભોગવવા આગળ નવરાશ નથી. જે ભીલોના પૂર્વજોએ હિંદુ ધર્મ અને દેવમંદિરોની રક્ષા ખાતર બલિદાન આપી લોહી રેડયું છે તેનાં સંતાનોથી અત્યારના ધર્માચાર્યો અભડાય છે. તેમના હાથનું પાણી પીતાં પણ વટલાય છે. અરે ! હિંદુ જાતિ ! તારી શી દશા થવાની છે.

ખ્રિસ્તી પાદરીઓએ તેમને માટે નિશાળો ખોલી છે. છોકરા-છોકરીઓ માટે બોર્ડિંગસ્કૂલો કાઢી છે. દવાખાનાં ખોલી દર્દીઓની સેવા કરી રહ્યા છે. જુલ્મ અત્યાચાર વખતે તેમને પડખે ઉભા રહે છે. આ રીતે તેમને પરોપકારના દેવા નીચે દબાવી–આકર્ષીને વટલાવી રહ્યા છે. અત્યારે દેશમાં દર અઠવાડીએ આવા હજારો હિંદુઓને વટલાવવામાં આવે છે. ભાઇઓ, હજુએ નહિ ચેતો તો આવતી કાલ આથી પણ ભૂરી દશા જોવા વખત આવશે.

ખ્રિસ્તીઓનું અનુકરણ બીજા ધર્મવાળાઓએ પણ કર્યું છે. મધ્ય ગુજરાતમાં જ્યાં જ્યાં મુસલમાનોની વસ્તી મોટા પ્રમાણમાં છે ત્યાં ભીલોને મુસલમાનોને ત્યાંજ રહી ગુજારો કરવાનો હોય છે. તેથી તેઓને પીર મોટામિયાંના ફકીરો ઓલિયા બની કબરો અને પીરના નામે વહેમમાં ફસાવે છે. પ્યાલીઓ પાઇ મુરીદ–ચેલા બનાવે છે. બહારથી ગૌરક્ષા કરવાનો ઉપદેશ કરવાનો ડોળ બતાવે છે. 'હિંદુ અને અને મુસલમાનો એકજ ભાઇઓ છે, રામ અને રહેમાન એકજ છે, આ દેશમાંથી કોઇનાથી કોઇને કાઢી મુકાશે નહિ' આમ ભણેલા–સમજુ હિંદુઓને સારૂં લગાડવાની વાતો કરી અંદરની મુસલમાન બનાવવાની ભેદનીતિ બહાર આવવા દેતા નથી. ઘેર ઘેર ગાયો પાળવાનો ઉપદેશ કરવાના ડોળથી હિંદુઓ આકર્ષાય છે. આથી

તેમના મુસલમાન બનાવવાના કાર્યને ટેકો મળે છે.

ખરેખર, તેમની મુસલમાન બનાવવાની રીતિ એકદમ સમજી શકાય તેવી નથી. પ્રથમ તો જે ગામમાં તેમના મુસલમાન હોય છે તેઓ આવા પછાત હિંદુઓ સાથે ભજન મંડળીઓ કાઢે છે. તે વખતે શરૂઆતમાં રામકૃષ્ણને લગતાં હિંદુ ભજનો ગાય છે. પછીથી ક્રમે ક્રમે કલ્મા અલ્લા પીર પેગંબર અને કુરાનનો મહિમા વધારનારાં ભજનો ગવડાવી મુસ્લીમ ભાવના ખીલવે છે. પીર પેગંબર અને કબરોની કરામતોની ગપો ફેલાવે છે, જેથી ભોળા અને દુઃખી ભીલો તેમનાથી ફસાય છે. કોઇને ધન, કોઇને સ્ત્રી તો કોઇને દુશ્મનાવટ કરવાની બાધાઓ આપે છે. કોઇને પ્રભુનાં સાક્ષાત્ દર્શન કરવવાની લાલચ આપે છે.

મૂળમાં ભીલો વહેમી અને "જોઇતું હતું તે મળ્યું" તેવો ઘાટ બને છે. આ રીતે તેઓને ફસાવી ચેલા બનાવે છે.

પેટ માટે મુસલમાનોનો આશરો લીધાથી ભીલો મુસલમાનોનું ખાતાં શીખ્યા, જેથી 'જેવું અન્ન તેવા ઓડકાર' અને 'સોબત તેવી અસર' પ્રમાણે હિંદુ ધર્મપરની ભાવના પલટાઇ. ગૌબ્રાહ્મણ પ્રત્યેની પૂજ્ય લાગણી પણ પલટાઇ. ભીલ સ્ત્રીઓ પણ મુસલમાની પહેરવેષ, ઘરેણાં, બોલીચાલી તથા રીતભાતનું અનુકરણ કરતી થઇ ગઇ છે. આ સ્થિતિમાં ભીલોને હિંદુત્વનું ભાન કરાવનાર કોઇ નથી. એટલે વિધર્મીઓના આશરે રહેતા ભીલોની આ અવદશા છે, અને આ રીતે હિંદુધર્મની દિવાલનો પાયો ખવાયો છે.

જે ભીલો હિંદુઓના ગામમાં તથા તેમના સહવાસમાં સદીઓથી રહે છે તેમને પણ હિંદુપણાનું ભાન નથી. આ કેટલા દુઃખની વાત ? હિંદુઓને કેટલું શરમાવનારૂં છે કે પોતાનો હિંદુ ધર્મી—હિંદુ ભાઇ પોતાની સાથે સૈકાનાં સૈકા રહેવા છતાં તેને હિંદુપણાનું ભાન નથી ! તો હવે બીજાને તો કહેવુંજ શું ?

આ વાતો વાંચી સાંભળી કે અનુભવથી નક્કી કર્યા પછીએ જો હિંદુઓની આંખ ન ખૂલે તો હિંદુ જાતિની અવદશા સિવાય બીજું શું કહું ?

પ્રભુ હિંદુ ધર્મપ્રેમીઓને આ વાત સમજવાની શક્તિ આપે. હજુએ વેળાસર આંખ નહિ ખોલે અને ભીલો અને તેવી પછાત જાતિઓના સુધાર અને સંગઠન તરફ લક્ષ નહિ આપે તો ઉપર જણાવ્યા તેથીએ ભુંડા દિવસો જોવાનો વખત આવશે.

ભીલોને આ વિધર્મ તરફ દોરાતા બંધ કરવા. ભીલોમાં નિશાળો આશ્રમો ખોલી તેમનાં બાળકોને કેળવણી અને હિંદુ ધર્મનું શિક્ષણ આપવું. તથા ઉપદેશકો રોકી તેમને સાચા હિંદુ (આર્ય) બનાવવાની

તાત્કાલિક અગત્યતા છે. તેમને વ્યસનોમાંથી મુક્ત કરી નિર્ભય બનાવી જમીનદારો શાહુકારો અને અમલદારોના ત્રાસમાંથી બચાવી લેવાની ખાસ આવશ્યકતા છે. પ્રભુ દરેક હિંદુને એ શક્તિ આપો.

("પ્રચારક"ના એક અંકમાંથી)

૫૨–તમને ગમે છે?

(લેખકઃ–શ્રી. ધનંજય વિદ્યાર્થી)

તમને ગમે છે? ગરીબ લોકને રીબાવી રીબાવીને મારનાર યંત્રો!
અમૂલ્ય ચક્ષુઓનાં તેજને હરી લેનાર વીજળીના દીવાઓ?
યુવાનોને બુઢાપાની બક્ષીસ આપનાર ચાહ અને કોફીની દુકાનો?
કે દારૂ, તાડી, અફીણ, તંબાકુ અને ગાંજો?
મન અને દેહને અપવિત્ર બનાવનાર દેવદેવીઓ?
બોલો, તમને શું ગમે છે?

આબરૂ રાખનારાં, મૃતકની શાંતિને માટે ઉજવાતાં બારમાં, તેરમાં ને જ્ઞાતિભોજનો તમને ગમે છે?

પાપાચરણથી ભરપૂર મંદિરો તમને ગમે છે? સત્ય જ્ઞાનથી વેગળી રાખનાર મૂર્તિપૂજા ગમે છે? પડદાની પ્રથા તમને ગમે છે?

બાળલગ્ન કે લાકડા સાથે માંકડાં જેવાં કજોડાં તમને ગમે છે?

લોકોનાં નાણાં હોઇયાં કરી જનાર શરાફો કે કમિશનથી પોતાનાં ગજવાં તર કરનાર કંપનીઓ તમને ગમે છે?

સાચાનું જૂઠ્ઠું ને જૂઠ્ઠાનું સાચું કરનાર વકીલો કે ન્યાયને ઘરાણે મૂકનાર ન્યાયાધીશો તમને ગમે છે?

મિથ્યા જ્ઞાનના ઇજારદાર ગુરુઓ અને તેમના અનુયાયી ચેલાઓ તમને ગમે છે?

ડોળઘાલુ પુરાણી પંડયા, પાદરી અને મૌલવીઓ તમને ગમે છે?
ગુલામી મનોદશામાં ઘસડાનારા શિક્ષકો તમને ગમે છે?
સમાનતાનો અનાદર કરનારાં થોથાં તમને ગમે છે?
બોલો, તમને શું ગમે છે?

મોઢાની ગએલી લાલી લાવવા વ્યાયામને બદલે વિદેશી ક્રીમો અને સાબુઓ ઘસનાર યુવક–યુવતીઓ તમને ગમે છે? સ્વદેશાભિમાનને નેવે ચઢાવનાર દેવાળીઆ તમને ગમે છે?

બોલો, તમને શું ગમે છે?

("પ્રચારક"ના એક અંકમાંથી)

૫૩-ગુજરાતની અંધશ્રદ્ધા

(લેખકઃ-શેઠ રણછોડલાલ ગિરધરલાલ મણુકીવાળા)

લખનાર પોતે ગુજરાતનોજ રહીશ હોવાથી તથા કેટલાક સમયથી ઘણી બારીકીથી આ વિષય ઉપર અવલોકન કરતા રહી જે યથામતિ દૃષ્ટિએ પડેલું છે તે અહીં લખેલું છે. ઘણા ખરાની દૃષ્ટિએ ચાલુ સમયના વેપારીવર્ગની જાહોજલાલી વૃદ્ધિ પામતી દેખાય છે; જેના સામે જ્યારે ગુજરાતના પ્રાચીન ઇતિહાસ વંચાય છે ત્યારે હાલની રિદ્ધિ સિદ્ધિ તે વખતના પ્રમાણમાં કમી જણાય છે, બાકી તે તરફ દૃષ્ટિના કરનાર હાલના જમાનાની ખોટી હીશિયારી ને તાલમેલનું અવલોકન કરે તો બેશક તેને જ્યાં ને ત્યાં "ઢમઢોલ માંહે પોલ ઉપર છત્રછાયા" પ્રમાણે અંદર તપાસવા વગર ઉપરનાજ છત્રનો ચળકાટ જણાય છે. બાકી અંદરથી પરદેશોની હુન્નરખાંઓની ચઢાઇથી દેશ પાયમાલ થતો જાય છે. કુદરતનાજ ભાવથી કે દેશની આબ-હવાનોજ ગુણ તો ઇશ્વિર જાણે! કેમકે સમુદ્રપારના લોક જેવાં આપણાં મગજ નથી. ફક્ત દેખાદેખી નકલ કરવી, અસત્ય, અધર્મ તથા અદેખાઇ ને પરનિંદા, આ સાધનો સાથે લઇ ટુંક મતિથી જે રસ્તે ધન ગ્રહણ થાય તે રસ્તે ધન મેળવવા પ્રયત્ન કરવા સિવાય બીજે રસ્તે ધન વધારવા જરા પણ બુદ્ધિ ચાલતીજ નથી. આ પ્રમાણે પ્રાપ્ત થએલું ધન તદ્દન ધર્મ સંબંધી અંધશ્રદ્ધા દેશમાં છવાયેલી હોવાથી વસ્તીનો ઘણો ભાગ તે રસ્તેજ બીજા ભાઇએ મેળવેલી લક્ષ્મી છૂટથી છતે બજાર જેમ લૂંટાય તેમ લૂંટી તે ધનમાંથી મોજશોખ ઉડાવી વધારામાં ધનાઢ્ય પણ થતા દેખાય છે. દેશમાં જેટલો બ્રાહ્મણવર્ગ છે, જેનો લગભગ બધો ભાગ તેમજ સાધું, સંન્યાસી, વેરાગી, ધર્મના આચાર્યો, ફકીર, જોગી, જતિ વગેરે તમામ ભિક્ષુકવર્ગ બની ધન લૂંટતાજ નજરે આવે છે. ભિક્ષુકનો હક ખરેખરો જે અપંગ પોતાના નિર્વાહજોગ સાધન ના હોનાર હોય તેનેજ ગણાય છે; પણ તેની જગ્યાએ એ ઘોડાની ગાડીની જેમ પગે ચાલી પરાણે પેટ ભરનારનું ધન ઓકાવી કઢાય છે, જે ધન આપનાર નજરે જુએ છે છતાં તેના ઉપર તિરસ્કારની આવતી ઉલટો પોતાના પૈસાનો સદુપયોગ થાય છે માની આનંદ માને છે. આટલી બધી આ દેશમાં ધર્મ ઉપર અંધશ્રદ્ધા વધી ગઇ છે. બ્રાહ્મણ કોમ ફક્ત એમજ ધારી બેઠી છે કે તેજ બધાને સ્વર્ગે પહોંચાડનાર છે. પાંચસોના પગારની નોકરી કરનારનાં છોકરાં બાર મહિને પંચાસ કમાનારને ઘેર ખુશીથી જઇ જમી આવશે. આ માગણ કોમને કોઇ તરેહથી તેમનું ધન જવાનો રસ્તો હોતો નથી.

આ ધન લૂંટનાર કોમો વરસોના વરસ સુધી ચાલી આવે છે, છતાં આગળ ફક્ત તે લોકો પોતાનો નિર્વાહ કરકસરથી ચલાવે તેટલુંજ ધન મેળવી શકતા હતા. પણ જેમ જેમ સમય ચાલતો ગયો ને દરિદ્રતાએ પોતાનો પ્રવેશ વધારવા માંડયો એટલે નિર્ધનતાએ ધર્મની અંધશ્રદ્ધાને મદદગાર ગણી આગળ કરી, જેથી જે ભિક્ષુકો પરાણે ગુજરાનજોગ પારકા ધનમાંથી મેળવતા તે હાલ ઘડી પૂર્ણ જાહોજલાલીમાં આ અમારા રાજ્યનગ્ર શહેરમાં તો દૃષ્ટિએ પડે છે. જે મંદિરોમાં બાજરીના રોટલાના સાંસા હતા તેવાં મંદિરો લક્ષાધિપતિ થવા આવ્યાં છે. ઉપર ગણાવેલો ભિક્ષુકવર્ગ હરામનુંજ ધન લઇ ગાડીઘોડે બેસી મોટી મૂડીવાળાઓમાં ગણાવા લાગ્યો છે. તીર્થયાત્રામાં જે જે સ્થળો ગણાયેલાં છે ત્યાં આવો વર્ગ ફક્ત ભીખ માગી મોજશોખ કરવાનુંજ તેમનું કાર્ય ગણી બેઠો છે. ગમે ત્યાં જાય ત્યાં મહેનત કરી રળનારનું ધન લૂંટાઇ જવાનાં આ સાધન ઓછાં નથી. કેટલાક યાત્રાનાં સ્થળોમાં આ પોલ દેખી કેટલાક બળાત્કારના લાગા ઘાલી દીધા છે, જેની ઉપજ તે લોકને લાખોના હિસાબે મળ્યે જાય છે. ઠેર ઠેર દેવમંદિરોમાં લાખોના લખલૂંટ ખર્ચ ફક્ત નાઉપયોગી ચીજોમાંજ વ્યય થતો જણાય છે. તે પણ ફક્ત અંધશ્રદ્ધાનોજ પ્રતાપ છે. ધર્માચાર્યોની શી ફરજો છે તે તરફ જરા પણ દૃષ્ટિ કોઇ કરતું નથી. તેમજ તેમના મગજ ઉપર પણ દેશના ચાલુ પવનની અસર હોવાથી જેમ લૂંટાય તેમ ધન લૂંટી ગાડી વાડી અને લાડીની મોજ ભોગવે જાય છે. બીજી બાજુ હાલના પવનના જોરથી કેટલાક ઠગો જોશી તથા વૈદ્યો બની સુધરેલી રીતે ધન ગ્રહણ કરવાનું ધારી લેઇ બેઠા છે, જેમાં પણ પુષ્કળ ધન હરણ કરે છે. કોળી, વાઘરી, ઢેડ, ભંગી જેને ખાવા ન મળે તે તદ્દન અભણ વર્ગ પણ બાવાની સંજ્ઞામાં ભળી રામફીઓની સહેલ મફતના મલીદા મારી ઉડાવતા થયા છે.

દિવસે દિવસે અંધશ્રદ્ધા વધતીજ જાય છે ને તેથીજ આ દેશ બલ્કે હિંદુસ્થાનની દશા સુધરવાની જે મોટી આશાઓ રાખવામાં આવે છે તે બહુ અશક્યજ છે. જો રાજ્ય તરફથી મદદ મળે, દરિદ્રતા જરા મહેરબાની કરી આ દેશમાંથી દૂર થાય તેવી ઇશ્વર કૃપા કરે તોજ આ વસ્તીની અંધશ્રદ્ધા દૂર થાય; તો પછી લાખો નહિ પણ કરોડની સમૃદ્ધિ દેશમાં કમાનારના ઘરમાં વધે ને આ મફત–ખાઉઓ અત્યારે જે નીચેનું કવિત બોલતા ફરે છે તેને અટકાવવા જરૂર પડી જાયઃ–

સૌથી ધંધો ભીખનો મ્હોટો,
જેમાં ન આવે ખોટ કે તોટો;
ખભે ભરાવ્યો દોરી લોટો.

વેપાર કરે તેને ઝાઝું વીતે,
ધન્ય બાવા ગોરખને કે માગે તે જીતે.

આવાં આવાં ખોટાંજ વચનો આમને ઉત્તેજન આપનાર છે; તેમજ હાલના જમાનામાં નીચે પ્રમાણેજ જણાય છેઃ—

વૈષ્ણવને વેરાગીએ લુંટયા
પૈસાવાળાને લૂંટયા વૈદે.

આ લૂંટ ચાલુ છે પણ આ લૂંટારાના ટોળા ઉપર દાબ થાય તો વસ્તીમાં ધન વધે તથા દેશમાં કરોડોના હિસાબે ગણાતી આ વર્ગની વસ્તી વિના ઉદ્યોગે વળગે તો હાલ જે ઠગવાનો પણ તેમને શ્રમ કરવો પડે છે તેથી ઓછા શ્રમે કરોડો રૂપિયા ધંધામાં પેદા કરી લાવે, જેથી આખર દેશ ઘણી આબાદી ભોગવતો થયા વગર રહેજ નહિ ને તે લોકોનો જન્મારો પણ સુધરે. દેવસ્થાનોમાં વગર ઉપયોગી લાખ્ખોનાં ખર્ચ લૂંટાય છે તે પણ બંધ થાય તે પણ વધારોજ વધે. પણ જ્યારે સર્વને એમ ખાત્રી થાય કે દેવ વાસનાના ભૂખ્યા છે, સુદામાજીના તાંદુલથી ભગવાન સંતુષ્ટ થયા હતા. આવા દાખલા ગળે ઉતરે ત્યારેજ. બાકી તો અમુક મંદિરમાં બસે મણ ભાત ઠાકોરજી અણકોટમાં આરોગે છે એ શું નાની વાત છે? તેથી ત્યાં જઇ ગજા ઉપરાંત નકામા ખરચના ખાડામાં ઉતરી સંતોષ માનનારનાં મન ધોવાય તોજ દેશની આબાદી ગણવાની છે. મારૂં લખાણ જરા પણ ફાયદાકારક નીવડવાનું નથી; કેમકે દિવસે દિવસે અંધશ્રદ્ધાનો ફેલાવો વધતોજ ચાલે છે. પાંચ વર્ષ પર ગામડેથી આવી મૂર્ખ બ્રાહ્મણ કોઇ પણ વૈદાનો, જોશીનો કે પુરાણનો ધંધો લેઇ બેઠેલો હાલ લક્ષાધિપતિ ગણાય છે; જ્યારે વેપારી વર્ગમાં મહા-મુશીબત ઉઠાવનાર ઘસાતા પણ જણાય છે. ઇશ્વર મહેરબાની કરે ને મૂર્ખોનાં ચક્ષુ ઉઘાડે તેમજ આ વર્ગને પ્રેરણા કરે કે અસત્યનું ધન મેળવેલું બીજા ભવમાં નુકસાનકર્તા થાય છે તો તેમનો ધંધો ફરે ને તેમની તાજી તીક્ષ્ણ બુદ્ધિ ધન વધારવા તરફ દોરાય તો દેશમાં પુષ્કળ ધનની વૃદ્ધિ થાય ને પોતે તથા આ લોક સુખી થઇ પાછી આગળની હિંદુસ્તાનની સમૃદ્ધિ સાંભળેલી તેનું દર્શન થવા વખત આવે.

("ગુજરાતીપંચ" ના કોરોનેશન અંક ૧૯૧૧ માંથી)

૫૪-આર્યસમાજની સેવાઓ

(લેખક:-દિવાન બહાદુર કૃષ્ણલાલ ઝવેરી-મુંબઈ)

થોડા દિવસ પર મુંબઇની આર્યસમાજે કાલબાદેવી રોડ પર પોતાની એક શાખા ખોલી. તેની ઉદ્દ્ઘાટનક્રિયા મારી પાસે કરાવી હતી. તે વખતે ભાષણ કરતાં આર્યસમાજની સેવાભાવની પ્રવૃત્તિનાં ત્રણ અંગની મેં મુક્તકંઠે પ્રશંસા કરી હતી. હિંદુ કોમનું સંગઠન, સમાજસેવા (સમાજસુધારાના રૂપમાં) અને શુશ્રૂષા.

આર્યસમાજના ધાર્મિક સંબંધને જેઓ સ્વીકારતા ન હોય તેમને પણ તેની આ ત્રણ પ્રકારની દેશસેવા સ્વીકાર્યા વગર છૂટકો નથી. હિંદુકોમના સંગઠનની બાબતમાં આર્યસમાજે કેટલો મોટો ફાળો આપ્યો છે તે તો જેણે એ સમાજ દ્વારા થતી શુદ્ધિના આંકડા જોયા હોય તેનેજ સમજાય. આર્યસમાજ તરફથી શુદ્ધિનું કાર્ય ઉદ્ભવી જારી ન રહ્યું હોત તો આજે કેટલાય હિંદુઓ સદાયના હિંદુધર્મ છોડી પરધર્મી થઇ ગયા હોત; પરંતુ કોઇ અમુક કારણના ક્ષણિક ભોગ થઇ પડી પરધર્મમાં ગએલા કેટલાએ જીવોની શુદ્ધિ કરી આર્ય સમાજ પાછી તેમને હિંદુ સમાજમાં લઇ આવી છે. ઉપરાંત કેટલીએ કકળતી વિધવાઓને તેમનો ફરી વિવાહ કરાવી આપી અથવા તો બીજી રીતે દુર્દશામાં આવી પડતાં બચાવી છે.

સમાજની સેવાભાવનાની ખરેખરી કિંમત તો મુંબઇનાં હુલ્લડો વખતે સમજાઇ હતી. દુર્ગંધવાળાં, વાસ મારતાં, બિહામણાં કેટલાંએ હિંદુ, અહિંદુ, ઉંચ, નીચ, અનેક મુડદાંઓને આર્યસમાજના સેવકોએ ગતે કરેલાં. જેમણે એ ત્રાસદાયક બનાવ નજરે જોયા છે તેઓ એ સેવકોની પ્રશંસા કરતા મોઢામાં જીભ ઘાલતા નથી. આ તો મુવેલાંની વાત થઇ. પરંતુ એ હુલ્લડના સમયમાં મુંબઇની ભયંકર સ્થિતિથી અજ્ઞાત એવાં સેંકડો માણસો, જમીન ને દરીઆ રસ્તે મુંબઇ દરરોજ આવ્યાં જતાં હતાં તેમને વેળાસર ધાસ્તીની ખબર આપી, ખાત્રીલાયક માણસો યા વાહનો દ્વારા યોગ્ય ઠેકાણે સહીસલામતીથી પહોંચાડી, વોલંટિયર તરીકેનું ઉત્તમ અને અતિશય શ્રમ અને જોખમવાળું હિંમતભરેલું કાર્ય આર્યસમાજવાળાઓએજ કરેલું હતું. તેની નોંધ લીધા વિના ચાલતું નથી.

આમ સમાજના સિદ્ધાંતોને ન માનનાર પણ, સમાજ પરોક્ષ રીતે દેશસેવાકાર્યમાં કેટલો પ્રખર ભાગ લે છે તે ધ્યાનમાં રાખી તેટલા પૂરતો પણ ધન્યવાદ આપે તો તે સમાજ જરૂર પોતાનું કાર્ય સફળ થયું એમ માનશે. ("પ્રચારક"ના એક અંકમાંથી)

૫૫-साहसिक देवता केवो होय ?

તરસી ભૂમિને પાણી પૂરૂં પાડવાની એક અજોડ યોજના

માઇલોના માઇલો સુધી એ પ્રદેશમાં પીળી નિર્જનતા સિવાય બીજું કાંઇજ નજરે નહોતું દેખાતું. બળી ગયેલા ઘાસનું એ મોટું મેદાન જમીન ઉપર બિછાવેલી શેતરંજી જેવું સપાટ છે. એમાં નથી ક્યાંય ટેકરો, નથી ક્યાંય ખાડો કે નથી ક્યાંય જમીનની ઘડી. વિધવિધ પ્રકારની ખેતી માટે એના જેવો લાયક મુલક બીજે શોધવો કે મળવો મુશ્કેલ થઇ પડે એવો એ પ્રદેશ છે.

ભૂસ્તરશાસ્ત્રીઓએ પણ એ મુલક તપાસ્યો હતો, એના પેટાળમાં કોલસાના મોટા મોટા થરો હતા. ક્યાંક ક્યાંક કાચું લોઢું પણ છે. ખેતીને માટે એ મુલક લાયક હતો, અને છતાં માણસજાતને યાદ આવે ત્યારથી એ મુલક સદંતર વેરાન હતો. એમાં નહોતી ખેતી થતી, નહોતી નહેર ખોદાતી, એમાં માણસના વસવાટ નહોતા, એમાં ઘાસ પણ નહોતું પાકતું. એનું કારણ એ હતું કે માઇલોના માઇલો સુધી ફેલાયેલા એ વેરાન પ્રદેશમાં ક્યાંય પાણીનું ટીપું પણ નહોતું.

એ મુલકનું નામ અનકંપાઘરી વેલી. યુનાઇટેડ સ્ટેટ્સના કોલોરાડો નામના સંસ્થાનની દક્ષિણમાં આવેલા આભઉંચા, વિકટ અને માઇલોના માઇલો સર્પાકારે લંબાયલા કોલોરાડોના પહાડની બીજી બાજુએ એ પ્રદેશ આવ્યો હતો. એમાં કોઇ માણસે કોઇ દિવસ વસવાટ કર્યો કોઇએ સાંભળ્યો કે જાણ્યો નહોતો.

બોરીંગો ખોદીને એમાં પાતાળમાંથી પાણી કાઢવાના અનેક ખરચાળ અખતરાઓ તો કંઇકોએ કરી જોયા હતા; પરંતુ ત્યાં તો પાતાળમાંયે પાણી નહોતું. કૂવાઓ, વાવો, વરસાદનાં પાણી ઝીલવાનાં તળાવો, બોરીંગો વગેરે અનેકાનેક તરકીબો પછી પણ જ્યારે પાણી કોઇ રીતે પ્રાપ્ત થઇ શક્યું નહિ ત્યારે એ મુલકને અસાધ્ય ગણી કાઢવામાં આવ્યો. અમેરિકનો એ મુલકને ઇશ્વિર તરફથી ભૂલાઇ ગયેલા મુલકના નામથી ઓળખવા લાગ્યા. પાણી મેળવવા માટેના છેલ્લામાં છેલ્લા અખતરાને પણ પચીસ વર્ષ થઇ ગયાં. પહાડોની ફરતી દિવાલોની વચમાં ખીણ જેવા એ પ્રદેશનો વિસ્તાર અગિયાર હજાર ચોરસ માઇલનો હતો.

આમ છતાં કોલોરાડોના આભઉંચા ડુંગરને પેલે પાર એક મહાનદી નામે ગનીસન દર વર્ષે કરોડો ગેલન પાણી ખારા સમુદ્રમાં ઠાલવતી હતી. ત્રણથી પાંચ હજાર ફૂટની ઉંચાઇવાળા ને ઓછામાં ઓછા બાર માઇલની જાડકવાળા એ ડુંગરની બીજી બાજુએ જળ-

ઘોઘો વાટે પછડાતી–ઉંડાં ઉંડાં કોતરોમાં પછડાતી–આ ખૂબ ઉંડી અને ખૂબ સાંકડી નદી હતી. તે આ ઇશ્વરે તરછોડેલા મુલકથી નજીક છતાં એ મુલકના ઉપયોગપૂરતી તો જાણે કે પરલોકમાં વહેતી સ્વર્ગગંગા સમીજ હતી. એક બાજુ આ નદીનાં પાણી દરિયામાં ઠલવાતાં; બીજી બાજુ આ મુલક વેરાન અને તરસ્યો પડયો હતો.

ઇ. સ. ૧૮૯૮ની સાલમાં એક દિવસે પૃથ્વીના પ્રવાસે નીકળેલો એક ફ્રેન્ચ મુસાફર આ મશહૂર વેરાનને જોવાને આવ્યો. એ ઇજનેર નહોતો, ખેડૂત નહોતો. એ તો હતો એક મોજીલો રંગીલો જુવાન. શ્રીમંત પણ નહોતો. મજૂરી કરતા જવું, પૈસા કમાતા જવા, ને દુનિયાનો પ્રવાસ કરતા જવો એ એની મુરાદ હતી. એવો આ ફ્રેન્ચ જુવાન આ વેરાન મુલકમાં વચમાં ઉભો હતો. જુગ જુગની તરસ એ ફ્રેન્ચ જુવાનના અંતરમાં બોલી. એ મુલક જોઇને એ લીલા પ્રદેશમાં પાછો આવ્યો. એણે અમેરિકાના જળસંગ્રહ ખાતાના વડા ઇજનેરને એક તાર કર્યો: ‘યુરોપમાં આલ્પ્સના પહાડો કોતરીને આગગાડીઓ જાય છે, એ વાત તમે જાણતા હશો. એજ રીતે ગનીસન નદીને તમે અનકંપાઘરી વેલીમાં ન લાવી શકો?’ તાર કરીને ફ્રેંચ મુસાફર તો પોતાને માર્ગે પડયો.

યુનાઇટેડ સ્ટેટ્સના જલસંગ્રહ ખાતાનો મુખ્ય ઇજનેર ફેલોઝ નામે હતો. એણે તાર વાંચ્યો, તાર વાંચીને એ હસ્યો ‘ બચારો કોઇક ભલો માણસ લાગે છે. પહાડ કોતરીને આગગાડી જાય, પણ કાંઇ નદી લઇ જવાય?’ એણે ઉપહાસ સાથે એ તાર પોતાના તાબાના એક ઇજનેરને આપ્યો: ‘દુનિયામાં માણસ પણ કેવાં વિચિત્ર સ્વપ્ન સેવે છે?’ ફેલોઝે ટીકા કરી.

પરંતુ એ સહાયક ઇજનેર ટોરેન્સ ઇજનેરી આલમમાં એક સ્વપ્નદ્રષ્ટા હતો. તાર વાંચતાં વાંચતાં જળને માટે અનંતકાળથી મૂંગી ચીસ નાખતા એ મુલકનું ચિત્ર એની આંખ આગળ હૂબહૂ ખડું થયું. ટોરેન્સ લખે છે: ‘તાર વાંચતાં વાંચતાં મારી આંખો મીંચાઇ ગઇ અને અંતકાળે પાણીને માટે તરફડતા એક ડોસાના સ્વરૂપે એ મુલકનું ચિત્ર મારી આંખ આગળ નાચવા લાગ્યું. જળની મૂક બૂમનો ટોરેન્સના અંતરમાં પ્રતિશબ્દ પડયો ‘શા માટે નહિ?’ એણે પોતાના ઉપરી અમલદારની રજા માગી. રજા મેળવીને ટોરેન્સ પુરાણા પૂર્વગ્રહો છોડીને નવી આંખે એ મુલકને જોવા નીકળ્યો. સવાલ એ હતો કે ગનીસન નદીને પહાડમાંથી અનકંપાઘરીની ખીણમાં વાળી શકાય એમ છે કે નહિ? એને માટે સૌથી પહેલાં ગનીસન નદી જોવી જોઇએ.

ગનીસન નદી એ ઘોર નદી છે. કોલોરાડોના ડુંગરમાંથી નીકળીને ડુંગરની ઉત્તર બાજુએ ઘસાઇ ઘસાઇને એ આગળ વધે છે.

એનો પ્રવાહ જળધોધોની હારમાળા જેવો છે. પછડાતી જાય, જમીન ખોદતી જાય, ઉંડી અને વધારે ઉંડી સાંકડી બનતી જતી એ નદી પાગલ બનેલા હાથીની જેમ આગળ દોડે છે. નદીનો આદિથી અંત સુધીનો પ્રવાહ કોઇએ જોવાની તપાસવાની હજી સુધી હામ નહોતી ભીડી.

અનકંપાધરીની ખીણની બરોબર સમાંતરે નદી ઉંડી અને વધારે ઉંડી કોતરોમાં ઘુસી જાય છે, ને ખીણની હદ પૂરી થયા પછી માઇલો ને માઇલો દૂર ડુંગરની બીજી બાજુએ એ પાછી સપાટ ભૂમિ ઉપર જાણે કે પાતાળમાંથી પ્રગટે છે. એટલે અનકંપાધરીની ખીણમાં જો એનાં પાણી વાળવાં હોય તો એ કોતરોજ તપાસવાં જોઇએ. એ કોતરોની બેય બાજુના ડુંગરા ઉંચા ને ઉંચા થતા જાય છે ને વચમાં તોફાને ચઢેલા મહાભુજંગ જેવી નદી સાંકડી ને સાંકડી બની જમીન ખોદતી સર્પાકારે વહે છે. જેમ જેમ નદી આગળ વધે છે, તેમ તેમ કોતરો ઉંડાં ને વિકટ બને છે. આખરે 'બ્લેક કેન્યોન'– 'કાળું કોતર' નામનું ભીષણ કોતર આવે છે. નદીનાં પાણીની બેય બાજુ ત્રણ ત્રણ હજાર ફૂટ જેટલા ઉંચા ડુંગરો છે. નદીનો પ્રવાહ માત્ર અઠ્ઠાવીસ ફૂટ પહોળો છે. સૂર્યનો પ્રકાશ નદીનાં પાણી ઉપર કોઇ દિવસ કોઇ વખતે નથી આવી શકતો. એ કોતરમાં નદી કેમ વહે છે એ કોઇ આજ દિન તક નહોતું જાણતું.

ટોરેન્સને લાગી ગયું કે જો નદી વાળવી હોય તો આ કોતરમાંથી વાળવી પડશે. કોતર કેવું છે એ કોઇ નહોતું જાણતું, ને પોતે નહોતો જાણતો. એણે કેનવાસની એક હોડી બનાવી. નદીના પ્રવાહની સાથોસાથ 'બ્લેક કેન્યોન'–કાળા કોતરમાં દાખલ થવાનો નિરધાર કર્યો. એમ નક્કી થયું કે ટોરેન્સ નદીનાં પાણી સાથે જાય, ને કોતરની ધાર ઉપર કેટલાંક માણસો ચાલે. પોતે સલામત છે એ જણાવવા માટે ટોરેન્સે બે બે ચાર ચાર કલાકે રિવોલ્વરના અવાજો કરવા એમ નક્કી થયું. ટોરેન્સ નદીના પાણી સાથે દાખલ થયો. તપાસ રાખનારા માણસો ઉપર ઉપર ચાલવા લાગ્યા. દશ દિવસ વીતી ગયા. પરંતુ ટોરેન્સની રવાનગી પછી ન તો એકે રિવોલ્વરનો અવાજ સંભળાયો, ન તો એ જીવતો છે એનો બીજો કોઇ પુરાવો મળ્યો. કાળા કોતરમાં ટોરેન્સનું અવસાનજ થયું એમ માની લીધું. દશ દિવસ પછી ફેલોઝે ફ્રેન્ચ મુસાફરના તાર ઉપર શેરો કર્યો: 'અશક્ય. આ તપાસમાં અમે એક ચાલાક ઇજનેર ખોયો.' બીજા વીસ દિવસ પણ એ વાત ઉપર વહી ગયા.

ત્યારે ટોરેન્સનું શું થયું ? અકલ્પ્ય એવાં નદીનાં તાંડવનો સામનો કરતો કરતો એ ધીમે ધીમે આગળ વધતો હતો. નીચે ચોવીસે કલાક ઘોર અંધારૂં હતું, ને એ અંધારામાં નદીનાં પાણી કાળી શાહી જેવાં

દેખાતાં હતાં. પાણી ઠેકાણે ઠેકાણે પથ્થર સાથે અફળાતાં. કોતરની બેય બાજુ સાથે અફળાતાં, ને એ પછડાટના ફૂવારા વીસ વીસ ફૂટની ઉંચાઇએ ઉડીને ચોપાસ વેરાતા. ટોરેન્સનું શરીર સદાયે પાણીથી ભિંજવાયેલુંજ રહેવા લાગ્યું. પાણી એટલું તો ગાજતું હતું કે પોતે વછોડેલી રિવોલ્વરનો અવાજ પોતે પણ નહોતો સાંભળી શકતો.

બહુજ સાવધાનીથી એ નદીના પ્રવાહના કિનારે કિનારે લીસા લીસા ખડકો ઉપર હાથ ટેકવીને બીજે હાથ કેનવાસની હોડી ઉપર ટેકવીને આગળ વધતો હતો. કોઇક વાર માથે સૂર્ય દેખાતો ને નીચે ઉજળું અંધારૂં થતું, ત્યારે એ આસપાસની જગ્યા જોઇ લેતો. એની કાચીપાકી છબીઓ પાડતો. પહેલે દિવસે એ અરધો માઇલ ચાલી શક્યો. બીજે દિવસે એક માઇલ સુધી આગળ વધી શક્યો; એટલો એ વિકટ માર્ગ હતો.

નદી તો વધારે સાંકડી, વધારે તોફાની બનતી જતી હતી. બાપને ઘેરથી નાસી છૂટી મનમોજથી પ્રિયતમની શોધમાં ભમતી કોઇ જાજરમાન છકેલ અબળા જેવી એ ફાંકાબાજ હતી. અન્ન વગર આ રીતે ટોરેન્સ ચૌદ માઇલ આગળ વધ્યો. ત્યાં નદીને એણે એક ઘોર અંધારી ગુફામાં પેસી જતી જોઇ.

અનંતકાળથી ડુંગરોની ધારોમાંથી પડતા ખડકો નદીના બેય કાંઠા ઉપર ખડકાઇ ગયા હતા, નીચે એક માત્ર આઠ ફૂટ પહોળું સાંકડું મુખ હતું ને એમાં નદી ઘોર ઘુઘવાટા સાથે તોફાને ચઢેલા કેદીની અનિચ્છાથી જાણે જેલમાં પૂરાતી હતી. ટોરેન્સને માટે પણ એ મોતની ગુફામાં પેસવા સિવાય બીજો માર્ગ ન હતો. કાળા ઘોર અંધકારમાં એ નદીના પ્રવાહ સાથે આગળ વધ્યો. આઠ માઇલ લાંબી એ ગુફાને પેલે પાર આગના બંબાની સૂંઢમાંથી પાણી છૂટે એમ નદી ગુફાની સામી બાજુએ આપબળે ફેંકાઇને પથ્થરના તળિયા સાથે ફેંકાતી હતી. એ કારમી ગોફણમાંથી ફેંકાયેલો ટોરેન્સ નદીની ભેખડ ઉપર ફેંકાયો. પછડાટથી બેભાન બની ગયો. બાર કલાક પછી જ્યારે એને શુદ્ધિ આવી ત્યારે એણે નદીને, આગળ કોતરોમાંથી પ્રમાણમાં શાંતિથી વહી જતી જોઇ. કોતર પહોળાં હતાં ને માથે આસ્માનતપતાં સૂર્યનાં તેજ રેલાતાં હતાં.

બીજાની દૃષ્ટિએ તો કોતર ત્યાંયે વિકટ હતાં. પરંતુ ટોરેન્સની દૃષ્ટિએ એ આસાન હતાં. બેય બાજુ ભેખડો લગભગ દોઢ હજાર ફૂટ ઉંચી હતી. પરંતુ મહામુસીબતે ઉપર ચડાય એમ હતું. અઠ્ઠાવીસ દિવસનો ભૂખ્યો થાકેલો ને અંગે અંગ શરદીની કળતરથી પીડાતો ટોરેન્સ જે જગ્યાએ નદીનો પ્રવાહ બંબાની સૂંઢમાંથી ફેંકાતા પાણીની જેમ ફેંકાતો હતો, તે જગ્યાને ગમગીનીના ધોધનું ઉપનામ આપીને ભેખડો ઉપર ચડવા લાગ્યો. ત્રણ દિવસે એ ભેખડોની ટોચે પહોંચી

શક્યો. એનું જીવલેણ સાહસ પૂરું થયું. એણે ફેલોઝને સમાચાર મોકલાવ્યા કે પોતે નદીમાંથી જીવતો બહાર નીકળ્યો છે ને નદીના રાહનો એ પૂરેપુરો નકશો બનાવી શકશે.

ટોરેન્સે નદીના પ્રવાહનો નકશો બનાવ્યો. અનકંપાઘરી વેલીના મેદાનની પણ તપાસ કરવામાં આવી ને જમીનની ઉંચાઇ ને સપાટીનાં માપ લેવાયાં. આ બધા ઉપરથી એમ નક્કી થયું કે જે જગ્યાએ નદી મોતની ગુફામાં પેસે છે ત્યાંથીજ એને વાળી શકાય.

માનવીનું સાહસ પૂરું થયું ને પછી તો માનવીની કરામત આવી. નદીને વાળવી એમ નક્કી થયું. ડુંગરની બેય બાજુથી નાળ ખોદવાનું મુકરર થયું. 'મોતની ગુફા' આગળ માણસો, મજૂરો, યંત્રો વગેરે મોકલવા માટે પહાડમાંથી એની બાજુ ઉપર ધીમે ધીમે ઢાળ પડતો ત્રણસો માઇલ લાંબો રસ્તો કરવામાં આવ્યો. પહાડની બેય બાજુ જોરાવર ડ્રીલો કામે લગાડવામાં આવી. જે જગ્યાએથી નાળ કોતરવાની હતી એ જગ્યાએ પહાડની બેહક છ માઇલની હતી. દર મહિનાના અઢીસો ફૂટને હિસાબે આ છ માઇલની 'ટનલ'—ગુફા કોરતાં સારાં દશ વર્ષ લાગ્યાં.

ગુફા કોરવા જેટલું મુશ્કેલ નહિ પરંતુ બીજી દિશામાં એટલીજ કાબેલિયત માગનાર એક બીજું કામ પણ આ મહાન યોજના પરત્વે કરવાનું હતું. અનકંપાઘરી વેલીમાં ગનીસન નદીને પ્રવાહ માટે માર્ગ આપવાનું એ કામ હતું. નદીને જેમ બને તેમ પહાડ તરફ નમતી રાખીને એકસો માઇલ દૂર વહેતી કોલોરાડો નામની નદી સાથે મિલાવી દેવાની હતી. સાથોસાથ અનકંપાઘરી વેલીના દૂર દૂરના ને નજીકના નજીક મુલકમાં બધેય પહોંચી વળે એ માટેની નાની મોટી નહેરો ખોદવાની હતી. એક બાજુ પહાડ કોતરાતો હતો. બીજી બાજુ આ કામ પણ થતું હતું. અગિયાર વર્ષે બધું કામ પૂરું થયું.

ઇ. સ. ૧૯૦૯ ની સાલમાં અમેરિકાના પ્રમુખ ટાફ્ટે એક બટન દાબ્યું અને એ નાના બટનથી વેગમાં મૂકાયેલા પ્રચંડ વીજળીએ માપબંધ તૈયાર કરવામાં આવેલા એક લાખ ટન વજનના એક ખડકને મોતની ગુફા ઉપરથી એને માટે તૈયાર કરવામાં આવેલા લોખંડના ઢાળ પડતા રસ્તા ઉપર ગબડાવ્યો. ખડક બરોબર બેસી ગયો. મોતની ગુફા બંધ થઇ ગઇ, ને નદીનાં પાણી ભરાઇ ભરાઇને એને માટે કોરવામાં આવેલી ટનલમાં પેઠાં. છ માઇલ લાંબી ટનલમાં થઇને જુગ જુગના તરસ્યા મુલકની તરસ છીપાવવા અનકંપાઘરીના મુલકમાં દાખલ થયાં. એને માટે તૈયાર રાખવામાં આવેલા નવા પ્રવાહ વાટે કોલોરાડો નદીને ભેટવા ચાલ્યાં. ખોદવામાં આવેલી નહેરો વાટે આખાય મુલકમાં ફેલાયાં, મુલકની તરસ છીપી.

આખી દુનિયામાં જળપ્રાપ્તિને-ઇરીગેશનને માટે આના જેવું બીજું કોઇ કામ નથી થયું. પહાડી કોતરો વાટે દરિયામાં નિરર્થક વહી જતી નદીનો આખોય પ્રવાહ વાળવાનો અને એનો ખેતી વગેરેના કામમાં પૂરો ઉપયોગ કરવાનો અખતરો હજી બીજે ક્યાંય નથી થયો. આજે ૨૫ વર્ષ પછી આખાય અમેરિકામાં અનકંપાઘરીની ખીણ જેવો ફળદ્રુપ ને રસાળ મુલક બીજો કોઇ નથી. આજ એ મુલક સાચેજ અમેરિકાના બગીચા તરીકે ઓળખાય છે.

(તા. ૪-૩-૩૩ ના "ફૂલછાબ"માંથી)

૫૬-સાકારની મારફતે સહેલાઇથી પહોંચાય

(લેખકઃ-મહાત્મા ગાંધીજી)

क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम् ।
अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते ॥
(ગીતા અ. ૧૨, ૫.)

અર્થ:-નિર્ગુણ બ્રહ્મમાં આસક્ત છે ચિત્ત જેઓનું એવા તે પુરુષોને અતિ અધિક કલેશ થાય છે, કારણ કે દેહાભિમાની પુરુષોને નિર્ગુણ બ્રહ્મ બહુ દુઃખ થાય એવી રીતે પમાય છે.

જેમનું ચિત્ત અવ્યક્તને વિષે ચોંટેલું છે તેમને કષ્ટ વધારે છે. અવ્યક્ત ગતિને દેહધારી કષ્ટ વડેજ પામી શકે.

નોંધઃ-દેહધારી મનુષ્ય અમૂર્ત સ્વરૂપની માત્ર કલ્પનાજ કરી શકે, પણ તેની પાસે અમૂર્ત સ્વરૂપને સારૂ એક પણ નિશ્ચયાત્મક શબ્દ નથી તેથી તેને નિષેધાત્મક 'નેતિ' શબ્દથી સંતોષ પામવો રહ્યો. એટલેજ મૂર્તિપૂજાનો નિષેધ કરનાર પણ સૂક્ષ્મ રીતે જોતાં મૂર્તિપૂજકજ હોય છે. પુસ્તકની પૂજા કરવી, દેવળમાં જઇને પૂજા કરવી, એકજ દિશામાં મુખ રાખી પૂજા કરવી, એ બધાં સાકાર પૂજાનાં લક્ષણ છે. આમ છતાં સાકારની પેલી પાર નિરાકાર અચિંત્ય સ્વરૂપ છે એમ તો બધાએ સમજ્યેજ છૂટકો. ભક્તિની પરાકાષ્ઠા એ કે ભક્ત ભગવાનમાં શમી જાય ને છેવટે કેવળ એક અદ્વિતીય, અરૂપી ભગવાનજ રહે. પણ આ સ્થિતિને સાકારની મારફતે સહેલાઇથી પહોંચાય. તેથી નિરાકારને સીધા પહોંચવાનો માર્ગ કષ્ટસાધ્ય કહ્યો." **("અનાસક્તિયોગ")**

૫૭-मंदिरो, मूर्तिओ अने महाराजो, ए गोझारा "गुरुडम"नो नाश करो!

(લેખકઃ-શ્રી. ભ્રમિત જોશી)

ધર્મને નામે ભારતવર્ષમાં ગુરુડમે ઠેર ઠેર પોતાના પ્રપંચી અડ્ડા જમાવ્યા છે. ન્યાય, નીતિ અને સત્યના પવિત્ર સિદ્ધાંતોને ઠોકરે ચઢાવી દુરાચાર, વ્યભિચાર અને અત્યાચારનાં થાણાં સ્થાપી ધર્મને નામે અધર્મ ફેલાવી રહેલ છે.

ડોળ, ઢોંગ અને ધૂર્તતા જેનું જીવનધ્યેય થઇ પડયું છે એવા ધર્માચાર્યો મોજશોખ, વિલાસ અને વૈભવ માણવા છડેચોક હિંદુ જનતાને લૂંટવા માટે આંખમાં ધર્માંધતાની ધળ છાંટી રહ્યા છે.

ટીલાં, ટપકાં, કંઠી, માળા અને રંગબેરંગી વસ્ત્રો આજના ધર્મગુરુઓનાં પાપ ઢાંકવાનાં પ્રમાણપત્રો થઇ પડયાં છે. હિંદુ જનતાની કાંધ પર પલાંઠો મારી ચઢી બેઠેલું આ ગુરુડમ હિંદુઓની ગરદન છોડવા ઘસી ભુંસીને ના કહે છે.

અઢળક ધનના ઢગલાઓ પર ગાદીઓ સ્થાપી મંદિરો અને મૂર્તિઓના એ ઉખડેલાચાર્યો આજ ખરેખર સ્વામી બની બેઠા છે. મંદિરો ધર્મની દુકાનદારી છે અને મૂર્તિઓ ધાર્મિક લૂંટબાજીનું મહત્ત્વપૂર્ણ સાધન છે.

મંદિરો, મૂર્તિઓ અને મહારાજો થકી હિંદુ સમાજનું સત્યાનાશ નીકળી ગયું છે. કરોડો અને અબજો રૂપિયા એ ગુરુડમના ડાચામાં કચડાઇ ચવાઇ ગયા છે અને ચવાઇ રહ્યા છે.

આજ ભારતનાં ભાંડુઓના પેટમાં હાથહાથના ભૂખના ખાડાઓ પડયા છે; પહેરવા વસ્ત્રો નથી; રહેવા ઘર નથી; રોટલાના ટુકડા ખાતર સેંકડો આપઘાત થઇ રહ્યા છે. ગુરુડમના ત્રાસે દિનપર દિન દિને-ઇસ્લામને દરવાજે, ઇશુના ખોળામાં જઇ બેસવાની નિર્ભરતા બતાવી રહ્યા છે.

સત્ય, ન્યાય અને નીતિને દફન કરી ઢોંગ શોંગનાં કફન પહેરી કપાળમાં વિવિધ પ્રકારના રંગબેરંગી ટ્રેડ માર્કો કરી પાપાચારી ધર્મગુરુઓ આજ મંદિરોના બાપ અને ધાર્મિક ધન પર સાપ બની બેઠા છે.

એકએક મંદિરો આજ ધોખાબાજીનાં ધામ થઇ પડયાં છે. દફન કરો એ ગુરુડમને! અને હાથ કરો એ અઢળક મંદિરોની પેદાશને!

સાવધાન! ઓ સુધારકો! લાલ આંખ કરી એ ગુરુડમ તમારી તરફ જોઇ રહ્યું છે. ગરદનેથી પકડી એ પરાણે ચડી બેઠેલા ગુરુડમને

કાંધ પરથી ઉઠાવી ફેંકી દો !

જે પ્રજા ધર્મને નામે અનર્થ ચલાવે છે, ન્યાયનીતિ અને સત્યને કોરાણે છોડી ગુરુડમની ગુલામ થઇ પડે છે, પવિત્રતાના ધામમાં પાપાચાર પોષે છે, પરબ્રહ્મને પરહરી પાપાચાર્યોને પૂજે છે તેવી પ્રજાનું જગતમાં માન નથી, સ્થાન નથી, નામોનિશાન નથી! અને છાતી ઠોકી કહું છું કે તેવી પ્રજાનો પ્રભુ પણ નથી!

(તા. ૧૬-૩-૩૩ના "પોલ પત્રિકા"માંથી)

૫૮-પ્રભુને

(અનુવાદક: ડા. ચાંપસી નરસી દવાવાળા.)

પ્રભો, એક ક્ષુદ્ર પ્રાણી કે જેને પોતાના અસ્તિત્વનું ભાન નથી તે તમારા અસ્તિત્વને સિદ્ધ કરવાનો હાસ્યાસ્પદ પ્રયત્ન કરે છે. ક્યાં તમારી અનંત શક્તિ અને ક્યાં તમારા હાથે બનેલું રમકડું!

લીલામય નટવર! તમારી લીલા અનંત અને આશ્ચર્યમય છે. તેની મોહક માયાના આકર્ષણથી મારાં ચર્મચક્ષુ અજ્ઞાનરૂપી આવરણથી ઢંકાઇ જાય છે. ગજબ થયો પ્રભુ! વિષયતૃષ્ણામાં ફસાઇને હું ભૂલી ગયો. મારી બુદ્ધિ તમારા અસ્તિત્વ માટે પણ શંકા કરવા લાગી.

પ્રભુ! મને બચાવો, બુદ્ધિ આપો, જેથી હું સમજી શકું. હુંપદના ભ્રમમાં ભટકતા મને તમે મદદ આપો; નહિતર અભિમાનની મસ્તીમાં મદમત્ત થઇ પાપપંકમાં પડી જવાનો.

ગમે તેટલા અપરાધ કરૂં તોપણ હું તમારો બાળક છું. હે પ્રભુ! તમારા મંગલમય હાથ મારા મસ્તક પર રાખો. મને અભય કરો કે જેથી આવી ભૂલ કદી ન થાય; અને તમે બતાવેલા માર્ગે ચાલું.

પ્રિયતમ પ્રભુ! આ જીવનની જીર્ણ નૌકા તમને સોંપું છું. મારી સર્વ ભૂલો ભૂલી જઇ સંભાળ લ્યો. તમારે ચરણેજ મને મરવા દો.

(હિન્દી પરથી)



૫૯-विद्यार्थी क्या सीखें ?

વિદ્યાર્થિગણ ! આજ અપનેકો વિચાર કરના હૈ કિ 'વિદ્યાર્થી ક્યા સીખે ?' ઇસ કારણ પહલે યહ દેખેં કિ વિદ્યાર્થી કિસે કહેંગે. 'વિદ્યાર્થી' ઉસકા નામ હૈ જિસકા અર્થ 'વિદ્યા' હી હૈ. અર્થાત્ જિસે વિદ્યા પ્રાપ્ત કરની હોતી હૈ વહી વિદ્યાર્થી હૈ. વિદ્યાર્થી કો વિદ્યા ચાહિયે. ઇસ વિદ્યા મેં કિતની બાતેં શામિલ હૈં ? ઇસે જાનને કે લિયે નિમ્નલિખિત કી ઓર સાવધાની સે ધ્યાન દો—

'વિદ્' ધાતુ કા અર્થ	વિદ્યા કા નામ	વિદ્યાર્થી	ગુરુ
૧ હોના (અસ્તિત્વ)	આન્વીક્ષિકી	જ્ઞાની	અતિથિ
૨ જાનના (જ્ઞાન)	ત્રયી	જિજ્ઞાસુ	આચાર્ય
૩ વિચાર કરના (વિચારણા)	વાર્તા	અર્થાર્થી	પિતા
૪ મિલના (પ્રાપ્તિ)	દણ્ડનીતિ	આર્ત્ત	માતા

'વિદ્યા' શબ્દ 'વિદ્' ધાતુ સે બના હૈ. ભગવાન્ પાણિની મહારાજ ઇસ 'વિદ્' ધાતુ કે ચાર અર્થ બતલાતે હૈં, યથા (૧) વિદ્=સત્તાયામ્ (હોના, અસ્તિત્વ રહના;) (૨) વિદ્=જ્ઞાને (જાનના;) (૩) વિદ્=વિચારણે (વિચાર કરના); (૪) વિદ્=લાભે (પ્રાપ્ત કરના.) યે ચાર અર્થ ચાર વિદ્યાઓં કે સૂચક હૈં.

યે ચાર વિદ્યાએેં અસ્તિત્વ, જ્ઞાન, વિચાર ઔર લાભ સે સંબંધ રખતી હૈં. ઉન્હે ક્રમ સે આન્વીક્ષિકી, ત્રયી, વાર્તા ઔર દણ્ડનીતિ કહતે હૈં. અપનેકો વિચાર કર કે દેખના ચાહિયે કિ, અપના અસ્તિત્વ કૈસા હૈ, જ્ઞાન પ્રાપ્ત કરના ચાહિયે, કાર્ય ઔર અકાર્ય કા વિચાર કરના ચાહિયે ઔર લાભપ્રાપ્તિ કર લેની ચાહિયે. ઇન્હી બાતોં કે લિયે યે ચાર વિદ્યાએેં હૈં. જબ ઇસ દૃષ્ટિ સે વિચાર કર કે દેખેંગે તભી ઇન ચાર વિદ્યાઓં કી વિશેષતા એવં મહત્તા વિદિત હોગી.

જબ અપન વિચાર કરના આરંભ કરતે હૈં તબ સર્વપ્રથમ અસ્તિત્વ કા વિચાર કરના પડતા હૈ. ઇસ પ્રકાર કા વિચાર કરનેવાલી વિદ્યા "આન્વીક્ષિકી" હૈ. ઇસમેં 'અનુ–ઇક્ષણ' કરના હોતા હૈ. અન્વીક્ષણ કા અર્થ હૈ શાસ્ત્રપ્રતીતિ એવં ગુરુપ્રતીતિ કે અનુકૂલતા સે નીરિક્ષણ. જગત કે અસ્તિત્વ કે સંબંધ મેં શાસ્ત્ર કહતા હૈ

કિ "**ब्रह्म सत्यं जगन्मिथ्या**" યાને "બ્રહ્મ સત્ય હૈ ઔર જગત મિથ્યા હૈ." યહ હુઇ શાસ્ત્રપ્રતીતિ. પરંતુ અપના અનુભવ ભી તો દેખના ચાહિયે. અપના અનુભવ તો યહી હૈ કિ જગત પ્રત્યક્ષ હૈ. ઔર આપ સબ ઇસ બાત કા એક મત સે કહ સકેંગે; ક્યોં કિ અપન પ્રત્યક્ષ દેખતે હૈં કિ યહ ઘર હૈ, યહ રાસ્તા હૈ, વૃક્ષ, સૂર્ય, ચંદ્રમા આદિ હૈં. ઇસ પ્રકાર જિસે અપન પ્રત્યક્ષ દેખતે હૈં ઉસીકો શાસ્ત્ર 'મિથ્યા' કહતા હૈ. તબ કિસકા અનુભવ સત્ય હૈ, હમ લોગોં કા યા કિ શાસ્ત્ર કા ? જબ હમ કહેતે હૈં કિ અમુક મનુષ્ય 'મિથ્યા બોલતા હૈ, તબ ઉસકે યહ મતલબ તો નહીં હોતા કિ વહ બિલકુલ હી નહીં બોલતા. વહ જો બોલતા હૈ સો મિથ્યા હૈ. સત્ય બોલના ભિન્ન હૈ ઔર મિથ્યા બોલના ભિન્ન હૈ. સત્ય બોલના ઉસીકો કહતે હૈં, જો સદૈવ એક હી વસ્તુસ્થિતિ બતલાતા હૈ ઔર મિથ્યા બોલના વહ હૈ જો ભિન્ન સમય મેં ભિન્ન ભિન્ન કહા જાતા હૈ. લોગ જબ કહતે હૈં કિ યહ ગવાહ સત્યવાદી હૈ ઔર વહ મિથ્યાવાદી હૈ, તબ ઉસકા મતલબ ક્યા ? ઉસકા મતલબ યહી કિ સત્યવાદી ગવાહ આરંભ સે અંત તક એકહીસા હાલ બતલાતા હૈ ઔર મિથ્યાવાદી ગવાહ હર સમય અલગ અલગ હાલ બતલાતા હૈ. યહ મતલબ તો કોઇ ભી નહીં સમઝતા કિ મિથ્યાવાદી ગવાહ બિલકુલ હી નહીં બોલતા. અબ આપ સમઝ ગએ હોંગે કિ 'મિથ્યા' શબ્દ કા અર્થ ક્યા હૈ. જગત્ મિથ્યા હૈ કા મતલબ યહ નહીં કિ જગત્ કા અસ્તિત્વ બિલકુલ નહીં હૈ. કિન્તુ ઉસકા મતલબ યહ હૈ કિ વહ જૈસે કલ થા વૈસે આજ નહીં હૈ ઔર જૈસે આજ હૈ, વૈસે કલ ન રહેગા. જગત્ કી પ્રતિદિન કી ગવાહ ભિન્ન હૈ અતએવ ઉસે મિથ્યા કહા હૈ. ઇસીકા વિચાર ઔર ભી દૂસરી પ્રકાર સે કરેંગે.

જગત્ કા નિરીક્ષણ કરને કે અપને પાસ પાંચ હી સાધન મૌજૂદ હૈં. વે પાંચ જ્ઞાનેંદ્રિયાં હૈં. યે પાંચ સંવાદદાતા અપને કો સંસાર કી ખબર પહુંચાતે હૈં; પરન્તુ ઇન પાંચોં કી ગવાહ ભિન્ન ભિન્ન પ્રકાર કી હોતી હૈ. કિસીકા ભી દૂસરે સે મેલ નહીં હોતા. આંખેં રંગરૂપ કા વર્ણન કરતે હૈં; કાન શબ્દ બતલાતે હૈં, જીભ રુચિ બતલાતી હૈ, નાક ગંધ બતાલાતા હૈ ઔર ત્વચા સ્પર્શ કા વર્ણન કરતી હૈ. પરન્તુ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ઔર ગંધ યાને જગત્ નહીં હૈ. ઇસી પ્રકાર યહ ભી સંબંધ નિશ્ચિત રીતિ સે નહીં બતલાયા જા સકતા કિ અમુક રંગ કા અમુક સ્પર્શ હોતા હૈ. અતઃ યે પાંચ ગવાહ જગત્ કા જો વર્ણન કરતે હૈં વહ પરસ્પર વિસંગત હોતા હૈ. ઇસી લિયે ઇસ જગત્ કો મિથ્યા બતલાયા હૈ. અર્થાત્ એક તો યહ જગત્ એક ક્ષણ મેં રહતા હૈ ઔર દૂસરે ક્ષણ મેં નહીં રહતા; ઔર દૂસરા યહ કિ હરએક ઇંદ્રિય ઉસકે વિષય

મેં ભિન્ન ભિન્ન અનુભવ કહતા હૈ. ઇસ લિયે ઇસકા એકરૂપ અસ્તિત્વ નહીં. મિથ્યા શબ્દ કા અર્થ 'અભાવ' નહીં, પરંતુ 'બદલનેકા સ્વભાવ.' પરંતુ બ્રહ્મ ઐસા નહીં હૈ. વહ સર્વત્ર એકસા હૈ. ઉસકે સમ્બન્ધ કા સબકા અનુભવ એકસા હૈ. વહ સર્વત્ર એક-રસ હૈ ઔર સબકો એકસા આધારભૂત હૈ. વહ જૈસા પ્રથમ થા વૈસા હી અબ ભી હૈ. ઇત્યાદિ પ્રકારોં સે વિદિત હોતા હૈ કિ બ્રહ્મ સર્વદા એકસા હૈ. અતએવ વહ સત્ય હૈ ઔર જગત્ સદૈવ બદલતા હૈ. અતએવ વહ મિથ્યા હૈ. હમારી આન્વીક્ષિકી વિદ્યા જગત્ ઔર બ્રહ્મ કે અસ્તિત્વ કા વિચાર ઇસ પ્રકાર કરતી હૈ. ઇસકે સંબંધ મેં કહા હૈઃ—

आन्वीक्षिक्यात्मविद्या स्यादीक्षणात्सुखदुःखयोः ।
ईक्षमाणस्तया तत्त्वं हर्षशोकौ व्युदस्यति ॥ कामं० ॥२।११

આન્વીક્ષિકી આત્મવિદ્યા હૈ. ઇસ વિદ્યા કે અનુશીલન સે દ્વંદ્વોં કી વિજય કર સકતે હૈં." ઇસ વિદ્યા કો સીખને કે લિયે 'જ્ઞાની' શિષ્ય કી આવશ્યકતા હોતી હૈ. હરકોઇ ઉસે સીખ નહીં સકતા તથા ઉસકે સિદ્ધાન્ત સમઝ નહીં સકતા. અતએવ યહ આન્વીક્ષિકી વિદ્યા થોડે, વિશેષજ્ઞ લોગોં કે સીખને યોગ્ય વિદ્યા હૈ. ઇસકી શિક્ષા દેનેવાલા ગુરુ 'અતિથિ' હૈ, જો સત્પુરુષ કબ મિલેગા ઇસકા ભરોંસ નહીં હોતા. જો સંત મહાત્મા કેવલ પરોપકાર કે લિયે હી જીવિત રહતા હૈં ઔર જિસકા બોલના ઇસ આન્વીક્ષિકી વિદ્યા કે સિદ્ધાન્ત હી હોતે હૈં, ઉસે અતિથિ કહતે હૈં. આત્માનુભવ પ્રાપ્ત કિયા હુઆ ઔર પ્રત્યક્ષ જ્ઞાનદીપસ્વરૂપ યહ ગુરુ ઉસી મનુષ્ય કો મિલતા હૈ, જો ઉત્તમ અનુરક્ત તથા જ્ઞાની હોતા હૈ. ઔર વહ ગુરુ ઉસે ઉચિત ઉપદેશ કર કે અપને હી સમાન બના દેતા હૈ.

ઇસસે નીચે કી અવસ્થા હૈ 'જ્ઞાની' બનને કી. 'વિદ્' ધાતુ કા અર્થ હૈ 'જાનના.' ઇસ અવસ્થા કા મુખ્ય કાર્ય હૈ જ્ઞાન-પ્રાપ્તિ. અતએવ યહ વિદ્યા સીખનેવાલા વિદ્યાર્થી 'જિજ્ઞાસુ' હોના ચાહિયે. જો જ્ઞાન પાને કી ઇચ્છા કરતા હૈ ઉસે જિજ્ઞાસુ કહતે હૈં. જો સચ્ચે હૃદય સે સોચતા હૈ કિ મુઝે જ્ઞાન પ્રાપ્ત હોના આવશ્યક હૈ, ઔર જ્ઞાન કે વિના મુઝમેં બડી ભારી ન્યૂનતા હૈ તથા જો અથક પરિશ્રમ સે જિતના બન સકતા હૈ સબ જ્ઞાન પ્રાપ્ત કર લેતા હૈ, વહી સચ્ચા 'જિજ્ઞાસુ' હૈ. ઇસકા ગુરુ આચાર્ય હૈ. અબ દેખિયે આચાર્ય કિસે કહતે હૈંઃ–

उपनीय तु यः शिष्यं वेदमध्यापयेद् द्विजः ।
सकल्पं सरहस्यं च तमाचार्यं प्रचक्षते ॥ मनु० २।१४०

"જો શિષ્યોં કો અપને પાસ રખ લેતા હૈ ઔર ઉન્હે ત્રયી-વિદ્યા કા રહસ્યપૂર્ણ જ્ઞાન સિખલાતા હૈ ઉસે આચાર્ય કહતે હૈં."

ઇસ પ્રકાર કે આચાર્ય ગુરુકુલોં સે શિષ્યોં કો વેદવિદ્યા કા જ્ઞાન દેતે હૈં. એક એક આચાર્ય કે પાસ હજારોં શિષ્ય શિક્ષા પાતે થે ઔર જ્ઞાન પ્રાપ્ત કરતે થે. ઇન આચાર્યોં કા કાર્ય આજકલ જૈસા કેવલ શાબ્દિક જ્ઞાન દેને કા ન થા; ક્યોંકિ આચાર્યોં કા કાર્ય ઇસસે અત્યન્ત પવિત્ર હૈ.

आचार्य आचारं ग्राहयति, आचिनोत्यर्थान्, आचिनोति बुद्धिमिति वा ॥ निरुक्त १ । २

જો આચાર્ય શિષ્યોં કો સદાચાર કી શિક્ષા દેતા હૈ, અર્થોં કા પ્રકાશ શિષ્યોં કે અંતઃકરણ મેં કરાતા હૈ અથવા શિષ્યોં મેં સ્થિત-બુદ્ધિ કો બઢાતા હૈ, ઉસે આચાર્ય કહતે હૈં."

સદાચાર કી શિક્ષા દેના હી આચાર્ય કા મુખ્ય કાર્ય હૈ. આચાર કૈસા કરના ચાહિયે, યોગ્ય આચાર કૌનસા ઔર અયોગ્ય કૌનસા આદિ બાતોં કો અચ્છી તરહ સમઝા કર જો શિષ્યોં કો સદાચરસંપન્ન બના દેતા હૈ વહી આચાર્ય હૈ. વહ જિજ્ઞાસુ શિષ્ય કો અપને-પાસ લાતા હૈ ઔર ઉસકી જિજ્ઞાસા કો પૂર્ણ કર ઉસે સદાચારસંપન્ન કર દેતા હૈ. યહ આચાર્ય શિષ્યોં કો જો જ્ઞાન દેતા હૈ ઉસીકો 'ત્રયી વિદ્યા' નામ હૈ. ત્રયી વિદ્યા મેં તીન બાતેં શામિલ હૈં-સદ્વચન, સત્કર્મ ઔર શાન્તિસ્થાપના. યહ ત્રયી વિદ્યા વેદત્રય કે અધ્યયન સે આતી હૈ. ઇસીસે આચાર્ય શિષ્યોં કો વેદોં કા જ્ઞાન કરાતા હૈ તથા ઉનકા રહસ્ય સમઝા કર ઉન્હેં ઉંચી સીઢી પર પહુંચાતા હૈ.

ઇસકે પશ્ચાત્ વ્યવહાર આતા હૈ. વ્યવહાર મેં પ્રત્યેક મનુષ્ય કો 'અર્થ' અર્થાત્ દ્રવ્ય કી આવશ્યકતા હોતી હૈ. ઇસ ધન કી અભિલાષા કો હી 'અર્થાર્થી''પન કહતે હૈં. જિસે માલૂમ હોતા હૈ કિ મુઝે ધન ચાહિયે વહી અર્થાર્થી હૈ. ઇસ અર્થાર્થી મનુષ્ય કો 'વાર્તા' નામકી વિદ્યા સીખના આવશ્યક હૈં. 'વાર્તા' કે માઇને 'જનવાર્તા યા ગપ્પેં' નહીં હૈ. વાર્તા કા અર્થ હૈ વૃત્તિ યા આજીવિકા. વાર્તા યાને 'પેટપાલન કા વ્યવસાય' જિસ વ્યવસાય સે અપને કો ખાનેપીને કો મિલતા હૈ, રોજમર્રા કી આવશ્યક્તાએં પૂરી હોતી હૈં, અપનેકો સુખ એવં સુવિધાએં પ્રાપ્ત હોતી હૈં ઉસે સંસ્કૃત મેં વાર્તા કહતે હૈ. ધન કી અભિલાષા કરનેવાલે મનુષ્ય કો યહ યોગક્ષેમ કી વિદ્યા સીખના આવશ્યક હૈ. આન્વીક્ષિકી ઔર ત્રયી વિદ્યાએં કિતની હી શ્રેષ્ઠ ક્યોં ન હોં, પર વે ઇસ અવસ્થા મેં યોગ્ય નહીં હૈં. અર્થાર્થી મનુષ્ય ઉન્હે બર્દાસ્ત ન કર સકેગા, ઔર ન ઉન્હેં હજમ હી કર સકેગા. અતએવ ઐસે મનુષ્ય કો 'વાર્તા' નામ કી વિદ્યા કા હી અધ્યયન કરના ચાહિયે. ઐસે મનુષ્ય કો વહી વિદ્યા સીખના આવશ્યક હૈ જિસસે ધન મિલેગા ઔર યોગક્ષેમ

ઉત્તમતા સે ચલેગા.

ધનાર્થી મનુષ્ય કો અપની ઉપજીવિકા કા વિચાર સદૈવ સતાતા હૈ. ઉસકે મન મેં સદાસર્વદા યહી વિચાર રહતા હૈ કિ કિસ ઉપાય સે મેરી સંસારયાત્રા સુખમય હોગી. યહાઁ પર 'વિદ્' ધાતુ કા તીસરા અર્થ ચરિતાર્થ હોતા હૈ. ઇસ વાર્તા વિદ્યા મેં અનેક પ્રકાર કી કલાએં, અનેક ઉદ્યોગધન્ધે ઇત્યાદિ સબ પ્રકાર કે ઉદ્યમ શામિલ હૈં. યે સબ ધન્ધે આનુવંશિક હૈં. અતએવ વાર્તા વિદ્યા કા ગુરુ 'પિતા' હી હોતા હૈ. બઢઇ કા લડકા બઢઇ કા કામ બાપ સે હી સીખતા હૈ. અન્ય ધન્ધે કરનેવાલે લોગ ભી પ્રાયઃ બાપ સે હી ઇન કામોં કો સીખતે હૈં. અતએવ જો કહા હૈ કિ ઉપજીવિકા કી વિદ્યા સિખાનેવાલા ગુરુ બાપ હૈ સો ઠીક હી હૈ.

યદિ કોઇ કહે કિ નૌકરી કરનેવાલા પિતા ક્યા પુત્ર કો નૌકરી કી હી શિક્ષા દે? તો ઇસકા ઉત્તર યહ હૈ કિ કુલપરંપરાગત ધંધા છોડ કર નૌકરી કા શૌક રખના ભિખારી બનને કા ચિહ્ન હૈ. પરંપરાગત ધંધા ચલાના ઔર ઉસમેં કુશલતા પ્રાપ્ત કર નામ તથા યશ પાના હી ગૌરવ કી બાત હૈ. યહ સત્ય હૈ કિ આજકલ કુલ-પરંપરાગત વ્યવસાય કો છોડ નૌકરી કરને કા હી શૌક બઢ રહા હૈ. પરન્તુ યહ બાત કદાપિ ન ભૂલના ચાહિયે કિ ઇસી પ્રવૃત્તિ ને હમારી ભારી હાનિ કી હૈ ઔર ઇસીસે હમ લોગોં કા નાશ હોનેવાલા હૈ.

બઢઇ કા બાલક બાલપન હી સે બઢઇ કે ઔજારોં સે ખેલતા હૈ ઔર ધન્ધે કી શિક્ષા પાતા રહતા હૈ. અતએવ ઉસકા સબ સમય ધંધે કી શિક્ષા પ્રાપ્ત કરને હી મેં વ્યતીત હોતા હૈ–અર્થાત્ ઉસકા સમય તનિક ભી ફ઼જૂલ ખર્ચ નહીં હોતા. ઉસકા ઘર હી ધંધે કી શિક્ષા કી શાલા બન જાતી હૈ, ઔર વહ બાલક પિતા કો સહાયતા કરતે કરતે જીવિકા ઉપાર્જન કા વ્યવસાય સીખતા જાતા હૈ. અભાગ્યવશ યદિ ઘર કે કમાનેવાલે પુરુષ કા દેહાન્ત હો જાવે તબ ભી પુત્ર ઉસ વ્યવસાય કો ચલાતા હૈ. અતએવ ઘર કે કમાઇ કરનેવાલે પુરુષ કે ન રહતે ભી બાલબચ્ચે એવં ઘર કે લોગ અસહાય નહીં હો જાતે. સબ આનુવંશિક વ્યવસાયોં મેં યહી લાભ હોતા હૈ. યહ લાભ નૌકરી મેં નહીં હોતા. યદિ નૌકરી કરનેવાલા મર જાવે તો ઉસકે બાલબચ્ચે એવં ઘર કે લોગ અસહાય હો જાતે હૈં ઔર વે સબ ભારી વિપત્તિ મેં ફ઼ંસ જાતે હૈં. ઇસ લિયે રાષ્ટ્ર કે લિયે હિતકારી યહી હૈ કિ લોગ આનુવંશિક ધંધે ચલાયે રખેં. ઇસી લિયે 'વાર્તા' નામ કી વિદ્યા કા ગુરુ 'પિતા' બતલાયા ગયા હૈ.

યદિ પિતા કા વ્યવસાય પુત્ર નહીં કરતા તો પિતા કી જમાઇ હુઇ સાધનસામગ્રી અફ઼ારજ જાતી હૈ; પરંતુ યદિ બાલક વહી વ્યવસાય ઉઠા લેતા હૈ, તો ઉન સાધનોં કા ઉસ સહજ હી મેં

ઉપયોગ હોતા હૈ. યદિ ઇસ દૃષ્ટિ સે વિચાર કરેંગે તો પતા ચલેગા કિ આનુવંશિક વ્યવસાય કરને સે કિતના અધિક લાભ હોતા હૈ. યહ ભી સમઝેગા કિ 'વાર્તા' વિદ્યા કા ગુરુ 'પિતા' કિસ પ્રકાર હૈ !

અબ ચૌથી વિદ્યા કા વિચાર કરેંગે. યહ વિદ્યા 'દંડનીતિ' હૈ. ઇસમેં અપરાધોં કે લિયે દંડ દેતે દેતે લોગોં કો પુચકારતે હુએ ઉન્હેં સત્પથ પર લાના હોતા હૈ. ઘર મેં યહ કામ માતા કરતી હૈ ઔર બડે પ્રમાણ પર રાષ્ટ્ર મેં યહી કાર્ય રાજા કરતા હૈ. માતા કા કર્તવ્ય હૈ કિ બાલકોં કો ન્યૂનાધિક અપરાધ કે લિયે ઉચિત દંડ દેના તથા ઉન્હેં પ્રેમ સે સત્પથ પર લાના. દંડ દેના ઔર નીતિ કે પાઠોં કી શિક્ષા દેના પ્રેમ કા હી કાર્ય હૈ. વહ માતા કે સિવા દૂસરા કૈસે કર સકેગા ? રાષ્ટ્ર કી દંડનીતિ અર્થાત્ દિવાની ઔર ફૌજદારી કે કાર્ય તભી ઠીક રીતિ સે ચલ સકતે હૈં જબ કિ પ્રજા કે પ્રતિ હૃદય મેં માતૃવત્ વત્સલતા હોવે. ઉસકે અભાવ મેં રાજશાસન યોગ્ય રીતિ સે ચલના અસંભવ હૈ.

ઇસ પ્રકાર કી શિક્ષા પાને કે લિયે મનુષ્ય 'આર્ત' હોના ચાહિયે. 'આર્ત' સે મતલબ હૈ 'આતુર'કા. ઉસકી આતુરતા કે કારણ હી વહ જાન લેગા કિ દંડ ક્યોં હુઆ ઔર કિન નીતિ-નિયમોં સે ચલને પર હિત હોગા તથા યદિ મનુષ્ય આતુર હો તો વહ એક બાર પઢા હુઆ પાઠ ભૂલતા નહીં હૈ.

ઇસ પ્રકાર કી ચાર વિદ્યાએં હૈં. વિદ્યાર્થી કો ઇન સબ વિદ્યાઓં કા અધ્યયન આવશ્યક હોતા હૈ. આન્વીક્ષિકી વિદ્યા મોક્ષ દેનેવાલી અતએવ સર્વશ્રેષ્ઠ હૈ. જબ વિદ્યા પ્રાપ્ત હોતી હૈ ઔર મોક્ષ મિલ જાતા હૈ તબ વિદ્યાર્થી-દશા સમાપ્ત હોતી હૈ. પરંતુ જબતક મોક્ષ કી પ્રાપ્તિ નહીં હોતી તબ તક હમ સબ વિદ્યાર્થી હી હૈં. હમ કોઇ ભી વિદ્યા ક્યોં ન સીખતે હોં, ચાહે કોઇ પેટપાલન કી વિદ્યા સીખતા હો યા અન્ય કોઇ, વહ વિદ્યાર્થી હૈ યહ બાત નિઃસંદેહ હૈ. ઇસસે સ્પષ્ટ હોગા કિ વિદ્યાર્થી દશા કૈસી વિસ્તૃત હૈ ઔર પ્રાયઃ સભી મનુષ્ય કિસ પ્રકાર વિદ્યા સંપાદન કર રહે હૈં. ઇસસે યહ ભી જ્ઞાત હોગા કિ અપન કિસ કક્ષા મેં હૈં અર્થાત્ અપનેકો ક્યા સીખના આવશ્યક હૈ, જિસસે કિ હમ ઉસ કક્ષા કા કાર્ય પૂર્ણ કર સકેંગે ઔર આગે કી કક્ષા કે યોગ્ય હો સકેંગે. શિક્ષા સંપાદન કા કાર્ય ઉન્હી લોગોં કા સમાપ્ત હુઆ હૈ, જિન્હે મોક્ષ પ્રાપ્ત હુઆ હૈ. ઇતર જન, ફિર વે ચાહે કિતની હી ઉમર કે ક્યોં ન હોં વિદ્યા સીખતે હી હૈં.

અબ અપન દેખેં કિ હમેં ક્યા સીખના ચાહિયે. ઉક્ત વિદ્યાઓંમેં સે કિસી એક વિદ્યા સીખના હમારે લિયે આવશ્યક હૈ. પાઠશાલાઓં મેં હમલોગ જો કુછ સીખતે હૈં વહ વિદ્યા નહીં

હૈ, વે કેવલ 'શબ્દ' હૈં. ઔર 'શબ્દ' સીખને કા મતલબ વિદ્યા સીખના નહીં હૈ. શબ્દોં કી સમઝ તો પશુપક્ષિયોં મેં ભી રહતી હૈ. 'હટ' કહતે હી કુત્તા ભાગ જાતા હૈ—અર્થાત્ કુત્તા ઇસ શબ્દ કો સમઝતા હૈ. ઉસસે અધિક શબ્દ તુમ લોગ જાનતે હો; પર ઇસસે અધિક ક્યા હુઆ? 'નહીં', ન, નો, નૉટ, નથી' આદિ અનેક શબ્દ યાદ ભી કર લિયે તબ ભી ઉન સબસે 'કુછ નહીં' કા હી બોધ હોગા.

યહ બોધ કોઇ ગૂંગા મનુષ્ય સિર હિલા કર શબ્દોં કો બિના કહે હી વ્યક્ત કર સકતા હૈ. ઔર પશુ અપના મુંહ ફેર કર યહી બાત દર્સા સકતા હૈ—અર્થાત્ કેવલ શબ્દોં કો સીખના વિદ્યા સીખના નહીં હૈ. આપ ભૂગોલ સીખતે હૈં, પરંતુ ગાયેં ભી ભૂગોલ હી કે જ્ઞાન સે રાસ્તા બિના ભૂલે જંગલ સે ઘર લૌટતી હૈં. બદક ભી અપને માલીક કે ઘર બહુત દૂર સે લૌટ આતે હૈં, કબૂતર તો દૂર દેશ સે ભી અપને માલિક કે ઘર લૌટ આતે હૈં, કુત્તોં કો ભી અપના માલિક ઔર માલિક કે સંબંધ કા સબ ઇતિહાસ વિદિત રહતા હૈ. વહ તુર્ત હી પહિચાનતા હૈ કિ અમુક મિત્ર હૈ ઔર અમુક શત્રુ. આપ લોગ ઇન્હીં બાતોં કો સીખતે હૈં પર કુછ અધિક વિસ્તાર સે. ઇસમેં વિશેષ પુરુષાર્થ નહીં હૈ. ઇસીસે મૈં કહતા હૂં કિ યે અક્ષર સીખના વિદ્યા સીખના નહીં હૈ. જો બાતેં મનુષ્યેતર પ્રાણી નહીં કર સકતે, વે બાતેં કર દિખાના ચાહિયે. તભી વહ શિક્ષા કહલાવેગી ઔર ઇસી સત્ય શિક્ષા સે મનુષ્યમાત્ર કી ઉન્નતિ હો સકેગી. નવીન કૃત્રિમ સૃષ્ટિ ઉત્પન્ન કરતે બનની ચાહિયે. કૃત્રિમ પદાર્થ નયે સિલસિલે સે ઔર નએ પ્રકાર સે કરતે બનને ચાહિયે. નવીન યોજનાઓં કી રચના કરની ચાહિયે. જિસસે યે બાતેં કરતી બન સકેંગી ઉસીકો શિક્ષા કહ સકેંગે. શિક્ષા કી પ્રગતિ કા લક્ષણ યહ નહીં હૈ કિ અક્ષર ઔર શબ્દ સીખેં તથા હરએક આવશ્યકતા કી પૂર્તિ કે લિયે દૂસરોં પર નિર્ભર રહને કી જરૂરત બઢતી હી જાવે.

દો બાતેં સીખની હોતી હૈં. એક વિદ્યા ઔર દૂસરી કલા. વિદ્યા કેવલ વહી સીખ સકતા હૈ જો બોલ સકતા હૈ; ક્યોં કિ ઉસમેં વાણી કા પ્રયોગ કરના પડતા હૈ ઔર કલા તો ગૂંગા ભી સીખ સકતા હૈ.

यद्यस्याद्वाचिकं सम्यक् कर्म विद्येति संज्ञितम् ।
शक्तो मूकोऽपि यत्कर्तुं कलासंज्ञं हि तत्स्मृतम् ॥
(शिल्पशास्त्र)

વિદ્યા ઔર કલા કી પરિભાષા ઇસ પ્રકાર હૈ. કલા સીખ કર અપને દેશ કા હુન્નર બઢાના આવશ્યક હૈ. આજકલ યહ શિક્ષા નષ્ટ હો ગઇ હૈ. ઇસી લિયે ચોરોં ઔર બેકારી દિખ રહી હૈ. ઇસી લિયે જો કુછ સીખના હૈ વહ યહ કલા-શિક્ષા હૈ. વિદ્યા કી પરિભાષા ઉપર દી હી હૈ. ઉસકે સંબંધ મેં મનુસ્મૃતિ કા નિમ્નલિખિત શ્લોક ભી મનન કરને યોગ્ય હૈ:—

अज्ञेभ्यो ग्रंथिनः श्रेष्ठा ग्रन्थिभ्यो धारिणो वराः ।
धारिभ्यो ज्ञानिनः श्रेष्ठा ज्ञानिभ्यो व्यवसायिनः ॥
मनु० १२।१०३

અર્થાત્ "અજ્ઞ લોગોં કી અપેક્ષા ગ્રંથ પાઠ કરનેવાલે શ્રેષ્ઠ હૈં. ગ્રંથ પાઠ કરનેવાલોં સે ઉનકા સ્મરણ કરનેવાલે-અર્થાત્ કભી ન ભૂલનેવાલે શ્રેષ્ઠ હૈં. ઇન ગ્રંથધારક લોગોં કી અપેક્ષા ઉન ગ્રંથોં કા અર્થ સમઝનેવાલે શ્રેષ્ઠ હૈં ઔર જ્ઞાની લોગોં કી અપેક્ષા વ્યવસાયી અર્થાત્ ઉસ વિદ્યા કો પ્રયોગ સે પ્રત્યક્ષ સિદ્ધ કરનેવાલે સબમેં શ્રેષ્ઠ હૈં." ઇસકા મતલબ યહી કિ કેવલ અક્ષર કી વિદ્યા સીખના બિલકુલ નિમ્નશ્રેણિ કા હૈ. વહ વિદ્યા પ્રત્યક્ષ પ્રયોગ સે સિદ્ધ કરતે બનની ચાહિયે. વિદ્યા સીખને કા મતલબ હૈ વ્યવસાયી બનાના ઔર કલા સીખને કા મતલબ હૈ હુન્નર કો અપનાના.

એક સમય વિદ્યા ગુરુ કે પાસ આઇ ઔર ઉનસે બોલી-

विद्या ह वै ब्राह्मणमाजगाम गोपाय मा शेवधिष्टेहमस्मि ।
असूयकायानृजवेऽयताय न मा ब्रूया वीर्यवती तथा स्याम् ॥
यमेव विद्या शुचिमप्रमत्तं मेधाविनं ब्रह्मचर्योपपन्नम् ।
यस्ते न द्रुह्येत्कतमच्चनाह तस्मै मा ब्रूया निधिपाय ब्रह्मन् ॥ २
निरुक्त २ । १ । ४

મનુસ્મૃતિ મેં યે હી શ્લોક ઇસ પ્રકાર હૈંઃ-

विद्या ब्राह्मणमेत्याह शेवधिस्तेऽस्मि रक्ष माम् ।
असूयकाय मां मा दास्तथा स्यां वीर्यवत्तमा ॥११४
यमेव तु शुचिं विद्या नियतब्रह्मचारिणम् ।
तस्मै मां ब्रूहि विप्राय निधिपायाऽप्रमादिने ॥१५॥ मनु० अ. २

બ્રાહ્મણોં કા બડા ભારી ખજાના યહ વિદ્યા હૈ. ઉસે ચાહિયે કિ ઇસ ખજાને કી અચ્છી પ્રકાર સે રક્ષા કરે. માયી, નિંદક, મત્સર કરનેવાલે, કુટિલ વિચારોં કે, જિન્હોંને ઇંદ્રિયજય નહીં કિયા ઐસે શિષ્ય કો કદાપિ વિદ્યા ન દેની ચાહિયે. તભી વિદ્યા કા તેજ બઢતા હૈ. કુટિલ વૃત્તિ કે મનુષ્ય કે પાસ વિદ્યા જાવે તો વહ નિર્વીર્ય હો જાતી હૈ. જો શુદ્ધ, અપ્રમત્ત, બુદ્ધિમાન હૈ, જો બ્રહ્મચર્યાદિ નિયમોં કા પાલન કરનેવાલા હો, જો ભૂલ નહીં કરતા, દ્વેષ નહીં કરતા ઔર જો વિદ્યા કી ઉત્તમ પ્રકાર સે રક્ષા કર કે ઉસકી વૃદ્ધિ કરતા હૈ, ઉસે વિદ્યા દેવેં તો વહ કલ્યાણકારી હોતી હૈ.

વિદ્યા સીખનેવાલે કો ભી યહી બાત ધ્યાન મેં રખની ચાહિયે. ઇન નિયમોં કી ઓર ધ્યાન ન દે કર યદિ શિક્ષા ઇસી ગરજ સે લી જાવે કિ કુછ તો ભી સીખના હૈ ઇસ લિયે સીખો, તો વિશેષ લાભ નહીં હોતા. ઇસીસે જો કુછ સીખના હૈ વહ ઇસી રીતિ સે સીખના ચાહિયે.

મધુકરી વૃત્તિ સે રહ કર હી વિદ્યા સીખની ચાહિયે. મધુકરી

વૃત્તિ કા મતલબ કેવલ યહી નહીં હૈ કિ પકાયા હુઆ અન્ન ભીખ માંગ કર લાના ઔર ઉસીકો ખા કર નિર્વાહ કરના. યદિ ઐસા કરેં તો વહ સચ્ચી મધુકરી નહીં હૈ. મધુમખ્ખી જસે થોડા થોડા શહદ અનેક ફૂલોં સે ઇકટ્ટા કરે જમા કરતી હૈ, ઉસી પ્રકાર જહાં કહીં સે જ્ઞાન મિલેગા વહાં સે ઇસ મધુકર વૃત્તિ સે ઉસે પ્રાપ્ત કરના ઔર ઉસકા અપને પાસ સિલસિલે સે સંગ્રહ કરના. ઇસ વૃત્તિ રહનેસે અપને પાસ જ્ઞાનરૂપી શહદ બહુત ઇકટ્ટા હો જાવેગા ઔર ઉસકા ઉપયોગ અપને કો તો હોગા હી પરંતુ દૂસરોં કો ભી હોગા. વિદ્યાર્થિયોં કો સદૈવ અપને પાસ એક છોટી વહી રખની ચાહિયે. જો કુછ વિશેષ જ્ઞાન મિલેગા ઉસે ઉસ કિતાબ મેં તુર્ત હી લિખ લેના ચાહિયે. ઇસકે અનંતર ઘર લૌટ આને પર ઉસ જ્ઞાન કો વિષય કે અનુક્રમ સે અચ્છી તરહ લિખ રખના ચાહિયે. યહી 'મધુકરી' હૈ. જો ઇસ પ્રકાર મધુકર વૃત્તિ ધારણ કરેગા વહી સચ્ચા વિદ્યાર્થી હૈ ઔર વહી કુછ જ્ઞાન પ્રાપ્ત કર કે યશ પાવેગા. વિદ્યાર્થિયોં કો ચાહિયે કિ વે ઇસ વૃત્તિ કો ધારણ કરેં ઔર ઊપર બતલાઇ હુઇ વિદ્યા તથા કલા પ્રાપ્ત કર કે યશ કમાવેં. ("વૈદિક ધર્મ"ના એક અંકમાંથી)

૬૦–શ્રમજીવીનું જીવન

(લેખકઃ–શ્રી. પ્રપન્ન ગો. કાજી)

જાઓ શ્રીમંતો એક દિન મજૂરના વાસમાં રે
જીવન નર્ક ચોપાસમાં રે.
અંધારી ગંદી એ ચાલો, કરોળિયાની જાણે જાળો;
દુઃખી જીવન ગાળે એ નિઃશ્વાસમાં રે.
અન્ન કે વસ્ત્ર પૂરૂં ના મળતું, દરિદ્રતામાં દિલડું ઝળતું,
લાગે અસ્થિ માળો રૌરવ વાસમાં રે.
દારૂની લતમાં એ સડતો, અજ્ઞાને અંધારે રડતો,
લાવે કોણ એને જ્ઞાનપ્રકાશમાં રે.
દેવામાં સદા ઘસડાતો, પઠાણના ખૂબ દંડા ખાતો,
દેહને દળતાંયે સુખની આશ ના રે.
ભૂખ્યાં ટળવળે એનાં બાળો, ખમતાં મૂંગાં કેર આ કાળો,
ફૂટે પેટ મળે ના ટુકડો ગ્રાસમાં રે.
દુઃખ તણી સીમા ના દિસે, વિધિ ભરાઇ જાણે રીસે,
નિશદિન રહેતો રોગી ત્રાસમાં રે.
કઠોર નિર્લજ્જ મુડીતંત્ર, મનુષ્ય કસ ચૂસે યંત્ર;
જકડાયો શ્રમજીવી લોહપાશમાં રે.
("સાહિત્ય"ના એક અંકમાંથી)

૬૧–ભાગ્યશાળી ગાયમાતા

(લેખકઃ–શ્રી. રમણલાલ નાનાલાલ શાહ)

આપણે ગાયને માતા કહીએ છીએ. એને કોઇ મારે કે દુઃખ દે તો આપણો મિજાજ જાય છે. ગાય માતાના શરીરમાં હજારો દેવોનો વાસ છે એમ આપણે માનીએ છીએ.

એમ છતાં આપણી ગાયો મોટે ભાગે તો મુડદાલ ને હાડકાં નજરે દીસી આવે એવી જણાય છે. ગાયને આપણે પવિત્ર માનીએ છીએ, પણ તેનું જતન કરતાં આપણને યુરોપના લોકો જેવું નથી આવડતું. મદમાતી હાથણી જેવી જંગી ગાયોનાં દર્શન આપણા દેશમાં દુર્લભ થઇ પડયાં છે.

યુરોપના લોકો ગાયને પવિત્ર માનતા નથી. એ લોકો માંસાહારી છે. ગાયનું માંસ પણ ખાય છે, છતાં ગાયનું જેવું જતન એ લોકો કરે છે એનો સોમો ભાગ પણ આપણે નથી કરી જાણતા.

યુરોપમાં હોલાન્ડ નામનો નાનો દેશ છે. ત્યાંની ગાયોની માવજત આખી દુનિયા કરતાં ચડી જાય એવી આદર્શ હોય છે.

હોલાન્ડની ગાયોના તબેલાને કાચની તો બારીઓ હોય છે. તેમાં વળી ઘણી વાર તો તેની ઉપર લેસના નાજુક પડદા પણ લટકાવેલા હોય છે! તબેલાની જમીન ઉપર ચમકતી ને ચળકતી લાદીઓ જડેલી હોય છે. એ લાદીઓ ખાસ કાળજી રાખી સ્વચ્છ કરવામાં આવે છે. ગાયની પૂંછડી છાણ મૂતરથી મેલી ન થાય માટે એક સ્વચ્છ સાંકળીવતી પૂંછડીને ઉંચી રાખવામાં આવે છે.

ગાયના શિંગડાને પૉલીશ કરવામાં આવે છે, અને ગાયના શરીરને દિવસમાં વારંવાર સાફ કરાય છે.

હોલાન્ડની ગાયો વરસના આઠ મહિના તબેલામાં જ રહે છે. શિયાળાની કડકડતી ટંડી અને અંધારામાં ગાયોને હેરાનગતી ન થાય માટે તબેલામાં વીજળીની બત્તીઓ રાખેલી હોય છે. વળી ગાયોને શિયાળામાં ટંડી ન લાગે માટે વીજળીની મદદથી તબેલાની હવાને ગરમ રાખવામાં આવે છે.

હોલાન્ડમાં વસંત ઋતુમાં પણ ઘણી વાર માવઠાં થઇ શરદ હવા થાય છે. તે વેળા ગર્ભવતી અને નાજુક તબિયતવાળી ગાયોના આરોગ્યને હરકત ન પહોંચે માટે ચરવા જતી વેળા એવી ગાયોને ઓવરકોટ પહેરાવવામાં આવે છે, કે જેથી એમને શરદી ન લાગે!

ગાયનું તો ઠીક, પણ ડુક્કર જેવા મંદ જનાવરનું પણ હોલાન્ડના લોકો રૂડી રીતે જતન કરે છે. તેમને તેનો લાભ પણ મળે છે. ત્યાં દૂધ માખણની છોળો ઉડે છે. ડુક્કરના માંસમાંથી અને ચામડામાંથી એ લોકો પુષ્કળ નાણું મેળવે છે. ("બાલજીવન"ના એક અંકમાંથી)

૬૨-अज्ञात मनोव्यापार

ઇસુની ઓગણીસમી સદી ભૌતિક વિજ્ઞાનના વિજયની સદી હતી. તે પહેલાંની અનેક સદીઓમાં જે ન બન્યું તે માત્ર એક સદીમાં બની ગયું. વરાળ અને વિદ્યુત્‌ના ઉપયોગથી એકજ સદીમાં જગતનો રંગ બદલાઈ ગયો. વીસમી સદીના ઉદયકાળે માનસશાસ્ત્રની અંદર થયેલી કેટલીક શોધો વિજ્ઞાનશાસ્ત્રની શોધો જેટલીજ આશ્ચર્યકારક છે. એ શોધો એટલી બધી મહત્ત્વની છે કે તેથી માનસશાસ્ત્રનું સ્વરૂપ તદ્દન ફરી ગયું છે. આ શોધોને નૂતન માનસશાસ્ત્ર નામથી પણ કોઈ કોઈ વાર ઓળખવામાં આવે છે.

જેમ વિજ્ઞાનશાસ્ત્રી ચાર્લ્સ ડાર્વિનના સંશોધન પછી જીવવિદ્યાએ બધાં શાસ્ત્રો ઉપર નવો પ્રકાશ પાડયો અને તેની અસર નીચે બધાં શાસ્ત્રો કેટલેક અંશે ફરીથી લખાવા માંડ્યાં, તેમ નવીન માનસશાસ્ત્રે ઘણી વિદ્યાઓ ઉપર નવો પ્રકાર પાડ્યો છે; અને તેણે આપેલી દૃષ્ટિને લઇને ધર્મ, લોકવાર્તા, પૌરાણિક વાતો, કેળવણીશાસ્ત્ર, સમાજશાસ્ત્ર આદિનો અભ્યાસ નવીન રીતે થઈ રહ્યો છે.

આ વિષય વિષે પ્રસિદ્ધ પંડિત બાબુ ભગવાનદાસ લખે છે કે "તેમની શોધો લઇને નૂતન માનસશાસ્ત્રીઓ યોગાવદ્યા અને કલાના સમુદ્ધારમાં મદદ કરી શકશે, અને અગમ્યવાદ, પ્રેતાવાનહવિદ્યા, થીઓસોફી અને માનસશાસ્ત્ર વિષે નવો પ્રકાશ પાડી શકશે."

આ શાસ્ત્રના પ્રણેતા થવાનું માન વિએનાના ડૉકટર સીગમન્ડ ફ્રાઇડને ઘટે છે. માનસશાસ્ત્રની અંદર તેણે કરેલી શોધોથી પાશ્ચાત્ય માનસશાસ્ત્રે છેલ્લી વીસ સદીઓ સુધી જેટલી પ્રગતિ નહોતી કરી તેથી વધારે પ્રગતિ તેની શોધોથી ઘણા અલ્પ સમયમાં કરી છે. પ્રસિદ્ધ ફ્રેંચ માનસશાસ્ત્રી ઇડ્યુઆર્ડ કલેયારીડ× ફ્રાઇડ વિષે લખે છે કેઃ "જે નૂતન વિચારો સીગમન્ડ ફ્રાઇડે પ્રગટ કર્યા છે અને જે પ્રેરક અસર એ વિચારોએ ફેલાવી છે તેથી માનસશાસ્ત્રના સારાયે ઇતિહાસમાં તે વિચારો અત્યંત મહત્ત્વનું સ્થાન ભોગવે છે."

નૂતન માનસશાસ્ત્રનો એક મુખ્ય સિદ્ધાંત એ છે કે મનુષ્ય જે જે કાર્યો કરે છે તે તે કાર્યો તે શા વાસ્તે કરે છે તેની તેને કેટલીક વાર માહિતી હોતી નથી. જો આપણે કેટલાંક કાર્યો વિષે કોઈ માણસને પૂછીએ કે તમે આ કામ શા માટે કર્યું ? ત્યારે તે કેટલીક વાર તો કારણ આપી જ શકતો નથી; અને જો તે કારણ આપે તો તે કારણ ખોટું હોવા સંભવ છે. તે પોતે તે કારણ સાચું માનતો હોય છે, પરંતુ તેને પોતાને પણ સાચા કારણની ખબર હોતી નથી. કાર્યનો હેતુ તેનાથી અજ્ઞાત હોય છે. દરેક માણસના જીવનમાં એવાં

કેટલાંય કાર્યો બની જાય છે કે જે કરવાના હેતુ વિષે તે પૂરેપુરૂં અજ્ઞાન ધરાવતો હોય છે.

આ સિદ્ધાંત પ્રથમ દૃષ્ટિએ કોઈ રીતે સ્વીકાર્ય નથી. સાજા-તાજા નિર્મળ બુદ્ધિવાળા વ્યવહારચતુર માણસો પોતાનાં કાર્યોના હેતુથી અજ્ઞાત હોય એ વાત સહેજે માની શકાય એમ નથી. આપણી મનની વ્યાખ્યા જ એવી છે કે જે લાગણી અનુભવે વિચાર ચલાવે અને કાર્ય કરે તે મન કહી શકાય. આપણું મન આપણે જે કાર્યો કરીએ છીએ તેનાં ખરાં કારણોથી અજ્ઞાત હોય એમ બોલવું કે માનવું એ તો વદતોવ્યાઘાત જેવું લાગે છે. છતાંય અનેક દૃષ્ટાંતોથી એ વસ્તુ સાબીત થઈ ચૂકી છે કે આપણે ઘણી વાર આપણી જાત વિષે અજ્ઞાન ધરાવીએ છીએ.

આપણાં શાસ્ત્રો શીખવે છે કે **'आत्मानं विद्धि।'** ગ્રીક ફિલસૂફ સોક્રેટિસ પ્રત્યેક મનુષ્યને સલાહ આપતો હતો કે 'નો ધાયસેલ્ફ.' નૂતન માનસશાસ્ત્ર પણ આજ ઉપદેશ નવી રીતે આપી રહેલ છે. તે કહે છે કે આપણી જાતને બરોબર પીછાનવી એ જીવનસાફલ્ય વાસ્તે અત્યંત આવશ્યક છે; પરંતુ તે ચેતવણી આપે છે કે તેમ કરવું એ ઘણું અઘરૂં છે અને તે યથાર્થ સ્વરૂપમાં કરવા માટે કોઈ કોઈ વાર તો અદ્દ્ભુત નૈતિક હિંમતની જરૂર પડે છે.

આપણે જે કાર્યો કરીએ છીએ તેનાં કારણો આપણે જ કેટલીક વાર સમજતા નથી. તે વિધાન કેટલાંક દૃષ્ટાંતોથી સ્પષ્ટ થશે.

સ્વીટઝર્લૅન્ડમાં બે મિત્રો આલ્ફ્રેડ અને રોબર્ટ્સ એક ગામડામાં ફરતા હતા. ફરતાં ફરતાં તેમણે દેવળની અંદરનો ઘંટાનાદ સાંભળ્યો. એ અવાજ આલ્ફ્રેડથી સહી શકાયો નહિ. તેને એ અવાજ અત્યંત કર્કશ લાગ્યો; તેણે કહ્યું કે "આ દેવળનો ઘંટ બહુ કર્કશ છે." ખરી વાત એ હતી કે એ પરગણામાં એ દેવળનો ઘંટ તેના મધુર સ્વર માટે પંકાતો હતો. તેથી રોબર્ટ્સને પોતાના મિત્રની આ ટીકા અને એનો રોષ અત્યંત વિચિત્ર લાગ્યાં. તેણે કહ્યું: "મને આ બહુ સુંદર લાગે છે; આ દેવળ તો તેના ઘંટ વાસ્તે આટલામાં સુપ્રસિદ્ધ છે." આવી દલીલોનું કાંઈ પરિણામ આવ્યું નહિ.

આલ્ફ્રેડના આવા વિચિત્ર, ન સમજી શકાય એવા વર્તનનાં કારણો સમજવા માટે થોડીક હકીકતો જાણવી જરૂરની છે. આલ્ફ્રેડે થોડા સમય પહેલાં કવિતાનું એક પુસ્તક પ્રસિદ્ધ કર્યું હતું; વિવેચકોએ તે પુસ્તકનો સારો સત્કાર નહોતો કર્યો, એટલું જ નહિ પણ જે દેવળના ઘંટ પ્રત્યે આલ્ફ્રેડે રોષ દર્શાવ્યો હતો, તે દેવળના પાદરીની કવિતાની સ્તુતિ આલ્ફ્રેડની કવિતાની સાથે સરખાવીને કરી હતી. આલ્ફ્રેડને તે પાદરી પ્રત્યે રોષ થયો હતો; એટલે આલ્ફ્રેડ પાદરીની નિંદા કરે તો આપણે તે સમજી શકીએ; પરંતુ તેમ ન કરવાને તેના

મને તેને ફરજ પાડી હતી.

આલ્ફ્રેડ સુશિક્ષિત અને સંસ્કારી મનુષ્ય હતો. તેનામાં નીતિની ભાવના પ્રબળ હતી; એટલે પાદરી પ્રત્યે રોષનો ચમકારો તેના હૃદયમાં થયો ન થયો ત્યાં તો તે ત્યાંથી સદાને માટે અદૃશ્ય થઈ ગયો. "મારા જેવા સંસ્કારી, નીતિમાન માણસને આ શોભે નહિ; વિવેચકો તે પાદરીની કાવતાની પ્રશંસા કરે તેમાં તે પાદરી પ્રત્યે રોષ દર્શાવવો એ તો મારી અસંસ્કારિતા પૂરવાર કરવા સમાનજ છે." આવી જાતનો વિચાર તેના મનમાં થતાંજ પાદરી પ્રત્યેનો તેનો રોષ અદૃશ્ય થઈ ગયો. પરંતુ તે સાચેસાચ નષ્ટ થયો નહોતો. તેના હૃદયમાં રોષ તો રહ્યો હતો; પરંતુ તે પાદરીની સામે સીધી રીતે વ્યક્ત થઈ શકે એવી સ્થિતિમાં નહોતો. રોષને વ્યકત થવું હતું; પરંતુ આલ્ફ્રેડ ન જાણે એવી રીતે વ્યકત થવું હતું; એટલે એ રોષે પાદરીને કે પાદરીની કવિતાને સ્પર્શ નહિ કરતાં એ પાદરીના દેવળના ઘંટ સામે પોતાનું બળ અજમાવ્યું. આલ્ફ્રેડને પણ ખબર ન પડી કે પાદરી સામેનો રોષ આ પ્રમાણે પરોક્ષ રીતે તેના દેવળના ઘંટ સામે વ્યકત થઈ રહ્યો હતો. તેને જો ખબર પડત તો તેની સંસ્કારિતા અને તેની નીતિની તેમજ પ્રમાણિકતાની ભાવના તેની સામે આવીને ઉભી રહેત અને તેને તે ઘંટ પ્રત્યે રોષ દર્શાવતાં અટકાવત. પરંતુ તેનેજ ઘંટ સામેના આ રોષના ખરા કારણની ખબર નહોતી, એટલે એ રોષ સહેલાઇથી વ્યકત થઈ શકતો હતો.

આ પ્રમાણે આલ્ફ્રેડ પોતાના મનના પ્રવાહથી અજ્ઞાત હતો. તેને પ્રમાણિકપણે તે ઘંટ જ કર્કશ અવાજનો લાગતો હતો. જૂનો રોષ નવીન સ્વરૂપે પ્રગટ થયો છે તેની તેને મુદ્દલ ખબર નહોતી.

આ દૃષ્ટાંત અતિ સામાન્ય છે. આ પ્રમાણે જીવનમાં અનેક વાર બને છે. હજારો માણસો અજ્ઞાતપણે અસ્થાને વરાળ કાઢે છે; તેથી પોતે દુઃખી થાય છે અને બીજાને દુઃખી કરે છે. મનુષ્યસ્વભાવના ચતુર નિરીક્ષકો તો આવા કિસ્સામાં સામા માણસને ક્યાં ખરેખર દુખે છે, અને એ બીજા સ્થળની ફરિયાદ શા વાસ્તે કરે છે, એ તરત સમજી જાય છે. પરંતુ કેટલીક વાર તો તેમ કરવું શકય નથી; ઘણા પ્રયત્ન પછી જ સાચું કારણ મળી આવે છે.

(૨) છેલ્લા યુરોપીય વિગ્રહ વખતે ઇજીપ્તની અંદર જે અંગ્રેજ લશ્કર ગયું હતું તેનો એક સૈનિક હમેશાં માથું દુખવાની અને ઉજાગરાની ફરિયાદ કરતો હતો. સામાન્ય રીતે જે ઔષધો અપાય છે તેથી તેને જરા પણ ફાયદો થયો નહિ, તેથી તેને એક માનસશાસ્ત્રી પાસે મોકલવામાં આવ્યો. ડૉક્ટરે (માનસશાસ્ત્રીએ) કહ્યું: "સૌને ઇંગ્લાંડ જવાની તીવ્ર ઇચ્છા છે તેમ તને પણ હશે, તેથી તને બેચેની રહેતી હશે." પેલા સિપાઇએ કહ્યું કે "મને ઇંગ્લાંડ

જવાની મુદ્દલ ઈચ્છા નથી. જે ટુકડી સાથે હું આવ્યો છું તે ટુકડી સાથેજ હું રહેવાનો છું." અને ખરેખર, તે પ્રમાણિક હતો. ડૉક્ટરે તેની વાત સાચી માની, પરંતુ ડૉક્ટરને એક પ્રયોગ કરવાનું મન થયું. ડૉક્ટરે તેને હીપ્નોટાઈઝ કર્યો; તેના હાથમાં કાગળ અને પેન્સીલ આપ્યાં અને કહ્યું કે "તને જગતમાં સૌથી વધારેમાં વધારે જરૂરતી વસ્તુ લાગતી હોય તે લખ." સૈનિકે કાગળમાં લખ્યું: "ઈજીપ્ત છોડવું છે." જ્યારે તે જાગૃતિમાં આવ્યો અને તેને આ વાત કહેવામાં આવી ત્યારે તે પ્રથમ તો આ વાત સ્વીકારી શક્યોજ નહિ. તેણે કહ્યું કે "આ અક્ષર મારા નથી." પરંતુ ઘણા માણસોએ સાક્ષી પૂરી કે એ અક્ષર તેનાજ છે; ત્યારે એને એ વાત સ્વીકારવી પડી.

વિશેષ તપાસ કરતાં માલમ પડયું કે તે સૈનિક થવાની પ્રકૃતિનો ન હતો. તે સંગીતનો શોખીન હતો, અને કારકુન તરીકે ઑફિસમાં કાર્ય કરવાને લાયક હતો. તેનું મન તો હમેશાં ઇંગ્લાંડમાં તેની માતા પ્રત્યે અને તેના પિતા પ્રત્યે આકર્ષાયલું રહેતું હતું. તેના હૃદયમાં તો ઈંગ્લાંડ જવાની જ ઝંખના હતી; એ ઝંખના તૃપ્ત થતી ન હતી તેથી તેને ઊંઘ આવતી ન હતી અને હમેશાં માથું દુખવાની ફરિયાદ રહેતી હતી. શા કારણથી ઊંઘ નથી આવતી તેની તેને ખબર નહોતી, એટલુંજ નહિ પણ જ્યારે તેને ખરૂં કારણ કહેવામાં આવ્યું ત્યારે તે, તે કારણ સ્વીકારી શકયો નહિ; એટલું જ નહિ પણ તે કારણ તો તેણે તદ્દન ખોટુંજ માન્યું. ખરા કારણથી તે અજ્ઞાત હતો.

તેને જ્યારે સાચી વસ્તુ સમજાવવામાં આવી ત્યારે તેનો રોગ ધીમે ધીમે અસ્ત થયો.

(૩) એક પરિણીત બાઈ પોતાની સખીઓની સાથે હસતાં હસતાં નીચે પ્રમાણે વાત કરતી હતી: લગ્નપ્રવાસ ઉપરથી જે દિવસે હું પાછી ફરી તે દિવસે હું મારી બહેન સાથે બજારમાં કેટલીક વસ્તુઓ ખરીદવા ગઈ હતી. મેં રસ્તાની સામી બાજુએ મારા પતિને જતા જોયા; પણ એવું બન્યું કે મારાં લગ્ન તેની સાથે થયાં છે એ વાત હું તે સમયે છેક જ વિસરી ગઈ, અને મેં મારી બહેનને કહ્યું: "જુઓ, મિ. કે. ત્યાં જાય છે."

આ બાઈ શા વાસ્તે આવી અત્યંત મહત્ત્વની વાત ભૂલી ગઈ હતી તે ઉપર તેનું ધ્યાન પણ ગયું નહોતું. તેને જો આપણે કારણ પૂછીએ તો એ તો એમ જ કહે કે "એવું શું ન બને? આપણે કોઈ દિવસ કાંઈ ભૂલી જ ન જઈએ?" તે કયા કારણથી તેના લગ્નની હકીકત ભૂલી ગઈ હતી તે, તે જરાય જાણતી ન હતી. પરંતુ તેને તે ભૂલી જવાનું એક પ્રબળ કારણ હતું. તેના પતિની સાથેના ટૂંક વસવાટમાં કોઈક અજ્ઞાત રીતે, કોઈક અગમ્ય રીતે તેના હૃદયમાં

એ વાતે પ્રવેશ કર્યો હતો કે તેના પતિની સાથે તે સુખી જીવન ગાળી શકશે નહિ. તેના હૃદયનો એક ભાગ એ વાત માની ચૂક્યું હતું કે તેનું લગ્ન એ લગ્ન જ નથી. અને તેથી જ તેણે આ પ્રમાણે બજારમાં ભૂલ કરી હતી. તેને આ લગ્ન ગમતું નહોતું, એ વાતની થોડા સમયમાં જ સૌને ખાત્રી થઇ ગઈ. આ બાઇએ લગ્ન પછી થોડા સમયમાં અત્યંત દુઃખદ રીતે તેના પતિ સાથે છૂટાછેડા કર્યા.

આ હકીકતમાં આ બાઈના વિસ્મરણનું પ્રયોજન તેને સમજાયું નહોતું. વિસ્મરણની પાછળ ગૂઢ હેતુ હતો, પરંતુ તે તેનાથી અજાણ હતો. આવા પ્રકારના દરેક વિસ્મરણની પાછળ અથવા ઘણાખરા વિસ્મરણની પાછળ આ પ્રમાણે કાંઇક માનસિક હેતુ હોય છે.

(૪) એક બાઈ એક ડૉકટરની બહુ પ્રશંસા કરી રહી હતી. મેં તે બાઇને પૂછ્યું: "તે ડૉકટરનું નામ શું છે?"

"ડૉકટરનું નામ તો...હૈયે છે પણ હોઠે નથી." એમ તેણે જવાબ આપ્યો.

"બા, ડૉકટરનું નામ તો છે મણિલાલ." તેની બાર વર્ષની પુત્રી તેની મદદે આવી.

"હા, હા, એમના નામેજ નામ છે, તોયે એ કેમ યાદ આવતું નહિ હોય?" એના પતિનું નામ પણ મણિલાલ હતું. અને ખરેખર, એ બાઇને પોતાના પતિના જ નામનું વિસ્મરણ થવાને પૂરતાં કારણો હતાં. મણિલાલની ઉંમર પચાસ વર્ષની છે; આ બાઇની ઉંમર સત્તાવીસ વર્ષની છે. બન્ને પતિપત્નીને અનેક કારણોસર જીવનમાં મેળ જામ્યોજ નથી. મણિલાલે એક વાર સૌની સમક્ષ ચોટલો ઝાલીને એને જમીન ઉપર ઘસડી હતી. આ બાઈ તેના પતિના સંબંધમાં એક વાર કહેતી હતી કે "એ સામો મળે તો હું તેને ખંજર ભોંકી દઇશ."

આવા પતિના નામનું વિસ્મરણ તેને થાય તો કાંઈ આશ્ચર્ય પામવા જેવું નથી. વિસ્મરણનું કારણ તે જાણતી ન હતી; પરંતુ પ્રિય વસ્તુઓ આપણને વધારે યાદ રહે છે અને અપ્રિય વસ્તુઓ આપણે સહેલાઇથી ભૂલી જઇએ છીએ. માનસશાસ્ત્રનો એ સામાન્ય નિયમ જો આપણે યાદ લાવીશું તો વિસ્મૃતિનું રહસ્ય આપણને સમજાશે. *

(૫) ઇંગ્લંડમાં ડૉર્સેટશાયરમાં થોડાં વર્ષ ઉપર કિશોરો અને

* કેટલાક દુઃખદ બનાવો આપણે ભૂલી નથી શકતા, એ વસ્તુ પણ સાચી છે. અપ્રિય વસ્તુ ક્યારે ભૂલી જઇએ છીએ અને ક્યારે નથી ભૂલી જતા, અને એ નથી ભૂલી જતા તોપણ એ ભૂલવા માટેનો મનનો પ્રયત્ન કેવી રીતે જણાઈ આવે છે, એ એક રસિક પ્રશ્ન છે અને સ્વતંત્ર વિચારણા માગી લ્યે છે.

કિશોરીઓ માટે એક છાત્રાલય અને વિદ્યાલય ચાલતું હતું. આ સંસ્થામાં ચોરી, મારપીટ વગેરે ગુન્હા માટે પકડાઇને અદાલતમાં ગએલા, અને એવા જ બીજા ભાગેડુ કે રખડેલ છોકરાઓ આવતા હતા.

આ છાત્રાલયમાં છાત્રોને સ્વરાજ્ય આપેલું હતું, તેના મુખ્ય ગૃહપતિ હોમરલેનની તરુણ માનસ સમજવાની અદ્ભુત શક્તિને લઇને આ સંસ્થાને અસાધારણ ફતેહ મળી હતી. તેને "ધી લીટલ કોમન-વેલ્થ"નું નામ આપવામાં આવ્યું હતું. હોમરલેઇને જેઇમ્સ નામના એક વિદ્યાર્થી વિષે નીચે પ્રમાણે વાત લખી છે:

જેઇમ્સની ઉમ્મર ૧૬ વર્ષની હતી. તે બહુ બળવાન હોવાથી સંસ્થામાં નવા આવેલા કેટલાક વિદ્યાર્થીઓ તેના પ્રશંસક બની ગયા હતા. તે એટલા જોરથી મુક્કો મારતો કે કોઈ તેની સામે થવાની હિમ્મત કરતું નહિ. તે ગર્વથી કહેતો કે "મારી સામે કોઈ થઈ શકે નહિ. મારી સામે કોઈ થાય તો હું તેના ભુકકેભુક્કા કરી નાખું." તેને ભાર ઉપાડવો ગમતો, કેવળ મજૂરીના કામમાં તેને રસ પડતો; પરંતુ સુતારીકામ કે લુહારી કામમાં તેને જરા પણ મજા આવતી નહિ. કારીગરી પ્રત્યે તેને બહુજ કંટાળો હતો. તેના તોફાને સૌનું ધ્યાન ખેંચ્યું હતું. સંસ્થાની સ્વરાજ્ય અદાલત સમક્ષ તેના ગુન્હાઓની વિચારણા વારંવાર થતી હતી. અદાલતે તેના ગુન્હાઓથી કંટાળીને સંસ્થામાં કેદખાનું ખોલવાનો વિચાર કર્યો હતો. એવામાં હોમરલેઇને તેની સાથે આશ્ચર્યકારક રીતે કામ લેવાથી એ પ્રશ્નનો ઉકેલ જુદીજ રીતે આવ્યો.

જેઇમ્સની વર્તણુક સંસ્થામાં વાર્તાનો વિષય થઈ પડયો હતો. એક દિવસ હોમરલેઈન અને જેઇમ્સ પાસે પાસે બેસીને ચા પીતા હતા. "જેઇમ્સ! તમે આટલું બધું તોફાન કરો છો?" હોમરલેઇને પ્રશ્ન કર્યો.

"મને આ સ્થળ જરા પણ ગમતું નથી."

"તમને અહીં કેમ ગમતું નથી?"

"અહીં બધું કાર્ય એટલી બધી નાજુક રીતે ચાલે છે કે મને એમાં મુદ્દલ રસ પડતો નથી."

"તો જેઇમ્સ! તમે કેમ અહીંથી નાસી જતા નથી?"

"એ નકામું છે. નાસી જાઉં તો હું પકડાઇ જાઉં અને અહીં ફરીથી આવવું પડે."

"તો આ સ્થળમાં તમે એવો સુધારો કરોને કે તમને આ ગમે!"

"જો હું સુધારો કરવા ધારૂં તો એક મિનિટમાં આ સ્થળને ફેરવી નાખું." જેઇમ્સે અભિમાનપૂર્વક જવાબ આપ્યો.

"તમે ક્યાંથી સુધારો શરૂ કરશો?"

" અહીંઆંથીજ. આ ચા પીવાનાં નાજુક વાસણોને હું ભાંગી નાખીશ. એ બધા છોકરીઓ માટે છે; મરદના હાથમાં એ ન શોભે."

હોમરલેઇને તેના હાથમાં તરતજ લોઢાનો સળીઓ આપ્યો અને તેને કહ્યું: " જેઇમ્સ, બરોબર છે; લ્યો, આ સળીઓ; કાચનાં વાસણ ભાંગી નાખો."

આસપાસ છોકરાછોકરીઓનું ટોળું જામ્યું હતું. એક છોકરો જરા મોટેથી બોલ્યો: "હાશ, ઠીક થયું. આજે જેઇમ્સ ઠીક લાગમાં આવ્યો છે. આજે જોઇએ એની બહાદુરી."

જેઇમ્સ હોમરલેઇનની સૂચનાથી આશ્ચર્યચકિત થયો હતો અને શું કરવું તેના વિચારમાં પડયો હતો, પણ છોકરાના આ શબ્દો તેને બહુ આકરા લાગ્યા; અને તેથી તરતજ તેણે તેના પ્યાલાના કટકે કટકા કરી નાખ્યા.

" લ્યો, આ બીજો પ્યાલો."

હોમરલેઇને હસીને બીજો પ્યાલો જેઇમ્સ સમક્ષ ધર્યો. તરત તે પ્યાલાના કકડા થઇ ગયા. હોમરલેઇન એક પછી એક પ્યાલો અને રકાબી ધરતો ગયો અને બધાંના એકસરખી રીતે ટુકડા થઇ ગયા. પ્રેક્ષકો કંટાળી ગયા હતા. તેમાંથી એક જણે જેઇમ્સના હાથમાંથી સળીઓ લઇ લીધો, એટલે તે બોલ્યો: " કોઇની મગદૂર નથી કે મારી સામે થઇ શકે."

" તમે થાકી ગયા જણાઓ છો; આ રહ્યા વધારે પ્યાલા રકાબીઓ; એ ફોડી નાખો." હોમરલેઇને જેઇમ્સને કહ્યું.

આ ક્ષણે કેટલાક પ્રેક્ષકો બોલી ઉઠયા: "હવે બસ કરો; ફોડે છે એ, અને પૈસા અમારે ભરવા પડશે."

આ વાત સાચી હતી. હોમરલેઇને જોયું કે જેઇમ્સ પોતાની શક્તિઓ છાત્રાલયની મિલ્કત ફોડવા પાછળ ખર્ચતો હતો, એટલે તેણે પોતાનું સોનાનું ઘડિયાળ ખિસ્સામાંથી કાઢીને જેઇમ્સ આગળ ધર્યું: " જેઇમ્સ, લે આ મારૂં ઘડિયાળ, તે ફોડી નાખ." જેઇમ્સ ઘડિયાળ નહોતો લેતો તોપણ પરાણે હોમરલેઇને તે ઘડિયાળ તેને આપ્યું. પરંતુ જેઇમ્સે ઘડિયાળને કાંઇ કર્યું નહિ.

"ફોડ, ફોડ." હોમરલેઇને જેઇમ્સને આગ્રહ કર્યો. પરંતુ જેઇમ્સ તો ચિત્રવત્ ઉભોજ રહ્યો. આ જોઇને પ્રેક્ષકોમાંથી કોઇક હસ્યું. એટલે જેઇમ્સે ઘડિયાળ ફોડવા હાથ ઉંચો કર્યો, પણ હાથ તો હવામાંજ રહ્યો. " ફોડ ફોડ. " હોમરલેઇને કહ્યું: "હું તારી સામે આવીને કહું છું કે ઘડિયાળ ફોડી નાખ." પરંતુ જેઇમ્સે તેમ કરવા ના પાડી.

" બીજાનો પડકાર ન ઝીલે તેને તું શું કહે છે તે તને યાદ છે?"

" શું ?" આશ્ચર્યમૂઢ થઇને જેઇમ્સે સામો પ્રશ્ન કર્યો.

"નામર્દ."

"હું નામર્દ નથી." ક્રોધથી જેઇમ્સે કહ્યું.

"તો આ રહી ઘડિયાળ."

"હું તે ભાંગીશ નહિ." કહેતાં કહેતાં જેઇમ્સ ત્યાંથી ચાલ્યો ગયો.

બીજે દિવસે સુતારીકામ કરવા આપવા માટે જેઇમ્સે હોમરલેઇનને વિનતિ કરી. જે રકાબીઓ તેણે ફોડી હતી તે ખરીદવા તેને આ કાર્ય કરવાની હવે જરૂર લાગી.

ઉપર જણાવેલા પ્રસંગથી તેનામાં હૃદયપલટો થયો હતો. ભાવિ ગુન્હેગાર થવાને બદલે તે અત્યારથી એક સારો નાગરિક બન્યો હતો. તેની સંસ્થામાં ચાલતી કોર્ટનો પછી તે ન્યાયાધીશ બન્યો હતો. સંસ્થા છોડયા પછી તે સંસ્થાને અત્યંત કૃતજ્ઞતાપૂર્વક યાદ કરતો હતો.

એક સમયે જેઇમ્સને બધું ફોડવું બહુ ગમતું હતું; પરંતુ બધી વસ્તુઓનો નાશ કરવાનું મન તેને કેમ થાય છે તેની તેને જરા પણ ખબર નહોતી. આ સંહારકવૃત્તિનું ખરૂં કારણ તેનાથી અજ્ઞાત હતું. ખરી રીતે તો આ સંહારકવૃત્તિ તેના જીવનમાં અકસ્માતરૂપે હતી. તેનામાં પ્રબળ ઇચ્છાશક્તિ હતી; પણ તે શક્તિ વાપરવાનો અવકાશ તેને મળ્યો નહોતો. નાનપણથી તેના કાન ઉપર એકજ સ્વર સંભળાતો હતો: "આ લઇશ નહિ." "ત્યાં જઇશ નહિ." એને અડીશ મા." "એ ઉઘાડીશ નહિ." તેની સાહજિક વૃત્તિ તેને વાતાવરણને સમજવા, ઓળખવા, તેના ઉપર પ્રયોગ કરવા પ્રેરતી હતી. માબાપ અને સમાજ વારંવાર એની આ વૃત્તિને કુંઠિત કરતાં હતાં. બહારના આ અવરોધની સામે થવા તેનું હૃદય પોકાર કરતું હતું. જે બાહ્ય સત્તા સદા તેના વિકાસનો માર્ગ રૂંધીને ઉભી રહેતી હતી તેને ઉથલાવી નાખવા તે આતુર બન્યો હતો. 'મારી સામે જે થાય તેના હું ભુક્કે ભુક્કા કરી નાખીશ.' આ જ વિચાર તેને સળગાવી રહ્યો હતો. હોમરલેઇનને પણ સત્તાધીશની માફક જો સત્તાવાપરી હોત તો જેઇમ્સના હાથની આગ વધારે તીવ્ર બની હોત; પણ હોમરલેઈન તેની સામે થવાને બદલે તેનો મિત્ર બન્યો. સત્તાનો નાશ કરવાની તેની ઇચ્છા હતી, પણ હોમરલેઈન આગળ તેણે સત્તા જ ન જોઈ. જે વસ્તુના ભુક્કે ભુક્કા કરવા તે તલખી રહ્યો હતો તે વસ્તુ જ હોમરલેઈન સમક્ષ તેણે જોઈ નહિ, એટલે તે હવે કોનો વિનાશ કરે? તે હવે કોની સામે થાય? તેની સમક્ષ નવું જ જગત ખડું થયું. કેવળ બહિર્નિયમનથી ચાલતી સૃષ્ટિનો તેને અનુભવ હતો. આજે તે બહિર્નિયમન વિનાના સમાજનું તેને દર્શન થયું. અને એ દર્શને તેનામાં વિપ્લવ પ્રેર્યો. તે હવે આંતરનિયમનને વશ થઇને સમાજનો નાગરિક બન્યો.

પોતાની અંદર રહેલી વિનાશક વૃત્તિનું કારણ જેમ જેઇમ્સ

જાણતો ન હતો તેમ પ્રત્યેક તોફાની વિદ્યાર્થી પોતાના તોફાનનાં પ્રેરક બળોને ઓળખતો નથી. વિદ્યાર્થી વર્ગમાં અવાજ કરે છે; શિક્ષક તેને શિક્ષા કરે છે. વિદ્યાર્થીએ કરેલો અવાજ કોઇ અન્ય કારણનું પરિણામ છે, એ કાંઈ મૂળ કારણ નથી. શિક્ષા પરિણામને સ્પર્શે છે; અવાજનું ખરૂં, ગુપ્ત કારણ તો અસ્પૃષ્ટ જ રહે છે; અને એ વિદ્યાર્થી ફરી ફરીને ગુન્હામાં આવતો જ જાય છે; અને વિદ્યાર્થી શરૂઆતમાં તોફાની ગણાય છે તે વર્ષો સુધી તોફાની ગણાઇને અંતે શાળા છોડે છે. તેના તોફાનની પાછળ રહેલી વૃત્તિની મીમાંસા થતી નથી; તોફાનનું ખરૂં કારણ શિક્ષકથી અને વિદ્યાર્થીથી અજ્ઞાતજ રહે છે. આ દૃષ્ટિએ જો આપણે શિક્ષણના પ્રશ્નોનો વિચાર કરીશું તો અભ્યાસક્રમમાં, અને શિક્ષણપદ્ધતિમાં આપણને મૌલિક ફેરફારો કરવાની અવશ્યકતા સમજાશે. *

(૬) અજ્ઞાત હેતુથી પ્રેરાએલાં કાર્યોનાં આત્યંતિક દૃષ્ટાંતો હિપ્નોસીસમાંથી આપણને મળી આવે છે. પ્રમોદને એક વાર ગુરૂવારે હીપ્નોટાઇઝ કરવામાં આવ્યો, અને તે વખતે તેને કહેવામાં આવ્યું કે 'તું આવતા મંગળવારે બપોરે બરાબર બે ઉપર તેર મિનિટે આ ખુરશી પેલા ટેબલ ઉપર મૂકજે અને તારૂં મ્હોં રૂમાલથી લૂછી નાખજે.' પ્રમોદનું હીપ્નોસીસ દૂર થયું અને સામાન્ય મનુષ્યની માફક તે કામે વળગી ગયો. પરંતુ જ્યારે મંગળવાર આવ્યો અને બપોરના બે ઉપર બરાબર તેર મિનિટ થઈ ત્યારે તે તેનું કામ પડતું મૂકીને ઉઠયો, તેણે ટેબલ ઉપર ખુરશી મૂકી અને ગજવામાંથી રૂમાલ કાઢી મોં લૂછવા માંડયું. તેને આ પ્રમાણે કરવાનું કારણ પૂછવામાં આવતાં તેણે જવાબ વાળ્યો કે "ખુરશી વચ્ચે સારી નહોતી લાગતી, મને પરસેવો બહુ વળ્યો છે એટલે હું મોં લૂછું છું."

તેના કાર્યનો ખરો હેતુ હીપ્નોસીસમાં તેને થયેલી સૂચના હતી; પરંતુ તે વાત તે જાણતો નહોતો. તે જે વિચિત્ર કામ કરતો હતો તે તેને વિચિત્ર જ લાગતું નહોતું; તેને મન તે સાવ સ્વાભાવિક લાગતું હતું, અને તેના મનને સંતોષ આપે એવું કારણ પણ તેણે શોધી કાઢયું હતું. સાચું કારણ જ્યારે આપણાથી અજ્ઞાત હોય છે ત્યારે આપણા મનને સંતોષ આપવા આપણે કાંઈ કારણ શોધવું પડે છે. આ વૃત્તિ દરેક મનુષ્યના મનમાં અંતર્ગત થએલી છે. આ વૃત્તિને અંગ્રેજીમાં 'રેશનેલીઝેશન' કહે છે. આપણે તેને કારણાન્તર પ્રકાશન કહીશું.

---

* જેમને મનુષ્યસ્વભાવમાં હોમરલેઇનની જેમ અપૂર્વ વિશ્વાસ અને અનન્ય શ્રદ્ધા હોય તેમનાજ હાથે આવા પ્રયોગો સફળ થવા સંભવ છે.

આપણી અનેક ટેવોનાં ખરાં કારણો આપણાથી અજ્ઞાત હોય છે. કેટલાંક મનુષ્યો બીજાં મનુષ્યો સાથે વાત કરતાં કરતાં સામા મનુષ્યનાં કોટનાં બટન છોડી નાખે છે; કેટલાકને વાત કરતાં કરતાં એક ખભો ઉંચો કરવાની ટેવ હોય છે; કેટલાક પગજ હલાવ્યા કરે છે; કેટલાંક બાળકો મોટી ઉંમરેજ મોંમાં અંગુઠો નાખે છે; કેટલાંક માણસોને વાતો કરતાં કરતાં મૂછ ઉપર હાથ નાખવાની ટેવ હોય છે. આમાંની કેટલીક ટેવનાં કારણો માનસિક હોય છે; પરંતુ તેવી ટેવવાળાઓથી તે તદ્દન અજ્ઞાત હોય છે. વર્ગમાં છોકરાઓ તોફાન કરે છે, બેઠા બેઠા પેન્સિલો ટેબલ ઉપર દોડવે છે અને બીજી રીતે અવાજ કરે છે. ઘણી વાર છોકરાંઓ જાણી જોઇને અવાજ કરે છે તેમ કેટલીક વાર તેમનાથી આ પ્રમાણે અવાજ થઇ જાય છે. એનું કારણ તેમનાથી અજ્ઞાત હોય છે. જો આપણે આ તોફાનને સીધે-સીધી રીતે શિક્ષાથી દાબી દઇએ તો એમાં સફળ નહિ થઇએ; કેમકે જે આપણે દાબી દઇએ છીએ તે મૂળરોગ નથી; તે તો રોગનાં બહાર દેખાતાં કેટલાંક ચિહ્નો છે. ચિહ્નો દાબી દેવાથી રોગનો નાશ થતો નથી; એટલે શિક્ષકે એ વિદ્યાર્થીના અજ્ઞાત હેતુને પણ ધ્યાનમાં લેવો ઘટે છે.

આ પ્રમાણે અજ્ઞાત કારણથી પ્રેરાઈ કોઈ સંસ્કારી માણસ દેવળના ઘંટ ઉપર નિરર્થક ચીડાય છે; તો કોઈ માંદો પડી જાય છે; તો કોઈ બાઈ પોતાનાં લગ્ન થયાની હકીકત ભૂલી જાય છે; તો કોઈ બાઈ પોતાના પતિનું નામ ભૂલી જાય છે; તો કોઈ ટેબલ ઉપર ખુરશી મૂકવા જેવાં વિચિત્ર કાર્યો કરે છે; તો કોઈ છોકરો ઘડિયાળ ભાંગી નાખે છે. આ બધાં કાર્યો સમજવાં હોય તો આપણે ઊંડા ઉતરીએ તોજ એ બધાં કાર્યો પાછળ રહેલાં સાચાં ગૂઢ કારણો આપણે સમજી શકીએ છીએ. કેટલાંક નાટક એવાં હોય છે કે પડદા પાછળ શું થાય છે તે સમજીએ તો જ તે નાટક આપણે સમજી શકીએ. જીવન પણ એક એવું જ નાટક છે; એને પૂરેપુરું સમજવા માટે જે ઉપર ટપકેથી દેખાય છે તેની પાછળ જઇને સમગ્ર અવલોકન કરીએ તો જ તેનું રહસ્ય સમજાય.



૬૩-विचार वाटिका

(વિહરનાર:-શ્રી. નારાયણલાલ પુરૂષોત્તમ સુખડીઆ.)

જેને મોક્ષની ઇચ્છા છે, તેણે પરમાત્માનું શરણ ગ્રહણ કરવું જોઇએ. તે પરમાત્મા પ્રકાશયુક્ત છે. પરમાત્માએજ સૃષ્ટિના આરંભમાં બ્રહ્માને ઉત્પન્ન કરી તેમને વેદ આપ્યા હતા. **(ઉપનિષદ્)**

જેની બુદ્ધિ દરેક સ્થળે આસક્તિરહિત છે, જેને કોઇની સ્પૃહા નથી, જેનું અંતઃકરણ જીતાયલું છે તેજ પુરુષ સંન્યાસ દ્વારા પરમ નૈષ્કર્મ્ય સિદ્ધિને પ્રાપ્ત થાય છે. **(શ્રીમદ્‌ભગવદ્‌ગીતા)**

હિત કરવાવાળો શત્રુ પણ મિત્ર છે, અને અહિત કરવાવાળો મિત્ર પણ શત્રુ છે. રોગ પોતાના દેહમાંથી ઉત્પન્ન થતો હોવા છતાં પણ શત્રુ છે અને દવા જંગલમાં પેદા થવા છતાં મિત્ર છે. **(ભગવાન વેદવ્યાસ)**

છુપી રીતે પાપ કરનારો મનુષ્ય એમ સમજે છે કે મને કોઇ જોઇ જતું નથી, પરંતુ દેવતાલોક અને તેમનો અંતર્યામી આત્મા તેમનાં સર્વ કામોને જુએ છે. **(મનુ મહારાજ)**

ઉઠો, આળસને ત્યાગી દો, સાચા ધર્મનું આચરણ કરો. ધર્મ આચરવાવાળા આ લોક-પરલોકમાં સુખી રહે છે. નઠારા માર્ગમાં ભૂલથી પણ જશો નહિ. **(બુદ્ધદેવ)**

ધનહીન દરિદ્રીને કોઇ દિવસ પૈસો આવી મળવા સંભવ છે, પૈસાદાર થાય છે. પરંતુ જે દયાહીન છે તે તો દરિદ્ર હોઇને પણ ફરીથી પૈસાદાર થાય એ સંભવ નથી. **(તિરૂવલ્લુવર)**

પ્રેમ-હમેશાં સહનશીલ અને મધુર છે. પ્રેમ ઈર્ષા નથી કરતો, આત્મશ્લાઘા નથી કરતો, ગર્વ નથી કરતો, દુષ્ટ કર્મ કરતો નથી. સ્વાર્થની ચેષ્ટા નથી કરતો, જલદી ક્રોધ નથી કરતો. ખોટું લગાડતો નથી, અધર્મમાં સુખી નથી થતો અને હમેશાં સત્યની સાથે આનંદ કરે છે. **(ઈસા મસીહ)**

જેણે જાગવું હોય તે અત્યારે જાગી જાય, આ અવસર જાગવાનો છે. જ્યારે પગ લાંબા કરીને હમેશના માટે સૂઇ જશો ત્યારે ફરી કેવી રીતે જાગશો ? **(ગુરુ નાનક)**

જ્યાં દયા છે ત્યાં ધર્મ છે. જ્યાં લોભ છે ત્યાં પાપ છે. જ્યાં ક્રોધ છે ત્યાં કાળ છે, જ્યાં ક્ષમા છે ત્યાં તો ખુદ ભગવાનનો નિવાસ છે. **(કબીર)**

બધાય છળકપટ ત્યજી દઇને શ્રીરામ સાથે પ્રેમ કરો. અરે જેણે તમારૂં આખુંય શરીર જોઇ નાખ્યું છે તે સ્વામી સાથે, તેનાથી

છુપાવવાનું શું કારણ છે? (તુલસીદાસજી)

આ અસાર સંસારના ચોરાશીના ફેરામાં નહિ પડીને સર્વત્ર સમતાનો પવિત્ર ભાવ હૃદયમાં રાખો. સર્વ ભૂતપ્રાણીઓમાં સમતા રાખવી, દયા રાખવી, તેજ ભગવાનની સૌથી અધિક ભક્તિ છે. (પ્રહ્લાદ)

ભગવાનને શરણ જવું, અને તેમના દર્શન માટે હૃદયથી પ્રાર્થના કરવી એ સાધકનું પરમ કર્તવ્ય છે. જેને ઈશ્વરનો સાક્ષાત્કાર થયો છે તેના માટે તો આશા અને યાચનાની કોઇ વસ્તુ બાકી નથી રહેતી. (પરમહંસ રામકૃષ્ણદેવ)

સાંસારિક વિષયોથી ઉપરામતા, ઇશ્વરની આજ્ઞાનું પાલન, અને ઇશ્વરની ઇચ્છાથી પાસે જે હોય તેનામાં પ્રસન્ન રહેવું, આ સાચી ભક્તિનાં લક્ષણ છે. (અબુ મુર્તજા)

હાથ અને મનને કામમાં લાગી રહેવા દો, પરંતુ પોતાના હૃદયને તો કેવળ ભગવાનમાં રાખો. ભગવાન આત્મા છે. આત્મામાં નિવાસ કરી, આત્મામાં કર્મ કરી, આત્મામાં પ્રાર્થના કરી, સર્વ કાંઇ આત્માની અંદર કર, તું પણ આત્મા છે. ભગવાનની મૂર્તિ છે. (જેકબ બેહોમી)

તમે તમારી પ્રત્યેક વાસનાને જીતી શકો છો, કારણ કે તમે તેજ અનંત પરમાત્માનાજ અંશ છો, જેની શક્તિનો સામનો કોઇ કરી શકતું નથી. (રાલ્ફ વાલ્ડો ટ્રાઇન)

વેદોના પ્રવચનથી, સારી ધારણાથી અને ઘણાં શસ્ત્રોનું જ્ઞાન હોવા છતાં પણ પરમાત્મા મળતા નથી. તે જેના ઉપર કૃપા કરે છે તેના સામે પોતાનું રૂપ પ્રકટ કરે છે. (ઉપનિષદ્)

પરમાત્માના ધ્યાનમાં લાગેલું યોગીનું ચિત્ત એવું સ્થિર રહે છે જેમ વાયુરહિત સ્થાનમાં દીપકની જ્યોતિ. (શ્રીમદ્‌ભગવદ્‌ગીતા)

જે વાક્યોની અંદર ઉચ્ચારમાં શ્રીહરિનું નામ અને ગુણ આવે છે તેજ વાક્ય પાપનાશક છે. ભલે તેની રચના અશુદ્ધ હોય; સાધુ-ગણ તેજ વાક્યોને સંભારે છે અને ગાય છે. (શ્રીમદ્‌ભાગવત)

બીજી કોઇ પણ વસ્તુમાં મમતા નહિ રાખી એક ભગવાનમાં જે અનન્ય મમતા થાય છે તેને પ્રેમ કહેવાય છે. આ પ્રેમને ભીષ્મ, પ્રલ્હાદ, ઉદ્ધવ અને નારદ આદિએ ભક્તિ કહી છે. (નારદપંચરાત્ર)

જે કોઇ પણ પ્રકારના ભયમાં પડેલો છે, જે મારો ભક્ત છે, જેને કોઇ તરફથી આશ્રય નહિ મળવાથી દુઃખી થઇ રહ્યો છે, જે હીન-દશાને પ્રાપ્ત થએલો છે, જે પોતાનો પ્રાણ બચાવવા ઇચ્છે છે એવા-નો હું ત્યાગ કરી શકતો નથી, એમાં ભલે મારો પ્રાણ નીકળી જાય, આ મારૂં નિત્ય વ્રત છે. (ધર્મરાજ યુધિષ્ઠિર)

હું રાજ્યની ઇચ્છા નથી કરતો, નથી સ્વર્ગની ઇચ્છા કરતો, નથી મોક્ષ ઇચ્છતો; હું તો ફક્ત દુઃખમાં ગરકાવ થએલાં પ્રાણીઓનાં દુઃખોનો નાશ ઇચ્છું છું. **(મહારાજ શીબી)**

ભગવાન વિષ્ણુને પ્રસન્ન કરવા એ ખરેખર ઘણું કઠિન કામ નથી. કારણ કે તે સર્વ ભૂતપ્રાણીઓના આત્મા અને સર્વવ્યાપી છે. **(પ્રહ્લાદ)**

સદ્વિચારોમાં રહેવું એ ઇશ્વરની કૃપાનું ચિહ્ન છે. ભગવાનની કૃપા વિના કોઇનું પરમ કલ્યાણ થતું નથી. **(દત્તાત્રેય)**

સારાં કર્મો કરનારને દેવતાઓ પણ સહાય કરે છે અને અસત્ માર્ગથી ચાલનારાઓનો સંગાથ સગો ભાઇ પણ છોડી દે છે. **(શ્રી કૃષ્ણમિશ્ર યતિ)**

આ સંસારમાં માત્ર એજ અમૂલ્ય રત્નો છે. એક ભગવાન, બીજા સંત; એ બેઉનો કાંઇ ભાવ–તોલ થઇ શકતો નથી. **(દાદુજી)**

વૈરાગ્યની પ્રાપ્તિથી મનુષ્ય વિરક્ત બની જાય છે. વિરક્ત બનવાથી જ્ઞાન થાય છે. જ્યારે તેનો જન્મ–ક્ષય થાય છે, ત્યારે તેને બ્રહ્મચર્યનું ફળ મળે છે અને ત્યારે તેનું કર્તવ્ય સમાપ્ત થાય છે. ફરીથી તેને અહીં આવી જન્મ લેવો પડતો નથી. **(ભગવાન બુદ્ધદેવ)**

વિષયસુખોને ત્યાગી દઇ જેમણે ભય અને રાગદ્વેષને છોડી દીધા છે એવા ત્યાગી પુરુષજ નિર્ગ્રન્થ કહેવાય છે. **(મહાવીર તીર્થંકર)**

સૂર્યનાં કિરણો સર્વ જગા ઉપર એકસરખી રીતે પડવા છતાં પણ જેવી રીતે જળ અને દર્પણમાં વધુ પ્રકાશ દેખાય છે, તેવીજ રીતે ભગવાનનો વિકાસ સર્વના હૃદયમાં સમાનરૂપ હોવા છતાં પણ સાધુના હૃદયમાં વિશેષ પ્રકાશ થાય છે. **(રામકૃષ્ણ પરમહંસ)**

જે માણસ વિપત્તિમાં પણ પોતાના ઉપર ભગવાનની કૃપાનો અનુભવ કરે છે તે કદી દુઃખમય મૃત્યુને આધીન થતો નથી. **(અબુ હાફિજ ખુરાસાની)**

એક વાર આપણી અંદર પ્રેમની જ્વાળા જવા દો, ફરી તમારા જે દોષોની સાથે તેનો સ્પર્શ થશે, તે દોષ બળી જશે. તમારૂં "હુંપણું, બળી જશે, અહંકાર નાશ થશે." "હું" "અમારૂં" વગેરે ભાવ ભસ્મ બની જશે અને જ્યારે નવો ભાવ સળગશે ત્યારે તેના તાપમાં પ્રેમથી એવું મહાન સુખ મળશે કે જેની સામે વિશ્વનું બધુંય સુખ તુચ્છ બની જશે. **(જૈકબ બૈહોમી)**

તે પરબ્રહ્મ સર્વના મુખરૂપ, મસ્તકરૂપ તથા ડોકરૂપ છે. તે પ્રાણીમાત્રની હૃદયરૂપી ગુફામાં નિવાસ કરે છે. તે સર્વ વસ્તુઓમાં

વ્યાપી રહેલા છે. સર્વે સમૃદ્ધિના આપનાર છે. (ઉપનિષદ્)

તે પરમપુરુષ પરમાત્માને કેટલાક લોક વિશુદ્ધ સૂક્ષ્મ બુદ્ધિથી, કેટલાક ધ્યાન દ્વારા હૃદયમાં, કેટલાક જ્ઞાનયોગ દ્વારા અને કેટલાક લોક નિષ્કામ કર્મયોગ દ્વારા જુએ છે. (શ્રીમદ્‌ભગવદ્ ગીતા)

આધ્યાત્મિક શાસ્ત્રોનું શ્રવણ; ભગવાનના નામનું કીર્તન, મનની સરળતા, સત્પુરુષોનો સમાગમ, દેહાભિમાનના ત્યાગનો અભ્યાસ, આ ભાગવત્ ધર્મના શરણથી મનુષ્યનું અંતઃકરણ શુદ્ધ બની જાય છે. પછી તે અનાયાસે ભગવાનમાં આસકત થઇ જાય છે.

(શ્રીમદ્‌ભાગવત)

પસ્તાવો કરવાથી કોઈ લાભ નથી, પસ્તાવો કરવાવાળા ફકત દુઃખ ભોગવે છે. જે મનુષ્ય સુખ અને દુઃખ, એ બેઉનો ત્યાગ કરે છે, જે મનુષ્ય જ્ઞાનથી સંતુષ્ટ છે અને બુદ્ધિમાન છે તે સુખ પામે છે. (મહાભારત)

સદાચારના પાલનથી મનુષ્ય દીર્ઘ આયુષ્ય, ઈચ્છા મુજબનાં સંતાનો અને અખૂટ સંપત્તિ મેળવે છે, તેનાથી કમોત વગેરે નાશ થાય છે. (મનુ મહારાજ)

સર્વ પ્રકારનાં પોતાનાં હિતનાં કાર્ય કરવાં જોઇએ. જે બહુજ બોલે છે તેનાથી કશું થતું નથી, સંસારમાં એવો કોઈ ઉપાય નથી કે જેનાથી બધાય લોકો પ્રસન્ન બની જાય. (ભૈરવિ)

અરે! વિષયોમાં કેમ આટલો રમી રહ્યો છે! તેના તરફ મુખ માંડીશ નહિ, શ્રીહરિનું ભજન કર, જેનાથી યમના ફંદામાં ફસાવું ના પડે. (ગુરુ નાનક)

જે ગૃહસ્થની અંદર સત્ય, ધર્મ, ધૃતિ અને ત્યાગ, એ ચાર ધર્મ થાય છે તેના મરણ પછી આ લોકમાંથી પરલોકમાં જતાં પણ તેને પસ્તાવો કરવો પડતો નથી. (ભગવાન બુદ્ધદેવ)

જેના ચિત્તમાંથી રાગ-દ્વેષનો નાશ થઈ ગયો છે, તે જ્ઞાની, ગુણી, દાની અને ધ્યાની છે. (ગોસાંઈ તુલસીદાસજી)

મનમાંના અહંકારને ત્યજી દઈ એવી વાણી બોલવી જોઇએ, કે જેનાથી બીજાને શાંત મળે અને પોતે પણ શાંતિ પામે. (કબીરજી)

રાત્રે સૂઈ રહેવું અને દિવસે ખાવું ભૂલી જઇને અને બકવાટ કર્યા વિના રાત્રિ-દિવસ શ્રીહરિનું સ્મરણ કરવું જોઇએ. (રઈદાસજી)

લોકો જુદા જુદા પ્રકારની ચર્ચા કર્યા કરે છે, પરંતુ તેમણે પોતાની અંદરની અને બહારની, જીવનની ખાત્રી, તથા સમાલોચના કરવી જોઇએ. પોતાનું કાર્ય તથા સ્વભાવથી હમેશાં સાવધાન રહેવું અને સન્માર્ગ કદી પણ છોડવો નહિ, એ સર્વોત્તમ કાર્ય છે.

(અબુ ઉસ્માન સૈયદ)

પ્રેમનો પરિચય ફક્ત સ્તુતિઓથી મળતો નથી. અનેક દુઃખો ખમીને સમસ્ત સ્વાર્થને તિલાંજલિ આપીને પ્રેમને પ્રમાણ બનાવવો પડે છે. **(સંત ટેરેસા)**

જે સ્વચ્છ મનથી ઇશ્વરનું સ્મરણ કર્યા કરે છે, તેના માટે કોઈ બીજા મિત્રની આવશ્યકતા નથી. **(રન્નુવાન્ત)**

તે પરમબ્રહ્મ મહાન, પ્રભુરૂપ, પૂર્ણરૂપ, સર્વનો પ્રવર્તક, અતિશય નિર્મળ, આનન્દ રૂપ, જ્યોતિરૂપ અને અવિનાશી છે.

(ઉપનિષદ્)

જેવી રીતે સર્વત્ર વ્યાપ્ત હોવા છતાં પણ આકાશ સૂક્ષ્મ હોવા છતાં લેપાયમાન થતું નથી, તે પ્રમાણે સર્વત્ર દેહમાં વસીને પણ આત્મા ગુણાતીત હોવાના કારણે દેહીના ગુણોથી લેપાયમાન થતો નથી. જે પ્રકારે એકજ સંપૂર્ણ સૂર્ય બ્રહ્માંડને પ્રકાશિત કરે છે, તે પ્રમાણે એક આત્મા સમસ્ત ક્ષેત્રોને પ્રકાશિત કરે છે.

(શ્રીમદ્ ભગવદ્ગીતા)

જેના સંગથી સત્ય, પવિત્રતા, દયા, બુદ્ધિ, લક્ષ્મી, લજ્જા, કીર્તિ, ક્ષમા, શમ, દમ અને સૌભાગ્યનો નાશ થાય, એવા અશાન્ત, મૂર્ખ, સ્ત્રીવશ રહેવાવાળા, દેહાભિમાની મનુષ્યોનો સંગ કોઈ દિવસ પણ કરવો નહિ જોઇએ. **(શ્રીમદ્ભાગવત)**

કુસંગતિને સમૂળગી ત્યજી દેવી જોઇએ, કારણ તેમાં કામ, ક્રોધ, મોહ, સ્મૃતિ–ભ્રંશ, બુદ્ધિનો નાશ અને છેવટે સર્વનાશ થાય છે.

(દેવર્ષિ નારદ)

મૂર્ખ લોકો અસંતોષી હોય છે, અસંતોષની કોઈ હદ નથી. પરંતુ સંતોષથી પરમ સુખ મળે છે. **(મહાભારત)**

દુરાચારી મનુષ્યની જગતમાં નિંદા થાય છે. તે હમેશાં દુઃખ પામે છે, રોગી રહે છે અને તેનું આયુષ્ય ઘટી જાય છે,

(મનુ મહારાજ)

અંતઃકરણમાં રાગદ્વેષ રહે છે. તેનાથી રતિ, અરતિ અને લોમહર્ષ ઉત્પન્ન થાય છે. તેનાથી મનમાં વિતર્ક ઉત્પન્ન થાય છે. જે એનું નિદાન જાણે છે, તે આનંદ મેળવે છે. અને આ દુસ્તર ઓઘને પાર કરીને નિર્વાણપ્રાપ્તિ કરે છે; તેનો પુનર્ભવ થતો નથી.

(ભગવાન બુદ્ધદેવ)

સંતોષ થયા સિવાય કામનો નાશ નથી થતો, અને કામના રહે તો સ્વપ્નમાં પણ સુખ મળી શકતું નથી. કામના શ્રીરામના ભજન વિના મટતી નથી. **(ગોસાંઇ તુલસીદાસજી)**

જે તારા માટે કાંટા પાથરે, તેના માટે તું ફૂલો પાથર.

(કબીરજી)

ધનની લાલચથી જમીનને ખોદી, પહાડોની ધાતુઓને ફૂંકી, સમુદ્રની પરિક્રમણા કરી, ખૂબ મહેનત વડે રાજાઓને રીઝવ્યા. મંત્ર-સિદ્ધિ માટે શ્મશાનમાં રાત્રિઓ વીતાવી, પરંતુ ક્યાંય પણ એક ફુટી કોડી મળી નહિ. હે તૃષ્ણા! તું હવે મારો પીછો છોડ.

(ભર્તૃહરિ)

પ્રેમજ પ્રભુનું ઐશ્વર્ય છે. જેને પ્રેમ મળી જાય છે તેને સર્વ કંઈ મળી જાય છે. **(જૈકબ બેહોમી)**

કેવળ ઉપાસનાથી આત્માની ઉન્નતિ અને પૂર્ણતા થતી નથી, તેના માટે પ્રેમ જોઇએ. પ્રેમથીજ આત્માનો પૂર્ણ વિકાસ થાય છે.

(સન્ત ટેરેસા)

તમે જેટલા પ્રયત્નો સંસારના વિષયોની પ્રાપ્તિ માટે કરો છો, તેટલા જો પરમાત્માના પરમ ધામના માટે કરો તો તમને ત્યાં અવશ્ય સ્થાન મળે. **(દાઉદ તાઇ)**


આ હમેશાં ધ્યાનમાં રાખવું જોઇએ કે કોઇ પણ મનુષ્ય તમારૂં સારૂં નરસું કરી શકતું નથી. જે કાંઈ થાય છે, તે ઈશ્વરજ કરે છે.

(રન્નુવાજ)

ગોવિન્દગુણ નહિ ગાવાથી જીવન વ્યર્થ વહી જાય છે. હે મન! શ્રીહરિને એવી રીતે ભજ, જેવી રીતે માછલી જળને ભજે છે.

(ગુરુ નાનક)

(‘‘ભાગ્યોદય’’ માસિકના ત્રણ અંકોમાંથી)



૬૪-રશિયાના બાલ-નાગરિક

રશિયામાં સમાજસત્તાવાદનાં તત્ત્વો એટલાં ઉંડાં ઉતર્યાં છે કે પરદેશી મુસાફરો એ જોઇને તાજુબ બની જાય છે. રશિયામાં નાનાં બાળકોના માનસપર સાચા રાષ્ટ્રીયત્વની અને સમાજસત્તાવાદની જે છાપ પડી રહે છે ને તેમને પોતાના માન-અપમાનનું જે ભાન થાય છે તે પણ અજબ હોય છે. જે બાળકોને પોતાના હક્કોનું ભાન થયું છે અને જેઓ એ અધિકારને માટે ઝગડે છે તેમને બાલ-નાગરિક શા માટે ન કહેવા ? તેમને એવીજ જાતનું શિક્ષણ આપવામાં આવતું હોવા છતાં બીજાં રાષ્ટ્રોનાં બાળકો કરતાં રશિયન બાળકો ખૂબ ખૂબ આગળ વધી ગએલ છે એમ કહી શકાય. રશિયાએ પોતાના મુલકમાં આમૂલાગ્ર પલટો કરીને, દેશભરમાં સમાનતા ફેલાવી દેવાનો જે કાર્યક્રમ ઉઠાવી લીધો છે તેમાં રશિયન બાળકો એટલા ઉત્સાહથી સાથ આપે છે કે જાણે એ કાર્યક્રમ પૂરો કરવાની જવાબદારી તેમણેજ ઉઠાવી લીધી હોય ! 'પોતે' જાણે કોઈ પ્રતિષ્ટિત અને જવાબદાર કાર્યકરો હોય એવી ભાવના તેમના વર્તાવમાં સાફ સાફ જણાઈ આવે છે. રશિયા પોતાનું સમગ્ર જીવન સામુદાયિક બનાવવા માગે છે. એટલે બાળકોને નાનપણથીજ એવી કેળવણી આપવામાં આવે છે. રશિયાનું ભાવિ એ બાલવીરો પર આધાર રાખે છે. તેથી તેમના જીવન પર રશિયા ખાસ ધ્યાન આપી રહે છે. રશિયન બાળકો પણ પોતાની કેળવણીનો પ્રભાવ જગતને બતાવી આપે છે. રશિયાના ઉદ્ધાર માટે જે કાર્યક્રમ મુકરર કરવામાં આવ્યો છે તેમાં પોતાને અતિ અગત્યનો હિસ્સો આપવાનો છે, એવી ભાવના હરેક બાલકના દિલમાં વાસ કરે છે. અસ્મિતાની એ ભાવનાને લીધેજ બાળકો પણ ખૂબ કામ કરી શકે છે.

મંદિરે મંદિરે લેનીનની છબી

બાળકોને નાનપણથીજ સમાજસત્તાવાદનાં તત્ત્વો શીખવવામાં આવે છે. તેમના મન પર એવી સજ્જડ છાપ પાડવામાં આવે છે કે જગતમાં માત્ર એકજ પૂજ્ય વ્યક્તિ છે અને તે લેનીન છે. દરેક વિદ્યાલયમાં અને લાલ-મંદિરોમાં લેનીનની છબી ઝળકી ઉઠે છે. ચાલુ રાજ્ય એ પોતાનું રાજ્ય છે. એ સરકારને માટે અને લોકકલ્યાણને માટે જાન કુરબાન કરી નાખવો એ સૌનો પરમ ધર્મ છે એવી તેમની ભાવના હોય છે. પરિણામે સંકટપ્રસંગે બાળકો પોતાના જીવની પણ દરકાર કરતા નથી. એક વાર એક નદીમાં ખૂબ પાણી આવ્યું. એક સંસ્થાના મકાનમાં એ પાણી જવા લાગ્યું. એ વખતે બાળકોએ અતિ જહેમત ઉઠાવીને એ મકાન બચાવી લીધું. બધાં બાળકો

હમેશાં સાથે મળીનેજ કાર્ય કરે છે. સંઘટિત સ્વરૂપ એ રશિયન કાર્યપદ્ધતિનો આત્મા છે.

અધિકારીઓની આપખુદી સામે

બાળકોને પોતાના અધિકારના જેટલુંજ પોતાની ફરજનું પણ ભાન હોય છે. ઓગણીસ વરસનો એક નવજુવાન કોઈને વળાવવા માટે આગબોટ પર ગયો હતો. એની પાસેથી ટિકટને માટે ભૂલથી થોડા વધારે પૈસા લેવાઈ ગયા. વધારાના પૈસા પાછા માગવા માટે તે અમલદાર પાસે ગયો. તેણે તેને થોડી વાર પછી આવવાનું કહ્યું. એટલે તે ફરીથી ગયો. પછી તેણે બે દિવસ પછી આપવાનો હુકમ ફરમાવ્યો. અમલદારની એ આપખુદી જોઈને પેલા છોકરાએ તેને સાફ સાફ સુણાવી દીધું કે 'લોકો સાથે વર્તવાની આ રીત નથી. તમે કહો છો એટલે હું બે દિવસ પછી આવીશ. પણ એ વખતે જો તમે મારૂં કામ નહિ કરો તો હું ઉપરી અમલદાર આગળ ફરિયાદ કરીશ કે આ માણસ પોતાનું કામ બજાવતો નથી. એ ધ્યાનમાં રાખજો.' આ ધમકીથી અધિકારીના હાંજા ગગડી ગયા ને એક શબ્દ પણ ન બોલતાં પૈસા પાછા આપી દીધા. ઉપરી અમલદાર પાસે આવી રીતે ફરિયાદો જાય તો એનું પરિણામ એકજ આવે છેઃ પોતાનું કામ બરાબર રીતે ન કરનારા લોકોને નોકરીમાંથી છૂટા કરવામાં આવે છે. એવી સ્થિતિ હોવાથી પોતાના કામમાં કોઈ બેદરકાર રહેતું નથી અને ઉપરી અમલદાર પાસે તકરાર કરવાથી એનો ઉપયોગ જરૂર થાય છે.

'એ કોણ ઝાર થઇ ગયો ?'

ઉનાળામાં વિદ્યાર્થીઓ અને બાળકોને સહેલગાહે લઈ જવામાં આવે છે. ચારે તરફ બાળકોજ નજરે પડે છે. જુદી જુદી ટોળીઓ કરીને તેઓ વનસંચાર કરે છે. કોઈ બગીચામાં જનાવરો વગેરે જોવાનું હોય તો ત્યાં પણ લઈ જવામાં આવે છે. અને ત્યાં એ આગળ જઇને જોવા માટે ધક્કાધક્કી કરતાં નથી પણ પોતાનો વારો આવે ત્યાં સુધી બહાર એક હારમાં ઉભા રહે છે. એક વાર છોકરાંઓ એવી રીતે હારબંધ ઉભાં હતાં એટલામાં કેટલાક પરદેશી મુસાફરો આવ્યા અને દરવાજા પરના સિપાઈને કહ્યું કે 'અમને અંદર જવા દે; અમારે ક્યાં સુધી વાટ જોવી ?' એ સાંભળતાંજ છોકરાંઓ પોકારી ઉઠ્યાં કે 'એ કોણ મોટો ઝાર થઈ ગયો ? ભાઈ, એ જૂના દિવસ ગયા. હવે તો હારમાં ઉભા રહો અને વારો આવે એટલે અંદર જજો.' આખરે સિપાઈએ છોકરાંઓને સમજાવ્યાં કે 'આ તો પરદેશી લોકો છે, તેમને જલદી પાછા જવું છે માટે અંદર જવા દો.' ત્યાર પછી એ પ્રવાસીઓને છોકરાઓએ રસ્તો કરી આપ્યો.

કિસ્મત અને પ્રભુનો ચેપ નહિ જોઇએ.

રશિયા ખેતીપ્રધાન દેશ હોવાથી બાળકોને નાનપણથી ખેતીનું શિક્ષણ આપવામાં આવે છે. બાળકોને ખેતીવાડીનાં હથિયારો બતાવવા માટે ખેતીવાડીના ખાસ મ્યુઝિયમમાં લઈ જવામાં આવે છે. ત્યાં જાતજાતનાં ઓજારો રાખવામાં આવે છે. મ્યુઝિયમમાં એવાં પાટિયાં લગાડેલાં હોય છે કે 'તમારે જો વરસાદ જોઇતો હોય તો પ્રભુની પ્રાર્થના કરશો નહિ; નહેરો બાંધવા લાગો.' કિસ્મત અને પ્રભુ એ બે ચીજનો ચેપ બાળકોને ન લાગે એટલા માટે ખૂબ કાળજી રાખવામાં આવે છે.

ખેતીવાડીની ખાસ નિશાળો બાંધવામાં આવી છે. એમાં ચૌદ વર્ષની ઉંમરનાં બાળકોને રાખવામાં આવે છે. શિક્ષણક્રમ ત્રણ વરસનો છે. એવી એક શાળા ક્રિમિયામાં આવેલા એક સુંદર અને વિસ્તૃત બગીચામાં આવેલી છે. શિયાળામાં વિદ્યાર્થીઓને સપ્રયોગ શિક્ષણ આપવામાં આવે છે. ઉનાળામાં તેઓ બગીચામાં કામ કરે છે. લગભગ આખો દિવસ વિદ્યાર્થીઓ શિક્ષણ લે છે, એમ કહી શકાય. શિક્ષણ આપવાની પદ્ધતિ એટલી આકર્ષક છે કે વિદ્યાર્થીઓને પોતે ભણે છે એમ લાગતું નથી. તેઓ સમુદ્રમાં સહેલ કરે છે, દિલમાં આવે તો બગીચામાં કામ કરે છે, અને આનંદથી રહે છે. તેમને રહેવા માટે, જમવા માટે કિંવા શિક્ષણ માટે બિલકુલ પૈસા આપવા પડતા નથી. એ બધું શિક્ષણ સરકારી પૈસે આપવામાં આવે છે. રાષ્ટ્રના ભાવી આધારસ્તંભોના શિક્ષણ માટે પૈસા સરકાર નહિ તો બીજું કોણ આપે?

બારસો બાલમંદિરો

કારખાનાં કિંવા મિલોમાં કામ કરતા કામગારોનાં બાળકોને પ્રાથમિક શિક્ષણ આપવાની પણ તદ્દન સ્વતંત્ર વ્યવસ્થા કરવામાં આવી છે. જે બાળકો નિશાળે જઈ શકે એટલી ઉંમરનાં ન હોય તેમને માટે બાલમંદિરો બાંધવામાં આવ્યાં છે. ત્યાં તેમને કિન્ડરગાર્ટન્સની પદ્ધતિ મુજબ ભણાવવામાં આવે છે. શરૂઆતમાં આવાં બાલમંદિરો માત્ર ૩૦૦ હતાં; અને તે પણ શહેરોમાંજ. પણ હવે એ સંખ્યા ૧૨૦૦ સુધી પહોંચી છે ને ઠેકઠેકાણે એ મંદિરો બંધાયાં છે.

વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાની પદ્ધતિની પેઠે તેમને ગુન્હામાટે શિક્ષા કરવાની રીત પણ અભિનવ છે. વિદ્યાર્થીઓને શારીરિક સજા કર્યા વિના તેમને સન્માર્ગે લઈ જવાના ઉપાય યોજવામાં આવે છે. સજા કરવાને બદલે તેમનું ગુન્હાહિત માનસ પલટાવી નાખવાનો પ્રયત્ન કરવામાં આવે છે. નાનાં બાળકો અને વિદ્યાર્થીઓ માટે એક 'બાલ અદાલત' સ્થાપવામાં આવી છે. સાદામાં સાદી કોટડીમાં એક વિદ્વાન અને વયોવૃદ્ધ ગૃહસ્થ બેસે છે, બાળકોના મુકદ્દમા

ચલાવે છે અને ચુકાદો આપે છે. એ કોટડીને અદાલતનું સ્વરૂપ જાણી જોઇને આપવામાં આવતું નથી. એ અદાલત છે, એવી કોઇને કલ્પના પણ આવે નહિ. કામ એટલી આસાનીથી ચલાવવવામાં આવે છે કે ગુન્હેગારનું માનસ પલટાતાં જરાકે વાર લાગતી નથી. બાર વરસનો એક છોકરો એની માની સાથે અદાલતમાં આવ્યો. આડી અવળી ખૂબ વાતો કર્યા પછી એને કહેવામાં આવ્યું કે બીજાં છોકરાંઓની સાથે તારાથી સહેલગાહમાં જઈ શકાશે નહિ. એ છોકરાએ એક નાનકડા ઓજારથી ચોરી કરી હતી અને ખરાબ સોબતે ચડી ગયો હતો. એ ગુન્હા માટે તેને ઉપરની સજા ફરમાવવામાં આવી હતી. સહેલગાહે જવાનો વખત આવી પહોંચ્યો હતો. ન્યાયાધીશે એ છોકરાને પૂછ્યું કે તારો શો વિચાર છે? તેણે કહ્યું કે જો હવેથી હું સારી રીતે ચાલું તો મને સહેલગાહે જવા દેવો. તેની એ ઇચ્છા જોઇને ન્યાયાધીશે તેમ કરવાની રજા આપી; પણ શિક્ષકોને તેના પર નજર રાખવાનું કહ્યું. સમાજની માલમત્તાનું રક્ષણ કરવા કરતાં નાનાં બાળકોના શીલ ને ઈમાનનું રક્ષણ કરવાનું કાર્ય વધારે મહત્ત્વનું અને મૂલ્યવાન છે, એમ રશિયન લોકો માને છે.

બાલ-અદાલતની સજા

બાર વરસની ઉમ્મરનો બીજો એક છોકરો ન્યાયાધીશ આગળ આવ્યો. એણે ચોરી કરી હતી. ખૂબ પ્રેમપૂર્વક એને સવાલ પૂછવામાં આવ્યા. ન્યાયાધીશ અને એની વચ્ચે નીચે પ્રમાણે સંવાદ થયોઃ

"તું આ અદાલતમાં કેટલામી વાર આવ્યો છે?"

"મને બરાબર યાદ નથી."

"છ વખત?"

"હા, કદાચ વધારે વખત પણ હોય."

"તને અહીં શા માટે લાવે છે?"

"કેમકે હું ચોરી કરૂં છું."

"તું ચોરી કરવાનું બંધ ક્યારે કરીશ?"

"એ વાત અશક્ય છે. મને ચોરી કરવાની ટેવ પડી છે."

"પણ હું હવે તને દૂર દૂર મોકલી દેવાનો છું."

"કાંઈ હરકત નહિ. હું ત્યાંથી પણ નાસી જઇશ."

પહેલી વાર જ્યારે એ બાળકે ચોરી કરી હતી ત્યારે જુદા જુદા માનસશાસ્ત્રીઓએ એને તપાસ્યો હતો. અને માનસિક અધોગતિમાંથી એને મુક્ત કરવા માટે એકાદ નિશાળમાં મોકલવાનું નક્કી થયું હતું. એવાં બાળકોના ગુન્હાહિત માનસમાં પલટો કરનારી અને શીલ સુધારનારી અનેક શાળાઓ રશિયામાં છે. એ શાળાઓમાં બાળકોને કોઈ પણ જાતની સજા કરવામાં આવતી નથી. કોઈ

જાતની બીક બતાવવામાં આવતી નથી. ખૂબ પ્રેમપૂર્વક તેમનું મન ઠેકાણે લાવવાના પ્રયત્ન કરવામાં આવે છે.

સોવીએટ શાસનની અસ્મિતા

સોવીએટ રાજ્યતંત્રમાં પોતે એક મહત્ત્વનો અને જવાબદાર ઘટક છે એવી અસ્મિતાની ભાવના રશિયન નવજુવાનના દિલમાં હોય છે. રાજ્યઘટના તરફ તે એટલી કડક નજરે જુએ છે કે એની ટીકાને પરિણામે રાજ્યતંત્રમાં સુધારા થયા વિના રહેતા નથી. પોતાના દેશની રાજ્યઘટના અદ્વિતીય અને આદર્શભૂત થવી જોઇએ, એ ધ્યેય નજર આગળ રાખીને તે કામ કરે છે. મોટમોટા જવાબદાર અધિકારીઓને પણ નવજુવાનોની ટીકાનો ગંભીરપણે વિચાર કરવો પડે છે. તેઓ વિચાર કરે છે એટલેજ દેશની પ્રગતિ થાય છે. એકાદો બનાવ બની ગયા પછી 'બનવાની બની ગઈ, હવે એનું શું ?' એમ રશિયન નવજુવાનો કદી પણ કહેતા નથી. બગડેલી બાજી સુધારવા માટે તેઓ પ્રયત્ન કરે છે. 'બગડેલી બાજી પણ સુધારી શકાય છે. એને સુધારવા માટે કશો પણ પ્રયત્ન ન કરવો એ નામર્દનું કામ છે.' એવી રશિયાના જુવાનોની ફિલસૂફી છે 'આપણું કોઈ પણ ધ્યેય અશક્ય નથી, આપણી પાસે જોઈએ તેટલાં સાધનો છે, આપણને એનો બરાબર ઉપયોગ કરતાં આવડવો જોઇએ; એવી રશિયન નવજુવાનની વિચારસરણી છે.

રશિયન બાળકોને નાનપણથીજ કમ્યુનીઝમનું શિક્ષણ દેવામાં આવે છે. તેમને કેળવણીજ એવી જાતની આપવામાં આવે છે કે તેઓ આગળ જતાં ઉગ્રમાં ઉગ્ર કમ્યુનિસ્ટો બને.

ચિત્રકલા દ્વારા પ્રચારકાર્ય

ધર્મને દેશનિકાલ કરવાનો રશિયાએ નિરધાર કર્યો છે તોપણ કોઇક સ્થળે એકાદું ધર્મમંદિર કે મઠ નજરે પડે છે. એ મંદિરોમાં જૂનવાણી વિચારના અનેક વૃદ્ધ ખેડુતો આવે છે અને પ્રભુની પ્રાર્થના કરી જાય છે. એ મંદિરોમાં વિધવિધ ધર્મોનાં ચિહ્નો, પ્રતીકો, જૂની આશ્ચર્યકારક વસ્તુઓ, કળાના નમૂના વગેરે વસ્તુઓ રાખવામાં આવે છે; પણ એ ઉપરાંત દિવાલો પર ભવ્ય ચિત્રો રંગવામાં આવે છે. એ ચિત્રો પ્રચારકાર્યની દૃષ્ટિએ ખૂબજ અર્થપૂર્ણ છે. એ ઉપરથી રશિયાનું સમગ્ર માનસ આપણી નજર સામે ખડું થઈ જાય છે. સુવર્ણના રથમાં એક શ્રીમંત આદમી બેઠો છે ને એ રથને ભૂખથી બેવડ વળી ગયેલા માત્ર હાડપિંજર જેવા દેખાતા ગરીબ લોકો ખેંચે છે; કામદારોના પર્વત સમા સમુદાય પર એક મુડીવાળો આદમી ઉભો છે ને તેમને કચરે છે. કામદાર સ્ત્રીઓ પોતાના લોહીથી શ્રીમંત લોકોના સોનાના દાગીના સાફ કરે છે ને એના પર પોતાના રક્તની લાલાશ ચડાવે છે. આવી જાતનાં અનેક ચિત્રો દિવાલોપર ટાંગવામાં

આવે છે. આવાં અનેક કલાયુક્ત ચિત્રો દોરનારને રશિયન સરકાર ભરપૂર બદલો આપે છે. તદ્દન અજ્ઞાણ લોકોમાં પણ પોતાના મતનો ફેલાવો કરવા માટે આવાં ચિત્રોનો ઘણો ઉપયોગ થતો હોવાથી સરકાર એની માગણી પણ ખૂબ કરે છે. એ ચિત્રો વડે અજ્ઞાણ લોકોને ઇતિહાસ, આરોગ્ય, સ્વચ્છતા વગેરે અનેક વિષયો સહેલાઇથી શીખવી શકાય છે.

' બધુંયે કામદારો માટે ! '

પોતે રાષ્ટ્રીય પુનર્ઘટનાની હિલચાલમાં સાથ આપે છે એવી ભાવના નાનાં બાળકોના વર્તાવમાં પણ દેખાઇ આવે છે. પરદેશી મુસાફરો સાથે વાત કરતી વખતે 'આ અમારું પુસ્તકાલય' 'આ અમારું વર્તમાનપત્ર' એવી રીતે રશિયન બાળકો, જાણે બધું પોતાનુંજ હોય એવી રીતે, માહિતી આપે છે. એક અમેરિકન મુસાફરને એક છોકરાએ નીચે પ્રમાણે માહિતી આપી:-"આ અમારું વર્તમાનપત્ર અમેજ ચલાવીએ છીએ. આજે જે વસ્તુઓ તમે જુઓ છો તે બધી અમારા માટેજ છે. મજૂરોનાં છોકરાં કહેવડાવવામાં અમે મગરૂરી માનીએ છીએ. બીજા દેશોમાં જે પ્રમાણે બધી વસ્તુઓ પૈસાદાર લોકો માટે છે તે પ્રમાણે અહીં નથી; અહીં દરેક વસ્તુ કામદારો માટેજ છે. આજે અમે કામદારોના બાળકો છીએ પણ આવતી કાલે રશિયાના કામદારો થઇશું."

બાળકોની સારવાર

રાજયક્ષ્મા, પાંડુરોગ વગેરે અનેક દરદોથી પીડાતાં બાળકોની સારવાર એક જુદી ઇસ્પિતાલમાં કરવામાં આવે છે. ત્યાં બાળકોની દરેક જાતની સારવાર સરસ રીતે કરવામાં આવે છે. દવા ઉપરાંત હસતાં રમતાં તેમને થોડું ઘણું શિક્ષણ પણ આપવામાં આવે છે. તેમના મનોરંજન માટે સંગીતો ગાવામાં આવે છે; ફોનો, પીઆનો, હારમોનીનિયમ વગેરે પણ વગાડવામાં આવે છે. એ હૉસ્પિટલમાં ૨૫૦ બાળકો છે. તેમના મનોરંજન માટે અગીઆર અધ્યાપકો રાખવામાં આવ્યા છે. તેઓ રાતદિવસ બાળકોની સાથેજ રહે છે. બાળકોએ પોતાને હાથે કરેલી કલાયુક્ત વસ્તુઓનું એક પ્રદર્શન માંડવામાં આવ્યું છે. ઇસ્પિતાલને ફરતો એક આહ્લાદકારક બગીચો હોવાથી છોકરાંઓને કંટાળો પણ આવતો નથી. દરદી બાળકો માટે આવી બીજી હૉસ્પિટલો સ્થાપવાની જરૂર લાગવા માંડી છે.

રશિયામાં બીજી પણ એક હૉસ્પિટલમાં ૩૦૦ બાળકો રાખવામાં આવ્યાં છે. ત્યાં છેલ્લામાં છેલ્લી શોધ પ્રમાણેનાં બધાં યંત્રો રાખવામાં આવ્યાં છે. એક્સ-રેઝ વગેરેની પણ વ્યવસ્થા છે. બાળકો માટે ૨૪ દાક્તર અને ૨૮ શિક્ષકો રાખવામાં આવ્યા છે. એ બાળકો એક સચિત્ર અખબાર પણ ચલાવે છે.

જગતનાં બીજાં રાષ્ટ્રો રશિયાની પ્રગતિના કાર્યમાં અડચણો ઉપસ્થિત કરતાં હોવાથી રશિયા હજી ઉન્નતિના શિખરે પહોંચી શક્યો નથી. કોઇ પણ જાતના પ્રતિકારનો મુકાબલો કરીને રશિયા પોતાને પંથે આગળ ધપવામાં જે મક્કમતા બતાવે છે તે અભિનંદન કરવા જેવી છે. રશિયાના ભવિષ્યનો આધાર ભાવિ નાગરિકો ઉપર હોવાથી રશિયા નાનાં બાળકોના કલ્યાણની ખાસ કાળજી ઉઠાવે છે. રશિયાના ભાવિ આધારસ્તંભ રશિયનો સામ્યવાદનો આદર્શ સિદ્ધ કરશે એમાં બિલકુલ શંકા નથી.

(જૂન-૧૯૩૧ ના "ચિત્રમય જગત" માંથી)

૬૫-'રાતા રશિયા'નાં આદર્શ કારાગૃહો

(લેખકઃ-શ્રી. ઇબ્રાહીમ હાજીમહમદ મીસ્ત્રી)

" કેદ ! " એ શબ્દ સાંભળતાંવેંત આપણી નજર સમક્ષ શીખોવાળા દરવાજા, ઉંચી દિવાલો, અંધકારમય ઓરડીઓ, કાંકરા મિલાવેલી દાળ અને માટી મિલાવેલી રોટલી ઉપરાંત બેરહમ જુલમનાં કમકમાટીભર્યાં ચિત્રો ખડાં થઇ જાય છે.

હિંદુસ્તાનમાંજ નહિ, બ્રિટિશ સામ્રાજ્યમાંજ નહિ, કિન્તુ દુનિયાના સર્વે દેશોમાં કેદ એવીજ ભયંકર વસ્તુ હોય છે. કેવળ એક દેશ એવો છે કે જ્યાં જેલ જેવી સંસ્થાઓ 'સમાજ-સુધારક'નું કામ કરી રહી છે. આ દેશ તે સોવિયટ રશિયા. આ 'લાલ પ્રજાતંત્ર'ને સામ્રાજ્યવાદીઓ ગમે તેવું ખૂની ચીતરવા કોશીષ કરે, પરંતુ અંતે સત્ય સત્યજ રહેશે. હા, ઝારશાહી દરમિયાનની જેલો જહન્નમ સરખી હતી, અને અધિકારીવર્ગનો જેમના ઉપર કોપ ઉતરતો, તેમને ન્યાયને નામે આ નારકીય દંડાલયોમાં ધકેલી દેવામાં આવતા હતા. પરંતુ એ જમાનો ગયો, ઝારશાહી ફના થઇ ગઇ, જનતાના રાજ્યનો ઉદય થયો, જૂની વાતો હડસેલી દેવામાં આવી અને નવીનું સ્વાગત કરવામાં આવ્યું. આ નવીન વાતોમાં ન્યાયાલયના નવીન નિયમો પણ એક છે.

આ નવા વિધાનનો પહેલી જાન્યુઆરી ૧૯૧૭ થી અમલ કરવામાં આવે છે. તેમાં 'દંડ' શબ્દને બદલે 'સમાજરક્ષાનું સાધન' એ શબ્દો મૂકવામાં આવ્યા છે. આ નવી રચનાના નવા ધોરણ અનુસાર, "સમાજરક્ષાનાં સાધનોનું પ્રયોજન દંડ, પ્રતિશોધ, શારીરિક કષ્ટ અથવા માનભંગ કરવાનું નથી."

બોલ્શેવીકોના મતાનુસાર અપરાધોનું મૂળ કારણ અવ્યવસ્થિત સમાજરચના છે. જો સમાજમાંથી અમીર-ગરીબનો ભેદભાવ મટી

જાય, તો અપરાધોનું અસ્તિત્વ પણ આપોઆપ અલોપ થઇ જાય. આ સિદ્ધાંત ઉપર એંગ્રિઓ ફેરી નામક એક ઇટાલીઅન લેખકે ખૂબ પ્રકાશ નાખ્યો છે.

રશિયામાં જેને સુધારગૃહ કહે છે, તેને અન્ય દેશોમાં જેલ અથવા કારાવાસ કહે છે. ત્યાં ગુનેહગારોને સુધારવાની ત્રણ રીતો પ્રચલિત છેઃ—(૧) અવરોધ, (૨) ચિકિત્સા અને (૩) કેળવણી. ચૌદ વરસથી ઓછી ઉંમરનાં બાળકોને કેળવણી આપવામાં આવે છે, અને વ્યાધિગ્રસ્તો જેવા કે મસ્તિષ્ક–વિકારવાળાઓની ચિકિત્સા યાને ઇલાજ કરવામાં આવે છે; ત્યારે અવરોધને જુદા જુદા વિભાગોમાં વહેંચી નાખવામાં આવ્યો છેઃ—

(૧) મોતની સજા—આ સજા પહેલાં તદ્દન કાઢી નાખવામાં આવી હતી, પરંતુ થોડા દિવસ પછી દેશદ્રોહીઓ, લાંચ ખાનારા અને સાર્વજનિક ધન ઉચાપત કરનારાઓ માટે ફરી શરૂ કરવામાં આવી. ગર્ભવતી સ્ત્રી અને ૧૮ વરસથી ઓછી ઉંમરના અપરાધીઓને આ સજા કરવામાં આવતી નથી.

(૨) નિર્વાસન—દંડાજ્ઞા પછી રશિયન રાજ્યમાં આવવા માટે મોતની સજા થાય છે.

(૩) સ્વતંત્રતાહરણ—આ સજા ઓછામાં ઓછી દસ વરસની થાય છે. પહેલાં વધારેમાં વધારે પાંચ વરસજ હતી, કિન્તુ ૧૯૨૨ માં દસ વરસની કરી દેવામાં આવી છે. સજા પામેલી વ્યક્તિને જેલમાં રહેવું પડે છે.

(૪) નાગરિક સત્વોનું અપહરણ.

(૫) થોડા વખત માટે નિર્વાસન.

(૬) મુખ્ય રશિયાથી નિર્વાસન, જેમાં સજા પામેલો માણસ સાઇબીરીઆ અથવા કોઇ બીજા રશિયન પ્રાંતમાં જીવન વ્યતીત કરી શકે છે.

(૭) રાજકીય કર્મચારીઓ માટે બરતરફ કરવું અથવા એક બીજી નોકરીમાં પણ ભવિષ્યમાં સ્થાન આપવું નહિ.

(૮) કોઇ ઉદ્યોગધંધાનું વર્જિત થઇ જવું.

(૯) સંપૂર્ણ અથવા આંશિક સંપત્તિહરણ.

(૧૦) લોકાપવાદ (પબ્લીક બ્લેઇમ.)

(૧૧) અર્થદંડ (ફાઇન) દંડને બદલે સજા અને સજાને બદલે દંડ એમ થઇ શકતું નથી.

થોડાક વખત ઉપર પંડિત જવાહરલાલ નહેરૂ રશિયા ગયા હતા. તેમના વર્ણનને આધારે આ નીચે મોસ્કોની સેન્ટ્રલ જેલની કંઇક હકીકત રજૂ કરવામાં આવે છે.

મોસ્કોના પ્રધાન કારાગાર માટે ઝારના વખતની જેલોનો ઉપયોગ કરવામાં આવે છે. બોલ્શેવીકોનું માનવું છે કે થોડા વખતમાં કેદખાનાંઓની જરૂર રહેશે નહિ. તેથી તેઓ જેલો બંધાવવા પાછળ પૈસાનો વ્યય કરવાનું ઉચિત માનતા નથી. અપરાધીઓને જ્યાં સુધી પૂરવાની જરૂર છે, ત્યાં સુધી પુરાણી જેલોને કામે લગાડવામાં આવશે. એજ કારણે રશિયાની અધિકાંશ ઇમારતો ખડખડપાંચમ હાલતમાં જોવામાં આવે છે.

મોસ્કોની જેલ કેવળ ભયંકર અપરાધીઓને કારણે છે. એ સાંકડી ઇમારત છે. અંદર નાની નાની ઓરડીઓ છે. ઓરડીઓ સ્વચ્છ હોતી નથી. દરેક ઓરડીમાં ચાર ખાટલા બિછાવેલા હોય છે. આ જેલમાં લગભગ ૪૫૦ કેદીઓ અને બાવન કર્મચારીઓ છે. કેદી–વોર્ડરનો રિવાજ નથી. દરેક કર્મચારીને પ્રતિદિન આઠ કલાક કામ કરવું પડે છે. આ રીતે એકી વખતે ૧૭–૧૮ કર્મચારીઓ જેલમાં હાજર રહે છે. બધાય કર્મચારીઓ નિઃશસ્ત્ર હોય છે. ફક્ત બે સંત્રીઓ દ્વાર પર સંગીન સહિત પહેરો ભરતા ઉભા હોય છે. કેદીઓ માટે ખાસ પોશાક હોતો નથી. તેઓ પોતાનાં ઘરનાં કપડાં પહેરે છે; તેમ તેમને હાથકડી પણ પહેરાવવામાં આવતી નથી. પંડિતજીના પૂછવાથી જેલના ગવર્નરે હસીને કહ્યું કે "મહાશય, રશિયાની જેલમાં હાથકડી કે બેડી જેવી કોઇ વસ્તુ નથી. એ પૂંજીપતિ દેશોમાં બંદીવાનોને પહેરાવવામાં આવે છે. તમે એ વસ્તુ અમારા મ્યુઝિયમમાં જોઇ શકશો."

રશિયાના કેદીઓને સામાન્ય મજૂરોની માફક કામ કરવું પડે છે. મોસ્કોની જેલમાં સૂતર વણવાની ફેકટરી છે. કેદી લોકો તેમાં કામ કરે છે. ઓરડા આગળ ઉભા રહેલા નિઃશસ્ત્ર પહેરેગીરોને જોયા વગર આપણને એ સમજાય નહિ કે આ જેલ છે કે ફેકટરી?

જેલમાં કામ કરવાના નિયમો ટ્રેડ યુનિયનના નિયમાનુસાર હોય છે. દરરોજ કેદીઓને આઠ કલાક કામ કરવું પડે છે. તેમને મજૂરી પણ આપવામાં આવે છે. તેના એક તૃતીયાંશ ભાગમાંથી તેઓ પોતાને માટે જેલ ભંડારમાંથી સીગારેટ, પુસ્તકો, ખાદ્યસામગ્રી, સાબુ, તેલ વગેરે ચીજો ખરીદી લે છે. તેમને રોકડ મજૂરી નહિ મળતી હોવાથી, તેઓ તેટલી કિંમતની વસ્તુઓ ખરીદી શકે છે. જેલ ભંડારનો દુકાનદાર પણ કેદી હોય છે. જેલમાં એક હજામની દુકાન છે. હજામ પણ કેદી છે, અને તેના ગ્રાહક પણ કેદી છે. તેઓ પોતાની કમાઇમાંથી હજામતના પૈસા તેને આપે છે. કેદીઓની કમાઇનો બાકીનો બે તૃતીયાંશ ભાગ છૂટકારાને વખતે તેમને સ્વાધીન કરી દેવામાં આવે છે, જેથી તેમને સંસારમાં પુનઃ પ્રવેશ કરતાં મુશ્કેલીઓનો મુકાબલો નહિ કરવો પડે. ઉપરાંત, કેદીઓના સ્નેહીઓ તેને ગમે

તેટલી નગદ રકમ મોકલી શકે છે, તેઓ પોતાની મરજી મુજબ વાતચીત કરી શકે છે, તથા સીગારેટ પણ પીએ છે. કેટલાક કેદીઓ પાસે પુસ્તકો પણ હોય છે, અને તેઓ પત્રો પણ લખી શકે છે. કેટલાકો તો પોતાના ઓરડામાં રેડિયો મુકાવે છે.

આ મોસ્કોની જેલની વાત છે, જ્યાં મોટા મોટા અપરાધીઓને રાખવામાં આવે છે, જેમાં અધિકાંશને દસ વરસની સજા ભોગવવાની હોય છે. તેમને સારી ચાલચલણને લીધે સજામાં ૨-૩ વર્ષનો ઘટાડો પણ કરી આપવામાં આવે છે; ત્યારે સાધારણ અપરાધીઓની જેલોમાં તો કેદીઓને આથી પણ વધુ આરામ મળે છે. ત્યાં તો કેદીઓને ઘેર જવાની રજા મળે છે, અને ખેડુતોને મોસમમાં પોતાને ગામ ચાલ્યા જવાની આજ્ઞા મળી જાય છે.

રશિયાની જેલોમાં કેદીઓ સાથે સારૂં અને સભ્ય વર્તન ચલાવવામાં આવે છે. ગાળ, ફટકા અને અમાનુષી વ્યવહાર જે બીજા દેશોમાં હમેશની વાતો છે, તેનું રશિયામાં નામ કે નિશાન નથી. એટલુંજ નહિ પણ જેલના કર્મચારીઓ પોતાથી કેદીઓનું કાંઇ અપમાન થવા ન પામે, તેની તેઓ ચિંતા રાખે છે. કેમકે રશિયાની જેલોનો ઉદ્દેશ અપરાધીની પ્રકૃતિ ન સુધરે ત્યાં લગી તેને સમાજથી અલગ રાખવાનો છે.

આનું નામ તે આદર્શ જેલ !

(તા. ૨૯-૧૦-૩૨ ના "મુંબઇ સમાચાર"ના દીપોત્સવી અંકમાંથી)



६६-रशियानी क्रान्तिकारक पंचवार्षिक योजना

૧૯૨૮ ની સાલમાં રશિયાની અંદર પંચવાર્ષિક યોજના જાહેર કરવામાં આવી. આ યોજના કેવી રીતે અમલમાં મુકાય છે, એ બાબતમાં ઘણું ઘણું સમજી લેવા જેવું છે. રશિયાની આ પંચવાર્ષિક યોજનાને લીધે જગતમાં ક્રાન્તિ થઈ જશે એમ લાગે છે. ઇંગ્લંડ, અમેરિકા, જર્મની વગેરે રાષ્ટ્ર અત્યારથીજ બ્હીવા લાગ્યાં છે. ઉદ્યોગધંધા અને ખેતીવાડીની બાબતમાં રશિયા અખિલ જગતને માલ પૂરો પાડી બીજા દેશોને માખીઓ મારતા સ્વસ્થ બેસાડશે કે શું તે સમજાતું નથી. પણ ભવિષ્યકાળના વિચારને બાજુએ મૂકી ત્યાં આગળ હમણાં શું ચાલે છે તે આપણે જોઇએ.

રશિયાએ પોતાની ૧૬ કરોડ લોકસંખ્યાને કામે વળગાડી છે ને ૧૦,૦૦૦ કરોડ રૂપિયા આખા રશિયાને નવો કરવામાં ખર્ચવાનું ઠરાવ્યું છે. આ યોજનાને લીધે રશિયામાં ૧૯૩૩ ની સાલમાં પોલાદ, તેલ ને કોલસા બમણા થનાર છે; ધાતુ ત્રણગણી થનાર છે ને યાંત્રિક કામો ચારગણાં થવાનાં છે. રશિયા પર દુનિયાએ બહિષ્કાર નાખ્યો હોવાથી બહારના દેશોમાં તેને પત નથી. તેથી તેણે પોતાના દેશમાંનું ધાન્ય, અશુદ્ધ મૅંગેનીઝ ને લાકડું પરદેશ ખાતે મોકલવાનું ઠરાવ્યું. ધાન્યનો સંગ્રહ તેણે તમામ જમીનને એકત્ર કરીને વધાર્યો. એને માટે સરકારે મૂડી, બી, બીયાઉં ને ખેતીનાં હથિયારો વગેરે સાધન આપ્યું હતું.

રશિયામાંની તમામ જમીન સરકારની માલીકીની બની છે તે કામ કરનારા તથા કર દેનારા ખેડુતોને તે મફત મળે છે. ગયા ઑકટોબરમાં ૬૦ લાખ કુટુંબો મોટાં મોટાં ખેતરોમાં કામ કરતાં હતાં. આ સિવાય સરકાર તરફથી ૩૦૦૦ મોટાં ખેતરોની ખેતી થાય છે. ૧૯૩૩ ની સાલમાં બધાં ખેતરો સરકાર તરફથીજ ખેડાશે. આ યોજના પૂરી કરવાને સોવિયેટ સરકાર પાસે પૈસા, માણસો, લોખંડ, કોલસા, તેલ વગેરે તમામ સાધનો છે.

પણ તેને ઉણપ હોય તો તે મોટા અધિકારીઓની છે. એ ઉણપ તેણે અમેરિકાના ૩૦૦૦ એન્જીનિયરોને કામે વળગાડીને દૂર કરી છે. આ સિવાય બીજી અડચણ મોટી મોટી યંત્રસામગ્રીની. પણ એ યંત્રસામગ્રી પૂરી પાડવાનું ફૉર્ડ જેવી અમેરિકાની અનેક કંપનીઓએ માથે લીધું છે. આ ૩૦૦૦ એન્જીનિયર્સ સિવાય ૧૦૦૦ એન્જીનિયર્સ જર્મની, ઇટાલી, સ્વીડીશ ને ઝેકોસ્લાવિયાના છે. પણ આટલા એન્જીનિયર્સથી કામ નહિ પૂરૂં થાય એમ લાગતાં તેણે હમણાંજ ૩૦૦૦ અમેરિકન એન્જીનિયર્સ તથા ૧૦૦૦૦ અમેરિકન

કુશળ કારીગરોને બોલાવ્યા છે. આ કામગારોનો ૨૦૦ થી ૩૦૦ ડૉલર્સ પગાર અમેરિકાની બેંકમાં મૂકવામા આવે છે ને તેમને ૧૫૦ થી ૨૦૦ ડૉલર્સ પગાર રશિયામાં ખર્ચને માટે આપે છે. એન્જીનિયરોને તેમના કરતાં વધારે પગાર મળે છે.

રશિયન કામગારોને સુદ્ધાં ભરપૂર પગાર મળે છે. રશિયામાં હમણાં જે ગતિથી કામ થાય છે તેટલું કામ દુનિયામાં આજપર્યંત થયું નથી, એનું કારણ કમ્યુનિસ્ટ તત્ત્વોનો અહર્નિશ પ્રચાર એજ છે. થિયેટરોમાં, સિનેમાઓમાં, ગાડીઓમાં ચારે તરફ પંચવાર્ષિક યોજનાનાં સ્તુતિસ્તોત્રો ગાવામાં આવે છે. ૧૯૩૩ ની સાલમાં રશિયા સ્વર્ગસુખ અનુભવશે એમ કહેવામાં આવે છે. પ્રત્યેકને ખાવાપીવાની ને કપડાંલત્તાંની એટલી રેલ છેલ થશે કે બસ, એમ કહેવાય છે. ૭ કલાકના કરતાં વધારે કામ નહિ, રહેવાને સુંદર ઘરો, બેસવાને સસ્તી મોટરો વગેરે મળીને ચારે તરફ આનંદ આનંદ થઈ રહેશે. ત્યાર પછી આપણું આ સ્વર્ગસુખ આપણે અખિલ જગતને સુદ્ધાં પ્રાપ્ત કરાવી આપશું, એમ કહેવામાં આવે છે. આ સુખદાયક સ્વપ્નોને લીધે રશિયાનો કામગાર વર્ગ ખરા અંતઃકરણથી કામ કરવા લાગ્યો છે. તે હમણાંના ત્રાસ કે કષ્ટ તરફ જરાયે લક્ષ આપતો નથી. તેમના દેશમાંનો કાચો માલ પરદેશમાં જતો હોવા છતાં તે બિલકુલજ બડબડતો નથી.

રશિયામાં ચાલી રહેલી આ ક્રાન્તિને લીધે જગતનાં મોટાં મોટાં રાષ્ટ્રો ગભરાઈ ગયાં ને થોડાક મહિના પહેલાં આ પ્રશ્નનો વિચાર કરવા સારૂ જીનીવા મુકામે રાષ્ટ્રસંઘની બેઠક મળી હતી. ૨૮ રાષ્ટ્રોના પ્રતિનિધિ ત્યાં હાજર હતા. ત્યાં શું નક્કી થયું એ જાણવામાં નથી, પણ તેમને દહેશત લાગી છે એમાં શંકા નથી.

રશિયાએ હમણાં કયાં કામો ઉપાડયાં છે ને તે બધાં તે કેવી રીતે કરે છે તે હવે આપણે જોઇએ. યુક્રેનમાં **નાયપર** નામની નદી છે. એ નદીને બાંધ બાંધી તેમાંથી વીજળી ઉત્પન્ન કરવાની એક યોજના છે. આ વીજળી એટલા મોટા પ્રમાણમાં ઉત્પન્ન થવાની છે કે કહી શકાય નહિ. અમેરિકાના નાયગરાના ધોધમાંથી જેટલી વીજળી ઉત્પન્ન થાય છે એનાથી બમણી વીજળી અહીં ઉત્પન્ન થવાની છે. બીજી યોજના **નિજનીનો વહગોરોડ** નામના ગામે અત્યંત મોટી મોટી મોટરો બનાવાનું કારખાનું કાઢવાની છે. **ઉરલ** પર્વતમાં એક સ્થળ હતું. તે ભૂગોળમાં ક્યાંય દેખાશે નહિ. આ ઠેકાણે એક ડુંગર છે. ત્યાં આગળ અત્યંત પ્રચંડ એવું લોખંડ અને પોલાદ કાઢવાનું કારખાનું તૈયાર કરે છે. **એઝબેસ્ટ** (સૈબીરિયા) માં ૩૬ માઈલ લંબાઈનો ઍસબેસ્ટનો સંચય કાઢવાનો મોટો ઉદ્યોગ શરૂ છે. **ચેલિયાબિંકસ**માં દુનિયામાં સૌથી મોટાં ટ્રેક્ટર્સ

(યાંત્રિક હળ) તૈયાર કરવાનું કારખાનું નીકળ્યું છે. આ પાંચ મુખ્ય પ્રયત્ન સારા યશસ્વી થવા લાગ્યા છે.

આ સિવાય ખાણો ખોદવી, નદીઓને બાંધ બાંધવા, તેલની ખાણો ખોદવી, બોગદા પાડવા, પૂલ બાંધવા, કારખાનાં કાઢવાં વગેરે અનેક કામો ચાલુ છે. રેલવેમાં ૨૭૦ કરોડ રૂપિયા ખર્ચીને તેને સુધારવાની છે.

નાયપર નદી ઉપર અત્યંત મોટું ધરણ બાંધવામાં આવતું હોઈ એમાંથી વીજળી ઉત્પન્ન કરવાની છે. આ કામ કર્નલ કૂપર નામના એક અમેરિકન ગૃહસ્થને સોંપવામાં આવ્યું છે. એના હાથ નીચે ૧૭૦૦૦ મજૂરો છે. આ વીજળી વડે ત્યાં આગળ ૮૦ લાખ માણસો પેટ ભરી શકે એટલા ધંધા નીકળશે. હમણાં ત્યાં આગળ જેમતેમ ૧૦ લાખ માણસો રહે છે. આ કામ પૈકી અર્ધું કામ તો થઈ ગયું છે.

રશિયામાંના મજૂરોને અઠવાડિયામાં પાંચજ દિવસ કામ હોય છે. પણ બીજા દેશોની પેઠે ત્યાં એકજ દિવસે બધાને છૂટી નથી હોતી. કામ સતત ચાલુ હોય છે. રશિયાના કામગારોએ હમણાં જેટલી ગતિથી કામ કરવા માંડયું છે તેટલું બાંધકામના ઇતિહાસમાં કોઇએ કર્યું નથી.

આ કામને માટે તેમને દર મહિને ૩૨ થી ૪૨ ડૉલર મળે છે. આ પગાર બહુ નથી; પણ ઘડપણમાં મળનારૂં પેન્શન, બૈરાં-છોકરાંની સંભાળ, દવાપાણીની સગવડ, કામ ન મળતાં સરકાર તરફથી મળનારો પગાર ને આ યોજના પૂરી થયા પછી આવનારા સુખના દિવસ તેમની દૃષ્ટિ સામે છે. દર વર્ષે તેમને બે અઠવાડિયાંની ચડતે પગારે રજા મળે છે, પ્રત્યેક પાંચ દિવસે એક છુટી મળે છે, દરરોજ સાત આઠ કલાકથી વધુ કામ નથી હોતું. છુટીના દિવસો-માં મોજમજાહનાં સાધનો ને વાહનો વગેરે મફત અથવા થોડા પૈસામાં મળે છે. વર્ષ દહાડે જે બે અઠવાડિયાની છુટી હોય છે એમાં તેમને સરકારી ખર્ચે ક્રીમિયામાં હવા ખાવા સારૂ મોકલે છે. ત્યાં આવેલા ઝારના જૂના રાજમહેલમાં તેમને રહેવાનું મળે છે. આવી સ્થિતિમાં રશિયન કામગાર અત્યંત ઉત્સાહપૂર્વક મન લગાડી-ને પુષ્કળ કામ કરતો હોય તો તેમાં વિશેષ આશ્ચર્ય જેવું નથી.

હવે મોટરો બાંધવાના કારખાનાની બાબતમાં. **નિજનીનો-વ્હગોરૉડ** ગામથી ૧૫ માઇલ પર આ કારખાનું કાઢવામાં આવ્યું છે. ૭ મહિના પહેલાં ત્યાં આગળ પાંચ પચીસ ખેડૂતો હશે કે નહિ હોય, પણ આજ ત્યાં આગળ ૧૦૦૦૦ મજૂર આ મોટર બાંધવાના કારખાનાનું બાંધકામ કરે છે. ત્યાં કમ્યુનિસ્ટોનું પહેલું નમુનેદાર શહેર થવાનું છે. મોટરના કારખાના માટે જે ઇમારત બંધાનાર છે એનો પાયો ૨૦૦૦ ફૂટ લાંબો છે. આવડી મોટી ઇમારત

દુનિયામાં આ પહેલીજ છે. એ પૈકી પુષ્કળ કામ પૂરૂં થયું છે. આ ગામમાં ૨૫૦૦૦–પચીસ હજાર માણસો રહેશે. ત્યાં આગળ ઘરો, ઉપવનો, નિશાળો, ઇસ્પિતાલો, દવાખાનાં, સામુદાયિક ભોજનગૃહો, વાચનાલયો, નાટકગૃહો વગેરે બાંધવામાં આવશે. માત્ર ચર્ચોને સ્થાન નહિ મળે. એ ગામ શ્રીમંતોને માટે નહિ હોય. કારણ, રશિયામાં કોઇ શ્રીમંતજ નથી. આ કારખાનામાં કેટલી મોટરો તૈયાર થશે વગેરેની માહિતી હજી પ્રસિદ્ધ થઇ નથી.

ત્રીજી યોજના મેગનેટ ગૉર્કસની. આ ઠેકાણે લોખંડ અને પોલાદની ઉત્પત્તિ થવાની છે. ત્યાં આગળ ૩૫૦૦૦ માણસો રાત ને દિવસ ૮–૮ કલાકની ત્રણ પાળીથી કામ કરે છે. ત્યાંથી જેટલું લોખંડ અને પોલાદ નીકળનાર છે તેટલું અમેરિકા સિવાય બીજા કોઇ દેશમાં નીકળતું નથી. ત્યાંથી દર વર્ષે ૩૦ લાખ ટન લોખંડ ને પોલાદ નીકળશે. ગૅરી નામના અમેરિકાના એક સ્થળે ૩૪ લાખ ટન લોખંડ ને પોલાદ નીકળે છે. રશિયામાં કદાચિત્ ૪૦ લાખ ટન લોખંડ નીકળી શકશે એમ કહેવાય છે. એટલે રશિયા અમેરિકાના કરતાંય ઉંચો નંબર પટકાવી લેશે. જે ડુંગરમાંથી આ ધાતુ કાઢવાની છે તે ત્રણ માઇલ લાંબો, એ માઇલ પહોળો ને છ હજાર ફુટ ઉંચો છે. એ ડુંગરમાં ૨૭ાા કરોડ ટન શુદ્ધ લોઢું છે. આ યોજનામાં તેણે ૪૦ કરોડ ડૉલર્સ નાખ્યા છે. આ યોજના યશસ્વી થાય છે. આ ઠેકાણે આઠ મોટી ભઠ્ઠીઓ બાંધી છે ને તેમાંથી લોખંડ તથા પોલાદ નીકળે છે. આ ઠેકાણે કામ કરનારા મજુરોને ૧૦૫ ડૉલર્સ દર મહિને મળે છે. અને **સ્ટૅલીન** કે જે રશિયાનો મુખ્ય છે તેને ફક્ત ૧૫૦ ડૉલર્સજ મળે છે. આથી રશિયાના મજૂરને પોતે મજૂર છે એમ બિલકુલજ લાગતું નથી. રાજ્ય પોતાનું છે એ ભાવના તેનામાં હોય છે.

રશિયાના મજૂરોની કેટલી સંભાળ લેવામાં આવે છે એતું એકજ ઉદાહરણઃ–ઉરલ નદી પર ૧૫૦૦ માણસોએ એક ધરણ બાંધ્યું. તે પોણો માઇલ જેટલું લાંબુ હતું છતાં તે તેમણે ૪ મહિનામાંજ પૂરૂં કર્યું. કામ પૂરૂં થતાંજ ૧૫૦૦ મજુરો પૈકી પ્રત્યેકને બબ્બે અઠવાડિયાનો પગાર બક્ષીસ આપ્યો અને એમના પૈકી જેમણે વિશેષ કૌશલ્ય બતાવ્યું હતું તેમને હવાફેરને માટે સરકારી ખર્ચે ક્રીમિયામાં મોકલી આપ્યા ! આવા પ્રકારની લાગણી રશિયા સિવાય બીજે ક્યાંય પણ દેખાઇ આવશે નહિ.

ત્યાર પછી ચોથું કામ **ચિલિયાબિંકસ ટ્રેક્ટર્સ** બાંધવાનું શરૂ છે. ૧૨૦૦૦ મજૂરોએ ગયા જુલાઇમાં આ કામ શરૂ કર્યું. અહીંઆં દુનિયામાં સૌથી મોટું કારખાનું નીકળવાનું છે. તેમાં ૫૦૦૦૦ દશ ટનના, ૬૦ અશ્વશક્તિનાં હળ દર વર્ષે તૈયાર થનાર છે.


આના પછી **ઍસબેસ્ટૉસનું** કામ બે વર્ષ પહેલાં સાઇબીરિયા-માં આવેલા આ પ્રદેશમાં ૧૦૦૦૦ માણસો રહેતાં. આ સ્થળ મૉસ્કોથી ૧૧૦૦ માઇલ દૂર છે. આજ ત્યાં આગળ પાંચ લાખ મજૂર ૩૬ માઇલ લંબાઇનો ઍસબેસ્ટૉસનો થર કાઢે છે. ત્યાં ૧૧ કરોડ ટન ઉત્તમ ઍસબેસ્ટૉસ છે. અગાઉ અહીંથી ઍસબેસ્ટૉસ નીકળતો હતો, પણ બહુ થોડો.

આવી રીતે રશિયાએ દુનિયામાં ક્રાન્તિ કરી નાખે એવી યોજના હાથમાં લીધી છે. ખેતીવાડીમાં તો એણે પ્રચંડ ક્રાન્તિ કરી છે. થોડાંક વર્ષમાં રશિયા આખી દુનિયાને ઘઉં પૂરા પાડશે કે શું, એવી બીક લાગે છે.

હમણાંના પરદેશી એન્જીનિયરો એક બે વર્ષમાં રશિયામાંથી જશે ત્યાર પછી રશિયાની શી દશા થશે એમ કોઇ કોઈ પૂછે છે. પણ રશિયાએ ઉદ્યોગશિક્ષણની નિશાળો પુષ્કળજ વધારેલી હોઇ એ નિશાળોમાં ૬–૭ લાખ વિદ્યાર્થી શિક્ષણ લે એવી વ્યવસ્થા કરી છે. આ વ્યવસ્થાને લીધે રશિયા પૂર્ણપણે સ્વાવલંબી બનશે, એમ કહેવાને હરકત નથી.

કોઇ પણ રાષ્ટ્રને એક વાર સંપૂર્ણ સ્વરાજ્ય મળ્યું કે તેની બધી બાજુએથી ઉન્નતિ થાય છે. રશિયાની પેઠેજ **ચીને** સુદ્ધાં મોટા પ્રમાણમાં–રશિયા જેટલા નહિ–ઔદ્યોગિક ઉન્નતિ કરવાનું નક્કી કર્યું છે. **હિંદુસ્થાન** સુદ્ધાં સ્વાતંત્ર્યના કાળમાં આવીજ રીતે આગળ વધશે. ત્યાં સુધી બીજાં રાષ્ટ્રો તરફ ઉંચી ડોક કરીને જોવા સિવાય તેને બીજું કંઈ દેખાતું નથી.

(જૂન–૧૯૩૧ ના "ચિત્રમય જગત"માંથી)



૬૭–ચોરાનો પોકાર

એક નાના ગામડાની અંદર જતાં જોયું કે ત્યાંનો ચોરો પડી ગયો છે. દિવાલો ફસકી પડી છે. એ ચોરાની અંદરનો ખુદ ઠાકરદ્વારો ઉપડી ગયો છે. ઠાકર મહારાજની મૂર્તિ હવે એ ચોરામાં બિરાજતી નથી. લોકોએ પણ પોતાની બેઠક ફેરવીને ચોરાની પાસેજ દુકાનોના ઓટલા ઉપર આસન લીધું છે. ચોરો ભાંગી ગયો છે, ઠાકર મહારાજ ઉપડી ગયા છે, સવારસાંજની આરતીના દીવા ત્યાં પ્રગટતા નથી, ઝાલરનો નાદ બંધ પડયો છે. લોકોએ આસન ફેરવ્યું, પણ લોકો આઘા જઈ શકયા નથી. નિર્જન, નિઃસ્તબ્ધ અને ગંભીર એ દેવાલય–કહો કે લોકાલય–આજે કોઈ અબોલ આર્ત્ત વાણી વડે પોતાના પેલા ગામડીઆ દેવને, પોતાના જૂનાપુરાણા ઠાકર મહારાજને સાદ કરી રહ્યું છે. લોકો એ પોકાર સાંભળે છે કે નહિ ?

મુંબઈ જેવા શહેરની અંદર દેવમંદિરો તૂટે કે બંધાય, ઇતિહાસના ચોપડામાં એની કાંઇયે ગણતરી નથી. એના પથ્થરો આરસના હો કે સોનાના હો, એ દેવાલયો દેવોનાં નથી, ઐશ્વર્યનાં છે. શ્રીમંતોની એકાદ ઘડીની મોજમાંથી એ ખડાં થયેલાં હોય છે. એ બધાં તો લક્ષ્મીનાં રમકડાં છે. પ્રજાનો પ્રાણ એના પથ્થરો સાથે જડાયેલો નથી હોતો. શહેરોની ભૂમિ પોકાર કરીને કહે છે કે આ બધાં મારા ગર્ભમાંથી આપોઆપ નથી પ્રગટ થયાં. આ તો શ્રીમંતોએ મારી છાતી ઉપર ચાંપી દીધેલાં, લક્ષ્મીનાં સંતાનો છે.

અને એકાદ ગામડા–ગામનો ચોરો ભાંગી પડે એ શું બતાવે છે? માટીની ચાર દિવાલો તો ગામડાંની અંદર ઠેર ઠેર ભાંગે છે. કોઈ નજર સરખી પણ એ ખંડેર સામે કરશે નહિ; પરંતુ ચોરો એ કાંઈ માટીની ચાર દિવાલોનું છાપરૂં નથી. એ દિવાલોના પરમાણુએ પરમાણુએ ગામનો પુરાણો ઇતિહાસ લખાયેલો પડયો છે. ચોરાની આસપાસ જમાનાઓનું જૂનું લોક–જીવન વીંટળાઈ રહ્યું છે. શૂરવીરો અહીં બેસીને કસુંબો લેતા, ને પોતાનાં વીતકોની ધીરી ધીરી વાતો કરતા. ચારણ ગોઠણભર બનીને અને કોણી સુધી બાંયો ચઢાવીને અહીં શૌર્યનાં યશોગાન ગાતો, ને દાતાઓનાં નાનાં મોટાં દાન મેળવતો. અહીં લોકોની પંચાયત મળતી ને 'ઠાકર મહારાજની સાખે' નિર્મળ ન્યાય તોળાતો. સાધુસંતો અહીં આવીને ઉતરતા. મુસાફરોની આ ધર્મશાળા, અને અમલદારોનો પણ આજ ઉતારો. આજ ચોકીદારોની ચાવડી કે જ્યાં બેઠાં બેઠાં ગામમાં એક નવું કૂતરૂં દાખલ થાય તેની યે ખબર રાખી શકાતી. અને ભજનિકોના ભજનની ધૂનના તો હજુયે અહીં પડઘા બોલે છે. નવરાશના દહાડામાં અહીં બેસીને પરાણ ભાંગતા કણબીઓનાં ધીરાં ધીરાં પદો હજુ ગાજે છે.

અને છેલ્લામાં છેલ્લી યાદ આવે છે પ્રત્યેક દિવસના સંધ્યાકાળની આરતીની. નાનાં નાનાં, નાગાંપૂગાં છોકરાંઓ દોડતાં આવીને હાથમાં ઝાલર લઈ, બાવાજીની વાટ જોતાં બેસતાં. મોટેરાઓ માથેથી પાઘડી ઉતારીને હાથ જોડી ઉભા રહેતા. નિરક્ષર ને નિરાડમ્બર બાવો જૂની પુરાણી એક આરતીમાં જ્યોત પ્રકટાવીને જેવો ટોકરીનો રણકાર કરતો, તેવીજ પેલી ઝાલરો ઝંકાર કરી ઉઠતી. ઠાકર મહારાજના વાઘાની સોનેરી કોર એ દીવાના ઝાંખા પ્રકાશમાં ઝળકવા લાગે, પ્રતિમા જાણે હસીને સામી આવે, લળીલળીને બાવો એના મેલાઘેલા પ્રભુની આરતી ઉતારે, ત્રિતાલી ઝાલરો એક પછી એક બાળકોના હાથમાં બદલાય, અને ખૂણામાં એકાદ તોતીંગ નગારૂં કોઈ કણબીના ધીંગા હાથની દાંડી પડતાં ગાઉ ગાઉ સુધી ગાજી ઉઠે. એ તુલસીના પાણીનું ચરણામૃત, એ સાકરની અક્કેક કટકીની પ્રસાદી, અને એ હારબંધ બેઠેલાં બાળકોએ ગોઠવી મૂકેલી આતુર અંજલિ.

આજ ચોરો ભાંગી પડયો છે; પરંતુ ચોરો કાંઈ અકસ્માતથી નથી ભાંગેલો. એ ચોરાના પાયા તો લોકોના હૃદયની અંદર પડેલા હતા. આજ લોકોએ પોતાનાં હૈયાંમાંથીજ એ પાયા કાઢીને ફેંકી દીધા. પંચાયતો અદૃશ્ય થઈ. પરાક્રમોનાં યશોગાન બંધ પડયાં. લોક-જીવનના નિર્મળ કલ્લોલ અટકી ગયા. ઠાકરમહારાજનું આસન લોકોનાં હૃદયમાંથીજ ઉપડી ગયું. આ બધુંયે બન્યું ત્યાર પછી જ ચોરો ખળભળ્યો. ચોરાની દુર્દશા તો લોકજીવનની દુર્દશાની માત્ર એક નિશાનીજ છે.

પટેલીઆઓ બેઠેલા, અને મેં કહ્યું કે "ભાઇઓ! ચોરો છેક એટલે સુધી ગયો કે ખુદ ઠાકરદુવારો પણ રહેવા ન પામ્યો?"

મંડળીમાંથી એક જુવાને અટ્ટહાસ્ય સાથે કટાક્ષમાં ટકોર કરી કે "હાં! તોય તે મેં વરસે છે!" આ કટાક્ષની અંદર શું હશે? હાંસી, ઉપેક્ષા કે કલ્પાંત?

ગામના એક શેઠીઆને આ દુર્દશાનું કારણ પૂછ્યું, તો કહે કે "અહીંના કણબીઓ સ્વામીપંથ પાળે છે, એટલે ચોરા તરફ બહુ ભાવ ન રહે." જો લોકોનાં દિલમાં આવું હોય તો સ્વર્ગમાં બેઠાં બેઠાં સ્વામી સહજાનંદજીને હૈયે કેવો ઘા પડતો હશે!

બીજા એક સજ્જન કહે કે: "ફક્ત બસો રૂપિયાની જ જરૂર પડશે. મુંબઈ કોઈ જતું હોય તો રૂા. ૨૦૦ પળવારમાં મળી જાય!"

બરાબર છે! આપણાં દેવાલયો, ઉપાશ્રયો ને પશુશાળાઓ મુંબઈ-કલકત્તાની સખાવત ઉપર નભે છે. ૨૫-૨૫ રૂપિયા મુંબઇના ધનવાનો આપણા મ્હોં સામે ફેંકી દે. આપણે એ દાતાઓની હાલતનો વિચાર કરીએ, અને મુંબઈમાંથી ઉપાડીને આપણે આપણા ગામડાના હૈયા ઉપર એકાદ ધર્માલય ચાંપી દઇએ. એ પૈસાના

પથ્થરો તો મળશે, એ પથ્થરોનો સુશોભિત ખડકલો પણ થઈ પડશે. પરંતુ એમાં લોકોનો પ્રાણ શી રીતે પ્રવેશ કરી શકશે? લોકોને મન તો એ કોઇ પરદેશી ચીજ જેવુંજ થઈ પડશે. લોકોની મમતા એને પથ્થરે પથ્થરે નથી બંધાવાની. ભાંગી ગયેલા એ દેવાલયમાંથી જે ઠાકર મહારાજ ચાલ્યા ગયા છે, તેને પાછા લાવવા હોય, તો અક્કેક આદમી જઇને ગારાનું એકેક ગાંદળું લઈ આવે, ને હાથોહાથ ચણતર ચણે. પરંતુ એટલું થાય તે પહેલાં તો લોકોના હૃદયના ઠાકરદ્વારની મરામત થવી જોઇએ. લોકોને જૂના જીવનની, કડકડીને ભૂખ લાગવી જોઇએ. માટીનું અક્કેક ગાંદળું લઈ આવવું સહેલ નથી.

આજ તો ગામડાંનું નિકંદન ચાલી રહ્યું છે. ચોરાઓ પડી ગયા હોય તો યે શું, અને મોજુદ હોય તો યે શું? ચોરાનું જીવન તો ચાલ્યું ગયું છે. લોકોનું હૈયું ધબકતું બંધ પડવા લાગ્યું છે. મોસમે મોસમના તહેવારો અગાઉ આવતા તેમજ હજુ આવે છે, અને લોકોને હાથે લગારે આદર પામ્યા વિના હતાશ થઇને ચાલ્યા જાય છે. ડાયરો હવે ઉઠી ગયો છે, ચારણનો સાદ સંભળાતો નથી. હુતાશની તો વરસોવરસ પ્રગટે છે, પણ દૂહાઓનો અવાજ દુર્બળ બનતો જાય છે. પૂનમની રાત તો માસે માસે પોતાનું સૌંદર્ય લઇને આવે છે, પણ પેલા ભજનિકો કયાં?

વેપારીનો છોકરો વયમાં આવે કે તુરત મુંબઈ કલકત્તા દોડે, લક્ષ્મીવાન બને, ગામમાં પાછો આવીને ચુનાબંધ મેડીઓ ચણાવે. એ મેડીમાં એ પોતે નથી રહી શકતો; એની બિમારી જ રહે છે. ગામના જીવન ઉપર એની પ્રીતિ જામી શકે નહિ. એની પાસે પૈસા છે, ગામમાં આવીને એઠો એઠો એ શાકપાંદડાંના ને દૂધના દર ચડાવી મારે છે. એનાથી લોકો દૂર નાસે છે. એની વાણીમાં, એનાં વસ્ત્રોમાં અને એની રીતભાતમાં લોકોને કૃત્રિમતા જ ભાસે છે. જીવતા શરીર-ના લોહીમાંસમાં એક મરેલી માટીની કણી પડી પડી ખટકતી હોય, એમ આ શહેરી મનુષ્ય ગામની વચ્ચે નિરાળો રહ્યો રહ્યો ગામડાંનાં હૃદયમાં ખૂંચે છે.

આજથી સોળ વરસ પહેલાં બાબુ રવીન્દ્રનાથ ઠાકુરે અવાજ ઉઠાવેલો કે "રાજ્યદ્વારી રમતો ને પ્રપંચો મૂકી દો. દેશનાયકો! ગામડાંઓને સજીવન કરો, ઠેર ઠેર મેળા ભરો, ઉજાણીઓ કરો, રામાયણ–મહાભારતનો રસ પ્રજાજનોને પાવા માંડો." ગામડાંને સજીવન કર્યે જ ઉગારો છે. જન્મભૂમિ આજે નાની નાની નદીઓને કિનારે ઉભી ઉભી, ગારાનાં ઝૂંપડાંનાં પેલાં જૂથની અંદરથી ડોકિયાં કરતી કરતી પોતાનાં નાસેલાં સંતાનોને બોલાવે છે. એ સાદ કોઈ સાંભળે છે કે?

("ફૂલછાબ"ના એક અંકમાંથી)

૬૮-दंडी अने तत्कालीन भारत

(લેખકઃ-શ્રી. નિરૂ દેસાઇ)

[ઇશુની ત્રણ સદીઓનો સમય (૫૦૦ થી ૮૦૦) સંસ્કૃત સાહિત્યનો સુવર્ણયુગ છે. આ યુગમાં હિંદુઓની કલ્પનાશક્તિ સતેજ હતી. જ્યોતિષ, કાવ્ય, નાટક આદિ વિષયો ઉપર ગ્રંથો પણ આ કાળમાંજ નિર્માયા છે. આ યુગનો મધ્યાહ્નકાળ એજ મહાકવિ દંડીનો નિર્માણકાળ. દંડીનો સમય પુરાતત્ત્વવેત્તાઓ ૫૭૦ ઇ. સ. થી ૬૨૦ સુધીનો ધારે છે.]

દંડીના સમયનું ભારત આપણે માટે સ્વપ્ન જેવું થઇ ગયું છે. નથી એ મગધદેશને ઉજ્જાળનારી પુષ્પાપુરી, કે જેના બજારમાં વેચાતા મણિમૌક્તિકો રત્નાકરના માહાત્મ્યને વિસ્તારતા હતા, કે નથી અંગદેશનાં વિલાસીજનોની ગંગાતટ ઉપર વસેલી ચંપાનગરી, કે જ્યાં સુંદર વસ્ત્રોમાં સજ્જ થયેલી ફૂલવેણીમંડિત મહિલાઓ શરીર ઉપર અંગરાગ કરતી હતી. એ સુહ્મદેશ ક્યાં છે, કે જ્યાં કંદુકોત્સવ થતો હતો, જેમાં પવિત્ર કુમારિકાઓ ક્રીડાખેલન કરતી હતી? એ વિરાટ હિંદુ સામ્રાજ્ય ક્યાં છે, કે જેમાં નૃપતિઓ દિવસના પ્રથમ ભાગમાં ઉપજ-વ્યયના કાર્યમાં ગુંથાયેલા રહેતા, દ્વિતીયમાં પ્રજાના કલહોનો ઉકેલ આણતા હતા, તૃતીયમાં સ્નાન-ભોજન કરતા હતા, ચોથામાં ભેટસ્વીકાર કરતા હતા, પાંચમામાં સચિવો જોડે મંત્રણા કરતા હતા, છઠ્ઠામાં વિહાર કરવા જતા હતા, સાતમામાં ચતુરંગી સેનાનું નિરીક્ષણ કરતા હતા, અને આઠમામાં સેનાપતિ સાથે યુદ્ધમંત્રણા કરતા હતા? આ તો થઇ દિનચર્યા. હવે રાત્રિચર્યા જોઇએ. સંધ્યાની પ્રાર્થના પછી પ્રથમ ભાગમાં ગુપ્તચરોને મળતા, દ્વિતીયમાં ભોજન ઉપરાંત સ્વાધ્યાય, તૃતીયમાં સંગીત દ્વારા વિનોદ, ચોથા-પાંચમામાં શયન, છઠ્ઠામાં શાસ્ત્રચિંતન અને કાર્યચિંતન કરતા હતા. સાતમામાં સમાચાર સાંભળી દૂતોને મોકલતા અને આઠમામાં ધાર્મિક કાર્ય કરતા હતા. આવું સુંદર દૃશ્ય આજે ભારતભૂમિની રંગભૂમિ ઉપરથી અદૃશ્ય થઇ ગયું છે. કેવું ભયંકર પરિવર્તન! દંડી કવિ સંસારની પરિવર્તનશીલતાનો અનુભવ કરતા હતા. એ જાણતા હતા કે આ દૃશ્ય કાળના પ્રવાહમાં વિલીન જઈ જશે. એટલાજ માટે, ભવિષ્યની પ્રજા માટે-આપણે માટે-કલમરૂપી પિંછીથી તાલપત્રો ઉપર આ દૃશ્ય આબાદ ચીતર્યું છે. દંડી આપણને એ મહાન પુસ્તકથી-દશકુમારચરિતથી-પ્રાચીન ભારતની ભવ્યતાનું દર્શન કરાવવા ઇચ્છે છે.

એ સમયે કેળવણીનો પ્રચાર સ્ત્રીપુરુષ બંનેમાં સારા પ્રમાણમાં હતો. અવંતી સુંદરીના પત્રલેખનનું વર્ણન દશકુમારચરિતમાં છે.

એ સમયે નિમ્નલિખિત પાઠ્ય વિષયો હતા:—

૧ વેદ	૧૨ તર્કશાસ્ત્ર
૨ વેદાંગ	૧૩ મીમાંસાશાસ્ત્ર
૩ કાવ્ય	૧૪ સંગીતશાસ્ત્ર
૪ નાટક	૧૫ અર્થશાસ્ત્ર
૫ આખ્યાન	૧૬ કામશાસ્ત્ર
૬ આખ્યાયિકા	૧૭ અનેક લિપિઓનું જ્ઞાન
૭ ઇતિહાસ	૧૮ અનેક ભાષાઓનું જ્ઞાન
૮ ચિત્રકથા	૧૯ આયુર્વેદ
૯ પુરાણ	૨૦ શસ્ત્રવિદ્યા
૧૦ ધર્મશાસ્ત્ર	૨૧ અશ્વારોહણવિદ્યા
૧૧ જ્યોતિષ	

એમ લાગે છે કે દંડીના સમયમા કૌટિલીય અર્થશાસ્ત્રનો પ્રચાર અધિક પ્રમાણમાં હતો. અનેક જગ્યાએ દંડી એમાંથી અવતરણો કરે છે અને પ્રશંસા પણ કરે છે. શુક્ર, અંગિરસ, વિશાલાક્ષ, દંતિપુત્ર, પરાશર અને કામંદક, આ નીતિકારોનો પણ એ ઉલ્લેખ કરે છે. આ ઉપરથી એમ ફલિત થાય છે કે રાજ્યનીતિમાં આચાર્યોના ગ્રંથો પ્રતિ આદર રહ્યો હશે. અવંતીસુંદરીના પત્રલેખનથી એમ ન સમજવું જોઇએ કે ફક્ત ઉંચા કુટુંબની કન્યાઓજ કેળવણી લઇ શકતી.

દંડીના સમયમાં પોઠો દ્વારા વાણિજ્યને માટે વેપારીઓ વિદેશ જતા હતા. દંડીના પુષ્પોદ્ભવની કથામાં રત્નોદ્ભવના પ્રવહણના (જહાજના) ડૂબવાનું વર્ણન છે. ચિત્રગુપ્તચરિતમાં એણે લખ્યું છે: “ચિત્રગુપ્તની નજરે પ્રાતઃકાળે જહાજ પડયું. જહાજ ઉપર યવનો (ગ્રીક) દેખાતા હતા. એમણે ચિત્રગુપ્તને જહાજ ઉપર રાખી લીધો, અને જહાજના કપ્તાન પાસે લઇ ગયા.........એકલા ચિત્રગુપ્તે ધનુષ્યથી શરોની વૃષ્ટિ કરી બીજા જહાજના શત્રુઓને પરાસ્ત કર્યા.” આ કથામાં પોતયુદ્ધ પણ ધનુષ્યથીજ થયું છે, એમ લખે છે. એમ લાગે છે કે દંડીના સમયમાં તોપ આદિ કોઇ પણ પ્રકારનાં યંત્રોની શોધ નહોતી થઇ, પરંતુ એ સમયે ગ્રીક લોકો જહાજો દ્વારા ભારતમાં આવતા હતા.

ભારતવાસીઓનો પહેરવેશ એ સમયે સાદો હતો. દંડીએ પુરુષોનાં વસ્ત્રોમાં ચાદર, ધોતિયું અને જાંગીઓ; અને સ્ત્રીઓના વેશમાં સાડી, દુપટ્ટો અને કંચુકીનું વર્ણન કર્યું છે. નીચે લખેલાં આભૂષણોનો પણ ઉલ્લેખ છે:—

૧ વીંટી, ૨ કુંડલ, ૩ રત્નકર્ણિકા, ૪ જતકપત્ર, ૫ મણિઓના હાર, ૬ રત્નમેખલા, ૭ હેમનૂપુર, ૮ મુક્તાહાર, ૯ કંકણ, ૧૦ કટક, ૧૧ ચૂડામણિ.

સંભવ છે કે આનાથી વધારે આભૂષણો હોય. સુવાના સામાનમાં રત્નજડિત હાથીદાંતના પાયાવાળો પલંગ, હંસની પાંખોના રૂની પથારી, ચાદર અને તકિયાનો ઉલ્લેખ છે.

દંડીના સમયમાં નીચે પ્રમાણેના સિક્કા પ્રચલિત હતા: (૧) કાકણી (૨) કાર્ષાપણ (૩) દિનાર. દશકુમારચરિતના દ્વિતીય ઉચ્છ્વાસમાં ગણિકા મરીચિ ઋષિની આગળ કન્યાઓ પ્રતિ પોતાના ઉત્તરદાયિત્વનું વર્ણન કરે છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે, વેશ્યાઓને પણ કેળવણી મળતી હતી.

દંડીના કાળમાં હિંદુ ધર્મનો પુનઃ ઉદ્ધાર થયો હતો. જૈન ધર્મ અને બુદ્ધધર્મ અવનતિની દશામાં હતા. બુદ્ધ ધર્મ પ્રતિ જનતાની અશ્રદ્ધા વધતી જતી હતી. કોઇ વિશેષ કારણને લઇનેજ હિંદુ ધર્મને છોડી પરધર્મ સ્વીકારતા હતા, ધર્મજિજ્ઞાસાને લઇને નહિ. દંડીએ "વિરૂપક" દ્વારા આ વસ્તુ સ્પષ્ટ કરી છે. એ હિંદુ ધર્મની આંતરિક વેદનાનું કરુણ ભાષામાં આલેખન છે. એ આખુંએ ઉદ્ધરણ નીચે પ્રમાણે છે:—

વિરૂપક બોલ્યો: "કામમંજરીએ મારી પાસેથી ધન હરી લીધું ત્યારે મારી પાસે ફક્ત લંગોટીજ રહી. એટલે વૃદ્ધજનોના તિરસ્કાર અને લોકોના ઉપહાસના ભયથી હું જૈન મંદિરમાં ગયો. ત્યાં એક મુનિએ મને મુક્તિમાર્ગનો ઉપદેશ કર્યો. વેશ (બજાર) થી હાંકી કાઢવામાં આવેલા લોકોનો આ વેશ (નગ્ન સ્વરૂપમાં રહેવું) સ્વાભાવિક છે. એટલે વિરક્ત થઇને મેં લંગોટી પણ છોડી. શરીર ખૂબ ગંદુ થઇ ગયું. વાળ ઉખાડવામાં ખૂબ વ્યથા થતી હતી. ભૂખ-તૃષાનું દુઃખ સહન નહોતું થતું. અસહ્ય યંત્રણાઓથી ઉદ્વેગ પામીને હું વિચારવા લાગ્યો કે હું દ્વિજાતિ વંશનો છું; આ પાખંડ યથાવતાર (જૈન ધર્મ) મારો ધર્મ નહોતો. મારા પૂર્વજો શ્રુતિસ્મૃતિન । માર્ગ ઉપર વિચરતા હતા. હું કેવો હતભાગ્ય છું કે જેનો વેશ પણ કેટલો નિંદનીય છે!" એ સમયે બૌદ્ધ સંન્યાસિનીઓ બુદ્ધ ધર્મના આદર્શથી ચ્યુત થઇ રહી હતી. દંડીએ એમને વેશ્યાઓની દૂતીના રૂપમાં ચીતરી છે.

એ વખતે તાંબુલનો પણ ખૂબ પ્રચાર હતો. સુગંધિત પાન બનાવવાની સામગ્રી સુવર્ણની પેટીમાં રાખવામાં આવતી હતી. તૈયાર પાનને ચામડાના કકડામાં રાખવામાં આવતાં. એને ચર્મમસિકા પણ કહેવાય છે. પાનની સાથે તમાકુને બદલે કર્પૂરગુટિકા ખાવાનો રિવાજ હતો.

દંડીના ભારતવર્ષમાં હિંદુ-સ્વાધીનતા હતી, દેશ ધનધાન્યથી પૂર્ણ હતો, છતાં અનેક સામાજિક દોષો પણ હતા. એ ભારત ચંદ્રગુપ્તનું ભારત નહોતું કે જ્યાં મેગેસ્થિનિસ કહે છે તેમ ચોરીઓ

નહોતી થતી અને રાત્રે દ્વાર ઉઘાડાં રહેતાં. એ સમયે ચોરીઓ થતી અને ચોરીનાં યંત્રો આજના કરતાં પણ વધારે હતાં. દંડી આવાં બાર યંત્રોનો ઉલ્લેખ કરે છે.

૧–ફણીમુખ (સુરંગ ખોદવાનું યંત્ર)

૨–કાકલી (કાગડાની ચાંચ જેવી કેંચી)

૩–સદશક (ઉંડે છૂપાવેલી વસ્તુઓને ખોદવાનું યંત્ર)

૪–પુરુષશીર્ષક (મનુષ્યના શિર જેવું લાકડાનું શિર. એ યુદ્ધમાં પ્રથમ ફેંકવામાં આવતું કે જેથી કોઇ શસ્ત્રપ્રહાર કરે તો એનાજ ઉપર પડે)

૫–યોગચૂર્ણ (ઔષધિઓના આ ચૂર્ણને અગ્નિ ઉપર નાખવાથી લોકોને ઘેરી નિદ્રા આવી જતી)

૬–યોગવર્તિકા (દિવાસળી વિના પ્રકાશ કરવાનું યંત્ર)

૭–માનસૂત્ર (પકડવાનું દોરડું)

૮–કર્કટક (?)

૯–રજ્જુ (મકાન ઉપર ચઢી જવા માટેની રસી)

૧૦–દીપભાજન (દીવો બુઝાવવાનું યંત્ર)

૧૧–ભ્રમર (ખોદવાનું યંત્ર)

૧૨–કરંડક (જેમાં પતંગ આદિ દીવાને બુઝાવવા રાખવામાં આવતાં હતાં.)

આજની માફક તે વખતે પણ પોલીસો હતા. રાત્રે પણ પહેરો ભરાતો. જુગારખાનાં પણ હતાં. જુગાર આજની પેઠે ગેરકાયદેસર નહોતો. એક દ્યૂતસભા રહેતી હતી અને એનો એક અધ્યક્ષ રહેતો. એને રાજા તરફથી નીમવામાં આવતો. એનું કામ દ્યૂત અતિશય પ્રમાણમાં ન રમાય એ જોવાનું હતું. જીતાયેલા ધનમાંથી એ ભાગ લઇ શકતો. એ સમયે પચીસ પ્રકારના જુગારો રમાતા અને કોઇ કોઇ વાર અંદરોઅંદર ઝગડા પણ થઇ જતા. કારાગારો પણ હતાં.

એ સમયના લોકો મરઘાંની સાઠમારીના શોખીન હતા. દંડીએ મરઘાંની નારિકેલ, બિલાડા આદિ જાતિઓ વર્ણવી છે, એમાં નારિકેલ જાતિનો મરઘો લડવામાં હોંશિયાર લેખાતો.

દશકુમારચરિત ગદ્ય કાવ્ય છે, ઇતિહાસગ્રંથ નથી. એમાં ઇતિહાસનું આછું રેખાદર્શન છે. એની કથાઓમાં તત્કાલીન દેશ અને સમાજની વાતોનો ઉલ્લેખ છે. એને એક નાના લેખમાં લખવાનો આ પ્રયાસ છે.

("આરામ"ના એક જન્માષ્ટમી અંકમાંથી)

૬૯-પૈસાની પ્રતિષ્ઠામાં પૂળો મૂકો.

સંસારની સપાટી પર લક્ષ્મીને નામે રે, કેટલાં તાંડવો મંડાયલાં લાગે છે!

અસંખ્ય મંદિરિયાંઓમાંથી પૈસાને કારણે પ્રભુ પદભ્રષ્ટ થયો છે, પૈસાએ પ્રભુતા ઝડપી છે, પૈસોજ જગતનો પરમેશ્વર બન્યો છે.

ગરીબીએ માનવકુળને અશાંત કર્યું છે. ભૂખમરાએ સંખ્યાબંધ નાસ્તિકોની ઘડના ઘડી છે: પૈસાને કાજે પ્રતિપળે કરવામાં આવતાં ભયંકર કાળાંધોળાંઓનો હિસાબ ક્યાં છે?

લક્ષ્મીની ભેખડ સામે સંખ્યાબંધ લક્ષ્મીનંદનોનાં હાડપિંજરો હડફેટે આવે છે; સોનાના વધસ્થંભ પર કંઇક માલેતુજારો આજ પૂર્વે ચઢી ગયા છે; રૂપેરી માંચડાઓએ અસંખ્ય ભર્યાં ગળાંઓને પણ રૂંધી નાખ્યાં છે.

છતાંય લક્ષ્મીનો તિરસ્કાર શાપસમોજ સમજવામાં આવે છે; પૈસાનું પૂજન અનેક આશીર્વાદોને ઉતારનારૂં ગણાય છે!

બેધારી તલવાર

પૈસો બેધારી તલવાર લાગે છે. જગતનાં ઘણાંયે દુઃખદરદો એ તલવારની ધારે એક ઝાટકે ઉડે છે: સંસારનાં કેટલાંયે સુકોમળ કુસુમો એ ખાંડાની બીજી ધારે ખલાસ છે.

છતાંય લક્ષ્મીની બંસી બન્યાજ કરે છે, નાણાંના મરસિયાઓ પણ ગવાયાજ કરે છે.

ગરીબોની હાયવરાળ જો ઓછી નથી તો લક્ષ્મીનંદનોની હૈયાહોળી પણ થોડી ક્યાં છે? બારે માસ અને તેરે કાળ બિચારી અમીરાત જલતી પડી છે. જગતનાં નૈસર્ગિક સુખો આડે ધનવાનોને દ્વારે 'પ્રવેશ મનાઇ'નાં પાટિયાંઓ લટક્યાં દેખાય છે. પૈસાની મોજ ધનવાનોએ જાણી નથી. લક્ષ્મીનો ઉલ્લાસ લક્ષ્મીનંદનોના નસીબમાં નથી. માનવજીવનમાંના સોનાના સ્થાનની શાહુકારોને જરા જેટલીયે ગતાગમ ક્યાં છે?

સોનાનો સદુપયોગ

સોનાનો સદુપયોગ થાય તો માનવીઓ મોજ માણે. પૈસો પ્રભુ મટીને દાસ બને તો લોકસમૂહ કેટલાયે ચમત્કારોનો અનુભવ કરે. આ સત્ય સૌ સમજે છે...પણ કોણ આચરે છે?

ખરી વાત છે કે પૈસો કેટલીયે આફતોને અટકાવી શકે છે. કેટલીયે વાંકી કરોડોને સીધી રાખવાનું સામર્થ્ય તે ધરાવી રહ્યો છે. સત્ય, સ્વમાન, સારમાણસાઇ, પ્રમાણિકતા–આ બધું પણ પૈસાના પરચા વડે જળવાવું સહેલું બને છે.

પણ આ વાત સૌથી ઓછામાં ઓછા પ્રમાણમાં પીછાનનાર જમાત પૈસાદારો સિવાય બીજાઓની નથી. પોતાના સોનાના સંગ્રહ વડે દુનિયાનાં દુઃખો દફે કરવાનો વિચાર આ માણસોને આવતોજ નથી. પોતાને ચરણે પોતાની આસપાસના સૌ કોઇને વંદનાઓ મંડાવવાનાં વલખાંઓ વચ્ચેજ એ બિચારાની આખીયે જીંદગાની એળે જાય છે. ઘણી યે વાર તે સતિયાઓનાં સત છોડાવે છે; માનીઓનાં માન મુકાવવાની ચેષ્ટા કરવામાં જ મોજ માને છે; સંતોષીઓને તે અસંતોષી કરે છે, ને પ્રમાણિક પુરુષોને—તે ઘણીયે વાર અપ્રમાણિકતાને અવળે પંથે વાળી રહે છે.

લક્ષ્મીનો ઇજારો

આ માનવીઓને કોણ સમજાવે કે લક્ષ્મી કોઈનીયે નથી ? તેઓને કોણ કહે કે જીવનભર સોને ભરી મહેલાતો વચ્ચે જ મહાલવાનાં અનેકવિધ સ્વપ્નાંઓ સેવનારા લક્ષ્મીના અસંખ્ય પૂજારીઓયે પણ અંતને છેડે તો ગરીબની ઝુંપડી વચ્ચે ઝમૂકતા કુદરતી કિલ્લોલને માટે જ ઝાવા નાખ્યા છે ?

ઐશ્વર્ય તે ભોગવે છે જેને સાચી કે ખોટી પણ મોટાઇમાત્રનો મોહ નથી. મહારાજા તે બને છે જેને 'રાજા' થવાની તાલાવેલી નથી. અમર તે બને છે જેને ક્ષણભંગુર દેહની હસ્તિનાસ્તિ સાથે નામમાત્રનીએ નિસ્બત નથી. આ ન્યાયે લક્ષ્મીની સાચી સુવાસનો અનેરો આનંદ પણ તેજ માણે છે, જે લક્ષ્મીનાં ફૂલડાંઓ ગુંથીગુંથીને ઘરને ખૂણે સાચવનારો નહિ પણ ખોબે ભરીને જગતની વચ્ચે જ વેરનારો હોય છે.

પણ આવા લક્ષ્મીનંદનો તો 'સો લાખનમેં એક' જેવાજ હોય છે ને ?

સોનાની ચાવી વડે આ દુનિયામાં ઘણાંય તાળાંઓ ઉઘાડી શકાય છે એ સાચી વાત, છતાંય એવાં સાચવણાંઓનોયે તોટો ક્યાં છે જેની કમાનો ફેરવવાને માટે બિચારી એ કુંચી પણ નિષ્ફળ નીવડે છે ?

જગતની સફળ યાત્રાનો ઇજારો લક્ષ્મીનંદનોએ લીધેલો નથી. લીધો હોત તો 'વીરો' ની નામાવલિઓમાં તેઓનાં નામો અજવાળિયાનાં ચાંદરડાંઓની પેઠે ઓછાંજ અને વેરવિખેર શા સારૂ દેખાત ?

પૈસાનો તરાપો

પૈસાને તરાપે તરેલાઓના કરતાં એ તરાપા સાથે જાતે ડૂબીને બીજાઓને પણ ડૂબાડનારાઓની સંખ્યાનો હિસાબ હોત તો ?

ખરેખર, પોતાની જાતનો તેજસ્વી ઝગમગાટ જગત પર પાથરવાને માટે પૈસાનાં વલખાં મારવાની તલભાર પણ આવશ્યકતા નથી. ધર્મસંસ્થાપકો, સંસારસુધારકો અને રાજધુરંધરો—ઇતિહાસની

આરસીમાં ભૂતકાળની જે મહાન વ્યક્તિઓની પ્રતિમાઓ આજે પણ ચળકી રહી છે એ વ્યક્તિઓ ધનવાન હતી કે અકિંચન હતી?

આ વાતના ગર્ભમાં રહેલા સત્યનો સાક્ષાત્કાર કરીને આ જગતના 'બુદ્ધિમાન ભિખારી'ઓ જો 'સોનાનાં પૂતળાં'ઓને ચરણે વંદના માંડવાનું માંડી વાળે તો અરધી ઘડીમાંજ પૈસાની જૂઠી પ્રતિષ્ઠાના ભુક્કા ઉડે ને આપણી આસપાસના લક્ષ્મીપુત્રોને પોતાનાં ખરાં સ્થાનનું ભાન આવે. મૂર્ચ્છિત ધનવાનોને જગાડવાનો ધોરી માર્ગ આના સિવાય બીજો નથી.

કાળનો ચકડોળ

ચગડોળે ચઢેલી દુનિયા જમાનાના સજ્જડ આંચકાઓનો આજે સ્વાદ ચાખે છે. ગઈ કાલનાં ઘણાંયે 'સૂત્રો' પર કાળની કાંડી પડી છે. જૂની આંખો નવીન ચિત્રો સામે ચક્કર વક્કર થાય છે. જૂની રીતે જીવવા માગનારાઓને નવી થતી દુનિયા ઘડીવારને માટે પણ સાંખી રહેવાનો નકાર ભણે છે. ત્યારે જગતની સત્યાનાશી નોતરનાર લેભાગુ લક્ષ્મીપુત્રો આપણી દુનિયાને હવે કેમ અને કયાંથી પાલવશે?

આમ છે એટલે પૈસાની પ્રતિષ્ઠામાં પૂળો મૂકયા સિવાય આપણો આરો નથી, ઉદ્ધાર નથી.

આ કથન લાગે છે એટલું ઘાતકી નથી, દેખાય છે એટલું ભયંકર પણ નથી.

અંતને છેડે તો માનવસ્વભાવ બધી બાબતોને 'પ્રતિષ્ઠા'નાં છાબડાંમાં જ જોખે છે ને?

ગઇ કાલે ગુલામીની 'પ્રતિષ્ઠા' હતી એટલે ગુલામો પણ ઉંચે માથે ચાલવામાં મોજ માનતા. એ 'પ્રતિષ્ઠા' પડી ભાંગી, ને ગુલામો ખળભળવા લાગ્યા.

નજીકના ભૂતકાળમાંજ પરદેશી વસ્ત્રોની અને ભભકાભર્યાં શણગારોની 'પ્રતિષ્ઠા' હતી. એ 'પ્રતિષ્ઠા' પર છીણી મૂકાઈ ને હડકાયાંઓની પેઠે પરદેશી વસ્ત્રો આર્યાવર્તના માનવકુળનો ધૂતકાર પામ્યાં.

રૂઢિઓની પણ જ્યારે 'પ્રતિષ્ઠા' તૂટી છે ત્યારે તેની પાછળનું પીઠબળ પણ ભૂખરા પથ્થરની ઝીણી રજની પેઠે જરાક વારમાંજ પડી ભાગ્યું છે.

પ્રતિષ્ઠાનું પાંદડું

'પ્રતિષ્ઠા'નું પાંદડું ખસી જવાને કારણે કેટલાનાં નસીબ ફૂટી ગયાં છે? 'પ્રતિષ્ઠા'ના ભંગાર તળે કેટલા બધા મહારથીઓ ચગદાઈ ગયા છે? 'પ્રતિષ્ઠા'નાં અટકણ સિવાય કેટલાં બધાં મહારાજ્યો પણ ભાંગી છટકીને ભુક્કા બન્યાં છે?

સૌ કોઈ લક્ષ્મીવાન બને એ બનવાનું નથી. ધનવાનોની ખોપરી સવળી રહે એ સંભવતું યે નથી. લક્ષ્મીનાં આચરણ રૂડાં રહેશે એમ

મનાતુંયે નથી.

એટલે સારાયે જગતને દઝાડી અને બાળી રહેલી સોનાની ઝાળ ઠારવાનો એકમાત્ર ઉપાય લક્ષ્મીની 'પ્રતિષ્ઠા'ના નિકંદનમાં જ વસી રહ્યો છે.

માનવીઓનું માનસ ફરો! પૈસાની પ્રતિષ્ઠા તૂટો! અને આ જગતનાં અનેકવિધ દુઃખદર્દોનો અંત આવો!

(તા. ૨૯-૧૦-૩૨ના "મુંબઇ સમાચાર"ના દીપોત્સવી અંકમાંથી)

૭૦–આંધળાને આંખ

(લેખકઃ–શ્રી. ગિરિજાશંકર બધેકા)

અંધકારનો ઉપાય પ્રકાશ છે. લાખો મણ અંધારૂં એક નાનો સરખો દીવો દૂર કરે છે.

અજ્ઞાનનો ઉપાય જ્ઞાન છે. અનેકવિધ અજ્ઞાન જ્ઞાનનું એક કિરણ દૂર કરે છે.

અંધારામાં રોગો વધે છે, બદી વધે છે, વિનાશ વધે છે. એવુંજ અજ્ઞાનમાં છે. અજ્ઞાન રોગોનું, બદીનું અને પરિણામે વિનાશનું મૂળ છે.

અંધારામાં માણસ અટવાઇ જઈ કેદ બને છે, અંધારામાં તે આંધળો બને છે, અંધારૂં માણસને ગુંગળાવી મારી નાખી શકે છે.

એમજ અજ્ઞાનનું છે. અજ્ઞાનમાં માણસ ગુલામ બને છે. પરતંત્રતા અજ્ઞાનને આધારેજ ટકે છે. અજ્ઞાની અને આંધળો સરખા છે. અજ્ઞાન એ મનની શક્તિનો અંધાપો છે. અજ્ઞાન એ આત્માનો ગુંગળાટ છે.

આંધળાને આંખો આપવી એ પુણ્યકાર્ય છે.

આંધળાને આંખો આપવી એ મહત્ કાર્ય છે.

એમજ અજ્ઞાનીને જ્ઞાન આપવાનું છે.

માણસ આજે દેખતો ન હોય ને કાલે દેખતો થાય ત્યારે તે પોતાને ધન્ય ધન્ય માને છે. તેની કાર્યશક્તિ, કાર્યપ્રદેશ ખૂબ ખૂબ વધી પડે છે. તેનામાં નવું જીવન આવે છે.

એમજ અજ્ઞાનીને જો જ્ઞાન લેવાનો માર્ગ મળે તો તે ભાગ્યશાળી બને છે. તેની શક્તિમાં ઓર વધારો થાય છે. તેના જીવનમાં નવો પ્રાણ સંચરે છે. તેનો નવો જન્મ થાય છે.

આપણે ત્યાં આંધળા છે તેના કરતાં વધારે અજ્ઞાની એટલે અભણ છે. પથરો લેવા જતાં કદાચ પથરો ન જડે, પણ અભણ

શોધતાં એકને બદલે બે જડે તેમ છે. અભણ માણસ બિચારો અપંગ છે. તે હિસાબકિતાબમાં બરાબર સમજતો નથી. તેને ગામનો વાણિયો છેતરી શકે છે. તે દુનિયામાં શું ચાલે છે તેનું જ્ઞાન ગપ-ગોળાઓ ઉપરથી માત્ર મેળવે છે. છાપું કે ચોપડી તેને મન ધોળા ઉપર કાળા ડાઘા છે. અભણને ભણતરની કિંમત નથી. અભણ પોતાનાં બાળકોને નિશાળે મોકલવાની કિંમત સમજી શકતો નથી. અભણ આંધળો રહે છે, ને તેનાં બાળકોને પણ તે આંધળાં રાખે છે.

દુનિયાના મોટા મોટા દેશોએ જોયું કે નિરક્ષરતા એ એક ભયંકર એવો પ્રજારોગ છે. નિરક્ષરતા ઘણાં નાનાં મોટાં દર્દોનું મૂળ છે. એટલેજ ચીન, રૂશિયા, અમેરિકાએ નિરક્ષરતા સામે મોટું યુદ્ધ આદર્યું ને નિરક્ષરતાને મૂળમાંથી ઉખેડી નાખી તળીએથી ઝાટકી કાઢી.

અમેરિકાની એક સ્ટીવર્ટ નામની બાઇને દુઃખી અને અભણ અમેરિકનોના અજ્ઞાન માટે લાગી આવ્યું. તેણે તેમને સહેલથી ભણાવવાની યુક્તિ કાઢી. સેંકડો લોકો અજવાળી રાતે ભણવા આવ્યાં. એ. બી. સી. ડી. થી માંડીને તેઓ ચોપડીઓ વાંચતાં શીખ્યાં. પુસ્તકોની અંદર રહેલ જ્ઞાનનાં તેઓ માલીક બન્યાં. તેઓ મનથી બળવાન થયાં. અમેરિકામાં આ બાઇના કાર્યની વાત ફેલાઇ. આખા અમેરિકાના નિરક્ષરોના રોગ ટાળવાનું કામ રાજ્યે ઉપાડયું અને પ્રેસિડેન્ટ હુવરે જાહેર કર્યું કે ૧૯૩૦ની આખરમાં અમેરિકામાં એક પણ અભણ માણસ ન જોઇએ. આજે અમેરિકામાંથી અંધકાર ચાલ્યો ગયો છે. બહાર વીજળીની બત્તીઓથી રાતે પણ દિવસ ઉગે છે. અંદર અક્ષરજ્ઞાનની બત્તી વડે મનમાં અજવાળું થયું છે.

રૂશિયાની સરકારે ઇચ્છયું કે આપણે ત્યાં નિરક્ષર ન જોઇએ. અને એકેકે એક ઘરડો અને જુવાન, સ્ત્રી અને પુરુષ વાંચતો લખતો થઇ ગયો. રૂશિયા એક વખત નિરક્ષરતાનું ધામ હતું. આજે રૂશિયામાં અક્ષરજ્ઞાનનો આંકડો ઉંચે ચડી ગયો છે. જ્યારે નિરક્ષરતા હતી ત્યારે રાજસત્તાનું સામ્રાજ્ય ટકતું હતું. આજે સાક્ષરતા છે. આજે સાક્ષર–ભણેલી પ્રજા પોતાનું રાજ્યતંત્ર ચલાવે છે.

ચીનની વાત પણ જાણીતી છે. એક જુવાનને મજૂરોના અજ્ઞાનની વાત ખટકી: ‘બિચારાઓને કાગળ લખતાં પણ ન આવડે? ખાનગી કાગળો બીજા પાસે વંચાવવા પડે?’ તેણે ઝુંડો ઉપાડયો. જુવાનોને અને જુવાન હૃદયના ચીનને તેણે અજ્ઞાનની સામેની લડતમાં નોતર્યું અને જુવાનોએ ચીનની નિરક્ષરતા હાંકી કાઢી.

પણ હિંદ વિષે કોઇને પડી છે?

કરોડો અભણ હિંદી ભાઇઓ માટે શું કરીશું? એની આંખે પાટોજ બાંધી રાખીશું કે તેનાં પડળ ખોલીશું?

નથી લાગતું કે આપણી અવદશા અજ્ઞાનને લીધે પણ મોટે

ભાગે છે. આપણી ગુલામી જો આપણે ભણેલા, જ્ઞાનસંપન્ન, જગતની પ્રગતિને જાણનારા હોત, તો આટલી બધી ટકી શકત ખરી? શું અજ્ઞાન ઉપરજ આપણા ઉપર દેશ દેશના લોકોએ પોતાનાં રાજ્યોની ઇમારત નથી ચણી? શું હજી પણ અજ્ઞાન પ્રજાના ગેરલાભે વેપારવણજ અને રાજકાજો નથી ચાલી રહ્યાં? ભૂખમરો અને અભણપણું એ એજ અશક્તિઓ આપણને બાંધી રહી છે, આપણને મૃત્યુ તરફ ઘસરડી રહી છે.

ત્યારે આપણે પણ નિરક્ષરતા દૂર કરવા શું કરશું? આપણામાં જુવાનો નથીજ શું? આપણામાં એકાદ ચીનાનું, એકાદ રશિયનનું, એકાદ અમેરિકન બાઇનું જોમ નથી શું? શું આપણે દરેકે દરેક સમજુ જણ નિરક્ષરતા સામે મહાન વિગ્રહ ન આદરીએ? 'કેમ શીખવવું' એની મુશ્કેલી આપણને નહિ નડે. 'કેમ શીખવવું' એ નામની ચોપડી આપણે દક્ષિણામૂર્તિ ભવનમાંથી મેળવી શકીએ છીએ. એ પુસ્તક વિના મૂલ્યે મળે છે. એક અભણ લઇને કે અનેક અભણ લઇને આપણે શીખવવા બેસી જઈ શકીએ. ફક્ત એકજ કલાક રોજ શીખવીએ તો દોઢ મહિને અભણ માણસ ભણતો-વાંચતો થઈ જાય છે. આંધળો દેખતો થઈ જાય છે. નિરક્ષર સાક્ષર થશે. ફક્ત રોજની એકજ કલાકની મહેનત અને અજ્ઞાનરૂપી અંધકારને મિટાવવાનો રસ્તો ખુલ્લી જાય છે.

આપણી પાછળ સરકાર નથી. આપણી પાછળ પ્રજાસંઘ નથી. આપણે અત્યારે અસ્તવ્યસ્ત દશામાં છીએ; છતાં આપણામાં હજી પ્રાણ છે, હજી જીવવાની આશા અને શક્તિ છે. આપણે એક એક જણ બીજાને શીખવવા મંડીએ; તેને અંધારામાંથી પ્રકાશમાં લાવીએ.

શહેરમાં અભણ છે, ગામડામાં અભણ છે. જ્યાં જોઇએ ત્યાં અભણ પડેલા છે. જરાક અવકાશ કાઢીએ, જરાક શ્રમ લઇએ તો વિના ખર્ચે બહુ કરી શકીશું.

આમાં કોને હાંક પાડવી અને કોને ન પાડવી?

ભલું કરવાનો સૌને સરખો હક્ક છે. સૌ જો થોડું થોડું કરે તો પણ ટીપે ટીપે સરોવર ભરાય ને કાંકરે કાંકરે પાળ બંધાય.

અક્ષરજ્ઞાનની યોજના આપ, અક્ષરજ્ઞાન કાર્યાલય, દ. મૂ. ભુવન, ભાવનગર—એ સરનામેથી મંગાવી લેશો, જોઈ જશો અને ઉપયોગ કરશો.

આપણા દેશ અર્થે, ભાઇઓના કલ્યાણ અર્થે આપણે સૌ કંઇ ને કંઈ કરીને જીવનને ધન્ય કરીએ.

(તા. ૧૫–૮–૩૧ ના "સૌરાષ્ટ્ર"માંથી)

૭૧-भारतनो कंगाल खेडुत

(લેખકઃ-શ્રી. શાન્તિકુમાર પંડ્યા)

લૂ ઝરે અંગાર વરસે, ધોમ ધીખી એ ધરતી;
સૂકી ધરણી તોડે, તાપે આંખડી તણખા ઝરતી.
મળે ના ભાખરી ખાવા
ખેડુતના હાલ શા આવા.
બારે મેઘની ઘોર ગર્જના, ચોદિશ વીજ ચમકતી;
વરસે છોને અખંડ ધારે, ધરણી જલ ભીંજવતી.
અવિચલ નિશ્ચય ત્હારા,
ત્હોયે આજે અન્ન ઉધારા.
વસવા ન્હાતું ખોરડું, ભોજનથાળે લૂખા ભાત;
ધેનુ ધણ ધોરી સાચવવા, અખંડ હોમી ત્હારી જાત.
ગણી ના ભૂખની વેળા,
બાલુડાના સાથ ના સેવ્યા.
ખેતર રૂની ચાદર ત્હારે, સૂવા સેજ ન સારી;
અઢળક રૂના ઢગલા ભૂંડા! ત્હોયે ભોંય પથારી.
ઉઘાડી વસ્ત્ર વિના કાયા,
દૂર્બળ દેહ ન ઢંકાયા.
ઉષા ન દીઠી ના સન્ધ્યા મીઠી, ન દીઠી સૂર્ય-પગલી;
ભૂમિને રસબસ કરવા, ભરી ના આઘે ડગલી.
કણેકણ રૂધીર રેડયાં,
જીવન અમૃત નીચોવ્યાં.
ગોરસ ઉભરે બારણે ત્હારે, ઘમ્મર વલુણાં ગાજે;
બાળને લૂખી ભાખરી દેતાં, હૈયું ત્હારૂં લાજે!
ભૂખે ગાત્ર ઘવાયાં,
મ્હોતના સાદ સુણાયા.
તું જગનો પિતા પાલક, ના જગને ત્હારી પરવા;
ધનિકોના ભંડાર ભરાવે, શું દેશે સાચે મરવા?
છેલ્લો શ્વાસ લેતા,
મૂઠી એક કણ ન દેતા.
("નવયુગ" માસિકના એક અંકમાંથી)

૭૨–हिन्दीओ अने इरानीओ: आर्योना बे फणगा

ઇંડો–યુરોપીઅનોને મન હિંદુઓના વેદ અને ઇરાનીઓનો અવસ્તા—સેમીતીક જાતિના તોરાહ સરખા છે. આ સર્વે આખી દુનિયામાં સૌથી જૂનાં ધર્મપુસ્તકો છે. હિંદુઓ અને ઇરાનીઓ બંને પોતાને આર્યન કહેવડાવતા. આર્યન શબ્દનો અર્થ ઉમદા થાય છે. આપણે ઋગ્વેદમાં વાંચીએ છીએ કે હિંદુઓ સિંધુ અને પંજાબમાંથી ઉતરી આવી દેશના મૂળ વતનીઓ સાથે લડયા અને તેમને 'દાસ' કહેવા લાગ્યા. દાસનો અર્થ ગુલામ કે શત્રુ થાય છે અને પોતાને તેમનાથી ઓળખાવવા માટે તેઓએ આ શબ્દનો ઉપયોગ કર્યો હતો.

આર્યન

હેરોડોટસ (૭.૬૨) પાસેથી આપણે જે માહિતી મેળવી શકીએ છીએ તે પ્રમાણે ઇસ્વીસન પૂર્વે આઠમી સદી પહેલાં માડીઆવાસીઓએ ઇરાન જઇ પોતાનું રાજ્ય સ્થાપ્યું અને સામાન્ય રીતે તેમને આર્યન કહેવામાં આવતા. એક સેનીઅનના મહાન રાજા ડેરીઅસ જે ઇસ્વીસન પૂર્વે છઠ્ઠી સદીમાં ખ્યાતિમાં આવ્યો તે દક્ષિણ ઇરાનમાં પોતાના નકસે–રૂસ્તમ નામના શિલાલેખમાં બહુજ મગરૂબીથી કહે છે કે "હું, મહાન રાજા, રાજાઓનો રાજા, મહાન રાજ્યો અને જાતિઓનો રાજા, આ મહાન અને વિસ્તીર્ણ પ્રદેશનો રાજા, આખા મેનીઅન, વીસ્તસ્પ (હીસ્તસ્પ) એક ઇરાનીનો પુત્ર ડેરીઅસ છું. હું એક આર્યન છું, હું એક આર્યપુત્ર છું.

હિંદુઓથી છૂટા પડીને ઇરાનીઅનોએ પોતે જીતેલા પ્રદેશનું નામ અઇર્યાન રાખ્યું, જે આજે ઇરાન કહેવાય છે. થોડાં (૫૫૦) વર્ષ પહેલાં તેનો ખરો ઉચ્ચાર 'એરાન' હતો. અઇર્યાન દેશ અને તેની પ્રજા અઇર્ય જેને સંસ્કૃતમાં પણ આર્ય કહેવામાં આવે છે તેનો અવસ્તામાં ઘણી વખત ઉલ્લેખ કરવામાં આવે છે. દાખલા તરીકે ગયા મારેતાન જેને ઇરાની ભાષામાં 'કયુ માર્સ' કહેવામાં આવે છે અને અવસ્તા પ્રમાણે તે સેમીતીક ધર્મમાં આદમ છે તેવી રીતે પહેલો માણસ છે. તેનો ફર્વર્દીન યાષ્ટન ૮૭ મા પારેગ્રાફમાં એવી રીતે ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે "અહુરમઝદ પાસેથી જ્ઞાન સાંભળવામાં ગયો મર્દ પહેલો માણસ હતો. તેનામાંથી અહુરમઝદે ઇરાનીઅન એટલે કે અઇર્યન જાતિ અને તેનાં મૂળ બીજ ઉત્પન્ન કર્યાં.

વેદ અને અવસ્તા

હિંદુઓ અને ઇરાનીઅનોને લગતી આપણી ઉંડી શોધખોળથી વેદ અને અવસ્તાનાં સૌથી જૂનાં લખાણોમાં આપણને આ બન્ને જાતિઓની ભાષાઓમાં, ધર્મમાં, વિચારોની શ્રેણીમાં અને રીતરિવાજોમાં વધુ અને વધુ મળતાપણું લાગે છે. આમ આ બંને

શુ. ૨૩

પ્રજા એક જાતિમાંથી ઉતરી આવી છે. તેઓ પહેલાં એકજ પ્રદેશમાં રહેતી હતી. તેઓની એકજ ભાષા હતી. ધર્મ અને ચારિત્ર પણ એકજ હતાં, એમ માનવામાં કંઈ પણ શંકાને સ્થાન રહેતું નથી. અવસ્તા ભાષા અને વેદની ભાષા વચ્ચે માત્ર બોલીનોજ ફરક છે, જે ફરક અવસ્તામાં અને કયુનીફોર્મ વચ્ચે પણ રહેલો છે. ઇસ્વીસન પૂર્વે એકસો વર્ષ પહેલાં સ્ટેબોએ ભૂગોળમાં લખ્યું છે કે બધી આર્યન ભાષાઓ એકજ હતી, માત્ર બોલીમાં થોડો ફેર હતો.

અવસ્તાના અભ્યાસમાં પ્રમાણભૂત ગણાતા મર્હુમ મહાન જર્મન સ્કૉલર માર્થોલોને એ અવસ્તાની અને સંસ્કૃતની ભાષાનો નિકટ સંબંધ બતાવવા માટે યસ્ન ૧૦ (પારેગ્રાફ ૮) માંથી એક વાક્ય લીધું છે, જે અવસ્તાનાં લખાણોનું એક અગત્યનું અંગ છે, અને જેનો સંસ્કૃતમાં શબ્દશઃ અનુવાદ કરવામાં આવ્યો છે.

અવસ્તા વાક્યનો અર્થ થાય છે કે "જે માણસો નાનાં બચ્ચાંઓની માફક હોમને ભોગ આપે છે તેને હોમ રૂઝ અને સારી તબિયત બક્ષે છે."

ભાષાનો સંબંધ

બેશક જો આપણી પાસે સંસ્કૃત સાહિત્ય મોટા પ્રમાણમાં ન હોત તો મઝદાયશીન સાહિત્ય (ઝોરોસ્ત્રીઅન ધર્મ)નો એક ભાગ બહુ ગુંચવણવાળો બનત. એક ફ્રેંચ સ્કૉલર બર્નોફે સંસ્કૃતનો ઉપયોગ લઇને અવસ્તા વશનો અનુવાદ કર્યો છે, જેમાં ગાથાઓ જે સૌથી અઘરામાં અઘરો ભાગ છે તેનો પણ સમાવેશ થઈ જાય છે. ત્યારબાદ, સંસ્કૃતના પ્રકાશથી અવસ્તાનો અભ્યાસ શાસ્ત્રીય પાયા પર કરવામાં આવ્યો. શબ્દોક્તિના શાસ્ત્રની યુરોપીયન પ્રગતિમાંથી અને હિંદના પ્રાચીન જ્ઞાનની શોધખોળમાંથી અવસ્તાના ભાગ ધીમે ધીમે પ્રકાશમાં આવવા લાગ્યા.

અવસ્તાની પહલવી ટીકાને 'ઝાંદ' કહેવામાં આવે છે. આ પહેલાંથી ચાલી આવતી ટીકા છે અને શબ્દોક્તિના શાસ્ત્ર મુજબ કરવામાં આવતી ટીકા કરતાં ઓછી વિશ્વાસપાત્ર છે તોપણ, આ પહલવી ટીકા અવસ્તાને સમજવાની એક ચાવી છે અને અવસ્તાના કેટલાક પેરેગ્રાફોનું પૂરતું જ્ઞાન કરવા માટે તે ચોક્કસ જરૂરી માર્ગદર્શક છે. એ પણ જણાવવું જરૂરતું છે કે અવસેસ્તન ભાષા જેના પરની ટીકા સેસેનીઅન વખતમાં લખાઇ હતી તે તે વખતે ભુલાઇ ગઇ હતી. સેસેનીઅન કાળના ટીકાકારોને પવિત્ર ગ્રંથોની ચાલતી આવતી ટીકા પરથી સંતોષ માનવાનો હતો. ગાથાના અપવાદ સિવાય માત્ર શબ્દનો ખરો અર્થ મેળવવા ખાતરજ નહિ પણ અવસ્તાની વસ્તુ જાણવા માટે પણ આપણને સંસ્કૃત ભાષાની જરૂર પડે છે. પછી અવસ્તાનો વર્ગ પણ છે, જેની વસ્તુઓ જાણવા માટે

આપણને વેદ અને પ્રખ્યાત વીરરસ કથા મહાભારતનો આશ્રય લેવો પડે છે. અવસ્તા અને સંસ્કૃતમાં કેટલાક દેવોનાં અને વીર પુરુષોનાં નામ પણ એકજ છે.

પવિત્ર વારસો

એ પણ શક વિનાની વાત છે કે વેદના અભ્યાસીને પોતાની શોધખોળ માટે ઇરાની લખાણોનો આશ્રય લેવો પડે છે. પૂર્વ ભાષા-ઓની શોધખોળ મુજબ વેદનો એક ભાગ ઇરાનીઅન ભૂમિ પર લખાયો છે અને કેટલાક ઋષિઓ (વેદના ગાનારામાં) ઇરાનીઅન હતા અને આ ગાયનોમાંના ઘણાખરા ઇરાનીઅન તત્ત્વવાળા છે. અવસ્તા અને વેદ એ આર્યન ભાઇઓનાં લખાણો છે. હજારો વર્ષ પછી આજે પણ આપણે આપણાં પ્રખ્યાત પૂર્વજોની લાગણી અને વિચારો સમજી શકીએ છીએ. આ બંને પુસ્તકો છેલ્લી સદીઓની રાજનીતિ અને અર્થશાસ્ત્રથી તદ્દન મુક્ત રહી છે અને તે પ્રાચીન ઇરાનીઓ અને હિંદીઓના સંબંધનો પવિત્ર વારસારૂપ બન્યા છે.

જુદા થવાનાં કારણો

હિંદીઓ અને ઇરાનીઓ પૂર્વે કઇ જગ્યાએ સાથે વસતા હતા અને એકબીજાથી ક્યારે છૂટા પડયા તે આજે આપણે ચોકસાઇથી કહી શકીએ નહિ. હું આ બાબતનો ઉલ્લેખ કરીશ નહિ અને એમ કહી માત્ર માન્યતાઓમાં વખત વીતાવીશ નહિ. કેટલાક ઇતિહાસ-કારો ધારે છે કે પવિત્ર ઝરથુસ્ત્ર અને તેનો નવો ધર્મ હિંદીઓ અને ઈરાનીઓને છૂટા પાડવાના કારણભૂત બન્યો. આવી બીન-પાયાદાર વાત પર આપણે લક્ષ દેવું ન જોઇએ. બેશક, એ ખરૂં છે કે જુદા પડીને ઇરાનીઓ ઇરાનમાં વસ્યા. બાદ પેગંબર ઝરથુસ્ત્ર આગળ આવ્યા.

આબોહવાનાં પરિણામ

અવસ્તા અને વેદનાં પુસ્તકો જોવાથી આપણને ખબર પડે છે કે દરેક ચીજમાં ઇરાનીઓ અને હિંદીઓ વચ્ચે સરખાપણું દીસે છે. પણ જ્યારે આપણે તે વખત પછીનો ઇતિહાસ જોઇએ તો આપણને આ બે પ્રજાઓના ચારિત્ર વચ્ચે ફરક લાગે છે. આ તફાવત આ બંને પ્રજા જે દેશમાં વસવા લાગી તેની આબોહવાને આભારી ગણી શકાય. સિંધુના કાંઠા પર અને પંજાબમાં આવ્યા બાદ હિંદુઓએ ધીમે ધીમે આખું હિંદ હાથમાં લીધું. તેઓનાં નિવાસની જગ્યા બહુ ગરમ, સંપૂર્ણ પાણીવાળી અને બહુ ફળદ્રૂપ હતી અને તેથી પોતાની જરૂરિયાતો મેળવવા માટે તેમને બહુ કામ કરવું પડતું નહોતું. આ પુષ્કળતાના અને આરામના પ્રદેશમાં તેઓ તર્કશાસ્ત્રીઓ બન્યા.

બીજી બાજુએ ઇરાનીઓ, જેઓ ચોક્કસ મામુદર્યા અને જક-

સાર્ટેસ-સનદર્યા વગેરેના મેદાનમાં જઇ વસ્યા અને ધીમે ધીમે ઇરાનના ઉચ્ચ પ્રદેશ પર વસવા લાગ્યા, તેઓનો પ્રદેશ સૂકો અને પાણી વિનાનો હતો. તેઓને ગરમ ઉનાળાનો અને બહુજ ઠંડા શિયાળાનો સામનો કરવો પડતો હતો. પોતાના નિભાવ માટે તેમને સખ્ત મહેનત કરવાની જરૂર હતી. અને સખ્ત મહેનત અને કુદરતની પ્રતિકૂળતાથી તેઓ સારા લડવૈયા બન્યા. જીવનની આ મૂંઝવણે તેમને લડાયક અને દૃઢ બનાવ્યા. ઇરાનીઓની મર્દાનગી દૃઢતા અને મોટા પ્રમાણના દેશ પર તેમની સત્તાના કારણરૂપ તેમનાં કઠિન દેશની સ્થિતિને ગણી શકાય.

'હિંદ'નો ઉલ્લેખ

હિંદીઓ જ્યાં જ્યાં તેઓ જતા ગયા તે તે પ્રદેશને આર્યાવર્ત કહેતા ગયા. તેઓએ આપેલું બીજું નામ ભારતવર્ષ અથવા તો ભારત ભૂમિ છે. હિંદને આજે હિંદ કે હિંદુસ્તાન કહેવામાં આવે છે તે ઇરાનીઓએ તે દેશને આપેલા નામ પરથી લેવાયું છે. અવસ્તામાં ચાર જગ્યાએ આપણે 'હિંદ'નો ઉલ્લેખ થતો જોઇએ છીએ. મહાન ડેરિયસે પોતાના શિલાલેખ નકશે રૂસ્તમમાં પોતે સર કરેલા દેશનો ઉલ્લેખ કરતાં સંસ્કૃત નામ 'સિંધુ'નો ઉલ્લેખ કર્યો છે, જે નામથી આજે પણ આ નદી ઓળખાય છે. સિંધુ નદીની આસપાસ વસ્યા બાદ હિંદીઓ પંજાબ અને ગંગાના પ્રદેશ પર ગયા. આ આખા પ્રદેશને ઇરાનીઓ 'હિંદ' નામથી ઓળખવા લાગ્યા. આજે પણ આપણા હિંદુભાઇઓએ એ નામ ટકાવી રાખ્યું છે. ટુંકમાં, અવસ્તા અને વેદ એ બંને આપણી બંને જાતિની પ્રાચીન એકતાના પુરાવા છે.

અવસ્તામાં હિંદ વિષે થતા ઉલ્લેખના પારેગ્રાફ અત્રે રજુ કરવા ઉપયોગી થઇ પડશે. વેન્દીદાદના પહેલા પ્રકરણમાં સોળ દેશનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમાંનો એક દેશ હિંદ પણ છે. આ પ્રકરણનો ૧૮ મો પારેગ્રાફ નીચે મુજબ છેઃ—"જે પંદર સુંદર દેશો મેં અહુરમઝદે ઉત્પન્ન કર્યા તેમાંનો સાતમો દેશ હિંદ છે. પણ નુકસાનકર્તા અંગ્ર-મન્યુએ વિરોધમાં ત્યાં અકુદરતી ઋતુકાળ અને તાપ ઉત્પન્ન કર્યા. દેખીતી રીતે અવસ્તાનો શબ્દ સપ્ત-હિંદુ એ સંસ્કૃત શબ્દ સપ્ત-સિંધ એટલે કે સિંધુના પ્રદેશ સરખો છે. બીજે ઘણે ઠેકાણે પણ હિંદનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

મારે ઘણું કહેવાતું છે, પણ આજને માટે તો આટલું બસ છે. છેવટે હું ઇરાનીઓ અને હિંદીઓ વચ્ચે ભ્રાતૃભાવ ઉત્પન્ન થાય તેવી પ્રાર્થના કરૂં છું.

(તા. ૨૩-૬-૩૩ના "પ્રજામિત્ર કેસરી"માંથી)

૭૩–ગામડાંમાં સાચો સુધારો

(લેખક: શ્રી. છત્રસિંહ હમીરસિંહ રાણા)

હિંદની જનતાનો મોટો ભાગ ગામડાંમાં વસે છે અને ખેતીજ તેમનો મુખ્ય ધંધો છે. આ દશામાં શહેરો કરતાં ગામડાં તરફ ઓછું ધ્યાન આપવું યા બિલકુલ ન આપવું એ નુકસાનકારક ગણાય. આજ-કાલ આપણા દેશમાં ગામડાંના લોકોને પેટપૂર ઉપાર્જન કરવામાં મદદગાર કેટલા ગૃહઉદ્યોગો અને કેળવણીના પ્રચાર માટે દેશમાં બે–ચાર નિશાળો મિશનરીઓ તરફથી ખોલવામાં આવી છે તેમાં અને તેની મારફત થતા કાર્યનું વિવરણ તેમના તરફથી પ્રસિદ્ધ થતું રહે છે, તે દરેક ગ્રામ્ય સુધારાના હિમાયતીઓએ જોઇ જવું ઘટે છે.

પંજાબ પ્રાંતના ગુડગાંવ જીલ્લાના ડેપ્યુટી કમિશ્નર મિ. બ્રેને પણ આ દિશામાં કંઇક કર્યું છે. અને એ દિશામાં બીજાઓને માર્ગદર્શક થઇ પડે તે અર્થે પોતાના એ પ્રયોગોનો રિપોર્ટ પણ પ્રસિદ્ધ કર્યો છે.

સાધારણ જનવર્ગ પણ આજકાલ પોતાની ઉન્નતિ અર્થે ઉદ્યોગ કરવામાં કંઇક રસ લેવા લાગ્યો છે. તે વખતે બનારસના સ્વ૦ બાબુ શિવમોહન લાલે લખેલી કેટલીક સૂચનાઓ આ નીચે આપવામાં આવે છે. આશા છે કે વાચકો તેનો લાભ ઉઠાવશે.

૧–શારીરિક વ્યાયામને માટે દરેક ગામમાં અખાડા ખોલવામાં આવે અને તેનો દરેક જણ લાભ લે. સાથે સાથે દક્ષિણમાં આવેલા ઔંધ સ્ટેટે પોતાના રાજ્યમાં દાખલ કરેલા સૂર્યનમસ્કાર પણ અખાડા-ઓના ચાલકોએ પોતાને ત્યાં દાખલ કરવા જોઇએ.

૨–સામુદાયિક પ્રાર્થનાઓ અને ભજનોનો રિવાજ પણ દાખલ કરવો જોઇએ.

૩–દરેક ગામે એકાદ રાત્રિશાળા પણ ચલાવવી જોઇએ અને ત્યાં નાતજાતના ભેદભાવ સિવાય અંત્યજવર્ગને પણ અક્ષરજ્ઞાન મળવું જોઇએ.

૪–સામુદાયિક રૂપે ગામની ખેતીવાડીનું રક્ષણ ગામલોકો વારા બાંધીને કરે.

૫–તમામ જાતના ટંટા–ફિસાદ પંચાયતો મારફતેજ પતાવાય.

૬–દરેક ગામમાં યા બે ચાર ગામ મળીને સહકારી પેઢીઓ ખોલવામાં આવે.

૭–ગામની જમીનમાં ઉછરેલાં કે ઉછરાવેલાં ઝાડોને વારા-ફરતી ગામના લોકોએ પાણી પાવું જોઇએ.

૮–વરસાદમાં નવીન ઝાડો રોપવામાં આવે.

૯–સ્થળે સ્થળે દિવેલા વાવવા જોઇએ કે જેને પ્રતાપે ખેતીના બીજા પાકને જંતુઓથી નુકસાન ન થાય તેમજ તેના બીજનો પણ ઉપયોગ થાય.

૧૦–ખાતર માટે ઉકરડાના ખાડા કરવા જોઇએ અને વખતો-વખત તેના પર રસ્તાની ધૂળ કે મટોડું ઢાંકવું જોઇએ.

૧૧–મરેલાં ઢોરોનાં હાડકાં ખેતરોમાંજ દાટવાં જોઇએ.

૧૨–જે ગામોમાં પાણી રહે તેવું તળાવ હોય ત્યાં સિંઘોડાંના વેલા રોપી તેની ઉપજ લેવી જોઇએ.

૧૩–સહકારી પેઢીઓ મારફ્ત બીજ વેચાતું લેવામાં આવે અને બીજો પાક પણ તેની મારફ્તેજ વેચવામાં આવે તો ફાયદો થાય.

૧૪–જે ગામોમાં તળાવ સૂકાઈ જતાં હોય તેમાંથી તળનું મટોડું ખોદીને ખેતરોમાં નાખવું જોઇએ.

૧૫–જે લોકો બળદગાડીઓ ભાડે ફેરવતા હોય તેમના તે કાર્યમાં મદદ કરવી જોઇએ; અને સહકારી પેઢીઓએ તેમને મજબૂત બળદ ખરીદવા નાણાં ધીરવાં જોઇએ.

૧૬–ઘરકામમાં અથવા નાહવાધોવામાં સ્ત્રીઓ તેમજ બાળકો ગામની આજુબાજુના ખાડાઓમાંના પાણીનો ઉપયોગ ન કરે તે માટે તે ખાડાઓ પૂરી નાખવા જોઇએ.

૧૭–ગામમાં ગમે ત્યાં આડાઅવળી ઉગેલી નકામી વનસ્પતિઓ ખોદી કાઢી નાખવી જોઇએ.

૧૮–ગામડાંમાં પ્રથમ જેવો એકતાનો ભાવ હતો, જેમકે બ્રાહ્મણ પણ વૃદ્ધ ચમાર અથવા ભંગીને કાકા કહેતાં શરમાતો નહોતો, તેવો ભાવ પેદા કરવાનો પ્રયત્ન કરવો જોઇએ.

૧૯–જે ધંધાઓમાં વિશેષ નાણાં રોકવાની જરૂર પડતી નથી, તેવા જેમકે કાંતવું વણવું, દોરડાં ભાગવાં, તેલની ઘાણીઓ વગેરે ધંધાઓ ગામડામાં વધારવા જોઇએ.

ઉપરોક્ત વાતો એવી નથી કે જેને કેળવાયલો યુવક અમલમાં મૂકતાં શરમાય. જો તે તેનો અમલ કરવા માંડે તો ઉમેદવારી કે નોકરી કરતાં લોકસેવાની સાથે પોતાનું અને પોતાનાં બાલબચ્ચાંનું ભરણપોષણ ખુશીથી કરી શકે. આ વાતો એવી છે કે જેમાં સરકારી મદદની જરૂર નથી પડતી, પરંતુ સરકાર પણ આવાં કામોમાં ઘણી સહાય કરી શકે છે.

ટૂંકામાં, ગ્રામસુધારણામાં સ્વચ્છતાનું શિક્ષણ, ઔષધ વગેરેની વહેંચણી, સાર્વજનિક શિક્ષણ, રસ્તાઓ અને સડકોની દુરસ્તી, નાનાં નાનાં ખેતરોનું એકીકરણ, નાના ઝઘડાઓની પતાવટ, ગામઉપજનો ગામડાંના સુખ ખાતર ઉપયોગ વગેરે કામો ગામદૃષ્ટિએજ થવાં જરૂરનાં છે.

(ઑગસ્ટ–૧૯૩૩ ના "યુવક"માંથી)

૭૪-जरूर हाथ धोजो !

(લેખકઃ-શ્રી. બાપાલાલ ગ. વૈદ, હાંસોટ)

હું અંકલેશ્વરથી ટ્રેનમાં બેસીને વડોદરા જતો હતો. ભરૂચ સ્ટેશને એક સ્વચ્છ વસ્ત્ર પહેરેલો પુરુષ મારા ડબ્બામાં આવ્યો અને મારી સાથે બેઠો.

હમણાં જાંબુની મોસમ છે. દરેક સ્ટેશને જાંબુ વેચાય છે. લોકો તે લઇને હોંસે ખાય છે. મારી પાસે બેઠેલા પેલા ભાઇએ એક શેર જાંબુ વેચાતાં લીધાં અને એક પછી એક ખાવા માંડયાં. ઠળિયા ગાડીની બહાર નાખવા જોઇએ એટલું એ ભાઇ જાણતા ન હતા.

એ ભાઇ આવી રીતે જાંબુ ખાવા લાગ્યા એટલે મારા મનમાં અનેક વિચારો સ્ફૂરવા લાગ્યા. આ લોકોને કેવી રીતે સમજાવું કે ધોયા વિના જાંબુ ન ખવાય ? કંઇ પણ મોંમાં મૂકતા પહેલાં તે સ્વચ્છ છે કે અસ્વચ્છ છે તેની પરીક્ષા કરતાં આપણે ક્યારે શીખીશું ?

જાંબુની સ્થિતિ જોઉં છું તો ઉપર માખો બમણુતી હોય છે. વેચનારાના હાથ ગંદા હોય છે. એનાં ત્રાજવાં પણ એટલાંજ ગંદાં હોય છે. આવાં જાંબુ લેવાં અને તે જરા પણ સંકોચ વિના મોંમાં મૂકવાં ! એ જાંબુ સાથે કેટલાંયે જંતુ તેના મોંમાં જતાં હશે. રેલ્વેવાળા આવા લોકોને આવી ખરાબ રીતે ખાદ્ય પદાર્થો વેચવા દે છે એ પણ આ અજ્ઞાન દેશમાંજ નભાવી લેવાય છે.

ઇટોલાથી એક બીજા પાટીદાર ભાઇ ડબામાં આવ્યા. બરાબર મારી સામે બેઠા. તે ભાઇ આર્યસમાજીસ્ટ હતા એ તેમની વાતો ઉપરથી લાગતું હતું. આ ભાઇને દાદર હોવી જોઇએ; કારણકે તે વારંવાર ગુપ્ત ભાગ ખંજવાળતા હતા. વરણામા સ્ટેશને બારીમાંથી ડોકું બહાર કાઢી પાણીવાળાને બૂમ પાડી અને જમણા હાથે લોટો ઉંચો કરી ડાબો હાથ હોઠે લગાડી પાણી પીવા માંડયું. હું કમકમી ઉઠયો.

વારંવાર જે માણસ દાદર ખંજવાળતો હોય તેણે પાણી પીતા પહેલાં હાથ ધોવા જોઇએ, એ સાદી વાતનું ભાન નથી. અને આ તો વૈદિક સંસ્કૃતિના અભિમાની આર્યસમાજી ભાઇની વાત છે ! તો પછી દુબળા, ભીલ, કોળી ઇત્યાદિ પછાત કોમોનું તો પૂછવાનુંજ શું હોય ?


મેં એકાદ સ્થળે વાંચ્યું છે કે મોંટેસોરી પોતાનાં બાળકોને વારંવાર હાથ ધોઇને સાફ રાખવાની ખૂબ ચીવટથી ટેવ પાડે છે. કોઇ પણ વસ્તુ મોંમાં મૂકતા પહેલાં હાથ ધોવાજ જોઇએ એ સંસ્કાર બચપણથીજ જો પડે તો અનેક વ્યાધિઓમાંથી બચી જવાય એમ છે.

બંગાળાના શિષ્ટ વર્ગમાં મેં જોયું છે કે એ લોકો કંઈ પણ ખાતા અગાઉ હાથ ધોવે છે અને ખાદ્યપદાર્થ (ફળ વગેરે)ને બરાબર ધોઈ નાખે છે. જે વાસણમાં ફળ કાપવાનું હોય છે તે અને ચપ્પુ પણ બરાબર સાફ કર્યા બાદજ તે ફળ કાપે છે. આપણે અહીં ચુસ્ત ગણાતા વૈષ્ણવોમાં પણ આ ટેવ નથી. સારા પૈસાદાર કુટુંબોમાં આ ટેવ નથી. આપણા ડૉક્ટરો અને વૈદ્યોને પણ આ ટેવ નથી પડી એમ હું અનુભવથી કહી શકું છું.

ઘર આગળ કે બહાર ગમે ત્યાં આપણે હોઇએ પરંતુ ખાતા પહેલાં હાથ બરાબર ધોઇને સાફ કરવાજ જોઇએ. ફળ વગેરે જે હોય તે બરાબર ધોઇને સાફ કરવાં જોઇએ. ચપ્પુ પણ ધોઇ નાખવું જોઇએ. આ સાદી ટેવ જો આપણા જીવનમાં દૃઢમૂલ થઈ જાય તો કેવું સારૂં ? બોર, રાયણ, જાંબુ, કેરી, સકરટેટી, ચીકુ વગેરે આપણે ધોયા વિના મોંમાં મૂકીએ છીએ. એ ચીજોને સાફ વાસણમાં સ્વચ્છ પાણીથી ધોઇને જોશો તો કેટલો કચરો નીકળે છે તે જણાશે. ફળ ગમે તેવી જગોમાં, ગમે તેવા હાથે પડેલાં અને ચઢેલાં હોય છે. ઉપર માખીઓ ગણગણતી હોય છે. અને માનવસમાજનો જો મોટામાં મોટો કોઈ દુશ્મન હોય તો આ નાની દેખાતી જીવલેણ માખોજ છે. મળ ઉપર બેસીને તે આવી હોય તો મળનાં દુષ્ટ જીવાણુઓ તે પોતાના બારીક પગો સાથે ચોંટાડી લાવેલી હોય છે. આ બધાં અદૃશ્ય જંતુઓ કેટલાયે ભયંકર રોગો પોતાની સાથે લાવે છે એતું આપણને ક્યાં ભાન છે !

ગામડાંમાં કામ કરનારા ભાઇઓ આ સાદી વાતનો ઝુંપડે ઝુંપડે પ્રચાર કરે તો કેવું સારૂં ! ચહા–બીડીના ગેરફાયદા વર્ણવવા કરતાં હાથ ધોવાના ફાયદા વર્ણવવા વધુ લાભપ્રદ છે. પ્રત્યેક ઘરમાં એક એક બોર્ડ મારી આવવું જોઇએઃ "હાથ ધોયા વિના ખાવાની વસ્તુને રખે અડતા." "ફળને બરાબર ધોયા પછી ખાઓ." "ખાવાનાં વાસણ, શાક સમારવાની છરી વા ચપ્પુ બધું બરાબર સાફ રાખો."

(ઑગસ્ટ–૧૯૩૩ ના "યુવક"માંથી)



૭૫–मंदिरो के पापाचारना अखाडा ?

હિંદુ ધર્મે આત્માસુધારણા માટે મંદિરો બાંધ્યાં, એ મંદિરો ઉઘાડાં રાખવા માટે દેવોની મૂર્તિઓ પધરાવી, એ મૂર્તિઓની પૂજા માટે પૂજારીઓ નીમ્યા, એ પૂજારીઓના પોષણ માટે દાન આપ્યાં અને આ બધું સનાતન ધર્મની જિજ્ઞાસાથી લોકોએ આપ્યા કર્યું. કાળે કરી એકે વસ્તુ સ્થિર ન રહી; સગવડો અને સલામતી મળતાં મઠમંદિરો વધ્યાં અને એ વધ્યાં એટલે ધર્મની ડાળીઓ વધી. કોઇએ પુષ્ટિ સંપ્રદાય સ્થાપ્યો, કોઇએ સ્વામીનારાયણ સંપ્રદાય સ્થાપ્યો, કોઇએ દેવી સંપ્રદાય સ્થાપ્યો, કોઇએ રામાનંદી ઉભો કર્યો. કોઇએ મેલડી, ચામુંડા અને શિકોતરના પૂજકોનો સંપ્રદાય ઉભો કર્યો અને પછી તો ચતુર અને ડાહ્યા ગણાતા બુઝર્ગ ધર્માંધોએ પોતાનું ટટ્ટુ જોરમાં દોડાવવા માંડયું.

એ ટટ્ટુ ખૂબ જોરમાં દોડયાજ કરતું; એની દોડ વધતીજ ચાલી. એના ઉપર સ્વારી કરનાર મુસાફરેય થાકીને ગબડી ગયો. એ ટટ્ટુ સમજવા લાગ્યું કે દિલ્હી હવે દૂર નથી. આ કાળજૂનો ઇતિહાસ કંઇ ખોટો નથી.

હવે આપણે જરા આગળ ચાલીએ. એ ધર્મના ઇજારદારોએ લોકોને ધર્મના નામે નશો કરાવ્યો. પોપલીલાઓ શરૂ કરી, પરલોકમાં સ્વર્ગ મળવાની વાત કરી. એટલે એની પાછળ પાછળ માનવપ્રાણી ખેંચાવા માંડયું. એના ખેંચાણમાં આજનો માનવસમાજ પોતાની જાત ભૂલ્યો, પોતાની વ્યક્તિસ્વતંત્રતા ભૂલ્યો, પોતાની ઉન્નતિ ભૂલ્યો અને એ ભૂલનો ભોગ આજે આપણી ભારતની સ્ત્રીશક્તિ થઈ રહી છે.

પોપલીલાનાં પ્રકરણો હવે ઇતિહાસના ચોપડે લખાવા માંડયાં છે. કોઇ નહિ કલ્પે તેવી બિનાઓ બનવા માંડી છે. અંજાર (કચ્છ)-ની આ વાત છે. અંજારના રામસખી મંદિરના મહંતનો પૂજારી નંદલાલ ૨૧ વર્ષની કુમારી સંતોક સાથે વ્યભિચાર કરે છે. ધોળે દિવસે એ મંદિરમાં પોપલીલાઓ ચાલે છે. એ કર્મકુટિલ ચેલાની અનીતિથી સંતોકને ગર્ભ રહે છે, અને એ ગર્ભ પડાવવા માટે સંતોકને ક્યાંની ક્યાંયે ભટકવું પડે છે. આ બિના ખરેખર આપણું અધઃપતન જાહેર કરે છે. ક્યાં ધર્મ સામે જેહાદ પોકારતી ૭ વર્ષની નીડર કુમારીબાલા અને કયાં આજની આપણી ૨૧ વર્ષની સંતોક ?

પણ દોષ આપણો છે. હિંદુ સમાજની આંખે દેખાતું છતાં પાટા બાંધ્યા છે. પોતે ભૂખે મરવા છતાં મંદિરોમાં જઇ નાખી આવે છે. પોતાને પહેરવાનાં વસ્ત્ર નહિ હોવા છતાં રેશમી ધાગાઓ પહેરાવી આવે છે, અને એ રીતે મંદિરોના મહંતોની લાલસાઓ પૂરી પાડે

છે. અને આ રીતે અધર્મને માર્ગે વિચરતા સાધુઓને પાપનો દરવાજો કુંચી લઈ ખુલ્લો કરી આપે છે. જ્યાં આટલી સગવડ મળતી હોય, દરરોજ મિષ્ટાન્ન ને માદક પદાર્થો આરોગાતા હોય, ત્યાં બિચારા એ ચેલાઓ વ્યભિચાર ન કરે તો બીજું શું કરે ?

પણ આમ આજની પોપલીલાઓ ચાલ્યા કરે, એ આજના યૌવનને ભરકાંઠડે ઉભેલા જવાંમર્દથી કેમ જોવાશે ? આજના યુવકો અને સમાજસુધારકો જ્યાં જ્યાં આવા બનાવો બને ત્યાં ત્યાં એ પોપલીલાઓની ખબર લઇ નાખે, ઉત્સાહના ઉમળકે ધમધમ કરતા આગળ દોડી જાય. એવી પોપલીલાઓ સામે આંખમાંથી અગ્નિ ઝરે તેવી આંખ કાઢે, આત્માના ઉભરાતા ઉત્સાહે પ્રાંતે પ્રાંતના સીમાડા ખૂંદી વળે, ઠેર ઠેર એવા સામે બહિષ્કાર ઉઠાવે, એવાં મંદિરો ઉપર રેડ લઇ જઇ કબજો લે, એવાં મંદિરોને ભલે જોઇએ તો તાળાં વાસે, ભલે જોઇએ તો એના ઉપર ચોકીપહેરા ગોઠવી દે, ગમે તે કરે; પણ ધર્મના ઓઠા હેઠળ, ધર્મની માયાજાળો પાછળ, પોપપીલા કે વ્યભિચારીઓના અખાડા ચાલુ રહે એ સ્થિતિ આજના નવજુવાનોને માટે અસહ્ય છે, એ માટે અંજારના જુવાનો જંગે ચઢયા અને અમે ઇચ્છીએ છીએ તેવો જાહેર પોકાર થયો.

આ કાળું કલંક અંજારના રામસખી મંદિરના મહંતથી ન જોવાયું. મંદિર અને મહંતની એમાં આબરૂની વાત હતી એટલે ચેલાને પાપે એ મહંતે અફીણ ખાઇ આ લોકમાંથી પરલોકે જવાનું પસંદ કર્યું. શો રઢિયાળો આત્મવિકાસ ! અમે તો કહીએ છીએ કે આ પણ એક બીજી ભૂલજ છે. જો ખરેખર મહંત આધ્યાત્મિક જીવન જીવનારા હોત તો ચેલાને કર્મે પોતે અફીણ ખાવાની કાંઈ જરૂર નહોતી; પણ અમો તો માનીએ છીએ કે એમાંય કાંઇ છૂપો ભેદ હશે. બાકી આમ આપઘાત કરવા જેવું કશુંજ નહોતું. અમે હજુ પણ જણાવીએ છીએ કે આવા આપઘાતો ભલે થાય તો થવા દો; એથી કાંઇ સ્વર્ગ ઉંચું જવાનું નથી. પણ હિન્દુ સમાજે ભક્તિના બહાના હેઠળ વેવલાપણું તજવાની જરૂર છે.

(ઑગસ્ટ-૧૯૩૩ ના "યુવક" માસિકના તંત્રીની નોંધ)

૭૬-कलियुगना धर्मो, धर्माचार्यो अने साधुसंतो

(લેખક:-શ્રી. રામભાઈ રાઠોડભાઈ ધાધલ)

પૂર્વકાળમાં બ્રાહ્મણોનું શું સ્થાન હતું ?

" सर्वस्वं ब्राह्मणस्येदं यत्किंचिद् जगतीगतम् "

સંસારમાં જે કાંઈ છે તેનો માલીક બ્રાહ્મણજ છે, બીજા બધા તેમની દયાથીજ તેનો ઉપભોગ કરે છે. બ્રાહ્મણ મૂર્તિમંત ધર્મ મનાતો અને તેનો જન્મ ધર્મસંરક્ષણાર્થેજ થતો; તેમજ તે સર્વ ભૂતપ્રાણીઓનો ઈશ્વર ગણાતો. વળી પૂર્વેના બ્રાહ્મણોમાં બીજા વર્ણો કરતાં જ્ઞાન, તપ વગેરે વિશેષ હતાં; તેઓની પ્રકૃતિમાં વધારે સાત્વિકતા હતી, તેઓ વેદાધ્યયન વગેરે નિયમો તથા અગ્નિહોત્ર વગેરેનું પાલન કરતા અને બીજાને કરાવતા. આથીજ તેઓ સર્વ-શ્રેષ્ઠ મનાતા. જ્યાં બ્રાહ્મણોમાં બીજા વર્ણો કરતાં આ વિશેષતાઓ નથી હોતી ત્યાં બ્રાહ્મણત્વ પણ હોઈ શકતું નથી. મનુ મહારાજ કહે છે કે: "જે માણસ બ્રાહ્મણકુળમાં જન્મવા છતાં વેદનો અભ્યાસ કરતો નથી અને સંધ્યાદિ નિત્યકર્મોનું નિયમપૂર્વક અનુષ્ઠાન કરતો નથી તે શૂદ્ર જ છે." મહાભારતના શાંતિપર્વમાં કહેલ છે કે "સત્ય, દાન, અદ્રોહ, અક્રૂરતા, શરમ, કરુણા અને તપ, એ ગુણો જેનામાં દેખાઈ આવે, તે બ્રાહ્મણ છે. શૂદ્રના કુળમાં જન્મેલા કોઈ પુરુષમાં આ ગુણો જણાય તો તે શૂદ્ર નહિ પણ બ્રાહ્મણજ છે. અને જે બ્રાહ્મણકુળમાં જન્મેલા પુરુષમાં આ ગુણોનો અભાવ હોય તો તે બ્રાહ્મણ નહિં પણ શૂદ્ર જ છે." વળી શાંતિપર્વમાં પુરોહિત વિષે કહેલ છે કે-"સત્યવાદીપણું, અહિંસા, તપ, સરળતા, ઈર્ષા અને દ્વેષનો અભાવ, નિરભિમાનીપણું, યોગ્ય શરમ, સહનશીલતા, મનો-નિગ્રહ અને શાંતિ, એ ગુણો જેનામાં હોય તેને પુરોહિત કહે છે."

બ્રાહ્મણોનાં કર્તવ્યો

જનસમાજમાં સત્ય જ્ઞાનનો પ્રચાર કરી શાંતિના ઉપાયો યોજવા; સર્વ વર્ણોની આજીવિકાના ઉપાયો જાણી તેમને બતાવવા અને પોતાના કર્તવ્યમાં તત્પર રહેવું; ભણવું-ભણાવવું; શાસ્ત્રો સાંભ-ળવાં-સંભળાવવાં; યજ્ઞ કરવા-કરાવવા; દાન દેવું અને જરૂર વખતે થોડું લેવું; સ્વસન્માનની સ્પૃહા ન રાખવી; પરદ્રોહી ન બનવું; દુઃખમાં પણ અપ્રિય બોલી કોઇનું દિલ ન દુખવવું; ધનધાન્યનો બહુ સંગ્રહ ન રાખવો; આત્મભોગ આપી ધર્મનું રક્ષણ કરવું; વગેરે બ્રાહ્મણોનાં અનેક કર્તવ્યો અને ધર્મો હતા અને તે પ્રમાણે પૂર્વે તેઓ તેનું યથાર્થ રીતે પાલન કરતા અને તેથીજ તેઓ દુનિયાની ઉપર પરમાત્માના પ્રતિનિધિઓ લેખાતા અને અન્ય વર્ણો

તેમને પૂજતા. બ્રાહ્મણો સ્વધર્મો, સ્વકર્મો અને સ્વકર્તવ્યો ભૂલ્યા એટલે તેમની પ્રતિષ્ઠામાં સ્વાભાવિક રીતે ઘટાડો થયો અને જનસમાજની તેમના તરફની પૂજ્યતામાં પણ ઘટાડો થયો. પરિણામે તે ભૂતકાળની સર્વોત્તમ જાતિને અત્યારે ભિક્ષા પણ કોઈ આપતું નથી. સ્વધર્મ ભૂલ્યાથી કેવી મહાન અવનતિ !

સાધુ-સંતો સંન્યાસીઓ વગેરે

બ્રાહ્મણો કરતાં આ લોકોએ સમાજને અધિક નુકસાન કર્યું છે. બ્રાહ્મણો તો પોતે બગડીને બેસી રહ્યા પરંતુ આ ઢોંગી સાધુ-સંતોએ તો જનતાને પણ બગડવાનું ઉત્તેજન આપ્યું.

સાધુ કોણ થાય છે ?

મારા ધારવા પ્રમાણે તો સાધુ થવાનાં નીચેનાં ચાર કારણો જણાય છેઃ–

(૧) આ માયિક સંસારને અસાર જાણી તેના ઉપરથી પ્રીતિ ઉઠાડી, જીવનમુક્ત થવા માટે પરમાત્માની અનન્ય ભાવથી ભક્તિ કરવી; સમાજનાં સુખશાંતિ, નીતિ અને ધર્મનો પ્રચાર કરવો, નિઃસ્પૃહી અને સ્વાર્થત્યાગી થવું. આ સાધુ થવાનાં ખરાં, ઉત્તમ અને સ્તુત્ય કારણો છે. જેમ સ્વપ્ના માંહેની સૃષ્ટિરચના જાગૃતિમાં લાગે છે તેવું તેને જગત લાગે છે; તેને પોતાનું સ્વરૂપ નિરાકાર લાગે છે; જગત તેને વળગતું નથી; તે જગતને વળગતો નથી. સિદ્ધની અંતરની સ્થિતિ અચળ, નિરાકાર હોય છે.

अक्रोधवैराग्यजितेंद्रियत्वं क्षमादयाशांति जनप्रियत्वं ।
निर्लोभदाता भयशोकहर्ता ज्ञानस्य चिह्नं दश लक्षणानि ॥

આ ખરા સાધુનાં દશ લક્ષણોનો જેનામાં વાસ છે; જે રજોગુણ તમોગુણથી રહિત સત્વશીલ હોય છે; જન્મ, જરા અને મૃત્યુના દુઃખને ગણકારતો નથી; કોઇનો દ્વેષ કરતો નથી, તેમ કોઇના ઉપર પ્રેમ પણ કરતો નથી; નિવૃત્તિ કે પ્રવૃત્તિની પણ ઇચ્છા કરતો નથી; ઉદાસીનની પેઠે જગતમાં વિચરે છે; પથ્થરને અને કાંચનને સમાન ગણે છે; સ્તુતિ વા નિંદાની પરવા રાખતો નથી; મિત્ર અને શત્રુને સમાન ગણે છે; ઇંદ્રિયોના વિષયો ઉપર વૈરાગ્ય રાખે છે વગેરે ખરા સંતનાં લક્ષણો છે. આ સંતો પૂર્વજન્મના અધુરા યોગીઓ જ હોય છે.

(૨) બીજા નંબરના સાધુઓ ગૃહસ્થાશ્રમની વિટંબણાઓ અને સાંસારિક દુઃખો સહન નહિ કરી શકવાથી સાધુ થઇ ગયા હોય છે. આ લોકો સંસારનો દુઃખદાયક અનુભવ થયા પછી તેને અસાર અને નાશવંત જાણી તેનો ત્યાગ કરે છે. તેઓના વૈરાગ્યમાં પણ અમુક સાંસારિકપણાનો ભેળસેળ હોય છે. આવા સંતોનાં અનેક મંડળો છે અને તેમની રચના દેખીતી સાંસારિક છે. તેઓને સત્તા,

આડંબર, જર, જમીન, મકાનો, ગાડી વાડી, નોકર ચાકરો વગેરે સાંસારિક સાધનો વગર ચાલતું નથી.

(૩) ત્રીજા નંબરના સાધુઓ "अशक्तिमान् भवेत् साधु"ઓ હોય છે. કાંઇ કામ કરવાની નિર્બળતાને લઇને તેઓ સાધુ થઈ જાય છે. મહાત્મા તુલસીદાસજીના કહેવા પ્રમાણે "નારી મુઈ ઘર સંપત નાસી, મુંડ મુંડાય ભયે સંન્યાસી" એની માફક બધું પરવાર્યા પછી 'ગેરૂ ભાગ્યાનો ભેરૂ' એની માફક ભગવાં કરી બોમ્બ બોમ્બ કરતા ચાલી નીકળે છે. આવા સાધુ ગૃહસ્થાશ્રમ પહેલાં કે પછી પણ સાધુ થાય છે. સાધુતાનો અર્થ જાણ્યા વગર નિર્માલ્યતાએ થયેલા આ કહેવાતા સ્વાંગી સાધુઓ દુનિયાને ભારરૂપ થઇ દેશને બોજારૂપ બની સર્વને નિર્ધન અને કંગાલ બનાવે છે. આ લોકો ઈશ્વરભક્તિ કે તેના રહસ્યના જ્ઞાનથી બિલકુલ અજ્ઞાત હોય છે. લોકોને છેતરવા જ શરીરે ભસ્મ ચોળી, મોટી મોટી માળાઓના હારડા પહેરી, મુખથી જ રામનામ લઇ બગલાઓની પેઠે સ્વાર્થ માટે ધ્યાન ધરે છે. કવિ છોટમ કહે છે કેઃ—

'ભાવ વિના તે ભકિત શાની, ભકિત વિના શું જ્ઞાન જોને,
જ્ઞાન વિના તે ગુરુજન શાનો, તે શું દેશે બોધ જોને.
મન વશ નહિ તે તપ પણ શાનું, શીલ વિના શું સ્નાન જોને;
સદ્‌ગુણ નહિ તે સાધુ શાનો, તૃષ્ણા ત્યાં શો ત્યાગ જોને."

(૪) ચોથા નંબરના સાધુઓ ફક્ત તેઓની દુષ્ટ વૃત્તિઓ પોષવા અને તેમાં અનુકૂળતા મેળવવા ભગવા સ્વાંગ નીચેના ઠગ, ધૂર્ત, ચોર, વ્યભિચારી અને અપરાધી લોકો હોય છે. દુનિયાને ફકીરી સ્વાંગથી છેતરવાના ઇરાદાથીજ સાધુ થયેલા આ દુષ્ટો સમાજને અને ધર્મને ખરેખરા ભયરૂપ છે.

ઉપર વર્ણવેલા ચાર પ્રકારના સાધુઓમાં પહેલા વર્ગના સાધુઓ જગતને કલ્યાણકારી, ગુરુ થવા યોગ્ય અને ધર્મના સ્થંભરૂપ છે. પરંતુ ભારતના ભાગ્યમાં હવે આવા સંતો રહ્યા નથી. બીજા નંબરના સાધુનું ઠીક પ્રમાણ છે પણ તેઓ પોતાનાજ વ્યવસાયમાં રોકાઇ રહી જનસમાજને ધર્મ અને નીતિ તરફ વાળવાને ઉપદેશ આપવાની પ્રવૃત્તિ જોઇએ તેવી હાથ ધરતા નથી. તેથી સાધારણ જનતાને તેઓથી કાંઇ લાભ થતો નથી. બાકી રહ્યા ત્રીજા અને ચોથા નંબરના સાધુઓ. આ લોકો ગાંજો, ભાંગ, તંબાકુ, ચરસ, મદિરા, મિષ્ટાન્નો વગેરેના ઉપભોગ માટે અને ચોરી, લૂંટ, વ્યભિચાર માટે જ સાધુ થયેલા હોય છે. આ ત્રીજા ચોથા નંબરના સાધુઓની સંખ્યા હિંદમાં લાખોની છે. તેઓએ દેશને અને ધર્મને રસાતાળ મૂકી દીધો છે. કવિ શામળ આવા ભેખધારીઓનું વર્ણન કરે છે કે—

"કેટલે લીધા ભેખ, ભીખતા હીંડે ભૂખે;
કેટલે લીધા ભેખ, હેડ હાકેમને દુઃખે;
કેટલે લીધા ભેખ, રોગ શૈરવની ગરજે;
કેટલે લીધા ભેખ, દુકાળ પડયે કે કરજે.

કેટલાએક મા બાપે વેચીઆ, કોઇ તો નાશીને ગયા;
શામળ કહે શી સગાઇ ત્યાં, બળાત્કારે બાવા થયા."

આવા અનાચારીઓને પાળવા પોષવા, અન્નવસ્ત્ર આપવાં અને તેમને ખરાબ વ્યસનોનાં સાધનો પૂરાં પાડવાં એમાં પુણ્ય હોય જ નહિ. બલ્કે જે કાંઇ અપાય છે તેમાં પાપ જ થાય છે. પરંતુ મહાન હિંદુ જાતિ ફક્ત ભેખને નામે આવા લોકોને આજ સુધી પોષતી આવી છે અને તે ઉત્તેજનના પરિણામે દિનપ્રતિદિન આવી કોટીના સાધુઓની સંખ્યા લોકોમાં વધતી ચાલી છે અને દેશ દુર્દશા અને બેકારી તરફ ધસડાતો જાય છે. આવા ધૂર્ત લોકોને પોષવા એ દીવો લઇને અવનતિના કૂવામાં ઉતરવા જેવું થાય છે. પણ જે જાતિનો નાશ નિર્માયો છે ત્યાં બીજો શું ઉપાય ?

આ સાધુઓમાં તંત્રસાધકો પણ ઘણા જોવામાં આવે છે. તંત્રસાધકોમાં બે જાત છે. દક્ષિણમાર્ગી અને વામમાર્ગી. દક્ષિણમાર્ગી સાધકો સાત્વિક ભાવપૂર્વક ભગવતીની પૂજાદિ કરી, એકાન્ત ચિત્તે મંત્રજપ કરી સિદ્ધાવસ્થા પ્રાપ્ત કરી શકે છે; જ્યારે વામમાર્ગી લોકો મદ્ય, માંસ વગેરે ખાય છે અને તેમનાં કાર્યો—સાધન—રીતરિવાજ તામસી હોય છે. આ વામમાર્ગીઓ પંચમકાર એટલે મદ્ય, માંસ, મત્સ્ય, મુદ્રા અને મૈથુનનો ઉપયોગ કરે છે. તેઓનાં સાધન—કાર્યો—અશ્લીલતાથી પરિપૂર્ણ હોય છે. આ પંથમાં પાટપૂજા, શંખાઢાળ ખોળાદાન અને ચરણામૃત એ ઉત્સવો પ્રધાનપદ ભોગવે છે. આ ઉત્સવોમાં અનેક ભ્રષ્ટાચારનું સેવન થાય છે. તેની વિધિઓ સાંભળી માણસોનાં અંતઃકરણો કંપી જાય છે. અનેક ભોળી સ્ત્રીઓનાં ધર્મને નામે શિયળ લૂંટાય છે અને કુકૃત્યો થાય છે. આવાં તિરસ્કારજનક કાર્યો દ્વારા ધર્મભાવનામાં કયા પ્રકારનું ઉત્તેજન મળે છે ? ફક્ત આ અઘોર અને પિશાચી પંથમાં તેના સાધકો પોતાની દુષ્ટ ઇચ્છાઓ જ પરિતૃપ્ત કરે છે. આ સિવાય બીજું કાંઇ નથી.

કેથોલીક પંથના સાધુઓ ધર્મ જ્ઞાન ઉપરાંત, પદાર્થવિજ્ઞાન, રસાયણશાસ્ત્ર, ભાષાજ્ઞાન, ઇતિહાસ વગેરે બાબતો પર કૉલેજોમાં શિક્ષણ આપે છે. માંદા માણસોને ઇસ્પિતાલમાં પ્રેમપૂર્વક લઇ જઈ સાધ્વીઓ તેમની માવજત કરે છે. આ રીતે તેઓ દેશને ઉપયોગી થઈ ભક્તિનો જનસમાજમાં સંચાર કરે છે અને તેમાં પોતાના આત્માનું પણ કલ્યાણ માને છે; જ્યારે આપણા સાધુઓ દેશ ઉપર ભારરૂપ બની અધર્મનો પ્રચાર કરે છે.

'મેકસમૂલર' જેવા વિદેશી અને વિધર્મી પણ હિંદ દેશને માટે લખી ગયા છે કે "પ્રકૃતિદેવીનો સંપૂર્ણ કૃપાપાત્ર અને તજ્જન્ય ઐશ્વર્ય, સત્તા અને સૌંદર્યયુક્ત હોઇ સમસ્ત સૃષ્ટિમાં સર્વોત્તમ શ્રેષ્ઠ દેશ–પૃથ્વીપરનું સ્વર્ગ–મારે શોધવાનું હોય તો હું હિન્દુસ્તાનને જ પ્રથમ પદ આપું. મને જો કદાચ એમ પૂછવામાં આવે કે, વિશ્વમાંના કયા દેશના રહેવાસીઓએ ઇશ્વિરદત્ત બક્ષીસોનો સંપૂર્ણ વિકાસ કરેલો છે ? તથા મનુષ્યજીવનના અતિ ગૂઢ વિષયો પર અદ્વિતીય મનન કરેલું છે અને તેમાંના કેટલાક પ્રશ્નોના એવા તે કયા સયુક્તિક અને સપ્રમાણ ઉત્તરો આપ્યા છે, કે જે પ્લેટો અને કેન્ટના અભ્યાસકોને પણ વિચારવા લાયક છે? તો હું જવાબ આપું કે, હિન્દુસ્તાને." એક વખતના આવા હિન્દુસ્તાનને જો તે સ્થાન ફરી વાર આપવું હોય તો ધર્મની તેના યથાર્થ સ્વરૂપમાં પુનઃ સ્થાપના થવી જોઇએ અને સાચા ધર્મપ્રવર્તકો–આગેવાનોએ વર્ણ અને આશ્રમની પૂર્વ-વ્યવસ્થા અને સંસ્કારો ચાલુ કરી ચારે વર્ણોને સ્વધર્મ–કર્મપરાયણ બનાવી, ધર્મટેકી અને કર્મોત્સાહી બનાવવા પ્રયત્નશીલ થવું જોઇએ. અને સાધારણ જનસમાજે દરેક–ભગવાધારીઓને નહિ પોષતાં તેમાંથી ખરા સંતોને–ઓળખી તેમને ગુરુ કરી ધર્મપ્રચારનાં સાધનોની તેમને સગવડ કરી આપવી જોઇએ.

ઉપરના અલ્પમતિ અનુસાર શુભ આશયથી લખાયેલા લેખમાં ધર્મની, ધર્માચાર્યો કે સાધુસંતોની નિંદા કરવાનો લવલેશ પણ આશય નથી. ધર્મને માટે અને ખરા સાધુસંતો માટે મને ઘણું માન અને પૂજ્યભાવ છે, પરંતુ...અત્યારે ધર્મની અને તેના પ્રચારક આગેવાનોની જે હાલત થઈ ગઈ છે અને જે મેં અનુભવી છે અગર તો થોડી ઘણી સૌ કોઇને વિદિત છે તેનું જ મેં મર્યાદિત સ્વરૂપમાં વર્ણન કરેલું છે તે સુજ્ઞ વાચકોએ સમજી મારા ઉપર કોઇ પણ પ્રકારનું દોષારોપણ ન કરવા નમ્ર વિનંતિ છે.

(તા. ૩–૬–૩૩ના "કાઠી રાજપૂત"માંથી)

૭૭-कहे प्रभु ! तुं क्यां गयो छे ?

(લેખિકાઃ—શ્રીમતી ગંગાબ્હેન પટેલ)

અહા ઇશ્વિર ! તું કયાં છે ? શું આ ગગનચૂમ્બિત મંદિરોમાં તારો વાસ છે ? શું શિલ્પીની કળામાંથી ઉત્પન્ન થયેલી મનુષ્યકલ્પિત આકૃતિઓમાં તું વસ્યો છે ? તારા નામનો સર્વત્ર મહિમા ગવાય છે. ત્યારે તું શું એક મંદિર કે અપાસરામાં, એક મસ્જિદ કે દેવળમાં ભરાઇ બેસે ખરો ? ના, પ્રભુ ! ના. મારી બુદ્ધિ એ સ્વીકારવા ના કહે છે. ત્યારે તું કયાં છે ?

કોઇ તને વસ્ત્રો પહેરાવે છે, શણગાર ધરાવે છે, ઉઠાડે છે, નવરાવે છે, જમાડે છે, સુવાડે છે ત્યારે ખરેખર મને મૂંઝવણ થાય છે. અરે ! બારીબારણાં બંધ કરી તને સંતાડી દેવામાં આવે ત્યારે કોને મૂંઝવણ ન થાય ! ખરેખર, હું તો મુંઝાઉંજ છું પ્રભુ ! તારા અલંકાર ચોર ચોરી જાય છે; વળી તને કોઇ અડીને અભડાવી જાય છે એવું સાંભળી મહાબળવાન બાપ—પવિત્ર પિતા ! મને દુઃખ થાય છે. પ્રભુ ! જ્યારે તારી સેવાના ઇજારા લેવાય છે, જ્યારે તારે નામે તૈયાર કરેલું પકવ અન્ન પૈસાવાળા જ પામે છે ત્યારે ઓ દયાનિધિ ! ત્યારેજ તારાં ગરીબ બાળકો તારા પ્રસાદરૂપી સૂકા રોટલા માટે ટળવળે છે ! એવું એવું દેખીને મને શંકા થાય છે કે પ્રભુ ! જેને એ પ્રસાદ ધરાવાય છે તે તુંજ છે કે ? નહિ, પ્રભુ ! નહિ ! તું ત્યાં તો નહિજ હોઉં ! જો તું ત્યાં હોઉં તો તારે મન ભેદ કેમ હોય ? તારે તો માથાના કેશથી માંડીને પગના નખ સુધીમાં એક અંગનીજ ભાવના હોય ! અહા ! ત્યારેજ હું શોધું છું કે તું કયાં છે ?

પ્રભુ ! તારા નામથી કેટલો કોલાહલ ! કોઇ કહે આ પ્રભુ મારો... અહીં તમારે નહિ આવવું. પાપીઓને પ્રભુ પાસે આવવાનો અધિકાર નથી. તમો નીચ છો...નીચ જાતિથી પ્રભુ છોવાઇ જાય. ઓ ! આવી ટીકાઓ સાંભળ્યા પછી—અને આવાં તારાં બાળકોને ધિક્કાર્યાં પછી—પણ તું આ સંકુચિત સ્થાનમાં બેસી રહીશ ખરો ? કહે પ્રભુ ! કહે, તું સર્વનો છે કે થોડાક ઇજારદારોનો ? તેંજ ગીતામાં કહ્યું છે કે "સર્વ ભૂતો મારામાં છે અને હું સર્વમાં છું." તો આ શું ?

કોઈ કહે મારા પ્રભુ પાસે તમારાથી નહિ અવાય...દૂરથી દર્શન કરો. તો કોઇ કહેશે કે દૂરથી પણ મારો પ્રભુ તારે જોવો નહિ. કોઇ કહેશે કે મારો પ્રભુ તો કેવળ શાન્તિપ્રિય હોઇ શાન્તિમાં જ સૂવે છે, તેની પાસે ગરબડ નહિ કરવી. કોઇ કહેશે કે મારા પ્રભુના મંદિરમાં હજારો મીણબત્તિઓ સળગાવી અંધકાર દૂર કરું છું.

કોઇ કહે મારા પ્રભુ પાસે દીવો લાવવાથી જીવહત્યા થઇ જાય છે તો કોઈ કહેશે અમારા પ્રભુ અગ્નિ ને ચાલુ સુખડ વિના રહેજ નહિ. ત્યારે કેટલાક ગિરિકંદરામાં આહલેક જગાવતા મુક્ત જીવો તારી વિભૂતિમાં નાચી રહે છે. જળ, સ્થળ અને ભૂતમાત્રમાં એ તારી ઝાંખી કરી પૂર્ણ સંતોષમાં મહાલે છે. નાનાં મધુરાં નિર્દોષ બાળકોને કોઈ જગ્યા તારા વિના જણાતી ન હોય તેમ તે આનંદકલ્લોલ કરે છે. પણ હું તો નથી મુકતાત્મા કે નથી કોમળ નિર્દોષ બાળક! એટલે જ બુદ્ધિનાં વમળો મને સંશયસમુદ્રમાં અથડાવે છે. અને રાત્રિદિવસ એજ શોધું છું કે પ્રભુ! તું ક્યાં છે? લોકો કહે છે કે તું પરમાર્થી કાર્યોમાં વસે છે. હું શોધવા નીકળી ત્યારે રોગીઓની સારવાર જેવા પરમાર્થી ધામમાં મેં તને શોધ્યો; પણ ત્યાં તો રોગપરીક્ષકોની શ્રીમંતોની સારવાર અને ગરીબો પ્રત્યેની બેદકારી જોઇ હું ત્રાસી ઉઠી.

અનાથગૃહોમાં ગઇ ત્યાં પ્રદર્શન માટેનાં અનાથો અને સંતાડવાનાં અનાથો મેં દીઠાં. ત્યાં પણ ભેદનું પ્રચંડ મોજું ફરી વળેલું મેં જોયું. મઠમાં ગઇ ત્યાં મહંતની ધનસેવા કરનાર શ્રીમંતો અને રાત્રિદિવસ જાતમહેનત કરી જાત ઘસી નાખનાર એ ગરીબોની વચ્ચે મહંતમહારાજની વૃત્તિઓએ મોટો કિલ્લો ઉભો કરેલો હોય એમ જોયું.

ધાર્મિક ફંડોમાં વિદ્યોપાર્જનાર્થ ધન માગતા ગરીબોને નિરાશ થતા અને ધનવાન ટ્રસ્ટીઓનાં સગાંઓને અથવા ઓળખીતાઓને આગળ વધતા મેં જોયા. ગરીબોને ધનને અભાવે આત્મઘાત કરતા અને શ્રીમંતોને દેવાળુ કાઢતા મેં જોયા. ન્યાયાસન, ધર્માસન, વિદ્યામંદિર, આરોગ્યગૃહ, જ્ઞાનમંદિર અને ઉદ્યોગમંદિરમાં પણ પ્રભુ! મેં તને શોધ્યો.

જ્યાં જ્યાં ગઇ ત્યાં ત્યાં તને ઇજારે રાખનાર ઇજારદારોએ મને મૂંઝવી નાખી. પ્રભુ! હું નથી માનતી કે તું ખરેજ ખોવાયો છે. તું છે એ વાત હું સ્વીકારૂં છું. જગન્નિયંતા તને દોરવાનો દંભ કરનારા મને ભૂલાવામાં નાખવા મહેનત કરે છે, તેમાંથી મને રક્ષ, અને કહે તું ક્યાં છે?

(તા. ૨૯–૧૦–૧૯૩૨ના "મુંબઇ સમાચાર"ના દીપોત્સવી અંકમાંથી)



૭૮-હું નાશ માગું છું.

(લેખકઃ-શ્રી. રિચર્ડ વાગ્નર)

હું આજની આપણી એ સમાજ-રચનાનો નાશ માગું છું કે જે સમાજ-રચના બાંધવાને માટે સરજાયેલી માનવજાતની અંદર પરસ્પર વિરોધી વર્ગો ઉભા કરે છે; જે સબળ અને નિર્બળના વાડા પેદા કરે છે; શ્રીમંત અને મુફલીસના ભેદભાવોને જન્મ આપે છે, અને જે માનવીઓને વિશિષ્ટ અને અશિષ્ટ બનાવે છે. કેમકે આ જાતનાં વર્ગીકરણ આપણને સૌને સાચેસાચ અભાગી બનાવે છે.

આજના સમાજતંત્રમાં કરોડો માનવીઓ મુઠ્ઠીભર માનવીઓની ગુલામી બરદાસ કરે છે, અને એ મુઠ્ઠીભર માનવીઓ પોતાની દોલતની ગુલામી ઉઠાવે છે. હું આજના આવા સમાજ-તંત્રનો નાશ માગું છું.

હું એ તંત્રનો નાશ માગું છું કે જે તંત્ર મજૂરીમાંથી મોજ હરી લે છે, જે તંત્ર મજૂરીને ગુલામી સમી બનાવે છે અને મોજને દુર્ગુણ સમી બનાવે છે. આજના એ તંત્રનો નાશ માગું છું કે જે એક માનવીને જરૂરત કરતાં ખૂબ ઓછું આપીને કંગાલ રાખે છે અને બીજા માનવીને જરૂરત કરતાં ઘણું વધારે આપી ચિંતાતુર બનાવી દે છે.

હું આજના એ સમાજતંત્રની ઇમારતને જમીનદોસ્ત કરવા માગું છું કે જે તંત્ર અર્થહીન ચીજોની પાછળ, મરેલા માણસોની પૂજા પાછળ, માનવજાતની સર્વોત્તમ રચનાશક્તિ વેડફી નાખે છે.

જે તંત્ર માનવજાતના એક ભાગને અર્થહીન ધંધાઓમાં પરોવી રાખે છે; જે તંત્ર લશ્કરી, કારકુની, સટ્ટાખોરી, વ્યાજખોરી અને એવાં બીજાં અનેક સુસ્ત કામકાજોની પાછળ, હજારો માનવીઓ પાસે એમની જુવાનીના જોમનું બલિદાન અપાવે છે, અને આ તિરસ્કારયોગ્ય ધંધાઓમાં સામેલ નહિ એવી શેષ માનવજાત પાસે અસહ્ય મજૂરી કરાવી એમની જીંદગીનો તમામ રસ લૂંટી લ્યે છે: હું એ તંત્રનો નાશ માગું છું.

બલાત્કાર, જુઠ્ઠાણું, આંસુ, ગમગીની, ત્રાસ, દુઃખ, કંગાલિયત, દગાખોરી અને ગુન્હેગારીની ઇંટોથી ચણાયેલી, સન્નિપાતના ઓથાર સમી આજના સમાજ-તંત્રની ઇમારતનું નામોનિશાન રદ કરવાની મને તમન્ના છે. એ સમાજતંત્રની એકએક યાદગીરીનો હું નાશ ચાહું છું.

(તા. ૨૫-૩-૧૯૩૩ના "ફૂલછાબ"માંથી)

૭૯–શ્રીરામાનુજાચાર્ય અને અસ્પૃશ્યતા

વિશિષ્ટાદ્વૈતના જગપ્રસિદ્ધ પ્રણેતા શ્રીરામાનુજાચાર્યને તેમના સમકાલીન સનાતનીઓ, માનવી વૃક્ષ પરનું કોમળ પાન કહીને સંબોધતા હતા. જે જે વેળાએ સમાજમાંના અત્યંત ક્ષુદ્ર પ્રાણીને યાતના આપવામાં આવતી તે તે વેળાએ તે તે યાતનાઓનો પ્રત્યાઘાત તેમના પર થતો અને તેમનું વદન મ્લાન થતું એવું તેમના સમકાલીન લોકોએ જોયું. જ્યારે વૃક્ષના મૂળ ઉપર ઘા પડે છે ત્યારે ટોચ પરનાં કુમળાં પાન પ્રથમ સુકાવા લાગે છે. આ ઉદાહરણ પરથીજ રામાનુજાચાર્યને કુમળાં પાનની ઉપમા આપી. વૈષ્ણવ પરંપરામાંના આચાર્યોનાં જે નમનસ્તોત્રો નિત્યશઃ તેમનાં દેવાલયોમાં બોલવામાં આવે છે તેમાં રામાનુજનું "દયૈકસિંધુ" આવું વૈશિષ્ટયદર્શક વર્ણન કર્યું છે. શુદ્ધ દયાનો સાગર હોવું એ રામાનુજનોજ વિશેષ ગુણ હતો.

આ મહાન આચાર્યનું અંતઃકરણ જેમને આપણે આજ હરિજન તરીકે કહીએ છીએ એવા દુર્ભાગી લોકો પરના પ્રેમથી ને દયાથી ઉછળી આવતું એમાં આશ્ચર્ય નથી. આ હરિજનોની પાસે હિંદુસમાજ અત્યંત નિકટની સેવા કરાવી લેવાને તૈયાર છે, પણ જે સમાજજ ફક્ત આપી શકે છે એવા સામાજિક વ્યવહારના હક્ક તેમને આપવાને સમાજ તૈયાર નથી. સમાજે તેમને લૂંટવા સારૂ પોતાના એક ભાગ તરીકે માનવા અને તેમને ઉપયોગી થવાનો પ્રશ્ન નીકળ્યો કે તે સ્વતંત્ર વર્ગ છે એમ કહેવું એ અત્યંત અન્યાયવાળું છે, એમ રામાનુજાચાર્યને ૯૦૦ વર્ષ પહેલાંજ લાગ્યું. મહાત્માજીની પેઠે રામાનુજે પણ અસ્પૃશ્યોને એ સમયે અત્યંત પવિત્ર અને મધુરૂં નામ આપવાનો પ્રયત્ન કર્યો. આ વર્ગને તે '**તિરુકકુલમ**' કહેતા. (તિરૂ=શ્રી; કુલ=કુળ) રામાનુજે વૈષ્ણવ સંપ્રદાયી દેવાલયોના ગભારામાં વર્ષમાં કેટલાક દિવસ હરિજનોને પ્રવેશ મળવાની પ્રથા પાડી હતી. આ બિના હિંદુસ્થાનમાં સુવિખ્યાત છે. રામાનુજે બાંધેલા મેલકોટના શ્રીનારાયણના દેવાલયમાં હરિજનોને વર્ષમાં ત્રણ દિવસ મંદિરના ગભારામાં આવવા દેવાની રૂઢિ તેમણેજ પાડી. નવ સૈકા પહેલાં એટલે જ્યારે આધુનિક ચળવળનું કાંઈ નામનિશાન પણ નહોતું એવે વખતે તેમને કેટલો પ્રચંડ વિરોધ થયો હશે, એની કલ્પના કરવા જેવી છે. પણ દુર્દૈવની વાત એ કે, આ સારી, ડહાપણભરી ને માણસાઈની રૂઢિ કાળાન્તરે પ્રસાર પામવાને બદલે અજ્ઞાન તેમજ પૂર્વગ્રહના આધિક્યને લીધે સંકુચિતજ થઈ.

જે આગમોનો આધાર આજસુદ્ધાં સતત પણ દાંભિકપણે આપવામાં આવે છે એ આધારને ન ગણકારતાં રામાનુજાચાર્યે શ્રીરંગમના

મોટા દેવાલયમાં એક નવોજ પ્રકાર શરૂ કર્યો. આ દેવળના પાંચમા પ્રાકારની અંદર પંચમ જાતિના ઉપયોગને સારૂ એક ધ્વજ, એક સભા-મંડપ અને એક બલિપીઠ બાંધવામાં આવ્યું અને તે પંચમ જાતિ પરના અન્યાય દૂર કરવાની ઇચ્છાના ને તેમના પર દયા દર્શાવવાને જોઇતા ધૈર્યનાં રામાનુજાચાર્યના સ્મારક તરીકે માનવામાં આવે છે. ગુરુપરંપરાપ્રભાવ નામના જૂના ગ્રંથમાં રામાનુજાચાર્યના ચરિત્ર સંબંધી ને તત્ત્વજ્ઞાન સંબંધી જે સર્વમાન્ય હકીકતો આપવામાં આવી છે એ વર્તમાન હરિજનઉદ્ધારની ચળવળને ઉપયોગી હોવાથી જણાવવી જરૂરની છે.

એક વાર રામાનુજ પોતાના શિષ્યોસહ જતા હતા, રસ્તામાં તેમને એક અંત્યજ સ્ત્રી સામી મળી. સાથેના માણસો પૈકી કેટલાક જણે, એ સ્ત્રી દૂર ખસી જાય એટલા સારૂ મોટેથી ઘાંટો પાડયો. એ સ્ત્રી હસી પડી અને ચમકનારાં તેજસ્વી નેત્ર વડે બોલી:—

" ઈશ્વરે પોતાના પવિત્ર ચરણોથી આ પૃથ્વીને મુદ્રિત કરી છે ને માપી છે. તો આખી પૃથ્વી એ તેનું પવિત્ર મંદિર ન કહેવાય કે ? વિદ્વજ્જન! કહો તો, હું કયાં અને કેવી રીતે દૂર સરકું ?"

આ સાંભળતાંજ રામાનુજનું હૈયું ભરાઈ આવ્યું અને એકાદા વૈષ્ણવ જનની સામે જે પ્રકારના સાષ્ટાંગ નમસ્કાર કરે તે પ્રમાણે નમસ્કાર કરીને બોલ્યા:—

" દુરભિમાન અને અજ્ઞાન એ સંન્યાસીઓના મનને ભ્રષ્ટ કરે છે. વૈષ્ણવ ધર્મનાં જે ચિહ્નો હું મારા શરીર પર ધારણ કરું છું તેઓ ભગિની ! તારા શરીરપર હોવાં વધુ યોગ્ય છે."

ગાફીલ અનુયાયીઓની અધોગતિ ન થાય એટલા સારૂ રામાનુજે પોતાના શિષ્યોને જાત્યભિમાન, સંપત્તિનું અભિમાન તેમજ વિદ્વત્તાનું અભિમાન, આ અભિમાનત્રયીની આફતથી સાવધ રહેવાનો ઉપદેશ કર્યો છે.

શ્રીરંગમ્‌માં શૂદ્ર કહેવામાં આવતા ભકતોને બ્રાહ્મણોથી પહેલાં અને બ્રાહ્મણોના કરતાં અધિક માનથી પ્રસાદ મળે એવો શ્રીરામાનુજે રિવાજ પાડયો અને હક્ક પ્રસ્થાપિત કર્યો.

રામાનુજાચાર્ય જ્યારે વૃદ્ધ ને અશક્ત થયા, ત્યારે કોઇના પણ ખભાનો આધાર લઇ નદી પર સ્નાન કરવા સારૂ નિયમપૂર્વક જતા. સ્નાન કરવા જતી વખતે તે બ્રાહ્મણ શિષ્યના ખભાનો આધાર લેતા ને સ્નાન કરીને આવતી વખતે શૂદ્ર જાતિના શિષ્યના ખભા પર હાથ ટેકવતા. આ બાબતને લીધે સનાતની લોક અત્યંત શરમિંદા બન્યા, અને આચાર્યશ્રીએ અસ્પૃશ્યતાની વિરુદ્ધ આ જે બંડ પોકાર્યું હતું એને માટે તેમની પદવી કે પ્રતિષ્ઠાનેયે લક્ષમાં ન લેતાં તેમની વિરુદ્ધ ખળભળાટ મચ્યો. " તેમણે જોઇએ તો સ્નાન કર્યા પહેલાં શૂદ્રનો

સ્પર્શ કરવો; પણ સ્નાન કર્યા પછી ભ્રષ્ટાચારથી દૂર રહેવા સારૂ તેમણે શૂદ્રના ખભા પર હાથ ન મૂકવો" આવા પ્રકારની તેમની ટીકા હતી. ટીકાનું સ્વરૂપ સમજી લઈ રામાનુજ હસતાં હસતાં તેનાં સ્પષ્ટીકરણાર્થ કહેતાઃ—

"જેને તમે શૂદ્ર સમજો છો તેના ખભા પર હું સ્નાન કર્યા પછી હાથ મૂકું છું, એનો ઉદ્દેશ મારૂં ઉચ્ચકુલીન જાત્યભિમાન ધોઈ નાખવું એવોજ છે. આ પરિમાર્જન હું પાણી વડે કરી શકું તેમ નથી." રામાનુજાચાર્ય ભ્રષ્ટતા ને પાવિત્ર્યનું રહસ્ય આ પ્રમાણે સમજતા હતા. એમના આજના અનુયાયીઓની ધર્મઘેલી માન્યતાના કરતાં એમની માન્યતા ને સમજ કેટલી ભિન્ન હતી !

રામાનુજે ઇતર ધર્મગ્રંથોના જેટલોજ આગમોને અધિકાર છે એવું શંકરાચાર્યને અમાન્ય એવા મતનું પ્રતિપાદન કર્યું. ઉદ્દેશ એટલોજ કે, આત્માર્પણના સિદ્ધાંતની પ્રસ્થાપના અત્યંત ઉચ્ચ એવા સિંહાસન પર કરવી અને શ્રદ્ધા તેમજ ભક્તિની વચ્ચે રહેલી ઐક્યસંસ્થાપક શક્તિ વર્ણાશ્રમના કરતાં વધુ શ્રેષ્ઠ છે એને માન્યતા આપવી એવો હતો. તેમની મહાનતાનાં પ્રચંડ મોજાંઓમાં બધો વિરોધ તણાઈ જતો; પણ ત્યાર પછી આવેલા શિષ્યોએ સુધારણાની વિરુદ્ધ થઇ રહેલા વિરોધનો વેગ જોયો અને પ્રાપ્ત થયેલા યશનો સંગ્રહ કરવા સારૂ સાવધપણું શીખવવાની અને અત્યંત શીઘ્રતાથી બંધનો તોડી નાખવાની વિરુદ્ધ ઉપદેશ કરવાની શરૂઆત કરી. આ ઉપદેશનો પ્રચાર વધતો ગયો અને પછવાડેથી જે ઓછી યોગ્યતાના માણસો આવ્યા તેમને હાથે આ ઉપદેશનો વિપરીત અર્થ થવા લાગ્યો. એજ પ્રમાણે જેમને જાતિનું અભિમાન હતું, તેમણે આ ઉપદેશનું ધાર્મિક હઠવાદના અભેદ્ય કિલ્લામાં રૂપાન્તર કર્યું. આ કાર્યમાં નવાઓની જૂના કપાલગરાસવાળાઓની સાથે સ્પર્ધા શરૂ થઇ, તેથી આજ આપણને એવું દેખાય છે કે, જેઓ રામાનુજના સોગંદ લે છે અને જેમની ઉત્કટ દયાની બાબતમાં હજીયે સ્તુતિસ્તોત્રો ગાય છે, તે તેમના ગુરુએ જે લોકોનો સામાજિક દૃષ્ટિએ ઉદ્ધાર કરવાનો પ્રયત્ન કર્યો, એ લોકોની બાબતમાં દયાશૂન્ય છે. જે રામાનુજાચાર્ય ૯૦૦ વર્ષ પહેલાં અસ્પૃશ્યતાનિવારણની ચળવળના આદ્ય પુરસ્કર્તા હતા, તે રામાનુજાચાર્યનો અધિકાર જેઓ માને છે–તે પંથને જેઓ અનુસરે છે એવા અનુયાયીઓમાંજ અસ્પૃશ્યતાના કટ્ટા શત્રુ છે એ જોઇએ છીએ ત્યારે ઇતિહાસની વક્રતા દેખાઇ આવે છે.

(જુલાઈ–૧૯૩૩ ના "ચિત્રમય જગત"માંથી)

૮૦—अस्पृश्यता

(લેખક:—શ્રી. આનંદશંકર બાપુભાઈ ધ્રુવ)

આજે મોટામાં મોટો પ્રશ્ન એ છે કે અસ્પૃશ્યતાને કેવી રીતે નિવારવી ? ઘણાને થશે કે હું સંસ્કૃત શાસ્ત્રો જાણતો છતાં આમાં કેમ ભાગ લઉં છું ?

હું એ જાતિનો છું કે જેમાં આ અસ્પૃશ્યો—હરિજનો સાથે બેસીને હરિભજન કરનાર એક મહાન ભક્ત થઈ ગયા છે. તમને ખબર છે કે નરસિંહ મહેતા હરિજનોમાં ભળતા, તેમને ઘેર જતા, અને તેમનાં આંગણાંઓમાં હરિભજન કરતા. એ નરસિંહ મહેતાની જ્ઞાતિનો હું છું. મહાત્માજીને વૈષ્ણવજનનું જે ભજન અતિપ્રિય છે તે પણ એમનું બનાવેલું છે. નરસિંહ મહેતા સંબંધી એક પ્રસંગ તો તમે જાણતા હશો. નરસિંહ મહેતાને નાગર નાતે નાતબહાર મૂક્યા હતા; કેમકે તેઓ હરિજનો સાથે ભજન કરતા. ભગવાનની મરજી એવી બની કે એક પ્રસંગે નાતજમણમાં બે બે નાગરો વચ્ચે એક એક હરિજન બેઠેલો નજરે પડયો અને એ રીતે આખી નાગર જ્ઞાતિએ ભોજન લીધું. એ જ્ઞાતિનો હું છું. હજી એ સ્થિતિએ તો નથી પહોંચ્યો પરંતુ મારે માટે આ આશ્ચર્યકારક ન ગણાવું જોઇએ.

સંસ્કૃત શાસ્ત્રોનો મેં અભ્યાસ કર્યો તેમાં મેં ચારે તરફ જોયું. તેમાં ચાંડાળ ને શ્વપચોને અસ્પૃશ્ય ગણ્યા છે. પણ આજે તેઓ ક્યાં છે ? મને એક પણ ચાંડાળ કે શ્વપચ જણાતો નથી. વાલ્મીકિ રામાયણમાં તેમનું વર્ણન આપેલું છે. જેના કાળા દાંત હોય, લાલ આંખ હોય, રીંછ જેવું જેનું ચામડું હોય, લાંબા ભયંકર વાળ હોય, તે ચાંડાળ કહેવાય. પણ અહીં બેઠેલા હરિજનોના બાળકો મારા છોકરાથી જરાયે જુદા જણાતા નથી. શ્વપચ એ કહેવાય કે જેઓ કૂતરાં રાંધી ખાતા હોય. કહેવાતા અસ્પૃશ્યોમાં મને એવું કશું દેખાતું નથી. શાસ્ત્રમાં વર્ણવેલા આ ચાંડાળ ને શ્વપચ લોકો હજી મને મળ્યા નથી. તેઓ જડે તો તેમનો સ્પર્શ ન કરૂં, પણ તેમને નામે બીજાને તેવા ગણી અન્યાય ન થાય.

હરિજનોને તેથી હું અસ્પૃશ્ય ગણી અન્યાય કરવા ઇચ્છતો નથી. અત્યારે જે થાય છે તે તો જાડા માણસને જોઈ શૂળીએ ચઢાવવા જેવો ન્યાય અપાય છે. આ તો બહુ જુલમ કહેવાય. શાસ્ત્રો તો ન્યાય-નીતિથી ચાલે. અને તે કારણથી હું માનતો નથી કે કોઇ જાતિ અસ્પૃશ્ય ગણાય. હું માનું છું કે આપણી એકે જાતિ અસ્પૃશ્ય નથી. જૂના વખતમાં એવી જાતિ હતી, પણ હાલ એકે નથી.

અસ્પૃશ્યતા તો કેવળ શાસ્ત્રોથી વિરુદ્ધ છે. શાસ્ત્રોમાં એવું કશું જ નથી, અને તેથી તે કાઢી નાખવી જોઇએ. આ હું કોઇ પણ

શાસ્ત્રીની બીક કે સંકોચ વગર કહું છું. આ વિષયની મને પૂરતી ખાત્રી થઇ ગઇ છે અને ગમે તે શાસ્ત્રીને તે બતાવી શકું એમ છું. તેની સાથે શાસ્ત્રાર્થ કરવા પણ તૈયાર છું. જો શાસ્ત્રમાં આ નથી તો અસ્પૃશ્યો પ્રત્યે આપણું આવું વર્તન કેમ હોઇ શકે? આપણે જે ભૂલ કરી છે તે તરતજ સુધારવા માંડવી જોઇએ. ઉત્સાહથી, ભાવથી અને ખરા મનથી આપણે કામ કરવું જોઇએ. આપણી પડતી આપણામાં સંપ નથી તેને લઇને છે. ભાઇઓ ભાઇઓમાં લડાઈ થાય છે, તો આપણને સ્વરાજ્યપ્રાપ્તિ ક્યારે થશે? જે કરીએ તે એકબીજાને સમજાવીને કરવું, ગળે ઉતારીને ક્રોધ લાવ્યા વિના કરવું. આપણે ત્યાં સમજુ લોક નથી એમ નથી. શરૂઆતમાં મુસ્કેલી લાગશે, પણ મુસ્કેલીનો અંત આવશે ત્યારેજ માલમ પડશે કે ખરૂં કામ થયું. સાચું કાર્ય લડીને નહિ પણ સમજાવીનેજ થઈ શકે. અનેક સ્થળે મળીને લોકો સાથે વિચારોની આપ–લે કરવી, ને શાસ્ત્ર શું કહે છે તે વાત જેને ગળે ઉતારી શકાય તેને ગળે ઉતારવી. રેલ્વે એન્જીનમાં બ્રેક હોય છે તે ગતિ રોકે છે. આ કાર્યમાં તો આપ ગતિ પણ રોકશો નહિ. માત્ર વરાળ જો એમ ને એમ નીકળી જાય તો કાર્ય સાધે નહિ. પણ યોગ્ય નળીઓ દ્વારા તે જાય તેમ કરીએ તો આપણું કાર્ય સિદ્ધ થાય.

આજે સૌથી મોટી જરૂરીઆત માણસ તરીકેનો સૌથી પહેલો હક્ક–બુદ્ધિ શક્તિ ખીલવવાનો–કેળવણી લેવાનો છે. તે માટે કોઇ પણ નિશાળમાં કોઇને પણ જવા માટે બાધ ન હોવો જોઇએ. અસ્પૃશ્યતા એ કેવળ વહેમ છે. શાસ્ત્ર પ્રમાણે પણ વહેમ છે અને તેથી નિશાળમાં એકબીજાની સાથે બેસાડવામાં કોઇને વાંધો ન હોવો જોઇએ. ડૉકટર આંબેડકર એ કોમોમાં બહુ ઉંચી જાતિના નથી, છતાં તેમની બુદ્ધિશક્તિ ઘણા ઉંચા પ્રકારની છે. જેમણે એમને વાદવિવાદ કરતાં સાંભળ્યા છે તેઓ સર્વ એ વસ્તુ કહે છે. આ લોકોની બુદ્ધિશક્તિનો ઉપયોગ નહિ કરીએ તો મોટી ભૂલ કરીશું. આ લોકોને ભાઇ તરીકે સમજીને પુરેપુરા હક્ક આપો. સરસ્વતીની ઉપાસનામાં તેમને સરખા ભાગીદાર કરો. મનુષ્યનું મનુષ્યત્વ ખીલે તેમાં આપણો વિરોધ ન હોવો જોઇએ.

બીજી વાત માણસને સાધારણ અનુકૂળતા મળવી જોઇએ તે છે. તેમને તમારૂં બધું ધન આપી દો એમ કોઈજ કહેતું નથી. પરંતુ એમને કૂવામાંથી કે નળ પરથા પાણી તો લેવા દો. કાશી જેવા પવિત્ર પ્રદેશમાં પણ ત્યાંના ધર્મિષ્ઠ અને બ્રાહ્મણનરેશે એટલે મહારાજાએ પોતાના જાહેર કૂવામાં બધાને પાણી ભરવાનો હક્ક ઘણાં વર્ષોથી આપ્યો છે. આ ઉપરાંત ઘણી નાની નાની બાબતો પણ વિચારવા જેવી છે. સાધારણ વહેવારમાં ચીજો લેવામાં બજારમાં

દુકાનથી તેમને આઘા રાખવામાં આવે છે. આપણામાં મનુષ્યત્વ હોય, ભાઇનો ભાવ આવતો હોય તો આ બધું મૂળથી ઉખેડી ફેંકી દેવું જોઇએ. આ માટે લોકમત કેળવવાની જરૂર છે. ગાંધીજીએ તે માટે ઉત્તમ તક આપી છે. જ્યારે દુનિયાને તેમની ખબર નહોતી, તે વખતે યરોડા મંદિરમાંથી બહાર નીકળ્યા અને દુનિયા આગળ એવો પ્રશ્ન મૂકયો કે સૌ પોતાના આત્મા તરફ જોઈ પોતે શું પાપ કરી રહ્યા છે, તેનો વિચાર કરતા થયા.

આપણે સરકાર પાસેથી અધિકારો માગીએ છીએ, પરંતુ આપણે આપણા ભાઇઓ તરફ થઈ રહેલો અન્યાય તે પહેલાં દૂર કરવો ઘટે. ઘરનો પાયો મજબૂત કર્યા વિના ચણતર કેમ થશે? સ્વરાજ્ય માગતા હો તો આ બાબત સમજી કાર્ય કરો. અસ્પૃશ્યતા એ શાસ્ત્રવિરુદ્ધ છે; તેથી કહેવાતા અસ્પૃશ્યો માટે સામાન્ય વહેવાર ઉઘાડી દેવો જોઇએ. કશોય બાધ રહેવો ન જોઇએ. આ કાર્યમાં પડેલા ભાઇઓને પણ બે શબ્દો કહું. બનારસ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ગામડાંમાં કામ કરવા જાય છે, તેમને મેં કહ્યું છે કે તમે ગામડામાં જઈ કહેવાતા અસ્પૃશ્યો સાથે બેસી જમી લેશો, એટલેથી કાર્યસિદ્ધિ નથી થવાની. તમે જશો, પછી તમારી પૂંઠે વધુ જુલમ થશે. તમારે તો એવું કરવું જોઇએ કે જેથી બધા વચ્ચે સંપ અને મીઠો સંબંધ થાય. જુલમથી આ કામ ન થાય. અંગ્રેજી ભણનારા વિષે ગામડાના લોકોનો એવો અભિપ્રાય હોય છે કે તેઓ ધર્મ ડૂબાવશે. આ ભાવ દૂર કરવો જોઇએ, નહિ તો કાર્યસિદ્ધિ નહિ થાય. સૌને ખરી વાત સારી રીતે સમજાવવી જોઇએ.

મિલો, રેલ્વે, સરકારી ખાતાં વગેરેમાં કેટલાયે લોકો જાય છે. ત્યાં બધી કોમના માણસો હોય છે અને સાથે કામ કરે છે. ત્યાં કોણ આભડછેટ પાળે છે? તે પ્રમાણે હવે આપણે બધે છૂટ કરી દેવી જોઇએ. ધીમે ધીમે કીડીવેગે આ કાર્ય થાય તે નહિ ચાલે. નાનાં મંડળો કરી આ કાર્ય માથે લઈ લેવું જોઇએ. આ વિચારોનો બધે પ્રચાર કરવો જોઇએ. તે માટે લોકમત કેળવવો જોઇએ. જુદા જુદા પ્રશ્નોનો ગુંચવાડો કરવો એ ઠીક નથી. તેથી કામ સિદ્ધ ન થાય. આ કાર્ય નોખું પાડી તેના ઉપર ધ્યાન આપી કરવું જોઇએ તો પરસ્પર બધાં કાર્યોનો સંબંધ પણ જળવાશે, અને આ પ્રશ્નનો નિવેડો આવી જશે. મેં જે કહ્યું છે તે સંબંધી વિચાર કરજો અને જે કર્તવ્ય લાગે તે અમલમાં મૂકજો.

(તા. ૨૫-૧૦-'૩૨ના 'ગુજરાત સમાચાર'માંથી)

૮૧—મારી તીર્થયાત્રા

(લેખકઃ—શ્રી. બનારસીદાસ ચતુર્વેદી)

શંકરજી, ગોસ્વામીજી અને દ્વિવેદીજી—આ ત્રણ વયોવૃદ્ધ સાહિત્ય-સેવકોની સેવામાં હાજર થઈ, તેમનાં દર્શન કરી, તેમનો આશીર્વાદ લેવાની ઇચ્છા ઘણા દિવસથી મને થયાં કરતી હતી. આ ઇચ્છા સને ૧૯૨૪ના ડિસેમ્બર માસના છેલ્લા તથા સને ૧૯૨૫ના જાન્યુઆરી માસના પહેલા અઠવાડિયામાં ફળીભૂત થઈ. આ વર્ષે લિબરલ—ફેડરેશનની બેઠક લખનૌમાં મળવાની હતી. ત્યાં મારે પૂર્વ આફ્રિકાના સંબંધમાં જવું પડયું હતું. અહીંથી દ્વિવેદીજીની જન્મ-ભૂમિ નજીક હોવાથી, અહીંઆંજ મુસાફરીનો કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો કે મારે પ્રથમ દૌલતપુર જવું, ત્યાંથી હરહુઆ ગંજ અને છેવટે વૃંદાવન દૌલતપુર જવા માટે કાનપુર નજીક બિન્દકી રોડ સ્ટેશને ઉતરવું પડે છે. અહીંથી તે લગભગ દશેક માઇલ છે. રસ્તો ઘણોજ ખાડા—ખડીઆવાળો છે. બેલગાડી સિવાય ગંગાની કોતરોમાં થઇને જવાને બીજું સાધન નથી. એક્કો જઇ શકતો નથી. આંચકા એટલા બધા લાગે છે કે જો માણસ સંભાળીને બેસે નહિ અને દરેક આંચકા વખતે સાવધાન રહે નહિ તો તેની કેડો તૂટી જવાનો ભય રહે છે. તેમ છતાં આ મુસાફરીમાં મને અતિશય આનંદ પડયો. પાટે પાટે સીધી ચાલી જતી રેલગાડીમાં સુગમ રીતે મુસાફરી કરીને જો કોઇને કંટાળો આવી ગયો હોય અથવા જો પ્રાચીન સમયની મુસાફરીનો અનુભવ કરવાની ઇચ્છા હોય તો જરૂર તેણે દ્વિવેદીજીના દૌલતપુરની યાત્રા કરવી.

બિન્દકીરોડથી સવારે નીકળી હું સાંજે દૌલતપુર પહોંચ્યો. વચમાં ગંગાજી ઉતરવાને હોડીની મદદ લેવી પડી. આથી વિશેષ વિલંબ થયો. દ્વિવેદીજીની સાથે મળવાનો પ્રસંગ એક વખત જુહી-(કાનપુર)માં બન્યો હતો, પણ તે બહુજ થોડા વખત માટે. તે વખતે વિશેષ વાતચીત થઇ ન હતી. આ વખતે કેટલાએક કલાક સુધી વાતચીત થઇ. વર્તમાનપત્રોમાંના વાદ—વિવાદ વાંચવાથી મેં દ્વિવેદી-જીના સંબંધમાં જે અનેક ધારણાઓ બાંધી રાખી હતી તે સર્વ ખોટી પડી. જે લોકોએ એમની સખત ટીકાઓનો અભ્યાસ કર્યો છે તેઓ દ્વિવેદીજીના હૃદયમાં આટલી બધી કોમળતા છે એ વાત નહિ માની શકે. મારો પણ એવોજ ખ્યાલ હતો કે દ્વિવેદીજી એક કઠોર હૃદય અને વિદ્વેષી સ્વભાવના આદમી છે, છતાં પણ તેમણે ચાળીસ વર્ષ સુધી કરેલી સાહિત્યની સેવા માટે મને ઘણું માન હતું અને આ કારણને લીધેજ મેં દૌલતપુર જવાનું નક્કી કર્યું હતું, નહિ કે તેમનાં છિદ્ર ખોળવાને. દ્વિવેદીજીનું આતિથ્ય તથા નમ્રતા-

યુક્ત સ્વભાવ જોઇને મારે મારો નિશ્ચય ફેરવવો પડયો. નામદાર શ્રીનિવાસ શાસ્ત્રીના સંબંધમાં 'બૉમ્બે ક્રોનિકલ' તથા મદ્રાસના 'હિંદુ' આદિ પત્રોના લેખ વાંચીને મને જે ખેદ થયો હતો, તેવોજ ખેદ મને પૂજ્ય દ્વિવેદીજીના સંબંધમાં થયો. આ મુસાફરીથી એક વાત મારા સમજવામાં આવી કે જે માણસો વર્તમાનપત્રોના ઝઘડાઓ ઉપરથી મનુષ્યના સ્વભાવનું અનુમાન કરે છે અને તેમના માટે જે સારો યા ખોટો મત બાંધે છે તે ખરી રીતે ભૂલ કરે છે. સૂતા પહેલાં દ્વિવેદીજી સાથે ત્રણ-ચાર કલાક વાતચીત થઇ. બીજે દિવસે પ્રાતઃકાળમાં ચાર વાગે ઉઠીને મેં મારી નોંધપોથીમાં તેની નોંધ કરી લીધી. તે નોંધના આધારે પોણાપાંચ વર્ષ પછી આ લેખ લખી રહ્યો છું.

દ્વિવેદીજીના નિયમિતતા, કરકસર અને સ્વાભિમાન-આ ત્રણ ગુણોએ મને વિશેષ આકર્ષણ કર્યું. જો કોઇ નવયુવક સાહિત્ય-સેવક સ્વાભિમાનથી પોતાની જીંદગી ગુજારવા માગતો હોય તો તે દ્વિવેદીજી પાસેથી ઘણું શીખી શકે તેમ છે. ઘણા વાચકોના ધ્યાનમાં કદાચ નહિ હોય કે દ્વિવેદીજીએ ૨૦૦ રૂપિયાની નોકરી છોડી ફક્ત ૨૩ રૂપિયાની નોકરી સ્વીકારી હતી. રેલ્વેના ટ્રાફીક વિભાગમાં એમને માસિક ૧૫૦ રૂપિયા મળતા હતા. ૫૦ રૂપયા ભથ્થાના મળતા. નોકરી પણ સાધારણ ન હતી. હજારો અરજીઓના ફેંસલા તેમના હાથે થતા. જો તેઓ ધારત તો લાખો રૂપિયા લાંચ તરીકે લઈ શક્યા હોત. રેલ્વે મારફતે જે માલ મોકલવામાં આવતો તેના દરમાં પૈસા-એ પૈસાના ફેરફારથી વેપારીઓને લાખો રૂપિયાનો નફો અગર નુક-સાન થતું અને તેઓ ખુશીથી તેમને હજારો રૂપિયા લાંચ તરીકે આપી દેત. પણ દ્વિવેદીજીએ પ્રમાણિકતાથી કમાએલી એક કોડીને આ લક્ષાધિપતિના રૂપિયા કરતાં પણ વિશેષ ગણી.

દ્વિવેદીજીને નોકરી છોડવી પડી એ પણ એક જાણવા જેવો પ્રસંગ છે. એક ગોરો તેમની પાસે તાલીમ લઈ અમલદાર બન્યો હતો. પાછળથી તે દ્વિવેદીજી ઉપર રોફ મારી અયોગ્ય રીતે વર્તવા લાગ્યો. આથી નારાજ થઇને તેમણે આ ૨૦૦ રૂપિયાની નોકરીનું રાજીનામું આપી દીધું. લોકોએ તેમને બહુ સમજાવ્યા. જે થયું તે માટે તે અમલદાર પણ પશ્ચાત્તાપ કરવા લાગ્યો. મોટા મોટા અમલદારો જેઓ દ્વિવેદીજીના કામથી સંતુષ્ટ હતા તેઓએ દ્વિવેદીજી રહે એવા પ્રયત્ન કર્યા; કેમકે તેઓ જાણતા હતા કે એક કર્તવ્યશીલ પુરુષ નોકરી છોડીને જતા હતા; પણ દ્વિવેદીજીએ જે નિશ્ચય કર્યો તેમાંથી નજ ડગ્યા.

પૂજ્ય દ્વિવેદીજીની ધર્મપત્નીને આ વાતથી બહુ ખેદ થયો, પણ તે એક બે દિવસથી વધુ ન ટકયો. તેમણે ઘણા સંતોષથી કહ્યું: "જો તમે મહેનત કરીને આઠ આના પણ કમાઇ લાવશો તો હું

તેમાં પણ સંતોષ માનીશ." તેમણે આ વચન અક્ષરશઃ પાળ્યું. કેટલીક અશિક્ષિત સ્ત્રીઓ પોતાના પતિના ત્યાગ તથા તપના માર્ગમાં વિઘ્નરૂપ થાય છે. જો દ્વિવેદીજીનું કોઇ આવી સ્ત્રી સાથે પાનું પડયું હોત તો મને વિશ્વાસ છે કે તેઓએ જે સાહિત્યની સેવા કરી તેનાથી ચોથા ભાગની પણ ભાગ્યેજ કરી શક્યા હોત. દ્વિવેદીજી પોતાની પત્નીને કેટલી માનની દૃષ્ટિથી જોતા તેનો પરિચય ફક્ત આ વાતથી મળે છે કે તેમના મરણ પછીથી તેમના સ્મરણાર્થે તેમણે એક નાનું સરખું મંદિર બંધાવ્યું અને તેમાં લક્ષ્મી તથા સરસ્વતીની મૂર્તિઓની વચ્ચે તેમની સ્ત્રીની આરસની મૂર્તિ પધરાવી. મંદિરની બનાવટ થી દ્વિવેદીજીની સુરુચિ જણાય છે. મંદિર ઉપર લખ્યું છેઃ—

यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवता:। इति मनु:
'स्त्रियस्समस्ता सकला जगत्सु'–इति व्यासः

તેની સાથે દ્વિવેદીજીએ બનાવેલી સંસ્કૃત કવિતા પણ છે જે નીચે આપવામાં આવે છેઃ–

नव–षणव–भूसंख्ये विक्रमादित्य–वत्सरे ।
शुक्ले कृष्णत्रयोदश्यामाधिकाषाढमासि च ॥
मोहमुग्धा गतज्ञाना भ्रमरोग–निपीडिता ।
जह्नुजाया जले प्राप पंचत्वं या पतिव्रता ॥
निर्म्मापितामिदं तस्या: स्वपत्न्या: स्मृतिमंदिरम् ।
व्यथितेन महावीरप्रसादेन द्विवेदिना ॥
पत्युर्गृहे यत: साऽऽसीत् साक्षाच्छ्रीरिवरूपिणी ।
पत्याप्येकाऽऽदृता वाणी द्वितीया सैव सुव्रता ॥

આની પછીથી લક્ષ્મી તથા સરસ્વતીની પ્રશંસાના બે શ્લોક આવે છે અને આ બન્ને મૂર્તિઓની વચ્ચે પૂજ્ય દ્વિવેદીજીની ધર્મ-પત્નીની મૂર્તિ છે.

एषा तत्प्रतिमा तस्मान्मध्यभागे तयोर्द्वयो: ।
लक्ष्मी सरस्वतीदेव्योः स्थापिता परमादरात् ॥

—સંવત્ ૧૯૭૧ વિ૦

"पत्याप्येकाऽदृता वाणी द्वितीया सैव सुव्रता ।" અર્થાત્ "પતિએ એક સરસ્વતી ઉપર અને બીજો આ પતિવ્રતા પર પ્રેમ રાખ્યો" આ પદ ખરેખર ઘણું મહત્ત્વનું છે. દ્વિવેદીજીએ જે લાગણી અને ધૂનથી સરસ્વતીની સેવા કરી છે તે વર્તમાન હિંદી સાહિત્યના ઇતિહાસમાં આદરણીય અને અનુકરણીય છે, એ નિઃસંદેહ છે. રેલ્વે તાર વગેરેની નોકરી કરતાં સંસ્કૃતનો અભ્યાસ કરવો એ કાંઈ સહેલું ન હતું. જ્યારે તેઓ ઝાંસીમાં હતા ત્યારે રોજ ચાર વાગે ઉઠતા. ચારથી છ વાગતાં સુધી નિત્યકર્મ કરતા. પછીથી પરવારી સાત

વાગ્યાથી નવ વાગ્યા સુધી સંસ્કૃતનો અભ્યાસ કરતા. દ્વિવેદીજીની પરિશ્રમશીલતા એવી હતી કે સરસ્વતી માટેના લેખો ૭ મહિના અગાઉથી તેઓ પોતાની પાસે તૈયાર રાખતા, કે જેથી જો માંદા પડી જવાય તો ૭ માસ સુધી તો બીજા કોઇ માણસને રોકવાની જરૂર પ્રેસવાળાને ન પડે. અઢાર વર્ષની સેવા પછીથી જ્યારે દ્વિવેદીજી પોતાના કાર્યથી નિવૃત્ત થયા ત્યારે તેમણે જે લેખો બક્ષીજીને સોંપ્યા તેમાં કેટલાક લેખો એવા હતા કે જે તેમને બાબુ શ્યામસુંદરજીએ સોંપણી કરતી વખતે આપ્યા હતા.

દ્વિવેદીજીએ જે કપડાં પહેર્યાં હતાં તે ઓછામાં ઓછાં પાંચ વર્ષનાં જૂનાં હતાં. આ ઉપરથી તેમની કરકસર અને કાળજીનો કંઇક ખ્યાલ આવે છે. કામળો-ધાબળો તો છેક વીસ-પચીસ વર્ષ પહેલાંનો હતો. આજ આપણે દ્વિવેદીજીએ પોતાની જીવનપર્યંતની કમાણીમાંથી જે ૭ હજાર રૂપિયા હિંદુ વિશ્વવિદ્યાલયને છાત્રવૃત્તિ માટે આપ્યા તેની પ્રશંસા કરીએ છીએ, પણ આપણામાંના ઘણા થોડાકજ એ વાત જાણે છે કે આ ૭ હજાર રૂપિયા બચાવવાને દ્વિવેદીજીને કેટલો સંયમ કરવો પડયો હશે? જ્યારે તેમની માસિક આવક ૨૦૦ રૂપિયાથી ફક્ત ૨૩ રૂપિયાની થઈ ગઇ ત્યારે તેટલા રૂપિયામાંથી પણ ત્રણ ચાર રૂપિયા દાન-પુણ્યને માટે જુદા કાઢતા. જે સાહિત્યસેવક વૃદ્ધાવસ્થામાં સન્માન તથા સ્વાભિમાનથી રહેવા માગે તેને દ્વિવેદીજીની આવી કરકસરની ટેવમાંથી ઘણું શીખવાનું મળે છે. મોટા મોટા ધનાઢયોની કૃપાની પરવા કર્યા સિવાય તેમણે સદા સ્વતંત્રતાપૂર્વક પોતાના વિચારો પ્રગટ કર્યા છે. આનું મુખ્ય કારણ એ છે કે તેઓ જીવનભર ઘણી કરકસરથી રહેતા. જે દિવસે સાંજે હું દોલતપુર ગયો તે દિવસે દ્વિવેદીજીની સાથે ખેતરમાં ફરવા જવાનો પ્રસંગ મળ્યો. તેમના ખેતરમાં બાવળીઆનાં ઝાંખરાંના ભારા પડ્યા હતા. ગણતરીમાં તે સોળ હતા. પછી તેમણે એક ખેડુતને પૂછ્યું: "તમારા ખેતરમાં આટલું અનાજ પેદા થયું અને મારા ખેતરમાં આનાથી અર્ધુંએ ન થયું આનું શું કારણ?" દ્વિવેદીજી પૈસે પૈસાનો હિસાબ રાખે તેવા માણસ છે. તેઓ 'સરસ્વતી' ના પોસ્ટેજના પૈસા પૈસાના કાર્ડનો પણ હિસાબ રાખતા.

દ્વિવેદીજીની વ્યવસ્થાશક્તિ પણ અદ્ભુત છે. તેમની નિયમબદ્ધતા અને વ્યવસ્થાશક્તિ અનુકરણીય છે. તેલનો ભરેલો દીવો અલગ રાખ્યો હતો, મીણબત્તી પણ હતી, ફાનસ પણ ટાંગેલું હતું, દિવાસળી ઠેકાણાસર મૂકી હતી, 'ફોતલ' એટલે વધારાનો બિસ્તરો પણ ટાંગેલો હતો.

અનેક સાહિત્યસેવકોના સંબંધમાં તેમની સાથે વાતચીત થઈ. શંકરજી, પં. શ્રીધરપાઠક, બાબુ બાલમુકુન્દ ગુપ્ત, પ્રેમચંદજી, ગણેશ

શંકરજી વિદ્યાર્થી, બદરીનાથ ભટ્ટ, માખનલાલ ચતુર્વેદી, હરિભાઉ ઉપાધ્યાય વગેરેની બાબત આવી. આ બધી વાતોનું વિવરણ અહીં સ્થળના અભાવે આપ્યું નથી. શંકરજીની કવિતાની ભારે પ્રશંસા કરી. માખનલાલના સબંધમાં કહ્યું: "તે એક સારા કવિ છે."

દ્વિવેદીજી મહાત્મા ગાંધીના પરમભક્ત છે. મીસરના કપાસનો એક છોડ તેમણે ઘર આગળ રોપેલ છે. જે દિવસોમાં મહાત્માજી દિલ્હીમાં ઉપવાસ કરતા હતા અને તેમની તબીઅતના જે સમાચાર વર્તમાન-પત્રોમાં છપાતા તે ઘણીજ કાળજીથી તેઓ વાંચતા. એક દિવસ જ્યારે તેમના વાંચવામાં આવ્યું કે તેમની તબિયત ઘણીજ નાજુક થઇ ગઈ છે ત્યારે તે રાત્રે તે દૂધ પણ લઇ શકયા નહિ (આ દિવસોમાં તેઓ દૂધ ઉપરજ રહેતા હતા.) અને બહુ રોયા. ભારત-સેવક–સમિતિના ક્રિશ્ચિયન સભ્ય મિ૦ એન્ડ્રુસનો પરિચય મહાત્માજીની સાથે કરાવવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું હતું. આ વાત જ્યારે મેં દ્વિવેદીજીને કહી ત્યારે તેમની આંખમાં આંસુ આવી ગયાં અને ચશ્માં ઉતારી તેમણે તે લૂછી નાખ્યાં.

દ્વિવેદીજીમાં વિદ્વત્તાની સાથે સહૃદયતા પણ છે. તેમની તીક્ષ્ણ કલમમાં કોમળ હૃદય છુપાએલું છે એ વાતની મને અત્યાર સુધી ખબર ન હતી. જ્યારે દ્વિવેદીજીના સદ્ગુણોએ પાઠકોનું આટલું બધું ધ્યાન આકર્ષ્યું છે ત્યારે સાથે સાથે તેમના એક દોષનો ખુલાસો પણ કરી દેવો આવશ્યક છે. દ્વિવેદીજીએ અત્યંત પરિશ્રમ કરીને પોતાનું સ્વાસ્થ્ય બિલકુલ નષ્ટ કરી નાખ્યું છે. પ્રકૃતિ પોતાના નિયમોની અવગણના સહન નથી કરતી. જેઓ એમ કરે છે તેઓને જરૂર શિક્ષા થાય છે. દ્વિવેદીજીના બેહદ માનસિક પરિશ્રમનું પરિણામ એ થયું કે અત્યારે કોઇ સ્થાયી માનસિક કાર્ય કરવું તેમને માટે અસંભવિત થઇ ગયું છે. તેમનું સ્વાસ્થ્ય પહેલાં બહુ સારૂં હતું. એક વાર તેઓએ રાતમાં ૪૦ માઇલની પગે ચાલતાં મુસાફરી કરી હતી. અધિક માનસિક પરિશ્રમે અત્યારે એમની એ દશા કરી છે કે તેમને બિન્દકી રોડ સ્ટેશન ઉપર આઠ કલાક સુધી બે ભાન અવસ્થામાં પડી રહેવું પડયું હતું. વચ્ચે તેમની તબિયત એટલી બધી ખરાબ થઇ ગઇ હતી કે તેમનું વજન ફક્ત ૩૧ શેર થઇ ગયું હતું, અને એમ જણાતું હતું કે મૃત્યુ પાસે આવ્યું છે; પણ તેઓ **લુઇકોની**-ની જલચિકિત્સાથી બચી ગયા. આથી તેમને ત્રણ વર્ષ સુધી અતિ સંયમપૂર્વક જીવન ગાળવું પડયું. અત્યારે દ્વિવેદીજીને માટે લેખ લખવા પણ બહુ કઠિન છે. તોપણ લેખોને માટે સંપાદકો તરફથી પત્રો નિયમિત આવ્યેજ જાય છે. કાશીના 'રામ' પત્રના સંપાદકે જ્યારે લેખ માટે બહુ વિનંતિ કરી ત્યારે તેમણે નીચેનો શ્લોક લખી મોકલ્યો:–

"अनेकाधिव्याधि-व्यथित-हृदयं दीनवदनम् ।
विहीनं पुत्रादि-स्वजनसमुदायेन जगति ॥
अति त्रस्तं ग्रस्तं हृत-विधि-विलासैः सपदि मां ।
शरण्य श्रीराम ! त्रिभुवनपते ! पाहि दयया ॥"

આ શ્લોક દ્વિવેદીજીની વર્તમાન સ્થિતિનો સારી રીતે ખ્યાલ આપે છે. બીજે દિવસે સવારમાં હું દૌલતપુરથી ઘેર જવા રવાના થયો. જ્યારે તેમને માલૂમ પડયું કે હું હરદુઆગંજ પણ જવાનો છું ત્યારે તેમણે કહ્યું કે "શંકરજીને મારા સાત વાર નમસ્તે કહેજો." "चिरंजीवी भूयाः" સો વર્ષ સુધી જીવતા રહો, ખૂબ સંગ્રહ કરો અને લખો." આ આશીર્વાદ મેળવી હું બિન્દકી રોડ જવા નીકળ્યો. મના કરવા છતાં ગામની ભાગોળ સુધી વળાવવા આવવા બદલ દ્વિવેદીજીને કષ્ટ આપ્યું.

(ઑક્ટોબર-૧૯૨૯ ના "વિશાલ ભારત" માંથી)

૮૨-सोनानी खाण के साक्षात् नरक ?

બાર બાર વર્ષનાં બાલકો પાસે લેવાતી સખ્ત મજૂરી: આઠ હજાર ફીટની ઉંડાઈએ કામ કરતા કામદારોનાં જીવનનાં દિલ કંપાવનારાં દશ્યો

મરીકુપ્પમની સમૃદ્ધિવાન સોનાની ખાણ બેંગલોરથી થોડાજ માઇલને અંતરે આવેલી છે. આ ખાણની માલીકી અંગ્રેજોને હસ્તક છે, જેઓ મૈસુરના રાજાને દશ લાખ પાઉંડનું વાર્ષિક ભરણું ભરે છે. શ્રમજીવીઓના શ્રમ પર અપાર નફો મેળવતા આ માલીકોના મજૂરો પરના ત્રાસથી બહારની દુનિયા અજાણ રહી છે. ક્વચિત્ ક્વચિત્ કોઈ પરદેશી મુસાફર જ્યારે આ ખાણની મુલાકાત લે છે ત્યારે તે શ્રમજીવીઓને પડતા ત્રાસથી કંપી ઉઠે છે અને એ કરુણ પ્રસંગ જનતા સમક્ષ ખુલ્લો કરે છે. થોડા વખત પહેલાં મિસિસ એચ. નામનાં એક સ્કેન્ડીનેવીઅન બાનુ આ ખાણની મુલાકાતે ગયાં હતાં અને ત્યાંનો અનુભવ તેમણે જનતા સમક્ષ રજુ કર્યો છે.

પિંજરાનો અનુભવ

આ ખાણને હિંદની સર્વોત્તમ ખાણ કહેવામાં આવે છે તેનું કારણ તેની પેદાશજ નથી, પણ ત્યાં મળતી સસ્તી મજૂરી છે. અમે કંપનીની ઑફિસમાં ગયાં અને ખાણને જોવા માટે પરવાનગી માગી. અમોને આ પરવાનગી મળી અને એક અંગ્રેજ એંજીનિયરને અમારા ભોમિયા તરીકે મોકલવામાં આવ્યો. અમોને પિંજરા પાસે લઇ

જવામાં આવ્યાં. ત્યાં એંજીનિયરે નિશાની કરતાં પિંજરાના રક્ષકે ઇલેક્ટ્રીસીટીથી દરવાજો ઉઘાડયો, અમે અંદર દાખલ થયાં અને પિંજરૂં નીચે ઉતરવા લાગ્યું.

"પિંજરામાં કેટલા માણસો લઇ જવાય છે?" મેં પૂછ્યું.

"કામદારોને વીસ વીસની સંખ્યામાં નીચે લઇ જવામાં આવે છે. પણ પછીથી દરવાજો બંધ કરવામાં આવે છે; કારણ કે મિનિટના એક માઇલની ઝડપે પિંજરૂં નીચે ઉતરે છે."

અમો અનુભવી નહિ હોવાથી પાંજરૂં ધીમે ઉતારવામાં આવતું હતું. મેં પૂછ્યું: "કામદારો નવાજ હોય ત્યારે તેમ કરવામાં આવે છે?" તેણે મારી સામે આશ્ચર્યભરી નજર ફેંકી તે કંઇ બોલ્યો નહિ; પણ તેની આંખોએ અમોને જવાબ આપ્યો હતો. હિંદમાં અમોને આ પહેલોજ અંગ્રેજ મળ્યો હતો, જે પોતાના હૃદયથી માનતો હતો કે માનવ માનવ ભાઇ છે. પછી ભલે તે શેઠ હો કે મજૂર, ગોરો કે રાતો. અમો એક ગેલેરીમાં આવી લાગ્યાં, જ્યાં ઇલેક્ટ્રીકનો પ્રકાશ અને હવા હતાં. અત્રે ગરમી વિશેષ હતી, પણ તે અસહ્ય તો નહોતીજ. કોઈ પણ મજૂર અમારી નજરે ચડતો નહોતો, દિવાલની બાજુએ લાંબા નળ હતા. "નળની અંદર શું છે?" મેં પૂછ્યું. "ઘટ્ટ હવા" "માણસોને તાજી હવા આપવા માટે?" "હા, પણ પિંજરા પાસે લઇ જવાને માટે યંત્રોને ચલાવવા માટેના પાવર તરીકે પણ તેનો ઉપયોગ થાય છે." "માણસો ક્યાં કામ કરે છે તે અમો જોઇએ?"

પૃથ્વીના પેટાળમાં

પહોળા વિસ્તારમાં થોડુંક ચાલ્યા બાદ વધુ પહોળા વિસ્તારમાં અમોએ કામદારોનું એક ટોળું જોયું. એક નવી ગેલેરી ઉઘાડવા માટે તેઓ તૈયારી કરતા હતા. આમાં કંઇ જોવાનું ન હોઇ અમો અંધારા અને સાંકડા રસ્તામાં દાખલ થયા. એક માણસ હાથમાં દીવો લઇ અમારી આગળ ચાલતો હતો. અત્રેની હવા બહુજ અસહ્ય હતી. હવા માટે નળ ન હતા.

"આ જગ્યાએ એક ખાડો છે અને તેમાં ડાયનેમાઇટ અને ગીતેટાઇન મૂકીને પથ્થર તોડવામાં આવશે." એ માણસો કામ કરતા હતા. એક માણસે બંને હાથથી સારડી પકડી હતી અને બીજો માણસ તેને ચલાવીને અને તેના પર હથોડા ઠોકીને જમીનમાં ઉંડી ઉતારી રહ્યો હતો. યંત્રનો જે અવાજ થઇ રહ્યો હતો તેનાં ડોલન સાથે તાલ રાખીને પેલો માણસ હથોડો ઘુમાવી રહ્યો હતો અને સારડી પર ઠોકી રહ્યો હતો. હથોડાના દરેક પછાડ સાથે બીજા માણસનું ધઉંવર્ણું શરીર ભયનો આંચકો અનુભવતું હતું અને એક પ્રકારનો ભૂરો ગારો તેના પગની આસપાસ ઉડી રહેતો હતો. આને લીધે તે બંને જણ જાણે કેમ સીમેંટના બનેલા હોય તેમ લાગતું

હતું. હવા ગુંગળાવનારી હતી.

ત્યાંથી થોડે દૂર આ ગેલેરીને બીજી ગેલેરી સાથે સંબંધમાં રાખતી ઢોળાવવાળી સુરંગ હતી, જે બસો ફીટ નીચે હતી. આમાંથી સોનાનો પ્રવાહ વહેતો હતો. કામદારો હથિયારથી આ માર્ગ પહોળો કરતા હતા.

મેં સુરંગમાંથી નીચે નજર કરી. બીજે છેડે એક ફાનસ જમીન પર પડયું હતું અને બે માણસો વાત કરતા હતા. નીચેથી આ માણસો પર પડતા પ્રકાશથી તેઓ વધારે ઝીણા અને લાંબા જણાતા હતા.

અમે જે ગેલેરીમાં હતા તે વધારે સાંકડી અને ઉંડી બની. હવા બહુજ ગરમ હતી. જ્યાં યંત્ર ચલાવવાનાં ન હોય ત્યાં ઘટ્ટ હવા તાજી હવા માટે વાપરવાની જરૂર હોય તેમ માલીકોને લાગતું ન હતું. ગેલેરી પૂરી થતી હતી ત્યાં પાંચ છ મજૂરો ખડકમાં પોતાનો રસ્તો કરતા હતા. ગેલેરી પહોળી થાય ત્યારે તેઓને ખસેડવામાં આવનાર હતા. મેં સવાલ કર્યો: "છાપરૂં કદી પડતું નથી ?" "કદાચ તેમ બને." જવાબમાં બેપરવાઇ હતી.

એકાએક હવા, દિવાલો, ફાનસ અને મજૂરનો હાથ ધ્રૂજવા લાગ્યો. સાંકડા રસ્તામાં કાન ફાડી નાખે તેવો અવાજ આવ્યો. આ પહેલી સુરંગ ફોડવાનો અવાજ છે. આપણે જલદી બહાર નીકળવું જોઇએ. ફાનસવાળો મજૂર આગળ દોડયો અને અમે પણ દોડયાં. એક ક્ષણમાં તો ધૂળથી અંધકાર છવાઇ ગયો. એકબીજાને દેખી શકાય તેમ ન હતું. અમે સુરંગની જગ્યા પસાર કરી. થોડે દૂર એક મજૂર અને દેખરેખ રાખનાર એંજીનિયર ઉભા હતા. એંજીનિયર અમારી સાથે જોડાયો અને અમે બધાં દોડવા લાગ્યાં; પણ મજૂર તો રોકાયો. અને જ્યાં સુધી ધૂળ ઉડતી બંધ ન થઇ ત્યાં સુધી તેને તે ગળવી પડી.

આઠ હજાર ફીટના ઉંડાણમાં

"અમને નીચે લઈ જાવ" મેં અમારા ભોમિયાને કહ્યું. "અમોએ કંઇ જોયું નથી." "હું અશક્તિમાન છું. ચાર હજાર ફુટ નીચે લઇ જવાનોજ હુકમ છે." "ખાણ કેટલી ઉંડી છે ?" "આઠ હજાર ફુટ" "નીચે કેટલીક ગરમી છે ?" "વધુમાં વધુ ૧૨૦ ડીગ્રી ફેરન હેઇટ." "તમે મજૂરોને આખો વખત બફાઇ ન રહેવા માટે થોડો વખત મુક્તિ આપો છો ?" "હા" "તેનું જીવન કેટલું છે ?" "હું કહી શકું તેમ નથી. પણ હિંદનું સરાસરી જીવન છવીસ વર્ષ છે, જે ખરી કલ્પના આપે છે."

અમને જેટલું જોવાની રજા હતી તે સઘળું અમોએ જોયું અને પિંજરામાં પાછા ફર્યાં. ચાર હજાર ફીટની ઉંડાઇથી જ્યારે

અમો બહાર ઉપર ચડતાં હતાં ત્યારે અમો પરસેવાથી રેબઝેબ થઇ ગયાં હતાં અને આ ગરમીવાળા પ્રદેશમાં બપોરે પણ સપાટી પરની હવા અમને બરફ જેટલી ઠંડી લાગી. નીચે જ્યાં ૧૨૦ ડીગ્રી ગરમી હશે અને તાજી હવા નહિ મળતી હોય ત્યાં શું થતું હશે? અને ત્યાંથી મિનિટના માઈલની ઝડપે ઉપર આવવામાં શું સ્થિતિ થતી હશે?

અમારા પિંજરાવાળાએ અમોને ખાણના ઇન્સ્પેકટરની છોકરીને સોંપ્યાં, જે અમને તેણીના ઘેર લઇ ગઇ. તેનો બાપ અમને સપાટી પરનું કામ બતાવવાનો હતો. તેણે સાંભળ્યું હતું કે અમો બધાં લેખકો હતાં અને મજૂરોનો પક્ષ લઇએ એવો તેને વહેમ હોવાથી અમોને તે વસ્તુસ્થિતિ સમજાવવા લાગ્યો:

"હું ધારૂં છું કે તમોએ સાંભળ્યું હશે કે આ પ્રજા માટે કંઇ ન કરતા અંગ્રેજો પશુઓ છે. પણ તેઓ કઇ જાતના માણસો છે તે તમારે જાણવું જોઇએ. આ લોકો કરતાં તો સફેદ દાંતવાળા પેલા કાળા હબસીઓ સારા. તેઓ વધારે બુદ્ધિશાળી છે અને ઝડપથી શીખી શકે છે. આ લોકો તો ગંદા, અનીતિમાન અને અજ્ઞાન છે."

અંગ્રેજની આંખે

"પણ તેઓ અજ્ઞાન કેમ છે? ખરેજ તેઓને શીખવી શકાય." "અરે ના. તેનો કંઇ ઉપયોગ નથી. અમે તેઓ માટે શાળાઓ ખોલીએ છીએ પણ તેઓ શું ભણે છે તે જાણ્યા વિના ગોખીજ શકે છે. માત્ર બહારથીજ તેઓ ક્રિશ્ચિયન બને છે. તેમને માણસ બનાવવા માટે તો સદીઓ જોઇએ. તેઓ માત્ર અનુકરણ કરવાના પોપટ જેવા છે; પણ અંગ્રેજો બસો વર્ષથી અત્રે આવ્યા નથી?" "હા, પણ અંગ્રેજો આવ્યા તે પહેલાં તેઓને જોયા હતા?" "ના, તમે જોયા હતા? અને આજના તમારા વર્ણન કરતાં તેઓ વધારે ખરાબ હોઇ શકે?"

હવે ઇન્સ્પેકટરની પત્નીએ વિષયાંતર કરવા યત્ન કર્યો; પણ તેને તો હજુ કહેવાનું બાકી રહી ગયું હતું: "પરીક્ષામાં નાપાસ થયા પછી નોકરી માટે તેઓ અત્રે આવે છે! અને જ્યારે હું કહું કે તમો નાપાસ પડયા ત્યારે જવાબ આપે છે: 'હા. પણ અમે પાસ થયા સિવાય પણ બધું શીખ્યા છીએ.' "અરે ના; તેઓ કંઇ સમજતા નથી."

તેની પત્નીએ અમોને હવે અમે કયાં જવાનાં હતાં તે પૂછ્યું. અને અમે દિલ્હી, આગ્રા, બનારસ વગેરે નામો આપ્યાં. તેણીએ ફરિયાદ કરી કે "અમો અત્રે વસતાં હોવા છતાં પણ તેમ કરી શકતાં નથી." "પણ તમો રજાના દિવસોમાં તેમ ન કરી શકો?" તેણી અમારી સામું જોઇ રહી. અમારી રજામાં અમારે બીજું પણ

કરવાનું હોય છે. અમને દર બે વર્ષે છ માસની રજા પડે છે અને જેમ બને તેમ તુરતજ મુંબઇ જઇને અમો ઇંગ્લંડ તરફ ચાલ્યાં જઇએ છીએ."

ઇન્સ્પેક્ટ ત્યાર પછી ઉઠયો અને અમોએ મિલ તરફ હંકાર્યું. અત્રે બહુ જોસથી અવાજ આવતો હતો. અવાજને લીધે વાતો કરવી પણ મુશ્કેલ પડતી. સોનાને ખડકથી તોડવા માટેનું આ યંત્ર હતું. એક આનાની કિંમતનું સોનું કાઢવા માટે એક ટન જેટલા વજનનો ખડક લાવવો પડતો.

અમોએ પ્રથમ મોલ ખડકો ઉંચકતા છોકરાઓની હાર જોઈ. આ બધા અગિયારથી બાર વર્ષની વયના છોકરાઓ હતા. તેઓને યંત્ર આગળ સતત આઠ કલાક સુધી ઉભવું પડતું હતું. આ ખડક યંત્રમાં કચડાઇને કાદવના રૂપમાં નળ વાટે ધોવાના ઓરડામાં જતો.


અત્રે પણ છોકરાઓજ કામ કરતા હતા. દરેકને એક ટાંકી પર ધ્યાન રાખવાનું હતું. અત્રે એક સાદળી પર સ્થૂળ ચીજો જામતી, જેમાં સોનાનાં કણાંઓ પણ હતાં. છોકરાઓ સાદળીને ફેરવતા અને તળાવમાં સાફ કરતા, જ્યાં સોનું તળિયે જામતું અને પાણી કાઢી નાખવામાં આવતું. આ ઘઉંવર્ણા પાતળા છોકરાઓ પોતાની નાની ટાંકીઓથી આ મોટા તળાવ સુધી દોડતા. "તેઓ કેટલી ઉંમરના છે?" મેં ફોરમેનને પૂછ્યું. "આશરે અગિયારથી બાર વર્ષના. જેમ નાનો તેમ સારૂં." ઇન્સ્પેકટરે અમને થોડે દૂર આવેલાં મજૂરોનાં રહેઠાણ ન બતાવ્યાં. કદાચ તેઓ બીજા મજૂરોનાં રહેઠાણો જેવાંજ ગંદાં હોય.

અઢળક નફો છતાં—

પચાસ વર્ષથી આ ખાણ કામ કરે છે અને તે દરમિયાન તેણે ભાગીદારોને તેમની થાપણ કરતાં સાતગણી આવક આપી છે. દર વર્ષે ૩૩ ટકા ડીવીડન્ડ અપાય છે. કામદારો ગંદા, અનીતિમાન અને અજ્ઞાન હોવા છતાં મરીકુપ્પમની સોનાની ખાણ આવી સારી આવક આપે છે.

કામદારોની સંખ્યા છોકરાંઓ સાથે, અઢાર હજારની છે. મેં ઑફિસમાં સૌથી ઓછામાં ઓછો પગાર કેટલો છે તેવું પૂછતાં ભલા અંગ્રેજે જવાબ આપ્યો:—"આઠ કલાક માટે આઠ આના. સરેરાશ રોજી પંદર આના અને મરીકુપ્પમની ખાણે તો મગરૂબ થવા જેવું છે. બીજી ખાણો તો આથીયે ખરાબ છે."

(તા. ૧૩-૮-૧૯૩૩ના "પ્રજામિત્ર કેસરી"માંથી)



૮૩–ગામડાના અનુભવો

(લેખકઃ–રા. ચંપકલાલ વોરા.)

મેં અને મારા મિત્રોએ "ગ્રામ્ય પ્રચાર"નું કાર્ય કરતાં તા... એ જામનગરના......ગામને ચોરે સવારના ૮॥ ના સુમારે ધામો નાખ્યો. ચોરા પાસે એક દુબળા શરીરે અને ચીથરેહાલ લૂગડે એક વાઘરી તડબુચ લઇ વેચતો બેઠો હતો. તડબુચ પણ મન જોતાંજ પીગળી જાય તેવાં સુંદર. અમે ચોરે આરામ–શ્વાસ લઇએ ત્યાં કોટવાલ સાહેબ પધાર્યા, નામ ઠામ પૂછ્યાં પણ લખતાં કોના બાપને આવડે ? અમેજ એક કાગળના ટુકડા ઉપર અમારાં નામઠામ લખી આપ્યાં. કોટવાલે એક બે નામ ફરી પૂછી જોયાં અને કડવી દવા ગળે ઉતારતા હોય તેવું મોં બગાડી મગજમાં ઉતારવા ખાતર હરિભજન માફક મોઢેથી ગણગણતા ગયા. ચનપનાલાલ હોરા જીનસુખલાલ અને રૂપજી થોડી વારમાં નામની ચીઠી અને મગજની ઉપાધિ ગામ ઝાંપે આવેલ હાફસ (ઑફિસ)માં ઠાલવી આપી. કોટવાલ સાહેબ પાછા ફર્યા અને સામે બેઠેલા વાઘરીનો વારો આવ્યો.

કોટવાલ—ક્યાંથી આવે છે ? કોને પૂછીને બેઠો છે ? શું નામ અલ્યા ? ઠીક, લે મારા છોકરાને તડબુચ આપ. ને નામ પૂછી ચાલ્યા.

દશ વર્ષનો નાગડો છોકરો ઉભો રહ્યો. વાઘરીએ તેને ખાસા દશ શેર વજનના તડબુચની ચોથા ભાગની લાલ ચોળ ચીર કાપી આપી અને કોટવાલના કુમારશ્રી બડબડતા રસ્તે પડયા. તડબુચ તેમને ઓછું પડયું હતું. ત્રણ સેકંડમાં ફરી કોટવાલ કુમાર સાથે સરસ્વતીસ્તોત્રો ઉચ્ચારતા આવ્યા અને સારામાં સારૂં તડબુચ ઉપાડી ચાલવા માંડયું.

વાઘરી આજે કંઇ જોરમાં આવ્યો.

જમાનાની અદલ ખંખેરી નાખવાની હિંમત કરી (કદાચ અમને જોઇને હશે). ઝટ ઉભો થયો, કોટવાલના પગે પડયો, કાલાવાલા કર્યા અને છેવટે કપડું પકડી રાખી બોલ્યોઃ

"ભાઇ સાબ, હું ગરીબ માણસ, આમ કાંઈ તડબુચ જવા દેવાય; મારે પણ ચીભડાં તડબુચના વાડાના પૈસા ભરવા પડે છે. અને તમે આમ લઇ જાઓ તો તે પણ ઉપજે તેમ નથી."

કોટવાલ વાઘરીને ધક્કો મારી રસ્તે પડયા, પણ વાઘરીએ કરેલ અપમાન તેને ઝાળઝાળા ઉતરી ગએલ. તડબુચ જે સાહુકારીનો મુદ્દામાલ તે ઘેર સહીસલામત છોકરા સાથે પહોંચતો કરી અવળે રસ્તેથી પાછા ફર્યા અને તાડુક્યાઃ

"તમે વાઘરા શું ફાટી ગયા છો ? અમલદારની સામું થતાં વિચાર થાય છે ? ચામડી ઉતારી લઇશું. શું જામ સાહેબનાં નગારાં

ઉંઘાં વળી ગયાં કે અન્યાય હાલવા દેશે ?"

વાઘરી—"ભાઈ સાબ, બાપા, મેં કયો અન્યાય કર્યો?"

કોટવાલ—"અન્યાય નહિ તો શું તારા બાપનું માથું ? લગી-રેય અન્યાય અમ બેઠા હાલવા દેવાના નથી, સમજ્યો ને ?"

વાઘરી—"બાપા, પણ અન્યાય કર્યો ? કયો કર્યો બાપા ?"

કોટવાલ—"એ કયો કર્યો શું કચ્છ..........." ગાળો દઈ કોટવાલ અમલદારશાહી પર આવી બરાડયા.

કોટવાલ—"એ ઇ અના (અન્યાય) કે ગામને કાચાં તડબુચ ખવરાવશ, અને ઇ કોલેરૂ ફાટી નીકળ્યું તો કયો તારો બાપ જવાબ દેનાર છે ?–ગામનો બધો ભાર અમ માથે છે."

કોટવાલ સાહેબની ન્યાય અને અન્યાયની ઝીણવટ, પ્રજાવત્સ-લતા કે ગામડિયાને આબાદ દબડાવવાની નફટાઈ જોઇ અમે ઉભા ઉભા સાંભળતા હતા તે સ્થંભી ગયા. અને વાઘરી તો ધ્રૂજવા લાગ્યો, કેમકે આવો હડહડતો પ્રજાદ્રોહ પોતે કર્યાની તેને કલ્પના પણ ક્યાંથી હોય !

વાઘરી—"માબાપ તમારી ગૌવ–હવે મને માફ..."

કોટવાલ—"નહિ નહિ, ઉભો રહે, તને ઠેકાણે કરૂં છું."

કોટવાલ સાહેબ દોડયા અને સાથે હવાલદારને લઇને પાછા ફર્યા. હવાલદાર સાહેબ ખાખી કપડામાં રોફબંધ આવ્યા. સારૂં મઝાનું તડબુચ હાથમાં ઉપાડયું અને વાઘરી સામે ઉગામ્યું. (આમ બે તડબુચ ઉડયાં.)

કોટવાલ—"સાબ આ બેઠો."

હવાલદાર—"કેમ અલ્યા ફાટયો છે ? કાંઈ કોટવાલ સામું બોલછ?"

વાઘરી—"સાબ ! કોટવાલ સાબ કહે છે કે કાચાં તડબુચ ખવડા-વશ. આપ ગમે ઇ ફોડી લ્યો. બાકી કોટવાલસાબ મારૂં તડબુચ લઈ..."

"ચુપ કર. મારે કોટવાલની લપ નથી સાંભળવી. ઇ તો ઠીક. ભર્યું નાળીએર છેઃ કાચુએ નીકળે અને પાકુએ નીકળે. પણ હું તો ઈ કહું છું કે છ પૈસે કેમ વેચશ? તને ખબર નથી કે "બકાલા" માતરનો ભાવ જામસાએ ચાર પૈસા બાંધી દીધો છે ?"

"મને ખબર નોતી. કાલે આટકોટમાં (બાજુમાંજ જામનગરનું સારૂં ગામ છે.) ફોજદાર સાબની ઑફિસ સામે બેસી ઇ ભાવે વેચી આવ્યો છું."

"ઈ ગમે તેમ. અહીં નહિ ચાલે, ચાલ બાંધ ગાંસડો."

આ હુકમ કરી દશ શેરનું તડબુચ લઈ હવાલદાર સાબ રસ્તે પડયા.

પાછળથી વાઘરીને કોટવાલે ગાંસડો બંધાવીને લાતો તથા ધક્કા મારી આગળ કર્યો અને એક કોટડીમાં પૂરી દીધો. ગાળો તો ચાલુજ રાખી.

અમે આ બધું નાટક જોયા કરતા હતા. જુલ્મની હદ થતાં મારી આંખ ફાટી. તરત હું ઑફિસે ગયો. જમાદાર, હવાલદાર અને કોટવાલ ગાળો ઝાપટતા હતા.

"કોણે આને પૂર્યો છે ? શા માટે પૂર્યો ? તમારું નંબર નામ શું ?" મેં આવેશયુક્ત અવાજે જાલીમોને ધણધણાવ્યા. જમાદાર મને આમ ઉશ્કેરાયલો જોઇ ચૂપ થઇ ગયા.

જમાદાર—"આવો શેઠ બેસો, શાંત થાવ."

"આને પૂર્યો શા માટે ? તેનો પહેલાં જવાબ માગું છું."

જમાદાર—"અરે શેઠ સાહેબ ! કોણે પૂર્યો છે. ઈ તો કોટવાલજ એવો બદમાસ છે. (વાઘરીને બારણું ઉઘાડીને.")

"ચલ ચલ નીકળ. અલ્યા કોણે તને પૂર્યો છે ? પણ એને એમ કાયદા વગર પૂર્યોજ કેમ !!" કોટવાલ વાઘરીની મારા દેખતાં માફી માગે. હું વધુ કડક થયો.

કોટવાલ તુરત મામલો કળી ગયો. મને શાંત કરવા ફર્યો.

"તમે પહેલાં વાઘરીની માફી માગો, નહિતર હું તમને બધાને જામ સાહેબના નગારા સીધા કરવાવાળાને પો. સુપ્રીન્ટેન્ડન્ટ સુધી પહોંચાડવાનો છું."

કોટવાલ—"આપ મારી વાત સાંભળો. હું ઉંચી જાત કહેવાઉં. વળી અમલદાર અને વાઘરી પાસે માફી માગું. આપને પગે લાગું છું ને ?"

"તમે કઇ જાતના છો ? શું પગાર મળે છે ?" મેં તેને ગરાસીઓ ધારી લીધો અને અમલદાર શબ્દ સાંભળી સહેજ અચકાયો.

કોટવાલ—"ભાઇ સાબ, હું ખોટું કહું છું. હું ઉંચી જાતનો છું—હજામ છું. ત્રણ રૂપિયા મહિને પગાર મળે છે. દરબારી અમલદાર છું."

મારી બાજુમાં ઉભેલા મારા મિત્રો ખડખડાટ હસી પડયા. હું પણ તેમને જોઇ શાંત થઈ ગયો. ઉંચી જાતને વાઘરી પાસે માફી મંગાવવાની ધૃષ્ટતા મેં કરવાનું માંડી વાળ્યું. તડબુચ તો પાછાં એની મેળેજ આવી પહોંચ્યાં હતાં. વાઘરીને તો છૂટો કરવામાં આવેલ હતો.

મેં આ મામલો સહેલાઇથી પતી જશે એમ નહિજ ધારેલ. બધું સૂકા દમથી પતી જાય તેમ છે, એ મેં સમજી લીધું અને આપણે મદદ કરેલ માણસોને પાછળથી હેરાન કરવા પોલીસખાતું ચૂકતું નથી એ પણ હું જાણતો હતો. એટલે વધુ સખ્તાઇમાં ન પડતાં વાઘરીનું ભવિષ્યમાં નામ ન લેવાનું પાકું કરી કોઇને આમ નહિ દબાવવાની ધમકી આપી અમે ચોરે આવ્યા. સાંજે કામ પતાવી આગળ કૂચ શરૂ કરી.× ("શારદા" માસિકનાર એક અંકમાંથી)

× મારી "ગ્રામ્યપ્રચાર"ની નોંધમાંથી.

૮૪–સફરે હજ

(લખનારઃ—ડૉ. લતીફ પી. એચ. ડી.)

આખા અરબસ્તાનમાં નૈતિક અધમતા સર્વવ્યાપી હતી. ધર્મ સંબંધી કશી યોગ્ય વ્યવસ્થા કે સંસ્થા ન હતી. કેટલાક આરબો સાવ નાસ્તિક હતા, કેટલાક સૂર્ય–ચંદ્રને ઉપાસતા, કેટલાક અગ્નિને આરાધતા અને ઘણાખરા મૂર્તિપૂજામાં રચ્યાપચ્યા રહેતા. આવી પરિસ્થિતિ વચ્ચે હઝરત મહંમદ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો જન્મ થયો.

એ સ્વભાવે ન્યાયી અને એકવચની હતા. સત્યની શોધ માટે એમની ઝંખના અનેરી હતી. ચાળીસ વર્ષની પાકટ વયે અલ્લાહ તરફથી એમને પ્રથમ પ્રેરણા મળીઃ "હે મહંમદ, પ્રત્યેક પ્રાણી-પદાર્થના ઉત્પન્ન કરનારનેજ સંભાર. તેણે માંસના લોચામાંથીજ માનવી સર્જ્યાં છે. તેજ મહાન છે. તેણે માણસોને પ્રત્યેક વિદ્યા શીખવી છે, અને માણસો નહોતાં જાણતાં તે વાતો પણ તેણેજ તેમને શીખવી છે." એ પ્રથમ મંત્રનો ભાવ છે. એવા લાખો મંત્રોના એ દ્રષ્ટા હતા. કુરાને શરીફમાં એ સર્વ સંગ્રહેલા છે. તેમાંથી થોડા-એક આ રહ્યાઃ—

૧–અલ્લાહ સત્યસ્વરૂપ છે.

૨–આદિ પણ તે છે, અને અંત પણ તે છે.

૩–માનવદૃષ્ટિ તેને જોઇ શકતી નથી, પરંતુ તે સર્વ કાંઇ જોઈ શકે છે.

૪–તમારી જીવનનાડી કરતાંય તે તમારી વધારે નિકટ છે.

૫–તમારી અંદરજ તમે તમારા અલ્લાહનું ચિંતન કર્યા કરો.

૬–અલ્લાહના પ્રેરિત પુરુષોમાં શ્રદ્ધા રાખો, અને તેમાંના કોઈની વચ્ચે પણ ભેદભાવ ન કલ્પો.

૭–સત્યની સાથે આકાશ અને પૃથ્વીને ઉત્પન્ન કર્યાં તે એ પોતેજ છે.

૮–આકાશ અને પૃથ્વીનો અદ્દ્ભુત ઉત્પાદક કોઇ વસ્તુ સર્જવા માગે, ત્યારે તે માત્ર એટલુંજ ઉચ્ચારે છેઃ "થઇ જા" અને તે થઈ જાય છે.

(૯) તે પરાસૃષ્ટિને સર્જે છે, અને પછી અપરા સૃષ્ટિને સર્જે છે.

(૧૦) મૃત્યુ પામેલામાંથી તે જીવતા બનાવે છે, અને જીવતા-ઓને તે મરણાધીન કરે છે.

(૧૧) તમે મૃત્યુવશ હતા, અને તેણે તમને જીવન આપ્યું, ફરી તમને તે મૃત્યુવશ બનાવશે, અને ફરી તમારામાં તે પ્રાણ ફૂંકશે, ત્યાર પછી તમે પાછા તેની સન્મુખ ખડા થશો.

(૧૨) અવશ્ય તમે જેને ચાહો છો, તેની તમે રક્ષા કરી શકતા નથી; પણ અલ્લાહ જેના પર પ્રસન્ન થાય છે તેની તે રક્ષા કરે છે.

(૧૩) જેને અલ્લાહ વિપથગામી બનાવે છે, તેને માટે એકે રસ્તો નથી.

(૧૪) જેને અલ્લાહ દોરનાર છે, તેજ માત્ર સત્ય માર્ગને અનુસરી શકે છે. જેમને તે ભુલાવે છે, તે સત્ય માર્ગથી વંચિત રહેવાના છે.

(૧૫) પ્રાર્થના અને ધૈર્ય વડે તમે તેની મદદ માગો. અને દીન-ભાવ સિવાયના માટે તે વિશેષ કરી અઘરી વસ્તુ છે.

(૧૬) જે સદા જીવંત અને અમર છે તેનું અવલોકન કરો, અને તેનાં ગુણકીર્તન કરો.

(૧૭) પ્રાર્થના કરો. દાન આપો અને જે માનવી નમે છે, તેની સાથે હંમેશાં નમ્યા કરો.

(૧૮) સંતોષ, સહનશીલતા અને પ્રાર્થનાનો આશ્રય ગ્રહણ કરો. નિઃસંદેહ આ કઠિન કામ છે. પરંતુ એવા માણસો માટે એ કઠિન નથી, જેનાં અંતઃકરણ નમ્ર છે, અને જે પોતાના પરિપાલકને મળવાના અને એની સન્મુખ જવાના વિચાર સેવ્યા કરે છે.

હજરત મહંમદ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના ઉદ્યોગ, ઉત્સાહ અને સાહસથી અરબસ્તાનની ઉન્નતિનો આરંભ થયો. આરબ પ્રજા સંસ્કૃત અને સંસ્કારી બની જગત જીતવા નીકળી. એએક શતાબ્દિમાં આરબ સામ્રાજ્યની સ્થાપના કરી, અને ઇસ્લામ-નો પ્રચાર કર્યો. આજે ચાલીસ કરોડ ઇસ્લામીઓ એની સાક્ષી પૂરે છે.

આરબ સંસ્કૃતિના કેંદ્રસ્થાન સમા મક્કા શરીફમાં ઇસ્લામની ઈમારતનો પાયો પડયે લગભગ સાડાતેરસો વર્ષ થયાં છે. ત્યારથી આજ લગી પ્રતિવર્ષ ઇસ્લામીઓ ત્યાં દર્શનાર્થે જાય છે.

યાત્રાનો મહિમા સર્વદેશે સર્વમાન્ય છે. હજ એટલે ઇસ્લામી બારમા મહિના જીલહજની નવમી તારીખે મક્કા શરીફથી ચાર ગાઉના અંતરે અરફાતના મેદાનમાં ભરાતા ધાર્મિક મેળામાં થતી ધાર્મિક ક્રિયા સહિતની યાત્રા. તે નિમિત્તે પ્રતિ વર્ષ દેશદેશાવરથી લાખો ઇસ્લામીઓ એકઠા થાય છે.

અમારાં માજી સિત્તેર વર્ષનાં વૃદ્ધ અને પુરાણપ્રિય છે. વર્ષોથી એમની ઇચ્છા એ યાત્રા કરવાની હતી. આ વર્ષે એમની સાથે મારે ઘરેથી અને મને ત્યાં જવાની તક મળી.

નૌકા દસ બાર દિવસે જિદ્દા પહોંચે છે. મુંબઇથી એ ૨૩૫૦ માઇલ દૂર છે. અરબસ્તાનનું એ મુખ્ય બંદર છે. કંઇક પ્રમાણમાં એ સુઘડ અને સુંદર પણ છે.

જિદ્દાથી મક્કા શરીફ ચાલીસ માઇલ થાય છે, મોટર માર-ફતે ત્યાં જવાય છે, રસ્તો રેતાળ છે. અને વચ્ચે વચ્ચે પર્વતોની હારમાળા પણ આવે છે.

નાનાશા પર્વતોની હારમાળા વચ્ચે મક્કા શહેર વસેલ છે. ચારે પાસ કોટ કાંગરાશા શોભતા ગિરિશિખરોથી એ ઘેરાયેલ છે. સ્થળની પસંદગી નગરસરંક્ષણની દૃષ્ટિએ પ્રસંશનીય છે. એમાં નવી અને જૂની પદ્ધતિની મિશ્રણવાળી ત્રણચાર માળની ઘણી ઇમારતો છે. લગભગ અર્ધ લાખ માણસોની એમાં વસ્તી છે.

બગદાદના બાદશાહ હારૂન અલ રશીદની માનીતી મહારાણી જુબયદા ખાતૂને હનીનથી મક્કા શરીફ સુધી નવ કરોડ રૂપિયા ખરચી મીઠા પાણીની નહેર બંધાવી છે. એથી મક્કાવાસીઓ અને યાત્રીઓને મિષ્ટ પાણી મળે છે.

હઝરત ઇબ્રાહીમ અલયહિસ્લામે મક્કા વસાવી ત્યાં અલ્લાહની પ્રાર્થના સારૂ એક મંદિરનો પાયો નાખ્યો અને પોતાના દીકરા ઇસ્માઇલની સહાયથી તે પૂર્ણ કરી, તેને કાબાની સંજ્ઞા આપી.

હઝરત ઇબ્રાહીમ અલયહિસ્લામ મહાન પયગંબર હતા. એ ઇરાકે અરબમાં રહેતા હતા. બગદાદ અને બસરાની પાડોશમાં એ વસતા હતા. એમના દીકરા હઝરત ઇસિહાકના વંશમાં હઝરત મૂસા અલયહિસ્લામ અને હઝરત ઇસા અલયહિસ્લામ એ બે મહાન પયગંબર થયા અને એમના દીકરા હઝરત ઇસ્લામના વંશમાં હઝરત મહંમદ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ થયા.

હઝરત ઇસ્માઇલ મક્કામાં રહેતા હતા. એમનો વંશ વધ્યો અને આખા અરબસ્તાનમાં ફેલાયો. કાબા શરીફની સેવા એમના વંશજો કરતા હતા. વર્ષો પછી તે મૂર્તિપૂજક બન્યા અને કાબાના પવિત્ર મંદિરમાં પણ મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી. કદાચ એ બૌદ્ધ સમય હશે.

મસ્જિદે હરમ એ મક્કા શરીફમાં મોટામાં મોટી મસ્જિદ છે. લાખો માણસો નિમાઝ પઢી શકે, એટલી એ વિશાળ છે. એની બાંધણી પાકા કિલ્લા સમી છે. તેની વચ્ચે વિસ્તૃત ચોક છે. તેના મધ્યભાગમાં કાબાની ચોખંડી અને ઉંચી ઇમારત ઉભી છે. તેની આસપાસ કાળા રેશમની કિંમતી ખોલ કિંવા ગીલાફ ચઢાવેલ છે.

કાબા શરીફની નજીકમાંજ જમજમનો પવિત્ર કૂવો છે. એના પાણીનો સ્વાદ જરા તૂરો, સુરાખારને મળતો છે. એ સર્વરોગહર કહેવાય છે. એ હઝરત ઇસ્માઇલના સમયનો છે.

મક્કાથી મદીના ૨૧૭ માઇલ છે. મોટર ત્યાં ત્રીજે દિવસે પહોંચે છે. રસ્તો ઘણો બિહામણો અને વિકટ છે, રેતી અને ડુંગરો-નો તો પારજ નથી. કો ભાગ્યશાળીની મોટર રસ્તામાં ખોટકાયા વિના ત્યાં સલામત પહોંચે છે.

મદીના મુનવ્વરા કિલ્લેબંધ છે. કોટની દિવાલ લગભગ વીસ ગજ ઉંચી છે. તેમાં ત્રણ દરવાજા છે. શહેરની બાંધણી રળીઆમણી

છે. ભૂમિ હરિયાળી અને પવન પાણી નીરોગી છે. એમાં લગભગ વીસ હજાર માણસો વસે છે.

સાડાતેરસો વર્ષ પહેલાં હઝરત મહંમદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ મક્કાથી હિઝરત કરી મદીના આવ્યા, ત્યારે શહેરની આરબ રમણીઓ ડફ વગાડતી ગીત ગાતી સત્કારતી હતી, કે "પર્વતોની ગુફામાંથી ચંદ્રમા નીકળી આવ્યો છે. અમારે અલ્લાહનો પાડ માનવો જોઇએ કે મહંમદ સમો સરસ પાડોશી એણે અમને આપ્યો છે."

અહીં રહી એમણે પોતાનો અને ઇસ્લામનો વિકાસ સાધ્યો. મસ્જિદે નબવીનો પાયો અને બાંધકામ એમના પવિત્ર હાથે થયાં. બીજા મજૂરો અને કામદારો સાથે એ જાતે કામ કરતા.

મસ્જિદે નબવીના ઘેરાવામાં રોજાએ અગદસ છે. એમાં હઝરત મહંમદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની કબર છે. એ સર્વ દિશાથી બંધ છે. માત્ર જાળીઓ રાખેલી છે, અને તે પણ પરદાથી બંધ છે.

અરબસ્તાન આપણા આર્યાવર્તથી માત્ર એક પંચમાંશ નાનો દેશ છે, છતાં વર્ષાદની અછત અને અનિયમિતતાને લીધે એની વસ્તી આપણા દેશ કરતાં ચોથા ભાગની પણ ભાગ્યેજ છે. છેલ્લાં સાઠેક વર્ષથી ઇબ્ને સઉદ નામે રાજા ત્યાં રાજ્ય કરે છે. અંગ્રેજોની લાગવગથી એક ઉપદેશકમાંથી એ મહારાજ બની ગયો છે. પોતે ડાહ્યો અને શાણો હોવા છતાં ધર્માંધ પણ છે. એ વહાબી ધર્મનો હિમાયતી છે. રાજ્યમહેલમાં ક્યારેક હજી પણ એ ધર્મોપદેશ આપે છે.

એના રાજ્યમાં 'કાયદો અને વ્યવસ્થા' આદર્શ છે, એની બરાબરી યુરોપ–અમેરિકા પણ કરી શકે નહિ. રસ્તે મોટરમાંથી પડી ગયેલ સામાન એના ધણીને સલામત પાછો મળે. ચોરી અને લૂંટનો જરા પણ ભય નહિ. હાથ અને નાક ચોર લૂંટારાનાં કાપી નાખવાનો ત્યાં નિયમ છે અને એથી ત્યાં કાયદો અને વ્યવસ્થાની આણ વર્તે છે.

બાકી બધી રીતે આર્યાવર્ત્તથી અરબસ્તાન પછાત કહી શકાય. પ્રજામાં કેળવણી અને સંસ્કારિતા હજી હમણાંજ પ્રકટે છે. સ્વાર્થ અને અસત્યે ત્યાં હદ વાળી છે. પચીસ શરાફ અને ત્રીસ ભાવ, અને તેમાંયે પાંચથી કરી પચાસ ટકા સુધીનો ફેર, તે પરથી યાત્રીઓ કહે છે: "મકકે શરીફ મગર આદમી બદમાશ." ત્યાંની સરકાર એ તરફ લક્ષ આપે તો સારૂં !

એક પવિત્ર અને મહાપુરુષ પ્રાર્થના કરે છે: "આરબોએ સદીઓ સુધી જગતને શીખવ્યું, તે પોતે હમણાં ભૂલી ગયા છે. તે ફરી તેઓ શીખી લે, એવી સદ્બુદ્ધિ એમને મળો, એવી અલ્લાહની કૃપા એમના ઉપર ઉતરો." એજ અભ્યર્થના !

("નવચેતન" માસિકના એક અંકમાંથી)

૮૫-कलकत्ता पासेनी पतितपावन संस्था

ગોવિંદકુમારભવન--પાનીહાટી

(લેખકઃ—શ્રી. વ્રજમોહન વર્મા)

કલકત્તામાં બધી કોમો-હિન્દુ, મુસલમાન, ખ્રિસ્તી, જૈન, શિખ, પારસી સૌ-ઉદરપૂર્તિમાં રોકાયેલી રહે છે. જ્યારે આવા ઉદરપૂર્તિના કામમાંથી ફુરસદ મળે ત્યારે તે કોમો પરસેવાથી ઉત્પન્ન કરેલી કમાઈ પાપાચારમાં ઉડાવી દઈ સમાજના અંગમાં કોઢ ઉત્પન્ન કરવાનું કામ કરે છે. કલકત્તાના ચમકદાર રસ્તાઓ, વીજળીનો ઝગઝગાટ, ઉંચી અટારીઓ, મોટરોની વિપુલતા તથા વિલાસમય જીવનના ઝીણા આવરણ પછવાડે સમાજના અનેક દોષો બીભત્સસરૂપે વધ્યા કરે છે. સમાજ એ દોષને દૂર કરવાનો યત્ન કરવાને બદલે એ દોષો સહન કરી લઇ જારી રાખે છે.

કલકત્તામાં સમાજની આવી દુર્દશાનું જ્ઞાન ઘણી થોડી વ્યકિતઓને હોય છે. આ મહાનગરીની વસ્તી સન ૧૯૨૧ ના વસ્તીપત્રક મુજબ ૯૦૭૮૫૧ની હતી, તેમાં સ્ત્રીઓની સંખ્યા ૨૬૦૨૬૧ હતી, આમાંથી ચાળીસ હજાર સ્ત્રીઓ સમાજની પાપવાસના તૃપ્ત કરવા માટે ઘૃણિત જીવન વીતાવી રહી છે. વિચારવાની વાત છે કે કલકત્તાની પ્રત્યેક સાતમી સ્ત્રીને પતિત જીવન વીતાવવું પડે છે. ૧૯૨૧ ના વસ્તીપત્રકમાં ૩૩૬૭૪ હિન્દુ સ્ત્રીઓ ને ૫૧૩૦ મુસલમાન સ્ત્રીઓએ અને ૩૪૬ અન્યાન્ય જાતિની સ્ત્રીઓએ, પોતાના ધંધા તરીકે વેશ્યાવૃત્તિ ઉઘાડી રીતે લખાવી હતી. આ સિવાય પોલીસનું અનુમાન છે કે સાત આઠ હજાર સ્ત્રીઓ એવી હશે, જે આ ધંધો કરતી હશે, પણ જેણે આ ધંધો લખાવ્યો નહિ હોય.

કલકત્તાની સમાજના પાપાચારની કરુણ કહાણીનો એક ક્ષુદ્ર અંશ કલકત્તાથી થોડે દૂર આવેલ પાનિહાટીના "ગોવિન્દકુમાર-ભવન" માં અંકિત છે.

કલકત્તાથી આઠ માઇલ દૂર બરાકપુર ટ્રંકરોડ પર પાનિહાટી નામે એક નાનકડું ગામડું છે. આ ગામમાં ગંગાના તટ પર એક સુંદર બે માળનું મકાન છે. મકાનની ચારે તરફ લીલા ઘાસવાળો બગીચો છે. ગંગાની લહરિઓ આ લીલા ટુકડાઓને અથડાઇ અથડાઇને પાછી વળે છે. મનુષ્યોના કોલાહલથી ભરપૂર, ધૂમાડાથી છવાયેલું અને અવિરલ જીવન-સંઘર્ષના કેન્દ્ર એવા કલકત્તાની પાસેજ આવું શાન્ત ને મનોહર સ્થાન હોઈ શકે, એ સહજમાં ન કલ્પી શકાય એવી વાત છે. આ મકાનનું નામ "ગોવિદ કુમાર-ભવન" છે. હવે આની કથા સાંભળી લ્યો.

સન ૧૯૨૩માં કલકત્તાના ઉચ્ચ આશયવાળા કેટલાક શહેરીઓએ આ કલંકને દૂર કરવાનો યત્ન કર્યો. પરિણામે કલકત્તા ઇમ્મોરલ ટ્રાફીક ઍક્ટ ઘડાયો. આ કાયદાના નિર્માતાઓએ પાપાચારના મૂળ પર જ કુઠારાઘાત કરવાનો પ્રયત્ન કર્યો. તેઓએ વિચાર્યું કે જો પતિત જીવનમાં આવવાવાળી સ્ત્રીઓની આવક પર જ કાપ મૂકાય તો એ પાપ ધીરે ધીરે નાબૂદ થાય. તેથી આ કાયદામાં એક કલમ એવી પણ હતી, જેથી પતિત મકાનોમાં નાબાલક છોકરીઓને રાખવી એ અપરાધ ગણાય. સાથે સાથે પોલીસને એ અધિકાર પણ સોંપાયો કે તે પતિત ગૃહોમાંથી કાયદાપૂર્વક નાબાલક છોકરીઓને દૂર કરી શકે. કાયદો તો ઘડાઇ ગયો, પણ આ પતિત છોકરીઓને પાપાલયમાંથી ખસેડી ક્યાં રાખવી એ મોટો મુશ્કેલીનો પ્રશ્ન થઈ પડ્યો. આ મુશ્કેલીના ઉકેલ માટે અધિકારીઓએ કલકત્તા વીજીલેન્સ એસોસીએસનની મદદ માગી. આ એસોસીએશનનો હેતુ જનસમાજમાં સદાચારનો પ્રચાર કરવાનો અને તેમના નૈતિક આચારવિચારની ચોકસી કરવાનો છે. તેમાં લગભગ બધી કોમના સભ્યો છે.

સરકારે આ અસોસીએશનને એક આશ્રમ સ્થાપી તેમાં વેશ્યાલયોમાંથી બચાવાયેલી છોકરીઓને રાખવા સૂચના કરી. આ સમયે શ્રીયુત જે. એમ. સેનગુપ્તા કલકત્તાના મેયર હતા. હાઇકોર્ટના જજ સર હ્યુબર્ટ ગ્રીવ્સના પ્રમુખપદ હેઠળ એક "મેયર ફંડ" ઉઘાડવામાં આવ્યું અને એ ફંડમાથી ડમ—ડમ (કલકતાની પાસેનું એક પરૂં)માં એક નાનો આશ્રમ ઉઘાડવામાં આવ્યો. આ આશ્રમ ઉઘાડવાની ક્રિયા બંગાળના તે વખતના ગવર્નર લોર્ડ લિટને કરી હતી અને તેનું નામ "હ્યુબર્ટ ગ્રીવ્ઝ હોમ" રાખવામાં આવ્યું હતું. આ આશ્રમ કેવળ હિન્દુ છોકરીઓ માટે હતો અને તેમાં ૩૬ છોકરીઓને રાખી શકાય એવી ગોઠવણ હતી. શરૂઆતમાં એક અંગ્રેજ અને એક હિન્દુ બાઈ દેખરેખ રાખતાં. તેમની મદદ માટે સ્ત્રીઓની એક કમિટિ હતી, જેમાં એ અંગ્રેજ અને બાકીની હિન્દુ સ્ત્રીઓ હતી.

પણ આ ગોઠવણ પૂરી નહોતી. ચાલીસ હજારમાંથી ૩૬નો ઉદ્ધાર એ કંઇ ઉદ્ધાર ગણાય? પણ ફંડની ઓછપને લીધે ૧૯૨૯ સુધી આ કામ એ રીતે જ ચાલતું રહ્યું. સન ૧૯૨૯માં એક ઉદાર બંગાલી ગૃહસ્થ શ્રીયુત ગોપાલદાસ ચૌધરીએ પાનિહાટીમાં પોતાનું મકાન આ કાર્ય માટે આપવાનું વચન આપ્યું, જેનો સ્વીકાર વિજીલન્સ એસોસીએશને અભાર સહિત કીધો. એક નિયમિત ટ્રસ્ટ દ્વારા દાનપત્ર રજીસ્ટર કરાવી આ મકાન એસોસીએશનને સોંપવામાં આવ્યું.

સન ૧૯૨૯માં "ગ્રીવ્ઝ હોમ" ડમ—ડમથી ખસેડી આ "ગોવિન્દકુમાર ભવન" માં લાવવામાં આવ્યું. છોકરીઓની સંખ્યા વધીને પચાસ ઉપર થઈ ગઇ અને હાલ ૮૨ છે. હવે વધારે છોકરી-

એને રાખવાની જગ્યા પણ નથી.

આમાં રહેતી છોકરીઓમાંની ઘણુખરીની વીતક દયા ઉપજાવનારી છે. એક નાની છોકરીને તેના ભાઇએ બસો રૂપિયા માટે કૂટણીને વેચી દીધી! ગ્રહણપ્રસંગે એ ભાઈ પોતાની બહેનને ગંગાસ્નાન કરાવવા લઈ ગયેલો અને ત્યાં ખરીદદાર કુટણીને બતાવી. ભાઇએ બહેનને કહ્યું કે આ સ્ત્રી તને ઘેર પહોંચાડશે. પછી કૂટણી તે છોકરીને એક વેશ્યાના ઘરમાં લઇ ગઇ, જ્યાં બળપૂર્વક તેને પતિત કરવામાં આવી. એક રાત્રે લાગ મળતાં એ છોકરી ત્યાંથી નાઠી ને પોલીસની મદદથી આ આશ્રમમાં પહોંચી. ભાઈ પર કેસ ચાલ્યો ને તેને રૂ ૧૦૦ દંડ થયો. છોકરીનાં લગ્ન થઈ ચૂક્યાં હતાં, પણ તેનો પતિ તેને હવે ઘરમાં રાખવા રાજી નહોતો.

"ગ્રીવ્ઝ હોમ" પર એક અંગ્રેજ મહિલાની દેખરેખ હતી. જ્યારે ૧૯૨૯માં એ હોમ "ગોવિંદ કુમાર—ભવન" માં આવ્યું, ત્યારે રાજીનામું આપી તે ચાલી ગઇ. "ગોવિંદ કુમાર—ભવન"ની પ્રથમ સુપરીન્ટેન્ડેન્ટ પ્રસિદ્ધ બંગાળી નેતા શ્રીયુત બિપિનચન્દ્ર પાલની કન્યા શ્રીમતી શોભના નન્દી હતી, પણ થોડા મહિના પછી તેની તબિયત બગડતાં તે ચાલી ગઇ. થોડા સમય સુધી એક અંગ્રેજ બાઇએ કામ ચલાવ્યું. તે પછી હાલનો સ્ટાફ નીમાયો. આ સમયે શ્રીમતી પી. ચૌધરી નામે એક બંગાળી ક્રિશ્ચિયન મહિલા "ગોવિંદકુમાર ભવન" ની સુપરીન્ડેન્ડેન્ટ છે. એ સિવાય કાંતવું, વણવું, ભરત–ગુંથણ વગેરે શીખવવા માટે એક બાઈ છે. સરકારે શ્રીમતી આર્કહટને ભવનની સ્ત્રીનિરીક્ષક નીમી છે, ને શિક્ષણવિભાગની ઇન્સપેકટર મિસ બોસ નામે બંગાલી મહિલા છે.

છોકરીઓને પ્રાથમિક કેળવણી ઉપરાંત કાંતવું, વણવું, ભરતગુંથણ, રાંધવું વગેરે જીવનમાં ઉપયોગી થાય એવાં કામો શીખવાય છે.

છોકરીઓના ભરણપોષણનો, કપડાંનો, શિક્ષણનો તેમજ દવાદારૂનો ખર્ચ "ભવન" આપે છે. આ ખર્ચ દરેક છોકરી દીઠ માસિક રૂ. ૨૩ નું આવે છે.

બંગાળ સરકાર ભવનને છોકરી દીઠ રૂ. ૧૦)ની મદદ આપે છેઃ બાકીના રૂ. ૧૩) છોકરી દીઠના માસિક ખર્ચની ગોઠવણ કલકત્તા વિજીલન્સ એસોસીએશનને કરવી પડે છે.

આવી રકમ વાર્ષિક રૂ. ૧૨૫૦૦)ની થાય છે, જે માટે એસોસીએશન હિંદી જનતા સામે હાથ પસારે છે.

આપણા દેશમાં આ જાતની બીજી સંસ્થાઓ ન હોવાથી "ભવન"ના કાર્યકર્તાઓને પાછલા અનુભવે ચાલવાનો લાભ મળી શકે તેમ નહોતું. તેથી શરૂઆતમાં તેમને અનેક જાતની મુશ્કેલીઓ વેઠવી પડી. પણ પાંચ વર્ષ સુધી ભવનનું સંચાલન

કર્યા બાદ તેમને ઘણો લાભદાયક અનુભવ મળ્યો.

પ્રથમ અનુભવ એ થયો છે કે બધી વયની છોકરીઓને "ભવન"માં દાખલ કરી સુધારાની આશા રાખવી વ્યર્થ છે. તેથી ઠરાવ કરવામાં આવ્યો છે કે બારવ ર્ષથી વધારે વયની છોકરીઓને દાખલ કરવી નહિ.

આ છોકરીઓમાં કેટલીક એવી પણ છે, જે પાપનો વ્યાપાર કરે છે. આગળ છોકરીઓની માતાઓને મહિનામાં એક વાર તેમને મળવા દેવામાં આવતી, પણ અનુભવે જણાયું કે માતાઓની આ મુલાકાતની બૂરી અસર થાય છે. તેથી હવે એવો નિયમ છે કે ત્રણ ચાર મહિને "ભવન"માં એક ઉત્સવ ઉજવાય છે, જે વખતે છોકરીઓ, તેમની માતાઓ તથા ભવન પ્રત્યે સહાનુભૂતિ ધરાવનાર અન્યાન્ય મહિલાઓ એકત્ર થાય છે. આ અવસરે છોકરીઓ રમતો બતાવે છે, ડ્રીલ કરે છે, ગાયન ગાય છે તથા અન્ય પ્રકારનો આનંદ મેળવે છે.

કલકત્તાનો સમાજ સ્ત્રીઓને પતિતા બનાવવા માટે દર વર્ષે કરોડો રૂપિયા ખર્ચે છે, પણ આ પતિત બહેનોના ઉદ્ધારમાં પૈસા આપે એવા " માઇના લાલ " શું નહિ નીકળે ? ભવનને રોકડ પૈસાનીજ જરૂર છે એમ નથી. અનાજ, કપડાંલત્તાં, તેમજ અન્ય વસ્તુઓ આપીને પણ "ભવન"ને મદદ કરી શકાય. રૂ. ૩૦૦) વાર્ષિક દેનારને એ વાતનો સંતોષ થઇ શકે કે તે એક અનાથ બાલિકાને એક વર્ષ માટે પાળે છે.

બીજી એક વાત. કાયદા પ્રમાણે વયમાં આવતાં આ છોકરીઓ મરજી આવે ત્યાં જઈ શકે છે. તે જાય ક્યાં ? આપણો સમાજ તેમને સંઘરે એટલો ઉદાર નથીજ. પરિણામે તેઓ ફરી વાર પતિતા બની જાય તેવો ડર રહે છે. સૌથી ઉત્તમ માર્ગ તેમનાં લગ્ન થઇ જાય એ છે. ગયે વર્ષે એ રીતે બે છોકરીઓનાં લગ્ન થઈ ચૂક્યાં છે અને તેઓ આનંદપૂર્વક જીવન વીતાવે છે. એક છોકરીને તેના પતિને એ શરતે પાછી આપવામાં આવી છે કે એ છોકરીની મા કોઇ પણ સંજોગોમાં તેને મળી ન શકે અને "ભવન"ની અધિકારિણી સ્ત્રીઓનો તેમને હંમેશાં મળવાનો અધિકાર રહે. એક છોકરીને તેની મા પાસે પશ્ચિમમાં મોકલી દેવામાં આવી છે. એક છોકરીએ જ્યાંસુધી તેને યોગ્ય બીજું કામ ન મળે ત્યાંસુધી "ભવન"ની સેવા કરવાનું ચાલુ રાખ્યું છે. બે છોકરીઓ ભણવામાં ઘણી કુશળ જણાઈ, તેથી તેમને હાઇસ્કૂલનું શિક્ષણ આપવાની ગોઠવણ કરવામાં આવી છે. માત્ર એક જ છોકરી "ભવન"માંથી નીકળ્યા પછી તેની માતાના પ્રભાવથી પાછી પતિતા બની ગઇ છે.

વયમાં આવતાં " ભવન "માંથી નીકળેલી છોકરીઓને મદદ કરે એવી એક જુદી સંસ્થાની ખાસ જરૂર છે. આ માટે વિચાર કરવા એક સબકમિટિ નીમાઇ હતી, જેણે પોતાના રિપોર્ટમાં

દર્શાવ્યું છે કે કેટલાંક એવાં સાધનો છે, જે દ્વારા આ છોકરીઓ પ્રમાણિકપણે પોતાનું ગુજરાન ચલાવી શકે; દાખલા તરીકે તેઓ આયાનું, નર્સનું કે દરજણ તરીકેનું કામ કરી શકે.

"ગોવિંદ કુમાર ભવન"નું મકાન આપનાર શ્રી. ગોપાલદાસ ચૌધરીએ "ભવન"માંથી નીકળેલી છોકરીઓને મદદ કરનાર એક સંસ્થા સ્થપાય તે સારૂ પોતાની ત્રણ વીઘાં જમીન "ભવન"ની પાસેજ આપી છે. મકાન બનાવવા રૂપીઆ ત્રીસ હજારની જરૂર છે, પણ પૈસા ન હોવાથી આ કામ અટક્યું છે. લેડીઝ એડવાઈઝરી કમિટિની પ્રમુખ શ્રીમતી હેમલતા મિત્રે એક છોકરીના ભરણપોષણનો ભાર પોતાને માથે લઈ લીધો છે. બીજી ધનવાન બહેનોએ આ પગલે ચાલવાની જરૂર છે.

કલકત્તાના ગુજરાતી સમાજમાં ભણેલી સ્ત્રીઓ પણ છે. છેલ્લા સત્યાગ્રહ સંગ્રામમાં કલકત્તાની ગુજરાતી બહેનોનો ફાળો ઓછો નહોતો. હું ઇચ્છું છું કે આ "ભવન"ના કાર્યમાં પણ ગુજરાતી સ્ત્રીઓ ક્રિયાત્મકરૂપે ભાગ લ્યે. આ એક મહાપવિત્ર કાર્ય છે. માતૃજાતિના કલ્યાણ માટે અને સ્ત્રીજાતિના સન્માન માટે એ જરૂરનું છે કે સ્ત્રીઓ આ કામમાં ભાગ લે. મેં શ્રીયુત ચાંપશી ઉદેશી પાસેથી સાંભળ્યું છે કે કલકત્તામાં ગુજરાતી સ્ત્રીઓનું એક મંડળ છે ને તેનું સુકાન શ્રીમતી સૌદામિની મહેતા જેવી સંસ્કારી ને સુશિક્ષિત મહિલાના હાથમાં છે. આ સંસ્થા "ભવન"ની લેડીઝ એડવાઇઝરી કમિટિમાં પોતાના તરફથી એક પ્રતિનિધિ મોકલી શકે. હું આશા રાખું છું કે કલકત્તાની ગુજરાતી બહેનો આ બાબત પર જરૂર ધ્યાન આપશે. આડકતરી રીતે આ પણ એક પ્રકારની દેશ-સેવા જ છે.

(ઑક્ટોબર-૧૯૩૧ ના "નવચેતન"માંથી)



૮૬–ભિખારી-ગૃહ

હિંદુસ્તાનનાં મોટાં મોટાં શહેરોમાં અને તીર્થસ્થળોમાં ભિખારીઓની સંખ્યા આજકાલ બહુ વધતી જાય છે અને દેશના વિચારશીલ પુરુષોનું ધ્યાન આ બાબત તરફ ખેંચાએલું છે. આ ભિખારીઓને લીધે આર્થિક હાનિ થાય છે એટલુંજ નહિ પણ તેમનો દેખાવ જોનારના હૃદયમાં ઘૃણા ઉત્પન્ન કરે છે. આની સાથે લોકોમાં રોગના ફેલાવાની પણ શંકા રહે છે. કેમકે રક્તપિત્ત વગેરે રોગોથી પીડાતા આ ભિખારીઓને જે પૈસા આપવામાં આવે છે તે વડે તેઓનું પોષણ થાય છે. પણ દાક્તરોનો એવો મત છે કે આથી તે રોગનાં જંતુઓ ચેપી હોવાથી બીજાને લાગવાનો ભય રહે છે. આ કારણોને લઇને કેટલાક લોકો ભિખારી ગૃહો સ્થાપવાનો વિચાર ચલાવી રહ્યા છે, કે જ્યાં આવા માણસોને રાખી ભરણપોષણ કરવામાં આવે અને જેમનાથી બની શકે તેમની પાસેથી કામ લેવામાં આવે.

આ બાબતમાં ઉટાકામંડની મ્યુનિસિપાલીટીએ જે સ્તુત્ય પગલું ભર્યું છે તે માટે તે ધન્યવાદને પાત્ર છે. તેના સભ્યોએ રેવ૦ થિયોબોલના ઠરાવ પરથી નિર્ણય કર્યો છે કે ઉટાકામંડની સડક, પોળ વગેરે સ્થળોમાં જે ભિખારીઓ ભીખ માગતા હોય તેમને આ ગૃહમાં મોકલી આપવા. વળી રેવ૦ થીઓબોલ્ડે પોતાના ભાષણમાં એ પણ જણાવ્યું છે કે આવા પ્રકારનું એક ગૃહ કોલંબોમાં પણ મોજુદ છે. ત્યાં ભિખારીઓનું ભરણપોષણ કરવામાં આવે છે અને સાથે સાથે તેમની પાસેથી કામ પણ લેવામાં આવે છે. જેઓ કામ કરવા ખુશી હોતા નથી તેઓને જેલમાં પૂરવામાં આવે છે; અગર તો કોલંબોની બહાર મોકલી દેવામાં આવે છે. આવા કાયદાને લીધે કોલંબોની સડક પર એક પણ ભિખારી નજરે પડતો નથી. તાંજોરમાં પણ એક ભિખારીગૃહ ખુલ્લું મૂકવામાં આવ્યું છે, જે સંતોષકારક રીતે ચાલે છે. અહીંઆં દરેક ભિખારી દીઠ માસિક છ રૂ. ખર્ચ આવે છે.

આ બધા દાખલા પરથી સિદ્ધ થાય છે કે જો આવાં ગૃહો બીજાં શહેરોમાં પણ ખોલવામાં આવે તો તે અશક્ય નથી. વળી તેનું ખર્ચ પણ લગભગ તેઓના કામથી મળી રહે અને બાકીનું ઉઘરાણાથી મેળવી શકાય. લોકો આજ પણ ભિખારીઓને દાન આપે છે અને પોતાનું ભરણપોષણ પણ કરે છે. આવી સ્થિતિમાં ગૃહમાં રહેતા આ ભિખારીઓને માટે ઉઘરાણું કરવું મુશ્કેલ નથી. આ લોકોનો બોજો જનસમાજ ઉપરજ છે અને જો તેઓને ભિખારીગૃહોમાં રાખવામાં આવે તોપણ તેઓનો બોજો તેમના ઉપરજ રહેવાનો. આનો કમમાં કમ એક ફાયદો તો જરૂર થવાનો કે સાધારણ જનસમાજને જે આ ભિખારીઓ હેરાન કરે છે અને છેતરે છે–જેના દાખલા આપણા જોવામાં ઘણી વખત આવે છે–તેમાંથી તો બચી શકે. ("ચાંદ" વર્ષ ૧૦, ખંડ ૨, સંખ્યા ૪માંથી)

૮૭-मनुष्यत्व एटले शुं ?

આત્મીય સુખની ઉચ્ચતા માણસમાંજ સંભવી શકે છે. કોઇ સત્કાર્ય કરવાથી માણસના મનમાં જેવો આનંદ થાય છે, એવો આનંદ બીજાં પ્રાણીઓમાં જોવામાં આવતો નથી. એનો એક દાખલો વાચકોની આગળ મૂકવામાં આવે છે.

ડેનમાર્ક દેશમાં જ્યારે ભયંકર હીમ પડે છે, ત્યારે સમુદ્રનું પાણી ઠરીને એનું કઠણ બરફમાં રૂપાંતર થઇ જાય છે. એ વખતે શહેરના લોકો બરફના ઢગલાઓ ઉપર સ્લેજ નામની ગાડી લઇ રમત રમવા જાય છે. પણ એ દેશમાં ક્યારેક ક્યારેક એક જાતનાં વાદળાં ઉત્પન્ન થાય છે કે જેથી વરસાદ થાય છે. આ વરસાદનો એવો સ્વભાવ હોય છે કે વધારે વાદળાં થતાંની સાથેજ બરફ પીગળવા માંડે છે, અને થોડીજ વારમાં તેના ભાંગીને ચૂરેચૂરા થઈ જાય છે. એક દિવસ શહેરના લોકો એ બરફ ઉપર રમવા ગયા હતા. એટલામાંજ આકાશમાં પેલાં વાદળાંની ઘોર ઘટા થઇ રહી. વાદળાં આવતાંની સાથેજ બરફ પીગળવાનો હતો. એક ઘરડી ગરીબ સ્ત્રી થોડે દૂર સમુદ્રને કિનારે ઝુંપડી બાંધીને રહેતી હતી. એણે જોયું કે આકાશમાં ભયંકર મેઘ છાઇ રહ્યો છે અને બરફ પીગળવાથી થોડીજ વારમાં મારા દેશભાઇઓ મરી જશે. આ જોઇ તે ઘણી ડરી ગઇ. ૨૦-૨૫ વરસથી આવું ભયંકર વાદળ જોવામાં આવ્યું ન હતું. આજ એકાએક આકાશ આવાં વાદળાંથી ઘનઘોર થઈ ગયું છે. એ જોઇ ડોશીના ભયનો પાર રહ્યો નહિ. રમતમાં તલ્લીન થઇ ગએલા મારા દેશભાઇઓને આ ભયાનક આફતમાંથી હું કેવી રીતે બચાવું એ ચિંતાથી એ ઘણી વ્યાકુળ બની ગઈ. એ સમયે તે જાતે બિમારી ભોગવતી હતી અને ચાલવા-ફરવાની પણ એનામાં જોઇએ તેવી તાકાત ન હતી. ઘણો વિચાર કર્યા બાદ એને એક ઉપાય જડી આવ્યો. મહામુશ્કેલીથી તે ઘરની બહાર નીકળી અને તત્કાળ એણે પોતાના ઘરને આગ લગાડી દીધી. આગે ઘણું ભયંકર સ્વરૂપ પકડ્યું. આગની જ્વાળાઓ ઘણે ઉંચે સુધી જતી હતી, અને ભડકે ભડકા થઇ રહ્યા હતા. આ બાજુ રમતમાં મગ્ન થએલા લોકો આગના ભડકે ભડકા જોઇને વિચારવા લાગ્યા: 'આ શું થયું ? આ તો પેલાં ડોશીમાનું ઘર બળી રહ્યું છે !' બધા લોકો ડોશીને બહુ ચાહતા હતા. એથી તેઓ બધા જરા પણ વાર કર્યા વગર રમતને છોડી દઈ ડોશીના ઘર તરફ દોડયા. જઇને જોયું તો ડોશી બેભાન થઇને પડી છે ! ઘણી સેવા-શુશ્રૂષા કર્યા બાદ ડોશીને ભાન આવ્યું. ભાન આવતાંજ ડોશીએ પહેલો સવાલ એ કર્યો કે 'બધા લોકો સહીસલામત પાછા આવ્યા છે ને ?' જ્યારે એણે જાણ્યું કે બધા

સહીસલામત છે ત્યારે એના ચહેરા ઉપર અપૂર્વ સંતોષ અને આનંદ ફેલાઈ ગયો અને તેના મોંમાંથી એ ઉદ્દગાર નીકળ્યો કે 'ઇશ્વરની દયા અલૌકિક છે !' બસ, એટલું બોલીને ડોશીએ આંખો મીંચી લીધી અને તેજ ક્ષણે તેના પ્રાણ સ્વર્ગે સીધાવ્યા.

હવે સૌના કુશળ સમાચાર સાંભળીને આ ડોશીને જે આખરી આનંદ અને સંતોષ થયો હતો તે આનંદનું આત્મીય સુખ શું કોઇ બીજા પ્રાણીમાં કદી સંભવી શકે એમ છે ? કદી નહિ. એ સ્વભાવ તો ખાસ મનુષ્યનોજ છે.

હવે ત્રીજા ભેદ તરફ જોઇએ. ત્રીજી બાબત તે મનુષ્યમાં રહેનારૂં કર્તવ્યનું જ્ઞાન. જેવું કર્તવ્યજ્ઞાન માણસમાં જોવામાં આવે છે તેવું બીજાં પ્રાણીમાં કદી હોતું નથી. એનો એક દાખલો આપવામાં આવે છે.

એક વખત સમુદ્રમાં એક આગબોટ જઇ રહી હતી. બરાબર વચમાં જ્યારે તે જઇ પહોંચી ત્યારે તેમાં એકાએક આગ લાગી ગઇ. આગબોટના તળીઆમાં, કઇ જગાએ આગ લાગી છે, ક્યાંથી ધૂમાડો આવે છે એ વિષે કોઇ પણ બરાબર નિશ્ચય કરી શકયા નહિ. સૌને લાગ્યું કે હવે થોડીજ ક્ષણમાં આગબોટ બળીને ભસ્મ થઇ જશે; પણ ગણત્રી કરતાં માલમ પડયું કે બહુજ ઝડપથી જો આગબોટને ચલાવવામાં આવે તો આગબોટ પૂરેપુરી બળી જતાં પહેલાં કિનારે પહોંચી શકાશે. એથી કિનારા તરફ આગબોટને ચલાવવાનું શરૂ થયું. ઈંજનેર બહાદુરીથી પોતાની જગાએ દઢતાથી ઉભો રહી અસહ્ય તાપ સહન કરતો પોતાની ફરજ બજાવી રહ્યો હતો. કપ્તાન વચમાં વચમાં ધાંટો પાડીને એની ખબર પૂછતો હતો.

ઉપરથી જ્યારે કપ્તાન પૂછતો કે કેમ છો ? ત્યારે તે જવાબ દેતો કે 'મજામાં છું'. પણ ધીરે ધીરે ઇંજનેરનો અવાજ બંધ થવા લાગ્યો. હવે કપ્તાનના જવાબમાં તે 'ગો ગો' એ પ્રમાણે બોલવા લાગ્યો, છેવટે એટલે સુધી હદ આવી ગઇ કે એના મોંએથી કાંઇ પણ અવાજ નીકળી શકયો નહિ. પણ તેમ છતાં તેના હાથ પોતાના યંત્ર ઉપર અટકયા વગર બરાબર કામ કરી રહ્યા હતા. પછી જ્યારે આગબોટ કિનારે આવવા લાગી ત્યારે ઇજનેરને બહાર કાઢીને જોયો તો માલમ પડયું કે તે બેભાન છે, ધુમાડાથી એનો શ્વાસ રૂંધાઈ ગયો છે અને આગથી તેના બંને પગ અર્ધા બળી ગએલા છે. થોડી વારે એ મરણ પામ્યો. જો જરા વિલંબ થયો હોત તો તે આગબોટમાંજ મરણ પામ્યો હોત.

આ કેવી ઉમદા કર્તવ્યપરાયણતા ! કોઇ પણ પ્રાણીમાં આવી કર્તવ્યનિષ્ઠા કદી જોવામાં આવી છે ? ના કદી નહિ, ફક્ત મનુષ્યમાંજ એ ગુણ નજરે પડે છે.

હવે ચોથી ભિન્નતા છે અનંતનું ચિંતન અને આરાધના. આ

બાબતમાં મનુષ્ય અને બીજાં પ્રાણીઓમાં જમીન-આસમાન જેટલો ભેદ છે.

દરેક પ્રાણી કે પદાર્થ કે મર્યાદિત સત્તા એક મહાન અનંત સત્તાને આધારે રહેલી છે-અને દરેક શક્તિ એક મહાન અનંત શક્તિમાંથી ઉત્પન્ન થએલી છે. આ વાત મનુષ્ય સિવાય બીજાં પ્રાણીઓ કદી જાણી શકતાં નથી. જંગલી અગર સંસ્કારયુક્ત, કોઇ પણ અવસ્થામાં માણસ જાણ્યે કે અજાણ્યે એક અત્યંત શ્રેષ્ઠ એવી અદૃશ્ય શક્તિમાં માને છે અને એની તે આરાધના કરે છે. માણસે જેવી રીતે પોતાના ભરણપોષણને માટે કૃષિ અને વાણિજ્યનો બહોળો વિસ્તાર કર્યો છે, રહેવા માટે ઘર બનાવ્યાં છે, અને જ્ઞાનપ્રાપ્તિને માટે શિલ્પ, સાહિત્ય આદિ શાસ્ત્રોની રચના કરી છે, તેજ પ્રમાણે એણે આરાધનાને માટે મંદિર, દેવાલયો, મસ્જિદો વગેરેની રચના કરી છે. બીજાં પ્રાણીઓની પેઠે મનુષ્ય પણ ઇંદ્રિયગ્રાહ્ય અને દૃશ્ય વસ્તુઓમાં મુગ્ધ થાય છે એ ખરૂં, અને એમાં કાંઇ આશ્ચર્ય નથી; કેમકે સર્વ પ્રાણીઓને માટે એ સ્વાભાવિક છે. પરંતુ અદૃશ્ય પદાર્થ તરફ એનું આકર્ષાવું અગર તેમાં તલ્લીન થઇ જવું તેમજ અતીન્દ્રિય શક્તિની ઉપાસના કરવી એ માનવજીવનનું એક ગૂઢ રહસ્ય છે. જે માણસની ભાષા સમજતો નથી, મનુષ્યની મનોવૃત્તિઓ જેવી જેની મનોવૃત્તિઓ નથી એવો કોઇ જીવ જો માણસની આરાધના જુએ તો જરૂર તે આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયા વિના રહેશે નહિ ! તેમજ એથી વધારે આશ્ચર્યકારક વાત તેને ભાગ્યેજ જાણવા મળશે !

આ ઉપરથી સિદ્ધ થાય છે કે આ ચાર ગુણોને લીધે માણસ બીજાં પ્રાણીઓથી ભિન્ન તેમજ શ્રેષ્ઠ છે. બીજાં પ્રાણીઓથી શ્રેષ્ઠ બનવું હોય તો માણસે આ ચાર ગુણોનો પોતાની અંદર ખૂબ વિકાસ કરવો જોઇએ. એ ગુણો માત્ર આદર્શરૂપેજ રહેવા ન જોઇએ. માણસે પોતાના જીવનમાં એ ચારે ગુણો સ્વભાવસિદ્ધ કરી દેવા જોઇએ. આત્મા સત્ય પ્રત્યે અનુરાગવાળો થાય, ચિત્ત સત્યની ઉપાસના કરતું થઇ જાય, એવા ઉપાય શોધીને તે પ્રમાણે ચાલવું જોઇએ. સત્યનું આચરણ અને અસત્યનો ત્યાગ એ બેઉ તરફ ધ્યાન રાખવું જોઇએ. કર્તવ્યપરાયણતા એજ ધર્મસાધનાનો મુખ્ય ઉપાય જાણીને પ્રયત્નપૂર્વક એને આત્મસાત કરવી જોઇએ. તેમજ જીવન આરાધનામય બનાવી દેવું જોઇએ. આ બધું લક્ષમાં રાખી વર્તીએ તોજ આપણે યથાર્થ માનવજીવન પ્રાપ્ત કરી શકીશું. જીવનનો આ સર્વથી શ્રેષ્ઠ આદર્શ જો લક્ષમાં ન રાખીએ તો આપણે પશુવત્ જીવન ગુજારતા થઇ જવાના એમાં સંદેહ નથી. ("ભાગ્યોદય"ના એક અંકમાંથી)

૮૮–कृष्ण महाराजने

(લેખકઃ–શ્રી. દાલચીવડા)

" કાં દાલચીવડા, કેમ છો ? "

" ભગવાન ! આનંદ છે. જ્યાં સુધી આપ સાથે છો ત્યાં સુધી દાલચીવડાને શી ફિકર છે ? જ્યાં કૃષ્ણ ત્યાં જય એ આપણું જૂનું સૂત્ર પાંચ હજાર વર્ષ થયાં દરેક શરીરમાં દાલચીવડા ગોખતો આવ્યો છે."

" એમ ? " ભગવાન મંદ હાસ્યે હસ્યા.

" મહારાજ ! આ સેવકની કંઇ મહેમાનગીરી સ્વીકારશો ? " દાલચીવડાએ આતુરતાથી હાથ જોડયા.

" શું આપીશ ? "

" મહારાજ ! આપ કહીયો ઇ આપું."

" મને તો માખણ મીસરી પ્રિય છે, આપીશ ? "

" મહારાજ ! માખણ–મીસરીનાં તો આજે અમારે ત્યાં સ્વપ્નાં થયાં છે. હા, એક પ્રકારનું નવું માખણ મુંબઇના ભીંડી બજારમાં થાય છે અને એ માખણના ડબે ડબા મોટા પ્રમાણમાં ઉપડે છે. જેની પાસે એ માખણના ડબા હોય છે એને માટે ગમે તે મુશ્કેલીમાં લાઇન કલીઅર છે."

" લાઇન કલીઅર એટલે શું ? " શ્રીકૃષ્ણે હસતાં હસતાં પૂછ્યું.

" મહારાજ ! આપને એક વિનંતિ કરી લઉં કે આજ તો ઠીક પણ આવતી આઠમે આપ આ સેવકને દર્શન આપવા આવો ત્યારે અંગ્રેજી ભાષાનો અભ્યાસ કરીને આવજો. આજે અંગ્રેજી નહિ આવડે તો આપ પોતે અવતારી તરીકે પધારો તોપણ આપનો એકડો બાદ. આજ તો અંગ્રેજી અમારી રાજભાષા છે. આપને એ ભાષા નહિ આવડે તો માફ કરજો. આપનો ધડો આ યુગમાં કોઇ કરશે કે નહિ એ શંકાનો વિષય છે. "

" એમ...? "

" હા મહારાજ ! ખરી વાત એ છે. થોડી એટીકેટ પણ આપે શીખવી પડશે. જો આપને આ પૃથ્વી પર ફરીથી અવતાર લેવો હોય તો આ દાલચીવડાની એક સલાહ નોંધી લેજો, કે આપનાં આ પીળાં પીતાંબર નહિ ચાલે. ઉઘાડા પગ અને ઉઘાડું શરીર હવે એટીકેટની વિરુદ્ધ ગણાશે. હવે આપની આ પાદુકાઓ આજના જમાનામાં અસ્થાને છે; માટે આપે એ બાબતમાં કંઇ ફેરફાર કરવો પડશે."

" કહે કહે, મારે શું પહેરવું ? " શ્રીકૃષ્ણે એક સુંદર હાસ્ય કરી પ્રશ્ન પૂછ્યો.

"મહારાજ! આપ સર્વજ્ઞ છો, છતાં આ સેવકને પ્રશ્ન પૂછો છો તો એ જવાબ આપવાનું માન આ સેવક મોટી ખુશીથી સ્વીકારે છે. જુઓ ભગવાન! આપે આ પૃથ્વી પર પધારવું હોય તો આપનો આ મુકુટ વૈકુંઠલોકમાં મૂકતા આવવું. અને એને બદલે 'સોલા હેટ' વ્હાઇટવેને ત્યાંથી આપણે ખરીદી લેશું. આપના આ લાંબા બાલ સ્વર્ગલોકના દેવોને સોંપતા આવજો અને એને બદલે અમારા ગામના પ્રખ્યાત બારબર પંડિત વેલજીભાઇના સંચાથી જેવી આ સેવકની બાબરીનો કટ થયો છે એવા કટની બાબરી આપે રખાવવી પડશે અને એમાં કામીનિયા ઑઇલ નાખીને આપે વાંકો સેંથો પાડી માથાને જરા આકર્ષક બનાવવું પડશે. તોજ આજની સોસાઇટીમાં આપને સ્થાન મળશે."

"પણ દાલચીવડા! મારો પ્રશ્ન મારે શું પહેરવું એટલોજ હતો એને બદલે તેં તો માથાના મોવાળાની આદરી!"

"મહારાજ! એમ ઉતાવળા ન થાઓ. આ યુગ તો બોલવા-નોજ છે. એક વાત પૂછો એનો સામો દોઢસો વાતોથી ભરેલો જવાબ આપે એજ હુંશિયાર ગણાય છે. આ દાલચીવડાને પણ એ હુંશિયારોનો ચેપ લાગ્યો હોય તો પ્રભુ ક્ષમા કરજો. આપણે પાંચ હજાર વર્ષ પહેલાં ગોકુળમાં જે નિર્દોષતાથી, સચ્ચાઇથી રહેતા હતા તેવું આજે નથી. આજે તો સર્વત્ર સ્વાર્થ, અદેખાઈ અને હું મોટો ને તું નાનો એવી-જ મારામારીઓમાં આ દેશની મિનિટો, કલાકો, દિવસો, મહિનાઓ અને વર્ષો વીત્યાં જાય છે અને.........

ભગવાને દાલચીવડાના મોઢા આડો હાથ ધર્યો.

"ભલા માણસ! મારે કીયો પહેરવેશ પહેરવો એ પ્રશ્નનો પહેલાં ઉત્તર આપ."

"હા, મહારાજ! જરા આડું ફટાઇ ગયું. દાલચીવડા વિલ્સન કૉલેજમાં ભણતો ત્યારે એના પ્રૉફેસર સાહેબને એવી ટેવ હતી. એક મુદ્દાપરથી બીજા મુદ્દાપર પ્રોફેસર સાહેબ સપાટામાં ઉતરી જાય અને પછી કલાક સુધી મૂળ મૂદ્દો કોરાણે મૂકી બીજા મુદ્દા પર બકવું ચાલુ રાખે–"

"વારૂ પછી?"

"હા મહારાજ! સાંભળો. આપને જો આ ભૂમિ ખરેખર ફરી પાવન કરવી હોય તો આપે કોટ, પેંટ, મોજાં, બૂટ એ બધું પહેરવું પડશે. આપને એ બધું વ્હાઇટવે લેડલો, ઇવાન્સ ફ્રેઝર, આર્મી એન્ડ નેવી વગેરેને ત્યાંથી મળશે. દાલચીવડાનો પ્રેમજી દરજી પણ એ સીવી આપશે, પણ જો એકના ચાર ગણા પૈસા આપવાનો આપને મોહ હોય તો આપ પરદેશી ટેલરને ખટાવજો. પણ આપ તો લક્ષ્મીપતિ કહેવાઓ એટલે આપને ક્યાં લક્ષ્મીની ખોટ છે?"

"દાલચીવડા! ઠીક યાદ આપ્યું. લક્ષ્મીજીને સાથે આવવું હોય તો?"

"ભલે પધારે. એમનો તો આ જમાનો છે. આપનો જમાનો પાંચ હજાર વર્ષ પહેલાં આથમી ગયો. આજે શ્રીકૃષ્ણનો જમાનો નથી. આજ તો ટકેશ્વર ભગવાનનો જમાનો છે. જેને ઘેર ટકેશ્વર બિરાજે છે તેને ત્યાં ભક્તજનો ઉભરાય છે. ટકેશ્વરની મહેરબાની થતાં સૌ સલામ લેતા આવે છે. ટકેશ્વરની કૃપા હોય તો કંઇક મધમાખીઓ જુદે જુદે સ્વરૂપે રોજ એ ભક્તજનની આસપાસ ભમતી ફરે છે. બાપુ! લક્ષ્મીજીને કહેજો કે કળિયુગમાં તમે નારી મટી નર થયાં છો અને તમારૂં નામ ટકેશ્વર પડયું છે."

"ત્યારે તો આપણે પણ એમની પાછળ પાછળ ચાલશું."

"મહારાજ! તોજ આપનો ભાવ પૂછાશે. આપ પાસે ટકેશ્વરનો ખણખણાટ ન હોય તો આજે આપને શ્રીકૃષ્ણ તરીકે પૂજનારા પણ આપ તરફથી મોઢું ફેરવશે. આપને એ વાતની ખાત્રી કરવી હોય તો આજેજ એક અખતરો કરો. આપ એક ગરીબ વૃદ્ધ ભિખારી તરીકે આપના મંદિરના ચોકમાં બેસો ને ફાટેલાં કપડાં પહેરીને તદ્દન ગરીબ હો એવી રીતે આપ ભિક્ષા માંગો. એના જવાબમાં તિલક વચ્ચે આપનાં પગલાં પાડનારા આપની સામે દૃષ્ટિ પણ નહિ કરે. બીજી કોઇ વ્યક્તિ આપની ઓળખાણ આપશે કે આ પ્રભુ પોતે છે તો એ ભક્તજન ખડખડ હસશે અને તિરસ્કારભર્યા હાસ્યે એ ત્યાંથી ચાલ્યો જશે. એટલે મહારાજ! આપ ગરીબનીવાઝ કહેવાઓ છો પણ આપના ભક્તો ગરીબો તરફ દૃષ્ટિ પણ કરતા નથી."

"દાલચીવડા, તું તો વ્યાસની માફક વક્તા થઈ ગયો લાગે છે?"

"મહારાજ! વક્તા તો ઠીક, પણ આપની સાથે પાંચ હજાર વર્ષ પર રમણરેતીમાં દાલચીવડા એક ગોપ તરીકે ખેલ્યો છે એટલે દાલચીવડા આપને આજે યાદ આપવા માગે છે કે એ ગેંડીદડો હવે સદાને માટે ગયો છે. એને બદલે 'ગોલ્ફ' 'ટેનીસ' અને ક્રીકેટ આપ શીખતા આવજો."

"બહુ સારૂં—બીજું શું?"

"એ રમણરેતીના રાસ આપ ભૂલી જજો અને એને બદલે સોસાઇટી ડેન્સની તાલીમ આપવા ભગવાન શંકરને કહેજો."

"ભલે—બીજું શું?"

"આપની પ્યારી બંસી હવે અસ્થાને છે. એને બદલે આપ હારમોનિયમ અને પિયાનાની તાલીમ લેવાનું ચૂકશો નહિ."

"ખરૂં—બીજું શું?"

"આપણે રોજ સવારમાં ઉઠીને દહીં ને રોટલો ખાતા એ જમાનો હવે નથી. હવે તો સવારે ચા અને બીસ્કીટ ખાવાની ટેવ પાડજો."

"ચા શું વળી?"

"મહારાજ! એ આ કળિયુગની પૂતના છે. એ પ્રજાશરીરનાં રક્ત ચૂસી ચૂસીને એવી સશક્ત થઈ ગઈ છે કે હવે આપની તાકાત નથી કે આપ એને હણી શકો."

"એટલું બધું?"

"શું કહું મહારાજ! આ આપના જેવા ગોપાલના દેશમાં આજે ગરીબનાં છોકરાંઓને દૂધનો ઘૂંટડો મળતો નથી. ગોરસનાં તો સ્વપ્નાં થયાં છે અને આપના ભક્તો ગોરસનાં ગીતો ગાય, પણ ચાના પ્યાલા વિના તો એને બગાસાં આવે."

"એ તો અજાયબી?"

"મહારાજ! અજાયબીની વાતો તો હજી બાકી છે; પણ આપને માટે દેવમંદિરમાં દોડાદોડી કરનારાં અનેકને જો કોઇએ વશ કર્યાં હોય તો આ ચાએ. આજે આપનો જન્મદિવસ છે એ દિવસે આપ આપના ભક્તોને ઘેર ઘેર જઇ આવો તો પ્રાઇમસ અને ચાની લાગી પડી હશે."

"એ તો મારે જોવું પડશે."

"અરે મહારાજ! આપ જુઓ તો આપની આંખમાં પણ આંસુ આવે કે આ દેશની કેવી દશા થઈ છે. આજે માણસને પીવા માટે પાતળી છાશ મળતી નથી."

"ગાયોના આ દેશમાં છાશ નહિ એ તો એક અજબ અજાયબી!"

"મહારાજ! આજે આ દેશ તો ગાયોનો નથી રહ્યો. ગાયોનો તો રોજ 'બીફ'ને માટે નાશ થઈ રહ્યો છે. ગોપાલક ગણાતા આપના ભક્તોમાંથી કેટલાઓએ ગાયો રાખી છે તે તો જુઓ? અને ગોબ્રાહ્મણ-પ્રતિપાળ કહેવાતા રાજાઓએ તો સત્યાનાશ વાળ્યું છે. પૈસાને લોભે ગૌચરની જમીનો ખેડાવી નાખી. આજ કોઇ પણ ગામની સીમમાં ઘાસનું તણખલું પણ ગાયો માટે નથી રહેવા દીધું."

"એ તો બહુ ભારે કહેવાય?"

"મહારાજ! ભારે કે હલકું આપ જે કહો તે, પણ એ રાજાના અમલદારો, વૈષ્ણવો, આપના ભક્તો હોવા છતાં એ વૈષ્ણવ વહીવટીઓએ ગૌચરની જમીન 'ટકેશ્વર'ની લાલચથી વેચી નાખેલી આ આંખોએ જોયેલી છે..."

"ગોસ્વામી મહારાજો કંઇ કરતા નથી?"

"જવા દો ભગવાન! એ વાત જવા દો. ગોસ્વામી મહારાજો ધારે તો ગૌધનનું સૌથી સરસ રક્ષણ કરી શકે; પણ એમની વાતો કરવાની દાલચીવડાની ઇચ્છા નથી. કેમ! શું કહું? મહારાજ! જ્યાં આપ બાલકૃષ્ણ તરીકે બિરાજતા હો ત્યાં, મુખિયા, ભીતરિયા, જળગરિયાની લીલાનાં પ્રકરણો ભાષામાં બોલવા જેવાં નથી..."

"એટલે ?"

"મહારાજ ! એ તો આપ અંતર્યામી છો, જોઇ લ્યો..."

શ્રીકૃષ્ણ જવાબમાં હસ્યા.

"ખરી વાત છે દાલચીવડા, દેવમંદિરો જ્યાં જ્યાં ભ્રષ્ટ થયાં છે ત્યાંથી મેં વિદાય લીધી છે. મારી મૂર્તિમાંથી મારો અંશ ચાલ્યો ગયો છે."

"મહારાજ ! એમ ન કરો. આપ દેવમંદિરમાં બિરાજો અને અનીતિનાં જ્યાં જ્યાં ધામ હોય ત્યાં આપનો દંડો ફેરવી ફરીથી નીતિની આરતી ઉતરે તેવા પ્રયત્નો કરો."

"પણ હવે તો તું મને અવતરવાનું કહે છે, એટલે એ બધા પ્રશ્નનો નિકાલ એની મેળે થઇ જશે."

"કહો મહારાજ ! કયારે અવતરશો ?"

આ પ્રશ્નનો જવાબ મળે ત્યાં તો—

"દાલચીવડાભાઈ ! એ દાલચીવડાભાઇ ઉઠો ! ઉઠો ! ! શું કરો છો ? ભલા માણસ ઉંઘમાં પણ ભાષણો કરો છો ?" ગીરગામ બેક-રોડના એક બંગલામાં જેને ત્યાં દાલચીવડાનો ઉતારો હતો એ સંસ્કારી બહેને મને ઉઠાડયો.

આંખો ચોળતાં ચોળતાં મેં એ બહેનને કહ્યું:

"કેમ બહેન ?"

"અરે ઉઠો ઉઠો. આજે ઉંઘમાં શેનું ભાષણ કરતા હતા ?"

દાલચીવડા કંઈ જવાબ આપે તે પહેલાં તો નીચે રસ્તા પર ઢોલકી વાગી અને ઘાટીઓ ગોવિંદા ! ગોપાલા...ગોવિંદા...ગોપાલા... કરતા નીકળ્યા.

સંવત ૧૯૭૧ નું એ જન્માષ્ટમીનું સ્વપ્નું દાલચીવડા આજે યાદ કરે છે ત્યારે એની દૃષ્ટિ સમક્ષ કૃષ્ણ મહારાજને સોળ વર્ષ પહેલાં કહેલી વાતો યાદ આવે છે. કૃષ્ણમહારાજે કેટલીક સૂચનાઓ સ્વીકારી છે એ જોતાં આજે દાલચીવડા કૃષ્ણને કહે છે "થેંક યું ! !"

("શારદા" ના એક અંકમાંથી)

૮૯-अमारा कुळमां तरुणो मरता नथी.

(લેખકઃ—શ્રી. વાલજી ગોવિન્દજી દેસાઇ)

नहि कल्याणकृत्कश्चिद्दुर्गतिं तात गच्छति ।

રાજા બ્રહ્મદત્ત વારાણસીમાં રાજ્ય કરતો હતો, તે સમયે કાશિ-રાષ્ટ્રના એક ગામડામાં એક બ્રાહ્મણ વસતો હતો. તે બહુ સદાચારી હતો, એટલે એને બધા ધર્મપાલ કહેતા. તેના ઘરના ચાકર પણ દાન દેતા, શીલ રાખતા તથા ઉપવાસ કરતા.

ધર્મપાલને ઘેર પુત્ર અવતર્યો. પુત્ર મોટો થયો, એટલે પિતાએ એને સહસ્ર સોનૈયા આપીને વિદ્યા ભણવા તક્ષશિલા મોકલ્યો. તે ત્યાં જઇને એક દિગ્વિજયી આચાર્યના પાંચસો શિષ્યોમાં વડો થઇને રહ્યો.

હવે આચાર્યનો એક દીકરો મરી ગયો, એટલે આચાર્ય, એના સગાંસંબંધી, શિષ્યો સર્વે આક્રંદ કરવા મંડ્યા. એક ધર્મપાલકુમાર રોતો કકળતો નહોતો. સ્મશાનથી આવ્યા પછી 'આવો સદાચારી જુવાન જોધ માબાપને મૂકીને ચાલતો થયો' એમ બધા શિષ્યો ખરખરો કરે છે, એટલે ધર્મપાલ બોલ્યોઃ 'સાચેજ, તમે તરુણ એમ કહો છો? તરુણ અવસ્થામાંજ તેનો દેહાંત કેમ થયો? જુવાનીમાં મરવું ન ઘટે.'

બીજા કહે, 'મરણ તો માણસનો સ્વભાવજ છે તે તું નથી જાણતો?'

'જાણું છું. પણ જુવાનીમાં ન મરે, વૃદ્ધ થઇને મરે.'

'ધર્મપાલ! તમારા ઘરમાં કોઇ મરે નહિ કે?'

'નાનપણમાં કોઈ ન મરે, બૂઢાપામાં મરે.'

'આ તમારા કુલની રીતિ છે?'

'હા.'

શિષ્યોએ આ વાત આચાર્યને કરી. આચાર્યે ધર્મપાલને બોલાવીને પૂછ્યુંઃ 'સાચેજ, તાત ધર્મપાલ! તમારા કુળમાં નાનપણે કોઇ મરતા નથી?'

'સાચેજ, મહારાજ!'

આચાર્યે વિચાર્યુંઃ 'આ તો ભારે આશ્ચર્ય કહેવાય. આના બાપ પાસે જઇને પૂછપરછ કરી, આ ખરી વાત હોય તો, એના જેવોજ ધર્મ હું પાળીશ.'

એમ વિચારી સાત આઠ દિવસ પછી ધર્મપાલને બોલાવીને કહ્યુંઃ 'જો બાપુ! હું પ્રવાસે જાઉં છું. હું આવું ત્યાં લગી આ શિષ્યોને તું ભણાવજે.'

પછી આચાર્યે બકરાંનાં થોડાંક હાડકાં મેળવ્યાં, ધોયાં, સુવાસિત કર્યાં, તેને પોતાના ખડિયામાં ઘાલ્યાં, ને એક નાના છોકરાને સાથે લઇને તક્ષશિલાથી કાશી સીધાવ્યા.

ધર્મપાલને ગામડે પહોંચીને 'મહાધર્મપાલનું ઘર કયું ?' એમ પૂછતાં પૂછતાં ઘર ગોતી કાઢયું, ને બારણા આગળ જઇને ઉભા.

બ્રાહ્મણના જે નોકરે આચાર્યને પ્રથમ દીઠા, એણે તેના હાથમાંથી છત્રી લીધી, પગરખાં લીધાં અને આચાર્ય ભેળો છોકરો હતો એના હાથમાંથી ખડિયો લીધો.

'તમારા પુત્ર ધર્મપાલકુમારના આચાર્ય બારણે ઉભા છે એમ કુમારના પિતાને કહો,' એમ આચાર્યે નોકરને કહ્યું, એટલે એણે જઇને બ્રાહ્મણને સમાચાર આપ્યા. બ્રાહ્મણ વેગથી બારણે આવ્યો, 'અંદર પધારો' એમ કહીને આચાર્યને ઘરમાં આણ્યા, ઊંચે આસને બેસાડયા, અને પગ ધોવા વગેરે સત્ક્રિયા કરી.

આચાર્ય જમ્યાજુઠા પછી સુવાણે બેઠા છે ને વાતચીત કરે છે ત્યાં તે બોલ્યા: 'હે બ્રાહ્મણ! તારો પુત્ર ધર્મપાલકુમાર ત્રણ વેદ અને અઢાર કળાનો પારગામી થયો, પણ અકસ્માત્ મરણ પામ્યો. આ સંસારજ એવો અનિત્ય છે, એટલે શોક ન કરવો, ધીરજ રાખવી.'

બ્રાહ્મણ તાળી પાડીને ખડખડ હસી પડ્યો.

'કેમ હસ્યા, ભૂદેવ ?'

'મારો પુત્ર ન મરે, બીજું કોઇ મરી ગયું હશે.'

'વિપ્ર! તમારોજ પુત્ર મરી ગયો. આ જુઓ એનાં ફૂલ.' એમ કહીને હાડકાં બ્રાહ્મણને દેખાડયાં.

'આ તો બકરાંનાં હાડકાં હશે, કે કૂતરાંનાં. પણ મારો પુત્ર કદાપિ ન મરે. અમારા કુળમાં સાત પેઢીથી કોઈ બાળપણમાં મર્યુંજ નથી. તમે ખોટું બોલો છો. એમ કહેતાકને બ્રાહ્મણ વળી પાછો હસ્યો ને તાળી પાડવા મંડયો.

આ જોઇને આચાર્ય તો સ્તબ્ધજ થઇ ગયા અને બોલ્યા: "હે બ્રાહ્મણ! તમારા કુળમાં તરુણ મરતા નથી તેનું કારણ શું? એવું કયું વ્રત કે બ્રહ્મચર્ય તમે પાળો છો, જેને પ્રતાપે તમે આવા સુખી છો?"

किं ते व्रतं किं पन ब्रह्मचर्यम्। किस्स सुचिण्णस्स अयं विपाको ॥
अक्खाहि मे ब्राह्मण एतमत्थम्। कस्मा हि तुम्हं दहरा न मीयरे॥

બ્રાહ્મણે ઉત્તર વાળ્યો,

धम्मं चराम न मुसा भणाम। पापानि कम्मानि विवज्जयाम ॥
अनारियं परिवज्जेमु सब्बम्। तस्मा हि अम्हं दहरा न मीयरे।

'અમે ધર્મ આચરીએ છીએ, ખોટું બોલતા નથી, પાપકર્મમાત્રથી દૂર રહીએ છીએ, એટલે અમારા કુટુંબમાં તરુણ નથી મરતા.

सुणोम धम्मं असतं सतं च। न चापि धम्मं असतं रोचयाम ॥
हित्वा असन्ते न जहाम सन्ते। तस्मा० ॥

'સજ્જનનાં તથા દુર્જનનાં કામ અમે સાંભળીએ છીએ, પણ દુર્જન પ્રત્યે ઉપેક્ષા કરીએ છીએ. દુર્જનથી આઘા રહીએ છીએ,

ને સજ્જનનો સંગ કદાપિ છોડતા નથી. એટલે૦

पुव्वे व दाना सुमना भवाम। ददं पि चे अत्तमन्त भवाम॥
दत्वापि चे नानुतप्पाम पच्छा। तस्मा०॥

'દાન દેવાનો વિચાર કરતાં અમે પ્રસન્નચિત્ત રહીએ છીએ; દાન કરતાં પણ પ્રિય વચન બોલીએ છીએ, મોઢું કટાણું કરતા નથી; અને દાન દીધા પછી જીવ બાળતા નથી. એટલે૦

समणे मयं ब्राह्मणे अद्धिके च। वनिब्बके याचनके दलिद्दे॥
अन्नेन पानेनऽभितप्पयाम। तस्मा०॥

'શ્રમણ, બ્રાહ્મણ, પ્રવાસી, યાચક, દરિદ્ર એ બધાને અન્નજળે તૃપ્ત કરીએ છીએ. એટલે૦

मयं च भार्या नातिक्कमाम। अम्हे च भार्या नातिक्कमन्ति॥
अञ्चत्र ताहि ब्रह्मचर्यं चराम। तस्मा०॥

'અમારી સ્ત્રી પ્રત્યે અમે પત્નીવ્રત પાળીએ છીએ, અને અમારી સ્ત્રી અમારા પ્રત્યે પતિવ્રત પાળે છે. પરસ્ત્રી અમારે માત સમાન છે. એટલે૦

एतासु वा जायरे सुग्गवासु। मेधाविनो होन्ति पहूतपञ्ञा॥
बहुस्सुता वेदगुणा च होन्ति। तस्मा०॥

'આ સતી સ્ત્રીઓને પુત્ર અવતરે છે તે બુદ્ધિશાળી, પ્રજ્ઞાવાન, બહુશ્રુત અને વેદ જાણનાર થાય છે. એટલે૦

माता पिता च भगिनी भातरो च। पुत्ता च दारा च मयं च सव्वे॥
धम्मं चराम परलोकहेतु। तस्मा०॥

'મા, બાપ, બહેન, ભાઇ, દીકરા, સ્ત્રી અને અમે બધાં નિજ-ધામ પામવાની આશાએ ધર્મ આચરીએ છીએ. એટલે૦

दासा च दस्सो अनुजीविनो च। परिचारिका कम्मकरा च सब्बे॥
धम्मं चरन्ति परलोकहेतु। तस्मा०॥

'અમારા ઘરનાં ચાકરનોકર, દાસદાસી, પરિચારિકા, કામવાળાં, બધાં સદાચારી છે. એટલે૦

धम्मो हवे रक्खति धम्मचारिम्। धम्मो सुचिण्णो सुखमावहाति॥
एसा निसंसो धम्मे सुचिण्णे। न दुग्गतिं गच्छाति धम्मचारी॥

'ધર્મ ધર્મચારીની રક્ષા કરે છે. આચરેલો ધર્મ માણસને સુખાવહ થાય છે. ધર્માચરણનો આ ફલાદેશ છે, જે ધર્મચારી દુર્ગતિને પામતો નથી.

धम्मो हवे रक्खति धम्मचारिम्। छत्तं महन्तं विय वस्सकाले॥
धम्मेन गुत्तो मम धम्मपालो। अञ्ञस्स अट्ठीनि सुखी कुमारो॥

'વર્ષા ઋતુમાં મોટા છત્ર જેવો ધર્મ ધર્મચારીને રક્ષે છે, મારા ધર્મપાલને ધર્મની રક્ષા છે, આ હાડકાં બીજાનાં છે, ને કુમાર તો સાજો નરવો છે. ભૂખ્યો નથી, તરસ્યો નથી, આંબાની ડાળે બેઠો બેઠો ટીકા કરે છે.' (તા. ૨૩-૧૦-૧૯૨૭ ના "નવજીવન"માંથી)

૧૦–ન્યાયને નામે સીથીઅનોની રાક્ષસી શિક્ષા

(ગુજરાતીમાં રજુ કરનાર શ્રી. "રજની")

આજ સેંકડો વર્ષ થયાં ન્યાયના નામે જગતની કેટલીયે સંસ્કારી (!) વા અસંસ્કારી પ્રજાઓ બેસુમાર, ન મનાય એવા જુલ્મો ગુજારતીજ આવી છે.

ક્રાઈસ્ટના જન્મ પહેલાં, હજારો વર્ષ પૂર્વે હાલ જેને તુર્કસ્તાન કહેવામાં આવે છે, અને જે એશિયામાં આવેલું છે ત્યાં વસતી સીથીઅન પ્રજાની આ ઘૃણાત્મક કથા ખરેખર આધુનિક જનતાનાં રૂંવાડાં ઉભાં કરી નાખવાને બસ છે. આ કથા ખરેખર માણસની પાશવતાની હદ બતલાવવા બહુજ છે. શિક્ષા કરવાની આ પ્રથા–જો કે હાલ સુધરેલા દેશોમાં "કાયદો" અને "વ્યવસ્થા"ને નામે થતાં કેટલાંયે પાશવતાપૂર્ણ તાંડવ નૃત્યો, આને પણ ઓળંગી આપણે આપણા બાપદાદાઓથી કે એ જંગલી ટોળીઓ કરતાં હજારો વર્ષ પછાત ધકેલી દેવાને પૂરતી છે. આ જંગલી પ્રજાઓના શાસન માટે રાજા પણ હતા અને કાયદા પણ હતા. આ કાયદાને ઉથલાવવાની વાત કરનારને કે નવા ધારાધોરણ દાખલ કરવાની ઉમેદવાળાને ખરેખર ઘણીજ તિરસ્કરણીય રીતે રીબાવવામાં આવતા. તેઓની માન્યતાઓમાંની એક તો ખરેખર ઘણીજ અસાધારણ પ્રકારની હતી. આ માન્યતા તે એજ કે જ્યારે પણ તેઓનો રાજા માંદગીને બિછાને પડતો ત્યારે એમ માનવામાં આવતું કે ટોળામાંથી એકાદ વ્યક્તિએ કાવતરૂં કરવાની ઇચ્છા ધર કરી છે. રાજાની માંદગી એટલે પ્રથા વિરુદ્ધ પ્રસંગ. આ પછી એ ગુન્હેગારને શોધી કાઢવાને ભવિષ્ય ભાખવાવાળાઓને મોકલવામાં આવતા અને એમાં સંદેહ ઉત્પન્ન થતાં તે ભવિષ્ય ભાખવાવાળાઓની સામે તે ગુન્હેગાર બીજાં ભવિષ્ય ભાખવાવાળાઓને અરજ કરી શકતો. આ પછી પણ જો એ બીજા ભવિષ્યવેત્તાઓ પણ ગુન્હેગારની વિરુદ્ધજ ન્યાય તોળે તો તેને તરતજ મસ્તકછેદન કરાવવા મોકલી દેવાતો. પણ જો આ કચેરી–ભવિષ્યવેત્તાઓની–નો ન્યાય એની તરફેણમાં થતો તો પૂર્વે જે ભવિષ્યવેત્તાઓએ એને ગુન્હેગાર ઠરાવ્યો હતો તેઓ માટે એક ઘણીજ ભયાનક શિક્ષા ફરમાવવામાં આવતી. તેઓને તદ્દન નગ્ન કરી હાથ પગ સખ્ત રીતે બાંધી એક બળદગાડીમાં પરહેજ કરવામાં આવતા. મોંમાં ચોકડાં, હાથ પીઠ પાછળ બાંધેલા, ટાંટીઆ પણ એજ દશાએ. આ પછી તે ગાડીમાં લાકડાં અને ડાખળાંઓ સળગાવવામાં આવતાં અને હજારો ચીચિયારી વચ્ચે બળદોને ગાંડા હાથીઓની માફક દોડાવવામાં આવતા. જેમ જેમ બળદોને ગાડામાં સળગાવેલાં લાકડાં ને

ડાખળાંઓની ગરમી વધુ ને વધુ લાગતી, તેમ તેમ તે ભારવાળું ગાડું અને તેમાંની વ્યક્તિઓના ભારથી બળદો વધુ ગાંડા બનીને દોડતા. કેટલીક વખત તો ગાડું સળગી જતું અને આ રીતે બળદો છૂટા થતા; પણ ઘણે ભાગે તો તેઓ પણ ગુનેગાર ભવિષ્યવેત્તાઓ કે જેનો ન્યાય પૂર્ણ અપાઇ ગયો હતો તેના નસીબનાજ પ્રમાણે તેઓનું પણ થતું. ક્યાં એ સદીઓ પૂર્વેની અસંસ્કારી વાતો, શિક્ષાપ્રથાઓ ને ક્યાં હજુ એની એ એથીયે શરમાવનારી આધુનિક માનવસંસ્કારી પ્રજાઓની પ્રથાઓ ! ! !

(તા. ૨૧-૨-૧૯૩૨ ના "વીસમી સદી"માંથી)

૯૧-साची हरिजन-सेवा

(લેખકઃ—શ્રી. રામજી હંસરાજ)

જમશેદપુર કરતાંયે કલકત્તાનાં સંભારણાં ક્યાંય વધારે મીઠાં અને પ્રેરક છે. કલકત્તામાં મેં કેટલુંક એવું જોયું કે જે મેં હજી સુધી ક્યાંય જોયું નથી.

કલકત્તામાં સતીશ બાબુની સેવક મંડળી હરિજન-સેવાનું સુંદર કાર્ય મૂંગી મૂંગી આજ મહિનાઓથી કરી રહી છે. એ કાર્ય મારે જોવું અને તેની મારા હૃદય ઉપર ઉઠેલી છાપ મારે મહાત્માજીને પહોંચાડવી, એવી મહાત્માજીની ઇચ્છા હતી.

સતીશ બાબુને તો કદાચ કાઠિયાવાડ બરાબર નહિ ઓળખતું હોય. સતીશ બાબુ મોટા વૈજ્ઞાનિક છે. ખાદીના આચાર્યનું બિરૂદ ધરાવનારા આચાર્ય પ્રફુલ્લચંદ્ર રાયના તે સાથીદાર હતા. આજે સારા હિંદુસ્થાનમાં મશહૂર એવા આચાર્ય રાયસ્થાપિત બેંગાલ ફાર્માસ્યુટીકલ એન્ડ કેમીકલ વર્ક્સને તેની આજની સ્થિતિએ પહોંચાડનાર અને તેની આજની જમાવટ કરનાર આ સતીશ બાબુ.

સતીશ બાબુ એ કારખાનાના મુખ્ય સંચાલક હતા, તેના પ્રાણ સમા હતા. એક હજારનો માસિક પગાર મેળવતા હતા. બહુ સુખી જીવન ગાળતા હતાઃ અને છતાં તેમની બુદ્ધિ અને તેમની શક્તિ દેશકલ્યાણનાં કાર્યોમાંજ ખર્ચવાનો આત્મ-સંતોષ અનુભવી શકે એવા કાર્યમાં પડયા હતા. પરંતુ એક દિવસે એમને એ કાર્યમાંથી પણ રસ ઉડી ગયો.

સતીશ બાબુ સમા પ્રખર વૈજ્ઞાનિકને થયું કે તેમનું કાર્ય મજૂરી કરવાને તૈયાર છતાં કારમો ભૂખમરો વેઠતા ગરીબોને સાથેસાથ અને સીધેસીધી રોજી આપે એવા ખાદીપ્રતિષ્ઠાનની પ્રવૃત્તિને ખીલવવાનું હતું. તેમણે મહાત્માજી સાથે પત્રવ્યવહાર આરંભ્યો.

મહાત્માજી પાસેથી ખાદીકાર્ય સંબંધમાં તેમણે સમજવું જોઇએ તે તે સમજ્યા. ખાદીકાર્ય પાછળની ભાવનાઓ અને શક્યતાઓ તેમણે મહાત્માજી પાસેથી બરાબર સમજી લીધાં. સતીશ બાબુએ ખાદીકાર્યના ક્ષેત્રમાં મહાત્માજીના મૂંગા અનુયાયી બનવાનું સ્વીકાર્યું.

વૈજ્ઞાનિક સતીશબાબુ તેનું મોટું કારખાનું અને તેની મોટી કમાણી છોડીને મહાત્માજીને ચરણે બેઠા. તેણે તેનું બધું વિજ્ઞાન-જ્ઞાન અને વૈજ્ઞાનિક શક્તિઓ ખાદીકળા ખીલવવા પાછળ ખર્ચવાનો નિશ્ચય કર્યો. તેની લાખ દોઢ લાખની મૂડી અને તેનો કુટુંબ-પરિવાર લઇને તેણે કલકત્તાથી દૂર એક આશ્રમ સ્થાપ્યો. તેના જેવાજ સુશિક્ષિત માણસો, તેના જેવીજ ભાવનાથી રંગાયેલા, તેણે તેની આસપાસ એકઠા કર્યા. આજ વર્ષોથી એ મંડળી ખાદી-ખીલવણીનું કાર્ય સરસ રીતે કરી રહી છે. ખાદીની ખીલવણી આ મંડળીએ કેવી કેવી અને કેટલી સાધી છે, તે તો જુદા લેખનો વિષય છે.

ખાદીની પાછળ ભેખ લેનાર એવા એ સતીશ બાબુને મહાત્માજીના પ્રથમ ઉપવાસ વખતે થયું કે તેમની મંડળીએ હરિજન-સેવાનું કાર્ય પણ હાથ ધરવું જોઇએ. એટલે તેમણે તેમની મંડળીના બે ભાગ કર્યા: એક ખાદીકાર્ય ચાલુ રાખે અને બીજો હરિજન-સેવાનું કાર્ય ઉપાડે. સતીશ બાબુની મંડળી હરિજનસેવાનું કાર્ય ઉપાડે એટલે તો એ મંડળીના પ્રત્યેકે પ્રત્યેક ભાઇબહેને હૃદયથી અને આચારથી હરિજનજ બની જવાનું અને હરિજનોમાં ભેળાઇ જવાનું; સતીશ બાબુનું હરિજનસેવાનું કાર્ય એટલે હરિજનોના ઉદ્ધારકો તરીકે હરિજનવાસમાં જવાનું અને થોડો બોધ આપીને કે શાળા ચલાવીને સંતોષ માનવાનું નહિ. સતીશ બાબુ માને છે કે એમ હરિજનસેવા ન થાય.

હરિજન સેવા કેમ થાય એ જોવું અને સમજવું હોય તો સતીશ બાબુના આશ્રમમાં થોડા દિવસ રહેવું જોઇએ અને એ આશ્રમવાસીઓને હરિજનસેવા કરતા જોવા જોઇએ. સતીશ બાબુને હું મળ્યો ત્યારે તેમણે મને પણ કહ્યું કે: 'તમે એક બે દિવસ આશ્રમમાં આવી રહો અને અમારૂં કાર્ય ઝીણવટથી જુઓ. સાચો ખ્યાલ મેળવવો હોય તો એ રીતેજ મેળવી શકાશે.' મને તો સતીશ બાબુનું કાર્ય ઝીણવટથી જોવાની બહુ હોંશ હતી, તેમના સાથીઓ પાસેથી નવું શીખવાનો લોભ હતો, એટલે મેં સતીશ બાબુનું નોતરૂં તત્કાળ સ્વીકારી લીધું.

સતીશ બાબુના આશ્રમનું કાર્ય સવારના ચાર વાગ્યાથી શરૂ થાય છે. એટલે કાં તો આશ્રમમાં રાત રહેવા અને કાં તો સવારના ચાર વાગ્યા પહેલાં ત્યાં પહોંચી જવા મને સૂચવવામાં આવેલું. રાતે ઉદ્યોગ મંદિરના કાર્યને અંગે રોકાયેલો હોઇને સવારના ચાર વાગ્યે

પહોંચી જવાનું મેં સ્વીકાર્યું. નક્કી થયા મુજબ હું સવારના ત્યાં પહોંચ્યો, પરંતુ ચારના બદલે સવાચાર થઇ ગયા. જરા મોડું થઇ ગયું. પરંતુ ત્યાં તો બધા હરિજનસેવકો અને સેવિકાઓ તેમના કામે ચાલ્યાં ગયાં હતાં.

સતીશ બાબુએ કહ્યું: "જરા મોડા પડયા. પરંતુ કંઇ ફિકર નહિ." એમ કહી તેમણે એક સેવકને મારી સાથે જવા સૂચવ્યું અને જ્યાં તેમનાં સાથી સેવક–સેવિકાઓ કામ કરતાં હતાં ત્યાં પહોંચી જઇ તેમનું કામ બરાબર જોવા આજ્ઞા આપી. અમે સતીશ બાબુની આજ્ઞા પ્રમાણે ચાલી નીકળ્યા.

અને અમે શું જોયું ? માનવીની કલ્પનાયે કામ ન કરે એવાં દૃશ્યો જોયાં. ઉચ્ચ કુળની, ઉચ્ચ શિક્ષણ પામેલી, ઉચ્ચ સંસ્કાર ધરાવતી સેવિકાઓ નીચલા વર્ગના લત્તાઓમાં ભંગીઓની સાથે જોડાઈ, ભંગી જેવાં ભંગી બની, પાયખાનાં સાફ કરવાનું નિયમિત રોજ રોજ કામ કરતી હોય એવી તમે કલ્પના કરી શકો છો ? એવાજ ઉચ્ચ કુળના, સુશિક્ષિત, સંસ્કારી સેવકો મેલાની ડોલો ફેરવતા અને મેલાના ડબ્બાઓ ઉપાડી પીપમાં નાખવા લઇ જતા તમે કલ્પી શકો છો ? હું પોતે એ કલ્પના નહોતો કરી શકતો. ભંગી પ્રત્યે હમદર્દી બતાવવી એ એક વાત છે; કોઇ વખતે એ હમદર્દીના પુરાવા તરીકે હરિજન દિન નિમિત્તે પાયખાનાં સાફ કરવા જવું, એ પણ એક વાત છે. પરંતુ રોજીન્દા વ્યવસાય તરીકે, રોજરોજ, મેલું સાફ કરવાનું કાર્ય કરવું–અને તે પણ આવાં ઉચ્ચ શિક્ષણ પામેલાં ભાઇ-બહેનોએ–એ તો તદ્દન જુદી વાત છે. મારી કલ્પના એ નહોતી કલ્પી શકતી. પરંતુ મારી આંખોએ એ દૃશ્ય નજરોનજર જોયું. સતીશ બાબુએ એ શક્ય કરી બતાવ્યું છે.

મેં હરિજન સેવિકાઓને ઘોડાગાડી હાંકવાવાળા મુસ્લીમ બિરાદરો અને એવી સાધારણ વર્ગની કોમના લત્તામાં મેલું સાફ કરતી જોઇ. આ સ્થળમાં મેલું સાફ કરવું એ તો કઠણમાં કઠણ વસ્તુ છે. કારણ કે આ લત્તાઓનાં પાયખાનાની રચના ઢંગધડા વગરની અને ખરાબ હોય છે. પાયખાનામાં માત્ર એકજ કુંડું, તેમાં મેલું, ગંદું પાણી અને પેશાબ બધુંય સાથે ભેગું થાય. પાયખાનાની અંદર કુંડામાંથી મેલું બહાર કાઢવા માટે એક નાની બારી હોય છે. એ બારીમાંથી મેલું બહાર કાઢવા માટે, મેલું ઉઠાવનારે બારીમાંથી અંદર માથું નાખવું પડે અને પછી વાટકે વાટકે એ મેલું પોતાના ડબ્બામાં ભરવું પડે. પાયખાનાંની એવી કઢંગી રચના હોય છે. મેલું કાઢવાની બારી એવડી સાંકડી હોય છે. મેલાનું ઠામ એવી ખરાબ રીતે રાખવામાં આવે છે. સતીશ બાબુની હરિજનસેવિકાઓ રોજ રોજ ભંગી બહેનોની સાથે જોડાઇને આ કાર્ય કરી રહી છે.

સેવિકાઓ આમ મેલું કાઢી, મેલાનું વાસણ માથે ઉપાડી, મેલું ઠલવવાની ગાડી જ્યાં ઉભી હોય છે ત્યાં જાય છે. આ મેલાના વાસણનું વજન લગભગ બે મણ થાય છે. એટલું વજન માથે ચડાવવા માટે તેમને કોઇની સહાયતાની જરૂર પડે છે; અને એવી સહાય મળે ત્યાં સુધી તેમને વાટ જોતાં ઉભા રહેવું પડે છે. સેવિકાઓ મેલું માથે ઉપાડીને લઇ જાય છે, અને સેવકો મેલાના ડબ્બા કાવડમાં ઉપાડી જાય છે. આ રીતે કામ કરતા સેવકો અને સેવિકાઓના ફોટાઓ મારા પુત્ર પુનમચંદે લીધા છે, તે સતીશ બાબુની મંડળી તરફથી થઈ રહેલા હરિજનસેવાકાર્યનો સાચો ખ્યાલ આપે છે.

સતીશ બાબુના આ સેવકો અને સેવિકાઓ આ કાર્ય કરે છે તે ભંગી ભાઇબહેનોને સહાય કરવા. એટલે કે ભંગી ભાઇબહેનોમાંથી જે કોઈ માંદુ હોય, જે કોઈ અશક્ત હોય, જે કોઈ સગર્ભા હોય, તેને આરામ કરવા છોડી, તેના બદલે કામ ઉપર ચડે છે. એટલે કે એ ભંગી ભાઇબહેનોનાં રોજ પડતાં નથી, અને તેમનો પગાર કપાતો નથી. આથી ભંગી ભાઇબહેનોના જીવન ઉપર સરસ છાપ ઉઠે એમાં શી નવાઈ છે ?

અને આ સેવક–સેવિકાઓ આટલુંજ કાર્ય કરીને નથી અટકતાં. સવારમાં તેઓ આ રીતે મેલું ઉઠાવવાનું કાર્ય કર્યા પછી પાછાં આશ્રમ જાય છે. ત્યાં નાહીધોઇ ભોજન કરે છે, અને પછી પાછાં તુરતજ ભંગી ભાઇબહેનોના વાસ ઉપર જાય છે. ત્યાં તેઓ આખો દિવસ રહે છે. તેમના દિલની સાથે પોતાનું દિલ જોડે છે. તેમનાં દુઃખે દુઃખી બને છે. તેમને સુખ સાંપડે એવી રીતે વર્તે છે. તેઓ ભજનકીર્તન કરે છે, તેઓ દવા આપે છે, તેઓ શાળાઓ ચલાવે છે. તેઓ તેમની રોજીન્દી જરૂરતની વસ્તુઓ લાવી આપે છે. તેઓ તેમને રોજ રોજના વર્તમાન વાંચી સંભળાવે છે. તેઓ તેમના ઉદ્ધારની વાત ધીમે ધીમે મીઠી વાણીમાં સમજાવે છે. તેઓ એવી રીતે વર્તે છે અને ચાલે છે કે જેથી ભંગી ભાઇઓને એમજ લાગે કે તેમના પોતાના કુટુંબનોજ એક જણ તેમને સુખી કરવા પ્રેમભર્યો શ્રમ લઈ રહ્યો છે. સતીશ બાબુના સેવકો અને સેવિકાઓ સવારના ચારથી રાતના નવ સુધી આ રીતે હરિજનસેવાનું કાર્ય કરે છે.

હરિજનસેવાનું કાર્ય આ રીતે કરવાની પાછળ સતીશ બાબુની ભાવના પણ બહુ સુંદર છે. તેમનાં સેવક–સેવિકાઓનું કાર્ય જોઈ તેમના એ કાર્યથી મુગ્ધ બની, તેમનાં ગુણની ગીતા ગાતો હું સતીશ બાબુની પાસે ગયો અને તેમની સમક્ષ મેં મારો સંતોષ દર્શાવ્યો. ત્યારે તેમણે મને કહ્યું: "આ તો હજી શરૂઆત છે. મારી નેમ તો ભંગી ભાઇઓમાં આ રીતે કાર્ય વિસ્તારી ભંગીઓના સાચા ભેરૂ બનવાનો છે."

"આપણે જ્યાં સુધી તેમની વચમાં ભંગી બનીને અને ભંગીની જેમ મેલું ઉપાડનારા થઇને ન રહીએ, ત્યાં સુધી તેમના ઉદ્ધારનો આપણો સંદેશ નિરર્થક રહેવાનો છે. પરાયા માણસ પાસેથી એ સંદેશ સાંભળવાના નથી. એવાઓનો સંદેશ તેઓ ઝીલવાના નથી. તેમને તેમના ઉદ્ધારનો અને અસ્પૃશ્યતા-નાશનો સંદેશ પહોંચાડવો હોય, તો પ્રથમ આપણે અસ્પૃશ્ય-અંત્યજ અને ભંગી બનવું જોઇએ. અંત્યજ અને ભંગી તરીકે તેમનાં સુખદુઃખ સમજવાં જોઇએ. એટલું કરી શકીએ, ત્યારેજ તેમનામાં સાચું કામ થઈ શકે."

સતીશ બાબુને હું અવાક્ સાંભળી રહ્યો. તેમને મેં પ્રણામ કર્યાં અને તેમના સંદેશના અક્ષરેઅક્ષરતું રટણ કરતો હું મારા ઘેર જવા નીકળ્યો. એ સંદેશનો અક્ષરે અક્ષર હજી મારા કાનમાં ગુંજ્યા કરે છે. ને આંખો સામે તરે છે મૂર્તિ પેલી પ્રસન્નમુખ સેવિકા બહેનની, કે જે શિક્ષણે સ્નાતિકા છતાં, સંસ્કારે અને જન્મે ઉચ્ચ કુળની હોવા છતાં, અવર્ણનીય એવા ઉચ્ચ હૃદય-ભાવોથી પ્રેરિત બનીને, એ નીચલા લત્તાઓમાં આજ મહિનાઓથી પાયખાનાંની સાંકડી બારીઓમાં માથું અંદર નાખીને મેલું બહાર કાઢે છે અને એ મેલાનો ડબ્બો માથા ઉપર મૂકી માઇલ બે માઇલ ચાલતી મેલાની ગાડીમાં નાખવા જાય છે.

એ સેવામૂર્તિને મારા હૃદયનાં અનંત પ્રણિપાત હો !

(તા. ૧-૭-૧૯૩૩ ના "ફૂલછાબ"માંથી)

૧૨-સાચો પ્રેમ

પ્રસિદ્ધ સૂફી મહિલા રબિયાકે વિષય મેં કહા જાતા હૈ કિ વહ રાત્રિકે સમય અટારીપર ચઢકર પુકારતીથી-'હે પરમાત્મન્ ! દિનકા કલરવ શાન્ત હો ગયા હૈ, પ્રેમીકા અપની પ્રેયસી કે સાથ સમાગમ હો ગયા હૈ; કિંતુ મેરા પ્રેમી તો તૂ હી હૈ, તેરે હી સમાગમ સે મુઝે આનંદ મિલતા હૈ ! મેવાડકી મહારાની મીરા ભી ઇસી પ્રકાર કી એક ભક્ત મહિલા થી. વહ શ્રીકૃષ્ણ-પ્રેમ મેં ડૂબ કર ગાતી—

હે રી, મૈં તો પ્રેમ-દિવાની મેરા દરદ ન જાણે કોય—ટેક
સૂલી ઉપર સેજ હમારી સોણા કિસ વિધ હોય,
ગગન-મંડલપર સેજ પિયરકી, કિસ વિધ મિલણા હોય. ૧
ઘાયલકી ગતિ ઘાયલ જાને જો કોઇ ઘાયલ હોય,
જોહરકી ગતિ જૌહરી જાને, દૂજા ન જાને કોય. ૨

૧૩–પુરુલિયા કુષ્ઠાશ્રમ

(નજરે જોઇ લખનાર:–શ્રી. બનારસીદાસ ચતુર્વેદી)

ચાલીસ વર્ષ પહેલાંની વાત છે. જર્મન પાદરી રેવ. હેનરી ઉફમેન આખા દિવસના કામ પછી વિશ્રાંતિ લઇ રહ્યા હતા, એટલામાં ટપાલીએ આવી હિંદ બહારની ટપાલ આપી. માતૃભૂમિમાંથી આવનાર ટપાલની પરદેશમાં ઘણી ઉત્કંઠાપૂર્વક રાહ જોવાય છે. પાદરી સાહેબે બર્લિનની છાપવાળો કાગળ બહુજ આતુરતાપૂર્વક ખોલ્યો. કાગળ પર લખેલું હતું: "એલીઝાબેથ હૉસ્પિટલ, બર્લિન." કાગળમાં પાદરીની આઠદશ વર્ષની છોકરી મેરીનાં ચિત્રો હતાં. મેરી પોતાના બાપ, જે પુરૂલિયામાં રહેતા હતા, તેની પાસેથી છૂટી પડી જર્મનીમાં કૈસરવર્થ નામે શહેરમાં કેળવણી મેળવવા ગઇ હતી. કાગળમાં લખ્યું હતું કે "તમે જાણીને દુઃખ પામશો કે મેરી અહીં આવી છે ત્યારથી માંદી જ રહે છે. તેના શરીર પર કાંઇક ચાઠાં ચાઠાં જેવું જણાય છે. એ કયો રોગ છે તેનો બરાબર નિર્ણય અહીંના ડૉકટરો નથી કરી શકતા. ત્યાં હિંદમાં તેનો નિર્ણય થઇ શકે."

કાગળ વાંચી પાદરી સાહેબને ચિન્તા થઇ અને તેઓ તરત કલકત્તા જવા ઉપડયા. ત્યાં તેમણે મેરીનાં ચિત્રો ડૉકટરને બતાવ્યાં ને બધી વિગત કહી. ડૉકટરોએ કહ્યું કે તમારી છોકરીને કોઢ નીકળ્યો છે. કોઢ ? સાંભળતાંજ રેવ. ઉફમેનની ચિન્તા વધી, પણ તેઓ પોતાના કાર્યમાં રોકાયલા રહ્યા. થોડા દિવસો પછી પોતાની પુત્રીના મૃત્યુના કરુણ સમાચાર તેમને મળ્યા. પાદરીએ વિચાર્યું કે જે દુઃખ મારા પર આવી પડયું છે તે દુઃખ લાખો માબાપો પર છે. ત્યારથીજ તેમણે મનમાં સંકલ્પ કર્યો કે શેષ જીવન કોઢિયાઓની સેવામાં જ અર્પણ કરવું. જે સદ્દભાવ ચાલીસ વર્ષ પહેલાં આ પાદરીના મનમાં ઉદ્દભવ્યો હતો તે આજ, ચાલીસ વર્ષ પછી પુરૂલિયાના એક સુન્દર ને ઉપયોગી ઉપવનરૂપે વિદ્યમાન છે. બ્રિટિશ સામ્રાજ્યનો મોટામાં મોટો કોઢિયાઓ માટેનો આશ્રમ પુરુલિયામાં છે. જેના હૃદયમાં શ્રદ્ધા, ભક્તિ તથા માનવ-સમાજપ્રેમનો કાંઇક અંશ હોય તેને માટે પુરૂલિયાનો આ આશ્રમ તીર્થ–સ્થાન સમાન છે. મહાત્મા ગાંધી પણ ત્યાંની યાત્રા કરી આવ્યા છે અને તેમણે એ વિષે લખ્યું હતું કે:–

"આ આશ્રમનિવાસીઓના પ્રસન્ન મુખમંડળને જોતાં એટલું સ્પષ્ટ જણાય છે કે ઇશ્વરને નામે કરવામાં આવેલી પ્રેમપૂર્ણ સેવાથી કેવાં કેવાં કાર્યો થઈ શકે છે!"

ગયા ડિસેમ્બર માસની શરૂઆતમાં આ સ્થાનની તીર્થયાત્રા કરવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું હતું. રાત્રે હાવરા સ્ટેશનથી પુરુલિયા

એક્સપ્રેસમાં બેસી સવારે પુરૂલિયા પહોંચ્યો. મિશનના સેક્રેટરી મિ. એ. ડોનાલ્ડ મિલર સાહેબ સ્ટેશન પર હાજર હતા. પુરૂલિયા શહેર કાંઇ બહુ સ્વચ્છ ન લાગ્યું. બિહાર પ્રાંત સ્વચ્છતા માટે જાણીતો પણ નથી. નગરની બહાર સુન્દર, રમણીય સ્થાન પર આ આશ્રમ છે. એક વિશાળ તળાવે અને વૃક્ષસમૂહે આ સ્થાનની શોભા ઘણી વધારી દીધી છે. પહેલાં આ જગ્યાએ જંગલ હતું અને ત્યાં વન-પશુઓ તથા કીડામંકોડાઓનું સામ્રાજ્ય હતું. આજ તો ત્યાં "જંગલમાં મંગળ" જેવું છે.

આ આશ્રમમાં ૮૨૯ જણમાં ૭૫૮ કોઢના રોગીઓ અને ૭૧ બાળકો છે (બાળકો રોગ વગરનાં છે)-કુલ ૩૪૫ પુરુષ, ૩૪૮ સ્ત્રીઓ અને ૬૫ બાળકો એમ ૭૫૮ કોઢના રોગીઓ છે. કલકત્તાના જાહેર રસ્તા પર પડેલા કોઢના રોગીઓને આપણે જોઇએ છીએ તેઓમાં અને આ આશ્રમના નિવાસીઓમાં ઘણો ફેર છે.

હવે આશ્રમ વિષે. આશ્રમના મંત્રી મિ. મિલર સમસ્ત હિંદના આશ્રમોના સામાન્ય મંત્રી છે. તેઓ આ મહાન કાર્યના મૂળમાં કામ કરી રહ્યા છે. લગભગ બાર વર્ષ પહેલાં તેઓ હિંદમાં આવ્યા હતા. હિંદમાં પહેલાં એક વેપારીએ તેમને કહ્યું હતું કે તમે ધંધામાં મારા ભાગીદાર બનો. પણ મિ. મિલરે વેપારીના ભાગીદાર બનવા કરતાં હિંદના દીન-હીન કોઢિયાઓના ભાગીદાર બનવાનું વધારે પસંદ કર્યું. મિ. મિલરમાં ધૂન છે, લગની છે, વિનમ્રતા છે. જાહેરાતથી તો તેઓ છેટા ભાગતા રહે છે. સાચા મિશનરીમાં જે ગુણ હોવા ઘટે તે સર્વ તેમનામાં છે. પોતાની સફેદ ચામડી પર અભિમાન રાખનાર યુરોપીયનો જેવા મિ. મિલર નથી. બંગાળી ભાષા તેમને આવડે છે અને તેઓ આશ્રમમાં બંગલા જ બોલે છે. મિ. મિલરે કહ્યું કે "અમારા આ કાર્યનું મૂળ ભગવાન ઇસુ ખ્રિસ્તના ધર્મ પ્રત્યેની શ્રદ્ધામાં જ છે અને કોઢિયાઓને તથા તેમનાં બાળકોને આધ્યાત્મિક શિક્ષણ આપવું ને તેમને શારીરિક સુખ આપવું એ અમારો હેતુ છે."

મેં જવાબ આપ્યો કે "કોઢિયાઓ માટે કામ કરનાર હિન્દુ હોય, મુસ્લીમ હોય કે અંગ્રેજ હોય, ગમે તે હોય, પણ અમારી શ્રદ્ધાને એ પાત્ર છે. હિંદ સદાય ધાર્મિક સહનશીલતા દાખવતું આવ્યું છે."

મિ. મિલરને પોતાના ધર્મમાં અગાધ શ્રદ્ધા છે ને તેઓ એ ધર્મના પ્રચાર માટે ઉત્સુક હોય એ કુદરતી છે. આપણે તો કોઢિયાઓને અવગણી રહ્યા છીએ, એટલે મિ. મિલર જેવા સાચા મિશનરીઓના કાર્ય તરફ અણગમો બતાવવાનો આપણને ખરી રીતે કશો જ હક્ક નથી.

મેં આશ્રમના જુદા જુદા વિભાગો જોયા. પ્રયોગશાળા તથા હૉસ્પિટલ જોયાં. સ્ત્રીઓ અને પુરુષો માટે રહેવાની જુદી જુદી જગ્યાઓ છે. રોગ વગરનાં બાળકો જુદાં જ રહે છે. કોઢિયાઓનાં રોગ વગરનાં બાળકો માટે જુદી જગ્યા વસાવવામાં આવી છે. બાળકો માટે નિશાળના શિક્ષણનો બંદોબસ્ત કરવામાં આવ્યો છે. છોકરીઓ કપડાં વણે છે ને અન્ય કામો શીખે છે. કેટલાય માણસો ખેતીનું કામ પણ કરે છે. કોઢિયાઓનાં રોગ વગરનાં બાળકો "નર્સિંગ"નું કામ શીખી લઇ સેવાકાર્યમાં લાગી જાય છે. વ્યવસ્થાપૂર્વક આશ્રમ ચાલી રહ્યો છે. એક કોઢિયો તો જોડાઓ સીવી પોતાના ભાઇઓની સેવા કરી રહ્યો છે. આશ્રમમાં એક પ્રાર્થનામંદિર પણ છે. રોગીઓ પ્રભુપ્રાર્થના કરે છે.

સંચાલકો એવા પ્રયત્નો કરે છે કે આશ્રમના નિવાસીઓના મનમાં ભિખારીપણાના ભાવ ન પ્રવેશી જાય તથા તેમનામાં સ્વાભિમાન જાગી જાય. ખરૂં જોતાં તો મિશનનું આ કાર્યજ સૌથી વધારે મહત્ત્વનું કાર્ય છે. દાન દેવું કઠણ નથી, પણ દાન લેનાર નીચે જવાને ઉચ્ચ ભૂમિકામાં જાય એ પ્રકારે દાન દેવું ઘણું કઠણ છે.

આશ્રમના સંચાલકોએ એવો બંદોબસ્ત કર્યો છે કે પ્રત્યેક નિવાસીને ચોખા અને દર અઠવાડિયે અમુક આનાના હિસાબે રોકડા પૈસા આપી દેવાય છે. આમાંથી તે પોતાની મરજી મુજબ દાળ, નિમક, તેલ વગેરે ખરીદી શકે છે. આ પૈસાનું તે પોતે બજેટ બનાવે છે. આમાંથી તે કંઇક દાન પણ કરે છે. ગયે વર્ષે ઉત્સવપ્રસંગે આશ્રમનિવાસીએ પોતાના બજેટમાંથી બચાવી રૂ. ૨૬૨) ભેગા કર્યા ને દાન કર્યું. આ બાબતમાં રેવ. ઉફ્મેન સંબંધી એક ઘટના ઉલ્લેખવા યોગ્ય છે. જ્યારે મિ. ઉફ્મેન માંદા પડયા ત્યારે આશ્રમના કોઢિયાઓએ જે સહૃદયતા બતાવી હતી તેનું વર્ણન કરતાં એક લેખકે લખ્યું છે કે:-

"ઉફ્મેનની માંદગી એટલી વધી ગઇ કે પંદર દિવસ સુધી તો તેમની જીંદગી મહાસંકટમાં હતી. કોઇ વાર લાગતું કે તેઓ બચશે નહિ, વળી લાગતું કે તેઓ કદાચ જીવે. કોઢિયાઓ તેમની તંદુરસ્તી માટે રોજ પ્રભુપ્રાર્થના કરતા ને કેટલાક તો લંગડાતા લંગડાતા આશ્રમથી તેમને ઘેર ખબર પૂછવા જતા. જે દિવસે મિ. ઉફ્મેનની તબિયત સુધરી ને તેઓ પોતાનાં કુટુંબીઓ સાથે જમવા બેઠા તે દિવસે આશ્રમના કોઢિયાઓએ આશ્રમના સંરક્ષક મારફત મિ. ઉફ્મેનને એક પત્ર ને રૂ. ૧૫૦)ની નોટો મોકલી. આ દોઢસો રૂપિયા રોજની બે આનાની કમાઇમાંથી બચાવી બચાવીને તેમણે ભેગા કર્યા હતા. કોઢિયાઓએ પત્રમાં લખાવ્યું હતું કે "અમારી પાસે બીજું તો કાંઈ નથી. આ નાનીશી રકમ અમે આપને એટલા માટે મોકલીએ

છીએ કે આપ સપ્રેમ તેનો સ્વીકાર કરી એ રકમ હવા બદલ કરવાના કામમાં ખરચો." આ વાંચી મિ. ઉફમૅનની આંખો ભીની થઇ. અનેક વર્ષો સુધી જે શારીરિક અને માનસિક પરિશ્રમ તેમણે આ કોઢિયાઓને માટે કર્યો હતો તથા જે આત્મિક દુઃખો સહન કર્યાં હતાં તેનો જાણે આ મધુર બદલો મળી ગયો ! પાંચસો કોઢિયાઓના સહૃદયતાપૂર્ણ આ દાનને તેમણે માથે ચઢાવી સ્વીકારી લીધું."

આશ્રમમાંના મલબારના એક કોઢિયા સજ્જને પોતાની કહાણી મને કહી હતી તે આ મુજબ:—

"મલબારના એક શહેરમાં સર્વેયરના વિભાગમાં હું કામ કરતો હતો. પગાર રૂ. ૩૫—૪૦) સુધી પહોંચ્યો હતો. એક દિવસે મારા કાંડા પર નવા રોગનાં ચિહ્ન જણાયાં. મેં ઑફિસના મોટા બાબુ પાસે રજા માગી. સાધારણ રોગ સમજી પ્રથમ તો તેમણે રજા આપવાની ના કહી. પછી જ્યારે તેમને જણાયું કે એ તો કોઢની શરૂઆતનાં ચિહ્ન હતાં ત્યારે તેમણે રજા મંજુર કરી. મારાં માબાપને આ વાતની જાણ થતાં ઘણું દુઃખ થયું. કઠણ મન કરી તેમણે મને જુદો કર્યો. એમ ન કરે તો મારાં ભાઇબહેનોનાં સગપણ થવામાં વાંધો આવે. હવે તો મેં કેટલાંક વર્ષોથી મારી માને કાગળ પણ નથી લખ્યો. મારાં ભાઇબહેનનાં ભવિષ્યનો વિચાર કરીને મેં પોતે જ ઘર સાથેનો બધો સંબંધ તોડી નાખ્યો છે."

મેં પૂછ્યું: "શું તમારી માને ખબર પણ નથી કે તમે ક્યાં છો ને કેવી સ્થિતિમાં છો ?" તેણે જવાબ આપ્યો કે "ના, તેને જરાયે ખબર નથી." પણ આમ બોલતાં તેની આંખો સજળ બની. ફરી તેણે કહ્યું કે "કોઢનો રોગ એવો છે કે શરૂઆતમાં ચાંપતા ઇલાજો કરવાથી કદાચ મટે, પણ રોગ વધી જવા પછી મટવો કઠણ છે."

મેં તેને કહ્યું કે "ભાઇ ! તમે જાણો છો કે કેટલા ય માણસો એવા હોય છે જેઓ બીજાનો અવિશ્વાસ કરે છે, જેમનામાં જાતિ-ભેદની ભાવના પ્રબળ હોય છે, અને જેઓ શરીરની ચામડીના કાળા, પીળા કે સફેદ એવા ભેદને લીધે બીજાઓ તરફ તિરસ્કારની નજરે જુએ છે. આવા માણસોના આત્માને કોઢની બિમારી વળગેલી હોય છે. તમે તો તેવાઓથી ઘણા સારા છો, કારણ તમને તો કેવળ શારીરિક જ રોગ છે."

આ સાંભળી એ સજ્જનના મુખ પર સ્મિત પ્રસર્યું.

એટલામાં બહારનો કોઇ પાંચ છ વર્ષનો છોકરો કોઢના રોગ માટે ઇન્જેક્શન લગાડાવવા આવ્યો. તેના રોગની શરૂઆત હતી. શરીર પર એકાદ બે જગ્યાએ લાલ ચાઠાં દેખાતાં હતાં. એ છોકરો ખૂબ રોવા લાગ્યો. ઇન્જેક્શનમાં તો બહુ દુઃખ નથી થતું, પણ તેની ભયંકર તૈયારીઓ જોઇને તો ઘણું દુઃખ થાય ને ડર લાગે.

અંગ્રેજ નર્સ બહુ જ પ્રેમપૂર્વક બંગાળી ભાષામાં આ છોકરાને સમજાવતી હતી કે "બેટા! કાંઈ નહિ થાય." પણ તેને ધીરજ આવતી નહોતી. જ્યારે ઇન્જેકશન પૂરૂં થયું ત્યારે ખુશી થઇને કપડાં પહેરીને તે પોતાના વાલી સાથે ચાલતો થયો. ડૉક્ટર પ્રત્યેક રોગ માટે જુદો રેકોર્ડ રાખે છે. ૧૯૩૦ માં વીસ હજારથી પણ વધારે ઇન્જેકશન આપવાં પડયાં હતાં અને ૧૯૩૧ માં એ સંખ્યા ત્રીસ હજાર સુધી પહોંચી હતી. દર બુધવારે બહારના બસો અઢીસો માણસો ઇન્જેકશન લગાડાવવા આવે છે. કોઇ કોઇ વાર એવું બને છે કે ૧૦–૨૦ માઇલ લંગડાતો લંગડાતો પગે ચાલીને કોઈ કોઢિયો આશ્રમમાં આવે છે, ને બહુ જ કરુણ સ્વરે આજીજી કરે છે કે "મને આશ્રમમાં દાખલ કરો." પણ આશ્રમના સંચાલકોને આ અરજી ખેદપૂર્વક નામંજુર કરવી પડે છે; કારણ કે હવે વધારે રોગી લઈ શકે એટલું આશ્રમ પાસે ફંડ નથી. વાંચનારને આ જાણીને નવાઇ લાગશે કે આશ્રમનો નિભાવ મોટે ભાગે પરદેશથી આવેલાં નાણાંથી જ થાય છે. સરકાર પણ થોડીક મદદ કરે છે. હિંદીઓ તરફથી તો નહિ જેવી મદદ મળે છે. તેનું એક કારણ એ પણ છે કે હજી સુધી આ સંસ્થાના મહત્ત્વભર્યા કાર્યને ઘણા ય જાણતા નથી. ઉપરાંત આશ્રમના સંચાલકો જાહેર ખબરથી અભડાય છે. તેઓ પ્રેમપૂર્વક કરેલી સેવામાં ને પ્રભુ-પ્રાર્થનામાં અડગ શ્રદ્ધા રાખે છે. કેવું ભયંકર કામ છે! રોગીઓના બિહામણા ચહેરા જોતાં જ શરીર કંપી ઉઠે છે. સાચી સેવાની લગનીનો દાખલો જોઇતો હોય તો આ આશ્રમની "મિશનરી સિસ્ટર્સ" ને જોતાં મળશે. તેઓ લેશ પણ કીર્તિ કે પ્રશંસાની આશા વગર પોતાનું સેવાકાર્ય ચૂપચાપ કરી રહી છે.

ઇંડાના આકારના એક ટોપલામાં ચાર પાંચ મહિનાનું એક બાળક તડકો ખાઇ રહ્યું હતું. મેં મિ. મિલરને પૂછયું: "આ કોનું બાળક છે?" મિ. મિલરે તેની માને બોલાવી. તે કોઢથી પીડાતી હતી. આવતાં જ તેણે સ્મિત કર્યું. મિ. મિલરે બંગાળી ભાષામાં પૂછયું "કોતો માસ?" એટલે કે "કેટલા મહિનાનું છે?" તે સ્ત્રી હસી પડી ને બોલી "મને ખબર નથી." મિ. મિલરે હસીને કહ્યું "તારૂં જ બાળક ને તને જ તેની ઉંમરની ખબર નથી!" બધા આશ્રમવાસીઓ મિ. મિલરને શ્રદ્ધાની નજરે જુએ છે અને મિ. મિલરને પણ પ્રત્યેક આશ્રમવાસી પ્રત્યે ઉંડો પ્રેમ છે. આ પ્રેમમાં કોઇ પ્રકારની કૃત્રિમતા નથી. કલાકો સુધી મિ. મિલર જોડે ફરવાથી જણાય છે કે આશ્રમનિવાસીઓનો જે પ્રેમ તેઓ મેળવી શકયા છે તે તેમની પોતાની જ સાચી સહૃદયતાનું પરિણામ છે.

આશ્રમનું વાતાવરણ પ્રસન્નતાથી પરિપૂર્ણ છે. નીચે રબર ટાયર લગાવી ઘસડાતી ઘસડાતી કોઈ બુઢ્ઢી ડોકરી ચાલતી હોય છે. મિ.

મિલર તેને પૂછે છે: "ડોસીમા, ક્યાં ચાલ્યાં ?" હસીને તે જવાબ આપે છે. એ સ્ત્રીઓને એક એક બનાવટી પગ લગાડવામાં આવ્યા છે ને તેઓ ખુશીથી હરી ફરી શકે છે. એક ડોસી તો ૩૭ વર્ષથી આ આશ્રમમાં છે ને સંચાલનના કાર્યમાં ઘણી મદદ કરે છે. આશ્રમમાં ધાર્મિક સ્વતંત્રતા પૂરેપુરી છે. પ્રાર્થનામાં કે કલાસમાં જવું કે ન જવું એ પ્રત્યેક આશ્રમવાસીની પોતાની ઇચ્છા પર અવલંબે છે. સુન્દર લીંપેલ ગુંપેલ ઘરના આંગણાંમાં ધાનના ઢગલા નજરે પડે છે. આશ્રમના સુપરિન્ટેન્ડેન્ટ રેવ. ઇ. વી. શાર્પ સહૃદયી સજ્જન છે અને તેમની દેખરેખ હેઠળ બધાં કામો ખૂબ સાવધાનીથી કરવામાં આવે છે. હૉસ્પિટલ વિભાગમાં ડૉ. રઘુનાથરાવ પોતાના કાર્યમાં ખૂબ મશ્ગુલ છે. ક્યાં આ સહૃદયી ને સેવાભાવી ડૉક્ટર રઘુનાથરાવ ને ક્યાં ગરીબોનું ધન ચૂસી માતેલા બનેલા આજકાલના ડૉક્ટરો ! આ આશ્રમ ખરેખર દાનને પાત્ર છે ! **મિ. એ. ડી. મિલર, પુરૂલિયા (બિહાર)** એ શિરનામે મદદ મોકલી શકાય છે. એક આશ્રમનિવાસીનું આખા વર્ષનું ખર્ચ સો રૂપિયા ને બાળકનું ૭૫) રૂપિયા આવે છે. અમેરિકા અને લંડનના કેટલાક દાનશીલ ધનવાનોએ એક એક બાળકના ભરણપોષણનો ભાર પોતાને માથે લઇ લીધો છે ને જે બાળકનો ભાર તેણે લીધો હોય તેને લગતો રિપોર્ટ દર માસે તેને મોકલવામાં આવે છે.

હિંદમાં પાંચ છ લાખથી ઓછા કોઢિયા નહિ હોય. તેમના દુઃખની કલ્પના કરો ! આ આશ્રમને અવલોકતાં મારા હૃદયમાં વિધવિધ વિચારો ઉભરાયા. "વિશાલ ભારત" ના જાણીતા નવલિકાલેખક શ્રી. જૈનેન્દ્રજીએ કલાની વ્યાખ્યા કરતાં મને શાન્તિનિકેતનમાં કહ્યું હતું કે "જે દુઃખીઓને તથા પીડિતોને માનવસમાજના હૃદયની નિકટમાં લઇ આવે તે કલા છે." આ વાત સોળેસોળ આના સાચી છે. મૂંગાઓને વાણી દેવામાં જ સાચી કલાનું મહત્ત્વ સમાયેલું છે. મારા મનમાં વિચાર આવ્યો કે જો મારી પાસે ધન હોત તો હિંદના બધા કોઢિયાઓ માટેનાં આશ્રમોમાં ફરી આવું અને તે બાબતમાં એક પુસ્તક લખી, મારે ખર્ચે છપાવી, છૂટે હાથે વહેંચું. જેઓ એમ સમજે છે કે પશ્ચિમનિવાસીઓમાં સાચી ધાર્મિક ભાવના છેજ નહિ તેઓ એક વાર આવાં આશ્રમો જુએ તો તેમનો ભ્રમ દૂર થઇ જાય. બાંકુડાનો કોઢિયાઓ માટેનો આશ્રમ અવલોકી સર પિ. સી. રાયે કહ્યું હતું કે:—

"આપણે ત્યાં ઘણા કહે છે કે આપણે પૂર્વના લોકો આધ્યાત્મિક છીએ, અને પશ્ચિમવાસીઓ છેક દુન્યવી છે ! પણ બાંકુડામાં આવી જોતાં જણાયું કે દુન્યવી પાશ્ચાત્ય લોકોએ તમારા હિત માટે કૉલેજ તેમજ અન્યાન્ય હિતકારક સંસ્થાઓ સ્થાપિત કરી

રાખી છે અને તેઓએજ કોઢિયાઓ માટે એક આશ્રમ સ્થાપ્યો છે. આ આશ્રમમાં આપણા દેશનાજ નિવાસીઓ, જેઓ આપણાજ રક્ત–માંસના બનેલા છે ને જેમને આપણેજ ઘરમાંથી કાઢી મૂક્યા છે (એટલા માટે કે તેમના સંસર્ગમાં આવી આપણે ક્યાંક અપવિત્ર ન બની જઇએ!) તેમનું આ આશ્રમ સ્વાગત કરે છે!"

મિ. મિલરે પણ મને કહ્યું કેઃ—

"આ કામ કેવળ તંદુરસ્તીનુંજ ન ગણવું જોઇએ. જ્યાં સુધી આપણા હૃદયમાં એવો વિશ્વાસ ન જન્મે કે કોઢિયાઓ આપણા પ્રેમ ને સેવાના અધિકારી છે ત્યાંસુધી આપણે આ દિશામાં વધારે કામ નહિ કરી શકીએ."

મિશનરી દ્વારા ચાલતી ઘણી સંસ્થાઓ મેં જોઇ છે અને કેટલાયે મિશનરીઓને મળવાનો અવસર મને પ્રાપ્ત થયો છે; પણ આ આશ્રમને જોતાં મારા મન પર જેટલો પ્રભાવ પડયો તેટલો આગળ કદી પડયો નથી. આ પાદરીઓ વિધર્મીઓ હોવા છતાં સેવાભાવે થયેલાં તેમનાં કાર્યોની પ્રશંસા કર્યા વિના મારાથી રહી શકાતું નથી. મહાત્મા ગાંધીએ કહ્યું છે કેઃ—

"જ્યારે ગુલાબ ખીલે છે ત્યારે તે પોતાના વિકાસનો ઢંઢેરો નથી પીટાવતું. તેની સુગંધજ તેના માધુર્યની પૂરતી સાબિતી છે. એજ રીતે એક સાચું ખ્રિસ્તી જીવન પણ ગુલાબની પેઠે ચુપાચુપજ ઇસુ ખ્રિસ્તના સત્પ્રભાવનું સર્વથી વધારે સાચું પ્રમાણ છે!"

મેં મિ. મિલરના ને આશ્રમમાં કાર્ય કરતી "સિસ્ટર્સ"ના ફોટાઓની માગણી કરી ત્યારે મિ. મિલરે કહ્યું કે "મારો ફોટો છાપી તમે શું કરશો? ને મારી પાસે આ વખતે એ છે પણ નહિ! 'સિસ્ટર્સ" તો ફોટાઓ આપવાની વિરુદ્ધ છે; કારણ, જાહેરાત તેમને પસંદ નથી. તેઓ તો ગુપચુપ સેવા કરવા ઇચ્છે છે."

મને આશા છે કે "નવચેતન"ના કલ્પનાશીલ વાંચનારાઓ આ ફોટાઓની ઉણપ પોતાની કલ્પનાથી પૂરી કરી દેશે. છ હજાર માઇલ દૂરથી આવેલી એ અંગ્રેજ બહેનો દિવસરાત આપણા સમાજના એક અત્યંત દીન, હીન, પીડિત અને બહિષ્કૃત અંગની તનમનથી નિરંતર સેવા કરી રહી છે અને સાથે એક એવું સેવા–ઉપવન તૈયાર કરી રહી છે, જેની સુગંધ સહૃદય હિંદીઓ સમીપ આજ નહિ તો ભવિષ્યમાં જરૂર પહોંચશે. અસ્તુ!

(માર્ચ–૧૯૩૨ના "નવચેતન"માંથી)

૧૪-चामडीनां भयंकर दर्दोनी सूचना

'સીફીલીસ'ના ઉપાયોની સૂચના

(લેખકઃ-ડૉ૦ પી. જે. ભટ.)

પ્રથમ તો આ દર્દથી ઉપજતી માનવપીડાઓની ત્રણ કક્ષાઓ છે. પ્રથમ કક્ષામાં જનનેંદ્રિય ઉપર માત્ર ચાંદી થાય છે. આ ચાંદીના ઉદ્ભવ પછી થોડાજ દિવસમાં કમ્મર ઉપર બદ થાય છે..બદ પાકે છે અને પરૂ પણ ભેગુ થાય છે. ત્યાંસુધી દર્દ પહેલી કક્ષામાં મનાય છે.

બીજી કક્ષામાં સમગ્ર શરીર ઉપર લાલ રંગનાં ચાઠાં થાય છે. આ ચાઠાંઓ ગોળ થાય છે અને આખા શરીર ઉપર ફુટી નીકળે છે.

ત્રીજી કક્ષામાં સીફીલીસનાં જંતુ શરીરના એકાદ અવયવમાં જઇને તે અવયવનો સોજો ઉપજાવે છે. આ અવયવમાં બધાં અંગો સમાઈ જાય છે. મગજ ઉપર પણ અસર થઇ શકે છે. સાંધાઓ પણ અનેકવાર પકડાય છે. આપણા શરીરનો એવો કોઇ પણ ભાગ નથી કે જ્યાં આ જંતુઓ ન જઇ શકતાં હોય અને ન ગયાં હોય. કારણ કે આ જંતુઓ રક્ત અને લીફેંટીકસ વાટે જ સમગ્ર શરીરમાં ઘુમે છે અને તેથી જ જ્યાં જ્યાં રક્ત ઘુમે છે ત્યાં ત્યાં સીફી-લીસનાં જંતુ સહેલાઇથી જઇ શકે છે.

આમ આ ત્રણે કક્ષાઓની સાચી સમજણ અને તેનું સાચું નિદાન આ મહાદર્દની વૈજ્ઞાનિક સારવાર માટે અતિ મહત્ત્વપૂર્ણ છે. પ્રત્યેક કક્ષાને નિર્મૂળ કરવા માટે વિવિધ પ્રકારની સારવારપદ્ધતિઓ યોજવામાં આવી છે, અને જો વૈજ્ઞાનિક ઢબ ઉપર સારવાર થાય તો ગમે તે કક્ષાથી પીડાતા દર્દીને દુઃખમુક્ત કરવું જરાય અઘરૂં નથી. હવે કક્ષાવાર સારવાર પર આવીએ.

પહેલી કક્ષાના દર્દીઓને સામાન્ય કોલોમેલ ડસ્ટીંગથી પણ આરામ થઇ જાય છે, ચાંદી સાફ થઈ જાય છે અને જનનેંદ્રિય ઉપરથી સીફીલીસની સર્વ નિશાનીઓ અદૃશ્ય થઇ જાય છે. પણ આથી એમ સમજવાનું નથી કે તે માનવ સાવ નિર્ભય બન્યો છે. આવી વ્યક્તિઓએ પણ કુશળ ડૉકટર પાસે જઇને કે હૉસ્પિટલમાં જઇને તેની સંપૂર્ણ વૈજ્ઞાનિક સારવાર લેવાની ખાસ જરૂર છે.

બીજી અને ત્રીજી કક્ષાના દર્દીઓને પણ ઇસ્પિતાલ કે ડૉકટરનો આશ્રય લેવાની અગત્ય ઉપર જેટલું વજન મૂકીએ તેટલું ઓછું મનાવું જોઇએ. એ યાદ રાખવું જોઇએ કે સામાન્ય દવાઓથી આરામ થઇ જાય છતાં શરીર સીફીલીસનાં જંતુઓથી મુક્ત થયું છે એમ મનાય નહિ. માટેજ એક વખત પણ સીફીલીસનો સંસર્ગ થાય ત્યારે તેને જડમૂળથી ઉખેડી નાખવા સુધી સારવાર ચાલુ રાખવી

જોઇએ. આટલા માટે યુરોપમાં તો 'લૉક હૉસ્પિટાલ' સ્થપાઈ છે, જેથી દર્દી બરાબર રોગમુક્ત થાય ત્યારેજ તેને મુક્ત કરવામાં આવે છે.

સારવારમાંના ઇંજેકશનની સારવાર અતિ મુખ્ય છે. લોકો જેને ૯૧૪ નંબરના ઇંજેકશનથી ઓળખે છે તે આજ ઔષધ છે. આ ઇંજેકશનની દવા રાસાયણિક તત્ત્વોની બનેલી છે. તેની અંદર પારાથી માંડીને બીજી કેટલીયે ધાતુઓના ક્ષારનું મિશ્રણ હોય છે. આ ઈંજેકશન માટે ડૉકટરો સામાન્ય રીતે રૂ. ૧૦ ચાર્જ કરે છે; પણ જાહેર ઇસ્પિતાલોમાં આ ઇંજેકશનો સાવ મફત અપાય છે. આવાં લગભગ ૬ ઇંજેકશન લેવાં જોઇએ. ધીમે ધીમે સારવાર કરનારને છેક નાના માપથી છેલ્લા માપ સુધીનાં ઇંજેકશન લેવાની જરૂર છે.

લોકો જેને ૬૦૬ નંબરનું ઇંજેકશન કહે છે તે પણ આજ છે; પણ તે અતિ જૂની ઢબનું છે. તેના કરતાં ૯૧૪ નંબરનું ઇંજેકશન વધુ સારૂં, વધુ અસરકારક, અને આપવામાં વધુ સહેલું છે. આ ઇંજેકશન લેવામાં જરાયે જોખમ નથી. શરીરને તે નુકસાનકર્તા નથી. તેમજ તેની અસર અતિ ઝડપી અને કાતીલ થાય છે.

આ ઉપરાંત લોકસમૂહે જાણવાની જરૂર છે કે સીફીલીસની સારવાર પ્રત્યેક જાહેર ઇસ્પિતાલોમાં થાય છે. પણ જાહેર ઇસ્પિતાલોમાં દવાઓ માટે પૂરતા ફંડનો અભાવ હોવાથી તેઓ ઇંજેકશનની સારવાર આપવામાં આનાકાની કરે છે. પણ આવાં દવાખાનાંઓમાં પણ જો દરદી પોતે ઇંજેકશનની ટયુબ લઈ આવે તો તેઓ ખુશીથી આપે છે. આવી ટયુબની કિંમત સવા રૂપિયાની આસપાસ હોય છે. આથી ત્યારે દર્દીની આર્થિક સ્થિતિ ખાનગી ડૉકટર પાસે સારવાર કરાવવા જેટલી સદ્ધર ન હોય ત્યારે તેઓએ ઇસ્પિતાલમાં આ માર્ગે ઇંજેકશનની સારવાર લેવી વધુ સલાહભરેલી છે.

આ ઉપરાંત પ્રત્યેક શહેરમાં 'એન્ટી વેનેરીયલ કિલનિકસ' સ્થપાયાં છે. આ કલીનીકમાં પણ વૈજ્ઞાનિક સારવા મફત થાય છે.

હવે અંતમાં સલાહનો એક શબ્દ સંભળાવવો આશા છે કે અસ્થાને નહિ મનાય. એ યાદ રાખવું જોઇએ કે સીફીલીસ એક વાર મટયા પછી ફરી પણ થાય છે. અર્થાત્ કે સીફીલીસવાળી સ્ત્રી કે પુરુષ સાથેના જાતીય સહવાસથી આ દર્દ પાછું થઇ શકે છે. આથીજ તમારે યાદ રાખવું જોઇએ કે સીફીલીસ મટયા પછી ફરીથી આ ભયંકર દર્દના તમો ભોગ ન થઈ પડો તે માટે ખાસ સંભાળ રાખવાની ફરજ પ્રત્યેક સ્ત્રી કે પુરુષની છે.

(તા. ૧૯–૫–૧૯૩૩ ના દૈનિક "હિંદુસ્થાન"માંથી)

૯૫-નૂતન રશિયાની શિક્ષણપ્રથા

(પ્રયોજકઃ-શ્રી. અભ્યાસક)

નૂતન રશિયાની શિક્ષણપ્રથામાં ડૉ. સાટસ્કીની શિક્ષણપ્રથાએ અપૂર્વ પરિવર્તન કરી નાખ્યું છે. એમના કાલુગાના કેળવણી-મંદિરમાં થઈ રહેલા પ્રયોગે આવતી કાલના રશિયન નાગરિકોને બાલ-વયથી જ નાગરીકતાની જવાબદારીનું જ્ઞાન આપવા માંડ્યું છે. એથી એ સંસ્થા માત્ર બાળકોને અક્ષરજ્ઞાન આપનારી નહિ, પણ પ્રજા-સમૂહના વિકાસમાં મદદગાર પ્રયોગ કરનારી પ્રયોગશાળા બની રહી છે.

કાલુગાના કેળવણી મંદિરમાં તદ્દન નવી જ ઢબે કેળવણી આપવાનો અખતરો થઇ રહ્યો છે. રશિયાના પાટનગર મોસ્કો શહેરની દક્ષિણે આવેલા આ રમ્ય પ્રદેશ પર નવી ઢબે કેળવણી આપવાની શરૂઆત કરવાનું માન આજે સોવિયેટ શાસનને મળ્યું છે. છેક ૧૯૦૪ માં આ સ્થાનમાં કેળવણી મંદિર બાંધવાની યોજના રચાઇ હતી. તેમાં બાળક આપમેળે શીખે તેવી ઢબે કેળવણી આપવાની યોજના ડૉ. સાટસ્કીએ રચી હતી. તે વખતે તો રશિયા પર જુલ્મી ઝારનું શાસન ચાલતું હતું. તે વખતે તો ત્યાં કેળવણી માટે પૈસા ખર્ચવાને બદલે લશ્કરી આયુધોને માટે ધન ખર્ચવું એ વધુ યોગ્ય છે, એમ સત્તાધીશો માનતા; છતાં ડૉ. સાટસ્કીની યોજનાને સત્તા-વાળાઓએ ટેકો આપ્યો. અને પાટનગરની દક્ષિણે કેળવણીમંદિર બાંધવા માટે જમીન અપાઇ.

તે સમયનું રૂશિયા એટલે એક શબ્દમાં કહીએ તો 'નિરક્ષર!' પાટી પર 'ક' પણ ન ચીતરી શકે તેવા ૧૦૦ માંથી ૯૮ જણ મળે. ક્રેમલીનના સત્તાધીશોને ત્યારે લોકસમૂહની કેળવણી માટે જરાય પરવા નહોતી. જે કંઇ થોડું ઘણું અક્ષરદાન મળતું તે પાદરીઓની નિશાળો દ્વારા! આવા નિરાશાજનક વાતાવરણમાં ડૉ. સાટસ્કીએ તેની નવી યોજના સાથે કાલુગાના ક્ષેત્રમાં કામ કરવાનો નિર્ણય કર્યો. તેણે એક નાના ઝુંપડામાં શાળા શરૂ કરી; પણ ઝારના સમયમાં તેને જરાય તક ન મળી. કારણ કે એક બાજુ નાણાંનો અભાવ, અને કામ કરવામાં સત્તાધીશોનો ત્રાસ. આમ બન્ને બાજુના ત્રાસથી ડૉ. સાટસ્કીની યોજના જરાયે આગળ વધી શકી નહિ. ઝારનું શાસન જ લોકસમૂહને નિરક્ષર રાખવા ઇચ્છતું હતું. આવા સંજોગોમાં ડૉ. સાટ-સ્કીની યોજના નિષ્ફળ જ નીવડવા સર્જાયેલી હતી.

પરંતુ ઝારના જુલ્મી શાસનના પતન પછી રશિયાનો રંગ બદલાયો. પછી તો કામદાર અને ખેડુતસમૂહના શાસનતંત્રે દરેકે દરેક વ્યક્તિને અક્ષરજ્ઞાન આપવાનો નિર્ધાર કર્યો. આખાયે સોવિયેટ

શાસનમાં વેગથી સોવિયેટ શાળાઓ સ્થપાઈ. દરેક ગામડે ગામડે શાળાઓ ઉઘાડવામાં આવી. એકલા અક્ષરજ્ઞાન સાથે સાથે સોવિયેટોએ કેળવણીનો દૃષ્ટિકોણ બદલવા યત્ન કર્યો. કેળવણીને સમાજવાદના વિચારો પ્રસરાવવા માટે એક પ્રખર સાધન તરીકે માનવામાં આવ્યું, અને નવી ઢબે તેમજ એ નવા દૃષ્ટિબિંદુથી કેળવણી આપવાના નિર્ણયને તરતજ વ્યવહારમાં મૂકવામાં આવ્યો; છતાં એ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી કેળવણી આપવા માટે સોવિયેટ શાસનને પહેલાં બહુ મુશ્કેલી પડી. પહેલાં તો યોગ્ય શિક્ષકોજ ન હતા, તેમજ યોગ્ય વાતાવરણ ન હતું. અને નવી સંસ્કૃતિને અપનાવી શકે તેવા કોઈ કેળવણીકાર ન હતા. આ સંજોગોમાં ડૉ. સાટસ્કીનું શાળામંદિર આશાના કિરણ સમાન થઈ પડયું. ત્યાં બોલ્શેવીકોના વિચારો પ્રમાણે કેળવણી અપાતી હતી, બોલ્શેવિક આદર્શ પ્રમાણે બાળકોને કુદરતમાં છૂટાં મૂકવામાં આવતાં હતાં. એટલે આખાયે કાલુગા પ્રાન્તમાં કેળવણીમંદિરોની સ્થાપના કરવા માટે ડૉ૦ સાટસ્કી અને તેની સંગીતવિશારદ પત્નીની પસંદગી થઇ. કેળવણીખાતાનો કાબુ આ દંપતીને સોંપવામાં આવ્યો. તેમણે જીવનભર સેવેલા આદર્શોને સિદ્ધ કરવા માટે બોલ્શેવીકોએ તેમને અનુકૂળતા આપી.

પછી તો ડૉ૦ સાટસ્કીનાં શાળામંદિરો ગામડે ગામડે સ્થપાયાં. કાલુગા તાલુકામાં જ્ઞાનની લહાણી કરવા માટે નવા પ્રકારની કેળવણી આપતી શાળાઓ સારી પેઠે સ્થપાઇ. આ શાળાઓની સ્થાપના પછી કેળવણીનો વેગ બહુજ ઝડપથી વધતો ગયો અને તે વેગના વિકાસ સાથે ડૉ. સાટસ્કીનું શાળામંદિર બહુ જ પ્રખ્યાત થવા લાગ્યું.

જે મકાનમાં તે શિક્ષણ અપાય છે, તે મકાન જરાયે ભવ્ય નથી. કારીગરીનો ત્યાં જરાય ઓપ નથી. આધુનિક ઢબના ત્યાં ઓરડા નથી. આજના યુગને બંધબેસતાં ત્યાં બારીબારણાં નથી. કોઈ પ્રવાસી ત્યાં પધારે તો તેને એમજ લાગે કે આ ઝુંપડાં જેવા દીસતા મકાનમાં તે શી રીતે શિક્ષણ અપાતું હશે! કારણ કે એ કેળવણીમંદિરના બાહ્ય દેખાવમાં પેલા પ્રવાસીની આંખને આંજી નાખે તેવું કંઇયે નથી; છતાં તેની જડ દેખાતી દિવાલોની પછવાડે વિપ્લવી શિક્ષણ આપવાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે.

પણ તે પ્રવાસી જરા આગળ વધે અને એ મકાનના કંપાઉંડના દરવાજા ઉઘાડે તો કલ્લોલ કરતો બાળકસમુદાય તેની નજરે પડે. કલાકે કલાકે ત્યાં ઘંટ વાગતો નથી; દર કલાકે માસ્તરોની અદલાબદલી થતી નથી; બાળકોની પાસે પુસ્તકો નથી; સુંદર બાંકડા કે ભવ્ય વ્યાસપીઠ પણ ત્યાં નથી. એ શાળામાં શિક્ષક અને બાળકો સાથે જ રહે છે, અને પરસ્પરના સહકારથી નવી સંસ્કૃતિની સ્થાપના કરે છે.

આ શાળા માત્ર બાલકોને જ શિક્ષણ આપે છે તેમ પણ નથી;

કાલુગાની શાળા તો પ્રચારકાર્યનું મોટું કારખાનું જ છે. શરૂઆતથીજ જવાબદારીનું તત્ત્વ ત્યાં સમજાવવામાં આવે છે. બાળક શાળામાં પ્રવેશ કરે ત્યારે તેની પાટી ઉપર 'કરવત'નો 'ક' લખી આપવાને બદલે તેને સૂચવવામાં આવે છે કે, તારા ઘરનું ચિત્ર દોર. બાળક આમ તેમ લીટીઓ દોરી ચાર દિવાલો ઉભી કરે. વળી શિક્ષક તેને સહાય આપે. આમ ઘરમાં બારીબારણાંનો ઉપયોગ વગેરે તેને સમજાવવામાં આવે છે.

શિક્ષક ધીમે ધીમે આ ઢબે બાળકનાં માતપિતાના જીવનના સંસર્ગમાં આવે છે. તે બાળકના સંજોગો સમજે છે. બાળકની આસપાસ પ્રવર્તતી પરિસ્થિતિનો તે ખ્યાલ મેળવે છે. આ દૃષ્ટિએ શિક્ષક બાળકને સહાય આપતાં આખા ગામની આર્થિક તેમજ સામાજિક સ્થિતિ વિષે સારી રીતે માહીતગાર રહે છે.

તેમજ સોવિયેટ શાસનના કાર્યક્રમની કે બીજાં જાહેર કાર્યોની પણ તેને સારી માહિતી હોય છે. ત્યાં શિક્ષક એ માત્ર કેળવણીકાર નથી પણ સમાજવાદના સિદ્ધાંતોનો પ્રખર પ્રચારક છે. સમાજવાદની સ્થાપના માટે તેનું હૈયું ઉછળી રહ્યું હોય છે. સમગ્ર વિશ્વમાં સમાજવાદ પ્રસારવાના તેના કોડ હોય છે. આ ઉપરાંત તે જાણે છે કે રશિયામાં અત્યારે સમાજવાદની નવી સંસ્કૃતિની સ્થાપનામાં તે સુંદર ફાળો આપી રહ્યો છે. તે માને છે કે વિશ્વવિપ્લવ માટે રશિયાનું સમાજવાદી શાસન જ અગત્યનું છે. આવી ભાવના, ઉલ્લાસ અને સિદ્ધાંતભક્તિથી પ્રેરાયેલા શિક્ષકો ડૉ. સાટસ્કીના નેતૃત્વ નીચે કાલુગામાં નવી સંસ્કૃતિ પ્રવર્તાવી રહ્યા છે.

બાળકોને તે સંસ્થામાં શરૂઆતથી જ તેની જવાબદારી શીખવવામાં આવે છે. જ્યારે ગામમાં સોવિયેટની સભા હોય ત્યારે તેની જાહેરાત કરવાનું કામ બાળકોને જ અપાય છે. આ બાળકો સ્વચ્છ અને મરોડદાર અક્ષરોએ જાહેરાતો લખે છે, અને જાતે જ પોતાનાં માતપિતાને પહોંચાડી આવે છે. આમ કરવાથી સોવિયેટની સભાઓમાં ભાગ્યેજ કોઇ ગેરહાજર રહે છે. કારણ કે કદાચ કોઇ માતપિતા વિસરી જવાની વૃત્તિ બતાવે તો તેમની સ્મૃતિને યાદ આપવા માટે તેમનાં બાળકો હમેશાં તત્પરજ હોય છે.

વળી ગ્રામ્ય સોવિયેટ આગળના પ્રશ્નો તદ્દન સરળ હોવાથી સામાન્ય બાળકો પણ તે સહેલાઇથી સમજી શકે છે. દાખલાતરીકેઃ બાગ બનાવવાનો કે રસ્તો સાફ કરવાનો કે નવો રસ્તો બાંધવાનો કાર્યક્રમ ત્યાં ચર્ચાય. એટલે સામાન્ય બાળક પણ શહેર સોવિયેટની જવાબદારી સારી રીતે સમજી શકે છે. આ પદ્ધતિએ બાળકોમાં નવી ભાવનાને જન્મ આપ્યો છે. તેઓ જાણે છે કે શહેરનો વહીવટ તેમનાજ હાથમાં છે. તેઓ શીખે છે કે શહેરની સ્વચ્છતા અને

આર્થિક પ્રગતિ માટે તેઓ જવાબદાર છે. સોવિયેટ શાસનના ભાવી નાગરિકો આ પ્રમાણે સામ્યવાદનો પહેલો પદાર્થપાઠ શીખી રહ્યા છે.

એક ગામમાં પોસ્ટ ઑફિસ નથી. લગભગ પાંચ માઇલ દૂરથી એપિયો ટપાલ લઇ ચાલીને આવે છે. એટલે શાળામાં એક દિવસ પોસ્ટ ઑફિસ પર સામાન્ય વિવેચન કરતાં શિક્ષક શીખવે છે કે, અહીં પણ પોસ્ટ ઑફિસ હોય તો ?

એ ત્રણ દિવસ પછી શાળાના એક ખૂણામાં બાળકો એક પાટિયા ઉપર એ અક્ષરોમાં રંગ પૂરતા જણાય છે કે: 'સોવીયેટ શાસનની પોસ્ટ ઑફિસ.' એ ગામમાં પોસ્ટ ઑફિસ ઉઘડે છે: પછી તેનો તમામ વહીવટ બાળકોને સોંપાય છે. તેઓ તો જવાબદાર બને છે. ટપાલની ટિકિટોનો હિસાબ પણ તેઓ જ રાખે છે. પછી પ્રચારનાં દિવાલપત્રો આવે છે અને તે ગામમાં બાળકોજ વહેંચી આવે છે.

આ રીતે લોકોપયોગી ખાતાંઓનો વહીવટ તેમને શીખવવામાં આવે છે.

જો ગામમાં પાણી બગડયું છે એવી અફવા આવે તો શિક્ષક અને બાળકો તે કૂવા પાસે જાય, ત્યાંથી પાણી ભરી લાવે, આ પાણી કેમ ન પીવું તે બાબત ચર્ચા ચાલે, બાળકો આપમેળેજ એ આખાય પ્રશ્નની ચર્ચા કરે, શા માટે પાણી ખરાબ થયું છે, તેનાં કારણો વિચારવા યત્ન કરે અને જરૂરને પ્રસંગે કવચિત્ શિક્ષકની તેમાં સહાય પણ લેવામાં આવે.

પછી મ્યુનિસિપાલિટીનો વિજ્ઞાનવિશારદ પાણી ઉપર પ્રયોગ કરી તેમને બતાવે કે પાણી ખરેખર રીતે બગડયું છે. આમ પ્રયોગદ્વારા મેળવેલા જ્ઞાન વડે આખા શહેરમાં ખરાબ પાણીનો ઉપયોગ ન થાય તેટલા માટે તેઓ ચીવટ રાખે છે. આટલેથી તે અટકતા નથી. તેઓ પછી એક નિબંધ લખે છે. આ નિબંધમાં પાણી બગડવાથી થતા ગેરફાયદા, તેમજ સ્વચ્છ પાણીની જરૂરીઆત વિષે સુયોગ્ય કારણો રજુ કરવામાં આવે છે. આ કારણો વર્ણવ્યા પછી તેઓ તે નિબંધને સ્થાનિક સોવિયેટ ઉપર મોકલે છે. તરત જ તે કૂવાને કાં તો બંધ કરવામાં આવે કે ફરીથી તેને ગાળવામાં આવે. આમ સ્થાનિક પ્રશ્નોમાં બાળકોનો અવાજ સારી રીતે રજુ થાય છે.

બાળકો દ્વારા માતાઓને પણ શિક્ષણ આપવામાં આવે છે, તે પણ આવી જ પદ્ધતિ પ્રમાણે. આ દૃષ્ટિએ શાળામાં દિવાલપત્રો ચીતરવામાં આવે છે. તેમાં બાળકોની સંભાળ કેમ રાખવી, એ વિગતો સમજાવવામાં આવે છે. 'બાળકોને ધમકાવવાનાં માઠાં પરિણામ' 'બાળકોને સ્વચ્છ કેવી રીતે રાખવાં ?' વગેરે વિષયો સંબંધી પ્રાથમિક જ્ઞાન આપતાં સચિત્ર દિવાલપત્રો પણ ત્યાં જ તૈયાર થાય છે, અને પછી બાળકો જ તે વહેંચી આવે છે. આમ બાળકો દ્વારા માતાઓને

પણ શિક્ષણ અપાય છે.

એક ગામમાં આગ ઓલવવાનું યંત્ર નથી. ત્યારે કેમ થાય? ડૉ. સાટસ્કીના શાળામંદિરમાં એ પ્રશ્નની ચર્ચા શરૂ થાય. બાળકોની એક સભા ભરાય. ત્યાં આગ લાગવાનાં કારણો, આગને અટકાવવાથી થતા લાભ વગેરે પર સારી ચર્ચા ચાલે. એ ચર્ચા પછી તરતજ આગ પર એક નિબંધ લખવામાં આવે. ચર્ચામાંથી ઉદ્‌ભવેલાં બધાં જ કારણો તેની અંદર સમાવવામાં આવે. આવો નિબંધ પછી સ્થાનિક સોવિયેટ ઉપર મોકલવામાં આવે. તરતજ સોવિયેટની સભા ભરાય. તેની જાહેરાતો તેઓ જ વહેંચે અને બહુ જ થોડા વખતમાં મોસ્કોથી આગ ઓલવવાનું એક યંત્ર આવી પહોંચે. બાળકો તે યંત્રનું સરઘસ કાઢી આખા ગામમાં ફરે, અને કદાચ બીજે જ દિવસે શહેરમાં આગ લાગે તો આ ઉત્સાહી બાલકોના પ્રખર પ્રયત્નોને પરિણામે તે આગ જરૂર ઓલવાઈ જાય.

કેટલાંક ગામડાંઓમાં પાક ઉગાડવાની નવી પદ્ધતિ શરૂ કરવામાં આવે છે. પણ વર્ષોથી જૂની પ્રથાને વળગી રહેલા ખેડુતો એકદમ નવી પદ્ધતિ ગ્રહણ કરે એમ લાગતું નથી. આથી દરેક શાળા સાથે નાનો બગીચો તૈયાર કરવામાં આવે છે. તેમાં મોસ્કોથી આવેલાં સુંદર બીજ વાવવામાં આવે છે. એ બીજથી થયેલો પાક ગામલોકોને બતાવવામાં આવે છે. આમ ધીમે ધીમે ઉંચા પ્રકારની વાવણી અને નવીન સાધનોનો ઉપયોગ ખેડુતોને શીખવવામાં આવે છે.

આ રીતે આજે કાલુગાની બાળકોની શાળા મોટેરાંઓ માટે શિક્ષણની સંસ્થા થઇ પડી છે.

દરેક શાળામાં એક કલાવિભાગ પણ હોય છે. આ કલાવિભાગમાં સઘળાં ચિત્રો બાળકોએ જ દોર્યાં હોય છે. એ ચિત્રોમાં બાળકોએજ રંગ પુર્યા હોય છે. એટલુંજ નહિ પણ તેમની એ કલા વિકાસ પામે તે દૃષ્ટિએ મોસ્કોની શાળાના વિદ્યાર્થીઓની કલાકૃતિઓ પણ સાથે સાથે ત્યાં મૂકવામાં આવે છે. આમ પરસ્પર આપ-લે અને સહકારની ભાવના વડે પ્રગતિ પામતા તેમના જીવનને સ્પર્શતા વિષયો શીખવવામાં આવે છે.

ડૉ. સાટસ્કીની અથાગ મહેનત અને સતત શ્રમના પરિણામે સોવિયેટ સરકારે તેમને મોસ્કો શહેરની ટ્રામ વાપરવાની છૂટ આપી છે. આ જાતની નવાજેશની વાત સાંભળી અનેકને અજાયબી થશે. પણ જે દેશમાં દરેક સામ્યવાદી વ્યક્તિની સૌથી વધુ આવક ૧૧૨ ડૉલર હોય ત્યાં આ જાતની નવાજેશ ઘણીજ અગત્યની છે. ટુંકામાં, ડૉ. સાટસ્કીનું શાળામંદિર રશિયના નવીન જીવનના ઘડતરમાં અમૂલ્ય ફાળો આપી રહ્યું છે. ("નવયુગ" માસિકના એક અંકમાંથી)

૯૬–સોવિયેટ રશિયાની સાહિત્ય સંસ્થા

'સાહિત્યમાર્ગે લોકસેવા' કરતી 'ઑગીસ' રશિયાના ચારે ખૂણામાં સાહિત્ય પહોંચાડે છે.

(લેખકઃ–શ્રી. 'પ્રવાસી')

(૧)

ખટ્...ખટ્...ખટ્...ખટ્...મોસ્કોના મધ્યભાગમાં આવેલા એક મહાન મકાનમાંથી યંત્રોનો અસ્પષ્ટ અવાજ વાતાવરણમાં અફળાતો અફળાતો તમારા સુધી આવી પહોંચે છે. તમો ક્ષણભર સ્તંભો છો. આ આલીશાન મકાન ઉપર પિત્તળના અક્ષરોમાં એક નાનકડું પાટિયું છે. આ પાટિયા ઉપર કોતરાયેલું છે રશિયન નામઃ 'ઑગીસ.' તમારા દુભાષિયાને પ્રશ્ન કરો તો તે કહેશે કે 'રશિયન પ્રજાસત્તાકની તે પ્રકાશનસંસ્થા છે.'

આ પ્રચંડ સંસ્થા વિષે પ્રશ્ન કરો ત્યાર પહેલાંજ અતિ ઉત્સાહ અને આનંદની લાગણી સાથે દુભાષીઓ તમને જરૂર જ કહેવાનો... "સમગ્ર પૃથ્વીમાં આવી કોઇ સંસ્થા નથી. દર વર્ષે ૪૦,૦૦૦ જેટલાં નવાં પુસ્તકો આ સંસ્થા તરફથી પ્રસિદ્ધ થાય છે. લગભગ ૬૦ કરોડ નકલો અહીં છપાય છે. ૭૦૦૦ પુસ્તક વેચનારી સંસ્થાઓ રશિયાના ૧૬ કરોડ માનવને આ સાહિત્ય પહોંચાડે છે.

ખટ્...ખટ્...ખટ...તમારી આ ટુંકી વાતચીત સાથેજ કાગળોના મહાકાય રોલરો ક્ષણવારમાં મશીન પર સમાપ્ત થતાં જુઓ છો...ક્ષણવારમાં સેંકડો 'બાઇન્ડરો' પુસ્તકો બાંધે છે–કોઇ પૂંઠા ઉપર પટ્ટી મૂકે છે, કોઇ ચોપડીના થોકડા બાંધે છે...કોઇ સરનામાના શબ્દ મૂકે છે. નાયગરાના ધોધની માફક ચોપડીઓનો પ્રવાહ રશિયાની ચારે દિશાએ જવા વહી રહ્યો છે. ખટ્...ખટ્...ખટ્... અને તમારી ઉત્કંઠા જાગે છે.

(૨)

રશિયાનું રાજતંત્ર સાહિત્યભૂખને પણ યોજનામય રીતે સંતોષે છે. મુડીવાદી જગતમાં લેખક લખે છે, પ્રકાશક પાસે પહોંચે છે, પ્રકાશકને પસંદ પડે તો વળી સો બસો રૂપિયા આપી પુસ્તકના સર્વ પરવાના ખરીદે છે, લેખકને ઘેર કંસાર રંધાય છે.

પ્રકાશક છપાવે છે, બજારમાં ચોપડી રજુ થાય છે, જાહેરખબર અપાય છે, સારાં અવલોકનો લખાવા માટે તંત્રીઓની ખુશામત શરૂ થાય છે અને આમ છતાં પણ કોક જ પુસ્તક લોકપ્રિય નીવડે છે.

પુસ્તક નહિ ખપતાં પ્રકાશકના પેટમાં તેલ રેડાય છે......

લેખકનો ભાવ ઉતરી જાય છે. લોકોને કયું પુસ્તક પસંદ પડયું તેની શોધ ચાલે છે. એવી ઢબમાં બીજું પુસ્તક લખવાની આજ્ઞાઓ અપાય છે. પેલા લોકપ્રિય બનેલા લેખકનાં મૂલ્ય ઉંચાં ચઢે છે.

નફો એ લેખકનો તેમજ પ્રકાશકોનો એકમાત્ર આશય છે. લેખક પણ લોકપ્રિય બનતાં એ પુસ્તકોના જેવાંજ નવાં પુસ્તકો સર્જવાનો વિચાર કરે છે. પ્રસિદ્ધ લેખક પણ એમ માને છે કે પૈસા ઉત્પન્ન કરવાનો આજ સારો વખત છે. તે રાત્રે ઉજાગરા કરીને પણ લખે છે, અને લખે છે, પરિણામે લોકમોહ તેના પરથી ઉતરી જાય છે. તેનાં પુસ્તકોની અણવેચાયેલી નકલોની થપ્પી મોટી બનતી જાય છે. કોઈ નવો લેખક જનસમુદાયની આંખમાં નામચીન બન્યો છે.

મૂડીવાદી પ્રકાશનપદ્ધતિમાં અરાજકતા છે. નફો એ તેનું એક લક્ષ છે. પ્રજાને શું જોઇએ છીએ, શું આપવું જોઇએ, અને કેવી રીતે આપવું જોઇએ તે વિષે વિચાર કરવાની નથી નવરાશ મૂડી-વાદી સાહિત્યકોને કે નથી ફુરસદ પ્રકાશકોને.

(૩)

પણ સોવિયેટ રશિયામાં તેમ નથી. ત્યાં તો પુસ્તકપ્રકાશનને વ્યવસ્થિત અને યોજનામય બનાવવામાં આવ્યું છે. આ સંસ્થા તે 'ઑગીસ.'

આ સંસ્થા લેખકોના સાહિત્યસર્જનને સ્વીકારે છે. તેમને જો પ્રકાશન માટે યોગ્ય લાગે તો પૈસા આપી ખરીદી લે છે. પછી તેની કેટલી પ્રતો કાઢવી તેનો નિર્ણય થાય છે, તેટલા માટે વ્યવસ્થા થાય છે, પ્રતો છપાય છે અને રશિયાના ચારે ખૂણામાં તે પહોંચાડવા-માં આવે છે.

કાગળ, શાહી અને છપામણ જેટલીજ કિંમતમાં આ પુસ્તકો પ્રજાને સાંપડે છે. તેને માટે નથી અપાતી જાહેરખબર કે નથી લખાતાં અવલોકનો. માત્ર આ સંસ્થા નવાં પુસ્તકોની દર ત્રણ માસે યાદીઓ બહાર પાડે છે. આ યાદીમાં આ પુસ્તકોનો ઉલ્લેખ હોય છે.

આ સંસ્થા સર્વ પ્રકારનું સાહિત્ય છાપે છે. હળવા સાહિત્ય સાથેજ ગંભીર સાહિત્ય પણ છપાય છે. હમણાંજ જર્મન વિચારક હેગલના એક અપ્રતિમ પુસ્તક 'જ્ઞાનનો જ્ઞાનકોષ' ની પહેલાં ૫૦૦૦ નકલ પ્રસિદ્ધ કરવામાં આવી. આ પુસ્તક અભ્યાસીને પણ અઘરૂં લાગે તેવું છે; પણ પાંચજ દિવસમાં આ પ્રતો ખલાસ થઈ. તરતજ બીજી આવૃત્તિ કાઢી. એ મહિનામાં દશ હજાર નકલો ચણાની માફક ઉડી ગઈ. ત્રીજી આવૃત્તિ બહાર પાડી. આજે એ પણ ખલાસ થઈ ગઈ છે.

ઑગીસ સંસ્થા બે સ્વરૂપનું સાહિત્ય પ્રસિદ્ધ કરે છે: એક તો જનતાનું સાહિત્ય, બીજું અભ્યાસીઓનું સાહિત્ય. જનતા માટે તૈયાર થઈ રહેલાં પુસ્તકોની કરોડો નકલો છપાય છે. ચોપાનિયાંની

લાખ્ખો નકલમાં બાંધણી થાય છે. વાર્તાઓ, નાટકો તેમજ હળવું સાહિત્ય પણ તેમને વિશાળ પ્રમાણમાં ઉત્પન્ન કરવું પડે છે. સાથે-જ વિજ્ઞાનની શોધખોળને લગતું સાહિત્ય પણ તેટલીજ ઝડપથી સર્જાય છે. ડૉ૦ પેવલોવના વિજ્ઞાની શોધખોળને લગતા પુસ્તકની ૨૦૦૦૦ નકલ રશિયન મારકેટમાં મૂકી. સાત રૂબલનું આ પુસ્તક હતું, છતાં સાત કલાક પહેલાં આ પુસ્તકની નકલો સમાપ્ત થઈ ગઇ!

આમજ અર્થશાસ્ત્ર ઉપર લખેલી પ્રો. લાપીડસના પુસ્તકની એક લાખ નકલો પહેલા દિવસેજ ઉપડી ગઇ. સામાન્ય રીતે વિજ્ઞાનને લગતાં પુસ્તકોની ૫૦૦૦ કોપીઓ કાઢવી એવો નિયમ હોય છે. આ પુસ્તકો ખપી જતાં તેની બીજી આવૃત્તિઓ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

(૪)

રશિયામાં લેખકોને સારાં મહેનતાણાં સાંપડે છે. મૂડીવાદી જગતમાં લેખકનું નામ મશહુર ન હોય તો ભાગ્યેજ તેને કંઈ મહેનતાણું સાંપડે છે. આપણા પ્રકાશકો તો લેખકને સારી રીતે મહેનતાણું આપવાનું શીખ્યાજ નથી. પણ રશિયામાં એંજીનિયરો સિવાય સૌથી સારી સગવડો અને પગાર સાંપડતાં હોય તો સાહિત્ય-કારો, કવિઓ અને કલાધરોને છે. તેમને તેમની સાહિત્યકૃતિઓ બદલ પુષ્કળ દામ સાંપડે છે; એટલુંજ નહિ પણ તેમને સન્માન પણ સારૂં સાંપડે છે. મોસ્કોના એક મશહુર લેખકને દર વર્ષે ૭૫૦૦૦ રૂબલ મળે છે એમ કહેવાય છે.

(૫)

આ સંસ્થાના સંચાલકો હમેશાં ફરિયાદ કરે છે કે રશિયાના સાહિત્યસર્જનને માટે પૂરતા કાગળો પાકતા નથી. પાંચ વર્ષની યોજનાને લીધે તેઓ વધુ કાગળ પરદેશથી આયાત કરી શકે તેમ નથી. એટલેજ તેમની સાહિત્યપ્રકાશન પ્રવૃત્તિ ઉપર કંઇક અંકુશ પડયો છે. પણ આવતા વર્ષથી રશિયામાં કાગળ બનાવવાનાં પ્રચંડ કારખાનાંઓની સ્થાપના થનાર હોવાથી આ મુશ્કેલી દૂર થઈ જશે.

પણ સરકારી પ્રકાશન સંસ્થાના ઇષ્ટ સાથે અનિષ્ટ પણ છે. પ્રથમ તો સરકારી પ્રકાશન સંસ્થા રશિયન સાહિત્ય ઉપર કડક સેન્સરશીપ રાખે છે. વિરોધનો ધ્વનિ પણ ન સંભળાય એવુંજ સાહિત્ય તે સર્જાવા દે છે; અન્ય પ્રકારનું તે કદીય છાપતું નથી.

આના જવાબમાં રશિયાના સૂત્રસંચાલકો એવી દલીલ કરે છે કે તમારે ત્યાં પણ સેન્સરશીપ નથી? મૂડીવાદવિરોધી પત્રો, પુસ્તકો કે ચોપાનિયાંઓને આગળ જવાની એક પણ તક સાંપડે છે? શું મૂડીવાદીઓ મૂડીવાદ–વિરોધી વર્તમાનપત્રો કે લેખકોને એક પણ તક આપે છે? દુનિયામાં ક્રાંતિકારી લેખકો રસ્તાના રખડતા ભિખારીઓ હોય છે. ફુટપાથ એ તેમની શય્યા છે. 'બે આના'ની

પ્લેટવાળું વિશ્રાંતિગૃહ એ તેમનું ભોજનાલય છે. આવી પરિસ્થિતિ વચ્ચે સેન્સરશીપ ન હોવાની વાત કરવી એ માત્ર ઇંદ્રજાળ છે. 'તમારી સેન્સરશીપ અદશ્ય છતાં આકરી છે, ત્યારે અમારી સ્પષ્ટ અને સીધી છે' એ તેમનો જવાબ છે.

(૬)


રશિયાની સીમામાં આવી બીજી એકે પ્રકાશન સંસ્થા નથી. દરેક પ્રજાસત્તાકની પોતપોતાની સંસ્થા છે. ખાસ કરીને યુક્રેઇન પ્રજાસત્તાક પોતાનીજ ભાષામાં અસંખ્ય પુસ્તકો પ્રસિદ્ધ કરે છે. તેવી જ રીતે તુર્કો રશિયન પ્રજાસત્તાક પણ પોતાની સંસ્થા ચલાવે છે. આ સંસ્થા પાછળ સરકારને એક પાઇની પણ ખોટ નથી. તેની કમાણીમાંથી સરકાર એક પાઇ પણ તીજોરીમાં મૂકતી નથી, 'સાહિત્ય માર્ગે લોકસેવા' એજ તેનો આશય છે.

લેનીનનો આ પેગામ હતો. તે કહેતો કે રશિયાના કામદારો અને ખેડુતોએ માત્ર રોટી માટે રાજ્યક્રાંતિ નથી કરી. તેમને જ્ઞાન પણ મળવુંજ જોઇએ. આથી તો તેણે સરકારી પ્રકાશન સંસ્થા સ્થાપી.

આ સંસ્થા આજે લેનીનના આદેશને વ્યવહારમાં મૂકી રહી છે.

ખટ્...ખટ્...ખટ્...વાતાવરણમાં અફળાતા આ અવાજો તમોને હવે અપ્રિય નથી લાગતા. એ તો સાહિત્યનું સંગીત છે. દૂર દૂર પહાડોમાં અને ખીણોમાં, જંગલોમાં અને ઝાડીઓમાં, શહેરોમાં અને ગામડાંઓમાં, કારખાનાઓમાં કે ખેતરોમાં કામ કરી રહેલી શ્રમજીવી જનતાના સાહિત્યનો એ મધુર રણકાર છે. તેમના અજ્ઞાનનો નાશ કરવાની એ જ્વલંત મશાલ છે. મલકાતા મુખે તમો આગળ પગલાં મૂકો છો. તમારા કાનમાં હજુય ભણકાર સંભળાય છે કે 'નવી સંસ્કૃતિ અહીં રચાય છે, અહીં રચાય છે, અહીં રચાય છે!' અને તમારા માનસમાં આ સંસ્થાનું સ્મરણચિત્ર સ્થાયી બનાવવા માટે તમો પાછળ જુઓ છો.........

(તા. ૧૮-૪-૧૯૩૩ ના દૈનિક "હિંદુસ્થાન"માંથી)



૧૭-બૌદ્ધ-ધર્મમાં ઈશ્વરભાવના

(લેખક:-શ્રી. ગંગાચરણ લાલજી ખન્ના)

બે પ્રકારના મનુષ્યોથી ધર્મની ભાવનાને નુકસાન પહોંચે છે: એક તો તેઓ છે કે જેઓ ધર્મના ઓઠા નીચે પાપ કરે છે અને પોતાનું પેટ ભરે છે. જ્યારે કોઈ પુરુષાર્થી મનુષ્ય આગળ આવીને લોકોની આંખો ઉઘાડે છે ત્યારે તેમનાં દુષ્ટ કર્મો બંધ થઇ જાય છે. પરંતુ ઘણું વધારે નુકસાન તો એવા માણસોથી થાય છે કે જેમને ધર્મને નામે અધિકાર પ્રાપ્ત થયા હોય છે, અને તેથી તેમના હૃદયમાંથી દીનતાનો ભાવ જતો રહે છે. તેમની પૂજા થાય છે એટલે તેઓ પરમેશ્વરને ભૂલી જાય છે. તેમની વાતો માનવામાં આવે છે એટલે તેઓ કોઇ પણ કારણે નવી ભાવનાને ગ્રહણ કરી શકતા નથી. તેમના હૃદયમાં સત્યની શોધ નથી થતી, તેઓ પ્રાતઃકાળના નવા સૂર્યના ચમત્કારને જોઇ શકતા નથી અને વહેતી નદીના પ્રવાહની કલ્પના કરી શકતા નથી. આ લોકો પોથાંપંડિતોજ હોય છે. જ્યારે ધર્મની લગામ આવા અધિકારીઓના હાથમાં આવે છે, ત્યારે મોટા મોટા અન્યાય થવા લાગે છે, પ્રાણીમાત્ર દુઃખી અને વ્યાકુળ થઇ જાય છે, વર્ષોની ઉન્નતિ રોકાઇ રહે છે, અને એક મહાન પરિવર્તનની આવશ્યકતા ઉભી થાય છે.

ઘણેભાગે આવાજ સંકટના સમયમાં નાસ્તિકતા અથવા ઈશ્વર અને ધર્મમાં અવિશ્વાસ અને ખંડનની તલવાર વિનાશનું કામ કરે છે. ધર્મની ભરતીને રોકવાવાળા અધિકારીઓને હઠાવીને નવા ધાર્મિક જીવનની ઉત્પત્તિ માટે માર્ગ સાફ કરવા ધાર્મિક સંશયવાદ અથવા નાસ્તિકતાનો યુગ પણ આવશ્યક છે. એક વાર કચરો સાફ થયા પછી ધર્મનું નવું દૃશ્ય અને સ્વરૂપ પ્રગટ થાય છે. સંસારની લગભગ બધી સંસ્થાઓની બગડેલી અવસ્થા અને પ્રાણીમાત્રનાં દુઃખો તરફ જોતાં નાસ્તિકતા વધતી જાય છે, તેનું મને આશ્ચર્ય નથી થતું. આપણે લેખોથી અને વ્યાખ્યાનોથી કોઇ નાસ્તિકને ઈશ્વરનો ઉપાસક નહિ બનાવી શકીએ. સંસારમાંથી નાસ્તિકતાને દૂર કરવાનો એકજ ઉપાય છે અને તે એ છે કે, ઈશ્વરોપાસક સાચું અને સેવામય જીવન ગાળે અને પરિવર્તનને માટે તૈયાર રહે.

ભારતજ નહિ, બીજા દેશોમાં પણ એ વાત ફેલાયલી છે કે ભગવાન બુદ્ધ ઈશ્વરના અસ્તિત્વમાં વિશ્વાસ રાખતા નહોતા. આ ભ્રમનું કારણ એ છે કે બૌદ્ધ-ધર્મમાં પણ એ બે પ્રકારના ઉપર વર્ણવાયલા ધર્મદ્રોહીઓ પેદા થયા અને તેઓ ભગવાનના બતાવેલા પરિવર્તન માટે તૈયાર નહોતા. અને ભગવાને રચેલો સંઘ, કે જેના

દ્વારા ભગવાન પોતાના ઉંચા ભાવોને સંસાર સમક્ષ રજુ કરવા ઇચ્છતા હતા, તે આદર્શ જીવનથી પતિત થઇ ગયો. ભગવાન બુદ્ધે ઇશ્વિરતાની ભાવનાને ધર્મ–સ્વરૂપમાં વર્ણન કરેલી છે. આ ધર્મ શબ્દનાં જેટલાં ગૂઢ અને મનોહર વર્ણન બૌદ્ધ ગ્રંથોમાં કરવામાં આવ્યાં છે, એટલાં કોઇ બીજા ગ્રંથમાં નથી મળતાં. પરંતુ બુદ્ધ ભગવાને એવું શિક્ષણ આપ્યું છે કે આ ભાવનાનો અનુભવ ગ્રંથો વાંચવાથી નથી થતો, તેને માટે ઉપાસનાની આવશ્યકતા છે. અને આ ઉપાસના એ એક સાચા સેવકનું જીવન છે કે જે સાક્ષાત્ ભગવાનના બતાવેલા અષ્ટાંગ માર્ગ ઉપર ચાલવાથી પ્રાપ્ત થાય છે.

જે સમયે ભગવાને ભારત ભૂમિ ઉપર અવતાર લીધો, તે સમયે ધર્મને નામે ઘણા અન્યાયો પ્રચલિત હતા. દેવી–દેવતાઓને પ્રસન્ન કરવાને બહાને લોકો મૂગાં પશુઓનાં જીવન તણખલા જેટલાં પણ સમજતા નહિ. રાજા બિંબિસારના યજ્ઞમાં ભગવાને સ્વયં પોતાની જાતને નિર્દોષ પશુઓની રક્ષા માટે અર્પણ કરીને અપૂર્વ દયાનો સ્રોત વહાવ્યો હતો. આ એક કાર્યમાં જેટલી ઇશ્વિરભાવના વ્યક્ત થાય છે, એટલી હજારો ઉપદેશોથી થઇ શકતી નથી.

મૂઢ લોકોને વિશ્વાસ હતો કે જે રીતે મોટા અધિકારીઓને લાંચ દ્વારા અધર્મ કરવા માટે ખરીદી શકાય છે, તેજ પ્રમાણે દેવતાઓને પણ ધર્મની લાંચ આપીને અધર્મ ઉપર સહી સિક્કા કરાવવા માટે ખુશી કરી શકાય છે. આવી હાલતમાં સાચા ધાર્મિક જીવનનું રહસ્ય લોકો ભૂલી ગયા હતા. બરાબર એજ સમયે ભગવાન બુદ્ધે પોતાના તપપૂર્ણ ધાર્મિક જીવન દ્વારા ઉપાસના–માર્ગ અને ધર્મના ઉંચા આદર્શને સામે રાખીને મનુષ્યજાતિને નાસ્તિકતાની નિરાશાથી બચાવી.

ભગવાને આત્માને એક નાશવંત વસ્તુ બતાવીને દરેક પ્રાણીને નિર્વાણનો અધિકારી જણાવ્યો. પરંતુ બૌદ્ધ ગ્રંથોમાં જે વસ્તુને આત્મા કહ્યો છે, તે એ વસ્તુ છે કે જે સંસ્કારો અને કર્મોને કારણે એક-બીજામાં ભિન્નતા લાવી દે છે અને જે નિર્વાણની પ્રાપ્તિ થતાં નાશ પામે છે. આ આત્માનો એક નાશવંત સંબંધ પ્રત્યેક ચરાચર જીવમાં વ્યાપક, બોધિચિત્ત અને પોતાની સૂક્ષ્મ અવસ્થાને પ્રાપ્ત થઇને સંસ્કારો અને કર્મોથી પેદા થનારા ઘેરાઓને તોડીને નિર્વાણ પ્રાપ્ત કરનાર વસ્તુ સાથે છે. આ નશ્વર સંબંધ કર્માનુસાર સ્થૂળ અને સૂક્ષ્મ થઇ જાય છે; અને ક્ષણેક્ષણેમાં બદલાતો રહે છે. ભગવાન બુદ્ધનો એજ ભાવ હતો કે જેનો શ્રીશંકરાચાર્યજીએ વેદાંતના નામથી પ્રચાર કર્યો.

ધાર્મિક ગ્રંથોમાં ઇશ્વિરતાનાં મોટાં મોટાં વર્ણનો મળી આવે છે. તેમાં વેદાંતના નેતિ–નેતિ વર્ણનને સૌથી ઉંચું માનવામાં આવ્યું

છે. પરંતુ મારો તો એવો મત છે કે ભગવાનનું મૌન, તેમની ચુપકીદી-શાંતિ અને મંદ હાસ્યજ તેમનું સૌથી ઉત્કૃષ્ટ અને સાચું વર્ણન છે. આ તો નિરાકાર ભાવનું વર્ણન છે; પરંતુ ભક્તોને તેનાથી તૃપ્તિ થતી નથી. તેઓ ભગવાનના સાકાર અને સગુણ સ્વરૂપના ઉપાસક છે કે જેની ઉપાસના કરીને કરોડો મનુષ્યો આ ભવસાગરથી તરી ગયાં છે.

'કલ્યાણ' ઉપર મને ખૂબ પ્રેમ છે અને જ્યારે કોઇ વાર મિત્રો મને વાંચવા માટે તેના અંક આપે છે, ત્યારે હું તેમાં ઘણા ખરા એવા ભાવો જોઇ શકું છું કે જેનો ઉપદેશ મારા ભગવાને કર્યો હતો. પરંતુ હું ભગવાનના સાકાર અને સગુણ સ્વરૂપનો ઉપાસક છું કે જેનું વર્ણન 'કલ્યાણ'માં જોયા કરવાને આંખો હમેશાં તરસી રહે છે.

(સંવત ૧૯૮૯ ના 'કલ્યાણ'ના ઇશ્વરાંકમાંથી)

૬૮–इस्लाम–धर्ममां ईश्वर

(લેખકઃ–શ્રી. સૈયદ કાસીમઅલી સાહિત્યાલંકાર)

ઇસ્લામ-ધર્મના પ્રવર્તક હજરત મહમ્મદ સાહેબે અરબસ્તાનની ભૂમિમાં, જ્યારે ત્યાં અંધાધુંધી, અત્યાચાર અને અતિશય બીભત્સ અનીતિનો ઘેરો અંધકાર છવાયલો હતો, ત્યારે ઇશ્વિરીય પ્રેરણાથી આવશ્યક સુધારા અને ઇશ્વરીય જ્ઞાનનો સારી રીતે પ્રચાર કર્યો. તેમના બનાવેલા નિયમ યા માર્ગ આજે પણ બધાને ખુદા–ઇશ્વિરનો સાચો રસ્તો બતાવી રહ્યા છે. ઇસ્લામના કેટલાક સિદ્ધાંત જુઓ.

(૧) ઇશ્વિર એક છે, સર્વશક્તિમાન છે અને નિરાકાર રૂપમાં સમસ્ત ભૂમંડળના શાસક છે.

(૨) તે પરમાત્માને છોડીને બીજાની ભક્તિ અને પ્રાર્થના કદી પણ ન કરવી જોઇએ.

(૩) તે ખુદા માફી માગવાથી બધી ભૂલો માફ કરી દે છે.

(૪) અલ્લાહ (ઇશ્વિર) સઘળાં સારાં ખોટાં કાર્યોનાં ફળ આપે છે અને કયામત અથવા પ્રલયના દિવસે બધાનાં પાપ–પુણ્યનો વિચાર કરીને ખાસ ચુકાદો આપશે.

(૫) પરમેશ્વરની ગતિ જાણી શકાતી નથી, તેઓ આ સંસારના શાસક, પોષક અને નિયમપૂર્વક ચલાવનારા ઇશ્વિર, અદશ્ય અતુલનીય શક્તિવાળા છે.

તેમની–ખુદા–ઇશ્વર–ની આજ્ઞાઓ

(૧) નમાજ (ઇશ્વિરપ્રાર્થના)–પ્રત્યેક મનુષ્યે પ્રત્યેક સ્થાનમાં પવિત્ર થઇને પ્રતિદિન પાંચ વાર અવશ્ય કરવી.

નમાજ ગમે તે સ્થિતિમાં સઘળાં સ્ત્રી–પુરુષ, રાય–રંક, અમીર–

ફકીર, બાળક-વૃદ્ધ બધાએ અનિવાર્ય રૂપે પઢવી જોઇએ. જનસમુદાય સાથે પઢવી અતિ ઉત્તમ છે. મસ્જિદમાં નાના મોટા, અમીર-ગરીબ, કાળો-ધોળો વગેરેનો વિચાર નહિ કરવો જોઇએ. ત્યાં બધા લોકો સરખા છે. બધાનો એકજ પ્રકારનો વ્યવહાર હોય છે તથા બધા સમાન સ્થાનમાં બેસે છે.

(૨) રોજા—ખાસ કરીને વર્ષમાં રમજાન નામના મહિનામા એક મહિના સુધી આખો દિવસ બાળક-વૃદ્ધ, સ્ત્રી-પુરુષ સર્વેએ નિર્જળ નિરાહારી રહેવું જોઇએ. અને આખો માસ રોજા રાખ્યા પછી ઇદુલફિત્ર (ખુશીનો ભાગ) અદા કરવો જોઇએ. આ ઉપવાસી માસ વડે આત્માની શાંતિ અને ઇશ્વિર-ભક્તિની મહાનતાને પામીને પ્રત્યેક મુસ્લિમ (ઇમાનદાર) સિપાઇના રૂપમાં પોતાનો આદર્શ પ્રકટ કરે છે.

(૩) જકાત—પ્રત્યેક મુસલમાને પોતાની આવકનો ચાલીસમો ભાગ જુદો કાઢીને દીનહીન, અનાથ અને દુ:ખી નરનારીઓને મદદ કરવી જોઇએ.

(૪) હજ*—સંસારના મુસલમાનોએ વર્ષમાં એક વાર પોતાનાં મક્કા-મદીના આદિ પવિત્ર તીર્થસ્થાનોનાં દર્શન કરવાં જોઇએ. તેમને માટે પણ એક દિવસ ઇદુલ્જુહા (આદર્શ ત્યાગનો સમય) મુકરર કરવામાં આવ્યો છે. આ દિવસે સંસારનાં સઘળાં સ્થાનોના થોડા ઘણા પ્રતિનિધિઓ એકઠા થઇને પોતાના નૈતિક વિચાર, પરોપકારી કાર્ય અને ઇશ્વિરભકિતના માર્ગને સુદૃઢ અને સુવિશાલ બનાવવાની યોજના કરે છે.

(૫) કુરાન—**'एको ब्रह्म द्वितीयो नास्ति'** અર્થાત્ બ્રહ્મ એકજ છે બીજો નથી. તેના ઉપર વિશ્વાસ રાખીને પોતાના આદર્શ પ્રમાણે ચાલવું.

ઇસ્લામમાં હરઘડીએ પવિત્રતાની ધાર્મિક વિધિબંદગી-પ્રાર્થના બતાવવામાં આવી છે. અનેક મહાન વેદાન્તી(સૂફી)ઓ અને કેટલાયે અલમસ્ત ફકીરો **'अहं ब्रह्म'**ની સિદ્ધિ ઉપર પહોંચીને દેશનું અતિશય કલ્યાણ કરી ચૂક્યા છે. મુસ્લિમ ધર્મમાં ફિલ્સૂફી-તત્ત્વજ્ઞાનના જે કંઇ સિદ્ધાંત પ્રકટ થયા છે તે બધા સ્વાભાવિક સંગઠનની પ્રભાવશાળી શક્તિ સાથે જોડાયલા છે અને એકતામાં કેન્દ્રિત છે; ઇસ્લામમાં એક ખુદા, એક ધર્મગ્રંથ કુરાન, એક પેગંબર (ઈશ્વરી પ્રચારક) અથવા હજરત મહમ્મદ સાહેબ, એક રસ્તો, એકજ વિધિ, એક ભાષા, એક ભૂષણ, એક ભાવ, એક રીતરિવાજ, એકજ

* જે લોકો હજ કરવા જાય છે, તેઓ પોતાના હાથથી તૈયાર કરેલું માત્ર એકજ કપડું પહેરે છે, તેઓ કોઈ પણ જીવને દુ:ખ દેતા નથી, તે એટલે સુધી કે પોતાના શરીરની જૂને પણ મારતા નથી.

પ્રકારની મસ્જિદ અને એક કાનૂન છે. બધા એક ખુદાને માને છે. મુસ્લિમ નામધારી મનુષ્ય કોઈ પણ જગાએ, ગમે તેવું શિક્ષણ પામીને પણ ઈશ્વરની મહત્તાને નહિ માનનાર મહામહેનતે મળશે. કોઈ દૈનિક નમાજ નહિ પઢે, તો આઠમે દિવસે જુમ્મા(શુક્રવાર)ને દિવસે અવશ્ય મસ્જિદમાં જશે અથવા વર્ષમાં એક વાર ઇદને દિવસે તો અવશ્યજ નમાજ પઢવા જશે અને પોતાના ભ્રમ, ભૂલ અને પાપોની તોબા કરશે (માફી માગશે).

ઇસ્લામના સિદ્ધાંત પ્રમાણે ખુદા સર્વવ્યાપક, સર્વશક્તિમાન, અજન્મા, અકૃત્રિમ, અદશ્ય, અનોખા, અલબેલા, અપરંપાર, કૌતુકી, દયાળુ, ન્યાયી, નિરાકાર અને નિર્વિકાર છે. તેની મૂર્તિ, તેનું ચિત્ર કે તેનું રૂપ બનાવીને પૂજવું એ તેની અપકીર્તિ કરવા જેવું છે. કેમકે જ્યારે તે માટીમાં અને ફૂલોમાં સર્વવ્યાપક છે તો એ એક ભગવાનને બીજા ભગવાન ઉપર ચઢાવવા ઠીક નથી. આથી તેની વિશાળતાની અનંત શક્તિ ઉપર આક્ષેપ થાય છે. જ્યારે ઈશ્વર આપણાથી જુદો નથી, આપણી અંદર છે, આપણે તેમનો ભય રાખીને પાપોથી બચી શકીએ છીએ. હિજરત (અસહકાર) અને શહીદી (વીર ગતિ) નો મંત્ર પ્રત્યેક મુસલમાનના રોમ રોમમાં એટલાજ માટે ફેંકવામાં આવ્યો છે કે જ્યાં અધર્મ, અત્યાચારનો અંધકાર છવાયો હોય ત્યાં તે એકદમ પહોંચી જાય અને ઈશ્વરીય માર્ગ–ઇશ્વરીય ભક્તિમાં હસતાં હસતાં પોતાના પ્રાણ દઇ દે. તેમની આ વીર ગતિ અતિ આદરણીય છે. પરંતુ ખુદા ખરાબ કામોથી–પાપોથી હમેશાં દૂર રહેવાનો આદેશ આપે છે, અને ઈર્ષા, દ્વેષ, હિંસા, લોભ, મોહ, કામ, ક્રોધ અને મદથી બચીને રહેવાનો મત બતાવે છે. ખુદાના સામ્રાજ્યમાં ખુદાના કુદરતી કાયદા હમેશાં ચેતવણી આપે છે અને ભૂલ થતાં શિક્ષા પણ કરે છે. હા, ઇસ્લામમાં બતાવેલી ખુદાની ધાર્મિક વિધિઓ અમે ગૃહસ્થાશ્રમમાં રહીને પણ પાળી શકીએ છીએ. જે વિધિઓ અમે કરીએ છીએ તે અમારી સ્ત્રીઓને માટે પણ છે. ઇસ્લામના મત પ્રમાણે ખુદા અવતાર લેતા નથી, તેઓ પોતાના પ્રિય ભક્તોની પ્રાર્થના સાંભળીને તેમને મદદ કરે છે અને પોતાના આશ્ચર્યમય તેજથી વખતે તેને દર્શન પણ દે છે. તે પોતાના ભક્તોની હમેશાં કાળજી રાખે છે.

× × × ×

('કલ્યાણ'ના સંવત ૧૯૮૯ ના ઈશ્વરાંકમાંથી)



૧૯-शिख-धर्म अने ईश्वरवाद

(લેખકઃ-શ્રી. જ્ઞાનીલાલ સિંહજી બી. એ.)

શિખ-ધર્મ ઇશ્વિરવાદી છે. તેમાં ઇશ્વરથી નીચે ગુરુસાહેબ સિવાય બીજા કોઈની સત્તાનો સ્વીકાર કરવામાં આવતો નથી. એ એક વ્યાવહારિક ધર્મ છે. બીજા શબ્દોમાં કહીએ તો આ ધર્મ સાંસારિક લોકોનો ધર્મ છે, દાર્શનિકોનો નથી. શિખ ગુરુઓએ સંસારી (ગૃહસ્થ) લોકોમાં રહીને તેમના જેવું જીવન ગાળ્યું અને પોતાની સરલ ભાષામાં વાણી ઉચ્ચારી અને આ પ્રકારે પોતાના વ્યક્તિત્વનો પ્રભાવ પાડીને તેમણે લોકોના જીવનને ઊંચાં બનાવ્યાં.

ઇશ્વિર શું છે?

શિખ-ધર્મે ઇશ્વિરનાં ભિન્ન ભિન્ન નામોની બાબતમાં કંઇ પણ ઝગડો કર્યો નથી. શ્રીગુરુ-ગ્રંથસાહેબની વાણીમાં રામ, રહીમ, અલ્લાહ, ખુદા, ગોવિંદ અને હરિ ઇત્યાદિ અનેક નામોનો ઉપયોગ થયો છે. જેને દેશ, કાળ અને ભાષાના ભેદથી ભિન્ન ભિન્ન નામોથી યાદ કરવામાં આવે છે એ અપાર શક્તિના સ્વરૂપને 'આદિ શ્રીગુરુ ગ્રંથ સાહેબ' ની પહેલી બે કડીઓમાં બતાવેલું છે. સદ્દગુરુ નાનક-દેવજી, પોતાના પ્રીતમને 'નિરંકાર' (નિરાકાર) કહીને સંબોધ્યા કરતા હતા. તેમના સમયમાં સંસાર સાકાર ઇશ્વિરનો ઉપાસક થઇ રહ્યો હતો. તેમણે બતાવ્યું છે કે સાકાર વિકારયુક્ત હશે તેથી નિરાકારજ નિર્વિકાર છે. જેમકે—

"રૂપ ન રેખ ન રંગ કિછ, ત્રિહુ ગુણ તે પ્રભ ભિન્ન"

એ નિરાકારને સમજવા માટે સદ્દગુરુજીએ તેનું તે સ્વરૂપ બતાવ્યું છે, કે જેથી શુદ્ધ અકાલ પુરુષ (ઇશ્વર) નું ઉંચું સ્વરૂપ સમજવામાં આવી જાય અને કોઇ પણ પ્રકારનો ભ્રમ રહી જાય નહિ. તે સ્વરૂપ આ છેઃ—

" ૧ ૐ સત્ત નામુ કર્તા પુરુષ નિરભઉ નિરવૈર
અકાલ મૂર્તિ અજૂની સૈભં ગુરપ્રસાદિ. "

પાઠકોની સુગમતા ખાતર અમે આ મૂળમંત્રની ગુરુવાણીના આધારે વિશેષરૂપે નીચે પ્રમાણે વ્યાખ્યા કરીએ છીએ—

(૧) અકાલ પુરુષ એક છે—

'એકો સિમરો નાનકા જલ-થલ રહિઆ સમાઇ;
દૂજા કાહે સિમરીએ જમ્મૈ તૈ મરિ જાઇ.
પ્રાણ આધાર મીત સાજન પ્રભ એકૈ એકંકારૈ,
સભ તે ઉંચા ઠાકુર નાનકડા બાર-બાર નમસકારૈ.

(૨) અકાલ-પુરુષ સત્ય છે—

"રૂપ સત્ત જાકા સત્ત અસથાન."

(૩) અકાલ પુરુષનાં નામ રૂપ—

નામકે ધારે સગલે જંત, નામકે ધારે ખંડ બ્રહ્મંડ,
નામકે ધારે સિમૃત બેદ પુરાન, નામકે ધારે સુનન ગ્યાન ધિઆન,
નામકે ધારે આગાસ પાતાલ, નામકે ધારે સગલ આકાર,
નામકે ધારે પુરીઆ સભ ભવન,

(૪) અકાલ-પુરુષ કર્તા છે. સઘળી સૃષ્ટિ તેમનીજ રચેલી છે–

કક્કા કારન કર્તા સોઉ

× × × ×

સભ તેરી કુદરત તૂ કાદિર કર્તા.

(૫) અકાલ-પુરુષનું પુરુષ સ્વરૂપ—

"એકા પુરુષ સબાઇ નાર'

(૬) અકાલ-પુરુષ નિર્ભય છે—

"નાનક નિરભઉ નિરંકાર હોર કેતે રામ રવાલ"
"સભના ભઉ લિખિયા સિર લેખ, નાનક નિરભઉ નિરંકાર સચ એક"

(૭) અકાલ-પુરુષ નિર્વૈર (શત્રુતાથી રહિત) છે—

"નિરવૈર અકાલ મૂરત"

(૮) અકાલ-પુરુષ મરતા નથી—

"કાલ રહત અનકાલ સરૂપા"

(૯) અકાલ-પુરુષ જન્મમરણમાં નથી ફરતા—

"જનમ ન મરૈ ન આવૈ ન જાઇ"
"હરિ જનમ મરન બિહીન"
"તૂ પારબ્રહ્મ પરમેસર જોતિ ન આવહી."

(૧૦) અકાલ-પુરુષ સ્વયંપ્રકાશ છે. પોતાની મેળેજ થયેલા છે. તેમને બનાવનાર કોઈ નથી—

થાપિઆ ન જાઇ કીતા ન હોઈ, આપે આપ નિરંજન સોઈ.

બસ, એજ પ્રકારે ગુરુ સાહેબે શ્રીગુરુ ગ્રંથ સાહેબમાં ઇશ્વરના બીજા પણ અનેક ગુણોનું વર્ણન કરેલું છે. જેમકે–તે સર્વશક્તિમાન છે, ન્યાયાધીશ છે અને બધાને તેનો ભય છે. ઈત્યાદિ

ઇશ્વરના આ ગુણ કોઈ અન્ય દેવ, દેવી, પીર-પેગંબર આદિમાં નથી અને શિખ કેવળ એ એકનીજ ઉપાસના કરે છે.

ઈશ્વરપ્રાપ્તિ

શિખ-ધર્મમાં ઇશ્વરપ્રાપ્તિનું સૌથી મોટું સાધન ભકિત માનવામાં આવ્યું છે. જ્યારે મનુષ્ય ભકિતમાં લીન થઇ જાય છે ત્યારે બાકીના બધા ગુણ-જેવા કે લોકસેવા, દેશસેવા અને પ્રભુની આજ્ઞામાં રહેવું ઇત્યાદિ આપોઆપજ આવી જાય છે. લખ્યું છે કે:–

'ભાઇરે ભગતિહીન કાહે જગ આયા'
'નાનકબિન ભગતી જગ બઉરાના, સાચૈ શબ્દ મિલાઇ.'

પરંતુ શિખ-ધર્મમાં ઇશ્વરની ભક્તિ પણ બીજા ધર્મોમાં કહેલી ભક્તિથી કંઇક વિલક્ષણ પ્રકારની છે. શ્વાસેશ્વાસે ઇશ્વરના ગુણોનું ગાન કરવું, સદા તેને યાદ રાખવો અને સ્મરણ કરવું એજ શિખ-ધર્મમાં ઇશ્વરભક્તિ છે. ભક્તિ ભાવનાના મૂળને હમેશાં લીલું છમ રાખવું અત્યંત આવશ્યક છે અને તેનું સર્વોપરિ સાધન હરિકીર્તન છે.

"હરિ કીર્તિ સાધસંગત હૈ, સિર કરમનકે કરમા,
ભગતિ ભાઈ હરિકીર્તન કરીઐ, જપિ પારબ્રહ્મ નાનક નિસતરીઐ.
બિન સિમરન કૂકર હરકાયા, સાકત લોભી બંધન પાયા."

મનુષ્યનો આત્મા એ અકાલ પુરુષ પરમાત્માનો અંશ છે. જ્યાં સુધી એ પોતાના સ્રોત સાથે સંબંધમાં રહે છે ત્યાં સુધી બળવાન અને નિર્મળ રહે છે. તેનાથી પૃથક્ થઇને દુઃખો અને સંકટોમાં ફસાઇ જાય છે, તેથી સદા સુખી રહેવાનો ઉપાય કેવળ તે પરમાત્મા સાથે સંબંધમાં રહેવાનોજ છે. સંબંધ રાખવાનો ઉપાય કેવળ માત્ર તે પ્રભુ સાથે પ્રેમ કરવાનો અને તે વહાલાના પ્રેમમાં પોતાના અસ્તિત્વને ભૂલી જવાનો છે. ભક્તિભાવથી તે ઇશ્વરનું શ્વાસે શ્વાસે સ્મરણ કરવાનો અમોઘ ઉપાય પ્રેમ છે. શિખોનો ગુરુમંત્ર 'વાહિગુરુ' શબ્દ છે, પરંતુ જે સમયે રસનાદ્વારા તેનો જપ થાય છે તે વખતે ધ્યાન તો જેને ગુરુગ્રંથ સાહેબમાં અનેક નામોથી યાદ કરેલ છે તેજ અપાર શક્તિનું થાય છે.

શિખ-ધર્મ અનુસાર પરમાત્મા સર્વત્ર પ્રકાશમાન છે, તેથી તેને પ્રાપ્ત કરવા માટે જંગલોમાં ફરવું, પહાડોની ગુફાઓમાં બેસવું કે તીર્થાદિમાં ભ્રમણ કરવું નકામું છે. તે તો પાસેનો પાસે અને હાજરા હજૂર છે. પુરુષની અંદર તેમજ બહાર તેજ વસી રહ્યો છે, તેથી શિખ પરમાત્માને પોતાની અંદરજ શોધે છે.

'સભકિછ ઘરમહિ બાહરિ નાહીં, બાહરિ ટોલે સો ભરમ ભુલાહીં.
મન કર હલ્લે મેરે પ્રીતમા હરિ રિદૈ ભાલ ભલાઇ.
મન કર હલ્લે મેરે પ્યારિઆ બિચ દેહી જોત સમાલ.'

બસ, સ્મરણ દ્વારાજ શિખની અંદર હમેશાં તેની યાદ મોજુદ રહે છે. તે પ્રત્યેક કાર્ય કરતો થકો એમ સમજે છે કે ઇશ્વર મારાં કાર્યોને જોઈ રહ્યા છે, તેથી તે તેજ કાર્ય કરે છે કે જે ઇશ્વરને સારાં લાગે છે. અર્થાત્ તે ઇશ્વરની આજ્ઞામાં ચાલે છે અને તેની ઇચ્છામાંજ આનંદ માને છે.

તનુ મનુ ધનુ સભ સઉંપ ગુરૂ, કઉ હુકમ મન્નિયૈ પાઇઐ,
કહુ નાનક જિન હુકમ પછાતા, પ્રભ સાહિબકા ભેદ તિન જાતા.
અમૃતવાણી ઉચ્ચરા હરિજસુ, મિઠ્ઠા લાગૈ તેરાભાના રામ.

યાદ રાખવું જોઇએ કે શિખ-ધર્મમાં ભક્તિ અને સ્મરણ સિવાય બીજાં શુભ કર્મો ખાસ વિશેષ મહત્તા ધરાવતાં નથી. પરમાત્માના સ્મરણ વિના શુભ કર્મો તો માણસને અહંકારી બનાવી દે છે અને હમેશાં પતન થવાનું જોખમ રહ્યા કરે છે. તેથી ઇશ્વરપ્રાપ્તિનું એકમાત્ર સાધન 'એકસ સિઉ લિવ લાએ' અર્થાત્ પોતાની વૃત્તિને સદા તે એક પરમાત્માની સાથેજ લગાવી રાખવાનું છે. તેનું સ્મરણ કરવું, તેને યાદ રાખવો અને એ રીતે તે અપાર શક્તિ સાથે જોડાઇ રહેવું.

('કલ્યાણ'ના સંવત ૧૯૮૯ના ઇશ્વરાંકમાંથી)

૧૦૦—दिवानो ए दिवाना छे.

(લેખકઃ—ના. મ. દરબારશ્રી બાવાવાળા સાહેબ)

ગઝલ

ઉપજ વધારવા માટે, વધારી દાણના ધારા;
પ્રજાનું લોહી પીનારા, દિવાનો એ દિવાના છે.
બિચારા બાપુઓ ભોળા, ભમાવે જાળમાં બાંધી;
રમત જે સ્વાર્થની સાધે, દિવાનો એ દિવાના છે.
પ્રજાના હિતના કાજે, પરોવ્યું ચિત્ત ના કો દી;
કબર અપકીર્તિની ખોદે, દિવાનો એ દિવાના છે.
ભૂખ્યા ભાયાતને ભાણે, પીરસતા પાપીઓ પાણા;
ખૂવે ખૂશામતે નાણાં, દિવાનો એ દિવાના છે.
ભલા ભૂપો ભમાવીને, કરાવે કાગળે મત્તાં;
કરે કાર્યો ઉંધાં ચત્તાં, દિવાનો એ દિવાના છે.
કરે ખૂવાર ખેડુને, વધારીને વિઘોટીઓ;
જમે દૂધપાક રોટીઓ, દિવાનો એ દિવાના છે.
દીપાવા નામ ડીગ્રીથી, નીચોવે રાંકનાં નાણાં;
કરાવે નેહ નજરાણાં, દિવાનો એ દિવાના છે.
મજાના મહેલમાં માણે, જનોનાં ઝુંપડાં લૂંટી;
ગરીબડી રૈયતો લૂંટે, દિવાનો એ દિવાના છે.
નમાલા શોખને માટે, સદાનો શોક દેનારા;
પ્રજાની હાય લેનારા, દિવાનો એ દિવાના છે.

(તા. ૧-૮-૧૯૩૩ના "કાઠી રાજપૂત"માંથી)

૧૦૧–શું કૃષ્ણ દ્વારકાના રાજા હતા ?

(લેખકઃ–શ્રી. વિજયસિંહજી પથિક)

સંસારના ઇતિહાસમાં સામ્રાજ્યવાદનો સૌથી મોટો સહાયક ધર્મ રહ્યો છે. તે કેવળ એટલા માટે નહિ કે ધર્મ પોતાના જન્મની સાથેજ માનવસમાજમાં ભેદભાવને જન્મ આપે છે અને ક્રમમાં ક્રમ પોતાના પ્રચારકોના વર્ગને સર્વસામાન્યથી ઉંચે પદે બેસાડીને સમાજની સામ્યાવસ્થાનો ભંગ કરી દે છે, એટલુંજ નહિ પરંતુ એટલા માટે કે તે માનસિક મૂર્ચ્છાનું અચૂક અસ્ત્ર છે. જ્યાં તેના નામે કોઇ વ્યક્તિના હૃદયમાં કોઇ વાત પેસાડી દેવામાં આવી કે પછી તે વ્યક્તિ ન તો તેના ઔચિત્ય અનૌચિત્યનો વિચાર કરવાની ઇચ્છા કરે છે, કે ન તો તેને છોડવાની. તે વાત તેના જીવનનીજ નહિ, પણ તેના વંશ અને સમૂહના જીવનનું અંગ બની જાય છે. આજ કારણે સામ્રાજ્યવાદીઓએ હમેશાં ધર્મનો ઉપયોગ પોતાના અસ્ત્રના રૂપમાં કર્યો છે. એનું સૌથી જ્વલંત ઉદાહરણ આપણું પોતાનું સાહિત્ય છે. તે જોતાંજ કોઇ પણ નિરપેક્ષ દ્રષ્ટા કહી શકે છે કે એ પુરાણો અને સ્મૃતિઓ વગેરે મુખ્યત્વે એજ ઉદ્દેશ્યથી લખાવવામાં અને ફેલાવવામાં આવ્યાં છે. તેમાં કેવળ પ્રાચીન ગણરાજ્યો અને દેશમાં ફેલાયલાં સ્વતંત્ર જાતીય પ્રજાતંત્રોનો ઉલ્લેખ નહિ કરીને જનતાના હૃદયમાંથી તેમની સ્મૃતિને કાઢી નાખવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે; એટલુંજ નહિ પરંતુ મોટા મોટા પ્રજાતંત્રવાદીઓને સ્વેચ્છાચારી શાસકોના રૂપમાં ચિતરીને આ ભ્રમને દૂર કરવાની શક્યતા સુદ્ધાંને નાબુદ કરી દેવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ પ્રયત્નમાં તેમને સફળતા પણ પૂરી મળી છે. કેમ ન મળે ? તે જમાનામાં ન તો છાપખાનાંનો પ્રચાર હતો કે ન તો શિક્ષણનો; ન તો લોકોને પોતાના ભાવો પ્રગટ કરવાની અને તેનો પ્રચાર કરવાની સ્વતંત્રતા હતી કે ન તો રાજ્યસત્તા વિરુદ્ધ અવાજ ઉઠાવવાની. એટલુંજ નહિ પરંતુ સત્ય અને ધર્મને નામે આ સફેદ જુઠાણું લોકોને ગળે ઉતારી દીધા પછી તેમને એમ પણ સમજાવવામાં આવતું કે એ ધર્મગ્રંથો અને ધાર્મિક શિક્ષણોની સત્યતા વિષે શંકા કરવી અથવા તેની ચર્ચા સાંભળવી પણ મહાપાપ છે. અને શિક્ષણ વગેરેનાં તો સઘળાં સાધનો તેમણે પોતાના હાથમાં કરીજ લીધાં હતાં. આજની પેઠે સાધુઓ અને ઋષિઓના વેશમાં અનેક પગારદાર ગુલામપ્રચારકો અને લોકનેતાઓને યોજી દેવા એ તો તેમના ડાબા હાથના ખેલ જેવું હતું, અને તે તેમણે કર્યું પણ ખરૂં. આ વાત કેવળ ભારતમાંજ બની નથી પરંતુ સમસ્ત સંસારમાં સદાકાળથી

આ અસ્ત્રનો પ્રયોગ થતો રહ્યો છે. ઉદાહરણ તરીકે—ખ્રિસ્તી ધર્મને જન્મ દેનાર મહાત્મા ઇશુ ખ્રિસ્ત અને ઇસ્લામના જન્મદાતા મહમ્મદ સાહેબ તેમજ બૌદ્ધ ધર્મના પ્રવર્તક બુદ્ધ ભગવાન, સર્વે પ્રજાતંત્ર-વાદી હતા. સઘળાઓએ પ્રજાતંત્રાત્મક સંસ્થાઓનો ઉદ્ધાર કરવાનું પોતાનું લક્ષ્ય રાખ્યું હતું. તેઓ કોઇ સત્તા અને તેના ધનના ગુલામ પણ બન્યા નહિ. પરંતુ તેથી શું ? સામ્રાજ્યવાદ તો સદા-કાળથી સંસારને છેતરવાની કળાનું વિદ્યાલય રહ્યા કર્યો છે. તેથીજ જ્યારે એ મહાપુરુષોનો પ્રભાવ જનતામાં વધી ગયો છે ત્યારે સામ્રા-જ્યવાદી તેમના શિષ્ય બની ગયા છે અને આ પ્રકારે તેમના શિષ્ય-મંડળને પોતાની સાથે ભેળવીને એ મહાપુરુષો સ્વર્ગસ્થ થતાંજ, તેમના નામ પર તથા તેમનાજ અનુયાયીઓની સહાયતાથી તેમણે ફરીથી પોતાનાં સામ્રાજ્ય વધાર્યાં અને સ્થાપ્યાં છે.

સામ્રાજ્યવાદની આ સફળતાનું પણ કારણ છે. જનસત્તાવાદી મહાપુરુષ સ્વભાવતઃ સાધનહીન હોય છે. સાથેજ કોઇ પણ મહા-પુરુષના અનુયાયી પોતાના સિદ્ધાંતો અને વિચારોમાં મૂળ પ્રવર્તક-ના જેટલા મક્કમ હોતા નથી. શિષ્યમંડળીમાં તો આચાર્યની પ્રતિષ્ઠા વધતાં અધિકાંશ યશલોલુપો અને સ્વાર્થીઓજ આવી ભરાય છે. અને ઘણાખરા સામ્રાજ્યવાદીઓ બધાં ભૌતિક સાધનોથી સંપન્ન હોય છે, તેમના દીક્ષિત થવાથી ભોળા આચાર્ય લોકો પણ પોતાની મોટાઈમાં ફુલાઇને અને વાસ્તવિકતાને ભૂલીને તેમની પ્રતિષ્ઠા પોતાના સમૂહમાં સૌથી વિશેષ વધારી દે છે. તેથી આચાર્યના શિષ્યમંડળને પૂજવાયોગ્ય નોકરો બનાવવા એ તેમને માટે ઘણુંજ સહેલું થઇ જાય છે.

કૃષ્ણનું કાળું ચિત્ર—મહાપુરુષ કૃષ્ણ પણ સામ્રાજ્યવાદના એવાજ શિકારોમાંના એક હતા. તેમના ચિત્રને પણ અમારા પૂર્વજો અને સ્વદેશી સામ્રાજ્યવાદીઓએ સ્વેચ્છાનુસાર વિકૃત કરીને સમાજ-ના હૃદય ઉપર એટલું ઉંડું અંકિત કરી દીધું છે કે આજે આપણા વિદ્વાનો સુદ્ધાં તેને ઉજ્જ્વળમાં ઉજ્જ્વળરૂપે ચિતરવા છતાંયે વિશુદ્ધ બનાવી શકતા નથી. આજ કારણે બાબુ બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય અને લાલા લજપતરાય જેવા પ્રતિભાશાળી વિદ્વાનોની લેખિની પણ તેમના ચિત્રમાંથી રાજ્યવાદનો કાળો રંગ દૂર કરવામાં અસમર્થજ નીવડી છે. તેઓને પણ તેને સર્વગુણસંપન્ન અને પ્રજાવાદી બતાવતાં છતાં એમ માનવાની ફરજ પડી છે કે દ્વારકામાં તેમણે પોતાનું રાજ્ય સ્થાપ્યું હતું અને તેઓ એક ઉદાર કિંતુ સ્વેચ્છાચારી શાસક હતા.

કારણ સ્પષ્ટ છે. આપણા તે સમયના સામ્રાજ્યવાદીઓએ પોતાના રચેલા અને મનપસંદ સાહિત્ય સિવાય ઇતિહાસનાં બીજાં બીજાં એવાં સાધનોને બન્યું ત્યાં સુધી બાકીજ રાખ્યાં નથી, કે જેના આધારે કોઇ અન્વેષક–શોધક સીધા સત્ય સુધી પહોંચી શકે.

આવી અવસ્થામાં સ્વાભાવિકજ છે કે આજે પણ ઐતિહાસિક સત્યની શોધમાં આપણે ઘણે ભાગે અસફળ થઇએ છીએ, એટલુંજ નહિ પરંતુ તેમણે તો પોતાના તરફથી કૃષ્ણના ચરિત્રને એટલું કાળું બનાવ્યું છે અને તેના ઉપર એટલાં બધાં કલંક લગાવ્યાં છે કે જો તેમની મહત્તા દેશવ્યાપી ન થઈ ગઈ હોત અને તેમનાં પ્રમાણ અચળ ન બન્યાં હોત તો કદાચ કૃષ્ણનું નામ લેવું એ પ્રાતઃકાળ-માં કંસ અને જરાસંઘનાં નામ લેવા જેટલુંજ અશુભ મનાત. તેમની ૧૬૧૦૮ રાણીઓ, તેમને ભિન્ન ભિન્ન અને અનેક વાર હલકા પ્રકાર-ના ઉપાયો દ્વારા પ્રાપ્ત કરવી, તેમનો ગોપીઓ સાથેનો વ્યવહાર, તેમનો રાધા સાથેનો સંબંધ, ગુપ્ત વેશોમાં તેને મળવું વગેરે એક એકથી ચઢે તેવી સઘળી વાતો બનાવી કાઢવામાં આવી છે. બીજી બાજુ તેમના વાસ્તવિક સ્વરૂપને એટલું છૂપાવવામાં આવ્યું છે, તેના ઉપર એટલો મોટો પડદો નાખવામાં આવ્યો છે કે તેના પરિણામે આજે હજારો વર્ષો થઈ જવા છતાં પણ ભાગ્યેજ કોઇ એવો દાવો કરી શકે કે તેણે કૃષ્ણના સર્વાંગપૂર્ણ અને વાસ્તવિક રૂપનો પત્તો મેળવી લીધો છે.

આ બધું કોણે કર્યું ? પ્રશ્ન એ છે કે આ બધું કોણે કર્યું ? આપણા ઘણા ખરા વિદ્વાનો આ સમસ્ત કલંકને વામમાર્ગીઓને માથે ઓઢાડીને દૂર ઉભા રહે છે. પરંતુ શું એ યોગ્ય છે ? જો એમજ વાત હોય તો પછી વામમાર્ગીઓએ જૈનતીર્થંકરો અને બૌદ્ધોને શા માટે અસ્પૃશ્ય રહેવા દીધા ? રામચંદ્રજી ઉપર શા સારૂ કૃપાદૃષ્ટિ રાખી ? લોકાયત આદિ ધર્મોના આચાર્યો ઉપર એવાં કલંક કેમ નહિ લગાવ્યાં અને સ્વયં વામમાર્ગને કોણે જન્મ આપ્યો હતો ?

સાચી વાત તો એ છે કે આપણે ઘણે ભાગે આપણા જૂના સાહિત્યને ધાર્મિક દૃષ્ટિથી વાંચીએ છીએ. રાજનૈતિક દૃષ્ટિએ આપણામાંથી ભાગ્યેજ કોઇએ તેને જોવાનો અને તેને આધારે તેની ઘટનાઓને તપાસી જોવાનો પ્રયત્ન કર્યો હોય છે. તેથીજ આપણે ગુંચવણમાં પડીએ છીએ; નહિ તો સાચું પૂછો તો કૃષ્ણના આ વિરોધી-ઓ દ્વારા ચિતરાયેલા કાળા ચિત્રમાંજ વાસ્તવિકતાનું સૂત્ર મોજુદ છે.

અમે ઉપર કેટલાક મહાપુરુષોનાં નામ બતાવી ગયા છીએ. અમે ત્યાં એ પણ બતાવી ચૂકયા છીએ કે પ્રારંભમાં સામ્રાજ્યવાદી તેમની વિરુદ્ધ હતા, પરંતુ અંતમાં જ્યારે તેઓ સફળ મહાપુરુષ બનીજ ગયા તો પોતાનું કામ કાઢવાને તેઓ તેમના શિષ્ય બની ગયા. અને આ તો બહુ પુરાણી વાત છે. આ યુગમાં આપણે એવી અનેક બાબતો જોઇ ચૂકયા છીએ. જ્યારે અંગ્રેજો અને ફ્રેંચો બન્ને આ દેશમાં પોતાની સત્તા જમાવવાની ચિંતામાં હતા અને ટીપૂ સુલતાન ફ્રાન્સ સાથે મિત્રતા કરવાનો પ્રયત્ન કરી રહ્યા હતા

ત્યારે અંગ્રેજોએ જે પત્રો તેને લખ્યા હતા તેમણે કંઈક આજ પ્રકારની પુનરાવૃત્તિ કરી હતી. તેમાં અંગ્રેજોએ લખ્યું હતું કે "એ ફ્રેન્ચો તો પ્રજાતંત્રવાદી છે. તેઓ તમારી પ્રજાને પ્રજાતંત્રવાદી બનાવી દેશે અને તમારા રાજ્યના પાયા પોલા કરી દેશે અને અમે તો તમારી મસ્જિદોને માટે સલામીની તોપો ફોડવા અને હિંદુ મંદિરોમાં ઝાંઝ ઘડિયાળ વગેરે પણ વગાડવાને તૈયાર છીએ. અમારાજ મિત્ર રહેવાથી તમારી રક્ષા થશે." વગેરે વગેરે. આ સિવાય કૃષ્ણના જેવીજ સ્થિતિ તેમના સમકાલીન વેદવ્યાસની જણાઇ આવે છે. તેમણે પણ જ્યારે તે સમયના રાજ્યવાદનું મુખ્ય સાધન બનેલી યજ્ઞપદ્ધતિ ઉપર આક્રમણ કર્યું ત્યારે તેમના ઉપર પણ ન લગાવવામાં આવ્યાં હોય એવાં કયાં કલંક બાકી રહ્યાં હતાં. પરંતુ આખરે જ્યારે તેઓ સર્વમાન્ય થઇ ગયા ત્યારે તેમનેજ ગુરુ બનાવી દેવામાં આવ્યા અને તેમનાજ નામ ઉપર નવી નવી સ્મૃતિઓ અને પુરાણો બનાવીને પ્રચલિત કરવામાં આવ્યાં. એજ પ્રમાણે મહમ્મદ સાહેબ અને ખ્રિસ્તની સાથે તેમના દેશના સામ્રાજ્યવાદીઓએ કર્યું હતું, જેના ફળસ્વરૂપ કોઇક સમયે 'રંગીલા રસૂલ' જેવું પુસ્તક લખવામાં આવ્યું હતું.

આ બધાનો સારાંશ એ કે યુક્તિસંગત કારણોવિના, દેશના રાજનૈતિક સંઘર્ષ સાથે સંબંધ રાખનારા કોઈ મહાપુરુષનું આવું અને આટલું પરસ્પર વિરોધી ચરિત્રચિત્રણ મળવું એ પોતેજ એ વાતનું પ્રમાણ હોવું જોઇએ કે તેઓ તે સમયની સત્તાઓના પ્રિય પાત્ર નહોતા.

એ સિવાય જ્યારે સ્વર્ગસ્થ બંકિમ બાબૂ જેવા પોતાના શોધખોળપૂર્ણ કૃષ્ણચરિત્રમાં સિદ્ધ કરી ચૂક્યા છે, ત્યારે તો એમ સાબિત થઈ જાય છે કે કૃષ્ણના ચરિત્રને દૂષિત કરનારી ઉપરોક્ત બધી બાબતો નિરાધાર છે અને હવે એ બાબતમાં કંઇ પણ શંકા રહેવી જોઇએ નહિ કે આ કુત્સિત ચિત્રામણનું કારણ રાજનૈતિક મતભેદજ હતા. સાથેજ આ રાજનૈતિક મતભેદ એ સત્તાઓમાં હોય એવો સામાન્ય મતભેદ ન હોઈ શકે; કેમકે જો એમ હોત તો કૃષ્ણનું આ ચિત્ર સર્વદેશી બનત નહિ અને કૃષ્ણના પછીની બધી સત્તાઓ તેને કાયમ રાખવા યા વધારવાનું કામ કરત નહિ. વળી કૃષ્ણે આટલો બધો પ્રબળ અને સર્વસાધનસંપન્ન વિરોધ હોવા છતાં એક સામાન્ય ઘરમાં જન્મ લઇને પણ દેશ વિદેશમાં આટલું બધું મહત્ત્વ પ્રાપ્ત કરી લીધું હતું એજ સાબિત કરે છે કે તેઓ અત્યંત લોકપ્રિય પ્રગતિના નેતા હતા.

તે સમયની પરિસ્થિતિ—હવે એ વાત રહી કે એ પ્રગતિ કયા પ્રકારની હતી? આ પ્રશ્નનો ઉત્તર તે સમયની પરિસ્થિતિ પર વિચાર કરવાથીજ મળી શકે છે. તેથીજ એ જાણી શકાય છે કે તે સમયે કઇ વિચારસરણીના પક્ષપાતીઓ સૌથી વધારે લોકપ્રિય

થઇ શકતા હતા.

આ સ્થિતિનો પરિચય મેળવવા માટે પણ આપણે ઐતિહાસિક શોધખોળના સમુદ્રમાં વધારે ઉંડે ડૂબકી મારવાની જરૂર નથી. આમ તો અમે ઉપર બતાવી ચૂક્યા છીએ કે તે સમયના સામ્રાજ્યવાદીઓએ ધર્મનો રંગ ચઢાવીને સત્ય ઉપર પૂરતો કાળો પડદો નાખી રાખ્યો છે; પરંતુ તેમ છતાંયે આ તરફ નવી શોધખોળ દ્વારા જેટલાં ઐતિહાસિક સત્યો પ્રકાશમાં આવી ચૂક્યાં છે, તેનાથી એટલી સગવડ અવશ્ય થઇ છે કે કેવળ રાજનૈતિક દૃષ્ટિબિંદુથી આ પ્રશ્ન ઉપર વિચારપ્રારંભ કરતાંજ આપણને સત્યનો કંઇક કંઇક આભાસ પ્રાપ્ત થવા લાગે છે. દૃષ્ટાંત તરીકે, સિકંદરની ચઢાઇ અને ચંદ્રગુપ્ત મૌર્યના સામ્રાજ્યકાળમાં આવેલા યૂનાની યાત્રીઓના ભારત-વર્ણનમાંથી અમે કેટલીક બાબતો અત્રે ઉદ્ધૃત કરીએ છીએ. મેગાસ્થિનીસ લખે છે કે "દક્ષ પ્રજાપતિના સમયથી અલેકઝાંડર (સિકંદર) સુધી ભારતવર્ષમાં કુલ ૧૫૪ રાજાઓ થયા છે અને દક્ષ પ્રજાપતિ (બંકસ) સિકંદરની ચડાઇથી ૬૪૫૧ વર્ષ અને ત્રણ મહિના પહેલાં થયા હતા." (પ્લિની દ્વારા ઉદ્ધૃત)

બીજું અવતરણ "ઓરાયન"નું છે. તેમાં લખ્યું છે કે "હિન્દુસ્થાનના લોકોડાયો નિસાસ (દક્ષ) ના સમયથી સેંડ્રોકોટસ (ચંદ્રગુપ્ત) સુધીમાં ૧૫૩ રાજાઓ અને ૬૦૪૨ વર્ષોનો સમય હોવાનું માને છે. પરંતુ આ સમયમાં ત્રણ વાર રાજ્યસત્તાઓને નાબુદ કરીને જનતાએ લોકસત્તાત્મક શાસન સ્થાપિત કરી દીધું હતું, કે જે એક વાર ૧૨૦ વર્ષ સુધી અને એક વાર ૩૦૦ વર્ષ સુધી કાયમ રહ્યું હતું. હિંદુસ્થાનના લોકો કહે છે કે ડાયોનિસાસ, હીરાકલીસ-(શ્રી કૃષ્ણ)થી પંદર પેઢી પહેલાં થયા હતા."

યૂનાની યાત્રીઓના આ વર્ણનનો આપણા પ્રાચીન સાહિત્યના કથાનકોના સમય અને પેઢીઓ સાથે પણ મેળ બેસે છે. ઉદાહરણતરીકે, મહાભારતના શાંતિપર્વમાં એક એવીજ ક્રાંતિનો ઉલ્લેખ છે. તેમાં કહેવામાં આવ્યું છે કે "જ્યારે પરશુરામે યુદ્ધ છોડીને બ્રાહ્મણ ધર્મ ગ્રહણ કરી લીધો ત્યારે દેશભરમાં પુનઃ અરાજકતા ફેલાઇ ગઈ, તે એટલે સુધી કે આગળ થઈ ગયેલા રાજાઓનો પત્તો મળવોજ મુસ્કેલ થઈ ગયો. કેવળ હૈહયવંશી રાજકુમાર મળ્યા. પૌરવવંશી એક રાજા તો ઋક્ષવાન પર્વત ઉપર છૂપાઇને બચ્યો. કોશલનો રાજા 'નારીકવચ'ને પણ પારાશર ઋષિએ શૂદ્રસેવક કહીને બચાવ્યો. આજ પ્રકારે શિવનો પુત્ર ગોપતિ જંગલમાં છૂપાઇને બચ્યો. કાશીનરેશ પ્રતર્દનના પુત્ર વત્સે પહાડોના ગોવાળ બનીને પ્રાણરક્ષા કરી. દધિવાહનનો પૌત્ર અને દિવિરથનો પુત્ર ગંગાતટ ઉપર બ્રાહ્મણોનો શિષ્ય થઇને બચ્યો. બૃહદ્રથ બાળકને લઇને તેની

માતા ભૂરિભૂતિ ઋષિના આશ્રમમાં ગૃદ્ધકૂટ પર્વત ઉપર જઈને સંતાઈ અને ત્યાં તેજ લોકોની સહાયતાથી તેનું લાલનપાલન કર્યું, જેને તે અને તેના કુટુંબીઓ અનાર્ય—દસ્યુ વગેરે કહેતા હતા. એટલુંજ નહિ, રાજ્યવાદી ક્ષત્રિયોનો એટલો ધ્વંસ થયો કે પોતાનું દળ વધારવા માટે, બ્રાહ્મણોને સામાન્ય પ્રકારે ક્ષત્રિય વિધવાઓ સાથે નિયોગદ્વારા સંતાન ઉત્પન્ન કરવાની વૃત્તિ કરવી પડી."

અને, આજે એ તો ઇતિહાસસિદ્ધ વાત છે કે ચંદ્રવંશી સમૂહોનાં રાજ્યસ્થાપનાનો ઉપક્રમ દક્ષ પ્રજાપતિના સમયથીજ શરૂ થયો હતો, અને કૃષ્ણ દક્ષથી ૧૫મી પેઢીએ હતા. (મહાભારત અનુ. ૧૪૭, ૨૫, ૩૩) અર્થાત્ વધારેમાં વધારે, રાજ્યવાદના શ્રીગણેશ થયા, તે સમય સુધીમાં લગભગ ૩૫૦ વર્ષ થયાં હતાં. બીજી બાજુ સમસ્ત ભારતવર્ષ ગણરાજ્યોથી ફેલાયલો હતો અને ગણરાજ્ય કેવાં પ્રબળ હતાં, તેનાં તો અનેક પ્રમાણો આપણા સાહિત્યમાંજ મોજૂદ છે. સ્વયં ભીષ્મપિતામહ શાંતિપર્વમાં યુધિષ્ઠિરને ઉપદેશ આપે છે કે "ગણરાજ્યો (પ્રજાતંત્રો) સાથે શત્રુતા ન કરવી, તેમને મિત્રો રાખવા, એક ગણરાજ્યની મિત્રતા સો રાજાઓની મિત્રતા કરતાં સારી છે; કેમકે એ ગણરાજ્ય **'द्रव्यवन्तश्च शूराश्च शस्त्रज्ञाः शास्त्रपारगाः ।'** ધનસંપન્ન તો હોય છેજ, તેમના માણસો સઘળા શૂરવીર, શસ્ત્રાસ્ત્રકળામાં દક્ષ અને શાસ્ત્ર—પારંગત હોય છે."

ઠીક, આ તો બહુ પહેલાંની વાત છે. કૌટિલ્યના કાળ સુધી આ પ્રજાતંત્રોનું એટલું બધું જોર હતું કે તેણે પણ પોતાના અર્થશાસ્ત્રમાં તેમને અત્યંત બલિષ્ઠ બતાવતાં કહ્યું છે કે તેમની આંતરિક સ્વતંત્રતામાં કદી હસ્તક્ષેપ કરવો નહિ.

મહાભારતમાંજ ગુપ્તરૂપે સેંકડો ગણો અને જાતિઓનો ઉલ્લેખ છે. આ જાતિઓનું પ્રજાતંત્ર કેવું ચાલતું હતું અને ગણોની વ્યવસ્થામાં શી શી વિશેષતાઓ હતી, એ બધી બાબતોને માટે આ નાનકડા લેખમાં સ્થાન નથી. એના ઉપર વળી કોઈક વાર અમે પ્રકાશ નાખીશું. પરંતુ પ્રાચીન સાહિત્ય અને પ્રથાઓથીજ એ સિદ્ધ થાય છે કે શરૂઆતમાં બહારથી આવેલી આર્ય અને અન્ય સત્તાઓ પર ઘણું વધારે જોર દેવામાં આવ્યું હતું અને તે એટલે સુધી કે તેમને પ્રસન્ન રાખવા માટે પ્રત્યેક ઉત્સવમાં પહેલાં ગણપતિઓની પૂજા કરવામાં આવતી હતી.

ગણો સાથે વિરોધ—આ વાતનાં પ્રમાણોની તો ખોટજ નથી કે એ ગણ અને અન્ય પ્રકારના પ્રજાતંત્રીય સંઘો સાથે રાજ્યવાદીઓનો તે સમયમાં વિરોધ ચાલતો હતો. ઉપરજ આ સંઘર્ષ—અથડામણ—નાં પૂરતાં પ્રમાણ અપાઇ ચૂક્યાં છે. એ સિવાય એવાં પણ અનેક પ્રમાણ છે કે રાજ્યવાદીઓ આર્ય પ્રજાતંત્ર-

વાદીઓને પોતાની અસ્ત્રવિદ્યા પણ શીખવતા નહોતા. મહાભારતમાંજ કર્ણ, એકલવ્ય વગેરેનાં કેટલાંયે ઉદાહરણો છે. એમને પોતાનો વાસ્તવિક પરિચય ગુપ્ત રાખીને વિદ્યા પ્રાપ્ત કરવી પડી હતી. પરંતુ સાથે સાથે એ લોકો એટલા ઉદ્યોગી રહેતા હતા કે દેખાદેખીમાંજ ઘણુંખરૂં શીખી લેતા હતા. એકલવ્યે એ પ્રમાણેજ કર્યું હતું.

નિષ્કર્ષ—ઉપરોક્ત વિવેચનની સઘળી સ્થિતિ સ્પષ્ટ તો થઈ જાય છે–અર્થાત્ તે સમયમાં રાજ્યવાદ અને પ્રજાવાદમાં ભયંકર સંઘર્ષ ચાલી રહ્યો હતો. રાજ્યવાદ ગણતંત્રને નષ્ટ કરવાને તૈયાર થયો હતો અને પ્રજાતંત્રીય સંગઠનવાળા રાજ્યવાદને નિર્મૂળ કરવાને કમર કસી રહ્યા હતા. રાજ્યવાદીઓમાં મગધરાજ જરાસંધ સૌથી પ્રબળ હતો. તે મહાભારતના પહેલાંથીજ પોતાના રાજ્યવિસ્તારની ધૂનમાં મસ્ત હતો. ચેદિરાજ શિશુપાલ, કરૂષનો વક્ર, કાશ્મીરનો ગોનર્દ, અંગરાજ કર્ણ, પ્રાગ્જ્યોતિષ (આસામ)નો ભગદત્ત, હસ્તિનાપુરનો દુર્યોધન અને મથુરાનો કંસ અને તેની મંડળીના સાથીઓ રાજ્યવાદી હતા. એ રાજ્યવાદીઓનાં ઘરોમાં પણ મતભેદ હતો. ઉદાહરણ તરીકે, કંસના પિતા ઉગ્રસેન અને દુર્યોધનના પિતા ધૃતરાષ્ટ્ર વગેરે પુરાણી પદ્ધતિથી પ્રજા દ્વારા નિયુક્ત થઇને રાજ્ય ચલાવતા રહેવાનુંજ તે સમયે ઉચિત સમજતા હતા. ભીષ્મ આદિ વૃદ્ધો પણ એજ વિચારના હતા. આમ તો તેઓ સામ્રાજ્યવાદી હતાજ, પરંતુ તે સમયે ગણો સાથે વેર કરવાને તેઓ તૈયાર નહોતા. પરંતુ પેલા યુવકોને એટલી બધી ધૂન હતી કે તેમણે પોતાના વૃદ્ધ વડીલોને કેદ સુદ્ધાં કરીને રાજ્યવિસ્તારનો રાહ લીધો. તેમના સિવાય કેટલાંક નાનાં નાનાં રાજ્યો પંજાબમાં પણ હતાં, જેઓ એજ ટોળાની મદદથી પોતાની સત્તા મજબૂત કરી રહ્યાં હતાં.

બીજી બાજુ ગણરાજ્ય અને અન્ય ભારતીય જાતિઓ ઘણે ભાગે બધી ક્ષત્રિય હતી; કેમકે તેમનામાં વર્ણવિભાગ નહોતા અને પ્રત્યેકને સૈનિક થવું પડતું હતું. કોઇને રાજા ન માનવો એવો તેમનો ધર્મ બની ગયો હતો. કેવળ પરશુરામ અને બીજા રાજ્યવાદીઓ સાથે લડીને થાકેલા મધ્યભારત, મધ્યપ્રદેશ અને વ્રજની આસપાસના કેટલાક સમૂહ અવશ્ય હતા. તેમની બાબતમાં સ્વયં કૃષ્ણે પાંડવોની સાથે રાજસૂય યજ્ઞના પ્રશ્ન ઉપર વાતો કરતાં કહ્યું છે કે–

"પરશુરામે જે ક્ષત્રિયોનો સંહાર કર્યો હતો તેમનાંજ સંતાનો આ બાજુ ફેલાઈ ગયેલાં છે. તેથીજ તેમનામાં ઉગ્ર ક્ષાત્રતેજ નથી. તેમણે એવો નિશ્ચય કરી લીધો છે કે જે રાજા સઘળા ક્ષત્રિયો-(ક્ષત્રિય–પ્રજાતંત્રો) ને જીતી લેશે, તેનેજ અમે સાર્વભૌમ સમ્રાટ્ માનીશું. હાલમાં જરાસંધે બધાને જીતી લીધા છે. પૃથ્વીના સઘળા ઐલ અને ઐક્ષ્વાક રાજાઓ તેને કર આપે છે. ઐલો અને ઐક્ષ્વાકો-

નાં સો કુલ છે. તેઓમાં ભોજ સૌથી બળવાન છે. તેમાં પણ જરાસંધ સૌથી ચઢિયાતો છે." (સભાપર્વ ૪, ૧૪)

આ બધી વાતોથી સ્પષ્ટ થાય છે કે તે સમયે પ્રજાતંત્રવાદનો ગણરાજ્યવાદજ એક એવો પ્રશ્ન હતો, કે જે કોઇ વ્યક્તિને એકદમ આટલો લોકપ્રિય, આટલો પ્રભાવશાળી અને આટલો વિજયી બનાવી શકે તેમ હતું.

કૃષ્ણની પરિસ્થિતિ—કૃષ્ણની વ્યક્તિગત પરિસ્થિતિ પણ અમારા એજ વિચારનું સમર્થન કરે છે. તેઓ એક સાધારણ ક્ષત્રિયના ઘરમાં જન્મ્યા હતા. તેમનું પાલનપોષણ વ્રજના એવા સમૂહોમાં અને એવા કાળમાં થયું કે જ્યારે કંસે પોતાના પિતા અને મધુ–વૃષ્ણિ આદિની ગણતંત્રીય સત્તાને હઠાવીને પોતાનું સ્વેચ્છાચારી શાસન સ્થાપિત કરી લીધું હતું. પ્રજા ઉપરથી તો કંઇક શાંત હતી, પરંતુ અંદર ને અંદર તેમનામાં વિદ્રોહ–બળવાનો અગ્નિ ભભૂકી રહ્યો હતો. વસુદેવ વગેરે જેલોમાં પડયા હતા. બળવાખોર નવજુવાનોને પકડી પકડીને યમુનામાં ડૂબાવી પણ દેવામાં આવતા હતા. અવશ્યજ, રાજ્યવાદીઓએ આ બધા બનાવોને, વાસ્તવિકતા ગુપ્ત રાખવા માટે, ધાર્મિક રંગમાં રંગી દીધા છે અને તેનાં કારણો પણ મનથી ઘડી કાઢેલાં બતાવ્યાં છે. પરંતુ આ સઘળી પરિસ્થિતિ સ્પષ્ટ બતાવે છે કે એ સઘળી ઘટનાઓના મૂળમાં ઉક્ત રાજનૈતિક વિપ્લવ અને અસંતોષજ હતો. એટલુંજ શા માટે, આ દૃષ્ટિએ વિચાર કરતાં તેમની કંસને ત્યાં કરસ્વરૂપે જનારી દહીંની મટકીઓને લૂંટી લેવા વગેરેની બાળલીલાઓનું પણ સ્પષ્ટીકરણ ઘણીજ સરળતાથી થઈ જાય છે. જો આ બનાવોને રાજનૈતિક વિશેષતાની દૃષ્ટિએ જોવામાં ન આવે તો વાસ્તવમાં કંસવધની ઘટના સ્વયં સંદિગ્ધ બની જાય છે. વાસ્તવમાં કંસવધના બનાવને પૌરાણિકોએ વાસ્તવિકતા છુપાવવાની ધૂનમાં એક હાસ્યાસ્પદ ગમ્મતનું રૂપ દઇ દીધું છે. શું આજે કોઇ નાના જમીનદારને પણ (કંસની પેઠે કોઈ કૃષ્ણની સ્થિતિનો માણસ) મારીને તેમની પેઠે તદ્દન અસ્પૃશ્ય બચી શકે છે? વાસ્તવમાં આટલી સાધારણ સ્થિતિમાં કૃષ્ણે આ બધું કરવું, અને તેમનાં આ બધાં કાર્યોથી પ્રજા અને ઉગ્રસેન વગેરેનું પ્રસન્ન થવું: અને પાછળથી જરાસંધ વગેરેની સામે લડવામાં પ્રજાએ કૃષ્ણના પક્ષમાં રહેવું વગેરે સઘળી બાબતો એજ સાબિત કરી આપે છે કે એ બનાવોનો સંબંધ ઉપરોક્ત પ્રજાતંત્રીય વિપ્લવ સાથેજ હતો. એ બાળલીલાઓ નહોતી, એક પ્રજાતંત્રીય રાજનીતિજ્ઞનો સંગઠિત વિપ્લવ હતો અને તેથી આ બનાવો સમયે કૃષ્ણ–બલરામ વગેરેની જે ઉંમર બતાવવામાં આવી છે તેને પણ સંદેહની દૃષ્ટિએ જોવી જરૂરની છે. વિશેષતઃ જ્યારે આપણે આ વાત ઉપર ધ્યાન દઇએ

છીએ કે મહાભારતની આસપાસના સમય સુધી–જ્યારે કૃષ્ણનો પ્રભાવ દેશવ્યાપી થઇ ગયો હતો–લોકો, ખાસ કરીને રાજ્યસત્તાવાદીઓ, તેમને વિશુદ્ધ ક્ષત્રિય સુદ્ધાં માનવાને તૈયાર નહોતા અને તેમને ગોવાળ, આહીર વગેરે કહીને અપમાનિત કરતા હતા ત્યારે, આ દલીલને માટે કંઇ અવકાશજ રહેતો નથી કે લોકો તેઓને ઇશ્વરના અવતાર માનતા હતા, તેથી ભક્તિવશ જનતા તેમના પક્ષમાં રહી હતી.

અત્રે કોઇ કહી શકે છે કે જો ઉગ્રસેન આદિ ગણરાજ્યવાદી હતા એમ સિદ્ધ થાય તો આ બધી બાબતોનો ઠીક ઠીક મેળ બેસી શકે, પરંતુ આ વાતનું પ્રમાણ શું ? એવા પાઠકોને અમે થોડી વાર સુધી ધીરજ રાખવા પ્રાર્થના કરીશું. તેઓ વિશ્વાસ રાખે કે તેમની આ શંકાઓનું આજ લેખમાં સમાધાન થઇ જશે. વાસ્તવમાં આ સંબંધમાં 'રાજા' શબ્દ પાઠકોને ઘણે ભાગે ભ્રમમાં નાખી દે છે, પરંતુ આ ભ્રમ પણ આપણા ઐતિહાસિક અજ્ઞાનને કારણે થાય છે. વાસ્તવમાં ગણરાજ્યોની પંચાયતો અને કાઉન્સિલોના સભાસદો પણ રાજા કહેવાતા એટલુંજ નહિ પણ અનેક જાતિઓમાં પ્રત્યેક ગૃહપતિ રાજા કહેવાતો. આંધ્રોને માટે પ્રસિદ્ધ ભાષ્યકાર શબર લખે છે કે—

"ननु जनपदपुररक्षणवृत्तिमनुपजीवत्यपि क्षत्रियेराजशब्द-मान्ध्रा प्रयुञ्जते ।"

અર્થાત્ જે લોકો જનપદ અને નગરરક્ષણનો વ્યવસાય કરતા નથી, તે ક્ષત્રિયોને પણ આંધ્ર લોકો રાજા કહે છે.

આથીજ ઉગ્રસેનની સાથે, યા તો જે ઐલ અથવા ઐક્ષ્વાક રાજાઓને કૃષ્ણે જરાસંધને કર દેનારા દર્શાવ્યા છે તેમનાં નામ સાથે 'રાજા' શબ્દ જોઇનેજ ભ્રમમાં પડી જવાની આવશ્યકતા નથી. વસ્તુતઃ એ રાજાઓ રાજ્યવાદી હોત, તો તેમને અને જરાસંધને શત્રુતા થાતજ નહિ. સાચી વાત તો એ છે કે આ પ્રકારના ભ્રમોને કારણેજ હજુ સુધી ભારતના જેટલા ઇતિહાસ લખવામાં આવ્યા છે, તે બધા પૌરાણિક ગપ્પાંની પેઠે કૃત્રિમ ઇતિહાસ છે. સાચો ઇતિહાસ રચવાને અને પ્રાપ્ત કરવાને માટે તો આપણે એ સઘળા ઇતિહાસો-ને જુદાજ દૃષ્ટિબિંદુથી ફરીથી સંશોધવા અને લખવા પડશે.

કૃષ્ણનો પ્રભાવ—કૃષ્ણનો જે પ્રકારનો પ્રભાવ તે જમાના-ના ભારતમાં જણાય છે, તેનાથી પણ એજ સાબિત થાય છે. આપણે સ્પષ્ટ જોઇએ છીએ કે લગભગ બધી રાજ્યવાદી સત્તાઓ કૃષ્ણની વિરુદ્ધ હતી. દુર્યોધન, જરાસંધ, કંસ, ગોનર્દ, શિશુપાલ વગેરે સઘળા કૃષ્ણના કટ્ટા શત્રુ હતા, અને ઇતિહાસમાં એ વાત પણ સ્પષ્ટ છે કે તે સમયે દેશમાં સૌથી પ્રબળ રાજસત્તાઓ તેમનીજ હતી. છતાં પણ કૃષ્ણનો એટલો પ્રભાવ હતો કે એ બધાઓને તેમની આગળ દબાઇને ચાલવું પડતું હતું. દ્રૌપદીના સ્વયંવરનુંજ

ઉદાહરણ લઇએ. કર્ણ નિયમાનુસાર મત્સ્યવેધ કરવા તૈયાર થતાં કેટલાક રાજાઓએ દ્રૌપદી સાથે કર્ણનાં લગ્ન થાય તેમાં મુશ્કેલી ઉભી કરી હતી. આજ વાત ઉપર હાજર રહેલા સઘળા રાજાઓ બે પક્ષોમાં વહેંચાઈ ગયા હતા. અને એક વિકટ મહાભારત શરૂ થવાની તૈયારી થઇ હતી. પરંતુ કૃષ્ણ તેમાં વચ્ચે પડતાંજ બધો ઝગડો શાંત થઇ ગયો. તેમના પ્રભાવ આગળ તેમના શત્રુઓ અને મિત્રો, બધાને સમાનરૂપે મસ્તક નમાવવું પડતું હતું. બરાબર એવુંજ દશ્ય પાંડવો તરફથી દૂત બનીને જ્યારે તેઓ કૌરવસભામાં ગયા ત્યારે ઉપસ્થિત થયું હતું. એ બધી બાબતોથી સ્પષ્ટ થાય છે કે રાજ્યસત્તા કરતાંયે બીજી કોઇ એવી પ્રબળ અને દેશવ્યાપી શક્તિ કૃષ્ણની પાછળ હતી, કે જેથી તેમના પ્રત્યે આંતરિક ઘૃણા હોવા છતાંયે એ સત્તાઓને તેમની આગળ ઝૂકવાની ફરજ પડતી હતી, અને એવી શક્તિ તે સમયે દેશભરમાં ફેલાયલાં ગણરાજ્યો સિવાય બીજી કઇ હોઇ શકે?

કૃષ્ણનું દ્વારકાગમન—કૃષ્ણનું જરાસંધની ચઢાઇઓથી તંગ થઇને દ્વારકા જવું એ પણ એક વિચારણીય પ્રશ્ન છે. તે સમયનાં મળી આવતાં વર્ણનો અનુસાર મથુરા–પ્રદેશ રાજ્યવાદીઓ-થી ઘેરાયલો હતો. તેની એક બાજુ પાસેજ દુર્યોધન હતો અને બીજી બાજુ શિશુપાલ અને ત્રીજી બાજુ મધ્યપ્રાંતો સુધી જેની સત્તા ફેલાયલી હતી તેવો મગધરાજ જરાસંધ હતો. આટલા શત્રુઓ વચ્ચે સપાટ પ્રદેશમાં વસેલ મથુરા ખરી રીતે હમેશાં જોખમમાં રહેતું હતું.

બીજી બાજુ રજપૂતાનાનું રેગિસ્તાન, આબુના પહાડી પ્રદેશો, માળવાના દુર્ગમ ભાગો અને ગુજરાત કાઠિયાવાડ તથા દક્ષિણ-ભારતના અનેક ભાગો ભિન્નભિન્ન પ્રકારનાં પ્રજાતંત્રીય રાજ્યોથી છવાયલા હતા. ઉદાહરણ તરીકે મહાભારત વગેરે ગ્રંથોનેજ આધારે મરુસ્થળ–મારવાડમાં આભીર, કુંતલ (ડુંગરપુરની આજુબાજુનો સપાટ પ્રદેશ)માં કાબા, આબુથી હાડૌતી સુધી ભીલો, મેવાડમાં શિબિ, ગુજરાતમાં કકુર (જેઓ આગળ જતાં ગુર્જર નામથી પ્રસિદ્ધ થયા), ગુજરાતથી દ્વારકા સુધી યાદવ, બીજી બાજુ કાઠિયા-વાડ વગેરેમાં ભોજ, અને વૃષ્ણિ, દાશાર્હ યા દશાર્ણ (મદસોર–દશ-પુરનો પ્રદેશ)માં દસ જાતિઓનો સંઘબદ્ધ સમૂહ અને પેલી બાજુ દક્ષિણમાં આંધ્ર, અંધક, ગોપ, અશાક, કામ્બોજ વગેરે વસ્યા હતા. એ બધાં ભિન્નભિન્ન પ્રકારનાં પ્રજાતંત્રીય રાજ્ય હતાં. ઉત્તરમાં રાજ્યવાદનું જોર વધવાથીજ એ બધા સમૂહો ત્યાંથી નાસી નાસીને એ વનપૂર્ણ પ્રાન્તોમાં આવી વસ્યા હતા. મહાભારતના સભાપર્વ-(અ૦ ૧૪)માં સ્પષ્ટ લખ્યું છે કે ઉત્તરકોશલના શૂરસેન, ભદ્રકાર યા ભદ્રકાન, બોધ, શાલ્વ, પટચ્ચર, સુસ્થલ, કુલિંદ, કુંતિભોજ, શાલ્યાયન વગેરે સમૂહ પણ જરાસંધનાં આક્રમણોથી તંગ થઇને

દક્ષિણમાં જઈ વસ્યાં અને આ રીતે દક્ષિણી કોશલની સ્થાપના થઇ. 'ભોજ' પણ એક પ્રકારની પ્રજાતંત્રીય વ્યવસ્થાનું નામ હતું અને તેઓ કેટલીયે હતી. જેમકે રૂકમભોજ, કુંતિભોજ, કાલભોજ વગેરે.

આથી સ્પષ્ટ થાય છે કે કૃષ્ણ ગણરાજ્યવાદી હતા અને તેમના જીવનનું મુખ્ય કાર્ય પ્રજાતંત્રોનો પુનરોદ્ધાર અને વધતા જતા સામ્રાજ્યવાદનો નાશ કરવાનું હતું. કેમકે જો તેઓ રાજ્યવાદી હોત તો તેમને માટે મથુરામાં રહેવું અને જરાસંધ વગેરે સાથે મળી જવાનુંજ વધારે સરળ અને સ્વાભાવિક હોત. પરંતુ એમ નહોતું અને તેથીજ તેમણે વિશુદ્ધ પ્રજાતંત્રોના ક્ષેત્રમાં પોતાનું સ્થાન પસંદ કર્યું.

અંધક-વૃષ્ણિ-સંઘ—પરંતુ એ બધી વાતો ઉપરોક્ત અનુમાનોના આધાર ઉપરજ કહેવાતી નથી. આપણા પૂર્વજો સામ્રાજ્યવાદીઓના અનેક પ્રયત્નો કરવા છતાં પણ, મહાભારતનાજ એક ખૂણામાં તેમની શનિ-દષ્ટિથી બચીને રહ્યા હતા તેનું એક ચોક્કસ પ્રમાણ મળી આવે છે. અને તે ઉક્ત સંઘના સંબંધમાં કૃષ્ણ અને નારદના સંવાદમાં છે. વાચકોની માહિતી માટે અમે તેનો મુખ્ય ભાગ અત્રે રજુ કરીએ છીએ. એ વાતચીત આ પ્રકારે છેઃ—

કૃષ્ણ—(નારદને) હે મુનિ ! હું જે સ્થિતિમાં છું, તે ઐશ્વર્ય તો કહેવાય છે પરંતુ વસ્તુતઃ તે દાસત્વ સિવાય બીજું કંઇજ નથી. જો કે અર્ધી રાજ્યસત્તા મારા હાથમાં છે, છતાં પણ હું નિઃસહાય છું. અંધક અને વૃષ્ણિ લોકો એટલા બળવાન અને શક્તિસંપન્ન છે કે તેઓ જે પક્ષમાં મળી જાય તે સર્વ કંઇ કરી શકે તેમ છે. જેમનાથી તેઓ વિરુદ્ધ થાય તે જરા પણ ટકી શકે નહિ. આહુક અને અક્રૂરની પણ એજ સ્થિતિ છે. તેઓ પૂરતા શક્તિસંપન્ન અને પ્રભાવશાળી છે. એવી દશામાં હું કોની સાથે રહું ? હે મુનિ ! મારી અને એ જાતિઓની સ્થિતિ ધ્યાનમાં લઇને આપ ઉચિત સલાહ આપો.

નારદ—કૃષ્ણ ! ગણરાજ્યોમાં બે પ્રકારની મુસ્કેલીઓ ઉપસ્થિત થયા કરે છે—એક બાહ્ય અને બીજી આંતરિક. આપની મુસ્કેલી આંતરિક છે. એ આપણાજ લોકોએ ઉત્પન્ન કરેલી છે. અક્રૂર અને ભોજોએ અર્થપ્રાપ્તિ યા કામનાપૂર્તિની આશાથી અથવા વીરતાની સ્પર્ધાથી તેમની સાથે જોડાયલા સમૂહો સાથે પોતાની સ્વતંત્ર રાજ્યસત્તાને સંઘના હાથમાં સોંપી દીધી છે. અને હવે એ **જ્ઞાતિ** નામધારી રાજ્યવ્યવસ્થાનાં મૂળ ઉંડાં ગયેલાં છે; તેથી હવે પાછી સત્તા પ્રાપ્ત કરવી અસંભવિત છે. હવે બભ્રુ અને ઉગ્રસેનની સત્તા છીનવી શકાય તેમ નથી. જો છીનવી લેવામાં આવે તો તેમાં ઘણોજ ખર્ચ થવાની મુસ્કેલી છે, અને એ પણ બનવા જોગ છે કે તેના પરિણામે બધાનો વિનાશ થાય. તેથી આપ નમ્રતાથી આપના સંઘને વશ કરો....હે કૃષ્ણ ! જેનો પોતાની જાત ઉપર સંયમ નથી, જેના

ઘણાખરા સહાયકો અને અનુયાયીઓ નથી, તે રાજનીતિનો મહાન ભાર સફળતાપૂર્વક વહન કરી શકતો નથી. **પ્રજાતંત્ર રાજ્યો-સંઘોનો** આંતરિક ફાટફૂટથી વિનાશ થાય છે. આપ **સંઘના પ્રમુખ** છો. તેથી એવો પ્રયત્ન કરો કે જેથી આ **સંઘ** નાબુદ થાય નહિ.

સાચી વાત શું છે?—આ બધા વિવેચન અને ઉપરોક્ત સંવાદથી સઘળી સ્થિતિ હસ્તામલકવત્ થઇ જાય છે. પાઠકો જોઇ શકશે કે રાજા ઉગ્રસેન એક સ્વચ્છંદી રાજા નહિ, પરંતુ અંધક-વૃષ્ણિ-સંઘના સભાસદ યા કાઉન્સિલર છે અને પોતાના સમૂહનો મુખી છે. આજ પ્રકારે બભ્રુ, આહુક, અક્રૂર, સાત્યકિ વગેરે પોતપોતાના સમૂહોના પ્રમુખ અને સંઘના સભાસદ હતા. આ સંઘમાં અંધક, વૃષ્ણિ, આભીર, ભોજ, દશાર્હ, કૂકુર, યાદવ, ગોપ, અશ્મક વગેરે અનેક વિજાતિઓ સામેલ હતી. એ બધી જાતિઓ સંઘના સભાસદોની સ્વતંત્રતાની રક્ષા કરવા માટે એક થઇને લડવાને બંધાયલી હતી, પરંતુ પોતપોતાના ગણોના નિર્ણય અનુસાર ચાલવાને સ્વતંત્ર હતી. સંઘની કાઉન્સિલમાં પણ પ્રત્યેક દળ પોતાની આગેવાની માટે પ્રયત્નશીલ રહેતા હતા અને એવાજ પ્રયત્નોના સંબંધમાં ઉપરોક્ત વાતચીત છે. આથી એ પણ સ્પષ્ટ થાય છે કે મહાભારતમાં કૃષ્ણના પાંડવપક્ષમાં રહેવાથી પણ સંઘ અને તેના સભાસદોએ કૃષ્ણને સાથ આપ્યો નહોતો. તેઓ તટસ્થ રહ્યા હતા. કેવળ સાત્યકિનો સમુદાય સાત્વત તેમની સાથે રહ્યા અને યાદવોનું એક દળ કૌરવોના પક્ષમાં હતું. જો કૃષ્ણ રાજા હોત તો શું આ પ્રમાણે બની શકત? છતાં પણ ઇતિહાસને ભ્રષ્ટ કરનારાઓએ એજ બતાવવાની કોશિશ કરી છે કે કૃષ્ણે પોતેજ એવો નિર્ણય કર્યો હતો કે એક બાજુ હું રહીશ અને એક બાજુ મારી સેના રહેશે!

ઉપોદ્ઘાત—આ બધી બાબતોથી સ્પષ્ટ થાય છે કે કંસના પહેલાં મથુરામાં યાદવો અને ભોજોના ગણરાજ્યોનો એક સંઘ હતો. બીજી બાજુ 'દશાર્હ' નામથી માળવામાં દશ જાતિઓનો એક એવોજ સંઘ હતો. આ બધા સંઘો ઉપર ઉલ્લેખ કરવામાં આવેલા રાજ્યવાદીઓનાં આક્રમણોને રોકવા માટેજ બનાવવામાં આવ્યા હતા. બીજી બાંજુ તેમની વિરુદ્ધ શિશુપાલ અને કારૂપના રાજાઓએ એક સંઘ બનાવ્યો હતો. પાછળથી જરાસંધ વગેરે પણ સામેલ થઇ ગયા હતા.

પરંતુ ઉગ્રસેનનો પુત્રજ રાજ્યવાદી બની બેઠો અને તેણે પોતાના પિતા અને બીજી જાતિઓના પ્રમુખ વસુદેવ વગેરેને જેલોમાં પૂરી દીધા તથા કેટલાકને મરાવી પણ નાખ્યા. આ દમન અને આકસ્મિક બનાવથી થોડા દિવસ માટે તો લોકો કંઇ પણ કર્યા સિવાય બેસી રહ્યા, પરંતુ તરતજ તેમના સ્વાતંત્ર્યપ્રેમે તેમને જાગ્રત કર્યા. કૃષ્ણે તેમની આગેવાની લીધી અને આ પ્રકારે બળવાની શરૂઆત

થઇ. કામ એટલી સાવધાનીથી થયું કે કંસને મારી નાખ્યા પછીજ જરાસંધને વાસ્તવિકતાની ખબર પડી શકી.

આ બાજુ ઉગ્રસેન ઇચ્છતા હતા કે કૃષ્ણુજ તેમના સંઘના પ્રમુખ બને, પરંતુ તેમણે આનો અસ્વીકાર કર્યો. એટલે આ પછી જ્યારે જરાસંધે ચઢાઇઓ ઉપર ચઢાઇઓ કરવા માંડી અને ત્યાં સંઘની રક્ષા અસંભવિત થઇ ગઈ, ત્યારે તેમણે પ્રજાતંત્રીય સમૂહની વચ્ચે સંઘની રાજ્યધાની લઈ જવાનો નિશ્ચય કર્યો. સાથેજ પેલી તરફના સઘળા સમૂહો, ગણરાજ્યો અને સંઘોને એકત્ર કરીને પોતાના સંગઠનને પૂરતું મજબૂત બનાવી લીધું. આ બીજું સ્થાનજ દ્વારકાપુરી હતું અને આનું નામજ "અંધક-વૃષ્ણિ-સંઘ" હતું.

રાજ્યવાદનો નાશ—આ પ્રકારે સંઘ સુરક્ષિત થઇ ગયો, ત્યારે કૃષ્ણુને માટે તે સમયના વધતા જતા સામ્રાજ્યવાદને નાબુદ કરી એ પ્રજાતંત્રોને નિષ્કંટક કરી દેવાનુંજ કામ બાકી રહ્યું હતું. આ તરફ તેમની પાછળ આટલાં ગણરાજ્યોનું બળ હોવાથી અને ગણરાજ્યોના ઉદ્ધારકના સંબંધથી સમસ્ત દેશનાં ગણરાજ્યોની સહાનુભૂતિ તેમના તરફ હોવાથી તેમનો પ્રભાવ ઘણો જલદી દેશવ્યાપી બની ગયો. બીજી બાજુ તેમને રાજ્યવાદના નાશનો અવસર અને સાધન પણ અનાયાસેજ પ્રાપ્ત થઇ ગયાં. કૌરવો અને પાંડવોમાં વૈમનસ્ય ચાલતુંજ હતું. કૌરવોના પક્ષમાં સમસ્ત દેશના રાજ્યવાદીઓ હતા. પાંડવો પણ તેથીજ સ્વાભાવિક રીતે કોઈ પ્રબળ શક્તિના આશ્રયની શોધમાં હતા. કૃષ્ણે આ પરિસ્થિતિનો લાભ ઉઠાવી તેમને ગણરાજ્યો તરફ આકર્ષિત કર્યા. તેમાં તેમને સફળતા મળી. પાંડવો તેમના તરફ ભળી ગયા. યુધિષ્ઠિર અને ભીષ્મના ગણરાજ્યો સંબંધના સંવાદોથી આ વાત તદ્દન સ્પષ્ટ થાય છે કે તેઓ રાજ્યવાદી હોવા છતાં પણ ગણરાજ્યોના નાશ કરતાં તેમની રક્ષાને માટે વધારે ચિંતાતુર હતા. મહાભારતના બન્ને પક્ષોની સહાયક સેનાઓના અધ્યયનથી પણ એજ સાબિત થાય છે. કેમકે પાંડવોના પક્ષમાં સૌથી વધારે ગણરાજ્યોજ હતાં.

આ રીતે મહાભારત કરાવીને અને તેમાં પાંડવોને સફળતા આપીને કૃષ્ણે માત્ર જરાસંધનો વ્યાજ સાથે બદલો ચૂકવ્યો છે, એટલુંજ નહિ પરંતુ એક પ્રકારે સમસ્ત દેશના રાજ્યવાદીઓને કેટલાક સમય માટે નાબુદ કરી દીધા હતા. આજ કારણે મોટી મોટી સત્તાઓના વિરોધી હોવા છતાં પણ કૃષ્ણુ સમસ્ત દેશના હૃદયદેવ બની ગયા અને એટલા સર્વમાન્ય થયા કે સ્વયં રાજ્યવાદીઓને પણ તેમને પોતાના ઈશ્વરીય અવતારોમાં સર્વશ્રેષ્ઠ સ્થાન દેવાની ફરજ પડી.

('માધુરી'ના જ્યેષ્ઠ-૧૯૮૮ ના અંકમાંથી)

૧૦૨–आपणी स्त्रीओनुं कुशिक्षण

(શ્રી. ગોપીચંદ ધારીવાલના લેખનો અનુવાદ)

કન્યાઓને શિક્ષણ અવશ્ય આપવું જોઇએ, અને તે શિક્ષણ કેવળ અક્ષરજ્ઞાન સુધીમાંજ સીમાબદ્ધ નહિ રહેવું જોઇએ; બલ્કે જેટલું તેમની શક્તિ યા બુદ્ધિ ગ્રહણ કરી શકે તેટલું આપવું જોઇએ. સિદ્ધાન્તરૂપે તો આપણને આ બાબત સ્વીકારવામાં કોઇ પણ પ્રકારની હરકત નથી; પરંતુ જ્યારે આપણે વાસ્તવિકતા તરફ–ભારતવર્ષમાં હાલના સ્ત્રીશિક્ષણને નામે જે કંઈ ચાલી રહ્યું છે તે તરફ–દૃષ્ટિ નાખીએ છીએ ત્યારે તો શંકા થાય છે કે જે કંઇ ચાલી રહ્યું છે તે શું આપણે માટે હિતકર છે? અમે અમારો ભાવ શ્રી. આનંદકુમાર સ્વામીના શબ્દોમાંજ પ્રકટ કરીશું:—

"અમારે ત્યાં અંગ્રેજી રાજ્યની એવી વિચિત્રતા છે કે જે વસ્તુએ હિંદુસ્તાનનું ભારેમાં ભારે નુકસાન કર્યું હોય તેજ અમને આશીર્વાદરૂપ માલમ પડે છે." આ વિષે કાકા કાલેલકર કહે છે કે "તેનું યથાર્થ ઉદાહરણ શિક્ષણ છે." આજકાલ હિન્દુસ્તાનમાં જે સ્ત્રીશિક્ષણ આપવામાં આવે છે, તેને માટે તો અમે ઉપરોક્ત વાક્ય એથી પણ વિશેષ જોરથી ફરીથી કહી શકીએ તેમ છીએ.

આવી દશામાં સ્ત્રીઓને ઉચ્ચ શિક્ષણ આપવું જોઇએ એટલુંજ કહેવું પૂરતું નથી, પરંતુ કેવા પ્રકારનું શિક્ષણ આપવું તે પણ આપણે વિચારવું જોઇશે. આ પ્રશ્નનો નિર્ણય કરવો એ પણ કેટલાંયે કારણોથી એક જટિલ પ્રશ્ન થઇ રહ્યો છે.

પ્રથમ તો રાજનૈતિક પરાધીનતાને કારણે આપણી સારાસાર પારખવાની ઘણીખરી શક્તિ ઓછી થઇ ગઇ છે. પરાધીનતામાં સ્વમાન અને આત્મશ્રદ્ધા નાબુદ થઇ જાય છે. વિજેતાઓના વિચાર, તેમની સંસ્કૃતિ, તેમના રીતરિવાજ આદિ–પ્રત્યેક બાબત સારી દેખાવા લાગે છે, અને પોતાની પ્રત્યેક બાબતમાં ખોડખાંપણ દેખાવા લાગે છે. આજે આપણે જોઇએ છીએ કે સમાજમાં કેટલાયે શિક્ષિત પુરુષો વિદેશી દુર્ગુણોને અપનાવવામાં પોતાનું ગૌરવ માને છે. એવી દશામાં કેવા પ્રકારનું શિક્ષણ આપવું જોઇએ એ બાબતનો નિષ્પક્ષપાતપણે નિશ્ચય કરવો એ ઘણુંજ કઠિન કામ છે.

બીજું, જેમના હાથમાં આપણી શિક્ષણનીતિ રહેલી છે, તેઓ કેવળ વિદેશી અને આપણી સભ્યતા તથા સંસ્કૃતિથી અપરિચિતજ નહિ, પરંતુ પોતાને વિજેતા અને સંસારમાં સૌથી ઊંચી સભ્યતાના પોષક માનનારાઓ છે. એ સિવાય તેઓ પોતાના સ્વાર્થોથી પણ પર થયેલા નથી. મેકોલેની શિક્ષણનીતિથી કયો શિક્ષિત ભારત-

વાસી અજાણ છે? "આપણે ભારતવર્ષમાં એક એવી જાતિ પેદા કરવી જોઇએ કે જે વર્ણ અને લોહીમાં ભારતીય હોય, પરંતુ રુચિ, વિચાર અને બુદ્ધિમાં અંગ્રેજ હોય." એજ પ્રકારે-"આપણે ભારતવાસીઓને એવી રીતનું શિક્ષણ આપીશું કે જેથી તેઓ આપણને આપણો વેપાર અને રાજ્ય ચલાવવામાં સારી પેઠે મદદ આપી શકે." સરકારી શિક્ષણનીતિને અમે એટલાજ માટે સંદેહની નજરે જોયા સિવાય રહી શકતા નથી.

ત્રીજું, સરકારના જે સલાહકારો છે તેઓ ઘણાખરા પાશ્ચાત્ય શિક્ષણ પામેલા છે, અને ભારતીય સભ્યતા, સંસ્કૃતિ અને ઇતિહાસમાં તેઓ કોઈ વિદેશી જેટલાજ પરિચિત છે. ઘણાઓની નોકરી-જગાઓ-અધિકારો તો એટલા માટે સુરક્ષિત છે કે તેઓ સરકારી નીતિનું સમર્થન કરે છે અને ઘણાઓની ઉન્નતિ તેઓ વિદેશીઓની રહેણીકરણીનો સ્વીકાર કરે તેના ઉપરજ નિર્ભર છે.

ચોથું, આપણી સામાજિક આગેવાની પણ પાશ્ચાત્ય રંગમાં રંગાયેલા લોકોના હાથમાં છે. તેમને જેટલું બીજા દેશોના ઇતિહાસોનું જ્ઞાન છે તેટલું ભારતીય સભ્યતા અને ઇતિહાસનું નથી. ભારતીય પ્રથાઓનું તથા તેમની પાછળ રહેલા આદર્શોનું તો તેમને જ્ઞાનજ નથી; તેઓ કેવળ વિદેશીઓના અજ્ઞાન અને સ્વાર્થપૂર્ણ પ્રચારના શિકાર બનીને તેમના રાગમાં રાગ આલાપવાનુંજ પોતાનું કર્તવ્ય માને છે.

ઉપરોક્ત કારણોથી અમને જણાય છે કે ભારતવર્ષમાં સ્ત્રી-શિક્ષણની નીતિ મોટે ભાગે આદર્શહીન છે. તે આદર્શહીન પુરુષ-શિક્ષણની નકલમાત્ર છે. હા, વખતે વખતે કેટલાક સુધરેલા સજ્જનો કન્યાઓના શારીરિક શિક્ષણ અને સહશિક્ષણ વગેરે વિષયો ઉપર વ્યાખ્યાનો આપીને અથવા તર્કવિતર્ક કરીને સ્ત્રીશિક્ષણમાં પોતાનો પ્રેમ દર્શાવે છે. બસ એટલુંજ.

આજ આપણે શું જોઇએ છીએ? સરકારી અથવા અર્ધ-સરકારી કન્યાશાળાઓમાં અથવા કન્યાશાળાઓની હાઇસ્કૂલો અને કૉલેજોમાં કન્યાઓને પુરુષોના જેવું શિક્ષણ આપવામાં આવે છે. પ્રથમ તો પુરુષોને જે શિક્ષણ આપવામાં આવે છે તે તેમનામાં સદાચાર, આત્માભિમાન, આત્મશ્રદ્ધા અને પુરુષાર્થ ઉત્પન્ન કરનારૂં નથી હોતું અને કન્યાઓને માટે તો તે લગભગ નકામુંજ હોય છે. તે નથી તો પુરુષોચિત ગુણો પેદા કરતું કે ન તો સ્ત્રિયોચિત. હા, તેનાથી કન્યાઓ નવી નવી ફેશનોથી પોતાની સજાવટ શૃંગાર કરતાં, પફ-પાઉડરનો ઉપયોગ કરતાં, ટેનિસ વગેરે ખેલતાં અને પોતાની સ્વજાતિની અશિક્ષિત સ્ત્રીઓમાં એક વિદેશીની માફક રહેતાં અવશ્ય શીખી લે છે. તેમના આદર્શો પોતાના દેશની ૩૫ કરોડ જનતાના

આદર્શોથી ભિન્ન છે, ત્યારે અમે તેમને ભારતવાસી શી રીતે કહીએ ? શ્રીમતી સુષમા સેનના શબ્દોમાં "આપણી હિલચાલોની ધૂન એ છે કે પશ્ચિમના બાહ્ય દેખાવો અને રીતરિવાજોનું અનુકરણ કરવું."

આવી દશામાં આધુનિક શિક્ષણ એ એવી ઉત્તમ વસ્તુ નથી, કે જેને અમે આત્માનો શણગાર કહી શકીએ, યા જેની પાસે અમે આશા રાખી શકીએ કે તે સ્ત્રીઓને સદાચાર યા નીતિનું શિક્ષણ આપે છે, અથવા દુર્ગુણોથી બચાવીને સદ્ગુણી બનાવે છે.

સ્ત્રી–શિક્ષણ કેવા પ્રકારનું હોવું જોઇએ એ નિશ્ચય કરતા પહેલાં આપણે આપણો આદર્શ નક્કી કરી લેવો જોઇએ. ભારત એ ભારત-વર્ષજ છે, ઈંગ્લેંડ અથવા બીજા દેશ નથી. એ કેવળ પ્રાચીન દેશ છે એટલુંજ નહિ બલકે તેની સભ્યતા પણ ઘણીજ પ્રાચીન અને ગૌરવ-પૂર્ણ છે. હજારો વર્ષો સુધી તેનો વિકાસ થતો રહ્યો છે. તે ૩૫ કરોડ જનતામાં રમી રહેલી છે. એવી દશામાં કન્યાઓને પાશ્ચાત્ય આદર્શ-પૂર્ણ શિક્ષણ આપીને આપણે તેમનું અકલ્યાણજ નથી કરી રહ્યા પરંતુ દેશની પરતંત્રતાની બેડીને વધારે મજબૂત બનાવી રહ્યા છીએ. એક બાજુ તો આપણે હજારો વર્ષોના અનુભવને–વિકાસના પરિણામને–ઠોકરે ચઢાવીએ છીએ, અને બીજી બાજુ જેનાં કુપરિણામો આજે પણ પાશ્ચાત્ય દેશોમાં ભયંકર રૂપ ધારણ કરી ચૂક્યાં છે એવી સભ્યતાને અપનાવીએ છીએઃ અને સાથેજ સમાજના એ નાનકડા ભાગને કે જેમના સુધી આ શિક્ષણ પહોંચે છે, તેને વાસ્તવિક ભારતવર્ષના એ મોટા ભાગથી જુદો પાડીએ છીએ. એ સિવાય એક વાત બીજી છે. સમાજનો વિકાસ બુદ્ધિમાન, ઉચ્ચ શિક્ષણ પામેલાં મનુષ્યો–પુરુષો અને સ્ત્રીઓજ કરે છે; પરંતુ જ્યારે અમારા શિક્ષિત લોકો સામાન્ય જનતાની સભ્યતાથી અસ્પૃશ્યજ રહેતા જાય, ત્યારે તેઓ તેનો વિકાસ કેવી રીતે કરી શકે ? પાશ્ચાત્ય આદર્શોનું શિક્ષણ આપીને આપણે આપણા દેશના વિકાસને રોકીએ છીએ અને તેને નેતૃત્વહીન બનાવીએ છીએ. શું એ ઇચ્છવા યોગ્ય છે ?

ભારતમાં સ્ત્રીશિક્ષણ ભારતની સભ્યતા, સંસ્કૃતિ તથા આર્થિક સ્થિતિને અનુકૂળ હોવું જોઇએ, કે જેનાથી સમગ્ર જનતા લાભ ઉઠાવી શકે અને શિક્ષિત મહિલાઓ પોતાને સમાજથી અલગ સમજે નહિ. જો કોઇ કન્યાને એવા પ્રકારનું શિક્ષણ આપવામાં આવે કે જેથી તેના વિચાર, તેની સંસ્કૃતિ અને સમાજના મોટા ભાગ સાથે મેળ ન ખાય, તો તે કદાપિ કલ્યાણકારી થઇ શકે નહિ; પરંતુ ઘરમાં અતડી રહીને સ્વયં દુઃખી થશે અને પોતાના સંબંધીઓને પણ દુઃખી કરશે. તેથી જે શિક્ષણ સુખમાં બાધક હોય તેનાથી લાભ શો ? ભારતીય કન્યાઓને આ પ્રકારનું શિક્ષણ આપવું કે જેથી તેમના આદર્શ, તેમના વિચાર તથા તેમની રહેણી–કરણી

વિદેશી થઇ જાય, એ ભારતવર્ષનાં કુટુંબોમાં ભયંકર અશાંતિનાં બી વાવવા જેવું છે. ભારતીય ઘરોની આર્થિક સ્થિતિ પાશ્ચાત્ય સભ્યતાનો બોજો સહી શકે તેવી નથી. ભારતીય અવિભક્ત કુટુંબ-પદ્ધતિમાં ગમે તેટલા દોષો ભલે ઘુસી ગયા હોય; પરંતુ અહીંની આર્થિક દશા જોતાં તેને કારણેજ આજ કેટલાંયે કુટુંબો માત્ર પોતાનું ગુજરાનજ ચલાવી રહ્યાં છે એટલુંજ નહિ પરંતુ પોતાનું સ્વાભિમાન, નૈતિક જીવન અને કૌટુંબિક સુખનું રક્ષણ પણ કરી રહ્યાં છે. આજે પાશ્ચાત્ય સભ્યતાનું અનુકરણ કરનારી અમારી કન્યાઓને એવાં કુટુંબોમાં તેમને આદર્શ બતાવવામાં આવેલી પેલી 'સ્વતંત્રતા' નથી મળી શકતી. પરિણામે આપણાં કુટુંબો એવી વહુઓથી સુખી થઇ શકતાં નથી અને એ વહુઓ પણ સુખી થઇ શકતી નથી. આ પ્રકારે પાશ્ચાત્ય સભ્યતામાં રંગાયેલી કન્યાઓને માટે ભારતીય ગૃહ-કાર્ય એ એક ભારે જુલમ છે-ઓછામાં ઓછું નીચા દરજ્જાનાં ગણાતાં કાર્યો તો અવશ્ય જુલમજ માનવામાં આવે છે.

શિક્ષણનો ઉદ્દેશ્ય કૌટુંબિક સુખશાંતિનો હોવો જોઇએ-કેવળ પુરુષોનું અથવા કેવળ સ્ત્રીઓનુંજ સુખ નહિ, પરંતુ સમસ્ત કુટુંબનું સુખ. પાશ્ચાત્ય સભ્યતા કૌટુંબિક જીવનની ઘાતક છે, અને સ્વતંત્ર-તાને નામે ત્યાં કૌટુંબિક જીવનજ નષ્ટ થઇ જાય છે. પુરુષ અને સ્ત્રી પરસ્પર સ્વતંત્ર જીવનથી, બલકે પરસ્પરાવલંબી છે, તેથી સ્ત્રીસ્વાતંત્ર્ય અથવા પુરુષસ્વાતંત્ર્ય એ એક જૂઠ્ઠો સિદ્ધાંત છે. તેથી ભારતીય કન્યાઓનું શિક્ષણ કૌટુંબિક જીવનને નષ્ટ કરનાર નહિ હોવું જોઇએ.

કાકા કાલેલકરના શબ્દોમાં કહીએ તો "અંગ્રેજી શિક્ષણથી જીવનમાં સ્વચ્છંદતાનું તત્ત્વ એટલું બધું ઘુસી ગયું છે કે સમાજ-માંથી વિવેક અને કળા બન્ને લુપ્ત થઈ ગયાં છે. માનસિક અને નૈતિક દુર્બળતા ઉપર મનુષ્યને જે શરમ આવવી જોઇએ, તે પણ જતી રહી છે, અને જેમ જેમ સ્વચ્છંદતા પ્રબળ થતી જાય છે, તેમ તેમ નૈતિક આદર્શને નીચે ખેંચવા તરફ ભણેલા મનુષ્યોનો ઝોક દેખાઈ આવે છે."

પાશ્ચાત્ય દેશોમાં સ્ત્રીને ગમે તેટલી ભલેને સ્વતંત્રતા હોય, અને સમાજમાં કહેવા પૂરતું તેમનું સ્થાન પણ ભલેને ગમે તેટલું ઉંચું હોય પરંતુ ભારતીય સભ્યતામાં જે સ્થાન સ્ત્રીને પ્રાપ્ત છે, તેની તુલનામાં તે કંઈ વિસાતમાં નથી. ભારતમાં સ્ત્રી પૂજનીય માતા છે, આદરપાત્ર બહેન છે. કેટલું પવિત્ર પદ છે ! પરંતુ પાશ્ચાત્ય દેશોમાં તેમનું પદ વાસનાપૂર્ણ આંખોવાળી પ્રેમિકાઓથી ઉંચું નથી. ભારતીય સ્ત્રી માતા યા બહેન કહેવરાવવામાં પોતાનું ગૌરવ માને છે અને પ્રેમિકા કહેવરાવવામાં અપમાન માને છે. પરંતુ પાશ્ચાત્ય

સ્ત્રી પોતાની સુંદરતાની પ્રશંસા કરવામાં અને પ્રેમિકા કહેવડાવવામાંજ પોતાનું ગૌરવ માને છે. ભારતના સ્ત્રીત્વનો આદર્શ સીતા આદિ સતીઓનો, પતિવ્રતા ધર્મ, વિવાહિત જીવનની પવિત્રતાનો છે; પરંતુ પાશ્ચાત્ય દેશોમાં લગ્ન એ કેવળ સોદો છે–તેમાં પવિત્રતાનો અંશ વ્યાપારિક સોદા જેટલોજ છે. એટલુંજ નહિ, બલકે કેટલાક વિચારકોની દૃષ્ટિમાં તો તે સ્થાયી વેશ્યા–ગમન માત્ર છે.

આ કારણોથી આપણે સ્વીકારવું પડશે કે સ્ત્રીશિક્ષણના ભારતીય અને પાશ્ચાત્ય આદર્શોમાં ઘણું અંતર છે. આજકાલ કન્યાઓને ઉચ્ચ શિક્ષણ આપવામાં આવે છે તે પાશ્ચાત્ય આદર્શોને આધારે છે, તેથી તે રાષ્ટ્ર અને દેશને માટે કલ્યાણકારક નથી. કાકા કાલેલકરના શબ્દોમાં કહીએ તો "આપણા પુરાણા સંસ્કારો સાથે મેળ બેસતો નથી, અને તેથી જૂનું બધું નાબુદ કરીને તેની જગાએ પાશ્ચાત્ય સૃષ્ટિની એક નકલ ઉભી કરી દેવાનો તે પ્રયત્ન કરે છે. આ શિક્ષણમાં બેજ પેઢીઓની અંદર સમસ્ત રાષ્ટ્રને સંસ્કૃતિની દૃષ્ટિએ દેવાળિયો અને ભિખારી બનાવી દેવાનું સામર્થ્ય રહેલું છે."

ભારતીય વિચારશીલ સજ્જનો અને નેતાઓએ આ પ્રશ્ન ઉપર ગંભીર વિચાર કરીને સ્ત્રીશિક્ષણના આદર્શમાં ઉચિત પરિવર્તન કરવું–કરાવવું જોઇએ. સ્ત્રીઓ રાષ્ટ્રની માતાઓ અને રક્ષકજ નહિ, બલ્કે રાષ્ટ્રના આધારરૂપ છે. પુરુષોના કુશિક્ષણથી સ્ત્રીઓ અને કન્યાઓના કુશિક્ષણ જેટલો રાષ્ટ્રને નુકસાનનો ભય નથી. અર્થાત્ સ્ત્રીઓ અને કન્યાઓના કુશિક્ષણથી તો દેશનું ભયંકર સત્યાનાશ વળવાનો સંભવ છે.

('વિશાલભારત' ના જ્યેષ્ઠ–૧૯૯૦ ના અંકમાંથી)



૧૦૩-आन्तरिक ज्योति

(લેખિકાઃ-શ્રીં. લિલિ એલ એલનના લેખનો અનુવાદ)

જ્યારે પ્રાતઃસ્મરણીય પ્રભુ ઇસુ ખ્રિસ્તે પોતાના શિષ્યોને એમ કહ્યું કે "પોતાની જ્યોતિને જનતામાં એવે પ્રકારે ઝળહળાવો કે જેથી તેના વડે તેઓ તમારાં સત્કાર્યોને જોઇ શકે અને વૈકુંઠમાં રહેનારા તે પરમ પિતાના મહિમાનો પ્રચાર થાય;' ત્યારે તેમનો ઉદ્દેશ્ય કેવળ સત્કાર્યોના પ્રભાવને બતાવવાનોજ નહોતો. ચિરકાળ-સુધી અમારી એ ધારણા હતી કે તેમની ઉક્તિનો આશય કેવળ સત્કાર્યોનો મહિમા બતાવવાનોજ હતો, પરંતુ દીર્ઘકાળની મૌન-સાધના અને ધ્યાનથી પ્રાપ્ત થયેલા કેટલાંયે વર્ષોના પરિપક્વ અનુભવથી અમને જણાયું છે કે ઇસુ ખ્રિસ્તે સત્કાર્યોમાં પ્રતિભાસિત થનારા પ્રકાશથી કોઇ બીજા વિલક્ષણ પ્રકાશનો અત્રે સંકેત કરેલો છે. પાશ્ચાત્ય અને પ્રાચ્ય બન્ને દેશોના ધર્મગ્રંથોમાં જ્યોતિનું વર્ણન આવે છે. ઉદાહરણ માટે નીચેનાં વાક્યો પૂરતાં છેઃ—

મૃત્યુલોકમાં આવનાર પ્રત્યેક મનુષ્યને પ્રકાશિત કરતી તે જ્યોતિ છે. એ આંતરિક જ્યોતિ ઇશ્વિરના મુખની જ્યોતિ છે, વગેરે. અમને અમારા પોતાના આંતરિક અનુભવથી જ્યારે એ જ્યોતિની વાસ્તવિક સત્તાનું જ્ઞાન થયું ત્યારથી અમારા ધ્યાનમાં એ વાત આવી ગઇ છે કે જે 'સત્કાર્યો'નો ઇસુ ખ્રિસ્તના ઉપરોક્ત વચનમાં ઉલ્લેખ છે તેઓ તે જ્યોતિનાં સ્વરૂપ નથી, પ્રતિબિંબમાત્ર છે. જીવનો પરમાત્માની સાથે નિકટ સંબંધ થઇ ગયા પછી અંતરમાં એક પ્રકારની જ્યોતિ ઝળહળવા લાગે છે અને ત્યારે તેના અને ઇશ્વિરના મુખારવિંદની વચ્ચે કંઇ ખાસ ફરક રહેતો નથી. જ્યારે આપણું અંતઃકરણ પાપ-રહિત થઈ જાય છે અને આપણે પવિત્રતા અને શાંતિના માર્ગે થઇને તે પરમ પિતાની સમીપ પહોંચી જઇએ છીએ તે સમયે આપણને એ જ્યોતિનું સમ્યક્ દર્શન થાય છે, તે સમયે આપણને તેના વિસ્તારનો અનુભવ થાયછે અને આપણને એ પણ સમજાય છે કે બીજાઓને પણ તેવી સત્તાનું જ્ઞાન છે. એ જ્યોતિ વાસ્તવમાં મસ્તિષ્કની અંદર પ્રદીપ્ત રહે છે, અને ચહેરાના પ્રત્યેક અવયવમાં તે ઝગમગી ઉઠે છે.

ઇસુ ખ્રિસ્તે આ અંતર્જ્યોતિનો વિલક્ષણ નેત્રના નામથી નિર્દેશ કરેલો છે. તેમણે એક જગાએ કહ્યું છે કે, તમારી અંદર ઝગમગતી જ્યોતિ જો ક્યાંક અંધકારથી આવૃત થઈ જાય તો કહો કે તે અંધકાર કેટલો મહાન હશે? શું આપણે જાણતા નથી કે આપણા પાપાચરણથી ઇન્દ્રિય-લોલુપતા, દુષ્ટ સંકલ્પ, ઇશ્વરના અનુગ્રહને પ્રાપ્ત કરાવનારાં સાધનોની અવગણના તથા ધ્યાન અને પ્રાર્થનાની આવશ્યકતાને ભૂલી જવાને કારણે આપણે એ પ્રકાશને

બુઝાવી રહ્યા નથી ? આપણે જાણીએ છીએ કે આપણી ક્રિયાઓ, સંકલ્પો અને ઇચ્છાઓથી એ પ્રકાશ શાંત થઇ જાય છે. વધારે તો શું પણ જો દર્પણમાં આપણા મુખનું પ્રતિબિંબ જોઇશું તો આપણને તે અંધકાર સ્પષ્ટ દેખાઇ આવશે; જો કે બીજા લોકો એ અંધકારને જોઇ શકતા નથી. વાસ્તવમાં એ અંધકાર કેટલો મહાન છે! જ્યાંસુધી તે જ્યોતિ પુનઃ પ્રાપ્ત થતી નથી ત્યાંસુધી આત્મામાં કેટલી વેદના અને તરફડાટ રહ્યા કરે છે ? એ આંતરિક જ્યોતિ કે જેના સંબંધમાં યોગીઓએ તથા પુરાણ (ક્વેકર) સંપ્રદાયના અનુયાયીઓએ ખૂબખૂબ લખ્યું છે, તે કેવળ આંતરિક અનુભવ કરતાં કેટલીયે ઉંચી વસ્તુ છે. આ પંક્તિઓની લેખિકાને સતતપણે કેટલાંયે વર્ષોથી બરાબર ખબર છે કે જ્યાં સુધી આત્મા પોતાના અનુભવોથી આજ્ઞાંકિતપણાનો પાઠ ભણી લેતો નથી અને એ જ્યોતિને અંદર અને બહાર નિરંતર જાગ્રત રાખવા—એ પવિત્ર દીપકને નિરંતર અખંડરૂપે પ્રદીપ્ત રાખવા—નો ઉપાય જાણી લેતો નથી કે જેનાથી તે સમસ્ત વિશ્વને પ્રકાશિત કરીને તે પરમ પિતાના મહિમાને વધારે ત્યાં સુધી એ પ્રકાશ કેટલીયે વાર બુઝાઈ જાય છે.

એ જ્યોતિ આધ્યાત્મિક નથી, પરંતુ એક ભૌતિક જ્યોતિજ છે, કે જે એવાં સૂક્ષ્મ તત્ત્વોની બનેલી છે કે તેને કોઇ અડકી શકતું નથી અને મનના સિવાય બીજું કોઈ તેનો નાશ પણ કરી શકતું નથી. તે એટલી સૂક્ષ્મ છે કે તે સ્થૂળ પદાર્થોની અંદર પ્રવેશ કરી શકે છે, માંસ અને હાડકાંના આવરણને ભેદીને ચહેરા અને કપાળની અંદરથી દેખા દઈ શકે છે અને જ્યારે તે આત્માના સ્નેહની શક્તિ પ્રાપ્ત કરીને તેજીથી ચમકવા લાગે છે તે સમયે તે ચારે દિશાઓમાં ફેલાઇ જાય છે અને અમાવાસ્યની રાત્રિના અંધકારને પણ તોડી ફાડી શકે છે. તે પ્રકાશ એ મનુષ્યના વ્યકિતત્વથી પ્રસ્ફુટિત થાય છે કે જેનો તેના ઉપર અધિકાર થઇ ચૂક્યો છે. જે લોકો અંધકારમાં છે અને જેમના ઉપર મૃત્યુની છાયા પડી છે તેમને પ્રકાશનું દાન દેવાનો આધુનિક જગતના સામાન્ય ધર્મોપદેશકો જે અર્થ સમજે છે તેના કરતાં તેનો વાસ્તવિક અર્થ તો કેટલોયે વધારે વ્યાપક છે.

આ પંક્તઓની લેખિકા બરાબર જાણે છે કે મનુષ્યે પોતાના આત્માને વખતોવખત આ પ્રશ્ન પૂછતા રહેવું જોઇએ કે જે તેને માટે અત્યંત લાભદાયક છેઃ—

"શું એ જ્યોતિ તમારી અંદર સ્પષ્ટ સ્વરૂપે પ્રગટેલી છે અને સંસારમાં તેનાં કિરણોનો પ્રસાર કરી રહી છે ?"

(સંવત ૧૯૮૯ ના "કલ્યાણ"ના ઇશ્વરાંકમાંથી)

૧૦૪–પાર્થિવવાદની ભયંકરતા

(લેખકઃ–શ્રી. ચૌધરી રઘુનંદન પ્રસાદ સિંહના લેખનો અનુવાદ)

નાસ્તિકવાદ અને અજ્ઞાતવાદ

પ્રાચીન કાળમાં ભારતવર્ષમાં નાસ્તિકવાદ કેવળ અસુરોમાંજ વ્યાપેલો હતો, આર્યલોકો તેનાથી મુક્ત હતા. ચાર્વાક નાસ્તિકવાદના આચાર્ય મનાય છે. પાશ્ચાત્ય દેશોમાં એજ નાસ્તિકવાદે (એથેઇઝમે) આધુનિક અજ્ઞાતવાદ (એગ્નોસ્ટીસીઝમ)નું રૂપ ધારણ કર્યું છે. એ મતાનુસાર 'ઇશ્વર છેજ નહિ' એમ નિશ્ચયપૂર્વક કહી શકાતું નથી; બલકે એમ કહી શકાય છે કે ઇશ્વરના અસ્તિત્વ સંબંધી જ્ઞાન અને પ્રમાણ મળી શકતાં નથી. કહેવાનું તાત્પર્ય એ છે કે, શોધખોળ દ્વારા જો ઇશ્વરના અસ્તિત્વનાં પૂરતાં પ્રમાણ મળી જાય તો અજ્ઞાતવાદીઓ (એગ્નોસ્ટીસીસ્ટસ) તેમાં વિશ્વાસ રાખશે.

હિપ્નોટિઝમ

આ અજ્ઞાતવાદના મુખ્ય પ્રચારકોમાં પહેલાં લંડનમાં ચાર્લ્સ બ્રેડલો અને શ્રીમતી એની બિસેંટ હતાં. શ્રીમાન ચાર્લ્સ બ્રેડલો એક પત્રના સંપાદક અને સંચાલક હતા. એક વાર તેઓ લંડનથી ક્યાંક બહાર કોઇ કાર્યવશાત્ ગયા હતા. ત્યાં તેમની સ્ત્રીને 'હિપ્નોટાઈઝડ' કરવામાં આવી અને તેને પૂછવામાં આવ્યું કે લંડનમાં જે પત્ર છપાઇ રહ્યું છે તથા જેનાં પ્રૂફ તરતમાં આવવાનાં છે, તે કેવું છપાયલું છે ? તેમણે બતાવ્યું કે પત્રના અમુક અમુક પૃષ્ઠની અમુક અમુક લીટીઓમાં અમુક અમુક અક્ષર ઉલટા છપાયલા છે. જ્યારે ટપાલમાં પ્રૂફ આવ્યાં ત્યારે જોવામાં આવ્યું કે ઉપરોક્ત વાતચીત અક્ષરશઃ સાચી હતી. આ જોઇને શ્રીમતી એની બિસેંટે શ્રી. ચાર્લ્સ બ્રેડલોને કહ્યું કે 'હવે આપ આપના પાર્થિવ અજ્ઞાતવાદના સિદ્ધાંતનો પરિત્યાગ કરો; કેમકે હવે એ સિદ્ધ થઇ ગયું છે કે મનની ગતિ કેવળ શરીરની ચેતન દશા ઉપરજ નિર્ભર નથી રહેતી, બલકે શરીરની બેભાન (હીપ્નોટાઇઝડ) દશામાં—શિથિલતામાં પણ તે દૂર દેશ સુધી ચાલી જાય છે. શ્રીમાન બ્રેડલોએ જવાબ આપ્યો કે વૃદ્ધાવસ્થાને કારણે હવે હું વર્તમાન સિદ્ધાંતનો ત્યાગ કરી બીજા સિદ્ધાંતનું અન્વેષણ કરવાને અસમર્થ છું, પરંતુ શ્રીમતી એની બિસેંટે તેજ દિવસથી પાર્થિવવાદનો ત્યાગ કર્યો.

પાર્થિવવાદનો મુખ્ય સિદ્ધાંત એ છે કે ચેતનતા એ શરીરનાં પરમાણુઓના ખાસ સંગઠનનું પરિણામ છે. જો આ સિદ્ધાંતને સાચો માનવામાં આવે તો શરીરની શિથિલતાથી ચેતનમાં પણ શિથિલતા આવી જવી જોઇએ, પરંતુ હિપ્નોટિઝમમાં શરીરની શિથિલતાને કારણે પાત્ર બેહોશ થઇ જવા છતાં પણ ચિત્તની ગતિ અધિક વેગ-

વતી અને તીક્ષ્ણ થઇ જાય છે. અને ચેતના દૂરદૂરના સ્થાનની વસ્તુનું યથાયોગ્ય વર્ણન કરી શકે છે. આથી સિદ્ધ થાય છે કે ચેતના શરીરથી સ્વતંત્ર અને ઉત્કૃષ્ટ છે.

શ્રીમાન જગદીશચંદ્ર બોઝની શોધખોળનું મૂળતત્ત્વ પ્રકૃતિમાં પાર્થક્ય છે. વૃક્ષની આકૃતિ પશુની આકૃતિથી ભિન્ન પ્રકારની હોય છે; એજ પ્રમાણે મનુષ્યની આકૃતિ પણ પશુની આકૃતિથી ભિન્ન હોય છે. જો ચેતનને બાહ્ય પ્રકૃતિનું પરિણામ માનવામાં આવે તો ભિન્ન ભિન્ન પ્રકારની આકૃતિઓની બાહ્ય પ્રકૃતિ ભિન્ન ભિન્ન હોવાની સાથે તેમનામાંની ચેતનાના સ્વભાવમાં પણ વિભિન્નતા હોવી જોઇએ. પરંતુ વસ્તુતઃ વિભિન્ન ચેતનની બાહ્ય પ્રકૃતિનું સ્વરૂપ ભિન્ન ભિન્ન હોવા છતાં પણ તેમના અભ્યંતરમાં એકજ મૂળતત્ત્વ સિદ્ધ થાય છે. આ સિદ્ધાંત શ્રી. જગદીશચંદ્ર બોઝે પોતાના વૈજ્ઞાનિક પ્રયોગો-દ્વારા નક્કી કર્યો છે. તેમના યંત્રથી મનુષ્ય અથવા ઉદ્‌ભિજ્જમાં પ્રતિઘાત (ઇમ્પેક્ટ) કરવાથી તેનું પ્રતિફળ (રિસ્પોન્સ) એ યંત્ર દ્વારા જે લેખના આકાર (કર્વેઝ) માં પ્રકટ થાય છે, તે બન્નેમાં એકજ પ્રકારના રહે છે, ભિન્ન પ્રકારના નહિ. આથી સિદ્ધ થાય છે કે એકવ્યાપક ચેતન સર્વ પ્રકારની પ્રકૃતિમાં વર્તમાન છે અને તે પ્રકૃતિથી સ્વતંત્ર છે.

એંજીનિયરોનો અનુભવ છે કે કોઇ કોઈ વાર એંજીનમાં કોઇ પ્રકારનો દોષ ન હોવા છતાં પણ તે ચાલતું અટકી જાય છે, પરંતુ તે અટકવું તેને આરામ આપવાથી આપોઆપ દૂર થઇ જાય છે. આથી સિદ્ધ થાય છે કે લોઢામાં પણ ચેતન છે, અને તેને થાક પણ લાગે છે. બીજી વાત એ છે કે એંજીનમાં વધારે ગરબડ થતાં જો તેને ગંગા-જળથી ધોવામાં આવે છે અને તેના બોઇલરમાં ગંગાજળ ભરવામાં આવે છે તો તે એટલાથીજ ઠીક થઇ જાય છે. આથી સિદ્ધ થાય છે કે લોઢામાં કેવળ ચૈતન્ય જ નહિ પરંતુ ગંગાજળની પવિત્રતાનો પ્રભાવ પણ તેના ઉપર પડે છે.

મારો પોતાનો અનુભવ છે કે જે વૃક્ષનાં ફળોમાં કીડા પડી જાય છે તેની ડાળી ગંગાજીમાં નાખવાથી તેમાં જંતુઓ પડતાં નથી.

પરલોકગત આત્મા

પાશ્ચાત્ય દેશના મોટા મોટા વિદ્વાન્ સર વિલિયમ ક્રુક, સર ઓલિવર લોજ, સ્વર્ગસ્થ સર કોનાયનન, 'રિવ્યૂ ઑફ રિવ્યૂ' તથા 'બાર્ડરલેંડ'ના સુપ્રસિદ્ધ સંપાદક મિસ્ટર સ્ટેડ વગેરે જેવાઓને પ્રત્યક્ષ પ્રમાણો દ્વારા જણાયું છે કે મૃત્યુ પછી પણ જીવાત્મા રહે છે, તથા તે આ લોકના જીવોની સાથે વાતચીત કરે છે અને સંદેશા મોકલે છે. વળી તેઓ એવી એવી ઘટનાઓનું વર્ણન કરે છે કે જેની લોકોને બિલકુલ ખબર હોતી નથી. પરંતુ શોધખોળ કરતાં સર્વથા સત્ય સિદ્ધ થાય છે. આથી પણ પાર્થિવવાદનું ખંડન થાય છે.

પ્રૉફેસર માયર પોતાના બૃહદ્ ગ્રંથ-'હ્યુમન પર્સનાલીટી'માં-જે બે ભાગમાં પ્રસિદ્ધ થયો છે-અનેક વિશ્વાસપાત્ર પ્રમાણો આપે છે. તેનાથી સિદ્ધ થાય છે કે મૃત્યુ પછી જીવાત્મા હયાત રહે છે તથા તે આ લોકના જીવો સાથે વાતચીત કરી શકે છે. લંડનની આત્મિક સંશોધન સમિતિ(પ્રીઝીકલ રિસર્ચ સોસાઇટી) એ પણ ઉપરોક્ત સિદ્ધાંતની પુષ્ટિમાં પ્રમાણો સંગ્રહિત કરીને તેનો અહેવાલ પ્રસિદ્ધ કર્યો છે. આ સમિતિના સભ્યો ઘણાખરા સુપ્રસિદ્ધ વિદ્વાનો અને આચાર્યો છે.

પૂર્વજન્મની સ્મૃતિ

જુદા જુદા દેશનાં બાળકોમાં પૂર્વજન્મની સ્મૃતિનાં અનેક ઉદાહરણ પ્રાપ્ત થયાં છે, અને તે તપાસ કરતાં સત્ય સિદ્ધ થયાં છે. અનેક બાળકો તદ્દન બાલ્યાવસ્થામાં ગાયનવિદ્યા અથવા ગણિતમાં આશ્ચર્યજનક બાહોશી દર્શાવે છે; એમ હોવું એ પૂર્વજન્મની માન્યતાને સિદ્ધ કરે છે.

સંકલ્પ આકારનું કારણ હોય છે. પ્રાણી-વિજ્ઞાને એક અત્યંત ક્ષુદ્ર કીડાનો પત્તો મેળવ્યો છે, તેને 'એમોએબા' કહે છે. કીડાના વર્ગમાં તેને આદિજંતુ કહી શકાય. તેને એકજ અવયવ હોય છે કે જેના દ્વારા તે ભોજન કરે છે, હરેફરે છે તથા મળત્યાગ આદિ સઘળાં કામ કરે છે. જ્યારે તે ચાલવા ઇચ્છે છે ત્યારે તે અવયવને બહાર કાઢે છે અને તેને પગ બનાવીને ચાલવા લાગે છે. વળી આરામ લેતી વખતે તેને અંદર સમેટી લે છે. જ્યારે તે ભોજન કરવા ઇચ્છે છે, ત્યારે તેજ અવયવને બહાર કાઢીને મુખ બનાવી ભોજન કરવા લાગે છે. અને મળત્યાગ કરતી વખતે એજ અવયવને બહાર કાઢી ગુદા બનાવી મળત્યાગ કરે છે. અનેક વાર ભિન્નભિન્ન પ્રકારની ક્રિયાઓ કરતી વખતે એજ એક અવયવ પાંચ પ્રકારની આકૃતિ ધારણ કરે છે. આથી પણ પાર્થિવવાદનું ખંડન થાય છે. કેમકે એના દ્વારા સિદ્ધ થાય છે કે પ્રકૃતિ ઇચ્છા(ચેતન)ને અધીન છે, નહિ કે ચેતન પ્રકૃતિને અધીન છે.

સાર્વભૌમ સુવ્યવસ્થા

વિશ્વનાં સઘળાં કાર્યો નિયમો દ્વારા સુવ્યવસ્થિત દેખાઈ આવે છે. ઋતુઓ પોતાના સમય ઉપર આવે છે, ગ્રહો હમેશાં પોતાની કક્ષામાંજ ભ્રમણ કરે છે; ઇત્યાદિ ઘટનાઓ સંચાલક અને સંકલ્પકર્તા વિના કેવી રીતે સંભવી શકે? આનું એક બીજું ઉત્તમ પ્રમાણ બરફના સ્ફટિક (ક્રીસ્ટલ)નું છે. તે જે ભૂમિતિના મોટા મોટા આકારો જેવા ઉત્તમોત્તમ આકાર રૂપે બની રહે છે, કે જેમની રેખાઓ વગેરે એવી નિયમિતરૂપે દોરાયલી હોય છે, તથા તે એવી સૂક્ષ્મ અને બૃહદ હોય છે કે તે કંપાસ વિના બનવી અશક્યવત્ જણાય છે. આથી પણ ઈશ્વરની સત્તા સિદ્ધ થાય છે.

બૌદ્ધ અને જૈન સંપ્રદાય

બુદ્ધે પોતાના જીવનમાં ક્યાંય પણ 'ઇશ્વર નથી' એમ કહ્યું નથી. બૌદ્ધ ધર્મમાં ઇશ્વરનું નામ 'અવિલોકિતેશ્વર' છે. બુદ્ધના સમયમાં કર્મ ઉપર વિશેષ ભાર મૂકવામાં આવતો. તેથી તેમણે એવો ઉપદેશ આપ્યો હતો કે વર્તમાન જીવન ભૂતકાળનાં કર્મોનું ફળ છે અને વર્તમાન કાળનાં કર્મોનું પરિણામ ભવિષ્યમાં મળશે. બુદ્ધના આ સિદ્ધાંતની સત્યતામાં કોઇને સંદેહ પણ થઇ શકે તેમ નથી.

જૈન ધર્મ પણ અંતિમ કારણસ્વરૂપ એક પદાર્થને માને છે અને એજ વેદાન્તશાસ્ત્રનું બ્રહ્મ છે.

પ્રાચીન નિરીશ્વરવાદ

પ્રાચીન નિરીશ્વરવાદનું મૂળ કારણ ઉપનિષદોમાં મળે છે. અસુર વિરોચન બ્રહ્માજી પાસે તત્ત્વજ્ઞાનનું શિક્ષણ લેવા જાય છે. પરંતુ તે તેમના ઉપદેશને ઉલટોજ સમજે છે અને દેહનેજ આત્મા માની લે છે. (આ વિષયનું વિસ્તૃત વિવેચન 'કલ્યાણ'ના પાછલા અંકોમાં સ્વામીજી શ્રી ભોલેબાબાજીના લેખોમાં મળી આવશે.) પછી વિરોચનની એજ ભાવના અસુરોના તત્ત્વજ્ઞાનનો મૂળ આધાર બની ગઇ. એજ કારણે અસુર લોકો યજ્ઞનો વિરોધ કરતા હતા અને પરિણામે દેવાસુર સંગ્રામ થતા હતા, અને અસુરો અસત્ય માર્ગનું અવલંબન કરવાથી હમેશાં હાર પામતા હતા.

એજ નિરીશ્વરવાદનો સિદ્ધાન્ત એસિરિયા (અસુરોનો દેશ), બેબિલોન, ઇજિપ્ત આદિ દેશોમાં પ્રચલિત હતો કે જેના દ્વારા એ દેશો ભૌતિક ઉન્નતિમાં એટલા બધા આગળ વધી ગયા હતા કે પાશ્ચાત્ય દેશની એ સભ્યતામાં કોઇ હજુ સુધી એ અવસ્થાએ પહોંચી શક્યું નથી. દેહાત્મવાદના સિદ્ધાંતને લીધેજ એ લોકોમાં મડદાંને દાટવાની પ્રથા હતી. ઇજીપ્ત (મિસર) દેશવાળાઓ તો મડદાંને ઘણાજ સુંદર મકાનમાં રાખીને બંધ કરતા હતા તથા તેમની પાસે ભાતભાતનાં બહુમૂલ્ય આભૂષણ, વસ્ત્ર, અન્ન-પાન આદિ ભોગની અનેક સામગ્રીઓ રાખતા હતા. પુરાતત્ત્વવેત્તાઓએ મૃતકોની ઓરડીઓને ખોલીને એવી શોધ કરી છે કે એ લોકો ઘણાજ સમૃદ્ધિશાળી તથા કલા-કૌશલ્યમાં અતિ પ્રવીણ હતા. પરંતુ પ્રકૃતિ નશ્વર છે, સંસાર વિનાશી છે, એમાં કંઇ પણ સ્થાયી રહેતું નથી. આથીજ એ દેશો ભૌતિક ઉન્નતિના ઉચ્ચતમ શિખરે ચઢીને આજે પૂર્ણરૂપે નાબુદ થઇ ગયા છે. તેમની સભ્યતાનું અત્યારે જગતમાં નામનિશાન પણ રહ્યું નથી. કારણ સ્પષ્ટ છે. એ લોકોએ કેવળ બાહ્ય પ્રકૃતિનેજ **'यत्परो नास्ति'** અર્થાત્ એના સિવાય બીજું કંઇ નથી, એમ માન્યું અને આત્મા-પરમાત્માના અસ્તિત્વને પણ માન્યું નહિ. એથીજ તેમનાં જીવનનું એકમાત્ર લક્ષ્ય ભૌતિક ઉન્નતિજ રહ્યું. તેથી તેમની સભ્યતા આ પાર્થિવવાદ ઉપર અવલંબેલી હોવાથી પૂર્ણરૂપે

વિનષ્ટ થઈ અને ભારતની આર્ય સભ્યતા પરમાત્મતત્ત્વ ઉપર અવલંબેલી હોવાથી કરોડો વર્ષોથી એકધારી ચાલી આવે છે.

તેથી આપણે પાશ્ચાત્ય દેશોની પાર્થિવ સભ્યતાના ક્ષણિક ભપકામાં ભૂલા પડીને કદી પણ આપણી સભ્યતા તથા તેના અંતિમ લક્ષ્ય ઈશ્વરને તજવો જોઇએ નહિ; નહિ તો આપણી સભ્યતાનો નાશ થતાંજ મિસર આદિ દેશોની પેઠે આપણો પણ સર્વનાશ થઈ જશે, એમાં સહેજ પણ સંદેહ નથી. વર્તમાન કાળમાં આધુનિક પાશ્ચાત્ય પાર્થિવ સભ્યતાના નાશનાં લક્ષણ દેખાઇ આવે છે અને દીર્ઘદર્શી પુરુષો પોતાના ગ્રંથો અને લેખો દ્વારા જગતને તેની ચેતવણી આપી રહ્યા છે. ભારતવર્ષના નિવાસીઓએ પાશ્ચાત્ય દેશોના નાસ્તિકવાદનું ખંડન કરીને તથા આસ્તિકતાનો પ્રચાર કરીને આપણું અને તેમનું કલ્યાણ કરવું જોઇએ. અને પોતાની જાતે આ સર્વનાશી નાસ્તિકવાદમાં પડીને નાબુદ થવાની મૂર્ખતા કદાપિ કરવી જોઇએ નહિ.

નાસ્તિકવાદ સમાજનો નાશ કરનાર છે.

નાસ્તિકવાદ સમાજનો નાશ કરનાર છે; કેમકે નાસ્તિકવાદી આવી પડતાં દુઃખો સહન કરી શકતો નથી, કેવળ વર્તમાન જીવનજ તેનું સર્વસ્વ હોય છે. તેઓ મરણપર્યંત જીવનમાં વિશ્વાસ રાખતા નથી. બીજી વાત એ છે કે નાસ્તિક તાત્કાલિક પરિણામનેજ મુખ્ય માને છે, તેના અદૃશ્ય ભવિષ્ય ઉપર વિશ્વાસ રાખતો નથી. આનું પરિણામ એ આવે છે કે જ્યારે પણ કોઈ અસહ્ય દુઃખ આવી પડે છે, ત્યારે તેઓ તે સહન નહિ કરતાં તેના નિવારણને માટે આત્મઘાત કરી બેસે છે. કેમકે તેમને શ્રદ્ધા હોય છે કે શરીરના નાશની સાથે જીવનનો અંત આવી જાય છે અને પછી આત્મા જેવી કોઈ ચીજ રહેતી નથી. આથીજ તેઓ આત્મહત્યા કરીને દુઃખથી મુક્તિ મેળવવા ઇચ્છે છે. તેઓ એ વાત નથી સમજતા કે શરીરનો નાશ થવા છતાંયે જીવાત્મા રહે છે. દુઃખની વાત છે કે અમેરિકા આદિ ઉન્નત કહેવાતા દેશોના આ પ્રકારના આત્મઘાતોની સંખ્યા ઘણી ભયંકર રીતે વધી રહી છે. નાસ્તિકતાનાં ઝેરી પરિણામોનું આ એક પ્રત્યક્ષ ઉદાહરણ છે. નાસ્તિકવાદના પ્રચારનું એક ભયંકર પરિણામ એ આવે છે કે મનુષ્ય કોઇના પણ જીવનની પરવા કરતો નથી તથા કોઇની હત્યા કરવામાં સહેજ પણ સંકોચ કરતો નથી. આજકાલનાં રાજનૈતિક તથા અન્ય પ્રકારનાં ખૂનો એનાંજ પરિણામ છે. યુરોપનું મહાયુદ્ધ આવાજ પ્રકારના એક ખૂનને કારણે થયું હતું. ખૂનજ શામાટે, હાલમાં વધતી જતી ચોરી-લૂંટ પણ એજ નાસ્તિકતાનું પરિણામ છે કે જેમાં શિક્ષિત ગણાતા લોકો પણ મુખ્યરૂપે ભાગ લેતા જાય છે. નાસ્તિકતાના પ્રચારનું આ પ્રારંભિક દુષ્પરિણામ છે-આગળ ભવિષ્યમાં શું થાય છે તે જુઓ.

કલ્પિત આસ્તિકતા

આ સંસાર પરમાત્માનું વ્યક્ત શરીર છે, એટલે ઈશ્વર પ્રત્યે આગળ વધવાનું પહેલું પગથિયું પણ એજ છે. આથી જે મનુષ્ય ઈશ્વરના શરીરમાંથી જન્મેલાં જગતનાં પ્રાણીઓનો આદર કરતો નથી, બલકે તેમની ઉપેક્ષા કરે છે, તેમના પ્રત્યે દ્વેષ કરે છે અને તેમનું કલ્યાણ નહિ કરતાં હમેશાં તેમને નુકસાનજ કરે છે, તે ઈશ્વરમાં વિશ્વાસ રાખવા છતાં પણ યથાર્થ સ્વરૂપમાં આસ્તિક કહેવાતો નથી અને તે જીવનમાં યથાર્થ આત્મિક ઉન્નતિ કરી શકતો નથી. ઈશ્વરની સાચી પૂજા સંસારના પ્રાણીમાત્રની સેવા કરવામાં અને તેમને મદદ કરવામાં રહેલી છે. આજકાલ આસ્તિક લોકો પ્રત્યે આજ કારણે તિરસ્કાર બતાવવામાં આવે છે કે તેઓ હમેશાં પોતાના સ્વાર્થસાધનમાંજ પ્રવૃત્ત રહે છે, તથા તેને માટે બીજાઓનું નુકસાન કરવામાં જરા પણ અચકાતા નથી. પરોપકારમાં પ્રવૃત્ત રહેવું એ તો તેમને માટે દૂરની વાત હોય છે. એવા પુરુષો વચનથી આસ્તિક હોવા છતાંયે કાર્યરૂપે નાસ્તિક હોય છે.

યથાર્થ આસ્તિકતા

યથાર્થ આસ્તિક એજ છે કે જે સંસારના પ્રાણીમાત્રને ભગવાનનું સ્વરૂપ સમજે છે, તથા તેમની સેવાને શ્રીભગવાનની મુખ્ય સેવા અને પૂજા માનીને દુઃખી અને ગરીબ પ્રાણીઓને મદદ કરવામાં પ્રવૃત્ત રહે છે, તથા દેશ અને સમાજનું યથાર્થ કલ્યાણ સાધવામાં સદા તત્પર રહે છે. એવા સજ્જન સાધક પ્રત્યે શ્રી પરમાત્માની કૃપા થાય છે અને તેઓ ભક્તની શ્રેણીમાં ગણાઇ શકે છે. માનવજીવનનો એજ પરમ લાભ છે.

જે નાસ્તિક પણ સદા-સર્વદા લોકોપકારનાં કાર્યમાં નિઃસ્વાર્થ-ભાવે પ્રવૃત્ત રહે, તો તેને પણ આસ્તિક માનવો જોઇએ. પરંતુ એમાં આપત્તિ એ હોય છે કે એવા પુરુષો સમય જતાં સ્વાર્થ-પરાયણ થઇ જાય છે, ત્યારે તેમની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે અને તેથી કરીને તેઓ નુકસાનકારક કાર્યનેજ ઉત્તમ માનીને કરવા લાગે છે અને પોતાને તથા બીજાઓને નુકસાન પહોંચાડે છે.

ધર્મ અને નીતિનો પાયો પરમાત્મા અને તેમના ઈશ્વરી નિયમો છે, જેનાથી આ સંસાર ચાલી રહ્યો છે. જે એને માનતા નથી તેઓ ગમે તેટલા પ્રયત્ન કરશે, તોપણ સમય જતાં તેમનાથી ભૂલ થઇ જશે અને સ્વાર્થવશ થઇને તેઓ ધર્મ અને નીતિનું ઉલ્લંઘન કરશે. તેથી આસ્તિકતા અર્થાત્ ઈશ્વરનું અસ્તિત્વ તથા ઈશ્વરીય નિયમોમાં વિશ્વાસ રાખવો અને તેને અનુકૂળ આચરણ કરવું એ સર્વ પ્રકારની વાસ્તવિક ઉન્નતિનું મૂળ કારણ છે. ('કલ્યાણ'ના સં. ૧૯૮૯ના ઇશ્વરાંકમાંથી)

१०५-प्राचीन धर्म अने आधुनिक मन

(લેખકઃ-શ્રી. સાધુ ટી. એલ. વસવાણીના લેખનો અનુવાદ)

ઇતિહાસની વ્યાખ્યા કરતાં એક કવિ કહે છે કે રાષ્ટ્ર કેવળ પોતાના આત્મા દ્વારાજ સ્વતંત્ર અને મહાન થઇ શકે છે. એક રાષ્ટ્રના હૃદયમાં જેવા વિચારો ઉઠે છે તેવોજ તે બને છે; અને એક વાર જ્યારે અંતરાત્મામાં સ્વતંત્રતાનું સામ્રાજ્ય નિર્માણ થઈ જાય છે, તો પછી સમાજ અને રાજ્યના બાહ્ય ક્ષેત્રમાં તેની વૃદ્ધિને કોઇ રોકી શકતું નથી. વસ્તુતઃ સ્વતંત્રતા એટલે ધર્મની પ્રાપ્તિ. અને રાષ્ટ્ર જેટલું ધર્મથી ભ્રષ્ટ થાય છે, તેટલુંજ તેનું અધઃપતન થાય છે. જ્યારે યૂનાન દેશ, જીવનના આદર્શ સ્વરૂપનો આવિર્ભાવ દૃશ્ય જગતમાં થવો જોઇએ એવી શ્રદ્ધા સેવતો હતો, ત્યારે તે મહાન રાષ્ટ્ર હતો. એથેન્સ દેશ એથેના દેવીની પ્રતિમૂર્તિમાં અવસ્થિત હતો; ચમત્કારો દ્વારા જનસમુદાયમાં શક્તિ અને સહાયતાના એક અદૃશ્ય સ્રોતમાં તેને વિશ્વાસ હતો, અને ત્યાં હેલાસની ક્રીડાઓને પણ દેવતાઓની પૂજાનું રૂપ અપાયું હતું. મારો વિશ્વાસ છે કે ઓલિમ્પિયન ધર્મમાં અનેક પ્રકારની અંધશ્રદ્ધાઓનું મિશ્રણ થઇ ગયું હતું; પરંતુ તેનામાં તે શક્તિ પ્રત્યે જીવંત શ્રદ્ધા હતી કે જેની સત્તા સદાચારની—**'सत्यं शिवं सुंदरम्'**ની-સૃષ્ટિ કરતી હતી. પાછળથી એક સમય એવો આવ્યો કે જ્યારે ધર્મ નષ્ટ થઈ ગયો, અને ફ્રાંસિસ ગાલ્ટનના કથનાનુસાર સામાજિક સદાચારનો નાશ થવા લાગ્યો; ત્યારે નવી જાતિઓ યૂનાનમાં પ્રવેશ કરવા લાગી અને યૂનાનને બૌદ્ધિક શક્તિથી સંપન્ન હોવા છતાં આત્મદુર્બળતાને કારણે રોમને અધીન થવું પડયું. રોમનું પણ એક દિવસ પતન થયું. ઈ. સ. ૧૮૦માં માર્કસ ઑરિલિયસ મરી ગયો, ત્યારપછી ઇ. સ. ૩૩૦ સુધી રોમના અધઃપતનનો કાળ છે. આ સમયમાં રોમમાં ધર્મભાવનાનો અભાવ દેખાઈ આવે છે. પુરાવૃત્ત(એનાલ્સ)નો રચનાર ટેસિયસ બૌદ્ધિક શક્તિમાં મહાન હોવા છતાંયે આત્મિક દૃષ્ટિએ તેવો નહોતો. જુવેનલ એક ચતુર પ્રેક્ષક હતો. તેણે પોતાના ગીતકાવ્યમાં ભૂતકાળ ઉપર શોક પ્રગટ કર્યો છે, પરંતુ તેની રચનામાં ધર્મના આદેશનું નામ પણ જણાતું નથી. કેવી આશ્ચર્યજનક વાત કે રોમનું અધઃપતન થતાં થતાંમાં હૂણોએ યુરોપને ઘેરી લીધો. ધર્મનો નાશ થતાંજ સામાજિક આચારમાં ઓછપ આવી જાય છે અને પરિણામે રાષ્ટ્રનું અધઃપતન થાય છે. વ્યક્તિની પેઠે રાષ્ટ્રોને માટે પણ એ વાત સાચી છે કે તેઓ કેવળ રોટી ઉપર જીવન ધારણ કરી શકતાં નથી. ભારતવર્ષની કેવી અવસ્થા છે ? આજે

ધર્મ–સૂર્યને રાહુ ગ્રસી રહ્યો છે. કેટલા મનુષ્યો ઘરમાં યા મંદિરમાં ઈશ્વરની પૂજા કરે છે ? કેટલા મનુષ્યો ધર્મગ્રંથોનું અધ્યયન કરે છે ? કેટલા મનુષ્ય એવા છે કે જેઓ પોતાનાં ઘરોનાં દેવસ્થાનના રૂપમાં એક અલગ ઓરડો રાખે છે ? આપણાં મંદિરોની શી દશા છે ? જો કોઈ ધર્માધિષ્ઠાતા આજે આપણી વચ્ચે હોત તો તે અધિકાંશ મંદિરોના અધિકારીઓને પ્રભુના મંદિરને માટે અયોગ્ય ઠરાવીને કાઢી મૂકત. ઉપેક્ષા અને સંશયવાદની વૃદ્ધિ થઇ રહી છે; ભારતની સભ્યતા અને ધર્મશાસ્ત્રોની મહત્તાનું ખંડન કરવામાં આવે છે; અને નવયુવકો મેકોલેની આ બુદ્ધિહીન અને અહંકારપૂર્ણ ઉક્તિનું સમર્થન કરતા જણાય છે કે યુરોપિયન લાયબ્રેરીનું એક કબાટ સમસ્ત ભારત અને અરબના દેશી સાહિત્યની તુલનામાં અવી શકે તેમ છે.

ધર્મની સ્થિતિમાં આ પ્રકારની ન્યૂનતા આવી જવાનાં બે મુખ્ય કારણો કહી શકાય તેમ છે–આર્થિક ક્લેશની વૃદ્ધિ અને બુદ્ધિવાદનો ઉદય. પાશ્ચાત્ય સભ્યતાના ફેલાવાથી જીવનયુદ્ધ ખૂબ વધી પડયું છે અને મનુષ્ય રાતદિવસ જીવિકોપાર્જનનાં કામોમાં લાગ્યો રહેવાથી જીવનના મહાન પ્રશ્નોના ચિંતન માટે ઓછો સમય ગાળી શકે છે. એજ રીતે બુદ્ધિવાદના પ્રચારથી નવીન મનોરચના થઇ ગઇ છે તથા ચિંતનની નવી શૈલીનો આવિર્ભાવ થયો છે, મનુષ્યનો દષ્ટિકોણ બદલાઈ ગયો છે, લોકોના મનમાં શ્રદ્ધા રહી નથી અને સ્વતંત્ર ચિંતન નવયુગને માટે આવશ્યક થયું છે. આપણે સંસ્કૃતિની ઉપેક્ષા કરી શકીશું નહિ અને આપણે બૌદ્ધિક પ્રવૃત્તિને પણ ઉત્સાહભંગ કરવી જોઇએ નહિ. આ સ્થળે તો હું એ બતાવવાનો પ્રયત્ન કરીશ કે પ્રાચીન ધર્મ અત્યારે પણ આપણે માટે આવશ્યક છે. અને મારો વિશ્વાસ છે કે આધુનિક યુગની શ્રેષ્ઠ ભાવનાઓ અને અભિલાષાઓની પૂર્તિ પણ એનાથી થાય છે.

આ લેખમાં હું કેવળ હિંદુ ધર્મના સંબંધમાંજ કંઇક કહીશ. હિંદુ ધર્મનું રહસ્ય શું છે ? 'હિંદુ ધર્મ' એ શબ્દ પ્રાચીન પુસ્તકોમાં મળી આવતો નથી. આ ધર્મ કોઈ ખાસ વ્યક્તિના નામ સાથે સંબંધ રાખતો નથી, ગ્રંથોમાં એનો સનાતન ધર્મ નામથી ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેનું રહસ્ય શું છે ? એક અંગ્રેજ વિવેચક હિન્દુધર્મનાં લક્ષણ બતાવતાં તેને 'દર્શનદ્વારા ન્યૂનાધિક વિકૃત જીવવાદ' તથા પુનઃ 'અધ્યાત્મથી પ્રભાવિત થયેલ તંત્રવાદ' એવાં નામ આપે છે. પરંતુ જીવવાદ કેટલીક અસભ્ય જાતિઓનો ધર્મ છે, તેથી તેને હિંદુઓની ધાર્મિક ચેતના સાથે ભેળવી દેવો એ મૂર્ખતા છે. કેમકે આ ચૈતન્ય સ્વર્ગલોકથી પણ શ્રેષ્ઠ વસ્તુની અભિલાષા કરે છે. એક દક્ષિણી મહાત્મા કહે છે કે 'હું ઈંદ્રપદને નથી ઇચ્છતો અને નથી તો દેવતા-

ઓને પ્રાપ્ત થતાં સુખો ઇચ્છતો; પરંતુ હું તો પરમપદની જિજ્ઞાસા કરૂં છું.' એક બીજા યુરોપિયન સમાલોચક લખે છે કે, જે પોતાનાં મડદાંને બાળે છે તેમને હિંદુ કહે છે; પરંતુ શું સંન્યાસી લિંગાયત વગેરે કેટલાક એવા પોતાનાં મડદાંને દાટનારાઓ હિંદુ નથી? નિઃસંદેહ એ ધર્મવિધાનોથી હિંદુ ધર્મ ક્યાંયે શ્રેષ્ઠ છે. કેટલાક લોકો એવા પણ છે કે જેઓ કહે છે કે જેઓ નાતજાતમાં વિશ્વાસ રાખે છે તેમને હિંદુ કહે છે. પરંતુ ચૈતન્ય, નાનક અને બીજા ઘણાએ ભક્તોને આ બાબતમાં શ્રદ્ધા નહોતી. કબીર મુસલમાન હોવા છતાં હિંદુધર્મમાં એક પંથના સંચાલક મનાયા છે. ઉપનિષદ્ પણ કહે છે કે સનાતન તત્ત્વ આ બહારની વાતોથી પર છે. વળી નાતજાત કેવળ ભારતમાંજ નથી, પરંતુ યુરોપ અને અમેરિકામાં પણ તે જોવામાં આવે છે. લંડનમાં વેસ્ટમિન્સ્ટરના ડ્યૂકે જ્યારે નીગ્રો રાજકુમાર ખાનનું આતિથ્ય કર્યું હતું ત્યારે ડ્યૂકના આ વર્તન ઉપર દક્ષિણ આફ્રિકાના ગોરાઓએ પોતાનો ક્ષોભ પ્રગટ કર્યો હતો કે તેણે એક નીગ્રો સાથે ભોજન કર્યું છે. જ્યારે પ્રેસિડંટ રૂઝવેલ્ટે બુકર ટી. વૉશિંગ્ટન સાથે ભોજન કર્યું હતું ત્યારે એ ભૂતપૂર્વ પ્રમુખના વર્તન બાબતમાં સાર્વજનિક ચર્ચાઓ થઈ હતી. શું આ ચર્ચાઓ અને વિવાદો એટલા માટે નહોતા થયા કે બુકર ટી. વૉશિંગ્ટન નીગ્રો હતા? અમેરિકામાં હબસીઓનો પ્રશ્ન હજુ સુધી ઉકેલી શકાયો નથી. દુર્ભાગ્યવશાત્ બીજા દેશોની પેઠેજ ભારતવર્ષમાં ભ્રાતૃભાવનો અભાવ છે. પરંતુ ભારતવર્ષના મહાત્માઓ અને આચાર્યોએ તેનું સમર્થન કર્યું નથી. આર્યયુગમાં વર્ણાશ્રમ–વ્યવસ્થા અવશ્ય હતી, પરંતુ પછીના સમયમાં તેનું જે સ્વરૂપ જોવામાં આવે છે એવી તે નહોતી. એ વર્ણાશ્રમવ્યવસ્થામાં સમાજશાસ્ત્ર વિષેના એ સત્યનાં મજબૂત પ્રમાણો મળે છે કે સામાજિક સંગઠનમાં કાર્યના વિભાગો થવા જોઇએ. સુવ્યવસ્થિત સમાજમાં ભિન્ન ભિન્ન વૃત્તિઓ હોય એ આવશ્યક છે; એક તો શિક્ષકની વૃત્તિવાળી શિક્ષણશાસ્ત્રીય, વૈજ્ઞાનિક અને બ્રાહ્મણવૃત્તિ હોવી આવશ્યક છે; બીજી સૈનિક અને રાજ્યસંચાલક ક્ષત્રિયવૃત્તિ હોવી આવશ્યક છે; ત્રીજી ખેતી, વ્યાપાર કરનારી વૈશ્યવૃત્તિ હોવી આવશ્યક છે, અને ચોથી હાથથી કામ કરનારી શૂદ્રવૃત્તિ હોવી આવશ્યક છે. પરંતુ એ સર્વે આદરણીય છે; કેમકે બધા બ્રહ્મમાંથી ઉત્પન્ન થયેલ છે.

મને ખાત્રી થાય છે કે હિન્દુ ધર્મનાં ત્રણ સ્વરૂપ છેઃ–એક દર્શન, એક ધર્મ અને એક માર્ગ છે. અને મારા વિચારો પ્રમાણે આ ત્રણે સ્વરૂપો વૈષ્ણવ, શૈવ તથા અન્યાન્ય હિંદુ સંપ્રદાયો માટે સામાન્ય છે. પહેલાં હિંદુધર્મના એક માર્ગ–આર્ય માર્ગ–ના સ્વરૂપનો વિચાર કરો. આર્ય માર્ગ કેવળ શ્રદ્ધાજ નથી, પરંતુ પ્રાપ્તિની એક

શૈલી છે. હિંદુ ધર્મ સંપ્રદાય નથી; એ પોતાના અનુયાયીઓને આત્મસંયમ અને અનુભવના માર્ગ ઉપર ચાલવાનો આદેશ આપે છે, અને તેની સાથેજ આ તથ્યનો સ્વીકાર કરે છે કે મનુષ્યની પ્રકૃતિ અને વિકાસમાં વિભિન્નતા હોય છે, જીવ અનુભવમય હોય છે, વિભિન્ન જીવોને પોતાની વિભિન્ન પાત્રતાને ઉન્નત કરવી પડે છે. તે માર્ગ ત્રણ પ્રકારનો હોય છેઃ—ગ્રંથોમાં તેને કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ અને ભક્તિ-માર્ગનાં નામ આપેલાં છે. એક વિશેષ અવસ્થામાં બધાને માટે કર્મ-માર્ગનો ઉપદેશ આપવામાં આવેલો છે. એના ત્રણ નિયમ છે. પહેલાં ઉપાસના છે, જેનો અર્થ સામાન્ય પૂજા અથવા પ્રચલિત વિધિથી ભિન્ન છે. ઉપાસનાનો અર્થ એ છે કે આત્માની સમીપમાં બેસવું. યોગની નીરવતામાં પ્રભુનો નાદ યા શબ્દનો અનુભવ કરવો. આનો બીજો અર્થ ધર્મગ્રંથોમાં ઋણ શબ્દથી વ્યક્ત કરવામાં આવ્યો છે. દૈનિક ઉપાસનાથી આપણે ભગવાનના ઋણમાંથી મુક્ત થઇએ છીએ. ઋષિઓના ગ્રંથ અને ઉપદેશોનો સ્વાધ્યાય કરવો એટલે ઋષિઋણથી મુક્ત થવું. રાષ્ટ્રને સ્વસ્થ પુત્ર પ્રદાન કરવો તથા વંશપરંપરાનો ઉચ્છેદ થવા ન દેવો તેમાં પિતૃઋણથી છૂટવાનું છે. બધાના પ્રત્યે આપણે આતિથ્ય અને સેવાના ઋણી છીએ, અને જે લોકો પોતાનાં વચનો યા કર્મો દ્વારા એ વિધવા, અનાથ, રોગી ભૂખ્યાં, દીન દુઃખી સ્ત્રીપુરુષો તથા બાળકોની રક્ષા કરે છે; જેમને સારાં ઘર તથા જીવનમાં સામાજિક, આર્થિક સ્થિતિની તંગાશ હોય છે તેમને મદદ કરે છે અને તેમનાં દુઃખો ને હાડમારીઓ દૂર કરવાનો પ્રયત્ન કરે છે, તેઓ સમાજના સાચા સેવકો છે. મુક્તિ માટે કર્મ—સત્કાર્ય કરવાં એ પરમ આવશ્યક છે. એ હિન્દૂ ધર્મનો ઉપદેશ છે. કર્મ કેવળ અનાસક્ત ભાવે કરાવું જોઇએ. એ વાત ગીતાએ વારંવાર કહેલી છે છતાં પણ એવા સમાલોચકો અસ્તિત્વ ધરાવે છે કે જેઓ આપણને કહ્યા કરે છે કે હિન્દુ ધર્મ કર્મનો વિરોધી છે! જનરલ સર ઓમૂર ક્રેગ પોતાના ઇન્ડિયન સ્ટડીઝમાં કહે છે કે 'હિંદુ ધર્મનો એક સિદ્ધાંત સમસ્ત સાંસારિક વ્યવહારોથી અલગ થવાનો છે. અને અ સિદ્ધાંતના ફળસ્વરૂપ ભારતવર્ષના ઘણાખરા મહાન પુરુષોએ સામાન્ય લોકો સાથે સંબંધ ધરાવનારા સાંસારિક સંબંધોનો ત્યાગ કરેલો છે. અને ભારતભૂમિ એવા ધાર્મિક તપસ્વીઓથી ભરેલી છે કે જેઓ નાગા રહીને પોતાના દુઃખમય અને કૃશ શરીરને એવે પ્રકારે કષ્ટ આપતા ર્ક્યા કરે છે કે તેનું વર્ણન કરવું અત્યંત કઠિન છે. વળી તે હિન્દુઓ મહાદાનશીલ ગ્રામવાસીઓ ઉપર એક મોટા કરથી પણ વધારે ભયંકર હોય છે.' આ પ્રકારે લખીને લેખકે હિન્દુ ધર્મના કર્મયોગના ઉપદેશોપરત્વે પોતાની અજ્ઞાનતાનો પરિચય આપ્યો છે.

પછી જ્ઞાનમાર્ગ આવે છે. અને આપણે ધર્મ—ગ્રંથોમાં જોઇએ

છીએ કે કર્મનું બરાબર અનુષ્ઠાન થવાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. કર્મ દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરવાનોજ ભારતીય ઋષિઓનો વિચાર છે. જ્યાંસુધી શુદ્ધ કર્મોના અનુષ્ઠાનથી તમે તમારા હૃદયને પવિત્ર નહિ બનાવી લો, ત્યાંસુધી આત્મજ્ઞાનની પ્રાપ્તિ થશે નહિ. ઉપનિષદ્ કહે છે કે 'જે વિદ્યા અને અવિદ્યાને જાણે છે તે વિનાશને પામતો નથી.' અવિદ્યા કર્મને કહે છે. આચારનિર્માણ માટે જ્ઞાન અને કર્મ બન્નેની આવશ્યકતા છે અને આ જ્ઞાનમાંજ વિચારની એકાગ્રતા પ્રાપ્ત થાય છે. આ જ્ઞાનમાર્ગ ધ્યાનનો, વિચારશક્તિનો માર્ગ છે. વિચારની એકાગ્રતાથી મસ્તિષ્કનાં નવીન રંધ્રો (સેલ્સ)ની રચના થાય છે; એ અંતર્જ્ઞાનને ઉઘાડે છે અને આત્માને સત્યના સંબંધમાં લાવે છે. હું ઘણે ભાગે એવો અનુભવ કરૂં છું કે આધુનિક યુગને અસ્થિરતા, વ્યસન અને ઉત્તેજનાઓથી બચવાને માટે જ્ઞાનમય તપની, ધ્યાન-શક્તિની આવશ્યકતા છે.

ઈશ્વરને જાણવા માટે શાંત બનો.

પછી ભક્તિમાર્ગનો નંબર આવે છે, કે જે પ્રેમ યા શ્રદ્ધાનો માર્ગ છે. પ્રલ્હાદે ભગવાન વિષ્ણુની પ્રાર્થના કરતી વખતે સાચા ભક્તોનું યથાર્થ સ્વરૂપ બતાવ્યું છે-'હે પ્રભો ! હું ગમે તે યોનિમાં જન્મ લઉં, પરંતુ તમારાં ચરણોમાં મારી નિશ્ચળ ભક્તિ રહેજો.' રાષ્ટ્રીય પ્રગતિને આગળ વધારવાને માટે આજે એવાજ ભક્તોની ભારતવર્ષને આવશ્યકતા છે.

આ કર્મ, જ્ઞાન, ભક્તિના ત્રણે માર્ગો એકત્ર થઇને કેવી રીતે ધર્મમાં ભળી જાય છે, એ પ્રાચીન ભારતનો એક સામાજિક સમન્વય છે અને તેના વર્ણન માટે અહીં સમય નથી. હિન્દુ ધર્મ ધર્મના સ્વરૂપમાં એક એવો વિષય છે કે જેની વિશિષ્ટ વ્યાખ્યા થવી જોઇએ. હવે હું હિંદુ ધર્મના દાર્શનિક સ્વરૂપ વિષે બે ચાર શબ્દો કહીશ. કેમકે જે ધર્મ અંતર્જ્ઞાન-આકાશની અંદર ઊંડું ઉતરેલું નથી હોતું તે તો કેવળ એક સંપ્રદાયજ છે. ધર્મ એ પ્રાચીન આર્યોની સર્વપ્રથમ પ્રવૃત્તિ હતી. ધર્મશાસ્ત્રોમાં લખ્યું છે કે દર્શનવિહીન પુરુષ આવાગમનના ચક્કરમાં પડયો રહે છે. દર્શનનો અર્થ તે પરમતત્ત્વની સાથેનો સંયોગ છે, જેને શાસ્ત્રોમાં આત્મા, જીવાત્મા, વિશ્વાત્મા કહેવામાં આવેલ છે. મહર્ષિ યાજ્ઞવલ્કય ઘણાજ સુંદર શબ્દોમાં સાંસારિક વસ્તુઓની તુલના બંસરીના ધ્વનિ સાથે કરે છે. તેમણે ઠીકજ કહ્યું છે કે જો બંસરી બજાવનારની બંસરી લઇ લેવામાં ન આવે તો તેનો ધ્વનિ પકડી શકાતો નથી. એજ પ્રકારે એ પણ નક્કી છે કે જ્યારે આત્માનાં દર્શન થાય છે ત્યારે સર્વ કાંઇ સમજાઇ જાય છે; આત્મા એજ જ્ઞાનનો આધાર અને અનુભવનો સ્રોત છે. અનેકત્વમાં આ એકત્વની દૃષ્ટિ હિંદુ ઋષિઓની પુણ્યતમ વાણી દ્વારા વ્યક્ત થાય છે. અને એકતાની ભાવનાથી

ઓતપ્રોત થઇને તેઓ **'एकमेवाद्वितीयम्'** એ મંત્રનો ઉદ્ઘોષ કરે છે. આ રહસ્યનું કારણ હિંદુઓનો 'લીલા સિદ્ધાન્ત' છે, કે જે સિદ્ધાન્તને અનુસરીને જગત શાશ્વત તત્ત્વની પ્રેમમયી ક્રીડા કરે છે. જેમકે કબીરે પોતાની એક સુંદર પ્રાર્થનામાં કહ્યું છે કે 'ભગવાને અખિલ જગતમાં પોતાના પ્રેમસ્વરૂપનો વિસ્તાર કરેલો છે.' આ લીલાના સિદ્ધાંતની સાથે સાથે માયાનો સિદ્ધાંત પણ લાગુ છે, કે જે સિદ્ધાંતના વિષયમાં ઘણાખરા સમાલોચકો ભ્રમમાં પડી જાય છે. ક્રમકે માયાનો અર્થ ભ્રમાત્મક નહિ પરંતુ ક્ષણિક અને અનિત્ય છે. એટલે સુધી કે હાલમાં પણ હિંદુ સેવકોના મુખમાંથી એ વાત સંભળાય છે કે બાબુજીનો ક્રોધ માયા છે—અર્થાત્ તે શીઘ્રજ ચાલ્યો જશે. એજ પ્રમાણે જગતની વસ્તુઓ માયા છે, તમારાં દુઃખ માયા છે; કેમકે તેઓ પણ ચાલ્યાં જશે અને પોતાના સ્થાનમાં સ્થિર શાંતિને મૂકતાં જશે. આપણું વ્યક્તિત્વ પણ માયા છે, કેમકે તે પણ ચાલ્યું જશે અને આપણે ક્રમે ક્રમે જન્મજન્માન્તરમાં ઉચ્ચ વ્યક્તિત્વનું નિર્માણ કરવું પડશે.

જેમણે અનેકમાં એકને જોયો છે તેઓ જાણે છે કે જગતને જેટલું આપણે સમજીએ છીએ તેનાથી તે કેટલુંયે વિલક્ષણ છે. તેઓ જાણે છે કે એકજ ક્રિયાત્મક જીવન બધામાં પ્રવાહિત થઇ રહ્યું છે. તેઓ જાણે છે કે જગતમાં યથાર્થતઃ કંઈ પણ વિભિન્નતા નથી; કોઇ એવો ભેદ નથી કે જે દૂર કરી શકાય નહિ. કેમકે તેનું મૂળ તત્ત્વ એક આત્મા છે. સર જગદીશચંદ્ર બોઝે આપણને છોડવાઓ અને ખનિજોની શોધખોળ દ્વારા શિક્ષણ આપ્યું છે. મિ. ફ્રાંસિસ ડાર્વિને આપણને ખાત્રી કરાવી આપી છે કે છોડવાઓને પણ મસ્તિષ્ક હોય છે તથા લતાઓમાં પણ ચેતના હોય છે, કે જે પોતાનાં તંતુઓથી આશ્રય શોધે છે; જેમ મનુષ્ય પોતાને જોઇતો આશ્રય મળતો નથી ત્યાંસુધી પોતાની આંગળીઓથી શોધ્યા કરે છે. કેપ્ટન મસગ્રેવે તો એટલે સુધી કહ્યું છે કે તેમણે કોલંબિયામાં એક એવો છોડ જોયો હતો કે જેને મસ્તિષ્ક હોય છે અને સ્નાયુતત્ત્વ અને પક્વાશય—હોજરી—પણ હોય છે. એજ જીવનની એકતાને પ્રત્યક્ષ કરીને આર્યોએ સર્વ જીવો પ્રત્યે સમાનતાનો ભાવ રાખ્યો હતો. અહિંસા ભારતનો ધર્મ બની ગઈ, કે જે આજ સુધી બીજા કોઈ રાષ્ટ્રનો ધર્મ બની શકી નથી. જો વસ્તુતઃ એકજ જીવન પ્રત્યેક રૂપોમાં કામ કરે છે તો કઈ રીતે તમે કોઈ પણ જીવનો નાશ કરવાનું સાહસ કરશો અથવા જગતમાં કોઇને પણ નુકસાન પહોંચાડશો ? તમે કહો છો કે સંસાર દોષમય છે, પરંતુ હિંદુ ધર્મ ડંકો વગાડીને કહે છે કે તમે ગુણો પ્રાપ્ત કર્યા સિવાય દોષનું દમન કરી શકશો નહિ. અહિંસા અને અપ્રતિરોધ સાથે સાથે ચાલે છે. હિંદુ ધર્મનો આ આદેશ કેવો મહત્ત્વપૂર્ણ છે કે

'સૌની સાથે ભ્રાતૃભાવ રાખો.' 'જેમ સંસ્કૃતિ સમર નથી, તેમજ જીવન પણ યુદ્ધ નથી.' સમસ્ત રાષ્ટ્રો અને જાતિઓનો અંતરાત્મા એજ એક શાશ્વત તત્ત્વ છે. અને પ્રત્યેકની પાસે એક અજ્ઞાત તાર છે, કે જેનો સ્પર્શ કરતાંજ તે ગુપ્ત આત્માના સામંજસ્યનો ધ્વનિ નીકળી પડે છે. સૌની સાથે ભ્રાતૃભાવ રાખો, કેમકે તમારો અંતરાત્મા એક અદૃશ્ય સૂત્રથી અસંખ્ય સૂર્ય અને તારામંડળ–અર્થાત્ આકાશ અને પૃથ્વીની સમસ્ત વસ્તુઓ સાથે તમને બાંધે છે. કેવળ મૌનનું અવલંબન લ્યો, પોતાના આત્મજીવનની અસીમ-તામાં સ્થિર થઈ જાઓ, પછી તમને સર્વ પદાર્થોમાં એ અનંત-ની જ્યોતિ ફેલાયલી જણાઇ આવશે. શું તમે તમારા મનમાં કદી વિચાર્યું છે કે સંસારની કોઈ પણ વસ્તુને, એટલે સુધી કે રેતીના એક કણને પણ તમે સારી રીતે કેમ સમજી શકતા નથી? તે રેતીનો કણ અનંતથી જુદો પાડી શકાતો નથી, અસીમમાં સસીમ-ની અભિવ્યક્તિ થવી એ સૃષ્ટિ–કલાવિદ્‌ની એક કલ્પના છે. તેને પૂરી રીતે કોણ સમજી શકે છે? આ ચેતનાથી સંયુક્ત થઇને વિજ્ઞાન અર્ચના–પૂજાનું રૂપ ધારણ કરે છે, પ્રકૃતિ મંદિર બની જાય છે, ઇતિહાસ ધર્મગ્રંથ બની જાય છે, જ્ઞાન તે આશ્ચર્યનો સાથી બની જાય છે અને જીવનનો એકમાત્ર ધર્મ પરમાત્મા પ્રત્યે નિત્ય આત્મસમર્પણ થઈ જાય છે.

મારા વિચાર પ્રમાણે 'નિત્ય આત્મસમર્પણ' હિંદુ ધર્મનો આદેશ અને શાશ્વત પ્રયોજન છે; એ પેલું કર્મ છે કે જેને માટે આર્યાવર્તના ઋષિમુનિઓ આપણને આજે પણ સૂચવે છે. કેટલાક પુરુષો ગમે તેવી નિર્બળ વાતોથી નહિ પરંતુ જીવનનાં પરાક્રમપૂર્ણ અને શુભ કર્મોથી આ સૂચનાનો ઉત્તર આપશે? શોકની વાત છે કે આજે ભારતનાં ઘરોમાંથી વેદનાની ચીસો સંભળાય છે, અનેક મનુષ્યો ચુપચાપ દુઃખ સહન કરે છે અને મૃત્યુ પામે છે. હિંદુ કહેવડાવનારા કેટલા મનુષ્યો એ પરમાત્માની સેવાને માટે દીનદુઃખી, અકિંચન અને અજાણ બનવાને તૈયાર છે? ગમે તેટલા મનુષ્યો એવા હોય–તેમનાં નામ અને ધર્મ ગમે તે હોય, પરંતુ તેઓ હિંદુ ધર્મના સાચા અનુયાયી છે. અને તેમના પ્રત્યે ઋષિગણ પોતાનો પ્રેમ અર્પણ કરતા તેમને ભારતની સેવાને માટે બોલાવી રહ્યા છે. ભારતવર્ષને આ પ્રકારે સમજનારા લોકોજ ભારતની સેવા કરશે; અને ભારતીય પર્વતો, સમુદ્રો અને જલસ્રોતોને ઉચ્ચ કક્ષાના આદર્શવાદથી પુનઃ જીવિત કરશે. અને તેમનાં નામ ચીરંજીવ નહિ રહે તો પણ તેઓ નવીન ભારતરાષ્ટ્રના નિર્માણમાં જીવન ગાળશે. કેમકે જેઓ તે પરમાત્માને નિત્ય આત્મસમર્પણ કરતા મૃત્યુ પામે છે તેઓ અમર છે. ("કલ્યાણ"ના સં. ૧૯૮૯ના "ઇશ્વરાંક"માંથી)

૧૦૬–૧૮૫૭ ના બળવાનું ભારતીય વર્ણન

(લેખક:–શ્રી. બાલકૃષ્ણ વિશ્વનાથ કેસકરના લેખનો અનુવાદ)

ભારતવર્ષમાં ઇતિહાસ યા પ્રત્યક્ષ બનાવોનાં વર્ણન કરવા તરફ બહુ ઓછી રુચિ છે. આપણે મોટે ભાગે પરદેશી યાત્રીઓ તથા વિદ્વાનોના લેખોને આધારેજ ઇતિહાસ રચવો પડે છે. પ્રાચીન કાળમાં ગ્રીક અને ચીની યાત્રીઓ આવ્યા. મધ્યયુગના સમયમાં મુસલમાન યાત્રીઓ અને તવારીખકારો પોતાનાં બ્યાન લખી ગયા. અર્વાચીન યુગમાં અંગ્રેજ તથા અન્ય યુરોપીય લેખકો દ્વારા વર્ણવાયલી સામગ્રી ઉપર ઇતિહાસ રચાયલા છે. આ અવસ્થાનો વિચાર કરતાં ભારતીયતાનું અભિમાન ધરાવનાર કોઇના પણ હૃદયમાં ખેદ થયા સિવાય રહેશે નહિ કે આ દેશના નિવાસીઓએ સુસંબદ્ધ ઇતિહાસ લખવા તરફ ઘણુંજ ઓછું ધ્યાન આપ્યું છે. જ્યાં સુધી સમકાલીન ભારતવાસીઓ દ્વારા લખાયલાં વર્ણન અને સાહિત્ય ઉપયોગમાં ન લેવાય ત્યાં સુધી સાચો ઇતિહાસ તૈયાર થઇ શકે નહિ. આ સાહિત્યની શોધ કરવી એ પ્રત્યેક ઇતિહાસભક્ત અને ભારતભક્તનું કર્તવ્ય છે. અંગ્રેજો યા પૂર્વકાળના મુસલમાનો ગમે તેટલાં વિસ્તૃત વર્ણન ભલેને લખી ગયા હોય, પરંતુ તેમનાં વર્ણન સ્વાભાવિક રીતે એકપક્ષી હોવાનાં. આને માટે કોઇજ ઉપાય નથી. પ્રત્યેક વિદેશી લેખક પોતાના પક્ષનું સમર્થન કરવા તરફ વધારે ધ્યાન આપે છે. તેઓ ત્યાંના લોકોથી, સમાજથી, રીતરિવાજ અને સંસ્કૃતિથી અપરિચિત હોય છે, અને ઘણે ભાગે તેમના પ્રત્યે ઘૃણા અને તિરસ્કારની નજરે જુએ છે. અપવાદ હોઇ શકે પરંતુ અપવાદ વડે નિયમ સિદ્ધ કરી શકાય છે. એ કંઇ આશ્ચર્યજનક નથી, પરંતુ સર્વમાન્ય સિદ્ધાંત છે. હર્ષની વાત છે કે ભારતવર્ષના કેટલાયે પ્રાંતોમાં એવા આધારોની પરિશ્રમપૂર્વક શોધખોળ શરૂ થઇ ગઈ છે.

આ સિદ્ધાંતનું એક જ્વલંત ઉદાહરણ સને ૧૮૫૭ નું સ્વાતંત્ર્ય-યુદ્ધ છે. આ યુદ્ધ જીવંત રાજનીતિ (લીવીંગ પોલીટીકસ) માં ગણાય છે. એક બે ભારતવાસીઓને તેનું ભારતીય દૃષ્ટિએ વર્ણન લખવાનો પ્રયત્ન કરવા બદલ કઠોર સજાઓ ભોગવવી પડી છે. પરંતુ એ તો માનવુંજ પડશે કે આ યુદ્ધનું સાચું વર્ણન ભારતીય સમકાલીન લેખકજ કરી શકે છે. અંગ્રેજો હમેશાં પોતાના પક્ષનુંજ સમર્થન કરતા રહેશે. પાઠકો કદાચ જાણતાજ હશે કે કેવાં કેવાં મનોરંજક અને સુંદર વર્ણન અંગ્રેજ યાત્રીઓએ લખેલાં છે. એજ વર્ણનો માલસન આદિ સન ૧૮૫૭ નો ઇતિહાસ લખનારાઓને માટે આધાર-

૩૫ થયાં છે કે, માલસન આદિ ઇતિહાસકારોએ અંગ્રેજી દૃષ્ટિએ સંપૂર્ણ વર્ણન આપ્યું છે. બળવો કોની ભૂલને પરિણામે થયો, કેવી રીતે વધ્યો, કેટલા અંગ્રેજ મરાયા, કેટલા બચી શકયા, અંગ્રેજોએ કેવી વીરતા દેખાડી; લખનઉ, દિલ્હી વગેરે સ્થાનો કેવી રીતે પાછાં મેળવાયાં ઇત્યાદિ બાબતોનું સરસ વિવેચન કર્યું છે. પરંતુ ભારતવાસીઓનો વિચાર એ વર્ણનોમાં ભાગ્યેજ ક્યાંક મળે છે. યુદ્ધ પહેલાં તેમના વિચાર કેવા હતા, તેમાં શા માટે પરિવર્તન થયું, બધા એકઠા કેવી રીતે થયા, 'ઝાંસીની રાણીએ કેવી વીરતા બતાવી; નાના સાહેબ, લખનઉના નવાબ વગેરે શું કરતા હતા, એ આવશ્યક બાબતોનું વિવેચન એ ગ્રંથોમાં બહુ ઓછું મળે છે. અંગ્રેજ સેનાપતિઓ દ્વારા કરાયલા ભીષણ હત્યાકાંડોનાં અને લૂંટફાટનાં વર્ણન એ ગ્રંથોમાં પૂરાં મળવાં કઠિનજ છે. તેને માટે ભારતીયોએ લખેલાં વિશ્વાસપાત્ર વર્ણનો શોધવાની જરૂર છે. એવી સામગ્રી એકઠી થયા પછી આ ચિરસ્મરણીય યુદ્ધનો ઇતિહાસ લખી શકાશે.

અમને ખબર છે ત્યાં સુધી બળવાનું કોઈ સુસંબદ્ધ સમકાલીન ભારતવાસીનું વર્ણન હજુસુધી પ્રાપ્ત થયું નથી. આવું વર્ણન જો સરળ અને નિષ્પક્ષ હોય તો તો વળી વધારે સારૂં. સમકાલીન લોકોમાંથી ભાગ્યેજ કોઇએ આ યુદ્ધનું વર્ણન લખવાનો વિચાર કર્યો હશે અથવા લખ્યું હશે. આ યુદ્ધ તરફ ભયના માર્યા બહુ થોડા ઇતિહાસકારો ધ્યાન આપે છે, તેથી તેની શોધખોળ પણ થતી નથી. આવી અવસ્થામાં મહારાષ્ટ્રના સુપ્રસિદ્ધ ઇતિહાસકાર શ્રી. ચિંતામણિ વિનાયક વૈદ્યજીએ એક સમકાલીન પ્રેક્ષકના લખેલા વર્ણનની શોધ કરીને દેશ ઉપર સાચેજ ભારે ઉપકાર કર્યો છે. આશ્ચર્યની વાત છે કે આ વર્ણનને છપાયાં જો કે આજે વીસ વર્ષ થઈ ગયાં, પરંતુ કોઇએ આ તરફ ધ્યાન આપ્યું નથી. આ ગ્રંથને દેશના ઇતિહાસનાં મહત્ત્વપૂર્ણ મૂળ સાધનોમાં માનીને અમો તેનો થોડો ઘણો સાર આપવાનો અત્રે પ્રયત્ન કરીશું.

શ્રી. વૈદ્યજીએ આ ગ્રંથ સને ૧૯૦૭ માં અકસ્માત્ મૂળલેખકના વંશજોને ત્યાં પડેલો જોયો. તેની ઉપયોગિતા એક ઇતિહાસશોધકજ જાણી શકે છે. તેમણે આ પુસ્તકને ધ્યાનથી વાંચ્યું અને અત્યંત મહત્ત્વપૂર્ણ સમજીને ઇતિહાસ રચનારાઓ અને વાચકોના ઉપયોગ માટે તેને શુદ્ધ કરીને પ્રસિદ્ધ કર્યું. પછી જ્યારે લોકો તેમને મૂળગ્રંથની પૂછપરછ કરવા લાગ્યા ત્યારે તેમણે મૂળ હસ્તલિખિત પ્રત પૂનાના 'ભારત ઇતિહાસસંશોધક મંડળ'માં આપી દીધી કે જેથી જેઓ જોવા ઇચ્છે તેઓ ત્યાં જોઇ શકે.

લેખક પંડિત વિષ્ણુભટ્ટ દ્રવ્યાર્જનને માટે યુદ્ધના સમયમાં ઉત્તરભારતમાં ગયા હતા. તેમનું નિવાસસ્થાન બરસઇગાંવ (જીલ્લે

ઢાકા ?) માં હતું. સ્મરણશક્તિ સારી અને લેખનપદ્ધતિ મનોરંજક હોવાથી તેમણે ખૂબ સુંદર વર્ણન લખેલું છે. લખવાની પદ્ધતિ ઘણી સરળ, અહંકારરહિત અને મનોહર છે. એમ જણાય છે કે આ વર્ણન લેખકે પોતાના ઇષ્ટમિત્રોને બળવાની તથા પોતાની યાત્રાની હકીકત સંભળાવવા માટે લખ્યું હતું. બિઠૂર અને ગ્વાલિયરના થોડાક વૃત્તાન્ત સિવાય બાકીના બધા બનાવો પ્રેક્ષકે જાતે પોતાની આંખોએ જોયેલા છે. નાના સાહેબ અને ગ્વાલિયરની હકીકત ત્યાંના જાણકાર લોકો પાસેથી તેજ સમયે મળી હતી, તેથી તેના અધિકાંશ-ને વિશ્વાસપાત્ર માનવો જોઇએ.

આ ગ્રંથથી આપણને એક બીજો લાભ પણ થઇ શકે છે. તે સમયની અને વર્તમાનકાળની ધાર્મિક અને સામાજિક અવસ્થાનું અંતર થોડું ઘણું જણાઇ આવે છે. લેખકે મહારાષ્ટ્ર જતાં વચ્ચેના પ્રાંતોનું ખૂબ સુંદર વર્ણન કરેલું છે. આગળ કાનપુર અને પ્રયાગનાં પણ વર્ણન છે. ખાસ કરીને બળવા વખતના અને ત્યારપછીના ઝાંસીનું આટલું વિશ્વાસપાત્ર સંપૂર્ણ તથા રોચક વર્ણન બીજે ક્યાંય મળતું નથી. રાણી લક્ષ્મીબાઇનું પણ આટલું વિસ્તૃત અને પ્રત્યક્ષ ચરિત્ર-વર્ણન બીજે ક્યાંય પ્રાપ્ત થતું નથી. અર્થાત્ એમ કહેવું યોગ્ય છે કે પુસ્તકમાં રાણી લક્ષ્મીબાઈ અને ઝાંસીનુંજ વર્ણન પ્રધાનપણે છે. તેથી પુસ્તકનું મહત્ત્વ વધારે છે.

શરૂઆતમાં લેખકે પોતાના વંશનો અને ગામનો પરિચય આપ્યો છે. તેનો જન્મ ગોડસે નામના મહારાષ્ટ્રીય બ્રાહ્મણકુળમાં થયો હતો. પિતાનું નામ બાલકૃષ્ણ પંત હતું. ગોડસેકુળ વિદ્વાન અને યાજ્ઞિક બ્રાહ્મણોનું હતું. બાલકૃષ્ણ પંત પહેલાં પેશ્વાઓને ત્યાંથી આશ્રય પામતા હતા. બાજીરાવના બિઠૂર દેશનિકાલ થયા પછી પોતાના ગામ બરસદમાં આવીને રહેવા લાગ્યા. પરંપરાગત જમીનના બહુ ભાગલા પડી જવાથી નિર્વાહ પૂરતી ખેતી રહી નહિ. બાલકૃષ્ણ પંતને ત્રણ પુત્ર હતા. વિષ્ણુભટ્ટે એક વિદ્વાન બ્રાહ્મણ પાસે શાસ્ત્રોનું અધ્ય-યન કર્યું હતું અને સારી વિદ્વત્તા પ્રાપ્ત કરી હતી. પરંતુ ઘરની સ્થિતિ સારી નહોતી. ગૃહસ્થાશ્રમ ભારે મુશ્કેલીઓમાં ચાલી રહ્યો હતો.

સન ૧૮૫૭ના પ્રારંભમા વિષ્ણુભટ્ટ કોઇ યજમાનના કામને માટે પૂના ગયા હતા. ત્યાં સાંભળ્યું કે શ્રીમતી બાયજાબાઇ સિંધિયા મથુરામાં સર્વતોમુખ યજ્ઞ કરાવનાર છે. અને દક્ષિણના કેટલાય વિદ્વાનોને નિમંત્રણ મોકલ્યાં છે. ઘર ઉપર દેવું ઘણું હતું. એટલે તેમણે નિશ્ચય કર્યો કે ઉત્તર–યાત્રામાં કંઇક પ્રાપ્ત કરીને દેવું ચૂકા-વીશું. તેમને પોતાના ગુરુની અને પોતાની યોગ્યતા ઉપર પૂરતો વિશ્વાસ હતો. ગ્વાલિયરમાં સિંધિયા–સરકારને ત્યાં તેમના એક સંબંધી હતા, તેમને પૂછપરછ પણ કરી, પરંતુ પિતાજીએ આજ્ઞા ન આપી.

તેમનું કહેવું હતું કે ત્યાં આપણા લોકો બહુ ઓછા છે. રસ્તો કઠિન છે, લોકો ભાંગ અને ગાંજો પીનારા અને સ્ત્રીઓ માયાવી હોય છે. પરંતુ વિષ્ણુભટ્ટે આશા છોડી નહિ. તેમને બધી રીતે સમજાવ્યા અને પ્રતિજ્ઞા કરી કે હું સંયમપૂર્વક રહીશ. દ્રવ્યની જરૂર પણ હતી. તેમના કાકા પણ સાથે આવવાને તૈયાર થયા. કાકા ઘણા દિવસો સુધી બ્રહ્માવર્તમાં પેશ્વાઓની યજ્ઞશાળાના અધ્યક્ષ રહી ચૂક્યા હતા. તેમનો અનુભવ અને પરિચય માર્ગમાં ઘણો સહાયક હતોજ. પેશ્વાઓના કુલગુરુ કર્વે પણ જતા હતા, તેમની સાથે બન્ને કાકો-ભત્રીજો ઉપડયા.

પ્રેક્ષક (વિષ્ણુભટ્ટ) પહેલા પૂના આવ્યા. તે સમયે લોકો બળદ-ગાડીમાં યાત્રા કરતા હતા. કેટલાક લોકોએ મળીને એક ગાડીનો બંદોબસ્ત કરી લીધો અને ચૈત્ર-પંચમીએ (માર્ચમાં) પૂના છોડયું. પ્રેક્ષકે યાત્રાના લાભોનું અને પ્રાકૃતિક દૃશ્યોનું ઉત્સાહપૂર્વક વર્ણન કર્યું છે. અહમદનગર, માલેગામ, ધુળિયા થઇને આ યાત્રીઓ સાત-પુડાના પર્વતોમાં પહોંચ્યા. સાતપુડાની વનશ્રી અને શોભા જોઇને પ્રેક્ષકને ખૂબ આનંદ થયો. વસંતના દિવસો હતા. બિલીનાં અગણિત વૃક્ષો જોઇને બધા હર્ષ પામ્યા; કેમકે શિવપૂજાને માટે તેનાથી સરસ વસ્તુ બીજી કઇ હોઇ શકે ? છ છ કોસને અંતરે આવેલી સરકારી ધર્મશાળાઓમાં મુકામ કરતા કરતા યાત્રીઓ મહૂની છાવણી પાસે આવ્યા. એક ધર્મશાળામાં ગોઆ તરફના બે સૈનિક મળ્યા. સુખદુઃખની વાતચીત થઈ. સૈનિકોએ જણાવ્યું કે આજથી ત્રીજે દિવસે દુનિયામાં રાજ્ય-ક્રાન્તિ થઇને લૂંટફાટ થશે. ગભરાઇને એ લોકો કારણ પૂછવા લાગ્યા. સૈનિકોએ કહ્યું—"આજ સુધી અંગ્રેજોએ ઠીક રીતે રાજ્ય કર્યું, પરંતુ હવે તેમની બુદ્ધિ નષ્ટ થઇ ગઇ છે. તેઓ નવી બંદૂકો લાવ્યા છે, તેના કારતૂસોને દાંતથી તોડવા પડે છે. એક દિવસ છાવણીમાં એક બ્રાહ્મણ સિપાઇ કૂવા ઉપર સ્નાન કરવા ગયો, તો ત્યાં કોઇ ચમારે તેની પાસે પાણી પીવા લોટો માગ્યો. બ્રાહ્મણે ગુસ્સે થઇને કહ્યું કે લોટો અપવિત્ર થઇ જશે. તેથી ચમાર બોલ્યો—"એ ! તમે લોકો નાતજાતની શેખી મારો છો ? હાલમાં જે કારતૂસ બને છે તેમાં ગાય ને સૂવરની ચરબી હોય છે અને અમેજ તે તૈયાર કરીએ છીએ. તે કારતૂસ તોડતી વખતે તમારી નાતજાત ક્યાં જતી રહે છે ? બન્ને વચ્ચે મારપીટ સુધી વાત આવી ગઈ. ઘણા માણસો એકઠા થયા. આ સમાચાર સર્વત્ર ફેલાઈ ગયા. હિંદુ અને મુસલમાન બન્ને વિફરી ઉઠયા. સમસ્ત ભારતમાં વીજળી વેગે આ ખબર ફેલાઈ ગઈ. બધાઓએ કારતૂસ લેવાનો ઇન્કાર કર્યો. વિલાયતથી નવા આવેલા સાહેબે હુકમ કાઢયો કે જે સિપાઇઓ કારતૂસ લેવા ઇચ્છતા હોય તેમને રાખવા અને બાકીના લોકોના સંબંધમાં પાછળ-

થી નિર્ણય કરવામાં આવશે. અંગ્રેજોની ઇચ્છા ખ્રિસ્તી-ધર્મનો પ્રચાર કરવાની છે. તેમણે કલકત્તામાં બધા રજવાડાઓની એક સભા બોલાવી, તેમાં વિધવા-વિવાહ આદિ કેટલાય ધર્મ વિરુદ્ધ ઠરાવો રજુ કર્યા. બધા રાજાઓ નાખુશ થઇને ચાલ્યા ગયા. લોકોએ અને સેનાએ નક્કી કર્યું છે કે એક ઠરાવેલા દિવસે અંગ્રેજોને હઠાવીને પોતાના ધર્મની રક્ષા કરવી. તે દિવસ આજથી ત્રીજે દિવસ છે. અમે અમારાં બાળબચ્ચાં પાસે પાછા જઇએ છીએ."

પ્રેક્ષક અને બીજા યાત્રીઓ ભારે વિમાસણમાં પડયા. અંતે કાળા લોક આપણને દુઃખ નહિ દે એમ નક્કી કરીને આગળ ચાલ્યા. સિપાઇઓએ કહી દીધું કે ૧૦મી જૂન સુધીમાં મહૂ પહોંચી જજો. મહૂથી એક માઇલ દૂર સવારમાં પહોંચ્યા. તોપ અને બંદૂકોના અવાજ સંભળાવા લાગ્યા. યાત્રીઓ ગભરાઈ ગયા. છાવણી પાસે જતાંજ બસો ત્રણસો સિપાઇઓએ આવીને તેમને ઘેરી લીધા. બધાના હોશ કોશ ઉડી ગયા, પરંતુ આપણા પ્રેક્ષકે ખૂબ હિંમતપૂર્વક તેમને જણાવ્યું કે પોતે યાત્રાળુઓ હતા અને ગ્વાલિયરમાં યજ્ઞાર્થે જઇ રહ્યા હતા એટલે સિપાઇઓએ તેમને પોતાની સાથે રાખ્યા, અને બધી આવશ્યક ચીજો આપી. કોઇ પણ પ્રકારની ઉણપ નહોતી. કેમકે પ્રેક્ષક લખે છે કે બળવાખોરો ભારે ધર્મભક્ત હતા. એ લોકોને કોઇ પણ પ્રકારે સિપાઇઓથી શરીરને છોડાવીને આગળ વધવાની ચિંતા હતી. પ્રેક્ષકે અંતે પોતાના પરિચયવાળા એક સુબેદારને પ્રાર્થના કરી કે "ઉજ્જન પાસે છે, અમે યાત્રાળુ છીએ, જો આપ અમને ત્યાં સુધી પહોંચાડી દેશો તો આપની બહુ કૃપા થશે. આજ સુધી અમને આપ લોકોના સાથથી અને સહાયતાથી ખૂબ આનંદ થયો છે." સુબેદારે ખૂબ પ્રેમથી એ બ્રાહ્મણોને બબ્બે રૂપિયા દક્ષિણા આપીને વિદાય કર્યા. અને ઉજ્જન સુધી પોતાના માણસને મોકલ્યો. ઉજ્જન જઇને યાત્રીઓએ સાંભળ્યું કે ધારના પંવાર-વંશના વૃદ્ધ રાજાનું મૃત્યુ થયું છે, અને તેની મૃત્યુ પછીની ક્રિયામાં લાખો રૂપિયા દાન અપાવાનું છે. ઉજ્જનથી હજારો બ્રાહ્મણો જઇ રહ્યા હતા. આ લોકો પણ સમારંભ જોવા માટે ચાલી નીકળ્યા. ધારમાં ગયા તો જોયું કે ત્યાં પગ મૂકવાની પણ જગા નહોતી, રહેવાને માટે કોઇના ઘરમાં સ્થાન મળવું દુર્લભ હતું. એ લોકોએ એક સોનીને ત્યાં, તેણે મના કરવા છતાં પણ સામાન રાખ્યો અને તેને કોઇ ને કોઇ પ્રકારે રાજી કર્યો. દાનવિધિ જોવાની રજા લઇને કાકો-ભત્રીજો દાન-શાળામાં ગયા. બસો બ્રાહ્મણોને હાથી, ઘોડા, સુવર્ણ-શય્યા, દાસી ઇત્યાદિ દાનમાં મળ્યાં. રાજમહેલની બહાર હજારો બ્રાહ્મણો એકત્ર થયા હતા. તેમને દાન નહોતું મળતું એટલે દાન લેનારાઓ ઉપર તેઓ આફત વરસાવતા હતા. પ્રેક્ષક લખે છે—"દાસીદાન લેનાર-

ની ભારે દુર્દશા થતી હતી. તેમાં પણ જો કોઇ સુંદર અલંકાર-યુક્ત દાસી કોઇ ગમાર બ્રાહ્મણને મળી હોય અને તેમનું એ સરઘસ બહાર આવ્યું તો તો પછી પૂછવાની વાતજ શી! ચારે બાજુએથી અવાજો થતા હતા. એ ભીડને લીધે નીકળતાં નીકળતાં તેઓ શરમના માર્યા જમીનમાંજ સમાઇ જતા હતા. જો દાસી ઠગારી હોય તો તો તે જાણી જોઇને ધીમે-ધીમે ચાલતી હતી, તેથી તે બિચારો બ્રાહ્મણ વળી વિશેષ તંગ થઈ જતો હતો!"

ધારમાં ગ્વાલિયરથી પત્ર મળ્યો કે બળવો તરતમાં શાંત થશે નહિ, અમારા પચીસ ત્રીસ સિપાઇઓ આવે છે, તેમની સાથે આવજો. એટલે એ લોકો સિપાઇઓ સાથે સારંગપુર થઇને ગ્વાલિયર પહોંચ્યા. યજ્ઞ બળવાને લીધે મુલતવી રાખવામાં આવ્યો, પરંતુ સઘળા અતિથિઓના સત્કારનો સારો પ્રબંધ હતો.

ગ્વાલિયરમાં બળવાના ફેલાવાની ખબર રોજ મળતી હતી. ભિન્ન ભિન્ન પ્રકારના લોક પોતપોતાના વિચારોમાં મગ્ન હતા. બધા લોકોની નજર સિંધિયા અને હોલ્કરના વલણ તરફ હતી. દિવાન દિનકરરાવ અંગ્રેજોના પૂર્ણ પક્ષપાતી હતા. બ્રહ્માવર્તના ઘણા લોકો પણ આવવા લાગ્યા. તેમના દ્વારા ખબર મળી કે કાનપુરના સૈનિકોએ બળવો કર્યો છે અને બાજીરાવના પુત્ર નાના સાહેબને આગેવાની લેવાને વિનતિ કરી છે; કેમકે બીજો કોઇ હિંદુઓનો આગેવાન થઇ શકે તેમ નહોતું. નાના સાહેબે આ વિનતિ સ્વીકારી લીધી. આ સ્વીકૃતિનું ઘણું સુંદર અને કાવ્યમય વર્ણન પ્રેક્ષકે આપ્યું છે.

એક દિવસ આપણા યાત્રીઓ સવારમાં ઉઠીને જુએ છે કે ગ્વાલિયરમાં ચારે બાજુ હિલચાલ અને ગરબડ મચેલી છે. ખબર પડી કે તાત્યા ટોપી નાનાસાહેબ તરફથી સિંધિયાની મદદ માગવા આવ્યો છે. તેણે સિંધિયાની સેનાની ચાર પલટનોને પોતાના પક્ષમાં કરી લીધી છે. પ્રેક્ષક લખે છે કે મેં તાત્યાને બજારમાં જોયો હતો. મહારાજા સાથે તેને મેળાપ થયો. તેણે ઓછામાં ઓછી જે સહાયતા માગી હતી તે ઘોડા, ઉંટ અને બળદ વગેરેના રૂપમાં હતી. સિંધિયાએ આ શરતનો સ્વીકાર કર્યા પછી તાત્યા ટોપી ગ્વાલિયર છોડીને કેટલાંયે સ્થાનોમાંથી મદદ લેતો લેતો ગયો.

નાના સાહેબે હુમલો કરીને કાનપુર લઇ લીધું. તોપોનો ખૂબ મારો ચાલ્યો. ભારે સમારોહપૂર્વક તેનો કાનપુરમાં પ્રવેશ થયો અને તેના માનમાં આખા નગરમાં આનંદોત્સવ ઉજવવામાં આવ્યો. પ્રેક્ષક લખે છે કે ૨૫ વર્ષ પહેલાં હિન્દુ ધર્મની અવસ્થા આજ કરતાં ભિન્ન પ્રકારની હતી. તે સમયે લોકોમાં ધર્મશ્રદ્ધા વધારે હતી. આજ-કાલ કેવળ કારતૂસોને કારણે સેનામાં બળવો કદી પણ થઇ શકે નહિ.

ત્યાર પછી પ્રેક્ષકે કાનપુરનાં પ્રસિદ્ધ ખૂનોનું વર્ણન આપેલું

છે. એક દિવસ અંગ્રેજ સ્ત્રીઓ અને બાળકોથી ભરેલી એક હોડી પ્રયાગ તરફ જતી હતી. સિપાઇઓએ નાના સાહેબ પાસે તેમના ઉપર ગોળી ચલાવવાની રજા માગી, પરંતુ નાના સાહેબે સ્ત્રીઓ અને બાળકોને મારવાની કંઇ જરૂર નથી એમ કહીને રજા ન આપી. અંગ્રેજોના દુર્ભાગ્યથી હોડી ગંગાની રેતમાં ફસાઇ ગઇ. તોપચીએ તેના ઉપર ગોળા ચલાવ્યા. હોડી બળી ગઈ અને માત્ર ૧૦ સ્ત્રીઓ, ૩ બાળકો અને ૪ મરદો બચી ગયા. તેઓને કેદ કરવામાં આવ્યાં. બ્રહ્માવર્તમાં ૬૦ સ્ત્રીઓ અને કેટલાંક બાળકો પહેલેથીજ કેદ હતાં. તેમના ઉપર ચોકી કરવાને માટે ૨૫ પહેરેગીરો હતા. તેઓ બધા કેદીઓને શૌચાદિને માટે ગંગાના મેદાનમાં લઇ જતા હતા. એ અંગ્રેજ સ્ત્રીઓમાં એક સ્ત્રી ખૂબ ચતુર અને દૂરંદેશી હતી. તેણે એક ભંગિયણને રૂપિયા આપીને મેળવી લીધી. સંકેત અનુસાર તેણે શૌચ પછી એક પત્ર ત્યાંજ મૂકી દીધો, પરંતુ આ ઘટના એક પહેરેગીરે જોઇ લીધી અને ભંગિયણને પકડીને નાનાસાહેબ સમક્ષ હાજર કરી હતી. ભંગિયણે બધું કબૂલ કરી દીધું અને પત્ર વાંચતાં માલમ પડયું કે તેમાં અંગ્રેજોને અમુક સમયે કાનપુર ઉપર હુમલો કરવાનું કહેવામાં આવ્યું હતું. આથી બધા સિપાઇઓ ગુસ્સે થઇ ગયા અને કહેવા લાગ્યા કે એ સ્ત્રીઓને મારી નાખવી જોઇએ; કેમકે વખત આવતાં તેઓ દગો દેશે. નાના સાહેબે સ્ત્રીઓને મારવાનો ઇન્કાર કર્યો, પરંતુ સિપાઇઓએ ક્રોધમાં આવીને કંઇ પણ સાંભળ્યુ નહિ અને બધી સ્ત્રીઓ અને બાળકોની કતલ કરી.

ગ્રંથકાર લખે છે કે આ કતલથીજ યુદ્ધમાં નિષ્ફળતા મળી; કેમકે છત્રપતિ શિવાજી આદિ મહાપુરુષોએ હમેશાં શત્રુની સ્ત્રીઓનું સન્માન સાચવ્યું હતું. તેથી તેમની ઉન્નતિ થઈ અને ગમે તો આ અપરાધ તેમની સંમતિની વિરુદ્ધજ ભલેને થયો હોય પરંતુ આ કતલથી અશ્વત્થામા જેવા નાનાસાહેબ ઉપર સદાને માટે કલંક લાગી ગયું. બધા લોકોએ આ બનાવનો વિરોધ કર્યો.

આને ૧૫ દિવસ થયા પછી અંગ્રેજોએ ચારે તરફથી કાનપુરને ઘેરી લીધું. જબરી લડાઇ થઈ. નાના સાહેબ, રાવસાહેબ વગેરેએ વીરતાની પરાકાષ્ટા બતાવી દીધી; પરંતુ દસ અગિયાર દિવસ પછી તેમને બ્રહ્માવર્ત છોડવુંજ પડયું. કારણ કે અંગ્રેજોની તોપો સામે લશ્કર ટકી શકયું નહિ. પોતાના પરિવારને લઇને તેઓ લખનઉ તરફ ચાલી નીકળ્યા. આ તરફ અંગ્રેજોએ કાનપુર લઇને કત્લે આમ ચલાવી. બ્રહ્માવર્ત પણ લઇ લીધું. ત્યાં પણ ભયંકર લૂંટ અને કતલ ચાલી. જે પુરુષ જોવામાં આવ્યો તેને મારી નાખ્યો. અંગ્રેજોએ બધા નાગરિકોને લૂંટયા. હજારો માણસ મરાયાં અને નગરે રૌદ્ર રૂપ ધારણ કર્યું. નાના સાહેબનાં સુંદર મહેલ અને મંદિર પાડી

નાખવામાં આવ્યાં. ત્રણ દિવસ પછી સેનાપતિની આજ્ઞાથી કતલ અને લૂંટ બંધ કરવામાં આવી. લખનૌ લઇને અંગ્રેજોએ તેને પણ એજ પ્રકારે લૂંટયું. આ તરફ કાનપુરથી નાસી છૂટેલો તાત્યા ટોપી કાલપી તરફ આવ્યો અને કાલપી ઉપર હુમલો કરીને તેનો કબજો કરી લીધો. તેણે સારી સેના એકત્ર કરી અને રાવસાહેબ (બાજીરાવના એક પુત્ર)ને આગેવાન બનાવીને કાલપી પ્રદેશ કબજામાં રાખ્યો.

પ્રેક્ષકને આ બધા સમાચાર ગ્વાલિયરમાં મળતા ગયા. હવે ગ્વાલિયરમાં રહીને જીવ અકળાઇ ગયો હતો, તેથી તેમણે ક્યાંક બીજે જવાનો વિચાર કર્યો. સૌથી સારૂં સ્થાન ઝાંસી જણાયું. કારણ કે તે મહાપરાક્રમી રાણી લક્ષ્મીબાઇનું રાજ્ય હતું, અને તેમના દરબારમાં કેટલાય પરિચિત સજ્જનો પણ હતા. કાર્તિક સુદી પાંચમને દિવસે કાકો-ભત્રીજો ઝાંસી તરફ રવાના થયા.

ઝાંસીનું વર્ણન કરતા પહેલાં લેખકે તેનો પૂરતો પૂર્વ ઇતિહાસ આપ્યો છે. ઝાંસી શહેરનું પણ ભારે રોચક અને સૂક્ષ્મ વર્ણન આપ્યું છે. પ્રેક્ષકને રાણી લક્ષ્મીબાઇનો પૂરો પરિચય હતો, કારણ કે ભામાજી પહેલાં પેશ્વાઓની યજ્ઞશાળામાં અધ્યક્ષ તરીકે રહી ચૂકયા હતા. ત્યાં લક્ષ્મીબાઇના પિતા તેમના શિષ્ય હતા. તેથી ઝાંસીમાં તેમનો સારો સત્કાર થયો અને સ્થાન પણ ઉત્તમ મળ્યું. તેઓ લક્ષ્મીબાઇના ખાસ સેવકોમાંના થઇ ગયા. 'ઝાંસીવાળી'ના જીવનની હકીકત અને રહેણીકરણી, રાજ્યવ્યવસ્થા વગેરેનું પૂરૂં વિવરણ પ્રેક્ષકે આપ્યું છે. ઝાંસીમાં બળવો થયા પછી અંગ્રેજો સાથે દસ અગિયાર દિવસ સુધી યુદ્ધ ચાલ્યું અને અંતમાં તેમનો વિજય થયો. નગરમાં ભયંકર લૂંટ ચાલી, જેમાં બિચારા પ્રેક્ષકને પણ લૂંટવામાં આવ્યો. ઝાંસીની આ લૂંટ અને કતલનું વર્ણન એટલું હૃદયગ્રાહી અને રોમાંચકારી છે કે બધી ઘટના આંખો સમક્ષ હાજર થઇ જાય છે. લૂંટ પછી પ્રેક્ષક ઝાંસીથી બે ત્રણ માણસો સાથે નાસી છૂટયો. કાલપીના રસ્તામાં ખબર મળ્યા કે ચરખાટીમાં અંગ્રેજો સાથે પેશ્વાને યુદ્ધ થયું અને પેશ્વા હારી ગયા. રસ્તામાંજ ધૂળથી ભરેલી ઝાંસીવાળી સાથે તેમને મેળાપ થયો. રાણી સાહેબાને ખૂબ તરસ લાગી હતી. વાતચીત કરતાં તે તેને ઓળખી શકી; કારણ કે લૂંટમાં તે બિચારો સર્વ કંઇ ગુમાવી ચૂકયો હતો, અને તે સમયે તેના શરીર ઉપર માત્ર એક ઉપવસ્ત્ર અને ચાદર હતાં. એ લોકોએ લક્ષ્મીબાઇને પાણી પાવા માટે કૂવામાં દોરી નાખવા ઇચ્છયું, પરંતુ આ વિપત્તિમાં પણ તે વીરસ્ત્રીની શિષ્ટતા ગઇ નહિ. ઝટ ઘોડા ઉપરથી ઉતરીને કહ્યું કે આપ વિદ્વાન બ્રાહ્મણ છો. આપને કષ્ટ દઇને હું પાણી પીવા નથી ઇચ્છતી. તેણે પોતાના

હાથે પાણી ખેંચીને પોતાની તરસ છીપાવી, અને એ આશ્રિતોને કાલપી આવવાનું આમંત્રણ આપીને ઘોડો દોડાવી મૂક્યો. કાલપીમાં રાવસાહેબ અને તાત્યાટોપી એકઠા થયા હતા. ત્યાં પણ અંગ્રેજો સાથે ઘોર યુદ્ધ થયું અને ભારતવાસીઓની હાર થઇ. આપણા પ્રેક્ષકની દશા ઝાંસીથી પણ ખરાબ થઈ. બિચારાને કાલપીથી પણ જાન બચાવીને ભાગવું પડયું. માર્ગમાં કેટલાંયે સ્થાનોએ લૂંટારાઓની સામે થતા થતા કોઇ પણ પ્રકારે બ્રહ્માવર્ત પહોંચ્યા. ત્યાં નગરવાસીઓએ યુદ્ધ અને લૂંટની બધી હકીકત કહી. બ્રહ્માવર્તથી યાત્રાને માટે તેઓ ચિત્રકૂટ ગયા. પરંતુ ત્યાં પણ બળવો તેમની પાછળ ભૂતની પેઠે લાગ્યો રહ્યો. બળવામાં અંગ્રેજો ચિત્રકૂટને નારાયણરાવ પેશ્વા (નાના સાહેબના એક ભાઇ)ના હાથમાં મૂકીને નાઠા હતા. નારાયણરાવની જાગીર પણ એજ હતી. હવે એજ સમયે જનરલ હિટલોકે આવીને તેને પણ ગિરફતાર કરી લીધો. તેનું ઘર લૂંટવામાં આવ્યું. કરોડોની અમૂલ્ય સંપત્તિ સિપાઇઓ ઉઠાવી ગયા. દેવતાઓની મૂર્તિઓ પણ બાકી રાખી નહિ, એટલે સુધી કે પાણી ખેંચવાની દોરી સુદ્ધાં ઉઠાવી ગયા.

વાસ્તવમાં નારાયણરાવને ત્યાં અપાર ધન રાખેલું હતું. આ લૂંટની બાબતમાં માલસેને લખ્યું છે કે, મહેલના ભંડારોમાં અપાર સંપત્તિ, અદ્‌ભુત રત્ન અને હીરા સિપાઇઓની આટલા દિવસની મહેનતના પુરસ્કાર તરીકે રાખવામાં આવ્યાં હતાં! આ બાબતમાં પાછળથી સર હુનોજ અને જનરલ હિટલોકમાંજ ઝગડો થયો તે 'કોર્ટ ઓફ એડમિરેલ્ટી' સુધી પહોંચ્યો. નારાયણરાવ પાસે બીજા ગરીબોનું ઘણું ધન રાખેલું હતું તે પણ લૂંટાઈ ગયું. બિચારા અનાથ નિર્ધન થઇ ગયા. તેમની સ્ત્રીઓનાં શરીર ઉપર જે ઘરેણાં હતાં તે પણ લૂંટારાઓથી બચવા પામ્યાં નહિ. ખાસ વાત તો એ છે કે નારાયણરાવે બળવામાં કશો ભાગ લીધો નહોતો. ચિત્રકૂટમાં યજમાનવૃત્તિ કરીને કેટલાક રૂપિયા મેળવીને પ્રેક્ષક બાંદા ગયા. વળી રસ્તામાં કેટલીક મુશ્કેલીઓની સામે થવું પડવાથી અંતે પાછા ફરીને તેઓ જાલૌન પહોંચ્યા. ત્યાં ગ્વાલિયરથી આવેલા એક બ્રાહ્મણ પાસેથી ત્યાંના સમાચાર મળ્યા. કાલપીની હાર પછી 'ઝાંસીવાળી' અને રાવસાહેબ આદિ કેવી રીતે ગ્વાલિયર પહોંચ્યા, અને ત્યાંથી સિંધિયા નાસી ગયા, તથા કયે પ્રકારે અંગ્રેજો સાથે વીરાંગના લક્ષ્મીબાઇનું અંતિમ યુદ્ધ, જેમાં તેણે બહાદૂરીથી લડીને વીરગતિ પ્રાપ્ત કરી, ગ્વાલિયર પાસે મુરારમાં થયું, એ બાબતો તેને ત્યાંજ જાણવા મળી. એ યુદ્ધમાં ભારતવાસીઓ હારી ગયા. પ્રેક્ષકના અભિપ્રાય પ્રમાણે રાણીના મૃત્યુથી ભારતવાસીઓની સાક્ષાત્ વીરતાનો અંત આવ્યો.

જાલૌનમાં પ્રેક્ષકનો રસ્તો ફરી બદલાયો. તે પાછા ફરીને ફરીથી નારાયણરાવ પેશ્વાને ત્યાં આવ્યા. તેઓ કેદમાં હતા પરંતુ રોજ જે સો બસો રૂપિયા ખર્ચને માટે મળતા હતા તેમાંથી કંઇક દાનમાં આપતા હતા. એને પણ કંઇક મળ્યું. અહીંથી તે સૂર્યદંડ તીર્થ ગયો. ત્યાં અકસ્માત્ રાવસાહેબ વીસ હજાર બળવાખોરો સાથે આવ્યા. આ બ્રાહ્મણો પણ તેમની સાથે થઈ ગયા. રાવસાહેબ બળવાખોરો સાથે રાજપૂતાનામાં જયપુર, બૂંદી, કોટા વગેરે રાજ્યો પાસેથી કર લેતા લેતા ફરવા લાગ્યા. કોટાની નીચેના એક રાજાએ બળવાખોરો સાથે યુદ્ધ પણ કર્યું, પરંતુ તેને હારીને નાસવું પડયું. પ્રેક્ષકે એક એવી ઘટના લખી છે કે જે રાવસાહેબના ઉજ્જવળ ચરિત્ર ઉપર પ્રકાશ નાખે છે. રાજાના નાઠા પછી બળવાખોરોએ આ નગરનો કબજો લીધો. રાજાનો ખજાનો રાવસાહેબે પોતાના હાથમાં લીધો. રાજાની સ્ત્રીઓ તથા મહેલની અન્ય સ્ત્રીઓ એક ઓરડામાં અંદરથી બારણાં બંધ કરીને ભરાઇ ગઇ. ત્યારે રાવસાહેબે બહારથી તેમને પ્રાર્થના કરી કે અમે ધર્મને માટે યુદ્ધ કરનારાઓ છીએ. હું રાજાની માતાને મારી માતા અને રાજની સ્ત્રીઓને મારી બહેનો સમજું છું. આપ નિશ્ચિંતપણે બહાર આવો. આ આશ્વાસનથી બધી સ્ત્રીઓ બહાર આવી. રાવસાહેબે તેમનો આદરસત્કાર કર્યો. રાજાના પુત્રને ગાદીએ બેસાડયો અને તે નગરમાંથી ચાલી નીકળ્યા.

બળવાખોરો હવે ખૂબ ઉદ્દંડ-ઉન્મત્ત થઈ ગયા હતા અને તેમને દક્ષિણ તરફ જતા જોઇને પ્રેક્ષક બ્રહ્માવર્ત તરફ પાછા ફર્યા. વચ્ચે તેમને કેટલીયે મુશ્કેલીઓ સામે થવું પડયું. કૉલેરાની બિમારીથી તેમને વચ્ચેના ગામમાં કેટલાક દિવસો સુધી રોકાવું પડયું. પછી યાત્રા કરતાં વચમાં કાકાશ્રીના પરિચયના બે બ્રહ્માવર્તના બ્રાહ્મણો મળ્યા. તેઓ બન્ને રાવસાહેબ અને તાત્યા ટોપી સાથે ગયા હતા. તેમણે બળવાખોરોના સંબંધમાં પૂરા સમાચાર આપ્યા. તેનો સાર એ છે કે બળવાખોરો નર્મદા તરફ ગયા. અંગ્રેજોની ફોજ તેમની પાછળ પડી હતી તેથી તેઓ જલદીથી નદી ઓળંગવા ઇચ્છતા હતા. પરંતુ વરસાદની ભરતીથી રસ્તો જલદી મળ્યો નહિ. અંતે એક ઘણા વૃદ્ધ શૂદ્રને રૂપિયા આપીને નદીપાર ઉતરવાનો વિચાર કર્યો અને બધી ફોજ સામે પાર ગઇ. અંગ્રેજો નદી પાર જઇ શક્યા નહિ. બળવાખોરોને નિઝામ પાસેથી મદદની આશા હતી, પરંતુ તેમના દૂત નિરાશાજનક સમાચાર લાવ્યા એટલે લાચાર થઇને બધી ફોજ પાછી ચાલી પરંતુ હવે સંગઠન ઢીલું પડી ગયું હતું. દરેક સિપાઇ પાસે જે લૂંટના રૂપિયા ભેગા થયા હતા તે લઇને તેઓ નાસી જવા ઇચ્છતા હતા. અંગ્રેજોની માફીની ઘોષણાથી સેંકડો છુટા થઇને ચાલી નીકળ્યા. આ અવસ્થા જોઇને એ બન્ને બ્રાહ્મણો પણ

ત્યાંથી નાસી છૂટયા અને રસ્તામાં તેમને પ્રેક્ષકના ભેટો થયો. પ્રેક્ષકનું બળવાનું વર્ણન અહીં સમાપ્ત થાય છે, તેમ છતાં આના પછી સારાંશ માટે તેણે પોતાની વ્યક્તિગત યાત્રાનો વૃત્તાંત સંક્ષેપમાં આપ્યો છે. બ્રહ્માવર્તથી એલસિયાના રાજાની સુવર્ણ-તુલામાં ભાગ લઇને અયોધ્યા થઇને એ લોકો કાશી પહોંચ્યા. કાશીથી પ્રયાગ આવ્યા. ત્યાંથી ગંગાજળની કાવડ ઘેર લઇ જવાનો નિશ્ચય કરીને એક કાવડ ફરી લીધી. આ એક પ્રકારનું વ્રત છે. તેમાં પોતે જાતે પગે ચાલીને ગંગાજળ લઇ જવાનું હોય છે. તે ગંગાજળ લઇને બ્રહ્માવર્ત, ગ્વાલિયર, ઝાંસી, સાગર, કૂંચ થતા હુશંગાબાદ પહોંચ્યા. રસ્તામાં ગંગાજળના ભારથી ઘણું દુઃખ પડયું. પરંતુ પ્રેક્ષકે પોતાનું વ્રત પૂર્ણ કર્યું. હુશંગાબાદથી એ લોકો ફરી કંઇક પ્રાપ્તિની આશાએ ઇન્દોર ગયા. ઇન્દોરથી હુશંગાબાદ અને નાસિક થઇને પછી ત્રણ વર્ષ બાદ પ્રેક્ષક પોતાને ઘેર પહોંચ્યા.

(ફેબ્રુઆરી-૧૯૨૯ ના 'વિશાલ ભારત' માંથી)

૧૦૭-ઈશ્વર-પ્રસંગ

(લેખકઃ-વિધુશેખર ભટ્ટાચાર્ય એમ. એ. ના લેખનો અનુવાદ)

મારી સમજમાં ધર્મ અને ઇશ્વિર એ બે વિષયો ઉપર આજ-સુધી એટલી બધી બાબતો કહેવાઇ ગઇ છે કે જો હજાર વર્ષ સુધી આ સંબંધમાં કંઇ પણ ન કહેવામાં આવે તોપણ કંઇ નુકસાન જણાતું નથી. પહેલાં જે કંઇ કહેવાઇ ચૂક્યું છે, તેના એક સામાન્ય ભાગ ઉપર વિચાર કરવાથીજ સર્વ કંઇ થઇ શકે તેમ છે. પરંતુ મનુષ્યમાં પુનરુક્તિ કરવાની એક ઇચ્છા જોવામાં આવ્યાજ કરે છે.

મનુષ્ય અનેક પ્રકારની વાતો કહે છે, તે બધે વખતે બધી વાતોને સારી પેઠે સમજી વિચારીને અને તેનો અનુભવ કરીનેજ કહે છે એમ નથી. કોઇ કોઈ વાર તો માણસ જે બાબતમાં પોતે પણ કંઇ જાણતો સમજતો નથી, તેવી વાતો કહેવા લાગે છે; પરંતુ કોઇ કોઈ સમયે તો તે મોટે ભાગે એવીજ વાતો કહ્યા કરે છે. આ રીતે કરવાનું પરિણામ સારૂં આવશે કે ખોટું, તેનો તે જરા પણ વિચાર નથી કરતો. કોઇ ને કોઇ પ્રકારે કંઇ ને કંઇ કહેવાનુંજ તેનું કામ હોય છે; કહી દીધું એટલે બસ પત્યું. જ્યાં અંધકાર હોય છે અને બહુ ઝાંખો પ્રકાશ હોય છે, ત્યાંની ચીજો ચોખ્ખે ચોખ્ખી દેખીજ શકાતી નથી. ત્યાંની એક ચીજને ભિન્ન ભિન્ન મનુષ્યો ભિન્ન ભિન્ન રૂપે જોઇ શકે છે. કોઈ તેને ઠુંઠું ઝાડ કહે છે, કોઇ મનુષ્ય અને કોઇ

ભૂત કહે છે તથા કોઇ બીજુંજ કંઇ બતાવે છે. એવા પણ માણસો હોય છે કે જે ભૂત અથવા મનુષ્યનો નિર્ણય કરી શકતા નથી. આજ પ્રકારના બીજા પણ ઘણા લોકો હોઇ શકે છે. જો આવા બધા લોકો એક જગાએ એકઠા થઇ જાય અને તે વસ્તુને લઇને તર્ક કરવા માંડે તો તેમના તર્કના પ્રહારોથી તે સ્થાન ગુંજી ઉઠશે, યુક્તિ-ઓ અને તર્કોના પ્રવાહમાં દિશાઓ વહી જશે, પરંતુ યથાર્થ તત્ત્વનો પત્તો જરા પણ લાગશે નહિ. એવી વાત પણ નથી કે એ તાર્કિકો-માંથી કોઈ તે તત્ત્વને જાણીજ શક્યા ન હોય અથવા તો જાણવા છતાં સારી રીતે કોઇ કહી શકતા ન હોય. વાત તો એ છે કે એ પ્રમાણે હોવા છતાં પણ તર્કના વ્યૂહને ભેદીને તે તત્ત્વને ગ્રહણ કરી શકાવું અત્યંત કઠિન છે. ધર્મ અને ઇશ્વિરના સંબંધમાં એજ પ્રમાણે થયું છે. અસ્તુ. અમારી સમક્ષ હમણાં ઇશ્વરપ્રસંગ ઉપસ્થિત છે એટલે હવે તેનીજ આલોચના કરીએ.

બન્ને પક્ષો ખડા થઇને ઉભેલા છે, આજજ નહિ, અતિ-પ્રાચીન કાળથી, અહિંજ નહિ, વિદેશોમાં પણ એ પ્રમાણેજ છે. કેમકે એજ મૂળ વાત છે. એક પક્ષ કહે છે 'ઇશ્વર છે' બીજો કહે છે 'નથી.' બન્નેમાં તુમુલ યુદ્ધ જામ્યું છે; કોઇ પણ પક્ષ હઠી જાય તેવો નથી, કોઇ પણ પક્ષ કમજોર નથી. આ વિષય ઉપર જે કંઇ કહેવા કથવાનું હતું તે કહી કહીને પ્રાચીન લોકો ચાલ્યા ગયા. પરંતુ ઝગડાનો અંત આવ્યો નથી. પ્રાચીન લોકો જ્યાંથી પડતું મૂકતા ગયા હતા, ત્યાંથી નવીન માણસોએ ફરીથી અદમ્ય ઉત્સાહ સાથે યાત્રા શરૂ કરી દીધી છે; પરસ્પર યુક્તિ-તર્કોની કાપાકાપી ચાલી રહી છે, ખબર નથી કે એનો ક્યારે અંત આવશે. ઘેટાંની લડાઇની પેઠે જે જોરાવર હોય છે તે દુર્બળને હઠાવી દે છે, પરંતુ દુર્બળના હઠી ગયા પછી પણ એમ કહી શકાતું નથી કે યુદ્ધની શરૂઆતમાં દોષ કોનો હતો.

આ બધી બહારની બાબતો છે. બહારની વાતોથી ઇશ્વિરના અસ્તિત્વ અનસ્તિત્વનો નિર્ણય કરવો અસંભવિત છે. જેઓ કહે છે કે ઇશ્વિર છે, તેઓ એમ પણ કહે છે કે તર્ક દ્વારા તેની પ્રાપ્તિ થઇ શકતી નથી. આ તો પોતાના અનુભવનો વિષય છે. દૂધ, મધ, ગોળ વગેરે મીઠાં છે કે નહિ, એ વાતો વડે સમજાવવું કઠિન છે અથવા સમજાવી શકાય તેમ નથી. અથવા કોનામાં કેટલી મિઠાશ છે તે વાત હજારો વર્ષનો સમય મળવા છતાંયે સ્વયં સરસ્વતી પણ સમ-જાવી શકે તેમ નથી. તેને પોતાને જરાક ચાખીને જોવું પડશે અને ચાખીને જોવાથીજ તરત તેની ખબર પડી જશે. કેમકે એ અનુભવ-નો વિષય છે. ગોળ મીઠો છે કે કડવો, એ જાણવાને માટે જેમ તેને ચાખીને જોવાનોજ એક માત્ર ઉપાય છે, તેજ પ્રમાણે ઇશ્વર છે કે

નહિ, એ વાત જાણવાનો પણ એકમાત્ર ઉપાય અનુભવ કરીને જોવા-નોજ છે. અનુભવ કરવાનો શો ઉપાય છે? જેઓ કહે છે કે ઈશ્વર છે, તેઓજ આ પ્રશ્નનો ઉત્તર આપશે અને તેમણે આપ્યો પણ છે. જો કોઇ શ્રદ્ધાપાત્ર મનુષ્ય કહે કે હું જાતે જઇને અમુક ગામ જોઇ આવ્યો છું, તો તે તે ગામનો માર્ગ પણ જાણે છે, અને બીજાને બતાવી પણ શકે છે. તેના બતાવેલા માર્ગને છોડીને બીજે માર્ગે જવાથી જો તે ગામ ન મળે તો તેથી તે ગામજ નથી એમ માની લેવું અયોગ્ય છે. તેના બતાવેલા માર્ગે જઇને જુઓ, ગામ મળી આવ્યું તો તો ઠીકજ છે, ઝગડોજ મટી ગયો અને જો ન મળ્યું તો કહેવુંજ પડશે કે ગામ નથી.

એક વાત બીજી સમજવાની છે. એક માણસ તરસથી તરફડે છે તેને થોડું પાણી આપવામાં આવ્યું. તેણે યથાવિધિ પી લીધું, તેની તરસ છીપાઇ ગઇ. એક મનુષ્ય રોગથી પીડાથી વ્યાકુળ છે, વૈદ્યે તેને દવા આપી, રોગીએ તેનું યથાવિધિ સેવન કર્યું; તેનો રોગ શાંત થઈ ગયો નહિ. જો વાસ્તવમાં જળ અને ઔષધિ ન હોત તો તરસ્યા-ની તરસ અને રોગીનો રોગ શાંત થાત નહિ. પાણી અને ઔષધ હતાં એટલે તરસ અને રોગની શાંતિ થઇ. એજ પ્રમાણે જો મનુષ્ય વિધિપુર:સર ઈશ્વરની ઉપાસના કરે છે અને તેનામાં ઈશ્વરોપાસનાના ગુણ જેવા કે—

अद्वेष्टा सर्वभूतानां मैत्र: करुण एव च ।
निर्ममो निरहंकार: समदु:खसुख: क्षमी ॥

વગેરે (ગીતા અ૦ ૧૨ શ્લોક ૧૩ થી ૨૦)પ્રગટ થઇ જાય છે તો કહેવું જોઇએ કે ઈશ્વર છે, તેથી તેની ઉપાસનાથી ઉપાસકમાં એ ગુણોનો વિકાસ થયો છે. આવા ભક્ત દુર્લભ હોવા છતાં પણ અલભ્ય નથી.

ઈશ્વરની ઉપાસના નહિ કરવાથી શું એ ગુણો પ્રાપ્ત કરી શકાતા નથી? એ એક સ્વતંત્ર પ્રશ્ન છે. અહીં તો જે ઈશ્વરની ઉપાસના કરે છે તેનીજ બાબતમાં કહેવામાં આવ્યું છે. પરંતુ આ પ્રશ્નના ઉત્તરમાં અનેકોએ કહ્યું છે કે પ્રાપ્ત કરી શકાય છે. એક રોગની અનેક દવાઓ હોઇ શકે છે. અને સૌને માટે એક દવા ઉપયોગી પણ નથી.

(સં. ૧૯૮૯ ના 'કલ્યાણ'ના ઈશ્વરાંકમાંથી)

૧૦૮–गुप्त नास्तिकतानो विस्तार

(લેખકઃ–શ્રી. દ્વારકાપ્રસાદજી શર્માના લેખનો અનુવાદ)

'કલ્યાણ'ના સંપાદક પણ કોઇ વિલક્ષણ ભેજાના જીવ જણાય છે ! જે જમાનામાં લોકો ઇશ્વરને ઉંચે મૂકીને મનમાં ફાવે તેમ કરવા તત્પર રહે છે, જે જમાનામાં ઇશ્વર કેવળ જૂઠા સોગન લઇ જૂઠું બોલવાનાં સુરક્ષિત સાધનરૂપેજ રહેલા છે, તે જમાનામાં તેમને 'કલ્યાણ'નો 'ઇશ્વરાંક' કાઢવાનું સૂઝે છે ! તેમની અજબ અક્કલની પણ બલિહારી છે ! શું વિશેષ અંક કાઢવાનો બીજો વિષય ના મળ્યો ? તેમણે તો આજથી સેંકડો વર્ષો પૂર્વે આ અવનિમાં અવતરવું જોઇતું હતું; આ નવીન સભ્યતાના આંજી નાખનારા જમાનામાં નહિ. તેઓએ જૂના પુરાણા વિચારોનો પ્રચાર કરીને દેશની ઉન્નતિને શા સારૂ સેંકડો વર્ષ પાછી ઘસડી રહ્યા છે ?

હજુ થોડાજ દિવસની વાત છે. પ્રયાગના 'લીડર' નામના દૈનિક વર્તમાનપત્રમાં કોઇ અંગ્રેજી વર્તમાનપત્રનું અવતરણ ઉતારવામાં આવ્યું હતું. તેમાં લખ્યું હતું કે 'રશિયાની સોવિયટ સરકારે સરકારી શાળાઓમાં ભણનારાં બાળકો માટે જે નવાં પાઠ્ય પુસ્તકો રચાવ્યાં છે, તેમાં પહેલો પાઠ ઇશ્વરના અનસ્તિત્વ વિષેનો છે. પાઠમાં લખ્યું છે કે 'અકર્મણ્ય–એદી–આળસુ, બીજાઓને છેતરનારા અને સ્વાર્થી લોકોએ પોતાનું કામ સાધવા માટે ઇશ્વર નામની એક ખાસ વસ્તુની કલ્પના કરીને સમસ્ત સંસારને નુકસાનમાં ઉતારી દીધો છે. ખરી રીતે ઇશ્વર જેવી કોઇ ચીજજ નથી.' આવા ભાવોથી ભરેલાં પુસ્તકો બાળકોને ભણાવીને રશિયાની સોવિયટ સરકાર પોતાના રાજ્યના ભાવી નાગરિકોના મનમાંથી ઇશ્વરના અસ્તિત્વનો લોપ કરવા તત્પર થઇ છે. એટલુંજ નહિ પરંતુ લેખકનું કહેવું છે કે રશિયામાં વસતા આસ્તિક જર્મન ખેડૂત ઉપર એટલા માટે મોટા મોટા અત્યાચારો કરવામાં આવે છે કે જેથી તેઓ ઇશ્વરની ચર્ચા અને તેના ઉપર વિશ્વાસ રાખવાનું તજી દે. જે આસ્તિક અને ઇશ્વરનિષ્ટ જર્મન સોવિયટ સરકારની આ આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે, તેઓના સંબંધમાં કહેવાય છે કે તેમને સૈબિરિયા મોકલી દેવામાં આવે છે અને ત્યાં તેઓ ઘણા જલદીથી કાળના મુખમાં પડીને પોતાનું અસ્તિત્વ નાબુદ કરી દે છે.

આપણા દેશના એક મુખ્ય રાષ્ટ્રીય નેતા પણ પોતાના એક ભાષણમાં પોતાને એન્ટીગૉડ–અર્થાત્ ઇશ્વરવિરોધી તરીકે જાહેર કરી ચૂક્યા છે. એટલે હવે એ દિવસ દૂર નથી કે જ્યારે આ દેશના શાસનની લગામ એવા લોકોના હાથમાં આવતાંજ, એ ઉન્નતિઇચ્છુક

નેતા, આ દેશમાં પણ સોવિયટ સરકારની ઉપરોક્ત નીતિનું અનુકરણ કરીને, ઈશ્વરની વિરુદ્ધ ચળવળ ઉભી કરશે, કે જેથી આ દેશ વાતની વાતમાં ઉન્નતિના શિખરે ચઢેલો જણાવા લાગશે.

આ દેશમાં પણ ઈશ્વર વિરુદ્ધની ચળવળના શ્રીગણેશ તો મંડાઈજ ચૂકેલા જોવામાં આવે છે. લોકો કહે છે તો ખરા કે ઈશ્વર છે અને તે સર્વવ્યાપી, સર્વસાક્ષી, સર્વાન્તર્યામી અને સર્વદ્રષ્ટા પણ છે; પરંતુ વ્યવહારમાં તેઓ તે પ્રમાણે માનતા નથી.

ઈશ્વર વિષે લોકો જેટલું કહ્યા કરે છે, તેજ પ્રમાણે જો તેઓ માનતા પણ હોત અને તદનુસાર વર્તન પણ કરતા હોત તો સંસારમાં ન તો ક્યાંય પોલિસનું નામનિશાન જણાત, ન તો કોઈ રાજ્ય લાવલશ્કર રાખત અને ન તો કોઈ વકીલ બેરિસ્ટરનું નામ સંભળાત. કેમકે જ્યારે લોકો ઈશ્વરને સાચેજ સર્વવ્યાપી માનતા હોય તો પછી અપરાધ ક્યાં કરત ? લોકોની દૃષ્ટિ ભુલાવીને ચોર ઉઠાઉગીરો અને ગળાં કાપનારા શા સારૂ પોતાનાં દુઃખપ્રદ કાળાં કરતૂતોથી લોકોને ખાલીખમ કરી મૂકત ? આ પૃથ્વી ઉપર ગુન્હાઓની સંખ્યા શૂન્ય હોત. જો યથાર્થપણે ઈશ્વરને સર્વવ્યાપી માનવામાં આવતા હોત તો ઢોંગી લોકો શા સારૂ સાત કોઠાઓની અંદર બેસીને પાપકર્મ કરત ? જો ઈશ્વરને લોક સાચેજ સર્વવ્યાપી માનતા હોત તો બેઈમાન, કૃતઘ્ની અને વિશ્વાસઘાતી માણસો ભલા માણસોને શા સારૂ સતાવતા હોત અને તેમનું સર્વસ્વ ઝડપી લઈને જનતાને–લોકોને સંક્ષુબ્ધ કરતા હોત ? જો ઈશ્વરને વાસ્તવ સ્વરૂપે સર્વવ્યાપી માનવામાં આવ્યા હોત તો હેમાદ્રી આદિ મોટાં મોટાં પ્રાયશ્ચિત્ત–વિધાયક પોથાંની રચના શા સારૂ કરવામાં આવત ? જો લોકો જેવું મોંએ બોલે છે, તેજ પ્રમાણે સમજતા અને કરતા હોત તો ભારતવર્ષમાં અદ્યતન હિંદનો પુનિત પ્રાદુર્ભાવ શા સારૂ થાત ? લોકો જો ઈશ્વરને સર્વવ્યાપી સમજીને સંસારયાત્રામાં પ્રવૃત્ત થાત તો વૈદિકોના સંધ્યોપાસનમાં આચમન મંત્રની આવશ્યયતાજ શી હતી ? ખ્રિસ્તીઓને શા સારૂ રાતદિવસ અપરાધોની ક્ષમા કરાવવાની ચિંતામાં ડૂબવું પડત, મુસલમાન શા સારૂ તોબાહ તોબાહની ચીસો પાડત ?

આપણી સમક્ષ ઈશ્વર સર્વવ્યાપી, સર્વસાક્ષી, સર્વદ્રષ્ટા અને સર્વાન્તર્યામી છે કે નહિ એ પ્રશ્ન નથી. પ્રશ્ન તો એ છે કે જે લોકો ઈશ્વરને ઉપરોકત ગુણોવાળા માને છે, તેઓ પોતે પોતાના મતને અનુકૂળ આચરણ કરે છે કે નહિ ?

હમેશાં જોવામાં તો એ આવે છે કે ઈશ્વરને ઉપરોકત ગુણોવાળા કહેતાં છતાં પણ તેઓ વર્તનમાં તો ઉક્ત ગુણોનું માત્ર ખંડનજ નથી કરી રહ્યા પરંતુ તેઓ તો ઈશ્વરના અસ્તિત્વ સુદ્ધાંને

પણ મરડી મચડી રહ્યા છે. અમારી સમજમાં તો એવા લોકોથી તો પેલા લોકો ક્યાંય દૃઢ વિચારના છે કે જેઓ ઉર્દુ ભાષાના કવિની આ ઉક્તિ અનુસાર વ્યવહાર કરે છે.

પિયે મૈં આશકારા હમકો કિસકી સાકિયા ચોરી;
ખુદાકી ગર નહીં ચોરી તો ફિર બંદેકી કયા ચોરી.

અર્થાત્ અમે દરેક કાર્ય ખુલ્લે ખુલ્લા કરીશું, સમાજ ભલેને અમારાં કાર્યોને ખરાબ માન્યા કરે. જ્યારે આપણને ઈશ્વરનો પણ ડર નથી તો પછી આપણે તેના બંદા યાને ઈન્સાનથી શા સારૂ ડરીએ?

જો કે તેમનું આ કથન ઈશ્વરની સરકાર પ્રત્યે એક પ્રકારનો સવિનય અનાદરજ છે, છતાં પણ તેમાં દંભ, પાખંડનો લેશ પણ ન હોવાથી એ તિરસ્કારની ચીજ નથી. હા, એ ઉદ્દંડતા અને નિર્દયતા અવશ્ય છે.

ઈશ્વરના સર્વસાક્ષિત્વને માનનારા લોકો જ્યારે જાણી બુઝીને જીવતી માખી ગળી જાય છે, હોઠ બકી બકીને સર્વથા મિથ્યા ભાષણ કરતાં શરમાતા નથી અને 'રામ રામ જપના, પરાયા માલ અપના' અર્થાત્ રામનું નામ જપવું અને પારકો માલ પોતાનો બનાવી લેવાને માટે અનેક પ્રકારનાં છળકપટ રચ્યા કરે છે; જ્યારે લોકો પોતાના ઉપકારકર્તાનું પણ અનિષ્ટ કરતાં લાજતા નથી; જ્યારે એવા માણસો મોટા ઘરડાઓની પાઘડી ઉતારતાં પણ અચકાતા નથી; જ્યારે અદાલતમાં જઈને અને 'ઈશ્વરને હાજરા હજુર' કહીને જૂઠ સિવાય એક શબ્દ પણ સાચો નથી બોલતા, જ્યારે આ પાપી પેટમાં રોટલીના બે ટુકડા નાખનારના કહેવાથી લોકો મોટા મોટા આબરૂવાળાઓને બેઆબરૂ કરી નાખે છે, જ્યારે માત્ર બે ચાર રૂપિયા મેળવવાની આશાએ લોકો ખરાબમાં ખરાબ માણસની પ્રશંસા કરીને ઈન્દ્રાસન ઉપર બેસવા યોગ્ય બતાવે છે; ત્યારે કહેવું પડે છે કે એવા આસ્તિકો કરતાં પેલા નાસ્તિકો લાખ દરજ્જે સારા છે, કે જેઓ કોઈપણ પ્રકારના પોતાને માન્ય એવા સિદ્ધાન્તને દૃઢતાપૂર્વક વળગી તો રહે છે.

ભલેને કોઈ ઈશ્વરભક્ત કહેવાવાનો ડોળ કરે, પરંતુ જો તે ત્રીસ રૂપિયે મણના ભાવની ચરબી ઘીમાં ભેળવીને તેને પંચોતેર રૂપિયે મણના દરે વેચે તો તેને અમે કદી પણ ઈશ્વરને સર્વદ્રષ્ટા અથવા સર્વ કર્મના સાક્ષી માનનાર નહિ કહીએ. જે પોતાને મહાપંડિત દેખાડે છે અને લઈને પાછું આપવાની વાત જાણતો નથી બલકે '**ऋणं कृत्वा घृतं पिवेत्**' ના હલકા સિદ્ધાન્ત ઉપર રાતદિવસ ચાલે છે, તેને અમે કદી પણ ઈશ્વરને માનનાર આસ્તિક

નહિ કહીએ. અમારી સમજ પ્રમાણે તો એવા લોકોએ ઇશ્વરનું નામ લેવું એજ ઇશ્વરનું અપમાન કરવા જેવું છે.

જ્યારે ત્રણચતુર્થાંશથી પણ વધારે લોકો ઇશ્વરને અને તેમના સર્વાન્તર્યામીપણાને માને છે, છતાં પણ સંસારમાં પાપોની સંખ્યામાં ઉત્તરોત્તર વૃદ્ધિ થાય એ શું સિદ્ધ કરે છે ? એજ કે આ સંસારમાં સાચા આસ્તિકો કરતાં ગુપ્ત નાસ્તિકોની સંખ્યા સૌથી વધારે છે. એજ કારણે આજે આ સંસારમાં સર્વત્ર અશાંતિ દારિદ્ર, ચિંતા, રોગ અને શોકાદિનું અટલ સામ્રાજ્ય જામેલું છે. વળી જે માણસોના મનમાં રાતદિવસ કામક્રોધાદિ છ ભયંકર શત્રુઓ અડ્ડો જમાવીને બેઠેલા છે, તેઓ શું પોતાની પાપ–કલુષિત જીભથી તે ન્યાયી, દયાળુ અને ભક્તવત્સલ ભગવાનનું પવિત્ર નામ લેવા યોગ્ય છે ?

વેદ, દર્શન, ઇતિહાસ અને પુરાણ બૂમો મારી મારીને ઇશ્વરના અસ્તિત્વની ઘોષણા કરી રહ્યાં છે. એટલુંજ નહિ પરંતુ સાક્ષાત્ ઇશ્વર પણ પોતાના અસ્તિત્વને પોતેજ કેટલીયે વાર પ્રત્યક્ષ પ્રમાણિત કરી ચૂક્યા છે. તોપણ સૃષ્ટિના આદિથી તે આજસુધી મોટાભાગના સાંસારિક જીવોની પ્રવૃત્તિમાં તલમાત્ર ફેર પડ્યો નથી. વિવેકશીલ જનોને તો ઇશ્વરનું અસ્તિત્વ ત્યારેજ સફળ થયેલું જણાશે કે જ્યારે સંસારમાંથી પાપોની સંખ્યા ઓછી થશે. 'કલ્યાણ'ના સંચાલકોનો ઇશ્વરાંક કાઢવો પણ ત્યારેજ સફળ થશે કે જ્યારે ઇશ્વરને માનનારા પરસ્પર શાંતિ અને બંધુભાવથી રહેવા લાગશે અને પાપકર્મોથી વિરત થઇ પ્રાણીમાત્રને માટે સુખદાયી સિદ્ધ થશે.

(સં. ૧૯૮૯ ના 'કલ્યાણ' ના ઇશ્વરાંકમાંથી)



૧૦૯-શ્રીભગવાન અને તેમની પ્રાપ્તિના ઉપાય

(લેખકઃ-પં. શ્રી. ભૂપેન્દ્રનાથ સાન્યાલના લેખનો અનુવાદ)

અમે અલ્પબુદ્ધિ પ્રાણીઓ ઇશ્વરના અસ્તિત્વ સંબંધમાં શું પ્રમાણ રજુ કરીએ? અમારા જેવા ઇન્દ્રિયભક્ત મનુષ્યોની વાતો અને યુક્તિઓનું મૂલ્યજ શું છે? અને લૌકિક યુક્તિઓદ્વારા આજ સુધી તેમને સિદ્ધજ કોણ કરી શક્યું છે? ધ્યાનનિષ્ઠ જ્ઞાની અને નિત્ય સમર્પણ કરી બેઠેલા ભક્તના અચળ હૃદયસિંહાસન ઉપર તેઓ સદાયે વિરાજમાન રહે છે; અને આનું શું પ્રમાણ આપીએ?

ભગવાનના અસ્તિત્વનાં આપણે પ્રમાણ રજુ કરીએ એ એક પ્રકારે પાગલનો પ્રલાપજ સમજવો જોઇએ. સૂર્યને જોવા માટે જેમ દીવાની આવશ્યકતા નથી હોતી, તેજ પ્રમાણે ઇશ્વરના અસ્તિ-ત્વને સિદ્ધ કરવામાં પણ અન્ય પ્રમાણોની આવશ્યકતા નથી. ભક્ત અને જ્ઞાનીઓના સ્વાનુભવ અને સંપૂર્ણ જ્ઞાનની ખાણ, સાક્ષાત્ ઇશ્વરવાણી ભગવતી શ્રુતિજ તેમના અસ્તિત્વનાં સર્વોત્તમ અને પ્રબળ પ્રમાણ છે. જેઓ શ્રુતિનાં પ્રમાણને નથી માનતા, તેમને અમારે કંઇ પણ કહેવાનું નથી. હું યથાશક્ય શ્રુતિનાં પ્રમાણ, કંઇક લૌકિક યુક્તિ અને યત્કિંચિત્ મારા પોતાના અનુભવના આધારેજ આ નિબંધ લખવા ઇચ્છું છું. આશા છે કે ભગવદ્‌ભક્ત મહાપુરુષો મારી આ ધૃષ્ટતા પ્રત્યે ક્ષમાદૃષ્ટ રાખશે.

ભગવાનમાં સઘળા લોકો વિશ્વાસ રાખી શકે છે અથવા રાખશે એ કોઇ પણ પ્રકારે સંભવિત નથી. મહર્ષિ નારદે પોતાના ભક્તિ-સૂત્રમાં કહ્યું છે કે-**'सा कस्मै परमप्रेमरूपा'**

અત્રે **'किं'** શબ્દનો પ્રયોગ કરીને મહાપુરુષો સમજાવે છે કે જે **'किं'** શબ્દવાચ્ય છે, તેમનાજ ઉપર આપણે કરવો પડશે. આ **'किं'** શબ્દનો અર્થ એ છે કે ભગવાન્ હમેશાં પ્રશ્ન પૂછવા યોગ્ય છે? અર્થાત્ જેમના સંબંધમાં કેટલાયે લોકો કેટલીયે વાતો કહે છે, આજસુધી કેટલાયે પ્રશ્નો પૂછાઇ ચૂક્યા છે અને કેટલાયે બુદ્ધિમાન પુરુષોએ તેમના કેટલાયે પ્રકારે ઉત્તમ-ઉત્તમ ઉત્તરો આપ્યા છે, તથાપિ માનવહૃદયના આ પુરાતન પ્રશ્નના વિષયમાં શંકાહીન, સંદેહહીન, સૌને માટે ગ્રહણ કરવા યોગ્ય અને સૌને સંતોષપ્રદ સદુત્તરો હજુ સુધી કોઇપણ આપી શક્યું નથી. તેથી જ્યારે જ્યારે આ પ્રશ્નની મીમાંસા થઇ છે, ત્યારે ત્યારેજ કેટલાક સમય પછી ફરીથી શંકાઓનો ઢગલો થઇ ગયો છે અને એજ પ્રશ્ન કંઇક નવીન રૂપમાં ફરીથી સામે આવ્યો છે. નચિકેતાને યમરાજે કહ્યું—

देवैरत्रापि विचिकित्सितं पुरा नहि सुविज्ञेयमणुरेष धर्मः।
(कठोपनिषद्)

પહેલાં દેવતાઓને પણ આત્માના (ઈશ્વરના) અસ્તિત્વમાં સંદેહ થયો હતો, કારણ કે આ વિષય '**न सुविज्ञेयम्**' છે. સહેજે જાણી શકાય તેવો નથી. કેમકે જગતને ધારણ કરનાર આ આત્મા '**अणु**' સૂક્ષ્મ ચિંતનથી પણ અગમ્ય છે.

આથી કહેવામાં આવે કે, બધા લોકો ભગવાનમાં વિશ્વાસ રાખતા નથી, તે કોઇની પાસેથી કંઇક સાંભળીને યા યુક્તિઓનો સંગ્રહ કરીને એમ કરે છે, એવી વાત નથી. જનનીનો અનિર્વચનીય સ્નેહ બાળકના હૃદયને કોણ જાણે શુંયે સમજાવી દે છે કે જેને તે બતાવી શકતું નથી, પરંતુ તે પોતાના પ્રાણોમાં કોઇ અવ્યક્ત આકર્ષણનો અનુભવ કરે છે, તેનીજ પ્રેરણાથી તે માતાને 'મા, મા' કહીને પોકારે છે અને અસીમ શ્રદ્ધાપૂર્વક ઉછળીને માના ખોળામાં જઇને બેસી જાય છે. આજ પ્રમાણે યુક્તિઓને આધારે ભગવાન ઉપર નથી તો કોઇ કદી વિશ્વાસ કરી શકતું તેમજ તેનામાં નથી તો પ્રેમ પણ કરી શકતું.

ભગવાનની વિશ્વમોહિની શક્તિ યા બંસરી, ભક્તના પ્રાણોમાં કોણ જાણે કેવુંયે સંગીત સંભળાવે છે, કે ભક્ત સદાને માટે તેની ચરણ-રજનો ભિખારી બની જાય છે. વળી તેને કોઇ પણ યુક્તિદ્વારા તે માર્ગમાંથી ખસેડી શકાતો નથી. પ્રભુના આકર્ષણમાં એટલું બધું અપાર બળ છે. જો એમ કહેવાય કે ભગવાન તો સર્વાન્તર્યામી, સર્વવ્યાપી અને બધાના આત્મા છે તો પછી તેઓ વીણી વીણીને કેવળ પોતાના ભક્તોનેજ બંસરીના મધુર સ્વર શા માટે સંભળાવે છે? બીજાઓ તે કેમ સાંભળી શકતા નથી? આના ઉત્તરમાં ભગવાન પોતેજ ગીતામાં કહે છે કે—

समोऽहं सर्वभूतेषु न मे द्वेष्योऽस्ति न प्रियः।
ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम् ॥
(गीता ९, २९)

જો ભક્તનેજ મોક્ષની પ્રાપ્તિ થાય છે, અભક્તને નહિ, તો એથી શું ભગવાનમાં વૈષમ્ય-દોષ આવે છે? તેના ઉત્તરમાં કહે છે કે-'હું સર્વ ભૂતોમાં સમાન છું, મારૂં કોઇ શત્રુ-મિત્ર નથી, પરંતુ જે મને ભક્તિપૂર્વક ભજે છે, તેઓ મારામાં રહે છે અને હું તેમનામાં રહું છું.'

જેમ અગ્નિની પાસે રહેનાર પુરુષનો અંધકાર અને ઠંડી અગ્નિની સ્વાભાવિક શક્તિથી દૂર થઈ જાય છે, તેજ પ્રકારે પાપી કે પુણ્યાત્મા, જે કોઇ પણ, ભગવાનને ભજે છે, તેજ તેમના મહિમાને જાણે છે અને તેજ શાંતિ પામે છે.

પુત્ર જેમ માતા ઉપર સ્વાભાવિક રીતે પ્રેમ કરે છે, પત્ની જેમ પોતાના પ્રિયતમ પતિ ઉપર સ્વાભાવિક પ્રેમ કરે છે, કૂતરૂં

જેમ પોતાના અન્નદાતા (સ્વામી) ઉપર વિશ્વાસ રાખે છે, તેનાથી કેટલાયેગણો વધારે પ્રેમ અને વિશ્વાસ ભક્ત ભગવાન ઉપર રાખે છે.

જે નિરાકાર, નિર્વિકાર અને કોણ જાણે શું શું છે; જેને શોધતાં શોધતાં બુદ્ધિ થાકી જાય છે; યુગયુગાન્તરોથી કેટલાય લોકોનાં મનોએ તેની કેટલીયે શોધખોળ કરી, પરંતુ કોઇ તેનો પાર પામી શક્યું નથી-એવી એ અચિંત્ય વસ્તુ પણ મળી શકે છે, એ અગમ્ય તત્ત્વનો પણ પત્તો લાગી શકે છે. પરંતુ ક્યાં ?

'હરિ કે કોમલ પદ-કમળ હરિ-જન હિયમેં પેખી.'

ભક્તને જોઇનેજ અભક્ત અજ્ઞાનીને ભગવાનમાં વિશ્વાસ ઉત્પન્ન થાય છે. જાણે તેને કંઇક પ્રત્યક્ષ અનુભવ જેવું થવા લાગે છે, જાણે કોઇ અચિંત્ય વસ્તુ તેની નજર સમક્ષ આવી ગઈ છે. ભગવત-પ્રેમમાં મસ્ત બનેલા શ્રીમન નિત્યાનંદ પ્રભુને જોઇને જન્મો-જન્મનાં પાપ-કલુષિત ચિત્તવાળા મહાપાપી જગાઇની પાપવૃત્તિ શાંત થઇ ગઇ. હમેશના મહાવરાના વિષયોથી જાણે તે સર્વથા દૂર ખસી ગયો. એજ સાધુસંગનો મહિમા છે. પછી તેણે જ્યારે ભક્તા-વતાર શ્રી ચૈતન્યચંદ્રનાં પ્રેમપૂર્ણ નેત્રો તરફ જોયું, જ્યારે શ્રી-ચૈતન્યદેવના શરીરનો સ્પર્શ કરીને આવતા વાયુની લહેરો જગાઇ માધાઇના શરીરમાં લાગી, ત્યારે તરતજ એક વિદ્યુતની ક્રિયા જેવું થઇ ગયું, બન્ને ભાઇઓ અત્યાર સુધી નહિ ચાખેલા એવા અપૂર્વ ભગવત્પ્રેમમાં પૂરેપુરા નિમગ્ન થઇ ગયા. તેમની કુ-પ્રવૃત્તિ સદાને માટે શાંત થઇ ગઇ. જેઓ ભૂલ્યા ચૂક્યા પણ ભગવાનને યાદ કરતા નહોતા, તેઓજ ભગવાનની પ્રાપ્તિ માટે આકુળવ્યાકુળ થઇ ઉઠ્યા. ભગવદ્‌ભક્તોના સંગનો એવો તો મહિમા છે:

'यदैव सत्संगः तदैव सद्गतौ परावरेशे त्वयि जायते रतिः ।
(श्रीमद्‌भागवत)

ભક્ત પણ પોતાના બળથી ભગવાનને પકડી શકતો નથી. આ બળનો ત્યાગ કરવાની તો ભગવાને આજ્ઞા કરી છે. ભગવાન પોતેજ ભક્તની સમીપ આવીને તેની ભુજાઓમાં બંધાઇ જાય છે. ભગવાનનું શરણ ગ્રહણ કરવાનો અને તેમને ભજવાનો આજ મહિમા છે. જે ભગવાનમાં વિશ્વાસ નથી કરતા, તેઓ તેના ભજન-માં પણ કદી લાગી શકતા નથી. ભજન વિના કેવળ બુદ્ધિવાદથી કોઇ પણ માણસ ભગવાનના અપાર મહિમાનો પત્તો મેળવી શકતો નથી. ભગવાનનું મહત્ત્વ સમજ્યા વિના, તેમનાં ચરણોમાં પોતાને સર્વભાવે અર્પણ કર્યા વિના, મનુષ્યજન્મજ નિષ્ફળ થઇ જાય છે. શ્રુતિ કહે છે કે—

इह चेदवेदीदथ सत्यमस्ति न चेदिहावेदीन्महती विनष्टिः ।
(केन० २, ५)

આ લોકમાં જો એ સત્યસ્વરૂપ પરમાત્માનો પત્તો લાગી શકે અથવા તેમને જાણી શકાય તો '**सत्यमस्ति**' જીવનની સફળતા થાય છે. આ લોકમાં જો તેમને જાણી શકાયા નહિ તો '**महती विनष्टि**' —મહાન અનિષ્ટ થઇ જાય! મહાનાશ થઈ જાય!! કેમકે એ આનંદની પ્રાપ્તિને માટે લોકો સેંકડો-હજારો પ્રયત્નો કરવા છતાં કોઈ પણ પ્રકારે તે પરમાનંદસ્વરૂપનો પત્તો મેળવી શકતા નથી. જો મનુષ્યને કોઈ પણ ઉપાયે તેનો પત્તો લાગી જાય, જો તે પેલા પરમાનંદના અંતરહિત, અનાદિ ઝરણાની નિકટમાં પહોંચી જાય, તો પછી તેના આનંદની હદ રહેતી નથી. તે જન્મ-મરણ, શોક રોગ, ટાઢ તડકો અને ભાવ-અભાવના નિત્ય નિરંતરના સંતાપોથી-સમસ્ત દુઃખોથી સદાને માટે મુક્ત થઇ જાય છે. શ્રુતિ કહે છે કે—

भूतेषु भूतेषु विचिन्त्य धीराः प्रेत्यास्माल्लोकादमृता भवन्ति ॥
(केन० २, ६)

પછી તે પરમભક્ત ધીર જ્ઞાનીજન સર્વ ભૂતોમાં તે પરમાત્માની પ્રાપ્તિ કરી શકે છે. આ પ્રકારે અનુભવ કરનારા ધીર પુરુષજ આ લોકમાંથી ગમન કરીને બ્રહ્મપદને પ્રાપ્ત કરે છે.

ભક્ત જેમ ભગવાનને માટે ગાંડો થઈ જાય છે, તેજ પ્રકારે ભગવાન પણ પોતાની સ્વાભાવિક ભક્ત-વત્સલતામાં ચૂકતા નથી. માતા યશોદા ઘણા પ્રયત્ને પણ જ્યારે પોતાના ગોપાલ કૃષ્ણને પકડી શક્યાં નહિ, ત્યારે માતાને પરિશ્રમથી થાકેલાં અને દુઃખી થયેલાં જોઇને શ્યામસુંદર જાતેજ આવીને તેમની દોરી વડે બંધાઇ ગયા! ધન્ય છે!

"જિન બાંધ્યો સુર અસુર નાગ નર પ્રબલ કર્મકી ડોરી;
સોઇ અવિચ્છિન્ન બ્રહ્મ યસુમતિ હઠિ બાંધ્યો સકત ન છોરી."

કોટિ-કોટિ બ્રહ્માંડ જેનાં ચરણ-કમળોમાં ધૂળનાં રજકણો પેઠે નાચતાં રહે છે, તેઓ જો પોતાની ઇચ્છાથી ન પકડાય, તો તેમને કોણ પકડી શકે તેમ છે? આતુર ભક્તની સમીપ આવીને ભગવાન પોતેજ પોતાને પકડાવી દે છે. ભક્ત, ભક્તિપ્રિય માધવને ભગવત્કૃપાથી પ્રાપ્ત થયેલી ભક્તિના બળ વડેજ પકડી શકે છે. જેની પાસે ભક્તિનું આ બળ નથી, તે કેવી રીતે ભગવાનનું સાન્નિધ્ય પ્રાપ્ત કરી શકે? અને તેમનું સાન્નિધ્ય પ્રાપ્ત થયા વિના તે કેવી રીતે તેમના ઉપર પરમ વિશ્વાસ રાખી શકે? તેથી મારા જેવા પ્રાકૃત મનુષ્યો જો ભગવાનમાં વિશ્વાસ રાખી શકે નહિ તો એ લોકોને બહુ દોષ દઇ શકાય નહિ.

આપણામાં સામાન્યભાવે જે યત્કિંચિત્ ભગવદ્વિશ્વાસ છે, તેમાં વાસ્તવિક વિશ્વાસની તો ગંધ સરખી પણ નથી. ભગવદ્-વિશ્વાસ એ એક અપૂર્વ વસ્તુ છે; તે અપ્રાકૃત, અમૂલ્ય સંપત્તિ છે, તેનો ઉદય થતાંજ જીવ કૃતકૃત્ય થઈ જાય છે અને તેના ભવનાં

બંધન તૂટી જાય છે.

'यं लब्ध्वा चापरं लाभं मन्यते नाधिकं ततः ।'

(गीता ६, २२)

ભક્ત પ્રલ્હાદનામાં એ વિશ્વાસની કેવી અપૂર્વ શોભા-કેવા અપૂર્વ માધુર્ય નો વિકાસ થયો હતો ! ત્યારે તો તેને સમુદ્રમાં ડૂબવામાં અને અત્યુચ્ચ ગિરિશિખરેથી ગબડવામાં સહેજ પણ ભય લાગ્યો ન હતો. મસ્ત બનેલા હાથીના પગ તળે કચરાવાની વાત પણ તેના મનમાં કોઇપણ પ્રકારની જરા પણ શંકા ઉત્પન્ન કરી શકી નહિ. આનું કારણ એજ હતું કે પ્રલ્હાદ ભગવાનના અભય મુખારવિંદનાં દર્શન કરીને સદાને માટે ભયથી મુક્ત થઈ ગયો હતો. દુષ્ટ હિરણ્યકશિપુએ જ્યારે પ્રહ્લાદને સામેનો સ્થંભ દેખાડીને કહ્યું કે 'શું તારો ભગવાન આ સ્થંભમાં પણ છે?' ત્યારે પ્રહ્લાદે નિશ્ચળચિત્તે જવાબ આપ્યો કે-'હા, છે. તેઓ સર્વત્ર છે; આ સ્થંભમાં પણ અવશ્ય છે જ.' એજ ભકતના શુદ્ધ ભાવથી ભરેલા ચિત્તનો અપૂર્વ વિશ્વાસ છે. આવું ચિત્ત મળ્યા વિના શું કોઇને ભગવાનનાં દર્શન થઇ શકે? આ યુક્તિ નથી, આ તો ભકતની પ્રત્યક્ષ કરેલી વાતચીત છે.

'येन सर्वमिदं ततम्'

ભગવાન પણ શરણાગતવત્સલ છે. જે તેમને શરણે જાય છે, તેના ઉપર તેઓ કૃપા કરે છે; અથવા તે તેમની નિત્ય હાજરાહજુર અસીમ કૃપાના સ્પર્શનો પોતાના હૃદયમાં અનુભવ કરે છે. સકામ, આર્ત્ત, અર્થાર્થી ભક્ત ઉપર પણ ભગવાન કૃપા કરે છે, ત્યારે જેની ભક્તિ ફ્ળેચ્છાથી રહિત છે, તેનું તો કહેવુંજ શું ?

એકવસ્ત્રા નિઃસહાય સતી દ્રાપદી સભાની અંદર નગ્ન કરવાથી ઉપજતા ભયાનક ભય અને શરમના આવેશમાં આવી જઇને જ્યારે આતુર સ્વરે ખરા અંતરથી ભગવાનને પોકારવા લાગી ત્યારે ભગવાન શું તેના પોકારને સાંભળીને ત્યાં આવ્યા વિના ક્ષણભર પણ રહી શકયા હતા ? આશ્ચર્યમય બનાવ બન્યો. ભગવાનનો ત્યાં વસ્ત્રાવતાર થયો. સભામાં બધા લોકો સ્તબ્ધ થઇ ગયા અને આશ્ચર્યમાં લીન થઇ ગયા. ભયથી દુઃખી થયેલીના ભયને દૂર કરનારનું-ભયભંજનનું અદ્દભુત દશ્ય જોઇને ભકતોનું ચિત્ત ભગવાનને માટે રડી ઉઠયું ! તેમ છતાંયે અવિશ્વાસી દુર્યોધન પોતાની આંખો સમક્ષ આશ્ચર્યકારક બનાવને જોવા છતાં પણ વિશ્વાસ રાખી શકયો નહિ, તેને આ દશ્ય જરા પણ હલાવી શકયું નહિ. આ પ્રમાણે કેમ બન્યું ? ઈશ્વરમાં તેને જરા પણ વિશ્વાસ કેમ ન બેઠો ? કારણ એ છે કે તે અહંકારી અને અભિમાની હોવાથી અનધિકારી હતો, તે પોતે પોતાનેજ મોટો માનતો હતો. તેનું હૃદય અંધકારથી છવાયેલું અને સર્વત્ર ઘેરાયલું હતું. તેના આવા હૃદયમાં ભગવાનના પ્રકાશને માટે સ્થાન

ક્યાં હતું? આથીજ ભગવત્શક્તિ સર્વત્ર પ્રગટ થવા છતાં પણ ત્યાં પ્રગટ થઈ નહિ.

બહારની યુક્તિ અને તર્કો દ્વારા જે ભગવાનના અસ્તિત્વનું નિરૂપણ કરવામાં આવે છે તે કેવળ બાહ્ય-વાણીનો વિલાસમાત્રજ છે, તેથી ભગવાનનું જ્ઞાન થઈ શકતું નથી. તે તો મનના સ્વધામમાં સંતાયલા પોતાના આંતરિક સ્થાનનું રહસ્ય છે; બધાની સમક્ષ કહેવા-સંભળાવવાની વાત નથી.

ઘણા દિવસોના પ્રવાસમાંથી આવેલા પતિની સાથે સ્ત્રીનો જે પરસ્પર ગુહ્ય પ્રેમાલાપ થાય છે, તેની ભાષાના અને તેના ભાવના રહસ્યને, તેની કરુણ રાગિણીના અસ્પષ્ટ સ્વરને જાણવાનો અધિકાર શું કોઈ બહારના મનુષ્યને હોય છે? એજ પ્રકારે ભગવદ્-જ્ઞાનનો, તેના અસ્તિત્વનો અને ભક્તહૃદયમાં રહેલા ભગવાનના સૌંદર્યની મધુરતાનો અને લીલાસ્વાદનો ભક્તના હૃદયમાંજ અનુભવ કરી શકાય છે; અમે અભક્ત તેના સ્વાદને શું સમજીએ? અને તેનું કેવી રીતે વર્ણન કરીએ?

ખ્રિસ્તીઓના 'ઇશુનું અનુકરણ' નામના ગ્રંથમાં લખ્યું છે કે—

"શબ્દસમૂહથી આત્માને સંતોષ નથી થતો, પવિત્ર જીવનથી હમેશાં સુખનો રસાસ્વાદ મળે છે. ઇશ્વરી રાજ્યમાં શબ્દોનું મહત્ત્વ નથી.'

ભગવાનને જાણવા માટે ચરિત્રની શુદ્ધિ અત્યંત આવશ્યક છે. ચરિત્ર વિશુદ્ધ થયા સિવાય કોઇ પણ માણસ નથી તો તેને ઓળખી શકતો કે નથી તો તેને દેખી શકતો. વિષયલોલુપ ચંચળ ચિત્તથી આત્મદર્શન થતું નથી. સ્થિરચિત્ત થવાથીજ આત્મસાક્ષાત્કાર થાય છે. સ્થિરચિત્ત થયા સિવાય હજારો વાર શોધ કરવા છતાં અને સેંકડો ગ્રંથો વાંચવા છતાં પણ ભગવાનના અસ્તિત્વનો પત્તો લાગવો ઘણોજ કઠિન છે. ભગવાનના દર્શનને માટે જેના મનમાં અત્યંત તીવ્ર આકર્ષણ થાય છે, જે પેલા નચિકેતાની પેઠેજ વિષયોની ક્ષણ-ભંગુરતા અને અનિત્યતાને જોઇને વિષયો તરફ જોતા પણ નથી, જેને પ્રાપ્ત કર્યા પછી જીવનયાત્રા સદાને માટે સમાપ્ત થઇ જાય છે અને મનુષ્યદેહ ધારણ કરેલો સફળ બની જાય છે, તે પરમ પદની પ્રાપ્તિને માટેજ આતુર થઇને કેવળ તેનેજ ઇચ્છે છે, તેના સિવાય બીજું કંઇ પણ ઇચ્છતો નથી. આ ભાવ તર્ક અને યુક્તિઓની મદદથી ઉત્પન્ન થાય તેવો નથી—'**नैषा तर्केण मतिरापनेया**' આ બ્રહ્મવિષયક બુદ્ધિ તર્ક દ્વારા પ્રાપ્ત થતી નથી. વિષયોમાં ડૂબેલા ચિત્તદ્વારા અમારામાં-થી કોઇ પણ એ ગૂઢતમ ભગવત્સ્વરૂપનું તત્ત્વ જાણી શકતા નથી. તે એટલો બધો સૂક્ષ્મ છે અને તેથી તે આટલો બધો દૂર દૂર જણાય છે.

श्रवणायापि बहुभिर्यो न लभ्यः शृण्वन्तोऽपि बहवो यं न विद्युः।
आश्चर्यो वक्ता कुशलोऽस्य लब्धाऽऽश्चर्यो ज्ञाता कुशलानुशिष्टः॥

(कठ० १, २,७)

સંસારમાં મોટા ભાગના લોક તો એવા છે કે જેઓ આ આત્મજ્ઞાન અથવા પરમેશ્વર સંબંધી વાતોને સાંભળવાનોજ સુયોગ પામી શકતા નથી. કોઇ શ્રવણનો સુયોગ પામવા છતાં પણ આ આત્મસ્વરૂપને યથાર્થરૂપે જાણી શકતા નથી. આ આત્મજ્ઞાન-પરમેશ્વર સંબંધી જ્ઞાનના ઉપદેશક પણ દુર્લભ છે, તેના જાણકાર શ્રોતા પણ દુર્લભ છે અને એજ પ્રકારે આત્મજ્ઞાની પુરુષ દ્વારા ઉપદેશ પામેલા જ્ઞાતા પુરુષ પણ દુર્લભ છે. વળી ગમે તે માણસને આ આત્મતત્ત્વ સાંભળવા છતાં પણ કોઇ ફળ પ્રાપ્ત થતું નથી. વિવેકહીન સાધારણ મનુષ્યદ્વારા કરવામાં આવેલા પરમતત્ત્વના ઉપદેશથી આત્મજ્ઞાનનો વિકાસ થતો નથી.

न नरेणावरेण प्रोक्त एष सुविज्ञेयो बहुधा चिन्त्यमानः।
(कठ० १, २, ८)

આ આત્માના સંબંધમાં અનેક પ્રકારના મત છે. કોઇ કહે છે કે ભગવાન છે, કોઇ કહે છે કે નથી. કોઇ તેને કર્તા, કોઇ અકર્તા, કોઇ સાકાર, કોઇ નિરાકાર, કોઈ ન્યાયી અને કોઇ દયાળુ, આ પ્રકારે ભગવાનના સંબંધમાં અનેક લોક અનેક પ્રકારના ભાવ રાખે છે. અમારા ઇંદ્રિયગ્રાહ્ય જ્ઞાન અને વિચારથી તે અતીન્દ્રિય પરમાત્માનું યથાર્થ જ્ઞાન થઈ શકતું નથી. લોકો પોતાની ભાવના અનુસારજ ભગવાનની કલ્પના કરી લે છે.

પરંતુ તે અદ્વિતીય દેવ સર્વ ભૂતોના અંતરમાં ગૂઢરૂપે રહેલા છે, તે સર્વવ્યાપી અને સર્વ ભૂતોના અંતરાત્મા છે, તે બધાનાં, સર્વ કર્મોના સાક્ષી હોવા છતાં પણ નિર્ગુણ છે-અર્થાત્ કોઈ પણ ગુણ તેમને બાંધી શકતો નથી.

एको देवः सर्वभूतेषु गूढः सर्वव्यापी सर्वभूतान्तरात्मा।
कर्माध्यक्षः सर्वभूताधिवासः साक्षी चेता केवलो निर्गुणश्च॥
(श्वेताश्वतर० ६, ११)

એ ભગવાનને જાણવા માટે તેમનું શરણ લેવું જોઇએ. સ્વયં શ્રીભગવાન આજ્ઞા કરે છે કે—

तमेव शरणं गच्छ सर्वभावेन भारत।
तत्प्रसादात्परां शान्तिं स्थानं प्राप्स्यसि शाश्वतम्॥
(गीता १८,६२)

આ આત્મસમર્પણ દ્વારા ભગવાને કહેલા સાધનમાં યોજાવાથી શરણાગત સાધકને ભગવાન સ્વયં પોતાના સ્વરૂપનું તત્ત્વ સમજાવી દે છે.

શાસ્ત્રોના અધ્યયનથી કેવળ ભગવાનને જાણવાની ઇચ્છા જાગ્રત થાય છે; નહિ તો અનેક શાસ્ત્રો વાંચનાર કોઇ પણ તેને જાણી લેત, પરંતુ એવી વાત નથી. શાસ્ત્રાધ્યયનની સાથે સાધનસંપન્ન પણ થવું જોઇએ.

शब्दब्रह्मणि निष्णातः न निष्णायात् परे यदि ।
श्रमः तस्य श्रमफलं ह्यधेनुमिव रक्षतः ॥

જે કેવળ શબ્દશાસ્ત્રને જાણે છે, પરંતુ સાધના દ્વારા તેનું રહસ્ય જાણવાનો પ્રયત્ન કરતો નથી, તેનું શાસ્ત્રપઠન વાંઝણી ગાય જેમ પોતાના રક્ષકને માત્ર પરિશ્રમજ કરાવે છે, તેના જેવું શ્રમમાત્ર છે. તેથી જ્યારે સાધના કર્યા વિના ભગવાનને જાણવાનો કોઇ ઉપાયજ નથી, તો પછી તેમને જાણવા માટે સાધના જ કરવી જોઇએ. સાધના કર્યા વિના જન્મજન્માંતરોથી સંચિત થયેલો અંતઃકરણનો મેલ નાશ પામી શકતો નથી. મેલનો નાશ થઇને અંતઃકરણ શુદ્ધ થયા વિના ભગવાનના સ્વરૂપનું દર્શન થતું નથી. ભગવાનના સ્વરૂપનો સાક્ષાત્કાર થયા વિના કેવળ બીજાઓ દ્વારા સાંભળવાથી અથવા મનગમતી યુક્તિઓની મદદથી વાસ્તવિક ભગવત્સ્વરૂપનું અસ્તિત્વ સમજવામાં નથી આવતું. તેથી આત્મતત્ત્વ જાણવાને માટે અથવા ભગવત્ સ્વરૂપનું દર્શન કરવાને માટે સદ્ગુરુના ઉપદેશની આવશ્યકતા છે. ગુરુકૃપા વિના કંઇ પણ થઈ શકશે નહિ. પરંતુ અનુરાગી–પ્રેમી–ભક્ત ઉપર ગુરુદેવ કૃપા કરેજ છે. આ વિષયમાં ભાગવતમાં વર્ણવેલી શ્રી નારદની આખ્યાયિકા ધ્યાન આપવા જેવી છે.

શ્રી નારદ કહે છે—

तस्यैवं मेऽनुरक्तस्य प्रश्रितस्य हतैनसः ।
श्रद्दधानस्य बालस्य दान्तस्यानुचरस्य च ॥
ज्ञानं गुह्यतमं यत्तत् साक्षाद्भगवतोदितम् ।
अन्ववोचन् गमिष्यन्तः कृपया दीनवत्सलाः ॥

(श्रीमद् भागवत १, ६, २९-३०)

નારદના શેઠના ઘરમાં ચાતુર્માસ કરનારા એ દીનવત્વસલ સાધુઓએ ત્યાંથી જતી વખતે શ્રદ્ધાળુ, વિનયી, પ્રેમી અને શમદમગુણયુક્ત બાળક નારદને જે ગુહ્યતમ જ્ઞાનનું રહસ્ય સમજાવ્યું હતું, તે ગુહ્યતમ જ્ઞાન ભગવાનનુંજ સાક્ષાત્ સ્વરૂપ છે.

આથી સિદ્ધ થાય છે કે વિનયી, શ્રદ્ધાળુ અને સેવાપરાયણ વ્યક્તિઓ ઉપર સાધુ લોકો કૃપા કર્યા કરે છે. તેમની કૃપાથીજ આ ગુહ્યતમ ભગવદ્ જ્ઞાન જીવના અંતઃકરણમાં ઉત્પન્ન થાય છે. ભગવાનને જાણવાની રુચિ થવી જોઇએ અને ભગવાન પ્રત્યે દઢ વિશ્વાસ થવો જોઇએ.

કયે પ્રકારે આ વિશ્વાસ દઢ થાય અને કેવી રીતે ભગવાનમાં રુચિ થાય? આ બાબતમાં ભાગવતમાં કહેવામાં આવ્યું છે કે—

शुश्रूषोः श्रद्दधानस्य वासुदेवकथारुचिः ।
स्यान्महत्सेवया विप्राः पुण्यतीर्थनिषेवणात् ॥
शृण्वतां स्वकथां कृष्णः पुण्यश्रवणकीर्तनः ।
हृद्यन्तःस्थो ह्यभद्राणि विधुनोति सुहृत् सताम् ॥

नष्टप्रायेष्वभद्रेषु नित्यं भागवतसेवया ।
भगवत्युत्तमश्लोके भक्तिर्भवति नैष्ठिकी ॥
(श्रीमद्भा० १, २, १६, १७, १८)

સેવા અને તીર્થદર્શનાદિથી ભગવાનની કથામાં પ્રેમ થાય છે. પુણ્ય-શ્રવણ-કીર્તનરૂપ તે ભગવત્કથાને જે સાંભળે છે તેના અંતઃકરણમાંના મેલને ભગવાન સ્વયં પોતાના કરકમળો વડે ધોઈ નાખે છે. આ પ્રકારે નિત્ય સાધુસંગથી અને સાધુઓના મુખેથી ભગવત્-કથા સાંભળતા રહેવાથી જ્યારે અંતઃકરણની અમંગલકારી શક્તિઓ નાબુદ થઈ જાય છે ત્યારે ભગવાનમાં નિશ્ચલા ભક્તિ ઉત્પન્ન થાય છે.

શ્રીનારદજીએ પણ કહ્યું છે કે—

तत्रान्वहं कृष्णकथाः प्रगायतामनुग्रहेणाश्रृणवं मनोहराः ।
ताः श्रद्धया मेऽनुपदं विश्रृण्वतः प्रियश्रवस्यङ्ग ममाभवद्रुचिः ॥
(श्रीमद्भा० १, ५, २६)

તેઓ (સાધુ) પ્રતિદિન શ્રીકૃષ્ણ-કથા કહ્યા કરતા હતા, તેમણે દયા કરીને મને તે કથા સાંભળવાને અધિકાર આપ્યો હતો, પ્રતિદિન શ્રદ્ધાસહિત કથા સાંભળતાં સાંભળતાં મારા હૃદયમાં ભગવાન પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થવા લાગ્યો.

आदौ श्रद्धा ततः संगोऽथ भजनक्रियाः ।
ततोऽनर्थनिवृत्तिः स्यात् ततो निष्ठा रुचिस्ततः ॥

પહેલાં શ્રદ્ધા થાય છે. ત્યાર પછી સત્સંગના ફળસ્વરૂપ ચિત્ત-માં ભગવત્-પ્રાપ્તિની આશા વધવાથી ભજન દ્વારા વિક્ષેપાદિ નષ્ટ થાય છે; પછી નિષ્ઠા અને ત્યાર બાદ રુચિ થાય છે; રુચિ દ્વારા વિશ્વાસ દૃઢ થતો જાય છે, પછી ભગવાનમાં પ્રબળ આસક્તિ ઉત્પન્ન થાય છે, એનું જ નામ ભક્તિ અને એજ વિશ્વાસની પરાકાષ્ઠા છે. આ વિશ્વાસ અમને માત્ર વાતો અને યુક્તિઓથી કેવી રીતે મળી શકે?

જેના પ્રત્યે આપણો પ્રેમ વધેલો હોય છે, તેનું ચિંતન આપણ-ને બહુજ પ્રિય લાગે છે. ભગવાનમાં ભક્તિ થતાં તેમનું પણ વધારે ને વધારે ચિંતન કરવાનું પ્રિય લાગે છે. પછી તે ભક્ત પોતાના પ્રિયતમ ભગવાનના ચિંતનમાં નિમગ્ન થઈ જાય છે. આ પ્રકારે આનંદ-ઘન ભગવાનનો પ્રત્યક્ષ અનુભવ કરીને ભક્ત કૃતકૃત્ય થઈ જાય છે.

ध्यायतश्चरणाम्भोजं भावनिर्जितचेतसा ।
औत्कण्ठयाश्रुकलाक्षस्य हृद्यासीन्मे शनैर्हरिः ॥
(श्रीमद्भा० १, ६, १७)

ભગવાનના ચરણકમળોનું ધ્યાન કરતાં કરતાં ભક્તિ પ્રબળ થતાં નારદના ચિત્તની વૃત્તિઓની બહિર્મુખતા ઓછી થવા લાગી, ક્રમશઃ પ્રગાઢ પ્રેમ ઉત્પન્ન થઇ ગયો, અને તેમનાં નેત્રોમાંથી આંસુ-

ઓની ધારા વહેવા લાગી. તેજ સમયે નારદના હૃદયમાં શ્રીભગવાન-ની મૂર્તિનો આવિર્ભાવ થયો.

આવા સર્વ અંધકારના નાશક આનંદઘન ભગવાનનાં દર્શન થયા વિના શું જીવન સફળ થઈ શકે? એજ આનંદને માટે તો મનુષ્ય ઝંખના કર્યા કરે છે. એજ આનંદ મેળવવાની આશાથી તે ઇંદ્રિયોને દ્વારે દ્વારે વિષયોને માટે ભિખ માગતો ભટક્યા કરે છે, તે આનંદ અને શાંતિને માટે પોકાર કરતો કરતો અટક્યા સિવાય દોડી રહ્યો છે, પરંતુ-'હરિ સૌરભ મૃગનાભિ બસત હૈ, દ્રુમતૃણ સૂંઘી મર્યો'-ક્યાં છે એ આનંદ? એ આનંદ વિષયોમાં નથી. તથાપિ જીવ એજ આનંદનું સેવન કરે છે. વિષયોમાં આ આનંદનો જરા જેટલો આભાસ છે, તેથી તો જીવ વિષયોને છોડીને તેનાથી દૂર થવા નથી ઇચ્છતો. જીવનમાં આ આનંદની આકાંક્ષા સ્વાભાવિકજ છે. તે આનંદનો એક ભાગ અથવા આનંદના જરા જેટલા ચૂર્ણને કેટલીયે વાર પ્રાપ્ત કરી ચૂક્યો છે, પરંતુ તેનાથી જીવને તૃપ્તિ થતી નથી. તે તો ઇચ્છે છે આનંદ-રસ-સમુદ્રને. તે તો સદાને માટે પોતાપણાને ગુમાવી દઇને તેમાં ડૂબી રહેવાને માટે પાગલ થઈ રહ્યો છે. આ **'पूर्णात् पूर्णतरं'** અથવા **'पूर्णतम'** આનંદજ ભગવાનનું સ્વરૂપ છે. તેને નહિ મળવાથી, વિશ્વાસપૂર્વક તેનું આસ્વાદન નહિ કરવાથી, જીવની આ જીવનયાત્રાજ વ્યર્થ છે. તેથી ભગવાનમાં વિશ્વાસ નહિ રાખવાથી કેટલું નુકસાન થાય છે, તેનું કંઈ અનુમાન પણ કાઢી શકાતું નથી. આનંદની તો ઇચ્છાજ પવિત્ર થઇને ભક્તિના સ્વરૂપમાં ફેરવાઇ જાય છે. પહેલાં કહેવામાં આવ્યું છે કે આનંદની આકાંક્ષા જીવમાં સ્વાભાવિક છે, તેથી ભક્તિ પણ મનુષ્યનો સ્વાભાવિક સંસ્કાર છે. આ ભક્તિની ચરિતાર્થતાને માટે ભગવાનની આવશ્યકતા છે. આપણી અંદર આ ભક્તિ છે તેથી તો આપણે સમજી શકીએ છીએ કે 'ભક્તિપ્રિય માધવ' પણ છે.

આપણે ભગવાનમાં શા માટે વિશ્વાસ કરવો?

જે વસ્તુ સંસારમાં નથી હોતી, તેને માટે કોઇને આતુર જોવામાં આવતો નથી, તેનાથી ઉલટું જે વસ્તુ જેટલી સુંદર અને સત્ય હોય, તે મળવી અસંભવિત હોવા છતાં પણ લોકો તેને પ્રાપ્ત કરવાની ઇચ્છા કર્યાજ કરે છે. જીવોમાં, ખાસ કરીને મનુષ્યમાં તો સ્વાભાવિક રીતેજ 'સુંદર' અને 'સત્ય' પ્રત્યે આકર્ષણ છે. 'સત્ય' અને 'સુંદર' ને પામવા માટે જીવ અસાધ્ય સાધના કરવાને પણ તૈયાર છે. જીવનની હોડ ખેલવી એ તો તેને માટે સાધારણ વાત છે. વસ્તુતઃ આ 'સત્ય' અને 'સુંદર' જો સંસારમાં ન હોત તો કેવળ અંધ-કૌતુહલવશ કોઇ પણ તેના પ્રત્યે આકર્ષાત નહિ. એમ પણ જોવામાં આવે છે કે સત્ય અને અસત્ય એ બન્નેમાં લોકો

સત્યનેજ ચાહે છે. સ્વપ્નમાં પ્રાપ્ત થયેલું ધન અને વાસ્તવિક ધનમાં, લોકો વાસ્તવિક ધનનીજ ઇચ્છા કરે છે. જ્યાંસુધી સત્યનું યથાર્થ જ્ઞાન ન થયું હોય ત્યાંસુધી સત્ય પ્રત્યે ઉપેક્ષા બતાવવામાં આવે એ બનવાજોગ છે, પરંતુ એક વાર સત્યને સમજી લીધા પછી તેના પ્રત્યે ન ખેંચાવું એ અસંભવિત છે. જ્યાંસુધી આપણે સાંસારિક વસ્તુઓને સત્ય સમજીએ છીએ ત્યાંસુધી તેને વધારે ને વધારે મેળવવાની ઇચ્છા કરીએ છીએ, પરંતુ જ્યારે તેજ વસ્તુઓ આપણી બુદ્ધિમાં અસત્ય લાગે છે, ત્યારે તેના પ્રત્યે કંઈ પણ આકર્ષણ રહેતું નથી. આપણે અજ્ઞાનવશ ત્યાંસુધી લપટાઈ રહીએ છીએ કે જ્યાંસુધી તેને અસત્ય સમજી લેતા નથી. આજ પ્રકારે સત્ય પ્રત્યે પણ ત્યાંસુધી ઉદાસીન જેવો વ્યવહાર કરીએ છીએ કે જ્યાંસુધી સત્યનું સ્વરૂપ આપણી સમક્ષ પ્રગટ થયું હોતું નથી. સત્ય હમેશાં ઉપેક્ષાને પાત્ર રહેતું નથી, એજ પ્રમાણે અસત્ય પ્રત્યેનો મોહ પણ હમેશાં ટકી શકતો નથી. તેથી સંભવ છે કે એક દિવસ સત્ય અવશ્ય પ્રાપ્ત થશેજ. સત્ય પ્રત્યે આપણું જે આકર્ષણ છે તે આપણા અંતરનું એક અતિગૂઢ રહસ્ય છે. જે સત્ય છે, તે તો સુંદર છે. સુંદર પ્રત્યેનું આકર્ષણ એ આપણું સહજાત (ઇન્ટયુટિવ) જ્ઞાન છે. આ સત્ય આપણી પોતાની વસ્તુ છે, એ આપણા મનને મોહ પમાડનાર અને પ્રાણોનો આરામ છે. જ્યાંસુધી એને ભૂલી રહ્યા છીએ ત્યાંસુધી 'અવસ્તુ' સાથે ખેલવું સંભવિત છે, સત્યને પ્રાપ્ત કર્યા પછી 'અવસ્તુ' પ્રત્યે આદર રહેતો નથી. જ્યારે બાળક રમકડાં લઇને રમવામાં મચી પડે છે, ત્યારે જણાય છે કે જાણે તે પોતાની માને અને ઘરને ભૂલી ગયો છે. પરંતુ તેની તે ભૂલ હમેશાં રહેતી નથી. ભૂલ મટી જાય છે, અને રમકડાંને ફેંકી દેવાં પડે છે. તે સમયે તેને પોતાના ઘરનું પોતાની માતાનું સ્મરણ થઇ આવે છે, એટલે તે વ્યાકુળ થઇને, રડી રડીને માની શોધ કરે છે અને પોતાના ઘર તરફ દોડી જાય છે. ઘેર પહોંચતાંજ માને મળીને તેને એટલો બધો સંતોષ થાય છે કે રમકડાં ફેંકીને ચાલ્યા આવવા બદલ તેને સહેજ પણ પશ્ચાત્તાપ થતો નથી. તેનું અંતઃકરણ અને અનુભવ એજ સાક્ષી આપે છે કે તેને જે પ્રાપ્ત કરવું હતું તે તેને મળી ગયું છે. આ વાસ્તવિક વસ્તુની પ્રાપ્તિના આનંદમાં તે સર્વ કંઇ ભૂલી જાય છે. તેને પ્રાપ્ત કરીને સર્વ કંઇ ભૂલી ગયેલા પુરુષને અમે અમારી સગી આંખોએ જોયા છે. આવા લોકો કયા મહાઆનંદમાં મગ્ન રહે છે, કેવી રીતે સંતુષ્ટ રહે છે, એ વાત તેમને જોવાથીજ સમજવામાં આવી શકે તેમ છે. અસત્ય વસ્તુના આકર્ષણમાં આટલો મોહ હોતો નથી. જો કોઇ વાર થઈ જાય તો તે લાંબા સમય સુધી ટકી શકતો નથી. મહાપુરુષોનાં જીવનચરિત્રો

આપણને સમજાવે છે કે 'ભગવાન છે.' જે વસ્તુને પામીને તેઓ સર્વ કંઇ ભૂલી ગયા છે, તે એટલી સુંદર છે કે સંસારની બીજી કોઈ પણ વસ્તુ તેમના મનને એવું ખેંચી શકતી નથી.

આ સત્ય વસ્તુ કશાની નિરાધાર કલ્પનામાત્ર નથી, એ તો ભૂત ભવિષ્ય અને વર્તમાન ત્રણે કાળમાં સત્ય છે. અંધારામાં આપણે કંઇ પણ જોઇ શકતા નથી, કોઇ વસ્તુનું સ્વરૂપ પણ સમજી શકતા નથી, પરંતુ એમ થવાથી આપણા મનને સંતોષ યા તૃપ્તિ મળતી નથી. આ મનનો એક સ્વાભાવિક ધર્મ છે. મનની આ સ્વાભાવિક વૃત્તિને કારણે આપણે અંધકાર પસંદ કરતા નથી, અથવા અંધકારમાં તૃપ્તિ પામતા નથી. જે સાંસારિક સુખોને માટે જીવ આતુર રહે છે, તે પોતાની ઇચ્છા પ્રમાણે પામીને તેની કંઇ પણ પરવા નહિ કરતાં તેની ઉપેક્ષા કરીને, કેવળ મનની કલ્પનાના આધાર ઉપરજ તૃપ્ત બની રહે એમ નથી; તે તો એટલા માટે તૃપ્ત છે કે આ સમયે તેને સત્યનાં દર્શન થઇ ગયાં છે, તે પેલી સાચી સુંદરતા ઉપર મુગ્ધ થઇને તેના તરફ ખેંચાયલો છે. આથી હવે તેને જગતના વિવિધ વૈભવ અને માન-આબરૂ વગેરે આકર્ષી શકતાં નથી. તેને પ્રકાશનાં દર્શન થઈ ગયાં છે. તેથી તે અંધકારમાં ભટકવા નથી ઇચ્છતો. આ અંધકાર એજ અજ્ઞાન છે. જ્યાંસુધી અજ્ઞાન આપણા ઉપર છવાઇ રહે છે ત્યાંસુધી આપણે ફરજિયાત તેમાં રહેવું પડે છે, પરંતુ સત્યનો પ્રકાશ પામતાંજ આપણે તરત તેના તરફ દોડી જઇએ છીએ. પછી તે અંધકાર આપણને શોભા આપતો નથી. અનેક પુરુષોના જીવનમાં આ જ્ઞાન-પ્રકાશ પ્રગટી ચૂક્યો છે. અમે એવા ઘણાયે લોકોને જોયા છે, કે જેઓ આ જ્ઞાન-પ્રકાશના પ્રભાવથી મોહરહિત થઇને અજ્ઞાન-અંધકારની ચુંગાલમાંથી છૂટી ચૂક્યા છે.

સત્યનું તેજ પ્રગટ થયા વિના આપણા મનનો આ ગોરખધંધો મટતો નથી, અંતઃકરણની અપ્રસન્નતા અને ચિત્તનો ભય દૂર થતો નથી. જ્ઞાની હો કે અજ્ઞાની, બધા નિર્ભય, નિશ્ચિંત અને આનંદી રહેવા ઇચ્છે છે. આથીજ સત્ય અને જ્ઞાનના પ્રકાશને આવશ્યક સમજે છે અને તેથીજ જે સત્યસ્વરૂપ છે, જ્ઞાનસ્વરૂપ છે અને **'तमसः परस्तात्'** છે, તેને પામવાની ઇચ્છા કરે છે. આ જીવમાત્રના અંતરના ઉંડાણની વાત છે. આ **'सत्यं ज्ञानमनंतं ब्रह्मानंदरूममृतं'** પરમ સત્ય છે તેથીજ એ આપણને એટલું આકર્ષણ કરે છે. અસત્ય હોય તો સાચેજ આપણે આટલું આકર્ષણ અનુભવીએ નહિ. જેમ અંધકાર પછી પ્રકાશ જોઇને આપણે તૃપ્તિ પામીએ છીએ, તેજ પ્રમાણે અજ્ઞાનનો પડદો દૂર થયા પછી જે જ્ઞાનપ્રકાશ પ્રગટે છે તે જ્ઞાનના પ્રકાશમાં આપણે જેઓ **'प्रेयः पुत्रात् प्रेयः वित्तात्'**

છે, તેમનો સાક્ષાત્કાર કરીએ છીએ.

તેઓજ કલ્યાણસ્વરૂપ છે, તેઓજ આપણા આત્મા છે. તેઓજ આપણા બધાના રાજા, પ્રભુ અને ભગવાન છે, તેથી અજ્ઞાનીને ભગવાનનાં દર્શન ન થયા છતાં પણ જ્ઞાની ભક્ત તેમનાં દર્શન કરી શકે છે. આમાં અવિશ્વાસ કરવાનું કંઈ પણ કારણ નથી. તેમના સ્વરૂપને ઓળખીને પૂર્વકાળના ઋષિઓ સરળ બાળકની પેઠે ઉચ્ચ સ્વરે પોકારી ઉઠયા છે કેઃ—

'वेदाहमेतं पुरुषं महान्तम्।' (श्वेताश्वतर० ३, ८)

એ ગંભીર ધ્વનિ આજે પણ મનુષ્યોના ચિત્તાકાશમાં પ્રતિધ્વનિત થઇ રહ્યો છે. ધીર, વિવેકી પુરુષો અત્યારે પણ તેને સાંભળી શકે છે.

આપણે જગતમાં અનેક બાબતોને માટે આકર્ષણ અનુભવીએ છીએ અને તેને આપણી સમીપમાંજ જોવા પણ ઇચ્છીએ છીએ અને અવસર મળતાં તેના ઉપર આધિકાર જમાવવાનું પણ ચૂકતા નથી. આમ શા માટે કરીએ છીએ? એટલાજ માટે કે તે વિષયો આપણને આકર્ષે છે, આનંદ આપે છે, તેને પ્રાપ્ત કરીને મન શાંતિ પ્રાપ્ત કરે છે, તેથીજ આપણે તે આનંદપ્રદ વસ્તુઓને મેળવવા ઇચ્છીએ છીએ. પરંતુ એ વસ્તુઓમાં આનંદનાં સ્વપ્નો જણાવા છતાં પણ તે ક્ષણભંગુર છે, તેની પ્રાપ્તિથી આપણા પ્રાણોની આકાંક્ષા મટતી નથી. જે સાચેજ પરમાનંદસ્વરૂપ છે અને નિત્યસત્ય છે, જેનો કોઇ કાળમાં નાશ થતો નથી, જે આનંદ કદી પણ દૂર થતો નથી, જેને પામીને એમ નથી કહી શકતા કે બસ, હવે થયું, વધારે નહિ જોઇએ, એ ધ્રુવ નિત્ય સત્ય પરમાનંદજ ભગવાન છે. જ્યારે ક્ષણિક વિષયના આનંદ માટેજ જીવ ગાંડો ગાંડો થઇને ફર્યા કરે છે; જે વિષયમાં જેને જે કંઈ આનંદ મળે છે, તે તેના ઉપર પોતાનો અધિકાર જમાવવા ઇચ્છે છે, ત્યારે તો ચોખ્ખુંજ સમજાય છે કે આપણું ધ્યેય આનંદ છે. એ સત્ય છે કે જગતમાં અનેક વિષયો છે અને તેમાં આપણને આનંદ આવે છે, પરંતુ તે આનંદ હમેશાં રહેનારો નથી, તેથીજ ચિત્ત આકુળવ્યાકુળ થઈ ઉઠે છે. એજ જીવની આત્યંતિક મર્મવેદના છે. વિવિધ પ્રકારના સાંસારિક આનંદને પામીને પણ આપણે તેનો સ્થાયી ઉપભોગ કેમ કરી શકતા નથી? તેનું કારણ એજ છે કે આપણને વાસ્તવિક આનંદજ હાથ લાગ્યો નથી. આનંદના સત્યસ્વરૂપને આપણે પકડી શકતા નથી. આપણે જે કંઇ જોઇએ છીએ તે કાચની અંદર ઢંકાયેલા પ્રકાશનું પ્રતિબિંબમાત્ર છે, અવશ્યજ તે પ્રકાશ આલોકનું પ્રતિરૂપ છે, પરંતુ અનુરૂપ નથી. આ આનંદને આપણે નિત્ય સ્થિરરૂપે પામી શકતા નથી, એથીજ આપણું મન આટલું વિક્ષેપવાળું અને

ચંચળ રહે છે. વાસ્તવિક આનંદ એજ જીવનનું અંતિમ સત્ય છે. જો આપણે આ અંતિમ સત્યને જોઈ શકત અથવા તેની નજીકમાં પહોંચી જાત તો આપણા મનમાં વિકાર યા ચિત્તમાં જરા પણ વિક્ષેપ રહી શકત નહિ. એ આનંદમાં મહાન આકર્ષણ છે તેથી તો તે કાળો–કૃષ્ણ–છે. તેને પ્રાપ્ત કરવાને માટે કોણ જાણે કેટલાયે અનાદિકાળથી આપણે દોડી રહ્યા છીએ. તે પરમાનંદને નહિ પામવાને કારણેજ મન ચંચળ થઇ ઉઠે છે અને અજ્ઞાન બાળકની પેઠે તેને મેળવવા માટે દોડવા લાગે છે. આપણે વારંવાર એક જન્મમાંથી બીજા જન્મમાં જવાનું એજ રહસ્ય નથી ?

જે વસ્તુજ ન હોય, તેને પામવાને માટે મનને આટલો વિક્ષેપ અને આટલી ઉતાવળ થઇ શકે નહિ; અવશ્ય 'તે' છે, તેને પામવાને મનમાં આટલી પ્રબળ ઇચ્છા હોય છે, તેથીજ પરમાનંદ-પ્રાપ્તિને માટે જીવને આટલું આકર્ષણ રહે છે. આ આનંદસ્વરૂપની નિત્યપ્રાપ્તિ એજ જીવની નિત્ય ઇચ્છેલી વસ્તુ છે. અને આ પરમાનંદનું મૂર્તિમાન સ્વરૂપ એજ શ્રીભગવાન છે. પછી ભગવાન નથી એ વાત કેમ કરીને સ્વીકારી શકાય ?

સામાન્ય રીતે આપણે આંખો વગેરે કરણોની સહાયતાથી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધનો અનુભવ કરી શકીએ છીએ પરંતુ એ ઇન્દ્રિયો દ્વારા આપણે ભગવાનને જોઈ કે સમજી શકતા નથી. સ્થૂળ ઇન્દ્રિયો દ્વારા સ્થૂળ વિષયોનું જ્ઞાન થઇ શકે છે. પરંતુ અતીન્દ્રિય વસ્તુને જાણવાના ઉપાયો તો બીજાજ છે. તે જ્ઞાન એ ઇંદ્રિયોની સહાયતાથી સહેજમાં નથી થતું. પદાર્થસમૂહ ઇન્દ્રિયો દ્વારા ગ્રાહ્ય હોવા છતાં પણ એવા અનેક સૂક્ષ્મ પદાર્થ અથવા કીટાણુ છે કે જેમને આપણે આ ચક્ષુઓ દ્વારા જોઇ શકતા નથી. તેનું દર્શન કાં તો સૂક્ષ્મ શક્તિવાળા કૃત્રિમ યંત્ર વગેરે દ્વારા થઇ શકે છે અથવા તો મનુષ્યના અંતરમાં રહેલી અતીન્દ્રિય શક્તિની સ્ફુરણા દ્વારા. વસ્તુ તો યંત્રાદિની મદદથી ઘણે ભાગે દેખી પણ શકાય છે, પરંતુ આત્મદર્શન અથવા ઇશ્વરદર્શનમાં એ યંત્રાદિની મદદ તદ્દન નકામી છે, તેને માટે તો દિવ્ય ચક્ષુ જોઇએ. ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને એજ દિવ્ય ચક્ષુ આપ્યાં હતાં, તેના વડે તે વિશ્વરૂપ જોઇ શકયા હતા. એ અતીન્દ્રિય દિવ્ય નેત્ર સઘળા મનુષ્યોનામાં છે, પરંતુ તેઓ નથી તો તેનો સદુપયોગ કરવા ઇચ્છિતા કે નથી તો તેને ખોલવાનો ઉપાય જાણતા. બધાની પાસે દિવ્ય ચક્ષુ હોવા હોવા છતાં પણ તેઓ તેમના આધિકારમાં નથી. ભગવાનનું સ્વરૂપ અલૌકિક છે, તેથી તેના દર્શનને માટે અલૌકિક નેત્રોની આવશ્યકતા છે. સદ્ભાગ્યથી જેનાં આ અલૌકિક નેત્રો ખુલી ગયાં છે, તેઓ ભગવાનના—

'रूपं भगवतो यत्तन्मनःकान्तं शुचापहम्।'

—ને જોઇને કૃતકૃત્ય થઈ જાય છે. આ કલ્પના નથી; ભગવતસ્વરૂપમાં દર્શન કરી શકાય છે, એ પરમ સત્ય છે. આખી જીંદગી સુધી વિષયોની પાછળ ભટકવાને લીધે આપણું મન અત્યંત ચંચળ થઇ ગયું છે. આ ચંચળતા મટતાંજ હૃદયપટ ઉપર તેનું લલિત ત્રિભંગ સજલજલદકાન્તિ, ફાંકડુ મધુર સ્વરૂપ પ્રકટ થાય છે, પરંતુ સ્થૂલ વિષયોનું ચિંતન કરતાં કરતાં આપણું મન ઘણુંજ સ્થૂળ થઇ ગયું છે, તેથી **'सूक्ष्मत्वात् तदविज्ञेयम्'** સૂક્ષ્મ હોવાને લીધે નહિ જાણી શકાય તેવા પરમાત્માનાં દર્શનથી તે વંચિત રહે છે. તેનું અસ્તિત્વ જ નથી અને તેથીજ અમને તેનાં દર્શન થતાં નથી એવી વાત નથી. તે છે પરંતુ અમારી અંદર સૂક્ષ્મ-દૃષ્ટિ-યોગદષ્ટિનો અભાવ છે, એજ કારણે આપણે તેમનાં દર્શન પામી શકતા નથી; નહિ તો—

'ईशावास्यमिदं सर्वं यत्किंच जगत्यां जगत्। (ईश० १)

એવા ભગવાનને શું આપણે જોઇ શકીએ નહિ? ભગવાનને જાણવા માટે પ્રથમ અધિકાર પ્રાપ્ત કરવો જોઇશે. આ પરમાત્માને જાણવાને માટે અધિકારીના સંબંધમાં યમરાજે નચિકેતા પ્રત્યે કેટલીક વાતો કહી છે—

कामस्याप्तिं जगतः प्रतिष्ठां क्रतोरनन्त्यमभयस्य पारम्।
स्तोमं महदुरुगायं प्रतिष्ठां दृष्ट्वा धृत्या धीरो नचिकेतोऽत्यस्राक्षीः॥
(कठोपनिषद १, २, ११)

જે સમસ્ત વિષયભોગ, સંસારનું સ્વામિત્વ, યજ્ઞોનું અનંતફળ, સર્વ ભયોના નાશની પરાકાષ્ટા અને અતિશય સ્તવનીય અને સંપૂર્ણ ઐશ્વર્યયુકત શુભ ફળ અને પોતાની અત્યુત્તમ ગતિ, એ બધાની આશાને તજી દઇ શકે છે, તે મહાત્યાગીશ્વર પુરુષજ આ પરમ તત્ત્વને જાણી શકે છે.

જેઓ પુણ્યકર્મોમાં યોજાઇ રહેલા, સરળ, પરોપકારી અને શમદમ આદિ ગુણોથી સંપન્ન છે, તેમને ભગવાનમાં આપોઆપજ વિશ્વાસ બેસે છે. ભગવાનને પામતાંજ સર્વ કંઈ મળી જાય છે, એ પ્રકારની નિશ્ચયાત્મિક દૃઢ બુદ્ધિને ધારણ કરીને તેઓ કોઇ પણ સાંસારિક ફળની ઇચ્છા નથી કરતા. વિષયોનો લોભ સર્વ પ્રકારે છૂટયા વિના ભગવાનને પ્રાપ્ત કરવાની આશા એ દુરાશામાત્ર છે.

न संदृशे तिष्ठति रूपमस्य न चक्षुषा पश्यति कश्चिदेनम्।
हृदा मनीषा मनसाभिक्लृप्तो य एनं विदुरमृतास्ते भवन्ति।
(कठ० २, ३, ९)

આ પરમાત્માનું સ્વરૂપ ઇંદ્રિયનો પ્રત્યક્ષ વિષય નથી-ઇંદ્રિય-ગ્રાહ્ય નથી; ચક્ષુ, આદિ ઇંદ્રિયો દ્વારા કોઈ પણ તેને જોઇ શકતું નથી. પરંતુ સંકલ્પવિકલ્પ વિનાની અર્થાત્ સંયત યા નિશ્ચલ 'હૃદા'

બુદ્ધિ દ્વારા ધ્યાનની મદદથી તે પ્રકાશિત થાય છે. જે એને જાણે છે તે અમૃતસ્વરૂપ થઇ જાય છે.

न साम्परायः प्रतिभाति बालं प्रमाद्यन्तं वित्तमोहेन मूढम् ।
अयं लोको नास्ति पर इति मानी पुनः पुनर्वशमापद्यते मे ॥
(कठ० १, २, ६)

જેની બુદ્ધિ પ્રમાદગ્રસ્ત છે, જે ધનના મોહથી મોહિત થયેલા છે, એવા જ્ઞાનરહિત બાળક જેવી વ્યક્તિઓની પાસે શાસ્ત્રાનુકૂળ સાધનાદિ અને તેનાં ફળ પ્રગટ થતાં નથી. જે એમ સમજે છે કે આજ લોક છે, પરલોક નથી, એવા પુરુષો વારંવાર મૃત્યુના મુખમાં પડે છે, તેઓ અમૃતના સ્વરૂપને પ્રાપ્ત કરી શકતા નથી.

नाविरतो दुश्चरितान्नाशान्तो नासमाहित: ।
नाशान्तमानसो वापि प्रज्ञानेनैनमाप्नुयात् ॥
(कठ० १, २, २४)

જે પુરુષ અસદાચારી છે, ઇંદ્રિયોના ભોગોમાં આસક્ત છે, એકાગ્રતારહિત અત્યંત ચંચળ અને અશાંત મનવાળો અર્થાત્ ફલેચ્છાને માટે અત્યંત લોલુપ છે તે જો બ્રહ્મ–વિષયક વિચાર પણ કરે, તોપણ આ ચૈતન્યસ્વરૂપ આત્માને પ્રાપ્ત કરી શકતો નથી.

तं दुर्दर्शं गूढमनुप्रविष्टं गुहाहितं गह्वरेष्ठं पुराणम् ।
अध्यात्मयोगाधिगमेन देवं मत्वा धीरो हर्षशोकौ जहाति ॥
(कठ० १, २, १२)

જે દુર્દમનીય વિષયલોભમાં પ્રમત્ત નથી–અર્થાત્ ધીર છે, એવા ધીમાન પુરુષ પરમાત્મામાં ચિત્તસમાધાનરૂપ યોગના અભ્યાસથી તે '**दुर्दर्श**'–દુર્વિજ્ઞેય, '**गूढ**'–ઇંદ્રિયોથી અગ્રાહ્ય અને '**अनुप्रविष्ट**'-સર્વ ભૂતોના અંતરમાં પ્રવિષ્ટ પ્રાણીઓની બુદ્ધિ જેમાં વિરાજે છે એવા દેહરૂપી ગર્તમાં સ્થિત, સદા વિદ્યમાન તે પરમદેવને માન આપીને વિષયોથી ઉત્પન્ન થતાં સુખદુ:ખાદિનો પરિત્યાગ કરે છે. અર્થાત્ ગંભીર ધ્યાનદ્વારા આત્મસ્વરૂપને પ્રાપ્ત કરી લીધા પછી તેને ફરીથી વિષયોથી ઉત્પન્ન થતાં સુખદુ:ખોદ્વારા હેરાન થવું પડતું નથી.

अंगुष्ठमात्रः पुरुषोन्तरात्मा सदाजनानां हृदये सन्निविष्टः ।

જે અંગુષ્ઠ–પરિમાણ–પુરુષ હૃદયાકાશમાં પ્રકાશમાન છે, તેઓજ જીવોના અંતઃકરણમાં રહેલા છે.

यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा विवृणुते तनूं स्वाम् ॥
(कठ १, २, २३)

જે મુમુક્ષુ સાધક આ આત્માને પ્રાપ્ત કરવાને માટે પ્રાર્થના કરે છે, અથવા તેજ એકમાત્ર પ્રાપ્તવ્ય વસ્તુ છે, એમ સમજીને તેને પસંદ કરે છે, તેજ મુમુક્ષુ સાધક દ્વારા આ આત્મા પ્રાપ્ત કરી

શકાય છે. આ આત્મા તે મુમુક્ષુ ઉપાસકની પાસે પોતાની મૂર્તિ પ્રગટ કરે છે. સાધકની એકાંતિક શરણાગતિ-આત્મસમર્પણ અને ભગવત્-કૃપા એજ તેના સાક્ષાત્કારના ઉપાય છે.

यदा सर्वे प्रभिद्यन्ते हृदयस्येह ग्रन्थयः।
अथ मर्त्योऽमृतो भवत्येतावद्ध्यनुशासनम् ॥

(कठ० २, ३, १५)

જ્યારે આ જીવનમાંજ અંતઃકરણનાં સમગ્ર બંધન (દેહાદિમાં મમત્વબુદ્ધિ) નાશ પામી જાય છે, ત્યારે આ નાશવંત દેહ-વિશિષ્ટ વ્યક્તિ અમર થઇ જાય છે. અને એટલે સુધી કહેલું છે કે એવી અવસ્થાને પામ્યા પછી ફરીથી ઉપદેશની આવશ્યકતા રહેતી નથી.

આ આત્માજ—

उपद्रष्टानुमन्ता च भर्ता भोक्ता महेश्वरः।
परमात्मेति चाप्युक्तो देहेऽस्मिन्पुरुषः परः॥

(गीता १३, २२)

આ પુરુષ ઉપદ્રષ્ટા અર્થાત્ સાક્ષીમાત્ર, અનુમંતા-અનુમોદન કરનાર, એજ બધાનું ભરણપોષણ કરનાર, પાલન કરનાર અને મહેશ્વર અર્થાત્ બ્રહ્માદિના પણ અધિપતિ છે. શ્રુતિમાં કહ્યું છે કે-

'एष सर्वेश्वरः एष भूताधिपतिः।'

પ્રકૃતિના ગુણોથી મોહિત થયેલો જીવ વૃથા-આશા, વૃથા-કર્મી થઇને સર્વ ભૂતોના મહાન ઇશ્વિરરૂપ મારા પરમતત્ત્વને ન જાણવાને કારણે મનુષ્યદેહધારી મારી પરમાત્માની અવજ્ઞા કરે છે. પરંતુ—

महात्मानस्तु मां पार्थ दैवीं प्रकृतिमाश्रिताः।
भजन्त्यनन्यमनसो ज्ञात्वा भूतादिमव्ययम् ॥

(गीता ९, १३)

હે પાર્થ! દૈવી પ્રકૃતિવાળા મહાત્મા પુરુષ મારામાં એકાગ્ર-ચિત્ત થઇને મને જગત-કારણ અને નિત્યસ્વરૂપ સમજીને મારી આરાધના કરે છે. એટલે જેમાં આસુરી સ્વભાવ બદલાઇ જાય અને દૈવી સ્વભાવ પ્રાપ્ત થાય તેને માટે પ્રયત્ન કરવો એ પરમ કર્તવ્ય છે. દૈવી સ્વભાવવાળા પુરુષનેજ સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે.

मां च योऽव्यभिचारेण भक्तियोगेन सेवते।
सगुणान्समतीत्यैतान्ब्रह्म भूयाय कल्पते ॥

(गीता १४, २६)

જે અન્ય લક્ષ્યનો ત્યાગ કરીને અનન્ય ભક્તિયોગદ્વારા પરમેશ્વરસ્વરૂપ મારી-વાસુદેવની સેવા કરે છે, તે ત્રણે ગુણોને ઓળંગી જઇને મોક્ષ પામવાને ભાગ્યશાળી થાય છે.

(સં. ૧૯૮૯ ના 'કલ્યાણ'ના ઇશ્વરાંકમાંથી)

११०—ईश्वर अने महेश्वर

(લેખકઃ—શ્રી. હીરેન્દ્રનાથ દત્ત, 'વેદાન્તરત્ન'ના લેખનો અનુવાદ)

'કલ્યાણ'ના ઈશ્વરાંકમાં ઉપરોક્ત વિષય અપ્રાસંગિક નહિ ગણાય એમ લાગે છે, એટલે એજ ભાવનાથી કંઇક આલોચના કરવામાં આવે છે.

ઉપનિષદોમાં ઋષિઓએ દ્વિવિધ બ્રહ્મનો પરિચય આપ્યો છેઃ નિર્વિશેષ અને સવિશેષ; નિર્વિકલ્પ અને સવિકલ્પ. નિર્ગુણ અને સગુણ; નિરૂપાધિ અને સોપાધિ. આ સંબંધમાં શ્રી શંકરાચાર્ય કહે છે કે—

'द्विरूपं हि ब्रह्म अवगम्यते, नामरूपभेदोपाधिविशिष्टं तद् विपरीतं च सर्वोपाधिविवर्जितम् ।'

બ્રહ્મ જ્યારે માયાની ઉપાધિનો અંગીકાર કરીને 'માયી' થાય છે ત્યારે તેને મહેશ્વર કહે છે—

'मायिनन्तु महेश्वरम्' **(श्वेताश्वतर उप०)**

એજ મહેશ્વર સમસ્ત ઈશ્વરોનો ઈશ્વર છે-પરમેશ્વર છે. **तमीश्वराणां परमं महेश्वरम् (श्वेताश्वतर ६, ७)** તે સર્વેશ્વર છે. બધા ઈશ્વરોનો ઈશ્વર છે—

'अनन्तशक्तिखचितं ब्रह्म सर्वेश्वरम् '

ત્યારે શું અમે ફરીને પાછા એજ અનેકેશ્વરવાદ (પોલીથેઇઝમ) ઉપર આવી ગયા ? ઈશ્વર તો એક છે, તોપછી ઋષિઓએ અનેક ઈશ્વરોની ચર્ચા શા શારૂ ઉપાડી ? શું તેઓ અનેકેશ્વરવાદી (પોલીથેઇસ્ટ) હતા ? આ શંકા નિર્મૂળ છે. કેમકે ઋષિગણ જોકે અનેક ઈશ્વર માનતા હતા પરંતુ જે ઈશ્વરોનો ઈશ્વર છે તે મહેશ્વર. તે બ્રહ્મણ્યદેવ એક અને અદ્વિતીય છે, તે એકેશ્વરવાદીનું એકત્વ (યુનીટી) નથી; પરંતુ અદ્વિતીય (યુનીક) છે. આ વાતની ઋષિઓએ મુક્તકંઠે ઘોષણા કરી છે '**एक एव महेश्वरः।**' તેમનો આ સર્વત્ર ફેલાયેલો વિશ્વવિખ્યાત મત છે કે બ્રહ્મ એજ '**एकमेवाद्वितीय (छान्दोग्य ६,२,१)** છે.

એજ પરમતત્ત્વ છે, તેની ઉપર કંઇ પણ નથી, તેજ પરાકાષ્ઠા છે, પરમ ગતિ છે.

पुरुषात् न परं किञ्चित् सा काष्ठा सा परा गतिः ।
(कठ. १, ३, ११)

मत्तः परतरं नान्यत् किञ्चिदस्ति धनंजय। (गीता ७,७)

જો એમજ વાત છે, જો મહેશ્વર એક છે, જો તેજ પરતત્ત્વ છે તો ઋષિઓએ અનેક ઈશ્વરોની વાત કેમ કરી ? એ અનેક

ઇશ્વરો કોણ છે અને મહેશ્વર સાથે તેમને શો સંબંધ છે? આજ પ્રસંગની આલોચના કરવા માટે આ નિબંધ યોજવામાં આવ્યો છે.

પૂર્વ-દિશામાં **जपाकुसुमसंकाश** ' મૂર્તિ ધારણ કરીને સૂર્ય ઉદય પામે છે અને પશ્ચિમમાં અસ્ત પામે છે. આ સૂર્યને કેન્દ્ર બનાવીને જે બધા ગ્રહ ઉપગ્રહો (જેમકે પૃથ્વી, સોમ, મંગળ, બૃહસ્પતિ, શુક્ર, શનિ) ચારે દિશાએ ઘૂમી રહ્યા છે, સૂર્યની સાથે તેમની સમષ્ટિનું નામ 'સૌરમંડળ' છે. અંગ્રેજીમાં એને 'સોલર સીસ્ટમ' કહે છે. પાશ્ચાત્ય વૈજ્ઞાનિકોની ઘણા દિવસો સુધી એવી ધારણા હતી કે વિશ્વમાં આપણું આ 'સૌરમંડળ' એજ સર્વ કંઇ છે. આ જે અસંખ્ય તારા આકાશના ચંદરવા નીચે લટકી રહ્યા છે તે તો માત્ર દીપકોજ છે. પરંતુ ભારતીય ઋષિઓએ કહ્યું છે કે સૌરમંડળ (આપણે ત્યાં સૌરમંડળને બ્રહ્માંડ યા વિશ્વ કહે છે.) અસંખ્ય છે—અગણિત છે.

संख्या चेत् रजसामस्ति विश्वानां न कदाचन।
(देवी भागवत ९, ३, ७)

અર્થાત્ ધૂળનાં રજકણો કદાચ ગણી શકાય પરંતુ બ્રહ્માંડોની ગણત્રી કરી શકાય તેમ નથી.

यथा तरंगा जलधौ तथेमाः सृष्टयः परे।
उत्पत्योत्पत्य लीयन्ते रजांसीव महानिले॥

જેમ સમુદ્રનાં મોજાંઓ અગણિત છે, તેજ પ્રમાણે મહેશ્વરની સૃષ્ટિઓ પણ વાયુમાં ધૂળનાં રજકણોની પેઠે ઉત્પન્ન થાય છે અને લય પામ્યા કરે છે.

પાશ્ચાત્ય વિજ્ઞાન પણ હવે એજ વાત કહેવા લાગ્યું છે. પ્રોફેસર એડિંગ્ટન કહે છે કે હજુસુધી અમને ત્રણસો કરોડ તારા-સૂર્યોનો પત્તો લાગી શક્યો છે.

આ પૃથ્વી, જેના ઉપર આપણે રહીએ છીએ તે આપણી દૃષ્ટિમાં બહુ મોટી દેખાય છે, તેથી આપણે કહીએ છીએ કે **विपुला च पृथ्वी।** '

પરંતુ આપણી આ પૃથ્વી સૌરમંડળનો કેવળ એક નાનકડો ગ્રહજ છે, બૃહસ્પતિ યા શનિ એના કરતાં ઘણા મોટા છે. આપણો સૂર્ય પૃથ્વીથી દશલાખગણો મોટો છે અને એવા પણ તારાસૂર્ય છે કે જે આપણા સૂર્યથી પણ દશલાખગણા મોટા છે. હવે અનુમાન કરો કે એ બ્રહ્માંડો કેવડાં કેવડાં મોટાં છે.

આ વિષયમાં એક વાર જો અખિલ વિશ્વ-બ્રહ્માંડનું સંસ્થાન અર્થાત્ કેટલા દેશ એકત્ર કરીને આ સૃષ્ટિ ફેલાઇ રહી છે તેનો વિચાર કરીએ છીએ તો ચિત્ત આશ્ચર્યમાં ડૂબી જાય છે. આપણે જાણીએ છીએ કે સૂર્ય પૃથ્વીથી નવ કરોડ માઇલ દૂર છે, પરંતુ વૈજ્ઞાનિકોએ એવા એવા તારા-સૂર્યોનો પત્તો લગાવ્યો છે કે જ્યાંના

પ્રકાશને પૃથ્વી ઉપર પહોંચતાં ચૌદ કરોડ વર્ષ લાગે છે. આપણે એ પણ જાણીએ છીએ કે પ્રકાશની ગતિ દર સેકંડે એક લાખ છાશી હજાર માઈલ છે. જે તારાનો પ્રકાશ પૃથ્વી ઉપર પહોંચતાં ચૌદ કરોડ વર્ષ લાગે છે, તેના અંતરનું તો પૂછવુંજ શું ? ત્યાં તો સઘળી મનુષ્ય–સંખ્યાનો અંત આવી જાય છે; કેમકે તે અંતરની જો ગણત્રી કરવામાં આવે તો ૮૨ના આંકડા ઉપર ૧૯ મીંડાં આવે છે. આ સંખ્યા કરોડને કરોડગણા કરવા કરતાં પણ ઘણી વધારે છે.

આ જે અગણિત તારા–સૂર્ય છે તે પ્રત્યેકમાં એક એક સૌરમંડળનું કેન્દ્રસ્થાન હોવાનો સંભવ છે. અર્થાત્ જેમ આપણા સૂર્યને કેન્દ્ર બનાવીને મંગળ, બુધ, બૃહસ્પતિ આદિ કેટલાયે ગ્રહો ફરે છે; તો એ તારા–સૂર્યોને આધારે કેટકેટલા કરોડ ગ્રહ–ઉપગ્રહ ગગનમંડળમાં વિચરણ કરે છે તે કોણ જાણી શકે તેમ છે ? આ બધા ગ્રહ–ઉપગ્રહ શું જીવશૂન્ય છે ? આપણે જોઈએ છીએ કે એક જલબિંદુ પણ જીવશૂન્ય નથી, પરંતુ અગણિત જીવોની લીલાભૂમિ છે. તેથી આપણી પૃથ્વીથી જુદા બીજા બીજા ગ્રહ–ઉપગ્રહ અને આપણા સૌરમંડળથી ભિન્ન આકાશમાં રહેલાં અન્યાન્ય સૌરમંડળ જીવશૂન્ય છે, એમ માનવું એ શું ખોટું સાહસ નથી ? ઘણેભાગે અસીમ સૃષ્ટિમાં ક્યાંય પણ જીવોનો અભાવ નથી.

પાશ્ચાત્ય જગતના પાઇથેગૌરસ, પ્લેટો, કોલર, સ્વિડનબર્ગ વગેરે વિદ્વાનો માનતા હતા કે પ્રત્યેક મંડળને અધિદેવતા યા પ્રિસાઈડીંગ ડાયરેક્ટર હોય છે. આ વાત આ દેશના પ્રાચીન શિક્ષણના જેવીજ છે. ઋષિઓનું શિક્ષણ પણ એજ છે કે પ્રત્યેક બ્રહ્માંડના અધિષ્ઠાતા સ્વતંત્ર ઇશ્વર છે. તે ત્રિમૂર્તિ (ટ્રીનીટી યુનિટી ઇન ટ્રીનીટી) બ્રહ્મા–વિષ્ણુ–શિવાત્મક છે. બ્રહ્મારૂપે સૃષ્ટિ કરે છે, વિષ્ણુરૂપે પાલન કરે છે અને શિવરૂપે સંહાર કરે છે.

संख्या चेत् रजसामस्ति विश्वानां न कदाचन ।
ब्रह्माविष्णुशिवादीनां तथा संख्या न विद्यते ।
प्रतिविश्वेषु सत्येव ब्रह्माविष्णु शिवादयः ॥
(देवी भागवत् ९, ३, ७–८)

પ્રત્યેક બ્રહ્માંડમાં પોતપોતાના બ્રહ્મા–વિષ્ણુ–શિવ વિરાજમાન છે. જ્યારે બ્રહ્માંડજ અગણિત છે ત્યારે એ બ્રહ્મા–વિષ્ણુ–શિવાદિની સંખ્યા પણ અગણિત છે.

कोटि कोट्ययुतानीशे चाण्डानि कथितानि तु ।
तत्र तत्र चतुर्वक्त्रा ब्रह्माणो हरयो भवाः ॥

બ્રહ્માંડની સંખ્યા કોટિ–કોટિ અયુત–અયુત છે, અને તે બધાં બ્રહ્માંડોમાં બ્રહ્મા–વિષ્ણુ અને રુદ્ર વિરાજમાન છે.

ब्रह्माविष्णुशिवादीनां यः परः स महेश्वरः ॥

'આ બ્રહ્મા, વિષ્ણુ અને શિવગણ બ્રહ્મની મુખ્ય મુખ્ય શક્તિ છે. જે બ્રહ્મા, વિષ્ણુ અને શિવોની પણ ઉપર છે તેજ મહેશ્વર છે.'

આજ વિષયમાં લિંગપુરાણમાં પણ લખ્યું છે કે—

असंख्याताश्च रुद्राख्या असंख्याताः पितामहाः ।
हरयश्च ह्यसंख्याता एक एव महेश्वरः ॥

અસંખ્ય રુદ્ર, અસંખ્ય બ્રહ્મા, અને અસંખ્ય વિષ્ણુ છે, પરંતુ મહેશ્વર એક અને અદ્વિતીયજ છે. આ વિષયમાં ત્રિપાદ વિભૂતિ ઉપનિષદ્‌નું કથન ધ્યાન આપવા યોગ્ય છે.

अस्य ब्रह्माण्डस्य समन्ततः स्थितानि एतादृशानि अनन्तकोटि ब्रह्माण्डानि सावरणानि ज्वलन्ति । चतुर्मुखपञ्चमुख षण्मुख सप्तमुखाष्टमुखादि संख्याक्रमेण सहस्रावधिमुखान्तैर्नारायणांशैः रजोगुणप्रधानैरेकैकसृष्टि कर्तृभिरधिष्ठितानि विष्णुमहेश्वराद्यैर्नारायणांशैः सत्त्वतमोगुणप्रधानैरेकैक स्थितिसंहारकर्तृभिरधिष्ठितानि महाजलौघमत्स्य बुद्बुदानन्त संघवत् भ्रमन्ति ॥

અર્થાત્ આ બ્રહ્માંડની ચારે તરફ એવાં અનંત કોટિ બ્રહ્માંડ પૃથ્વી વગેરેના આવરણથી આવૃત થઇને પ્રકાશી રહ્યાં છે. ચતુર્મુખ, પંચમુખ, ષણ્મુખ, સપ્તમુખ, અષ્ટમુખ, સંખ્યા ક્રમે ક્રમે હજાર મુખ સુધીના નારાયણ-અંશ બ્રહ્મા, વિષ્ણુ અને હર રજ, સત્વ અને તમોગુણની મુખ્યતાએ કરીને ભિન્ન ભિન્ન થઇને એક એક બ્રહ્માંડમાં રહેતા થકા સૃષ્ટિ, સ્થિતિ અને સંહારનું કાર્ય કર્યા કરે છે. મહાસમુદ્રમાં જેમ અનંત માછલી અને જલ-બુદ્‌બુદો ક્રીડા કરે છે, તેજ પ્રકારે વિશ્વાકાશમાં અનંત બ્રહ્માંડ ભ્રમણ કરે છે.'

ગૌડીય વૈષ્ણવોના પ્રમાણગ્રંથ શ્રીચૈતન્ય ચરિતામૃતમાં એક આખ્યાયિકા દ્વારા આ તત્ત્વ સમજાવવામાં આવ્યું છે.

એક દિવસ દ્વારકાપુરીમાં ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શન માટે બ્રહ્માજી આવ્યા. દ્વારપાળે જઇને શ્રીકૃષ્ણ મહારાજને ખબર આપી, શ્રીકૃષ્ણે દ્વારપાળને કહ્યું 'જઇને પૂછો કે કયા બ્રહ્મા આવ્યા છે, તેમનું નામ શું છે ?' દ્વારપાળે આવીને બ્રહ્માજીને આ વાત પૂછી.

આપણા બ્રહ્માંડના ચતુર્મુખ બ્રહ્મા દ્વારપાલનો આ પ્રશ્ન સાંભળીને ચિડાઇ ગયા અને કહ્યું-' અરે, હું 'બ્રહ્મા'-બીજો બ્રહ્મા કોણ ? જઇને કહો કે સનકાદિના પિતા ચતુર્મુખ બ્રહ્મા આવ્યા છે.' દ્વારપાળે ચતુર્મુખ બ્રહ્માને શ્રીકૃષ્ણ પાસે હાજર કર્યા. ભગવાન શ્રીકૃષ્ણે બ્રહ્મા સાથે યથાવિધિ કુશળપ્રશ્ન પૂછયા પછી બ્રહ્માજી બોલ્યા-' દેવ ! કયા બ્રહ્મા આવ્યા છે એમ પૂછવામાં આપનું શું રહસ્ય હતું ? મારા સિવાય જગતમાં બીજા બ્રહ્મા કોણ છે ?'

શ્રી બ્રહ્માજીની વાત સાંભળીને ભગવાન શ્રીકૃષ્ણ હસ્યા અને કંઇક ધ્યાન જેવું કર્યું. તેજ સમયે ત્યાં અગણિત બ્રહ્મા આવીને હાજર થયા.

ચરિતામૃતકાર વર્ણન કરતાં કરતાં કહે છે કે એ અગણિત બ્રહ્માઓમાં કોઇને વીસ, કોઇને સો, કોઇને હજાર, કોઇને લાખ, કોઇને કરોડ અને કોઇને અબજ મુખ હતાં કે જેની ગણત્રી કરી શકાય તેમ નહોતું. આજ પ્રકારે લાખો કરોડો મુખવાળા બ્રહ્મા એમને જોઇને આશ્ચર્યમાં ડૂબી ગયા અને શ્રીકૃષ્ણનાં ચરણોમાં લોટી પડયા.

કહેવાની જરૂર નથી કે અહીં શ્રીકૃષ્ણ મહેશ્વર છે. તેમણે બ્રહ્માને સંબોધીને કહ્યું કે, બ્રહ્માજી ! આ બ્રહ્માંડનો વિસ્તાર પચાસ કરોડ યોજન છે, આ અતિક્ષુદ્ર બ્રહ્માંડમાં આપ ચતુર્મુખ છો. પરંતુ અન્ય બ્રહ્માંડોમાં કોઈ સો કરોડ યોજનનું છે, કોઈ લાખ કરોડ યોજનનું અને કોઇ કરોડ કરોડ યોજનના વિસ્તારવાળાં છે, એ બ્રહ્માંડોને અનુરૂપજ તેમનામાં એટલાંજ વધારે મુખોવાળા બ્રહ્મા છે. આ પ્રકારે હું સમસ્ત બ્રહ્માંડોનું પાલન કરૂં છું.

હવે આપણા ચતુર્મુખ બ્રહ્માનો મોહ નાશ પામ્યો. ઉપનિષદોમાં સ્થળે સ્થળે મહેશ્વરને બ્રહ્મ અને ઈશ્વરને બ્રહ્મા અથવા હિરણ્યગર્ભ, પરમેષ્ટી અથવા પ્રજાપતિ કહેલા છે–

ब्रह्मा देवानां प्रथमः सम्बभूव।
विश्वस्य कर्ता भुवनस्य गोप्ता ॥ (मुण्डक १, १)
हिरण्यगर्भं जनयामास पूर्वम् (श्वेता० ३, ४)
प्रजापतिश्चरसि गर्भे त्वमेव प्रतिजायसे। (प्रश्न० २, ७)
सनगः परमेष्ठिनः (बृह० २, ६, २)

બ્રહ્મ અને બ્રહ્માનો સંબંધ સમજાવવા માટે એક જગાએ સમ્રાટ્ અને રાજાની તુલનાનો પ્રયોગ કરવામાં આવ્યો છે. જેમ એક સમ્રાટ્‌ને અધીન અનેક રાજાઓ રહે છે–એ બધા રાજા પરસ્પર સ્વતંત્ર છે, પરંતુ સઘળા સમ્રાટ્‌ના પરતંત્ર છે. વિશ્વબ્રહ્માંડના શાસન અને પાલનનું કામ પણ એજ પ્રકારે ચાલી રહ્યું છે. જે સર્વોપરિ છે તેજ મહેશ્વર છે. જે સમ્રાટ્ સ્થાનિક છે તેની તાબેદારીમાં અસંખ્ય ઈશ્વર છે. એક એક ઈશ્વર (બ્રહ્મા) એક એક બ્રહ્માંડના સ્વામી છે. એ બધા ઈશ્વર પરસ્પર સ્વતંત્ર છે, પરંતુ સર્વે મહેશ્વરને અધીન છે. આ બધા ઈશ્વર જે સમયે પ્રજાપતિ છે તે સમયે મહેશ્વર પ્રજાપતિ–પતિ છે.

पतिं पतीनां परमं परस्तात् (श्वेता० ६, ७)

આ બધા ઈશ્વર જ્યારે બ્રહ્મા, વિષ્ણુ અને શિવ છે, ત્યારે મહેશ્વર, મહાબ્રહ્મા, મહાવિષ્ણુ અથવા સદાશિવ છે.

આ બધા ઈશ્વર સવિતૃમંડળના મધ્યવર્તી પુરુષો છે.

य एष आदित्ये पुरुषो दृश्यते। (छान्दोग्य० ४, ११, १)

અને મહેશ્વર વિરાટ્ પુરુષરૂપે અનંતકોટિ બ્રહ્માંડોની અંદર રહેલા છે. તેઓ–

सर्वतः पाणिपादं तत् सर्वतोऽक्षिशिरोमुखम्।
सर्वतः श्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति ॥

તેમના હાથ અને પગ સર્વત્ર છે, તેમનાં નેત્ર, મસ્તક, મુખ અને કાન બધી જગાએ છે; તે સૌને વ્યાપ્ત કરીને રહેલા છે. અર્થાત્ એક એક ઇશ્વિર એક એક સોલર લોગોસ છે અને બ્રહ્માંડ યા સોલર સીસ્ટમની સંખ્યા જ્યારે અનંત કોટિ છે, ત્યારે આવા સોલર લોગોસની સંખ્યા પણ અગણિત છે. અને જે સમસ્ત ઇશ્વિરોનો ઇશ્વિર મહેશ્વર-પરમેશ્વર છે (સેન્ટ્રલ લોગોસ), અનંત કોટિ બ્રહ્માંડ જેના વિરાટ્ દેહના રોમકૂપનાં પરમાણુ છે, તેમને નમસ્કાર છે.


नमो नमस्तेस्तु सहस्रकृत्वः।

તેમના મહિમાનું વર્ણન કોણ કરી શકે? તેથીજ ભાગવતમાં નીચે પ્રમાણે લખેલું જોવામાં આવે છે. બ્રહ્મા તેમની સ્તુતિ કરતાં કહે છે કે—

क्वाहं तमोमहदहंखचराग्निवार्भू
संवेष्टिताण्डघट सप्तवितस्ति कायः।
क्वेतादृग्विधा अगणिताः परमाणुचर्या
वाताध्वरोमविवरेषु च ते महित्वम् ॥
(श्रीमद् भागवत)

ક્યાં હું ક્ષુદ્ર અને ક્યાં આપ પરમ મહાન? પૃથ્વી આદિ સાત તત્ત્વોનું બનેલું એક બ્રહ્માંડ મારૂં શરીર છે અને આપના શરીરના પ્રત્યેક રોમકૂપમાં, વાતાયન માર્ગમાં જેમ પરમાણુ પ્રવેશ કરે છે અને નીકળે છે તેમ એવાં અસંખ્ય બ્રહ્માંડ પ્રવેશ કરે છે અને નીકળે છે. અહો! આપનો કેવો અપાર મહિમા છે! ઇશ્વર અને પરમેશ્વરમાં આજ ભેદ છે!

(સંવત ૧૯૮૯ ના 'કલ્યાણ'ના ઇશ્વરાંકમાંથી)



૧૧૧–લોકમેળા

(લેખકઃ–શ્રી. "શારદા"ના તંત્રીજી)

આપણા શાસ્ત્રકારોએ, આપણા સમાજના સ્થાપકોએ ઋતુ ઋતુના ઉત્સવો યોજી, ઋતુ ઋતુના ખેલને ખેલી, પ્રજાશરીરની નવપલ્લવતા પોષવા માટે અનેક પ્રકારે પ્રયત્નો કર્યાં છે. વસંતનો ફૂલડોલનો ચેતનભર્યો ઉત્સવ કે શરત્પૂર્ણિમાનો વિરાટ્ રમણે ચડાવનારો અદ્દભુત ઉત્સવ, એ કુદરતને આંગણે ખેલાતા એ નવચેતન સ્ફુરતા પ્રસંગો છે. આવી ગુંથણી તો હિંદી જીવનમાં ક્ષણે ક્ષણે રસભર ભાવનાથી ગુંથાઈ રહી છે. આપણા સામાજિક જીવનનોજ એક પ્રસંગ અત્રે બતાવવો આવશ્યક છે.

કાઠિયાવાડમાં વર્ષોથી અમુક અમુક સ્થળે લોકમેળાઓ ભરાય છે. હજારોની સંખ્યામાં એ મેળામાં વિવિધ રંગની મેદની જામે છે. એ મેળાની દરેક ગ્રામ્યજન ઉત્સાહભરી રાહ જુએ છે. એ મેળાના મંગળમુહૂર્તને વધાવવા અનેક ગ્રામ્યસુંદરી આતુર નયને દિવસો ગણે છે. સોરઠનો માધવપુરનો મેળો; ગિરનારપર ભવનાથનો મેળો; હાલારમાં જડેશ્વરનો મેળો અને ઠેર ઠેર સાતમ આઠમના મેળા એ કાઠિયાવાડની પ્રજામાં નવપલ્લવતા પોષતા પ્રસંગો છે. કાઠિયાવાડની રસસામગ્રી જોવી હોય, કાઠિયાવાડની શૌર્યભરી જનતાનાં દર્શન કરવાં હોય, કાઠિયાવાડના લોકસાહિત્યની સમાલોચના કરવી હોય, કાઠિયાવાડના દુહા, સોરઠાના લલકાર સાંભળવા હોય, કાઠિયાવાડના કોકીલ કંઠે ગવાતા રાસના ઝણકાર ઝીલવા હોય; તો જરૂર આ મેળાઓમાં જનારને એમાંનું એકાદ અંગ તો આજે પણ જીવતું દેખાશે.

એક વખત આ મેળાઓ સર્વાંગ નવપલ્લવતા પોષતા હતા. આજે કમનસીબે શહેરીજીવનના ચેપથી એ મેળાઓનો નિર્દોષ આનંદ દોષભર્યો થઇ પડયો છે. આજે એ મેળાના સહેલાણીઓ નવપલ્લવતાનું પિયૂષ પીવાને બદલે પ્રજાશરીરનો ક્ષય કરનાર ઝેરના પ્યાલા ઉડાવે છે. સોરઠની લીલીછમ સીમમાં જાઓ અને ત્યાં ઝુંપડીમાં રહેતા એક વૃદ્ધ ખેડુતને માધવપુરના મેળા માટે પૂછો. પચીસ વર્ષ પહેલાંનો એ મેળો અને આજનો મેળો એ બે વચ્ચેની તુલના એ વૃદ્ધ કૃષિકાર પાસેથીજ સાંભળો તો જરૂર જણાશે કે, પ્રજાશરીરની નવપલ્લવતા પોષતાં તત્ત્વો એ મેળામાંથી ધીમે ધીમે પલાયન કરતાં જાય છે, અને તેને બદલે પ્રજાને નીચે પાડનાર નવાં નવાં બહારથી સુંદર પણ અંદરથી પ્રાણનાશક એવાં તત્ત્વો એ મેળામાં દાખલ થતાં જાય છે. જડેશ્વરની ઇતિહાસપ્રસિદ્ધ ટેકરી પર ભરાતો શ્રાવણ માસનો જૂનો મેળો જેણે જેણે જોયો હશે તે પણ કબૂલ કરશે કે એ મેળાના

પણ જમાનાને અનુસરતાજ હાલ થયા છે. દૂરદૂરનાં ગામડાંઓ આ મેળામાં આવી ગ્રામ્યજનોમાં એકતા સાધતાં; જુદા જુદા પહેરવેશે ગ્રામ્યજનો સાથે રાસમંડળીઓની ધૂન જમાવતા; પોતપોતાના ગામની સૌંદર્યતા સજતી સુંદરીઓ સાદા નૃત્ય સાથે નિર્દોષ આનંદમાં અહીં જડેશ્વરની છાયામાં પોતાનું વ્યક્તિત્વ શોભાવતી; નાનાં નાનાં બાળકો શંકરનાં દર્શન કરી નાની નાની મંડળીઓમાં નિર્દોષ બાલચેષ્ટાઓથી આ રમણીય ટેકરીની રમણીયતા વધારતાં, તોફાની સાગર સરીખા યુવાનીની ધૂનમાં ઘૂમતા યુવાનો શારીરિક સંપત્તિ વધારનારા દેશી પ્રયોગો કરી પોતપોતાના ગામનું મર્દાનગીભર્યું પાણી અહીં બતાવતા.

આ બધાને બદલે આજે એ મેળામાં કંઇ બીજાંજ દૃશ્યો દેખાય છે. આજે અહીં ઠામઠામ જુગારના પાટલાઓ મંડાયા છે. વિવિધ પ્રકારના જુગારનાં દૃશ્યો બાળકો, યુવાનો અને વૃદ્ધોને પોતા તરફ લોભવૃત્તિથી ખેંચે છે. આખા મેળામાં જો કોઇએ પણ પોતાનું રાજ્ય જમાવ્યું હોય તો તે જુગાર ખેલતા જુગારીઓએજ. કમનસીબી એટલી હદ સુધી દેખાય છે, કે જુગાર ખેલવાનાં સાધનો પર પણ જગતવંદ્ય મહાત્માજીની છબીઓ લટકાવવામાં આવે છે! પ્રજા કેટલી નીચે ઉતરી ગઇ છે અને હજુ કઇ દિશામાં પ્રજાજીવનનાં વહેણ વહે છે, એ જોવાનું જો કોઇ પણ સ્થાન હોય તો આવા પ્રકારના હાલના મેળાઓ છે. અમે મેળાના હિમાયતી છીએ; અમે પ્રજાશરીરની નવપલ્લવતા પોષતા એ પ્રસંગોના પૂજક છીએ; પ્રજા પ્રજામાં–ગામ ગામમાં સામાજિક સંબંધ સાધનારા એ પ્રસંગને અમે જરૂરના ગણીએ છીએ. પણ એ પ્રસંગને નીતિરીતિથી ભ્રષ્ટ થયેલો જોઇ અમે પ્રજાના નાયકોને એ વિષયમાં ખાસ ધ્યાન આપવાની અમારી પવિત્ર ફરજ સમજીએ છીએ. એ મેળાઓનો આપણે નાશ નથી કરવો, એ મેળાઓના નિર્દોષ આનંદને આપણે બંધ નથી પડાવવો; એ મેળાની પ્રથા આવકારદાયક છે એટલું ધ્યાનમાં રાખી એ મેળાની અંદર દિનપ્રતિદિન સામ્રાજ્ય જમાવતું ઝેરી તત્ત્વ દૂર કરવાના પ્રયત્નો કરવાની હવે ખાસ જરૂર છે.

("શારદા"માસિકના એક અંકમાંથી)



૧૧૨–ટુંકામાં ઘણું

(સંશોધકઃ–શ્રી. સામાન્ય જન)

સમાજવાદનો અર્થ એ નથી કે તે દરેકને શ્રીમંત બનાવવા માગે છે, તે તો દરેક માણસને કામ કરતા થવાની તક આપે છે. તે મનુષ્યમાત્રને સેવા માટે સ્વતંત્ર કરે છે.

× × × ×

જંગલી મનુષ્યોમાં અધિકાર અને ફરજ એ બેની વચ્ચે ભાગ્યેજ કશો ફરક રાખવામાં આવતો હોય; પણ પોતાને સભ્ય અને સંસ્કારી મનાવનારાઓમાં આ બે સાદા શબ્દો વચ્ચે જે ભેદ ઠરાવવામાં આવે છે તેની તો સામાન્ય મનુષ્યને પણ ખબર છે. કેમકે અત્યારે તો એક વર્ગની પાસે તમામ અધિકાર ભોગવવાના હોય છે અને બીજાને માત્ર ફરજોજ બજાવવાની હોય છે !

× × × ×

મુડીવાદ એ ઘણાઓને ભોગે થોડાઓ માટેનો સામ્યવાદ છે. પણ આપણે તો એવો સમાજવાદ જોઇએ છે કે જે સૌને લાભ કરે અને જેમાં કોઇનો પણ ભોગ ન લેવાતો હોય.

× × × ×

ઉત્પાદન માટેની મુડીવાદી રીતોથી જનસમૂહમાંથી જ્ઞાન મેળવવાની લાગણી મરવા માંડે છે, જ્ઞાન મેળવવાની એમની લાગણીને સંતોષ તો એકલો સમાજવાદજ આપી શકે.

× × × ×

સંસ્કૃતિનાં તમામ તત્ત્વો જનસમાજને મળી શકે તેવી વ્યવસ્થા થાય તોજ સમાજવાદ સફળ થઇ શકે.

× × × ×

મૂડી અને સત્તાવાદી ઉમરાવશાહી હમેશાં ધન અને સત્તા માટે ઝૂઝે છે. એથી મેળવેલ ધન ને વૈભવ વિલાસ પાછળ વેડફી મારે છે, અને સત્તાનો પોતાના જ હિતના સંરક્ષણ અર્થે દુરૂપયોગ કરે છે.

× × × ×

ગરીબ, બેકાર અને કચડાયલા ખેડુતો એક વાત ધ્યાનમાં રાખે તો તેમને પોતાને તેઓ મદદ કરી શકે. તે વાત એ કે, જ્યારે નવી ચુંટણીઓનો વખત આવે, ત્યારે તેઓ પોતાના મત પોતાના દુશ્મનો જેવા વર્ગના પ્રતિનિધિઓને જરૂર ન આપે.

× × × ×

જેઓ જૂઠનો વ્યાપાર ખેડે છે તેઓ સ્વાભાવિક રીતેજ સત્યને ઉદ્દામ અને અપવિત્ર કહીને નિંદવા પહેલા બહાર પડે છે.

× × × ×

આદર્શો ગમે તેટલા ઉદાત્ત હોય છતાં જ્યાંસુધી તેને વ્યવહારમાં યોજવામાં આવે તેવા તે સક્રિય વિચારોવાળા ન હોય ત્યાં સુધી તે નકામાજ છે.

× × × ×

જે ચળવળની પાછળ વધુમાં વધુ ખર્ચ થાય છે અને ધાર્મિક નજરે જેને વિશેષ પવિત્ર માનવામાં આવે છે, તે ચળવળમાં માનવજીવનને માટે સૌ કરતાં વધારે અગત્યની વસ્તુઓ છુપાવવામાં આવે છે અથવા તો તેને ઉલટા સ્વરૂપમાં રજુ કરવામાં આવે છે.

× × × ×

સાહસિક મનુષ્યોના વ્યક્તિગત પ્રયાસની ભારે પ્રશંસા કરવામાં આવે છે, પરંતુ એવા પુરુષો સામાન્ય જનતાને ચૂસનારા હોય છે. જે હાથ કુશળતાથી જેમને લૂંટતા હોય તે કુશળતા માટે લૂંટાનારાઓએ તેનાં વખાણ કરવાં એ કયાંનો ન્યાય ?

× × × ×

વ્યક્તિવાદી અર્થશાસ્ત્રવાળી વ્યવસ્થામાં સામાજિક ન્યાયની સ્થિતિજ અશક્ય બની બેસે છે. કેમકે એ આખુંયે તંત્ર અને તે પ્રથાનો મુખ્ય ઉદ્દેશ સામાજિક ન્યાયને ફાવવા ન દેવાપરજ નિર્ભર હોય છે.

× × × ×

જે ઉંચામાં ઉંચું તત્ત્વજ્ઞાન માત્ર પુસ્તકોનાં પાનાં પર રહેવા માટેજ વિચારાયું હોય, તે માનવસમાજની જરાયે પ્રગતિ કરી શકતું નથી, ઉલટું અગતિ કરે છે !

× × × ×

જે સરકાર જાતેજ મુઠ્ઠીભર માણસોના સ્વાર્થી હિતના સંરક્ષણમાં મચી રહી અસંખ્ય મનુષ્યોના વાજબી હિતોની સામે થવાનું જ કામ કરે છે, તેવી સરકારો પોતાને નીતિમાન ગણાવવાનો આડંબર કરે છે !

× × × ×

સામાજિક પ્રગતિની ટુંકી વ્યાખ્યા આપવી હોય તો એટલુંજ કહી શકાય કે, એદીખાઉઓના ત્રાસમાંથી સમાજને ઉગારી લેવો.

("નવયુગ" માસિકના એક અંકમાંથી)

૧૧૩–સારનાથ

સારનાથનું સુપ્રસિદ્ધ સ્થળ બનારસથી પાંચ માઇલ દૂર છે. જવાને રેલવે માર્ગ હોવા ઉપરાંત પાકો ગાડારસ્તો પણ છે. બનારસથી ત્યાં જવાને ટાંગા મોટર વગેરે વાહનો મળી શકે છે.

આ સ્થળને સારનાથ, મૃગયાવન, ડીયર–પાર્ક, ઇશપટ્ટણ ને ઋષિપટ્ટણ વગેરે પણ નામ છે. ઇશિપટ્ટણ તથા ઋષિપટ્ટણના નામ ઉપરથી આ સ્થળ બુદ્ધની પહેલાં પણ હિંદુઓનું પવિત્ર સ્થળ હશે એમ લાગે છે. સારનાથ આ નામ એજ નામના મહાદેવના મંદિર ઉપરથી પડયું હશે. મૃગયાવન આ બુદ્ધ લોકોએ આપેલું નામ છે. જાતકકથા નામના પુસ્તકમાં એનું નામ આવેલું હોઇ બુદ્ધે હરણરૂપે અહીં જન્મ લીધો હતો એમ એમાં કહેલું છે.

એટલું ખરૂં કે, આ સ્થળ, બૌદ્ધધર્મીઓને બીજાં તેમનાં બૌદ્ધ–સ્થળની પેઠેજ બહુ પવિત્ર લાગે છે. જાપાન, ચીન, સયામ વગેરે દેશમાંથી આવેલા યાત્રાળુઓ અહીં નજરે પડે છે. સારનાથમાં ભગવાન બુદ્ધે બોધિપ્રાપ્તિ પછી પોતાના ધર્મનો પહેલો ઉપદેશ કર્યો. આ બીના ખ્રિસ્તની પૂર્વેના છઠ્ઠા સૈકામાં બની. જે ઠેકાણે બુદ્ધે ઉપદેશ કર્યો એ ઠેકાણે પાછળથી કોઇએ 'ધમેખ' સ્તૂપ બાંધ્યો એમ કહેવાય છે.

બુદ્ધનિર્વાણ પછી આ ઠેકાણું બુદ્ધધર્મના કેન્દ્રતરીકે પ્રસિદ્ધ હતું. મંદિરો, મઠ, ભિક્ષુ, સ્તૂપ વગેરેથી તે ચિકાર ભરેલું હતું. પ્રસિદ્ધ ચીની પ્રવાસી ફાહિઆન તથા હુએનસંગના પ્રવાસવૃત્તમાં આ સ્થળની જાહોજલાલીનો ઉલ્લેખ દેખાઈ આવે છે. પણ ૧૨ મા સૈકામાં હિંદુસ્થાન પર પ્રથમ આક્રમણ કરનારા મહંમદ ઘોરીએ અહીં આવીને ત્યાંના મઠ, વિહાર વગેરેનો નાશ કર્યો ને તમામ ભિક્ષુઓની અમાનુષ રીતે કતલ કરી. ત્યાર પછી હિંદુસ્થાનમાંથી બૌદ્ધધર્મનું ઉચ્ચાટન થયાથી આ સ્થળનું મહત્ત્વ ઓછું થયું.

ઘણાં વર્ષ પછી મેજર—જનરલ કનિંગહામનું લક્ષ આ સ્થળ પ્રત્યે ગયું. એમણે ત્યાંના કેટલાક અવશેષ ખોદી કાઢયા; પણ તેમની પછી એ કામ એમ ને એમજ અધુરૂં પડી રહ્યું. આશરે ૪૦ વર્ષ પહેલાં "દેવમિત્ર ધમ્મપાલ" નામનો બૌદ્ધભિક્ષુ ફરતો ફરતો અહીં આવ્યો. એણે પુષ્કળ પ્રયત્ન કરીને આ જગોમાં દટાઇ ગયેલા અવશેષોને બહાર કાઢયા અને એ સ્થળને હમણાંનું રૂપ આપ્યું. હોનોલુલુનાં મિસેસ ફોસ્ટરબાઇએ આપેલી મદદ વડે હમણાંનો વિહાર બાંધવામાં આવ્યો. આવી રીતે પુનઃ આ સ્થળને બૌદ્ધકાલીન મહત્ત્વ આવવા લાગ્યું છે.

સાંપ્રત અહીંઆં જોવા જેવાં નીચેનાં સ્થળો છેઃ–

૧ ચોખંડીસ્તૂપ, ૨ ધમેખસ્તૂપ, ૩ મુખ્ય મંદિર અને વિહારો, ૪ અશોકસ્તંભ, ૫ જગતસિંહ સ્તૂપ કિંવા ધર્મરાજિકા સ્તૂપ અને ૬ હમણાંહમણાંજ બંધાયેલ મ્યૂઝિયમ તથા ૭ મૂલગંધકુટિ વિહાર.

૧ ચોખંડીસ્તૂપ:—આ જૂના અવશેષો તરફ જનારા રસ્તાની ડાબી બાજુએ છે. એ ઇંટોનો હોઈ તેના પર મુસલમાનકાલીન બાંધેલી અષ્ટકોણી ઇમારત છે, એના ઉપરથી આસપાસનો પ્રદેશ બહુ દૂરસુધી દેખાય છે. આ ટેકરો પહેલાંના એક સ્તૂપનો હોઈ સ્તૂપ-ની ઇંટો લોકોએ કાઢી લઇ જવાથી તેની આવી સ્થિતિ થયેલી છે. ઉપરની આઠખૂણી ઇમારત અકબર બાદશાહે પોતાના પિતાની મુલાકાતનિમિત્તે બાંધેલી છે, એનો અને બુદ્ધધર્મની ઇમારતોનો કંઈજ સંબંધ નથી.

૨ ધમેખસ્તૂપ:—બુદ્ધકાલીન અવશેષોમાંથી પોતાનું મસ્તક ઉંચું કરીને ઉભો રહેલો અવશેષ તે આ સ્તૂપ છે. આ સ્થળે પૂર્વે એકાદ ઇમારત હશે એમ કહેવાય છે; પણ એનો નાશ થયા પછી આ ઇમારત બાંધવામાં આવી. આજ જગોએ ભગવાન બુદ્ધે ઉપદેશ કર્યો.

એની ઉંચાઇ જમીનથી ૧૧૦ ફૂટ હોઇ તળિયાનો વ્યાસ ૯૩ ફૂટ છે, ને તે ઉપલી બાજુએ ઓછો ઓછો થતો ગયો છે. જમીન-ની સપાટીથી ૪૩ ફૂટ સુધીનો ભાગ પથ્થરથી બાંધેલો છે. ત્યાંથી ઠેઠ ઉપરસુધીનો બધો ભાગ ઇંટો વડે બાંધેલો છે. પથ્થરના થરવાળો ભાગ આઠખૂણી છે. પથ્થર એકબીજાની સાથે લોખંડની કડીઓ વડે જોડેલા હોઇ એના પર સુંદર ખોદકામ કરેલું છે.

૩ મુખ્ય મંદિર:—ઉપલા સ્તૂપની પશ્ચિમ બાજુએ ખોદી કાઢેલા અવશેષ આજ મંદિરના છે. બાંધકામમાં પથ્થર તથા ઇંટોનો ઉપયોગ કરેલો છે. મંદિરના ગભારા સામે દૂર સુધી સભામંડપ હોઇ મંદિરની આસપાસ ભિક્ષુને રહેવાની ઓરડીઓ છે. ગભારાના મધ્યભાગમાં બુદ્ધમૂર્તિને રાખતા. એની દક્ષિણે એક ઓરડીમાં સુંદર કઠેરો નજરે પડે છે. એના પરનું પૉલીશ એટલું અપ્રતિમ કરેલું છે કે એની કલ્પના પ્રત્યક્ષ નજરે જોયા સિવાય આવી શકે નહિ.

૪ અશોકસ્તંભ:—ઉપલા મંદિરની પાછલી બાજુએ આ સ્તંભ ઉભો કરી રાખેલો છે. એનો કેટલોક ભાગ છિન્નવિચ્છિન્ન સ્થિતિમાં નજીકમાંજ છે. એના ઉપરનું પૉલિશ પણ ઉત્કૃષ્ટ છે, એમાં આપણો ચહેરો દેખાઇ શકે છે. આ સ્તંભનું ઉપલું શિખર અજાયબઘર (મ્યુઝિયમ)માં રાખવામાં આવ્યું છે.

૫ ધર્મરાજિકાસ્તૂપ:—આને જગતસિંહ સ્તૂપ પણ કહે છે. હમણાં આ સ્તૂપનો ગોળાકાર તળમંદિરની દક્ષિણ બાજુએ છે. એની ઇંટો બનારસનો એક મહોલ્લો બાંધવા સારૂ કાઢી જવામાં આવી છે.

૬ મૂળ ગંધકુટિવિહાર:—ઉપરના જૂના પણ જીર્ણાવસ્થામાં દેખાતા અવશેષ જોઇને ઉત્પન્ન થયેલો ખેદ, થોડાજ સમયપર બાંધેલો વિહાર જોઇને દૂર થાય છે. આ મંદિર મિસેસ ફોસ્ટરબાઇએ આપેલા પૈસામાંથી બાંધ્યું છે. મંદિરનો કળશ ગયામાં આવેલા બુદ્ધમંદિરના જેવો દેખાય છે. મંદિર ચુનારના સફેદ પથ્થર વડે બાંધેલું હોઇ એમાં ભગવાન બુદ્ધની સુંદર મૂર્તિ પધરાવી છે. મૂર્તિ તરફ જોતાં એમાં શાન્તતા ને ગંભીરતાનો ભાવ ને વિલક્ષણ આકર્ષણ-શક્તિ દેખાઈ આવે છે. અવશેષોમાં પ્રાપ્ત થયેલી બુદ્ધમૂર્તિનીજ આ પ્રતિમા ઘડેલી છે.

મંદિરમાં જાપાનની બુદ્ધ સોસાયટીએ આપેલી સુવર્ણઘંટા ને નગારૂં મૂકેલાં છે. ઘંટાની રચના અનાજ ભરવાના માપના આકાર-ની હોઈ તે લાકડાના ઘોકાથી વગાડવામાં આવે છે.

૭ મ્યુઝિયમ:—અહીંનું વિશેષ આકર્ષક સ્થળ તે આ સંગ્ર-હાલય છે. પ્રાચીન ભારતની હુન્નરકલાની કલ્પના આ સંગ્રહ જોવાથી આવે છે.

દરવાજેથી અંદર પ્રવેશતાંની સાથેજ–સામે અશોકસ્તંભનું શિખર દેખાય છે. અને જોનારાના મનને આકર્ષી લે છે. આની બેઠક ઘંટાકાર હોઇ ઉપર સિંહની મૂર્તિઓ એકબીજાની તરફ પીઠ રાખીને ઉભી છે, સિંહ અને બેઠકની વચ્ચેના ગોળ ભાગ ઉપર બળદ, ઘોડા, હાથી અને સિંહ વગેરેની પ્રતિમાઓ હોઈ વચ્ચે એક ચક્ર કાઢેલું છે. આ ચક્ર એ અહીં પ્રથમ શરૂ કરેલા ધર્મપ્રચારનું ચિહ્ન છે.

ઉપલા શિખરની બન્ને બાજુએ બુદ્ધની ઉંચી, ભવ્ય ને ભીંતને અડકાડીને મૂકેલી મૂર્તિ છે. આ મૂર્તિ ત્રીજા સૈકામાંની છે. આ સિવાય ગુપ્તકાલીન ને મૌર્યકાલીન, કલાઓના નમુના આ દિવાનખાના-માં જ્યાં ત્યાં મૂકેલા છે. બીજા દિવાનખાનામાં સુદ્ધાં કારીગરીના આવાજ નમુના નજરે પડે છે. મ્યુઝિયમના આંગણામાં પણ કલાના એવાજ પ્રકારના ટુકડા મૂકેલા છે, એકંદરે આ સંગ્રહ જોવા જેવો છે.

સારનાથનું વર્ણન પૂરૂં થયું. કાશિયાત્રાનિમિત્ત આવનારા ગુર્જર બંધુઓએ યાત્રાની સાથે સાથે આ સ્થળે પણ એક દિવસ વીતાવ-વાનો નિશ્ચય કરશે તો પણ આ લેખ લખવાનું સાર્થક થયું એમ માની આ લેખક પોતાને કૃતાર્થ સમજશે.

(મે, ૧૯૩૩ ના "ચિત્રમય જગત"માંથી)

૧૧૪-સર્પદંશ અને તેના ઇલાજો

(લેખકઃ-ડૉક્ટર છોટાલાલ ત્રીકમજી ધ્રુવ, એલ. સી. પી. એન્ડ એસ.)

સર્પદંશથી આખા હિંદુસ્તાનમાં દર સાલ આશરે વીશ હજાર માણસો મરણ પામે છે. મરણપ્રમાણ ખાસ કરીને ગામડાંઓમાં વિશેષ પ્રમાણમાં છે. આનું મુખ્ય કારણ એ છે કે ગામડાંઓમાં સાપનું જોર વિશેષ પ્રમાણમાં હોય છે, સારા ડાકટરોની મદદ તાત્કાલિક મળી શકતી નથી, તેમજ લોકો તાત્કાલિક કરવાના સાધારણ ઇલાજો જાણતા નથી, જેથી કરીને આ લેખમાં બતાવેલા દેશી તથા વીલાયતી અકસીર ઇલાજો લોકો જરૂરની વખતે કરશે તો જરૂર કિંમતી જીંદગી બચી જશે.

સર્પદંશ થાય કે તરતજ વખત ગુમાવ્યા વગર જ્યાં દંશ થયો હોય તે ભાગથી લગભગ ૩ ઈંચ ઉપર એકાદ બે સખત પાટા બાંધી દેવા જોઇએ અને તેના ઉપર આશરે ૬ ઇંચ બીજો પાટો બાંધી દેવો. એમ કરવાથી લોહીના અટકી જવાથી ઝેરની અસર પણ થતી અટકશે.

જ્યાં સુધી શરીરમાં ઝેર રહ્યું હોય એમ માલૂમ પડે ત્યાં સુધી પાટા બિલકુલ છોડવા નહિ. પછી એક તીક્ષ્ણ હથીઆર (છરી અગર ચપ્પુ) અને ગરમ પાણી બરાબર ઉકાળેલું લેવું તથા દંશ થયેલા ભાગની અંદર ½ ઇંચ ઉંડો કાપો મૂકવો તથા બીજો કાપો ½ ઇંચ લાંબો દંશ થયેલા ભાગ ઉપર મૂકવો.

દરેક સર્પદંશના કેસોમાં દંશના ભાગને કાપી નાખ્યા બાદ ૨ થી ૩ મિનિટ સુધી લોહીજ વહેવા દેવું અને તે પછી દંશ થયેલા ભાગને ઠંડા પાણીથી ધોઇ નાખવો અને તે પછી ચોખ્ખું કપડું અગર સ્વચ્છ લીન્ટ (રૂનું કપડું) વતી અમુક વખત દંશ થયેલા ભાગને જોરથી દાબી રાખવો અને તે પછી "પોટાસ પરમેંગેનેટ" નામની વિલાયતી દવા આસમાની રંગની ભૂકી થોડી લઇને દંશની જગ્યાએ સારી રીતે ઘસવી, જેથી કરીને ઝેરની અસર નાબુદ થઈ જશે. શરીરમાં ઝેર રહ્યું છે કે કેમ તેની ખાત્રી નીચે પ્રમાણે કરી શકાયઃ-

દરદીને ૧ રાતું મરચું ખવરાવી જોવું. જો તે મરચું દરદીને તીખું ન લાગે તો જાણવું કે તેના શરીરમાં હજી ઝેરની અસર છે. જો નજીકમાં ડૉક્ટર મળી શકે એમ ન હોય તો દરદીને તરતજ (૧) ટંકણખાર ૧ તોલો (૧ રૂા. ભાર) થોડાક પાણીમાં મેળવી પાઇ દેવો. આથી ઉલટી થઈ ઝેરની અસર ઘણી ઓછી થશે.

(૨) સાપના દંશ ઉપર કૃષ્ણતુલસીનો રસ કાઢી નવટાંક સુધી પાઈ દેવો. તથા તુલસીનાં પાન ચવરાવવાં; દાંત સજ્જડ ચોંટી ગયા હોય તો નાક વડે તુલશીના પાનનો રસ પાવો અને હાથપગનાં તળીઆં ઉપર તુલસીનો રસ ચોપડવાથી સાપ કરડેલા આદમીને સારો ફાયદો થશે.

(૩) તુલસીનાં મૂળીઆં માખણમાં વાટીને જે જગ્યાએ સાપ

કરડયો હોય તે ઉપર લગાડવાથી ઝેર બહાર નીકળી જાય તો બીજો લેપ કરવો.

(૪) કડવી નઇનો કાંદો વાટીને ૨ થી ૪ ભાર પાવાથી સાપનું ઝેર ઉતરી જાય છે.

(૫) કેળના થડના થોડા રેસા મંગાવી તેનું પાણી કાઢી ૧–૨ પ્યાલા પાવાથી ઘણા દરદીઓને ફાયદો થયેલો માલૂમ પડેલ છે. આ અકસીર ઇલાજ ખાસ કરવા જેવો છે.

(૬) તુલસીનો રસ કાઢી આખા શરીરે ચોળવો. મગજના ભાગમાં, કપાળમાં, ગરદન, છાતી તથા બરડા ઉપર સારી રીતે માલીસ કરવો. આ પ્રમાણે કરવાથી ઘણો સારો ફાયદો થાય છે. ઉલટી કરાવવા વાસ્તે ફુલાવેલ મોરથુથુ થોડા ગરમ પાણી સાથે આપી ઉલટી કરાવવી અગર રાઇ બારીક વાટી ૧ ચમચી પાણીમાં મેળવી પાવાથી તુરત ઉલટીદ્વારા ઝેર બહાર નીકળી જાય છે. એક વખત ફાયદો ન થાય તો ૨–૩ વખત આપવાથી ઝેર બહાર ઉલટી વાટે નીકળી દરદીને આરામ થાય છે. વારંવાર ઘી ખાવાથી પણ ઉલટી વાટે ઝેર બહાર નીકળી જાય છે. જો શરીરમાં ઝેરનો વધારે ફેલાવો થયો હોય તો દરદીને વરાળનો પુષ્કળ બાફ આપવો, જેથી પરસેવાની સાથે ઝેર પણ બહાર ફૂટી નીકળશે. દરદીને ઉંઘવા દેવો નહિ અને જાગ્રત રહે એવા ઇલાજો કરવા. બિમારને ઘણી નબળાઈ થયેલી જણાય તો "બ્રાન્ડી" જોન એક્સો નં. ૧ અગર નં. ૨, ફ્રાન્સનો ઉંચી બનાવટનો દારૂ અને તે ન મળી શકે તો તાડી અગર તાડીનો દારૂ પાવાથી ફાયદો થશે.

આજારીને ઝેરની અસર સારી રીતે થાય છે ત્યારે ઉંઘ આવવા લાગે છે. તો તેવે વખતે તેને જાગ્રત રાખવો, ઉંઘવા દેવો નહિ. ઝેરની અસર થવાથી આજારી લેવાતો જાય અને નાડી ધીમી મંદ પડતી જાય તો વિલાયતી દવા 'સ્પીરીટ–એમોનિયા એરોમેટીક" ૪૦ ટીપાં રોજ ૧ આઉંસ ચોખ્ખા પાણીમાં મેળવી પાવું અને નાડી નાની થવા અથવા બેસી જવા ઉપર કે શરીરના ઠંડા થવા ઉપર ધ્યાન રાખીને એ દર ૨ અગર ૧ અગર ૦॥ કલાકે પાવી. ઉપર લખ્યા મુજબ "બ્રાન્ડી" પણ પાણી મેળવીનેજ પાવી. આથી કરીને નાડી બહુજ નિયમિત રહેશે. આ બાબત ઉપર ખાસ ધ્યાન રાખવું. ઝેરની અસર નરમ પડયા પછી જખમમાં સડો લાગુ પડે તો તે ઉપર પોટીસ બાંધવી, અને સડાવાળા ભાગને બોરીક એસીડવાળું ગરમ પાણી પ્રમાણ ૧૦ ગ્રેન અને બોરીક એસીડ ૧ આઉંસથી હંમેશાં સાફ કરી અંદર આયડોફોરમ ભાગ ૧ અને ૪ ભાગ બોરીક એસીડ મેળવેલી ભૂકી જખમ ઉપર ભભરાવવી, અને પછી ઉપર લીન્ટ–વિલાયતી રૂ મૂકી ચોખ્ખો પાટો બાંધી દેવો જેથી જખમ થોડા

દિવસમાં રૂઝાઈ જશે. આ બાબતમાં બની શકે તો સારા ડાક્ટરની સલાહ લઈ કામ કરવું.

(૭) દેશી દવા–વાંઝણી કંકોડીનું મૂળ પાણીમાં ઘસીને પાવું તેમજ તેનો લેપ કરવો. આ ઇલાજ પણ સારો છે.

(૮) ઘી, મધ, માખણ, પીપર, આદુ, મરી અને સિંધાલૂણ, એકત્ર કરીને ખવરાવવાં.

(૯) ઇંગ્લીશ દવા "લાઇકર પોટાસ" ૨૦ થી ૨૫ ટીપાં થોડા પાણીની સાથે દર અરધા કલાકે પાવું અને એજ દવા ૧ નાની ચમચી લઈ એમાં થોડું પાણી નાખી ચોખ્ખું લૂગડું પલાળી દુખ ઉપર મૂકવું અને તે ભીનુંજ રાખવું. આ ઉપાય પણ ઘણોજ ફતેહમંદ છે.

(તા. ૨૦–૮–૧૯૩૩ ના અઠવાડીક "મુંબઇ સમાચાર"માંથી)

૧૧૫–દાટેલું ધન

બાપે મરતી વખતે ખેતરમાં ધન દાટેલું હોવાનું કહેવાથી ચારે દીકરાઓએ આખું ખેતર ઉંડે સુધી ખોદી જોતાં કાંઇ નીકળ્યું નહિ, પણ એ રીતે સારૂં ખેડાણ થવાથી બીજે વર્ષે લચાલૂચ પાક ઉતર્યો ને ચારે ભાઇઓ પૈસાદાર થઈ ગયા. એ વાતનો મર્મ મોટપણે સમજાયો (કે ધન ખેતરમાં નહિ પણ મહેનતમાં દાટેલું હતું) ત્યાં સુધી, નાનપણમાં વાંચેલી અરેબિયન નાઇટ્સની અને બીજી પરીઓની કલ્પના–કથાઓમાં જેમ કોઇને અચાનક ધનના દાટેલા ચરૂ મળી જતા તેમ મને પણ એકાદ મળી જાય એવી ઘણી વાર બાળમનને ઇચ્છા થયા કરતી. હજી પણ હું જાણું છું કે માત્ર બાળકોને નહિ, પણ એવા બાળ–માનસવાળા ઘણા મોટાઓને સુદ્ધાં, એમ અકસ્માતે ધનિક થઇ જવાનો કલ્પનાલોભ થઇ આવે છે, તો તમને થતો હોય એમાં નવાઇ નથી. ઓરડાની પછીતને ખૂણેથી, ઘર પાછળના વાડામાં ઉભેલી જમરૂખી નીચેથી કે ખેતરમાંના વડની પાંચ વડવાઇઓના ઝૂમખા તળેથી એકાદ ચરૂ મળી આવે એવી કલ્પના કરવા દોડતા તમારા મનને વધારે સંગીન અને ફલદાયી કલ્પના પર દોડાવજો કે ધનનો ચરૂ એવી અવડ જગ્યાએ નહિ પણ પ્રામાણિક ઉત્સાહની ઝલકથી ઓપતા અને પરસેવાના ટીપે નીતરતા પરિશ્રમમાં દાટેલો હોય છે. તમારે ઘર, વાડો કે ખેતર હોય કે ન હોય, પણ ખડતલ શરીર, મજબૂત બાવડાં ને શ્રમપૂર્વક ખેડવાને તત્પર પ્રફુલ્લિત મન તો છે જ. અને એમાંજ તમારૂં ધન દાટેલું છે.

("કુમાર"માસિકના એક અંકમાંથી)

૧૧૬-વાર્ધક્ય-નિવારણ વ્યાયામ

"शतायुर्वै पुरुषः" આ શ્રુતિવચન પ્રમાણે સો વર્ષ એ માનવી આયુષ્યની પરમ મર્યાદા હોવાનું હાલમાં મનાય છે. પણ આટલી આયુર્મર્યાદાએ પહોંચવાનું ભાગ્ય બહુ થોડા લોકોનેજ પ્રાપ્ત હોય છે. મહાભારતકાળમાં સો વર્ષ એ વધુમાં વધુ આયુર્મર્યાદા નહિ પણ ઓછામાં ઓછી મર્યાદા હતી, એમ દેખાય છે. કારણ ભીષ્મ, દ્રોણ, કૃષ્ણ, જરાસંધ ઇત્યાદિ યોદ્ધા વર્ષશતક વટાવી ગયેલા કિંવા તત્સમીપ પહોંચેલા હતા એવું વિદ્વાનોનું મંતવ્ય છે. એટલુંજ નહિ પણ એ વયમાં ઘનઘોર રણસંગ્રામ કરવા જેટલો શક્ત્યુત્સાહ તેમનામાં હતો. વર્તમાનમાં માનવી આયુષ્ય, દેહયષ્ટિ, ઇત્યાદિકનો હ્રાસ થાય છે તોપણ સો વર્ષની મર્યાદા સુધી પહોંચેલાઓનાં ઉદાહરણો મળી આવે છે.

શક્ત્યુત્સાહયુક્ત ચિરંજીવીત્વ પ્રાપ્ત કરી લેવાના પ્રયત્ન સર્વ યુગમાં ને સર્વ દેશોમાં થયેલા છે. આર્યાવર્તમાં એ પ્રયત્ન પુષ્કળ પરિણત અવસ્થાએ પહોંચ્યા હતા. આપણે ત્યાં હઠયોગ નામક જે શાસ્ત્ર પ્રચલિત છે એનું ધ્યેય જો કે આધ્યાત્મિક છે ને તેની આસ-પાસ ચમત્કૃતિનાં તેમજ ગૌપ્યનાં ઘણાં ઘણાં આવરણ છે તોપણ માનવી શરીર વધારેમાં વધારે કેવી રીતે ટકાવી શકાય ને તેમાંની જુદી જુદી શક્તિઓનો કેવી રીતે ઉપયોગ કરી લઇ શકાય એને માટે હઠયોગના જેટલો અન્યત્ર ક્યાંઇ વિચાર થયો હોય એમ દેખાતું નથી. આધુનિક ચિકિત્સકને પ્રયોગાત્મક પદ્ધતિથી હઠયોગ-માંના શરીરવિષયક સિદ્ધાંતોનું આવિષ્કરણ લોણાવળાવાળા **શ્રીમત્કુ-વલાયાનંદે કૈવલ્યધામ** આશ્રમ સ્થાપીને ને યોગમીમાંસા નામક ત્રૈમાસિક કાઢીને અત્યુત્તમ રીતે કરવાની શરૂઆત કરી છે. પાશ્ચાત્યો-ના પણ આ બાબતમાં કેટલાક પ્રયોગ ચાલુ છે. પણ અમેરિકામાં હમણાં ઘડપણને દૂર ઠેલવાનું કાર્ય કેટલાકોએ યશસ્વી રીતે કરી બતાવ્યું છે. ને પોતપોતાના અનુભવ પ્રસિદ્ધ કર્યા છે. તેમની હકીકત, સિદ્ધાંત ને ઉપાય આ ઠેકાણે વાચકોને માટે સંકલિત કરવાનો પ્રયત્ન કર્યો છે.

૭૨ મા વર્ષે તારુણ્યપ્રાપ્તિ-સૅન્ફોર્ડ બેનેટનું ચરિત્ર

વૃદ્ધાવસ્થા એ મનુષ્યમાત્રને-પ્રાણીમાત્રને-અવશ્યમેવ પ્રાપ્ત થનારીને ન ટાળી શકાય એવી શારીરિક અવસ્થા છે, એવી સાર્વ-ત્રિક માન્યતા છે. સૅન્ફોર્ડ બેનેટનું ચરિત્ર વાંચ્યા પછી એ માન્યતા બિલકુલ દૂર થવી જોઇએ. ને ગમે તેનાથી ગમે તે અવસ્થામાં ગયેલી જુવાનીની ને ઉત્સાહની પુનઃપ્રાપ્તિ કરી લેવી શક્ય છે એ સ્પષ્ટ પ્રતીત થશે.

સૅન્ફોર્ડ બેનેટ આ ગૃહસ્થ સાનફ્રાન્સિસ્કોમાં વેપાર કરતો હતો. ૫૦ મે વર્ષે તે શરીરે વૃદ્ધ થયો. ધંધાની પ્રવૃત્તિમાં તેણે શરીર-પ્રકૃતિ તરફ પૂર્ણ દુર્લક્ષ કરવાથી તેની પ્રકૃતિ બગડી. શરીર સુકાઈ ગયું, માથામાં ટાલ પડી, ગાલ બેસી ગયા; ચહેરો ઉતરી ગયેલો ને નિસ્તેજ, સ્નાયુ શિથિલ, આવી તેની સ્થિતિ થઈ પડી. ત્રીસ વર્ષના સતત અગ્નિમાંદ્યને લીધે તેને પેટશૂળની વ્યથા લાગુ પડી, ને વચ્ચે વચ્ચે સંધિવાતનો ત્રાસ પણ તેને થવા લાગ્યો. સહેજ કંઇ થયું કે દવા લેવાની તેને ટેવ હતી; પણ એવી દવાઓ લેવા છતાંય તેની આવી સ્થિતિ થઇ. એક મહિનાની અપરિહાર્ય વિશ્રાંતિ લેવી પડયાથી તેણે વિચાર કરીને પોતાની આરોગ્યપ્રાપ્તિને માટે એક નવીન દિશા આંકીને અનેક વર્ષના પ્રયોગ પછી તેણે એવી એક ઉત્કૃષ્ટ વ્યાયામ-પદ્ધતિ સિદ્ધ કરી કે એકલા એ નૈસર્ગિક ઉપાય વડેજ તેને તેની જુવાનીમાં પણ અનુભવવામાં ન આવેલો ઉત્સાહ ને શકિતનો એને લાભ થયો. ૫૦ મે વર્ષે વૃદ્ધ થયેલો ગૃહસ્થ ૭૨ મે વર્ષે જુવાન બન્યો; જોવામાં તે અર્ધી ઉંમરના દેખાય છે.

દવાની દુકાનોજ માત્ર માનવીનું જીવિત બચાવવાનાં સ્થળો છે એવી તેની બચપણમાંથીજ માન્યતા થઇ હતી. ને ઘણે ભાગે તેણે બધીજ દવાઓનો આસ્વાદ લીધો હતો. પણ 'દવાઓ ઢીંચવાનું બંધ કર્યું ત્યારેજ મને મારા પ્રયત્નમાં સફળતા મળી' એવી તેણે નોંધ કરી રાખી છે. આરોગ્યપ્રાપ્તિ કિંવા આયુષ્યવૃદ્ધિ એ કોઇ પણ રામબાણ દવાઓથી થવા જેવી ન હોઇ તે ફક્ત કુદરતના પ્રસાદથીજ થવા જેવી છે; ને સૂર્યપ્રકાશ, સ્વચ્છ હવા-પાણી, સ્વચ્છતા, પૌષ્ટિક અન્ન ને વ્યાયામનુંજ અવલંબન પ્રત્યેક ઉત્કર્ષેચ્છુઓએ કરવો જોઇએ એવું તેમનું દઢ માનવું છે.

સો વર્ષ જીવવાનાં ને શારીરિક સુસ્થિતિમાં જીવનારાઓનાં ઘણાં ઉદાહરણો મળી આવશે; પણ સાઠી વટાવી ગયા પછી નવ-તારુણ્ય, જોમ ને ઉત્સાહ પ્રાપ્ત કરી લેનારાનાં ઉદાહરણ ક્વચિતજ જણાશે. સૅન્ફોર્ડ બેનેટનું ચરિત્ર આ રીતે અસામાન્ય છે. એથી તેમનું ચરિત્ર ને તેમની વ્યાયામપદ્ધતિ વૃદ્ધોને, અશક્તોને ને નિરાશ થયેલા-ઓને કલ્પતરુ જેવી છે. જેમની અંતરેંદ્રિયો તદ્દનજ નકામી થઈ નથી તેવાઓને તેમની પદ્ધતિથી ફાયદો થવા સંભવ છે.

સૅન્ફોર્ડ બેનેટને ઉત્તરવયમાં જે તારુણ્યનો લાભ થયો તેને બીજી પણ કંઇક વિશિષ્ટ પરિસ્થતિ કારણભૂત હશે. તેમને વંશપરંપરાથી દીર્ઘાયુષનો લાભ થયો હશે, તેમનામાં ભરપૂર જીવનશક્તિ હશે, એકાદ વિશિષ્ટ અન્નથી તેમને ફાયદો થયો હશે, આવી શંકા ઉદ્ભવવી શક્ય છે, પણ એ શંકાનું નિરસન સુદ્ધાં તેમણે કર્યું છે.

સાઠમે વર્ષે જ્યારે પોતાને યૌવનલાભ થાય છે એવી તેમની

ખાત્રી થઇ ત્યારે તેમણે પોતાના વંશનો પાછલાં બસો વર્ષનો ઇતિહાસ તપાસી જોયો. પણ પિતાની કે માતાની બાજુએ એક પણ પૂર્વજ દીર્ઘાયુષી હોવાનું જણાઈ આવ્યું નહિ. મા, બાપ, બ્હેન, કાકા, મામા, માશીઓ બધાં નાની વયમાંજ મરણ પામ્યાં હતાં.

સૅન્ફોર્ડનો બાપ તો બેતાળીસમે વર્ષે ક્ષયથી મરણ પામ્યો હતો. એ જન્મભર આજારી, હમેશાં કંઇ પણ દવા લેનારો, અશક્ત ને અગ્નિમાંદ્યપીડિત હતો. આવા પિતા પાસેથી તેને વિશેષ જીવનશક્તિનો લાભ થયો હોય એ બિલકુલજ સંભવતું નથી. ખુદ તેનું પણ બાળપણ ને પચાસ વર્ષ સુધીનો કાળ એવાજ પ્રકારનો હતો. આ છોકરો ઉત્તરવય સુધી જીવશે એવું સુદ્ધાં કોઇને લાગતું નહોતું.

અન્નનું પરિણામ દીર્ઘાયુષ પર ને એકંદર શરીરસ્થિતિ પર થાય છે એ વાત ખરી છે. પણ સૅન્ફર્ડ બેનેટની બાબતમાં અન્ન એ તેમનું સુધારણાનું નિર્ણાયક સાધન નથી. તેમની પચનશક્તિ નાના બાળકના જેવી હોઈ તે સર્વભક્ષક છે, ખાવાની બાબતમાં તે કશો પણ નિર્બંધ પાળતા નથી તેમજ તેમની યશઃપ્રાપ્તિનું સર્વ શ્રેય તેમની વ્યાયામપદ્ધતિનેજ આપવું જોઇએ. એ પદ્ધતિમાંના મુખ્ય સિદ્ધાંત તરફ તથા વૃદ્ધત્વની બાબતમાં તેમણે કરેલી કારણમીમાંસા તરફ હવે આપણે વળીએ.

શાસ્ત્રીય પુસ્તકોને આધારે તેમજ પોતે વિચાર કરીને વૃદ્ધત્વની તેમણે નીચે પ્રમાણે મીમાંસા કરી છે.

વૃદ્ધત્વ આ એક રોગ છે ને ઇતર રોગોની પેઠે તે દિવસે દિવસે વધતો જાય છે; બીજા રોગોમાં જે પ્રમાણે એકાદ વિશિષ્ટ ઇન્દ્રિયમાં કચરો ભેગો થાય છે ને એને લીધે એ ઇન્દ્રિયનું કામ બરોબર ન થતાં શરીરની શક્તિ મંદ પડે છે, એજ પ્રમાણે વૃદ્ધત્વ રોગમાં શરીરમાંની ધમનીઓમાં તથા રક્તવાહિનીઓમાં એક પ્રકારનો મળ ભેગો થાય છે ને જેમ જેમ વય વધે છે તેમ તેમ આ મળ વધુ ને વધુ ભેગો થતો જાય છે. રક્તવાહિનીઓ કઠિન થાય છે ને રક્તાભિસરણની ક્રિયાને અડચણ થઇ શરીરના જુદા જુદા ભાગને યોગ્ય પ્રમાણમાં લોહી પહોંચી શકતું નથી. આથી તે ભાગ તથા એકંદર શરીર શિથિલ થતું જાય છે.

બૉયલરમાં જે પ્રમાણે પાણીમાંના ક્ષારોના ચુના જેવા થર જામે છે ને તેને વારે વારે કાઢી નાખવા પડે છે, તેજ પ્રમાણે રક્તવાહિનીઓની સ્થિતિ છે. ધમનીઓ તથા રક્તવાહિનીઓ તે હૃદયમાંથી શરીરમાં શુદ્ધ રક્ત પહોંચાડનારી ને ત્યાંથી પાછું હૃદય તરફ અશુદ્ધ લોહીને લઇ જનારી નળીઓ કિંવા નહેરો છે. જળવાહક નળીઓ પાણીમાંના ક્ષારોથી તેમજ પાર્થિવ પરમાણુઓથી બંધ થઇ જવાનો સંભવ હોય છે; કિંવા કૂવામાંથી ખેતરના જુદા જુદા ભાગમાં પાણી લઈ જનારા ધોરિયાને જો ઘડી ઘડી સાફસુફ કરવામાં ન આવે તો

તે પુરાઇ જવાનો સંભવ હોય છે; તેવીજ સ્થિતિ રક્તવાહિનીઓની પણ હોય છે. આપણે ખાઇએ છીએ તે અન્નના ને પીએ છીએ તે પાણીના ગુણધર્મ આપણા રક્તમાં ઉતરે છે ને એને લીધે ને વિશેષતઃ પિષ્ટમય (સ્ટાર્ચી) પદાર્થોના સેવનથી તેમજ ચુનાવાળું (હાર્ડ વૉટર) પાણી પીવાથી આપણી રક્તવાહિનીઓની અંદરની બાજુએ ચાકના જેવો એક પ્રકારનો ધોળાશ પડતો થર જામવા લાગે છે ને એને વખતસર ને વખતોવખત કાઢી નાખવાની સાવચેતી ન લેવાથી તેના પુટ વધતા જઇ રક્તવાહિનીઓમાંની રક્તાભિસરણની જગો ઓછી ઓછી થતી જાય છે ને બારીક રક્તવાહિનીઓ તદ્દન બંધ પણ થઇ જાય છે. ત્વચાની નજીકમાં અતિશય સૂક્ષ્મ સૂક્ષ્મ એવી રક્તવાહિનીઓનું જાળું પથરાયલું હોય છે. આ નલિકા સૌથી પ્રથમ બંધ થાય છે ને એથીજ કરચલી પડેલી ચામડી આ જરાવસ્થાનું પ્રથમ ચિહ્ન દેખાવા લાગે છે. આવો આ મળ ઠેકઠેકાણે ભેગો થતો જવાથી શરીરના જુદા જુદા ભાગોમાં લોહીનું પ્રમાણ ઓછું થવાથી આખા શરીરનું પોષણ ઓછું પડીને શક્તિ ઓછી થાય છે. વૃદ્ધાવસ્થામાં શરીરના છેડા પર આવેલી ઇન્દ્રિયોનાં–જેવી કે નેત્ર, કાન, જીભ, દાંત, કેશ, પગ, હાથ, ત્વચાનાં–કાર્ય શિથિલ થાય છે. આ ઉપરથી વૃદ્ધત્વની બાબતમાં આ સિદ્ધાંતની સત્યતા માન્ય થવા જેવી છે. પછી વૃદ્ધ માણસ લૂલો, લંગડો, ખોબડો બનીને ઘરમાંજ પડી રહે છે. હૃદયની નજીકમાં જે ઇન્દ્રિયો છે તેમની ક્રિયા તે પેટ, યકૃત, આંતરડાં, મૂત્રપિંડ, ફેફસાં ઈત્યાદિકની ક્રિયા પુષ્કળ દિવસ ચાલે છે; પણ આજ પદ્ધતિથી તે સુદ્ધાં આગળ જતાં બંધ પડે છે. વૃદ્ધત્વના કારણનો આ સિદ્ધાંત, આધુનિક શાસ્ત્રોને સંમત એવોજ હોવાનું નીચેના ઉતારાઓ પરથી દેખાઇ આવશે.

શાસ્ત્રજ્ઞોના મત પ્રમાણે વૃદ્ધાવસ્થાનું બીજું એક કારણ એવું છે કે, માનવી શરીરમાં દર ક્ષણે જીવનમરણની ભાંગફોડ એકસરખી ચાલુ હોય છે. અન્ન, પાણી ને હવા દ્વારા આપણે જે પોષણ લઇએ છીએ તેના નવા સજીવ પરમાણુ આપણા શરીરમાં નિર્માણ થાય છે ને હરેક પ્રકારની હાલચાલને લીધે આપણને જે શ્રમ થાય છે એને લીધે જૂના પરમાણુ મૃત થાય છે. આ મૃત પરમાણુઓને ઉત્સર્ગેન્દ્રિય વાટે બહાર કાઢી નાખવાં પડે છે ને તે કાર્ય યોગ્ય રીતે ન થાય તો તે મૃત પરમાણુ ઠેકઠેકાણે ભેગા થાય છે ને તે તે ઇન્દ્રિયોની શક્તિને ક્ષીણ કરે છે; તેમજ તે તે ઇન્દ્રિયોના સ્થિતિસ્થાપકપણાને નષ્ટ કરે છે. ને સ્થિતિસ્થાપકતા એ એક તારુણ્યનું તેમજ જડત્વ એ વૃદ્ધત્વનું મુખ્ય લક્ષણ છે. આથી શરીરનું તારુણ્ય કાયમ રાખવાનું હોય તો શરીરમાં જડત્વ ન આવવા દેતાં શરીરની સ્થિતિસ્થાપકતા તથા ચાપલ્યને કાયમ રાખવાં જોઇએ. મૃતપેશીઓનો બરાબર વખત-

સર શરીરમાંથી નિકાલ થતાં એ કાર્ય સુલભ થશે, ને આ ભાંગભોડ દરક્ષણે શરીરમાં ચાલુજ હોય છે. ઉત્તરવયમાં એ કાર્ય આપણી કૃત્રિમ રહેણીને લીધે બરાબર થઈ શકતું નથી તેથી એ કાર્યને થોડી મદદ કરવી જોઇએ. ઉત્તમ રક્તાભિસરણ એ મૃતપેશીઓને શરીરમાંથી દૂર કરવાનું કુદરતે યોજેલું સાધન છે. બચપણમાં ને તારુણ્યમાં જ્યાંસુધી લોહી શરીરમાં ઉછળતું હોય છે ત્યાંસુધી આ કાર્ય બિલકુલ વ્યવસ્થિત રીતે ચાલે છે, પણ પછી વ્યાયામ અને હાલચાલ ઓછી થવાથી રક્તાભિસરણ મંદ પડી વૃદ્ધત્વની આપત્તિ આવે છે.

શરીરમાં ઠેકઠેકાણે જે સેંકડો નાની મોટી ગ્રંથિઓ છે તેમના યોગ્ય કાર્યસંચાલન પર પણ શરીરનું તારુણ્ય અવલંબી રહેલું છે, એવો સૅન્ફર્ડ બેનેટનો મત છે. શરીરમાંનાં વિઘાતક જંતુઓને પ્રતિકાર કરીને તેનો નાશ કરવાનું કામ આ ગ્રંથિઓ કરે છે. ગ્રંથિઓનું કામ પહેરાવાળાના જેવું છે. વિઘાતક જંતુઓની તે તાબડતોબ ખબર આપે છે. (થૅાયરૅાઈડ) એ તો બધી ગ્રંથિઓમાં શ્રેષ્ઠ છે ને તેના કાર્યસંચાલન પર એકંદર શરીરનું આરોગ્ય ને તારુણ્ય અવલંબી રહેલું છે. આજુબાજુના સ્નાયુઓને વ્યાયામ આપવાથી આ ગ્રંથિઓનું કાર્ય સારી રીતે ચાલવા લાગે છે ને શરીરની શોષણશક્તિ વધે છે એવો મિ. બેનેટનો મત છે.

અન્નનું બરાબર ચર્વણ કરવું, મલાશયને એનિમા દ્વારા સાફ કરવું, સ્નાન વડે બાહ્યશુદ્ધિ રાખવી, શુદ્ધ હવા, સૂર્યપ્રકાશ, મનનું આનંદીપણું, આશાવાદિત્વ ને પૂર્ણશ્વસન ઇત્યાદિ બાબતો શરીરની તારુણ્યાવસ્થા ટકાવવાના કામમાં આવશ્યક છે એમ મિ. સૅન્ફર્ડ બેનેટનું માનવું છે. પણ એમનું વિશેષ જોર તો તેમણે યોજેલી વ્યાયામપદ્ધતિ પર છે. બીજી બાબતો તેમના મત પ્રમાણે આનુષંગિક છે.

રક્તવાહિનીઓમાં તેમજ એકંદરે શરીરમાં કચરો ભેગો થવાથી વૃદ્ધત્વ આવે છે, એ જે તેમણે જરાવસ્થાનું નિદાન કર્યું છે એના ઉપર ઉપાય પણ તેમના મત પ્રમાણે એવો છે કે, આપણા શરીરમાંના સ્નાયુઓને આકુંચન–પ્રસરણાત્મક વ્યાયામ આપવો. આકુંચનની ને પ્રસરણની ક્રિયા એક પછી એક કરવાથી ધમનીઓમાંના રક્તને પંપ કર્યા પ્રમાણે ગતિ મળે છે ને એ ગતિ વડે રક્તવાહિનીઓમાંનો મળ ને શરીરમાં ઠેકઠેકાણે ભેગા થયેલા મૃતપરમાણુ તેમજ બીજો કચરો ધોવાઇ જાય છે ને શરીરનું આરોગ્ય સુધરે છે. પ્રત્યેક ઇન્દ્રિયને માટે તથા શરીરના જુદા જુદા ભાગોને માટે તેમણે ૩૦ પ્રકારના વ્યાયામ યોજ્યા છે.

આ વ્યાયામો સૂતા સૂતા કરવાના છે. આથી શ્રમ તો બિલકુલ લાગતો નથી ને રહેવાના સ્થળેજ ઉત્તરવયના લોકોથી પણ તે કરી શકાય છે. કિંબહુના અશક્ત ને વૃદ્ધ લોકોને માટેજ તે વ્યાયામ છે.

ઉભા ઉભા વ્યાયામ કરતી વખતે અશુદ્ધ રક્તને ઉપર હૃદય તરફ, લૉ ઑફ ગ્રેવીટેશનની વિરુદ્ધ, ચઢવું પડે છે. આથી હૃદયને અધિક શ્રમ પડે છે. પણ સૂતા સૂતા વ્યાયામ કરતી વખતે રક્તપ્રવાહ સરખી સપાટીએ વહેતો હોવાને લીધે હૃદયને બિલકુલ શ્રમ પડતો નથી, અને તેથી વૃદ્ધોને તેમજ અશક્તોને માટે આ બિછાનામાંનો વ્યાયામ વધારે શ્રેયસ્કર છે.

અન્નના નિયમનથી આયુષ્યવૃદ્ધિ થશે કે નહિ, આ સિદ્ધાંતનું પરીક્ષણ કરીને મિ. બૅનેટે એવું ઠરાવ્યું છે કે, અન્નનિયમનનો માર્ગ અધિક દુર્ઘટ છે ને સર્વસાધારણ માણસને માટે તે અશક્ય છે. એને માટે મન પર ઘણો કાબુ રાખવાની જરૂર છે તેમજ બહુ નિયમિતતા રાખવી પડે છે. તારુણ્ય ટકાવનારાં અન્ન, ઉદાહરણાર્થ રસાળ ફળો, દૂધ વગેરે વધુ ખર્ચનાં તેમજ સાધારણ અનુકૂળતાવાળા માણસને માટે આર્થિક શક્તિની બહારનાં છે; સિવાય અન્નના નિયમનથી આયુષ્યવૃદ્ધિ થયાનાં ઉદાહરણો છે. ઉદાહરણાર્થ, લુઇ કૉર્નારો નામના ઇટાલિયન ગૃહસ્થે ચાળીસમે વર્ષે અન્ન અને પાણીનું પ્રમાણ નિશ્ચિત કરીને કાર્યક્રમ યોજ્યો. એને લીધે ૧૦૪ વર્ષપર્યંત તે નીરોગ સ્થિતિમાં રહ્યો. પણ આયુષ્યવૃદ્ધિ થવી જુદું ને પુનઃ તારુણ્ય મેળવવું તે જુદું. પોતાની વ્યાયામપદ્ધતિ વડે આ અઘટિત ઘટના ઘટિત થયાનો તેને સ્વાનુભવ હોવાથી અન્નનિયમનનો સિદ્ધાંત એને ઓછા મહત્ત્વનો લાગે છે.

ચુનાવાળા પાણીથી અકાળે વૃદ્ધત્વ ને મૃત્યુ કેવી રીતે આવે છે એનું ડૉ. ડી. લેસી ઇવ્હેન્સે ઉદાહરણ આપ્યું છે. આલ્પ્સ પર્વતમાં વસતા ક્રેટિન ને પિરેની જાતિનાં માણસોની આયુર્મર્યાદા માત્ર ૩૦ વર્ષોની છે. ચુનાવાળાં પાણી પીવાથી તેમના શરીરને કઠિનતા બહુ જલદી પ્રાપ્ત થાય છે ને રક્તવાહિનીઓ કઠિન બની જઇ કામ કરતી બંધ પડે છે. આનો ઉપાય તે અત્યંત શુદ્ધ પાણી પીવું એ છે. એનાથી તારુણ્ય લાંબા વખત સુધી ટકશે. અત્યંત શુદ્ધ પાણી તે વરસાદનું અદ્ધરથી ઝીલી રાખેલું પાણી અથવા વરાળનું પાણી. પણ તે હંમેશને માટે પીવા મેળવવું સર્વસાધારણ લોકોને કેટલું દુષ્કર છે એ કહેવાની જરૂર નથી. આ ઉપાય પણ અવ્યવહારૂ છે એવો મિ. બૅનેટનો મત છે.

આવી રીતે પોતાના સિદ્ધાંતના ને વ્યાયામપદ્ધતિના શ્રેષ્ઠત્વનું સમર્થન કરીને પોતાના સ્વાનુભવસિદ્ધ વ્યાયામોની રચના તેમણે કરી છે. વ્યાયામના જુદા જુદા અનેક પ્રકારોનો અનુભવ લઇને એમાંથી ૩૦ પ્રકાર તેમણે ઉત્તમ તરીકે પસંદ કર્યા છે. એ વ્યાયામોનું દિગ્દર્શન નીચે કરવામાં આવ્યું છે.

રા. સૅન્ફર્ડ બૅનેટના ઘણાખરા વ્યાયામ સાધન વગરના

છે. એથી આપણે ત્યાંના વ્યાયામના પ્રકારોની સાથે તેમનું એક પ્રકારનું સામ્ય છે. ને તે બધા વ્યાયામ થોડા શ્રમથી ને વગર-ખર્ચે કરી શકાય એવા છે. એમના વ્યાયામો પૈકી બે ત્રણ પ્રકારજ માત્ર સાધનસાપેક્ષ છે. એને છોડી દઇ બાકીના પ્રકાર નીચે આપ્યા છે; પણ એથી વ્યાયામની કાર્યક્ષમતામાં ન્યૂનતા પડશે નહિ.

શરીરમાંના પ્રત્યેક મહત્ત્વના અવયવનું સૌષ્ઠવ ને આરોગ્ય વધારવાની દૃષ્ટિએ તેમણે પોતાના વ્યાયામ આંક્યા છે. અવયવો ઉપરથી તેમના વ્યાયામનું નીચે પ્રમાણે પૃથક્કરણ કરી શકાયઃ—

પગનો	૧	વ્યાયામ	ખભા અને સ્નાયુના	૩
કમ્મર અને ફૂલાના	૨	,,	મસ્તકના	૩
પેડુનો	૧	,,	ગળાના	૨
પેટનો	૧	,,	ગાલનો	૧
યકૃતના	૩	,,	આખા શરીરનો	૧
બાજુનો	૧	,,		——
પીઠ—વાસાંના	૨	,,		૨૭
દંડ—બાહુના	૫	,,		
પ્રકોષ્ટનો	૧	,,		

ઉપરનું પૃથક્કરણ સ્થૂળ પ્રમાણમાં કર્યું છે. એમાં એક અવયવને માટે જણાવેલા કેટલાક વ્યાયામ બીજા પણ અવયવોને ઉપયોગ લાગે તેવા છે.

વ્યાયામ કરતી વખતે ઘણી વાર વ્યાયામના પ્રકાર લક્ષમાં આવતા નથી. એથી વ્યાયામ ચાલુ હોય એવી સ્થિતિમાં જ પુસ્તકની અંદર જોવું પડે છે કિંવા સામે એકાદ નકશો કિંવા ટિપ્પણ રાખવું પડે છે. આવી અડચણ ન આવે એટલા સારૂ ઉપરના પૃથક્કરણમાં શરીરના એક નીચલા છેડેથી શરૂઆત કરીને ક્રમે ક્રમે ઉપરના અવયવના વ્યાયામ જણાવેલા છે. સંક્ષેપમાં કહેવાનું કે આમાં વ્યાયામોની પગથી તે માથા સુધીની યોજના કરી છે, ને છેવટે સર્વાંગનો વ્યાયામ આપ્યો છે. થોડીક ટેવ પડયા પછી બધા વ્યાયામ વગરભૂલે ને સ્મરણ-શક્તિને વિશેષ શ્રમ કે તાણ દેતાં કરી શકાય એવી આ યોજના છે.

હવે આ વ્યાયામ શા છે એના તરફ આપણે વળીએ.

૧—પગ

વ્યાયામ ૧ લોઃ—પગને લાંબા કરીને ચત્તા કિંવા કિંચિત્ એક પડખે સૂવું. પછી જમણા પગના પંજા પર ડાબા પગનો પંજો મૂકવો. જમણો પગ ડાબા પગને આધારભૂત બનાવવો, ને ડાબો પંજો તેના પર દબાવવો ને તરત ઢીલો મૂકવો. પછી બીજા પગ વડે આ વ્યાયામ કરવો. આમ ૧૦ વખત કરવું.

૨–કમ્મર

વ્યાયામ ૨ જોઃ—ચત્તા સૂવું. હાથ વડે વિરુદ્ધ બાજુના દંડ પકડવા. માથાને તથા ખભાને સહેજ ઉંચકીને પ્રથમ ડાબી ને પછી જમણી બાજુએ બની શકે તેટલું વળવું. આ વ્યાયામમાં પગને સ્થિર રાખવા જોઇએ. પ્રથમ પ્રત્યેક બાજુને પાંચ વાર ગતિ આપીને શરૂઆત કરવી. ધીમે ધીમે ૨૫ પર્યંત ગતિ વધારવી.

આ વ્યાયામમાં કમર, પેટ ને પડખાં આટલા અવયવોને મહેનત મળે છે.

વ્યાયામ ૩ જોઃ—એક પડખે સૂઇને ઉપલી બાજુનો ફૂલો બની શકે તેટલો આગળ નીચે લઇ જવો ને એજ વખતે એજ બાજુના બાહુને કોણીમાંથી વાળીને બની શકે તેટલો પાછળ લઇ જવો. પછી પહેલાંની સ્થિતિમાં આવવું. આમ ૩ થી ૫ વાર કરવું. પછી બીજે પડખે સૂઇને આ વ્યાયામ કરવો. ક્રમેક્રમે દશપર્યંત ચલન-સંખ્યા વધારવી.

૩–પેડુ

વ્યાયામ ૪ થોઃ—પગને સીધા રાખી ચત્તા સૂવું. પછી જમણા પગને જમીન પર ટેકેલો જ રહેવા દઇ ડાબા પગને ઢીંચણમાંથી ધીમે ધીમે વાળવો ને એજ વખતે એ બાજુના ફૂલાને યે ઉંચકવો. આથી પેડુના બધા સ્નાયુઓને તાણ પડતું હોવાનું તમને દેખાઇ આવશે. પછી તે ઉંચકેલા પગને પૂર્વવત્ નીચે મૂકવો ને બીજા પગ વડે એજ વ્યાયામ કરવો. એ પ્રમાણે ત્રણ વાર કરવાથી શરૂઆત કરીને ૨૫ સુધી શક્તિના પ્રમાણમાં વધારવા.

આ વ્યાયામથી અવષ્ટંભ દૂર થશે ને મૂળવ્યાધ (હરસ)ની પણ બીક રહેશે નહિ.

૪–પેટ

વ્યાયામ ૫ મોઃ—પગ લાંબા કરીને ચત્તા સૂવું. પછી માથાને ઉંચકી ધીમે ધીમે બની શકે તેટલું આગળ છાતી તરફ આણવું ને પુનઃ પાછું જમીન પર ટેકવવું. આ સ્થિતિમાં પેટના સ્નાયુ આકુંચિત થાય છે ને માથું જમીનને ટેકતાંજ તે શિથિલ થાય છે. શીર્ષચલનની ૫ વારથી શરૂઆત કરીને પોતાની શક્તિના પ્રમાણમાં ૧૦૦ સુધી વધારવાને હરકત નથી. પેટના સ્નાયુઓનું આવી રીતે આકુંચન ને શિથિલીકરણ ચાલુ હોય એ વખતે હાથની મુઠ્ઠીઓ વાળીને પેટ પર હળવેજ પણ દ્રુત ગતિથી મુષ્ટિપ્રહાર કરવા. પછી જેમ જેમ ટેવ પડે તેમ તેમ પ્રહાર જોરથી કરવા. પેટ શિથિલ હોય એ વખતે પણ આવા પ્રહાર ચાલુ રાખવા. મુષ્ટિપ્રહાર એ આ વ્યાયામનું મુખ્ય અંગ છે.

આ વ્યાયામ એ અગ્નિમાંદ્યનો કાળ છે. મિ. બેનેટનો ત્રીસ વર્ષનો અગ્નિમાંદ્યનો વ્યાધિ આ વ્યાયામથી મટી જઇને તેમની પચન-

શક્તિ એકાદ બાળકની પચનશક્તિના જેટલી તીવ્ર બની છે. આ વ્યાયામ વડે પચનેન્દ્રિયના સ્નાયુ બળવાન ને મજબૂત બને છે.

વ્યાયામ ૬ ઠ્ઠો:—બરાબર ચત્તા સૂઇને પગ ઢીંચણમાંથી વાળી ઉભા રાખો. યકૃત જમણી બાજુએ પેટમાં ઉપલી બાજુએ હોય છે. જમણી બાજુની સૌથી નીચલી પાંસળીના છેડા નીચે આવેલા યકૃતના ભાગ પર બન્ને હાથની આંગળીઓ મૂકીને તે ઉંડે ને ઉપરની બાજુ તરફ પાંસળીની નીચે દાબો ને પછી એ દાબ ઢીલો કરો. આમ ૧૦ થી ૧૦૦ વખત સુધી શક્તિના પ્રમાણમાં કરવું.

આને લીધે રેવાલ ગતિવાળા ઘોડા પર બેસવા જેવો વ્યામાય થાય છે ને મંદ યકૃતના માણસને બહુ ફાયદો થાય છે.

વ્યાયામ ૭ મો:—જમણા પડખે સૂઇ રહી ઢીંચણને સહેજ વાળી રાખો ને માથું કિંચિત્ આગલી બાજુએ વળેલું રાખો. આ સ્થિતિમાં પેટના સર્વ સ્નાયુ ઢીલા હોય છે. પછી પાછલા વ્યાયામમાં જણાવેલા યકૃતના ભાગ પર ડાબો હાથ મૂકો ને આંગળીના છેડા વડે પાછલા વ્યાયામમાં કહ્યા પ્રમાણે યકૃતને દાબીને ઉપર પાંસળીની નીચે ધકેલી ગતિ આપો. આ વ્યાયામ પાછલા વ્યાયામના જેવોજ છે.

વ્યાયામ ૮ મો:—ડાબે પડખે સૂઓ એટલે યકૃત જરાક આગળ આવશે. એના પર જમણા હાથની મુઠ્ઠી વડે હલકે પણ ત્વરિત ઠોકા મારો. ૨૦ ઠોકાથી શરૂઆત કરીને ૧૦૦ પર્યન્ત વધારો.

૫-બાજુ

વ્યાયામ ૯ મો:—એક બાજુ પર સૂવો. પગને ઢીંચણમાંથી વાળી રાખો. પછી માથું કિંચિત્ ઉંચકો ને એજ વખતે પગ પણ ઉંચકો. (ઢીંચણથી નીચલો પગજ ઉંચકવો.) આ વ્યાયામમાં બે પડખાં, પેટ ને કમરને શ્રમ પહોંચે છે. વજન ઉંચકવાના જેવી આ મહેનત છે. તેથી તે થોડી થોડી માફકસર કરવી. પ્રત્યેક અંગને ૩ થી ૭ વાર ઉપર પ્રમાણે હાલચાલ કરાવવી.

વ્યાયામ ૧૦ મો:—એક બાજુ પર સૂવો. ઉપલો પગ ઢીંચણમાંથી વાળો ને ઉપલા હાથે તે પગ ઘુંટીની ઉપર બાજુએ રાખો ને શક્તિને એકઠી કરી થોડીક સેકંડ ખેંચો. પછી ઢીલો છોડો. પ્રત્યેક બાજુએ ૧૦ થી ૨૫ સુધી આ પ્રમાણે હાલચાલ કરો. આ વ્યાયામમાં વાંસાના સ્નાયુઓની સાથે ખભાનેયે મહેનત થાય છે.

વ્યાયામ ૧૧ મો:—એક અંગ પર સૂઇને ઢીંચણમાંથી વળેલો પગ બન્ને હાથ વડે (એક હાથની આંગળીઓ બીજા હાથની આંગળીઓમાં ભેરવીને) ઢીંચણથી જરા નીચલી બાજુએ પકડવો, ને ઉપલા વ્યાયામ પ્રમાણે પોતાની બધી શક્તિને થોડીક સેકંડ સુધી જોર આપવું-તાણ આપવું. ને પછી સ્નાયુને શિથિલ કરવા. ૧૦ થી શરૂઆત કરીને શક્તિના પ્રમાણમાં હાલચાલો વધારવી. બીજા અંગ

પર ને બીજા પગ વડે આવોજ વ્યાયામ કરવો.

આમાં વાંસાને તથા કમરને મહેનત થાય છે.

૬-દંડબાહુ

વ્યાયામ ૧૨ મો:—ચત્તા સૂઇને હાથની મુઠ્ઠીઓ વાળવી ને ઉંચે છત તરફ હવામાં પ્રહાર કર્યા પ્રમાણે બન્ને હાથને વારા ફરતી ઉંચા નીચા કરવા. જોઇએ તો બે ચાર પૌંડ વજનના ડંબેલ્સ હાથમાં રાખવા. ૧૦ થી ૫૦ વાર હાથ ઉંચા નીચા કરવા.

વ્યાયામ ૧૩ મો:—ચત્તા સૂઇને એક હાથની મુઠ્ઠી વાળીને ડંબેલ્સના હાથ કરવા ને એજ વખતે બીજા હાથ વડે એ દંડને માલીસ કરવું એટલે જોર કાઢયા પછી જે પ્રમાણે દંડને વળ દઇને ચોળીએ છીએ–મસળીએ છીએ તે પ્રમાણે મસળવું. પ્રત્યેક દંડના ૧૦ હાથ કરવા ને શક્તિના પ્રમાણમાં ૫૦ સુધી વધારવા. જોઇએ તો હાથમાં બેથી ચાર પૌંડ વજનના ડંબેલ્સ લેવા.

વ્યાયામ ૧૪ મો:—શરીરના એક અંગ પર એટલે એક પડખે સૂઇને ઉપલી બાજુએ આવેલા હાથનું કાંડું બીજા હાથ વડે મજબૂત પકડવું, ને ઉપલા હાથ વડે ઉપર ને નીચલા હાથ વડે નીચે ખેંચવું. ને પછી ઢીલું મૂકવું. ૧૦ થી શરૂઆત કરીને થોડો થાક લાગતાં સુધી આ વ્યાયામ કરવાને હરકત નથી. બીજી બાજુએ પણ એજ પ્રમાણે વ્યાયામ કરવો.

વ્યાયામ ૧૫ મો:—એક પડખે સૂઇને ઉપર રહેલો હાથ શરીરપર લાંબો કરવો. મુઠ્ઠી વાળવી ને આખા હાથને વળ ચડાવ્યા પ્રમાણે પ્રથમ એક બાજુએ ને પછી વિરુદ્ધ બાજુએ ધીમે ધીમે ફેરવવો. આમ ૫ થી ૧૦ વાર કરવું. બીજા હાથને પણ એવોજ વ્યાયામ આપવો.

વ્યાયામ ૧૬ મો:—એક પડખે સૂઇને ઉપલા દંડના સ્નાયુને (દંડનો વચલો ભાગ) બીજા હાથની ચારે આંગળીઓથી મજબૂત પકડવા ને દંડ વડે ઉપર તથા આંગળીઓ વડે નીચે તાણ આપવું. પછી એ તાણ ઢીલું મૂકવું. દરેક પડખે પાંચ વારથી શરૂઆત કરીને શક્તિ પ્રમાણે વધારતા જવું.

૭-પ્રકોષ્ટ

વ્યાયામ ૧૭ મો:—એક પડખે સૂઇને ઉપર રહેલા હાથ વડે નીચલા હાથનું કાંડું પકડવું ને જોરથી નીચે દબાવવું. નીચલા હાથ વડે એ દબાણનો પ્રતિકાર કરવો. પછી શૈથિલ્ય આણવું. પ્રત્યેક બાજુએ પ્રથમ પાંચ હાલચાલથી શરૂઆત કરીને દશ કિંવા પંદર-સુધી શક્તિના પ્રમાણમાં વધારવાને હરકત નથી.

૮-ખભા

વ્યાયામ ૧૮ મો:—ચત્તા સૂઇને જમણા હાથ વડે ડાબી

કોણીને ડાબા હાથ વડે જમણી કોણી પકડવી. પછી ખભા ઉંચા નીચા કરવા. એમ કરતી વખતે કોણી ઉપરના હાથને છૂટવા દેવો નહિ; મજબૂત પકડી રાખવો. પાંચથી પચીસ સુધી આ પ્રમાણે હાલચાલ કરવી.

વ્યાયામ ૧૯ મો:—ચત્તા સૂઇને પાછળના વ્યાયામમાં કહ્યા પ્રમાણે હાથ પકડવા. પ્રથમ જમણો અને પછી ડાબો ખભો બની શકે તેટલો ઉંચો કરવો. તાણ અથવા જોર ઉપર ને આગલી બાજુએ આપવું. પાંચ પાંચ હાલચાલથી શરૂઆત કરીને ધીમે ધીમે પચાસ સુધી વધારવી.

વ્યાયામ ૨૦ મો:—ચત્તા સૂઇને હાથ કોણીમાંથી વાળવો ને મુઠ્ઠી નાકની સામે રાખીને છાતીની બાજુએ પ્રહાર કર્યા પ્રમાણે હાલચાલ કરવી. પાંચ પાંચથી શરૂઆત કરીને શક્તિના પ્રમાણમાં હાલચાલ વધારવી. ખભા પરના સન્ધિવાત પર આ વ્યાયામ અપ્રતિમ છે. બન્ને હાથે વ્યાયામ કરવો.

૯–માથું

વ્યાયામ ૨૧ મો:—પગ ટટ્ટાર તેમજ સીધા રાખીને ચત્તા સૂવું, ને માથાને તથા ગરદનને બની શકે તેટલાં આગળ છાતી તરફ લાવવાં ને પછી ફરીથી જમીન પર મૂકવાં. આવી પાંચથી પચાસ વાર સુધી હાલચાલ કરવી. આ વ્યાયામ નં. ૫ ના વ્યાયામના જેવોજ છે. ફક્ત એમાં પેટપરનો મુષ્ટિપ્રહાર અધિક છે. આમાં માથાના સર્વ પણ મુખ્યતઃ પાછલી બાજુના સ્નાયુ ખેંચાય છે.

વ્યાયામ ૨૨ મો:—ચત્તા સૂવું. હાથમાં હાથ ઘાલીને માથાની બાજુ પકડવી. ડોકું ઉપર ઉંચકવું ને માથાને પાછલી બાજુએ નીચે દબાવવું ને હાથ વડે એ દબાણનો પ્રતિકાર કરવો. પછી શૈથિલ્ય આણવું. આવી રીતે ત્રણથી પચીસ સુધી હાલચાલ વધારવી. આ વ્યાયામથી માથાનો પરીઘ થોડા વખતમાં પુષ્કળ વધે છે.

વ્યાયામ ૨૩ મો:—એક પડખે સૂઇને દાઢી ઉપલા ખભા તરફ બની શકે તેટલી વાળવી ને પુનઃ ધીમે ધીમે પૂર્વસ્થિતિમાં પાછી આણવી. પાંચ હાલચાલથી શરૂઆત કરીને ૫૦ સુધી એ હાલચાલો વધારવી. બન્ને બાજુએ વ્યાયામ લેવો. આ વ્યાયામમાં માથાને ઓશીકા ઉપરથી ઉંચકવાને કંઇજ કારણ નથી. આમાં ગળાના સ્નાયુઓને પણ વ્યાયામ મળે છે.

૧૦–ગળું

વ્યાયામ ૨૪ મો:—ખભાની નીચે ઓશીકું રાખીને ચત્તા સૂવું. ને ગરદનને બની શકે તેટલી પાછળ નાખવી ને આણવી. આવી હાલચાલની પાંચથી શરૂઆત કરવી. ટેવ ન હોવાથી પ્રથમ કદાચિત્ મસ્તક ભ્રમણ કરતું હોવાની ભાવના થશે. તેથી ધીમે ધીમે

શરૂઆત કરવી. પછી સો સુધી હાલચાલ કરવાને હરકત નથી. આ વ્યાયામમાં ગળાના આગલા સ્નાયુ ઉપયોગમાં લેવાય છે ને ગરદનની કરચલીઓ મટી જાય છે. માથાને આગળ આણતી વખતે પેટના સ્નાયુઓને પણ મહેનત થાય છે.

વ્યાયામ ૨૫ મો:—એક પડખે સૂઇને જે અંગ પર સુતા હો એ હાથની મુઠ્ઠી વાળીને અંગુઠો દાઢીની નીચેના ગળાના સ્નાયુની નીચે રાખવો. પછી માથું આગળ એટલે છાતી તરફ આણવું ને પાછળ લઈ જવું. માથાને આગળ પાછળ કરતી વખતે અંગુઠાનો દાબ કાયમ રાખવો. દશથી શરૂઆત કરીને હાલચાલ પચાસસુધી વધારવી.

૧૧—કપોલ

વ્યાયામ ૨૬ મો:—ચત્તા સૂઇને મોઢાનાં બન્ને જડબાં કૃતક એટલે ખોટા હાસ્યમાં જેમ ઉંચે આંખો તરફ જાય છે તેમ લઇ જવાં. આ સ્થિતિમાં ગાલના સ્નાયુ એકત્રિત થાય છે. ગાલના સ્નાયુની આ સ્થિતિ કાયમ રાખીને હનુવટીને બની શકે તેટલી નીચે લઈ જવી, ને પાછી ઉપર આણવી. જડબાંની આવી રીતે ઉઘાડવાસ કરતી વખતે બન્ને હથેળીઓ વડે ગાલના સ્નાયુને ધીમે ધીમે ચોળવા. આથી ગાલ લાલ ને ગોટીલા જેવા થશે ને ઘડપણની પડેલી કરચલીઓ મટી જશે.

૧૨—સર્વાંગ

વ્યાયામ ૨૭ મો:—એક પડખે સૂઇને હાથને છાતી પર કોણીથી વાળવા ને હાથ વડે વિરુદ્ધ બાજુઓની કોણીઓ પકડવી. માથું સારી રીતે પાછળ રાખવું ને પગ લાંબા કરવા. આવી સ્થિતિમાં પોતાની અર્ધી શક્તિ એકઠી કરીને આખું શરીર એક બે સેકંડ ટટ્ટાર કરવું ને પછી થોડી સેકંડ શૈથિલ્ય આણવું. પછી બીજો યત્ન કરવો. વજન ઉંચકવાના જેવો આ જોરવાળો વ્યાયામ છે, જેથી આ વ્યાયામ ખૂબ સંભાળ રાખીને કરવો. ને અશક્ત હૃદયનાં માણસોએ તો કરવો નહિ. એક બે વખતથી શરૂઆત કરીને શક્તિના પ્રમાણમાં દશ સુધી મજલ મારવી.

ઇતર વ્યાયામમાં જે કંઇ બારીકસારીક સ્નાયુ અને રક્તવાહિનીઓ વ્યાયામવિનાની રહી ગઈ હોય છે તેને આ વ્યાયામમાં મહેનત મળે છે ને આખી રક્તાભિસરણ ક્રિયાને ગતિ મળે છે.

મિ. સેન્ફર્ડ બેનેટને જે બીના શક્ય થઈ તે બીજાઓને કેમ શક્ય ન થાય? તેમની તારુણ્યપ્રાપ્તિની હકીકત કલ્પનાસૃષ્ટિગત નથી, પણ સ્વાનુભવસિદ્ધ છે. તેમની વ્યાયામપદ્ધતિ સહેલી, અલ્પ આયાસવાળી, ખર્ચ વિનાની ને બધાઓથી થઈ શકે એવી છે. જે વ્યાયામપદ્ધતિ વૃદ્ધને તારુણ્યપ્રાપ્તિ કરી આપવાને સમર્થ સાબીત થઇ છે તે મધ્યમ વયના માણસને તેમજ તરુણોને પણ લાભદાયક થશે ને તે

વૃદ્ધાવસ્થાનિવારક પણ બનશે એ ક્રમપ્રાપ્તજ છે. તો પછી એ પદ્ધતિ અનુભવી જોવામાં શી હરકત છે ?

મિ. એનેટે "વૃદ્ધાવસ્થા, તેનાં કારણો અને અટકાયત" નામનું પુસ્તક પ્રસિદ્ધ કર્યું છે ને તેમાં ઉપરના તમામ વ્યાયામ સચિત્ર આપ્યા છે. એ પુસ્તક વાચકોએ અવશ્ય વાંચવું.

(મે-૧૯૩૩ ના "ચિત્રમય જગત"માંથી)

૧૧૭–ઘરગથુ ઓસડિયાં

(લેખકઃ–શ્રી. "આયુર્વેદ રહસ્યાર્ક"ના તંત્રીજી)

ગુમડાંનો લેપઃ—સરસડાની છાલ, જેઠીમધ, તગર, ચંદન, એલચી, જટામાંસી, હળદર, દારૂહળદર, ઉપલેટ અને નેત્રવાળો, આ દશ ઔષધો ઘણાં બારીક વાટી ઘુંટીને કપડછાણ કરી ઘી સાથે મેળવીને લગાડવાથી ગડ, ગુમડાં, ખસ, ખુજલી વગેરે થોડાજ દિવસમાં મટી જાય છે.

સોજા ઉપર લેપઃ—(૧) સાટોડીનાં મૂળ, દેવદાર, સુંઠ, સરસવ અને સરગવો, એ બધાંને સાથે વાટી કાંજીમાં પાણી સાથે લેપ કરવાથી દરેક જાતના સોજા મટે છે.

(૨) બીજોરાંનાં મૂળ, વાવડીંગ, દેવદાર, સુંઠ, રાસ્ના ને અરણી એ બધાંને વાટી લેપ કરવાથી કુપિત વાયુથી થયેલા સોજા મટે છે.

(૩) જેઠીમધ, રતાંજળી, ધ્રો, સુગંધી વાળો ને કમળ, એ બધાંને વાટી લેપ કરવાથી પિત્તયુક્ત વાયુથી થયેલા સોજા સારા કરે છે.

(૪) પીપર, તલનો જૂનો ખોળ, સરગવાની છાલ, ધોળી સાટોડી એને સરખે ભાગે લઈ વાટી બારીક કરીને ગોમૂત્રમાં મેળવી ગરમ કરીને લેપ કરવાથી કફકોપથી થયેલા સોજા મટે છે.

(૫) તલમાં બકરીનું દૂધ નાખીને વાટી તેમાં માખણ મેળવી લેપ કરે તો ભીલામાંથી થયેલો સોજો મટે છે.

(૬) કાળી માટી લાવી ભૂકો કરી કપડેથી ચાળી પાણી સાથે મેળવીને લેપ કરે તો ભીલામાંથી થયેલો સોજો મટે છે.

માથાના દુખાવા ઉપર લેપઃ—(૧) એરંડબી (દીવેલી) અને ઉપલેટ પાણીમાં ઘુંટીને લેપ કરે તો વાયુથી થતો માથાનો દુખાવો મટે.

(૨) દેવદાર, તગર, ઉપલેટ, જટામાંસી ને સુંઠ સરખે ભાગે લઇ તેલ સાથે મેળવીને માથે લેપ કરે તો વાયુવિકારથી ગમે તેવું માથું દુખે તોપણ મટે છે.

(૩) આમળાં, છીંણીની જડ, ધ્રો અને સુગંધી વાળો, સરખે ભાગે લઇ વાટીને માથે લેપ કરે તો સખત પિત્તવિકારથી થતો માથાનો દુખાવો મટે છે.

(૪) નગોડનાં બી, તગર, શિલાજિત, એલચી, દેવદાર એને વાટી માથે લેપ કરે તો કફવિકારથી થતો માથાનો સખત દુખાવો મટે છે.

(૫) મરી, ઉપલેટ, વજ, જેઠીમધ, પીપર ને કમળકાકડીનાં મીંજ, એ બધાને વાટી માથા ઉપર લેપ કરવાથી ગમે તેવું અરધું માથું દુખતું હોય તો મટી જાય છે.

(૬) રાઇ, સરસવ, સુંઠ ને મરી વાટીને તેનો લેપ લગાવવાથી ગમે તેવો માથાનો દુખાવો મટી જાય છે. (કોમળ શરીરવાળા કે બાળકોને માટે આ ઉપચાર સારો નથી.)

કાનના દુખાવા ઉપર લેપઃ—સુંઠ, ઉપલેટ, વજ, દારૂહળદર, વરિયાળી, હીંગ ને સિંધાલૂણ, એ બધાંનું ચૂર્ણ કરી તે ચૂર્ણ બરાબર મીઠું તેલ મેળવી ઉકાળીને પછી તેલ ગાળી લેવું અને એ તેલનાં કાનમાં ટીપાં નાખવાથી કાનનો દુખાવો, કાનનું શૂળ, કાનનો સોજો વગેરે મટે છે.

પેટના દુખાવા ઉપર લેપઃ—એળીઓ, હળદર, નવસાર અને ટંકણખાર એ સરખે ભાગે લઇ ગાયના મૂત્રમાં ઘુંટીને ગરમ કરી પેટ ઉપર લેપ કરે, બંધાણ બાંધે તો પેટનો દુખાવો મટે છે.

પેટના શૂળ ઉપર લેપઃ—(૧) કડુ, મીંઢળ અને એળીઓ વાટીને પાણી નાખીને ગરમ કરી પેટ ઉપર ડુંટીની આસપાસ લેપ કરે તો પેટનું શૂળ મટે છે.

(૨) એરંડાનું મૂળ, સાબરશિંગ, ઉપલેટ ને સુંઠ પાણીમાં ઘુંટી, ગરમ કરી ઉપર લેપ કરે તો પેટનું શૂળ મટે છે. ડુંટીનો ભાગ ખુલ્લો રાખવો.

ગુમડાં માટે લેપઃ—(૧) ઘરમાં બાઝેલાં જાળાં, કપીલો, મરી, ટંકણ ને હળદર બધાને સરખે ભાગે લઈ ઘુંટી, ઘી સાથે મેળવીને લેપ કરે તો ગુમડાં મટે છે.

(૨) સૂકાં આમળાંની રાખ ઘી સાથે મેળવીને ગુમડાં ઉપર લેપ કરે તો ગુમડાં મટે છે.

(૩) લીમડાનાં પાન વાટી તેનો લેપ ગરમ કરીને કરે તો પાકાં ગુમડાંને ફોડી નાખીને રસી કાઢી નાખીને રૂઝાવે છે. અને કાચાં ગુમડાંને બેસાડી દે છે. દરેક જાતનાં ગુમડાં ઉપર લીમડાનાં પાનનો ધૂપ હિતકારી છે.

કંઠમાળ માટે લેપઃ—(૧) સરસવ, સરગવાનાં બી, શણનાં બી, અળશી, મુળાનાં બી, સરખે ભાગે લઇ છાશમાં કે લીંબુના રસમાં ઘુંટી લેપ કરે તો કંઠમાળ મટે છે. આ ઉપાય હમેશાં ચાલુ રાખવો.

(૨) સરસિયા તેલમાં સર્પની કાંચળી વાટી લેપ કરવાથી કંઠમાળને ફોડી રોગ કાઢી નાખે છે.

(૩) શણનાં બી, મૂળાનાં બી, તલ, સરગવાની શિંગ, સરસવ,

હીંગ, ગુગળ, અળસી, બધાં સરખે ભાગે લઇ વાટીને લેપ કરવાથી કંઠમાળને પકવી નાખે છે.

(૪) નેપાળાનું મૂળ, ચિત્રાનું મૂળ, ચિત્રાની છાલ, થોરનું દૂધ, ગોળ, ભીલામાની મીંજ, હીરાકસી ને સિંધાલૂણ બધાં સરખેભાગે લઇ તેનું બારીક ચૂર્ણ કરી તેનો લેપ કરવાથી ભયંકર એવો દુષ્ટ કંઠમાળ પણ સારો થાય છે.

(૫) જૂનાં બીલાંનો ગર્ભ, અરણી, નેપાળાનું મૂળ, ચિત્રાનું મૂળ, કણેરનું મૂળ, કબુતરની હગાર, બધું સરખે ભાગે લઇને ચૂર્ણ કરી તેનો લેપ કરે તો કંઠમાળ મટે છે.

દાદર, ખસ માટે લેપઃ—હરડે, થ્રો, સિંધાલુણ, કુવાડીઆનાં બી, હળદર, એ બધાંને સરખે ભાગે લઇ વાટીને છાસ સાથે ઘુંટીને લેપ કરે તો દાદર, ખસ, લુખસ વગેરે મટે છે.

દાદર, ખરજવાં માટે લેપઃ—કુવાડીઆનાં બી, તલ, સરસવ, ઉપલેટ, બાવચી, હળદર, દારૂહળદર બધાં સરખે ભાગે લઇને વાટી છાસ સાથે મેળવીને લેપ કરે તો દાદર, ખરજવું, ખસ વગેરે લાંબા વખતનાં હોય તોપણ મટી જાય છે.

દાદર માટે લેપઃ—(૧) ખાખરાનો પિત્તપાપડો લિંબુના રસમાં ઘુંટીને લેપ કરવાથી દાદર મટે છે.

(૨) ચણોઠી, ચિત્રાનું મૂળ અને કુવાડીઆનું મૂળ સરખે ભાગે લઇ વાટીને તેનો લેપ કરવાથી દાદર મટે છે.

(૩) કુવાડીઆનાં બી, આમળાં, સાજીખાર, હળદર સરખે ભાગે લઇ ઘુંટી વાટીને સરસિયા તેલમાં મેળવી તેનો લેપ કરે તો દાદર મટે છે.

નાકમાંથી રક્તસ્રાવ થાય તેનો લેપઃ—આમળાં ઘીમાં શેકી ઘુંટી નાખીને સરકો કે છાસ સાથે તાળવે લેપ કરવાથી, નાકમાંથી લોહી પડતું મટે છે.

નાગરવેલના પાનનો રસ નાકમાં નાખવાથી નાકમાંથી નીકળતું લોહી બંધ થાય છે.

આંખનાં દરદ માટે લેપઃ—(૧)હરડેદળ, સોનાગેરૂ, સિંધાલુણ, દારૂહળદર અને રસવંતી, સમાન ભાગે લઇ પાણી સાથે ઘુંટીને આંખની આસપાસ લેપ કરવાથી આંખનો દુખાવો મટે છે.

(૨) હરડેદળ, સોનાગેરૂ, સિંધાલુણ પાણી સાથે વાટીને આંખને ફરતે લેપ કરવાથી બધી જાતનો આંખનો દુખાવો મટે છે.

માથાના વાળ કાળા કરવાનો લેપઃ—(૧) જૂના લોઢાનો ભૂકો, જળભાંગરો, ત્રિફળાં કાળી માટી બધાંને બારીક ખાંડીને લોઢાની કડાઇમાં નાખીને શેરડીનો રસ તેમાં નાખી એક મહિનો રહેવા દેવું. પછી તેને હલાવીને શીશીમાં ભરી લેવું. પછી જોઇએ ત્યારે સફેદ વાળ ઉપર તેનો લેપ કરી ચાર છ કલાક રહેવા દઇ પછી પાણીથી

ધોઇને સાફ કરી નાખવાથી સફેદ વાળ કાળા બનેલા દેખાશે. આને કેશ કાળા કરવાનો કલપ પણ કહે છે.

(૨) હરડાં, બહેડાં, આમળાં, ગળીનાં પાંદડાં, લોઢાનું ચૂર્ણ અને દાડમનાં છોડાં એ બધાં ૧૦-૧૦ તોલા લેવાં અને તેનું ચૂર્ણ કરીને તેમાં જળભાંગરાનો રસ પાંચ રતલ નાખી લોઢાના વાસણમાં ભરી એક મહિના સુધી જમીનમાં દાટી રાખવું. પછી બહાર કાઢીને તે લેપ બકરીના દૂધ સાથે મેળવી સફેદ વાળ ઉપર લગાવવું અને ઉપર એરંડાનું પાન બાંધવું. રાત્રે આ લેપ લગાવીને સવારે સાફ કરી નાખવો. આ પ્રમાણે બે વાર લેપ કરવાથી વાળ કાળા થઈ જાય છે.

(૩) તાંબાનો ભૂકો, લોખંડનો ભૂકો, મોરથુથુ, કાંટાળાં માયાં, આમળાં, ગળી, જળભાંગરાનો રસ અને મેંદી, એ બધાને સરખે ભાગે લઇને લોખંડની ખરલમાં લોખંડના બત્તા વડે ઘુંટી, આ લેપ સફેદ વાળ ઉપર લગાવવાથી બધા વાળ કાળા થઇ જશે.

(૪) કાંકજંઘાનું મૂળ અને પાન, કાંટાશેળીઓ, છાંયે સુકાવેલી કેતકીની જડ, જળભાંગરો, હરડે, બહેડાં, આમળાં, આ બધાં સરખે ભાગે લઇને બારી ચૂર્ણ કરીને લોખંડના વાસણમાં તેલ સાથે મેળવીને બરાબર બંધ કરી એક મહિના સુધી જમીનમાં દાટી રાખવું. પછી બહાર કાઢીને તે લેપ સફેદ વાળ ઉપર લગાવવાથી વાળ કાળા થાય છે. એકથી વધુ લેપ કરવાથીજ વધારે કાળા વાળ થશે. એક બે લેપ કરવાથી જોઇએ તેવા કાળા વાળ નહિ થાય.

વાળ વધવાનો લેપ:—ગોખરૂ, તલનાં ફૂલ, એ એના બરાબર મધ અને ઘી મેળવી ઘુંટી નાખીને માથે લેપ કરવાથી માથાના વાળ વધે છે.

માથામાં ટાલ પડી હોય તેનો લેપ:—હાથીદાંતનો ભૂકો બાળી તેમાં તેટલીજ રસવંતી મેળવી બકરીના દૂધ સાથે ઘુંટીને માથા ઉપર જ્યાં ટાલ પડી હોય-વાળ ઉતરી ગયા હોય તે ભાગ ઉપર હમેશાં લેપ કરવાથી થોડાજ દિવસમાં વાળ પાછા ઉગશે. (માથાનો ખોડો ઉંદરી કે ટાલ પડી હોય તેના ઉપર આ લેપ ઘણોજ ઉત્તમ ફાયદો કરવાવાળો છે.)

વાળ કાઢી નાખવાનો લેપ:—મોટા શંખનો ચુનો બે ભાગ, હરતાળ એક ભાગ, મનશીલ અર્ધો ભાગ અને સાજીખાર એક ભાગ, એ બધાંને સાથે મેળવી બારીક ચૂર્ણ કરી કપડછાણ કરીને શીશીમાં ભરી લેવું. જે જગા ઉપરના વાળ કાઢી નાખવા હોય તે ભાગ ઉપર આ ચૂર્ણ પાણી સાથે મેળવીને લેપ કરવાથી બધા વાળ ખરી પડે છે-ઉતરી જાય છે.

આગથી દાઝી જવા ઉપર મલમ:—કળી ચુનાનું નીતારેલું પાણી, મીઠા તેલ સાથે મેળવીને દાઝી ગયેલા ભાગ ઉપર લગાડવાથી

બળતરા થતી બંધ થાય છે અને થોડા દિવસ લગાવ્યા કરવાથી દાઝી ગયેલો ભાગ રૂઝાઇ જાય છે.

ગરમ તેલ કે ઘીથી દાઝી જવા ઉપર મલમ:—વંશલોચન, ચંદન, સોનાગેરૂ અને ગળો, એને વાટી તેને તેલ સાથે મેળવીને દાઝી ગયેલા ભાગ ઉપર લગાડવાથી મટી જાય છે.

દાઝી જવા ઉપર મલમઃ—(૧) જવ બાળી નાખીને ઘુંટી તેમાં તેલ મેળવીને દાઝી ગયેલા ભાગ ઉપર લગાવવાથી આરામ થાય છે; તેમજ ગુમડાં વગેરેને પણ આ મલમ મટાડે છે.

(૨) લીમડાનાં પાન, તુલસીનાં પાન, ઉપલેટ અને આમળાં આ બધાને સરખે ભાગે લઇ બાળી નાખીને તેને ઘુંટી તેલમાં મેળવીને દાઝેલા ભાગ ઉપર લગાવવાથી ઘણો ફાયદો કરે છે.

(૩) ઉપલેટ, જેઠીમધ, મહુડાં, ચંદન અને એરંડાનાં પાન, એ બધાંને બાળી નાખીને તેલ સાથે મેળવી તે મલમ દાઝી ગયેલા ભાગ ઉપર લગાવવાથી બળી ગયેલો ભાગ રૂઝાવી નાખે છે.

હાથપગની બળતરા ઉપર લેપઃ—(૧) બોરડીના કુણાં પાન લાવી ઘુંટીને પાણી મેળવી તેનો બળતરાવાળા બધા ભાગ ઉપર ત્રણ ચાર વાર લેપ કરવાથી હાથપગનાં તળીઆંની બળતરા મટે છે.

(૨) સુખડ, બોરડીનાં પાન અને અરીઠાનું ફીણ બધા સાથે ઘુંટીને પછી હાથપગની બળતરા થતી હોય તે ભાગ ઉપર લેપ કરવાથી સારૂં થઇ જાય છે. આ ઉપાય ચાર છ દિવસ સુધી ચાલુ રાખવો.

(૩) સિંધાલૂણ, મુલતાની માટી અને ચાક, ઘુંટીને પાણી સાથે મેળવી બળતરાવાળા ભાગ પર લેપ કરવાથી દાહ થતો મટી જાય છે.

વધરાવળ ઉપર લેપઃ—(૧) લાખ, કાંચનારનાં બી, સુંઠ, દેવદાર, સોનાગેરૂ અને ગુંદર, એ બધાંને સરખે ભાગે લઇ બારીક ચૂર્ણને કાંજીના પાણી સાથે મેળવી જરા ગરમ કરી તેનો લેપ કરવાથી વધરાવળ કે સારણગાંઠ મટે છે. આ લેપ સારણગાંઠવાળાએ ઘણા દિવસ સુધી લગાવવાની કાળજી રાખવાની છે. ઉતાવળ કરનાર પૂરતો લાભ લઇ શકતા નથી.

(૨) એરંડાનાં બી, નગોડ, હળદર, લાખ અને પુષ્કરમૂળ, એને સરખે ભાગે લઇ ખાંડીને ચૂર્ણ કરી કાંજીના પાણી સાથે મેળવી ગરમ કરીને વધરાવળ ઉપર લેપ કરવાથી મટી જાય છે. ઘણા લાંબા વખતથી થયેલી વધરાવળ ઉપર ઘણા દિવસ સુધી લેપ કરવાની જરૂર પડે છે. તો જ પૂરતો ફાયદો થશે.

(૩) હીંગ, ઉપલેટ, જીરૂં, એ ત્રણેને સરખે ભાગે લઇ બારીક ચૂર્ણ કરીને ગાયના છાણના રસ સાથે ઘુંટી તેનો વધરાવળ ઉપર લેપ કરવાથી મટે છે. લાંબા વખતથી થયેલી વધરાવળ માટે ઘણા દિવસ સુધી લેપ કરવાની જરૂર પડે છે. આ લેપથી સારણગાંઠમાં

પણ ફાયદો થાય છે.

હરસ ઉપર લેપઃ—(૧) શિરીસનાં બી, ઉપલેટ, આકડાનું દૂધ, પીપર, સિંધાલુણ અને લાંગલીમૂળ, એ બધાને સાથે વાટી ગોમૂત્રમાં મેળવીને હરસ ઉપર લેપ કરવાથી હરસ મટે છે.

(૨) નેપાળાનું મૂળ અને ચિત્રક એ બેને ગોમૂત્ર સાથે ઘુંટીને હરસ ઉપર લેપ કરે તો હરસ મટે છે.

ભગંદર ઉપર લેપઃ—હીરાકસી, સિંધાલુણ અને એરંડિયું એ ત્રણને સાથે ઘુંટી એનો લેપ કરે તો ભગંદર મટે છે. જેમ લાંબા વખતનું ભગંદર હોય તેમ લાંબા વખત સુધી લેપ કરવાની જરૂર છે.

મસા ઉપર લેપઃ—(૧) કળી ચુનો અને સાજીખાર પાણી સાથે ઘુંટીને મસા ઉપર લેપ કરે તો મસા ખરી પડે છે.

(૨) નવસાર, કળીચુનો, દારૂડીનાં બી, મોરથુથુ ને સોનાગેરૂ બધાને સરખે ભાગે લઇ પાણી સાથે ઘુંટીને લગાવવાથી મસા ખરી પડે છે.

માર-ચોટ લાગવા ઉપર લેપઃ—(૧) સાજીખાર, હળદર, દારૂ-હળદર, મેંદાલકડી એ બધાને સરખે ભાગે લઇ બારીક વાટી મધ કે ગોળ સાથે ઘુંટીને તેનો લેપ લગાવવાથી જ્યાં માર વાગ્યો હોય કે ચોટ લાગી હોય અને દુખાવો કે સોજો થયો હોય તો તેને મટાડે છે.

(૨) મેંદાલકડી, આંબાહળદર, આવળનાં પાન, રગતરોહીઓ, સિંધાલુણ અને ગુગળ, બધાને સરખે ભાગે લઇ પાણી નાખી ઘુંટીને ગરમ કરી જે ભાગ ઉપર માર વાગ્યો હોય ત્યાં લેપ કરવાથી ઘણોજ તાત્કાલિક ફાયદો થાય છે.

ગુમડા ઉપર લેપઃ—(૧) મરી, પુષ્કરમૂળ, ઉપલેટ, હળદર, સિંધાલુણ અને વજ, સરખે ભાગે લઇને બારીક ઘુંટી પાણી સાથે મેળવીને ગુમડા કે ગાંઠ ઉપર લેપ કરવાથી સારૂં થાય છે.

(૨) શંખજીરૂ અને મીઠું બન્ને ઘુંટીને પાણી સાથે મેળવી, ગુમડાં કે ગાંઠ ઉપર લગાવવાથી મટી જાય છે.

વાતરક્ત ઉપર લેપઃ—મોરવેલ, કચુરો, કઠો, ધાણા, જેઠીમધ, એ બધાને સરખે ભાગે લઇને ઘુંટી પાણી સાથે મેળવી જરા ગરમ કરીને લેપ કરવાથી વાતરક્તનો પતનો રોગ મટે છે.

ગુમડાંનો મલમઃ—પીળી રાળ તોલો એક લઇ વાટી કપડછાણ કરીને ગરમ કરેલા ઘી સાથે મેળવીને તેમાં જરા પાણી નાખીને ઘુંટવાથી મલમ તૈયાર થશે. તે મલમ ગુમડાં ઉપર લગાડવાથી ગુમડાં મટે છે.

("આયુર્વેદ રહસ્યાર્ક"ના એક અંકમાંથી)

૧૧૮–વિદ્યાર્થીજીવનની ત્રુટિઓ

(લેખકઃ–શ્રી. "આયુર્વેદ રહસ્યાર્ક" ના તંત્રીજી)

વૃદ્ધાવસ્થાને લીધે સૌંદર્યનો નાશ થઇ જાય છે. અધિક તૃષ્ણાથી સુખનો નાશ થઈ જાય છે. દુર્જનોના સંગથી માનહાનિ થાય છે. યાચના કરવાથી ગૌરવનો નાશ થઇ જાય છે. ગર્વ કરવાથી ગુણનો નાશ થઇ જાય છે. ચિંતા કરવાથી બળનો નાશ થઈ જાય છે. દુર્વ્યસનથી ધનનો નાશ થઇ જાય છે. આળસથી વિદ્યા નષ્ટ થઇ જાય છે. તેવી રીતે જરૂર વિના આહાર કરવાથી આરોગ્યનો નાશ થઇ જાય છે. એટલે આરોગ્ય ગુમાવીએ તો જીવન નકામું થઇ પડે છે.

શેષનાગ પોતાના મસ્તકમાં રહેલા મણિ વડે ગૌરવ માને છે; કૃપણ પોતાના ધન વડે ગૌરવ માને છે; પતિવ્રતા સ્ત્રી પોતાના શીલ વડે ગૌરવ માને છે; કેશરી સિંહ પોતાની કેશવાળી વડે ગૌરવ માને છે; અને વીરનરો–શૂરવીરો પોતાના આરોગ્ય વડે ગૌરવ માને છે. કારણ કે કાયા નિરોગી ન હોય તો વીરતાનું માહાત્મ્ય બતાવી શકાતું નથી; એટલેજ કહ્યું છે કે **"નીરોગી નર કેસરી."** નીરોગી કાયા વડેજ કેશરી સિંહોની જેમ અવની ઉપર અજોડ સુકાર્યો કરી કીર્તિદેવીને વરી શકાય છે.

આજ્ઞાપાલક પુત્ર, અભિન્ન હૃદયનો સજ્જન મિત્ર, સંકટસમયે દુઃખમાં ભાગ લેતી સહધર્મિણી–ધર્મપત્ની, અને નિષ્કલંક નીરોગી જીવન હોવું એ દુર્લભ છે. તે મહાપુણ્યશાળી–ભાગ્યશાળીઓનેજ પ્રાપ્ત થાય છે.

કમાવાની ત્રેવડ ન હોવા છતાં ખોટા ખર્ચ કરનાર, નિર્બળ અને સહાયહીણ હોવા છતાં શત્રુઓ ઉભા કરનાર અને રોગી હોવા છતાં, ખા–ખા કરનાર અને પથ્ય નહિ પાળનારનો જલદી નાશ થઇ જાય છે–અર્થાત્ લાંબો વખત જીવી શકતો નથી.

કમળનાં પુષ્પો સરોવરને શોભાવે છે, ચંદ્રમા રાત્રિને શોભાવે છે, ન્યાયપરાયણતા વૈભવને શોભાવે છે અને આરોગ્ય માનવજીવનને દીપાવે છે તો આજના યુવકવર્ગે આ રહસ્ય અવશ્ય સમજી લેવું ઘટે છે. વિદેશી ભાષાના વિશારદો બનવાના મોહમાં ભારતયુવકોનું યૌવનધન હણાતું જાય છે એટલેજ બળહીણ, વીર્યહીણ, શક્તિહીણ, કૃશ, હાડપિંજરોના માળખા જેવો આજનો વિદ્યાર્થીસમાજ જ્યાં ત્યાં જોવામાં આવે છે. કારણ કે આરોગ્યના સામાન્ય નિયમો સૂચવે છે કે ખોરાક લીધા પછી ઓછામાં ઓછો અર્ધો કલાક પણ શરીરને આરામ આપવોજ જોઇએ; ખોરાક લીધા પછી વધારે નહિ તો અર્ધો કલાક મગજ ઉપરથી ચિંતાનો બોજો દૂર રાખવોજ જોઇએ; તોજ પાચનક્રિયાના નિયમો જળવાઇ રહે અને ખાધેલો

ખોરાક વ્યવસ્થિતપણે પાચન થઈ શકે. આ નિયમો ગુનેગાર જેલના કેદીઓને પણ જાળવવાની તક આપવામાં આવે છે, જ્યારે આપણે ત્યાંનું કેળવણીખાતું એ નિયમોનો ભંગ કરીને આરોગ્યની ખોટી હીમાયત કરે છે. કારણ કે મોટે ભાગે કૉલેજોમાં લાખો વિદ્યાર્થીના ભોગે માત્ર શિક્ષકોનીજ સગવડ જાળવવામાં ઇતિકર્તવ્યતા માનવામાં આવે છે, જેનાથી આપણે ત્યાંનો વિદ્યાર્થીસમાજ અજીર્ણનો ભોગ બને છે. કેમકે મોટે ભાગે શાળા-કૉલેજોનો ટાઇમ સવારનો નથી પણ અગીઆર વાગ્યાનો રાખવામાં આવેલો હોવાથી વિદ્યાર્થીઓને સાડાદશ વાગ્યામાં ખોરાક લઇને અગીઆર વાગ્યે કૉલેજમાં હાજર થઈ જવું પડે છે. એટલે ખોરાક લીધા પછી બિલકુલ આરામ લેવાનો મળતોજ નથી, અને તુરત કૉલેજ તરફ દોડવાનું જ હોય છે. અભ્યાસની ઉપાધ-ચિંતામાં લાગી જવાનું હોવાથી પાચનક્રિયામાં અવરોધ નડે છે. એટલે જઠરાગ્નિ મંદ પડી જાય છે, મંદાગ્નિ લાગુ પડે છે એટલે કબજીઆત અવારનવાર સતાવે છે. આમ લાંબો વખત ચલાવી લેવામાં આવવાથી અજીર્ણ લાગુ પડી જાય છે. અજીર્ણ લાગુ પડવાથી ખોરાક પૂરતો લઇ શકાતો નથી, પૂરતા ખોરાકના અભાવે શરીરનો બાંધો મજબૂત મટીને કૃશ બનતો જાય છે, રક્તની ઉત્પત્ત ઘટી જવાથી દરેક અવયવોને પૂરતું પોષણ મળી ન શકવાથી મસલ્સો -માંસપીડો નબળા પડી જાય છે. શરીર ઉગતી યુવાનીમાંજ ઘવાઇ જાય છે. દેહ દુર્બળ બની હાડપિંજરનો નમુનો બની રહે છે. આટલું છતાં અભ્યાસ પાછળ સતત શ્રમ કરવા સાથે ઉજાગરા પણ કેટલાકને કરવા પડે છે. ખોરાક પૂરતો લેવાય નહિ, પાચન થાય નહિ, શરીર નીરોગી રહે નહિ, ચિંતાનો બોજો ઘટે નહિ, અશક્તિને લીધે યાદશક્તિ પણ ઘટી જાય છે, કેટલેક ઠેકાણે તો પછી ડૉક્ટરની દવા ઉપર અભ્યાસ કરવાનું અવલંબે છે.

એટલે કહેવાની મતલબ કે અગીઆરથી પાંચનો ટાઇમ વિદ્યાર્થીવર્ગના આરોગ્યને ભયંકર હાનિ પહોંચાડનારો હોવા છતાં આરોગ્યનો દાવો ધરાવનારાઓ નજીવી સગવડને ખાતર કરોડો વિદ્યાર્થીઓના રક્તનું શોષણ કરી રહ્યા છે એમ કહીએ તો ખોટું નથી.

શાળા-કૉલેજોમાં સવારનો અને બપોર પછીનો એ પ્રમાણે બે ટાઇમ રાખ્યા હોય તો, દરેક વિદ્યાર્થીનું આરોગ્ય જળવાય અને બળવાન બની શકે; કારણકે સવારમાં ચા, દૂધ જેવો પ્રવાહી ખોરાક લઇને કૉલેજમાં જાય અને સાડાદશ કે અગિયાર વાગ્યે જો કૉલેજમાંથી છૂટીને ઘેર આવે તો પછી નીરાંતે ખોરાક લઇ શકે-જમી શકે, અને ખોરાક લીધા પછી પૂરતો આરામ લઇ શકે. બપોર પછી ત્રણ વાગ્યે જરૂર પડે તો ચા, દૂધ જેવો પ્રવાહી ખોરાક લઇને કૉલેજમાં જાય અને પાંચ વાગે ઘેર આવી શકે. આ પ્રમાણે

કેળવણી સાથે આરોગ્ય જળવાય.

અત્યારે ચાલતી પ્રથા કેળવણી આપવા જતાં આરોગ્ય છીનવી લેવાય છે. આરોગ્ય ઉપર આઘાત થતાં કેટલાક અજીર્ણના ભોગ બને છે. કેટલાક છાતીના દરદમાં સપડાય છે. કેટલાકને ખાંસી લાગુ પડે છે, તો કોઇ ને અજીર્ણના પ્રતાપે ટૉન્સીલ થઈ આવે છે. આ પ્રમાણે કોઇ ને કોઈ દરદના ભોગ બને છે. કેળવણીની ડીગ્રી મળવા પહેલાંજ દરદની ડીગ્રી મેળવી લેવામાં આજે ભારતનો વિદ્યાર્થી યુવકવર્ગ આલમને મોખરે ઉભો છે એમ કહેવુંજ વ્યાજબી લેખાશે. આજના યુવકવર્ગને જો દેશની દોલત લેખવામાં આવતી હોય તો યુવકવર્ગનું આરોગ્ય નાબુદ થતું સત્વર અટકાવવું જોઇએ. આરોગ્યના હિમાયતીઓ અને સત્તાધારી કેળવણીકારોને અમે નમ્રભાવે વિદ્યાર્થીઆલમના આરોગ્ય તરફ લક્ષ આપવા વીનવીએ છીએ.

("આયુર્વેદરહસ્યાક"ના એક અંકમાંથી)

૧૧૯–चिरंजीवी अने काळजीवी साहित्य

(શ્રીયુત ન્હાનાલાલ દલપતરામ કવિ)

(૧)

મહાભારત ને શકુન્તલા, હોમર ને ડાન્ટે મહાવિપ્લવોને યે ગળી જાય. એ તો કાળ જેટલાં ચિરંજીવી. અવનીના અમરોની એ અમર કૃતિઓ. કાળની પાંખનો પડછાયો એમને અડકે નહિ.

જેણે તીર શોધ્યું, જેણે બન્દુક શોધી, જેણે મૂળાક્ષર શોધ્યા, જેણે મુદ્રણકળા શોધી; જગતના એ અજ્ઞાતોએ ઉથલપાથલો કીધી.

વૉટે વરાળયંત્ર શોધ્યું; એમાંથી આગબોટો થઇ, સ્ટીવનસને આગગાડી કીધી, આર્કરાઇટે વિધવિધની મિલો ખિલાવી, એડીસને વિદ્યુત્પ્રવાહને બહલાવ્યો–ગ્રામોફોન થયા, ટેલીફોન થયા, લાઉડસ્પીકર થયા, ટૉકી થયા, રેડિઓ થયો, રાત્રિના ઝગમગતાં દિવા થયા. રાઈટ ભાઇઓએ ૧૯૦૨ માં વિમાન ઉડાવ્યું. વૉટે, એડિસને, રાઈટબંધુએ નિજ નિજના સંસાર સરજ્યા.

એડમ સ્મીથે પ્રજાઓની લક્ષ્મી, ને ડાર્વીને જાતિઓના મૂળસિદ્ધાન્તો લખ્યા: વિચારદેશે એમણે નવભાવનાઓના સંસાર સરજ્યા; પણ એમના પૂર્વજ ને પ્રવર તો પતંજલિ ને ગીતાકાર: જેમણે નવાં માનસ સરજ્યાં હતાં.

કોલમ્બસે અમેરિકા ખંડ શોધ્યો ને વાસ્કો ડ ગામાએ કેઇપ ઑફ ગુડ હોપને ઓળંગી–એ તો જાણે એમણે પશ્ચિમ ને પૂર્વનાં પૃથ્વીનાં બારણાં ઉઘાડયાં. અશોકદેવના ભિક્ખુઓએ હિમાદ્રિશિખરે

પગદંડીઓ પાડી હતી.

ઇયામીનોન્ડાસે ભાલાબ્હેરખ સરજી, ને ૭–૭ ભાલાઅણીઓ આગળ ધારી બ્હેરખ ખેલાવી અરિદળને ચગદી નાખ્યાં; મધ્ય-સંગ્રામે સૈન્યપાંખોને છોડી મૂકી દુશ્મનસેનાઓને ઘેરી વળી. બાબર-શાહે હાર્યા જેવાં પાણીપત ને કહાનવાના રણસંગ્રામ જીત્યા, ટોર્પીડો શોધી, ડુંગર જેવડી મનવારો ચીરી ને ટેન્ક શોધી, ખાઇઓની ચારીઓ ને તારવાડોના આડકોટ દળી નાખ્યા; એ વ્યૂહરચનાઓ ને એ યુદ્ધ–આયુધોના સરજનહારાઓએ વિજયો સરજ્યા.

જગદીશ બોઝે અદ્દશ્ય કિરણો ફેંકી રકાબી ફોડી, ન્યૂટને ફળને ભોંય ઉપર પડતાં જોયું, સ્ટીવન્સને પાણીની કીટલીનું ઢાંકણું ઉછળતું દીઠું અને પછી શ્રીકૃષ્ણે બગાસું ખાઇ જસોદા મૈયાને બ્રહ્માંડ બતાવ્યું હતું એમ એ ફૂટતી રકાબીમાં ને એ પડતા ફળમાં ને એ ઉછળ-તી ઢાંકણીમાં જગદીશે, ન્યૂટને, સ્ટીવન્સને બ્રહ્માંડના ભેદો દાખવ્યા.

એ સૌએ નવસૃષ્ટિઓ સરજી; પણ એ એકદેશીય નવસૃષ્ટિઓ હતી. સહસ્ર શીર્ષોનો, સહસ્ર આંખોનો, સહસ્ર શ્રવણોનો વિરાટ તો સર્વમુખ છે.

(૨)

વૉશિંગ્ટન ને મેઝીની મહાન હતા; પુણ્યશ્લોક હતા; નવસંકૃતિ-ઓના સરજનહાર ન હતા. જસ્ટીનિયને કોડ કીધો, નેપોલિયને કોડ કીધો. એ કોડો યુરોપના પાયાઓમાં પૂરાયા; પણ એ સંગ્રહો હતા, નવસૃજન ન હતાં.

લેનીન એટલે કાર્લ માર્ક્સનો ચેલો ને ફ્રેંચ રેવોલ્યૂશનકારો એટલે ફ્રિઝિયેક્રેટસના ચેલાઓ. લેનીને ને ફ્રિઝિયેક્રેટસે નવસંસાર સરજ્યા; પણ નવભાવનાઓ તો એ પરાઇ ઉપાસના પરની ભાવ-નાઓ ઉછીતી લઈ એમણે સંસારચિત્ર આલેખ્યાં. સમર્થ, પણ એ ચેલાઓ હતા, જગદ્દગુરુઓ ન હતા.

શીલરે વ્હીલેમ ટેલનું નાટક લખ્યું ને જર્મન પ્રજાને જગાડી; પીટર ધ હરમીટે હાકલ પાડી ને યુરોપના ખ્રીસ્તમંડળને જગાડ્યું; એમણે એકએક યુગ સરજ્યા. પેરિકિલઝે એથેન્સમાં, ચન્દ્રગુપ્તે પાટલીપુત્રમાં, નૂરજહાને ને શાહજહાને દિલ્હી–આગ્રામાં સ્વપ્નાંઓ સરજ્યાં; પણ એ સૌ યુગસ્વપ્નાંઓ હતાં. ચિરંજીવ સ્વપ્નસૃષ્ટિઓ તો હતી અશોકદેવની ને અકબરશાહની.

ઇતિહાસકારો ગડગડાટને સાંભળે છે; સિકન્દર, શિવાજી, વૉશિં-ગ્ટન, નેપોલિયનને ઓળખે છે ને આલેખે છે. બુદ્ધને કે ખ્રીસ્તને, હોમરને કે વ્યાસને એટલા ઓળખતા નથી. ઇતિહાસકારો 'ઍક્શન'ને આલેખે છે, 'થૉટ'ને એટલો ચિતરતા નથી.

શંકર ને લ્યૂથરે ભાવનાઓ સરજી, ને સૈકાઓને જીત્યા.

ભાગવતકારે વૈષ્ણવતાની ભાવના સરજી, ને એ ભાવનાઓએ કવિઓ જન્માવ્યા, સંપ્રદાયો સ્થાપ્યા.

બુદ્ધે ને ખ્રિસ્તે દુનિયાને નવી ઘડી. ઉપનિષત્કારો ને સંહિતાકારોએ માનવવંશ નવો ઘડ્યો, હજારો વર્ષ નભતી આર્યસંસ્કૃતિનો જગતને વારસો આપ્યો.

છાપાંઓ દિવસ દિવસનું સાહિત્ય સરજે છે. આજે મોટા અક્ષરે લખાય ને લાખો લોકસમુદાય વાંચે; પણ કાલે એ ભૂલાય ને ભૂંસાય.

કેટલુંક યુગસહિત્ય છે. ચળવળોનાં ને ચળવળકારોનાં સાહિત્ય યુગસાહિત્યો છે.

૧–નાળીએરી જે સાત અને ત્રણ વર્ષે ફળે છે તે કદી પ્લાનટેશન કરવા વાવવીજ નહિ. ભાવનગર, નવાનગર, પોરબંદર, ચોરવાડ, વેરાવળ, માંગરોળ, મહુવા, ખંભાત, ભરૂચ, સુરત, માંડવી, મુંદરા, તુણા વગેરે કચ્છ કાઠિયાવાડ ગુજરાતના પ્રદેશોમાં ને થાણા સતારા આદિ દરિયાકિનારાના પ્રદેશો જ્યાં દરિયાની હવા ઉનાળામાં ઠંડી રહે છે ત્યાં પડતર જમીનો પાણીનાં સાધનવાળી લઈ ૧૦૦૦ થી ૧૦૦૦૦ દશ હજાર સુધીનાં પ્લાનટેશન કરવાં. ઉપર નામ લખ્યાં છે તે પૈકી ભાવનગરના મહુવામાં મોટું નાળિયેરનું પ્લાનટેશન છે, પોરબંદરમાં પણ છે, ને ત્યાં મોટી પેદાશ નાળીએરની થાય છે. તેનાં પાતરાંમાંથી સાવરણી સાદડી થાય છે, ટોપરાંથી તેલ નીકળે છે, થડનાં લાકડાં પણ ઉપયોગમાં આવે છે. તેનાં છાલાં કાથો આપે છે, તેમાંથી દોરડાં બને છે, તેનું પાણી પીવાય છે અને શ્રીફળ દરેક સારા નરસા કામમાં હિંદુ મુસલમાન વાપરે છે તેથી તે લાભદાયી છે. માટે પોતાના ઘર આંગણે, વાડામાં ને પોતાની વાડીના કૂવા પાસે પણ નાહવા ધોવાનાં પાણી જતાં હોય ત્યાં નાળીએરી ઓછામાં ઓછી બાર ને પછી ગમે તેટલી સંખ્યામાં વાવનાર નાગો ભૂખ્યો રહેતો નથી. મદ્રાસ પ્રાંતમાં દરેક ગામે લોકોએ ઘેર ઘેર નાળીએરી

વાવી છે. અને તેથી આપ ભાઇઓને આ ઉદ્યોગી કલ્પવૃક્ષ વાવવા ભલામણ છે. તમારો ધંધો કરતા રહો ને દરિયાકાંઠાની એકર બે એકર કૂવાવાળી જમીનમાં ગામના ખેડુતો, ગૃહસ્થો ને ઇતિર ભાઇઓ જરૂર નાળીએરી વાવે એમ મારી ભલામણ છે. રાજામહારાજાઓએ આવાં વાવેતર કરનારની જમીનની ઓછી ઉઘડ લેવી. અગર ઝાડ મફત કે અર્ધી કિંમતે આપવાં. ખાતર મફત દેવું અને ફળઝાડની દસ્તુરી જેવી રકમ ઉઘડ લેવામાં આવે એમાં સમાવી દઈ ઉત્તેજન ખાતર નાળીએરી વવરાવવી એમ અમારી ભલામણ છે. નાળીએરીનાં વાવેતરની સંપૂર્ણ હકીકત અમારા ચોથી આવૃત્તિના બગીચાના પુસ્તકમાં છે તે વાંચવી.

(૨) નાળીએરી સિવાય કલમી કે દેશી આંબા ઉંચી જાતના જ્યાં થતા હોય ત્યાંથી પાકી કેરી મંગાવી ગોટલા રોપી મોટાં ઝાડ કરવાં. છાણ, હાડકાંનો લોટ, માછલી, એરંડીનો ખોળ, સૂકાં ગળેલા પાતરાં વગેરેનું ખાતર ૩×૨ ફુટ ઉંડા પહોળા ખાડા કરાવી પાણી પવરાવી ઠંડા પાડી ચોમાસામાં કે કારતકમાં વાવવા. રોપ કે કલમ દાબવી ને ગોટલા હોય તો ચોમાસામાં રોપ કરી રાખી એક વરસ પછી વાવવા.

આંબામાં હાફુસ, રાજાપુરી, મલગોબા, તોતાપુરી અને બીજી સારી જાતની કલમો વાવવી. શ્રાવણ ભાદરવામાં પાકતી જાતો પણ વાવવી અને જ્યાં કાળી ચીકાસ વગરની મીઠા પાણીવાળી સછિદ્ર જમીન હોય, ઘણો તાપ પડતો હોય એવી ભૂમિમાં, બંદરોનાં ગામોમાં ને સખત તાપ ન પડતો હોય, ભાંભળાં પાણી ન હોય ત્યાં આંબા ઘણા થાય છે. ગુજરાતમાં સુરત, અમલસાડ, થાણા, નડીઆદ, પેટલાદ, ખેડા ને અમદાવાદની આસપાસ પાલણપુર ડીસા તરફ, કચ્છમાં મુંદરા તરફ, કાઠિયાવાડમાં જુનાગઢ, માંગરોળ, જામનગર, મહુવા તરફ આંબાનાં વન કરવા જેવી જમીન અને પાણીની સગવડ હોવાથી કોઇ ભાઇઓ આંબા કરે તો ઘણો લાભ મેળવે. હવે વિલાયત કેરી જાય છે તેથી ઘણો લાભ મળે છે. કાળો હાફુસ, મજગામની હાફુસ, રત્નાગીરી ગોવાની હાફુસ કેરી બગડતી નથી ને વિલાયત જાય છે. માટે જેને આ ધંધો કરવો હોય તેણે આ જાતની કલમ વાવવી. પહેલાં પાંચ વરસ સંભાળ રાખવી પડે છે, પછી એની મેળે થયા કરે છે, ઇજારા દેવાય છે, માલેકોએ દર વર્ષે કેરી વેડી લીધા પછી ગોડ કરાવી આંબાનાં સૂકાં ડાળાં ડાખળાં પાંદડાં કાઢી જાળાં વાંદાં પાડી સાફ રાખવા ને દર વર્ષે ચોમાસામાં ઉપર બતાવેલું ખાતર નાખવાથી આંબા દર વર્ષે ફળે છે. એક નાળીએરી દર બાર માસે સો સવાસો નાળીએર આપે છે. એક કલમી આંબો દર વરસે ૭ થી ૨૦ મણ કેરી આપે છે. એટલે પેદાશ ઘણી સારી થાય છે. એક એકરમાં ૫૦ આંબા અને નાળીએરી ૬૦ થી સિત્તેર

વાવી શકાય છે.

શરૂમાં ખર્ચ બહુ આવતું નથી. દર વર્ષે થોડાં થોડાં ઝાડ વાવતાં પાંચ દશ વર્ષે પૂરાં ઝાડ વાવવાથી થોડી મુડીએ મિલ્કત સારી થઈ જાય છે. આ સંબંધી પૂરી હકીકત અમારા ચોથી આવૃત્તિના બગીચાના પુસ્તકમાં છે, જે વાંચવાથી અનુભવ થશે.

(૩) ત્રીજું ફળઝાડ લિંબુ, મોસંબી, નારંગી એક એકરમાં ૧૦૦ ઝાડ ૨૦ વીસ ફુટને અંતરે વાવવાથી થાય છે. એક ઝાડ પરથી દશ મણ ફળ ઉતરે છે. પાંચ વરસે તૈયાર થાય છે. ૩'×૩'ના ખાડા કરી તેમાં છાણ, ઉકરડા, સૂકાં પાતરાં, જૂનો ચુનો, એરંડીનો ખોળ અને બકરાંની લીડીનાં ખાતરથી ખાડા ભરી પાણી પાઇ ટાઢા પાડી તેની કલમો વાવવાથી ઝાડને તુરતજ બે ત્રણ વર્ષે ફળ થાય છે, અને બજારમાં તે જલદી ખપી જાય છે. ઓરેંજ મોસંબીના રસના પણ બાટલા ભરાય છે અને લેમન કયુરા, શરબત, નારંગીનું શરબત વગેરેની ઘણી પેદાશ થાય છે. અને આ ઝાડ કાળી જમીનમાં પથરા હોય, તાપ પડતો હોય, સહેજ ભાંભળાં પાણી હોય તોપણ થઇ આવે છે. ખરચ પહેલાં ત્રણ વરસ થાય છે ને પછી દર વર્ષે ખાતર ગોડ ને પાણી તકસર પાવાનું રાખી ઇજારો દેવામાં આવે તો ઘેર બેઠાં ઉપજ લેવાય છે.

લીમડીમાં ભાંભળાં પાણી છે છતાં મીઠાં લિંબુ, ખાટાં લિંબુ, સંત્રાં ગરમી ઘણી પડે છે છતાં થાય છે. માટે બીજે સ્થળે લીમડી કરતાં હવા પાણી જમીન સારાં હોય ત્યાં તો જરૂર થાય. માટે ગુજરાત, કચ્છ, કાઠીઆવાડમાં આ ઉદ્યોગી પ્લાનટેશનો કરવા મારી વિનંતિ છે. આ ફળો પરદેશ મોકલી શકાય છે ને બગડતાં નથી.

માટે સર્વ ભાઇઓ, ખેડુતો, ગૃહસ્થો, જમીનદાર નાગપુર પુના અને થાણા સુરત જીલ્લાની માફક લિંબુ, નારંગી, મોસંબીનાં પ્લાનટેશનો કરવા વૃત્તિ કરશે તો જરૂર કમાશે.

(૪) ચીકુ—ચીકુનું ઝાડ રાણબોરડીના વર્ગનું ધીમું વધનારૂં છે. દરેક પ્રકારની જમીનમાં થાય છે, ભાંભળાં પાણી હોય, જમીન રેતીના મિશ્રણવાળી હોય, ખાતર પૂરતું હોય તો જરૂર વરસમાં બે વાર ફળ આપે છે. થાણા–સુરત જીલ્લામાં સતારા–બેલગામ રત્નાગીરી ગોવા તરફ ચીકુનાં ઝાડ ઘણાં થાય છે. આ લેખક ધરમપુરમાં બાગ સુપરિન્ટેન્ડેન્ટ હતો ત્યારે ચંપા બાગમાં એક ચીકુનું જૂનું ઝાડ હતું, તે ઉપરથી પાંચ હજાર ચીકુ ઉતર્યાં હતાં ને તે વખતે ઈ. સ. ૧૯૨૨ માં એ માટે લેખ પણ લખ્યો હતો. ચીકુ ભેજવાળી હવામાં સારી જમીનમાં પૂરતાં ખાતર ને માવજતથી સારી રીતે ઉતરે છે. ગોળ ગોલવડનાં કે લંબગોળ સુરતનાં ચીકુની કલમો દરેક ઋતુની મળે છે. તે વાવવાથી થાય છે. ૩×૩ ફુટના ખાડા ગાળવા, હાડકાં-

નો લોટ, એરંડીનો ખોળ, ગોબરનું ગળેલું ખાતર, માછલાંનો ભૂકો અને માટી મિશ્રિત કરી ખાડા પૂરવા. પાણી પાઇ દેવું ને પછી ઠંડા ખાડા પડયે ચોમાસામાં કે કારતકમાં કલમ રોપવી.

એક બીજાથી ૨૦ થી ૨૫ ફુટને અંતરે ઝાડ વાવે તો સારાં થાય છે. બે વાર ફળે છે. તેથી ખાતર વરસમાં બે વાર નાખવું. ચોમાસાની શરૂમાં ને શિયાળામાં નાખવું. પાણી પાવું. લાલ જમીન જેમાં લોખંડનો ભાગ હોય છે, તેમાં સારાં થાય છે. કાળી જમીનોમાં મેંગેનીસ હોય છે ત્યાં પણ સારાં થાય છે. દરિયાકિનારે બંદરની જમીનમાં કચ્છ, કાઠીઆવાડ, ગુજરાતમાં પણ થઇ શકે છે. લીમડીમાં છાલીયા બાગમાં કૂવા તળાવનાં પાણી પાઇ ચીકુ કર્યું છે ને થયું છે ને કુમાર સાહેબના બંગલાના બગીચામાં પણ કેટલાંક ઝાડ છે તે ફળ આપે છે. મતલબ કે ખાતર પૂરતું હોય, પાણી ભાંભળું હોય, ગરમી પડતી હોય તોપણ સારી માવજતથી ચીકુ બધે થાય છે. ધ્રાંગધરાના સુંદરબા બાગમાં ચીકુ ઘણાં છે. પાણી ભાંભળું છે, જમીન પથરાવાળી છે છતાં ઘનશ્યામપુર ને ધ્રાંગધરામાં ચીકુ, સંત્રાં, કેરી, નાળીએરીનાં ઘણાં ઝાડ છે એટલે ઝાલાવાડમાં પણ આંબા, નાળીએરી, સંત્રાં, લિંબુ, મોસંબી, ચીકુનાં ઝાડ થાય એવું છે. મુળીમાં મઢાદ ગામે, સાયલામાં ચોરવીરા ગામે, ગોંડળના ઉપલેટામાં, પોરબંદરમાં, ખંભાળા હિલ્સ, બરડા પર, ભાવનગરમાં મહુવા, નીલમબાગમાં, જૂનાગઢ જામનગરના બાગોમાં રાજકોટ ને બીજાં ગામોમાં આ ઝાડો વાવેલાં છે ને તેમની સંખ્યા વધારવાથી વધુ લાભ મેળવાય એવું છે.

ઉપર સિવાયનાં બીજાં ઝાડ વાવવા માટે હવે પછી લેખ લખવામાં આવશે. આપ ભાઇઓની પ્રવૃત્તિ જે ધંધાની પરંપરાની હોય તે કાયમ રાખી વધારાના ધંધા તરીકે તંદુરસ્તી મેળવવા ખાતર, મનના આનંદ ખાતર અને લાંબુ જીવવા માટે જો આપ આ મારા લેખ ઉપર ધ્યાન આપી ફળઝાડનાં વાવેતર કરવા લક્ષ પહોંચાડશો ને થોડી થોડી મુડી એ કાર્યમાં વાપરશો તો ખરચેલી મુડીનું જરૂર ટકો બે ટકા વ્યાજ મળશે ને તમો સુખી થશો. મારી છાસઠ વરસની પાકટ ઉંમર થઇ છે. હવે જીવન ક્યાં સુધી ટકશે એ ઇશ્વરના હાથની વાત છે. પ્રારબ્ધ પૂરૂં થયે શરીર નાશ પામશે. આત્મા તો અમર છે. જો કંઇ સારૂં કૃત્ય કરાય, ભાઇઓની સેવા કરાય ને તેઓને આર્થિક લાભ મળે એવા રસ્તા બતાવાય તો આ જીંદગીનું સાર્થક ગણાય, એમ માની આવા લેખો લખું છું. તેથી વાંચનાર કંટાળો નહિ લાવે અને સૂચના મુજબ કંઇ અંશે પુરુષાર્થ કરવા મારી વિનંતિ છે.

પરમાત્માને જાણવા માટે શુદ્ધ અંતઃકરણ, ઇન્દ્રિયોના વિકાર ને વિષયોને વશ રાખવા, કામ–ક્રોધ–લોભ તજવા, આસક્તિ છોડવા

આ ફળઝાડના વાવેતર અને ખેતીવાડીનો ઉત્તમ ધંધો કરવા જરૂર છે, જેમાં મુડી સલામત રહે છે. પોતાને એ જ્ઞાન ન હોય તો અમારાં એ વિષયનાં પુસ્તકો વાંચી જ્ઞાન મેળવી લેવું. અનુભવીઓની સલાહ લેવી, અને ઉતાવળ કે સાહસિક વૃત્તિ બાજુ રાખી વિચાર કરી ધીમે આ કાર્યમાં આગળ વધવા અમો સૂચના કરીએ છીએ. મુડી હોય તેટલી વાપરી નાખવા કે આવડતું ન હોય તો સ્વાર્થી નોકરો રાખી તેના હાથે ખરપાવાનું અમે કહેતા નથી. કારણ કે માણસો પોતાના સ્વાર્થમાં મુડીવાળાને પાયમાલ કરે છે તેવાથી બચવું. આજે સોમાં દશ માણસો ઉત્તમ સ્વભાવના સદ્‌ગુણી ને નીતિધર્મપરાયણ જોવામાં આવે છે. માટે પુરુષપરીક્ષા કરીનેજ આવા સાહસમાં પડવા અમો સાથોસાથ ભલામણ કરીએ છીએ.

("આયુર્વેદ રહસ્યાંક"ના એક અંકમાંથી)

૧૨૯–હાલના વિદ્યાર્થીઓને જ્યોર્જ બર્નાડ શો શું કહે છે ?

વિશ્વવિખ્યાત નવલકથાકાર મી૦ જ્યોર્જ બર્નાડ શોએ પોતાની જગતની મુસાફરી પૂર્ણ કરી છે. તેઓ મુંબઇ આવ્યા ત્યારે સ્ટીમરમાંજ રહ્યા હતા. એ યાત્રા સમયે હોંગકોંગમાં યુનીવરસીટીના વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ કરતાં એમણે જણાવ્યું હતું કે, મારો ચોક્કસ એ અભિપ્રાય છે કે યુનીવરસીટીઓનો વિનાશ કરવો જોઇએ. તેની દિવાલો તોડી ઉખેડી નાખવી જોઇએ. તેની જડમૂળને ઉખેડી નાખવી જોઇએ. મેં અનેક વાર કહ્યું છે કે છેલ્લા મહાયુદ્ધે સભ્યતાનો એક પ્રકારે નાશ કરી નાખ્યો છે. હવે જો બચી હોય તો તે ફક્ત નામમાત્રનીજ. લડાઇના સૂત્રધારો હતા બધા સુશિક્ષિત લોકો—યુનિવરસીટીના ડીગ્રીધારીઓ. સંસારમાં એ જાતના લોકો ઘણા ભયંકર હોય છે; એક તો અર્ધશિક્ષિત લોકો જેમણે અર્ધી સભ્યતાનો નાશ કર્યો છે અને બીજા સુશિક્ષિત જેમણે સભ્યતાનો સંપૂર્ણ સંહાર કર્યો છે. સંસારમાંથી કેટલીયે સભ્યતાઓ નાશ પામી છે તે સર્વનું કારણ હતું શિક્ષણનો પ્રચાર. સભ્યતાને સુરક્ષિત રાખવા માટે મૌલિક મગજવાળા માણસોની આવશ્યકતા છે. પરંતુ યુનિવરસીટીઓમાં કેળવણી પામેલાઓ નકલી ભેજાના બની જાય છે.

જો મને પુત્ર હોય તો એને હું યુનિવરસીટીમાં મોકલતાં પહેલાં કહી દેત કે, જોજે, તારા ભેજાને યુનિવરસીટીવાળા નકલી ન

બનાવી દે. તે લોકો જે પુસ્તકો વાંચવા કહે તે પુસ્તકોને કદી પણ વાંચતો નહિ. મિ. શૉ કહે છે કે ટેક્ષ બુકો એવી હોય છે કે જેને કદી વાંચવીજ ન જોઇએ. હું તો અશિક્ષિત છું. કારણકે મેં કોઈ દિવસ ટેક્ષ બુક વાંચીજ નથી. જનરલ પુસ્તકોજ વાંચવાં જોઇએ, કે જેમાંથી મૌલિક વિચારો મેળવી શકાય.

ક્રાન્તિકારી તથા સામ્યવાદી સાહિત્ય વિદ્યાર્થીઓએ વાંચવું જોઇએ. જો વીસ વર્ષની ઉંમરમાં યુવાનોના ભેજામાં ક્રાન્તિકારી વિચારો ન ઉત્પન્ન થયા તો ૫૯ વર્ષની ઉંમરમાં તો તે તદ્દન મૂર્ખ–અક્કલહીણ બની જશે. જો વીસ વર્ષમાં ક્રાંતિકારી ભેજું હશે તો તે ૪૦ વર્ષની ઉંમરે અપ–ટુ–ડેટ આદમી બની જશે. પાઠ્ય પુસ્તકો ઘણે ભાગે એક વિષયને અનુલક્ષીનેજ લખવામાં આવે છે; તેજ બીબામાં ઘડાયેલ વિદ્યાર્થીની વિચારશક્તિમાંથી મૌલિકતાનો નાશ થાય છે. માટે કોઇ પણ વિષયના અભ્યાસ માટે તે પ્રશ્નનો આવો ચનાત્મક અભ્યાસ અને મનનં કરવું જોઇએ. માણસ ભલે ઓછું ભણે અને તેમાંય માત્ર યાદ રાખવા યોગ્ય મૌલિક વિચારોનેજ યાદ રાખે. પરંતુ યુનિવરસીટીની ઉચ્ચ ડીગ્રી ધારણ કરનારા મોટે ભાગે તેવા માણસો હોય છે કે જેમનું મગજ વ્યર્થ વાતોથી ભરેલું હોય છે. તેવા માણસોને તો કબરમાંજ દાટી દેવા જોઇએ.

("હિંદુ અને હિંદુજ્યોતિ"ના એક અંકમાંથી)



૧૩૦–બૈરાંનું પંચ

(લેખકઃ–પંડિત શ્રી. આનંદપ્રિયજી)

(૧)

નાનો ફીકલો દિવાળીબાને બહુજ વહાલો હતો. ઘણી બાધાઓ પછી ભગવાને તેમને પુત્રનું સુખ આપ્યું હતું. એટલે તેમનાથી જેટલાં લાડ લડાવી શકાય તેટલાં બધાં તે તેને લડાવતી. ઘણી સંભાળ અને લાડ પછી પણ ફીકલાભાઇ તો માંદા ને માંદાજ રહેતા.

રાત અને દિવસ દિવાળી પોતાના ફીકલાને નિરોગી કરવા ઉપાયો શોધતી, અને તેથી તેણે હનુમાનજી, બળીઆ કાકા, ગામની ભાગોળે આવેલી મેલડી માતા અને બીજી દેવીઓની બાધાઓ રાખેલી. એક દહાડો એક સાંઇ બાબાએ મીરાં દાતારની બાધા પણ રખાવી હતી. નજર લાગે નહિ તે માટે જાદુ ટોણાં અને નજર ઉતારવાનું બધું કરેલું. બધા દેવો, સંતો, બાવા અને ગુસાંઇ તેમજ ફકીરોને પગે તે પડતી છતાં ફીકલાભાઈ તો માંદાજ રહેતા.

લાડઘેલી દિવાળી ફીકલાને ચોવીસે કલાક ખોળા ને ખોળામાંજ રાખે. ફીકલો કંઇ સૂકાઇ જાય તે માટે તેને ભૂખ છે કે નહિ તેની કાળજી કર્યા વગર ચાહ રેડ રેડ કર્યાજ કરે. એથી ફીકલાનું પેટ તો મઝાના નગારા જેવું ફૂલેલું રહેતું. બચુને ખાધેલું પચે છે કે નહિ તેની સાથે દિવાળીબાને નિસ્બત ન હતી. એ તો એટલુંજ સમજતાં કે પેટ ભરીને ન ખવડાવીએ તો છોકરો સૂકાઇને મરી જાય.

સાંજરે સવારે રોજ દિવાળીબા દેવદર્શને જાય. ભગવાનને પગે પડીને પોતાના ફીકલાને સારો કરી દેવાની પ્રાર્થના કરે. બાળક માટે માતાનું હૃદય કેવું પ્રેમાળ હોય છે તે માટે વધારે શું કહેવાનું હોય?

(૨)

એક દહાડો બચુની તબિયત વધારે બગડી. આડોશી પાડોશી બૈરાં ભેગાં મળ્યાં, ને જાત જાતના ઉપચારોની ચર્ચા ચાલી. ચંચળ ડોશીએ, કુનીબાએ, દેવકોરબાએ, દેવકોર શેઠાણીએ–બધાંએ કોઇ ને કોઈ ઇલાજ સૂચવ્યા. ત્યાં આર્યકન્યા મહાવિદ્યાલયમાં ભણતી બહેન રશ્મિકુમારી ઘેર રજાઓમાં આવેલી હતી. બૈરાંનું પંચ ભેગું થએલું જોઇને તે પણ ત્યાં આવી ચઢી. ફીકલાની ગંભીર હાલત જોઇ તે ચોંકી ઉઠી. દિવાળીબાને ઉદ્દેશી તે બોલીઃ

'દિવાળીબા, તમારો ફીકલો તો તમેજ માંદો પાડયો છે. જુઓના, તેનું પેટ કેવું ગાગર જેવું ફૂલી ગયું છે! ભૂખ જોયા વગર તમે તેને ખવડાવ ખવડાવ કર્યું છે. તેને દૂધ આપવાનો વખત પણ નક્કી નથી કર્યો. રડે એટલે ચા રેડો. કાંઈ જરા જેટલું રડે કે

તમને ખવડાવવાની એકદમ ફિકર! આથી તેનું શરીર સુધરવાનું નથી.

આ નાના બાળકને ચાહ બંધ કરી ગાયનું દૂધ પાઓ. તેનો દૂધ પાવાનો વખત પણ નક્કી કરી દો. હમણાં દૂધમાં સૂવાનું પાણી ઉમેરી પાવ, અને દૂધ થોડું થોડું આપો.'

'અરરર! આજકાલની છોકરી શું ભરડે છે?' ચંચળડોશી બોલ્યાં, અને આગળ ચલાવ્યું 'વખત નક્કી કરીને દૂધ પાવ, વારંવાર ખવડાવો નહિ, આ બધું શું? અમારાં છોકરાંઓ તો આમજ ઉછરી ગયાં! આ વાતો નકામી છે.'

'ચંચળબા, તમારી વાત ખરી છે. તમારાં છોકરાંઓને અપચો નહિ હોય. જે ખાય તે પચી જતું હશે. જુઓને! આ તે ફીકલાનું પેટ છે કે નરઘો!'

ચંચળબાને રશ્મિની વાત ગળે ઉતરી અને તેમણે કહ્યું:

'હા, અપચો હોય તો અમારૂં ડોશીશાસ્ત્ર ખવડાવવાની ના પાડે છે.

'બા, હમણાં તો નથી રહ્યાં જૂનાં શાસ્ત્ર અને નવી પદ્ધતિ. આ વાતો નવી બહેનોને ખબરં નથી. તેઓ સમજીને કરે તો કામ સુધરે. નાનાં બાળકો પર ચાહની અસર બહુજ ખરાબ થાય છે. બહુ ગળ્યું આપવાથી પણ તેમની તબિયત બગડે છે. લાડકવાયો છોકરો હોય તો તેને ગળ્યુંજ ગળ્યું ખવડાવવામાં આવે. તે રડે કે તરતજ સુખડી કે મગજ કે બીજી કોઇ વસ્તુ ખાવા આપે. લાડનો અર્થજ ખૂબ ખવડાવવામાંજ માની લેવાય છે' રશ્મિએ કહ્યું.

'રશ્મિબહેન! અહીં આવો. તમારી વાતો બહુ સારી લાગે છે. તમે ખૂબ ડાહી વાતો કરો છો.' ચંચળબાએ રશ્મિની વાતો પસંદ કરી. બધાંય બૈરાંએ રશ્મિની વાતને ટેકો આપ્યો, રશ્મિએ બચુની માવજત કેમ કરવી તે દિવાળીબાને સમજાવી દીધું.

થોડા દિવસમાં રશ્મિ મહાવિદ્યાલયમાં જવા નીકળી એટલે દિવાળીબા રૂા. ૨૫) લઇને આવ્યાં, અને રશ્મિને કહ્યું:

'બહેન! જ્યાં તું ભણી છે ત્યાં આ આપજે. મારો બચુ જાદુ, ટોના, જંતરમંતર, બાધા આખડી, દવા દારૂથી ન જીવ્યો તે તારા કહ્યા પ્રમાણે ચાલવાથી જીવ્યો. તારો ઉપકાર હું ભૂલી ન શકું.'

સૌ છૂટાં પડયાં.

આજે આપણા સમાજનાં સેંકડો લાડકવાયાં બાળકો ખોટા લાડનાં શિકાર બની યમદ્વારે પહોંચી જાય છે. અમારી બહેનો તેને જીવાડવાને બદલે આમ પોતેજ મારી નાખે છે એની તેમને શી ખબર!

("પ્રચારક"ના એક અંકમાંથી)

૧૩૧–सारां पुस्तको पारसथी वधारे किंमती छे.

(લેખકઃ-શ્રી. મંગળદાસ ચતુર્ભુજ કવિ)

સારામાં સારા સંસ્કારો હોય તોજ સારાં પુસ્તકો વાંચવાનું ગમે. જેટલું લખાઇને પુસ્તક આકારે પ્રગટ થાય તેટલું બધુંયે સારૂંજ હોય છે એમ માનનાર ઘણી વખત છેતરાય છે અને અવળે રસ્તે ચઢી જાય છે. સારાં પુસ્તકો એજ કહી શકાય કે જેના પઠન-પાઠનથી આપણે પણ સારામાં સારા બની શકીએ. સાચાં પુસ્તકો એજ છે કે જે આપણું શ્રેય કરનાર હોય અને આપણને સત્ય વસ્તુનું ભાન કરાવતાં હોય. દેખાવમાં અને વાંચવામાં જે લખાણ આપણને પ્રિય લાગતું હોય તેવું લખાણ પણ કોઈ વખત નુકસાન કરી બેસે છે, એ આપણે સમજીએ તો સારાં નરસાં પુસ્તકોનો ઉકેલ આપોઆપજ થઇ જાય. આ ઉપરથી સમજી લેવું કે દેખાવમાં અને વાંચવામાં પ્રિય ન હોય એટલે કે જેને વાંચતાં કંટાળો આવતો હોય એવા લખાણમાંથી ઘણી વખત ફાયદોજ થાય છે. આપણે સમજી ન શકતા હોઇએ છતાંયે તે શ્રેષ્ઠ શ્રેય કરનાર હોય એવા લખાણને આપણે ન સમજી શકવાના લીધે ખરાબ નજ કહી શકીએ. દરેક લખાણને આપણે પારખતાં શીખીએ તો સહેજેજ સ્વર્ગીય સુખો આવી મળે. પરંતુ આ બધું ત્યારેજ બને કે જ્યારે આપણને પુસ્તકો વાંચવાનો શોખ હોય. ગુરુ વિના જ્ઞાન થતું નથી-અર્થાત્ ગુરુ વિના સાચું જ્ઞાન પ્રગટતું નથી અને અજ્ઞાન અંધકારનો નાશ થતો નથી, એ સૌ કોઇ જાણે છે. તમે જો ગુરુ મેળવ્યા હોય તો તો વાંધો નથી. પણ જો તમારે ગુરુની જરૂર છે એમ તમને લાગતું હોય અને તમારૂં અજ્ઞાન ટાળે એવા ગુરુ તમારે જોઇતા હોય તો તમે સાચાં ને સારાં એટલે કે તમારૂં કલ્યાણ કરી શકે તેવાંજ પુસ્તકો સદા માટે વાંચતા રહો. કારણ કે ઉત્તમ પુસ્તકો ઉત્તમ ગુરુની ગરજ સારે છે. તમે ઉત્તમ પુસ્તકો વાંચતાંજ રહેશો તો ઉત્તમ ગુરુ તમોને આપોઆપજ મળી જશે. ગુરુ આપણને જે જ્ઞાન આપીને આપણો અજ્ઞાન અંધાકાર દૂર કરે છે એજ જ્ઞાનથી છલોછલ ભરેલાં પુસ્તકોને વાંચતા રહેવાથી અજ્ઞાનરૂપી અંધારાં એની મેળેજ ઉડી જાય છે. તમે જો ધનવાન હો તો ઉત્તમ પુસ્તકો ખરીદી તેનો સંગ્રહ કરો. તેને વાંચો વિચારો અને જેટલું વાંચો તેટલું પચાવો એટલે જે જે સારૂં વાંચન તમે વાંચો તેને આચારણમાં ઉતારો. તેમજ તમારાં એ પુસ્તકો તમારા આડોશી-પાડોશીઓને પણ વંચાવો અને તેમને પણ વાંચી વિચારી મનન કરતા બનાવી દ્યો. જો કોઈ અન્ય વાચકો પણ માગે તેમને તે પુસ્તકો વાંચવા આપો. જો તમે આટલું યે કરશો તો તમોએ તમારી મોટામાં મોટી ફરજ બજાવી ગણાશે. ઉત્તમ પુસ્તકો ઉત્તમ

જ્ઞાન પૂરૂં પાડે છે. પરમકૃપાળુ પ્રભુનું ભાન કરાવે છે, અશ્રદ્ધાને ઉડાવી દે છે, સાચી અને અડગ શ્રદ્ધા જગાવે છે; પ્રેમ, અહિંસા, સત્ય, ઔદાર્ય, સહનશીલતા, સંયમ અને એવા એવા અનેક સદ્-ગુણોનું બીજ આપણા હૃદયમાં રોપે છે. જેણે ઉત્તમ ગુરુને મેળવી લીધા હોય છે તેને તો કહેવાપણું રહેતુંજ નથી કે ઉત્તમ પુસ્તકો વાંચવાંજ જોઇએ. એવાને તો ઉત્તમ પુસ્તક વિના ઘડીભર પણ ચાલતું નથી. તમને હવે વાંચવાની જરૂર નથી એવું જણાય નહિ એટલે કે તમારે જે કંઈ મેળવવાનું છે તે પરમતત્ત્વ મળી જાય નહિ અને તમને સંપૂર્ણ તૃપ્તિ અનુભવાય નહિ ત્યાં સુધી તમે ઉત્તમ પુસ્તકોનું પઠનપાઠન કર્યા જ કરો. તમે જો ઉત્તમ ચારિત્ર્ય કેળવીને ઉત્તમમાં ઉત્તમ બનવા ઇચ્છતા હો તો તો ખાસ કરીને તમે ઉત્તમ પુરુષો અને ઉત્તમ સ્ત્રીઓના સત્ચરિત્રના વર્ણનથી છલોછલ ભરેલા ઉત્તમ ગ્રંથોજ વાંચો. ઉત્તમ ચરિત્રગ્રંથો ઉત્તમ ચારિત્ર્ય ઘડી આપણને ઉત્તમજ બનાવે છે. તમે પૈસા ખરચીને ઉત્તમ ગ્રંથો ખરીદી શકો એવી તમારી સ્થિતિ ન હોય તો તમે એવા ગ્રંથો મોટાં મોટાં પુસ્તકાલયો(ગ્રંથાલયો)માંથી વિના મૂલ્યે જ વાંચવા મેળવી શકો છો. તમારી પૈસેટકે સારી સ્થિતિ હોય તોયે તમે પુસ્તકાલયો-માં તો જરૂર જજો. પુસ્તકાલય ગરીબ અને તવંગરના ભેદ નથી સંઘરતું. ત્યાં તો સૌને યે સમભાવથી વર્તવું પડે છે. શારદાદેવી અમુકને પૈસાટકા દેખી સારા અને ગરીબને નઠારા એમ ગણતાં-જ નથી. એમને તો સર્વ કોઈ સરખાજ હોય છે. પુસ્તકાલય એટલે શારદામંદિર (જ્ઞાનમંદિર). શારદામંદિરમાં તમે દરરોજ જાઓ, જ્ઞાનમંદિરમાં તમે દરરોજ જાઓ. તેમાંનાં ઉત્તમ પુસ્તકો વાંચ્યા કરો એટલે શારદાદેવી તમારા ઉપર સંપૂર્ણ કૃપા કરશેજ કરશે. તમે જે કંઇ વાંચો તે શાન્તચિત્તથી વાંચતાં શીખશો તો તમને જણાશે કે સારાં પુસ્તકો આપણા હૃદયમાં ચેતન રેડે છે, એ વાત સાવ સાચીજ છે. તમે વીરરસનાં ઉત્તમ પુસ્તકો વાંચશો તો તમે સાચા વીરજ બની જશો. તમે શાન્ત રસનાં કે ભક્તિરસનાંજ પુસ્તકો વાંચશો તો તમે સાચામાં સાચા ભક્ત થઈ શકશો. ઇશ્વિરે આપણને મહામોંઘો માનવ-જન્મ આપ્યો છે તેને આપણે નકામો નજ બનાવીએ. પારસ જેવી અમૂલ્ય વસ્તુ કરતાંયે સારાં પુસ્તકો વધારે કિંમતી છે, એ આપણે ભૂલવું નજ જોઇએ. કારણ કે પારસ તો કથીરનુંજ કાંચન (સોનું) બનાવી શકે છે—એટલુંજ કરી શકે છે, પરંતુ ઉત્તમ પુસ્તકો તો એમનામાં જે જ્ઞાન ભર્યું હોય છે તેવાં જ્ઞાનસ્વરૂપજ બનાવી દે છે. આ ઉત્તમ પુસ્તકોની વિશેષતા છે એટલે જ કહ્યું છે કે "સાચાં ને સારાં પુસ્તકો તો પારસ કરતાં યે વધારે કિંમતી છે; માટે દરરોજ સારાંજ પુસ્તકો વાંચો, સારાંજ પુસ્તકો વાંચો." ("મહિલાભૂષણ"ના એક અંકમાંથી)

૧૩૨-જ્ઞાનપ્રચારનાં વિવિધ અંગો

સમાચારપત્ર

સમાચારપત્ર ઘણી વખત આખા સમાજની સભ્યતાનું માપક હોય છે. સમાચારપત્રના કલેવરમાં જાતિનાં શિક્ષણ અને સભ્યતા દેખાઇ આવે છે. ઉચ્ચ શિક્ષણપ્રચાર, જ્ઞાનગવેષણાનો પ્રદેશવિસ્તાર, લોકમતનો પ્રચાર, જનશિક્ષણના વાહનરૂપે સમાચારપત્રને આવાં ઘણાં કાર્ય કરવાનાં હોય છે. વિવિધ દેશવિદેશના સમાચાર, બીજી બીજી સભ્ય જાતિઓ કયા કયા ઉપાયો વડે ઉન્નતિના ઉચ્ચ શિખરે ક્રમે ક્રમે જાય છે એતું વિવરણ સમાચારપત્ર જે રીતે જાતિને જગાડવા માટે શંખનાદ કરી, કરી શકે તેવો પુસ્તકોથી બની શકે નહિ. સભ્યતાનાં બીજ વેરવાનું પ્રધાન સાધન સમાચારપત્ર છે એની અફગાનિસ્તાનને હમણાં સમજ પડી છે. અફગાનિસ્તાનમાં "સિરાજ-અલ-અકબર" સિવાય બીજું કોઈ સમાચારપત્ર ૧૯૧૯ની સાલ સુધીમાં હતું નહિ. એ પણ પખવાડિક હતું. પરંતુ ૧૯૨૯ની સાલમાં એ એ દેશમાં ૧૭ સમાચારપત્રો અફગાનોના ઉન્નતકામી હૃદયનો પરિચય આપતાં. ઈતારા-ઇ-અફગાન, આમાન-ઈ-અફગાન, માજ-મુયા-ઇ-આસ્કાર, માજમુયા-ઇ-સિબિ, ઈરિલગ, ઇસ્તિકલાલ, એકાર, કરિયાદ, હિકિકત, નવરોજ વગેરે જુદા જુદા નામનાં સમાચારપત્રો અફઘાનવાસીઓનાં મનમાં જ્ઞાનસંચાર કરવામાં રોકાયેલાં હતાં. દરેક પુસ્તકાલય જો સમાચારપત્ર મંગાવે નહિ તો બીજા બીજા સભ્ય સમાજો સાથે આપણો સંબંધ બંધાય નહિ, એ વાત બાજુએ રાખીએ તોપણ વિદેશના કંઇ સમાચારજ આપણે મેળવી શકીએ નહિ. વિદેશોના અપૂર્વ જ્ઞાનભંડારથી સ્વદેશવાસીઓને વંચિત રાખવામાં આવે નહિ તો પુસ્તકાલય એક મહત્ત્વનું કર્તવ્ય બજાવે એમાં સંદેહ નથી.

સાધારણ લોકના મનમાં જ્ઞાનપિપાસાજ લગાડવી એ પુસ્તકાલય-પ્રવૃત્તિનો ઉદ્દેશ છે. ગામડે ગામડે પુસ્તકાલયની સ્થાપના કરવાનું જો કદાચ હાલ અસંભવિત હોય તો વાચનાલય (રિડિંગ રૂમ) સ્થાપીને તે વડે પણ ગામવાસીઓનું ઘણું કલ્યાણ કરી શકાય.

સામયિક પત્રો શિક્ષણની બાબતમાં ઘણાં ઉપકારક છે. સાહિત્ય-સૃષ્ટિની પહેલી અવસ્થા ઘણી વાર સામયિક પત્ર મારફત પરિપુષ્ટ તથા પરિવર્ધિત થાય છે.

શોધખોળના કામમાં જેઓ પડેલા છે તેઓ-પછી કાં વિજ્ઞાન, કાં ઇતિહાસ, કાં પુરાતત્ત્વ, સૌ વિષયમાં-આધુનિક મત જાણવા ઇચ્છે તો તેઓ માટે સામયિક પત્રના અગાધ સમુદ્રનું મંથન કર્યા સિવાય બીજો માર્ગ નથી.

વર્તમાનપત્રોની મદદથી જુદા જુદા દેશના સમાચાર દેશવાસીઓને આપી શકાય. જ્ઞાનસમુદ્રમાંથી રત્ન મેળવીને સાધારણ માણસોનાં ચિત્ત સમુજ્જ્વલ કરવામાં વર્તમાનપત્રો એ મુખ્ય સાધન છે. વર્તમાનપત્રો એ જ્ઞાનપ્રચારનો સરળ રસ્તો હોવાથી હાલમાં, બીજા દેશોની પેઠે, રશિયામાં પણ વર્તમાનપત્રોની મદદથી સૌને શિક્ષિત કરવામાં આવે છે.

મૅજિક લૅન્ટર્ન

આપણા દેશમાં જ્યાં સોએ ૯૪ જણ અભણ છે ત્યાં ચિત્રપ્રદર્શન સિવાય ચિત્તને આકર્ષવાનું બીજું સાધન કયું હોઇ શકે? જ્ઞાનની પિપાસા ના જગાડી શકાય, તો જ્ઞાનના વિસ્તારના પ્રયત્નથી કંઇ લાભ નથી. તે માટે પ્રત્યેક ગામે પુસ્તકાલયને કેંદ્ર કરીને આપણું અજ્ઞાન દૂર કરવાનો પ્રયત્ન કરવો યોગ્ય છે. એક મૅજિક લૅન્ટર્ન ખરીદી, ગામના લોકોને એકઠા કરી, એ વડે ચિત્રો બતાવી તે સાથે ભાષણની વ્યવસ્થા કરવા સિવાય દરેક પુસ્તકાલય માટે આ અજ્ઞાન દૂર કરવાનો બીજો ઉપાય નથી. જેની જેવી સ્થિતિ તે પ્રમાણે ઓછાવત્તા સૌની પાસેથી પૈસા એકઠા કરી તે વડે એક મૅજિક લૅન્ટર્ન ખરીદાય. એમ થાય તો સેંકડો નરનારીનું અજ્ઞાન–આવરણ થોડી વારમાં ઉખેડી નાખવાની વ્યવસ્થા થઇ શકે.

અત્યારે મૅજિક લૅન્ટર્નની મદદથી શિક્ષણપ્રચાર કરવાની રીત બધે જોસથી ચાલે છે. જર્મની, રશિયા, અમેરિકા વગેરે દેશોમાં શાળા તેમજ કૉલેજોમાં મૅજિક લૅન્ટર્ન વડે વિદ્યાર્થીઓનાં મન ઘણા શીખવા જેવા વિષયો તરફ પ્રેરવામાં આવે છે. કઠોર રીતે પુસ્તકોના વિષયો ભેજામાં ઉતારવાનું હાલના યુગમાં કોઇ પસંદ કરતું નથી. જે રીતે સહેલાઇથી પ્રત્યક્ષ જ્ઞાન મારફત જાણવાનો વિષય જાણી શકાય તે જાતની વ્યવસ્થા બધા દેશોમાં શિક્ષણશાસ્ત્રીઓએ કરી છે. સાધારણ રીતે એમ કહી શકાય કે અત્યારે રશિયાનાં શહેર કે ગામમાં એવી એકે શાળા નથી કે જેમાં મૅજિક લૅન્ટર્નની વ્યવસ્થા કરવામાં ન આવી હોય. અત્યારે રશિયામાં સાધારણ માણસોને ભણાવવા માટે જોસભેર સતત પ્રયત્નો થાય છે.

ફરતું પુસ્તકાલય

જે દેશમાં ઘણા લોક રહેતા હોય તે દેશના સૌ લોકને શિક્ષિત કરવા જતાં ઘણી મહેનત પડે. શાળા, પાઠશાળા મારફત શિક્ષણ આપવાની વ્યવસ્થા કરતાં ઘણા પૈસાની જરૂર પડે તેમ હોવાથી પુસ્તકાલય મારફત શિક્ષણપ્રચાર કરવા સૌ સુધરેલા દેશો ખાસ પ્રયત્ન કરે છે. આપણા દેશમાં વ્યવસ્થા અને પૈસા બંને પૂરતાં નહિ હોવાથી શિક્ષણનું પ્રમાણ વધી શકતું નથી. એકસાથે મળીને પ્રયત્ન કરવાથી ઘણા પૈસાની જરૂર ન પડે. દરેક ગામમાં પુસ્તકા-

લય સ્થાપવાનો મોટો આદર્શ પાર ન પડે તો પણ એક ગામથી બીજે ગામ પુસ્તકો મોકલવાનું અઘરૂં પડે નહિ. ફરતા પુસ્તકાલય મારફત ઘેર ઘેર પુસ્તકો મોકલવાથી વાંચવાની ઈચ્છા વધી જશે એ બાબતનો સ્વીકાર કર્યા સિવાય ચાલે તેમ નથી. થોડું ખર્ચ કરીને એક વાર પુસ્તકો મેળવવામાં આવે તો તે ઘણા લોકોને વાંચવાના કામમાં આવે અને ગામનાં બધાં ઘરોમાં તે વંચાઇ રહ્યા પછી બીજે ગામ પુસ્તકો વગેરે મોકલવાની વ્યવસ્થા કરી શકાય. પુસ્તકાલયોમાં પરસ્પર વિનિમય થાય તો બહુ પુસ્તકો કે એકજ પુસ્તકની ઘણી નકલ ખરીદવી પડે નહિ. હાલમાં સ્ત્રીઓને શિક્ષણ આપવા માટે આ ઉપયોગી પદ્ધતિ ગ્રહણ કરી જો દરેક પુસ્તકાલય ફરતા પુસ્તકાલય મારફત જ્ઞાન ફેલાવવા કટિબદ્ધ થાય તો થોડા વખતમાં ગૃહલક્ષ્મીઓ સુશિક્ષિત થઇને ઘર, સમાજ અને બાળકોની અવસ્થા પૂરતા પ્રમાણમાં ફેરવી શકે.

(માર્ચ-૧૯૩૧ ના "પુસ્તકાલય" માંથી)

૧૩૩-વાચન

(લેખકઃ-શ્રી. નગીનદાસ એસ. પરીખ)

'વાચન' એટલે હસ્તલિખિત યા છપાયલા લેખોનું નિરીક્ષણ, લેખકની કલ્પનાની ઝાંખી, માનસિક ઉન્નતિની ચાવી અને દિલ બહેલાવવાનું સાધન ! કોઇનું મન-દિલ વાંચવું-સમજવું, તેને પણ એક પ્રકારનું વાચન કહે છે અને એ સામાન્ય સ્થૂલ પુસ્તકના વાચનથી પર છે.

લખાણ વિના વાચન સંભવતું નહિ હોવાથી 'વાચન'ને 'લેખ' ના સંતાન તરીકે સંબોધી શકાય. એ સંબંધમાં વાચક કરતાં લેખક પર બહોળી જોખમદારી સમાયલી છે. લેખક મોટો વિદ્વાન, સાહિત્યકાર કે સાક્ષરવર્ગનો ન હોય તો હરકત નહિ, પણ તે ચારિત્ર્યવાન અવશ્ય હોવો જોઇએ અને તોજ તેના વિચારોની ઘટના વાચકવર્ગને સુમાર્ગે દોરી શકે. તેની લેખનશૈલીમાં આક્ષેપ, કૃત્રિમતા કે પક્ષપાત હોય તો વાચકને લાભને બદલે હાનિરૂપ નીવડે. સ્વાનુભવી અને આંતરભાવનામય લેખો વાચક માટે તો હિતાવહ બને.

આજકાલ સાહિત્ય અને લેખનકલા એટલો બધો ફેલાવો પામ્યાં છે કે ટ્રેનોની ટ્રેનો કે લાયબ્રેરીઓ ભરાતાં પુસ્તકોનો જથ્થો ખૂટે તેમ નથી; જો કે સાથે સાથે તેના ગ્રાહકો-વાચકોનો-પણ તોટો નથી; છતાં સવાલ એજ રહે છે કે કોણે કેટલું વાંચવું, કયું વાંચવું અને વાંચીને શું કરવું ?

હાલના છટાદાર શૃંગારરસનાં નોવેલો, એક અભ્યાસ-લત

તરીકે લખાયલાં પુસ્તકો, ધંધાર્થે, માનાર્થે, ટીકાર્થે લખાયેલા લેખો અને બુદ્ધિવાદમાં લડતી કલમો; એ સર્વેએ સમાજમાં ભયંકરતા પ્રસરાવી છે. વાચકોનાં ખીસાં—મગજો ખાલી પાડી નાખવા ઉપરાંત વ્યક્તિગત ચારિત્ર્યો પર અનહદ હાનિ પહોંચાડી છે. વાચકે પોતાની શક્તિની બહારના વિજાતીય વિષયોના વાચનથી બચવું જોઇએ. જમાનો એવો છે કે સધર્મી, સમાર્ગી લેખો માટે પણ જેમ અવકાશ નથી, તેમ વાચકના મગજને પણ મનનની ફુરસદ નથી. એકબીજા વચ્ચે મેળ કે સગાઇજ નથી હોતાં.

સાત્ત્વિક વિષયોનું વાચન જ્ઞાનતંતુઓની કેળવણી માટે કસરતરૂપ બની શકે. તેના પર યથાર્થ મનન થવાથી વાચક તેમાંથી પોતાની ઉન્નતિ કરી શકે. સમજ્યા વગર વાંચ્યે જવાથી અનેક તર્કો આવે છે; તેથી, ઝાઝું ખાવાથી જેમ અજીર્ણ થાય પણ પચવા પૂરતો ખોરાક લેવાથી શક્તિ આવે, તેવો સંયમ વાચનના સંબંધમાં જળવાવાથી તે જ્ઞાનપોષક દ્રવ્ય થઇ પડે. વાંચવું—શ્રવણ કરવું દૂધથી સ્નાન કર્યા જેવું કહેવામાં આવે તો તેના પરના મનનને દૂધ પીધા સમાન કહી શકાય.

સર્વમાન્ય ગીતા, ભાગવત, રામાયણ આદિ કર્મ, જ્ઞાન, ભક્તિના ભંડારરૂપ ગ્રંથોના વાચન, શ્રવણ, પઠન સૌ કોઇને આનંદ આપનારાં અવશ્ય થાયજ. પરંતુ તેનું ખરૂં રહસ્ય અને મૂળતત્ત્વ તો વિચારક શોધક દશામાં ઉતરનાર જિજ્ઞાસુજ મેળવી શકે, એમાંના પરમ સત્યનું એકજ વાક્ય એકજ સૂત્ર વાચક કે શ્રવણ કરનારમાં બ્રહ્મજ્ઞાન પ્રકટાવનારૂં થઈ પડે અને એ તે વાંચવાની કલા કે સાંભળવાની સિદ્ધિ-એવા વાંચન–શ્રવણ માટે અધિકારી આંખો–કાન પણ જોઇએ.

વાચન–શ્રવણ, મનન, નિદિધ્યાસન—એ ત્રિપુટીમાં સમાનતાની માત્રા હોવી જોઇએ.

("નવચેતન" માસિકના એક અંકમાંથી)

૧૩૪–વિનુ

(લેખકઃ–શ્રી. દ્વારકાદાસ કે. પરીખ)

શરત્ પૂર્ણિમાની રાત્રે વિનુ, તેની બા અને કનુ ઉપવનના રમણીય ઘર પાસે બેઠાં છે.

વિનુ બોલ્યોઃ "બા બા! જો ને, આ ચાંદો મારાથી શરમાઇ વાદળામાં છૂપાઇ જાય છે. શું તે મારાથી સંતાકુકડી રમે છે? એ ચાંદો કેમ આ પૃથ્વી પર મારી સાથે રમવા નહિ ઉતરતો હોય? બા,

શું આજે તેને ટાઢ નથી વાતી ? રોજ તો તે પોતાનું શરીર ઢાંકતો હતો. આજ કેમ ઢાંક્યું નથી ? જો, બા ! તે પાછો વાદળામાંથી બહાર આવ્યો. શું તે મારી સાથે રમવા આવે છે ?

જોને પેલા લુચ્ચા તારા મારી સામું જોઇ હસે છે. તેમને હસતા બંધ રાખ, નહિતર હું તેમને મારા ગજવામાં પૂરી દઇશ."

"શું આ પુષ્પો તે તારા સાથે વાતો કરે છે? મારી સાથે તે કેમ વાતો નથી કરતાં ?"

પુષ્પો તરફ દોડી કેટલાંક પુષ્પો વિનુ તોડે છે. હાથમાં રાખી બોલે છેઃ "અલ્યા ચાંદા, આ પુષ્પો ! આના વડે આપણે બન્ને સાથે રમીએ. કેમ રમવા આવતો નથી ? હં બરાબર, સમજ્યો. મારી લખોટીઓ લઇ જઈ આકાશમાં તેની સાથે રમ્યા કરે છે, એટલે કે ? લાવ, મારી લખોટીઓ."

વિનુ તેની બા તરફ દોડી જાય છેઃ "બા, બા ! જોને આ ચાંદા મામા મારી લખોટીઓ લઇ ગયા છે ! તે મને પાછી આપતા નથી."

કનુના હાથમાં એક લખોટી દેખી બોલ્યોઃ "આ લુચ્ચો પણ લઇ જાય છે. બા ! આ તારા કનુને કહેજે; જ્યારે હું દડે રમું છું, ત્યારે તે દડો લઈ તારી પાસે આવતો રહે છે. ચણા ખાઉં છું ત્યારે મૂઠી ભરી મોંમાં મૂકી દે છે. વળી મને તે ગલીપચી કરે છે. હું જ્યારે તેને ગલીપચી કરૂં છું, ત્યારે તે હસે છે. શું સમજતો હશે ? પકડવા જાઉં છું, ત્યારે તારી સોડમાં સંતાઈ જાય છે."

"હું ગાયને હાંકવા જાઉં છું, ત્યારે મારી પછવાડે દોડયો આવે છે. ગાયની ઘંટડી વગાડી ખુશ ખુશ થાય છે. મને તો તે બહુજ વહાલો લાગે છે. બચી લેવાનું મન થઈ જાય છે. હું બચી લેવા જાઉં છું, ત્યાં મનેજ બચી લે છે !"

"કેવો ગંદો ! ધૂળમાં પથારીની જેમ આળોટે છે! આ પથારીમાં જો હું સૂઈ જાઉં તો મારી સાથે સૂઇ જાય છે જો. આ હું સૂઇ જાઉં કે તરત જ સૂઇ જાય છે કે નહિ ?" એમ કહી વિનુ સૂઇ જાય છે. કનુ પણ તેની પડખે સૂઈ જાય છે.

કનુ સૂતો સૂતો બોલે છેઃ "બા, જોને. આજ મોટાભાઈ રામ રામ બોલ્યા વિના સૂઈ ગયા !"

વિનુ રામ રામ બોલે છે. કનુ તેમાં સૂર પુરાવે છે. બોલતાં બોલતાં બન્ને ઊંઘી જાય છે.

("બાલમિત્ર"ના એક અંકમાંથી)

૧૩૫-જનોઇ ઉત્તમ બનવાને પહેરી છે કે દેખાવ કરવા?

(લેખક શ્રી:-આનંદપ્રિય આત્મારામ પંડિત)

શ્રાવણી ઉપાકર્મપ્રસંગે મારા એક જૂના યુવક મિત્ર આવી ચઢયા. નિર્ધારિત કાર્યક્રમ પ્રમાણે બધું થયું. યજ્ઞોપવીતના મહિમા ઉપર પ્રવચનો થયાં. શ્રાવણી રહસ્ય સમજાવવામાં આવ્યું. લોકોએ જનોઇઓ બદલી.

આગન્તુક મિત્ર નવી રોશનીના હતા. તેમને કોઈ જાતની ધાર્મિક ક્રિયા પસંદ ન હતી. તે યજ્ઞોપવીતને આર્યસમાજીઓનું એક ધતીંગ કહીને સંબોધતા. શ્રાવણી યજ્ઞ ખલાસ થયા પછી મેં કહ્યું: ‘ રમણભાઈ! આજે તો રોકાશો ને!’ ‘ના, ના, મારે તો ધ્વજવંદન ક્રિયા કરાવવાની છે એટલે હું તો જઇશ. કારણકે કાલે હું ન પહોંચ્યું તો કામ અટકી જાય’ તેમણે કહ્યું.

‘અરર! તમારા જેવા પરમ સ્વતંત્રતાના પૂજારી લાકડાંની અને કપડાંની પૂજા શું કામ કરે, જવા દોને’ મેં કહ્યું.

મારી વાત પૂર્ણ થઈ નહોતી એટલામાં તે વચમાં બોલી ઉઠયા અને તેમણે ધ્વજવંદનના મહિમા ઉપર એક લાંબું ભાષણ આપી દીધું.

ભાષણ સમાપ્ત થયું એટલે મેં કહ્યું કે તમે જે કહો છો તે મને અક્ષરશ: કબૂલ છે. જે ભાવના ધ્વજ પાછળ રહેલી છે તેનો હું પૂજારી છું પરંતુ એક બાજુ તમે લાકડાં તથા કપડાંમાં ભાવના ભરી દઈ પ્રાણ અર્પી શકો છો અને જનોઈ એ આર્યસમાજીઓનું ધતીંગ છે એ વાત કેમ કહો છો?

મારા મિત્ર મારી વાત સમજી ગયા. અને કહેવા લાગ્યા કે યજ્ઞોપવીત પાછળ રહેલી તમારી ભાવનાની હું કદર કરૂં છું.

‘રમણભાઇ! તમે કદર કરો છો તેથી મને આનંદ થાય છે; પરંતુ એક વખત એવો હતો કે યજ્ઞોપવીતના તાંતણા આપણા આખા સમાજને પ્રગતિને પંથે લઇ જનારા હતા.’ મેં કહ્યું.

‘ઓહો! તમે તો જબરી શોધ કરતા દેખાઓ છો.’ રમણે ઉમેર્યું.

‘અધીરા થાઓ મા. જ્યારે તમે યજ્ઞોપવીતનાં વખાણ મારાથી સાંભળો ત્યારે તમારે પ્રચલિત ભાવના કાઢી નાખી મૂળ સ્વરૂપમાં તેનું રહસ્ય જોવું ઘટે. જુઓ સ્મૃતિમાં કહ્યું છે કે

“ **जन्मना जायते शूद्रः संस्काराद् द्विज उच्यते** ” એટલે જન્મથી બધા શૂદ્ર છે. સંસ્કારથી દ્વિજ બને છે. હવે પુરાતન કાળમાં જન્મથી બધાજ શૂદ્ર હતા તે વખતે પ્રત્યેક માતાપિતાની ફરજ હતી કે પોતાના સંતાનને દ્વિજ બનાવે-અર્થાત્ સંસ્કારી બનાવે અથવા ‘કલ્ચર્ડ’ બનાવે. યજ્ઞોપવીત ધારણ કરનાર દરેક બાલકને તેના ગુરુ કહેતા: ‘હે બાલક! તેં સંસ્કારી બનવાનું ચિહ્ન ધારણ કર્યું છે.’ એટલે

પછી તેને સંસ્કારી બનવા માટે ગુરુ પાસે રહી વિદ્યાભ્યાસ કરવો પડતો.

સંસ્કાર પ્રાપ્ત કર્યાં પછી ગુરુઓ પાસે પોતાની શક્તિ અને બુદ્ધિ અનુસાર વિદ્યાધ્યયન સમાપ્ત કરી તેઓ દીક્ષિત થતા અને તે પછી તેમને બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્ય વગેરે ઉપાધિઓ મળતી. આજ જેમ મેટ્રીક પસાર કર્યાં પછી કોઇ કૃષિની, કોઈ વાણિજ્યની, કોઈ ન્યાયની તથા કોઇ સાહિત્યની ઉપાધિ મેળવી લે છે, તેમ સંસ્કાર લીધા પછી ગુરુઓ આગળ પોતાની યોગ્યતા સિદ્ધ કર્યાં પછીજ બાળકો બ્રાહ્મણ, ક્ષત્રિય વગેરે બની શકતા. શ્રાવણી ઉપાકર્મ વખતે બાલકે સંસ્કારી બનવાની પ્રતિજ્ઞા લીધેલી છે તેનું તેને દર વર્ષે સ્મરણ થતું.'

રમણલાલે જોયું કે હવે હું ભાષણના તોરમાં પડયો છું એટલે તેમણે કહ્યું કે ચાલુ રાખો, પૂરૂં કરો. પછી હું કહીશ.

હું તો એમ માનું છું કે જો જન્મથીજ બ્રાહ્મણો ક્ષત્રિયો અને વૈશ્યો પાકે તો પછી કર્મ કરવાનું રહેતું નથી. જે દિવસે જન્મથી નાતો બંધાઈ અને જન્મના અધિકારપરત્વે જનોઇ પહેરવામાં આવી ત્યારથી સંસ્કાર કે 'કલ્ચર' પ્રાપ્ત કરવાની ભાવના નષ્ટ થઈ. જો વિદ્યા પ્રાપ્ત કર્યાં વગર માણસ બ્રાહ્મણ થાય તો પછી તે શું કામ ભણે? જો મિલિટરી કૉલેજ વગરજ ક્ષત્રિય પાકે તો પછી યુદ્ધની તાલીમ લેવાની જરૂર શું? એવી રીતે વૈશ્યોનું પણ સમજી લો.

આજે આ ભારતવર્ષ રસાતલમાં ગયો છે એનું કારણ એજ કે લોકો એ વાત ભૂલી ગયા છે કે જનોઈ પહેર્યાં પછી દ્વિજ બનવા માટે ઘણી મહેનત કરવી પડે છે. સંસ્કારી થવા માટે ગુરુચરણોમાં બેસવું પડે છે. શીખ્યા વગર ઉચ્ચ વર્ણ અને નીચ વર્ણ હોઈ શકેજ નહિ.

પ્રાચીનકાળમાં યજ્ઞોપવીતની પણ એક ક્રિયા હતી. જ્યારે જાતિનાં બાળકો વિદ્યાલયોમાં જઈ રાષ્ટ્રનાં કાર્યો માટે દ્વિજ બનતા અથવા સંસ્કાર કલ્ચરથી બીજો જન્મ પ્રાપ્ત કરતા. જે દિવસે એ ભાવના નાશ પામી, જે દિવસે જનોઈ કેવળ 'બ્રાહ્મણીયા ચાહ' વેચનારાઓની ગુલામીનું ચિહ્ન થઇ પડયું તેજ દિવસથી અમારા રાષ્ટ્ર તથા સમાજનું પતન થયું.

જેમ ઝંડાવંદનથી રાષ્ટ્રીયતાની ભાવના જાગ્રત થાય છે, તેમ યજ્ઞોપવીતથી સ્વરાષ્ટ્ર અને જાતિ પ્રત્યે સંસ્કારી બનવાની ભાવના જાગ્રત થાય છે.

યજ્ઞોપવીતની આ ભાવના જો કાયમ રહી હોય તો જન્મમૂલક જાતિઓ ઉદ્‌ભવવા ન પામી હોત. સ્ત્રી અને શૂદ્રોને જનોઇ ધારણ કરવાનો તથા સંસ્કારી બનવાનો અધિકાર નથી એવી જાતની મૂર્ખાઇભરેલી જોહુકમી ન ચાલત. મારૂં ભાષણ પૂરૂં થયું એટલે રમરણભાઇ બોલ્યાઃ

"પંડિતજી ! જો યજ્ઞોપવીતનું આ રહસ્ય હોય તો મને વાંધો નથી. મને તો 'બ્રાહ્મણીઆ ચાહ'વાળાની જનોઇ સાથે તકરાર છે."

આ વાત સાંભળી મંડળના લોકો હસી પડયા, અને 'જમવાનું તૈયાર છે' એ શબ્દો કાને પડતાં બધાએ ભોજનાલયનો માર્ગ લીધો.

("પ્રચારક"ના એક અંકમાંથી)

૧૩૬–રણઆજ્ઞા

(લેખકઃ–શ્રી. અંધકવિ હંસરાજ)

(મને પગમાં કાંટો વાગ્યો રે મા, એ ધુન રાગ કાફી)

મારી દુધાળી દેહડી દાઝે રે મા, દેશમાં દા લાગ્યો રે;
રૂડા રાણીજાયાને કાજે રે મા, રણડંકો વાગ્યો રે.
ઘેર રહું તો તારી કુખ લાજે રે મા, દેશમાં દા લાગ્યો રે;
પીવા પ્યાલા અમીના આજે રે મા, રણડંકો વાગ્યો રે.
હું તો સિંહણનું દુધ ધાવ્યો રે મા, દેશમાં દા લાગ્યો રે;
મને વીર માતાએ ઝુલાવ્યો રે મા, રણડંકો વાગ્યો રે.
દેશ માટે તારે દ્વાર આવ્યો રે મા, દેશમાં દા લાગ્યો રે;
યુદ્ધ કેરા સંદેશા લાવ્યો રે મા, રણડંકો વાગ્યો રે.
જેને જીવન હોય એ જાણે રે મા, દેશમાં દા લાગ્યો રે;
રંગ રસિયા મુરતિયા માણે રે મા, રણડંકો વાગ્યોરે રે.
હશે જેનામાં જેટલું પાણી રે મા, દેશમાં દા લાગ્યો રે;
એની આપવાને એંધાણી રે મા, રણડંકો વાગ્યો રે.
બળે વન, વાડી ને વેલી રે મા, દેશમાં દા લાગ્યો રે;
બળે હાટ, શાળા ને હવેલી રે મા, રણડંકો વાગ્યો રે.
બળે ગામ, ગોચર ને ચોરા રે મા, દેશમાં દા લાગ્યો રે;
રંગ રાખીને કરશું બપોરા રે મા, રણડંકો વાગ્યો રે.
કોઇ કરમી રહે નહિ કોરા રે મા, દેશમાં દા લાગ્યો રે;
પડે ઘડીએ ઘડીએ ટકોરા રે મા, રણડંકો વાગ્યો રે.
પીવા પાણી નહિ રોકાવું રે મા, દેશમાં દા લાગ્યો રે;
ઋણ ભૂમિ તણું ચૂકાવું રે મા, રણડંકો વાગ્યો રે.
આપ આશીષ મીઠડા લેને રે મા, દેશમાં દા લાગ્યો રે;
ભેટ બાંધીને હથિયાર દેને રે મા, રણડંકો વાગ્યો રે.

(બાલમિત્ર"ના એક અંકમાંથી)

૧૩૭–દાંભિક દેખાવમાં છુપેલા શયતાનો

(રચનાર:—"નયન" ડેલાગોઆ બે)

(ગઝલ)

ધવલ વસ્ત્રો તને ઢાંકી, વદે આડંબરે વાતો;
વચન મીઠાં વદે મુખથી, ચપળતા લોક છળવામાં.
મુખે ગંભીરતા ભારે, બન્યા વિદ્વાન દેખાવે;
દિસે જે દૃશ્યમાં ત્યાગી, વિજય સંપૂર્ણ વરવામાં.
ભમાવ્યા ભૂ મહીં ભોળા, વચનથી ખૂબ આકર્ષે;
રચ્યા નવનીત કંઈ યત્નો, કળાથી પેટ ભરવામાં.
ફર્યા કંઈ ગામ, ને શે'રે, પ્રદેશે માગતાં પો'ચ્યા;
મજા લૂંટી ગ્રહી નાણું, કળાથી લોક ઠગવામાં.
જીગરના દર્દના ભાવે, બતાવ્યું દર્દ અંતરનું;
બતાવી માર્ગ નીતિનો, રહ્યા પંડેજ ઠગવામાં.
પશુવત્ જીંદગી ગાળી, છળી અજ્ઞાન લોકોને;
દગાબાજી, કપટ દંભે, અનીતિ આમ કરવામાં.
ઉપરથી શ્વેત આ ભાસે, પરંતુ વર્તને મેલા;
કુકર્મે પૂર્ણ પાખંડી, રહ્યા નિજ જીત કરવામાં.
જગતને જુક્તિએ ઠગતા, થયા જે 'ભાર' ભૂમિને;
ગુલામો એ હવસ કેરા, રહ્યા કંઈ પાપ કરવામાં.
વધ્યા કંઈ ધર્મના બોધે, જીગરના દર્દથી રોયા;
કર્યા કંઈ ચેન ને ચાળા, પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવામાં.
ગરીબોને સતાવીને, દબાવી, મોજ તે માણે;
ઘણાનું લોહી ચૂસીને, રહ્યા આરામ કરવામાં.
'નયન' દેખે નજર કરતાં, વધ્યા દાંભિક શયતાનો;
દિસે, એ પેટપૂજારી, પશુ સમ પેટ ભરવામાં.

(તા. ૧૪–૩–૩૨ના **'દીન'**માંથી)

૧૩૮—સૌરભ—બિન્દુ

(શ્રી. રવીન્દ્રનાથ ઠાકુરના લેખ પરથી
અનુવાદક શ્રી. રામચંદ્ર શુકલ એમ. એ.)

જીવન-સન્ધ્યા

સંસાર ! મૈંને તુમ્હારી ફુલવાડી મેં સે એક ફૂલ તોડા. મૈંને અપને હૃદય સે લગા લિયા, ઔર ઉસકા એક કાંટા મેરે વક્ષસ્થલ મેં ચુભ ગયા.

સંધ્યા હુઈ; ધીરે-ધીરે અંધેરા હોને લગા. મૈંને દેખા કિ ફૂલ તો કુમ્હલા ગયા, પર દર્દ વૈસા હી બના હુઆ હૈ.

× × ×

સંસાર! તુમ્હારી ફુલવાડી મેં અનેક ઔર ભી સુન્દર ઔર સુગન્ધમય ફૂલ ફૂલેંગે, પર મેરે લિયે ફૂલ ચુનને કા સમય બીત ગયા.

જીવન-સંધ્યા કે બાદ ઇસ અંધિયાલે મેં મેરે કુમ્હલાયે ફૂલ ભી મેરે પાસ નહીં હૈં, પર દર્દ આજ ભી વૈસા હી બના હૈ.

* * *

તુચ્છ ભેંટ

નીચે યમુના કા જલ બહ રહા હૈ; પાસ હી પહાડિયોં પર ઘના જંગલ થા. ગુરુ ગોવિંદ ચટ્ટાન પર બૈઠે શાસ્ત્રચર્ચા કર રહે થે. ઉનકા સંપત્તિશાલી શિષ્ય રઘુનાથ આયા, ઔર શ્રીચરણોં મેં પ્રણામ કર કે બોલા—"મૈં અપની તુચ્છ ભેંટ લાયા હૂં, યદ્યપિ યહ ભેંટ આપકે સર્વથા અયોગ્ય હૈ."

ઉસકે ગુરુદેવ કે સમીપ દો રત્નજડિત બહુમૂલ્ય સોને કે કડે રખ દિયે. ગુરુદેવ ને એક કો હાથ મેં ઉઠા લિયા. રત્નોં સે જ્યોતિ નિકલ રહી થી. ગુરુદેવ કડે કો હાથ મેં લે કર ઘુમાને લગે. કડા હાથ સે છૂટ કર જલ મેં જા ગિરા. "ક્યા હુઆ ? "—કહ કર રઘુનાથ જલ મેં કૂદ પડા. શાન્તચિત્ત ગુરુદેવ ફિર શાસ્ત્રચર્ચા કરને લગે.

સંધ્યા હો ગઇ. રઘુનાથ લૌટ કર ગુરુદેવ કે સમીપ આયા. ઉસકે તમામ કપડે ભીંગે હુએ થે. હાંફતે હુએ ઉસને કહાઃ—"યદિ આપ બતાયેં કિ કડા કિધર ગિરા હૈ, તો મૈં અબ ભી ઉસે નિકાલ લાઉં."

ગુરુદેવ ને દૂસરે કડે કો જલ મેં ફેંક કર કહા—"વહાં."

* * *

અન્તિમ કમલ

જાડે ને કમલ કે ફૂલોં કો નષ્ટ કર ડાલા થા. તાલાબભર મેં કેવલ એક કમલ કા ફૂલ ખિલા હુઆ થા. પ્રાણોં કી બાજી લગા કર સુદાસ તાલાબ મેં ઘુસ ગયા. કમલ તોડ કર રાજપ્રાસાદ કી ઓર બેચને ચલા.

રાહ મેં એક પથિક મિલા. "કમલ કા ક્યા મૂલ્ય લોગે માલી ?"

પથિક ને કહા "મૈં ઇસે ભગવાનકે ચરણોં પર ચઢાઉંગા."

સુદાસ ને કહા—"એક સોનેકી મોહર."

પથિક ને મોહર નિકાલી.

ઉસી સમય રાજપ્રાસાદ સે મહારાજ ઉધર આ નિકલે, ઔર બોલે—"માલી, કમલ કા કયા મૂલ્ય લેગા ?"

માલી ને એક મોહર મિલને કી બાત કહી. મહારાજ દસ દેને કો ઉદ્યત હુએ. પથિક ને ઉસકે ભી દૂને દામ લગા દિયે.

માલી કે મન મેં લોભ આયા, સોચા—'જિન ચરણોં મેં ચઢાને કે લિયે લોગ કમલ કે ઇતને દામ બઢા રહે હૈં, ઉનકી પૂજા મૈં હી ક્યોં ન કરૂં?' ઉસસે કહા—"દેવ! ક્ષમા કરેં, મૈં કમલ ન બેચૂંગા."

× × × ×

આમકે વૃક્ષોંકે નીચે, નગરબાહર ભગવાન બુદ્ધ કે સમીપ સુદાસ જા ખડા હુઆ. ભગવાન કે મુખપર અપૂર્વ શાંતિ વિરાજ રહી થી, આંખોં સે માનો કરુણા કા શ્રોત બહ રહા થા. સુદાસને કમલકા ફૂલ ચરણો મેં રખ દિયા, ઔર ભગવાન કો સાષ્ટાંગ પ્રણામ કિયા.

ભગવાન ને મુસકરાતે હુએ પૂછા—"વત્સ, તુમ કયા ચાહતે હો?"

સુદાસને ગદ્ગદ્સ્વર મેં કહા—"શ્રીચરણોંકા સ્પર્શ!"

* * * *

ભિખારી કા ભંડાર

શ્રાવસ્તી મેં ઘોર અકાલ પડા. ભગવાન બુદ્ધ ને અપને શિષ્યોં સે પૂછા—ભૂખ સે સતાયે હુએ લોગોં કો ભોજન દેને કા ભાર કૌન ઉઠાયેગા?"

જગતશેઠ રત્નાકર ને સિર ઝુકા કર કહા—"જો કુછ મેરે પાસ હૈ, ઉસસે કહીં અધિક ધન હો, તબ ઇન દુઃખિયોં કી રક્ષા હો સકતી હૈ."

સેનાપતિ જયસેન બોલે—"મૈં અપને શરીર કા રક્ત તક દેને કો પ્રસ્તુત હૂં, પર ઘર મેં ઇતના અન્ન નહીં હૈ."

કૃષકશ્રેષ્ઠ ધર્મપાલને ઠંડી સાંસ ભરકર કહા—"અનાવૃષ્ટિકે કારણ મેરે સબ ખેત સૂખ ગયે. નહીં જાનતા કિ રાજ-કર કૈસે ભરુંગા!"

તબ ભિખારીકી કન્યા સુપ્રિયા ઉઠી. સબકો પ્રણામ કરકે બડે ધીમે સ્વરમેં બોલી—"યહ ભાર મૈં ઉઠાઉંગી."

લોગોં ને ચકિત હો કર કહા—"કૈસે? તુમ ભલા યહ ગુરુતર ભાર કૈસે ઉઠાઓગી?"

સુપ્રિયા ને ઉત્તર દિયા—"મૈં અત્યંત નિર્ધન હૂં. મેરી નિર્ધનતા હી મેરી શક્તિ હૈ. મેરા ભંડાર તુમ સબકે ઘરોં મેં હૈ."

× × × ×

પારસકી ખોજ

એક વિક્ષિપ્ત પુરુષ પારસ પથ્થર ખોજ રહા થા. ઉસકે બાલ ચિપટ ગયે થે. શરીર સૂખ કર ઠઠરી હો ગયા થા. હોઠ રુખે ઔર

એકદૂસરેસે ચિપકે-સે થે. કેવલ આંખેં ચમકતી થીં, ઔર જાન પડતા થા, કિસીકો ઢૂંઢ રહી હૈ.

સામને વિરાટ સાગર થા. લહરેં હિલોરેં માર રહી થી. ઉનકી ધ્વનિ માનો અનન્ત રત્નભાંડાર કી કહાની કહ રહી થી, યદ્યપિ ઉનકી ભાષા કોઈ સમઝ ન પાતા થા.

બેચારા નિરાશ તો હો હી ચુકા થા, પર નિરાશ હોને પર ભી શાંતિ ન મિલી થી.

જિસ પ્રકાર સમુદ્ર બરાબર અપને બાહુપાશ અપ્રાપ્ય આકાશ કી ઓર ઉઠાયા કરતા હૈ, જિસ પ્રકાર તારે બરાબર ચક્રવત્ ફિરતે રહને પર ભી અપને લક્ષ્ય કો નહીં પાતે, ઠીક ઉસી પ્રકાર યહ વિક્ષિપ્ત વ્યક્તિ ભી પારસ કી ખોજ મેં વ્યાકુલ ફિર રહા થા.

× × × ×

એક દિન ગાંવ કે લડકોં ને ઉસકે પાસ આ કર પૂછા—" બાબા ! યહ સોને કી જંજીર તુમને કહાં પાઇ ?"

બેચારા ચૌંક પડા. સચમુચ ઉસકી લોહે કી જંજીર સોને કી હો ગઇ થી. યહ સ્વપ્ન ન થા, વાસ્તાવિક ઘટના થી, પર ઉસે યાદ ન થા કિ કબ યહ પરિવર્તન હુઆ.

ઉસને માથે પર હાથ દે મારા. અભાગે ને અવશ્ય પારસ પા કર ભી ઉસે ખો દિયા. કહાં ? કહાં ? કબ ઔર કહાં ફેંકા થા ?

ઉસકા તો સ્વભાવ હી હો ગયા થા કિ પથ્થર ઉઠતા, જંજીર કો ઉસસે છૂતા ઔર ફિર પથ્થર કો ફેંક દેતા.

સૂર્ય અસ્ત હો રહે થે. આકાશ સ્વર્ણરંજિત થા. બેચારા પાગલ ફિર લૌટા ઔર ખોયે હુએ પારસ કો ખોજને લગા.

સારી શક્તિ ખો ચુકા થા. શરીર જર્જર હો રહા થા. હૃદય મેં તનિક ભી બલ ન થા. ઉખાડે હુએ પૌધે કી તરહ વહ ઇધર-ઉધર ઉડા ફિરતા થા.

× × × ×

ભગવાન કી ખોજ

આધી રાત બીત ચુકી થી. સંન્યાસ ગ્રહણ કરને કે લિયે ઉત્સુક ગૃહસ્થ ને નિદ્રા સે જગ કર કહા—"ઘર-બાર છોડ કર ભગવાન કી ખોજ કરને કા સમય આ પહુંચા. મુઝે આજ તક કિસને ઇસિ માયા-જાલ મેં બાંધ રખા થા ?"

ભગવાન ને ધીરે સે કહા—"મૈંને." પર ઉસ બેચારે કે કાનોં ને ઇન શબ્દોં કો ન સુના.

શય્યા કે ઉપર ગૃહસ્થ કી પત્ની બેખબર સોઇ હુઇ થી, ઔર ઉસકી ગોદ મેં એક દૂધમુંહા બાલક થા. ગૃહસ્થ ને ઉનકી ઓર દેખા,

ઔર બોલા—"તુમ કૌન હો, જિન્હોંને આજ તક મુઝે મોહ મેં ડાલ રખા?'

ધીરેસે ફિર એક શબ્દ હુઆ—"યે ભી ઈશ્વર હી હૈં!" પર ઉસને ફિર ભી ઇન શબ્દોં કો ન સુના.

બચ્ચા સ્વપ્ન મેં ડર કર માં કી ગોદમેં ફિઠક ગયા. મા ને સોતે-હી સોતે ઉસે હૃદય સે ચિપટા લિયા.

ભગવાન ને ફિર આજ્ઞા દી—"મૂર્ખ, ઠહર, અપના ઘર ન છોડ." પર ગૃહસ્થ કે કાનોં તક શાયદ યે શબ્દ ભી ન પહુંચે.

આહ ભર કર ભગવાન ને કહા—'મેરા સેવક સ્વયં મુઝે છોડ કર મેરી ખોજ મેં કયોં જા રહા હૈ?"

ગૃહસ્થ અબ ઘર સે બાહર જા ચુકા થા.

* * * *

સનાતન કી સંપત્તિ

ગંગાતટ પર બૈઠે ભક્ત સનાતન રામનામ જપ રહે થે. એક અત્યંત નિર્ધન બ્રાહ્મણ ને આ કર પુકારા—"મેરી સહાયતા કિજિયે, મૈં કંગાલ હૂં."

સનાતન બોલે—" અબ તો કેવલ ભિક્ષા માંગને કી તૂંબી હી રહ ગઈ હૈં; તુમ્હેં કયા દૂં?'

બ્રાહ્મણ ને કહા—"પરંતુ સ્વપ્ન મેં આશુતોષ મહાદેવ ને દર્શન દિયા થા, ઔર આજ્ઞા દી થી કિ આપકે પાસ આ કર યાચના કરૂં."

સનાતન કો સ્મરણ આયા કિ ગંગાતટ કે પથ્થરોં મેં ઉન્હેં એક બહુમૂલ્ય હીરા મિલા થા, ઔર ઉસે ઉન્હોંને કહીં બાલૂ મેં યહ સોચ કર ગાડ દિયા થા કિ કદાચિત્ કિસીકો કામ આ જાય.

બ્રાહ્મણ કો સંકેત દ્વારા વહ સ્થાન દિખા દિયા, જહાં હીરા ગડા થા. બ્રાહ્મણ ઉત્સુકતા સે ખોદને લગા. હીરે કો દેખ બ્રાહ્મણ ચકિત હો ગયા. બૈઠ કર ન-જાને કયા સોચને લગા.

સંધ્યા હો ગઇ. સૂર્યાસ્ત કા સમય આયા. ચરવાહે ગૌઓં કો લે કર ગાંવ કી ઔર ચલે. બ્રાહ્મણ અબ ભી ધ્યાન મેં મગ્ન થા.

એકાએક બ્રાહ્મણ ઉઠા, ઔર ભક્ત સનાતન કે પાસ આ કર બોલા—"સ્વામિન્! ઉસ અતુલ સંપત્તિ કા એક કણ મુઝે ભી દીજિયે, જિસે પા કર મનુષ્ય સાંસારિક સંપત્તિ કા તિરસ્કાર કરતે લગતા હૈ."

બ્રાહ્મણ ને હીરા જલ મેં ફેંક દિયા.

* * * *

તપસ્વી ઉપગુપ્ત

બુદ્ધ ભગવાન કે શિષ્ય ઉપગુપ્ત મથુરા નગરી કે બાહર ભૂમિ

પર શયન કર રહે થે. દીપક બુઝ ચુકે થે, દરવાજે બંદ હો ચુકે થે ઔર આકાશ મેં બાદલ છાયે હુએ થે.

નૂપુર કી ઝંકાર કે સાથ કિસીકે પૈર ઉનકે શરીર સે છૂ ગયે. ઉનકી આંખેં ખુલ ગઇ. ઉન્હોંને દેખા કિ એક સ્ત્રી દીપક લિયે ખડી હૈ.

વહ મથુરા કી એક તરુણ નર્તકી થી. શરીર ગહનોં સે લદા થા, ઔર વહ એક આસ્માની રંગ કી સાડી પહને હુઇ થી.

દીપક કો નીચે રખ કર ઉસને ઉસ યુવા તપસ્વી કે શાંત મુખ કો દેખા. "તપસ્વી, મુઝે ક્ષમા કરો. ઉઠો, મેરે ઘર ચલો. યહ કઠોર ભૂમિ તુમ્હારે શયન કરને યોગ્ય નહીં હૈ."

તપસ્વી ને ઉત્તર દિયા—"દેવિ ! અપની રાહ જાઓ. સમય આને પર મૈં તુમસે આ મિલૂંગા."

બિજલી ચમકી, ઔર ઉસકી ચમક મેં અંધેરી રાત્રિ કા અંધકાર ઔર ભી સ્પષ્ટ હો ગયા. આકાશ કે એક ઔર તુફાન ઉઠતા-સા જાન પડા, ઔર સ્ત્રી ડર ઉઠી.

× × × ×

રાજ-માર્ગ કે કિનારે કે વૃક્ષ ફૂલોં સે લદે થે. દૂર સે બાંસુરિ કા મધુર સ્વર સુનાઈ દે રહા થા. નગર-નિવાસી જંગલ મેં વસંતોત્સવ મનાને ગયે થે. ચંદ્રમા અપની પૂર્ણકલા સે પ્રકાશિત હો રહા થા. આમ કે વૃક્ષ પર બૈઠી કોયલ ગા રહી થી. તપસ્વી અકેલા ફિર રહા થા.

ઉપગુપ્ત નગર કે રાજ-દ્વાર સે નિકલ કર બાહર આયે. યહ કૌન સ્ત્રી થી, જો બાહર પડી થી ? સારા શરીર ઘાવોં સે ઢકા થા.

તપસ્વી ઉસકે પાસ બૈઠ ગયા. ઉસકે સિર કો અપને ઘુટનોં પર રખ કર ઉસકે મુખ પર જલ કે છીંટે દેને લગા.

"કરુણા કે અવતાર ! તુમ કૌન હો, જિસને મેરી સુધ લી?"

"દેવિ ! મૈં હૂં ઉપગુપ્ત. સમય આ ગયા, ઔર મૈં તુમસે આ મિલા."

* * * *

વિસ્મૃત વિપત્તિ

ઘાસ સે ભરે માર્ગ પર મૈં અકેલા ફિર રહા થા. કિસીને પીછે સે કહા—"મુઝે પહચાનતે હો ?"

મૈંને ફિર કર દેખા. "નહીં, તુમ્હારા નામ તો સ્મરણ નહીં આતા."—મૈંને કહા.

બોલી—"મૈં વહ વિપત્તિ હૂં, જિસે પહલેપહલ અપની યુવા-

વસ્થા મેં તુમને ઝેલા થા." ઉસકી આંખોં મેં વહ તરલતા થી, જો ઓસકણોં સે પૂર્ણ પ્રાતઃકાલ મેં હોતી હૈ.

થોડી દેર ચુપચાપ ખડે રહ કર મૈંને પૂછા—"ક્યા તુમ્હારા આંસુઓં કા અસહ્ય ભાર જાતા રહા ?"

વહ મુસકરાને લગી; કુછ બોલી નહીં. મૈં સમઝ ગયા કિ સમય પા કર આંસુઓં ને મુસકરાહટ કી ભાષા સીખ લી હૈ.

ઉસને ધીરે સે કહા—"ક્યોં, એક બાર કહતે થે ન કિ યહ વિપત્તિ મુઝે કભી ન ભૂલેગી ?"

મૈંને લજાતે હુએ ઉત્તર દિયા—"હાં, પરંતુ સમય બીતને કે સાથ-સાથ વિસ્મૃતિ ને મુઝે સમઝા લિયા."

ફિર મૈંને ઉસકા હાથ અપને હાથો મેં લે કર કહા—"પર તુમ ભી તો બદલ ગઇ હો."

"જો એક સમય વિપત્તિ થી, વહ અબ શાન્તિ હૈ."—ઉસને કહા.

* * * *

પ્રતિશોધ

ચિત્રકાર મેલે મેં ચિત્ર બેચ રહા થા. અપને સેવકોં કે સાથ રાજમંત્રી કા પુત્ર ભી મેલે મેં આયા. રાજમંત્રી ને અપની યુવા-વસ્થા મેં ચિત્રકાર કે પિતા કો ધોખા દિયા થા, જિસકે શોક મેં વહ સંતપ્ત-હૃદય હો કર અકાલ મૃત્યુ કા શિકાર હુઆ !

યુવક ચિત્રોં કો દેખને લગા, ઔર ઉનમેંસે એક ઉસને પસંદ કિયા. ચિત્રકાર ને ઉસ પર કપડા ઢંક કર કહા—" ઇસે મૈં ન બેચૂંગા."

યુવક નિરાશ હો કર ઘર ચલા ગયા, ઔર શોક સે પીડિત હો કર પડ રહા. રાજમંત્રી સ્વયં મેલે મેં આયા, ઔર બહુમૂલ્ય રત્નાદિ દેને પર ઉદ્યત હુઆ. ફિર ભી ચિત્રકાર ને ચિત્ર ન બેંચા ઔર કહા—"યહી મેરા પ્રતિશોધ હૈ."

ચિત્રકાર નિત્યપ્રતિ અપને ઇષ્ટદેવ કા ચિત્ર બનાયા કરતા થા. યહી ઉસકી ઉપાસના થી.

ઉસને દેખા કિ ચિત્ર કા આકાર બદલને લગા. વહ ચિન્તિત હુઆ. ચેષ્ટા કરને પર ભી પહલે કે-સે ચિત્ર નહીં બના સકતા થા. એક દિન ઉસને ચકિત ઔર ભયભીત હો કર દેખા કિ ઇષ્ટદેવ કી આંખોં ઔર અધરોં કી આકૃતિ ઉસી મંત્રી કી-સી હો ગઈ થી.

ચિત્રકારને સિર ધુન કર કહા—" મેરા પ્રતિશોધ મેરે હી સિર પડા !"

* * * *

સ્વર્ગ કહાં હૈ?

શ્મશાનકૃત્ય સે લૌટ કર પિતા ઘર આયે.

સાત સાલ કે બચ્ચે ને ચિંતાકુલ નેત્રોં સે અકેલે પિતા કી ઔર દેખા. પિતા ને ઉસે ગોદ મેં ઉઠા લિયા. બચ્ચે ને પૂછા—"અમ્મા કહાં?"

રૂંધે ગલે સે આકાશ કી ઓર ઉંગલી દિખાતે હુએ પિતા ને ઉત્તર દિયા—"સ્વર્ગ મેં."

* * * *

રાત્રિ કે સમય શોકાકુલ પિતા નિદ્રા મેં ભી કરાહતે થે. શયનાગાર કે દ્વાર કે પાસ એક દીપક ટિમટિમા રહા થા, ઔર એક છિપકલી પતંગોં કા આખેટ કર રહી થી.

બચ્ચા જગ પડા, ઔર શય્યા કો સૂની પા કર ઉઠ પડા. અકેલે છત પર ચલા ગયા.

આકાશ કી ઔર દેર તક એકટક દેખતા રહા. ઉસકા વિચાર-વ્યસ્ત મન રાત્રિ કે અંધકાર સે આચ્છન્ન આકાશ સે મૌનભાષા મેં પ્રશ્ન કર રહા થા—"સ્વર્ગ કહાં હૈ?"

ઉત્તર ન મિલા. ઉસ અબોધ અંધકાર કે શોકાશ્રુઓં કે સમાન તારે કેવલ ટિમટિમા રહે થે.

* * * *

કૃતઘ્ની અવિશ્વાસ

રાત ઢલતે-ઢલતે વહ ચલી ગઇ.

મેરે મન ને મુઝે સાંત્વના દેની ચાહી, બોલા—"સબ મિથ્યા હૈ."

મુઝે ક્રોધ આ ગયા. મૈંને કહા—"વહ ઉસકા પત્ર, વહ ઉસીકે હાથોં કા બનાયા હુઆ પંખા—ક્યા યે સબ મિથ્યા હૈં?"

દિન ભી બીત ગયા. મેરા મિત્ર મુઝસે મિલને આયા; બોલા—"જો શિવ હૈ, વહ સત્ય હૈ, ઔર વહી અવિનાશી હૈ."

મૈંને ઝુંઝલા કર પૂછા—"કૈસે જાનતે હો કિ શુભ ઔર સુંદર અવિનાશી હૈ? ક્યા વહ ઉસકા સુંદર શરીર શુભ ન થા, જો નાશ હો ગયા?"

ચિઢે હુએ બચ્ચે કી તરહ, જો ક્રોધ મેં અપની રક્ષા કરનેવાલી માતા કો ભી મારને લગતા હૈ, મૈં ઉન તમામ ચીજોં કો તોડને-ફોડને લગા, જિનસે મુઝે કુછ ભી સુખ મિલા થા, ઔર ચિલ્લાયા—"સંસાર ધોખે કી ટટ્ટી હૈ."

એકાએક એક આવાજ આઇ—"કૃતઘ્ન!"

મૈંને ખિડકી કે બાહર દેખા ઔર ઐસા જાન પડા, માનો

અંધેરી રાત મેં સે કોઈ ચિરપરિચિત સ્વર મેં કહ રહા હૈ—"મેરી અનુપસ્થિતિ કે ગઢે મેં તુમ અપના યહ વિશ્વાસ ભી ડાલે દેતે હો કિ મૈં તુમ્હારે સાથ થી!"

* * * *

દીનોં કે ભગવાન

ઉસ દિન દેવતા કા રથ નગર-પરિક્રમા કરનેવાલા થા. મહાદેવીને મહારાજ સે કહા—"આઇયે, રથ-યાત્રા દેખ જાયેં."

સભી પીછે ચલ દિયે. કેવલ એક વ્યક્તિ નહીં આયા, વહ થા શૂદ્રક, જો ઝાડુ કે લિયે સીંકે એકત્ર કરતા થા.

સેવકોં કે સરદાર ને દયાર્દ્ર હો કર કહાઃ—"તુમ ભી આ સકતે હો, શૂદ્રક!"

ઉસને સિર ઝુકા કર કહા—"નહીં દેવ!"

શૂદ્રક કી ઝોંપડી કે સમીપ હો કર હી સબ રથયાત્રા દેખને જાતે થે. જબ રાજમંત્રી કા હાથી ઉસકે ઝોંપડે કે સમીપ આયા, તો મંત્રી ને પુકાર કર કહા—"શૂદ્રક! આ, રથયાત્રા કે સમય દેવદર્શન કર લે."

"રાજાઓં કી ભાંતિ મૈં દેવદર્શન નહીં કરતા, સ્વામિન્!"—ઉસને ઉત્તર દિયા.

"ભલા તુમ્હેં દેવદર્શન કા યહ સૌભાગ્ય ફિર કબ પ્રાપ્ત હોગા?"

"જબ ભગવાન મેરી ઝોંપડી કે દરવાજે પર આવેંગે નાથ!"

મંત્રી ને અટ્ટહાસ કર કે કહા—"મૂર્ખ! તેરે દ્વાર પર ભગવાન સ્વયં દર્શન દેને આવેંગે, ઔર મહારાજ ઉનકે દર્શન કે લિયે રથ-યાત્રા મેં સંમિલિત હોને જા રહે હૈં."

શૂદ્રક ને દુખી જબાન સે ઉત્તર દિયા—"ભગવાન કે સિવા ઔર કૌન દરિદ્રોં કે ઘર આતા હૈ, સ્વામિન?"

(જાન્યુઆરી-૧૯૩૧ના "વિશાલભારત"માંથી)



૧૩૯–સાધ્ય અને સાધન

(લેખકઃ—શ્રી. રણછોડદાસ જેરામ કુટમુટીઆ.)

વમળવંટાળમાં મનુજ આ વિશ્વમાં, સાધ્ય સાધન તણા ભેદ ભૂલે;
એ મહિંથી સરે એક પણ અર્થ નહિ, વિફલ વ્યાધિ મહીં એમ ડૂલે.

—નરસિંહ મહેતા

જગત આજે ઘોરતું ભાસે છે. કાળસરિતાને કાંઠડે ઉપડતા પ્રલયના પરપોટાને પકડવા જગત મથી રહ્યું છે. આંખ છતાં આંધળું જગત ચેતન છતાં જડ સમોવડું આયુષ્યના પૂલોમાંના બાકોરા દેખી શકતું નથી; ઇચ્છે છે તે નથી આદરી શકતું; બોલે છે તે નથી પાળી શકતું. તેજનાં અંબર ઓઢવાં છે ને તિમિરનાં પરિધાન કરે છે. અમૃતને ઘોળી પી જવાની અભિલાષા પોષે છે અને પીયે છે વિષના ઉતાર.

કેટકેટલા વાંચ્છે છે આજે કુટુંબ, જ્ઞાતિ કે દેશની ઉન્નતિ ? કેટલાએ આદર્યા છે એ ઇચ્છાઓ સફળ કરવાના પ્રયત્ન ? કેટલાયે પાઠવ્યા છે મંત્ર અને માર્ગો ભારતની ઉન્નતિ કાજે ? કેટલાયે લીધા એ માર્ગના ભેખ ધરીને પરિયાણ ?

જગત અત્યારે વમળવંટોળે ચડયું છે. દેહ અને દૈનિક સુખની વાતમાં પરમ સાધ્યને જગતે કોઈ ઉંડા ખૂણે ફેંકી દીધું છે. સ્વાર્થ અને તેને તૃપ્ત કરવા માટેની વિત્તેષણામાં વિશ્વનાવનાં સુકાન ફર્યાં છે. પૈસો સાધન મટી સાધ્ય બન્યો છે, દાસ મટી દૈવ બન્યો છે, જડ મટી ચેતન બન્યો છે. વિશ્વની આંખે જડ–ચેતનના ભેદ નવા રચાયા છે. અંધકારમાં ગબડતાં લોકે અજવાળાની કિંમત ઓછી આંકી છે.

ઐકયના સૂર સંભળાય છે પણ આજે ઐકય કયાં છે ? વ્યક્તિ વ્યક્તિની આંખમાં આજે સ્વાર્થનાં અંજન અંજાયાં છે. સમાજ આજે છિન્નભિન્ન છે. વ્યક્તિનું હિત સમાજના હિતથી વિસંવાદી થયું. ગરીબોને તવંગરો ચૂસવા લાગ્યા; તેમની જીંદગીમાં વિષ રેડયું, તેમને વિદ્યાથી વિમુખ રાખ્યા અને એ રીતે નિઃસ્વાર્થ જીવન જીવવાનો આદર્શ ભુલાયો.

સમગ્ર સમાજની દરેક વ્યક્તિ જ્યાંસુધી પોતાના સાધ્યને મેળવી ન શકે ત્યાંસુધી સમાજે પ્રગતિ કીધી કેમ કહેવાય ? ગરીબો પાસે તો સાધન પણ ન રહ્યાં; શ્રીમંતો સાધનને સાધ્ય ગણી બેઠા; ગરીબોને વધારેમાં વધારે રીબાવી પૈસો શી રીતે ભેળો કરવો એ તેમનું સાધ્ય બન્યું.

જગતની આંખે છે આજે જડવાદનાં ઘેન–એટલે અંધકારનાં

અંજન. અંધકારનાં અંજન આંજવાથી તિમિર તેમને તેજ લાગે છે. ઘુવડ અને ચ્છાપાંઓને રાત્રિજ દિવસ સમાન છે. વિચાર તેવાજ હોય આચાર. જગત આજે સ્નેહ અને કામના ભેદ ભૂલી ગયું છે, દેહ અને આત્માને ઓળખી નથી શકતું. અજવાળાં ન જોયાં હોય તેમને અંધકાર અળખામણા શેના લાગે? તેને તો વધારે અંધકાર-માંજ રહેવું ગમે. એ અંધકાર એજ તેમનાં અજવાળાં. દેડકાને સાંકડો કૂપ એજ એની દુનિયા.

આત્માનાં સુખને અળગાં કરી લોકો આજે દેહના સુખને તલસે છે. દેહ એજ આત્મા હોય ત્યાં દેહનાંજ લાલનપાલન થાય, દેહને જોઈતાં સુખ અપાય. આત્માને ઓળખ્યા વિના શું ખબર પડે કે આત્માને કઈ જાતનાં સુખ જોઇએ?

જડવાદીને પાપપુણ્યની પરવા ન હોય, દેહ–આત્માના ભેદ ન હોય, વ્યક્તિ–સમાજના ફેર ન હોય. એમને તો જડ એજ ચેતન લાગે; અંધકારજ અજવાળાં, સ્વાર્થ એજ જીવન.

જડવાદે જડ ઘાલી જગતમાં, અને પૈસો પરમેશ્વ બની, થયો સાધન મટી સાધ્ય. સારૂંયે વિશ્વ થયું છે આજે જડવાદી, એટલે સ્નેહને બદલે લગ્નમાં મોહની અને સ્વાર્થની દુર્ગંધ પ્રસરી; અને થવા માંડયાં સ્નેહનાં છડેચોક વેચાણ. આત્માના સુખની તમન્ના હોલવાઇ ગઈ અને લાલનપાલન થવા લાગ્યાં દેહનાં, અમૃત પીને અમર થવાની લાલસા લય પામી, અને જગતે જાણ્યે અજાણ્યે આરંભ્યા ઝેરના ભયંકર પ્રયોગો. વ્યક્તિસુખની સ્વાર્થી ભાવનાઓને અને જ્ઞાતિસમાજ કે દેશના હિતને ઠોકરે મારી, પાળે છે પોષે છે જગત.

સ્વાર્થમાં ગબડતું જગત ગરીબોને તારવા કરતાં મારવામાં મઝા માણે છે. સત્ય કરતાં અસત્યથી લૂંટવામાં પ્રાવિણ્ય અનુભવે છે. દેહના ક્ષણિક સુખ અને વૈભવ માટે આત્માના પરમ સુખ અને પરમ શાન્તિને તિલાંજલિ આપે છે.

વ્યક્તિસુખ વ્યક્તિ જતાં ચાલી ગયાં અને સમાજ અને દેશની ઉન્નતિ શિથિલ થઈ. અમર શાન્તિને પહેલાં ગુમાવી બેઠાં અને ક્ષણિક સુખ તો જલના પરપોટા જેવા નાશવંત અનંત સાધ્ય વસ્તુને તિલાંજલિ આપી, ક્ષણિક સાધનને સાધ્ય ગણી ખોઇ બેઠાં. અમર શાન્તિનો આરો છોડી, પકડયો ક્ષણિક સુખનો ઓવારો. પણ એ તો ઉડી ચાલ્યો એની મેળે.

(તા. ૧૬–૫–૧૯૩૨ ના "લોહાણાહિતેચ્છુ"માંથી)

૧૪૦–નગદ નાણું

